૧૯૫૯ - ૧૯૬૦

રજીસ્ટર્ડ નં B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસસ્કરણ
વર્ષ ૨૧ : અંક ૧૭

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, જાન્યુઆરી ૧, ૧૯૬૦, શુક્રવાર
આફ્રિકા માટે શીલિંગ ૮

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : નયા પૈસા ૨૦

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

★ પ્રકીર્ણ નોંધ ★

શ્રી. જયપ્રકાશ નારાયણ અને પાકીસ્તાનની 'પાયાની લોકશાહી'

થોડા દિવસો પહેલાં સર્વોદય નેતા શ્રી. જયપ્રકાશ નારાયણ યુરોપના પ્રવાસેથી પાછા ફરતાં કરાંચી ખાતે બે કે ત્રણ દિવસ રોકાયા હતા અને પાકીસ્તાનના પ્રમુખ જનરલ અય્યુબખાન સાથે તેમણે કેટલીક મંત્રણા કરી હતી. તેમની આ મુલાકાત દરમિયાન તા. ૧૫-૧૨-૫૯ના રોજ જનરલ અય્યુબખાને તેમના માનમાં ભોજનસમારંભ યોજ્યો હતો. આ પ્રસંગે જયપ્રકાશજીએ આભાર-નિવેદન કરતાં જણાવ્યું હતું કે :-

"પાકીસ્તાનમાં પાયાની લોકશાહીનો જે પ્રયોગ આરંભાઈ રહ્યો છે તેનું ભારતવાસીઓ રસપૂર્વક નિરીક્ષણ કરી રહ્યા છે." શ્રી. જયપ્રકાશજીએ એવી શ્રદ્ધા વ્યકત કરી હતી કે, "લોકો પોતપોતની બાબતો અંગેનો વહીવટ સંતોષકારક રીતે ચલાવે એવો માર્ગ પાકીસ્તાન જરૂર શોધી કાઢશે." તેમણે ઉમેર્યું હતું કે, "એશીયાના ઘણાં રાષ્ટ્રો પશ્ચિમી સંસદીય પદ્ધતિનો વિકલ્પ શોધી રહ્યા છે."

સાંસ્કૃતિક સ્વાતંત્ર્યની પાકીસ્તાનની સમિતિને સંબોધતાં જયપ્રકાશ નારાયણે 'પાયાની લોકશાહીઓ'ના પાકીસ્તાનના પ્રયોગને ટેકો આપતાં જણાવ્યું હતું કે "ભારતમાં સંસદીય લોકશાહી છે, પણ જનતાના નજીવા થરને જ તે સ્પર્શે છે, કેમ કે ભારતમાં સત્તાનું કેન્દ્રીકરણ થયું છે અને વહીવટી તંત્રમાં જનતાનો કોઇ હિસ્સો નથી." તેમણે કહ્યું હતું કે "પાકીસ્તાનની પાયાની લોકશાહી એ ગામડાં પરનું ગ્રામજનોનું સ્વશાસન છે. પ્રાચીનસમયમાં આવી લોકશાહી હતી. બ્રીટીશ શાહીવાદે એનો નાશ કરીને એને બદલે વિદેશી અર્થકારણ અને વિદેશી વહીવટી પ્રથા આયાત કરી. અત્યારે ભારતમાં લોકશાહીનું જે સ્વરૂપ છે, એ વાસ્તવમાં એક નાના સરખા જૂથનું શાસન છે." તેમણે કહ્યું કે "પશ્ચિમી લોકશાહી એશીયાના માનસને અનુકુળ નથી. આથી જ જાકાર્તાથી કેરો સુધીના ધરતી વિસ્તારમાં, ભારતને બાદ કરતાં, બધે જ પશ્ચિમના અનુકરણના રાજકીય વહીવટી તંત્રો તુટી પડ્યા છે.

"સાચું કહીએ તો ભારતમાં જે ઉપલકીયા લોકશાહી છે તેનાં ભાવી પરિણામો અંગે અમે સચિન્ત છીએ—ખાસ કરીને જ્યારે અત્યારનો નેતાગણ સમયના પ્રવાહમાં વિદાય થાય ત્યારે સવિશેષ ચિન્તાજનક ભાવી દેખાઈ રહ્યું છે. ભારતની ભૂમિ અને વાતાવરણ આ પશ્ચિમી પ્રકારની લોકશાહી માટે અનુકુળ નથી. એથી એવી લોકશાહી [illegible] થાની ખોજ જરૂરી છે કે જે જનતાને અને ભાવી પેઢીને સ[illegible]. અને આ દૃષ્ટિએ અત્યારે પાકીસ્તાને આરંભેલા પા[illegible] શાહીના પ્રયોગમાં મને ઊંડો રસ છે. ગ્રામસ્વરાજની [illegible] યાનો ઉદય હું એમાં જોઉં છું. આવો જ પ્રયોગ સ[illegible] પ્રજાસત્તાક રાજ્યમાં પણ થઇ રહ્યો છે."

તેમણે જણાવ્યું હતું કે "પાયાની લોકશાહી રાજકીય પક્ષો વિના ચાલી શકે. આવી લોકશાહીમાં ગ્રામજનતા પોતાના સવાલો ઉકેલી શકે અને પોતાનો વહીવટ ચલાવી શકે અને તેથી એવી લોકશાહીમાં ઉચ્ચ કક્ષાના શાસનનું કોઈ મહત્વ કે પ્રયોજન નહિ રહે."

તા. ૧૬-૧૨-૫૯ના જનશક્તિમાં પ્રગટ થયેલા ઉપર મુજબના સમાચાર જો આધારભૂત હોય તો તે સંબંધે કેટલુંક કહેવાનું પ્રાપ્ત થાય છે. સૌથી પહેલાં તો પાકીસ્તાનમાં ઉગમ પામી રહેલી લોકશાહી, જેને જયપ્રકાશજી 'પાયાની લોકશાહી' તરીકે વર્ણવીને આટલી બધી અંજલિ આપે છે અને જે અંગે એશીઆના દેશોના સંદર્ભમાં બહુ મોટી આશા તેઓ પ્રગટ કરે છે, તે નવી લોકશાહી શું છે, તેનું સ્વરૂપ શું છે તે વિષે આપણા મનમાં ભારે કૌતુક પેદા થાય છે. આ લોકશાહીનું સળંગ સ્વરૂપ હજુ નક્કી થયું નથી. આમ છતાં પણ તેના મુખ્ય મુદ્દાઓ વિષે તા. ૨૫-૧૨-૫૯ ના જન્મભૂમિમાંથી નીચે મુજબ કેટલુંક જાણવા મળે છે :-

પાકીસ્તાનની નવી પાયાની લોકશાહી કે પંચાયતની પદ્ધતિમાં પરોક્ષ ચૂંટણીઓ દ્વારા જ ઉમેદવારો ટોચે પહોંચે છે, એટલે કે, પ્રથમ વ્યકિત ગામડાની ૮-૧૦ માણસોની બનેલી પંચાયતમાં ચૂંટાય છે અને આ બધી પંચાયતોના સભ્યો એથી ઉપરની તહેસિલ – પંચાયતોના સભ્યોને ચૂંટી કાઢે છે. આમ ઉત્તરોત્તર પરોક્ષ ચૂંટણીઓ થાય છે. આના ખાસ લાભ એ છે કે ચૂંટણીઓમાં ઉમેદવારને ભારે ખર્ચ કરવો પડતો નથી. જેઓ સર્વોચ્ચ સ્થાને ચૂંટાઇ આવે છે તેમને ગામડાથી માંડીને છેવટની પંચાયતના ચૂંટાયલા લોકો બરોબર ઓળખતા હોય છે, જ્યારે અત્યારની પાર્લામેન્ટરી–સંસદીય–પ્રકારની લોકશાહી પદ્ધતિમાં પક્ષીય ધોરણે અને દેશવ્યાપક ચૂંટણીઓ થાય છે અને ઉમેદવારોની પસંદગી થાય છે તેમાં પક્ષને તેમ જ ઉમેદવારને જે અનર્ગળ ખર્ચ થાય છે તે સામાન્ય ઉમેદવારના ગજાની બહારનું હોય છે, એટલે સેવાભાવી, શક્તિશાળી ઉમેદવાર ગરીબ હોય અને પક્ષીય ચોગઠામાં બંધબેસતો ન થતો હોય એ ચૂંટાઇને આવી શકતો નથી. આ પ્રમાણે નવો કે નાનો પણ સાધનહીન હોય તો એના પણ એવા જ હાલ થાય છે.

પાયાની લોકશાહીને આમ સફળ બનાવવાનો સંપૂર્ણ નિરધાર છતાં એ લોકશાહી ભારતમાં છે તેવી secular એટલે કે ધર્મથી વિમુકત નિર્ભેળ લોકશાહી નહિ હોય. દેશના નવા બંધારણમાં ઇસ્લામી સિદ્ધાન્તોનું પ્રતિબિંબ પડવું જ જોઇએ એવો અય્યુબખાનનો મક્કમ અભિપ્રાય છે.

આમ છતાં આ નવું બંધારણ કેવું ઘડાશે તેનો હજુ પણ પૂરો ખ્યાલ આવતો નથી. આ માટેનું બંધારણપંચ હજુ રચાયું નથી. આખરે આ બંધારણ અય્યુબખાનના પોતાના ખ્યાલો મુજબ જ રચવાનું છે. તેમને રાજદ્વારી પક્ષો વગેરે સામે અણુ-

ગમો છે એમ જાહેર થયું છે. રાજકીય પક્ષો તમામ મુશ્કેલીનું મૂળ છે, મતો મેળવવા માટે તેઓ હંમેશા લોકોને ગેરમાર્ગે દોરે છે અને છેતરે છે એમ તેઓ માને છે. પુખ્ત વયના મતાધિકારનો તેમણે સાફ વિરોધ કર્યો છે. પાકીસ્તાનના પ્રમુખપદે ચૂંટાઇ આવવા માટે કોઇ યુનિયન કાઉન્સીલના સભ્ય હોવાની જરૂર નથી એમ પણ તેમણે જાહેર કર્યું છે. યુનિયન કાઉન્સીલ, તહેસીલ કાઉન્સીલ, જિલ્લા કાઉન્સીલ અને વિભાગીય કાઉન્સીલોની ચૂંટણી થયા પછી જેમાંથી લોકશાહી સરકાર રચી શકાય અને સમસ્ત રાષ્ટ્રને સ્પર્શતા, વિદેશનીતિના, સંરક્ષણ વગેરેના પ્રશ્નો ચર્ચી શકે અને તેના ઉપર નિર્ણય લઇ શકે એવી સર્વોચ્ચ કાઉન્સીલ કેમ રચવી, કેવી રીતે રચી શકાય એ વિષે પ્રમુખ અય્યુબખાન અને તેમની સરકાર હજુ સુધી કોઇ ચોકકસ નિર્ણય ઉપર આવેલ ન હોય એમ લાગે છે. બંધારણ પંચનું કાર્ય પણ આ દૃષ્ટિએ મુશ્કેલ હશે, કેમકે એને પાયાની લોકશાહીના નવા પ્રયોગ, અને એની પાછળના નવા ખ્યાલો અનુસાર ભલામણો કરવાની હશે.

પાકીસ્તાનમાં જે પ્રકારની લોકશાહી જનરલ અય્યુબખાન લાવવા માગે છે તે કાંઇક આવા પ્રકારની છે. એ તો સુવિદિત છે કે વિનોબાજી અને જયપ્રકાશજી આપણા દેશમાં સ્વીકૃત બનેલી સંસદીય લોકશાહીનો કેટલાક સમયથી ઉગ્ર વિરોધ કરી રહ્યા છે અને તેના સ્થાને જેમાં indirect election—આડકતરી ચૂંટણીનું તત્ત્વ સ્વીકાર્ય હોય એવી નિષ્પક્ષ લોકશાહીની વિચારણા લોકો સમક્ષ રજુ કરી રહ્યા છે. આવી કાંઇક વિચારણાને પાકીસ્તાનના સર્વસત્તાધીશ જનરલ અય્યુબખાન મૂર્તરૂપ આપવા માગે છે, એટલું જ નહિ પણ, તે દિશાનાં પગરણ પણ ત્યાં શરૂ થયાં છે એ જ્યારે જયપ્રકાશજીના જોવા જાણવામાં આવે ત્યારે તેઓ આનંદઅભિભૂત બને અને તે કારણે અય્યુબખાનને અને પાકીસ્તાનની પ્રજાને ધન્યવાદ આપવા પ્રેરાય એ તદ્દન સ્વાભાવિક છે.

પણ પાકીસ્તાનનું આમ અભિનન્દન કરતાં પહેલાં આટલી સર્વસુવિદિત વસ્તુસ્થિતિ તેમણે ખ્યાલમાં લેવી જોઇતી હતી કે પાકીસ્તાનમાં હજુ સુધી પાકા પાયાનું કોઇ રાજ્યબંધારણ નકકી થયું જ નથી, આજે ત્યાં કેવળ જનરલ અય્યુબખાનની સરમુખત્યારશાહી પ્રવર્તે છે અને ત્યાં જે 'પાયાની લોકશાહી'નાં મંડાણ મંડાવા ઉપર જયપ્રકાશજી વારી ગયા છે તે 'પાયાની લોકશાહી' શુદ્ધ લોકશાહીના જોરે નહિ, પણ અય્યુબખાનની સરમુખત્યારશાહીના જોરે દાખલ થઇ રહી છે, અને એથી એ નવી લોકશાહીનું આયુષ્ય કેટલું એ કેવળ સંશયાસ્પદ છે. આના વિરોધમાં ભારતના પ્રજાપ્રતિનિધિઓએ અનુમત કરેલા વિશાળ રાજ્યબંધારણ મુજબ વર્ષોથી ભારતનો રાજ્ય વહીવટ ચાલે છે. વળી ભારતમાં ચોકકસ પ્રકારની લોકશાહીનો સાર્વત્રિક અમલ થઇ રહ્યો છે, અને આજના બંધારણને કોઇ પણ નવો આકાર આપવાની, લોકશાહીની રીતે, પૂરી શકયતા છે. આ વસ્તુસ્થિતિની સદન્તર ઉપેક્ષા કરીને ભારતની લોકશાહીની તેમણે અવહેલના કરી છે અને તે પણ તે દેશમાં પણ જે દેશ આજ સુધી ભારત પ્રત્યે એકસરખી શત્રુવત દાખવી રહ્યો છે—જયપ્રકાશજીનું આ પ્રકારનું વર્તન દેશ અને કાળ ઉભયના વિવેકથી વંચિત હોઇને તેમના વિષે આદર ધરાવતા અનેકના દિલમાં વ્યથા નિપજાવનારૂં બન્યું છે.

વળી જે પ્રકારની લોકશાહીને આકાર આપવાનો પાકીસ્તાનમાં પ્રયત્ન થઇ રહ્યો છે તેવી સત્તાનું વિકેન્દ્રીકરણ દાખવતી લોકશાહી ભારતમાં પણ ગ્રામપંચાયતો રૂપે પ્રસ્થાપિત થઇ ચુકી છે અને એ પંચાયતોને ન્યાય સુદ્ધાંના સ્થાનિક રસ અને હિતના તમામ સવાલો હાથ ધરવાની અને ઉકેલવાની લગભગ સર્વલક્ષી કહેવાય એવી સત્તાઓ સુપ્રત કરવામાં આવી છે, અને માત્ર સત્તા જ નહિ પણ તેના અમલનાં સાધનો પણ ગામની મહેસુલના ત્રીજા ભાગ રૂપે તેમને અર્પણ કરવામાં આવ્યા છે અને વિકાસના તમામ પ્રયાસોમાં સહાયભૂત થવા માટેની સેવા સહકારી મંડળીઓ ગામડે ગામડે સ્થપાઇ રહી છે, અને માત્ર આટલેથી જ નહિ અટકતાં, હવે તાલુકા અને જીલ્લા કક્ષાઓએ પણ તમામ વિકાસ યોજનાઓ ઘડવાની અને અમલમાં મૂકવાની અખત્યારી આ પંચાયતોમાંથી બનેલી જિલ્લાપરિષદોને સુપ્રત કરાઇ રહી છે—આ બધું જયપ્રકાશજી જાણતા ન હોય એમ ન જ બને. આમ છતાં પણ, ભારતમાં જાણે કે સત્તાના વિકેન્દ્રીકરણનો કોઇ વિચાર જ કરતું નથી, આજે અહિં જે છે તે ઉપલકિયા લોકશાહી છે, અને વાસ્તવમાં લોકશાહીના નામે અહિં એક નાના સરખા જૂથનું જ શાસન ચાલે છે—આવું એકાંગી અને અત્યુકિતથી ભરેલું ચિત્ર પાકીસ્તાનને ધન્યવાદ આપવાના તાનમાં આવી જઇને જયપ્રકાશજી રજુ કરે—એ પ્રમાણભાનની ન સમજી શકાય—ન સહી શકાય—એવી પરાકાષ્ટા છે. ભારતનો આટલો મોટો માણસ, પ્રતિપક્ષી માફક વર્ષોથી વર્તાવ કરી રહેલા પાકીસ્તાનમાં જઇને, ભારતની લોકશાહીની આવી બીનજરૂરી બદબોઇ કરે, અને જે લોકશાહીના સંપૂર્ણ આકારની હજુ કોઇને પૂરી ખબર નથી અને જેની આખરી સફળતા-નિષ્ફળતા હજુ ભાવીના પેટાળમાં સમાયલી છે તેવી અનિશ્ચિત રૂપની અને સરદાર અય્યુબખાનના ફળદ્રુપ ભેજામાં રમી રહેલી લોકશાહીના ભારોભાર વખાણ કરે—પછી તેમના માનસન્માનમાં જનરલ અય્યુબખાન ભોજનસમારંભ તો શું, પણ જે કાંઇ કરે તે ઓછું છે.

મુંબઇ પ્રદેશનું વિભાજન અને સંયુકત મહારાષ્ટ્ર સમિતિ

કોંગ્રેસની કારોબારીએ મુંબઇ પ્રદેશના વિભાજન અંગેની યોજના સૂચવતો લાંબો પ્રસ્તાવ મધ્યસ્થ તેમ જ મુંબઇની પ્રાદેશિક ધારાસભા ઉપર જરૂરી વિચારણા તેમ જ કાનુની જોગવાઇ કરવા માટે મોકલી આપ્યો છે. આ યોજના મુંબઇ પ્રદેશના બે વિભાગ કરવાનું સૂચવે છે: ૧—મુંબઇ રાજ્ય અને ૨—ગુજરાત રાજ્ય. મુંબઇ રાજ્યમાં મહારાષ્ટ્ર, મરાઠાવાડા અને વિદર્ભનો સમાવેશ કરવામાં આવશે. ગુજરાતમાં કચ્છ, સૌરાષ્ટ્ર અને ગુજરાતનો સમાવેશ કરવામાં આવશે. વિવાદાસ્પદ બનેલ ડાંગનો જીલ્લો ગુજરાતનો એક ભાગ બનશે. ઉમરગામ તાલુકો અને થાણા જીલ્લો એ બન્ને વિભાજિત કરવામાં આવશે અને તેમાંના નકકી કરાયલા અમુક ગામડાંઓ ગુજરાતના નવા રાજ્યમાં અને અન્ય ગામડાંઓ મુંબઇના નવા રાજ્યમાં ભેળવવામાં આવશે. નવાપુર તાલુકો અને પશ્ચિમે ખાનદેશના પરસ્પર સંલગ્ન પાંચ બીજા તાલુકાઓ (નંદરબાર, અકકલકુવા, ટાલુડા, શહાડા અને અક્રાણી) મુંબઇ પ્રદેશમાં રહેશે.

આર્થિક બાજુએ પ્રસ્તુત ઠરાવમાં એવી ભલામણ કરવામાં આવી છે કે ગુજરાતનું નવું પાટનગર ઉભું કરવા માટે મુંબઇના નવા રાજ્યે ગુજરાતને દશ કરોડ રૂપિયાની ઉચક રકમ આપવાની રહેશે અને ગુજરાતનું નવું રાજ્ય ખાધવાળું રાજ્ય બનતું હોવાથી મુંબઇનું નવું રાજ્ય શરૂઆતના છ વર્ષ સુધીની ગુજરાતની બધી ખાધ પુરી કરશે અને પછીનાં ચાર વર્ષ દરમિયાન દર વર્ષે ઉત્તરોત્તર ખાધની રકમમાંથી વીશ વીશ ટકા ઓછા એ રીતે ખાધની પુરવણી કરવામાં આવશે. આ રીતે ખાધ પુરવણીનો ચોકકસ અંદાજ હવે પછી નક્કી કરવામાં આવનાર છે પણ એમ ધારવામાં આવે છે કે આ આંકડો લગભગ ૪૮ કરોડનો થશે. આ રીતે રૂા. ૫૮ કરોડ ગુજરાતને પુરા પાડવાના રહેશે.

મુંબઇ પ્રદેશનું વિભાજન ંગે જરૂરી ભલામણો કરવા માટે મુંબઇની ધારાસભાના વાન સભ્યોની એક સમિતિ નીમવામાં આવી હતી મિતિએ જવાબદાર

આગેવાનોને સાંભળ્યા બાદ અને લાંબી મસલત ચલાવ્યા બાદ જે ભલામણો કરેલી તે ઉપરથી ઉપરની યોજના નક્કી કરવામાં આવી છે. જ્યારે મુંબઇ પ્રદેશનું વિભાજન કરવાનો વિચાર બધી બાજુએથી સ્વીકારવામાં આવ્યો છે ત્યારે પરસ્પર કશા પણ કચવાટ સિવાય, પુરી ખેલદિલીથી નવા બે રાજ્યોની રચના થાય એ હેતુ ધ્યાલમાં રાખીને પ્રસ્તુત યોજના નિર્ણીત કરવામાં આવી છે. આવી યોજનામાં વિવાદાસ્પદ પ્રશ્નો વિષે બાંધછોડ કરવામાં આવી હોય એ સ્વાભાવિક છે અને તેથી કોઇ એક જ પક્ષની બધી માંગણીઓ ન સંતોષાઈ હોય એ બનવાજોગ છે. જો આજની રચના રદ કરવામાં આવે તો તે પહેલાં મુંબઇ શહેર, મહારાષ્ટ્ર, વિદર્ભ અને ગુજરાત એવી ચાર ઘટક વાળી જે રચના મુકરર કરવામાં આવી હતી તે અમલી બનવી જોઇતી હતી અને ગુજરાતને આ ચાર ઘટક વાળી યોજના જ અભીષ્ટ હતી. આમ છતાં પણ, એમ કરવાથી આજના મુંબઇ મહારાષ્ટ્રના ઝગડાનો અન્ત આવે તેમ નથી એમ સમજીને, ગુજરાતે ઉપર જણાવેલ પોતાનો આગ્રહ છોડી દીધો. તો પછી એ પ્રશ્ન ઉભો થયો કે ગુજરાતે પોતાનું પાટનગર ઉભું કરવા માટે અને ચાલુ બાંધ પુરી કરવા માટે નાણું કયાંથી લાવવું ? આ નાણું, મુંબઇ શહેર પોતામાં અન્તર્ગત થવાના કારણે જે નવા મુંબઇ રાજ્યનો પ્રારંભ અસાધારણ સહ્યરતાથી શરૂ થવાનો છે અને જે મુંબઇને આજની સ્થિતિએ પહોંચાડવામાં ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છે આજ સુધી જેનું માપ માપી ન શકાય એવો ફાળો આપ્યો છે તે મુંબઇ જેમાં અન્તર્ગત કરવામાં આવે છે તે મુંબઇના નવા રાજ્યે જ, પૂરું પાડવું જોઇએ. આ પ્રકારની વિચારણાથી પ્રેરાઇને ઉપરની જણાવેલ આર્થિક સગવડ મુંબઇ પ્રદેશે ગુજરાતને આપવી એમ સૂચવવામાં આવેલ છે. ડાંગ જીલ્લો, ઉમરગામ તાલુકો, થાણા જીલ્લો અને પશ્ચિમ ખાનદેશના ઉપર જણાવેલ પાંચ તાલુકાની વહેંચણી પણ ઉચિત બાંધછોડના ધોરણ ઉપર નક્કી કરવામાં આવી છે. આ સંબંધમાં સંતોષ–અસંતોષના વિચારને બાજુએ રાખીને, કશી પણ કડવાશ કે કચવાટ સિવાય બંધુત્વની ભાવનાપૂર્વક છુટું પડવું એવા ધ્યાલથી પ્રેરાઇને ગુજરાત આ નવી પરિસ્થિતિનો સ્વીકાર કરી રહ્યું છે. આ જ ધોરણે મુંબઇ સાથેનું મહારાષ્ટ્ર મેળવવા માટે જેનો જન્મ થયો હતો તે સંયુક્ત મહારાષ્ટ્ર સમિતિનું પણ, તે હેતુની પરિપૂર્તિ થવા સાથે, વિસર્જન થવું જોઇતું હતું અને તે સમિતિના પ્રમુખ શ્રી એસ્. એમ્. જોશીના છેલ્લા બે ત્રણ મહીનાના વલણ અને ઉદ્‌ગારો ઉપરથી સંયુકત મહારાષ્ટ્ર સમિતિ વિસર્જનના માર્ગે છે એમ સૌ કોઇને જરૂર લાગતું હતું. પણ તાજેતરમાં આ સમિતિએ કોંગ્રેસ કારોબારીએ સૂચવેલી વિભાજન–યોજના સંબંધમાં કરેલા ઠરાવ ઉપરથી આ સંભાવના ખોટી ઠરી છે. તેણે કરેલો ઠરાવ મુંબઇ પ્રદેશના વિભાજનને આવકારે છે, પણ ડાંગ વગેરે જે પ્રદેશો ગુજરાત સાથે જોડવાનું કારોબારીની યોજનામાં સૂચવવામાં આવ્યું છે તેનો તેમ જ પાટનગરની રચના અને ચાલુ મોટી બાંધના અંગે જે આર્થિક જોગવાઇ સૂચવવામાં આવી છે તેનો ઉગ્ર વિરોધ કરે છે, એટલું જ નહિ પણ, આ રદ ન થાય ત્યાં સુધી સમિતિ જોરદાર આંદોલન ચાલુ રાખવા માંગે છે અને નવા નવા મોરચાઓ ઉભા કરવા માગે છે એવી એ ઠરાવમાં ધમકી આપવામાં આવી છે.

સંયુકત મહારાષ્ટ્ર સમિતિએ ધારણ કરેલું આ વલણ ભારે દુઃખ અને ચિન્તા ઉપજાવે છે. કોઇ પણ ઝગડો ઉભો કર્યા પછી તેને શમવા દેવો જ નહિ અને મૂળ માંગણી સંતોષાય તો તેના કોઇ એક પરિશિષ્ટમાંથી પણ એક નવો ઝગડો ઉભો કરવો, પોતાના પ્રભાવ નીચે આવેલા જનસમુદાયની પ્રાન્તિક–પ્રાદેશિક લાગણીઓને આવા બહાના ઉપર ઉશ્કેર્યા કરવી અને બે વિશાળ સમુદાય વચ્ચે ઘર્ષણ ચાલુ રહ્યા કરે એવાં નવાં નવાં નિમિત્તો પ્રજ્વલિત કરવાં અને એ રીતે પોતાના અસ્તિત્વને ટકાવી રાખવું – આવી મનોદશા સમિતિના ઉપરના ઠરાવ પાછળ પ્રગટ થાય છે. આખરે મહારાષ્ટ્ર કે ગુજરાત એક વિશાળ દેશના ઘટકો છે, પ્રદેશો છે, વિશાળ દેહના અવયવો છે – આ વસ્તુસ્થિતિની ઉપેક્ષા કરીને, જાણે કે પ્રત્યેક પ્રદેશ ભિન્ન સ્વતંત્ર રાજ્ય હોય અને આ કે તે રાજ્યમાં જે માગ્યું તે સંપૂર્ણપણે મને મળવું જોઇએ અને તેમાંનો એક અંશ પણ પારકા લેખેલા અન્ય રાજ્યને મળવો ન જોઇએ – આવી વૃત્તિ સંયુકત મહારાષ્ટ્ર સમિતિને પ્રેરી રહી છે. આપણે આશા રાખીએ કે જ્યારે બન્નેને સુખસમાધાનીથી છુટા પડીને પોતપોતાનો ઉત્કર્ષ પોતપોતાની રીતે સાધવાની તક મળી છે ત્યારે, કોઇ પણ સાંકડી મનોદશા ધરાવતા જૂથના ઝેરી પ્રચારનો ભોગ ન બનતાં મહારાષ્ટ્રીઓ તેમ જ ગુજરાતીઓ પ્રેમભર્યા હસ્તધુનનપૂર્વક છુટા પડશે, એકના ઉત્કર્ષની અન્ય સદા પ્રાર્થના કરતા રહેશે અને પોતપોતાની શકિતઓ અને સિદ્ધિઓને ભારતના ચરણે સમર્પિત કરશે.

'હરિસંહિતા'–પ્રકાશન સમારંભ

તા. ૨૮–૧૧–૫૯ના રોજ અમદાવાદ ખાતે મહાકવિ શ્રી. ન્હાનાલાલ રચિત 'હરિસંહિતા'ના પ્રથમ ભાગના પ્રકાશનનું ભારતના મહાઅમાત્ય જવાહરલાલ નહેરુના શુભ હસ્તે ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું તે નિમિત્તે યોજવામાં આવેલ સમારંભ નવેમ્બર મહીનાની એક વિશિષ્ટ ઘટના હતી. આ 'હરિસંહિતા' કવિ ન્હાનાલાલનું અન્તિમ વિરાટકાવ્ય છે. આ હરિસંહિતાની કલ્પના 'શ્રીમદ્ ભાગવત'ની રચના ઉપરથી કરવામાં આવી હતી. ભાગવતના જેમ બાર સ્કંધ છે તેમ આ 'હરિસંહિતા'ના બાર મંડળ વિચારવામાં આવ્યા હતા અને ભાગવતની માફક આ હરિસંહિતા પણ ૪૪૦૦૦ ચરણવળો એટલે કે પંકિતઓ વાળી રચવી એવી કવિના મનમાં ધારણા હતી. પણ કમમસીબે ૨૭૦૦૦ પંકિતઓ સુધી પહોંચતાં ૧૯૪૬ ના જાન્યુઆરી માસની ૯મી તારીખે ૬૯ વર્ષની ઉમ્મરે તેમનો દેહ પડયો અને એ રીતે આ મહાકાવ્ય અધુરું રહી ગયું.

આ હરિસંહિતામાંના આયોજન વિષે કવિ પોતે જ જણાવે છે કે "આ હરિસંહિતા પ્રેમલક્ષણા ભકિતનું મહિમાગીત છે. આપણા નૃલોકમાં શ્રી. કૃષ્ણચંદ્રની આયુષ્યઅવધિ કોઇક ૧૧૯ વર્ષની કહે છે. કોઇક ૧૨૫ વર્ષની કહે છે. ધર્મરાજાથી ન્હાનેરા અને પાર્થ (અર્જુન) થી મોટેરા શ્રી કૃષ્ણચંદ્રનું વય કુરક્ષેત્રના મહાભારત–સંગ્રામ સમયે ૮૪ વર્ષનું હતું. કુરક્ષેત્ર પછી સોળમે વર્ષે હરિસંહિતામાંના કથાભાગનો આરંભ થાય છે. અને સોળ તિથિઓ સમા શ્રી હરિનાં ૧૦૧ થી ૧૧૬ વર્ષની તીર્થયાત્રાની ભારત પરિક્રમણાનો આમાં વાર્તાવિસ્તાર છે." કુરક્ષેત્રના યુદ્ધ બાદ ઘણાં વરસ પછી શ્રી કૃષ્ણનો દેહોત્સર્ગ થયો ને પાંડવોએ હિમાલય ભણી મહાપ્રસ્થાન કર્યું એમ મહાભારત કહે છે. તો એ ગાળામાં ભગવાન શ્રી કૃષ્ણે શું કર્યું હશે એની કલ્પના ચલાવીને કવિશ્રી ન્હાનાલાલે 'હરિસંહિતા'માં, શ્રીકૃષ્ણ યાદવપરિવારને તથા અર્જુન–સુભદ્રાને પણ સાથે લઇ ભારતની યાત્રાએ નીકળે છે અને બધાં ઝાંખાં પડતાં તીર્થોને ફરી તેજસ્વી બનાવી પોતાનું અવતારકૃત્ય પૂરું કરે છે એમ નિરૂપ્યું છે. આ નિમિત્તે ભારતના કેટલાક પ્રકૃતિપ્રસિદ્ધ પ્રદેશોનાં વર્ણનોમાં કવિશ્રીની કવિતાને પોતાની લીલા દેખાડવાનો સારો અવકાશ મળ્યો છે, પણ કવિશ્રીનું ધ્યાન વિશેષતઃ એકાગ્ર છે પોતાના 'પ્રેમભકિત'ના ઉપનામના 'ભકિત' એ ભાગને સાર્થક ઠરાવવા ઉપર. એમની વિશાળી વૈષ્ણવતાને જ આથી એમણે આ મહાકાય કૃતિમાં વિશેષ ખોલવા દીધી છે. શ્રીકૃષ્ણના મોંમાંથી અનેક સ્થળે જ્ઞાનવાણી અને એક સ્થળે નવાં ઉપનિષદો જેવી સૂત્રાત્મક જ્ઞાનવાણી કવિએ ઉદ્‌ગારાવી છે. રામસેતુએ અને

કાશીવિશ્વેશ્વરમાં એમ બે પ્રસંગોએ શ્રી હરિ એકાદશ–એકાદશ નવ-ઉપનિષદોની કથા કરે છે; કાંચનગંગાને ઘાટે નવ-ઉષાસ્તોત્રો ગવરાવે છે ને ચન્દ્રગાયત્રી ઉચ્ચારે છે; બદ્રિકેદારમાં હિમાલયને અનન્તદર્શન કરાવે છે; હસ્તિનાપુરમાં ગંગાઘાટે શકપ્રવર્તક ધર્મ-રાજા નિજનવીન ધર્મયુગને કાજે ધર્મસ્મૃતિ વિસ્તારે છે : એવી એવી આ મહાગ્રન્થમાં વિશેષતાઓ છે.

આ 'હરિસંહિતા'નું પ્રકાશન ત્રણ ભાગમાં વહેંચાયલું છે. જેના પહેલા ભાગનું પ્રકાશન જવાહરલાલ નહેરૂના હાથે ઉપર્યુકત સમારંભમાં કરવામાં આવ્યું હતું. આ ત્રણ ભાગની છુટક કીંમત અનુક્રમે રૂા. ૧૦, ૧૦, ૮ રાખવામાં આવી છે અને આખા સેટની કીંમત રૂા. ૨૫ રાખવામાં આવી છે. પ્રાપ્તિસ્થાન છે કુમાર કાર્યાલય લિ. રાયપુર, અમદાવાદ ૧. આ ગ્રંથ કવિ ન્હાનાલાલ સ્મારક ટ્રસ્ટ તરફથી પ્રગટ કરવામાં આવેલ છે; જેના મેનેજીંગ ટ્રસ્ટી છે શ્રી. પ્રભુદાસ બાલુભાઇ પટવારી. આ ટ્રસ્ટ તરફથી પ્રસ્તુત સમારંભ પ્રસંગે 'હરિસંહિતા–પ્રકાશન–ઉદ્‌ઘાટન સ્મરણિકા' એ નામની એક સુન્દર પુસ્તિકા બહાર પાડવામાં આવી છે. આ પુસ્તિકામાં અધ્યાપક અનન્તરાય રાવળે કરેલી કવિશ્રીનાં જીવન અને સાહિત્ય અંગેની ટુંક પણ સર્વગ્રાહિ ને સુન્દર આલોચના સાથે કવિશ્રીની અનેક તસ્વીરોને સંકલિત કરવામાં આવી છે. કવિશ્રીનાં પ્રકાશનોની વિગતવાર યાદી પણ છેવટે તેમાં આપી છે.

પ્રસ્તુત સમારંભ ગુજરાત વિદ્યાપીઠના વિશાળ ચોગાનમાં ગોઠવવામાં આવ્યો હતો. આ પ્રસંગે કવિશ્રીને ઉંડી ભાવસરી અંજલીઓ આપતાં વિવિધ વ્યાખ્યાનો યોગ્ય વ્યકિતઓ તરફથી કરવામાં આવ્યા હતાં જેના વિગતવાર ઉલ્લેખ માટે અહિં અવ-કાશ નથી, આમ છતાં પણ બે પ્રાસંગિક વ્યાખ્યાનો અહિં ખાસ ઉલ્લેખનીય લાગે છે. એ સુવિદિત છે કે કવિશ્રી ન્હાનાલાલ જેવા રસ અને સંસ્કારના પ્રેમી હતા એવા જ તેઓ રાષ્ટ્રપ્રેમી હતા, અને તેથી જ્યારે ગાંધીજીએ રાષ્ટ્રના સ્વાતંત્ર્ય સંગ્રામમાં જોડાવાની ગુજરાત સૌરાષ્ટ્રની વિશિષ્ટ વ્યકિતઓને હાકલ કરી ત્યારે, કવિશ્રી ન્હાનાલાલે સરકારી નોકરીનો ત્યાગ કરીને ૧૯૨૧માં અમદાવાદ ચાલી આવ્યા અને ગુજરાત વિદ્યાપીઠમાં જોડાયા. એ કાળે એવી આશા સેવાતી હતી કે સમયના વહેવા સાથે કવિશ્રી ગાંધીજીના એક ઉત્કૃષ્ટ કોટિના સાથી અને સહકાર્યકર્તા નીવડશે. પણ વિધિને એ અભીષ્ટ નહિ હોય ! એ દિવસોમાં અમદાવાદ ખાતે ભરાયલા કોંગ્રેસ–અધિવેશનમાં એક એવી ઘટના બની કે જેને કવિશ્રીના આળા મને પોતાના અંગત અપમાન સમ લેખી અને પરિણામે ગાંધીજી તથા વલ્લભભાઇ અને કવિશ્રી વચ્ચે એક અભેદ્ય દીવાલ જેવો મનોભેદ પેદા થયો, જે પછી કદિ સંધાયો જ નહિ. આ ઘટના ધ્યાનમાં રાખીને, પ્રસ્તુત સમારંભ પ્રસંગે ગુજરાત વિદ્યાપીઠના મહામાત્ર અને ગુજરાત યુનિવર્સિટીના ઉપકુલપતિ શ્રી. ભગનભાઇ દેસાઇએ બીજી બાબતો રજુ કરવા સાથે જણાવ્યું હતું, કે : "આ પ્રસંગની હજી એક અપૂર્વતા છે, જે મારે અહિંઆ કહેવાની તક લેવી જોઇએ. આપણા કવિશ્રી કાવ્યમણિ હતા, એટલું જ નહિં પણ, તેઓ રાષ્ટ્રવીર હતા. ૧૯૨૦માં ગાંધીજીએ આઝાદીના જંગનો નાદ જગાવ્યો ત્યારે, તે સુણનારમાં તેઓ એક અનોખા હતા. તે વખતે તેમનો સંબંધ આ ગુજરાત વિદ્યાપીઠ સાથે થયો હતો, કે જેના ચોકમાં આજે એમની પુણ્ય-સ્મૃતિરૂપ ગ્રંથપ્રકાશનાર્થે આપણે એકઠા મળ્યા છીએ. દૈવસંયોગ એવો કે, એ સંબંધ ધ્યેયરૂપે ન ફળ્યો. કવિહૃદય ઉપર આનો ઊંડો આઘાત થયો હતો. એ ઘા કાળજળે રૂઝાતો હતો. અને સુખની વાત એ છે કે, આજે કવિશ્રીની સ્મારક સમિતિએ એ ઘાની રૂઝની પૂર્ણાહુતિ સમું મિલન અહિં યોજ્યું છે, એમ મારું મન સાક્ષી પુરે છે. ગુજરાત વિદ્યાપીઠ હંમેશ કવિશ્રીનું કાવ્યગુણજ્ઞ રહેલું છે. તેમના અનુપમ કાવ્યની પ્રસાદી તેણે તૈયાર કરાવેલી વાંચનમાળાઓમાં સંધરીને પોતે અને તે માળાઓ ધન્ય થઇ છે. કવિશ્રીની સ્મારક સમિતિએ 'હરિસંહિતા'–પ્રકાશન સમારંભ વિદ્યાપીઠના ચોકમાં યોજી અમને જે બહુમાન આપ્યું છે, તેને માટે, ગુજરાત વિદ્યા-પીઠના એક કાર્યકર્તા તરીકે, હું સમિતિનું અભિનન્દન કરું છું. અને સ્વતંત્ર ભારતના પંતપ્રધાન જેમાં પધાર્યા છે, તેવા આપણી કવિશ્રીના સત્કારના આ અપૂર્વ અવસરે આ ચોકમાં મળવાનું પસંદ કરીને અમને કંઇક સેવા કરવાની જે નાનકડી તક આપી, તે માટે સૌનો આભાર માનું છું." આ વકતવ્ય ઉદાત્ત વાણીનો એક સુન્દર નમુનો છે.

આ જ પ્રસંગે જવાહરલાલ નહેરૂએ કવિશ્રીને અંજલિ આપતાં અન્ય બાબતોની સરખામણીમાં સાહિત્યનું આપણા જીવ-નમાં શું સ્થાન છે એ મુદ્દા અંગે જણાવ્યું હતું કે :–

"દેશની પ્રગતિ અને વિકાસ માટે આપણે પંચવર્ષીય યોજ-નાઓ ઘડીએ છીએ અને કારખાનાં, મીલો, અને અન્ય ઉદ્યોગો ઉભા કરવા ઉપર ભાર મૂકીએ છીએ. આ બધુ આવશ્યક જરૂર છે. એથી એમ સમજવાની ભૂલ કરવી ન જોઇએ કે કારખાનાં અને મીલોની ચીમનીઓ એ જ માત્ર જીવન અને પ્રગતિનો સાર છે. એ માટે તો સાહિત્ય અને કવિતા તરફ પણ જોવું જોઇએ; કારણ કે સાહિત્યનું પણ જીવનમાં એટલું જ મહત્વનું સ્થાન છે. દેશને ઝડપી પ્રગતિપંથે લઈ જવા તરફ આપણું ધ્યાન હોય તે જરૂરી છે. પરંતુ સાહિત્ય તરફ નજર ન રાખીએ તો જીવનનું ત્રાજવું એક તરફ વધુ નીચું ઢળી જશે અને તેથી જ આપણે ભાષા ઉપર અને ભાષાઓના વિકાસ ઉપર ભાર મૂકવો જોઇએ. વળી ભાષા અને સાહિત્યનો પણ આમજનતા સાથે સંબંધ હોવો જોઇએ અને આમજનતાના હૃદય સુધી એ પહોંચવો જોઇએ."

આવો સુન્દર અને ભવ્ય સમારંભ યોજવા બદલ, 'હરિ સંહિતા' જેવા મહાકાવ્યનું પ્રકાશન હાથ ધરવા બદલ અને સમા-રંભ પ્રસંગે કવિ ન્હાનાલાલ સાથેનાં અનેક સ્મરણોને પુનર્જીવિત કરે એવી સ્મરણિકા તૈયાર કરવા બદલ મહાકવિ શ્રી ન્હાનાલાલ સ્મારક સમિતિને અનેક ધન્યવાદ ઘટે છે. 'હરિસંહિતા'ના એક યુગધર્મી સૂકતના બોલ સાથે આપણે આ નોંધ પૂરી કરીએ.

'આવે છે ગેબ ભેદી હરિવર જગતે લોકકલ્યાણ કાજે,
આનંદો વિશ્વવાસી, અખિલ જગત્ છે લોકકલ્યાણ મેળો.'

વૃદ્ધ અપંગ સાધુઓ અને ડોળી વિહાર

'પ્રબુદ્ધ જીવન'ના તા. ૧–૧૨–૫૯ના અંકમાં ઉપરોકત શિર્ષક નીચે પ્રગટ થયેલા વિચારો વાંચીને શ્રી સારાભાઇ એન્. શાહે નીચે મુજબનું એક ચર્ચાપત્ર મોકલ્યું છે :–

"ડોળીના પ્રશ્ન વિશે એક વાત બરાબર સમજી લેવી જોઇએ કે જૈન સાધુઓ એનો ઉપયોગ વૃદ્ધાવસ્થા કે બીમારી સિવાયે કારણોસર કરે છે. એક સ્થળે લાંબો સમય સ્થિર રહી ન શકાય એ દૃષ્ટિએ કરે છે. ધર્મના લાભાલાભની દૃષ્ટિથી કરે છે. અનિવાર્ય હોય ત્યારે જ ઉદાસીન વૃત્તિથી કરે છે.

"ડોળીના પ્રશ્નને આર્થિક દૃષ્ટિએ જોવાનું ઠીક નથી. કારણ કે તેનો ઉપયોગ બહુ જૂજ પ્રમાણમાં અને અચાલતા થાય છે. તેમાંય જ્યારે સાધુના પાદવિહારના વિકલ્પ તરીકે, સાધુની કડક સમાચારીને ધ્યાનમાં લઇને થતો હોય ત્યારે આર્થિક સવાલ, રૂપીઓ, આના, પાઇનું ગણિત ગૌણ બની જાય છે. "જૈન મુનિને ચાર ચાર માણસો ઉપાડે એ આજની માનવતાની દૃષ્ટિએ – રબ્બર ટાયરવાળી નાની સરખી ગાડીમાં એક માણસ ખેંચી જાય તેની સરખામણીએ – ઘણું વધારે અરૂચિકર લાગે છે." સંભવ છે કે એમ લાગતું હોય, પરંતુ જે સંજોગોમાં અને જે દૃષ્ટિથી એનો ઉપયોગ થાય છે તે દૃષ્ટિથી વિચારતાં આ વાત

મહત્ત્વ વિનાની બની જાય છે. આથી માનવતાની ઉપેક્ષા થાય છે એમ કહેવું ઉચિત નથી. કારણકે કોઇને ય ખભે બેસીને ભાર કરવાની ઇચ્છા જૈન સાધુના દિલમાં હોતી નથી. વળી આ ડોળી ઉચકનારાઓને પરાણે વેઠમાં લાવવામાં આવતા નથી. જેઓ શ્રમજીવીઓ છે તેમને સંતોષકારક મહેનતાણું આપીને રોકવામાં આવે છે. જો જબરજસ્તીથી આ કામ લેવામાં આવતું હોય તો માનવતાની દૃષ્ટિએ અવશ્ય ટીકાપાત્ર લેખાય. બાકી જે સંદર્ભમાં આ વાત કરવામાં આવી છે તે બરાબર નથી.

"ત્રીજી વાત ડોળીની અપેક્ષાએ ઠેલાણુગાડી અને સાઇકલ રીક્ષા વધુ અહિંસક છે એમ કહેવામાં આવી છે. પરંતુ આ દલીલ કરતી વખતે એ વાત ભૂલાઇ ગઇ છે કે વિહારના માર્ગો મુંબઇના માર્ગો જેવા હોતા નથી. લાંબા વિહારમાં કાચા, ધૂળીઆ, ખાડા ટેકરાવાળા માર્ગો આવે છે. વચ્ચે નાના મોટા ગરનાળાઓ અને પૂલો ઓળંગવાના હોય છે. એક માણસથી ચાલતી ઠેલણુગાડી કે રીક્ષા એ વખતે શું કરશે? કાચા ધૂળીઆ રસ્તા પર રીક્ષા ચલાવનારના આંતરડા કેટલા ઉંચા થાય અને બેસનારની હાલત શું થાય એ પણ વિચારવા જેવું છે. જીવહિંસાનો જેટલો ખ્યાલ પગે ચાલતાં રહી શકે તેટલો ચોકકસ, માર્ગ પર અને ઝડપી ગતિએ ચાલતી બાબાગાડી કે રીક્ષાથી સચવાવો સહેલો નથી. પરંતુ ખાસ લક્ષમાં લેવા જેવી બાબત તો એ છે કે સાઇકલ રીક્ષાનો ઉપયોગ શરૂ થતાં એ ડોળી જેટલો નિર્દોષ અને અતિ મર્યાદિત નહિ રહી શકે. આ સાધનનો ઉપયોગ શોખથી થાય છે કે બીમારી જેવા કારણોસર થાય છે તે કળવાનું પણ મુસ્કેલ બનશે. બીજા નવા સવાલો પણ એમાંથી ઉભા થયા સિવાય નહિ રહે.

આ મંતવ્યો પછી રખે કોઇ એમ માને કે યુગને અનુરૂપ પરિવર્તન સાધુ સમાચારીમાં થવું જ ન જોઇએ. અલબત્ત, જે સમાચારીથી જૈન સાધુની, સમાજ અને ધર્મની હાંસી, જૈન જૈનેતર વર્ગમાં થતી હોય તેમાં વિચાર અને વિવેકપૂર્વકનું પરિવર્તન જરૂરી છે, પણ ડોળીનો પ્રશ્ન સાવ નજીવો અને શ્રમણ વર્ગને સ્પર્શતો છે."

જે ચાલે છે તે બરોબર છે એવા વળણથી પ્રેરાઇને લખાયેલ ઉપરના ચર્ચાપત્રના જવાબરૂપે મારી મૂળ નોંધમાં જે વિચારો દર્શાવ્યા છે તેમાં ખાસ કાંઈ ઉમેરવા જેવું રહેતું નથી. જૈન સાધુનું સમગ્ર આચારધોરણ નકકી કરવામાં જૈન સાધુના નિર્વાહ અંગે સમાજ ઉપર બને તેટલો ઓછો આર્થિક બોજો પડે એ બાબત હંમેશા ખાસ લક્ષ્ય ઉપર રાખવામાં આવી છે, અને તેથી આ સંબંધમાં આર્થિક દૃષ્ટિએ વિચાર કરવામાં આવે તે યોગ્ય નથી એ શ્રી સારાભાઇની સમજણ બરોબર નથી. વૃદ્ધ અને અપંગ સાધુઓએ માણસોની મદદ લઇને પણ પોતાનો વિહાર ચાલુ રાખવો તેને બદલે કોઇ પણ યોગ્ય સ્થળે વૃદ્ધ અને અપંગ એવા જૈન સાધુએ પોતાનું જીવન વ્યતીત કરવું એ વધારે યોગ્ય છે એમ જો શ્રી સારાભાઇએ પ્રતિપાદન કર્યું હોત તો તે યુકિતસંગત લાગત, પણ જો આવા સાધુ માટે વિહાર આવશ્યક અને અનિવાર્ય છે એમ માનવામાં આવતું હોય તો, આવા વિહાર માટે જે કાંઇ અવલંબન લેવામાં આવતું હોય તે અવલંબન બને તેટલું ઓછું ખરચાળ, બને તેટલું ઓછું હિંસાત્મક અને સાથે સાથે સભ્યતાના પ્રચલિત ખ્યાલો સાથે બને તેટલું વધારે સુસંગત હોવું જોઇએ. આ ત્રણ બાબતોનો સંયુકતપણે વિચાર કરતાં આજે જે ચાર ચાર માણસો એક અપંગ અને વૃદ્ધ સાધુને સ્થળાન્તર કરાવે છે તેના સ્થાને આમ એક માણસની મદદથી સ્થાનાન્તર થઇ શકે એવો પ્રબંધ શરૂ કરવાની જરૂર છે અને આવા પ્રબંધની વિચારણા કરતાં વૃદ્ધ અને અપંગ સાધુને બેસાડીને ફેરવી શકાય એવા વાહનનો ઉપયોગ ધ્યાન ઉપર આવે છે. પછી તે ઠેલણુગાડી હોય, સાઇકલ રીક્ષા હોય કે જૈન સાધુના આચાર સાથે બંધ બેસે એવું જે કોઈ વાહન હોય તેનો ઉપયોગ વિચારી શકાય છે.

શ્રી. સારાભાઇએ એક વિશેષ દલીલ એ આશયની કરી છે કે આવી સગવડ આપવાથી સાધુને પોતાના આચારમાં વધારે શિથિલ બનવાનું પ્રલોભન ઉભું થશે. આ દલીલ એટલા માટે બરોબર નથી કે એક સ્થળેથી બીજા સ્થળે જવા અવવા માટે જૈન સાધુને ડોળીનો ઉપયોગ કરવો પડે તે જ તેના આચારની શિથિલતા છે, પણ શરીરની વિકલતાના કારણે આ શિથિલતા અથવા તો અપવાદને આપણે ક્ષમ્ય ગણીએ છીએ. હવે ચાર અથવા આઠ માણસની ડોળીના ઉપયોગને બદલે એક માણસથી ફેરવી હેરવી શકાય તેવા વાહનનો આપણે તેમને ઉપયોગ કરવાનું કહીએ છીએ તે તો માત્ર સાધનની ફેરબદલી સૂચવીએ છીએ, તેની સગવડમાં આપણે કોઇ વધારો સૂચવતા નથી અને એ સાધનનો ઉપયોગ સ્થળ સ્થળના સંઘની સંમતિ અને દેખરેખ નીચે થવાનો છે તેથી આ સૂચિત ફેરફાર અંગે સારાભાઇની ચિન્તા અસ્થાને છે.

જે બાબત બહુ જાણીતી છે તેને અહિં પ્રસિદ્ધ કરવામાં વાંધા જેવું નથી લાગતું અને તે બાબત એ છે કે કેટલાએક સમય પહેલાં સ્થાનકવાસી સમાજના વૃદ્ધસ્થવિર મુનિશ્રી નાનચંદ્રજીને અમદાવાદ ખાતે પહેલી વાર મળવાનું બનેલું ત્યારે વૃદ્ધ અને અપંગ જૈન સાધુઓને ડોળીમાં બેસાડીને વિહાર કરાવવામાં આવે છે તે બાબતમાં ઉપર જણાવેલી રીતે ફેરફાર કરવાની અગત્ય ઉપર તેમણે મારૂં ખાસ ધ્યાન ખેંચ્યું હતું; અને તે વિષે મને લખવા ખાસ કહ્યું હતું. તે પ્રસંગે તેમણે આ સંબંધમાં મને જે કહેલું તે તે વખતે મને યોગ્ય અને આવશ્યક લાગેલું અને આજે પણ તે એટલું જ યોગ્ય અને આવશ્યક લાગે છે.

ભારત જૈન મહામંડળનો આગામી હીરક મહોત્સવ અને ઉપમું અધિવેશન

ભારત જૈન મહામંડળ એક કાળજુની જૈન સંસ્થા છે. તેનું આજ સુધીનું કાર્ય એટલું સઘન કે વ્યાપક નથી, પણ લાંબા યા ટુંકા ગાળે અધિવેશનો ભરીને તેમ જ ગાળે ગાળે છુટાં છવાયાં કામો કરીને તે ૬૦ વર્ષ જેટલા લાંબા કાળાવધિ સુધી ટકી રહેલ છે તે તેની નાનીસુની વિશેષતા નથી. અખિલ ભારતનો જૈન સમાજ તેનો કાર્યપ્રદેશ છે અને ભિન્ન ભિન્ન ફિરકાઓના જૈનો વચ્ચે એકતાની-સંગઠ્ઠનની ભાવના ઉભી કરવી, કેળવવી એ તેનું મુખ્ય ધ્યેય છે. કેટલાંક વર્ષથી 'જૈન જગત્' નામનું હિંદી માસિક આ સંસ્થા તરફથી ચલાવવામાં આવે છે અને પ્રસ્તુત માસિકના નામ સાથે 'જૈન' શબ્દ જોડાયલો હોવા છતાં તેની નીતિ અને લેખસામગ્રી સાંપ્રદાયિકતાના ભાવથી સર્વથા મુકત હોય છે. મહાત્મા ભગવાનદીનજી, કેદારનાથજી, વિનોબાજી વગેરે ચિન્તનપરાયણ લેખકોનો આ માસિકને સહકાર છે અને શ્રી રિષભદાસજી રાંકા આ માસિકના સંપાદક છે.

આ ભારત જૈન મહામંડળ જાન્યુઆરી માસની ૩૧ મી તારીખે પોતાનો હીરક મહોત્સવ ઉજવે છે અને સાથે સાથે પોતાનું ૩૬મું અધિવેશન ભરે છે. આ માટે સ્વાગત સમિતિ ઉપસ્થિત કરવામાં આવી છે અને તેના પ્રમુખસ્થાને ઇન્ડિયન મરચન્ટ્સ ચેંબરના પ્રમુખ, જાણીતા ઉદ્યોગપતિ અને દિગંબર સમાજના આગેવાન શ્રી લાલચંદ હીરાચંદની નિયુકિત કરવામાં આવી છે. હીરક મહોત્સવનું ઉદ્‌ઘાટન કરવાનું મુંબઇ પ્રદેશના રાજ્યપાલ શ્રીપ્રકાશે કબુલ કર્યું છે અને તેનું પ્રમુખસ્થાન તેમ જ અધિવેશનનું પ્રમુખસ્થાન અગ્રગણ્ય ઉદ્યોગપતિ અને દિગંબર સમાજના સુપ્રસિદ્ધ આગેવાન સાહૂ શાન્તિપ્રસાદજી જૈન શોભાવનાર છે. આ ભારત જૈન મહામંડળની મુંબઇ ખાતે કેટલાક સમયથી એક શાખા શરૂ કરવામાં આવી છે, જેના સાહૂ શ્રેયાંસપ્રસાદ જૈન પ્રમુખ છે.

ભારત જૈન મહામંડળની આજ સુધીની કાર્યવાહીની રૂપરેખા એક સ્વતંત્ર પત્રિકારૂપે પ્રબુદ્ધ જીવનના ગતાંકમાં અન્તર્ગત કરવામાં આવી હતી. હીરક મહોત્સવ અને અધિવેશન અંગે જરૂરી તૈયારીઓ ચાલી રહી છે. સ્વાગત સમિતિના સભ્યનું લવાજમ રૂા. ૧૦ રાખવામાં આવ્યું છે, અને જે વ્યક્તિ રૂા. ૧૦૧ ભરે તેને સ્વાગત સમિતિના ઉપપ્રમુખ ગણવાનું નક્કી કરવામાં આવ્યું છે. સ્વાગત સમિતિના ઉપપ્રમુખો અને સભ્યોનાં નામ નોંધાઈ રહ્યાં છે. જેઓ જૈન સમાજની એકતા અને સંગઠ્ઠનનું મહત્વ સ્વીકારતા હોય, તે સર્વ જૈન ભાઇ બહેનોને સ્વાગત સમિતિના સભ્ય બનવા પ્રાર્થના છે.

હીરક મહોત્સવ તથા મંડળના અધિવેશનને લગતા પ્રસંગોનો કાર્યક્રમ એક જ દિવસનો ગોઠવવામાં આવનાર છે. આ માટે સુન્દરબાઇ હૉલ નક્કી કરવામાં આવેલ છે. જાન્યુઆરી માસની ૩ મી તારીખે સવારના ૯॥ વાગ્યે ભારત જૈન મહામંડળનો હીરક મહોત્સવ ઉજવવામાં આવશે. એ જ દિવસે બપોરે ૨॥ વાગ્યે મંડળનું ખુલ્લું અધિવેશન ભરવામાં આવશે. રાત્રીના – સમય હવે પછી જાહેર કરવામાં આવશે – સ્વાગત સમિતિના સભ્યો અને અધિવેશનના પ્રતિનિધિઓ માટે મનોરંજક કાર્યક્રમ ગોઠવવામાં આવશે. આ પ્રસંગ ઉપર ભારત જૈન મહામંડળ તરફથી એક સુન્દર સોવેનીર– મંડળનો ઇતિહાસ અને અનેક મનનીય લેખોથી ભરપુર એવી એક સચિત્ર પુસ્તિકા – પ્રગટ કરવામાં આવનાર છે. ભારત જૈન મહામંડળના આ અનુપમ અવસરમાં જોડાવા, ભાગ લેવા, અને પોતાથી બનતો ફાળો આપવા જૈન સમાજનાં પ્રગતિશીલ ભાઇ બહેનોને નમ્ર અભ્યર્થના છે.

'ચાર તીર્થંકર'

આ નામનું એક સુન્દર અને સુશ્લિષ્ટ પ્રકાશન ગત વર્ષ દરમિયાન શ્રી. રસિકલાલ ડાહ્યાભાઈ કોરા તથા તેમના લઘુ બંધુ શ્રી. કાન્તિલાલ ડાહ્યાભાઈ કોરા તરફથી, આગળના વર્ષે જેમનું મોટર અકસ્માતથી અકાળ અને એકાએક અવસાન નીપજ્યું હતું તેવા તેમના નાના ભાઇ શ્રી. જગમોહનદાસ ડાહ્યાભાઇ કોરાના સ્મરણમાં, કરવામાં આવ્યું છે. તેનું પ્રાપ્તિસ્થાન છે ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધી રસ્તો, અમદાવાદ. અને તેની કીંમત છે રૂા. ૧–૫૦.

આ પુસ્તકની અંદર ભગવાન ઋષભદેવ, નેમિનાથ, પાર્શ્વનાથ અને મહાવીરના જીવનને લગતા–પં. સુખલાલજીએ લખેલા–મૌલિક અને સ્વતંત્ર ચિન્તનપૂર્ણ લેખોનો સંગ્રહ કરવામાં આવ્યો છે. જૈનો ચોવીશ તીર્થંકરની પરંપરામાં માને છે. આમાં ઇતિહાસ તથા સંશોધનની દૃષ્ટિએ આ ચાર તીર્થંકરોનું સૌથી વધારે મહત્વ છે. સૌથી પહેલા તીર્થંકર ઋષભદેવનો શ્રીમદ્ ભાગવતમાં પણ વિસ્તારથી ઉલ્લેખ આવે છે અને તેથી તેઓ આખી આર્યજાતિના ઉપાસ્યદેવ હોય એમ લાગે છે. વળી ભગવાન ઋષભદેવ માનવ સંસ્કૃતિ અને સભ્યતાના ઉગમસ્થાન રૂપ છે અને તેથી, જ્યારે જૈનધર્મનો પ્રધાન સુર, આજે જે રીતે સમજવામાં આવે છે તે રીતે, નિવૃત્તિધર્મનો છે, ત્યારે ઋષભદેવનું ચરિત્ર પદે પદે પ્રવૃત્તિ ધર્મની પ્રરૂપણા કરતું લાગે છે. આ કોયડો એક ચિન્તનનો વિષય બને છે. બાવીશમા તીર્થંકર ભગવાન નેમિનાથ શ્રી કૃષ્ણના સમકાલીન માત્ર નહિ પણ અત્યન્ત નજીકના સગા હોઇને બન્નેની તુલનાત્મક સમાલેચના એક રસપ્રદ વિષય બને છે. ત્રેવીશમા તીર્થંકર ભગવાન પાર્શ્વનાથના ચાતુર્યામ ધર્મમાં બુદ્ધ અને મહાવીરની ભિન્ન ભિન્ન વિચારસરણીનાં મૂળ રહેલાં છે અને તેથી તેમનું અસાધારણ ઐતિહાસિક મહત્વ છે. અને ભગવાન મહાવીર જૈનોના ચરમ તીર્થંકર છે, તેમની ઐતિહાસિકતા સર્વસ્વીકૃત છે, તેમના જીવનની વિગતો સૌથી વધારે સુપ્રાપ્ય છે, બુદ્ધના તેઓ સમકાલીન છે. તેમના અને શ્રી કૃષ્ણના ચરિત્રમાં અનેક પ્રકારનું ચમત્કાર–સામ્ય રહેલું છે, વળી તેમના ચરિત્ર સાથે જોડાયલા ગર્ભાપહરણના અને એ રીતે બે માતાઓનો પ્રસંગ એક ભારે ચર્ચાસ્પદ વિષય બનેલો છે. આમ આ ચારે તીર્થંકરોના ચરિત્રમાં અનેક ચર્ચવાયોગ્ય, વિચારવાયોગ્ય મુદ્દાઓ આપણને પ્રાપ્ત થાય છે. આ સર્વ મુદ્દાઓની પંડિતજીએ પોતાના નિબંધોમાં ભારે સુન્દર, રોચક અને માર્ગદર્શક છણાવટ કરી છે. તેમનું ચિન્તન કેટલું વિશદ, પરંપરામુક્ત, નિર્ભય અને મૌલિક છે તેનું આ નિબંધોના વાંચન દ્વારા આપણને સુભગ દર્શન પ્રાપ્ત થાય છે.

આ પુસ્તકમાં પંડિતજીના નીચે મુજબના લેખો સંગ્રહિત કરવામાં આવ્યા છે: (૧) ભગવાન ઋષભદેવ અને તેમનો પરિવાર, (૨) ભગવાન નેમિનાથ અને કૃષ્ણ, (૩) ભગવાન પાર્શ્વનાથનો વારસો, (૪) દીર્ઘતપસ્વી મહાવીર, (૫) ધર્મવીર મહાવીર અને કર્મવીર કૃષ્ણ, (૬) ભગવાન મહાવીર, (૭) ભગવાન મહાવીરનું જીવન. (૮) ભગવાન મહાવીરનો મંગળ વારસો, (૯) ભગવાન મહાવીર અને જમાલિના મતભેદનું રહસ્ય, (૧૦) વીરપરંપરાનું અખંડ પ્રતિનિધિત્વ. જેમને આ પ્રમુખ તીર્થંકરોનાં ચરિત્ર દ્વારા જૈન ધર્મનું હાર્દ સમજવાની આકાંક્ષા હોય તેમને આ પુસ્તક આદ્યન્ત વાંચી જવા ભલામણ છે.

'ભારતીય તત્ત્વવિદ્યા'

'મહારાજા સયાજીરાવ ગાયકવાડ પારિતોષિક વ્યાખ્યાનમાળા'ના ઉપક્રમે પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજીએ ૧૯૫૭ના ફેબ્રુઆરી માસની ૨૧ થી ૨૩ તારીખ સુધી વડોદરા ખાતે કૉલેજ બીલ્ડીંગના સેન્ટ્રલ હૉલમાં 'ભારતીય વિદ્યા' ઉપર પાંચ વ્યાખ્યાનો આપ્યાં હતાં, અને તે બદલ તેમને રૂા. ૫૦૦૦ નું પારિતોષિક આપવામાં આવ્યું હતું. આ વ્યાખ્યાનો મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય તરફથી પ્રગટ કરવામાં આવ્યાં છે અને તેની રૂા. ૩–૫૦ કીંમત રાખવામાં આવી છે.

દર્શન સાહિત્યના ક્ષેત્રમાં આ એક વિશિષ્ટ કોટિનું પ્રકાશન છે. ભારતીય વિદ્યાના વિષયને પાંચ વિભાગમાં વહેંચી નાખવામાં આવ્યો છે: (૧) તત્ત્વવિદ્યા, તેનો પ્રારંભ અને તેના વિષયો (જગત, જીવ, ઇશ્વર), (૨) કાર્યકારણભાવ-તત્ત્વજ્ઞાનનો પાયો અને પ્રમાણશક્તિની મર્યાદા, (૩) જગત–અચેતન તત્ત્વ, (૪) જીવ–ચેતનતત્ત્વ, (૫) ઇશ્વરતત્ત્વ. અને આ દરેક વિભાગને અનુલક્ષીને એક એક આખ્યાન આપવામાં આવ્યું છે. આ રીતે આ પાંચ વ્યાખ્યાનદ્વારા સમગ્ર દર્શનશાસ્ત્રનો આપણને અત્યન્ત મિતાક્ષરી એવો નીચોડ મળે છે. જેઓ દર્શનશાસ્ત્રના અભ્યાસી હોય તેમના માટે આ પુસ્તક એક સુન્દર વિહંગાવલોકનની ગરજ સારે તેવું છે. જેમને દર્શનશાસ્ત્રનો અભ્યાસ કરવો હોય તેમના માટે આ પુસ્તક પાઠ્યપુસ્તકની ગરજ સારે તેવું છે. કોઇ પણ દર્શનનિષ્ણાત ગુરૂની મદદ વડે જો કોઇ વ્યકિત આ પુસ્તકનું આદ્યન્ત પરિશીલન કરશે તેને દર્શનશાસ્ત્રનું હાર્દ જરૂર પ્રાપ્ત થશે. આ પુસ્તક અનભિજ્ઞ સામાન્ય વાચક માટે નથી, કારણ કે વસ્તુવિષયને જેમ બને તેમ ટુંકાણમાં અને છતાં વિશદ રીતે સમજાવવાના હેતુથી વસ્તુવિષયના નિરૂપણમાં દાર્શનિક પરિભાષાનો છુટથી ઉપયોગ કરવામાં આવ્યો છે, જે સમજવામાં સામાન્ય વાચકને જ્યાં ત્યાં મુશ્કેલી નડવાનો સંભવ છે.

પંડિતજીના આજ સુધીનાં લખાણોમાં તેમ જ નિરૂપણોમાં આ નિરૂપણ ઉત્તમ કોટિનું છે; શૈલી પ્રસાદપૂર્ણ છે; કિશોરલાલભાઇની શૈલીને ઘણે અંશે મળતી છે. પંડિતજીના સમગ્ર ચિન્તનમાં સમન્વયનો અંશ એકદમ તરી આવે છે. પ્રસ્તુત ગ્રંથ તેમની સમન્વયાત્મક–નિષ્પક્ષ અને શાસ્ત્રીય દૃષ્ટિનો ઉત્તમ નમુનો છે. તત્ત્વજ્ઞાનનો ચાલુ પરામર્શ કરવા માટે આ પુસ્તક હાથપોથી – hand-book –જેવું છે. આવાં અર્થઘન વ્યાખ્યાનો આપવા માટે પંડિતજીને દર્શનરસિક વિદ્વજ્જનોનાં અનેક અભિનન્દન ઘટે છે.

પરમાનંદ

રત્નકણિકા

(કવિ ન્હાનાલાલની કૃતિઓમાંથી તારવેલી થોડી પંક્તિઓ)

ઓ રસતરસ્યાં બાળ ! રસની રીત મ ભૂલશો;
પ્રભુએ બાંધી પાળ રસસાગરની પુણ્યથી.

*

અહો મહાકાળની વાસુકિફણા,
હા ! સર્વભક્ષી યમ કેરી યંત્રણા;
તથાપિ મૃત્યુ રસનાં નથી નથી,
સૌન્દર્ય ને સ્નેહ અજિત મૃત્યુથી.

*

હર્ષ ને શોક, પ્રકાશ ને અંધાર,
સદ્‌ગુણ દુર્ગુણ દ્વંદ્વો સખી !
શ્વેત પટે એમ શ્યામલ માંડી
બ્રહ્માંડ કેરી કથા આ લખી.

*

રાત્રી વિનાના દિન કો ન દીઠા,
વસન્ત કો યે નથી ગ્રીષ્મ સૂની;
પ્રકાશ સર્વે યે જ છાંયવાળા;
શીળા ઉન્હા ત્યમ દિન આપણા યે.

*

સંસારને સર અમૃત ભરિયાં,
માંહી ઘોળ્યા વિષના ઢગલા;
એ વિષ ને અમીના જળકુંડથી
પીશે અમી ધન્ય કો હંસલા

*

સૌન્દર્ય છે શાશ્વત સત્ય વિશ્વે,
ને સત્ય સૌન્દર્ય રૂપે વિરાજે;
એ એક છે સૃષ્ટિતણું રહસ્ય,
જે પ્રીછવાના તમ ભાગ્ય લેખ.

*

નથી આશા વિના આયુ, નથી ડાળી વિના ફુલ,
નથી પૃથ્વી વિના પાયો, નથી માતા વિના કુલ.

*

ઓ સ્નેહનાં હૃદય-ઉજ્જવલ પુત્ર પુત્રી !
મા ભૂલશો કદી તમે નિજ કુલધર્મ :
સંચ્યું તમારું સહુ ભદ્ર જ સ્નેહલગ્ને,
ને લગ્નસ્નેહ મહીં દિવ્ય વિલાસશોભા.

*

કૃપાનાથે બ્રહ્માંડ એવું કાં કીધું રે લોલ ?
આંખ આવડી જગ તો મોટું બધું રે લોલ.

*

વૈરાગ્ય ખેલું પ્રિય સંગ વિશુદ્ધિ ખોળે,
ને સ્નેહને સદન ત્યાગની ઝીલ ઝીલું;
કર્તવ્યસાર રસપૂજનમાં સમાય :
એવું પ્રભો ! જીવનને રચજે રસીલું.

*

ધર્મ અને સ્નેહનાં બન્ને નયન
અખંડ રાખી ન ફૂટવા દેવાં.

*

જોયાં દિશાભવન, ને વિલસતું વ્યોમ,
જોયું વળી, ઉઘડતું વિભુ અન્તરીક્ષે:
આનંદી, નિર્મલ, હસન્ત પ્રભુપ્રભાશી
દીઠી નહીં પણ પવિત્ર વિલાસશોભા.

*

ઊર્ધ્વગામીનું જવું યે ધન્ય છે,
અધોગામીનું જીવવું યે ધૂળ છે.

*

સંસારીઓને સુખસિદ્ધિથી સંતોષ નથી.
સમૃદ્ધિના પ્રદર્શનની છે તૃષ્ણા.
વહેંચીને લે તો તો સૌ શણગારાય.

*

આ દુનિયા વાડી છે દેવની: ફૂલ વીણજો રે.
મહીં ખેલે મનુજ ધૂપ-છાંવ: રસિક ફૂલ વીણજો રે.

*

જગતને જમણે હાથ અમૃતકટોરી,
ડાબે હાથે છે વિષથાળ;
માનવી વિષ પ્રાશી મૃત્યુ પામે
તેમાં યે પ્રભુનો વાંક ?

*

સૌન્દર્ય શોભે છે શીલથી
ને યૌવન શોભે છે સંયમ વડે.

*

ફૂલની ફોરમ કુલમાં ન માયે,
તટમાં સરિતા ન માય;
હૃદયકુંજના ધૂપસુરભિસમા
ભાવ બ્રહ્માંડ વીંધી જાય;
લહરિયાં સાગરમાં ન સમાય.

*

પ્રેમલગ્નની વિધવાને પુનર્લગ્નસમું પાપ નથી.
દેહલગ્નની વિધવાને પ્રેમલગ્નસમી મુક્તિ નથી.

*

સોહે પ્રભાતશીલ નિર્મળ પ્રેમશોભા,
આકાશકાન્ત મહિં ભક્તિની છાંય ડૂબી;
એ પ્રેમભક્તિસરખાં ઊજવું પ્રવૃત્તિ;
તારી પ્રભા શું પ્રભુ ! જીવનને રચજે રસીલું.

રાજપ્રવૃત્તિની ચાખડીએ ચડનારને
નથી વિલાસ સ્વાર્થ માટેની નવરાશ.

*

જગતનું પરમ સત્ય છે સંસાર,
અને સંસારનું પરમ સત્ય છે દાંપત્ય.

*

શીલવન્તુ સૌન્દર્ય ને પુણ્યનિર્મળી રસિકતા
સુંદરીનાં અલબેલા શણગાર છે.

*

પ્રભુવિહોણા જનકુલમાં
બાળક પ્રભુના પયગંબર છે.
જડ જેવી પૃથ્વીના પાટલે
બાળક ચેતનના કુવારાં છે.

*

પતિએ પત્નીવ્રત લેવું ને પત્નીએ પતિવ્રત લેવું,
એવી પરસ્પરની પુણ્યપ્રતિજ્ઞા તે લગ્ન.

*

સ્વીકાર્યાં બંધો ને જગત પીધું, તે જીવન રહ્યું;
વિસાર્યાં બંધો, ને જગતતટ મૃત્યુ ઊંડું ઉછું.

*

આર્ય સુજનતા દૈન ગણી
તો યુધ્ધ એ જ યુગધર્મ

*

આત્મનો વિકાસ પ્રેમ, જીવન પ્રકાશ પ્રેમ,
પ્રેમ, પ્રેમ, સર્વપ્રેમ, પ્રેમનો આ પારાવાર:
પરમ પ્રેમ પરબ્રહ્મ.

*

વિલાસ અનિષ્ટ નથી,
વિલાસની તૃષ્ણા અનિષ્ટ છે.

કવિ ન્હાનાલાલ

'હરિસંહિતા' પ્રકાશન સ્મરણિકામાંથી
સાભાર ઉધ્ધૃત

મન મુજ

(ગાન)

મન મુજ મત્ત મયુર સમ નાચે,
તૃપ્ત હૃદય અવ કંઈ નવ યાચે—મન...
ઓષ્ઠ પરેથી ઢાળી દીધી સુખ પ્યાલી
તોય તૃષા અંતરતલમાં નવ સાલી,
જે સુખ જગવે અધુરપ અન્ય સુખોની
મુકત હૃદય ત્યંહિ જરીય ના અવ રાચે— મન...
તેજતિમિરની પાર નયન આ જુવે,
ત્યજે બધું તે પણ જ્યાં જરી ન ખુવે;
પરમ તૃપ્તિની તેજધારને ઢાંકે
તૃષ્ણાનાં ઘન તિમિર કદીયે સાચે ?—મન...

'વિકાસ'માંથી ઉધ્ધૃત

ગીતા પરીખ

વિલ ડ્યુરાંની આર્ષ વાણી

(અમરિકાના એક પદવીદાન સમારંભમાં વિદ્યાર્થીઓ સમક્ષ જાણીતા ઇતિહાસકાર અને તત્ત્વચિંતક વીલ ડ્યુરાં આપેલ સુંદર પ્રવચનનો ભાવાનુવાદ.)

તમને સૌને મારી સૌથી પહેલી સલાહ તો એ છે કે તંદુરસ્ત બનો. મોટે ભાગે આ વાત તમારી ઇચ્છાશક્તિને અધીન છે. મોટા ભાગના માનવીઓની બાબતમાં માંદગી એ ગુનો છે. શરીર-સ્વાસ્થ્યને હાનિરૂપ એવું મૂર્ખાઇભર્યું કશુંક માણસ કરી બેસે છે અને એની ભૂલને સુધારવા કુદરતને મોટી મુશ્કેલીમાં મુકાવું પડે છે. માનવીને આવે પ્રસંગે જે દુઃખ સહેવાનું આવે તે તો સાચી રીતે જીવન જીવવાનું શિક્ષણ આપનાર કુદરતને અપાતી ગુરુદક્ષિણા છે. બાળક એકડો ઘૂંટવાનો આરંભ કરે ત્યારથી માંડીને તે મહા-વિદ્યાલયની ઊંચામાં ઊંચી ઉપાધિ મેળવે ત્યાં સુધી દર અઠવાડિયે ઓછામાં ઓછા એક કલાકનો સમય પોતાની તંદુરસ્તી સાચવવા પાછળ કાઢવાનું પ્રત્યેક અભ્યાસક્રમમાં તેને માટે ફરજિયાત લેખાવું જોઇએ. આ અભ્યાસક્રમમાં ખોરાક બાબત શાસ્ત્રીય જ્ઞાન આપવાનો પૂર્ણ પ્રબંધ હોવો જરૂરી છે. આપણે જે ખોરાક લઇએ છીએ અને આપણા પૂર્વજોએ જે ખોરાક લીધો હશે તેને આધારે આપણાં શરીરનાં બંધારણ થયેલ છે. હોટલો અને રેસ્ટોરાં તમને લલચાવે નહીં તેની તકેદારી રાખજો. એવાં સ્થાનો તો હોજરીનું હીર ચૂસનાર દુષ્ટ સત્ત્વો છે. જેટલા પ્રમાણમાં તમે ત્યાં જઇ ખીસાનો ભાર હળવો કરો છો તેટલા પ્રમાણમાં તમે તમારો લાલસારૂપી બોજો વધારો છો.

આપણા જમાનાની એક મોટામાં મોટી ભૂલ એ છે કે આજે આપણું જીવન બેઠાડુ અને સાધારણ ઉષ્માની આવશ્યકતાવાળું બન્યું છે, છતાં અગાઉ જે ખોરાક મજબૂત સ્નાયુઓ માટે અને શરીરની ગરમી જાળવવા જરૂરી હતો તે જ ખોરાક આપણે લીધે રાખીએ છીએ. શરીરની અંદરના ભાગોને આપણે સ્વચ્છ રાખવા જરૂરી છે. જેમણે પોતાના પાચન અવયવો ઉપર ઘણો વધારે પડતો બોજો નાખ્યો છે અને જેમણે નિકાસની સરખામણીમાં આયાતનું પ્રમાણ બેહદ વધારી દઇને પોતાના આંતરિક અર્થ-શાસ્ત્રમાં જબરો ગોટાળો કર્યો છે એવા સેંકડો માનવીઓથી આજે રૂગ્ણાલયો ઊભરાય છે.

દરરોજ થોડું શરીરશ્રમનું કામ કરો. કુદરતે તો વિચારને ક્રિયાના માર્ગદર્શક બનવાનું ઇચ્છયું છે—ક્રિયાને બદલે વિચારથી જ ચલાવી લેવાનું કહ્યું નથી. વિચારને સામે પક્ષે ક્રિયાની ન્યૂનતા જણાય કે તરત જ રોગ પેદા થાય છે. ઘરકામ કરવામાં સંકોચ ન સેવો. તમારું આંગણું શણગારો. બાગકામ કરો. વાહન હોય તો તે જાતે સાફ કરો. તમારી પત્નીના કામમાં તમારો હિસ્સો નોંધાવો અને તેને તમારા કામમાં મદદ કરવા દો. પતિ અને પત્ની તો પરસ્પરનાં સહાયક હોવાં જોઇએ. કેવળ ભોગવિલાસ કે માત્ર ગમ્મત કે ઇચ્છા મુજબના પૈસા વાપરવાની સગવડ મળે તેટલા માટે થતાં લગ્નો અલ્પજીવી નીવડે છે.

પેટની ભૂખ પછી રમણેચ્છા—વિષયવાસના—એ માનવીની પ્રબળમાં પ્રબળ વૃત્તિ છે અને તે મહાપ્રશ્ન પેદા કરે છે. વૃદ્ધિ અને વિસ્તાર માટે સતત ઝંખતી કુદરતે સ્ત્રીને સૌન્દર્ય બક્ષ્યું છે અને પુરૂષને સંપત્તિનો હકદાર કર્યો છે. બન્નેના પરસ્પર આકર્ષણ દ્વારા વંશવૃદ્ધિ શક્ય બને છે. પુરૂષોને સ્ત્રીઓના સૌન્દર્યનું એવું જબરું ખેંચાણ થાય છે કે એ સૌન્દર્યની પાછળ તેઓ સાવ ભાનભૂલા થઇ જતા જણાય છે. આ આકર્ષણને પ્રસંગે ભોગેચ્છા જાણે લોહીમાં આગ ને ભડકા જન્માવે છે અને માણસના સમગ્ર વ્યક્તિતત્વનું દહન કરે છે. જે ઉદાત્ત વ્યક્તિત્વ મનુષ્યને દેવત્વ અર્પી શકે છે અને જેને માટે કામનાઓનો સાચો સંવાદ જરૂરી છે તેનું આવી વિષયલાલસાને કારણે અધઃપતન થાય છે.

આપણી આજની સુધારણાએ આ ભોગેચ્છાને બહેકાવવામાં કશું પણ બાકી નથી કર્યું. એને ઉત્તેજિત કરવાના પ્રયત્ન વગર પણ એ વૃત્તિ પ્રબળ જ છે એવા જ્ઞાનથી આપણા પૂર્વજોએ એના સંયમની જ વાતો કરી છે. આ જમાનામાં આપણે જાહેરખબરો, દેહપ્રદર્શનની અવનવી છટાઓ, ઉન્માદક વેશભૂષા ને છબીકલાની સિદ્ધિઓ જેવા અનેકાનેક પ્રકારે એ વૃત્તિને ફૂલવાફાલવામાં સગવડ કરી આપી છે અને એવો સિદ્ધાન્ત ઉદ્‌ઘોષ્યો છે કે વિષયેચ્છાનો અવરોધ એ ભૂલ છે. સત્ય તો એ છે કે એ વૃત્તિનો સંયમ જ સાચી સુધારણાનું પહેલું પગથિયું છે. માટે ખોટા સિદ્ધાન્તોને દૃષ્ટિ સમક્ષ રાખી તમારી ગમે તે ઇચ્છાઓને રખે અમલમાં મૂકતા.

લગ્નની સંસ્થા સંભવતઃ એ કારણે વિકસી કે તેને આધારે સંતાનો અને સંપત્તિની વધુ કાળજી શક્ય બનવા ઉપરાંત વિષયેચ્છાના જુલમમાંથી માનવી ઊગરી શકે. લગ્નમાં આ કુદરતી વૃત્તિને વ્યક્ત થવા પૂરતો અવકાશ છે અને છતાં સમાજવ્યવસ્થાએ આંકેલી મર્યાદાઓનું એના પર નિયંત્રણ પણ પૂરતું છે. લગ્ન કરીને માનવી દેહભૂખ સંતોષવાના ફોફાં મારતો ને તેના ને તેના જ વિચારો કરતો અટકે છે અને પ્રૌઢી પ્રાપ્ત કરે છે.

માણસ કમાવા માંડે ને પગભર થાય કે એણે વહેલામાં વહેલી તકે લગ્ન કરવાં જોઇએ. કદાચ યોગ્ય પસંદગીની બાબતમાં તમે હજી નાદાન પડો છો એવું લાગે તો ભલે, પણ ભવિષ્યમાં તમારી ઉંમર વધીને ચાળીસની થયા પછી પણ તમારી પસંદગી આજે છે તેથી વધુ ડહાપણભરી જ થશે એની ખાત્રી આપી શકાય નહીં. પ્રેમમાં પડેલા બુઢ્ઢાના જેવો બેવકૂફ બીજો નહીં મળે. તમારાં માબાપે તમને સ્વાસ્થ્યપ્રદ દાંપત્યજીવનનો આરંભ કરાવવામાં મદદરૂપ થવું જોઇએ, આર્થિક મદદ પણ થોડી કરવી જોઇએ અને—જો તમને જુવાનિયાઓને ખપતી હોય તો—થોડી સલાહ પણ આપવા તૈયારી રાખવી જોઇએ.

લગ્નથી થતા લાભની સરખામણીમાં એને પરિણામે પેદા થતી મુશ્કેલીઓ જૂજ છે. સ્નેહાળ પત્નીના હાથનો સ્પર્શ માત્ર માણસને સ્વર્ગનું સુખ આપી શકે, પણ પછી એ સ્પર્શને જ ચોવીસે કલાક ઝંખ્યા કરવાનો કાંઇ અર્થ નથી. નેપોલિયને જણાવ્યું છે કે એને એનાં પોતાનાં સંતાનોને વહાલ કરવામાં જ જીવનનું એકમાત્ર સુખ દેખાયું છે—અને મને આશા છે કે વગર લગ્ને સંતાનપ્રાપ્તિ તમને ધ્યેય નહીં જ હોય.

ચારિત્ર્યનું મહત્ત્વ પણ તંદુરસ્તી જેટલું જ છે. બુદ્ધિ એ બેની પછી આવી શકે. કેળવણીસંસ્થાઓનું મોટામાં મોટું કામ તો તેના વિદ્યાર્થીઓને સંસ્કાર આપીને તેમને સદ્‌ગૃહસ્થો બનાવવાનું છે. મારાં પત્નીએ એક વખતે કહ્યું હતું કે જે વિચારશીલ, ઠાવકો ને વિવેકી છે તેને જ સદ્‌ગૃહસ્થ કહી શકાય. મીઠાશભર્યા શબ્દોના ઉચ્ચારણમાં કશો ખર્ચ વેઠવાનો નથી અને છતાં તે કેટલાં બધાં કીમતી છે? કોઇનું ભૂંડું કદાપિ બોલશો નહીં. પારકાની નિન્દા કે તિરસ્કારનો પ્રત્યેક શબ્દ થોડા જ સમયમાં કે પછી લાંબે ગાળે પણ બોલનારને થપ્પડ ખવડાવે છે અને જીવનની હોડમાં તેને પાછો પાડી દે છે. બીજાની નિન્દા કરી આપણે અપ્રામાણિક રીતે આત્મપ્રશંસા કરીએ છીએ અને તેથી આવા ખોટા અહમ્‌માંથી બહાર નીકળ્યે જ છૂટકો છે. જો સારાં અને ઉત્સાહપ્રેરક વચનો બોલવાને આપણે અશક્ત હોઇએ તો તો મૌન સેવવું બહેતર છે, મૌન એ ઘણે પ્રસંગે આચરવાયોગ્ય છે અને મૂંગા રહેવાથી પણ એવે ટાણે ઘણું ઘણું કહેવાઇ જતું હોય છે.

વડીલો અને શિક્ષકો ઉપરાંત ધર્મે પણ માણસના ચારિત્ર્ય-ઘડતરમાં મોટો ફાળો આપ્યો છે. પચાસ હજાર કે તેથી પણ વધારે વર્ષો સુધી જંગલી દશા ભોગવ્યા બાદ માનવીએ ખેતી શરૂ કરી હતી. આજે માનવસ્વભાવમાં જે ગ્રામ્યતા છે તેનાં મૂળ કદાચ એની જંગલી દશામાં મળી આવે તેમ છે. એ દશામાં ખોરાક ઓછો અનિશ્ચિત અને અનિયમિત મળવાનો સંભવ હોઇ

માનવીને લોભી બનવું પડ્યું હશે; ખોરાક અને સ્ત્રીને માટે ઝઘડા કરી એને લડવું પડ્યું હશે; પોતાનાં ટોળાંની સંખ્યામાં વધારો કરી તેને બળવાન બનાવવા પોતાની સંતાનોત્પાદક શક્તિને આનંદોન્માદ સહિત છૂટથી વાપરવી પડી હશે.

પોતાની જાત કે જૂથને નાશમાંથી બચાવી લઇ જીવંત રાખવા માટે જરૂરી લક્ષણો જે તેના અતિરેકને કારણે આજે આપણાં આગળ પડતાં દૂષણો બન્યાં છે તે તે જમાનામાં તો સદ્‌ગુણ અને નીતિરૂપ હતાં. જ્યારે ખેતીવાડીનો વિકાસ થયો અને જાત અને જૂથનાં સંરક્ષણ કાજે સુગ્રથિત સમાજે મુખ્ય સાધન બન્યા, ત્યારે અગાઉની કેટલીક પ્રબળ વૃત્તિઓનો સંયમ જરૂરી બન્યો. વડીલોની આજ્ઞા, કૌટુંબિક શિસ્ત અને ધર્મોપદેશ દ્વારા પ્રચાર પામેલ નીતિનિયમોએ સમાજનું નિયમન કર્યું. વ્યક્તિની સ્વચ્છંદતાના વિરોધી છતાં આ નીતિનિયમો સ્વીકારાયા તેનું કારણ અમુક અંશે વડીલોની બીક અને મોટે ભાગે તો ઇશ્વરનો ડર. આ નીતિનિયમોનો નિર્માતા ઇશ્વર છે અને તે સર્વત્ર સર્વનો સાક્ષી હોઇ પ્રત્યેક સત્કાર્યને બિરદાવશે અને દરેક દુષ્ટ કાર્યને માટે શિક્ષા કરશે એવી માન્યતા પ્રચલિત બની હતી. ધર્મ તરીકે સ્વીકારાયેલ આવા નીતિનિયમો વગર સંસ્કૃતિ કે સુધારણા સંભવી શકે એવું મને લાગતું નથી.

તમારામાંથી જેઓ વિજ્ઞાનશાસ્ત્રમાં પ્રાવીણ્ય ધરાવે છે તેઓને આ ધર્મની બાબત સમજવી અઘરી પડશે. હા, જો ન્યૂટન અને વોલ્તેરની માફક તમને એમ લાગતું હોય કે આકાશી ગ્રહોમાં વરતાતો સંવાદ એક બ્રહ્માંડવ્યાપી ચેતનશક્તિને વ્યક્ત કરે છે, અથવા તો પાસ્કલ અને રૂસોની માફક એવી ખાતરી તમને થઇ હોય કે બુદ્ધિથી જ માનવો જીવી શકતો નથી તો તો જુદી વાત છે. આ વિશ્વ વિરાટ છે અને તેની તુલનામાં આપણે માનવીઓ સૂક્ષ્મદર્શક યંત્ર દ્વારા જ કદાચ જોઇ શકાય એવા અતિસૂક્ષ્મ પરમાણુઓ જેવા છીએ અને તેથી આપણામાંનો કોઇ પણ જગતને પૂરેપૂરું સમજી શકે તેમ નથી તો પછી એના સંબંધમાં પોતે કહે તે જ સત્ય છે એવો આગ્રહ રાખી જ ન શકે. એક બાજુ વિશ્વની વિરાટતા અને બીજી બાજુ તેના પ્રત્યેક વિભાગની સંકુલતા – એ બેની પાસે માનવીની આશ્ચર્યકારક અત્યલ્પતાના ખ્યાલે પાસ્કલ ધ્રૂજી ઊઠ્યો અને બોલ્યો: "આ અનંત અવકાશ મને ગભરાવી મૂકે છે." જગતની અનેકવિધ શક્યતાઓ, વૈવિધ્ય અને સૂક્ષ્મતાઓની સામે આપણી ક્ષુલ્લક વ્યાપ્તિઓ રજૂ કરતી વખતે આપણે સંભાળ રાખવી જોઇએ.

તમારા જીવનના પાયાના ચણતરમાં પૈસો મદદરૂપ છે એ ખરું, પણ પૈસા પેદા કરવાનો જ ધંધો લઇ બેસવાનું ગાંડપણ ન કરશો, કેમ કે ભોગલાલસાની માફક એને પણ ક્ષયકારક જ્વર ચઢે છે અને એનાથી ચંચળ અને ક્ષણજીવી ભોગ ભલે મળતા હોય, પણ ઉચ્ચ સાત્ત્વિક સુખ મળતું નથી. તમારામાં વસ્તુઓ પેદા કરવાની કે મેળવી લાવવાની જે જે શક્તિઓ હોય તે તે શક્તિને ઉત્તેજિત કરવાની જવાબદારી તમારી પત્નીને માથે જ હોવા છતાં, હું નથી ધારતો કે, એ શહેરના સૌ બડેખાંઓની હરિફાઇમાં તમને ઉતારવાની જીદ પકડે.

જો તમે ઉદ્યોગપતિ બનો તો તમારી મિલકતના આંકડા પર એકાદ મીંડું ચઢે તે વખતે તમને જે આનંદ થાય તેના કરતાં તમારા કામદાર વર્ગ જોડેના તમારા સંબંધો જીવનમાં ઘણા વધારે મહત્ત્વના છે. ઉત્પાદનના એના હિસ્સાને અનુરૂપ હોય તેવા પ્રમાણમાં તમારા પ્રત્યેક કામદારને નફાનો પૂરો ભાગ આપો. જગતને તમે આપી શકો તેના કરતાં જગત પાસેથી વધારે પડાવી લઇને તમે શેખીખોર બની સ્વાર્થી એશઆરામભર્યું જીવન જીવતા અટકી જાઓ.

રાજકારણમાં વધારે પડતા ઊંડા ઉતરવાની જરૂર નથી તમે માનવ પ્રકૃતિને અને તમારી જાતને પહેલાં સુધારો અને પછી જ સરકારને સુધારવાની આશા રાખજો. માનવ સ્વભાવે જ લાલચુ હોઇ સરકારીતંત્રમાં લાંચરૂશ્વતનું અસ્તિત્વ સાવ સ્વાભાવિક ગણવાનું છે. વળી આંતરરાષ્ટ્રીય રાજકારણથી પણ બી જવાની જરૂર નથી. એ પણ ધારા મુજબનું જ છે. વ્યક્તિગત રીતે અને સામૂહિક રીતે પણ માનવી સ્પર્ધાશીલ પ્રાણી છે. શાંતિ એટલે અન્ય સાધનોથી ખેલાતું યુદ્ધ. આપણી પરસ્પરની બુદ્ધિમૂલક બીક આપણને આંતરરાષ્ટ્રીય આપઘાતથી આઘા જ રાખશે. અનિષ્ટોના અતિરેકમાંથી જ તેમના નિવારણનો ઉપાય જન્મે છે એટલે હવે સંપૂર્ણ વિનાશની બીક દૂર થઇ શાંતિ તરફ પ્રગતિ થાય છે.

શસ્ત્રસરંજામ ભેગો કરવાની સ્પર્ધા હવે આર્થિક સ્પર્ધામાં ફેરવાવા માંડી છે એ કેવું સુભગ છે! બેમાંથી વધુ સારી હોય તે વ્યવસ્થા અગર તો બન્નેનો સમન્વય ભલે સરવાળે જીતે.

આપણી કેળવણી સંસ્થાઓએ બુદ્ધિવિકાસ ઉપર ખૂબ જ ભાર મૂકી ચારિત્ર્યઘડતર પ્રત્યે બહુ જ ઓછું ધ્યાન આપ્યું છે. પરિણામે આપણી બુદ્ધિ તીવ્ર બની છે, પણ નિયમપાલનમાં આપણે શિથિલ બન્યા છીએ. મારી જુવાનીમાં હું જૂના રિવાજો ને પ્રણાલીઓ કેટલાં બંધનરૂપ છે તેની વાતો કરતો. આજે ઘડપણને ઉચિત રીતે હું નવીનતાની અંધભક્તિનો અવિશ્વાસ કરું છું. આપણે નવા નવા વિચારો અને નવી નવી વસ્તુઓની ઘણી વધારે પડતી કિંમત આંકીએ છીએ. ડહાપણભરી મૌલિકતા કરતાં મૂર્ખાઇભરી મૌલિકતા કેળવવી વધારે સહેલી છે. પ્રત્યેક સત્યની બાબતમાં હજારો શક્ય ભૂલો સંભવે છે. એ સૌ શક્યતાઓને ખતમ કરવાનો પ્રયત્ન આપણે ન કરીએ.

આજે વૈજ્ઞાનિક શિક્ષણ ઉપર એટલો બધો ભાર મૂકવામાં આવે છે કે કોલેજો તમને સાહિત્ય, ઇતિહાસ, તત્ત્વજ્ઞાન, સંગીત અને કલાઓનો આછો પરિચય જ આપી શકે. પણ તે કારણે તમારે જાતે ઊણા રહેવું ન જોઇએ. નિયમસરની કેળવણી પૂરી થયા બાદ તમારી જાતને પૂર્ણતા અર્પવા અઠવાડિયામાં ઓછામાં ઓછા બે કલાક પણ તમે માનવસુધારણાનાં પ્રતીક એવાં આ કુસુમોની સુવાસ લેવાનું ન ચૂકશો.

જગતના મહાન કવિઓની મૈત્રી સાધો. ઇજિપ્ત અને ભારતની કલાઓ, ગ્રીસ અને રોમની શિલ્પ અને સ્થાપત્યકલાઓ, અરબસ્તાનની મસીદો અને તેનાં સુશોભનો જેવી જગતની અનેક ઉત્તમ કલાકારીગરીનો પરિચય કેળવો.

હમ્મુરબી અને મોસીસથી માંડીને તે વિન્સ્ટન ચર્ચીલ, ફ્રેન્કલીન રૂઝવેલ્ટ અને નહેરૂ સુધીના મહાન રાજપુરૂષોનો અભ્યાસ કરો. કોન્ફ્યૂસિયસ, સોક્રેટીસ, પ્લેટો, એરિસ્ટોટલ, એપિક્યુરસ, માર્કસ ઔરેલિયસ, ફ્રાન્સિસ બેકન, સ્પિનોઝા, ન્યૂટન, કેન્ટ, શોપેનહોર, ડાર્વિન, નિત્શે, આઇન્સ્ટાઇન જેવા મહાન ચિંતકોને ચરણે થોડો થોડો સમય ગાળો. ઇસાહ, જેરેમીહ, લોકોક્તિઓ અને ભક્તિસ્તોત્રોના કર્તાઓ, ડેમોસ્થનિસ અને સિસેરો, રાબેલા અને બાલ્ઝાક, ટોલ્સ્ટોય અને દોસ્તોવોસ્કી, એમર્સન અને આનાતોલ ફ્રાન્સ જેવા મહાન ગદ્યકારોનો આનંદ લૂંટો. હિરોડોટસ, થુસિડિડિસ, ટેસિટસ, ગિબન, ફ્રાઉડ અને ટેઇન જેવા મહાન ઇતિહાસકારો સાથે બેસી માનવઇતિહાસની કહાણીઓથી પરિચિત બનો. બુદ્ધ, જીસસ ઓગસ્ટાઇન, એસિસિના ફ્રાન્સિસ, મહાત્મા ગાંધી જેવા મહાન સંતો સાથે નમ્રતાપૂર્વક ડગ ભરો.

જ્યાં સુધી તમે આ મહાન વ્યક્તિઓમાંથી ઘણાને તમારા મિત્ર બનાવ્યા નથી ત્યાં સુધી તમે કેળવાયેલા છો એમ માનવાને હું તૈયાર નહીં થાઉં. એ સૌની મૈત્રી કેળવો અને એ મૈત્રી તમને યોગ્ય રીતે ઘડશે.

ઉત્તમ સ્વાસ્થ્ય, ઉમદા કાર્ય, સાચું સૌભાગ્ય, ઉદાત્ત ચારિત્ર્ય, સારી સંતતિ અને સુંદર વંશવેલો તમને સાંપડો. જીવનનો ભરેલો જામ પૂર્ણતયા અંત સુધી પીતા રહો અને શાકતવર્ધક કસોટીઓ અને પડકારરૂપ અંતરાયો, જ્ઞાનપ્રદ શિક્ષાઓ અને પુરસ્કારો, અમૂલ્ય ભેટો અને સૌન્દર્ય, ડહાપણ, શ્રમ અને પ્રેમનાં દાન માટે કુદરતનો અને ઇશ્વરનો આભાર માનો.

મૂળ અંગ્રેજી : **વીલ ડ્યુરાં**

અનુવાદક : **પ્રો. ભૂપેન્દ્ર ત્રિવેદી**

પ્રજ્ઞાચક્ષુ

(ગુજરાતી સાહિત્ય પરિષદના વીશમા સંમેલનમાં વંચાયેલો નિબંધ.)

શ્રુત્વા હિ મમ વાક્યાનિ બુદ્ધ્યા યુક્તાનિ તત્વતઃ ।
તતો જ્ઞાસ્યસિ માં સૌતે પ્રજ્ઞાચક્ષુષમિત્યુત ॥ આદિ ૧-૧૦૧

હે સૌતિ! મારાં બુદ્ધિયુક્ત વચનોને બરાબર સાંભળીશ ત્યારે તું મને (ખરેખર) પ્રજ્ઞાચક્ષુ જાણીશ.

દિષ્ટમેવ કૃતં મન્યે પૌરુષં તુ નિરર્થકમ્ । (ઉદ્યોગ ૪૦-૩૦)

એવા ભાવનો સંખ્યાબંધ પ્રસંગોએ પ્રલાપ કરનાર, ચર્મચક્ષુથી અને તેવી જ રીતે પુત્રસ્નેહ તથા રાજ્યલોભથી અંધ, અને 'કુળનો અંત ભલે થાય, પણ મારા પુત્રો પાંડવો સાથે ફરીથી દ્યૂત રમો' એમ કહેનાર ધૃતરાષ્ટ્ર, જ્યારે બધું નાશ પામી ગયું, યુદ્ધને અંતે અઢાર અક્ષૌહિણી સેનાઓમાંથી ફક્ત દશ જ ગણ્યાગાંઠ્યા પુરુષો બચ્યા ત્યારે, પોતાના પુત્રોની આખા જીવનની કરણીની (પોતાની કરણીની નહિ!) સમીક્ષા સૂતપુત્ર સંજયને કહેવાની શરૂઆત કરતાં ઉપર પ્રમાણે બોલ્યા. પર્યાયે 'હે સૌતિ! હું આંધળો હોવા છતાં દેખતો છું' એમ ધૃતરાષ્ટ્રનું કહેવું થયું.

'હું તમસ્ અને મોહથી ઘેરાઈ ગયો છું, મારું ભાન જતું રહ્યું છે, મારું મન વિહ્વળ થઈ ગયું છે' એમ કહેવા સાથે ધૃતરાષ્ટ્ર પોતાને ચર્મચક્ષુવિહીન હોવા છતાં પ્રજ્ઞારૂપી ચક્ષુવાળો છે એમ કહેવાની ધૃષ્ટતા કરે છે. પણ એની પ્રજ્ઞા કયા પ્રકારની છે? એ પ્રજ્ઞા એટલે કુટિલ બુદ્ધિ. કાવાદાવાથી બીજાનું હજમ કરવાની પ્રવૃત્તિ અને એ પ્રવૃત્તિ દરમ્યાન જે જે ભયસ્થાનોનો ખ્યાલ આવેલો તેનું સ્મરણ કરીને તે તે સમય દરમ્યાન પોતાની હાર થવાનાં લક્ષણ જણાયેલાં તેનું સિંહાવલોકન, રાંડ્યા પછીનું ડહાપણ!

પરંતુ ખરેખર પ્રજ્ઞા એટલે શું? પ્રજ્ઞા બે પ્રકારની છે. એક તો લૌકિકી અથવા વ્યવહારુ પ્રજ્ઞા, જેના વડે મનુષ્ય દુનિયાદારીની દૃષ્ટિએ આગળ વધે છે, સુખી થાય છે, બીજાઓને સુખી કરે છે, અને ખળ લોકોની ખટપટ કાવાદાવા વગેરે નિષ્ફળ કરે છે. બીજી પ્રજ્ઞા તે યોગશાસ્ત્રમાં જેને ઋતંભરા પ્રજ્ઞા કહી છે તે પ્રજ્ઞા. અર્થાત્ સત્યસ્વરૂપ પરમાત્માને સમજનારી પ્રજ્ઞા. આગમ અને અનુમાન ઉપર આધારિત નહિ, પ્રત્યક્ષથી પણ છેતરાતી નહિ, કારણ ઇંદ્રિયોની શક્તિ મર્યાદિત છે – એવી સ્વયમેવ પ્રમાણરૂપ સત્યના અપરોક્ષાનુભવના જ્ઞાનવાળી પ્રજ્ઞા.

રાજા ધૃતરાષ્ટ્રને આવી ઋતંભરા પ્રજ્ઞાવાળો કહેવાનો ઋષિ વેદવ્યાસનો આશય છે જ નહિ. તેથી આ મહાકવિ મહાભારતમાં અન્યત્ર સાચો પ્રજ્ઞાચક્ષુ કેવો હોય તે વર્ણવતાં કહે છે:

પ્રજ્ઞાચક્ષુર્નર ઇહ, દોષં નૈવાનુરુધ્યતે ।
વિરજ્યતિ યથાકામં, ન ચ ધર્મં વિમુઞ્ચતિ ॥ આરણ્યક ૨૦૮-૪૮
=ફે. શાંતિ ૨૬૫-૧૬

સર્વત્યાગે ચ યતતે, દૃષ્ટ્વા લોકં ક્ષયાત્મકમ્ ।
તતો મોક્ષે પ્રયતતે નાનુપાયાદુપાયતઃ ॥ આરણ્યક ૨૦૦-૪૬
=ફે. શાંતિ ૨૬૫-૨૦

પ્રજ્ઞાચક્ષુવાળો મનુષ્ય આ સંસારમાં (રાગાદિ) દોષોથી રૂંધાતો નથી. તે યથેચ્છ રીતે (વાસનામેલથી) રચ્યોપચ્યો રહે છે, અને ધર્મનો ત્યાગ કરતો નથી. આ લોકને નાશવંત જોઈને તે સર્વ (કર્મફલાસક્તિનો) ત્યાગ કરવા પ્રયત્ન કરે છે અને પછી દૈવને આશ્રયે ન રહેતાં ઉપાયપૂર્વક મોક્ષને માટે પ્રયત્ન કરે છે.

તસ્ય પ્રજ્ઞોદયઃ પ્રજ્ઞૈવ, પ્રજ્ઞાચક્ષુર્ન રિષ્યતિ ॥ ઉદ્યોગ ૭૦-૩૪
પ્રજ્ઞાલાભે હિ પુરુષઃ શાસ્ત્રાણ્યેવાન્યવેક્ષતે ।
શાસ્ત્રનિત્યઃ પુનર્ધર્મે તસ્ય હ્રીરઙ્ગમુત્તમમ્ ॥ ઉદ્યોગ ૭૦-૭૫

(આ મોહમાંથી) પ્રજ્ઞાવડે માણસ જાગૃત થાય છે. પ્રજ્ઞાચક્ષુ દુઃખી થતો નથી. કારણ પ્રજ્ઞાલાભ થવાથી પુરુષ શાસ્ત્રોનું અવલોકન કરે છે, પછી એનું સતત મનન કરી પુનઃ ધર્મ તરફ વળે છે, કે જે ધર્મનું હ્રી – અકાર્યમાં લજ્જા – એ મુખ્ય અંગ છે.

વળી કવિએ 'પ્રજ્ઞા' એટલે 'બુદ્ધિ' એ અર્થનો ઉપયોગ કરી ગીતામાં (ભીષ્મપર્વમાં) સ્થિર થયેલી પ્રજ્ઞાવાળાનું-સ્થિતપ્રજ્ઞનું-વર્ણન કર્યું છે. અને અર્જુનના મિત્રે દર્શાવ્યું છે કે જે સ્થિતપ્રજ્ઞ છે તે પ્રાજ્ઞ છે, બીજા તો પ્રાજ્ઞોની જેમ ડાહ્યું ડાહ્યું બોલનારા છે.

એક સ્થળે શિષ્ટોના આચારનું વર્ણન કરી અંતે પ્રજ્ઞાને મહાલયની ઉપમા આપી વ્યાસે કહ્યું છે.

પ્રજ્ઞાપ્રાસાદમારુહ્ય મુહ્યતો મહતો જનાન્ ।
પ્રેક્ષન્તો લોકવૃત્તાનિ વિવિધાનિ દ્વિજોત્તમ ।
અતિપુણ્યાનિ પાપાનિ તાનિ દ્વિજવરોત્તમ ॥ આરણ્યક ૧૬૮-૬૩

હે દ્વિજોત્તમ! એવા સદા ધર્મને અનુસરનારા શિષ્ટો પ્રજ્ઞારૂપી પ્રાસાદ ઉપર ચઢીને, મોહિત થતા મનુષ્યોને અને લોકોના મોટાં પુણ્યો અને પાપોવાળા વિવિધ આચારોને (યથાતથ) જુએ છે.

બૌદ્ધ અનુગમ બરાબર આ જ અર્થમાં 'પ્રજ્ઞા'નો અર્થ ઘટાવે છે. દાર્શનિક રીતે ત્યાં 'પ્રજ્ઞા'નો અર્થ ચાર આર્યસત્યો અને પ્રતીત્યસમુત્પાદ આદિનું જ્ઞાન એવો છે. પણ એના સરળ અર્થમાં મહાભારત અને બૌદ્ધ અનુગમ એક જ આશય નિરૂપે છે. 'ધમ્મપદ'ના 'અપ્પમાદવગ્ગો'ની ઉપરના શ્લોકોને મળતી ગાથા જે મહાભારત, બૌદ્ધશાસ્ત્રો, પાંચરાત્ર સંપ્રદાયની અહિર્બુધ્ન્યસંહિતા, અને તે સિવાય બીજે પણ જુદા જુદા સંદર્ભોમાં મળે છે, તે આ વિચારને વિશદપણે સ્પષ્ટ કરે છે.

પમાદં અપ્પમાદેન યદા નુદતિ પણ્ડિતો ।
પઞ્ઞાપાસાદમારુય્હ અસોકો સોકિનિ પજં ।
પબ્બતટ્ઠો વ ભુમ્મટ્ઠે ધીરો બાલે અવેક્ખતિ ॥ ધમ્મપદ ૨૮

પંડિતપુરુષ જ્યારે અપ્રમાદથી પ્રમાદને હાંકી કાઢે છે, ત્યારે પ્રજ્ઞારૂપી પ્રાસાદ ઉપર ચઢીને, પોતે શોકવિનાનો શોકવાળી પ્રજાને પર્વત ઉપર ઊભેલો ભૂમિ ઉપર ઊભેલાને દેખે છે, તેમ તે ધીર બાળકોને-મૂર્ખોને દેખે છે.

પ્રજ્ઞારૂપી ચક્ષુવાળાના આ વર્ણનો સાથે ઐતરીય ઉપનિષદનો આ મંત્ર સરખાવતાં (ઋતંભર) પ્રજ્ઞાનું શું મહત્ત્વ છે તેનો ખ્યાલ આવે છે.

સર્વં તત્પ્રજ્ઞાનેત્રં પ્રજ્ઞાને પ્રતિષ્ઠિતં પ્રજ્ઞાનેત્રો લોકઃ
પ્રજ્ઞા પ્રતિષ્ઠા પ્રજ્ઞાનં બ્રહ્મ ॥ અ. ઉ. ૩-૧-૩

જ્યારે કઠ ઉપનિષદનો આ મંત્ર પ્રજ્ઞાપ્રાપ્ત ચક્ષુ વડે અન્તરાત્માને જોનાર ધીર પુરુષનું આબેહૂબ વર્ણન કરીને પ્રજ્ઞારૂપી ચક્ષુ વડે શું જોવાનું છે તે પ્રદર્શિત કરે છે.

પરાઞ્ચિ ખાનિ વ્યતૃણત્સ્વયંભૂસ્તસ્માત્પરાઙ્ પશ્યતિ નાન્તરાત્મન્ ।
કશ્ચિદ્ધીરઃ પ્રત્યગાત્માનમૈક્ષદાવૃત્તચક્ષુરમૃતત્વમિચ્છન્ ॥ કઠ.ઉ.૨-૧-૧

સ્વયંભૂએ બધી ઇંદ્રિયોને બહિર્મુખ બનાવી છે. તેથી (મનુષ્ય મુદ્દાં સર્વ પ્રાણીઓ) બાહ્ય વિશ્વને જ જુએ છે. અન્તરાત્મા – અંતર્વિશ્વને નહિ. પણ કોઈ ધીર પુરુષ અમૃતત્વની ઇચ્છાથી ચક્ષુ આદિ (ઇંદ્રિયો) ને બહાર જતી પાછી વાળીને અન્તરાત્માને જુએ છે.

મહાકવિ વ્યાસ આવા બુદ્ધિમાન, વિવેકી, ધીર, દૈવના આશ્રયવાળા નહિ પણ પુરુષાર્થી, વાસનામેલ વિનાના, કર્મફલાસક્તિનો ત્યાગ કરનાર, ઉચ્ચ ભૂમિકા ઉપર વિહરનાર અને મોહાંધ થયા વિના અન્તરાત્માને જોનાર અને શુભદર્શી મનુષ્યને પ્રજ્ઞારૂપી ચક્ષુવાળા તરીકે - પ્રજ્ઞાચક્ષુ તરીકે – નિરૂપે છે, જે વૈદિક અને બૌદ્ધ અનુગમોની જેમ જૈનોને પણ માન્ય છે.[૧]

ઉપેન્દ્રરાય જયચંદભાઈ સાંડેસરા

૧ જૈન અનુગમમાં જ્ઞાનનું જે મહત્ત્વ વર્ણવેલું છે તે વૈદિક અને બૌદ્ધ અનુગમોમાં વર્ણવેલું પ્રજ્ઞામાહાત્મ્ય જ છે. વધુ માટે જુઓ જૈન ધર્મ ઔર દર્શન (પં. સુખલાલજી, ૯૫૭) ખંડ ૨, પૃ. ૨૮૪ થી ૨૮૭.

મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ ૩.
મુદ્રણસ્થાન 'ચંદ્ર પ્રિં. પ્રેસ, ૪૫૧ કાલબાદેવી રોડ, મુંબઈ ૨. ટે. નં. ૨૯૩૦૩

રજીસ્ટર્ડ નં B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસરકરણ
વર્ષ ૨૧ : અંક ૧૮

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, જાન્યુઆરી ૧૬, ૧૯૬૦, શનિવાર
આફ્રિકા માટે શીલિંગ ૮

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : નયા પૈસા ૨૦

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

* 'ખ્રિસ્તી ધર્મમાં મારો પુનઃ પ્રવેશ' *

(અંગ્રેજી સાહિત્ય સાથે સંબંધ ધરાવતી ભાગ્યે જ એવી કોઇ વ્યક્તિ હશે કે જેણે ચીનના સુપ્રસિદ્ધ લેખક અને તત્ત્વ-વિવેચક ડૉ. લીન યુટાંગનું નામ નહિ સાંભળ્યું હોય. ૧૯૩૮માં પ્રગટ થયેલ 'The Importance of Living'–જેની એ દિવસોમાં હજારો બલ્કે લાખો નકલોનું વેચાણ થયું હતું તે પુસ્તકમાં 'Why I am a Pagan?'–'હું નાસ્તિક શા માટે છું?' એ મથાળાનું એક પ્રકરણ સમાવિષ્ટ કરવામાં આવ્યું હતું. એ જ લીન યુટાંગે ૧૯૫૮માં જાહેર કર્યું છે કે પોતે ખ્રિસ્તી સંપ્રદાયમાં પુનઃ જોડાયા છે. આ જાણીને લીન યુટાંગ વિષે આકર્ષાયેલા કોઇ પણ માણસને ભારે આશ્ચર્ય અને પ્રશ્ન થાય તેમ છે કે લીન યુટાંગમાં આવું પરિવર્તન શી રીતે થયું હશે?

મેં પણ એ દિવસોમાં 'Importance of Living' વાંચ્યું હતું અને તેમાં રજુ કરવામાં આવેલી વિચારસરણીથી હું પરિચિત હતો, અને તેમની લેખિનીથી હું મુગ્ધ બન્યો હતો. ગત ડીસેંબર માસના 'રીડર્સ ડાઇજેસ્ટ'માં લીન યુટાંગના મતપરિ-વર્તનનો ખ્યાલ આપતો 'My Steps Baek to Christianity' એ મથાળા નીચેનો લેખ વાંચવામાં આવ્યો. આથી મારૂં ચિત્ત ખૂબ પ્રભાવિત બન્યું. મારા માટે આ સમાચાર તદ્દન નવા અને તેથી કૌતુક ઉપજાવે તેવા હતા. પ્રસ્તુત લેખમાં તેમના બદલાયેલા વલણની કથા તેમના જ શબ્દોમાં આપવામાં આવી છે. આવા એક વિશ્વવિખ્યાત લેખકના ચિત્તનો આવો પલટો માનસ-શાસ્ત્રની દૃષ્ટિએ એક અસાધારણ ઘટના ગણાય અને તેથી પ્રબુદ્ધ જીવનના વાંચકો માટે આ લેખનો અનુવાદ પ્રગટ કરતાં આનંદ થાય છે. ડૉ. લીન યુટાંગનું નવું પુસ્તક 'From Pagan to Christian' લંડનની પ્રકાશન સંસ્થા હીનમાન તરફથી થોડા સમયમાં પ્રગટ થનાર છે એમ આ લેખ ઉપરની તંત્રીનોંધમાં જણાવવામાં આવ્યું છે. **પરમાનંદ**)

મારા લોકો મને પૂછી રહ્યા છે કે હું નાસ્તિક છું–pagan છું–એવી મારી જાત વિષે વર્ષો સુધી જાહેરાત કરી રહેલો એવો હું આજે ખ્રિસ્તી ધર્મ તરફ શા માટે પાછો ફર્યો છું?

આનો ખુલાસો કરવો સહેલો નથી, કારણ કે ધર્મ એક એવી બાબત છે કે જે ધનિષ્ટપણે અંગત છે. આમ છતાં મને ખાત્રી છે કે, મારી માફક ઘણા લોકોને પોતાના અન્તસ્તત્વને સંતોષ આપે એવો ધર્મ શોધી કાઢવાના પ્રયત્નમાં મારી જેવી જ મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હશે. કારણ કે કોઇ પણ બુદ્ધિ-શાળી માણસ જો પોતે અનિશ્ચિત દશામાં હોય તો તેને ત્યાં સુધી ચેન પડતું નથી. એક સુગ્રથિત વિચારસરણી–માન્યતા–પછી તેને તમે તત્ત્વદર્શન કહો કે ધર્મ કહો–પણ જે વડે તેને પોતાની જાત વિષે, પોતાના હેતુઓ વિષે, કાર્યો વિષે અને ભાવી વિષે પૂરતો ખુલાસો–સ્પષ્ટ દર્શન–મળી શકે તેમ હોય તેવી વિચારસરણી–માન્યતા દ્વારા સમાધાન મેળવવા તે સતત પ્રયત્ન કરતો હોય છે.

૩૦ વર્ષથી પણ વધારે સમયથી માનવતાવાદ–humanism –એ જ માત્ર મારો ધર્મ હતો; આ એવી એક માન્યતા હતી કે બુદ્ધિ વડે માર્ગદર્શન પામતો માનવી પોતા પૂરતો પૂરો પર્યાપ્ત છે; અને જ્ઞાનના ક્ષેત્રમાં સધાતી ઉત્તરોત્તર પ્રગતિ સ્વાભાવિક રીતે વધારે સારી–સુખી દુનિયાનું નિર્માણ કરવાને સમર્થ છે. પણ, વીશમી સદીના ભૌતિકવાદનો જોસભેર ચાલી રહેલો ફેલાવો અને ઇશ્વરવિહોણું જીવન જીવતી પ્રજાઓનાં આચરણ નિહાળીને, મને પ્રતીતિ થઇ છે કે, માત્ર માનવતાવાદ પૂરતો નથી અને માણસને, તેનું પોતાનું અસ્તિત્વ ચાલુ રાખવા ખાતર, પોતાથી બહારની અને વધારે મોટી એવી શક્તિ સાથેના અનુસંધાનની જરૂર રહેજ છે. અને હું ખ્રિસ્તીધર્મ તરફ વળ્યો છું તેનું આ જ કારણ છે. ઇશુ ખ્રિસ્તે આટલી સ્પષ્ટતાથી અને સાદી રીતે જે જ્ઞાન આપ્યું છે અને જે ઇશ્વરપ્રેમનું શિક્ષણ આપ્યું છે તે જ્ઞાન અને ઇશ્વરપ્રેમ પુનઃ પ્રાપ્ત કરવા–તેમાં પુનઃ પ્રવેશ કરવા–હું ઇચ્છું છું.

મારી આ વિચારણા અને પરિવર્તનને સ્પષ્ટ કરવા માટે મારા જીવનની પાર્શ્વભૂમિકા વિષે થોડા શબ્દો કહેવાની મને જરૂર લાગે છે. હું ત્રણ પેઢીથી જન્મે ખ્રિસ્તી છું. મારા પિતા ચીનના અગ્નિકોણમાં આવેલા સમુદ્રકીનારાથી ૬૦ માઇલ દૂર પો-આ નામની ખીણમાં, પર્વતપ્રદેશો વચ્ચે દૂર દૂરના એકલવાયા ગામડામાં પ્રેસ્બીટેરીયન સંપ્રદાયના પાદરી હતા. નાનાં મોટાં ગિરિ-શિખરો ઉપર છવાયેલાં વાદળોની સુન્દરતાવડે સૂર્યાસ્ત સમયે ખેતરો ઉપર ખીલી ઉઠતી રંગબેરંગી સંધ્યા વડે અને વહી રહેલા ઝરણાના સ્મિતભર્યા ખળખળ અવાજ વડે સભર બનેલી રોમાંચ પેદા કરતી દુનિયામાં, ઇશ્વરની અને તેની ભવ્યતાની સન્નિધિમાં મારા બાળપણનાં આ કુતુહલભર્યા વર્ષો વ્યતીત થયાં હતાં. આ એટલા માટે જણાવું છું કે આ સ્મરણોને મારા ધર્મ સાથે ગાઢ સંબંધ રહેલો છે. આને લીધે જે કાંઇ કૃત્રિમ, જટિલ, માણસે બનાવેલું અને વામણું હોય તે સર્વ પ્રત્યે હું અણગમો અનુભવતો રહ્યો છું.

બીજી બાબત મારા બાળપણ સાથે સંબંધ ધરાવતા કૌટુંબિક જીવનને લગતી છે. અમારૂં ઘર ઊંડી ધાર્મિકતાથી વ્યાપેલું અને સાચા ખ્રિસ્તી ભાવને અનુરૂપ એવી સાદાઇ અને પ્રેમથી ભરેલું હતું. અને નવું જાણવા શિખવાની જિજ્ઞાસા અમારા જીવનમાં મૂળથી વણાયેલી હતી. આ વાત જરા વિચિત્ર નવાઇભરી લાગશે, પણ એ દૂર દૂર આવેલા અજ્ઞાત ગામડામાં, જ્યારે એમ્પ્રેસ ડોવાગર–ડૂઢી મહારાણી–નું ચીન ઉપર શાસન પ્રવર્તતું હતું ત્યારે, મારા પિતા બર્લીનની અને ઓક્સફર્ડની યુનિવર્સિટીની વાતો કરતા હતા અને અડધા વિનોદમાં, કોઇ દિવસ

હું ત્યાં અભ્યાસ કરતો હોઉંશ એવી આશા વ્યકત કરતા હતા અમારું કુટુંબ સ્વપ્નદૃષ્ટાઓનું હતું.

શેંઘાઇમાં આવેલી કોલેજમાં જ્યારે મેં ખરેખર પ્રવેશ કર્યો ત્યારે, મારી પોતાની પસંદગીથી મેં શરૂઆતમાં પાદરી – ધર્મ-પ્રચારક – થવાને લગતા વિષયનો અભ્યાસ કર્યો. પછી એ બધું ધાર્મિક ગડબડગોટાળા જેવું લાગ્યું અને મારો એ દિશાનો ઉત્સાહ ઓસરી ગયો. ઇશ્વરમાં હજુ માનતો હોવા છતાં dogma સામે – રૂઢ માન્યતાઓના માળખા સામે મારા મને બળવો કર્યો અને એ ખ્રિસ્તી સાધુસંસ્થા અને ધર્મસંસ્થાથી હું વિમુખ બન્યો. "શુષ્ક ધર્મસૂત્રો દ્વારા તમે ઇશ્વરના જ્ઞાનને પ્રાપ્ત કરી શકો નહિ, પણ તે બહાર આવેલા ઉદ્યાનપથ ઉપર વિચરતા કદાચ એ જ્ઞાન પ્રાપ્ત કરી શકો." આ પ્રકારના એમર્સનના એક કથનમાં મારી એ વખતની પરિસ્થિતિનું ખરું સ્વરૂપ પ્રગટ થતું હતું. આ રીતે હું ચર્ચની બહાર નીકળી ગયો અને તો પણ સાચો માર્ગ શોધતો ઉદ્યાનપથ પર આમ તેમ ઘુમતો રહ્યો.

મને નાસ્તિકતા તરફ ખેંચી જવા માટે બીજાં બળો પણ કામ કરી રહ્યાં હતાં. કોલેજનો અભ્યાસ પૂરો કરીને પેકીંગ પાસે આવેલા સીંગ હુપા નામના ગામમાં શિક્ષણ આપવાના હેતુથી હું ગયો. મીશન-સ્કૂલમાં પસાર થયેલા અનેક રનાતકોની માફક ચીની લોકસાહિત્યનો મને જુજ પરિચય હતો. મારા બાળપણ દરમિયાન જેશુઆના શંખનાદ વડે જેનારીચોની દિવાલોના કેમ ભુકકા થઇ ગયા હતા તે હું જાણતો હતો; પણ ચી લિઆંગની વિધવાના આંસુઓથી ચીનની જાણીતી મહાન દિવાલનો અમુક ભાગ કેવી રીતે ઓગળી ગયો અને ધોવાઇ ગયો હતો તે વિષે મને કોઇએ વાત કરી નહોતી.

પેકીંગ અને ચીની સમાજના ભવ્ય પરાક્રમોના સંપર્કમાં આવતાં મારા અજ્ઞાન વિષે હું ઊંડી શરમ અનુભવવા લાગ્યો અને ચીની સાહિત્ય અને તત્ત્વજ્ઞાનના અભ્યાસમાં હું તલ્લીન બની ગયો. મારા ખ્રિસ્તી શિક્ષણ અને તે સાથે સંબંધ ધરાવતી બધી બાબતો અંગે મારા દિલમાં ધૃણા પેદા થવા લાગી.

મને યાદ છે કે, માનવીની પ્રતિભાને લગતા કોન્ફ્યુસિયસે પ્રરૂપેલા આદર્શના આધાર ઉપર મારા સાથીઓમાંના એકે જ્યારે મને અનુલક્ષીને ઉદ્બોધન કર્યું ત્યારે, ખ્રિસ્તી ધર્મ સાથે મારું પાકું પાયે ભંગાણ પડ્યું. એ આદર્શ આ પ્રકારનો હતો. **"આપણે માનવ પ્રાણીઓ છીએ એટલા ખાતર જ આપણે ભલા માણસ બનવું જોઇએ."** કોન્ફ્યુસિયસ દ્વારા પ્રચલિત થયેલો વિચારવાદ ધૈર્ય, નિષ્ઠા, કર્તવ્યપરાયણતા અને આખરે, જીવન પ્રત્યે આદરયુકત વલણ-બુદ્ધિમાં શ્રદ્ધા અને શિક્ષણ દ્વારા માણસની પૂર્ણતા પ્રાપ્ત કરવાની શકયતા–આ ગુણો ઉપર ખાસ ભાર મૂકે છે. આ માન્યતાઓ જે યુરોપમાં વિકાસ પામેલા માનપતા-વાદ–humanism–ને મળતી છે તે મારી પોતાની બની ગઇ.

ઘણાં વર્ષો સુધી, માણસની બુદ્ધિ અને તર્કશકિતમાં પોતાની જાતને વધારે સારી બનાવવાની અને આજે છે તેથી વધારે સારી દુનિયા નિર્માણ કરવાની શકિત રહેલી છે–આવી માન્યતામાં હું પૂર્ણ સંતોષ અનુભવતો રહ્યો. ત્યાર બાદ, મારા જીવનની સપાટી નીચેના તળમાં, ચિન્તન અને અનુભવમાંથી જન્મ પામેલ કોઇ ન સમજી શકાય એવી અશાન્તિ–અસમાધાની–હું અનુભવવા લાગ્યો. મને માલુમ પડ્યું કે પોતાની જાત વિષે માણસની વધતી જતી શ્રદ્ધા તેને વધારે ઇશ્વરસદૃશ બનાવવામાં પરિણમતી નહોતી. તે વધારે હુંશિયાર બન્યે જતો હતો, પણ ઇશ્વરની સન્મુખ ઉભો હોય એવા માનવીમાં જે ગંભીર, ઊર્ધ્વતા તરફ લઇ જતી નમ્રતા હોય છે તે તેનામાં ઉત્તરોત્તર ઘટતી જતી હતી. માનવી જંગલી-પણાની કેટલો નજીક જઇ શકે છે અને કેવો ભયંકર અનર્થ કરી શકે છે–અને તે પણ જ્યારે ભૌતિક રીતે તેમ જ ટેકનોલોજીના ક્ષેત્રમાં તેણે અસાધારણ પ્રગતિ સાધી છે ત્યારે–આ બાબત આધુનિક ઇતિહાસે આપણને બરોબર દેખાડી આપી છે.

માનવતાવાદમાં આ રીતે મારી શ્રદ્ધા જેમ જેમ ઘટતી ગઇ તેમ તેમ, હું મારી જાતને આ પ્રશ્ન વધારે ને વધારે પૂછતો ગયો: આજના શિક્ષિત માનવીને સંતોષ આપે એવો કોઇ ધર્મ છે ખરો?

પૂર્વમાં બીજા પણ ધાર્મિક સંપ્રદાયો અને અદ્‌ભુત નૈતિક વિચારસરણીઓ અસ્તિત્વ ધરાવે છે. આમાં બૌદ્ધ વિચારસરણી ને ટેઓવાદની વિચારસરણી બહુ જાણીતી છે. પણ મારા માટે તે સમાધાનકારક નીવડી શકી નહિ. બૌદ્ધ ધર્મ કરૂણાપરાયણ છે અને તે એવા તત્ત્વ ઉપર આધારિત છે કે આ બધું ઇન્દ્રિય-ગમ્ય વિશ્વ ભ્રમણામાત્ર છે; માનવી જીવન અંગે બૌદ્ધ ધર્મને એટલું જ કહેવાનું છે કે "એ કેટલું દયાજનક છે?" અને પારલૌકિક ભાવનું તત્ત્વ, તેમ જ આજની દુનિયા તરફ પીઠ ફેરવીને ચાલવાનું વલણ જે કે દુનિયાના બધા ધર્મોમાં માલુમ પડે છે તો પણ આ બે બાબતોએ બૌદ્ધ ધર્મમાં તો એક પરિપકવ વિચાર-ગ્રંથિનું રૂપ ધારણ કર્યું છે.

ટેઓવાદ આપણને અસ્પષ્ટ, નામ આપી ન શકાય એવું, હાથમાં આવે, આવે, ને સરકી જતું હોય એવું, અને એમ છતાં પણ સર્વવ્યાપક 'ટેઓ' જે ઇશ્વરનું જાણે કે બીજું નામ છે અને જેના કાયદાકાનૂનો વિશ્વનું ગૂઢ રીતે, અકળ રીતે અને અનિવાર્ય રીતે અનુશાસન કરે છે તે પ્રત્યે સીધો સાદો આદર ધરાવવાનું કહે છે. નમ્રતા અને રૂજુતા ઉપર તે જે ભાર મૂકે છે તે ગિરિપ્રવચનને બહુ જ મળતો છે. ટેઓવાદનો પયગંબર લાઓ-ટ્રસેએ એક ધર્મપ્રવર્તક તરીકે – એક મહાન શિક્ષક તરીકે – ઘણાં ઊંચા શિખરો સર કર્યાં છે. પણ કુદરત તરફ પાછા ફરો અને આજની કહેલાતી પ્રગતિથી ચેતતા રહો – આવી ટેઓવાદની પાયામાં રહેલી અપીલ – ઉદ્‌બોધન – આજના માનવીની સમસ્યા-ઓનો ઉકેલ લાવવામાં ભાગ્યે જ મદદરૂપ બની શકે તેમ છે.

મને લાગે છે કે, આ બધા સમય દરમિયાન મારા બાળ-પણના ખ્રિસ્તી ધર્મ તરફ હું અજાણપણે વધારે ને વધારે ખેંચાયે જતો હતો. આમ છતાં પણ, તેને લગતા સાંપ્રદાયિક રૂઢિપરાયણ અભિગમે પ્રસ્તુત માન્યતા પાછળ રહેલા અંદરના અવાજને સાંભળવાનું મારા માટે મુશ્કેલ બનાવી દીધું હતું અને હું ધારું છું કે આવી જ સ્થિતિ આજના અનેક માનવીઓ અનુભવી રહ્યા છે.

જ્યારે પણ મારી પત્ની અને હું આ બધાં વર્ષો દરમિયાન પ્રવાસે નીકળતાં હતાં ત્યારે તે હંમેશાં ચર્ચમાં જતી. કોઇ કોઇ વાર હું પણ તેની સાથે અંદર જતો. પણ સાધારણ રીતે ત્યાં આપવામાં આવતાં સામાન્ય કોટિના પ્રવચનોથી અસંતુષ્ટ બનીને હું ચર્ચની બહાર ચાલી આવતો અને ફરી વખત નહિ જવાનો નિશ્ચય કરતો.

આમ હું ડગુમગુ સ્થિતિમાં હતો એ દરમિયાન એક રવિવારે સવારે મારી પત્નીએ એક વાર ફરીથી તેની સાથે ચર્ચમાં જવા માટે મને સમજાવ્યો. મારા માટે આ ઘટના પરિવર્તનનું નિમિત્ત બની ગઇ. તે વખતનું પ્રવચન ભારે સમૃધ્ધ અને પ્રેરણાદાયી હતું, અને તે પ્રવચનમાં ધાર્મિક ગડબડ ગોટાળા જેવું કશું જ નહોતું, પણ ખ્રિસ્તી માન્યતાના પાયાના તત્ત્વનું – આ વખતે અમર, અનન્ત એવા જીવનનું – ઊંડી વિચારણા પ્રેરે અને ચેતના-દાયી પ્રેરણા આપે એ કોટિનું ભવ્ય નિરૂપણ કરવામાં આવ્યું હતું પછી તો રવિવાર પછી રવિવાર – એમ અનેક વાર હું ચર્ચમાં જતો રહ્યો અને તેથી હું ખૂબ સુખ – પ્રસન્નતા અનુ-

ભવવા લાગ્યો. લગભગ સ્વાભાવિક રીતે અને કુટુંબમાં તે બાબતની કશી પણ ચર્ચા વિચારણા કર્યા સિવાય, મેં ખ્રિસ્તી ધર્મ વિષેની પુનઃ શ્રદ્ધા ધારણ કરી.

જાણે કે એ બધું નવીન જ હોય એમ, ભવ્યતાના સંવેદનને પ્રેરતી એવી–ઇશુ ખ્રિસ્તના ઉપદેશમાં રહેલી–પવિત્રતા અને સાહજિકતા હું આજે ફરીથી અનુભવી રહ્યો છું. પહેલાં કદિ પણ કોઇએ ઇશુ ખ્રિસ્ત જેવી ઉદાત્ત વાણી ઉચ્ચારી નથી. કોઇ પણ માનવી–પુત્રે આવી કરુણાથી કહ્યું નથી કે **"ઓ પિતા, તેમને માફ કર; કારણ કે તેઓ શું કરે છે તે તેઓ પોતે જાણતા નથી."** અથવા તો કોઇએ ઇશ્વરી ભવ્યતાનો અનુભવ કરાવતા આવા ઉદ્‌ગારો કાઢ્યા નથી કે **"આ મારા બિરાદરોમાંથી સૌથી વધારે અદના એવા બિરાદરની તેં જે સેવા કરી છે તે તેં મારી સેવા કરી છે"**–આમાં 'હું' એટલે છેવટના ચુકાદાના દિવસે ઉદ્‌બોધન કરતો ઇશ્વર સમજવાનો છે. સત્ય તત્ત્વનો આ કેવો ભવ્ય આવિષ્કાર અને આ કેવો અનુપમ ઉપદેશ! આ સાંભળીને તમે તમારી જાતને કહેવા પ્રેરાઓ છો કે આ વાણી સાચા જગદ્‌ગુરુની છે અને તમારે એનો શબ્દશઃ સ્વીકાર કરવો પડે છે.

ઇશ્વર કોઇ અસ્પષ્ટ તત્ત્વ નથી, પણ ઇશુ ખ્રીસ્ત દ્વારા વધારે નક્કર અને પ્રત્યક્ષ રૂપને ધારણ કરતી એવી વાસ્તવિકતા છે–આનું નામ જ સંપૂર્ણ, નિર્મળ, અને પરિપૂર્ણ–અને નહિ કે કેવળ માન્યતા અને અનુમાન ઉપર આધાર રાખતો–ધર્મ છે. હું એવા અન્ય કોઇ ધર્મને જાણતો નથી કે જે ઇશ્વર સાથે આવો અંગત સીધો સંપર્ક સધાવી શકે. **ઇશ્વર સાથે આવા અંગત સંબંધના સ્થાપના એ ખ્રિસ્તી ધર્મની અનોખી બક્ષીસ છે.**

સાદાં સત્યો ઉપર માણસોએ પોતાની આંધળી શ્રદ્ધા અને કલ્પિત આકારો લાદવાનો પ્રયત્ન કર્યો છે. અને જેઓ ઇશુ ખ્રિસ્તના ઉપદેશનું અનુપમ સૌન્દર્ય અને શક્તિનો સાક્ષાત્કાર કરવા માગતા હોય તેમણે એ ઉપદેશોને આવરણરૂપ બનેલાં જાત જાતની માન્યતાઓનાં જળાંઓ ભેદવા માટે ભારે પુરુષાર્થ કરવાનો રહે છે. મને લાગે છે કે આજે એકઠા થયેલ પુષ્કળ ધાર્મિક સાહિત્યનો ઢગલો ઇશુ ખ્રિસ્તના દિવસોમાં ધાર્મિક કાનૂન અને કહેવાતા પયગંબરોના નામે એકઠા થયેલા ધાર્મિક પોથીઓના ઢગલા સાથે હરીફાઈ કરી શકે તેમ છે. એ ઇશુ ખ્રિસ્ત પોતે હતો કે જેણે આપણને ઇશ્વરને ચાહતાં અને આપણા પાડોશીને ચાહતાં શિખવ્યું અને "બધા કાયદા કાનૂન અને પયગંબરની વાતોના પાયામાં આ બે આદેશ રહેલા છે" એમ જેણે ઉમેર્યું અને એ રીતે આપણા માટે ધર્મશાસ્ત્રોની જટિલતાને જેણે સરળ બનાવી દીધી અને મૂળમાં રહેલું સત્ય તત્ત્વ આપણી સામે ધરી દીધું.

"આજના શિક્ષિત માનવીને સંતોષ આપે એવો કોઇ ધર્મ છે ખરો?" એવો સવાલ હવે હું કદિ કરતો નથી. મારી શોધ ખતમ થઇ છે, હું મારા ઘેર પાછો ફર્યો છું.

મૂળ અંગ્રેજી : **લીન યુટાંગ**

અનુવાદક : **પરમાનંદ**

તંત્રીનોંધ : આ અનુવાદ પ્રગટ કરવા પાછળ અન્ય ધર્મોની અપેક્ષાએ ખ્રિસ્તી ધર્મ વધારે ચડિયાતો છે એવો કોઇ ભાવનું સ્થાપન યા સમર્થન કરવાનો આશય રહેલો છે એમ કોઇ ન કલ્પે. ડૉ. લીન યુટાંગ નાસ્તિકતામાંથી પાછા ફર્યા ત્યારે છેવટે અન્ય કોઇ ધર્મોમાંથી કોઇ એક ધર્મ ઉપર ન ઢળતાં ખ્રિસ્તી ધર્મ ઉપર જ તેઓ ઢળ્યા એનું ખરું કારણ તો એ છે કે, બહાર ખૂબ રખડીને પાછા ફરનારને છેવટે જેમ પોતાના ઘરમાં જ ખરી શાન્તિ મળે, તેમ જ લીન યુટાંગે જીવનભર સેવેલું મનનું વલણ બદલાયા પછી તો, ત્રણ પેઢીના પોતાના જન્મપ્રાપ્ત ધર્મમાં જ તેમનું ચિત્ત વિશ્રામ પામે અને તેમનું હૃદય સાચી શાન્તિ અનુભવે એ સ્વાભાવિક અને માનવી–પ્રકૃતિના ધર્મ સાથે સુસંગત છે. પણ પ્રસ્તુત લેખનો મૂળ મુદ્દો તો આવી એક મહાન સમર્થ વ્યક્તિમાં આવું પરિવર્તન–નિર્માણ કેમ થવા પામ્યું તેને લગતો છે. લીન યુટાંગ બાળવયમાં ખ્રિસ્તી ધર્મના સંસ્કારમાં ઉછર્યા, પિતાના પગલે ધર્મપ્રચારક પાદરી બનવાના આશયથી કોલેજમાં તેને લગતી તાલીમ લેવી તેમણે શરૂ કરી, અને સ્વતંત્ર વિચારણા સાથે પ્રચલિત ધાર્મિક માન્યતાઓનો મેળ નહિ બેસવાથી તેઓ ધર્મવિમુખ બન્યા, અને ધર્મનિરપેક્ષ સામાજિક વિચારણાનું તેમણે વર્ષો સુધી સેવન, પ્રતિપાદન અને સમર્થન કર્યું, અને ત્રીસ વર્ષના લાંબા ગાળે, કોઇ અણધારી આફત, લાંબી માંદગી કે મહાસંકટના કારણે નહિ, તેમ જ કોઇ નિકટવર્તી સ્વજનના અકાળ મૃત્યુના અસહ્ય આઘાતના પરિણામે નહિ, પણ એક દિવસ પોતાની પત્ની સાથે ચર્ચામાં જવાનું બનતાં અને એકાદ વિશિષ્ટ કોટિનું ધર્મપ્રવચન સાંભળવાનું નિમિત્ત ઉભું થતાં, તેમના મનનું આખું વલણ બદલાઇ ગયું, ધર્મવિમુખતાના સ્થાને ધર્મસન્મુખતાની વૃત્તિનો ઉદય થયો, એ જ ભુલાઈ ગયેલા – અવગણનાપાત્ર બનેલા – ઇશુ પ્રત્યે ઊંડા દિલનો ભક્તિભાવ જન્મ્યો અને તેનાં વચનો દ્વારા ઇશ્વરનો સ્વીકાર તેમના માટે અનિવાર્ય બની ગયો! આ કોઇ સામાન્ય ઘટના ન કહેવાય. આમ કેમ બન્યું? આ પાછળ રહેલી છે; (૧) લીન યુટાંગની સતત ચિન્તનશીલતા, જેને લીધે પૂર્ણ વિરામની પ્રતીતિ ન થાય ત્યાં સુધી કોઇ પણ એક અભિપ્રાય યા વલણને છેવટના વલણ અથવા અભિપ્રાય તરીકે તેમણે કદિ ન સ્વીકાર્યો, અને (૨) લીન યુટાંગની ઊંડી સત્યનિષ્ઠા, જેને લીધે જે સત્ય લાગ્યું તે કહેવાની અને તે મુજબ આચરવાની અને જ્યારે અમુક ખોટું લાગ્યું ત્યારે તેને ફેંકી દેવાની તેમણે સદા તત્પરતા દાખવી. આ રીતે વિચારતાં લીન યુટાંગ પોતાના નાસ્તિકતાના કાળમાં પણ એક રીતે કહીએ તો આસ્તિક જ હતા. કારણ કે આસ્તિકતાને વિશાળ અર્થમાં વિચારીએ તો ખરી આસ્તિકતાનો સંબંધ ઇશ્વરને માનવા ન માનવા સાથે નથી, પણ જે કાંઇ સત્ય લાગ્યું તેને અનુસરવાની નિષ્ઠા સાથે – સતત સત્યાભિમુખતા સાથે – છે. આ આસ્તિકતા લીન યુટાંગમાં તેમના બાલ્યકાળ દરમિયાન, ધર્મવિમુખતાના લાંબા કાળ દરમિયાન તેમ જ આજની તેમની ધર્મસન્મુખતાના – ઇશ્વરાભિમુખતાના – કાળ દરમિયાન ભિન્ન ભિન્ન આકારમાં, છતાં એક સળંગ સૂત્રરૂપે, વિદ્યમાન હતી અને છે. ઉપર જણાવેલ લીન યુટાંગના પરિવર્તનના પાયાનું રહસ્ય આ છે જે પ્રબુદ્ધ જીવનના વાચકોના ધ્યાન ઉપર લાવવા માટે પ્રસ્તુત લેખ ઉધ્ધૃત કરવામાં આવેલ છે. **પરમાનંદ**

મુશ્કેલ

*

(છંદ : મિશ્ર)

છે ખોવું સ્હેલું જગ લૈ જતું તે,
ને પામવું છે અઘરું બધુંયે.
રે કિન્તુ મુશ્કેલ ઘણુંય એથી
કો સાથ એકત્વની સાધનામાં
જાતે જ ખોઇ થઈ જાવું શૂન્ય!

ગીતા પરીખ

❋ પંગુઓનું પર્વતારોહણ ❋

"મદદનો હેતુ આખરે મદદને બીનજરૂરી બનાવવાનો છે. પુનર્વસવાટની પ્રવૃત્તિ પાછળ આ ભાવના અને પ્રેરક બળ રહેલું છે. પોતાની માનવશક્તિને વેડફવા દેવાનું કોઈ રાષ્ટ્રને પરવડે નહિ." ડૉ. હેન્રી કેસલર.

(જેમના કરુણાપ્રેરિત મહાન પુરુષાર્થના પરિણામે મુંબઈ ખાતે મહાલક્ષ્મી રેસ કોર્સની બાજુએ ધી ચીલ્ડ્રન ઑર્થોપીડિક હોસ્પીટલ ઉભી થવા પામી છે અને ત્યાર બાદ એમના પ્રયત્નના પરિણામે અસ્તિત્વમાં આવેલી 'ફેલોશીપ ઑફ ધી ફીઝીકલી હેન્ડીકેપ્ડ' એ સંસ્થાના આશ્રય નીચે કૂપરેજ બાજુ 'શેલ્ટર્ડ વર્કશોપ ઑફ ધી ફીઝીકલી હેન્ડીકેપ્ડ'નું નિર્માણ કરવામાં આવ્યું છે તે શ્રીમતી ફાતિમાબહેન ઇસ્માઇલના ૧૯૫૮/૫૯ના 'ઇન્ડસ્ટ્રીઅલ ઇન્ડીઆ'માં પ્રગટ થયેલ મૂળ અંગ્રેજી લેખનો નીચે અનુવાદ આપવામાં આવ્યો છે. પ્રસ્તુત લેખમાં ઉપર જણાવેલ શેલ્ટર્ડ વર્કશોપનો પરિચય કરાવવામાં આવ્યો છે. સમાજ સેવાના વિવિધ ક્ષેત્રોમાં રસ ધરાવતા ભાઇ બહેનોએ આ લેખ અવશ્ય વાંચવા વિચારવા જેવો છે.

આ લેખના શિર્ષક વિષે થોડો ખુલાસો કરવાની જરૂર છે. હિન્દુ સમાજમાં નીચેનો પ્રાર્થનામંત્ર બહુ જાણીતો છે:-

मूकं करोति वाचालं, पंगुं लंघयते गिरिम् । यत्कृपया तमहं वन्दे, परमानंदं माधवम् ॥

"જેમની કૃપા વડે મુંગો બોલતો થઇ શકે છે અને અપંગ પર્વતારોહણ કરી શકે છે તેવા પરમાનન્દ માધવને હું વન્દન કરું છું." હિંદુ સમાજના ઇશ્વર વિષે આવી શ્રદ્ધા રહેલી છે. અસહાય અને દાનદયા ઉપર નભવાયોગ્ય લેખાતા અપંગોને સમજણપૂર્વકના સંગઠિત આયોજન દ્વારા સ્વાશ્રયી અને સ્વમાનભેર જીવતા કરી શકાય છે એવી પ્રતીતિ નીચેનો લેખ આપણને કરાવે છે અને અપંગોની સ્થિતિનો આવો પલટો એ જ તેમનો ખરો ઉદ્ધાર – ઉર્ધ્વગમન – પર્વતારોહણ – છે. લેખનું મથાળું આવા પ્રયોગસિદ્ધ અનુભવનું સૂચન કરે છે. **પરમાનંદ**)

The Fellowship of the Physically Handicapped–અપંગ માણસોના બંધુસમાજે ઉભું કરેલ આ The Sheltered Workshop of the Physically Handicapped–અપંગ માણસોને રક્ષણ આપતા કારખાનાનો તાજેતરમાં દૈનિક છાપાઓમાં સારા પ્રમાણમાં ઉલ્લેખ થઇ રહ્યો છે. ઘણા પ્રતિષ્ઠિત લોકોએ તેની મુલાકાત લીધી છે, અને જાહેર જનતામાંથી પાંચ દશ માણસો આ સંસ્થાનું કામ જોવા માટે હંમેશાં મુલાકાત આપતા રહ્યા છે. આ સંસ્થામાં દાખલ થવા માટે સૌથી પહેલું એ આવશ્યક છે કે અહિં કામ કરનાર કાં તો પગ વિનાનો અથવા તો હાથ વિનાનો હોવા જોઇએ, અથવા તો તેનામાં કોઇને કોઇ શારીરિક પંગુતા અથવા તો વૈદ્યકીય ભાષામાં કહીએ તો હાડકાની ભાંગફોડ સાથે સંબંધ ધરાવતી વિકલતા હોવી જોઇએ.

પાંગળાની તાકાત

હિંદમાં આ પ્રકારનું કારખાનું સૌથી પહેલું છે. શારીરિક વિકલતા ધરાવતા માણસોની આર્થિક શક્યતા પુરવાર કરવા માટે આ એક વૈજ્ઞાનિક પ્રયોગ છે. રચનાત્મક પ્રક્રિયા વડે સક્રિય અને સ્વમાનભર્યું જીવન જીવવાની પોતાની ઇચ્છા પુરવાર કરવાને પાંગળા માણસો વધારે ને વધારે પ્રોત્સાહિત બને એ અંગેનો આ પ્રયાસ છે. આવા અપંગ માણસો જાણે કે નકામા હોય–ફેંકી દેવા લાયક હોય–એવું વલણ તેમના પ્રત્યે સાધારણ રીતે રાજ્ય અને સમાજનું હોય છે. હાથ અથવા તો પગ વિનાની અથવા તો એ પ્રકારની બીજી કોઇ શારીરિક વિકલતા ધરાવતી વ્યકિતને– પછી તે વિકલતા કે પંગુતા જન્મથી હોય કે કોઇ વ્યાધિ યા અકસ્માતનું પરિણામ હોય–કશા પણ સામાજિક ઉપયોગ વિનાની લેખવામાં આવે છે. ધનવાનો તેમ જ મધ્યમ વર્ગના લોકો પોતાના ઘરમાં આવા વિકલ સગાંઓને પાળતા હોય છે, પણ ગરીબ લોકો આવાં સગાંઓને રસ્તા ઉપર ભીખ માગતા કરી મૂકે છે અને દયાળુ લોકોની ભીક્ષા ઉપર તેઓ નભતા હોય છે. કોઇ પણ સંયોગમાં તેઓ કુટુંબ યા સમાજને કેવળ ભાર રૂપ હોય છે અને તેમનું જીવન આનંદરહિત અને સ્વત્વવિહોણું બની જાય છે. હેલન કેલરે બહુ સુન્દર રીતે જણાવ્યું છે કે "પોતાના સ્વત્વને અપૂર્ણ રીતે પણ અભિવ્યક્તિ આપવી અને સર્વસાધારણ શ્રેયમાં ગમે તેવો નજીવો પણ પોતાનો કાંઇ ને કાંઇ ફાળો આપવો એ દરેક વ્યકિતનો પાયાનો હક્ક છે." સર્વસાધારણ શ્રેયમાં ફાળો આપવાની અને સશકત માણસો સાથે વ્યાપારની દૃષ્ટિએ હરીફાઇમાં ટકી શકે એવી ચીજોનું ઉત્પાદન કરવાની અપંગ માણસોની તાકાતની શક્યતા આપણા દેશમાં હજુ પુરવાર કરવાની અને સ્વીકાર્ય બનાવવાની રહે છે. આમ છતાં પણ, આ શેલ્ટર્ડ વર્કશોપ–કારખાનું–આ દિશાનો એક પ્રયત્ન કરી રહેલ છે અને વસ્તુતઃ આ બાબતમાં સફળ પણ બની રહ્યું છે. પાંગળા ભીખારીઓ ભીખ માગવાના શોખ ખાતર ભીખ માંગે છે–આ પ્રકારની ચાલુ માન્યતા ધીમે ધીમે ખોટી ઠરતી જાય છે. જ્યારે ૧૯૫૭માં માત્ર એક ભીખારી વડે આ કારખાનું શરૂ કરવામાં આવ્યું ત્યારે અમારી યોજના મુજબ ૧૫ કામદારો અમને મળશે કે કેમ તે વિષે, ભીક્ષાવૃત્તિ અમારા આ ધ્યેય અને કાર્યની બળવાન હરીફ હોઇને, અમારા દિલમાં શંકા હતી. પણ અમને આશ્ચર્ય થાય તે રીતે, બે મહીનાની અંદર ૩૩ પાંગળાઓ કામ શોધતા અમારી સમક્ષ આવીને ઉભા રહ્યા. જો કે ૧૫ કારીગરની ગણતરી ઉપર એક વર્ષમાં જે ખર્ચ આવે તેટલા પૂરતાં નાણાં, એક વર્ષનો ખ્યાલ રાખીને, પ્રસ્તુત કાર્ય માટે એકઠાં કરવામાં આવ્યા હતાં. આમ છતાં પણ, અમારી સંસ્થાની સમિતિ સ્વમાનપૂર્વક રહેવાની તક હાંસલ કરવાની આ માંગણીને ઇનકારી શકી નહિ. **દયા નહિ, દાન નહિ પણ માનભેર જીવવાની તક–દયાદાન નહિ પણ કાંઇક કામ–આ તેમનું સૂત્ર હતું–પ્રેરક મંત્ર હતો.** અમુક વસ્તુઓ અમુક સમયમાં પૂરી પાડવાની માંગણીઓ આવતાં આ કામદારોની સંખ્યા ઘણી વાર ૫૫ સુધી અને કોઇ કોઇ વાર ૮૬ સુધી પહોંચી છે. કોઇના કહેવાથી નહિ કે કોઇના દબાણથી નહિ પણ માત્ર પોતાની સ્વતંત્ર ઇચ્છાથી આ કામ કરનારાઓ આવતા રહ્યા છે.

કામ, મહેનતાણું અને ઉત્પાદન

આ સામાજિક કારખાનું અન્ય સામાજિક સેવાની પ્રવૃત્તિઓથી આ રીતે જુદું પડે છે કે આ કારખાનું કેવળ એક ઔદ્યોગિક ઘટક છે. અહિં નથી કોઇ દાન લેવા દેવાનો વિચાર કે નથી કોઇ દયાની લાગણીનો પ્રશ્ન. અહિં કામ કરનારાઓ સાથે કામદાર તરીકે જ વર્તાવ કરવામાં આવે છે. ચાલુ કારખાનાના શિસ્ત મુજબ તેમણે વર્તવાનું હોય છે અને તેને અધીન રહીને ચાલવાનું હોય છે. તેમને કશું મફત આપવામાં આવતું નથી. અહિં કામદારોને રહેવા માટે કોઇ સગવડ આપવામાં આવતી નથી. નથી અહિં જવા આવવા માટે કોઇ ભાડું દેવામાં આવતું કે

નથી મફત ભોજનની પણ કોઇ સગવડ પૂરી પાડવામાં આવતી. અહિં કામ કરનારા લોકો જેમાંના ઘણા તો અસાધારણ પંગુતાના ભોગ બનેલા હોય છે. દા. ત. બન્ને હાથ પગની વિકલતા ધરાવતા, પોલીઓના ભોગ બનેલા, બે પૈડાની ગાડીમાં બેસીને હરી ફરી શકે એવા, બન્ને પગ અથવા તો બન્ને હાથ વિનાના – આ બધા શહેરના ચાલુ વાહનવ્યવહારનાં સાધનોનો ઉપયોગ કરીને અહિં આવતા હોય છે. તેઓ કાં તો પોતાનું ખાવાનું સાથે લાવે છે અથવા તો બાજુની બેરેકની કેન્ટીન – ભોજનશાળા – માંથી ખરીદે છે. કેન્ટીનવાળાને જે 'રૂવાબ'થી પોતાની ખાવાની ચીજોનો તેઓ 'ઓર્ડર' આપે છે તે માનસશાસ્ત્રી માટે એક અભ્યાસનો વિષય બની શકે તેમ છે. પોતાના પરસેવાથી રળેલાં નાણાંમાંથી તેઓ પોતાનો ખોરાક ખરીદે છે અને કોઇ અન્નક્ષેત્ર કે સદાવ્રત તરફથી તેમને ખાવાનું પુરૂં પાડવામાં આવતું નથી. શરૂઆતના ત્રણ મહિના દરમિયાન દુનિયાના દોઢ રૂપિયાના મહેનતાણા ઉપર કામદારોને રોકવામાં આવ્યા હતા. ધીમે ધીમે, ચાલુ ખર્ચ શું આવે છે તેનું ધોરણ નક્કી કર્યા બાદ, પીસ વર્ક સીસ્ટમ – કામ મુજબ મહેનતાણું ચુકવવાની પદ્ધતિ–દાખલ કરવામાં આવી હતી.

ઉત્પાદન અંગે પ્રારંભમાં જ કેટલીક વિચારણા કરવામાં આવી હતી. અને તેના પરિણામે એમ નક્કી કરવામાં આવ્યું હતું કે કામ કરવાની શક્તિઓ અને કુશળતા અંગે હરીફાઇનું ધોરણ દાખલ કરવું અને ચાલુ બજારમાં વેચી શકાય એવી હંમેશની જરૂરિયાતની વસ્તુઓ બનાવવી, ઓર્ડર મળવા મુજબ ઉત્પાદનનું કાર્ય હાથ ધરવું અને માંગ અને પુરવણીનું સમધારણ જાળવવાનો સિદ્ધાન્ત ધ્યાનમાં રાખવો. અન્ય સમાજકલ્યાણસાધક સંસ્થાઓના અનુભવ ઉપરથી એમ નક્કી કરવામાં આવ્યું હતું કે સાધનસામગ્રી કે ઉત્પાદન – બન્નેમાંથી એકનો પણ કદિ ઢગલો થાય એમ બનવા ન દેવું. ચાલુ કાગળની કોથળીઓ જેની પરચુરણ વ્યાપારીઓ અને ફળ મેવા વેચવાવાળા તરફથી હંમેશા માંગ હોય છે તે બનાવવાનું અમે શરૂ કર્યું. પડતર કિમ્મત ઘટાવી બનાવવા માટે મિત્રો પાસેથી છાપાની પસ્તી તેમજ કાગળો એકઠા કરવામાં આવ્યા. વેચાણ એ માથાનો દુખાવો પેદા કરે એવો વિષય હતો. અમારી સંસ્થાના સેવાભાવી કાર્યકરો જાતે આ માટે બહાર નીકળ્યા અને વેચાણને વેગ આપવા માટે નાના દુકાનદારોના અપમાનો તેમણે સહી લીધા. આજે હંમેશા ત્રણ મણ કાગળની વપરાશ થઇ રહી છે અને ચાલુ ઘરાકો ગોઠવાઇ ગયા છે. સ્ટીમરોની મુકાદમોનો વ્યવસાય કરતી એક પેઢી સાથે સંબંધ ધરાવતા કોઇ એક પારસી મિત્રની સૂચનાથી બીજી પ્રવૃત્તિ અંદરમાં કામ કરતા મજુરોના ઉપયોગ માટે જાળીવાળા બુરખાઓ બનાવવાની હાથ ધરવામાં આવી. તેણે દર મહિને ૨૦૦ પેકેટ બનાવવાનો ઓર્ડર નોંધાવ્યો. ઓર્ડર સામે ઉત્પાદન – એ મુજબના વ્યાપારી ધોરણનું આ કામ હતું. આજે ત્રણ પેઢીઓને મળીને કુલ ૧૦૦૦ પેકેટ પૂરાં પાડવામાં આવે છે. એક ભીખારી જેણે 'બેગર હોમ'માં કુલ ૭ વર્ષ પસાર કર્યા હતાં અને જે સાડીની કોરો બતાવવામાં નિષ્ણાત હતો તેને રોકવામાં આવ્યો. તેણે આ કળા બીજાઓને શિખવી અને તેની આસપાસ સાડીની કોરો બનાવવાનું અને ભરતકામને લગતું ખાતું વિકાસ પામ્યું. એક માણસ જેણે ટાઇમ્સ ઓફ ધન્યિામાં બુક–બાઇન્ડર તરીકે નવ વર્ષ કામ કર્યું હતું અને હાડકાના ક્ષયના પરિણામે તેનો પગ કાપી નાંખવો પડેલો તેને લીધે જેણે પોતાની નોકરી ગુમાવી હતી તે અમારે ત્યાં દાખલ થયો, અને તે બુક–બાઇન્ડીંગ (ચોપડીઓ બાંધવાનું) અને મુદ્રણ ખાતું ઉભું કરવામાં તેમજ ખીલવવામાં મૂલ્ય મદદરૂપ બન્યો. એ રીતે સુથારી વિભાગ એક કારીગર વડે અને રેડ ક્રોસ તરફથી ભેટ મળેલ ફેટવર્ક મશીન વડે શરૂ કરવામાં આવ્યો. આ આખી વર્કશોપ એક માનવ વ્યક્તિની જરૂરિયાતોના ખ્યાલથી પ્રેરાઈ છે અને વ્યક્તિ અને દેશના ભલામાં રસ ધરાવતા સામાન્ય નાગરિકોની કાર્યલક્ષી ઇચ્છાશક્તિના બળે કટકે કટકે આગળ ને આગળ વધતી રહી છે.

આજના અને ભવિષ્યના કાર્યક્રમો

આ અમારી વર્કશોપમાં હાલ નીચે જણાવેલ ચાર પ્રવૃત્તિઓ મુખ્યપણે ચાલે છે;

૧. કાગળની કોથળીઓ.
૨. લલિતકળાઓ–સાડીની કોરો અને ભરતકામ.
૩. બુકબાઇન્ડીંગ અને છપાઇકામ.
૪. સુથારી કામ.

વણાટ ખાતું તરતમાં શરૂ કરવાનું છે. પગ વિનાના તેમજ હાથ વિનાના લોકો ચલાવી શકે તેવી સાળો ધી મોડેલ હેન્ડલૂમ પ્રોડકશન સેન્ટર (સ્ટેટ ઇન્ડસ્ટ્રીયલ કો–ઓપરેટીવ એસોસીએશન લીમીટેડ) તરફથી ખાસ તૈયાર કરવામાં આવી છે. ગેસ્ટકીન વિલીયમ્સ લીમીટેડ તરફથી અવાર નવાર સેમ્પલ્સ–પીનના ગુમખાઓ તૈયાર કરવાના ઓર્ડરો મળે છે; અને સ્ટીલક્રીટ કંપની પાસેથી, મરીન ડ્રાઇવ ઉપરના બાંધકામમાં વપરાતા ટેટ્રાપોડ માટે કંતાનના કોથળા શીવવાનું કામ પણ અવાર નવાર આવે છે. જો નિયમિત રીતે કામના ઓર્ડરો મળવા માંડે તો અહિં ૧૦૦ અને તેથી પણ વધારે માણસો કામ કરી શકે તેટલો આ વર્કશોપની તાકાતમાં સહેલાઇથી વધારો થઇ શકે તેમ છે.

અત્યન્ત વિકલ બનેલા લોકો માત્ર ટોપલીઓ અને નેતરની ખુરશીઓ જ તૈયાર કરવાને સરજ્યા છે આવો ખ્યાલ અમારી સંસ્થા સ્વીકારી શકતી નથી. અમારો એ દાવો છે કે જાહેર ઉદ્યોગોમાં હરીફાઇ કરવાની તક આપે તેવા કોઇ પણ કામ માટે ટ્રેઇન થવાનો – તાલીમપૂર્વક તૈયાર થવાનો – તેમને પણ હક્ક છે. 'એબ્લીલીટીઝ ઇન્કોરપોરેટેડ ઓફ અમેરિકા' એ નામની ફેકટરી કે જ્યાં અત્યન્ત વિકલ – અસહાય લેખાતા – એવા આદમીઓ જ કામ કરે છે તે ફેકટરી એટમીક એનર્જી ઇન્ડસ્ટ્રી – અણુશક્તિને લગતા ઉદ્યોગ – માટેના યાંત્રિક વિભાગો તૈયાર કરવા માટે વિશિષ્ટ કોટિની નિપુણતા ધરાવે છે. વિકલ લોકો શું કરી શકે તેનો સહજમાં કલ્પી ન શકાય એવો આ એક અજબ નમુનો છે. જો અમેરિકા આ કરી શકે તો આપણે પણ જરૂર કરી શકીએ.

એક વર્ષની અંદર આ શેલ્ટર્ડ વર્કશોપનું કામ પાકા પાયા ઉપર ગોઠવાઇ ગયું છે. તેને સ્થિરતા પ્રાપ્ત થઇ શકી છે, કારણ કે તે એક ઔદ્યોગિક ઘટક છે અને કોઇ રાહત આપનારૂં સાહસ નથી. આ વિચાર અને આ ભાવના ઉત્તરોત્તર લોકમાનસને આકર્ષતી રહેવાની જ છે અને આજે પણ આવું કાંઇક શરૂ કરવાનો નાગપુર, અમદાવાદ અને બેંગલોરમાં વિચાર ચાલી રહ્યો છે.

આર્થિક બાજુએ પણ સંસ્થાનું ચિત્ર એટલું જ ઉજળું છે. સંસ્થાનો વહીવટ સંગીન વ્યાપારી ધોરણ ઉપર કુશળતાપૂર્વક ચલાવવામાં આવતો હોઇને અને ઉત્પાદનનો વધારે પડતો ઢગલો થઇ ન જાય એ બાબતની સતત કાળજી રાખવામાં આવતી હોઇને આ કારખાનું આજે પોતાના માસિક ખર્ચનો અરધો હિસ્સો રળી શકે છે. બાકીનો ખર્ચ, આ યોજનાની રચનાત્મક બાજુ વડે જેમની કલ્પનાશક્તિ પ્રભાવિત બની છે તેવી જાહેર જનતાની મદદ દ્વારા, નીકળી રહે છે. જો ઉદ્યોગપતિઓ, નાણાધીશો અને મજુરોનું રોકાણ કરતા અન્ય કારખાનદારો વિકલ અવયવવાળા લોકોને ચાલુ જીવનમાં પુનઃ સ્થાપિત કરવાના આ ધર્મકાર્યમાં વધારે રસ લેતા થાય અને રાષ્ટ્રની આર્થિક રચનામાં તેમનો કઇ રીતે સમાવેશ થઇ શકે તે સંબંધે માર્ગદર્શન આપતા રહે તો આવક અને વહીવટી ખર્ચ વચ્ચેનો તફાવત જરૂર નાબુદ કરી

શકાય. અપંગ અને વિકલ બનેલા લોકોને આવા કોઇ અવલંબનની અપેક્ષા છે એ બાબતની આપણને તેમણે ખાત્રી કરાવી આપી છે અને તેઓ શિસ્ત અધીન રહીને કામ કરી શકે છે, અને આવી દુ:સ્થિતિના ભોગ બનેલા માણસો જલ્દિ થાકી જવાની અને બીજી નબળાઇઓની સામાન્ય જનતા જે કલ્પના કરે છે તેવી કોઇ નબળાઇઓ કે કામ અંગેની અક્ષમતા તેમનામાં નથી એ પણ તેમણે પુરવાર કરી આપ્યું છે. તો પછી આ પ્રયાસમાં સહકાર આપવાની અને અમારી સંસ્થાને માર્ગદર્શન અને કામ પૂરું પાડવાની ફરજ ઉદ્યોગપતિઓને શિરે આવીને ઉભી રહે છે. જો ઇજનેરી કામ સાથે અને બીજી ટેક્નીકલ કારીગીરી સાથે સંકળાયલા યુવાનો દેખરેખ રાખવાના અને તાલીમ આપવાના કાર્યમાં અમને મદદરૂપ થશે તો તેમને અન્ત:કરણપૂર્વક આવકારવામાં આવશે.

આને લગતું અર્થશાસ્ત્ર અને ગણિત

દેશભરમાં વ્યાપી રહેલું ભીખારીપણું જોઇને માતૃભૂમિને ચાહતા આપણે સર્વ ઊંડી શરમ અનુભવીએ છીએ. માનો કે ન માનો, મુંબઇ પ્રદેશમાં ભિક્ષુકોને લગતો કાયદો છે જે ભિક્ષાને એક ફોજદારી ગુન્હો ગણે છે. આ કાયદા નીચે ભીખારીઓને ભીખ માગવાના ગુન્હા માટે પકડવામાં આવે છે અને 'બેગર્સ હોમ' (ભિક્ષુકોને રાખવાનું મકાન)માં ભીખના ગુન્હા માટે અમુક મુદત સુધી રહેવાની તેમને શિક્ષા કરવામાં આવે છે. તેમને ખવરાવવામાં આવે છે, રહેવા કરવાની સગવડ આપવામાં આવે છે અને ત્યાં કોઇ પણ નાનો ઉદ્યોગ શિખવવામાં આવે છે અને તે મુદત પૂરી થયે કેદની મુદત દરમિયાન તેમની કમાણી રૂપે એકઠી થયેલી થોડી રકમ તેમને આપીને જાહેર રસ્તા ઉપર રઝળતા મૂકવામાં આવે છે. કોઇ પણ ઉત્પાદનની પ્રવૃત્તિ ઉભી કરી શકે એટલી મુડીના અભાવે તેમ જ પોતે જે ચીજો તૈયાર કરે તેનો નિકાલ કરવા માટે જરૂરી વેચાણ-સંપર્કોના અભાવે તેમની પાસે ભીખ માગવા સિવાય બીજો કોઇ વિકલ્પ રહેતો નથી. પરિણામે તેમને ફરીથી પકડવામાં આવે છે અને એ રીતે પકડવાનું અને છૂટવાનું આ વર્તુલ ચાલ્યા કરે છે. ઉપર વર્ણવી એવી – જે જ્યારે આવે ત્યારે જોડાઇ શકે એ પ્રકારની – વર્કશોપો, ખાસ કરીને અપંગ માણસો પૂરતી, આ ગુંચવણભરી સમસ્યાનો વ્યવહારૂ અને અસરકારક ઉકેલ લાવી શકે તેમ છે એમ કોઇને પણ લાગ્યા વિના નહિ રહે.

આ ઢબની વર્કશોપ વિકલ બનેલા માનવસમાજનું પ્રદર્શન કરવા માટેનું એક ધટક છે તેમ જ પાંગળા લેખાતા આદમીઓની શક્તિઓને શોધી કાઢવાની એક પ્રયોગશાળા છે. આવી વર્કશોપો સ્થળે સ્થળે જો ઉભી કરવામાં આવે અને તેના કાર્યપ્રદેશને સતત વિસ્તૃત કરવામાં આવે તો તેથી આપણા દેશને ત્રણ પ્રકારનો લાભ થવા સંભવ છે, અને તે એ રીતે કે, પાંગળા લોકોને ઠેકાણે પાડવામાં આવી સંસ્થાઓ ચોક્કસપણે મદદરૂપ થઇ શકે તેમ છે. એ ઉપરાંત, ભીખારીઓના પ્રશ્નનો ઉકેલ શોધવામાં આવી સંસ્થાઓ માર્ગદર્શક બની શકે તેમ છે, અને વિવેકશૂન્ય રીતે જે ઠગલાબંધ નાણું ચેરીટી–દયાના નામે રસ્તા ઉપર વેરવામાં આવે છે તે રકમને સદુપયોગના રસ્તે વહેતી કરવામાં આવી સંસ્થાઓ વ્યવહારૂ માર્ગ દાખવી શકે તેમ છે. એક હજાર માણસો જો દર મહિને એક એક રૂપિયો આપે તો તેમાંથી દર મહિને રૂા. ૮૦ થી કાંઇક વધારે મહેનતાણું બાર માણસોને આપી શકાય અને તે દ્વારા તે બાર માણસો સ્વમાનભર્યું જીવન જીવવા ભાગ્યશાળી બને.

આ પત્રના વાંચનારાઓને તેમ જ જાહેર જનતાને બહુધા ભારતમાં આ વિકલ અવયવવાળા માનવીઓના પ્રશ્નની ગંભીરતા અને વ્યાપકતાનો પૂરો ખ્યાલ હોવા સંભવ નથી કારણ કે આને લગતા સાચા અને હકીકતો ઉપર રચાયલા એવા કોઇ આંકડાઓ મેળવવા માટે આધારલાયક સાધનો આજે સુલભ નથી. ૧૯૪૭ના જુલાઇ માસથી ૧૯૫૮ના ડીસેંબર માસ સુધીમાં ૧૩૪૧૨ બાળકો મુંબઇ ખાતે મહાલક્ષ્મી પાસે આવેલા ચીલ્ડ્રન્સ ઓર્થોપીડીક હોસ્પીટલ (પોલીઓને લગતી હોસ્પીટલ)માં નોંધાયાં હતાં. અને માત્ર એક જ સંસ્થામાં આટલાં બધાં બાળકો નોંધાય તે કોઇને પણ ચોંકાવે તેવી હકીકત લેખાવી જોઇએ. આજનાં બાળકો આવતી કાલના કિશોરો છે અને પરમ દિવસના પુખ્ત વય ધરાવતા નાગરિકો છે. તેમને જીવનમાંથી શું મળશે? **દયાદાન કે માનભેર જીવવાની તક?** આ ૧૩૦૦૦ બાળકો તો ભિક્ષા નહિ માગતા એવા વર્ગના છે. તેમને સારૂં શિક્ષણ અને તાલીમ આપવામાં આવે તો તેઓ જરૂર કરવેરા ભરનારા બની શકે અને રાષ્ટ્રના અર્થતત્ત્વને પરિપુષ્ટ કરી શકે.

શારીરિક પંગુતા એટલે કે હાડકાને લગતી વિકલતા કાં તો જન્મથી હોય છે અથવા તો પોલીઓ કેરેબ્રલ પાલ્સી કે હાડકા અને સાંધાના ક્ષય જેવા વ્યાધિઓને લીધે હોય છે અથવા તો શહેરી જીવન કે યંત્રોદ્યોગ અંગેના અકસ્માતને લીધે આવી વિકલતા પેદા થાય છે. આ વિકલતાની અસર માત્ર શરીરના અવયવોને જ સ્પર્શતી હોય છે, પણ તેથી તેના મગજને કશું નુકસાન થયેલું હોતું નથી, તેમ જ તેની જોવા યા સાંભળવાની શક્તિને પણ તેથી કશી હાનિ થયેલી હોતી નથી. માત્ર બાલપણમાં જ આવી વિકલતા આવે એવું કાંઇ નથી. જીવનની કોઇ પણ કક્ષાએ અને કોઇ પણ ઘડિએ માનવી આવી કોઇ વિકલતાનો ભોગ બની શકે છે. પેલું લોકપ્રિય ભજન કેટલું સાચી રીતે જણાવે છે કે "ભવિષ્ય આપણી દૃષ્ટિનો વિષય નથી, કવે સેરા સેરા, જે થવાનું હશે તે થવાનું છે."

"કોઇ પણ પ્રજાને પોતાની માનવ-તાકાતને વેડફી નાખવી પરવડે નહિ"–આ વિધાન કોઇ રૂઢ શબ્દરચના નથી; તે પાછળ પ્રેરક સૂચન રહેલું છે. માનવીની તાકાત એટલે મગજની તાકાત છે અને એ મગજની તાકાતનું સંપત્તિની તાકાતમાં રૂપાન્તર થઇ શકે છે. એ હકીકત આપણે બધા જાણીએ છીએ અને તે વિષે આપણ સર્વ એકમત છીએ કે હિંદનો મુખ્ય પ્રશ્ન બેકારીનો છે. આ પ્રશ્નના ઉકેલ માટે મોટા પાયાનું આયોજન કરવામાં આવે છે. આ આયોજનમાં શું આ વિકલ માનવીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે ખરો? પ્રજાના તેઓ એક અંગભૂત ઘટક હોઇને, આયોજનની કોઇ પણ યોજનામાં સમાવિષ્ટ બનવાનો તેમને શું અધિકાર નથી?

વિકલ માનવીઓને જીવનમાં પુનઃ સ્થિર કરવાનો અર્થ તેમની વૈદ્યકીય સંભાળ કે દરકાર લેવી એટલો જ માત્ર થતો નથી. જીવનના પુનઃ સ્થિરીકરણનો ખરો અર્થ એ છે કે તેમને જીવનના પ્રવાહમાં પૂરેપૂરા ગતિમાન કરવા અને સશક્ત માણસોને રાજ્ય તેમ જ સમાજ તરફથી જે સુખ સગવડો, આનંદનાં સાધનો અને અધિકારો મળે છે તે સર્વ કાંઇ આ વિકલ પાંગળા માનવીઓને પણ પૂરાં પાડવાં.

ધી ફેલોશીપ ઓફ ધી ફીઝીકલી હેન્ડીકેપ્ડ (એફ.પી.એચ.) અને તેણે ઉભી કરેલી આ સંસ્થા ધી શેલ્ટર્ડ વર્કશોપ આ હેતુઓ સિદ્ધ કરવા માટે ભૂમિકા પૂરી પાડે છે.

A task without a vision is drudgery.
A vision without a task is a dream.
A task with a vision is a victory.

દર્શન વિનાનું કામ એ વેઠ માત્ર છે.
કામ વિનાનું દર્શન એ કેવળ કલ્પના છે.
દર્શન પ્રયોજિત કામ એ જીવનની સાચી સફળતા છે.

મૂળ અંગ્રેજી : **મીસીસ ફૂતિમા ઈસ્માઇલી**
અનુવાદક : **પરમાનંદ**

卐 નેમ – રાજુલ 卐

પ્રવકતા– ધરા જેવડો મંડપ બાંધ્યો, આજે લગ્ન સુમંગલ,
દશે દિશે તોરણિયાં ઝૂલ્યાં વાતો વાયુ ચંચલ.
અંબર જેવો ઘુમ્મટ ઊંચો, ચંદરવે તારાલયાં,
દીપ્તિમંત ગજવીને જોવા દેવદેવી અવતરિયાં.
(રાગ બહાર)

ગાયકવૃંદ– આવી નેમનાથની જાન,
ચંદ્રસંગ તારકગણ જાણે
નિસર્યું ગગન – વિતાન—આવી...
નીલકમલ શી કાયાની પર
શોભે નવલાં ભૂષણ,
બાજુબંધ બે, જરકશી જામ,
મોતિ – હાર ને કુંડલ –
વિશાળ ઓજસવંત કપાળે
કુમકુમનું મૂક ગાન—આવી...
મુગ્ધભાવથી ગાય યુવતીઓ
સુહાગનાં મધુ ગીત,
જાનૈયાનાં વદન પરે પણ
મલકી જાયે સ્મિત;
વસંતના ફૂલ – બાગ સરીખાં
સહુનાં વસ્ત્ર – વિધાન—આવી...
રહનેમિ ને કૃષ્ણ ભાઇ જ્યાં
અને રૂકમિણી – ભાભી,
એથાયે તેજસ્વી નેમને
જોતાં જનતા આભી;
મોતીડે પુર – નારી વધાવે
જાન વધારી આણ – આવી...
(લગ્નગીતનો ઢાળ)

પુરનારીઓ– આવો, આવો સમુદ્રરાયના હૃદયસરના પદ્મ રે,
આવો, આવો શિવાદેવીના ખોળે રમેલા રત્ન રે,
આવો, આવો રાજવીકુળની ઉજાળનારા લાજ રે,
આવો, આવો રાજુલવહુની આંખડિયુંના તેજ રે.
ત્યાં—!.....

(ગાન)
(રાગ માલકોંસ)
છાનાં છપનાં (૨)
નમણાં ઝરૂખે બે ડોકાયે
જોતાં મધુરાં ભાવિ–સપનાં
છાનાં છપનાં.
ચમેલી જેવી શ્વેત, સુવાસિત
નાજુક નમણી નાર,
કંથ ન્યાળવાનું કૌતુક તે
વારૉ શકે ન લગાર;
લજ્જાની આડેથી છલકે
સ્નેહ ઉરની અધીરપમાં
—છાનાં છપનાં
ઝૉણૉ જવમાળા, સોના ચુડલો;
નીલવટ ટીલડી, માળ,
પાનેતર નવ, વાંક સુનેરી,
કાંકલી ઘુઘરીમાળ
રાજુલની કાયા શોભાવે, તેજ
અલૌકિક આતમ–તપનાં
—છાનાં છપનાં...

એક સખી– સખિઓ કહેતી, "વાહ રાજુબા,
અધીરપ શાને આવી ?"

બીજી સખી– "જીવનભર જોજો ને આજે
ચોરી શકો ન છૂપાવી."

ગા. વૃં.– શરમાળું સ્મિત કર્યું રાજુલે
ઉર–આવેશે શબ્દ ન ખપના
—છાનાં છપનાં...
નેમ જુએ ત્યાં ઉપર સહજે
નજર મળે બે મિલન–તલપમાં
—છાનાં છપનાં...
(ત્યાં પશુઓનો કારમો ચિત્કાર સંભળાય છે.)
(રાગ ભૈરવી)

નેમનાથ– અરે, અરેરે દર્દભરેલો શેનો આ ચિત્કાર ?
લગ્નમંડપે ભયભીત મૃગ કો આવી કરે પુકાર !

રહનેમિ– ભાઇ નેમ, એ તો પશુપંખી હણાય ભોજનકાજ.

નેમનાથ– શાનું ભોજન ?

રહનેમિ– લગ્નતણી મિજબાની કરવા આજ.

નેમનાથ– લગ્ન માહરા પશુપ્રાણીના પ્રાણ હણીને, હાય !
હર્ષ કાજ હત્યા નિષ્ઠુર આ કેમ કરી સ્હેવાય ?
(ફરીથી પશુપંખીની ગગન ભેદતી કિકિયારી સંભળાય છે.)
આભ ભેદતી, કર્ણ વીંધતી, હૃદય ચીરતી આહ્
લગ્નાનંદ જલાવી દે છે અસહ્ય આ ઉર – દાહ.
આ મૃગ તો મૂંગા પ્રાણીની કરે કરૂણ ફરિયાદ,
લગ્ન વારતા ફરી ફરીને આર્ત કરે કો સાદ.
હિંસામય આનંદ ટકે ના કદી કરૂણાહીન,
લગ્ન શેં કરૂં ? સુખો બધાંયે દુઃખભીનાં ગમગીન !
(શરણાઇ પર રાગ દરબારી કાનડા)

ગાયકવૃંદ– તુરત એ વળી જાય
પાછા તુરત એ વળી જાય,
સાસુ તોરણે પોંખે તેનું
શ્રીફળ રહે કરમાંહ્ય,
શુભ – જલ કળશ થકી ઢોળાય—પાછા...
(છંદ શાલિની)
'આ શું ?' 'આ શું !' દુઃખ આશ્ચર્યયુકત
બોલી ઊઠે સર્વ આઘાત – સ્તબ્ધ.
કન્યાપક્ષે છે મૂંઝારો અકથ્ય,
જનૈયા કૈં ના કળે, સર્વ ક્ષુબ્ધ.
(ગાન)
પ્રિય દર્શનથી મુગ્ધ નયન તે
રેલી શકે ના 'હાય !'
અવાચક રાજુલ શી અકળાય ! —પાછા...
(છંદ શાલિની)
આત્મા સંસારે ન રાચે વિરાગી,
શેં આકર્ષે ભોગ જ્યાં હૈયું ત્યાગી ?
લગ્નાનંદે ક્રૂર હિંસા ભળેલી,
લાગે વિષ સોમપ્યાલી ભરેલી,

(ગાન)

લગ્નતણો શૃંગાર સજેલા
દીક્ષિતમાં પલટાય,
હૃદય એ કરુણાથી ભીંજાય—પાછા...

* * *

પ્રવકતા– આભ આખું ઘેરી લીધા બાદ વહે મેહ,
રાજુલનું હૈયું ઘેરી વાંચા લેતા નેહ.

(ગાન-રાગ સોહિણી)

રાજુલ– ઓ નાથ !
લીધો ન લીધો ત્યાં શું ત્યાગ્યો
મુજ હૈયાનો સાથ ? — ઓ નાથ...
આઠ ભવોની પ્રીતિ ઠેલીને
નવમે રાખી કુંવારી,
તોયે આ તરફડતું અંતર
તમથી શકું ન વારી;
ના વરવી તો શેં વરઘોડે
ચડ્યા જાન સંગાથ ? —ઓ નાથ !..
રે મૃગ, શું પામ્યો હરી સીતા ?
ને વિધુને દઈ લાંછન ?
કે વાળ્યા મંડપથી સ્વામી
ઝૂરતું રાખી આંગણું ?
વ્યથાભાર પણ સહે વ્યાકુળ ઉર
જો સુખ-ભ્રમ ના થાત—ઓ નાથ !...
અભાગીને લખ વિઘ્ન સદા ત્યાં
શા કરવા ઉપચાર ?
કંથ વળ્યા, તો અવ મુજથી શેં
સહાય આ સંસાર ?
આતમને ના અવર પંથ,
દ્યો દીક્ષા નેમિનાથ !—ઓ નાથ !...

* * *

(રાજુલ નેમનાથ પાસે દીક્ષા લેવા ગીરનાર જાય છે).

(શાલિની છંદ)

પ્રવકતા– વીંધે શૃંગે આભ જ્યાં ગીરિનાર
ચીંધે ત્યાં સદ્ધર્મ જઇ નેમિનાથ,
દીક્ષા કાજે જાય રાજુલ ત્યાંય
કૂંણી પાની કંટકો ભેદી જાય.
રાજુલ– 'દો દીક્ષા નેમિનાથજી !'
પ્રવકતા– વદે રાજુલ દેવને,
રાજુલ– 'પરમ જ્ઞાન પામ્યા છો, ચીંધો માર્ગ મુમુક્ષુને.'
પ્રવકતા– નેમજી કૂહે,
નેમનાથ– 'હશે હૈયે મોહ સંસારનો જરી,
તો દીક્ષા વ્યર્થ સૌ જાશે, પદ્મથી પાણીશું સરી.'
રાજુલ– સંસારેથી વળ્યું મન સંસારે ના કદી ફરે,
સુખદુઃખો તણા ચક્રે આત્મા ના કદી સંચરે.
ગાયકવૃંદ– દુઃખથી સૌ સુખો ઘેર્યા, ઝાંઝવાં સુખના દુઃખે,
માનીને રાજુલે કીધી તપસ્યા હસતે મુખે.

* * *

(દૂહા)

પ્રવકતા– ઝૂકી પડે જ્યાં આભ સ્તુતિ સુણી નેમની,
લે શિષ્યો ત્યાં લાભ નેમિનો ગીરનારમાં.
પોષની થથરે ટાઢ, (કે) વૈશાખે ધરણી ધખે,
ગર્જંતો આષાઢ પણ તપ કરતાં સૌ સદા !
જંગલ ગાઢું ગીર, પ્રાણીઓ વિકરાળ જ્યાં
નહીં હણાયે હીર ધર્મતણું કો કાળમાં.
ધર્મતણું લે જ્ઞાન રાજુલ મૃણાલ શી મૃદુ
રહનેમિ રૂપવાન, પણ દિયર-ભાભી બે સાથમાં
એક દિવસ સૌ જાય વચનામૃત પી નેમનાં
આભ-ધરા છલકાય સહસા મેઘ ઝળુંબતાં

(ગાન – રાગ મિયાં મલ્હાર)

ઘન, ઘન, ગરજી વરસી રહ્યાં જલ,
તાંડવનૃત્યે વર્ષા પાગલ.—ઘન...
ગીરિનારની અડગ કાયપે
વાયુ ચાબખા વિંઝે ઉન્મત્ત,
વૃક્ષવેલી ઉન્મૂલ થતાં ને
ધરા ડૂબે, જલ વરસે અવિરત;
પ્રચંડ ગિરિવર કંપી ઉઠ્યો શું ?
ડગમગતું માનવ—અંતરતલ—ઘન...

(છંદ અનુષ્ટુપ્)

મેઘથી વારવા લેતી આશરો કંદરામહિં
રાજુલ વસ્ત્ર ભીનાં ત્યાં સૂકવે એકલી લહી.
વસ્ત્રહીન ઉભી એ ત્યાં એકાંતે અંધકારમાં
ચંદ્રકળા ખીલી જાણે તિમિરે શ્યામ આભમાં.
છતાંયે થયું એવું કે રહનેમિયે ગુફામહિં
ઉંડાણે આશરો લેવા બેઠેલા કથારના જઇ.
તપેથી દિવ્ય કાયાનું તેજ અંધારમાં સરી
આવ્યું જોતાં, નિહાળે ત્યાં રાજુલ સ્વર્ગ-વલ્લરી.
પાળ રેતીની તૂટે છે પાણીનું મોજું આવતાં
તેમ સંયમ ખૂટે છે રૂપ ખુલ્લું નિહાળતાં.
દૂધ શી શ્વેત કાયા ને સૌંદર્ય અંગઅંગનું
ન્યાળી મદમય હાથીશું મન રહનેમિનું બન્યું.
—રાજુલ પાસ જઇ કહ્યું :—

ગાન

(સ્તવનનો ઢાળ)

રહનેમિ– રાજુલ, પ્રિય હે, ક્યાંથી મળી એકાંતમાં ?
આવ, અલૌકિક, ન્યાળી તને ઉર શાંત ના.
પ્રવકતા– સૂની ગુફામાં સુણી કોઇ નરનો સ્વર
લજ્જામણી શી રાજુલ ચમકી સત્વર.
ચીર ધરી લે દેહ અલૌકિક ઢાંકવા,
શરમભરી એ ચાલી ગુફા છોડી જવા.
રહનેમી– અરે જાવ કયાં તપસ્વિની રાજુલ હે !
ક્ષમા દિયો સ્નેહાળ હૃદયની ભૂલને.
રાજુલ– ભૂલ મારી કે નવ ભાળ્યા આપને.
રહનેમિ– ભૂલ ગણો છો તો શીદ સમજો ના મને ?
રાજુલ– સમજું શું ?
રહનેમિ– અંતર પ્યાસું તમ કાજ રે.
વ્યક્ત કરું છું પ્રીત ભવોની આજ રે.
એકાંતે મન ઠાલવવા પ્રભુએ દીધી
આજે પળ આપણને શી કૃપા કીધી !
મિલન થયું...
રાજુલ– એ મિલન દિયર ને ભાભીનું.
રહનેમિ– પરણ્યા વિણ કો કંથ-દિયર ના કોઇનું.
રાજુલ– તિલક કર્યો તે દિનથી હું થઇ એમની.
ને સહુ કામ શમ્યો જે દિન દીક્ષિત બની.
રહનેમિ– ચંપકવરણું યૌવન શેં ધૂળ રોળતાં ?
તપ કરશું યૌવન - સુરભિ સૂકી થતાં.
તૂમ થઇ સંસાર—સુખે બની દંમ્પતિ
લઇશું દીક્ષા... —

રાજુલ– નહીં કામ તૃપ્તિ કદી.
કામ – વાસના જલનિધિની જલમાળશી
અખૂટ વ્હેતી; તપસ્વિ ને એ જાળ શી?

રહનેમિ– રાજુલ, અનંત જલધિ શો મુજ સ્નેહ છે,
મોહમયી જ્યોત્સ્ના કાજે જલ ઉછળે.

રાજુલ– નિર્મલ હું જ્યોત્સ્ના શી, સંયમ ધારશો,
દીયરજી નહિતર તો શ્વાન સમા થશો.
નિજ ઑકેલું અન્ન ચાટતાં શ્વાન શા
છોડી દઇ સંસાર, તોયવી વાસના?

રહનેમિ– અરે, અરે હું શ્વાનથકી બદતર પશુ!

રાજુલ– જીવો જીવન કેરા અંગકુળના નાગ શું.
અગ્નિમાં નાંખો પણ એ ચૂસે નહીં
એક વખત જે વિષ વમ્યું તેને કયહિં.

રહનેમિ– અરે પાપી મન! વિષભર્યાં ચક્ષુ મમ,
(સ્વગત) ભાભીને નિરખે તું ભાર્યાની સમ?
ધિક્ ધિક્ હો મારા સૌ તપ – આડમ્બર
છૂપાવું જે નીચે કાળું અંતર.
પસ્તાવે પ્રજળું છું આખો કારમા,
જીવી શકું શેં? ધૂળ પડી અવતારમાં!

(પ્રગટ)– ભાભી, મુજ ગુરુ સમ, નિર્મલ મમ બ્હેન, મા!
ખરે ભૂલ્યો, આ અંધ પશુને દો ક્ષમા!
(અનુષ્ટુપ)

પ્રવકતા– કામાગ્નિમહિં સ્વર્ણું શું શુદ્ધ રાજુલનું તપ
તવાયું, વધ્યું ને પામ્યું આત્માની સિદ્ધિ કેવલ.
અને સંસારની સંગી થવા ચાહતી એકદા
પરમ જ્ઞાનની સાથી બની તે તેમની તદ્દા.

ગીતા પરીખ.

(ઑલ ઇન્ડિયા રેડીઓ–અમદાવાદની અનુમતિપૂર્વક)

પ્રકીર્ણ નોંધ

એક મૂક સેવકનું દુઃખદ અવસાન

મુંબઇ જૈન સ્વયંસેવક મંડળના પ્રેતુખ શ્રી. હીરાભાઇ રામચંદ મલજારીના તા. ૨૭-૧૨-૫૯ ના રોજ નીપજેલ અવસાનથી જૈન સમાજને એક સાચા સમાજસેવકની ખોટ પડી છે. શ્રી. હીરાભાઇ મોતીના પરોણીગરનું કામ કરતા હતા. જૈન ધર્મમાં ઊંડી શ્રદ્ધા, તદનુસાર વ્રત આરાધના પૂર્વકની ધર્મપરાયણતા, અત્યન્ત પ્રમાણીક જીવનવ્યવસાય, ઓછી કમાણીના ધંધામાં પૂરો સંતોષ, ચાલુ શ્રમનિષ્ઠ વ્યવસાયથી બચતો સમય કોઇ ને કોઇ સેવાકાર્યમાં રોકાવાની સદા તત્પરતા, સાદાઇ, સરળતા, મિતભાષીતા, નમ્રતા આ તેમના વિશિષ્ટ ગુણો હતા. તેમની પવિત્ર રહેણી કરણી અને રેશમના દોરાધાગા સાથે સંબંધ ધરાવતો મોતી પરોણીનો વ્યવસાય જોઇને, તેમને જોતાં જૈન કથાનકમાં જાણીતા–પુણીના વ્યવસાય ઉપર નભતા–પુણીયા શ્રાવકનું સ્મરણ થતું હતું. વ્યવસાયી જીવનના પ્રારંભથી તે જીવનના અન્ત સુધી તેઓ મુંબઇ જૈન સ્વયંસેવક મંડળના સભ્ય હતા અને છેલ્લાં ઘણાં વર્ષથી તેઓ તે સંસ્થાના પ્રમુખ હતા. આ ઉપરાંત બીજાં પણ અનેક સેવાકાર્યો તેમના હાથે નીપજ્યાં હતાં. સેવામાં જ તેમને પરમ સંતોષ હતો. પ્રસિદ્ધિ અને જાહેરાતથી તેઓ સદા વિમુખ રહ્યા હતા. પોતાની શક્તિ અને મર્યાદા વિષે તેઓ સદા સભાન હતા. તા. ૩૧-૧૨-૫૯ ના રોજ મુંબઇ જૈન સ્વયંસેવક મંડળ, શ્રી આત્માનંદ જૈન સભા અને શ્રી સુરત જૈન દશા ઓસવાળ મંડળના આશ્રય નીચે તેમના દુઃખદ અવસાન અંગે શોક પ્રદર્શિત કરવા માટે એક જાહેર સભા ભરવામાં આવી હતી અને તે સભાએ તેમની વિવિધ સેવાનો ઉલ્લેખ કરતો અને તેમને ભાવભરી અંજલી આપતો શોકપ્રસ્તાવ પસાર કર્યો હતો.

लोकोत्तराणां हि चेतांसि को नु विज्ञातुमर्हति?

પોતાની પદયાત્રા દરમિયાન પંજાબમાં આવેલા સિરસા ગામખાતે વિનોબાજીએ પ્રવચન કરતાં ભારત-ચીન વચ્ચેના અદ્યતન સંઘર્ષ અંગે નીચે પ્રમાણે ઉલ્લેખ કર્યો હતો:—

"હમણાં હમણાં ભારત-ચીન વચ્ચે અણબનાવ થયો છે. મેં જાણી જોઇને અણબનાવ કહ્યો છે. હું નથી માનતો કે આનાથી વિશેષ કાંઇ બન્યું છે. ભૂતકાળે હિમાલયે બન્નેને અલગ રાખ્યા હતા. આપણે માનતા કે હિમાલય આપણું રક્ષણ કરે છે. હવે તે રક્ષણ નથી રહ્યું. આ જમાનામાં કોઇ પ્રકારના પહાડ, દીવાલ, તટ, કીલ્લા વગેરેથી રક્ષણ થવાનું નથી. હવે પછી રક્ષણ અંદરથી આવવાનું. આ જ દિશામાં વિજ્ઞાન પણ ઝડપથી આગળ વધી રહ્યું છે. પરિસ્થિતિ અનુકૂળ બની રહી છે. મેં ઘણીયે વાર કહ્યું છે કે એક જમાનામાં પહાડ, સમુદ્ર વગેરે જડપદાર્થો દેશોને જુદા પાડવાનું કામ કરતા હતા. આજે હવે તે જોડવાનું કામ કરે છે. તેથી હવે પછી ચીન અને ભારત વચ્ચે પ્રેમ રહેવાનો છે. એ પ્રેમસંબંધના આરંભમાં અણબનાવ થયો છે. આમાંથી 'અણ' નીકળી જશે અને 'બનાવ' રહી જશે. યાને કે આખર બન્નેને સારું બનશે. આ બાબત આપણને રોજબરોજના વ્યવહારમાં જોવા મળે છે. ભારતના લોકો માયાળુ છે, સ્વાગત કરવાનું સારીપેઠે જાણે છે, અને છતાંયે ટ્રેનમાં શું બને છે! કોઇનેયે અંદર નથી આવવા દેતા. તમે જરા તમારો પુરૂષાર્થ દેખાડીને અંદર ઘૂસી જ જાઓ તો પછી તમારે ઉભા રહેવું પડે છે, તેવામાં ગાડી ઉપડે છે. પછી કોઇ ભલો માણસ જગ્યા કરી આપે છે, અને કહે છે કે આવો ભાઇ, બેસો. આ તો રોજબરોજની વાત છે. આરંભમાં આવો થોડો ઝઘડો થાય છે, એમાંથી જ પ્રેમ થાય છે. મને તો ખબર નથી પણ મારું માનવું છે કે માતાના સ્તનને બાળક જ્યારે પ્રથમ સ્પર્શ કરે છે ત્યારે પહેલાં થોડી તકલીફ તો થતી જ હશે. પણ એમાંથી જ પ્યાર ઉપજે છે. એટલા માટે ચીન અને ભારત વચ્ચેના અણબનાવને હું બહુ મહત્વ નથી આપતો.

"કેટલાક લોકોએ નાહકનો શોરબકોર મચાવી મૂક્યો છે. કહે છે કે સરકારે પોતાની નીતિ (પોલિસી) બદલવી જોઇએ. સારી તૈયારી કરવી જોઇએ. એટલે સુધી કે મહાન અને વ્યાપક દૃષ્ટિ વાળા રાજાજી પણ કહે છે કે આપણે બીજા દેશો પાસેથી લશ્કરી મદદ લેવી જોઇએ, અને આપણી તટસ્થતાની જે પોલિસી છે તે તો ઠીક છે, પણ બીજા દેશો સાથે ભળવામાં વાંધો નથી. હું તો માનું છું કે "भीष्म, द्रोण, विदुर मये विस्मित!" એવી હાલત થઇ છે. દ્રૌપદી ઉપર ધર્મરાજ યુધિષ્ઠિરનો અધિકાર છે કે નહિં એ પ્રશ્ન ઉભો થયો; ભીષ્મ, દ્રોણ, વિદુર એ બધા રાજાજીથી વધુ બુદ્ધિશાળી હતા એમ તો રાજાજી પણ માનશે. પરંતુ તેઓ પણ જવાબ આપી ન શકયા. આજે તો નાનું બચ્ચું પણ કહેશે કે એવી તો વળી શું મોટી સમસ્યા હતી? પત્ની પર પણ શું કોઇનો અધિકાર હોઇ શકે? શું પત્ની તે કાંઈ સંપત્તિ છે? પરંતુ એ જમાનાના મોટા મોટા પુરૂષો પણ એનો જવાબ આપી નહોતા શકયા. વાત એમ છે કે મોટા લોકોમાં ચિન્તન – મોહ થઇ જાય છે. તેઓ નાહકના એમ માને છે કે અમારા માથા પર મોટી જવાબદારી આવી છે. જવાબદારી ઉપાડવા વાળો મૂળે તો પરમેશ્વર જ છે એ વાત એ સૌ ભુલી જાય છે. એથીસ્તો એવું ચિન્તન નીકળે છે. આવા ટાણે નાના લોકો બચી જાય છે; નાનાઓ બોજાથી મુકત હોય છે. તેથી હું માનું છું કે ચીન અને ભારતનો પ્રથમ પ્રત્યક્ષ સંપર્ક છે. એનાથી વધુ મહત્વ હું એને નથી આપતો. તાળી વાગે છે ત્યારે કોઇ કોઇ વાર ડાબા હાથ પર જમણો હાથ જોરથી પડે છે. ત્યારે શું આપણે એમ સમજીએ છીએ કે જમણો હાથ ડાબા હાથ સાથે દુશ્મનાવટ કરે છે? આ

વખતે ચીને જે સંપર્ક કર્યો છે તેનાથી ગભરાવાની જરૂર નથી. ચીન એટલું મૂર્ખ તો નથી જ કે ચારે બાજુ દુશ્મનાવટ વધારતું ફરે આજે ચીનને લીધે લોકો ડરે છે અને કહે છે કે આપણે તૈયારી રાખવી પડશે, સૈન્ય રાખવું પડશે, શસ્ત્રો બનાવવા પડશે. પરંતુ પંડિત નહેરુ જ એક એવા નેતા છે જે કહે છે કે ડરો નહીં. લડાઇ કંઇ આવી રીતે ન લડાય. આજે દુનિયામાં જાગતિક યુદ્ધ વહોરી લેવાની કોઇની હીમ્મત નથી. કોઇ હીમ્મત કરશે જ નહીં. આવી રીતે માત્ર તે એકલો જ માણસ બોલી રહ્યો છે. એ વ્યક્તિ સાથે મારી પૂર્ણ સહાનુભૂતિ છે."

ચીન ભારતના સંબંધો અંગેનું ઉપર આપેલું વિનોબાજીનું વકતવ્ય ભારે આશ્ચર્ય પેદા કરે તેવું છે. જ્યારે નહેરુથી માંડીને અદનામાં અદનો ભારતવાસી ચીનના ભારતની સરહદ ઉપરના નર્યા આક્રમણ અંગે અને વાટાઘાટથી નહિ પણ બળજોરીથી પોતાને મનગમતું નક્કી કરી લેવાની નીતિ અંગે ચિન્તા સેવી રહેલ છે, ત્યારે વિનોબાજી આજની પરિસ્થિતિમાં બે મિત્રો વચ્ચેની મહોબતની તાળી જેવો ખેલ દેખે છે, આપણી આંખે જે વસ્તુસ્થિતિ દેખાય છે તેથી તેઓ તદ્દન ઉલટા પ્રકારનું ચિત્ર રજુ કરે છે--આ જોઇને આપણને પ્રશ્ન થાય છે કે શું વિનોબાજીને આજની વસ્તુસ્થિતિનો બરો ખ્યાલ નહિ હોય? જે સર્વસેવા સંઘનું નિવેદન ચીન સાથેના સંઘર્ષ અંગે પરંપરાગત સાધનોનો ઉપયોગ કરવા ભારત સરકારને અનુરોધ કરે છે તે સંઘના પ્રમુખ કાર્યવાહકો શ્રી વિનોબાજીના ચાલુ સંપર્કમાં રહેતા હોય છે અને તેથી આજની વાસ્તવિક પરિસ્થિતિથી વિનોબાજી પુરા વાકેફ ન હોય એમ માનવાને કોઇ કારણ નથી. વિનોબાજીના વકતવ્યના અન્ત ભાગમાં નહેરુ વિષે પણ તેમણે જે કાંઇ જણાવ્યું છે તેની યથાર્થતા સહજ સ્વીકાર્ય બની શકતી નથી. કારણ કે ચીન-ભારતના સંઘર્ષ અંગે આજે સૌથી વધારે કોઇ સચિન્ત હોય તો તે નહેરુ છે. ઉત્તરની સરહદના માત્ર તત્કાળ રક્ષણનો જ નહિ પણ ચાલુ રક્ષણનો પ્રશ્ન હવે ઉભો થયો છે; આ માટે તરેહ તરેહની સૈન્યવિષયક આયોજના કરવી પડશે, ત્રીજી પંચવર્ષીય યોજનામાં આ અંગે મહત્વના ફેરફારો કરવા પડશે, ઘણા મોટા પાયાનું ઔદ્યોગીકરણ આ કારણે આપણે હવે હાથ ધરવું પડશે વગેરે નહેરુના ચિન્તાસૂચક ઉદ્‌ગારો શું વિનોબાજીના વાંચવામાં નહિ આવ્યા હોય? ડરો નહિ, ગભરાઓ નહિ એમ નહેરુ જરૂર કરે છે. આમાંથી મોટા પાયાનું યુદ્ધ ફાટી નીકળશે એમ માની ન લો એમ પણ કદિ કદિ તેઓ કહે છે. પણ આ પરિસ્થિતિ અંગે કશી પણ ચિન્તાનું કારણ નથી એમ તેમણે કદિ કહ્યું કે સૂચવ્યું નથી. ઉલટું આજની પરિસ્થિતિ અત્યન્ત સ્ફોટકતાથી ભરેલી છે એ તેઓ બરોબર જાણે છે અને અવારનવાર સૂચવે છે અને તેથી જેવાની સાથે તેવા ન થતાં અને ત્યાં સુધી આજની ધુંચનો પરસ્પર વાટાઘાટથી ઉકેલ લાવવા તેઓ ધીરજ દાખવી રહ્યા છે. આમ આપણને જ્યાં સંઘર્ષ, અથડામણ અને બે દેશો વચ્ચે યુદ્ધની પરિસ્થિતિ સરજાવાની ભીતિ લાગે છે ત્યાં વિનોબાજીને બે દેશો વચ્ચે શરૂ થયેલી એક પ્રકારની મહોબતની પ્રક્રિયા દેખાય છે. એક બાજુએ વિનોબાજી વિષેના આપણા દિલનો ઊંડો આદર અને બીજી બાજુએ વિનોબાજીની ન સમજી શકાય એવા ઉપર નિર્દેશેલી વાણી-એ બેનો એક સાથે વિચાર કરતાં આપણાં મોઢામાંથી સહજપણે ઉદ્‌ગાર નીકળી જાય છે કે लोकोत्तराणां हि चेतांसि कों नु विज्ञातुमर्हति। લોકોત્તર પુરુષોના ચિત્તનો પાર પામવાને કોણ સમર્થ છે?

ગુજરાતના વેપારીઓને ઉદ્‌બોધન

તા. ૯-૧-૬૦ ના-રોજ અમદાવાદ ખાતે જાણીતા ઉદ્યોગપતિ શેઠ અમૃતલાલ હરગોવિંદદાસના પ્રમુખપણા નીચે મળેલ ગુજરાતી વેપારી સંમેલનનું શ્રી ગગનવિહારી લલ્લુભાઇ મહેતાએ ઉદ્‌ઘાટન કર્યું હતું અને એ પ્રસંગે અપાયેલા તેમના પ્રવચનમાં ગુજરાત રાજ્યના આગામી નિર્માણના અનુસંધાનમાં વ્યાપારી સમાજને અનુલક્ષીને તેમણે નીચે મુજબ ઉદ્‌બોધન કર્યું હતું:--

"આવા અધિવેશનમાં આત્મ-નિરીક્ષણ પણ આવશ્યક છે. આપણા દોષોથી અજ્ઞાત રહીએ એ મોટામાં મોટો દોષ છે. આજથી ૪૦/૫૦ વર્ષો પર વેપારી આલમની જે પ્રતિષ્ઠા હતી, સમાજમાં એનું જે સ્થાન હતું એ આજે છે? સામાન્ય લોકોમાં વેપારી અને ઉદ્યોગપતિઓ પ્રત્યે અવિશ્વાસ છે? તો શાથી છે? વેપારનું નૈતિક ધોરણ પહેલાં જેવું રહ્યું છે? આવા પ્રશ્નોનો ગંભીર રીતે, ધીરજથી વિચાર કરવાની બહુ જરૂર છે. આજે આખી દુનિયામાં સમાનતાનું વાતાવરણ છે. લોક કલ્યાણ એ રાજ્યનું ધ્યેય બન્યું છે. બે મહાન વિપ્લવો-રશિયામાં અને ચીનમાં-થયા છે અને દુનિયાના લગભગ ૯૦ કરોડ લોકો સામ્યવાદી રાજ્યોમાં વસે છે. બીજા દેશોમાં પણ સામ્યવાદનો પ્રચાર જોરથી થાય છે. આપણા દેશમાં એક પ્રાન્ત સામ્યવાદી પક્ષના હાથમાં હતો અને મહિનાની અંદર ત્યાં ફરી ચૂંટણી થવાની છે. સામાન્ય લોકો પર આ વિપ્લવમાંથી ઉદ્‌ભવેલા રાજ્યોની, સામ્યવાદી વિચારશૈલીની અને પ્રચારની અસર ઘણી રીતે થાય છે એ નિઃસંશય છે. જે દેશમાં આટલી ભીષણ દરિદ્રતા છે, જ્યાં ધનની અતીવ અસમાનતા છે અને ગરીબ-તવંગર વચ્ચે ખૂબ ભેદ છે ત્યાં સમાજવાદ કે સામ્યવાદના સિદ્ધાન્તોની, એના સંચાલનની અસર થયા વગર કેમ રહે? મારા શિક્ષક પ્રો. હેરોલ્ડ લાસ્કી કહેતા કે જેઓ જુદા સંજોગોમાં જીવન ગાળે છે એમના વિચારો પણ જુદા હોય છે. (Those who live differently, think differently.) એક બેકાર શિક્ષિત યુવક નોકરી માટે, કુટુમ્બની આજીવિકા વાસ્તે ઓફિસે ઓફિસે અને ઘેર ઘેર ભટકે અને નિરાશ થઇ સાંજે પાછો ફરે એને સમાજવટના પ્રત્યે જે કડવાશ થાય અને રોષ આવે એ લક્ષાધિપતિના પુત્રને કેમ સમજાય? જેને રહેવાનો એક ઓરડો ન મળે એને મહેલ જેવાં મકાનો માટે કેવી લાગણી થાય? ધનાઢય અને દરિદ્ર વચ્ચેના ભેદ ઇશ્વરદત્ત છે કે પૂર્વજન્મનું ફળ છે એમ હવે કોણ માનશે? એ ઉપરાંત, મોંઘવારી અને જરૂરી વસ્તુઓની અછતને લીધે લોકોમાં અસંતોષ હોય એમાં પણ આશ્ચર્ય નથી. આમાં સરકારને અને વેપારીઓને કેટલો દોષ વ્યાજબી રીતે દેવાય એ જુદી વાત છે. પણ જેઓ સત્તામાં હોય અને જે સારી સ્થિતિમાં હોય એમની પ્રત્યે આંગળી ચીંધાય એ અનિવાર્ય છે. અનાજની, કાપડની, ખાંડની વગેરે અછત હોય એનો લાભ લેવાય, માલમાં ભેળસેળ થાય, કાળા બજાર દ્વારા પૈસા બનાવાય, અંકુશોનો અનાદર થાય, લાંચરૂશ્વત વધે--આ સર્વને લીધે લોકોની લાગણી દૂભાય છે. આપ તો જાણો છો કે વેપારીની શાખ એ કેવળ નાણાંનું પરિણામ નથી, એ નૈતિક પ્રતીક છે. આખરે તો, વેપાર પરસ્પર-વિશ્વાસ પર આધાર રાખે છે અને બુદ્ધિશંકિત જેટલી જ પ્રમાણિકતા પણ આવશ્યક છે. અનુભવી વેપારી તો જાણે છે કે એની શાખ એના વેપાર-ઉદ્યોગમાં મહત્વની થાપણ છે, વેપારીની જવાબદારી, એના વર્તન અને સંબંધ પર એની પ્રવૃત્તિની સફળતાનો આધાર છે. જે સંસ્થા કેવળ સ્વાર્થ પર રચાઇ હોય એ લાંબો સમય ટકતી નથી. ઉદ્યોગ કે વેપારમાં પણ પૈસા કમાવા યોગ્ય છે એ લોકોની જરૂરિયાત પૂરી પાડીને, પ્રજાને સંતોષ આપીને. કેવળ ધનપ્રાપ્તિ માટેની પ્રવૃત્તિમાંથી વ્યકિતને પોતાને પણ પૂરો લાભ થતો નથી આનો અર્થ એમ નથી કે બધાએ કામધંધો છોડીને સંન્યાસ લેવો અથવા તો બીજાં લોકોને ત્યાગ કરવાનો ઉપદેશ આપવો. મોટા હોદ્દાનો મોહ કે સત્તાનો લોભ ધનના લોભ કરતાં ઉચ્ચતર નથી. સાહસ, જોખમ, વ્યવસ્થાશકિત, મહેનત અને બચતના બદલા તરીકેની જે કમાણી છે એ સાચો નફો છે. ઉદ્યોગનો હેતુ અંગત ધનપ્રાપ્ત કરતાં આ પ્રકારની કમાણી મેળવવાનો છે. અમેરિકાનો જાણીતો ઉદ્યોગપતિ Clarence B. Randall એના એક પુસ્તકમાં લખે છે: "The time has come for industry to make it clear that what is best for the country will be at the top of the agenda when the board of directors meets to make basic decisions even though that may cut earnings in the third quarter."

"ઉદ્યોગો માટે એ પ્રકારની ચોખવટ કરવાનો વખત આવી ગયો છે કે જ્યારે બોર્ડ ઓફ ડીરેકટર્સ પાયાના નિર્ણયો કરવા માટે મળે ત્યારે કંપનીની કમાણી ઉપર કાપ મૂકવો પડે તેમ હોય તો પણ બોર્ડની સભાના કાર્યક્રમમાં દેશના હિતમાં સૌથી સારું શું છે તે વિચાર જ મુખ્ય સ્થાને હશે." પરમાનંદ

★ "ઈસુ જીવનદર્શન : ત્રિઅંકી નાટક" ★

'ઇસુ જીવનદર્શન–ત્રિઅંકી નાટક' એ નામનું પુસ્તક એક મિત્ર તરફથી મને થોડા દિવસ પહેલાં મળેલું. તે વાંચી જતાં મારા મન ઉપર જે છાપ પડી અને મેં જે આનંદ અનુભવ્યો તેને શબ્દાકાર આપવાનો આ પ્રયત્ન છે.

આ પુસ્તક બહેન લીના મંગળદાસ તથા કેની બહેન દેસાઇ તરફથી પ્રગટ કરવામાં આવ્યું છે. (કિંમત રૂ. ૨–૫૦; ઠેકાણું શ્રેયસ, શાહી બાગ, અમદાવાદ, ૪) કેટલાંક વર્ષથી શ્રી લીનાબહેને અમદાવાદમાં એક શિક્ષણસંસ્થા શરૂ કરી છે, જે આજે કોલેજના વર્ગો સુધી પહોંચી છે. આ શિક્ષણસંસ્થાનું નામ છે 'શ્રેયસ'. ૧૯૫૭ના ડીસેંબર માસની ૧૯ મી તારીખે તેમની નિશાળના વિદ્યાર્થીઓએ આ નાટક ભજવ્યું હતું જેમાં બાળકો અને શિક્ષકો મળીને ૨૦૦ પાત્રોએ ભાગ લીધો હતો. આ નાટકનું લેખનનિર્માણ એ શ્રી લીનાબહેન તથા કેનીબહેનના સંયુક્ત પ્રયાસનું પરિણામ છે. કોઇ પણ મીશનરી નહિ એવી ગુજરાતી શાળાએ ઇસુનું નાટક ભજવ્યું હોય એવો આ પહેલો જ પ્રસંગ છે. આ રીતે આ નાટક અને તેની ભજવણી આપણું ખાસ ધ્યાન ખેંચે છે.

ઇસુનું નાટક ભજવવાનો તેમને વિચાર આવ્યો તે સંબંધમાં તેઓ જણાવે છે કે "કેટલાક લોક માનતા હતા કે ઇસુના નાટકમાં કાંઇ મઝા નહિ આવે. વળી કેટલાક માનતા હતા કે આ રીતે ખ્રિસ્તી ધર્મનો પ્રચાર થાય તે ઠીક નહિ. અમારે માટે ઇસુ અભ્યાસનું નિમિત્ત હતા. અમારે મન તે કોઇ ધર્મના કે સંપ્રદાયના પયગમ્બર કરતાં એક કલ્યાણકારી માનવનું દૃષ્ટાન્ત હતા, તે બુદ્ધ હોઇ શકતે – ગાંધી પણ." નાટક લેખિકાઓના આ વિધાન પાછળ આજના જમાનાની એક વિશેષતા આપણી નજર સામે પ્રગટ થાય છે. આપણી આગળની પેઢી એવી હતી કે તેણે જે મહાપુરૂષને અથવા ધર્મપ્રવર્તકને પોતાના ઇષ્ટદેવ માન્યા તે સિવાયના દુનિયાના અન્ય મહાપુરૂષો કે ધર્મપ્રવર્તકોની મહત્તા અંગે તે ઉદાસીન હતી. પોતાના ઇષ્ટપુરૂષ એ સર્વોત્કૃષ્ટ અને એ કોટિમાં મૂકાતા અન્ય સંપ્રદાયના ઇષ્ટ પુરૂષો, ગમે તેટલા આદરણીય હોય એમ છતાં, પોતાના ઇષ્ટ પુરૂષની સરખામણીમાં ઘણા ઉતરતા–આ પ્રકારનું વલણ મોટા ભાગે આગળની પેઢીનું હતું. આજે એ દૃષ્ટિકોણમાં મોટો પલટો આવ્યો છે. આપણે રામકૃષ્ણ પરમહંસની સર્વ ધર્મોની ઉપાસના જોઇ છે. ગાંધીજી દ્વારા સર્વધર્મ સમભાવનો મર્મ આપણા સમજવામાં આવ્યો છે. અન્ય ધર્મ પ્રવર્તકોના ચરિત્રની વિગતો ઘણા મોટા પ્રમાણમાં આપણા જાણવામાં આવી છે. આના પરિણામે આપણી અંગત ઉપાસના ગમે તે ઇષ્ટદેવની હોય તો પણ, આપણા મનમાંથી ઉપર જણાવ્યો તેવો ઊંચા નીચાનો ભેદ હવે લગભગ સરી ગયો છે. આપણા ચિત્તમાં મહાવીર, બુદ્ધ, ઇશુ ખ્રિસ્ત કે રામ યા કૃષ્ણ દરેક માટે લગભગ સમાન કક્ષાનું માન અને સ્થાન છે. કોઇ મહાપુરૂષ કે ધર્મપ્રવર્તક આપણા માટે હવે પરાયો નથી રહ્યો. કોઇની અમુક એક વિશેષતા આપણને આકર્ષે છે તો અન્યની અન્ય કોઇ વિશેષતા આપણા સવિશેષ આદરનું પાત્ર બને છે. મહાવીર વિષે આદર ભકિત ચિન્તવવા માટે આપણને જૈન બનવું પડતું નથી; બુદ્ધ માટે સદ્દશ ભાવ ચિન્તવવા માટે આપણને બૌદ્ધ થવું પડતું નથી. ઇશુખ્રિસ્ત અંગે એવો ભાવ પ્રગટ કરવા માટે આપણને ખ્રિસ્તી બનવું પડતું નથી. આ જ ઉદાત્ત ભાવનાની પ્રેરણા પ્રસ્તુત નાટક રચનાર લીનાબહેન તથા કેની બહેનમાં આપણને જોવા મળે છે. આ નાટક વાંચતાં કોઇ પરદેશના, પરધર્મના, પરાયા ધર્મપ્રવર્તકની કથા આપણે વાંચીએ છીએ એમ નથી લાગતું, પણ સત્યની ખાતર જેણે પોતાના જીવનનું બલિદાન આપ્યું છે એવા આપણા જ એક મહાપુરૂષની અદ્‌ભુત જીવનચર્યા આપણા અન્તરતત્વને જાગૃત કરી રહી હોય, હલાવી રહી હોય એવો રોમાંચક અનુભવ આપણને થાય છે. ઇસુ વિષે આત્મીયતા અનુભવીને તેની યાતના આપણી આંખોને અશ્રુભીની બનાવે છે.



ઈસુ જીવનદર્શન નાટકના રંગમંચની રચના

રંગમંચની લંબાઇ : ૮૦ ફુટ, પહોળાઇ : ૨૮½ ફુટ, ઊંચાઈ : ૧૨ ફુટ + ૧૫ ફુટ = કુલ ૨૭ ફુટ.
(૧) અંક ૧માં આવતો તબેલો; પછી થોડા પરિવર્તન સાથે સુથારનું ઘર. અંક ૩માં પરિવર્તન પછી છેલ્લા ભોજનનો ખંડ. ફરી ફેરફાર સાથે ધર્મગુરૂઓના સિપાઇઓને બેસવાનો ખંડ. (૨) અંક ૧, ૨, ૩માં યહુદીઓનું જેરુસલેમનું દેવળ. અંક ૩માં એને જ ધર્મગુરૂઓનો સભાખંડ બનાવી દેવામાં આવે છે. (૩) અંક ૧માં વીશી. અંક ૩માં રોમન સિપાઇઓ આ જગાની બહાર ઇસુને રંજાડે છે. (૪) અંક ૧માં રાજા હેરડનો મહેલ. અંક ૩માં પરિવર્તન પછી સાઇમનનું બેથનીમાં ઘર બનાવી દેવામાં આવે છે. (૫) સંગીતકારોને બેસવાની જગા. **ઉપર ડાબે જમણે :** ખેતરો, જેરુસલેમથી બેથની જવાનો રસ્તો. જ્યાં ઉપર મૃત્યુનો માચડો બતાવ્યો છે તે ગાલગોથા. જમણી તરફ આગળ ઉદ્યાન જેમાં ઇસુનું મન્થન થયું હતું. છેક જમણી તરફ ઉપર પાયલેટનાં ઘરનો ઝરુખો. **મંચની છેક આગળ** જેરુસલમની શેરી, ગાલગોથા જવાનો રસ્તો છે.

આ નાટક કેવા પરિશ્રમપૂર્વક તૈયાર કરવામાં આવ્યું છે તેનો ખ્યાલ પુસ્તકના 'આમુખ'માંના નીચેના શબ્દો ઉપરથી આવે છેઃ—

"છેવટે નાટકના રિહર્સલ શરૂ કરવાને એક મહિનો જ બાકી હતો. ગુજરાતીમાં તો નાટક હતું જ નહિ. અમે અંગ્રેજી નાટકો જોઈ ગયાં. એકે કામ લાગે તેવાં ન મળે. ઘણાં ખરાં રેડિયો માટે લખાએલાં, તેથી રંગમંચ માટે ચાલે તેવાં નહોતાં. શ્રાવ્ય પણ દૃશ્ય—શ્રાવ્ય નહોતાં. આ કાર્યમાં ફ્રેનીબહેન દેસાઇના ઉત્સાહે મને ટકાવી રાખી. ૨૫ વર્ષ પહેલાં જે ન્યુ ટેસ્ટામેન્ટ વાંચ્યું હતું તે ફરી વાંચવા માંડયું. તેમાંથી ૧૫ પ્રસંગો તારવ્યા. એમાંથી ફરી પ્રસંગની ફરી અને તે અંગ્રેજીમાં સંવાદ રૂપે ઉતારી લીધા. સેન્ટ ઝેવિયર્સ કોલેજના ફાધર પાસેથી જર્મનીના ઓબર આમરગાંવના જગવિખ્યાત Passion Play ની અમૂલ્ય પ્રત હાથમાં આવી. તે નાટકને ભજવવા માટે નવ કલાક જોઇએ. ફ્રેનીબહેન તેનું અંગ્રેજીમાં જ સંક્ષિપ્ત નાટક લખવા બેસી ગયાં. બાલ ઇસુનું નાટક પણ તેમણે લખવા માંડયું.

"મેં નાટકનો બીજો ભાગ તૈયાર કર્યો. એક અઠવાડિયું વાંચતાં, બીજું અઠવાડિયું અંગ્રેજીમાં વસ્તુ ભેગું કરતાં, અને ત્રીજું અઠવાડિયું ગુજરાતીમાં નાટક લખવામાં અમે ગાળ્યાં. ફ્રેનીબહેનનાં પિતા માંદા હતા, છતાં તેમણે તેમનું કામ તે ચિન્તા અને શ્રમમાં ધપાવ્યે રાખ્યું. મને તો લખવાનો 'તાવ' આવ્યો હતો. લખ્યા સિવાય બીજી કોઈ બાબતમાં ચેન નહોતું. મારો અભ્યાસખંડ વાસી જગતા બધા જ કલાકો લખ્યા જ કર્યું. સૂવા—પરવારવા—જમવામાં સાત આઠ કલાક જતા તે જ. રોજ લખું અને સાંજે નૃત્ય—સંગીત—કલા વિભાગના કાર્યકરો મને મળી જાય. તેઓ પણ કામે લાગી ગયા. ચોથું અઠવાડિયું કામની વહેંચણીમાં ગયું. ૨૦૦ બાળકો અને શિક્ષકો પાત્ર તરીકે ભાગ લેવાના હતા, અને બીજાં સોએક જણ રંગરચના, સંગીત વિભાગ, રોશની, ધ્વનિ, પ્રચાર, ટિકિટ વેચાણ ઇત્યાદિ વ્યવસ્થામાં મચી પડયા."

ત્યાર બાદ ૨૦૦ જણની વેશભૂષાને લગતી સામગ્રી એકઠી કરીને કેવી રીતે તૈયાર કરી તેની વિગતો પ્રસ્તુત 'આમુખ'માં આપવામાં આવી છે અને પછી જે રંગમંચ ઉપર આ નાટક ભજવવામાં આવ્યું તે વિષે જણાવવામાં આવ્યું છે કે "૬૪ ફુટ લાંબો ખુલ્લામાં આવેલો આ મંચ હતો. એકે પડદો ન મળે. તેની રચના એવી હતી કે એક દૃશ્યમાંથી બીજું દૃશ્ય આપોઆપ સ્થળાન્તરથી અને પ્રકાશ—આયોજનથી પલટાઇ જતું. સંગીત ચિત્રપટ જેવો નાટકનો આખો ભાગ ભજવાયે જ જતો. (જુઓ આ સાથે પાછળ આપેલ રંગમંચનું રેખાચિત્ર). નીચેના ભાગમાં તબેલો, ઘર, ગામ, શેરી, મંદિર અને મહેલ અને એની ઉપર પહાડ અને ઉદ્યાન આવી જતાં. ત્યાં ઉગેલી ખજૂરી અને લીંબડાની કુદરતી ઘટાઓ સુરમ્ય દેખાતી હતી. મશીનરીનાં બોખાં અને કન્તાનમાંથી ખરેખર એક અજબ સૃષ્ટિ સર્જવામાં આવી હતી."

અને પ્રસ્તુત નાટકની વસ્તુ અંગે શું કહેવું? મને આજનાં નાટકની 'ટેક્નીક'ની બહુ ખબર નથી, પ્રસ્તુત નાટક જેટલું શ્રાવ્યસુન્દર છે તેટલું જ દૃશ્યસુન્દર છે કે નહિ તે કહેવાની સ્થિતિમાં હું નથી, કારણ કે નાટક ભજવાતું મેં જોયું નથી. પણ ઇસુખ્રિસ્તના જીવનથી હું વર્ષોથી સુપરિચિત છું. મેં ઘણાં વર્ષો પહેલાં તેના જીવનના અન્તિમ વિભાગનો અનુવાદ કર્યો હતો. બાઇબલનો ન્યુ ટેસ્ટામેન્ટ વિભાગ જેમાં ઇસુનું ચરિત્ર જુદાં જુદાં ચાર પ્રકરણોમાં નિરૂપિત કરવામાં આવ્યું છે તે પણ અભ્યાસની દૃષ્ટિએ મેં વાંચ્યું છે ઇસુ વિષે દિલ હંમેશાં ઊંડો આદર સેવતું રહ્યું છે. આમ ઇસુ વિષે ઠીક ઠીક અભિજ્ઞ હોવાનો દાવો કરતા મને પ્રસ્તુત નાટકનાં સર્વ અંગઉપાંગમાં તેમજ નાના મોટા સંવાદોમાં ન્યુ ટેસ્ટામેન્ટ સમ્યક્ પ્રકારે પ્રતિબિંબિત થતું લાગ્યું છે. ભાષા પણ સાદી, સરળ, અને તળપદી રહી છે અને બાઇબલના ભાવો સાથે પૂર્ણ સંવાદી બની છે. પ્રસંગોની ચૂંટણી પણ યથોચિત કરવામાં આવી છે—સિવાય કે મને લાગે છે કે ગિરિપ્રવચન—Sermon on the Mount—નો વિભાગ દૃષ્ટતત્ત્વના ભોગે પણ—સવિસ્તર રૂપમાં આપવામાં આવ્યો હોત તો વધારે સારૂં થાત. આવી જ રીતે છેવટનો ક્રુસારોહણનો પ્રસંગ બહુ જ ટુંકાણમાં પતાવવામાં આવ્યો છે તેને મારા અભિપ્રાય મુજબ વિસ્તૃત આકારમાં રજુ કરવો જોઇતો હતો, કારણ કે આ પ્રસંગ આખરે ટોચનો પ્રસંગ છે. તેમાં કરૂણાની જે જમાવટ થવી જોઇએ એ જમાવટ, પ્રસ્તુત પ્રસંગ જોતજોતામાં પૂરો થઇ જતો હોઇને, થતી નથી અને છેવટે જોવાનું કાંઇક અધુરૂં રહી ગયું એવી અતૃપ્તિપૂર્વક નાટક આપણે પૂરૂં કરીએ છીએ પણ આખરે સમગ્ર નાટકનો વિચાર કરતાં આ ગૌણ બાબતો છે. નાટક જેવું રચવામાં આવ્યું છે તેવું ખરેખર સમગ્ર—સુન્દર છે અને વાંચવું શરૂ કર્યા બાદ છેડે પહોંચ્યા સિવાય વાંચનાર માટે બીજો કોઇ વિકલ્પ રહેતો નથી. કોઈ ઠેકાણે નથી અનુભવાતો અચકાટ કે ખચકાટ. બાઇબલને એટલે કે ન્યુ ટેસ્ટામેન્ટને તેમણે આ નાટકમાં આબાદ રીતે ઉતાર્યું છે. નાટકની પંક્તિએ પંક્તિએ બાઇબલની પંક્તિઓ યાદ આવ્યા કરે છે, અને આખું નાટક પૂરૂં કરતાં ઇશુની પ્રભાવશાળી જીવનપ્રતિભાનું આપણા ચિત્ત ઉપર એક સુન્દર ચિત્ર સુચંકિત થાય છે. આ નાટક લખવા માટે તેમજ તેને આટલો બધો પરિશ્રમ ઉઠાવીને રંગભૂમિ ઉપર ઉતારવા માટે શ્રી લીનાબહેન તથા શ્રી ફ્રેનીબહેનને ગુજરાતી ભાષાભાષી વિશાળ સમાજના અનેક ધન્યવાદ ઘટે છે.

પરમાનંદ

માનવતાદ્યોતક એક મધુર ઘટના

એક મિત્રનો પુત્ર પોતાનો અભ્યાસ યશસ્વી રીતે પૂરો કરીને અમેરિકાથી થોડા સમય પહેલાં પાછો ફર્યો. તેની પાસેથી તેના અનુભવની એક સુભગ વાર્તા જાણવા મળી.

તે અમેરિકાના એક ઘણા મોટા શહેરમાં ભણતો હતો. ક્રીસમસની આગળના દિવસની રાત હતી. રાત્રીના દશ વાગ્યા લગભગ તે ફરવા નીકળેલો. તેવામાં રસ્તા ઉપર તેની બાજુએ થઇને એક અમેરિકન યુગલ પસાર થઇ રહ્યું હતું. તેઓ એક બાળકને બાબાગાડીમાં બેસાડીને જાહેર રસ્તા ઉપર ફેરવી રહ્યાં હતાં. ક્રીસમસના કારણે આખા શહેરને રોશની વડે સુશોભિત કરવામાં આવ્યું હતું. આ વિદ્યાર્થી યુવાને પેલા અમેરિકન યુગલને ઔપચારિક રીતે અભિવાદન કરતાં જણાવ્યું કે "આપ આપના આ બાળકને રોશની દેખાડવા માટે આ રીતે લઇને ફરવા નીકળ્યા લાગો છો." તેમણે સંમતિસૂચક સ્મિત કર્યું. યુવાને તેમને ઉદ્દેશીને વિશેષ જણાવ્યું કે "આજ કરતાં આવતી કાલે રાત્રે રોશની ઘણા વધારે પ્રમાણમાં હશે અને તેથી વધારે જોવા જેવી હશે, પણ આવતી કાલે લોકોની ખૂબ ભીડ હશે. તો આપ આ રીતે બાબાને બાબાગાડીમાં બેસાડીને આવતી કાલે ફરી નહિ શકો." આ સાંભળીને પેલા બે જણમાંથી એકે તે યુવાનને જરા બાજુએ લઇને કહ્યું કે "આ બાળક અમારૂં નથી. આ તો રાત્રીના અમે ફરવા નીકળ્યા અને રસ્તામાં પોલીઓની હોસ્પીટલ આવી તો અમને થયું કે ત્યાંથી એકાદ બાળકને બાબાગાડીમાં બેસાડીને ફરવા લઇ જઇએ અને રોશની દેખાડીએ. થોડી વારમાં તેને પાછું હોસ્પીટલમાં પહોંચાડી દઇશું." આ સાંભળીને પેલા અમેરિકન યુગલના આ પ્રકારના વત્સલભાવથી આ યુવાન વિદ્યાર્થી અત્યન્ત પ્રભાવિત બન્યો.

કોઇ પુષ્પની સુવાસની માફક આ પ્રસંગમાં રહેલી સુવાસની પ્રતીતિ કરાવવા માટે કોઇ ટીકા ટીપ્પણની જરૂર નથી. પરમાનંદ

મુંબઇ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫—૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.
મુદ્રણસ્થાન 'ચંદ્ર પ્રિં. પ્રેસ, ૪૫૧ કાલબાદેવી રોડ, મુંબઇ ૨. ટે. નં. ૨૯૩૦૩

રજીસ્ટર્ડ નં B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૧ : અંક ૧૯

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, ફેબ્રુઆરી ૧, ૧૯૬૦, સોમવાર
આફ્રિકા માટે શીલિંગ ૮

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : નયા પૈસા ૨૦

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

ધર્મ વિચાર : ૧

(ધર્મ અને લોકશાહી આ બે વિષયો આજે સૌથી વધારે ચર્ચાસ્પદ બનેલા છે, અને આ બે વિષયો અંગે નાનેથી મોટા સૌ કોઇ કંઇ ને કંઇ વિચારો ધરાવતા હોય છે, જે એકથી બીજા છેડા સુધીના હોય છે. અહિં આપણને ધર્મવિચાર પ્રસ્તુત છે. કોઇ ધર્મને માનવી સમાજ માટે અનિવાર્ય માને છે તો કોઇ તેના ઉચ્છેદને માનવી જીવનના ઉત્કર્ષ માટે આવશ્યક લેખે છે. કોઇ ધર્મ કેવળ વ્યક્તિગત બની ગયો છે એમ જણાવીને તેને સામાજિક બનાવવા માગે છે તો કોઇ સંપ્રદાયના પાયામાં રહેલ ધર્મવિચારને અલગ કરીને તથા સંપ્રદાયને નાબુદ કરીને ધર્મને વિશાળ અર્થમાં સમજવાનું તથા સ્વીકારવાનું કહે છે. આમ ધર્મતત્વ અંગે ભિન્ન ભિન્ન વિચારણાઓ આપણને પ્રાપ્ત થાય છે.

કલકત્તા ખાતે તરૂણ સંઘના આશ્રય નીચે ગયા નવેમ્બર માસની ૭મી તથા ૮મી તારીખે 'ધાર્મિક ક્રાન્તિ' એ વિષય ઉપર એક પરિસંવાદ યોજવામાં આવ્યો હતો. આ પરિસંવાદને ગતિમાન કરવા માટે તરૂણ સંઘના પ્રમુખ કાર્યકર અને સામાજિક પ્રશ્નો અંગે સતત ચિન્તનશીલ શ્રી. ભંવરમલ સિંઘીએ પ્રસ્તુત વિષય પરત્વે પોતાની વિચારભૂમિકા રજુ કરતો એક પરિપત્ર પ્રસ્તુત પરિસંવાદમાં ભાગ લેવા માટે નિમંત્રિત વ્યક્તિઓ ઉપર મોકલ્યો હતો. આ પ્રમાણે યોજાયેલ પરિસંવાદનું પ્રમુખસ્થાન કાકાસાહેબ કાલેલકરે શોભાવ્યું હતું અને દાદા ધર્માધિકારી, ડૉ. ભગવતશરણ ઉપાધ્યાય, અધ્યાપક ગોરા, અધ્યાપક શ્રી. નિર્મળકુમાર બોઝ તથા શ્રી. પૂર્ણચંદ્ર જૈને આ પરિસંવાદમાં પોતાના વિચારો રજુ કર્યા હતા. પ્રસ્તુત પરિસંવાદની ચર્ચા નીચેના ત્રણ પ્રશ્નોને કેન્દ્રમાં રાખીને કરવામાં આવી હતી :—

(૧) ધર્મ શું છે અને તેની જરૂર ખરી ?

(૨) શું ધર્મ અને સમાજવ્યવસ્થા વચ્ચે આન્તરિક વિરોધ છે ?

(૩) ધાર્મિક સંગઠનો અને સાધુસંસ્થાની જરૂર છે ?

આ પરિસંવાદમાં જે ચર્ચા વિચારણા થઇ તેથી પ્રેરાઇને પ્રબુદ્ધ જીવન'ના વાંચકોને ધર્મતત્ત્વનો અનેક દૃષ્ટિકોણથી વિચાર કરવાની તક મળે એ હેતુથી એ વિષયને લગતી એક લેખમાળા પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ કરવાનું વિચારવામાં આવ્યું છે. તેની શરૂઆત આપણે શ્રી. ભંવરમલજીના ધર્મ અંગેના ઉગ્ર અને મધ્યમ કોટિના વિચારોને રજુ કરતી ઉપર જણાવેલ વિચાર-ભૂમિકાથી કરીશું. અને ત્યાર બાદ એ પરિસંવાદમાં રજુ કરવામાં આવેલાં કાકાસાહેબ કાલેલકર તથા દાદા ધર્માધિકારીનાં પ્રવચનો અને તે પછી વિનોબાજીએ આ જ વિષયને અમુક મર્યાદામાં સ્પર્શતું અન્યત્ર કરેલું પ્રવચન હવે પછીના અંકોના ક્રમશઃ પ્રગટ કરવામાં આવશે. **પરમાનંદ**)

ધર્મ અને ક્રાંતિ, એ બે શબ્દો જુદા જુદા સ્વભાવના હોય એમ લાગે છે; કારણ કે આજ સુધી એમ જ મનાતું આવ્યું છે. માનવીએ સામાજિક, આર્થિક અને રાજનૈતિક વિચારોમાં નિરંતર વિકાસ સાધીને નવો ઇતિહાસ રચ્યો; પરંતુ ધર્મનો ઇતિહાસ મૂળે આજે પણ, જેવો શરૂઆતમાં હતો, એવો જ ચાલ્યો આવે છે. **ધર્મનાં મૂળ આજે પણ એ જ અજ્ઞાન અને વહેમમાં રહેલાં છે, જેમાં એનો ઉદય થયો હતો.** જ્ઞાનનો સ્વભાવ સતત પરિવર્તન અને પ્રગતિ છે; જ્યારે અજ્ઞાન હમેશાં, પોતાની હસ્તી ટકાવી રાખવા માટે, જડ બની રહેવા ઇચ્છે છે. ધર્મે પોતાની જાતને સનાતન, શાશ્વત અને અપરિવર્તનશીલ બનાવી રાખવા માટે, પોતે અપૌરૂષેય વાણીથી ઉત્પન્ન થયેલ છે એવી ઉદ્‌ઘોષણા કરી. ઇશ્વર એ અવિનાશી, અવિકારી અને અપરિવર્તનકારી તત્ત્વ છે; એની સાથે પોતાની જાતને જોડી દઇને ધર્મે અપરિવર્તનશીલતાને જ પોતાનો ગુણ માની લીધો. આ ઉપરથી જ એમ ફલિત થયું કે ધર્મ પોતાની જાતને બુદ્ધિથી તપાસી–પારખી શકાય એવી ચીજ નથી માનતો. ધર્મની આ ભૂમિકા આજ સુધી ટકી રહેલી છે.

ધર્મનાં બંધને–પવિત્ર બંધને–માનવીનાં મન અને બુદ્ધિને આજે પણ બાંધી રાખેલાં છે. એ બંધનનું સ્વરૂપ ભલે યુગ-ક્રમે બદલાતું દેખાતું રહ્યું હોય, પણ એનો મૂળ આધાર તો હજારો વર્ષ પહેલાં હતો એ જ છે. જ્યારે પણ ધર્મમાં સુધારો કરવાની વાત આવી, તો સુધારકોએ આ બંધનોની નવી વ્યાખ્યા કરી અને નવી પરિસ્થિતિમાં એના નવા અર્થો કર્યા; એનો છેક મૂળ-માંથી ત્યાગ ન કર્યો. એનું જ એ પરિણામ છે કે આજે પણ ધર્મના બંધને જ માનવીને સૌથી વધારે જકડી રાખ્યો છે.

એ સાચું છે કે સામાજિક–આર્થિક બાબતોમાં વિજ્ઞાને માનવીની જીવનસરણીને સાવ બદલી નાખી છે, એના ઉપરનું ધર્મનું બંધન પણ ઢીલું પડી ગયું છે, અને તેથી જ ધર્મે હવે આ ક્ષેત્રો ઉપરથી પોતાનું નિયંત્રણ જાણે હટાવી લીધું છે, પરંતુ જીવનની આ લોકને સ્પર્શતી બાબતોથી વેગળા થઇને હવે એણે માનવીના વિચારોને આત્મા અને પરલોકની સાથે જોડી દઇને, એમને (વિચારોને) જકડી લીધા છે. આ બંધનના કારણે માનવીની પ્રગતિ થંભી ગઇ છે. આ બંધનોની જેલના દરવાજાની ચાવીઓ ધર્મગુરૂઓની પાસે છે, જેઓ કોઇ રીતે એ દરવાજાને ઉઘાડવા તૈયાર નથી; કારણ કે જો એ જેલના દરવાજા ઉઘડી જાય તો પછી તેઓ કયાં રહે ? આ જેલને એમણે એવાં લોભામણાં કલ્પના–ચિત્રોથી શણગારી રાખી છે કે માનવી બંધનને જ આત્મ–મુક્તિ અને આત્મોન્નતિનું પગથીયું માની લે છે !

આ બંધનને કારણે માનવીના વિચાર–સ્વાતંત્ર્યનો નાશ થયો છે, અને થઇ રહ્યો છે. સામાજિક બાબતોમાં જ્યારે જ્યારે

ક્રાંતિની વાત આવી તો ધર્મગુરુઓએ, શાસ્ત્રોની આજ્ઞા આગળ ધરીને નવા વિચારોનો વિરોધ કર્યો: અને એમનું સૌથી મોટું પ્રચારસૂત્ર રહ્યું છે: "ધર્મ ભયમાં છે!" આ ભયની સામે ધર્મ-ભીરુ બની ગયેલા માનવીના વિચારોને સ્વતંત્ર થવાનો અવસર જ ન મળ્યો. માનવ-ઇતિહાસમાં આવી સ્થિતિ આપણને વારંવાર જોવા મળી છે. ધર્મને નામે માનવીને સત્ય અસત્યની બાબતમાં બુદ્ધિપૂર્વક વિચાર કરવાની છૂટ જ ન હતી. મહાત્મા ટૉલ્સ્ટોયે કહ્યું છે એ પ્રમાણે, માનવીએ પોતાના ઘર અને કુટુંબની વ્યવસ્થા, વ્યાપાર-વ્યવસાયનું સંચાલન, રાજનૈતિક કાર્યો અને વૈજ્ઞાનિક તેમ જ કળાવિષયક પ્રશ્નોની બાબતમાં બુદ્ધિથી કામ લીધું, પરંતુ જ્યારે પણ ધર્મની બાબત આવી કે એની સ્વતંત્ર બુદ્ધિ ઉપર અંકુશ મૂકી દેવામાં આવ્યો. અને એને ભારપૂર્વક કહેવામાં આવ્યું કે ધર્મ-ગ્રંથોમાં એટલે કે શાસ્ત્રોમાં જે સત્યનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે, એને જ શ્રદ્ધ પૂર્વક માનીને એણે ચાલવું. આ શાસ્ત્રોએ માનવ પ્રગતિમાં જે વિઘ્ન નાખ્યું છે, અંતું ખૂબ સુંદર દિગ્દર્શન શ્રી જવાહરલાલ નેહરૂએ પોતાના વિશ્વ-ઇતિહાસને લગતા પુસ્તકમાં કરાવ્યું છે. તેમણે કહ્યું છે કે-"એ ધર્મશાસ્ત્રો આપણને દુનિયાના એ યુગની વાત કહે છે કે જ્યારે એ લખાયાં હતાં. એ યુગનાં વિચારો અને પ્રથાઓનું એ પ્રતિપાદન કરે છે. એમાં ધર્મની વાતો હોવાને કારણે એમ કહેવામાં આવે છે કે, ભલે દુનિયા ગમે તેટલી બદલાઇ જાય, ણ આ પ્રથાઓ અને વિચારોમાં પરિવર્તન કરવાનો આપણને કાંઇ અધિકાર નથી."

તેથી જ, આ ધર્મનું બંધન માનવ-પ્રગતિમાં ભારે વિઘ્ન નાખી રહ્યું છે, અને જ્યાં લગી આ બન્ધનને ધરમૂળથી ઉખાડી ફેંકવામાં ન આવે, ત્યાં લગી સાચા અર્થમાં પ્રગતિ અસંભવ છે. સ્વ. શ્રી કિશોરલાલ ઘનશ્યામ મશરૂવાળાએ 'સમૂળી ક્રાંત' પૃ. ૬ માં સાચું કહ્યું છે કે "માનવીના અને સમાજના જીવન અને વ્યવહારમાં ધરમૂળથી ક્રાન્તિ કરવી હોય તો, સૌથી પહેલાં એની ધાર્મિક માન્યતાઓમાં પરિવર્તન કરવાની જરૂર છે." અને આ ધરમૂળથી ક્રાન્તિ કરવાને માટે આપણે ધર્મના ઉદય અને એના આજ સુધીના વ્યવહારની, ઐતિહાસિક દૃષ્ટિએ, પરીક્ષા કરવી જોઇએ; એમ કર્યા વગર આપણા ક્રાંતિકારી વિચારો ઉપર ઉપરના સુધારાઓ સુધી જ મર્યાદિત રહી જશે.

ધર્મને નામે આજ આપણને જીવનની જે બૌદ્ધિક ભૂમિકા ઉપર રહેવાનું કહેવામાં આવે છે, અને એને માટે હજારો તીર્થંકરો શાસ્ત્રો, ગુરુઓ વગેરેની દુહાઇ આપવામાં આવે છે, સંભવ છે કે, જેમનું વિસર્જન કરવાની જરૂર પડે. એ બનવા જોગ છે કે આ વાત, પોતાના હાથે પોતાના શરીરને કાપવા જેવી કડવી અને ભયાનક લાગે; પણ એમ કર્યા વગર આપણે ધર્મના જડ બંધનમાંથી નીકળી જ ન શકીએ. ધર્મનાં આ બંધનોને કારણે આજ લગી માનવજાતિ ખંડ-ખંડ થતી રહી છે, યુદ્ધના દાવાનળમાં ઓરાતી રહી છે અને વિચારોની જડતાને કારણે ચેતનહીન બનતી રહી છે.

મહાપુરુષો થયા, જેમને ધર્મ-સુધારક તરીકે બિરદાવવામાં આવ્યા, પરંતુ એમણે પણ મૂળ ઉપર કુઠારાઘાત ન કર્યો; ઉપર ઉપરથી કેટલાક સુધારા અને પરિવર્તનની વાત કરી; પરસ્પરમાં સહિષ્ણુતાનું વાતાવરણ પેદા કરવાનો ઉપદેશ આપ્યો; જુદા જુદા ધર્મોએ આપસઆપસમાં લડવું ઝઘડવું નહીં એમ કહ્યું; પરંતુ ધર્મની મૂળ જડ દૃષ્ટિનો વિરોધ તો એમણે પણ ન કર્યો બધા ધર્મોના સિદ્ધાન્ત સારા છે, અને બધામાં સુમેળ સાધીને ચાલવામાં માનવીનું કલ્યાણ છે. એમ કહીને કામ પતાવવામાં આવ્યું. આથી સ્થિતિમાં કોઇ ફેર ન પડ્યો. જડતાની આ સ્થિતિએ માનવીને એટલો બધો જકડી રાખ્યો છે કે એમાંથી બચવાની ભાવના નામશેષ જેવી થઇ ગઇ, અને એટલું બધું અજ્ઞાન પેદા થઇ ગયું કે રોજેરોજ જીવનમાં એ જે તથ્યોને અને માનવ-પ્રવૃત્તિઓને જુએ છે, બરોબર એનાથી ઊલટાં તથ્યો ઉપર ભાર આપવાવાળા વિચારોનો-અને સિદ્ધાંતોનો પણ-અર્થો બંધ કરીને, સ્વીકાર કરી લે છે, અને આ અજ્ઞાનથી ભરેલી દૃષ્ટિનું ગૌરવગીત ગાયા કરે છે ફક્ત અટલા જ માટે એની સાથે ધર્મનું નામ સંકળાયેલું છે!

આ ધર્મથી સમાજનું કામ નથી સર્યું, રાજનીતિનું કામ નથી સરતું, વ્યાપાર-વ્યવસાય અને અર્થોપાર્જનમાં એનો ઉપયોગ નથી થઇ શકતો, વિજ્ઞાને પ્રગટ કરેલાં તથ્યોને એની મારફત સાબિત નથી કરી શકાતાં; એટલે તો ધર્મે આ બધાંથી જુદા પડીને, પોતાની જાતને માનવીના આત્મા સાથે જોડી દઇને, એ શાસ્ત્રીય દર્શનનો બચાવ કરવામાં પોતાની ચરિતાર્થતા માની લીધી કે જેનો આપણા જીવન ।। વાસ્તવિકતાઓ સાથે કશો જ સંબંધ નથી. સામાજિક, આર્થિક અને રાજકીય જીવનમાં વધી રહેલી ધર્મ-વિમુખતાના યુગમાં ધર્મ કેવી રીતે ટકી રહે, અને એમાં જામી ગયેલાં સ્થાપિત હિતો-સાધુઓ, મહાત્માઓ અને આચાર્યો-કેવી રીતે પોતાનો દબદબો જાળવી રાખી શકે, એનો વિચાર કરીને એમણે ધનવાનો અને રાજ્ય કરવાવાળા લોકોને પોતાના રખેવાળ બનાવી દીધા.

આ ધર્મવાળાઓ માનવીની સ્વતંત્ર વિચારશક્તિ અને એનાંથી પેદા થતી બળવાખોર વૃત્તિને દબાવી રાખવાને માટે નિત-દિવસ મુક્તિ અને આત્મોન્નતિના ગોરખધંધામાં (એક ને એક વાતનું રટણ કર્યા કરવાની પ્રક્રિયામાં લાગ્યા રહે છે, અને પાપ-પુણ્યની-ભયાનક કે લોભામણી-પરલોક સંબંધી વ્યાખ્યા કરીને માનવીને ભયભીત બનાવી મૂકે છે, કે જેથી એ કયારેય સ્થાપિત હિતો દ્વાન કરવામાં આવતા શોષણની સામે માથું ઊંચકવાનો વિચાર જ ન કરી શકે; અને આના બદલામાં ધનવાનો અને રાજ્યકર્તાઓ એમને પ્રોત્સાહન આપતા રહે છે; એમને માટે મંદિરો, મઠો અને તીર્થધામો ઉભાં કરતા રહે છે, તેમ જ દરેક પ્રદ્ધાનના આડંબરને ટકાવી રાખે છે.

ઇતિહાસ એ વતનો સાક્ષી છે કે ધન, રાજ્યસત્તા અને ધર્મના વચ્ચે હંમેશાં અખંડ એકતા રહી છે; એમને એકબીજાની મદદ મળતી રહી છે. આ સ્વાર્થી એકતા કે ષડ્યંત્ર મારફત માનવીને પૂરેપૂરો દબાવવામાં આવ્યો છે. આ સ્વાર્થી એકતાએ સત્યના શોધ અને સત્યના આચરણ ઉપર ભાર આપ્યો, પરંતુ ધર્મની પ્રતિષ્ઠા અને આડંબરની રક્ષાને માટે મોટામાં મોટા અસત્યનો પ્રચાર કર્યો! જે ધર્મશાસ્ત્રોમાં સેંકડો-હજારો વર્ષોનું અસત્ય ભરેલું છે, એમને ઇશ્વરની રચના માનીને, માનવીની બુદ્ધિ એને સ્પર્શી ન શકે એમ પ્રતિપાદન કરીને, એમને ટકાવી રાખવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. આ લાંબા સમયના ષડ્યંત્ર કે સ્વાર્થી એકતાની સામે અવાજ ઉઠાવવો, એ અત્યારના યુગની માંગ છે એ નિશ્ચિત છે કે જો માનવીની બુદ્ધિને આ ધર્મબંધનની સાંકળોમાંથી મુક્ત નહીં કરવામાં આવે તો, અત્યારે સમાજમાં જે અજ્ઞાન અને વહેમોથી ભરેલી સાંપ્રદાયિકતા પ્રવર્તી રહી છે એમાં ભગવાન કે ઇશ્વરનો અવતાર માનીને ઇશ્વરના આરોપવાદ તથા ભક્તો જે પાખંડ-લીલા ચલાવી રહ્યા છે, એનો અંત નહીં આવી શકે.

મૂળ હિંદી : **ભંવરમલ સિંઘી**

અનુવાદક : **રતિલાલ દીપચંદ દેસા**

★ ગિરિપ્રવચન ★

(જેવું સ્થાન ભગવદ્ ગીતાને હિન્દુ ધર્મમાં છે, તેવું સ્થાન 'સર્મન ઓન ધી માઉન્ટ'ને–ગિરિપ્રવચનને–ખ્રિસ્તી ધર્મમાં છે, અને એમ છતાં જેવી રીતે ગીતા આજે સર્વમાન્ય સર્વ–આદરણીય બનેલ છે તેવી રીતે આ ગિરિપ્રવચન પણ અનેક ખ્રિસ્ત–અખ્રિસ્તી લોકો માટે પ્રેરક અને આદરણીય બનેલ છે. ગિરિપ્રવચન એટલે કોઇ પણ ગામની નજીકમાં આવેલા કોઇ ટીંબા–ટેકરા ઉપર બેસીને ઇસુ ખ્રિસ્તે પોતાની આસપાસ વીંટળાઇને બેઠેલા અનુયાયીઓને આપેલો ધર્મઉપદેશ અથવા તો કરાવેલું જીવનદર્શન. ભાઇબલ મહાભારત જેવો એક મોટો ધર્મગ્રંથ છે. તેના અન્ત ભાગમાં આવેલ એક વિભાગનું નામ છે ન્યુ ટેસ્ટામેન્ટ. તે ચાર ગોસ્પેલ–ધર્મોપદેશ–માં વહેંચાયેલ છે. આનાં નામ છે સેન્ટ મેથ્યુ, સેન્ટ માર્ક, સેન્ટ લ્યુક અને સેન્ટ જહોન. એક એક પ્રકરણ એટલે ઇશુ ખ્રિસ્તના ઉપર જણાવેલ એક એક મુખ્ય શિષ્યની ઇશુ ખ્રિસ્તના જીવન અંગેની સ્મરણનોંધ. પ્રસ્તુત ગિરિપ્રવચન સન્ત મેથ્યુની આ પ્રકારની સ્મરણનોંધમાંથી આપણને વાંચવા મળે છે.

આ ગિરિપ્રવચનનો અનુવાદ એક નાની સરખી પુસ્તિકામાં પ્રગટ થયેલો મારા જોવામાં આવ્યો. અનુવાદ સુન્દર અને સરળ લાગ્યો. પુસ્તિકાની છાપણી અને ઉઠાવ પણ સુરુચિપૂર્વકનાં જણાયાં. તે અનુવાદ મારા એક પુરાણા મિત્ર વીલેપારલે–નિવાસી શ્રી વિઠ્ઠલદાસ પુરુસોત્તમ દેસાઇએ કર્યો હોવાનું મારા જોવામાં આવ્યું અને મને ખૂબ આનંદ થયો. ગિરિપ્રવચનનો આ અનુવાદ પ્રબુદ્ધ જીવનના વાચકોને સુલભ બને એ હેતુથી પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ કરવા માટે મેં ભાઇશ્રી વિઠ્ઠલદાસની અનુમતિ માંગી અને આ મારી માંગણીનો તેમણે સહર્ષ સ્વીકાર કર્યો. પરિણામે તે અનુવાદ આભારની લાગણીપૂર્વક નીચે પ્રગટ કરવામાં આવે છે. અનુવાદ અનુષ્ટપ છંદમાં છે. તે શ્રી ચાર્લ્સ એન્ડ્રુઝના "સર્મન ઓન ધી માઉન્ટ" ઉપરથી કરવામાં આવેલ છે એમ અનુવાદક જણાવે છે. ગિરિપ્રવચન જેવો મહત્વપૂર્ણ કાવ્યાત્મક ધર્મોપદેશ આ રીતે ગુજરાતી પ્રજાને ચરણે ધરવા બદલ શ્રી વિઠ્ઠલદાસભાઇને ધન્યવાદ ઘટે છે. આ અનુવાદના પ્રારંભમાં જે પ્રાર્થના આપવામાં આવી છે તે અનુવાદકે પોતે રચેલ છે અને તે વિષે તેઓ જણાવે છે કે આ પ્રાર્થના ભાષાન્તર કરતાં કરતાં પોતાને સુઝી છે. પરમાનંદ)

પ્રાર્થના

હે પિતા! જગના ત્રાતા, તારું છે નામ પાવન, થાઓ તારું અહિં રાજ્ય, તારી ઇચ્છા પ્રમાણ હો.
આપજે શીલ સંતોષ, દેજે વાણી મનોહર, દંભથી રાખજે દૂર, ક્ષમા ને શાંતિ આપજે.
શ્રદ્ધા અને દયા દેજે, દેજે રક્ષણ સર્વને, કરજે સ્થિર તારામાં મારું ચિત્ત સદા પ્રભુ.
ઔદાર્ય પરના દોષે, સર્વત્ર સમતા તથા, આપજે પ્રેમ ને ભક્તિ, દયાળુ પરમેશ્વર.
તું છે દયાળુ, હું દીન, તુંમાં છે સર્વ શક્તિઓ, તું સુખ શાંતિનું ધામ, વિશ્વની આખરી ગતિ.

સંત મેથ્યુ : પ્રકરણ ૫

લોક સમૂહ ને જોઇ
ગિરિ માથે ગયા ઇસુ,
શિષ્ય સંઘ ગયો પાસે
ને બેઠો ભક્તિપૂર્વક. ૧

ઇસુએ બોલવા માંડ્યા
શબ્દો ગંભીર અર્થના,
"જે છે ગરીબ તે ધન્ય
તેને છે રાજ્ય સ્વર્ગનું. ૨

ધન્ય છે જે કરે શોક
એ તો શાંતિને પામશે,
જે છે વિનમ્ર તે ધન્ય,
છે એ વારસ ભૂલોકના. ૩

તલસે જે સત્યને માટે
જેને છે ભૂખ સત્યની,
એવા ક્ષુધાર્ત છે ધન્ય,
પૂરાશે માંગ એહની. ૪

જે છે દયાળુ તે ધન્ય
એવાઓ પામશે દયા,
ધન્ય જે અંતરે શુદ્ધ,
એને દર્શન ઇશનું. ૫

ધન્ય છે સ્થાપનારા જે
શાંતિ સંપ સુલેહના,
'પ્રભુના બાળકો આ છે'
કહેશે લોક એમને. ૬

ધન્ય છે સત્યને કાજે
જે સહે છે સતામણી,
માનો સ્વર્ગનું રાજ્ય
એવાઓનું જ નિશ્ચય. ૭

મુજ કાજે સહો જ્યારે
લોકો થકી સતામણી,
અપશબ્દો તથા નિન્દા
માનજો ધન્ય છો તમે. ૮

આનંદો, બદલો મોટો
પામશો પરલોકમાં,
પૂર્વે ભક્ત જનો નીય
સતામણી થઇ હતી. ૯

તમે છો લુણ પૃથ્વીનું
લુણ ખારાશ ખોય શે,
લુણ ખારાશ જે ખોય
શાથી એ ક્ષાર પામશે? ૧૦

એવું લુણ નથી લુણ,
નકામું એ ખરે બન્યું,
યોગ્ય છે તજવાને ને
કચડાવા પગો તળે. ૧૧

જગની છો તમે જ્યોત,
વિશ્વ તમે પ્રકાશ છો,
પૂરી ન રહે તે ઢાંકી
હોય જે શિખરે વસી. ૧૨

પેટાવી દીપને લોકો
ધટ નીચે ન મૂકશે,
મૂકે દીવી પરે જેથી
પ્રકાશે ગૃહમાં બધું. ૧૩

તમારી જ્યોત એ રીતે
પ્રકાશો સૌ સમક્ષ કે,
જુએ સૌ તમ સત્કાર્ય
ને ગાય સ્તુતિ ઇશની. ૧૪

આદેશો તેમ બુદ્ધોને
આવ્યો હું લોપવા નથી,
આવ્યો છું પાળવા સૌ એ
આવ્યો છું ન એ તોડવા. ૧૫

જ્યાં આકાશ ને પૃથ્વી
છતાંએ રજ જેટલાં,
ફરશે એ ન આદેશો
પૂર્ણ એ સૌ થતાં સુધી. ૧૬

કરે ભંગ કરાવે કે
આદેશોમાંથી એકનો,
અતિ ક્ષુદ્ર ગણાશે એ
પ્રભુના રાજ્યને વિશે. ૧૭

આદેશો પાળવા જે આ
યા પાળવા શીખાવશે,
કહેશે સૌ મહાં એને
પ્રભુના રાજ્યના વિશે. ૧૮

બાહ્ય આચારથી જો ના
વૃત્તિ અંતરની વધે,
તો કદી પ્રભુના રાજ્યે
પામશો ન પ્રવેશવા. ૧૯

કહેવાતું પહેલાં કે
હત્યા ન કરવી ઘટે.
જે હત્યા કરશે તેને
શિક્ષાનો ભય નિશ્ચય. ૨૦

કિન્તુ હું કહું છું તેને
શિક્ષાનો ભય નિશ્ચય,
કરશે ક્રોધ પોતાના
ભાઇની સાથ જે ખરે. ૨૧

જે તિરસ્કારથી કોઇ
પોતાના ભાઇને વિશે,
બોલે તેને વધારે છે
સાચે જ ભય દણ્ડનો. ૨૨

વળી જે આપશે શાપ
પોતાના ભાઇને ખરે,
ભય છે પડવા તેને
નર્કના અગ્નિને વિશે. ૨૩

ભેટ તું પ્રભુને દ્વાર
લાવ ત્યારે તને સ્મરે
(કે) ખટકો કો ભાઇને તારા
છે તુજ માટ અન્તરે. ૨૪

ફર પાછો તું રાખીને
પ્રભુને દ્વાર ભેટ એ,
ભાઇથી મેળ સાધીને
આવ ને ધર ભેટ એ, ૨૫

થા સંમત વિરોધીને
જો એના હો તું દોષમાં,
રખે સોંપે વિરોધી એ
ક જ આ ને અ દા લ તે. ૨૬

ચુકાદો જો પડે ઊંધો
બંદી થઇ રહીશ તું,
પછી ન છૂટવું શકય
પૂરી પાઇ દિધા સુધી. ૨૭

હશે સુણેલ આજ્ઞા કે
કરવો વ્યભિચાર ના,
પણ જે છે ખરે સાચું
તેને ધ્યાન દઇ સુણો. ૨૮

સ્ત્રીઓ પ્રત્યે કરે દૃષ્ટિ
વિચારો હવસી ધરી,
તેણે અંતરથી દોષ
કર્યો છે વ્યભિચારનો. ૨૯

જો તને જમણી આંખ
ચળાવે નિજ માર્ગથી,
તો એ આંખને ખોદી
તારે એ તજવી ઘટે. ૩૦

વિનાશ અંગ એકાદું
પામે તે યોગ્ય છે વધુ,
કિન્તુ સમસ્ત ના દેહ
નર્કના અગ્નિમાં પડો. ૩૧

એવો રિવાજ ચાલે છે
જે છૂટી લગ્નથી કરે,
પત્નીને આપવા તેણે
કરાર લગ્ન છેદના. ૩૨

પરંતુ હું કહું છું કે
એવકાશ ન હો છતાં,
છેદે જે લગ્ન, પત્નીને
પ્રેરે છે વ્યભિચારમાં. ૩૩

છે મુકાયલી નારી
તેવીની સાથ લગ્નથી,
જોડાય નર જે કોઇ
આદરે વ્યભિચાર એ. ૩૪

આવ્યું છે એ કહેવાતું
ખોટા ખાવા ન સોગન,
કિન્તુ ઇશ્વરને નામે
બોલી સોગન પાળવા. ૩૫

પરંતુ હું કહું છું કે
ખાવા સોગન ના કદી,
ન તો ઇશ્વરને નામે
ગળાના પણ ના વળી. ૩૬

ન ખાવા તીર્થને નામે
ન તો શિરનાય ના,
ન કોઇ વાળને ધોળા
કે કાળાય કરી શકે. ૩૭

હા કે ના એટલું માત્ર
કહેવું એ જ યોગ્ય છે,
એથી વધુ કહેવામાં
પાપમાં મૂળ છે રહ્યું. ૩૮

વળી તો તુકશાનીનું
કહે છે સાદું વાળવું,
આંખ તો આંખને સાટે
સાટામાં દાંત દાંતના, ૩૯

પરંતુ કરજો કોઇ
દુષ્ટતાનો ન સામનો,
જે મારે જમણે ગાલે
ડાબોય તેહને ધરો, ૪૦

ખમીશ તાહરું લેવા
જો કો જાય અદાલતે,
આપજે ડગલો તારો
કાઢીને એહને વળી. ૪૧

ચલાવે સાથ પોતાની
ફરજથી એક ગાઉ જો,
તો તું સંગાથમાં એની
બીજોએ ગાઉ ચાલજે. ૪૨

માંગે કો તાહરી પાસે
તેને તો આપવું ઘટે,
ઇચ્છે લેવા ઉછીનું કો
નહિં તેને નકારવો. ૪૩

વાતો એવી કહેવાતી
સુણી છે લોક પાસથી,
દેવો પ્રેમ પડોશીને
ને તિરસ્કાર શત્રુને. ૪૪

કહું છું હું તમોને કે
કરવો પ્રેમ શત્રુને,
આશિષો શાપનારાને
દ્વેષીનું ઇચ્છવું ભલું. ૪૫

ઇર્ષાપૂર્વક જે વર્તે
ને જે કરે સતામણી,
વાંછવા પ્રભુની પાસે
તેને સદ્‌બુદ્ધિ ને ભલું. ૪૬

સાધુ અસાધુને માથે
તપે છે સૂર્ય સારખો,
વર્ષે છે જલ સર્વત્ર
ન્યાયી અન્યાયીને શિરે. ૪૭

જે ચાહે, ચાહવા તેને
શું છે તેમાં નવું રહ્યું,
પિતા છે વિશ્વનો પૂર્ણ
એમ પૂર્ણ થવું ઘટે. ૪૮

સંત મેથ્યુ : પ્રકરણ ૬

ન દો સમક્ષ લોકોની
દાન જેથી જુએ બધાં,
ફળ તેનું ન તે આપે
પિતા જે ત્રણ લોકનો. ૧

તેથી જ્યારે કરો દાન,
વાજાંઓ ન વગાડવાં,
દંભથી કીર્તિના લોભે
ચૌટે અને સભામહીં. ૨

આપો જ્યારે તમે દાન,
ગુપ્ત તે આપવું ઘટે,
જે આપો જમણે હાથે
ડાબાને દે ન જાણવા. ૩

પ્રભુ એ જગનો તાત,
જાણે છે ગુપ્ત કર્મ સૌ,
આપશે બદલો એનો
ન ઇચ્છા ફળની છતાં. ૪

પ્રાર્થનાય કરો જ્યારે,
દંભીઓ સમ ના કરો,
એ સૌ તો ભજવા ઇચ્છે
મંદિરોમાં ઉભા ઉભા. ૫

જેથી ત્યાં આવતા લોકો,
એમને ભજતાં જુએ,
કહું છું તમને સાચે
ફળ એનું પામશે. ૬

પણ તમે ભલે જ્યારે
જાઓ એકાંત ખંડમાં,
ને પછી દ્વાર વાસીને
ભજજો શાંત ચિત્તથી. ૭

એ તાત પ્રભુ છે ગુપ્ત,
જુએ છે ગુપ્ત જે બધું,
છાનાં કરેલ કર્મોનાં
ફળો નિશ્ચય આપશે. ૮

શબ્દો ન એકના એક
બોલવા પ્રાર્થના મહીં,
અજ્ઞાની સમજે છે કે
ઘણું બોલે સુણે પ્રભુ. ૯

તેથી ન થવું એવાં,
કેમકે જગનો પિતા,
જાણે બધું વિના માગ્યે
શેનો છે તમને ખપ. ૧૦

કરવી પ્રાર્થના આમ,
"પિતા ઓ સ્વર્ગના દેવ,
તારું છે નામ પાવન,
રાજ્ય આવો અહીં તારું
તારી ઇચ્છા પ્રમાણ હો. ૧૧

આપજે રોજની રોટી,
માફ આમ કરજે ઋણ,
જે રીતે માફ દેવાંઓ
બીજાંના કરીએ અમે. ૧૨

રક્ષજે લાલચોથી તું,
પાપથી તું બચાવજે,
તારાં છે રાજ્ય ને સત્તા
સદા છે કીર્તિ તાહરી". ૧૩

કેમકે દોષ લોકોના
જો માફ કરશો તમે,
તમારાં કરશે માફ
ગુન્હાઓ વિશ્વનો પિતા. ૧૪

પરંતુ દોષ લોકોના
જો ન માફ કરો તમે,
તમારાંયે ગુન્હાઓ ના
કરશે માફ દેવ એ. ૧૫

કરો વ્રત વળી જ્યારે
દેખાવું ન ઉદાસ તો,
ભરેલાં દંભથી જેથી
જાણે સૌ કે કરો વ્રત. ૧૬

મળે છે ફળ એનુંયે,
છતાં જ્યારે કરો વ્રત,
થઇને સ્નાનથી શુદ્ધ
મસ્તકે તેલ નાંખવું. ૧૭

જેથી ન જનો જાણે,
કે તમે વ્રત ધાર્યું છે,
ન કશું પ્રભુથી ગુપ્ત
દેશે ગુપ્તનુંયે ફળ. ૧૮

ખજાનો ન સંઘરવો
સ્વકાજે ભૂમિમાં ભરી,
ઉધાઇ, કાટ કે ચોરો
એને નષ્ટ કરી શકે. ૧૯

ખજાનો પુણ્યનો પામી,
ભરવો પરલોકમાં,
એમાં ન ચોરની ભીતિ
ન ભીતિ, કાટ, જંતુની. ૨૦

તમારો છે ખજાનો જ્યાં,
ત્યાં ચોંટયું ચિત્ત તો રહે,
માટે ચોંટાડવું ચિત્ત
હંમેશાં પુણ્ય કાર્યમાં. ૨૧

આંખ છે દેહનું નૂર,
તેથી જો તમને હશે,
આંખ એક અને ન્યાયી
પૂરાશે દેહ તેજથી. ૨૨

પરંતુ તમ આંખોમાં,
હશે દોષ ભરેલ જો,
તો તમ દેહ સારોયે
વ્યાપશે અંધકારથી. ૨૩

તેથી પલટાય જો નૂર
દેહનું અંધકારમાં,
હશે ઘેરો અને ગાઢ
કેટલો અંધકાર એ. ૨૪

ન કોથી સેવવા શકય,
એક સાથે જ બે ધણી,
સંપત્તિ તથા પ્રભુને
ન સાથે શકય સેવવા. ૨૫

કરે જે એકનો દ્વેષ,
અન્યને પ્રેમ દાખવે,
એકનો જે કરે સંગ
તે રાખે દ્વેષ અન્યનો. ૨૬

કહું છું તમને તેથી,
કરો ચિંતા ન પ્રાણની,
ખાવા શું મળશે આજે
પીવા શું મળશે વળી ! ૨૭

કરો ન દેહની ચિન્તા,
કે એને કેમ ઢાંકશું,
પ્રાણથી શું વધે અન્ન
કે વસ્ત્રો દેહથી વધે ? ૨૮

જુઓ આકાશના પંખી,
ન વાવે બીજ કે લણે,
ન એકઠો કરી પાક
એને કોઠારમાં ભરે. ૨૯

છતાં પોષેછ પંખીને,
દિવ્ય એ વિશ્વનો પિતા,
તમારું એ વિહંગોથી
વધારે મૂલ્ય શું નથી ? ૩૦

કહો ચિન્તા કરેથી શું,
તમોમાંથી વધારવા,
ઊંચાઇને કદી કોઇ
શકત છો તમુ જેટલી ? ૩૧

કરો શું વસ્ત્રની ચિન્તા;
કેવાં છે કમળો જુઓ,
શ્રમ ન કરતાં કાંઈ
કાંતતા વણતા નથી. ૩૨

તમોને કહું છું કે,
જેવાં આ કમળો દિપે,
ન દીપે રાજવી તેવા
શણગારે ભલે બહુ. ૩૩

થવાનું ખાખ જે કાલે
તે ઘાંસ શોભવે પ્રભુ,
તે શું શ્રદ્ધાવિહોણા હો
તમને ઢાંકશે નહિ ? ૩૪

શું ખાશું, શું તથા પીશું,
ઢાંકશું કેમ દેહ આ,
એવા પ્રકારની ચિન્તા
ઘટે ન કરવી કદી. ૩૫

અજ્ઞાની પણ ઝંખે છે,
એમ તો વસ્તુઓ બધી,
તમને જોઇએ શું તે
જાણે છે દિવ્ય એ પિતા. ૩૬

શોધ તું પ્રભુનું રાજ્ય,
શોધ તું સત્ય વર્તન,
આપ મેળે તને આવી
મળશે વસ્તુઓ બધી. ૩૭

ન કર કાલની ચિન્તા,
પોતાનું કાલ જાણશે,
પર્યાપ્ત આજને માટે
આજની છે ઉપાધિઓ. ૩૮

મેથ્યુ : પ્રકરણ ૭મું

જોવા ન કોઇના દોષો,
જેથી કો ન જુએ તમ,
જેવી તમો કરો ટીકા
તેવી ટીકા જ પામશો. ૧

જે રીતના બીજા પ્રત્યે
ભરશો પગલાં તમે,
સામનો કરશે બીજાં
તમારો તે પ્રકારથી. ૨

જુએ છે ફાંસ શા માટે
આંખમાં ભાઇની તુજ,
ફાચર તો નથી જોતો
પડી જે તુજ આંખમાં. ૩

ફાચર આંખમાં તારી
ને તું કેમ કહી શકે,
"ફાંસ દે કાઢવા ભાઇ
પડી જે તુજ આંખમાં." ૪

પહેલાં તારી એ દૃષ્ટિ
ફાચર કાઢ આંખની,
ફાંસ તો તો જ દેખાશે
આંખમાં સ્પષ્ટ અન્યની. ૫

પવિત્ર વસ્તુ જે હોય
તે દેવી શ્વાનને નહિ,
રખેને એ વળે પાછો
ને ફાડી ખાય એ તને. ૬

ને તમારા ન મોતીઓ
ભૂંડોની પાસ વેરવા,
રખે એનો કરે ચૂરો
છુંદીને પગની તળે. ૭

માગ, ને એ તું પામીશ,
શોધ એ જડશે તને,
ઠોક સાંકળ દ્વારે ને
ખુલશે તુજ કાજ એ ૮

માંગેથી મળશે નકકી,
જડશે શોધનાર ને,
જે કોઇ ઠોકશે દ્વાર
એ તેને કાજ ખૂલશે. ૯

પુત્ર જો રોટલી માંગે,
ઢેકું શું આપશો તમે ?
વળી એ મત્સ્ય જો માંગે
શું તેને સર્પ આપશો ? ૧૦

તમે છો દોષથી પૂર્ણ,
છતાંયે બક્ષિષો ભલી,
તમારા બાળકોને જો
જાણો છો કેમ આપવી. ૧૧

ત્યારે તો કેટલી સારી,
તમારા દિવ્ય એ પિતા,
તમને બક્ષિષો આપે
માંગો જો એની પાસ તો! ૧૨

તેથી જેવું તમે ચાહો,
વર્તન અન્ય પાસથી,
એવી રીતે તમારેય
વર્તવું અન્યની પ્રતિ. ૧૩

અનાદિ કાળનો આ તો
નિયમ અવિચાલ્ય છે,
અટળ કાયદો આ છે
સંતોનો આ જ બોધ છે ૧૪

પ્રવેશવું સાંકડે દ્વારે,
કેમ કે છે વિનાશના
વિશાળ માર્ગને દ્વાર
જે વાટે જાય છે ઘણાં. ૧૫

જે છે સાંકડું દ્વાર,
જે છે માર્ગ સાંકડો,
તે છે જીવન દેનારો
શોધે છે વાટ કોક તે. ૧૬

જે ધારે વેષ મેંઢાનો,
અન્તરે જે વરૂ સમા,
એવા ધર્મ તણી વાતો
ચેતવું કરનારથી. ૧૭

ફળો એ દેય છે કેવાં,
જોઇને એમ ઓળખો,
શું કાંટા અંજીરો દેશે
કે થોર દ્રાક્ષ આપશે ? ૧૮

જુઓ, જે તરુઓ સારાં,
સારાં તે દેય છે ફળો,
તથા ખરાબ વૃક્ષો ને
ફળો ખરાબ આવશે. ૧૯

વળી ન તરુઓ સારાં,
ફળો ખરાબ આપશે,
ફળો ન પામશો સારાં
ખરાબ તરુઓ થકી. ૨૦

ફળો જે ન ધરે સારાં,
તે તરુ અગ્નિને વિશે
ભસ્મ કરાય છે કાપી;
ફળોથી સૌ જણાય છે. ૨૧

જેઓ માત્ર કરે બોલ્યા,
મને કહી "પ્રભુ! પ્રભુ!"
સ્વર્ગના રાજ્યમાં તે સૌ
પામશે ન પ્રવેશવા. ૨૨

પણ દિવ્ય પિતાની જે
ઇચ્છાનુસાર વર્તશે,
પ્રવેશ પામશે તે તો
સ્વર્ગના રાજ્યને વિશે ૨૩

તે દિને તો મને કહેશે,
"તારે નામે અમે પ્રભુ,
ભાખ્યા હતાં ઘણા ભાવી
બાધાઓ દૂર સૌ કરી,
આશ્ચર્યનાં ઘણાં કામો
કર્યાં'તા તુજ નામથી." ૨૪

ત્યારે કહીશ એવાને,
"તમોને જાણતો નથી,
થાઓ આ આંખથી દૂર
છો ખોટાં વર્તને તમો." ૨૫

તેથી જે વચનો મારાં
સાંભળી તેમ વર્તશે
ડાહ્યો એ છે ખરે બાંધ્યું
ઘર ખડકની પર. ૨૬

મેઘ તૂટે પૂરો આવે,
ધ્રુજે આવાસ વાયુથી,
ખડકો પર બાંધેલો
પડે આવાસ એ નહિ. ૨૭

ને સુણી વચનો મારાં,
તેમ જે વર્તશે નહિ,
એને તો સમજો મૂર્ખ
બાંધ્યું છે ઘર વાલુમાં. ૨૮

તૂટે મેઘ, પૂરો આવે,
ઘરને વાયુ ઝાપટે,
ઘર આખું પડીને એ
જમીન સરસું બને." ૨૯

સુણીને પ્રભુની વાણી,
ઠર્યાં આશ્ચર્યમાં જનો,
ગંભીર અર્થના શબ્દો
બોલાયા અધિકારથી. ૩૦

અનુવાદક : વિઠ્ઠલદાસ દેસાઈ

*

સંઘ દ્વારા યોજાયલો ચારણી સાહિત્યનો જલસો

તા. ૧૭-૧-૬૦ રવિવારના રોજ રાત્રીના સમયે શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી ન્યુ મરીન લાઇન્સ ઉપર આવેલા મનોહર'માં ભાવનગર બાજુના સુપ્રસિદ્ધ બાગેટ કવિ કશળસિંગ રૂપસિંગનો એક જલસો ગોઠવવામાં આવ્યો હતો. આ પ્રસંગે ચારણી લોકસાહિત્યમાં રસ ધરાવતાં ભાઇ બહેનોથી આખો હૉલ ચીકાર ભરાઇ ગયો હતો. રાત્રીનાં આઠ વાગ્યે જલસાની શરૂઆત કરવામાં આવી હતી. પ્રારંભમાં સંઘના મંત્રી શ્રી. પરમાનંદ કુંવરજી કાપડિયા તરફથી કવિશ્રીને સંઘ વતી આવકાર આપવામાં આવ્યો હતો અને તેમનો થોડો પરિચય આપીને ફુલહારથી તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. ત્યારે બાદ કવિશ્રીએ પોતાનો કાવ્યપ્રવાહ વહેતો કર્યો હતો. તેમનો બુલંદ છતાં કર્ણપ્રિય અવાજ, ઝડઝમકથી ભરેલી તાલબદ્ધ વાણી, અસ્ખલિતપણે વહી રહેલી પદ્યપંકિતઓ, શંકરનાં તાંડવને કે ગોપગોપીઓના રાસને મુર્તિમન્ત કરતી શ્રેણીબદ્ધ પદ્યરચનાઓ—આ વડે શ્રોતામંડળીને તેમણે લગભગ ત્રણ કલાક સુધી મંત્રમુગ્ધ બનાવી હતી. ઉપસ્થિત ભાઇ બહેનોને પૌરાણિક ભૂતકાળમાં તેમણે પ્રવેશ કરાવ્યો હતો અને અનેક રોચક કથાઓ અને દુહાઓ વડે સૌના મનનું તેમણે રંજન કર્યું હતું. અઢળાયલો જમાના ઉપર અનેક કટાક્ષો કરીને કાવ્યકથનમાં વિનોદની તેમણે પુરવણી કરી હતી. અન્તભાગમાં સંઘ તરફથી રૂા. ૫૧નો પુરસ્કાર તેમના ચરણે ધરીને સંઘે તેમના કવિત્વનો યથાશકિત પુરસ્કાર કર્યો હતો. સંઘના પ્રમુખશ્રી શ્રી. ખીમજી માડણ ભુજપુરિયાએ કવિશ્રીને સાંભળતાં પોતાને થયેલો અતિ આનંદ વ્યકત કરીને તેમનો આભાર માન્યો હતો.

વિનોબાજીના બચપણની કેટલીક વાતો

(તા. ૧૩-૧૧-૫૦ ના 'ભૂદાનયજ્ઞ'માંથી ઉધ્ધૃત અને અનુવાદિત)

સાંજનો સમય હતો. દુનિયામાંથી વિદાય થવા પહેલા સૂર્ય પોતાના અન્તિમ આલોક વડે પ્રકૃતિને આલેકિત કરી રહ્યો હતો. વર્ષા-સ્નાત પ્રકૃતિ નવ-સ્નાત બાળક પેઠે પ્રફુલ્લિત હતી. વિનોબાજી પોતાના બે સાથીઓને લઈને ફરવા નીકળ્યા. સંભવ છે કે પ્રાતઃકાળમાં મૂસલધાર વર્ષામાં કરેલી દશ માઇલની પદયાત્રા તેમને પર્યાપ્ત માલુમ પડી ન હોય. પશ્ચિમ ક્ષિતિજ તરફ જોતાંજોતાં તેમની વાણીમાંથી બચપણની સ્મૃતિઓની સરવાણી ફૂટવા લાગી. એમણે કહેવા માંડ્યું કે "સાંજના ફરવાની મારા મન ઉપર આધ્યાત્મિક અસર કાંઇક અધિક થાય છે. વડોદરામાં હું આ રીતે સાંજના વખતે કંઇ દૂર દૂર ચાલી જતો હતો. મિત્ર સાથે હોય તો પણ ઠીક, ન હોય તો પણ ઠીક. હું મારી પોતાની મસ્તીમાં જ નિમગ્ન રહેતો. શહેરથી પાંચ-છ માઇલ દૂર જઈને કોઇ ખેતરમાં બેઠો બેઠો આ તારો નીકળ્યો, પેલો તારો દેખાયો, આ રીતે આકાશ તરફ હું જોયા કરતો. મિત્ર સાથે હોય તો આધ્યાત્મિક ચર્ચા ચાલતી. તે વચમાં-વચમાં યાદ આપતો કે "ભાવ્યા, હવે ચાલો ઘર તરફ, રાત પડી ગઇ છે." પણ હું કોઇનું સાંભળતો નહોતો. મોટા ભાગે અમે રાત્રીના નવ-દશ વાગ્યે ઘેર પાછા ફરતા. કદિ કદિ અગિયાર પણ વાગી જતા.

"મા મારી રાહ જોતી જોતી બેસી રહેતી. તેને ખબર હતી કે જો તે પાસે બેઠી ન હોય તો 'વિન્યા' ખાવાનું ખાશે નહિ. ઘરવાળા મને સંભળાવતા હતા કે "તું મોડો પાછો આવે છે, તેથી માને ભારે તકલીફ પડે છે. તે કહે છે કે વિન્યો મને ખૂબ સતાવે છે. તે વખતસર ઘેર આવતો નથી." પણ હું જવાબ આપતો કે 'મને તો તે એમ કદિ કહેતી નથી.' મેં કદિ પણ એમની સૂચના ધ્યાનમાં લીધી નહિ, કે કદિ પણ મારી રીતભાતમાં સુધારો કર્યો નહિ, કારણ કે હું મારી આધ્યાત્મિક મસ્તીમાં ડુબેલો હતો. મા એમને જરૂર એમ કહેતી હશે, પણ મારી સાથે તો તે હંમેશા પ્રેમથી બોલતી. તે એટલું મધુર બોલતી કે અમૃતથી પણ મધુર."

* * *

"હું વડોદરા ગયો તે પહેલાં જ શ્રી અરવિન્દે વડોદરા છોડ્યું હતું. પણ તેઓ કદિ કદિ ત્યાં આવતા રહેતા હતા હું એમનું વ્યાખ્યાન સાંભળવા જતો. એ વખતે હું અંગ્રેજી નહોતો સમજતો. તેમનાં વ્યાખ્યાનોમાં વચ્ચે વચ્ચે 'સ્વદેશી', 'કર્મયોગિન્' જેવા કેટલાક શબ્દો આવતા હતા. તેટલા શબ્દો જ હું સમજતો હતો અને કેટલાક પાંચ છ અંગ્રેજી શબ્દો જાણતો હતો. પણ હું એવા તાનમાં હતો કે મને લાગતું કે હું બધું સમજું છું જ્યારે મેં પહેલી વાર 'જ્ઞાનેશ્વરી' વાંચી, ત્યારે હું એવી મસ્તીમાં હતો કે હું બધું સમજી ગયો છું એમ મને લાગતું. હવે એક છોકરો 'જ્ઞાનેશ્વરી'માં તે શું સમજે ? પણ શબ્દોનો અર્થ ભલે માલૂમ ન હોય, તો પણ ભાવ હૃદયમાં ઊંડાણથી ચાલ્યા જ કરતો હતો."

* * *

"બચપણમાં હું બહુ કડક હતો સ્વામી રામદાસના વચન ઉપરથી કોઇના પણ લગ્ન પ્રસંગનું ભોજન નહિ ખાવાનો મેં સંકલ્પ કર્યો હતો. ૧૯૧૬માં, ઘેર છોડ્યા પહેલા મારી બહેનનાં લગ્ન આવ્યા. એ વખતે પણ મેં માને કહી દીધું કે હું એ ભોજન નહિ લઉં. પહેલા દિવસે માએ મારા માટે જુદી રસોઇ કરી, અને ભોજનના સમયે મારી પાસે બેસીને તે પ્રેમપૂર્વક કહેવા લાગી કે 'વિન્યા, તારો સંકલ્પ મને મંજૂર છે. પણ લગ્નનું ભોજન ન ખાવાનો અર્થ એ છે કે મિષ્ટાન્ન ન ખાવું દાલ-ભાત ખાવામાં શું વાંધો છે ? ત્યાં પણ હું દાલ-ભાત બનાવું છું. અને અહિં પણ તારા માટે જુદાં દાલ-ભાત મારે જ બનાવવાં પડે છે. તો પછી ત્યાંના દાલ-ભાત તું શા માટે ખાઇ ન લે ?" મેં તેની વાત માની લીધી અને પછી એ ત્રણ દિવસ લગ્ન અંગે થતી રસોઇમાંથી મેં દાલ-ભાત ખાધાં. મારી મા ખૂબ કુશળ હતી. પહેલા દિવસે મારા માટે જુદાં દાલ-ભાત બનાવ્યાં. મારા વિચારને મંજૂર કર્યો અને વળી પોતાની વાત પણ મારી પાસે કબુલ કરાવી. અર્થાત્ તેણે પૂરું સત્યાગ્રહનું તંત્ર અપનાવ્યું. પ્રેમ હોય તો આ બધું સુઝે છે."

* * *

એક સાથીએ પૂછ્યું : "શું તમે ઉપનયન બાદ કદિ સંધ્યા વંદના કરી છે ?" વિનોબાએ કહ્યું : "નથી કરી. તેને બદલે હું રામદાસના 'મનોબોધે શ્લોક'નો પાઠ કરતો હતો." હું એમ કહેતો કે 'જે સંસ્કૃત શ્લોકોના અર્થ મને માલુમ નથી તે શ્લોકો હું શું કામ બોલું ?' 'મનોબોધે શ્લોક'ના અર્થ મને બરોબર માલુમ છે, અને તેથી હું તેનો પાઠ કરું છું. માએ મારી આ વાત માની લીધી હતી, પણ પિતાજીએ એ વાત સ્વીકારી નહોતી. મારી ઉપર અસર પડે એ માટે તેઓ પોતે સંધ્યા-વંદના કરતા હતા. તેઓ મને કહેતા હતા કે 'તું ઠીક કહે છે, પણ સંધ્યાનાં મંત્રોમાં કાંઇક છે.' હું પૂછતો કે એ 'કાંઇક' શું છે તે મને સમજાવો. એ સાંભળીને તેઓ કહેતા કે એ મને માલુમ નથી.

"જે દિવસે મારી માનો દેહાન્ત થયો, એ દિવસે મેં ઋગ્વેદ વાંચવાની શરૂઆત કરી. એમ તો એ ગ્રંથ મારી પાસે કેટલાય સમયથી પડ્યો હતો, પણ એ દિવસે એ ગ્રંથ મેં ઉઘાડ્યો. વેદાધ્યયન કરતાં મને માલુમ પડ્યું કે સંધ્યા-વંદના માટે જે મંત્રો પસંદ કરવામાં આવ્યા છે તે સૌથી વધારે સરસ છે. આમ છતાં, આજે પણ હું કોઇને સંધ્યા-વન્દના કરવા માટે કહેતો નથી. હું નથી માનતો કે આધ્યાત્મિક સાધના માટે સંસ્કૃત ભણવું જરૂરી છે. મરાઠીમાં સંતોએ જે ઉતાર્યું છે તે આપણા માટે પર્યાપ્ત છે, અને એમ છતાં એમાં કાંઈ ઊણપ લાગતી હોય તો તે, સંસ્કૃતનો અનુવાદ કરીને, મરાઠીમાં લાવી શકાય છે."

* * *

"હાઇસ્કૂલમાં દાખલ થતાં 'સેકન્ડ લેંગ્વેજ' –'ઇતર ભાષા' – ની પસંદગીનો સવાલ ઉભો થયો, મા ઇચ્છતી હતી કે હું સંસ્કૃત લઉં, અને પિતાજી ઇચ્છતા હતા કે હું ફ્રેંચ લઉં. પિતાજી વૈજ્ઞાનિક હતા. ભાજનના સમયે ચર્ચા નીકળી. પિતાજીએ કહ્યું : "ફ્રેંચ અને અંગ્રેજી – બે ભાષાઓ જાણવાથી આધુનિક જ્ઞાનનાં સર્વ પ્રવેશ-દ્વાર ખુલ્લાં જાય છે." માએ એ વખતે મૌન સેવ્યું. પછી હું નિશાળે ગયો અને ફ્રેંચ ક્લાસમાં મારું નામ લખાવી દીધું. નિશાળેથી પાછા ફરતાં માએ મને બોલાવ્યો અને મારી પાસે બેસીને પૂછ્યું : 'શું નક્કી કર્યું ?' મેં કહ્યું : જેમ નક્કી હતું તેમ બન્યું. મેં ફ્રેંચ લીધું.' એ સાંભળીને માએ એક જ વાક્ય કહ્યું : શું બ્રાહ્મણનો દીકરો સંસ્કૃત નહિ શિખે ?' મેં જવાબ આપ્યો : 'જો બ્રાહ્મણના દીકરા માટે સંસ્કૃતનું જ્ઞાન આવશ્યક હોય તો એ પણ મેળવી લેવાશે. પણ એ જ્ઞાન સ્કૂલમાંથી જ મેળવવાની જરૂર નથી. બહારથી કોઇ પણ રીતે એ જ્ઞાન હું મેળવી શકું છું.' માના એ એક જ વાક્ય ઉપર હું સંસ્કૃત શિખ્યો."

* * *

"બચપણમાં બાઇબલ શિખવાની હું વિરુદ્ધ હતો. અંગ્રેજોએ આપણા દેશ ઉપર તેમ જ ધર્મ ઉપર હુમલો કર્યો છે. આ બાબત ઉપર મને ખૂબ ગુસ્સો આવતો હતો. એક વખત હું એક મિત્રની સાથે ફરવા જઈ રહ્યો હતો. વરસાદના દિવસો હતા. વડોદરાનાં નાળાંઓમાં પાણી ભરાઇ ગયાં હતાં. મેં સહજભાવે મારા એ મિત્રને પૂછ્યું કે 'આ તારી પાસે શું છે ?' જેવું મને માલુમ પડ્યું કે તેના હાથમાં બાઇબલ છે કે તરત જ તેની પાસેથી એ પુસ્તક મેં ઝુંટવી લીધું અને નાળામાં ફેંકી દીધું. પછી કેટલાંક વર્ષ બાદ કોલેજમાં રસ્કિન અને મિલ્ટન શિખતી વખત માલુમ પડ્યું કે બાઇબલ જાણ્યા સિવાય તેમની કેટલીયે બાબતો સમજમાં આવી શકે તેમ નથી. ખાસ કરીને મિલ્ટન સમજવા ખાતર બાઇબલ વાંચવું શરૂ કર્યું અને 'ન્યુ ટેસ્ટામેન્ટ' (બાઇબલમાં આવતાં ઇસુ ખ્રિસ્તના ચરિત્રને લગતાં પ્રકરણો) ની મારી ઉપર ખૂબ અસર પડી. ત્યારે મને પસ્તાવો થયો કે આજ સુધી આ ચીજ મેં કેમ જાણી નહિ."

મૂળ હિંદી : **નિર્મળા દેશપાંડે**
અનુવાદક : **પરમાનંદ**

શિક્ષણસંસ્થાઓ અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ

એક બાજુએ આજની વધતી જતી મોંઘવારીમાં અનેક છાત્રાલયો અને શિક્ષણ સંસ્થાઓને ટકાવી રાખવાની મુશ્કેલી વધતી જાય છે, તો બીજી બાજુએ આવી સંસ્થાઓનો લાભ લઈને આગળ વધેલા અને વ્યવસાયી જીવનમાં સુખપૂર્વક સ્થિર થયેલા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના દિલમાં પોતપોતાની માતૃસંસ્થાને મદદરૂપ બનવાની ભાવનાનો કોઈ કોઈ ઠેકાણે ઉદય થયેલો જોવામાં આવે છે. આવા વિદ્યાર્થીઓ પોતપોતાની સંસ્થાઓને લક્ષ્યમાં રાખીને મંડળો સ્થાપે છે, અંદર અંદર સંગઠ્ઠન સાધે છે અને માતૃસંસ્થાના લાભમાં મનોરંજક કાર્યક્રમો કે નાટકો યોજીને અથવા તો ફંડફાળા કરીને સંસ્થાના ભંડોળમાં સારી એવી પુરવણી કરતા રહે છે. શિક્ષણસંસ્થાઓ અને છાત્રાલયોને આ રીતે એક નવું બળ મળે છે.

સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહ એક જાણીતી સંસ્થા છે. તેની કાર્યવાહી સાથે હું વર્ષોથી જોડાયેલો છું. આ સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ મળીને તા. ૩૧-૧-૫૪ના રોજ **'શ્રી સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહ ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળ'** સ્થાપેલું, જેની અમને કાર્યવાહકોને કોઈ જાણ નહોતી. આ મંડળ પરસ્પર પરિચય અને સંબંધ વધે એ હેતુપૂર્વક નાની મોટી પ્રવૃત્તિ યોજતું હતું. તે મંડળના અહેવાલમાં જણાવવામાં આવેલ છે તે મુજબ સંસ્થા પ્રત્યેનું ઋણ ચુકવવાની દિશાએ કાંઈક કરવું જોઈએ એવો તે મંડળના સભ્યોને આજથી દોઢેક વર્ષ પહેલાં એક દિવસ વિચાર આવ્યો. એ વિચાર સંસ્થાના લાભમાં એક મનોરંજક કાર્યક્રમ યોજવામાં પરિણત થયો, અને તા. ૧-૨-૫૯ના રોજ આ રીતે યોજાયેલા કાર્યક્રમ દ્વારા તેમણે રૂા. ૧૨૧૫૰ની રકમ એકઠી કરી અને તે સંસ્થાને ચરણે અર્પણ કરીને મંડળે કૃતકૃત્યતા અનુભવી. આ ઘટના ખાસ ઉલ્લેખપાત્ર એટલા માટે છે કે સંસ્થાના અમો કાર્યકર્તાઓ પ્રસ્તુત મંડળના કોઈ સીધા સંપર્કમાં નહોતા અને આ જે કાંઈ થયું તે અમારી કોઈ પ્રેરણાથી નહિ, પણ મંડળના કાર્યવાહકોની કેવળ સ્વયંસ્ફુર્ત ઇચ્છા અને પ્રયત્નમાંથી થયું હતું. એટલે સંસ્થાને થયેલી આ રકમની પ્રાપ્તિ કેવળ અણધારી અને તેથી સવિશેષ આવકારદાયક બની હતી.

આવી જ રીતે જૈન સમાજમાં જે બહુ જ જાણીતી સંસ્થા છે તે શ્રી મહાવીર જૈન વિદ્યાલયની ઇ. સ. ૧૯૩૫માં સ્થાપના કરવામાં આવેલી. આમાંથી પસાર થયેલા વિદ્યાર્થીઓએ ૧૯૨૬ની સાલમાં પોતાનું એક મંડળ ઉભું કર્યું. આ મંડળનું નામ છે **'ઓલ્ડ બૉયઝ યુનિયન.'** સંસ્થામાંથી જેમ જેમ વિદ્યાર્થીઓ પસાર થતા જાય છે તેમ તેમ આ યુનિયન વધારે ને વધારે સંગઠ્ઠિત અને સમૃદ્ધ બનતું જાય છે. આ યુનિયન તરફથી, જ્યારે વિદ્યાલયના એક આદ્યસ્થાપક સ્વ. મોતીચંદ ગિરધરલાલ કાપડિયાને ૧૯૪૯ની સાલમાં, વિદ્યાલયની તેમણે કરેલી વર્ષોભરની સેવાની કદર રૂપે, તેમના મિત્રો અને પ્રશંસકો તરફથી રૂ. ૭૩૦૦૬ની થેલી અર્પણ કરવામાં આવી હતી ત્યારે, જુના વિદ્યાર્થીઓમાંથી રૂ. ૧૨૬૧૯ની રકમ આ થેલી માટે એકઠી કરવામાં આવી હતી. ત્યાર બાદ શ્રી મોતીચંદભાઇનું અવસાન થતાં વિદ્યાલય સાથેની તેમની વાદગીરી કાયમ રાખવા માટે આ યુનિયને રૂ. ૧૦૦૦૧ એકઠા કરીને 'ઓલ્ડ બૉયઝ યુનિયન મોતીચંદ કાપડિયા ટ્રસ્ટ ફંડ' તરીકે એ રકમ વિદ્યાલયને સુપ્રત કરી હતી. ત્યાર બાદ મેસર્સ કપુરચંદ બ્રધર્સ તરફથી વિદ્યાલયને મળેલા અઢી લાખ સામે અઢી લાખ એકઠા કરવાનો વિદ્યાલયની વ્યવસ્થાપક સમિતિએ નિરધાર કર્યો અને એ રીતે એકઠા કર્યા પણ ખરા, ત્યારે ઓલ્ડ બૉયઝ યુનિયને રૂ. ૧૫૪૯૰ જુના વિદ્યાર્થીઓમાંથી એકઠા કરીને વિદ્યાલયને આપ્યા હતા. તાજેતરમાં વિદ્યાલયની વ્યવસ્થાપક સમિતિ વિદ્યાલયની ભિન્ન ભિન્ન શાખાઓમાં નવાં મકાનો બાંધીને, આજે ૩૫૰ વિદ્યાર્થીઓને સગવડ આપવમાં આવે છે તે સગવડ કુલ ૫૰૰ વિદ્યાર્થીઓ સુધી વિસ્તારી શકાય એવી એક યોજના જ્યારે વિચારી રહી છે, અને તે પાર પાડવા માટે આશરે પાંચ લાખની રકમ અપેક્ષિત રહેશે એમ જણાવવામાં આવ્યું છે ત્યારે, વિદ્યાલયની આ યોજના સત્વર અમલી બને તે હેતુથી ઓલ્ડ બૉયઝ યુનિયનના કાર્યવાહકોએ તા. ૧૭-૧-૬૰ના રોજ 'રૂપકોશા' નામની એક નૃત્યનાટિકા દ્વારા વિદ્યાલય માટે આશરે બે લાખનું ભંડોળ (રોકડ તેમ જ વચનો મળીને) એકઠું કર્યું છે. પોતાની માતૃસંસ્થાને મદદરૂપ થવાનો આવો ભવ્ય પ્રયત્ન માટે આ ઓલ્ડ બૉયઝ યુનિયનને જેટલા ધન્યવાદ આપવામાં આવે તેટલા ઓછા છે. આશા રાખીએ કે અન્ય સંસ્થાઓના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ ઉપર જણાવેલ બંન્ને સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું અનુકરણ કરે અને જેના ટેકાથી પોતે જીવનમાં સ્થિર થયા છે અને સમૃદ્ધ થયા છે તે સંસ્થાને સ્થિર અને સમૃદ્ધ કરવા માટે ઉદ્યુકત બને અને એ રીતે માતૃસંસ્થા પ્રત્યેના ઋણને અદા કરે.

પરમાનંદ

પર્વતારોહણ વિષે ચિત્રો દ્વારા વાર્તાલાપ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી તા. ૪ ફેબ્રુઆરી, ગુરૂવારના રોજ સાંજના ૬-૩૰ વાગ્યે નવી ઈન્કમટેકસ ઓફિસની પાછળ ન્યુ મરીન લાઇન્સ રોડ ઉપર આવેલા 'મનોહર'માં ભાઈ જગદીશ નાણાવટી દાર્જીલીંગ ખાતે કેટલાએક સમયથી શરૂ કરવામાં આવેલ હિમાલયન માઉન્ટેનીયરીંગ ઇન્સ્ટીટયુટ તરફથી યોજવામાં આવતી પર્વતારોહણની તાલીમ વિષે સમજ આપશે અને એને લગતી હિમાલયના પ્રદેશમાં લીધેલી સંખ્યાબંધ રંગીન છબીઓ-સ્લાઈડ્ઝ-પ્રોજેકટર દ્વારા દેખાડશે. સંઘના સભ્યોને પોતાનાં કુટુંબીજનો સાથે આ પ્રસંગનો લાભ લેવા વિનંતિ છે.

'વિકાસ યોજના અને મધ્યમવર્ગ'

શ્રી મુંબઇ જૈન યુવક સંઘના ઉપક્રમે તા. ૬ ફેબ્રુઆરી, શનીવાર સાંજના ૬-૧૫ વાગ્યે સંઘના કાર્યાલયમાં (૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ) ઇન્ડિયન મરચન્ટ્સ ચેંબરના મદદનીશ મંત્રી શ્રી. કાંતિલાલ બરોડિયા 'વિકાસ યોજનાઓ અને મધ્યમ વર્ગ' એ વિષય ઉપર જાહેર વ્યાખ્યાન આપશે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

પુસ્તકાલયમા વસાવવા લાયક, શિક્ષણ સંસ્થામાં ઇતર વાંચન તરીકે ઉપયોગમાં લેવા લાયક તેમ જ કોઈ પણ શુભ પ્રસંગે વહેંચવા લાયક પુસ્તકો

સત્યં શિવં સુન્દરમ્

શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાનો લેખસંગ્રહ

કાકાસાહેબ કાલેલકર અને પંડિત સુખલાલજીના પ્રવેશકો સાથે

કિંમત રૂા. ૩, પોસ્ટેજ ૦-૬-૦

મુંબઇ જૈન યુવક સંઘના સભ્યો તથા પ્રબુદ્ધ જીવનના ગ્રાહકો માટે

સત્યં શિવં સુન્દરમ્: કિંમત રૂા. ૨, બોધિસત્ત્વ: કિંમત રૂા. ૧

મળવાનું ઠેકાણું:

મુંબઈ જૈન યુવક સંઘ,

૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

ગાંધી રસ્તો, અમદાવાદ.

❋ ગુજરાત સંશોધન મંડળ ❋

(આ નીચે ગુજરાત સંશોધન મંડળની વિવિધ પ્રવૃત્તિઓ દર્શાવતું એક નિવેદનપત્ર પ્રગટ કરવામાં આવે છે. જાહેરાતના ઓઠાંમાં ઓછા ઢોલનગારાં સાથે પોતાના મર્યાદિત ક્ષેત્રમાં સઘન સેવા કરતી સંશોધનલક્ષી આ સંસ્થા છે. સૌજન્યમૂર્તિ વિદ્વદ્વર્ય શ્રી. પોપટલાલ ગોવિંદલાલ શાહ આ સંસ્થાના પ્રમુખ માત્ર નહિ પણ એક સતત સક્રિય અને પ્રેરક આત્માનાં સ્થાને છે અને તેમણે પોતાની આસપાસ કેટલીક શક્તિશાળી વ્યક્તિઓનું એક જૂથ ઉભું કર્યું છે. આ સંસ્થાએ ખારમાં એક ભવ્ય મકાન બંધાવ્યું છે અને એ રીતે સંસ્થાના ભિન્ન ભિન્ન પ્રવૃત્તિઓને વ્યવસ્થિત રીતે ચલાવવા માટે જરૂરી સગવડ ઉભી થઇ શકી છે. એ મકાનના બાંધકામનો ત્રણ લાખ રૂપિયાનો અંદાજ કરવામાં આવેલો, જેમાંથી ભારત સરકાર તરફથી રૂા. ૬૬૪૦૦ અને મુંબઇ સરકાર તરફથી રૂા. ૭૪૮૦૦ આ સંસ્થાને મળ્યા છે. પરિણામે બાકી રહેતી રકમ રૂા. ૧૨૮૦૦૦ની સંસ્થાએ પુરવણી કરવાની રહી, જેમાં આજ સુધીમાં રૂા. ૯૦૦૦૦ સંસ્થાને દાન રૂપે મળ્યા છે અને હજુ બાકી રહેતા રૂા. ૩૦૦૦૦ સંસ્થાએ એકઠા કરવાના રહે છે. આ ઉપરાંત સંસ્થાના કાર્યકર્તાઓ તેમ જ વિદ્યાર્થીઓ માટે જરૂરી બાંધકામ અંગે રૂા. ૭૦૦૦૦ની અપેક્ષા રાખે છે. કેવળ મુંગું અને પાયાનું કામ કરતી આ સંસ્થાને શક્ય તે રીતે આર્થિક સહાય કરવા ગુજરાતી શ્રીમાનોને આ નિવેદનના અન્ત ભાગમાં જે પ્રાર્થના કરવામાં આવી છે તેને ધ્યાનમાં લેવા આગ્રહભરી વિનંતિ છે. તંત્રી)

ગુજરાત સંશોધન મંડળ ૧૯૩૬માં સ્થપાયાં પછી સંશોધનની સાથે સમાજ સેવાનાં કાર્યો કરી રહી છે. જ્ઞાનનાં બધાંજ ક્ષેત્રોમાં સંશોધન કાર્ય શરૂ કરી તેને વિકસાવી અને સમાજને ઉપયોગી કરવા આ સંસ્થા ઊભી કરવામાં આવી છે. મર્યાદિત ભંડોળને કારણે આ મંડળે પોતાનું કાર્યક્ષેત્ર ઘણું જ મર્યાદિત રાખ્યું હોવાં છતાં તેનું ધ્યેય તો રાષ્ટ્રીય તેમ જ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે થતાં સંશોધન કાર્યોમાં અનુબંધ સાધવાનું છે. રાજકારણથી અલગ રહી દૈનિક સમાજજીવનમાં મુંઝવતા અનેક પ્રશ્નોની છણાવટ કરવા માટે સંશોધન કાર્ય અને સેવા કરવામાં આ સંસ્થા માને છે.



ગુજરાત સંશોધન મંડળનું નવું મકાન

આરોગ્ય સંશોધન વિભાગ

જૂન ૧૯૫૯ થી આરોગ્ય સંશોધન વિભાગ શરૂ કરવામાં આવ્યો છે. જે કુટુંબો પોતાના સમગ્ર કુટુંબનાં આરોગ્યની સંભાળ રાખવા ઇચ્છતાં હોય તેવા કુટુંબોનાં જ નામો નોંધવામાં આવે છે. આ નોંધેલા કુટુંબોને તેમની શારીરિક અને દાક્તરી તપાસ ઉપરાંત તેમનાં લોહી, પેશાબ, ઝાડો વગેરે તપાસીને તેમને આરોગ્ય વિષે માહિતી અને સલાહ આપવામાં આવે છે. આ કાર્યનો લાભ સમગ્ર જનતાને આપવામાં આવે છે. સોમવાર, મંગળવાર, ગુરૂવાર, શુક્રવાર અને શનિવારે બપોરના ૨ થી ૪ અને રવિવારે સવારના ૧૦ થી ૧૨ વાગ્યા સુધી આ વિભાગ ખુલ્લો રહે છે. તેનો લાભ લેવા માટે તેને લગતું કાર્ડ મંગાવી તેમાં માંગેલી વિગતો ભરી મોકલી આપવું.

મંડળે અત્યાર સુધીમાં કરેલાં સંશોધનોના આધારે ખોરાક, તંદુરસ્તી વગેરે વિવિધ રોગો ઉપર પુસ્તિકાઓ પ્રહાર પાડેલ છે. આ પુસ્તિકાઓ મફત અથવા નજીવી કિંમતે લોકોમાં વહેંચવામાં આવી છે. અત્યાર સુધીમાં આવી લગભગ ૭૫,૦૦૦ પ્રતો વહેંચવામાં આવી છે.

મંડળે બાળકોના શારીરિક વિકાસ સંબંધી પણ અભ્યાસ હાથ ધર્યો છે. મુંબઇમાં વસતાં ગુજરાતી બાળકોની ઊંચાઇ, વજન અને છાતીની પહોળાઇના પ્રમાણભૂત અંકો (Standard Norms) શોધવાનું કાર્ય હમણાં જ પૂરું કરવામાં આવ્યું છે અને થોડા જ વખતમાં તે પ્રસિદ્ધ થશે.

આ વિભાગ દ્વારા શરૂ થયેલ મુંબઇમાં ફાલંબાદેવી વિસ્તારમાં એક ઓરડીમાં વસતા કુટુંબોમાં થતા રોગોનો અભ્યાસ પણ ચાલુ છે. તેના બે અહેવાલો પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે. પંચમહાલ જીલ્લા તથા ગોધરા શહેરની તંદુરસ્તી સંબંધી અભ્યાસ પણ ચાલુ છે.

ગુજરાતી પ્રાદેશિક સંપત્તિ

સંશોધન મંડળ ગુજરાતની પ્રાદેશિક સંપત્તિનો અભ્યાસ કરવાનો પ્રયાસ કરી રહ્યું છે. તેને પરિણામે "ગુજરાતની વનસ્પતિ, ગુજરાતનાં પક્ષીઓ, ગુજરાતની આબોહવા, ગુજરાતની જાતિઓ, ગુજરાતના આદિવાસીઓ તથા મહેસાણા જિલ્લાની તપાસ વગેરે સંબંધી સંશોધન કાર્ય દ્વારા મેળવેલી માહિતીઓના આધારે પુસ્તિકાઓ પ્રગટ કરવામાં આવી છે.

આદિવાસી સંશોધન વિભાગ

આ વિભાગમાં ગુજરાતના સૌથી ગરીબ તેમ જ અત્યાર સુધી અવગણના પામેલ આદિવાસીઓનો સામાજિક તેમ જ આર્થિક અભ્યાસ હાથ ધરવામાં આવેલ છે. તેમાં ૧૯૫૨ પછી ગુજરાતના ભીલ, દુબળા, નાયકા, નાયકડા, ગામિત વગેરેનો અભ્યાસ હાથ ધરવામાં આવેલ છે. 'દુબળા'નો અભ્યાસ પૂરો થયો છે અને તે 'ગુજરાતના દુબળાઓ' નામનું પુસ્તક–આદિમજાતિ સેવા સંઘ તરફથી પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે, તેમ જ 'નાયકા–નાયકડા' નામનું પુસ્તક મંડળે હમણાં જ પ્રસિદ્ધ કર્યું છે. ગુજરાતના આદિવાસીઓની સંપૂર્ણ માહિતી આપતું એક જુદું પુસ્તક તૈયાર થઇ રહ્યું છે.

ઇતિહાસ અને સંસ્કૃતિ વિભાગ

આ વિભાગના આશ્રયે આપણા પુરાતત્વ વિદ્યાના પ્રખર અભ્યાસી ડો. ભગવાનલાલ ઇન્દ્રજી તથા વનસ્પતિશાસ્ત્રી શ્રી. જયકૃષ્ણ ઇન્દ્રજીતની શતાબ્દીઓ ઉજવવામાં આવી હતી. સંશોધન મંડળના ત્રૈમાસિકમાં ઇતિહાસ અને સંસ્કૃતિ સંબંધી છેલ્લા વીસ વર્ષથી, દર વર્ષે એક ખાસ અંક પ્રગટ કરવામાં આવે છે.

ત્રૈમાસિક

સને ૧૯૩૮ થી આ સંસ્થા જુદા જુદા ક્ષેત્રોમાં ઊંચા પ્રકારનાં સંશોધન સંબંધી વિગતો આપતું એક ત્રૈમાસિક નિયમિત પ્રસિદ્ધ કરે છે. આ ત્રૈમાસિકની દેશમાંથી તેમ જ પરદેશમાંથી સારી એવી માંગ રહે છે.

માનસશાસ્ત્ર સંશોધન વિભાગ

યુવાનોને ધંધાર્થે તેમ જ શૈક્ષણિક માર્ગદર્શન આપવા માટેની એક યોજના ૧૯૫૪ થી અમલમાં આવી. તેમાં તે જ વર્ષના જુલાઇ માસથી મુંબઇ તેમ જ પરાંના માધ્યમિક શાળા તેમ જ કોલેજોમાં અભ્યાસ કરતાં બાળકોને શૈક્ષણિક તેમ જ વ્યાવસાયિક માર્ગદર્શન આપવાની શરૂઆત થઇ. હવે તો આ વિભાગની પ્રવૃત્તિઓ અનેક દિશામાં વિકસી છે અને એ બધી પ્રવૃત્તિઓ જુદા જુદા વિભાગોમાં કામ કરે છે.

(૧) **માનસશાસ્ત્ર કસોટીરચના વિભાગ**—આ વિભાગની ખરી શરૂઆત તો મંડળે ૧૯૪૩ થી જ કરી છે. તે વખતે ગુજરાતી બાળકોના બુદ્ધિમાપન માટે એક કસોટી ગુજરાતમાં રચવામાં આવી હતી. આ વિભાગ ૧૯૫૬ થી ઘણો જ ક્રિયાશીલ બન્યો છે અને અત્યાર સુધીમાં લગભગ ૧૦ જેટલી કસોટીઓ પ્રમાણભૂત (Standardised) બનાવવામાં આવી છે અને બીજી ૨૦ કસોટીઓ પ્રમાણભૂત બનાવવાનું કાર્ય થઇ રહ્યું છે.

(૨) **વ્યવસાયિક-શૈક્ષણિક માર્ગદર્શન**—શાળામાં તેમ જ કોલેજોમાં ભણતા બાળકોને વૈજ્ઞાનિક પદ્ધતિસર માર્ગદર્શન આપવામાં આવે છે. આ કામમાં દરેક બાળક પાછળ લગભગ ૧૧ કલાક ગાળવામાં આવે છે. લગભગ ૧૫૦૦ કરતાં પણ વધારે બાળકોએ વ્યક્તિગત તેમ જ ૫૦૦૦ જેટલાં બાળકોને સમુહ-માર્ગદર્શન આપવામાં આવ્યું છે.

(૩) **અનુસ્નાતક વિભાગ**—(**Post-graduate dept**) જેમાં સંશોધન દ્વારા શિક્ષણશાસ્ત્રમાં **M.Ed.** તથા **P.H.D.** ની ઉપાધિઓ માટે તાલીમ અપાય છે.

(૪) **ઔદ્યોગિક માનસશાસ્ત્ર વિભાગ**—(**Industrial Psychology**) જેમાં જુદી જુદી ઔદ્યોગિક સંસ્થાઓમાં તાલીમ પામેલ કાર્યકરોની પસંદગી વગેરે માટે પ્રમાણભૂત કસોટી આપવાની યોજનાઓ કરવામાં આવેલ છે.

બાળ મનોપચાર—સંશોધન વિભાગ

બાળકોના માનસિક અનારોગ્યના ઉપચાર માટે તેમ જ તેને લગતા વિવિધ પ્રશ્નોના સંશોધન માટે આ વિભાગ ૧૯૫૯ થી સ્થાપવામાં આવ્યો છે. આમાં જે બાળકો ઘર તેમ જ શાળામાં સ્વસ્થ ન રહેતા હોય તેમ જ જેમને માટે વિશિષ્ટ પ્રકારની કાળજી તથા સાર-સંભાળની જરૂર હોય તેને લાભ આપવાનો આ કેન્દ્રનો મુખ્ય ઉદ્દેશ છે. આ વિભાગમાં અત્યાર સુધીમાં જુદા જુદા પ્રકારની અનેક વિકૃતિથી પીડાતા લગભગ ૩૦૦ બાળકોની સારવાર કરવામાં તથા તેમના સંબંધી, તેમના વાલીઓને માર્ગદર્શન આપવામાં આવેલ છે.

ઉપર જણાવેલ કોઇ પણ વિભાગનો લાભ લેવા ઇચ્છનારે તેને લગતું કાર્ડ મંગાવી લઇને તેમાં માગેલી વિગતો ભરીને મોકલવી.

આ પ્રમાણે ગુજરાત સંશોધન મંડળ જુદા જુદા જ્ઞાનના ક્ષેત્રોમાં સંશોધન કરી સમાજ સેવાનું કાર્ય હાથ ધરી-સમાજના ઘડતરમાં પોતાથી શકય તેટલો ફાળો આપવાનો પ્રયત્ન કરે છે.

સંસ્થાને નાણાંકીય સહાયની જરૂરિયાત

ઉપર્યુકત પ્રવૃત્તિઓનું સંચાલન કરવા માટે કેન્દ્ર સરકાર તેમ જ રાજ્ય સરકારની મદદ વડે તથા જાહેર પ્રજાના સહકારથી સંસ્થાએ એક નવું મકાન તૈયાર કર્યું છે, પરંતુ નાણાંની મુશ્કેલીને લઇને જરૂરિયાત પ્રમાણે એ મકાન સંપૂર્ણપણે પૂરું કરી શકયા નથી. એમાં રહેલ અધુરાશને પહોંચી વળવા હજુ બીજા રૂ. ૩૦,૦૦૦ની જરૂર રહે છે. આ સંસ્થાના નિભાવ માટેના ખર્ચને પહોંચી વળવા વાર્ષિક લગભગ ૨૫,૦૦૦ની ખોટ પડે છે. આ માટે પણ કાયમી ભંડોળની જરૂર રહે છે. આ માટે સૌ કોઇથી શકય હોય તેટલી મદદ કરવા માટે જાહેર જનતાને વિનંતી કરવામાં આવે છે. આ ફંડ નીચેના કોઇ પણ પ્રકારે આપી શકાય છે-(૧) રોકડા નાણાં આપીને, (૨) શેર તથા અન્ય પ્રકારની જમીનગીરીઓ મંડળના નામ પર કરી આપીને; (૩) વીમાની પેઇડઅપ પોલીસી કે જેનાં નાણાં દાતાના મૃત્યુ પછી મળી શકે તેવી પોલીસી મંડળના નામ પર કરી આપીને; (૪) મંડળ દ્વારા પ્રસિદ્ધ થતાં ત્રૈમાસિક અથવા સુવેનર અથવા અન્ય પ્રકાશનોમાં જાહેરખબર આપીને, અથવા (૫) મંડળના સભ્ય બનીને.

સંસ્થાની કાર્યવાહી

મંડળની કાર્યવાહી નીચેના સભ્યોની બનેલી છે. પ્રમુખ-શ્રી. પોપટલાલ ગોવિંદલાલ શાહ. ઉપપ્રમુખોઃ-શ્રી. એચ. વી દ્વિવેદીઆ, શ્રી. એમ. બી. નાણાવટી, શ્રી. કે. એમ. મુનશી, પ્રો. સી. એન. વકીલ, શ્રી. આર. જી. સરૈયા, ડો. બી. બી. યોધ. માનદ કોશાધ્યક્ષઃ-ડો એ. એચ. કાલાપેસી, શ્રી. બી. ડી. રાંદેરી. માનદ મંત્રીઓ-ડો. ડી. ટી. લાકડાવાળા, શ્રી જે. એચ. ત્રિવેદી, ડો. સી. એચ. શાહ.

સભ્યોઃ-ડો. હંસાબેન મહેતા, શ્રી. આર. એસ. ભટ્ટ, શ્રી. જી. એલ. મહેતા, ડો. એમ. પી. વૈદ્ય, શ્રી. પી. સી દીવાનજી, પ્રો. આર. ડી, આડતીઆ, ડો. સી. એ. મહેતા, ડો. એસ. ટી. કાંટાવાળા, શ્રી. નંદલાલ છગનલાલ, ડો. ચમનલાલ મહેતા, ડો. એસ. સી. ઉપાધ્યાય. ડો. (મિસિસ) એમ. આર. શાહ અને ડો. એચ. આઇ. ઝાલા, શ્રી. પી. એમ. કાપડીઆ. ટ્રસ્ટી મંડળઃ-શ્રી એચ. વી દ્વિવેદીઆ, ડો. જીવરાજ એન. મહેતા, શ્રી, પી. જી. શાહ, પ્રો. સી એન. વકીલ.

જુદા જુદા વિભાગો તે માટે રચાયેલી ખાસ સમિતિઓ દ્વારા કાર્ય કરે છે.

આ મંડળ રજીસ્ટર્ડ ટ્રસ્ટ હોવાને લીધે આ મંડળમાં નાણાં ભરનારને આવકવેરા, ખર્ચવેરા, મિલ્કતવેરા તથા સંપત્તિવેરા વગેરેમાંથી રાહત મળે છે.

આ સંસ્થાના કોઇ પણ વિભાગનો લાભ લેવા માટે તેને લગતાં પોસ્ટ કાર્ડમાં જરૂરી વિગત ભરી મોકલી આપો, જેથી તે માટે જરૂરી પ્રબંધ કરી શકાય.

આ વિજ્ઞપ્તિનો ઉત્તર મંડળના સરનામે મોકલવા કૃપા કરશો.

સંશોધન સદન **મંત્રીઓઃ**
સાઉથ એવન્યુ, ખાર, મુંબઇ-૨૧. **ગુજરાત સંશોધન મંડળ**
ટેલીફોન : ૮૮૬૯૧

વિષય સૂચિ

		પૃષ્ઠ
ધર્મ વિચાર	ભંવરમલ સિંઘી	૧૮૭
ગિરિપ્રવચન	વિઠ્ઠલદાસ પુરૂષોત્તમ દેસાઇ	૧૮૯
શિક્ષણસંસ્થાઓ અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ	પરમાનંદ	૧૯૩
વિનોબાજીની બચપણની કેટલીક વાતો	નિર્મળા દેશપાંડે	૧૯૪
ગુજરાત સંશોધન મંડળ		૧૯૫

મુંબઇ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.
મુદ્રણસ્થાન ' ચંદ્ર પ્રિં. પ્રેસ, ૪૫૧ કાલબાદેવી રોડ, મુંબઇ ૨. ટે. નં. ૨૯૩૦૩

રજીસ્ટર્ડ નં B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૧ : અંક ૨૦

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, ફેબ્રુઆરી ૧૬, ૧૯૬૦, મંગળવાર
આફ્રિકા માટે શીલિંગ ૮

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ : નયા પૈસા ૨૦

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

ભારત જૈન મહામંડળનો હીરક મહોત્સવ તથા ૩૬મું અધિવેશન

સમગ્ર કાર્યવાહીનું સંક્ષિપ્ત નિરૂપણ અને આલોચના

તા. ૩૧-૧-૬૦ રવિવારના સવારના ભાગમાં મુંબઈ ખાતે સુન્દરાબાઇ હૉલમાં ભારત જૈન મહામંડળનો હીરક મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો અને બપોરના ભાગમાં તેનું ૩૬મું અધિવેશન ભરવામાં આવ્યું હતું. રાત્રીના સમયે ભારત જૈન મહામંડળમાં ભાગ લેનારાં ભાઇ બહેનોનાં મનોરંજનાર્થે ઝવેરી બહેનોનાં નૃત્યનો એક કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો હતો. તે દિવસે બપોરે સ્વાગત સમિતિ તરફથી એક ભોજન સમારંભ યોજવામાં આવ્યો હતો.

હીરક મહોત્સવના પ્રારંભમાં પ્રાર્થનામંત્ર બોલાયા બાદ સ્વાગત પ્રમુખ શેઠ લાલચંદ હીરાચંદ દોશીએ એક ટુંકા પ્રવચન દ્વારા, ભારત જૈન મહામંડળના હીરક મહોત્સવના ઉદ્‌ઘાટન માટે ઉપસ્થિત થયેલા મુંબઇ પ્રદેશના રાજ્યપાલ શ્રીપ્રકાશજીનું અને હીરક મહોત્સવ તેમજ અધિવેશનનું પ્રમુખસ્થાન શોભાવવા માટે ઉપસ્થિત થયેલા સાહુ શાન્તિપ્રસાદ જૈનનું સ્વાગત કર્યું હતું. ત્યાર બાદ શ્રીપ્રકાશજીનું ઉદ્‌ઘાટન-પ્રવચન તથા શાન્તિપ્રસાદજીનું અધ્યક્ષ-પ્રવચન એમ બે પ્રવચનો થયાં હતાં. બપોરે મળેલ અધિવેશનમાંથી ત્રણ પ્રસ્તાવો રજુ થયાં હતાં અને તે ઉપર જુદા જુદા વક્તાઓએ પ્રસ્તાવોને અનુલક્ષીને પોતપોતાના વિચારો રજુ કર્યા હતા. રાત્રીના નૃત્યસમારંભનું પ્રમુખસ્થાન સૌ. કુસુમબહેન મોતીચંદ શાહે શોભાવ્યું હતું.

આ મહોત્સવના પ્રસંગ ઉપર ભારત જૈન મહામંડળ તરફથી જૈન જગતનો એક વિશેષાંક પ્રગટ કરવામાં આવ્યો હતો. આ અંકમાં મુખ્યત્વે હિન્દી અને સાથે સાથે ગુજરાતી તેમજ અંગ્રેજી લેખોનો સમાવેશ કરવામાં આવ્યો છે. તેના પાનદ્વારા કેટલીક ઉપયોગી વિચારસામગ્રી અને માહીતી પ્રાપ્ત થાય તેમ છે. તે જેટલો ઢળદાર છે તેટલો જ તેનો ઉઠાવ સુન્દર બન્યો છે.

હીરક મહોત્સવના પ્રસંગે ભાઇ બહેનોની હાજરી પ્રમાણમાં સારી હતી, જ્યારે બપોરના અધિવેશનમાં હાજરી બહુ કંગાળ હતી. મુંબઇ ખાતે ભારત જૈન મહામંડળનું આ અધિવેશન સૌથી પહેલું હતું. જૈન સમાજના પેટાવિભાગોને એકત્ર કરવા અને સંગઠિત કરવા એ ભારત જૈન મહામંડળનું ધ્યેય છે. આજે જૈન સમાજમાં એકતાની ભાવના પહેલાનાં વર્ષોની સરખામણીએ વધારે વ્યાપક અને ઘેરી હોવાનું આપણાં જોવામાં તેમજ અનુભવવામાં આવે છે. આ બધું વિચારતાં સુન્દરાબાઇ હૉલ જેવું સ્થળ આવા સમારંભ અને અધિવેશન માટે ઘણું નાનું પડવું જોઇએ: આવી અપેક્ષા સેવવામાં આવતી હતી. આ અપેક્ષા ખોટી પડી. આમ બનવાનું કારણ શું ? અધિવેશન પહેલાં તેને સફળ બનાવવા માટે જે પ્રકારનો સઘન પ્રચાર અને વિવિધલક્ષી આયોજન હોવાં જોઇએ, અને કાર્યકર્તાઓનું જે બહોળું જૂથ જોઇએ તેનો અભાવ આવી અલ્પસંખ્યક હાજરી માટે જવાબદાર હતો. આમ અધિવેશનની જે એક બાજુ નિરાશાજનક હતી તો બીજી બાજુએ તેમાં રજુ કરવામાં આવેલાં અધિકૃત પ્રવચનો સંતોષકારક હતાં એટલું જ નહિ પણ, કોમી સંકીર્ણતાથી મોટા ભાગે મુક્ત હતાં અને અન્ય સમાજો અને સંગઠનોની અપેક્ષાએ જૈન સમાજનો અભિગમ સાધારણ રીતે વધારે વ્યાપક, ઉદાર, ઉદાત્ત અને રાષ્ટ્રીય ભાવનાથી પ્રેરિત રહ્યો છે – આવા ભાવના સમર્થક હતા.

ઉપર જણાવ્યું તે મુજબ અધિવેશને ત્રણ પ્રસ્તાવો પસાર કર્યા હતા, જેમાંનો પહેલો પ્રસ્તાવ એક વિસ્તૃત નિવેદનના આકારનો હતો. આ નિવેદનમાં મંડળની નીતિ, અપેક્ષાઓ, આકાંક્ષાઓ તથા શુભેચ્છાઓ સમાવિષ્ટ કરવામાં આવી હતી તેમજ જૈન સમાજની એકતા કેમ વધારે પરિપુષ્ટ બને એ દૃષ્ટિએ કેટલુંક દિશાસૂચન કરવામાં આવ્યું હતું. બીજો ઠરાવ મહાવીર જયન્તીના દિવસને ભારતભરમાં સાર્વત્રિક રજાના દિવસ તરીકે જાહેર કરવાનો ભારત સરકારને અનુરોધ કરતો હતો. ત્રીજો ઠરાવ ભારત સરકારની માંસાહાર અને પશુઓની કતલને ઉત્તેજન આપતી સ્વીકૃત નીતિ સામે પોતાનો સખ્ત અણગમો જાહેર કરતો હતો અને તે નીતિનો ત્યાગ કરવા ભારત સરકારને અનુરોધ કરતો હતો.

આ પ્રસ્તાવો ધ્યાનમાં લેતાં પ્રશ્ન થાય છે કે આ પ્રસ્તાવોનું મૂલ્ય કેટલું ? જૈન સમાજની દૃષ્ટિએ તેનું પરિણામલક્ષી મહત્વ કેટલું ? આનો વિચાર કરતા આજની એ વાસ્તવિકતા સ્વીકાર્યા સિવાય બીજો વિકલ્પ રહેતો નથી કે ભારત જૈન મહામંડળ હજુ જૈન સમાજના નાનાસરખા વિભાગને સ્પર્શી શકેલ છે અને જ્યાં સુધી આખા જૈન સમાજનું આ મંડળને પીઠબળ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી આ પ્રસ્તાવોનું શુભેચ્છા-નિદર્શન અને માર્ગસૂચનથી કોઇ વિશેષ મહત્વ ન હોય એ તદ્દન સ્વાભાવિક છે, અને તેથી આજે તેમાંથી કોઇ મહાન પરિણામની આશા રાખી શકાય તેમ છે જ નહિ. આમ છતાં જૈન સમાજનું માનસ એકતાની ભાવનાને વધારે ને વધારે સુદૃઢ કરવા તરફ ઢળી રહ્યું છે એ દૃષ્ટિએ આ પ્રસ્તાવો આવકારદાયક છે.

પરમાનંદ

હવે હીરક મહોત્સવ તથા અધિવેશન દરમિયાન કરવામાં આવેલાં મહત્વનાં પ્રવચનો તથા અધિવેશનમાં પસાર કરવામાં આવેલ નિવેદનાત્મક મુખ્ય પ્રસ્તાવ ઉચિત ક્રમમાં નીચે આપવામાં આવે છે:-

શ્રી. લાલચંદ હીરાચંદનું સ્વાગત-પ્રવચન

ભારત જૈન મહામંડળ સાઠ સાલથી વિભિન્ન જૈન સંપ્રદાયોમાં પ્રેમભાવ તેમજ વ્યાપકતા વધારવાનો પ્રયત્ન કરતું આવ્યું છે. આ પ્રકારનો સાઠ સાલનો પ્રયત્ન એ કાંઇ નાનીસુની વાત નથી. એ પ્રયત્ન ત્યારે શરૂ થયો હતો કે જ્યારે એક સંપ્રદાયના લોકો બીજા સાથે ઝગડવામાં પુણ્ય માનતા હતા, એકની ટીકા

બીજો કરે એને ધર્મપ્રસાર અથવા તો પ્રભાવનાનું કાર્ય લેખવવામાં આવતું હતું. એવી વિકટ પરિસ્થિતિમાં કામ કરીને એક બીજા સાથે મળીહળીને કામ કરવાની જે પરંપરા ઉભી કરવામાં આવી છે તે કાંઇ નાનું સરખું કામ નથી. જ્યાં એક સંપ્રદાયવાળા બીજા સંપ્રદાયના ધર્મગ્રન્થ સામે જોતા નહોતા, જ્યાં એક સંપ્રદાયના સન્ત અને ત્યાગી વર્ગને બીજા સંપ્રદાયવાળા વંદન કરવાનું અથવા તો તેમનો ઉપદેશ સાંભળવાનું યોગ્ય સમજતા નહોતા એ પરિસ્થિતિમાં આજે પરિવર્તન પેદા થયું છે. આપણા સમાજના લોકો એકબીજાનું સાહિત્ય શિખવા તેમજ તેનો લાભ ઉઠાવવા માંડ્યા છે, એક બીજા સંપ્રદાયના સન્તોનો ઉપદેશ સાંભળવા માંડ્યા છે, તેમજ ઉપાસનાસ્થાનોમાં જવા લાગ્યા છે. સૌથી મહત્વની વાત તો એ છે કે સમાજના વિચારકો તેમજ આગેવાન લોકો હળી મળીને ચાલવામાં પોતાનું શ્રેય સમજવા લાગ્યા છે. સૌ એમ કહેતાં સંભળાઇ રહ્યા છે કે હવે આપણે એક બનવું જોઇએ.

જો કે આપણામાં એકતાની ભાવના વધી છે, એમ છતાં પણ તે કાર્યમાં પરિણત બની શકે એટલી તે ભાવના ક્રિયાશીલ બનવા પામી નથી. એનું કારણ વર્ષોના પુરાણા સંસ્કાર છે. પણ આપણા પ્રયત્નોમાં જો વેગ આવે તો, પરિસ્થિતિ જરૂર બદલાશે અને આ ભાવનો સામાજિક કાર્યોમાં પ્રગટ થશે. હવે આપણી સદ્‌ભાવના ક્રિયારૂપમાં પ્રગટ થવાનો સમય આવી પહોંચ્યો છે.

મંડળનું દૃષ્ટિકોણ સદા વ્યાપક રહ્યું છે. સમાજની ભલાઇનો વિચાર કરતી વખત રાષ્ટ્ર તેમજ માનવજાતિનું હિત પણ ધ્યાનમાં રાખવામાં આવે છે. કારણ કે આપણો સિદ્ધાન્ત સર્વના કલ્યાણમાં આપણું કલ્યાણ રહેલું છે એમ શિખવે છે. સમાજ તેમજ રાષ્ટ્રના હિતમાં અવિરોધની દૃષ્ટિ રહેલી હોઇને મંડળનું કામ જાતિ કે સંપ્રદાયની સંકુચિતતાથી મુક્ત રહ્યું છે. મંડળનો સદા એ પ્રયત્ન રહ્યો છે કે સમાજને એવો બનાવવો કે જે રાષ્ટ્ર અને માનવજાતિની સેવા માટે સમર્થ બને.

જૈનોનું દૃષ્ટિકોણ સદા વ્યાપક તથા રાષ્ટ્રીય જ રહ્યું છે. આ કારણથી જૈનોએ રાષ્ટ્રની સ્વાધીનતાની પ્રાપ્તિના અવસર ઉપર તન, મન તેમજ ધનથી યોગ આપ્યો છે. આપણા હજારો તરૂણોએ જેલમાં જઇને પ્રકાર પ્રકારની યાતનાઓ ભોગવી છે તેમજ પ્રાણનાં બલિદાન પણ આપ્યા છે. આજના રાષ્ટ્રના નવનિર્માણમાં તેઓ ઉદ્યોગ તથા વ્યાપાર દ્વારા રાષ્ટ્રને સંપન્ન તેમજ સ્વાવલંબી બનાવવાના પ્રયાસમાં સંલગ્ન બન્યા છે. રાષ્ટ્રીય દૃષ્ટિએ મહત્ત્વપૂર્ણ ઉદ્યોગોને વધારવામાં જૈનોએ ભજવેલો ભાગ કાંઇ અલ્પ નથી. આ ઉજ્જ્વલ પરંપરાને આપણે આગળ વધારવાની છે. દેશની જરૂરિયાતો સર્વ ક્ષેત્રમાં પૂરી કરીને તેને સ્વાવલંબી બનાવવાનો છે. જૈનોને પારસામાં વ્યવહારકુશળતા, પરિશ્રમશીલતા, મિતવ્યયતા, સાહસ વગેરે ગુણો મળ્યા છે. તેનો ઉપયોગ સમાજ તથા રાષ્ટ્રના હિતમાં કરવાનો છે.

એમાં સંદેહ નથી કે, આપણા સમાજની કાર્યપદ્ધતિ અને આજના વિચારપ્રવાહમાં કોઇ કોઇ ઠેકાણે કાંઇક અંતર જોવામાં આવે છે. આપણે એમ માનીએ છીએ કે સર્વના હિતનો ખ્યાલ રાખવો જોઇએ, પણ એ હિત કાયદો અને નિયમો વડે સધાઇ જશે એવો આપણો વિશ્વાસ નથી. મનુષ્યસ્વભાવ અને તેની મર્યાદા ધ્યાનમાં રાખીને પરિવર્તનનો પ્રયત્ન કરવો જોઇએ. આમ હોવાથી વ્યક્તિના વિકાસની અવહેલના થતાં તેને લગતી પ્રેરણા નષ્ટ થાય છે અને આખરે સમાજને હાનિ પહોંચે છે. આમ હોવાથી બહારથી આવતા વિચારપ્રવાહમાં ન ખેંચાતાં, આપણા સંસ્કાર તેમજ માનવી વૃત્તિઓને ધ્યાનમાં રાખીને જ નિયમ અને કાનૂન બનાવવા ઘટે. એમ કરવામાં ન આવે તો તેનું પરિણામ ધૂમણખોરી (લાંચરૂશ્વત) તથા કાનૂનમાંથી બચવા માટે શોધાતા અઘટિત ઉપાયોમાં આવે, જેથી નૈતિક પતન થતાં સમાજ નીચે પડે અને રાષ્ટ્ર કમજોર બને. આ માટે રાષ્ટ્રના કર્ણધારો માટે જરૂરી છે કે તેઓ વધારે કાનૂન બનાવવાને બદલે લોકોના વિચારમાં પરિવર્તન કરવાનો પ્રયત્ન કરે તેમજ વ્યક્તિના વિકાસ તથા ઉન્નતિ માટે પૂરી તક આપે.

આપણો સમુદાય હંમેશાં સમયને ઓળખીને જીવનને ઉચિત વળાંક આપતો રહ્યો છે. આપણામાં પરિશ્રમશીલતા, આત્મવિશ્વાસ તથા પ્રાપ્ત પરિસ્થિતિમાંથી માર્ગ કાઢવાની ક્ષમતા હોવાથી આપણે અલ્પસંખ્યક હોવા છતાં રાષ્ટ્રજીવનમાં મહત્વનું સ્થાન પ્રાપ્ત કરી શકયા છીએ તેમજ તે સ્થાનને આજ સુધી ટકાવી શકયા છીએ. આપણી ઉપર અનેક આક્રમણ થયાં છે. આજે પણ કોઇ કોઇ ઠેકાણે થાય છે, એમ છતાં પણ, આપણે આપણી સંસ્કૃતિનું અસ્તિત્વ ટકાવી રાખ્યું છે. આઝાદી બાદ જાતિયવાદને ઉત્તેજન મળ્યું છે. જાતિ, ધર્મ તથા વર્ગના પ્રશ્ન ઉભા કરવામાં આવ્યા છે અને સંકુચિતતા વધી છે. આપણી જેવા અલ્પસંખ્યકો પ્રત્યે જે ભાવના રહી છે તે વચમાં વચમાં આપણી ઉપર થતાં રહેતાં આક્રમણો દ્વારા પ્રગટ થાય છે. આમ છતાં પણ આ આક્રમણોના કારણે ન તો ઉત્તેજિત થવું ઘટે કે ન તો ભયભીત બનીને નિરાશ બનવું ઘટે. આપણે આત્મવિશ્વાસ તથા સંગઠનશકિત વડે અન્યાયનું પરિમાર્જન કરવાનું છે, પણ તે સંકુચિતતાથી દૂર રહીને અને ઉદાર દૃષ્ટિકોણ રાખીને. આ કારણથી મંડળ આપ સર્વને આમંત્રણ આપે છે કે આપ મહાન બનીને મહાન કાર્ય માટે એક બનો. આપણે ઘણું કામ કરવાનું છે.

રાષ્ટ્ર ઉપર ચીનના આક્રમણનું મહાન સંકટ ઉપસ્થિત થયું છે. આ સમયે આપણું એ પરમ કર્તવ્ય બની જાય છે કે આપણી સંપૂર્ણ શકિતનો યોગ સાધીને રાષ્ટ્રને આપણે સાથ આપીએ. આપણે આવેશ તેમજ ભાવનાવશ બનીને કાંઇ પણ કરવાને બદલે, આપણે શું કરી શકીએ તેમ છે તેનો ઊંડાણથી વિચાર કરી આપણી શકિત રાષ્ટ્રના હાથમાં અર્પિત કરીએ. આપણે વ્યાપારી છીએ અને વ્યાપાર તથા ઉદ્યોગનો આપણને અનુભવ છે, તો તેને સંલગ્ન કરીને રાષ્ટ્રની આપણે સેવા કરીએ. જો કોઇ આપણી ઉપર આક્રમણ કરે તો તેના પ્રતિકાર માટે ઔદ્યોગિક દૃષ્ટિએ આપણો દેશ સ્વાવલંબી બને તે માટે આવશ્યક એવા ધંધા ઉદ્યોગમાં આપણે આપણી જાતને જોડી દઇએ તે જરૂરી છે. જો આ કામ આપણે કરીશું તો આપણાથી દેશની બહુ મોટી સેવા થઇ શકશે.

આપણી સામે કેટલીક વાર એવી બાબતો ઉભી થાય છે કે એ વખતે શું કરવું તેનો નિર્ણય કરવામાં મુશ્કેલી માલુમ પડે છે. એવી બાબતોમાં મોટા ઉદ્યોગ અને નાના ઉદ્યોગને લગતો પણ એક વાદ છે. પણ મારા મતે એ વિવાદ અર્થ વિનાનો છે. દેશને આપણે સ્વાવલંબી બનાવવો છે. તે માટે મોટા તેમજ નાના બન્ને પ્રકારના ઉદ્યોગની આપણને જરૂર છે. હું આગળ વધીને એમ કહું છું કે નાના ઉદ્યોગો મોટા ઉદ્યોગોના પોષક તેમજ પૂરક છે. એકના વધવા સાથે બીજા વધે જ છે. આમ હોવાથી આપ જે કાંઇ કરી શકો તે રીતનો ઉદ્યોગ કરો અને પોતાની જાતને તેમાં જોડીને પોતાનો, સમાજનો તથા રાષ્ટ્રનો વિકાસ કરો.

આ માટે આપણે શિક્ષા પ્રાપ્ત કરવી પડશે. ટેકનીકલ શિક્ષા પ્રાપ્ત કર્યા વિના આપણે નથી ઉદ્યોગ વધારી શકતા કે નથી આપણે બેકારીના પ્રશ્નનો ઉકેલ લાવી શકતા. આ માટે આપણે આપણા વિદ્યાર્થીઓને ટેકનિકલ શિક્ષા પ્રાપ્ત કરવા માટે સગવડો પૂરી પાડવી ઘટે છે. સમાજ તેમજ દેશની આ જ મોટી સેવા છે. જો આપણે એ કરીશું તો આપણું મહાજન આ સંઘને લીધે

આજ સુધી જે એક માર્ગદર્શકનું સ્થાન ધરાવે છે ને સદા સુરક્ષિત રહેશે.

આપણે આ કાર્ય માટે એકત્ર બનવાનું છે. આપણી છુટી છવાઇ શકિતને વ્યવસ્થિત બનાવીને, અહિં તાંહ નાના મોટા કાર્યો તથા ઝગડાઓમાં તેનો ખર્ચ કરી નાખવાને બદલે, તેને આ કાર્યમાં જોડવાની છે. આ કાર્ય આ સંસ્થા કરવા માગે છે. તેમાં આપ જેટલો યોગ આપીને સાધન સંલગ્ન કરશો તેટલું તે કામ કરી શકશે. આજ સુધી જે કાંઇ કાર્ય સામાન્ય સાધનો વડે મિત્રોની સહાયતાથી આ સંસ્થાએ કર્યું છે તે કાર્ય મુખ્યતાએ ઐકયભાવના વધારવાને લગતું હતું. આજે સમયની માંગ છે કે આ સંસ્થા વધારે સમર્થ અને કાર્યપરિણત બને.

શ્રીપ્રકાશજીનું ઉદ્‌ઘાટન પ્રવચન

શ્રી ભારત જૈન મહામંડળના હીરક મહોત્સવનું ઉદ્‌ઘાટન કરતાં મુંબઇના રાજ્યપાલ શ્રી. શ્રીપ્રકાશજીએ ભાવનાસભર પ્રવચન કરતાં જણાવ્યું કે "આ દેશનું એ એક દુર્ભાગ્ય છે કે જરા જેટલો મતભેદ પડતાં વ્યકિત અલગ થઇ જાય છે. આ કારણથી જ આપણા દેશમાં અનેક સંપ્રદાયો વધી જવા પામ્યા છે. મૂળ ધર્મસ્થાપકે એકતા માટે ઘણું ઘણું કર્યું હોવા છતાં તેના અનુયાયીઓ એક થઇ ન રહેતાં અલગ અલગ સંપ્રદાયમાં વહેંચાઇ ગયેલ છે. ભારત જૈન મહામંડળ જૈન સમાજના તમામ સંપ્રદાયોની એકતા સાધવા માગે છે. એનો ઉદ્દેશ અહિંસા અને સત્ય પર આધારિત છે, અને દુનિયામાં સુખ અને શાન્તિ સ્થાપવાનું ધ્યેય ધરાવે છે. આ કારણથી જ જૈન ધર્મનો જગતમાં પ્રભાવ છે. આજ કાલ એવી ઘટનાઓ બની રહી છે કે જેને લીધે જૈન ધર્મનાં પાયાનાં મન્તવ્યો વિશ્વમાન્ય બની રહ્યાં છે. આવો ધર્મ પોતાના ભિન્ન ભિન્ન વાડાઓ સંકેલી લઇને એકરૂપે જગત સમક્ષ રજુ થાય તે જરૂર ઇચ્છવાયોગ્ય છે.

"આજનો યુગ વિજ્ઞાન અને યંત્રવિદ્યાનો છે. પણ વિજ્ઞાન અને યંત્રવિદ્યાએ પ્રચંડ પ્રગતિ સાધવા છતાં જે પ્રશ્ન પાછળ માનવ ચિત્ત સતત અટવાયા કરે છે તે–જન્મ પૂર્વનું અને મૃત્યુ પછીનું જીવન શું–એ પ્રશ્નનો ઉત્તર આપવાને આ બન્ને શકિતમાન નીવડ્યા નથી. આનો ઉત્તર કેવળ ધર્મ દ્વારા જ મળી શકે તેમ છે.

"આજે જગત યુદ્ધના સતત ભયમાં જીવી રહ્યું છે. કારણ કે હવે પછીનું યુદ્ધ સારીયે સભ્યતાનો ધ્વંસ કરી નાખવાની શકયતા ધરાવે છે. આ જોતાં સમગ્ર માનવ-પુરૂષાર્થને આ આપત્તિને ટાળવાની દિશામાં વાળવો રહ્યો. જૈન ધર્મ જેનો પ્રચાર કરે છે તે અહિંસા, વિશ્વબંધુત્વ અને શાન્તિ આ ત્રણ તત્વો જ આજની માનવજાત સમક્ષ ઉપસ્થિત થયેલી સમસ્યાનું નિરાકરણ આણી શકે તેમ છે. મહાવીર અને ગૌત્તમ બુદ્ધ સુદ્ધાં, ભારતના તમામ ધર્મસંસ્થાપકોએ આ સત્યનો પ્રચાર કર્યો છે. જૈન મુનિ અને સાધુઓએ વ્યાખ્યાનો અને લખાણો દ્વારા આ તત્ત્વોનો પ્રચાર કરવામાં સારો ફાળો આપ્યો છે.

"ગાંધીજી હંમેશાં ભારપૂર્વક કહી રહ્યા હતા કે ઉપદેશ કરતાં આચારનું મહત્ત્વ ઘણું વધારે છે. જૈન, બૌદ્ધ અને વૈદિક – આ ત્રણે ધર્મોએ વિશ્વબંધુત્વ, શાન્તિ અને અહિંસાનો પૂરો પ્રચાર કર્યો હોવા છતાં, ઇસ્લામ અને ખ્રિસ્તી ધર્મ પોતાની પાંખમાં અનેક અનુયાયીઓ મેળવી શકયા છે. આનું કારણ એ છે કે ઇસ્લામે માનવી માનવી વચ્ચે સમાનતાનું પ્રતિપાદન કર્યું છે અને તે સમાનતાને સાચા રૂપમાં પોતાના અનુયાયીઓમાં અમલી બનાવી છે. કોઇ એક માનવી ઇસ્લામ અંગીકાર કરે છે, પછી તે માનવી ગમે તેટલો સામાન્ય અને ગરીબ હોય તો પણ અન્ય ગમે તેટલા અમીર એવા મુસલમાન સાથે એક ભાણે જમવા બેસી શકે છે, સમાનતાનો દરજ્જો અનુભવી શકે છે. તેમનું સામાજિક સંગઠન આ સમાનતાની ભાવનાને સાચી સંગીન વાસ્તવિકતાનું રૂપ આપે છે. ખ્રિસ્તી ધર્મોપદેશકોએ પણ ક્ષય રોગી, અને કુષ્ટ રોગીની સેવામાં પોતાનું જીવન વ્યતીત કર્યું છે અને જેનું કોઇ નહિ તેવાના તેઓ પાલનહાર, રક્ષણહાર, જીવનદાતા બન્યા છે. હિન્દુ ધર્મે અને જૈન ધર્મે સમાજ ઉપર પોતાનો પ્રભાવ પાડવો હોય તેમ જ વધારવો હોય તો તે ધર્મના અનુયાયીઓએ અને ઉપદેશકોએ આ માનવીસમાનતા અને માનવી સેવાની ભાવનાને અપનાવવી જોઇએ અને પોતાનું જીવન ભવ્ય અને ઉદાત્ત ભાવનાઓનો પ્રચાર કરવા સાથે માનવજાતની સેવામાં અર્પણ કરવું જોઇએ. આધુનિક જીવનના તમામ સંઘર્ષ જુદા જુદા વર્ગના માનવીઓના જીવનમાં અસ્તિત્વ ધરાવતી અસમાનતામાંથી ઉદ્‌ભવ્યો છે. સાથે સાથે ઋષિ મુનિઓ અને સાધુસન્તોએ સાદા જીવનની જે હિમાયત કરી છે તેને પણ જો અપનાવવામાં આવે તો આજના સંઘર્ષને ઘણા અંશમાં હળવો કરી શકાય." આમ જણાવીને તેમણે ભારત જૈન મહામંડળના ધ્યેય અને પ્રવૃત્તિઓનું અનુમોદન કર્યું હતું.

સભાપતિ શ્રી સાહૂ શાન્તિપ્રસાદ જૈનનું પ્રવચન

એકતા

ભારત જૈન મહામંડળનો એક મહત્વનો ઉદ્દેશ જૈન સમાજના બધા ફિરકાઓમાં પરસ્પર સહકાર અને એકતા સ્થાપવાનો છે. આ એકતા વિશેષ પ્રમાણમાં વ્યાપક બનાવવા માટે આજનો સમય અને પરિસ્થિતિ બન્ને અનુકુળ છે એ એક શુભ ચિહ્ન છે. વાસ્તવમાં સમયની ગતિ અને યુગની માંગના એક એવા તબકકા ઉપર આપણે આવી ઊભા છીએ કે જો સમજીને તેનો ઉપયોગ કરી નહીં લઇએ તો હંમેશને માટે એક મૂલ્યવાન તક આપણે ગુમાવી ગણાશે.

આજના જમાનાએ દુનિયાની સામે જે સમસ્યાઓ ઉભી કરી છે તેમાંથી સૌથી વધારે સંકટ એ 'ધકાધકીઓ' – વિચાર ઘટકો – ઉપર છે કે જેને આપણે 'વ્યકિત' અથવા તો 'સમાજ' અથવા તો સંસ્કૃતિના નામથી જાણીએ છીએ, માનીએ છીએ. એમ નથી કે આજના પ્રવાહમાં 'વ્યકિત' અથવા તો 'સમાજ' અથવા તો 'સંસ્કૃતિ' જેવા શબ્દો પ્રચલિત નથી – છે, પરંતુ આજે એ શબ્દોને જે નવો અર્થ અપાઇ રહ્યો છે તેમાં વ્યકિતવિશેષની આસ્થાને, સમાજવિશેષના અસ્તિત્વને અથવા તો સંસ્કૃતિવિશેષના પોતાના સ્વરૂપના પ્રભુત્વને અવકાશ ન રહે એવી સંભાવના કલ્પી શકાય છે. આ વાત હું કોઇ રાજનૈતિક સંદર્ભમાં નથી કહેતો. અહિં પ્રશ્ન સામાજિક તેમ જ સાંસ્કૃતિક સંદર્ભનો છે. અને આ સંદર્ભમાં આનો સંબંધ કેવળ જૈન સમાજ તથા જૈન સંસ્કૃતિ સાથે છે એમ નથી, પણ અન્ય સામાજિક તથા સાંસ્કૃતિક વિચારઘટકો સાથે પણ છે. તેની સામે પણ આ જ સમસ્યા પડી છે.

સામાજિક અને સાંસ્કૃતિક વિચારઘટકો અને તેનાં મૂર્ત સ્વરૂપો જો નહીં જળવાઇ રહે તો દેશે જે મહત્વની સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે તે જીવનનો વિષય બનવાને બદલે માત્ર તે એક ઇતિહાસનો વિષય બની જશે. આવું બને તો તે દેશના હિતમાં છે એમ કહી શકાશે ખરૂં ? આજે વિદ્વાનો આ ઉપર વિચાર કરી રહ્યા છે. મને તો ખાત્રી છે કે વ્યકિતનું વ્યકિતત્વ કે તેની સ્વતન્ત્ર વિચારધારા કોઇ દિવસ લોપ પામવાનાં નથી. અને તેથીયે વિશેષ સામાજિક કે સાંસ્કૃતિક વિચારધારાઓને તો કોઇ વર્તમાન પ્રવાહ નષ્ટ કરી નહિ જ શકે. આપણે આ પ્રશ્ન બીજા છેડેથી વિચારીએ. ધારો કે આજના યુગની માંગ છે કે એવી સંસ્કૃતિનો વિચાર કરવામાં આવે કે જેને સામૂહિક સંસ્કૃતિ કહી શકાય

અથવા તો જેનું તત્ત્વ અધિકમાં અધિક સાર્વભૌમ હોવું જોઇએ તો આપણે શું કરવું ? તો આપણા ભારત જૈન મહામંડળ જેવી સામાજિક તથા સાંસ્કૃતિક સંસ્થાઓનું શું કર્તવ્ય હોઇ શકે ? હું માનું છું કે આ પ્રકારની સામૂહિક યા સાર્વભૌમ સંસ્કૃતિ જો ખરા અર્થમાં સંસ્કૃતિ હશે તો તેણે જૈન તત્વજ્ઞાનની મૂળ માન્યતાઓને–અહિંસા અને સ્યાદ્વાદના, શાન્તિ તથા સહ–અસ્તિત્વના સિદ્ધાન્તોને–અપનાવવા પડશે, આવી વિશ્વસંસ્કૃતિનું આપણે સ્વાગત કરવું પડશે, અને તેને વિકસાવવામાં સહાયક બનવું પડશે. મારી શ્રદ્ધા છે કે આ વિચારો જે સંસ્કૃતિએ આપણને આપ્યો છે તે સંસ્કૃતિનું ગૌરવ કોઇ કાળે ઓછું નહીં થાય; તે સંસ્કૃતિનું ગૌરવ કદિ પણ લુપ્ત નહિ થાય.

જગત આ સિદ્ધાન્તોને અપનાવે તે માટે તેમને આપણા સામાજિક જીવનમાં ઉતારીને વિશ્વસનીય બનાવવા ને પ્રમાણિત કરવા તે આપણું કર્તવ્ય થઇ પડે છે. તેને માટે પહેલું પગલું એ છે કે જૈન સંપ્રદાયના બધા ફીરકાઓ વચ્ચે એકતાના પાયા મજબુત કરવા જોઇએ. ઉપર કહ્યું તેમ આજે ચોતરફ એ હવા ફેલાયેલી છે કે વર્ગો અને સંપ્રદાયો સંગઠિત થઇને એક મંચ ઉપર કામ કરે–સામૂહિક પ્રયત્નો કરે. જૈન સમાજમાં એકતાનું કામ બે પ્રકારે થઇ રહ્યું છે. એક તો શ્વેતાંબર દિગંબર સ્થાનકવાસી વગેરે વિભિન્ન વર્ગો પોત–પોતાનું સંગઠન કરીને, તે તે સંગઠનને દૃઢ કરીને, એકતાના સૂત્રને મજબૂત કરી રહ્યા છે. અને બીજું આ વિભિન્ન વર્ગોને એક સૂત્રના તાંતણે બાંધીને અખિલ ભારતીય જૈન સમાજનું એક સુદૃઢ સંગઠન કરવાનું કામ ચાલી રહ્યું છે. મુંબઇ, કલકત્તા, દિલ્હી વગેરે સ્થળોએ આવી એકતા–સ્થાપક સંસ્થાઓ કામ કરે છે અને તેને બધા વર્ગોનો સહકાર મળે છે. આ સર્વવર્ગીય સંસ્થાઓ દ્વારા પ્રતિવર્ષ મહાવીર જયન્તી, સંવત્સરી, વ્યાખ્યાનમાળાઓ વગેરેનું આયોજન થાય છે. મહામંડળની સફળતાનું આ એક અંગ છે, જેને માટે આપણે ગૌરવ લઇ શકીએ. આવા સામૂહિક ઉત્સવો અધિકાધિક યોજાય તેવા આપણા પ્રયત્નો હોવા જોઇએ.

જૈન સમાજના બધા ફીરકાઓમાં અનેક એવી સામાજિક, સાંસ્કૃતિક કે સાર્વજનિક સંસ્થાઓ છે કે જે પોતપોતાના ક્ષેત્રે સુંદર કામ કરી રહી છે. આ સંસ્થાઓ સમાજહૃદયના ધબકારા કઇ તરફ વહી રહ્યા છે તેની પિછાણ કરાવે છે. જો આ સંસ્થાઓની ડીરેકટરી – સૂચિ – બનાવવામાં આવે, અને ખાસ ખાસ સંસ્થાઓના કાર્યકરોનું અખિલ ભારતીય સમ્મેલન બોલાવવામાં આવે તો સમાજની તાકાતનું માપ નીકળી આવે, અને આવા સમ્મેલનોનો એકતા સ્થાપવામાં એક શક્તિશાળી સાધન તરીકે પણ ઉપયોગ થઇ શકે.

જૈન તીર્થ

તીર્થો એ આપણી સંસ્કૃતિનું પ્રતીક છે, અને શ્રદ્ધાભાવનાને જીવન્ત રાખવાનું સાધન છે. તીર્થોને ધર્મ અને સંસ્કૃતિનું કેન્દ્ર માની સમાજ તેનું રક્ષણ કરવા સદા પ્રયત્નશીલ રહ્યો છે. સમયના વહેવા સાથે તેની પ્રાચીનતા વધતી જાય છે, તે સાથે તેની રક્ષા અને દેખભાળ રાખવી કષ્ટસાધ્ય થતી જાય છે. કેટલાંક ક્ષેત્રો એવાં દૂર અને નિર્જન સ્થાનોમાં આવ્યાં છે કે બહુ ઓછા યાત્રાળુઓ ત્યાં સુધી પહોંચે છે. આજે આપણે પ્રવાસના સુખ–સગવડતાભર્યાં સાધનોથી ખૂબ ટેવાઇ ગયા છે, અને સમયની ખેંચ હોય છે, એટલે સમૂહમાં એકત્ર થઇને પણ યાત્રાળુઓ એવા વિકટ સ્થળે જતા નથી. આવા તીર્થોની રક્ષાનો સવાલ આજે મહત્વનો થઇ ગયો છે.

તીર્થોની નિર્જન અવસ્થાનો લાભ લઇને કેટલાક સ્વાર્થીઓએ જે કુચક્રો ગતિમાન કર્યા છે તેની જાણ સમાજને થોડે ઘણે અંશે મળી ચૂકી છે. આવી ઘટનાઓથી સમાજ જાગૃત થયો છે, પણ આવા મહત્વના સવાલનો નીવેડો લાવવા માટે સમાજ શક્તિમાન હોવા છતાં પૂરા પ્રબલ પ્રયત્નો થયા નથી. એ સંતોષની વાત છે કે જે પ્રયત્નો થયા છે તે સાંપ્રદાયિક ધોરણે નહીં પણ અખિલ ભારતીય ધોરણે થયા છે. ભારત જૈન મહામંડળના મંચ ઉપરથી આ સવાલો તરફ હું સમાજનું ધ્યાન ખેંચવા માગું છું. સાંપ્રદાયિક દૃષ્ટિએ નહીં પણ અખિલ ભારતીય જૈન દૃષ્ટિએ એક એવી યોજના તૈયાર કરીએ કે જેથી બધાં તીર્થોનું યોગ્ય રક્ષણ થાય, અને મરામત માટે પણ આવશ્યક સાધનો સુલભ થાય.

મધ્ય પ્રદેશ આદિ સ્થાનોમાં જે બનાવો બની ગયા તે તરફ રાજ્યસરકારો અને કેન્દ્ર સરકારનું ધ્યાન ખેંચવામાં આવ્યું છે, પરંતુ હવે એ ઘડી આવી પહોંચી છે કે બધા જૈન ફીરકાઓની એક ઉચ્ચ કક્ષાની સામૂહિક સંસ્થા આ કામ લે અને એવી યોજના ઘડે કે જે દ્વારા–

૧ તીર્થોનું નિરીક્ષણ કરવામાં આવે અને રીપોર્ટ તૈયાર કરવામાં આવે.

૨ તીર્થોની આધારભૂત ડીરેકટરી તૈયાર કરવામાં આવે.

૩ નિષ્ણાત એન્જીન્યરોની સલાહ અનુસાર જ્યાં જરૂર જણાય ત્યાં એવું સંગ્રહાલય ઊભું કરવામાં આવે કે જેમાં દૂર દૂર છૂટી છવાઇ પડેલી પ્રતિમાઓ અને કલાકૃતિઓ એકઠી કરવામાં આવે અને સુરક્ષિત બનાવવામાં આવે. જ્યાં જરૂર હોય ત્યાં કોટ કે દિવાલો ચણાવવામાં આવે અને રસ્તાઓ સુધરાવવામાં આવે.

૪ રાજ્યસરકારો અને કેન્દ્ર સરકારના પુરાતત્વ વિભાગોને વસ્તુસ્થિતિથી પરિચિત કરી તેનો સહયોગ પ્રાપ્ત કરવામાં આવે અને સમુચિત વ્યવસ્થા માટે તેને પ્રેરિત કરવામાં આવે.

૫ કલાકૃતિઓના વેચાણ કે પરદેશ મોકલી દેવાના વિષયમાં જે કાનૂનો છે તેમાં યોગ્ય સુધારાઓ કરવા સંસદ–સભ્યોને સમજાવવામાં આવે.

૬ આ બધાં કામ માટે એક અખિલ ભારતીય જૈન સંગઠન કરવામાં આવે અને અખિલ ભારતીય જૈન ફંડની રચના કરવામાં આવે અથવા તો જે સંસ્થા કે સંસ્થાઓ આવાં કામો ઉપાડે તેને સંપૂર્ણ સહકાર આપવામાં આવે.

જૈન સાહિત્ય

જૈન સાહિત્યના પ્રચાર માટે નાની મોટી અનેક યોજનાઓ પ્રવર્તે છે. દેશમાં એક તરફ ધર્મ અને દર્શનની વ્યર્થતા દર્શાવતો વિચારપ્રવાહ ચાલી રહ્યો છે, તો બીજી તરફ વિચારકો અને તત્વ–ચિંતકોમાં દેશના ધર્મો અને દર્શનોની જાણકારી માટે વિશેષ અભિલાષા જાગ્રત થઇ છે. વિદેશોમાંથી પણ આવા સાહિત્યની માંગ આવે છે, પણ આપણી પાસે આધુનિક પાઠકો અને શોધ–કાર્ય કરવાવાળા વિદ્વાનોને ઉપયોગી થાય એવાં પ્રકાશનોનો અભાવ છે. વ્યક્તિગત રીતે મારો એવો અનુભવ છે કે સમાજમાં ઉચ્ચ સાહિત્ય બહાર પાડવાની રૂચિ છે, સાધન પણ છે, પણ તેની જ પાછળ પોતાના સમય અને શક્તિનો ભોગ આપે તેવા લેખકોની ખામી છે.

શોધખોળ અને લેખનકાર્યમાં આજના યુગને અનુરૂપ બહુ ઓછું કામ થયું છે. આપણું લક્ષ એ તરફ ઘણું મોડું ગયું છે. પાછળનાં દશબીશ વર્ષ દરમ્યાન વિદ્યાલયોમાં ધર્મ અને દર્શનનો અભ્યાસ પ્રાચીન પ્રણાલી અનુસાર કરાવાતો હતો. એ વિદ્યાલયોમાં વિદ્વાનો તૈયાર થયા, પણ જુની પ્રણાલીની મર્યાદાને લીધે તેમના જ્ઞાનનો સાહિત્યના વ્યાપક પ્રચારાર્થે આપણે ઉપયોગ નથી કરી શકયા.

આધુનિક પદ્ધતિએ જૈનધર્મ અને જૈન દર્શનના અભ્યાસની સાથે પ્રાકૃત અને અપભ્રંશ ભાષાઓના અભ્યાસ તરફ લોકરૂચિ

જાગી છે એ ખુશી થવા જેવું છે. કેન્દ્ર સરકારોએ અને વિશ્વવિદ્યાલયોએ પણ આ દિશા તરફ ધ્યાન આપ્યું છે. આમ બધા પ્રશ્નોનો વિચાર કરતાં એક જ વસ્તુ નજર સામે આવે છે કે બધા પ્રયત્નોની માહિતી માટે તેમ બધી યોજનાઓને વ્યવસ્થિત રૂપ આપવા માટે એક માધ્યમની જરૂર છે, અને બધી યોજનાઓને સૂત્રબદ્ધ કરે એવા સંગઠનની જરૂર છે કે જેથી આપણાં પ્રકાશનોમાં પુનરાવૃત્તિ ન આવે, જે પ્રકાશન બહાર પડે તે ઉચ્ચ કક્ષાનું હોય, અને નવા નવા યોગ્ય વિદ્વાનો પેદા થાય તેનું ધ્યાન રાખે, અને જે વિદ્વાનો કામ કરવા ઉત્સુક હોય તેમને સાધનોનો અભાવ ખટકે નહિ.

જે મુસ્કેલી સાહિત્ય સર્જન અંગે છે તે જ મુસ્કેલી જૈન તત્વજ્ઞાનના પ્રચાર અંગે પણ છે. આપણે ત્યાં એવી એક પણ ઉચ્ચ પ્રકારની સંસ્થા નથી કે જેમાં ચૂંટાયેલા પ્રતિભાસંપન્ન વિદ્યાર્થીઓ જૈન તત્ત્વવિદ્યાનું જ્ઞાન સંપાદન કરી શકે અને તેનું સુરુચિયુક્ત પ્રમાણિક પ્રતિપાદન અનેક ભાષાઓમાં કરવા શક્તિમાન થાય. આપણી પાસે એવા કેટલા વિદ્વાનો છે કે જે વિશ્વધર્મ પરિષદોમાં જઇ જૈન તત્ત્વજ્ઞાનની મહત્તાને અનુરૂપ તેની પ્રતિષ્ઠા સ્થાપી શકે ? ત્યાગી, વ્રતી કે બ્રહ્મચારીઓ સ્વેચ્છાએ આગળ આવશે અને સહજ પ્રેરણાએ આ કામ કરશે એ આશા મિથ્યા છે. આજે તો સુખપૂર્વકના જીવનનિર્વાહ માટે નિશ્ચિંતતાની ખાત્રી આપી વિદ્વાનો તૈયાર કરવા પડશે. આર્થિક નિશ્ચિન્તતા હશે તો સાહિત્યની લગનીવાળી વ્યક્તિઓ જરૂર મળી આવશે. ધર્મ કે સાહિત્યનો પ્રચાર કરતી સંસ્થાઓએ આ દૃષ્ટિએ એ પ્રશ્ન વિચારવો જોઇએ.

ધર્મપ્રચાર અને ત્યાગમય જીવન જીવનારા વિદ્વાનો આજે પણ છે, સૌને તેમને માટે આદરમાન છે, અને લોકમાનસ ઉપર તેમનો કંઇક પ્રભાવ પણ છે. જૈન સિદ્ધાન્તને આચરણમાં મૂકી તેને તેઓ ક્રિયાત્મક રૂપ આપી રહ્યા છે. તેમને માટે આપણે ગર્વ લઇ શકીએ છીએ, પરંતુ પરંપરાગત માન્યતાઓને આધુનિક જીવન સાથે તેઓ સુસંગત રીતે ગોઠવી શકતા નથી, એટલે તેમનો જે વ્યાપક પ્રભાવ પડવો જોઇએ તે પડતો નથી. આ પ્રકારની પરંપરાઓમાં, જ્યાં ધર્મગત વિરોધ ન હોય અને પ્રચાર પ્રભાવનાં સાધનોનો સમુચિત ઉપયોગ થઇ શકે તેમ હોય અને જીવનપદ્ધિયાને વૈજ્ઞાનિક બનાવી શકાતી હોય ત્યાં સમાજે આ પ્રકારના સુધારાના સહિષ્ણુ બનવું ઘટે અને ત્યાગીવૃન્દે આ સમસ્યા વિષે ઉદાર મનથી વિચાર કરવો જોઇએ.

વર્તમાન અર્થતન્ત્રની સમસ્યાઓ

જૈન સમાજ મુખ્યત્વે વ્યાપારી પ્રજા હતી અને છે. દેશના નવા આર્થિક સંયોજનોએ વ્યાપારના ક્ષેત્રમાં પલટો આણ્યો છે. તેની અસર મધ્યમવર્ગ ઉપર વિશેષ થઇ છે, અને તેમની મુસ્કેલીઓ વધી ગઇ છે ને કોઇથી અજાણ્યું નથી. મહામંડળના મુખપત્ર "જૈન જગત"માં આ વિષે ચર્ચાઓ આવ્યા કરે છે. મહામંડળના કાર્યકર્તાઓએ યુવકોને માર્ગદર્શન આપ્યું છે તેમ જ જ્યાં શક્ય હોય ત્યાં કામધંધા અપાવવાના ઘણા પ્રયત્નો કર્યા છે તે જાણીને મને આનંદ થાય છે.

એ ઠીક છે કે વેપારનાં જુનાં સાધનો આજે સમાપ્ત થતાં ચાલ્યાં છે, પણ જે નવાં સાધનો આપણી સમક્ષ છે તેમાં–એટલે કે આધુનિક માધ્યમ કે નાના ઉદ્યોગોમાં – જ્યાં જ્યાં શક્ય હોય ત્યાં ત્યાં – નવયુવકોએ જોડાઇ જવું જોઇએ. સરકારી, અર્ધ સરકારી કે ખાનગી કંપનીઓ, જો તેમની પાસે યોગ્ય યોજનાઓ રજુ કરવામાં આવે તો, ધન રોકવા તૈયાર છે. મને ખાત્રી છે કે આપણો સમાજ કે જેણે વ્યાપારી તરીકે શ્રેષ્ઠ પ્રતિષ્ઠા જમાવી છે તે આધુનિક પદ્ધતિના વ્યાપારમાં પણ સહેલાઇથી ગોઠવાઇ જશે અને આર્થિક ઉન્નતિના માર્ગને વધારે સરળ બનાવી શકશે.

વ્યાપારી અને ટેકનીકલ પરામર્શ સમિતિઓનું સંગઠન કરવું એ આપણા માટે કઠણ નથી. જો આવી સમિતિઓ નિમાય તો આપણી જવાબદારીઓને સહેલાઇથી આપણે પહોંચી શકીશું. તે સમિતિઓ જરૂર સો બસો એવી યોજનાઓ ઘડીને આપણી સમક્ષ રજુ કરી શકશે કે જેમાં નાની નાની ખાનગી વ્યકિતઓ અલગ અલગ રોકાણો કરીને સફળતાપૂર્વક ધંધો ચલાવી શકે. સમિતિઓમાં એવા ટેકનીકલ સલાહકારો હોવા જોઇએ કે જેઓ ફી લીધા વગર અથવા તો બહુ નામની ફી લઇને પ્રત્યેક યોજનાઓને આખરી સ્વરૂપ આપે.

સામાજિક સુધારણાના પ્રશ્નોને જાણી બુઝીને મેં સ્પર્શ કર્યો નથી. છેલ્લા પચાસ સાઠ વર્ષમાં તે વિષે એટલું બધું કહેવાઇ ગયું છે અને પરિસ્થિતિ એટલી સ્પષ્ટ છે કે હવે તે વિષેનું પિષ્ટપેષણ કરવું નિરર્થક છે.

સમયના વહેવા સાથે પરિસ્થિતિ બદલાયા કરે છે. મનુષ્ય પોતાની બુદ્ધિ અને પ્રતિભા વડે તેનો સામનો કરે છે. કાં તો સંયોગોને પોતાને અનુકુળ રીતે બદલે છે અથવા તો સંયોગોને અનુકુળ પોતે બદલાય છે. આપણા સમાજે ભૂતકાળમાં ધર્મ, દર્શન, સાહિત્ય, કળા, વ્યાપાર તથા લોકસેવાના ક્ષેત્રમાં જે યશ ઉપાર્જિક કર્યો છે તે આપણી સામૂહિક પુંજી છે. આપણે તેના યોગ્ય વારસદાર બનીએ અને યુગને અનુરૂપ ઉન્નતિ સાધવામાં આપણી પ્રતિભાનો ઉપયોગ કરીએ એ ભાવના સાથે હું મારું વક્તવ્ય સમાપ્ત કરું છું.

નિવેદનાત્મક મુખ્ય પ્રસ્તાવ

ભારત જૈન મહામંડળની સ્થાપના સમગ્ર જૈન સમાજમાં સાંપ્રદાયિક ભેદભાવોથી મુકત એવી એકતા અને પરસ્પર મેળ વધારવાના હેતુથી આજથી સાઠ વર્ષ પહેલાં કરવામાં આવી હતી. આ લાંબા ગાળા દરમિયાન સમાજની જેવી જેવી પરિસ્થિતિ રહી તે તે પરિસ્થિતિ વચ્ચે, મહામંડળ એકતાના વિચારને એવી રીતે ચાલના આપતું રહ્યું કે જેથી સમાજના પ્રાંગણમાં સર્વ સંપ્રદાયના લોકો એક બનીને મૈત્રીભાવથી પોતપોતાના મતભેદોને દૂર કરે અને સંઘટ્ટિત શક્તિ દ્વારા સમાજની વર્તમાન સમસ્યાઓનો ઉકેલ શોધે. મંડળના નિરન્તર પ્રચારના પરિણામે સમાજમાં એકતાની તથા ભાઇચારાની ભાવના અંશતઃ અંશતઃ વધતી રહી છે, તથા સૌને અનુભવ થવા લાગ્યો છે કે એકતા વિના સમાજનું હિત તથા વિકાસ અસંભવિત છે. મંડળની પોતાની એ ભૂમિકા રહી છે કે કોઇ પણ સંપ્રદાયની માન્યતાને આઘાત પહોંચાડ્યા સિવાય કાર્ય કરતા રહેવું. આપણી દૃષ્ટિ ગુણગ્રહણની રહેવાથી મંડળ પ્રતિ સર્વ જૈન સંપ્રદાયોની સદ્‌ભાવના વધતી રહી છે.

ભારત જૈન મહામંડળની આજ સુધીની પ્રવૃત્તિઓ અધિક વેગવાન બને એ હેતુથી સૂચવવામાં આવે છે કે ભવિષ્યમાં કોઇ કેન્દ્રસ્થાનમાં એવું આયોજન કરવામાં આવે કે જેમાં સમાજના વિચારક, વિદ્વાન કાર્યકર્તાઓ તેમ જ સર્વ સ્થાનોમાં વસતા પ્રત્યેક સંપ્રદાયના વિશિષ્ટ સજ્જનો અધિકાધિક સંખ્યામાં એકત્ર થઇને સમાજની આવશ્યકતાઓ વિષે વિચાર કરે.

જૈન ધર્મ અહિંસા, અનેકાન્ત તથા અપરિગ્રહ જેવા મહાન તત્ત્વોના ટેકા ઉપર આધારિત છે. જૈન સમાજનો એ અટળ વિશ્વાસ છે કે આ અહિંસા તથા અનેકાન્તમૂલક સમન્વયપદ્ધતિ વડે વિશ્વની સર્વ સમસ્યાઓ ઉકેલી શકાય તેમ છે. આ તત્ત્વોને જીવનમાં પ્રત્યક્ષ રૂપમાં ઉતારવાનો મંડળે પોતાના પ્રસ્તાવો દ્વારા પ્રયત્ન કર્યો છે. આજની વિષમ પરિસ્થિતિમાં જૈન સમાજની જવાબદારી આગળ કરતાં પણ અધિક પ્રમાણમાં વધતી રહી છે એ બાબતનો ખ્યાલ રાખીને જૈન તત્ત્વોનો અધિક પ્રસાર થાય એવા સર્વમાન્ય સાહિત્યના પ્રકાશનનો પ્રયત્ન પણ મંડળે કર્યો છે,

જેનાં પરિણામે મંડળદ્વારા પ્રકાશિત કેટલાંક પુસ્તકો વિશ્વ વિદ્યાલયો તથા શિક્ષણ સંસ્થાઓના પાઠ્યક્રમોમાં સ્વીકારવામાં આવ્યા છે, તથા અજૈન પાઠકોએ પણ એ સાહિત્યને અપનાવ્યું છે, આ પ્રવૃત્તિને હવે મોટા પાયા ઉપર વિકસાવવાની તેમજ વિભિન્ન ભાષાઓમાં ચલાવવાની જરૂર છે. આ મહત્વપૂર્ણ કાર્યપ્રતિ સમાજનું–ખાસ કરી વિદ્વાનોનું–મંડળ ધ્યાન ખેંચે છે અને ઉદ્દાત્ત તથા વ્યાપક એવું જૈન સાહિત્ય નિર્માણ થાય એમ ઇચ્છે છે. આવી રીતે ધાર્મિક પાઠ્યક્રમોમાં પણ આ પ્રકારનાં પુસ્તકોનો સમાવેશ કરવામાં આવે કે જેથી બાલ વિદ્યાર્થીઓમાં ઉદાર તથા ઉચ્ચ ભાવના વધતી રહે આવી ઇચ્છા મંડળ વ્યકત કરે છે.

એવો પણ અનુભવ થઇ રહ્યો છે કે જૈન સમાજ પાસે ખૂબ શકિતઓ છે, પણ તેનો યથાર્થ ઉપયોગ કરવામાં આવતો નથી. જૈન સમાજ પાસે મહાન તત્વજ્ઞાન છે; સેવાભાવી કાર્યકર્તાઓ પણ છે, પરંતુ શકિતઓ વિખરાયલી પડી છે, તથા કેટલીક વાર અંદર અંદરના સંઘર્ષોમાં તેનો દુરૂપયોગ થાય છે. જો આ શકિતઓનું સંકલન કરીને વ્યવસ્થિત ઢંગથી તેનો ઉચિત કરવામાં આવે તો જૈન સમાજની તો શું, પણ વિશાળ માનવ સમાજની બહુ મોટી સેવા થઇ શકે તેમ છે ધર્મ તથા સેવાના નામ ઉપર ચાલી રહેલા અપવ્યયથી બચીને તે ધનનો ઉચિત દૃષ્ટિથી ઉપયોગ કરવામાં આવે તો વધારે સારૂં અને ઉપયોગી કાર્ય થઇ શકે તેમ છે.

રૂઢિગત સંસ્કારોના પ્રાબલ્યથી કોઇ કોઇ તીર્થસ્થાનોમાં જે વૈમનસ્ય પેદા થયું છે તેને નષ્ટ કરવા માટે સમાજનો સહયોગ અપેક્ષિત છે, જેના પરિણામે સમયની માંગ અનુસાર અંદર અંદરના વિવાદોને શાન્તિપૂર્વક સમાપ્ત કરી શકાય. આવો સહયોગ આપવા માટે મંડળ સદા તત્પર રહેશે. આ કાર્ય માટે એક સમિતિ નિયુકત કરવામાં આવે કે જેના પ્રયાસના પરિણામે સંઘર્ષ નાબુદ થાય અને પ્રેમભાવ વધે–આ ખાસ ઇચ્છવાયોગ્ય છે.

મંડળનો અભિપ્રાય છે કે જેવી રીતે મહાવીર જયન્તી-સમારોહ એકત્ર રૂપમાં ઉજવવામાં આવે છે, તેવી રીતે ક્ષમાપના-પર્વ પણ સૌ સાથે મળીને એક દિવસ નકકી કરીને ઉજવવાથી પરસ્પર વિશેષ પ્રેમભાવ નિર્માણ થશે. ધર્મસ્થાન તથા શિક્ષણ-સંસ્થાઓમાં પણ એવી પ્રવૃત્તિઓનો ફેલાવો થવાની જરૂર છે કે જેનો લાભ સર્વ સંપ્રદાયના લોકોને મળે. આજે પણ કેટલીક સંસ્થાઓ અસાંપ્રદાયિક દૃષ્ટિ સ્વીકારીને કામ કરી રહી છે એ આવકાર યોગ્ય છે.

મંડળ જૈન સમાજ પ્રતિ નિવેદન કરે છે કે સમયના મૂલ્યને પીછાણીને એવા ઉદ્યોગધંધાઓ અપનાવે કે જેથી સમાજહિતની સાથે રાષ્ટ્રહિત પણ સાધી શકાય. દેશ તથા સમાજની બેકારી દૂર થાય એ કાર્ય માટે વૈજ્ઞાનિક તથા ટેકનીકલ ક્ષમતા વધારવાની આવશ્યકતા છે. આ પ્રકારનું શિક્ષણ વધારવા માટે છાત્રવૃત્તિ દ્વારા ઉચિત સહાયતા–પ્રદાન કરવામાં આવે એ જરૂરી છે શાસકીય નીતિ તથા પરિસ્થિતિ ધ્યાનમાં રાખીને શાસન દ્વારા મળતી સગવડોનો આપણે પૂરો લાભ ઉઠાવવો જોઇએ. આ રીતે સ્મોલ સ્કેલ ઇન્ડસ્ટ્રીઝ અથવા તો નાના પાયાના ઉદ્યોગો તેમ જ મોટા પાયાના ઉદ્યોગો ચલાવવામાં સમાજ પોતાની શકિત તથા યોગ્યતાનો પૂરો ઉપયોગ કરે એ આવશ્યક છે.

મંડળ એવું મંતવ્ય ધરાવે છે કે ભિન્ન ભિન્ન સંપ્રદાયના લોકો પરસ્પર મળી શકે એવા પ્રસંગો વધારતા રહેવાથી ખૂબ લાભ થવા સંભવ છે. આ દૃષ્ટિથી ધાર્મિક તથા શૈક્ષણિક સંસ્થાઓ ભિન્ન મતની હોવા છતાં પણ સર્વ સંપ્રદાયના લોકો તેનો લાભ લઇ શકે એવો પ્રબંધ કરવામાં આવે તે ખાસ ઇચ્છવાયોગ્ય છે. આશા રાખવામાં આવે છે કે આ નિવેદનનો સર્વત્ર આદર કરવામાં આવશે અને સમાજ પ્રેમભાવપૂર્વક આમાં સહયોગપ્રદાન કરશે.

સાહિત્યસર્જક સાધુચરિત પ્રેમીજી

ગત જાન્યુઆરી માસની ૩૦ મી તારીખે આપણી વચ્ચેથી એક એવી વિભૂતિનો લોપ થયો કે જેની જોડ આજના સંઘર્ષ-વ્યાકુળ, સ્વાર્થલક્ષી અને આદર્શ–વિચલિત યુગમાં જલ્દિથી મળવી મુસ્કેલ છે. તેમનું નામ હતું શ્રી નાથૂરામ પ્રેમી. અવસાન સમયે તેમની ઉમ્મર ૭૯ વર્ષની હતી. છેલ્લાં દોઢ બે વર્ષથી દમની બીમારીથી તેઓ બીછાનાવશ–પરવશ હતા. જન્મથી તેઓ જૈનમૂર્તિપૂજક દિગંબર સંપ્રદાયના અનુયાયી હતા. તેમનો વિશેષ સંબંધ હિન્દી ભાષા, સાહિત્ય તથા તે ભાષાના પ્રકાશનકાર્ય સાથે હતો. તેઓ મુકત વિચારક હતા, વિચાર મુજબ તેમનો નીડર અને નિર્મળ આચાર હતો; લેખન, અધ્યયન, સંશોધન, અને ઉચ્ચ કોટિના ગ્રન્થોનું પ્રકાશન આ તેમના જીવનનો મુખ્ય વ્યવસાય હતો. આ કારણે અનેક ચિન્તકો, વિદ્વાનો અને સાહિત્યકોના તેઓ અત્યન્ત આદરપાત્ર બન્યા હતા. પારદર્શક તેમનું જીવન હતું. નમ્રતા, સરળતા, સ્નિગ્ધતા અને સુજનતા – આ તેમના વિશિષ્ટ ગુણો હતા.

જીવનનો ઘણો મોટો ભાગ તેમણે મુંબઇમાં ગાળ્યો હતો સી. પી. ટેંક પાસે આવેલા હીરાબાગના મકાનમાં 'હિન્દી ગ્રન્થ રત્નાકર કાર્યાલય' એ નામનું તેમનું વ્યવસાયકેન્દ્ર હતું. આ કેન્દ્ર અનેક હિન્દી લેખકોની મીલનભૂમિ હતી. તેઓ દિગંબર સમાજના હોઇને તેમ જ હિન્દી ભાષા તથા સાહિત્ય સાથે તેમનો વિશેષ સંબંધ હોઇને જૈન, જૈનેતર ગુજરાતી સમાજમાં તેઓ બહુ જાણીતા નહોતા. આમ છતાં પં. સુખલાલજી તથા મુનિ જિનવિજયજીના કારણે મારો તેમની સાથે વર્ષોજુનો સંબંધ હતો. પર્યુષણ વ્યાખ્યાનમાળામાં તેઓ નિયમિત રીતે, તેમના અનારોગ્યે તેમના હલનચલન ઉપર અંકુશ ન મૂકયો ત્યાં સુધી, રસપૂર્વક ભાગ લેતા હતા. એક વખતની પર્યુષણ વ્યાખ્યાનમાળાનું પ્રમુખસ્થાન, પ્રતિકુળ તબિયતના કારણે પં. સુખલાલજીનું મુંબઇ આવવાનું નહિ બનતાં, તેમણે શોભાવ્યું હતું. પ્રબુદ્ધ જીવનના તેઓ પ્રશંસક હતા. જૈન સમાજની સંકીર્ણ પરિસ્થિતિ અને પ્રશ્નોને લગતી ચર્ચા અમને સાંકળનારો વિષય હતો. આ રીતે તેમને મળવાનું અને તેમના મનન ચિન્તનનો ચાલુ લાભ મેળવવાનું સદ્‌ભાગ્ય મને પ્રાપ્ત થયું હતું. અનેકવિધ આધિ, વ્યાધિ અને ઉપાધિઓનો સામનો કરતી કરતી કોઇ એક વ્યકિત પોતાની પ્રખર પ્રતિભા વડે સાહિત્યિક જગતને સમૃદ્ધ અને સુસંપન્ન કરવા સાથે રાષ્ટ્રીય જીવનમાં કેવી રીતે ઉચ્ચ સ્થાન પામી શકે છે તેનું પ્રેમીજી એક ઉજ્જ્વળ અને ચિરસ્મરણીય દૃષ્ટાન્ત હતા. તેમણે અધ્યાપક, લેખક, સંપાદક, કવિ તથા પ્રકાશકના રૂપમાં હિન્દી જગતની સેવા કરીને દેશભકતો, સમાજસેવકો, તથા સાહિત્યકારો માટે અનુકરણીય આદર્શ પૂરો પાડયો હતો. તેમના પવિત્ર આત્માને શાશ્વત શાન્તિ પ્રાપ્ત થાઓ એવી આપણી ઊંડા દિલની પ્રાર્થના હો!

પરમાનંદ

સાહિત્યતપસ્વી સ્વ. પ્રેમીજી

પ્રેમજીનું મૃત્યુ એ કેવળ જૈન સમાજ માટે જ ખેદનો વિષય નથી, પણ સમગ્ર દેશમાં જ્યારે રાષ્ટ્રભાષા હિન્દીના ઉન્નયનની વાત થઇ રહી છે ત્યારે રાષ્ટ્રભાષાના પ્રેમીઓ અને લેખકો માટે એ વજ્રપાત જેવી ઘટના લેખાશે. મરણપથારીએ પડયા પડયા પણ જેમણે રાષ્ટ્રભાષાના સાહિત્યની શ્રી વૃદ્ધિની ચિંતા કરી હશે, નહિં કે પોતાના આર્થિક લાભની, એવા વિરલ પ્રકાશક પ્રેમીજી આપણા જૈન સમાજનું જ નહિ, પણ દેશસમગ્રનું ગૌરવ હતા.

પ્રેમીજી એ વ્યકિત નહિં પણ સંસ્થા જ હતા. હિન્દીગ્રન્થ રત્નાકર અને પ્રેમીજી એ બે નહિં પણ એક જ હતા. જ્યારે

તેમને અભિનંદનગ્રન્થ ભેટ આપવાનો નિર્ણય લેવાયો ત્યારે તેમણે લખ્યું કે મેં એવું કશું જ કર્યું નથી જેથી આ પ્રકારે મારું અભિનંદન કરવામાં આવે, આથી તો હિન્દી સમગ્ર સંસારનું અપમાન થશે. આમ પોતાના વ્યક્તિત્વને તેમણે સાવ ગૌણ દર્શ પોતાની નમ્રતા અને સાધારણતા દાખવી. પણ આ પ્રકારની તેમની નમ્રતાએ જ તેમને ઉન્નત બનાવ્યા.

જૈન સમાજમાં સુધારક વિચાર ધરાવનાર જૂની પેઢીના જે ગણ્યાંગાંઠ્યાં વિદ્વાન લેખકો છે તેમાં પ્રેમીજી તે સૌના અગ્રણી છે એ વસ્તુ પ્રત્યે જ્યારે ધ્યાન જાય છે ત્યારે પ્રેમીજીનું ખરું મહત્ત્વ સમજાય છે. ઇ. ૧૯૦૧માં મુંબઇમાં નવા નવા આવ્યા ત્યારે દિગંબર સભાના એક સામાન્ય કારકુન છતાં તે વખતના ધાર્મિક જીવનમાં જે અસંગતિઓ હતી, ખાસ કરી શેઠોના જીવનમાં, તેને ખુલ્લી પાડતા, તે વિષે છાપામાં લખતાં, એ કદી અચકાયા નહિ. આ વસ્તુ આશ્રિતને માટે આજે પણ કહ્યું છે તો તે વખતે કેટલી કહ્યું હશે. તેનો જ્યારે વિચાર કરીએ છીએ ત્યારે તેમની હિમ્મત અને નિર્ભયતાનો ખ્યાલ આવે છે અને આજના જૈનસુધારકોના ગુરૂપદે તેઓ કેમ બેસી શકે છે તેનો પણ નિવેડો થાય છે. જીવનમાં સચ્ચાઇ અને પ્રામાણિકતા સાથે પરિશ્રમવૃત્તિ તથા સ્વાશ્રયવૃત્તિ—આટલું હોય તો માણસ કદી કોઇથી ડરે નહિ, ડરવાને કંઇ કારણ નથી એનું જીવન્ત ઉદાહરણ પ્રેમીજીએ પૂરું પાડ્યું છે. નવા નવા આવેલ પ્રેમીજી વિષે કોઇના કાનભંભેરણીથી પ્રેરાઇ જ્યારે શેઠોએ તિજોરીની શિરકત તપાસવા પ્રયત્ન કર્યો અને તેમાં કશી ભૂલ-ચૂક ન હતી એમ સિદ્ધ થયું ત્યારે શેઠો સામે ચાવીનો ઝૂડો ફેંકનાર પ્રેમીજીમાં પોતાની પ્રામાણિકતામાં કેટલો ભરોસો અને નિષ્ઠા હશે એ આજે પણ પ્રેરક બને એવી વિરલ ઘટના છે. એજ પ્રામાણિકતાને બળે પ્રેમીજી હજારો કમાયા અને એ હજારોને બળે હિન્દી ગ્રન્થરત્નાકરને સમૃદ્ધ કરી રાષ્ટ્રભાષાના ભંડારને ભરી દીધો, પણ પોતે તો ફકીરી જીવન જ ગાળ્યું—એનો જ્યારે વિચાર કરીએ છીએ ત્યારે તેમનું ધ્યેય કમાણીનું નહિ પણ દેશહિતનું એક સુંદર કાર્ય કરી દેખાડવાનું જ હતું એમ કહ્યા વિના નહિ ચાલે. પ્રેમીજીના જવાથી આવા આદર્શ સાહિત્યસેવીની મોટી ખોટ દેશને પડી છે એમાં સંદેહને સ્થાન નથી. દેશને જ્યારે આવી નિષ્ઠાવાન વ્યક્તિઓની જરૂર છે ત્યારે વૃદ્ધ, અતિવૃદ્ધ છતાં તેમની ખોટ સાલે જ.



પ્રેમીજી સ્વયં સુધારકવિચારના લેખક હતા એ તેમની લેખક કારકીર્દીનું યથાર્થ વર્ણન ન કહેવાય. જૈન ઇતિહાસ વિષે તટસ્થ દૃષ્ટિથી કેમ લખવું, કેમ સંશોધન કરવું – એ બાબતમાં પણ પ્રેમીજી ગુરૂસ્થાનીય હતા. પ્રેમીજીએ જૈન સાહિત્ય, જૈન આચાર્યો, તીર્થો આદિના ઇતિહાસ વિષે જે માર્ગદર્શન કરાવ્યું છે તે અપૂર્વ જ છે એમ કહેવું જોઇએ. તેમના સંશોધક આત્માની પ્રસાદીરૂપ પુસ્તક "જૈન સાહિત્ય ઔર ઇતિહાસ" તેમની અમર કીર્તિરૂપ બની ગયું છે. અને જૈન ઇતિહાસના વિદ્યાર્થી માટે તે અનિવાર્ય જેવું પણ બની ગયું છે.

શ્રી. નાથુરામજી પ્રેમીનું દીર્ઘકાલીન (ઇ. ૧૮૮૧–૧૯૬૦) જીવન એક સાહિત્યરસિકનું તપસ્વી જીવન હતું. એક સામાન્ય નિશાળના માસ્તર તરીકેની કારકીર્દીથી શરૂ કરીને જૈનમિત્ર, જૈનહિતૈષી જેવા પત્રોના સંપાદક, હિન્દી ગ્રન્થ રત્નાકર ગ્રન્થમાલાના સંપાદક અને માણિકચંદ્ર દિગંબર જૈન ગ્રન્થમાલાના સંપાદક થયા તે સહજ ભાવે નહિ પણ અથાક પરિશ્રમવૃત્તિને કારણે જ. તેમના પુત્ર હેમચંદ્રે ઠીક જ કહ્યું છે કે દાદાને મન ઘર અને ઘરના સ્વજનો કરતાં પુસ્તકો જ જાણે કે મહત્વનાં થઇ ગયાં છે. આજના હિન્દી સંસારના પ્રતિષ્ઠિત લેખકોને પ્રતિષ્ઠિત કરવામાં જેટલો પ્રેમીજીનો હાથ છે તેટલો ભાગ્યે જ બીજા કોઇનો હશે. લેખકની કૃતિને એમને એમ નહિ પણ સંસ્કારીને જ મુદ્રિત કરવાની જે બધી ક્રિયાઓ છે તેમાં લીધેલ ચીવટ, તેમના દ્વારા પ્રકાશિત વિવિધ વિષયના ઉચ્ચકોટિના હિન્દી પુસ્તકોને પાને પાને દેખાઇ આવે છે, જે અન્યત્ર પ્રકાશિત હિન્દી પુસ્તકોમાં આજે પણ દુર્લભ છે. ઇ. ૧૯૧૨થી આજ લગી છેલ્લી ઘડીએ પણ પ્રેમીજી તેમની માળામાં પ્રકાશિત પુસ્તકમાં એક કોમા પણ યથાસ્થાને જ મુકાવો જોઇએ એટલી કાળજી રાખતા. હિન્દીના લેખકો તેમના હાથમાં પુસ્તક આપીને નિરાકુલ થઇ જતા તે બે રીતે—છપાઇ બાબતમાં અને પુસ્તકના વેચાણ બાબતમાં. હિંદી ગ્રન્થ રત્નાકરમાં જે પુસ્તક પ્રકાશિત થાય તે વેચાવાનું જ એવી પ્રતિષ્ઠા પ્રેમીજીએ તેમની માળાની જમાવી હતી. આ તો થઇ તેમની બીજા લેખકોને પ્રોત્સાહન આપી આગળ લાવવાની કથા.

મુંબઇમાં માત્ર ૨૫ રૂપિયાની નોકરીથી શરૂઆત કરનાર પ્રેમીજી પોતાની પ્રામાણિકતાને બળે આજે શ્રેષ્ઠ પ્રકાશકોની પંક્તિમાં બેસી ગયા હતા અને સાધનસંપન્ન થયા હતા તેની પાછળ એકમાત્ર નિષ્ઠા સમાજમાં કાંઇક સાહિત્ય સેવા કરી જવી એ હતી. જે કાંઇ કમાયા તે સાહિત્ય અર્થે જ ખર્ચ્યું અને ઉત્તરોત્તર પ્રકાશન વ્યવસાયને વધાર્યો. વ્યક્તિગત જીવનમાં ખર્ચ તેમણે કદી વધાર્યો નહિ પણ વ્યવસાયને સમૃદ્ધ કર્યો–લેખકોને સમૃદ્ધ કર્યા, લેખકોને લખવા માટેના સાધનો પૂરા પાડ્યા, તેમના ઉત્સાહમાં શી રીતે વૃદ્ધિ થાય તેની ચિંતા કરી–આમ ખરી રીતે તેમણે અનેક લેખકોના જીવનમાં આત્મીયનું સ્થાન પ્રાપ્ત કર્યું હતું, અને લેખક-પ્રકાશકનો સંબંધ માત્ર વ્યવસાય પૂરતો જ નહિ પણ કુટુંબ જેવો જ કેમ બની શકે તેનું ઉદાહરણ તેમણે પોતાના વ્યવહારથી જ આપ્યું હતું. પરિણામે તેમનો વ્યવસાય સમૃદ્ધ થયો અને લેખકો પણ સમૃદ્ધ થયા. તેમના જવાથી અનેક લેખકોએ પિતા જેવા પ્રેમીજીની ખોટ અનુભવી હશે એ નિઃસંદેહ છે. અનેક લેખકો આજે આવા નિઃસ્પૃહ પ્રકાશકની વિરહવેદના સહી રહ્યા હશે અને પોતાને નિરાધાર જેવા અનુભવી રહ્યા હશે.

'પ્રેમી' એ નામ જ્યારે પ્રારંભમાં તેમણે કવિતાઓ લખવી શરૂ કરી હતી ત્યારે ઉપનામ ધારણ કર્યું હતું. એ માત્ર ઉપનામ

જ નથી. તેમના જીવનમાં એ સ્નેહતત્ત્વ વણાઇ ગયું હતું એમ કોઇ પણ એક ક્ષણભરના તેમના સહવાસથી જોઇ શકતું હતું. તેમના પુત્ર સ્વ. હેમચંદ્ર, પૌત્ર યશોધર – વિદ્યાધર અને પુત્રવધૂ ચંપાબેન તો એમના અનુપમ સ્નેહમાં જીવનભર નહાયા જ છે. જીવનમાં કદુતા કોને કહેવાય તેનો અનુભવ એ બધાને ભાગ્યે જ થયો હશે. આ તેમના પરિવાર ઉપરાંત પ્રેમીજીનો બીજો પરિવાર હતો હિન્દી લેખકોનો, જૈન લેખકોનો અને તેમાં પણ સુધારક મનોવૃત્તિવાળા જૈન લેખકોનો. તેમણે સૌએ પણ પ્રેમીજીના પ્રેમનો રસાસ્વાદ કર્યો હશે. કોઇપણ સુલેખકની કયાંય ખૂણેખાંચરે પણ જીવનને ઉન્નત કરે એવી કૃતિ છપાઇ હોય તો તે માટે લેખકને અભિનંદન અને પ્રોત્સાહનના બે શબ્દો અણધાર્યા જ પ્રેમીજી તરફથી મળ્યા જ હોય–આવું ઘણા નવા લેખકો માટે બન્યું હશે. આ રીતે તેઓ તેમની સાથે આત્મીયતા કેળવતા. ઘણા લેખકોની કવિતાને અને લેખો તથા પુસ્તકોને મઠારવાનું કામ પ્રેમીજીએ કરી આપ્યું છે અને ઘણીવાર તે પુસ્તક પણ સમગ્ર-રૂપે નવેસરથી આધુનિક ભાષામાં લખી આપવું પડ્યું છે. તેઓ હિન્દી ઉપરાંત મરાઠી, બંગાળી અને ગુજરાતીનું સારું જ્ઞાન ધરાવતા હતા. સંસ્કૃત, પ્રાકૃત અને અપભ્રંશના પણ જ્ઞાતા હતા. આ બધું છતાં વિદ્વાન હોવાનો દાવો તેમણે કર્યો નથી એ એમની નમ્રતા જ લેખાય. સાધારણ લેખકનો પણ સમાદર કરી ઉચ્ચ આસને બેસાડવામાં તેઓ ગૌરવ અનુભવતા. આવા નિરલસ, નમ્ર અને સ્નેહશીલ પ્રેમીજીનું અવસાન એ ખરેખર મોટી ખોટ છે.

૪-૨-૬૦ દલસુખ માલવણિયા

પ્રેમીજીના જીવનની ઝીણી ઝરમર

પ્રેમીજીના પૂર્વજો માળવા પ્રદેશમાંથી આવીને મધ્યપ્રદેશના સાગર જિલ્લામાં આવેલા 'દેવરી' નામના ગામડામાં વર્ષોથી વસતા હતા. ઇ. સ. ૧૮૮૨માં–વિ. સં. ૧૯૩૮ માગશર શુદ્ધ ૬ના રોજ–પ્રેમીજીનો જન્મ ત્યાં જ થયો હતો. તેમના પિતાનું નામ હતું શ્રી ટૂંડેલાલજી. ટૂંડેલાલજીનો ઉદ્યોગધંધો શાહુકારી અને ખેતી-વાડીનો હતો. તેઓ એક સાદી સરળ વ્યક્તિ હતા. શાહુકારીમાં તેમણે જે રોકાણ કર્યું એ બધું ધીમે ધીમે ડુબી ગયું. ખેતી-વાડીના કામથી તેઓ અજાણ હતા. પરિણામે કીડા-જીવડાં જ તેમના ખેતરમાં જોવામાં આવતાં હતાં. પોતાના બચપણના દિવસોની આપવીતી પ્રેમીજી બહુ રસથી કહેતા હતા–"પિતાજીની સ્થિતિ એટલી બધી દયાજનક અને કષ્ટમય હતી કે કેટલી મુશ્કેલીએ એક ટંકનું તેમને ભોજન મળી શકતું હતું. એ દિવસોમાં હું દેવરીની નિશાળમાં ભણી રહ્યો હતો. ભણવા–ગણવામાં હું કુશાગ્ર-બુદ્ધિ હતો. જ્યારે છઠ્ઠા ધોરણની પરીક્ષામાં હું ઉત્તીર્ણ થયો ત્યારે સૌથી પહેલો આવવાના પરિણામે 'હેડ માસ્તર' સાહેબે પહેલું ધોરણ ભણાવવા માટે મને નિયુક્ત કર્યો–આ 'મોનીટર'નું કામ કરવા બદલ મને માસિક દોઢ રૂપિયાની પ્રાપ્તિ થઇ હતી. 'હેડ-માસ્તર' સાહેબની મારી ઉપર ખૂબ કૃપા હતી. એમણે મને ભણાવી ગણાવીને 'ટીચર્સ ટ્રેનીંગ'ની પરીક્ષા અપાવી. આ પરીક્ષામાં હું બીજા નંબરે પસાર થયો. ખૂબ પરિશ્રમ પછી ઇ.સ.૧૮૯૯માં 'ખૂરઇ'ની પાસે 'ખિમલાસા' નામના ગામની સ્કૂલમાં શિક્ષકની મને નોકરી મળી."

અધ્યાપનની સાથે સાથે તેમને કેટલાય દિવસ સુધી પોસ્ટ-માસ્ટરનું કામ પણ સંભાળવું પડ્યું. એ વખતે એમને બધું મળીને માસિક સાત રૂપિયા મળતા હતા. ત્રણ રૂપિયા તેઓ પોતા માટે ખર્ચ કરતા હતા અને ચાર રૂપિયા ઘેર મોકલતા હતા. આ તેમનું કરકસરભર્યું જીવન અન્ત સુધી ચાલુ રહ્યું હતું.

એક વાર તેઓ કહી રહ્યા હતા કે જ્યારે જાણીતા ઉપન્યાસ-કાર પ્રેમચંદજી મુંબઇ આવ્યા હતા અને સીનેમાવાળાના ચકરા-વામાં ફસાઇ ગયા હતા તે સમય દરમિયાન પોતાના ભણતરકાળની વાત સંભારીને તેમણે જણાવેલું કે પોતે એક નાના સરખા તબેલામાં રહેતા હતા. નીચે ઘોડા બાંધવામાં આવતા હતા અને ઉપર માળીયામાં ઘોડાના ઘાસ ઉપર તુટેલું ફાટેલું ધોતીયું પાથરીને તેઓ (પ્રેમચંદજી) રહેતા હતા અને એ રીતે ક્વીન્સ કોલેજમાં ભણતાં હતાં. આમ સંસ્મરણો સંભળાવતાં સંભળાવતાં પ્રેમીજીની આંખોમાં પોતાના બચપણના દિવસો તરવા લાગ્યા અને ઊંડા ચિન્તનમાં ઉતરી જઇ તે કહેવા લાગેલા કે:–

"જ્યારે હું ૧૮-૧૯ વર્ષનો હતો, ત્યારે ઘરની દરિદ્રતા સીમા ઓળંગી ગઇ હતી, અને ભોજન પણ બહુ મુશ્કેલીથી મળતું હતું. પિતાજી ઉપર દેવાનો બોજો ખૂબ વધી ગયો હતો. સ્થિતિ ખૂબ ભયંકર બની ગઇ હતી. એક દિવસ ચાંદપુરનો તળાટી આવ્યો અને કેટલાંય વર્ષનું મહેસુલ વસુલ નહિ થવાથી ઘર ઉપર તે જપ્તિ લઇ આવ્યો." શાહુકારની જપ્તિનું વર્ણન કરતી વખત પ્રેમીજીનું ગળું ભરાઇ આવતું – "શાહુકારની જપ્તિની વાત શું કરું ? એક પીતળના વાસણમાં ખીચડી રંધાઇ રહી હતી. અમે લોકો ખાવાની તૈયારી કરી રહ્યા હતા અને શાહુકારની આજ્ઞાથી જપ્તિ બજાવવાવાળાઓએ ખીચડી ચુલામાં નાંખી દીધી અને વાસણ લઇને તેઓ ચાલતા થયા અને અમે લોકો એ દિવસે કશું ખાધા વિનાના રહ્યાં."

આ કઠણાઇઓનો અન્ત આવ્યો. સૌભાગ્યવશાત્ પ્રેમીજીને મુંબઇ પ્રાન્તીય સભામાં શ્રી પન્નાલાલ કાસલીવાલની કૃપાથી ૨૫ રૂપિયાની એક કલાર્કની નોકરી મળી ગઇ. પ્રેમીજીએ એક શેઠને પ્રોમીસરી નોટ લખી આપીને દશ રૂપિયા ઉધાર લીધા. ધૈર્ય ધારણ કરીને તેઓ મુંબઇ તરફ રવાના થયા મુંબઇમાં તેમને જે નોકરી મળી તેનું કારણ તેમના સુન્દર હસ્તાક્ષર હતા. મુંબઇમાં રહીને પ્રેમીજીએ પોતાની શક્તિઓનો ભરપૂર વિકાસ સાધ્યો. ત્યાં રહીને તેમણે સંસ્કૃત પ્રાકૃત, બંગાળી, ગુજરાતી, મરાઠી વગેરેનું ગહન અધ્યયન કર્યું.

કાવ્ય–પ્રેમ

૧૫–૧૬ વર્ષની ઉમ્મરથી પ્રેમીજીએ હિંદી પત્ર–પત્રિકાઓમાં લખવાની શરૂઆત કરેલી. તેમના કવિતાગુરૂ હતા ઉર્દુના શાયર મૌલાના સૈયદ અમીરઅલી 'મીર'. કાનપુરમાં પ્રગટ થઇ રહેલી 'રસિક–મિત્ર', 'રસિક વાટિકા', 'કાવ્ય–સુધાકર' વગેરે પત્રિકાઓમાં પ્રેમીજીની કવિતાઓ અવારનવાર પ્રકાશિત થઇ રહી હતી. તેઓ અત્યન્ત રસિક તેમ જ સહૃદય વ્યક્તિ હતા. 'પ્રેમી' ઉપનામ પણ એ સમયનું છે. નવી શુદ્ધ હિન્દીની એ બાલ્યાવસ્થામાં આગ્રા, કાનપુર વગેરે સ્થળોમાં સાંજ–સવારની પ્રાર્થનામાં પ્રેમીજીનું નીચે આપેલું પદ હંમેશાં ગવાતું હતું:–

દયામય ઐસી મતિ હો જાય !

ત્રિભુવનકી કલ્યાણ કામના દિન-દિન બઢતી જાય
...દયામય૦

ઔરોંકા સુખકો સુખ સમઝૂં, સુખકા કરૂં ઉપાય,
અપને દુઃખ સબ સહૂં કિન્તુ પરદુઃખ નહિ દેખા જાય,
...દયામય૦

અધમ, અજ્ઞ, અસ્પૃશ્ય, અત્રમી, દુઃખી ઔર અસહાય,
સબકે અવગાહન હિત મમ ઉર, સુરસરિ સમ બન જાય
...દયામય૦

ભૂલા-ભટકા ઉલટી મતિકા જો હૈ જન-સમુદાય,
ઉસે સુઝાઉં સચ્ચે સત્પથ, નિજ સર્વસ્વ લગાય,
...દયામય૦

સત્ય ધર્મ હો, સત્ય કર્મ હો, સત્ય ધ્યેય બન જાય,
સન્યાન્વેષણમેં હી 'પ્રેમી' જીવન યહ લગ જાય,
...દયામય૦

પ્રેમીજી મૈથિલીશરણ ગુપ્તની માફક 'પ્રયત્નસિદ્ધ' કવિ હતા અને એ કવિ પણ દ્વિવેદી યુગના, જેમાં ઇતિવૃત્તાત્મકતાનું પ્રાધાન્ય છે.

મુંબઇમાં કલાર્કનું કામ કરવા સાથે 'જૈન મિત્ર'નું તેઓ સંપાદન કરતા હતા. તેમના સંપાદનકાળમાં આ પત્રની આશાતીત ઉન્નતિ થઇ હતી. આ સમયમાં તેમણે 'દૌલત-વિજય,' 'જિન-શતક,' 'બનારસી-વિલાસ' વગેરેનું સંપાદન પણ કર્યું હતું.

પ્રેમીજીએ ઇ.સ. ૧૯૧૨ સપ્ટેમ્બરની ૨૪મી તારીખે હિન્દી-ગ્રંથ-રત્નાકર'ની સ્થાપના કરી. આ ગ્રંથમાળામાં પ્રકાશિત પ્રથમ ગ્રંથ હતો 'સ્વાધીનતા.' સ્વાધીનતા (લિબર્ટી) ના મૂળ લેખક હતા જોન સ્ટુઅર્ટ મીલ, અને તેના હિન્દી અનુવાદક હતા પં. મહાવીરપ્રસાદ દ્વિવેદી. ત્યારથી આજ સુધી હિન્દીના શ્રેષ્ટ વિદ્વાનો અને આચાર્યોના સેંકડો પુસ્તકો આ ગ્રન્થમાળામાં છપાઇ ચુકયા છે. તેમને ત્યાંથી મોટા ભાગે પ્રથમ શ્રેણીનાં જ પુસ્તકો પ્રકાશિત થયાં છે. પ્રકાશિત પુસ્તકોના વિષયમાં તેઓ સદા સજાગ રહ્યા હતા. પ્રથમ શ્રેણીની કૃતિ, ઉત્તમ સંશોધન, ઉત્તમ છપાઇ-સફાઇ, લેખકો પ્રત્યે સદ્‌વ્યવહાર, પૂરી ઇમાનદારી વગેરે તેમના પ્રકાશનકાર્યની વિશેષતાઓ હતી. તેમણે ખરેખર પ્રકાશનની દિશામાં અત્યન્ત મહત્વપૂર્ણ કામ કર્યું હતું. તેમની સેવાનું અભિનન્દન કરતો એવો 'પ્રેમી અભિનન્દન ગ્રંથ' ભારતના મહાન વિદ્વાનોએ સમર્પિત કરીને તેમનું સન્માન કર્યું હતું.

મહત્વપૂર્ણ રચનાઓ

પ્રેમીજી પોતે પણ મૌલિક ચિન્તક તથા સંશોધનપરાયણ લેખક હતા. પ્રાચીન જૈન સાહિત્યના અનુસન્ધાનનું એટલે કે સંશોધન-સંપાદનનું જે મહત્વપૂર્ણ કાર્ય તેમણે કર્યું છે, તેને સાહિત્યના ઇતિહાસમાં એક મહત્વનું સીમા-ચિહ્ન લેખવામાં આવે છે. તેમનો 'જૈન-સાહિત્ય ઔર ઇતિહાસ' નામનો ગ્રંથ શોધકોનો એક કંઠહાર બની રહ્યો છે. વસ્તુતઃ આ એક ગ્રન્થ પણ તેમની કીર્તિને અમર કરવા માટે પૂરતો છે. 'સ્વયંભૂ' જેવા મહાકવિને સર્વપ્રથમ પ્રકાશમાં લાવવાનું શ્રેય પ્રેમીજીના ફાળે જાય છે. બનારસીદાસ કૃત 'અર્ધ કથાનક'નું ઉત્તમ સંપાદન સર્વપ્રથમ પ્રેમીજીએ કર્યું હતું. તેમનું 'જૈન સાહિત્ય કા સંક્ષિપ્ત ઇતિહાસ' પ્રયાગના હિન્દી સાહિત્ય સંમેલન દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યું હતું. આ ગ્રન્થો ઉપરાન્ત વિદ્વત્ રત્નમાળા, પ્રદ્યુમ્ન ચરિત્ર, પુણ્યાશ્રમ કથાકોશ, જ્ઞાન-સૂર્યોદય નાટક, જૈન પદ સંગ્રહ (૬ ભાગમાં), છત્ર ચૂડામણિ, પ્રતિભા (બંગાલીમાંથી અનુવાદિત), રવીન્દ્રનાથની શિક્ષા (અનુવાદ), ફુલોંકા ગુચ્છ (અનુવાદ), વિષાપ-હાર (પદ્યાનુવાદ), રવીન્દ્ર કથા-કુંજ (અનુવાદ), વગેરે લગભગ ૩૬ સંપાદિત, અનુદિત તથા મૌલિક કૃતિઓ વડે એમણે સાહિ-ત્યના ભંડારને સમૃદ્ધ કર્યો છે. પ્રેમીજીએ કાર્યકર્તા તથા સંપાદકના રૂપમાં 'માણિકચંદ્ર જૈન ગ્રન્થમાલા'માં અન્તર્ગત ૪૫ પુસ્તકોનું સંપાદન કર્યું છે. ન્યાય કુમુદચંદ્ર, મહાપુરાણ, જૈન શિલા-લેખ સંગ્રહ જેવા મહત્વપૂર્ણ ગ્રન્થો આમાં અન્તર્ગત કરવામાં આવ્યા છે. ખરેખર, હિન્દી ગ્રંથરત્નાકર એટલે કે પોતાના આ ગ્રંથો દ્વારા તેમણે હિન્દીને મહામૂલ્યવાન ગ્રન્થરત્નો જ આપ્યા છે.

અન્ધ-વિશ્વાસનો વિરોધ

પ્રેમજી અન્ધવિશ્વાસ, જાતિભેદ, તથા સામાજિક કુરૂઢિઓના ઉગ્ર વિરોધી હતા. તેઓ વિધવાવિવાહના પાકા સમર્થક હતા. પોતાના નાના ભાઇ નાનાલાલનો વિવાહ એક વિધવા સાથે કરા-વીને એ વિચારનો તેમણે અમલ પણ કરી દેખાડયો હતો. 'પુજ્ડરી-સ્તોત્ર' લેખમાં તેમણે પુજ્ડરીઓ ઉપર ભયંકર વ્યંગ્ય કર્યો હતો. તેના પરિણામે ઉશ્કેરાયેલા કેટલાક સ્થિતિચુસ્ત લોકોએ તેમની ફાર્મસી, ઓફિસનો સામાન વગેરે રસ્તા ઉપર ફેંકી દીધો હતો. અંગ્રેજોની લૂટ, ભારતીય અધિકારીઓની જબરદસ્તી વગેરે ઉપર તેમણે ૧૯૨૪ પહેલાં પોતાની કલમ ચલાવી હતી. તેમના જાતિ-વિરોધી કાર્યો અંગે તેમને જાતિવાળાઓએ બહિષ્કૃત પણ કરી દીધા હતા, પરંતુ તેઓ સદા સત્યનિષ્ટ હતા તેમ જ પોતાના વિચારોમાં અટલ રહ્યા હતા.

પ્રેમીજી વર્ષોથી દમના રોગથી ગ્રસ્ત હતા. દમનો રોગ, નાની ઉમ્મરમાં એક માત્ર પુત્ર હેમચંદ્રનું અવસાન, પત્નીનું મૃત્યુ વગેરે ઘટનાઓએ પ્રેમીજીને જર્જરકાય બનાવી દીધા હતા. તેઓ અસાધ્ય અવસ્થામાં પણ અધ્યયન, મનન, શોધખોળ, માર્ગ-દર્શન, અતિથિસત્કાર વગેરે કરતા જ રહ્યા હતા.

શું એક કિસાન શેઠના પુત્રના રૂપમાં અને શું એક અધ્યા-પકના રૂપમાં, શું એક આદર્શ પત્રકારના રૂપમાં અને શું એક સમાજસુધારકના રૂપમાં, શું હિન્દીના એક માર્ગદર્શકના રૂપમાં કે શું એક ઉચ્ચ કોટિના મૌલિક લેખકના રૂપમાં અને એક સંશોધક-સંપાદકના રૂપમાં-પ્રેમીજી સર્વ રૂપમાં મહાન હતા-તેઓ ખરેખર સી. પી.ના મોતી હતા, હિન્દીના હીરા હતા.

(૮ ફેબ્રુઆરીના નવભારત ટાઇમ્સમાંથી
સાભાર ઉદ્ધૃત)

મૂળ હિન્દી: **શિવ સહાય પાઠક 'શિવ'**
અનુવાદક: **પરમાનંદ**

શ્રી. નાથુરામ પ્રેમીના અવસાન અંગે શોકપ્રસ્તાવ

તા. ૧૦-૨-ના રોજ મળેલી સંઘની કાર્યવાહક સમિતિએ સ્વ. નાથુરામ પ્રેમીજીના અવસાન માટે નીચે મુજબનો શોક પ્રસ્તાવ પસાર કર્યો હતો:-

"તા. ૩૦-૧-૬૦ ના રોજ નીપજેલા સાધુપુરૂષ શ્રી. નાથુ-રામ પ્રેમીના અવસાનથી જૈન સમાજને એક ઉચ્ચ કોટિના શ્રાવકની, જૈન સહિત્યને એક સાચા ઉપાસકની, વિશાળ જનસમાજને એક સત્યનિષ્ઠ વિભૂતિની અને હિંદી સાહિત્યને એક કવિ, લેખક, વિવેચક, સંપાદક તથા પ્રકાશકની ખોટ પડી છે. મુંબઇ જૈન યુવક સંઘની સર્વ પ્રવૃત્તિઓ તરફ તેમનો હંમેશા પક્ષપાત રહ્યો હતો. એ રીતે સંઘે એક સદ્‌ભાવનિષ્ઠ મિત્ર તથા સલાહકાર ગુમાવેલ છે. તેમણે સમાજ તથા સાહિત્યની વર્ષો સુધી અણમોલ તથા અનેકવિધ સેવાઓ કરીને અને મન, વાણી અને કર્મની એકરૂપતા જેમાં રહેલી હતી તેવું ઉજ્જ્વળ ચરિત્ર રજુ કરીને પોતાના દીર્ઘ જીવનને ધન્ય અને મંગલમય બનાવ્યું છે. તેમના અવસાન અંગે, આજ રોજ (તા. ૧૦-૨-૬૦) મળેલી સંઘની કાર્યવાહક સમિતિની સભા ઉંડો ખેદ અનુભવે છે. અને તેમના કુટુંબીજનો પ્રત્યે સમસંવેદના તથા સહાનુભૂતિ દાખવે છે."

પુસ્તકાલયમાં વસાવવા લાયક, શિક્ષણ સંસ્થામાં ઇતર વાંચન તરીકે ઉપયોગમાં લેવા લાયક તેમ જ કોઈ પણ શુભ પ્રસંગે વહેંચવા લાયક પુસ્તકો

સત્યં શિવં સુન્દરમ્

શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાનો લેખસંગ્રહ
કાકાસાહેબ કાલેલકર અને પંડિત સુખલાલજીના પ્રવેશકો સાથે
કિંમત રૂા. ૩, પોસ્ટેજ ૦-૬-૦

મુંબઇ જૈન યુવક સંઘના સભ્યો તથા પ્રબુદ્ધ જીવનના ગ્રાહકો માટે
સત્યં શિવં સુન્દરમ: કિંમત રૂા.૨, બોધિસત્ત્વ: કિંમત રૂા. ૧

મળવાનું ઠેકાણું:

મુંબઇ જૈન યુવક સંઘ,
૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
ગાંધી રસ્તો, અમદાવાદ.

ધર્મવિચાર : ૨

(ગતાંકથી અનુસન્ધાન)

માનવીના પ્રાથમિક જીવનને સુસંસ્કૃત બનાવવા માટે અને વ્યક્તિનાં સંપૂર્ણ વિકાસની સાથોસાથ સમાનતાનો પણ સર્વાંગીણ અભ્યુદય થાય એટલા માટે ધર્મની સ્થાપના થઇ હતી.

જુદા જુદા પ્રદેશોના અને જુદા જમાનાના માનવીની ઉન્નતિ માટે ધર્મસંસ્થાપકો જન્મ્યા અને એમના પુરૂષાર્થના ફળરૂપે અનેક ધર્મોની સ્થાપના થઇ. જ્યાં સમાજના વિકાસનું પ્રમાણ ઓછું રહ્યું, ત્યાં ધર્મના સ્વરૂપમાં જ જાત-જાતના દોષો પ્રવેશી ગયા. અજ્ઞાન, અબુદ્ધિ, જડતા, ભ્રમ વગેરે માનવીના દોષો અને વિકૃતિઓને લઇને ધર્મોમાં પણ જાતજાતની વિકૃતિઓ આવી ગઇ. આમ છતાં, આપણે એટલું જરૂર કહી શકીએ છીએ કે, બધા પ્રૌઢ ધર્મોમાં ભેદ અને દોષ હોવા છતાં એક પ્રકારની સર્વ સમાન ધાર્મિકતા છે, જે માનવજાતને ઉન્નત બનાવે છે, અને એક બીજાની નજીક લાવે છે. ધર્મોનું મહત્ત્વ આ ધાર્મિકતાને કારણે જ છે. પરંતુ લોકો ધર્માભિમાનને કારણે અને પોતપોતાના કદાગ્રહના કારણે ભેદક તત્ત્વો પર વધારે ધ્યાન આપે છે. પરિણામે ધર્મ-ધર્મની વચ્ચે સંઘર્ષ શરૂ થાય છે; અને ધર્મને નામે અધાર્મિક ઝઘડો શરૂ થાય છે.

ધર્મની પ્રેરણા ભલે કોઇ ઇન્દ્રિયાતીત નિગૂઢ તત્ત્વમાંથી મળી હોય, પરંતુ ધર્મનું સંગઠન એ તો માનવીની પોતાની કૃતિ છે. એમાં ખામીઓ, દોષો અને વિકૃતિઓ જન્મે જ છે. એટલા માટે જ સમયે સમયે, ધર્મનું સંસ્કરણ, શુદ્ધીકરણ અને નવીનીકરણ કરવું અનિવાર્ય થઇ પડે છે. આ બધું કરવાની હિંમત જ્યારે ધર્માનુયાયીઓ અને ધર્માભિમાનીઓ દાખવી નથી શકતા, ત્યારે દરેક જમાનામાં નવા નાના-મોટા ધર્મ-સંપ્રદાયો પેદા થાય છે, જેમને જૂના લોકોની સાથે સંઘર્ષમાં ઊતરવું પડે છે, અને પોતાનું બલિદાન પણ આપવું પડે છે.

આ રીતે ધર્મોની સંખ્યા, ધર્મોના સંઘર્ષો અને ધર્મને નામે થતા અત્યાચારોને જોઇને દુનિયા કંટાળી જાય છે. અને કહે છે કે કાં તો આ ધર્મને સુધારો અથવા તો એમને નામશેષ બનાવી દો. (Mend them or end them.)

દુનિયામાં બે દેશ એવા છે, જેમણે ધર્મના આ સવાલનો જવાબ આપવાનું બીડું ઉપાડ્યું છે: રશિયા અને ભારત. બન્નેની રાજ્યવ્યવસ્થા બિનસાંપ્રદાયિક (Seeular) છે. રશિયાના સામ્યવાદના મનમાં બધા ધર્મો પ્રત્યે એકસરખો અનાદર અને તિરસ્કાર છે. એનાથી ઊલટું, ભારતમાં બધા ધર્મો પ્રત્યે **તટસ્થવૃત્તિનો** એકસરખો આદર છે, તેથી ભારત બધા ધર્મોનો સમાનભાવે આદર કરે છે, અને પુરસ્કાર (પ્રચાર) કોઇનો કરતું નથી.

હવે આપણા દેશનાં આ સવાલને હલ કરવાનું કામ નવયુવકોએ પોતાના હાથમાં લીધું છે. તેઓનું કહેવું છે કે, આ ધર્મોને સુધારવાનો પ્રયત્ન અમે જિંદગીભર કરી જોયો; હવે અમને ખાત્રી થઇ ચૂકી છે કે ધર્મને તો ખતમ જ કરવો જોઇએ. આ રીતે ધર્મોને ખતમ કરવાનો નિશ્ચય જેઓ કરી ચૂકયા છે, એવા નવ યુવકોના આમંત્રણથી અમે અહીં આવ્યા અને અમારા વિચારો રજુ કર્યા યુવાનોમાં ઉત્સાહ હોય છે, હિંમત પણ હોય છે. ત્યાગ કરવાની વાત આવતાં એમનો ઉત્સાહ બમણો થઇ જાય છે; પરંતુ એમનામાં ધીરજ (patience) નથી હોતી. જ્યાં મોટા મોટા સમાજસેવકો અને રાષ્ટ્રનેતાઓ સાંપ્રદાયિક ધર્મોથી કંટાળી ગયા છે, ત્યાં ધર્મમાં સુધારો કરવાની વાત યુવાનો કેવી રીતે કાને ધરે ? એમને તો ધર્મને ખતમ જ કરવો છે. સાંપ્રદાયિક ધર્મોને કારણે જ અસલી ધાર્મિકતા દબાઇ જાય છે, એનું દર્શન કે એનો સાક્ષાત્કાર બહુ ઓછા લોકોને થાય છે. ધર્મોની આસપાસ એટલો જૂનો કચરો અને એટલી ઝેરી ચીજો જમી ગયેલ છે કે ધર્મોની સફાઇ કરવાનું કામ પણ એક-બે જમાનાનું નહીં કેટલાય જમાનાનું છે. જૂના ધર્મોને સુધારવાને માટે જ્યારે નવા ધર્મની સ્થાપના થાય છે, ત્યારે જૂનો ધર્મ પણ ચાલે છે, અને નવો પણ ચાલે છે અને એકને સ્થાને બે ધર્મ થાય છે. આ બન્ને વચ્ચે લાંબા વખત સુધી સંઘર્ષ ચાલે છે અને પછી નવો ધર્મ પણ જૂનો બની જાય છે ત્યારે એમાં પણ રૂઢિઓ દાખલ થઇ જાય છે, મનુષ્યસહજ દોષ પ્રવેશી જાય છે, અને આ રીતે નવો ધર્મ પણ રીત-રિવાજની નીચે દબાઇ જાય છે.

તેથી નવયુવકોની જેહાદ પ્રત્યે મારી પૂરી સહાનુભૂતિ છે. હું એમને કહું છું કે જો તમારામાં હિંમત હોય, શકિત હોય, તો તમે બધા ય ધર્મોની વિરૂદ્ધમાં જેહાદ જગાવો; બધા ધર્મોને નાબૂદ કરો. એ માટે વખત પાકી ગયો છે. હવે જો આ ધર્મોને પાયામાં સાચી ધાર્મિકતા હશે તો બધા ધર્મોને બાળી નાખ્યા પછી અગ્નિમાંથી જન્મતા 'ફોનિકસ' પક્ષીની જેમ, નવી ધાર્મિકતા નવું રૂપ ધારણ કરીને પ્રગટ થયા વગર નહીં રહે. મને ધાર્મિકતા ઉપર શ્રદ્ધા છે. મારી એવી પણ શ્રદ્ધા છે કે ધાર્મિકતા અમર છે; ધર્મોને ખૂંદી નાખવા છતાં ધાર્મિકતા મરતી નથી. જૂના ધર્મોનું ખાતર મળવાથી નવા ધર્મમાં વધારે રસ આવશે.

હવે હું તમને બે-ત્રણ સૂચનો કરવા ઇચ્છું છું.

અત્યારનું રશિયા એક એવો દેશ છે કે, જ્યાં સામ્યવાદને કારણે ધર્મો પ્રત્યે એકસરખો તિરસ્કાર શીખવવામાં આવે છે. ત્યાંની સરકાર ધર્મનિરપેક્ષ છે, ધર્મવિરોધી પણ હશે. ભારતની સરકાર પણ ધર્મનિરપેક્ષ છે; પણ અહીં બધા ધર્મો પ્રત્યે એકસરખો આદર છે. અને ગાંધીજીએ અને ગાંધીજી જેવા કેટલાક લોકોએ દેશને બધા ધર્મોની સમાનતા દર્શાવી છે. કેટલાક લોકોની મહત્ત્વાકાંક્ષા બધા ધર્મોનું એક વિરાટ કુટુંબ રચવાની છે. જો બધા ધર્મોમાં કુટુંબભાવના, પરિવારવૃત્તિ જાગૃત થઇ તો ધર્મોમાંના ઘણાખરા દોષો આપમેળે જ દૂર થઇ જશે. પરિવાર એને કહે છે, જેમાં બધાં માનવી એક-બીજાની ઉન્નતિ ઇચ્છતા હોય, એકબીજાના વિકાસમાં મદદ કરતા હોય, એમાં ન આપ-લેની વાત હોય છે, ન સમજાવી દેવાની; પ્રેમના પ્રવાહમાં સોદ્દો ન હોય, એ તો એકતરફી (એક દિશામાં) જ વહે છે. દેશમાં જે સર્વધર્મસમભાવ અને સર્વધર્મનમભાવની વાતો ચાલે છે, એનો તમે સ્વીકાર ભલે ન કરો, પણ એને સમજવાનો પ્રયત્ન તો કરો. કદાચ અનુભવને પરિણામે તમને એ રસ્તો વધારે કાર્યસાધક લાગે.

તમને મારું એક બીજું આવાહન છે. તમે બધા ધર્મોનો નાશ કરવા નીકળ્યા છો. પરંતુ તમારો બધો પ્રચાર બહુ નજીકના એવા એકબીજાને સ્પર્શે એટલો મર્યાદિત છે; એક સંપ્રદાયને લક્ષને જ તમે સુધારવાનો પ્રયત્ન કરી રહ્યા છો. તમારા સાથીદારોમાં, અને તમારા શ્રોતાઓમાં પણ, ન કોઇ ખ્રિસ્તી નજરે પડે છે, ન કોઇ મુસલમાન. અહીં બંગાળીઓ પણ બહુ ઓછા છે. શું તમારો સંદેશો તમે ખ્રિસ્તીઓ અને મુસલમાનો સુધી પહોંચાડવાની હિમ્મત ધરાવો છો ?

તમારે એ ભૂલવું ન જોઇએ કે જુથબંધી (દલબંદી) ના આ દિવસોમાં જ્યાં લગી ઇસ્લામ અને ખ્રિસ્તી ધર્મને માનવાવાળા લોકો પોતપોતાના ધર્મોને છોડવા તૈયાર નથી અને ધાર્મિક જૂથબંધીમાં લાભ જુએ છે, ત્યાં સુધી બાકીના સંપ્રદાયોને ધર્મનિરપેક્ષ બનાવવામાં તમે કેટલા સફળ થશો એ વિશે મને શંકા છે. ધર્મ - સાંપ્રદાયિક અને જાતિવાદી ધર્મ - ગમે તેટલા બગડી ગયા હશે, પણ ટૂંકા સ્વાર્થમાં ફસાયેલી અત્યારની દુનિયા ધાર્મિક

જૂથબંધીમાં પોતાનું હિત જુએ છે. હિંદુઓમાં જેટલી સાંપ્રદાયિકતા છે, એના કરતાં વધારે સાંપ્રદાયિકતા બીજા ધર્મ-સમાજોમાં છે, અને એ વધી રહી છે. આવા સમયમાં ધર્મમાં સુધારો કરવો હોય કે એને ખતમ કરવો હોય તો વ્યાપક રીતે કામ કરવું પડશે; કેવળ ભાષણો કે ચર્ચાઓથી જ કામ નહીં ચાલે. આ કામની શરૂઆત તો ભાષણ અને ચર્ચાથી જ થઇ શકે, પરંતુ "તરુણ સંઘે" ભારે જંગી રચનાત્મક કામ કરવું પડશે. કેવળ નિન્દા કરવાથી નિન્દા કરનારાઓનો પુણ્યપ્રકોપ સંતુષ્ટ થશે; પરંતુ આપણે જેમની નિંદા કરીએ છીએ એમના સુધી આપણા પ્રહારો પહોંચતા નથી.

ધર્મમાત્રમાં કંઇ કંઇ વાત સારી છે, અને કંઇ ખરાબ છે, એનો નિર્ણય કરવો પડશે. જે રૂઢિઓ નુકસાનકારક છે, એનો નાશ કરવાનો પૂરો પ્રયત્ન કરવો પડશે. એના સ્થાને સારા રીત-રીવાજો પ્રચલિત કરવા પડશે. અનેક જાતિઓ અને અનેક સંપ્રદાયોને કારણે સમાજ છિન્નભિન્ન થયો છે, એમાં એકતા અને સંપ વધારવા પડશે. ખાનપાનના, આહારશુદ્ધિના નિયમો સાચવવા છતાં જુદો જુદો આહાર કરવાવાળા લોકો એકસાથે બેસીને જમી શકે; એક-બીજાના હાથનું રાંધેલું જમી શકે, એવા નવા રિવાજો ચાલુ કરવા જોઇશે. ઊંચનીચપણાની લાગણીને દૂર કરવા પૂરેપૂરો પ્રયત્ન કરવો જોઇશે. નાનાં નાનાં સંગઠનો (જૂથો)ને તોડીને મોટાં સંગઠનો (જૂથો) રચવાં જોઇશે. સદાચાર, સંયમ, સ્વાર્થત્યાગ અને સેવાના પાયા ઉપર શુદ્ધ ચારિત્રનું વાતાવરણ મજબૂત કરવું જોઇશે. એમ કરવાથી જ આપણી વાતો સમાજ સાંભળશે, અને એમના ઉપર વિશ્વાસ કરશે. આ કામ રાજનીતિનું નથી, પરંતુ ચારિત્રનું છે, સાંસ્કૃતિક કામ છે. એ કરતાં કરતાં જો કયાંક આધ્યાત્મિકતા સાંપડી ગઇ, તો એનો પણ પરિચય કરવો પડશે.

હું તો એટલું જ કહીશ કે હિંમતથી શરૂઆત કરો અને જ્યાં લગી સફળતા ન મળે ત્યાં સુધી પ્રાણહીન બનીને રોકાઇ ના જશો. એમાં કશું નુકસાન થવાનું નથી. જે કંઇ થશે તે લાભ જ થશે. એમાં ફકત શરત એટલી કે એનો ઉદ્દેશ પવિત્ર હોય અને એનાં સાધન શુદ્ધ હોય.

મૂળ હિંદી: **કાકાસાહેબ કાલેલકર**
અનુવાદક : **રતીલાલ દીપચંદ દેસાઈ**

સંઘ સમાચાર

પર્વતારોહણ વિષે ચિત્રો દ્વારા યોજાયલો વાર્તાલાપ

કેટલાએક સમયથી ભારત સરકાર તરફથી દાર્જીલીંગ ખાતે હીમાલયન માઉન્ટેનીયરીંગ ઇન્સ્ટીટયુટ એ નામની એક શિક્ષણ-સંસ્થા ખોલવામાં આવી છે. આ ઇન્સ્ટીટયુટમાં પર્વતારોહણનું તથા હીમપ્રદેશોમાં કેમ ચડવું ઉતરવું તેને લગતી તાલીમ આપવામાં આવે છે. દર વર્ષે આને માટે મે માસ દરમિયાન ૪૮ દિવસનો એક અભ્યાસક્રમ યોજવામાં આવે છે. અને પર્વતારોહણનો શોખ ધરાવતા યુવાનો આ અભ્યાસક્રમમાં જોડાઇ શકે છે. આ ૪૮ દિવસની તાલીમ લેવા માટે દરેકને રૂા. ૪૫૦ નું લવાજમ ભરવું પડે છે. અને પર્વતારોહણનાં બધાં સાધનો ઇન્સ્ટીટયુટ તરફથી તાલીમના ઉમેદવારોને પુરા પાડવામાં આવે છે. શરૂઆતમાં થોડા દિવસ દાર્જીલીંગ ખાતે તેમને પર્વતારોહણને લગતું કેટલુંક શિક્ષણ આપવામાં આવે છે અને ત્યાર બાદ દાર્જીલીંગથી લગભગ ૭૦ માઇલ દૂર પર્વતારોહકોની base-camp એટલે કે શરૂઆતની છાવણી ઉભી કરવામાં આવે છે. અને ત્યાં દોરડાની મદદથી પર્વતો ઉપર કેમ ચડવું, ઉતરવું વગેરે શીખવવામાં આવે છે. કેટલાએક દિવસ આ કાર્યક્રમ ચાલ્યા બાદ હીમાચ્છાદીત પ્રદેશમાં છાવણી ઉભી કરવામાં આવે છે અને હીમપ્રદેશોમાં કેમ ચડવું, ઉતરવું અને બાઇઓ ઓળંગવી, વગેરે શીખવવામાં આવે છે. કર્નલ ગ્યાનસીંગ આ ઇન્સ્ટીટયુટના પ્રિન્સીપાલ છે, અને જાણીતા એવરેસ્ટ શીખરના આરોહક તેનસીંગ તાલીમપ્રદાનના મુખ્ય સૂત્રધાર છે. ભાઇ જગદીશ નાણાવટીએ ગયા વર્ષે આ તાલીમનો લાભ લીધો હતો અને ત્યાં તેઓ હતા તે દરમિયાન તાલીમની ભિન્ન ભિન્ન કક્ષાઓ રજુ કરતી અને તે પ્રદેશના ભવ્ય સૌન્દર્યનો દર્શન કરાવતી ૧૭૦ સચિત્ર છબીઓ તેમણે લીધી હતી. સંઘ તરફથી ૪થી ફેબ્રુઆરી ગુરૂવારના રોજ 'મનોહર'માં યોજાયલા સંમેલનમાં ભાઇ જગદીશ નાણાવટીએ જરૂરી વિવેચન અને સમજુતી સાથે આ ચિત્રો દેખાડયા હતા. અને એ રીતે પ્રેક્ષક ભાઇ બહેનોએ દોઢ કલાક એક પ્રકારના રોમાંચપ્રેરક આનંદમાં પસાર કર્યો હતો.

"વિકાસ યોજના અને મધ્યમ વર્ગ" ઉપર અપાયલું વ્યાખ્યાન

તા. ૬-૨-૬૦ શનીવારના રોજ સંઘના કાર્યાલયમાં શ્રી. કાંતિલાલ ઉમેદચંદ બરોડીયાએ 'વિકાસ યોજના અને મધ્યમ વર્ગ' એ વિષય ઉપર અનેક માહિતીથી ભરેલું અને પ્રસ્તુત સમસ્યાનો અનેક બાજુએથી સ્પર્શ કરતું વ્યાખ્યાન આપ્યું હતું, અને આજના ભારતમાં મધ્યમ વર્ગની ઉભી થયેલી વિષમ પરિસ્થિતિનો સચોટ ખ્યાલ આપ્યો હતો. અને આજની સમસ્યાનો ઉકેલ લાવવા માટે સરકારે તેમજ મધ્યમ વર્ગે શું શું કરવું જોઇએ તેને લગતાં કેટલાંક મહત્ત્વનાં સૂચનો કર્યાં હતાં, તેમણે કરેલા વિવેચનનો સંક્ષિપ્ત સાર પ્રબુદ્ધ જીવનના આગામી અંકોમાં પ્રગટ કરવામાં આવશે.

:સંઘના સભ્યોનું સમૂહભોજન
અતિથિવિશેષ તરીકે શ્રી. ગગનવિહારી મહેતા

આગામી માર્ચ માસની તા. ૫ મી શનીવારના રોજ રાત્રીના ૭॥ વાગ્યે શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી ચોપાટી ઉપર આવેલા પી. એમ. સ્વીમીંગ પૂલના કાફેટેરીઆમાં સંઘના સભ્યો તથા તેમનાં સ્વજનો માટે એક સમૂહભોજન ગોઠવવામાં આવ્યું છે. જણાવતાં આનંદ થાય છે કે જેમણે અમેરિકાના ભૂતપૂર્વ ભારતીય એલચી તરીકે આન્તરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત કરી છે એવા શ્રી. ગગનવિહારી લલ્લુભાઇ મહેતા સંઘના નિમંત્રણને માન આપીને સંઘના અતિથિવિશેષ તરીકે આ ભોજનસમારંભમાં ઉપસ્થિત થનાર છે અને એ પ્રસંગ મુંબઇ પ્રદેશના તાજેતરમાં થનારા વિભાજન અંગે પોતાના વિચારો રજુ કરવાના છે. આ સમૂહભોજનમાં ભાગ લેવા ઇચ્છનાર સભ્યોએ પોતા માટે તેમજ સાથે આવનારા સ્વજનો માટે વ્યકિત દીઠ રૂા. ૫ માર્ચ માસની ત્રીજી તારીખ પહેલાં સંઘના કાર્યાલયમાં ભરી જવાના રહેશે. આ ભોજન સમારંભમાં જોડાવા સંઘના સભ્યોને આગ્રહપૂર્વક અનુરોધ કરવામાં આવે છે.

: 'સાહિત્યમાં અશ્લીલતા'

ફેબ્રુઆરી માસની ૧૯ મી તારીખ શુક્રવાર સાંજના ૬-૧૫ વાગ્યે સંઘના કાર્યાલયમાં (૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ) શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ "સાહિત્યમાં અશ્લીલતા" એ વિષય ઉપર જાહેર વ્યાખ્યાન આપશે. આ વિષયમાં રસ ધરાવતા ભાઇ બહેનોને હાજર રહેવા વિનંતિ છે.

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ

વિષય સૂચિ

		પૃષ્ઠ
ભારત જૈન મહામંડળનો હીરક મહોત્સવ તથા ૩૬મું અધિવેશન.		૬૭
સાહિત્યસર્જક સાધુચરિત પ્રેમજી: પરમાનંદ, દલસુખ મલવણિયા		૨૦૨
ધર્મ-વિચાર	કાકાસાહેબ કાલેલકર	૨૦૬
નિરાધાર અશકત માતૃઆશ્રમ	પરમાનંદ	૨૦૮

❋ નિરાધાર અશકત માતૃ આશ્રમ ❋

(રાજકોટ ખાતેની 'શ્રી નિર્મળાબહેન રામજીભાઇ વીરાણી નિરાધાર અશકત સ્ત્રી વૃદ્ધ આશ્રમ'નો પરિચય.)

થોડા સમય પહેલાં રાજકોટ જવાનું બનતાં ઉપર જણાવેલ આશ્રમ જાતે નિહાળવાની તક મળી હતી. ભારતભરમાં કદાચ આ પ્રકારની બીજી સંસ્થા નહિ હોય, તેથી તેની વિગતવાર નોંધ લેવાનું મન થાય છે.

આ સંસ્થાના સ્થાપક અને મુખ્ય સંચાલક શ્રી. પ્રેમકુંવર-બહેન દેસાઇ છે. આવી સંસ્થાઓ ઘણીવાર પોતાની જાતની અથવા નિકટના સ્વજનની યાતનાના સાધારણીકરણમાંથી ઉદ્‌ભવ પામે છે. દા. ત. ઘાટકોપરમાં આજે ક્ષયરોગની એક ઘણી મોટી હોસ્પીટલ સંખ્યાબંધ ક્ષય રોગીઓની સારવાર કરી રહી છે. તેના સ્થાપક શ્રી કાન્તિલાલ મગનલાલ શાહ પોતે જ એક વખત ક્ષયરોગના ભોગ બનેલા. તેમાંથી યોગ્ય ઔષધોપચાર અને જરૂરી ખોરાક તથા પથ્ય વડે સાજા થયા બાદ તેમના દિલમાં વિચાર આવ્યો કે "હું તો સાધનસંપન્ન હોઇને આ વ્યાધિઓમાંથી ઉગરી આવ્યો, પણ આજે આપણા દેશમાં અનેક ભાઇ બહેનો આ વ્યાધિના ભોગ બનેલા જોવામાં આવે છે. કેટલાકના વ્યાધિનું નિદાન થાય છે પણ તેમની ચિકિત્સા માટે કોઇ સગવડ નથી, કેટલાક તો નિદાનના અભાવે ઘસાતાં ઘસાતાં મૃત્યુના મુખમાં હોમાઇ જાય છે. આનો શું કાંઇ ઉપાય થઇ ન શકે ? એ મનોમન્થનમાંથી આજે ૭૫૦ દર્દીઓની સારવાર કરતી એક વિશાળ હોસ્પીટલ ઉભી થઇ શકી છે અને હજુ પણ તેનો વિસ્તાર વધતો જ જાય છે.

પ્રસ્તુત માતૃ આશ્રમના ઉગમનો પરિચય આપણે તેના આદ્ય સ્થાપક શ્રી. પ્રેમકુંવર બહેન દેસાઇના નિવેદન દ્વારા જ મેળવીએ.

"રાજકોટના એક અગ્રગણ્ય જૈન નાગરિક શ્રી. મુળચંદ ભાઇ મોનજી દોશીની હું પૌત્રી છું, મારા પિતાશ્રીની હયાતીમાં જ મારાં માતુશ્રીના મગજની અસ્થિરતા શરૂ થઇ હતી. પોતાની હયાતી સુધી તો તેમણે મારાં માતુશ્રીની પુરેપુરી સારવાર કરી, પણ પછી તેમની બીજી રીતે, પૂરતી સંભાળ લેવાનું શકય નહિ લાગતાં હું મારા માતુશ્રીને મારે ત્યાં જ લઇ આવી. અને મેં તેમની તેર વર્ષ સુધી સેવા કરી. મગજની અસ્થિરતાના કારણે તેઓ પરતંત્ર હતાં, એટલે તેમની ખાવાપીવા તથા નહાવાધોવા વગેરે બધી જાતની સારવાર મારે હાથે જ કરવી પડતી. તેમનું અવસાન પણ મારે ત્યાં જ શાન્તિ અને સમાધિમાં થયું.

"આ સમય દરમિયાન મારા મનમાં એવા વિચારો ઘોળાયા કરતા હતા કે સંતાનો હોવા છતાં પણ તરછોડાયલી આવી વૃદ્ધ, અશકત, નિરાધાર માતાઓની તથા સંતાન વગરની–કેવળ પ્રભુને જ આધારે મૂકાયેલી–માતાઓની શું દશા થતી હશે ? આ વિચારોએ મારા મગજમાં આવી વૃદ્ધાઓની સેવા કરવાનાં બીજ રોપ્યાં અને એ કાર્યમાં મેં મારા મનને પરોવ્યું. મારા મગજમાં ઘૂમી રહેલા વૃદ્ધ માતાઓની સેવા કરવાના જે વિચારો હતા તેને મૂર્ત સ્વરૂપ આપવા ૧૯૪૧ની સાલમાં એક નાની શી કોટડી ભાડે લઇ ત્રણ દુઃખી નિરાધાર, અશકત માતાઓને શોધીને મારી પોતાની અલ્પ પુંજીથી આ શુભ કામની મેં શરૂઆત કરી. આ ત્રણ માતા પૈકી એક કણબી, એક કડીયા અને એક વણિક જ્ઞાતિની હતી.

"એક બહેન આવી વૃદ્ધ માતાઓની સેવા કરી રહેલ છે એવી ખબર પડતાં જાણીતા શ્રીમાન્ શેઠ રામજીભાઇ વીરાણીએ મને રૂબરૂ બોલાવી મારા કાર્યની હકીકતથી વાકેફ થયા, અને પોતે મારે ત્યાં આવ્યા અને આ નિરાધાર માતાઓની સ્થિતિ અને હાલત જોઇને તેમનું દિલ દ્રવી ઉઠયું. તેમની આર્થિક મદદથી એક સારૂં સગવડતાવાળું મકાન ભાડે લીધું અને એ રીતે વધારે માતાઓને રાખવાની અનુકુળતા ઉભી થઇ. તેના નિભાવ ખર્ચ માટે પણ મને તેમણે તત્કાળ નચિન્ત કરી દીધી. જનતા આ કાર્ય તરફ આકર્ષાતાં તે તરફથી પણ આર્થિક વહેણ વહેવું શરૂ થયું.

"અહિં મારે જણાવવું જોઇએ કે જેવી રીતે મને મારી માતુશ્રીની સેવાએ અન્ય માતાઓની સેવા કરવાની પ્રેરણા આપી તેવી રીતે પોતાની અપંગ પુત્રી નિર્મળાબહેન વિષેની તેમની મમતાએ તેમને આ સંસ્થા તરફ વધારે આકર્ષ્યા અને તે આકર્ષણના પરિણામે આ સંસ્થા માટે તેમણે આશરે પોણો લાખ રૂપીઆ ખર્ચીને એક પાકું અને જરૂરી સગવડો ધરાવતું મકાન બંધાવી આપ્યું. તેમની ઉદારતાની કદર તરીકે આ સંસ્થા સાથે નિર્મળાબહેનનું નામ જોડવામાં આવ્યું છે."

આ સાર્વજનિક અશકતાશ્રમે ચૌદ વર્ષ પુરાં કર્યાં છે. ૧૯૫૫ના રીપોર્ટ મુજબ આ સંસ્થાના પ્રારંભથી ૧૯૫૫ સુધી જીવન-પર્યંત રહીને ૪૩ માતાઓ સ્વધામ સીધાવી હતી, અને એ ઉપરાંત લગભગ એક યા બીજી શારીરિક ઉપાધિથી પીડાતી ૪૦૦ માતાઓ સંસ્થામાં દાખલ થયેલી જે સમયાન્તરે સાજી થઇને પોતાને ઘેર ગઇ હતી. આજે આ સંસ્થામાં આંધળાં, લુલાં, બન્ને પગે અપંગ, પક્ષઘાતવાળા, બન્ને હાથે અપંગ તથા પથારીવશ તેમ જ અન્ય રીતે સંપૂર્ણ જર્જરિત એવી ૫૦ માતાઓ પોતાનું જીવન વીતાવી રહી છે. આ માતાઓને રહેવા ખાવાની બધી સગવડ તેમ જ માંદી માતા-ઓને વૈદ્યકીય ઉપચાર તથા દુધ–ફળ પુરા પાડવામાં આવે છે.

આવી સંસ્થાઓની આજે ખૂબ જરૂર છે. કારણ કે કુટુંબની સંયુકત રચના લગભગ ભાંગી ગઇ છે, વૃદ્ધોને સંભાળવા પાળવાની જવાબદારી કોણ લે એ સવાલ આજે વધારે ને વધારે ઉત્કટ બનતો જાય છે. આમાં પણ વૃદ્ધ, અપંગ, અને અસહાય બહે-નોની નિરાધારતા અત્યન્ત દયાજનક હોય છે. વૃદ્ધ પુરૂષોને લાજે શરમે પણ મોટી ઉમ્મરનાં કુટુંબીજનો સંભાળે છે, પણ વૃદ્ધ સ્ત્રીઓ તો સાધારણતઃ કુટુંબીજનોને અત્યન્ત ભારરૂપ લાગે છે અને તેમનું અસ્તિત્વ કેવળ અવગણનાને પાત્ર બની જાય છે. આવી બહેનોની આ આશ્રમમાં સર્વ પ્રકારે સંભાળ લેવાતી જોઇને, જેનું આ જગતમાં કોઇ નથી તેનો કોઇક હાથ પકડનાર નીકળ્યું છે એવું સંવેદન દિલમાં ઉઠી કરૂણાને જાગૃત કરે છે. જે કચવાતી રગદોળાતી વૃદ્ધ, અપંગ, અસહાય માતા ઉપેક્ષિત અને અવ-ગણિત હોઇને મૃત્યુને માગી રહી હોય છે અને મૃત્યુ તરફ ધસી રહી હોય છે તેને અહિં પ્રવેશ મળતાં તે કોઇ જુદી જ રાહત અનુભવે છે, તેના મૃતપ્રાય બનેલા પ્રાણ નવી ચેતના અનુભવે છે, અને સર્વ પ્રકારની સગવડ મળતાં તેની જીવાદોરી સહજપણે ઠીક ઠીક લંબાય છે; દરેકને પોતપોતાનાં ધર્મ મુજબની કરણી કરવાની છૂટ હોય છે. કોઇ નવકાર બોલે છે તો કોઇ રામનું નામ ઉચ્ચારે છે. કોઇ જયશ્રી કૃષ્ણ કહે છે તો કોઇ નમસ્તે કહીને આપણું અભિવાદન કરે છે. દરેકની મુદ્રા ઉપર જેના લીધે આ રચના નિર્માણ થઇ શકી છે તેવાં પ્રેમકુંવર બહેન અને રામજી-ભાઇ વીરાણી પ્રત્યે ઊંડી અહોભાવનાનો ભાવ પ્રગટ થતો નજરે પડે છે. આ આશ્રમ જોતાં ગ્લાનિ અને પ્રસન્નતાનો એક સાથે અનુભવ થાય છે; ત્યાં વસતી વૃદ્ધ માતાઓની અસહાયતા–પંગુતા જોઇને ગ્લાનિ અને તે માતાઓના દેહ તથા મનમાં નવું તેજ પૂરીને તેમની જીવનવાટને સતેજ કરવાનો–સંકોરવાનો–ચાલી રહેલો હાર્દિક પ્રયત્ન જોઇને પ્રસન્નતા. આવી એક વિરલ પ્રકારની પરબ માંડવા માટે વૃદ્ધ અનુભવી સેવાપરાયણ શ્રી. પ્રેમકુંવર બહેન દેસાઇને અને જેમના દિલમાં ખાસ કરીને સ્ત્રીજાતિને માટે અખંડ કરૂણા વહી રહી છે એવા વયોવૃદ્ધ સહૃદય શ્રી રામજીભાઈ વીરાણીને અનેક ધન્યવાદ!

પરમાનંદ

મુંબઇ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫–૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.
મુદ્રણસ્થાન 'ચંદ્ર પ્રિં. પ્રેસ, ૪૫૧ કાલબાદેવી રોડ, મુંબઇ ૨. ટે. નં. ૨૯૩૦૩

રજીસ્ટર્ડ નં B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૧ : અંક ૨૧

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, માર્ચ ૧, ૧૯૬૦, મંગળવાર
આફ્રિકા માટે શીલિંગ ૮

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ : નયા પૈસા ૨૦

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

* સંકીર્ણતામાંથી વિશાળતા તરફ *

(ભારત જૈન મહામંડળના અધિવેશન દરમિયાન પ્રબુદ્ધ જીવનના ગતાંકમાં પ્રગટ કરવામાં આવેલ નિવેદનાત્મક પ્રસ્તાવ અંગે શ્રી. પરમાનંદ કુંવરજી કાપડિયાએ તથા શ્રી. ચીમનલાલ ચકુભાઇ શાહે કરેલાં વિવેચનો નીચે ક્રમશ : આપવામાં આવે છે. તંત્રી.)

છેલ્લાં પચ્ચાસ વર્ષના લાંબા ગાળા ઉપર નજર કરતાં માલુમ પડે છે કે જૈન સમાજને એકતાની ભૂમિકા ઉપર સુગ્રથિત કરવા માટે આજના જેટલી અનુકુળતા પહેલાં ભાગ્યે જ હતી. સમયની ગતિ માનવીને સંકીર્ણતામાંથી વિશાળતા તરફ લઇ જઇ રહી છે. હું મારા પોતા વિષેનો ખ્યાલ રજુ કરું તો કહી શકું તેમ છું કે હું બહુ નાનો હતો ત્યારે જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સમુદાય અને તેની વિશિષ્ટ માન્યતાઓ જ મારા ચિત્તમાં કેન્દ્રસ્થાને હતી. આ માન્યતાઓ એ જ ખરો જૈન ધર્મ અને તેને સ્વીકારનારા અને અનુસરનારા એ જ ખરા જૈનો – આવું મારા મનનું એ વખતે પાકું વલણ હતું. ઉમ્મર અને સમજણ વધતાં જૈન સમાજના અન્ય ફિરકાઓના અસ્તિત્વનો અને શ્વે. મૂ. સંપ્રદાયથી જુદી પડતી તેમની કેટલીક માન્યતાઓનો વધારે સચોટ ખ્યાલ આવવા માંડ્યો અને તેમની વિશેષતા મનને સમજવા લાગી. આમ છતાં જે ફિરકા સાથે મારો જન્મજાત સંબંધ હતો તેનું અને તેની માન્યતાઓનું અન્યથી ચડિયાતાપણું મારા મનમાં સ્થિર થયેલું તે ખસતું નહોતું. વધતા જતા અવલોકન, અનુભવ તથા ચિન્તનના પરિણામે ધીમે ધીમે આ ચડિયાતા–ઉતરતાપણાના ખ્યાલ ઓસરવા લાગ્યો અને અનેકાન્તમૂલક વિચારણાથી માન્યતાભેદોનું નિરાકરણ થવા લાગ્યું. આમ આગળ વધતા સમયાન્તરે માન્યતાભેદોનું મહત્ત્વ મનમાંથી સરવા લાગ્યું, અને આખા જૈન સમાજને એકત્ર કરતી સર્વસામાન્ય જૈન વિચારસરણી ઉપર મન વધારે ને વધારે કેન્દ્રિત થવા લાગ્યું આને પરિણામે મનમાંથી આ શ્વેતાંબર મૂર્તિપૂજક, આ દિગંબર મૂર્તિપૂજક, આ સ્થાનકવાસી કે તેરાપંથી એમ અન્યોન્યને ભેદભાવથી જોવાની દૃષ્ટિ લગભગ ઓગળી ગઈ. માનસિક વિકાસની આ જ ચરમસીમા છે એમ કોઇ માની ન લે. આ પછીનાં પણ સોપાન છે. દા. ત. સર્વધર્મસમભાવ અને એથી આગળ વધતાં લોકમાન્ય સર્વધર્મોથી ઉપરની–ધર્માતીત–દૃષ્ટિ. પણ અહિં એ વિચારણા પ્રસ્તુત નથી. સામાન્યત: મેં મારા પોતાના જે માનસિક વિકાસનું નિરૂપણ કર્યું તે જ વિકાસક્રમ જે પેઢી સાથે મારો સંબંધ રહ્યો છે, તે પેઢીના વિચારક વર્ગમાં લગભગ સર્વત્ર જોવામાં આવે છે. આજે દરેક ધર્મનો વિચારપરાયણ અનુયાયી પોતપોતાના ધર્મના સાંકડા સ્વરૂપની મર્યાદામાંથી નીકળીને પોતાના જ ધર્મના વિશાળ સ્વરૂપ તરફ ગતી કરી રહ્યો છે; પેટા સંપ્રદાયોની સીમા છોડીને સંપ્રદાયના ગર્ભમાં રહેલા વિશાળ ધર્મતત્ત્વના સ્વીકાર તરફ જઇ રહ્યો છે. આ ગતિસંચાર જેટલો જૈનધર્મના અનુયાયીને લાગુ પડે છે તેટલો જ હિન્દુ કે ખ્રિસ્તી ધર્મના અનુયાયીને પણ લાગુ પડે છે. આ રીતે શ્વેતાંબર, દિગંબર કે સ્થાનકવાસી એવા ભેદભાવ વિનાના વિશાળ જૈન સમાજની અને સાંપ્રદાયિક માન્યતાભેદોને જેમાં કોઇ મહત્ત્વનું સ્થાન નથી એવા એક વિશાળ જૈન ધર્મની કલ્પના, આજનો જાગૃત, વિચારક અને ભાવનાપરાયણ એવો જે જૈન સમાજનો વર્ગ છે તેના ચિત્તને, વધારે ને વધારે આકર્ષી રહી છે, આવરી રહી છે. આ રીતે ભારત જૈન મહામંડળને પોતાનું કાર્ય આગળ ધપાવવા માટે પ્રોત્સાહક વાતાવરણની ચોતરફ ઠીક ઠીક જમાવટ થઇ રહી છે.

એક બીજી પણ બાબત ભારત જૈન મહામંડળને ઉત્તેજિત કરે તેવી નજર સામે આવી રહી છે. આજથી ચાલીશ પચ્ચાસ વર્ષ પહેલાં અહિંસા વિષેની સમજુતી અને તેની ઉપયોગીતા વિષેના ખ્યાલો અત્યન્ત મર્યાદિત હતા. અહિંસાનું તત્ત્વ તો સીધી કે આડકતરી રીતે, ઓછા કે વધતા અંશે, સર્વ ધર્મોમાં સ્વીકારાયલું જોવામાં આવે છે, એમ છતાં પણ, અહિંસાનો વિચાર જાણે કે કેવળ જૈન ધર્મની જવાબદારીનો હોય અથવા તો અહિંસાનાં તત્ત્વ સાથે કેવળ જૈન ધર્મને જ સંબંધ હોય અને બીજા ધર્મોને અહિંસા સાથે જાણે કે કશી લેવાદેવા ન હોય–આવી એક માન્યતા આપણા દેશમાં તેમ જ અન્યત્ર પ્રસરેલી હતી. આજે ગાંધીજીના પ્રતાપે અહિંસા એક વિશ્વવિચાર બની ગયો છે અને એ વિચારનું ચોતરફ ભારે મોટા પાયા ઉપર ખેડાણ થઇ રહ્યું છે. અહિંસા-તત્ત્વનો આવો વ્યાપક સ્વીકાર જૈન ધર્મ તેમ જ જૈન ધર્મીઓ માટે અસાધારણ ગૌરવનો વિષય બની શકે છે. આવી જ રીતે જૈન ધર્મના પાયામાં રહેલા બીજા બે તત્ત્વો અનેકાન્ત અને અપરિગ્રહ પણ આજે વધારે ને વધારે સ્વીકૃત બની રહ્યા છે. આજે સહઅસ્તિત્વના વિચાર ઉપર ખૂબ ભાર દેવામાં આવે છે; સર્વ-ધર્મ–સમભાવની ભાવના ફેલાતી ચાલી છે. આ સહઅસ્તિત્વ, આ સર્વધર્મસમભાવ અનેકાન્ત તત્વનાં જ સ્વરૂપો છે. વળી આજનો સમાજવાદ કે, સામ્યવાદ અપરિગ્રહના વિચાર તરફ દુનિયાનાં લોકોને ધસડી રહ્યો છે. આજે દુનિયા જે કટોકટીમાંથી પસાર થઇ રહી છે અને પરિણામે રખેને ત્રીજું વિશ્વયુદ્ધ ફાટી નીકળશે એવા ભણકારા જગતના લોકોને ભડકાવી રહ્યા છે તેમાંથી બચવાનો એક જ ઉપાય છે કે જગતના લોકો અહિંસા, અનેકાન્ત તથા અપરિગ્રહ તરફ વધારે ને વધારે વળે અને ઢળે. આ રીતે જૈન ધર્મનાં જે પાયાનાં તત્વો છે તેનો ફેલાવો કરવા માટે ભારત જૈન મહામંડળ જેવી સંસ્થાઓને એક મહાન તક સાંપડી છે.

જો ભારત જૈન મહામંડળના ધ્યેયને સફળ બનાવવું હોય તો જે જૈન વિચારસરણી બધા જૈનોને માન્ય છે, અને બધા જૈનોને સાંકળનારી કડી છે તે ઉપર આપણ સર્વનું ચિત્ત કેન્દ્રિત બનવું જોઇએ. સાકાર પૂજા કે નિરાકાર પૂજા, મૂર્તિ નગ્ન કે કચ્છવાળી, સાધુઓનું નગ્નત્વ કે વસ્ત્રધારીત્વ અથવા તો મુહપત્તી મોઢે બાંધવી કે હાથમાં રાખવી – આ બધી પ્રક્રિયાઓ આખરે

સર્વસ્વીકાર્ય એવી જૈન વિચારસરણીમાંથી પેદા થઇ છે અને એક યા અન્યનો સ્વીકાર યા ધિક્કાર એકાન્ત વિચારણામાંથી ફલિત થાય છે અને તેથી કોઇ એકાન્તે ખોટું નથી કે કોઇ એકાન્તે સાચું નથી – આવી ઉદ્ધાર અને સમભાવપરિણામી દૃષ્ટિ આપણામાં સ્થિર થવી ઘટે છે. આજે જરૂર છે સમસ્ત જૈન સમાજને આવરી લેતું માનસ કેળવવાની, આવું માનસ પેદા થતા કોઇ પારકું નહિ લાગે, પણ સૌ કોઇ સમાન વિચારસરણીથી સંકળાયલા સ્વજનો – આત્મીય જનો - જેવા લાગશે. આવી દૃષ્ટિ અને વૃત્તિનો પ્રચાર એ ભારત જૈન મહામંડળની મુખ્ય પ્રવૃત્તિ બનવી જોઇએ.

વળી વિશાળ જૈન સમાજના અંગભૂત તરીકે આપણને શું અને કેવો વારસો મળ્યો છે તેનો પણ આપણને સ્પષ્ટ ખ્યાલ હોવો જોઇએ, અને તેનું મહત્ત્વ આપણ દિલમાં યથા સ્વરૂપે વસવું જોઇએ. જૈન ધર્મ પાસે અતિ સુક્ષ્મ તાત્વિક વિચારણા છે; વિશાળ સાહિત્ય છે; અપૂર્વ કળાકારીગીરી ધરાવતા મંદિરો અને તીર્થો છે, અને અનેક રીતે નામણી પડેલી એમ છતાં પણ ત્યાગ, સંયમ અને આધ્યાત્મિક ઉપાસનાની એક જુદી છાપ પાડતી, શ્રમણ સંસ્કૃતિને મૂર્તિમન્ત કરતી સાધુસંસ્થા છે. આ સંસ્થામાં સાધુઓ તેમ જ સાધ્વીઓનો સમાવેશ થાય છે. આ વિપુલ વારસાનો વિચાર કરતાં, આ દિગંબરનું કે શ્વેતાંબરનું આવા ભેદભાવની વૃત્તિથી આપણે દૂર રહેવું જોઇએ. સદ્‌ભાગ્યે આજે પહેલાની કટ્ટરતા રહી નથી. જે મૂલ્યવાન છે તેની સૌ કોઇ કદર કરી રહ્યું છે. કોઇ પણ સંપ્રદાયના સાધુ – જો તેમનામાં તેજસ્વીતા હોય છે તો – તે સર્વ જૈનોના આદરપાત્ર બનતા જોવામાં આવે છે. મૂર્તિપૂજક સમાજમાં મૂર્તિપૂજનનો આંધળો આગ્રહ હવે દૃષ્ટિ–ગોચર થતો નથી. સ્થાનકવાસી સમાજમાં મૂર્તિપૂજન સામેની કોઇ કટ્ટરતા હવે જોવામાં આવતી નથી. સાહિત્યના ક્ષેત્રે પણ આવા ભેદભાવથી જોવા વિચારવાનું લગભગ અદૃશ્ય થતું રહ્યું છે. આમ આજે ભેદભાવની ઉપેક્ષા પ્રવર્તે છે જે આવકારયોગ્ય છે, પણ આજે આ બધું હવે આપણું સર્વનું છે, અને આપણા તેમ જ બહુજનસમાજના કલ્યાણ માટે સંધરવા જેવું છે, રક્ષવા જેવું છે, ટકાવવા જેવું છે – આવી સાપેક્ષ બુદ્ધિ, મમત્વની ભાવના–ગૌરવની વૃત્તિ–આપણામાં પેદા થવાની જરૂર છે. જૈન સમાજનો અન્ય સમાજો કરતાં કોઇ અલગ પ્રશ્ન હોય તો તે જૈન સમાજના લોકોને રોજગારી કે કામધંધો આપવાનો નથી – કારણ કે એ તો મધ્યમ વર્ગના લેખાતા અન્ય સમુદાય સાથેનો સર્વસામાન્ય પ્રશ્ન છે – પણ જૈન તત્વજ્ઞાન, જૈન સાહિત્ય, જૈન મંદિરો અને જૈન સાધુસંસ્થા – આ સર્વને ટકાવવાનો, તેનો ઉદ્ધાર કરવાનો, તેને નવો સંસ્કાર આપવાનો છે. આ જવાબદારી જૈનોની છે અને તે કાર્ય ભારત જૈન મહામંડળ જેવી વ્યાપક ધ્યેય ધરાવતી સંસ્થાઓને ટેકો આપવાથી – બળવાન બનાવવાથી – થઇ શકે તેમ છે.

એક બીજો મુદ્દો હું અહિં ચર્ચવા માંગું છું જે કદાચ અહિં રજુ કરાયલા ઠરાવ સાથે સીધી રીતે પ્રસ્તુત ન હોય. આ મુદ્દો છે રાષ્ટ્રનિષ્ઠા વિરૂદ્ધ ધર્મનિષ્ઠાને લગતો. વિવેકપૂર્વક ચિન્તન કરનાર માટે આ બે વચ્ચે કોઇ ખાસ વિરોધ જેવું હોઇ શકે જ નહિ. આમ છતાં પણ, સામાન્ય વ્યવહારમાં આ બન્ને નિષ્ઠા જાણે કે એકમેકની વિરોધી હોય એવી રીતે આ બાબતનો વિચાર કરવામાં આવે છે. આ બે નિષ્ઠા વચ્ચે અથડામણ ત્યારે થાય છે કે જ્યારે ધર્મ શબ્દને અમુક ધર્મને અનુસરનારી અમુક કોમના ભૌતિક હિતાહિતના વિચાર સાથે સાંકળવામાં આવે છે. આવી કાલ્પનિક અથડામણના પ્રસંગે એક જ નિર્ણય આપી શકાય કે રાષ્ટ્રહિતને વિરોધી એવી કોઇ ધર્મનિષ્ઠા આદરણીય હોઈ ન જ શકે. ધાર્મિક સમાજની સર્વ કોઇ પ્રવૃત્તિ રાષ્ટ્રહિતને સર્વથા અવિરોધી હોવી જ જોઇએ. રાષ્ટ્ર જેવી વિશાળ સમષ્ટિને આધીન રહીને જ કોમ, ધર્મ, સંપ્રદાય વગેરે નાનાં વર્તુળોએ ચાલવું જોઇએ, વર્તવું જોઇએ. જ્યાં સુધી રાષ્ટ્ર–રાષ્ટ્રની મર્યાદા જીવન્ત છે અને સામુદાયિક જીવનની સર્વ વ્યવસ્થાનો વિચાર રાષ્ટ્રની મર્યાદામાં રહીને કરવાનું આપણને પ્રાપ્ત થાય છે ત્યાં સુધી રાષ્ટ્રની સુરક્ષા અને અખંડિતતા, તેની આબાદી અને ઉત્કર્ષ આપણ સર્વની એકસરખી ચિન્તાનો અને જવાબદારીનો વિષય હોવો જ જોઇએ.

પણ ધર્મવિચારને કોઇ એક સંપ્રદાયપરાયણ સમાજ સાથે હંમેશાં સાંકળતા રહેવાની જરૂર છે જ નહિ. ધર્મનો વિચાર તો એવા કોઇ એક યા અન્ય સમાજના ખ્યાલથી સ્વતંત્ર રીતે કરવાનો રહે છે. આ રીતે ધર્મ એટલે કોઇ એક સુનિશ્ચિત જીવન આદર્શ, પોતાના સમગ્ર જીવન સાથે સંબંધ ધરાવતી એક ચોક્કસ વિચારસરણી, વ્યક્તિ અને સમાજનું નિયમન કરતી તેમ જ ઉર્ધ્વીકરણ સાધતી ચોકકસ જીવનદૃષ્ટિ. આવું કાંઇક આપણે ધર્મનું લક્ષણ બાંધી શકીએ. આવો આદર્શ, વિચારસરણી, જીવનદૃષ્ટિ કોઇ એક પ્રચલિત ધર્મના અધ્યયન અને ઉપાસનામાંથી ફલિત થઇ હોય અથવા તો સ્વતંત્ર ચિન્તનમાંથી ઉત્પન્ન થઇ હોય. જેના ચિત્તમાં આવો કોઇ આદર્શ સ્થિર થયો હોય, આવી કોઇ વિચારસરણીનો ઉદય થયો હોય, આવી કોઇ જીવનદૃષ્ટિની જાગૃતિ થઇ હોય તેણે માત્ર તેને વફાદાર રહીને જ મન, વચન અને કાયાના સર્વ વ્યાપાર કરવાના રહે છે. આવા દૃષ્ટિસંપન્ન માનવીને કોઇ રાષ્ટ્રનિષ્ઠા બાંધી શકતી નથી. રાષ્ટ્ર અથવા તો રાજ્ય જ્યારે કોઇ અઘટિત માર્ગે જઇ રહેલ છે, કોઇ મહાન અધર્મ, અન્યાય આચરી રહેલ છે, કોઇ અયોગ્ય કાનૂનનો અમલ કરી રહેલ છે એમ તેને લાગે ત્યારે આવા માનવીને તે સામે માથું ઊંચકવાનો, બળવો કરવાનો હક્ક છે. તેના માટે રાષ્ટ્રનિષ્ઠા પોતાની ધર્મનિષ્ઠામાંથી ફલિત થતા અનેક પેટા-ધર્મોમાંનો એક પેટાધર્મ છે. એ રાષ્ટ્રનિષ્ઠા જ્યારે ધર્મનિષ્ઠાના સંઘર્ષમાં આવતી લાગે ત્યારે તેની ઉપેક્ષા કરીને ધર્મનિષ્ઠાની રક્ષા કરવી – તેને વફાદાર રહેવું એમાં જ તેનો પુરૂષાર્થ રહેલો છે, એમાં જ તેની ચરિતાર્થના રહેલી છે. ગાંધીજીના સમગ્ર જીવનમાંથી જો કોઇ વિશિષ્ટ તત્વ ફલિત થયું હોય તો તે છે ધર્મનિષ્ઠા અને રાષ્ટ્રનિષ્ઠાનો આ પ્રકારનો વિવેકપૂર્વકનો સમન્વય.

આમ પ્રસ્તુત ઠરાવનો વિચાર કરતાં મનમાં જે છુટાછવાયા વિચારો સ્ફુર્યા તે આપની આગળ મેં રજુ કર્યા છે. આ વિચારો ધ્યાનમાં લેવા અને તેમાંથી પરિણમતા કાર્ય તરફ પ્રવૃત્ત થવા આપને મારી પ્રાર્થના છે. **પરમાનંદ**

* * *

ભારત જૈન મહામંડળની પ્રવૃત્તિઓમાં સક્રિય ભાગ લેવાનો મારા માટે આ પહેલો પ્રસંગ છે. મંડળ પોતાનો હીરક મહોત્સવ ઉજવે છે તે કોઇ પણ જૈન માટે આનંદ અને ગૌરવનો વિષય છે. ૬૦ વર્ષથી મંડળ જૈન સમાજની સેવા કરી રહ્યું છે. હીરક મહોત્સવનું ઉદ્‌ઘાટન ગવર્નરે કર્યું છે અને પ્રમુખસ્થાને શ્રી. શાન્તિપ્રસાદ જેવા આગેવાન છે. છતાં મુંબઇ શહેરમાં આવા પ્રસંગે જૈનોની આટલી ઓછી હાજરી છે તે આપણે માટે વિચારવા જેવું છે. મંડળની પ્રવૃત્તિઓને વિકસાવવી હોય તો મંડળના કાર્યકર્તાઓએ વધારે ક્રિયાશીલ બનવું પડશે.

મંડળનું મુખ્ય કાર્ય જૈન સમાજના વિવિધ ફિરકાઓ અને સંપ્રદાયોમાં એકતા સ્થાપવાનું રહ્યું છે. તે આવકારદાયક છે. જુદા જુદા ફિરકાઓની કોન્ફરન્સના અધિવેશનો થાય છે ત્યારે દરેક અધિવેશનમાં એકતા ઉપર ઠરાવ હોય જ છે અને તેના ઉપર સુંદર વકતવ્યો થાય છે. છતાં આપણે સખેદ કબુલ કરવું પડશે કે આપણે એકતા સાધી શકયા નથી. તીર્થક્ષેત્રોના મતભેદો વિષે હું કાંઇ નહિ કહું. કારણ કે મારા કથનથી કદાચ કાંઈ ગેરસમજણ થાય. મારો એ વિષય નથી. એટલું કહું કે જૈન જનતા તીવ્રપણે ઇચ્છે છે કે આવા મતભેદો દૂર થાય પણ આ સંબંધે ક્રિયાત્મક પરિણામ લાવવાનું જે આગેવાનોના હાથમાં છે તેમણે મળીને જ તોડ લાવવો જોઇએ.

સાચી એકતા કરવા માટે સમસ્ત જૈનોના ઉત્કર્ષ અર્થે બને તેટલી સંસ્થાઓ હોવી જોઇએ. દરેક સંપ્રદાય કે ફિરકો પોતાની સંસ્થાઓ કરે છે અને ચલાવે છે. દા. ત. વિદ્યાલયો, સાહિત્ય પ્રકાશન, કેળવણી વિષયક મદદ, સ્વધર્મી સહાયક ફંડો

વિગેરે. આવી સંસ્થાઓ જેટલી અને તેટલી સમસ્ત જૈન સમાજ માટે હોય તેવા પ્રયત્નો આગેવાનોએ કરવા જોઇએ. મુંબઇમાં દા.ત. મુંબઇ જૈન યુવક સંઘ, અને સંયુકત જૈન વિદ્યાર્થીગૃહ આવી સંસ્થાઓ છે. તે ઉપરાંત દરેક ફિરકાના વિદ્યાલયો છે પણ તેની એકતા સાધવા કોઇ પ્રયત્ન થયો નથી. દુર્ભાગ્યે એ કબુલ કરવું જોઇએ કે સ્વતંત્રતા મળ્યા પછીના આ દાયકામાં, કેટલાંયે કારણોસર દેશમાં કોમીભાવ–સાંપ્રદાયિક મમત્વ–સૂક્ષ્મ રીતે વધ્યું છે. કેળવાયેલાઓ પણ તેનો બચાવ કરે છે અથવા તેને ટકાવી રાખવા માટેનાં કારણો રજુ કરે છે. સાચી એકતા કરવા માટે કેટલીક ઉદારતા જોઇએ.

મંડળના નિવેદનમાં જણાવ્યું છે કે કોઇ ફિરકાની માન્યતામાં મંડળ વચ્ચે આવતું નથી. આ વલણ બરાબર છે, પણ જો દરેક સંપ્રદાય ચુસ્તપણે ઝીણામાં ઝીણી વિગતમાં પણ પોતાની માન્યતાને વળગી રહેવાનો આગ્રહ જ રાખે તો સાથે કાર્ય કરવું સહેલું નથી. આપણી માન્યતાના મતભેદ સિદ્ધાંતના નથી પણ વિગતના આચરણના છે. સ્થાનકવાસી મૂર્તિપૂજનમાં ન માને છતાં મૂર્તિપૂજાના કટ્ટર વિરોધી તરીકે રહી તેનો પ્રચાર કરે તો મૂર્તિપૂજક સાથે કામ કરવું સહેલું ન થાય. તે જ પ્રમાણે તેરાપંથી શ્વેતામ્બર મૂર્તિપૂજક અથવા દિગમ્બર પોતાની માન્યતાઓને કટ્ટરપણે વળગી રહે તો સહકાર અઘરો થાય. આમાં પણ ઉદારતાની જરૂર છે. આમાં સાધુઓની મોટી જવાબદારી છે. પરસ્પરના સામાજીક સંબંધો વધે તે પણ એકતાના માર્ગે મદદરૂપ છે. પરસ્પર લગ્નો, જમણ પ્રસંગો વિગેરે આવકારદાયક ગણવા જોઇએ.

સાહિત્ય પ્રકાશનમાં જૈન સમાજ પુષ્કળ પૈસો ખરચે છે. તે પણ સાંપ્રદાયિક અને અમુક મુનિરાજોના માર્ગદર્શન મુજબ છે. જૈન જૈનેતર સૌને નિરપેક્ષપણે જૈન ધર્મનું જ્ઞાન થાય એ દૃષ્ટિએ સાહિત્ય પ્રકાશન થાય તોજ તેની ખરી ઉપયોગીતા છે.

સામાજીક પ્રગતિ માટે સમાજનો કેળવાયેલ, પ્રગતિશીલ વર્ગ આગળ આવે તો જ કાંઇક ઉપયોગી કાર્ય થાય. સામાન્ય જનતા કાં તો ઉદાસીન હોય છે અથવા સાચા માર્ગદર્શનના અભાવે, નિષ્ક્રિય રહે છે. દેશમાં શકિતશાળી માણસો–દરેક સમાજના–રાજકીય પ્રવૃત્તિઓમાં પડયા છે. કોમવાદે દેશને એટલું ભારે નુકસાન કર્યું છે કે પોતાના સમાજની પ્રવૃત્તિઓમાં કાંઇ ભાગ લેવો તે હીણપતભર્યું ગણવામાં આવે છે. ધર્મને નામે દેશના ભાગલા થાય તેથી ધર્મ પ્રત્યે કાંઇક સૂગ થઇ છે. આ દૃષ્ટિ બદલવી પડશે. રાષ્ટ્રીય અને પ્રગતિશીલ દૃષ્ટિ ધરાવતી સમાજની આગેવાન વ્યકિતઓ સમાજની પ્રવૃત્તિઓ પ્રત્યે ઉદાસીનતા સેવશે તો સમાજનું સુકાન રૂઢિચુસ્ત વર્ગના હાથમાં રહેશે, જેથી નુકસાન થવા સંભવ છે. શ્રી. તખ્તમલજી જૈન આ મંડળના પ્રમુખ હતા અને આજે પણ હાજર છે તે ઉપરથી જણાશે કે પોતાના સમાજની પ્રવૃત્તિઓમાં ભાગ લઈ તેને સાચું માર્ગદર્શન આપવું તે કોઇ રીતે રાષ્ટ્રીયતાનું વિરોધી નથી.

જૈન ધર્મના સનાતન સિદ્ધાંતો અહિંસા, સત્ય, અસ્તેય બ્રહ્મચર્ય, અપરિગ્રહ ભગવાન મહાવીરે ઉપદેશ્યા તે સમયે જીવનદર્શન તરીકે જેટલા સાચા અને ઉપયોગી હતા તેટલા, કદાચ તેથી વિશેષ આજે છે. મહાત્મા ગાંધીજીએ તે સિદ્ધાંતોને ફરીથી જીવનની દરેક પ્રવૃત્તિના પાયામાં મૂકયા છે. વર્તમાનજીવનની સમસ્યાઓનો ઉકેલ જો ધર્મ સુચવી ન શકતો હોય તો તે મૃતમાત્ર છે. જૈન ધર્મ એ ઉકેલ સુચવે છે, એટલું જ નહિ પણ એ જ સાચો ઉકેલ છે એની વધારે ને વધારે પ્રતીતિ સારા જગતને થતી જાય છે. તે સમયે આપણી–જૈનોની–ફરજ છે કે જૈનધર્મ તેના સાચા સ્વરૂપમાં જગતને સમજાય તેવું આપણે કરવું જોઇએ.

આ મંડળની પ્રવૃત્તિઓને હું હાર્દિક ટેકો આપું છું અને સફળતા ઇચ્છું છું. **ચીમનલાલ ચકુભાઈ શાહ**

ધર્મ–વિચાર : ૩

(તા. ૧-૨-૬૦ના પ્રબુદ્ધ જીવનમાં કલકત્તા ખાતે ગત નવેંબર માસમાં યોજાયલા જે પરિસંવાદનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો તેમાં દાદા ધર્માધિકારીએ નીચે મુજબનું વ્યાખ્યાન આપ્યું હતું.)

"લોકમાન્ય તિલકે "ભવવદ્‌ગીતા રહસ્ય"માં એક પ્રકરણ અધ્યાત્મ ઉપર લખ્યું છે. તેમાં છેવટે સવાલ પૂછવામાં આવ્યો છે કે, "બીજાનાં દુખે હું દુખી કેમ થાઉં છું? બીજાને સુખી જોઇ મને કેમ સુખ થાય છે?" આનો જવાબ નીતિ નહીં આપી શકે, અધ્યાત્મ આપે છે. ઉત્તર એ છે કે, "હું અને બીજી વ્યકિતમાં કોઇ મૂળભૂત એવી એકતા છે જેની મને પ્રતીતિ છે." આ તર્ક નથી, તેમ તત્ત્વજ્ઞાન પણ નથી. તે વિષે પ્રશ્ન ઉદ્‌ભવવો નિરર્થક છે. તડફડતા એક બકરીના બચ્ચાંને જોઇને ત્રણ વર્ષનું નાનું બાળક પણ કંપી ઊઠે છે. તે માટે રામકૃષ્ણ પરમહંસ કે મહાત્મા ગાંધી જેવા કોઇ ઉપદેશકની જરૂર નથી હોતી. બાળક બકરી કે કુતરાનાં બચ્ચાંને જોઇને જે દુખી થાય છે તેમાં તેને તે બચ્ચા પ્રત્યેની પોતાની એકતાની અનુભૂતિ છે. જીવ માત્ર સાથે આ એકાત્મતાની પ્રતીતિ તેનું નામ અધ્યાત્મ. અને આ એકાત્મતાને જીવનમાં ઉતારવાનો જે પ્રયોગ તેનું નામ ધર્મ. એકાત્મતામાં વિશેષ પ્રગતિ સાધવા માટેની જે આચરણા તેનું નામ ધર્મ. આમાં ઇશ્વરનું સ્થાન કયાં? નિરીશ્વરવાદીઓના બે પ્રકાર છે. એક તે કે જેઓ સ્વચ્છંદતાને ચાહે છે, વિલાસિતાના પક્ષપાતી છે, અને અનિયંત્રિત અપરિમિત ભોગને વાંછે છે.

એક વાર એક બાળકને માતાએ પૂછયું, "ભગવાન પ્રસન્ન થાય તો તેની પાસે તું શું માગે?" બાળકે કહ્યું, "ત્રણ વરદાન માગું." માતાએ પૂછયું, "કયા ત્રણ વરદાન?" બાળક બોલ્યું, 'માસ્તર નહીં, સ્કૂલ નહીં, અને પરીક્ષા નહીં." એ ચોકકસ છે કે જો તમને અને મને ખાત્રી થઇ જાય કે દુનિયામાં ઇશ્વર જેવું કંઈ છે જ નહીં, તો આપણે મૂળ પ્રસન્નતા અનુભવશું. કેમકે ભય અને પ્રલોભનમાં ધર્મ કરવાની પ્રેરણાનાં મૂળ છે: સ્વર્ગનું પ્રલોભન અને નરકનો ભય.

વાસ્તવમાં આ પ્રેરણા એ ધાર્મિક પ્રેરણા નથી. તે પારલૌકિક પ્રેરણા છે. પારલૌકિકતામાં ધર્મ નથી, આધ્યાત્મિકતા કે ઇશ્વરનિષ્ઠા તો નથી જ. એટલે જે ધર્મ સંપ્રદાયોમાં બંધાઇ ગયા તે ધર્મ નથી, પણ ધર્મની સમશાનભૂમિઓ છે, ઇશ્વરની સમાધિઓ છે. મંદિરમાં જે ભગવાન છે તે મારા માપના કપડાંની માફક, મારા માપ મુજબ મારા બનાવેલા છે. આપણે આપણા માપદંડ પ્રમાણે ધર્મસંસ્થાઓ ઉભી કરી અને તે મુજબના દેવ સર્જયા. એટલે જે મારી ઇચ્છા મુજબના દેવ તે મારા મુનીમ કે એજન્ટ જેવા અને મારી ઇચ્છાને અનુસરનારા થયા. જર્મની અને ઇંગ્લાંડ વચ્ચે યુદ્ધ થાય તો જર્મનીનાં દેવળોમાં પ્રાર્થના થાય કે, "હે ભગવાન! ઇંગ્લાન્ડને હરાવજે." અને ઇંગ્લાન્ડનાં દેવળોમાં પ્રાર્થના થાય કે, "હે ભગવાન! જર્મનીને હરાવજે." આપણે એમ પ્રાર્થના કરતા નથી કે, "હે ભગવાન! તારી મરજી મુજબ કરજે." પ્રાર્થના એમ કરીએ છીએ કે, "ભગવાન! તું અમારો એજન્ટ છે, અને તારી મારફત અમારી ઇચ્છાઓ પૂરી થાઓ." એટલે મંદિરનો ભગવાન તે યા તો આપણો પ્રતિનિધિ છે અથવા તો શોભાની મૂર્તિ છે. ભગવાન ઉપર આપણે પોતાનો હકક માન્યો છે, તેને પોતાની મિલ્કતની જેમ ગણ્યો છે. મસ્જિદ મુસલમાનોની મિલ્કત છે, મંદિર હિંદુઓની મિલ્કત છે, દેવળ ક્રિશ્ચિયનોનું તો ગુરૂદ્વારા શીખોની મિલ્કત છે. એ દિવસ ઉપર છાપામાં વાંચવામાં આવ્યું હતું કે કાશીમાં એક પૂજારી મૂર્તિને લઇને ભાગી ગયો.

દેવ પણ વેચાય છે અને એના ભાવ બોલાય છે. આ બધા તમારાં મંદિરોમાં બિરાજમાન થયેલા દેવો છે. અહિંઆ જેટલાં મંદિરો છે તે બધાના દરવાજા ઉપર પહેરેગીર છે. મારા અને તમારા ઘરના દરવાજા ઉપર પહેરેગીર નથી, પણ જે ભગવાન દિગંબર છે તેને દરવાનની જરૂર છે. શા માટે? દેવ કરતાં મંદિરનાં મૂલ્ય વધારે છે. ધર્મ જ્યારે સંસ્થામાં બંધાઈ જાય છે, ત્યારે ધર્મ કરતાં સંસ્થાનું મહત્વ વધી જાય છે, અને માત્ર ઈશ્વરના સ્મૃતિચિહ્ન રૂપે, સમાધિ રૂપે તે ધર્મસંસ્થાઓ જીવે છે. એટલે આજે જો સમાજને જીવન્ત રાખવો હોય, વિશેષ પ્રગતિમાન થવું હોય તો મુખ્ય આવશ્યકતા સંપ્રદાયોને મિટાવી દેવાની છે. વર્ગભેદ અને જાતિભેદોને આપણે મિટાવી દીધા છે; હવે એક ડગલું આગળ ભરીને અને વિશ્વભરમાં સંપ્રદાયોને સદાને માટે વિદાય આપીએ. મારો ઈશ્વર કે તારો ઈશ્વર એવું કંઈ જોઈએ જ નહીં. ચોરી કરવી એ પાપ છે તો એ વાત કોઇ ગુરૂનિષ્ઠ, સંસ્થાનિષ્ઠ, મંદિર કે મસ્જિદનિષ્ઠ કે ગુરૂદ્વારાનિષ્ઠ નથી. કોઈ મને કહે કે ચોરી કરવી એ દોષ છે. હું પૂછું, કેમ? ઉત્તર એ છે કે જ્યારે ચોર ચોરી કરે છે ત્યારે તેને સારૂં લાગે છે, પણ ચોરીનો માલ ઘરમાં આવ્યા પછી તેની ચોરી થાય તે તેને ગમતું નથી. જે નિયમ સાર્વત્રિક નથી તે ધર્મ નથી. અવિરોધી આચાર સમાજમાં અનેક પ્રકારના છે, પણ અનન્ત અવિરોધી આચાર અનન્ત ધર્મ નથી. તેનું માપયંત્ર કે કસોટી એક છે. ભગવાને મનુષ્યને જે પોતાના અંશમાંથી ઘડયો તો મનુષ્ય પ્રત્યેનો દુર્વ્યવહાર એ ઈશ્વર પ્રતિનો દુર્વ્યવહાર થયો. દુર્વ્યવહાર શું છે? જે હું મારા માટે ન ઇચ્છું તે હું બીજા પ્રત્યે આચરૂં તે દુર્વ્યવહાર. આ એક કસોટી છે. એક મનુષ્ય બીજા મનુષ્યની પ્રતિકૃતિ છે. બીજા પ્રત્યેનો દુર્વ્યવહાર તે મારા પોતા પ્રત્યેનો દુર્વ્યવહાર છે. એકનું નામ ધર્મ છે, બીજાનું નામ નીતિ. નીતિ પોતા થકી અન્તિમ ઉત્તર દઇ શકતી નહોતી. તેથી સદાચારના અધિષ્ટાનના રૂપમાં ધર્મ-તત્ત્વનું વિવેચન કરવામાં આવ્યું. આ માટે સંપ્રદાયનિરાકરણ આવશ્યક બન્યું છે.

સંપ્રદાયોને નામશેષ કરી નાખવાનું એક બીજું પણ કારણ છે. વિજ્ઞાન સાર્વભૌમ છે. ધર્મ પણ જો સાર્વભૌમ નહીં થાય તો તે રહી નહીં શકે. સાર્વભૌમ વિજ્ઞાન સમાજ ઉપર એક બીજી આફત લાવ્યું છે. તેણે બાહ્ય રૂપમાં મનુષ્યમાં સમાનતા દાખલ કરી છે, પણ અંતરમાં સમાનતા તે લાવી શકયું નથી – અંતરનું પરિવર્તન કરવા તે શકિતમાન નથી. ધર્મે સૌથી પહેલું એ કામ કર્યું છે કે સમાજ એક ગણવેશધારી સેના જેવો બની જાય, જેને આપ 'રેજીમેન્ટેશન' કહો છો તેવા આકારનો બની જાય. જેને દાઢી હોય તે મુસલમાન, જે કિરપાણ રાખે તે શીખ, જે પાણી ગાળીને પીએ તે જૈન, જે જનોઇ ને ચોટી રાખે તે હિંદુ. તમે જ કહો; સમાજ રૂપી સેનામાં સંપ્રદાયોને પિછાણવાનું આ સિવાય બીજું કોઇ લક્ષણ છે ખરૂં? સમાજ સેનામાં વિભાગોની પિછાણ જેટલી ધર્મને નામે છે એટલી બીજા કોઇ પ્રકારે નથી. બાહ્ય પોશાકમાં જે કંઈ સુધારા વધારા થયા તે પણ તેના ગણવેશરૂપ ગણાઇ ગયા. બળજબરીથી બીજા મનુષ્યને મારા ઉપભોગનો વિષય નહિ બનાવું, અને બીજું, અન્ય માનવીની શકિત, કલા, શ્રમ કે પ્રતિભાને હું બજારમાં ખરીદીશ નહીં. જે ધર્મ એક મનુષ્યને બીજાના શ્રમને ખરીદવાનો હક્ક આપતો હોય, અને બીજા મનુષ્યને પોતાનો શ્રમ વેચવાની ફરજ પાડતો હોય તે ધર્મ નથી, અધર્મ છે. તેથી હું આકરા શબ્દોમાં કહું છું કે તે રામ-રાજ્ય નથી, હરામ-રાજ્ય છે. ધર્મને આચરણમાં ઉતારવાની આ બીજી કસોટી છે. ધ્યાન રાખજો કે જો મનુષ્ય મનુષ્યને ખરીદી શકતો હોય તો તે ધર્મને પણ ખરીદી શકશે, અને ભગવાનને પણ ખરીદી શકશે. આ પ્રમાણે સંપ્રદાયોએ ધર્મની પવિત્રતાને અપવિત્ર બનાવી મૂકી છે. તેથી ફરીને હું કહું છું કે ધર્મને સંગઠન કે સંપ્રદાયમાં બાંધી શકાય નહીં, બાંધવો જોઇએ પણ નહીં. બલ્કે સંપ્રદાયોનું અસ્તિત્વ જ મિટાવી દેવું જોઇએ. જ્યારે સમાજમાં ઊંચનીચનો ભેદભાવ નહીં હોય કે કોઇ સંપ્રદાય પણ નહીં હોય ત્યારે જ વિશુદ્ધ અધ્યાત્મનો વિકાસ થશે. અનુવાદક : મેનાબહેન નરોત્તમદાસ

મૂળ હિન્દી : દાદા ધર્માધિકારી

સંઘના સભ્યોનું સમૂહભોજન

આગામી માર્ચ માસની તા. ૫ મી શનિવારના રોજ રાત્રીના ૭॥ વાગે શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી ચોપાટી ઉપર આવેલા પી. એમ. સ્વીમીંગ પૂલના કાફેટેરીઆમાં સંઘના સભ્યો તથા તેમનાં સ્વજનો માટે એક સમૂહ ભોજન ગોઠવવામાં આવ્યું છે. જણાવતાં આનંદ થાય છે કે અમેરિકાના ભૂતપૂર્વ ભારતીય એલચી તરીકે આન્તરરાષ્ટ્રીય ખ્યાતિ જેમણે પ્રાપ્ત કરી છે એવા શ્રી. ગગનવિહારી લલ્લુભાઈ મહેતા સંઘના નિમંત્રણને માન આપીને સંઘના અતિથિવિશેષ તરીકે આ ભોજન-સમારંભમાં ઉપસ્થિત થનાર છે અને એ પ્રસંગે ગુજરાતના નવનિર્માણ અંગે પોતાના વિચારો રજુ કરવાના છે. આ સમૂહભોજનમાં ભાગ લેવા ઇચ્છનાર સભ્યે પોતા માટે તેમ જ સાથે આવનારા સ્વજનો માટે વ્યકિત દીઠ રૂા. ૫) માર્ચ માસની ત્રીજે તારીખ પહેલાં સંઘના કાર્યાલયમાં ભરી જવાના રહેશે. આ ભોજનસમારંભમાં જોડાવા સંઘના સભ્યોને આગ્રહપુર્વક અનુરોધ કરવામાં આવે છે. મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ,

'રજીસ્ટ્રેશન ઓફ ન્યુસપેપર્સ (સેન્ટ્રલ) રૂલ્સ ૧૯૫૬' ના અન્વયે

'પ્રબુદ્ધ જીવન' સંબંધમાં નીચેની વિગતો પ્રગટ કરવામાં આવે છે.

૧. પ્રસિદ્ધિ સ્થળ : ૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ – ૩.
૨. પ્રસિદ્ધિ ક્રમ : દરેક મહિનાની પહેલી અને સોળમી તારીખ.
૩. મુદ્રકનું નામ : શ્રી. પરમાનંદ કુંવરજી કાપડિયા.
કયા દેશના : ભારતીય.
ઠેકાણું : ૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ – ૩.
૪. પ્રકાશકનું નામ: } ઉપર મુજબ.
કયા દેશના : }
ઠેકાણું : }
૫. તંત્રીનું નામ : } ઉપર મુજબ.
કયા દેશના : }
ઠેકાણું : }
૬. સામયિકના માલિકનું નામ : શ્રી. મુંબઇ જૈન યુવક સંઘ., ૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ – ૩.

હું પરમાનંદ કુંવરજી કાપડિયા આથી જાહેર કરૂં છું કે ઉપર આપેલી વિગતો મારી જાણ અને માન્યતા મુજબ બરોબર છે.

તા, ૧-૩-૬૦ પરમાનંદ કુંવરજી કાપડિયા-તંત્રી

વિષય સૂચિ

		પૃષ્ઠ
સંકીર્ણતામાંથી વિશાળતા તરફ	પરમાનંદ	૨૦૯
,, ,, ,,	ચીમનલાલ શાહ	૨૧૦
ધર્મ-વિચાર	દાદા ધર્માધિકારી	૨૧૧
પ્રકીર્ણ નોંધ : પંન્યાસશ્રી વિકાસવિજયજીને અભિનંદન, એક પ્રેરક ઘટના, કાયદાનો આ તે કેવો દુરૂપયોગ? મદ્યનિષેધના કાયદામાંથી નીપજી રહેલો એક આડકતરો અનર્થ.	પરમાનંદ	૨૧૩
લોકશાહી વિકેન્દ્રીકરણના માર્ગે	જવાહરલાલ નહેરૂ	૨૧૫

પ્રકીર્ણ નોંધ

પંન્યાસશ્રી વિકાસવિજયજીને અભિનન્દન

અમદાવાદ ખાતે તા. ૨૬-૨-૬૦ ના રોજ શેઠ કસ્તુરભાઇ લાલભાઇના પ્રમુખપણા નીચે શ્રી મહેન્દ્ર જૈન પંચાંગ રજત જયન્તી મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો, અને એ પ્રસંગે પંન્યાસશ્રી વિકાસવિજયજીને, પ્રસ્તુત મહેન્દ્ર જૈન પંચાંગ ૨૫ વર્ષ સુધી એકસરખું નિયમિત રીતે પ્રગટ કરવા બદલ, અભિનન્દનપત્ર અર્પણ કરવામાં આવ્યું હતું. મહેન્દ્ર પંચાંગ તૈયાર કરવા તરફ મુનિશ્રી વિકાસવિજયજી ક્રમ પ્રેરાયા તે સંબંધે પોતાના આભાર-નિવેદનમાં તેમણે જણાવ્યું હતું તે મુજબ તે સંવત્ ૧૯૮૩ એટલે કે ઇ. સ. ૧૯૨૭ માં પોતાના ગુરૂમહારાજ શ્રી વિજયવલ્લભ-સૂરિજી સાથે વિહાર કરતાં કરતાં તેમનું જયપુર આવવાનું બન્યું અને ત્યાંની સુપ્રસિદ્ધ વેધશાળા તેમના જોવામાં આવી અને એ વેધશાળામાં રાખવામાં આવેલાં ઘણી જાતના યંત્રો પણ તેમના જોવામાં આવ્યાં. તેમાં લગભગ દોઢ વાંસ જેટલા એક મોટા યંત્ર તરફ તેમનું ખાસ ધ્યાન ખેંચાયું. આ યંત્ર સંબંધમાં માહીતી મેળવતાં, તેમના જાણવામાં આવ્યું કે ૧૭ મી સદીનાં સમયમાં મહેન્દ્ર સૂરિ નામના એક જૈનાચાર્ય એ પ્રદેશમાં વિચરતા હતા. તેમણે 'યંત્રરાજ' નામનો જ્યોતિષને લગતો એક મહાન ગ્રંથ લખેલો. એ ગ્રંથ ઉપર એ સમયના મહાન રાજવી અને જયપુર શહેરના વસાવનાર વિદ્વાન રાજા સવાઇ માનસિંહે કારિકા લખેલી અને યંત્રો કેવી રીતે બનાવવા તે અંગે કેટલુંક વિવેચન કરેલું. તે ઉપરથી ઉપર જણાવેલ મોટું યંત્ર બનાવવામાં આવ્યું હતું. આ બધું જોવામાં આવતાં મુનિશ્રી વિકાસવિજયજી પંચાગને લગતા વિષયના અભ્યાસ તરફ આકર્ષાયા. સમયાન્તરે ઇ. સ. ૧૯૩૪ માં તેમણે જયપુરમાં ચોમાસું કર્યું. ત્યાં તેમને જ્યોતિષ અંગેના પ્રાચીન તેમ જ અર્વાચીન અનેક સાધનો મળ્યાં. ત્યાર બાદ તેઓ અમદા-વાદ આવ્યા અને જ્યોતિષના વિષયમાં કેટલાક સમયથી સંશોધન કરી રહેલા અધ્યાપક હરિહર ભટ્ટના તેઓ પરિચયમાં આવ્યા. અને તેમના માર્ગદર્શન નીચે તેમણે વિ. સં. ૧૯૯૧ માં એટલે કે ઇ. સ. ૧૯૩૫ માં પહેલું પંચાંગ તૈયાર કર્યું અને તે પંચાંગ સાથે ઉપર જણાવેલ જૈનાચાર્ય મહેન્દ્ર સૂરિનું નામ તેમણે જોડયું. આજ સુધીનાં પંચાગો કેવળ જ્યોતિષ શાસ્ત્રના પુરાતન ગ્રંથોના આધારે તૈયાર કરવામાં આવતાં હતાં. તેનો આકાશમાં દેખાતાં ગ્રહ, નક્ષત્ર તથા રાશીઓની ગતિઓ અને સ્થાનો સાથે પૂરો મેળ બેસતો નહોતો. શ્રી. હરિહર ભટ્ટે આધુનિક ખગોળશાસ્ત્રનો અભ્યાસ કરીને એવું પંચાંગ તૈયાર કરેલું કે જેનો આજના આકાશદર્શન સાથે પૂરો મેળ ખાય અને તેથી તેને 'પ્રત્યક્ષ પંચાગ' તરીકે ઓળખા-વવામાં આવ્યું. વિકાસવિજયજીએ આ વિચાર અને દૃષ્ટિને પોતાનું પંચાંગ તૈયાર કરવામાં પૂરેપૂરી અપનાવી અને તેથી તેમની મારફત દર વર્ષે પ્રગટ થતાં પંચાંગો આજના ખગોળગણિત સાથે પૂરો મેળ ધરાવતાં થયાં. આ પંચાંગ પ્રગટ કરવાનું તેમણે શરૂ કર્યું ત્યાર બાદ એ વધારે વ્યાપક અને ઉપયોગી ક્રમ બને તેની તેઓ ચિન્તા કરતા રહ્યા છે અને છેલ્લાં ચાર વર્ષથી જૈન ધાર્મિક તહેવારો ઉપરાંત તેમણે હિન્દુ વગેરે ધાર્મિક તહેવારો પણ સામેલ કર્યા છે. આ રીતે તેમણે જૈન-જૈનેતર સમાજની ભારે કીંમતી સેવા બજાવી છે અને ખેરવિખેર સ્થિતિમાં પડેલા ભારતીય પંચાંગને વ્યવસ્થિત રૂપ આપવામાં વિદ્યા અને શક્તિનો તેમણે ખૂબ ઉપયોગ કર્યો છે.

ઉપર જણાવેલ સમારોહમાં જૈન સમુદાય અને સાધુ મુનિરાજો ઉપરાંત આ વિષયમાં રસ ધરાવતા અનેક વિદ્વાનો ઉપસ્થિત થયા હતા અને ગણિતશાસ્ત્રી ડૉ. પી. સી. વૈદ્ય, ખગોળશાસ્ત્રી અધ્યા-પક હરિહર પ્રા. ભટ્ટ, સંશોધક મુનિશ્રી પુણ્યવિજયજી તથા અમ-દાવાદના જાણીતા જ્યોતિષી શ્રી. ગિરિજાશંકર હ. જોષીએ તેમ જ શેઠ કસ્તુરભાઇએ મુનિશ્રી વિકાસવિજયજીને તેમના અવિરત પરિશ્રમ અને પોતાના વિષયની એકધારી ઉપાસના માટે ભાવભરી અંજ-લિઓ આપી હતી. એક જૈન મુનિ પોતાની વિદ્યોપાસના અને સંશોધનકાર્યને અંગે જૈન-જૈનેતર વિદ્વાનોની પ્રશંસાના પાત્ર બને એ જૈન સાધુસંસ્થાને ગૌરવ આપે તેવી હકીકત ગણાય. તેમના પગલે અનુસરીને અન્ય જૈન મુનિઓ પણ સાંપ્રદાયિક અભિનિવેશથી મુકત બનીને અખંડ જ્ઞાનોપાસનાનાં મધુર ફળો વિશાળ વિદ્વત્સમાજને અર્પણ કરતા રહે અને એ રીતે પોતાના ત્યાગ અને સંયમને ચરિતાર્થ કરે એમ આપણે પ્રાર્થીએ.

એક પ્રેરક ઘટના

મુંબઇ શહેરમાં બે અઢી મહિના પહેલાં એવી એવી ઘટના બની ગઇ કે જે બીજી રીતે બહુ અલ્પ મહત્વની છે, પણ મુંબઇના અતિ વ્યવસાયી શહેરી જીવનનું સ્વરૂપ વિચારતાં અસામાન્ય કોટિની છે અને તેથી તેની નોંધ લેવાનું મન થાય છે.

બપોરના બે અઢી વાગ્યાનો સમય હતો. ચર્ચગેટ સ્ટેશન આગળ એક દશેક વર્ષનો છોકરો કવીન્સ રોડ ઓળંગી રહ્યો હતો એટલામાં ગેસની ટાંકીઓ લઇ જતી એક સ્કુટર સામેથી દોડતી આવી અને તેની હડફેટમાં આવતાં એ છોકરો બાજુ ઉપર ઉથલી પડયો અને તેનું માથું જમીન સાથે પટકાયું. સ્કુટરનો ડ્રાઇવર સ્કુટર છોડીને ભાગી ગયો. એજ ઘડિએ એજ રસ્તા ઉપરથી બે ગૃહસ્થો ત્યાંથી પસાર થતા હતા તેમણે આ અકસ્માત જોયો અને એકદમ પેલા છોકરા પાસે દોડી ગયા, અને તે છોકરાને તરત હોસ્પીટલમાં પહોંચાડવા માટે જતી આવતી ટેકસીને રોકવા પ્રયત્ન કરવા લાગ્યા. એવામાં બીજા એક ગૃહસ્થ પોતાની મોટરમાં તે બાજુએથી પસાર થતા હતા તેમણે આ ઘટનાં જોઇને પોતાની મોટર ઉભી રાખી અને પેલા છોકરાને પોતાની મોટરમાં નાંખ્યો અને પેલા બીજા બે ગૃહસ્થો સાથે બેાંબે હોસ્પીટલ ઉપર પહોંચ્યા. આ હોસ્પીટલના એમરજન્સી વોર્ડમાં પણ ડૉકટરની ભલામણ સિવાય કોઈ પણ દર્દીને લેવામાં આવતો નથી, એટલે હોસ્પી-ટલના અધિકારીઓએ તો છોકરાને હોસ્પીટલમાં લેવાની ના કહી અને નજીકમાં સરકારી કે મ્યુનિસિપલ હોસ્પીટલમાં લઇ જવા સૂચવ્યું. આવા 'કેઝયુઆલીટી' કેસો પોલીસ સાથે જોડાયલા હોઇને તેમને સાધારણ રીતે તેવા હોસ્પીટલોમાં જ દાખલ કરવામાં આવે છે. પણ આ ગૃહસ્થોએ જે રકમ માગવામાં આવે તે આપીને આ છોકરાને સ્પેશિયલ વૉર્ડમાં દાખલ કરવા આગ્રહ કર્યો. આ ઉપરથી રૂ. ૧૫૦ હોસ્પીટલમાં તરત ભરવાનું કહેવામાં આવ્યું. આ રકમ ભરવા માટે આ ત્રણે ગૃહસ્થો વચ્ચે રસાકસી ચાલી. આખરે જે ગૃહસ્થની મોટરમાં આ છોકરાને લાવવામાં આવ્યો હતો, તે ગૃહસ્થના આગ્રહને અન્ય બે ગૃહસ્થોએ નમતું આપવું પડયું. જરૂરી રકમ ભરી રહેલા ગૃહસ્થને તેમનું નામ પૂછતાં હોસ્પીટલ વાળા લોકોને માલુમ પડયું કે તે ગૃહસ્થ તો હોસ્પીટલના એક ટ્રસ્ટી હતા. એટલે પેલી રકમ તેમને પાછી આપવામાં આવી અને તે છોકરાને સ્પેશિયલ વોર્ડમાં દાખલ કરવામાં આવ્યો અને તરત જ જે સર્જન સુલભ હતા તેમની સંભાળ નીચે તેને મૂકવામાં આવ્યો. પહેલા ગૃહસ્થ આ છોકરાના બીછાના પાસે જ બેસી રહ્યા. ત્રણેક કલાકે તેને શુદ્ધિ આવી, છતાં તે બોલી શકે તેમ નહોતું. કાગળ ઉપર તેણે પોતાના ઘરનો ટેલીફોન નંબર લખી આપ્યો. એ ઉપરથી આ ગૃહસ્થે છોકરાને ઘેર ટેલીફોન કર્યો. તેની મા તથા બીજાં સગાં વહાલાં દોડી આવ્યાં, એટલે આ છોકરો તેમના હવાલે સોંપીને અને એ રીતે ચાર કલાક બેાટી થઇને માયાળુ ગૃહસ્થ પોતાના કામ ઉપર વિદાય થયા.

એ ભાયાળુ ગૃહસ્થ છે બીરલા કંપની સાથે ગાઢ સંબંધ ધરાવતા મુંબઇની શેર બજારમાં કામ કરતાં શ્રી. નવલચંદ ટી. શાહ.

મુંબઇ શહેરમાં આવા નાના મોટા અકસ્માતો રોજબરોજની સામાન્ય ઘટના છે. શહેરના વિશાળ રસ્તાઓ જાત જાતનાં ઝડપી વાહનો આમથી તેમ દોડાદોડ કરતાં હોય છે; ઢગલાબંધ વટેમાર્ગુઓ પોતપોતાનાં વ્યવસાયના ધુનમાં ચોતરફ ચાલી રહેલા નજરે પડે છે. વિદ્યાર્થીઓ પણ આમથી તેમ રસ્તાઓ ઓળંગતા દેખાય છે. આમ સર્વ કાંઇ ગતિમાન હોય છે. કોઇ માનવી કોઇ વાહનની હડફેટમાં આવી જાય તો કૌતુકથી નાનું સરખું ટોળું તેની આસપાસ એકઠું થાય છે અને અકસ્માતનો પ્રકાર ધ્યાનમાં આવ્યો ન આવ્યો અને જોતજોતામાં વીખરાઇ જાય છે. અકસ્માતના ભોગ બનેલ માનવીની સંભાળ લેવાની, કે તેને હોસ્પીટલમાં પહોંચાડવાની વ્યવસ્થા કરવાની કોઇને ફુરસદ હોતી નથી. તેમ જ આવી પોતાની કોઇ જવાબદારી છે એવો ખ્યાલ કોઇના દિલને સ્પર્શતો દેખાતો નથી. આસપાસ ચાલી રહેલા લોકો જાણે કે હૃદયશૂન્ય હોય, કર્તવ્યશૂન્ય હોય—આવો જ કાંઇક મુંબઇ જેવા શહેરમાં લગભગ સર્વત્ર અનુભવ થાય છે.

મોટર કે બસની હડફેટમાં આવી ગયેલા અને બેહોશ થયેલા—ઘાયલ થયેલા—માનવીની કોઇ સંભાળ લેવાને તૈયાર હોતું નથી અને સાધારણ રીતે માણસો તેથી દૂર ભાગે છે તેનું બીજું પણ એક કારણ છે. આવો અકસ્માત થયો એટલે દશ પંદર મીનીટમાં કોઇ ને કોઇ પોલીસ આવી ચડવાનો, અકસ્માત કરનાર ડ્રાઇવરની તે ધરપકડ કરવાનો અને અકસ્માત કેમ થયો, કોની કેટલી કસુર છે, ઇજા કયા પ્રકારની થઇ છે, સંભવ છે કે અકસ્માતનો ભોગ થયેલાની જીંદગી પળો ગણાઇ રહી હોય અથવા તો તેનું મોત પણ થઇ ચુકયું હોય—આ બધી બાબતની નોંધ માટે અને જુબાની માટે પોલીસને એક પંચ ઉભું કરવું પડે છે, અને એ પંચના કામમાં જોડાવા માટે ત્યાં જે કોઇ હાજર હોય તેને ફરજ પાડવામાં આવે છે. આ રીતે પંચમાં જેનો નામ નોંધવામાં આવેલ હોય તેને અકસ્માતની જગ્યાએ ખૂબ ખોટી થવું પડે છે, એટલું જ નહિ પણ, આને લગતો કેસ ચાલે ત્યાં સુધી કોર્ટમાં હાજર રહેવું પડે છે આ એક ઘણી મોટી હેરાનગતી હોય છે. આ ઉપાધિથી મુંબઇ જેવા શહેરમાં વસતા અતિ વ્યવસાયી જીવનમાં જકડાયલા લોકો બચવા માગે છે અને તેથી અકસ્માતની જગ્યાએ કોઇ લાંબો વખત ઉભું રહેતું નથી. મુંબઇના શહેરી જીવનની આવી—અમુક અંશે માનવતાશૂન્ય—પરિસ્થિતિમાં ઉપર જણાવેલ ઘટના માનવતાનું એક મીઠું દર્શન કરાવે છે. મુંબઇના આવા સ્વપર્યાપ્ત જીવનમાં અને મરવા માટે પણ જાણે કે કોઇને ફુરસદ ન હોય એવા અતિ વ્યવસાયી શહેરમાં, અને પોલીસ અને કાયદાની આવી ચાલુ હેરાનગતી વચ્ચે પણ, એવા માનવીઓ નીકળી આવે છે કે જેઓ અતિવ્યવસાયી હોવા છતાં, આવી કરૂણ ઘટના પોતાની આંખ સામે નીપજતી જોતાં પોતાના વ્યવસાયને એકદમ થંભાવી દે છે, અને પારકા છોકરાને પોતાનો લેખીને તેને બચાવવા માટે પોતાથી શકય તે બધા પ્રયત્નો કરી છુટે છે. આ એક પ્રેરણાદાયી અનુભવ છે. આપણે આશા રાખીએ કે આ ઘટનામાં પ્રગટ થતી માનવતા અન્ય માનવીઓના દિલને સ્પર્શે, કોઇ પણ દુર્ઘટનાના ભોગ બનેલાને બચાવવા માટે પોતાથી બનતું કરી છૂટવા તેઓ પ્રેરાય અને આ દિશાએ પ્રવૃત્ત થવામાં અકળામણ પેદા કરતી પોલીસ અને કાયદાની હેરાનગતી બને તેટલી હળવી કરવામાં આવે.

કાયદાનો આ તે કેવો દુરૂપયોગ?

અમારા વિભાગમાં રહેતા એક ગરીબ માણસે મારા ઘરનું બારણું ખખડાવ્યું બારણું ઉઘાડીને તેના આવવાનું મેં કારણ પૂછ્યું. તેણે કહ્યું. કે "હું બાબુલનાથ બાજુના ફૂટપાથ ઉપર બેઠો હતો અને પોલીસવાન આવી અને, 'બેગર્સ બેકટ' નીચે પોલીસ મને પકડીને લઇ ગઇ અને મેજીસ્ટ્રેટ આગળ રજુ કર્યો. તેમણે મને પુછ્યું કે 'તું તારો ગુજારો શી રીતે કરે છે?' મેં કહ્યું કે મળે તે મજુરી કરીને અને સળીઓ સરખી કરીને સાવરણીઓ બાંધવાનું કામ મળે તો તે કરીને.' આ માફ કહેવું તેમણે સ્વીકાર્યું નહિ અને અને હું નવરો, ધંધા વિનાનો છું અને ભીખમંગો છું એ આરોપ સર મને ત્રણ મહીનાની શિક્ષા કરી અને બેગર્સ હોમમાં મોકલી આપ્યો. ત્યાં એ ત્રણ મહિના પુરા કરીને હું હમણાં જ છૂટયો છું. ત્યાંથી છૂટયો ત્યારે મને ધમકી આપવામાં આવી છે કે જો આ રીતે ફરીથી પકડાઇશ તો તને છ મહીનાની શિક્ષા ફરમાવવામાં આવશે.

"હવે મારે ફરીથી બેગર્સ હોમમાં જવું નથી. દેશમાં મારો ભાઇ છે, તે ખેતી કરે છે, છોકરાઓ પણ છે. તો હવે ત્યાં જઇને રહીશ અને કંઇક કામ કરીશ, પણ ત્યાં જવા માટે મારી પાસે પૈસા નથી તો મદદ માટે આવ્યો-છું." આ સાંભળીને મને ભારે આશ્ચર્ય થયું. કારણ કે અમારી નજીકની ફુટપાથ ઉપર તેને મેં અનેકવાર સાવરણીની સળીઓ સરખી કરતો તેમજ બીજી મજુરી કરતો જોયો હતો. ભીખારીઓનો કાયદો તો જેઓ કેવળ નિરૂદ્યમી રહીને ભીખ માંગીને સમાજને બોજારૂપ બનતા હોય તેમને ઠેકાણે લાવવા માટે છે, પણ જેને કામના અભાવે બેકાર પડી રહેવું પડતું હોય અને કામ મળ્યે કામ કરવાને જે તૈયાર હોય તેવા ગરીબ માણસોને જેલમાં પુરવા માટે નથી. આમ છતાં આ કાયદાનો ઉપયોગ આવા માણસોને પણ પૂરી દેવા માટે કરવામાં આવે છે. કાયદાનો આ તે કેવો અનર્થ?

તે માણસને જોઇતી રકમ આપીને નિઃશ્વાસ સાથે મેં રવાના કર્યો.

મદ્યનિષેધના કાયદામાંથી નીપજી રહેલો એક આડકતરો અનર્થ

કોઇ કારણસર જેલવાસી બનેલા એક પરિચિત મિત્ર ૧૫ દિવસની પેરોલ લઇને ઘેર આવેલા. તેમને મળવાનું બનતાં અને જેલમાં આજે કયા કયા પ્રકારના ગુનેહગારો આવે છે એ બાબત વિષે વાત નીકળતાં તેમણે સાધારણ રીતે આપણા ખ્યાલમાં ન હોય એવી એક વાત જણાવી. આ બાબતને મદ્યનિષેધના કાયદા-સાથે સંબંધ હોઇને તેને જાહેરાત આપવાનું યોગ્ય લાગે છે.

તેમના કહેવા પ્રમાણે આજ કાલ પંદર સત્તર વર્ષની ઉમ્મરના લગભગ પાંચ સાત છોકરાઓ—મોટા ભાગે દક્ષિણ—બાજુના-મદ્યનિષેધના કાયદા નીચે શિક્ષા પામીને હંમેશા જેલમાં આવતા જોવામાં આવે છે. તેમને છૂટક છૂટક પૂછતાં માલુમ પડે છે કે દારૂની ભઠ્ઠી ગાળતા લોકો અને પોલીસ વચ્ચેની સમજુતીનું જાણે કે આ પરિણામ હોય એવું કાંઇક લાગે છે. મુંબઇમાં બહારગામથી પેટીયું શોધતા આ છોકરાઓ આવે છે. તેમને દારૂની ભઠ્ઠીવાળા રોકતા હોય છે. એક બે દિવસ તેમની પાસેથી કામ લેવામાં આવે છે. પછી કોઇ વાસણમાં દારૂ ભરીને એક સ્થળેથી બીજે સ્થળે તે વાસણ પહોંચાડવાનું તેમને કહેવામાં આવે છે. જેવા તેઓ આવું વાસણ લઇને બહાર નીકળે છે અને થોડુંક આગળ ચાલે છે કે પેલો ભઠ્ઠીવાળો પોલીસને આંગળી વડે કે બીજી રીતે સૂચવી દે છે અને પોલીસ તેમને પકડીને મેજીસ્ટ્રેટ પાસે રજુ કરે છે અને મુદ્દા માલ સાથે પકડાયલા આ આરોપીઓને મેજીસ્ટ્રેટ કાયદા મુજબ શિક્ષા કરે છે અને આ નાદાન છોકરાઓ બીચારા આમ લગભગ મુંબઇ આવ્યા તેવા જ જેલમાં ધકકેલાય છે. પોલીસ આ રીતે પાંચ સાત ગુનેહગારો પકડીને મદ્યનિષેધ વિષે પોતે પૂરા જાગૃત હોવાની પ્રતિતી આપે છે; ભઠ્ઠીવાળાને આમ આડકતરૂં રક્ષણ મળે છે; માત્ર ઉગતી ઉમ્મરના છોકરાઓનો આમ ભોગ અપાય છે, એટલું જ નહિ પણ, આમ એક બે વાર જેલમાં જતા આવતા થઇને તેઓ પાક્કા ક્રીમીનલ—ગુન્હાહિત માનસવાળા-બની જાય છે. મદ્યનિષેધના કાયદાના સીધા લાભો સાથે અનેક અવાન્તર અનર્થોમાંનો આ એક અનર્થ વિચારવા જેવો છે. **પરમાનંદ**

★ લોકશાહી વિકેન્દ્રીકરણના માર્ગે ★

એક ઐતિહાસિક પ્રસ્થાન

(૧૯૫૯ના ઓકટોબર માસની બીજી તારીખે આજના કેન્દ્રીભૂત રાજ્યતંત્રમાં વિકેન્દ્રીકરણના માર્ગે નવું પ્રસ્થાન દાખવતી નવરચનાનું રાજસ્થાનમાં નાગોર ખાતે મંગળ મુહૂર્ત કરવામાં આવ્યું અને બહોળી સત્તા ધરાવતી પંચાયતોની સ્થાપના કરવામાં આવી તે પ્રસંગે, ભારતના મહાઅમાત્ય જવાહરલાલ નહેરૂએ એક સુમધુર મંગળ પ્રવચન કર્યું હતું. આ હિન્દી પ્રવચનનો લોકસભાના સભ્ય શ્રી. ડી. સી. શર્માએ અંગ્રેજીમાં કરેલો અનુવાદ ૧૫મી જાન્યુઆરીના 'ઇકોનોમિક રીવ્યુ'માં પ્રગટ થયો હતો. તેનો ભાવાનુવાદ શ્રી મેનાબહેને કરી આપ્યો છે, જે નીચે રજુ કરવામાં આવે છે.

અહિં કોઇને સહજ પ્રશ્ન થાય કે આજથી પાંચ મહીના પહેલાં અપાયલું ભાષણ આજે આટલું મોડું અહિં શા માટે પ્રગટ કરવામાં આવે છે? તેનો જવાબ એ છે કે આટલા લાંબા ગાળે પણ આ ભાષણ આજની પરિસ્થિતિ સાથે તદ્દન બંધબેસતું છે. તદુપરાન્ત જવાહરલાલના આ વ્યાખ્યાનની ભાત તેમનાં અન્ય વ્યાખ્યાનો કરતાં બહુ નિરાળી છે. આમાં નથી કોઇ આન્તરરાષ્ટ્રીય વિષયને સ્પર્શતી ભવ્ય ઉદ્‌ઘોષણા કે નથી કોઇ રાજકારણી અટપટી સમસ્યાની સૂક્ષ્મતાભરી આલોચના. આ તો છે પોતાના સ્વજનો સમા રાજસ્થાનના લોકો સમક્ષ હળવા દિલનો વાર્તાલાપ, જાણે કે કોઇ ધર્માચાર્યનો સમી સાંજનો ઉપદેશ – આલાપ. આ વાર્તાલાપમાં છે ભારતના ઇતિહાસનું ભૂતકાળથી માંડીને વર્તમાન સુધીનું ઉડતું વિહંગાવલોકન અને ભાવીને. નજરમાં રાખીને આજે આપણું શું કર્તવ્ય છે તેનું મધુર માર્ગદર્શન. આ વાર્તાલાપમાં નથી અટપટા વાક્યોનો આરોહ – અવરોહ, પણ એમાં છે સફળ, સાદી સીધી ભાષામાં કરાયલી, જાણે કે એક પ્રકારની કુટુંબકથા. ગામની ભાગોળે મંદ મંદ વહી જતી સુભગ જળવાહિની સરિતા જેવો આ ભાષણમાં છે નિર્મળ વિચારોને વહાવતો મંદ–મીઠો અતૂટ વાણીપ્રવાહ. એ પ્રવાહ જેટલો હૃદયંગમ છે તેટલો જ મધુર છે તેનો આ અનુવાદ. **પરમાનંદ**)

પ્રજાતંત્રીય વિકેન્દ્રીકરણ – એક ઐતિહાસિક પગલું

આપણે દેશમાં લોકશાહી - પંચાયત રાજ્ય – સ્થાપવા ઇચ્છીએ છીએ. રાજસ્થાન ઐતિહાસિક અને ભૌગોલિક બન્ને દ્રષ્ટિએ ભારતના હાર્દ સમાન છે. તેમાં તમે એટલે ગામડાં અને શહેરો બધાંએ મળીને લોકતંત્રથી રાજ્ય ચલાવવાનું કબુલ્યું છે, અને સરકારે કાયદો પસાર કરી આ જવાબદારી તમને સોંપી છે. આ એક ઐતિહાસિક પગલું છે. આવા શુભ પગલાંની શરૂઆત પોતાના જન્મદિનથી થાય છે એ જાણીને મહાત્માજી આજે હયાત હોત તો તેમને કેટલો આનંદ થાત?

આપણા ભૂતકાળ તરફ નજર ફેંકું છું તો એ લાંબા ચિત્ર-વિચિત્ર કાળમાં બની ગયેલા સંખ્યાબંધ બનાવો આંખ સામે તરી આવે છે. તેમાંના ઘણા ચોપડીઓમાં સંગ્રહાયા હશે, જે ઇતિહાસની ગરજ સારશે, પણ એના કરતાં બીજા ઘણા વધારે એવા હશે, કે જે લોકમાનસમાં જ જળવાઇ રહ્યા હશે. દાખલા તરીકે દેશમાં ખુણે ખુણે રામલીલા ભજવાય છે. દશેરાનું પર્વ જે આખો દેશ ઉજવે છે તે ચોપડીઓના પાને લખાયેલું નથી. પરંપરાથી પ્રજાને તે વારસામાં મળતું આવ્યું છે, અને પ્રથા જળવાઇ રહી છે. ચોપડીમાં લખાએલું કે પરંપરાથી જળવાએલું, બધું આપણા જીવન સાથે વણાઇ ગયું છે. ચડતી અને પડતી જે આપણે અનુભવી, શોક અને આનંદ જેમાંથી આપણે પસાર થયાં, સફળતા કે નિષ્ફળતા જેની સામે આપણે ટકી રહ્યાં, તે બધાંમાંથી પ્રેરણા મેળવીને આપણા આજનાં ભારતનું નિર્માણ થયું છે.

હિંદમાતા એટલે શું?

ભારતનો ઇતિહાસ બહુ લાંબો છે. તમારામાંના કોઇએ તે જાણવાનો પ્રયત્ન કર્યો છે કે નહિ તેની મને ખબર નથી. પણ આપણે કોણ છીએ, આપણા દેશને ભારત શા માટે કહીએ છીએ અને "જય હિંદ"ના પોકારો આપણે શા માટે કરીએ છીએ તે વિષે આપણે બાળપણથી ઘણું ઘણું વાંચતાં તેમ જ સાંભળતા આવ્યા છીએ. ભારત કહો, હિંદુસ્તાન કે ઇંડિયા કહો, કે 'જય હિંદ' બોલો, બધાંનો અર્થ એક જ છે. હું તમને પૂછું છું કે "ભારત માતા" એ શબ્દ પાછળ શી ભાવના છે એ તમે જાણો છો? એક વખતે પંજાબના કેટલાંક ધીંગા બેહુતો જોરશોરથી "જય હિંદ" ના પોકારો પાડતા હતા. તેઓ આ શબ્દનો અર્થ સમજે છે? એમ મેં તેમને પૂછ્યું. "જે ભૂમિ ઉપર અમે જન્મ લીધો તે અમારી મા છે," તેમણે જવાબ આપ્યો. મેં ફરીને પૂછ્યું, "શું આ ભૂમિ જ માત્ર તમારી મા છે"? તેનો તેઓ કંઈ જવાબ આપી ન શકયા અને મને સમજાવવા કહ્યું. મેં કહ્યું, "લાંબા વાળવાળી એક દેવીની છબી તમે ઠેકઠેકાણે જુઓ છો તે "ભારત મા" નથી. તે તો તેનું પ્રતીક છે. આ વિશાળ દેશમાં વસનારાં આપણે બધાં, આપણામાંની એકેએક વ્યકિત કે જે આ દેશના અંગભૂત છે તે સૌ આપણે ચાળીસ કરોડ મળીને ભારત માતા સર્જાઇ છે."

આપણે ભાવિના શિલ્પીઓ છીએ

આપણા મનમાં એ સ્પષ્ટ સમજણ હોવી જોઇએ કે આપણી ભૂતકાલીન પેઢી, ભાવિ પેઢી, અને વર્તમાનમાં જીવનારાં આપણે, એ બધાં આ મહાન દેશનાં અવયવભૂત છીએ, દેશના ધડવૈયા છીએ. બાહ્ય દૃષ્ટિએ પોતપોતાનું કામ ઘરમાં કે બહાર કરવા છતાં, બીજી દૃષ્ટિએ આપણે દેશના ભાવિને ઘડી રહ્યા છીએ. આજ સુધી માના અંગ ઉપર ફાટેલાં ચીંથરેહાલ વસ્ત્રો હતાં, કેમકે મા ગરીબ હતી. હવે તેને નવેસરથી સજાવવી છે. દેશબંધુઓની જરૂરિયાતો પૂરી પાડવી છે. આપણે ઇચ્છીએ છીએ કે તેમને પુરતો ખોરાક અને સગવડભર્યાં ઘર મળે. અને તે જાતમહેનતથી મેળવવું છે, દાનથી નહીં. એટલે સખત શ્રમ અને વિશાળ પાયા પરના ઉદ્યોગોથી દેશને ઊંચે લાવવાનું ભગીરથ કામ આપણી સમક્ષ પડયું છે. તેનાં ફળ આપણાં બાળકો ભોગવશે. જ્યાં ભૂખમરો કે ગરીબી નહીં હોય એવા નૂતન ભારતમાં આપણી ભાવિ પેઢી જીવશે. એક એવો સમય હતો કે જ્યારે સ્વતંત્ર ભારતનાં સ્વપ્નાં આપણે સેવ્યા હતાં. ત્યારે ભારત ઉપર જે સત્તા રાજ્ય ચલાવતી હતી તેની સાર્વ-ભૌમતા જોતાં એ સ્વપ્નાં ફળવાં અશકય લાગતાં હતાં. પણ કુદરતે આપણને એક એવા નેતા મેળવી આપ્યા કે જેણે પ્રજામાં નવો ઉત્સાહ પ્રગટાવ્યો. ત્યારે આપણે બધાને સ્વાતંત્ર્યનું જાણે ઘેલું લાગ્યું હતું, અને મારે કહેવું જોઇએ કે કેટલીક વખત એવું ગાંડપણ જરૂરી પણ છે. મહાન કાર્યો કરવાં હોય ત્યારે ડગલે ને પગલે ગણતરીઓ કરવા બેઠા થઇ શકાતું નથી; અને આપણે યુદ્ધમાં ઝંપલાવ્યું, પણ તે યુદ્ધ શસ્ત્રોનું નહોતું. ધીમે ધીમે સ્વપ્નાં સિદ્ધ થતાં જોયાં. સ્વપ્નાં ભાગ્યે જ કોઇનાં સાચાં પડે છે, પણ આપણું સ્વપ્ન સિદ્ધ થયું. ભારત સ્વતંત્ર થયું. અને તેણે વિશ્વના ઇતિહાસમાં એક નવું પ્રકરણ ઉમેર્યું. શાંતિ અને સંગઠનથી પર-દેશી શૃંખલા તોડી નાંખવા આપણે સમર્થ થયાં, પણ એટલાંથી કામ પૂરું નથી થયું. દેશ નબળો અને ગરીબ છે. વધારે મુંઝવી નાંખનારાં પ્રશ્નો ઊભા થયા છે. મોટા ભાગની વસતીને નથી પહેરવાને વસ્ત્રો કે નથી રોજગારીનાં સાધનો. કોંગ્રેસને માથે આની

જવાબદારી નાખી ન શકાય તેમ જ બીજા દેશો પાસે ભીખ માગવા પણ ન જવાય. બીજાની દાનવૃત્તિ ઉપર નભીને કોઇ દેશ ઊંચે આવી શકે નહીં. આ એક ગભરાવી મૂકે એવો કોયડો છે, પણ સખત મહેનત કરી આપબળથી જ તેનો ઉકેલ લાવવાનો છે.

રાજાશાહીના સંસ્કારો પલટવા જ જોઇએ

સ્વતંત્રતા મળી ત્યારે દેશ નાનાં નાનાં રજવાડાંઓમાં વિભક્ત હતો. દેશ વિભાજિત હોય તો કોઇ દિવસ પ્રગતિ કરી શકે નહિં. એટલે રાજાશાહી નાબુદ કરવી એ આપણું પહેલું કામ હતું. દુનિયા આગળ વધી છે, સામાજિક મૂલ્યો બદલાઇ ગયાં છે એવા આ જમાનામાં રાજાશાહી એક જરીપુરાણી વસ્તુ હતી. હું કબુલ કરું છું કે સમાજનાં મૂળભૂત તત્વો જાળવી રાખવા જોઇએ, પણ તેના બાહ્ય પોશાકમાં–આકારમાં–સુધારા વધારા થતા રહેવા જોઇએ. એક સમયે રાજાશાહી જરૂરી હતી. કેટલાંક રાજાઓ ખરેખર મહાન થઇ ગયા છે. આપણે તેમને માટે માનથી લઇ શકીએ છીએ અને આદરભાવથી તેમને યાદ કરી શકીએ છીએ. પણ એ યુગ કયારનો વીતી ગયો છે. ત્રણસો વર્ષ પહેલાંની સમાજરચના આજે ચાલી શકે નહીં. જાગીરદારી પણ એક વખતે જરૂરની વસ્તુ હશે, પણ આજે નથી. કોઇ રાજા કે જાગીરદાર સાથે આપણને અંગત દુશ્મનાવટ નથી. તેઓ આપણા મિત્રો છે, આપણી ભારત માનાં સંતાનો છે, પણ જાગીરદારી અને તાલુકાદારી એ ભૂતકાળના લીસોટા છે. આજની દુનિયામાં વ્યક્તિગત સત્તા ખતરનાક છે. તે દેશની પ્રગતિ રૂંધે છે. જગતનો ઇતિહાસ જોતાં જણાશે કે સમાજમાં પરિવર્તનો લાવવા માટે પ્રજાઓને બળવા કરવા પડયા છે, પણ આપણે આ પરિવર્તન શાંતિભરી રીતે એક પણ લોહીનું ટીપું રેડયા વિના આણ્યું છે.

વિજ્ઞાન: બીજી પ્રજાઓની પ્રગતિનું રહસ્ય

ભારતીય ઇતિહાસ કહે છે કે હજારો વર્ષ પહેલાં તે એક મહાન રાષ્ટ્ર હતું. દૂર દૂરના વિદેશી પ્રવાસીઓ આ દેશની મુલાકાતે આવતા. તેમના દેશની સરખામણીમાં ભારત ભારે સમૃદ્ધ હતું. પછી સમય વિપરીત આવ્યો. બીજા દેશો સમૃદ્ધ બન્યા, જ્યારે ભારત ગરીબીમાં ડુબી ગયું. તમે કદાચ કહેશો કે દોઢસો વર્ષના પરદેશી અમલે અમને ગરીબ બનાવ્યા, તો તે અમુક અંશે સાચું છે. પણ પ્રશ્ન એ છે કે પરદેશી અમલ આવ્યો જ શી રીતે? કારણ કે આપણું સામાજિક માળખું જીર્ણ થઈ ગયું હતું. દેશ અંદરોઅંદરના ઝગડામાં ડુબી ગયો હતો, અને પ્રગતિ સ્થગિત થઈ ગઇ હતી. આપણે પુરાણી રીતરસમોને વળગી રહ્યા હતા, જ્યારે યુરોપીય દેશોએ જુનાં વસ્ત્રો ફેંગાવી દઇ નવાં ધારણ કરવા માંડયા હતાં. ઇંગ્લાન્ડની પ્રજા નૂતન વિજ્ઞાન અને યંત્રવિદ્યા શીખી, કુદરતના બળો ઉપર પ્રભુત્વ મેળવ્યું અને તેનો ઉપયોગ પોતાના સુખસાધનો વધારવામાં કર્યો. એક સાધારણ દાખલો જુઓ. આકાશમાં વીજળી આપણે જોઇએ છીએ. આપણે ઘર-ઉપયોગમાં જે વીજળી વાપરીએ છીએ તેના કરતાં તે જુદી નથી. પણ પહેલી ઉપર માનવીય કાબુ નથી, જ્યારે બીજી માનવીના કાબુમાં છે અને યંત્રોની મદદથી ઉત્પન્ન કરી શકાય છે. હજારો વર્ષ થયાં આપણો સંદેશવ્યવહાર ઘોડેસવાર કે ગાડાં દ્વારા થતો. યુરોપે વરાળથી ચાલતાં રેલ્વે એન્જીનો શોધ્યાં. યુરોપીય પ્રજા કુદરતી બળો ઉપર વર્ચસ્ મેળવી મનમાન્યાં મશીનો, શસ્ત્રો નીપજાવતાં શીખી અને પોતાની લશ્કરી તાકાત તથા કામ કરવાની શક્તિ ખૂબ વિકસાવી.

યંત્રોનું બળ

તમે હાથથી કામ કરો છો. સારી રીતે સશક્ત હશો તો બહુ તો ચાર માણસ જેટલું કામ તમે એકલા હાથે કરી શકશો. યુરોપીય પ્રજાએ સો માણસ જેટલું કામ એકલે હાથે કરી શકાય તેવાં યંત્રો બનાવ્યાં, અને તેની મદદથી ખેતરો અને કારખાનામાં સેંકડોગણું ઉત્પાદન વધાર્યું. આ એક એવો મોટો ફેરફાર હતો કે જેનાથી તેમનાં ધન અને બળ બન્ને વધ્યાં. સોનું ચાંદી એ વિનિમયનું સાધન છે, સાચું ધન નથી. સખત મહેનત અને ઉદ્યોગો દ્વારા થતું જથ્થાબંધ ઉત્પાદન એ જ દેશનું સાચું ધન છે. યુરોપીય પ્રજાએ કુદરતને અંકુશમાં લાવી આ બધું કર્યું, અને ભારત ઉપર સત્તા સ્થાપી. આપણે પાછળ પડી ગયા, કેમકે આપણી પાસે જે હતું તેનાથી સંતુષ્ટ રહીને વિજ્ઞાનની નવી નવી શોધો તરફ આપણે દુર્લક્ષ કર્યું.

આ પ્રમાણે જગત પરિવર્તન કરતું ગયું, પણ આપણે જ્યાંનાં ત્યાં રહ્યાં. આપણા રાજા મહારાજાઓ હાથીઓ અને સોનાના મુગટોમાં રાચતા રહ્યા, પણ સાચી તાકાતથી બાકાત રહ્યા. જુના જમાનામાં શારીરિક બળથી શત્રુનો સામનો થઇ શકતો હતો, આજના યુગમાં તો જે નવાં નવાં શસ્ત્રો ઉત્પન્ન કરી શકે, એરોપ્લેનો બનાવી શકે, વિવિધ યંત્રો ઊભા કરી શકે તે જ બળવાન ગણાય. આજે તો વિજ્ઞાનીઓ અને એંજીનિયરો યુદ્ધ–વીરો છે. તેથી હું કહું છું કે સામાજિક મૂલ્યો બદલાયાં છે. રાજાશાહીનો યુગ વીતી ગયો છે. સો સો વર્ષ સુધી તેઓ ટકી શકયા. બ્રિટિશ રાજ્યના રક્ષણના લીધે. બ્રિટીશરોએ તેમને પોષ્યા, કેમકે તેઓ તેમના ટેકેદારો હતા. બ્રિટીશ રાજ્યના અંત સાથે રાજાશાહીનો અંત આવ્યો અને જાગીરદારી પણ ગઇ.

ગ્રામ-સુધારણા

આપણે સ્વતંત્ર થયાં, અને લોકશાહીની સ્થાપના કરી. ભારતના દરેક નાગરિકને મતાધિકાર મળ્યો. તેમણે વિધાનસભાઓ અને લોકસભામાં પોતાના પ્રતિનિધિઓ મોકલ્યા. લોકશાહીની દિશા તરફનું આ યોગ્ય પગલું હતું, પણ સાચી લોકશાહી આવી નહીં. ઉચ્ચ આસને બેઠેલાંઓ કોઇ કોઇ વાર પ્રજામતને પૂછે, તેથી લોકરાજ થઇ ગયું કહેવાય નહીં. એંશી ટકાથી પણ વધારે એટલે કે કરોડોની સંખ્યામાં જે ગામડાંની પ્રજા છે, તે રાજકારણથી સુમાહિતગાર રહી તેમાં રસ લેતી થશે ત્યારે જ સાચું લોકરાજ સ્થપાયું ગણાશે. ગ્રામપ્રજા ચેતનવંતી થશે તો ભારત ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કરશે, અને તો પછી કોઇ દેશ તેની પ્રગતિને રોકી શકશે નહીં. સાત વર્ષ પહેલાં આપણે વિકાસયોજના, કોમ્યુનીટી પ્રોજેક્ટ અને નેશનલ એકસ્ટેન્શન સર્વીસીઝ જેવાં કાર્યો શરૂ કર્યાં. આજે તેણે ત્રણ લાખ જેટલાં ગામડાં આવરી લીધાં છે. લાખોની સંખ્યામાં ગ્રામસુધારણા કરવી એ સહેલું કામ નથી. એટલે જે થયું છે તે સારું થયું ગણાય, છતાં આશા રાખી હતી તેટલા પ્રમાણમાં નથી થયું. આ ધીમી પ્રગતિનું કારણ એ છે કે આપણે અધિકારી વર્ગ તરફ મીટ માંડી બેસીએ છીએ. નિષ્ણાત અધિકારીની જરૂર છે એ ખરું, તે માર્ગદર્શન આપે એ પણ ખરું, પણ ખરું તો લોકોએ આ કામ જાતે ઉપાડી લેવું જોઇએ તે છે. કેટલાકનું માનવું છે કે પ્રજા ઉપર આ ભાર નાખી દેશું તો તે નહીં ઉપાડી શકે. પણ ધારો કે પ્રજા ન કરી શકે તો પણ એ શીખવાની તક આપવા માટે તેમના માથે નાખવું જોઇએ. લોકો વધારે ને વધારે જવાબદારી ઉપાડતાં શીખે તે માટે આવું સાહસ ખેડવું આવશ્યક છે. તેમની ચાલુ બાબતોમાં સલાહ લેતાં રહેવું એટલું જ બસ નથી, તેમને જાતે બધાં કાર્યો કરવા માટે સત્તા સોંપી દેવી જોઇએ. આ માટે–વધારે સત્તા સોંપવા માટે–અમે ગામડે ગામડે ગ્રામપંચાયતો રચવાનો નિર્ણય કર્યો, અને પૂરતી સત્તા સાથેની સહકારી મંડળીઓ પણ સ્થાપી.

પંચાયતો અને સહકારી મંડળીઓ

પંચાયત અને સહકારી મંડળ વચ્ચેનો ભેદ તમારે સમજવાની ખાસ જરૂર છે. પંચાયત રોજના ચાલુ વહીવટમાં સહાયક થાય છે, અને સહકારી મંડળ આર્થિક સંયોજનોમાં મદદકર્તા થાય છે. સાદી ભાષામાં કહું તો સહકારી મંડળ એટલે પરસ્પર

સહાયભૂત થવા માટે હંમેશા તત્પર હોય એવી વ્યકિતઓનું જૂથ. અને સંપમાં કેટલું બળ રહ્યું છે તે તમે જાણો છો. વહીવટની જવાબદારી ખુરશી ઉપર બેઠેલા થોડાના હાથમાં હોવી ન ઘટે, પણ આપણી ચાળીસ કરોડની જનતામાં વહેંચાઇ જવી જોઇએ. જો એમ થાય તો જ આપણી તાકાત ખૂબ વધી શકે. પ્રજાનો સહકાર અતિ આવશ્યક છે, અને તેની ઇચ્છા વિચારણા મુજબ દરેક કામ થાય તે માટે પંચાયતો અને સહકારી મંડળીઓને અમે માન્ય કરી છે. સહકારી મંડળીઓની કાર્યપ્રણાલી જુદા જુદા પ્રકારની હશે. આખા દેશમાં આવી મંડળીઓ એક જ ચીલે ચાલતી હોય એ જરૂરી નથી; કેમકે જે ક્ષેત્રમાં જે મંડળીને કામ કરવાનું હોય તે ક્ષેત્રની પરિસ્થિતિ અને જરૂરિયાતો વિચારીને તેણે પોતાની કાર્યપદ્ધતિ નક્કી કરવી જોઇએ. સાધારણ રીતે ખેડૂતોને પૈસા ધીરવા એ સહકારી મંડળીનું કામ મનાય છે. આ ખાસ જરૂરી છે, પણ તેની સાથે વધારામાં બીયારણ અને ખાતરની વહેંચણી, પાકની ખરીદી અને વેચાણ વગેરે બીજાં કામોની પણ તેમની પાસેથી અપેક્ષા રાખવામાં આવે છે. પહેલાં ખેડૂતને પાકના વેચાણ માટે શાહુકાર ઉપર આધાર રાખવો પડતો, જેથી બધો નફો તેના ખીસામાં જતો અને ખેડૂતને તેની મહેનતનો કંઇ લાભ મળતો નહીં. જ્યારે ખેડૂતને પૈસાની જરૂર પડે ત્યારે તે બહુ ઓછી કિંમતે પાક વેચી નાખતો. આપણે આ પદ્ધતિ બદલીને ખેડૂતને જ પોતાના શ્રમનો પૂરેપૂરો બદલો મળે એવું કરવાં માગીએ છીએ. શાહુકારોને વચમાંથી દૂર કરીને સહકારી મંડળીઓ દ્વારા આ કામ થાય તો બધો નફો ખેડૂતોને મળે. આ મંડળીઓ પૈસા ધીરવા ઉપરાંત ઊંચી જાતના બી અપાવવા, સારાં સાધનો અપાવવા, જરૂર હોય તો નાનાં ટ્રેકટરો અપાવવા, એકલવાઇ વ્યકિત તરીકે ખેડૂત જે કામ ન કરી શકે તેમાં મદદ કરવી વગેરે બધાં કામો કરે એવી તે મંડળીઓ વિષેની કલ્પના છે. વળી આ રીતે જ સહકારી મંડળીઓ ખેડૂતોને પરસ્પર મદદરૂપ થવામાં ઉત્તેજન આપી શકે છે. જમીન ખેડૂતોની પોતાની માલીકીની રહેવાની છે. સહકારી મંડળીઓ તે લઇ લેવાની નથી, માત્ર તેમનો નફો વધારવામાં તે મદદરૂપ થવાની છે. જે પૈસા પહેલાં બીજાના ખીસામાં જતા હતા તે ખેડૂતોમાં વહેંચાવાના છે અને આ રીતે ખેડૂતો આબાદ થવાના છે. દુનિયાના લગભગ દરેક દેશોએ ખેડનાર અને ખેડાવનારાઓનાં મંડળો સ્થાપ્યાં છે. એ મંડળો એકબીજાને મદદ કરે છે, એટલું નહીં પણ, તેઓ થયેલા નફામાંથી નાની નાની ફેકટરીઓ ઊભી કરે છે, નિશાળો ચલાવે છે અને મનુષ્યો તેમ જ પશુઓની હોસ્પીટલો પણ ચલાવે છે. આ પ્રમાણે મંડળીનો એકેએક સભ્ય નફાનો ભાગીદાર થાય છે. તેઓનાં બાળકોને શિક્ષણની સગવડો મળે છે અને દરેકને રોજી મળે છે. પણ તમારે ધ્યાનમાં લેવું જોઇએ કે થોડાં માણસોને માત્ર એકઠાં કરવાથી આવાં કામો થઇ શકતાં નથી. તેઓને પ્રથમ કામ કરવાની તાલીમ આપવી જોઇએ, તેથી અમે ગ્રામ સેવકો અને વિકાસ ઘટકોના અધિકારીઓને યોગ્ય તાલીમ મળે તેવી ગોઠવણ કરી છે, જેથી સહકારી મંડળીઓમાં લાયકાત ધરાવતી વ્યકિતઓ જ જોડાય. ખેડૂત પોતે પોતાની જમીનનો માલીક રહેશે અને સહકારી મંડળીઓ તેને બીજી રીતે મદદરૂપ થશે. આ બધું કદાચ તાત્કાલિક નહીં થાય. આપણા દેશમાં જમીન બહુ નાના નાના ટુકડાઓમાં વહેંચાએલી છે, એટલે જો વીસ કે ત્રીસ ખેડૂત સાથે મળીને સામૂહિક ખેતી કરે તો ઘણો ફાયદો થાય, ખર્ચ ઓછો આવે અને ઉત્પન્ન વધારે થાય. એટલે સામૂહિક ખેતી એ બહુ ઉપયોગી વસ્તુ છે, પણ આપણે ત્યાં એ થતાં વખત લાગશે. એટલે હમણા તો હું તમને સહકારી મંડળીઓ સ્થાપવાનો જ આગ્રહ કરું છું. તેથી તમારા માલિકી હકકને કોઇ આંચ આવવાની નથી, પણ તમારું ઉત્પાદન વધશે, સારા ભાવે વેચાશે અને ખર્ચના બચાવમાં સહાયક થશે. તેટલા માટે હું માનું છું કે પંચાયતો તમને વહીવટમાં મદદ કરે અને સહકારી મંડળીઓ આર્થિક રીતે મદદકર્તા થાય તો ગામડાંઓ ઘણી પ્રગતિ સાધી શકે.

લોકજીવનમાં શાળાઓનું મહત્ત્વ

ગામડાંઓને ત્રીજી જરૂરિયાત શાળાઓની છે. આજની દુનિયામાં નિરક્ષર પ્રજા કંઇ પ્રગતિ કરી નહિ શકે. ગ્રામ્યપ્રજાને શિક્ષણની જરૂર નથી એમ માનવું એ ભૂલ છે. અલબત્ત જ્યારે હું શિક્ષણની વાત કરું છું ત્યારે તેનો અર્થ એમ નથી કે બધા ભણીને દિલ્હી કે જયપુરની ઓફીસમાં જઇ કારકુની કરે. હું ઇચ્છું છું કે જેઓ શિક્ષણ મેળવે તેઓ ગામડાંને ઊંચે લાવવાના અને કેળવણીના પ્રચારમાં લાગી જાય. દિવસે દિવસે નવાં દ્વાર ઉઘડતા જાય છે, એટલે એ જરૂરનું છે કે ગામડે ગામડે શાળા હોય જેથી કોઇ નિરક્ષર રહી ન જાય. પંચાયતો, સહકારી મંડળીઓ, અને રસ્કૂલો—આ ત્રણ ગામડાંઓ માટે પાયાની જરૂરિયાતો છે. ધ્યાન રાખજો કે હું છોકરા છોકરીઓ બન્નેના શિક્ષણની વાત કરું છું. સ્ત્રીઓને પણ સમાન તક મળવી જ જોઇએ. દેશને સમૃદ્ધ કરવાના કાર્યમાં સ્ત્રી અને પુરૂષ બન્નેની શકિતનો જો સમાન ઉપયોગ ન થાય તો કોઇ દેશ ઊંચો આવે નહીં. સ્ત્રીઓએ ઘરમાં પુરાઇ રહેવાનો જમાનો વીતી ગયો છે. તેમને ઘરકામની જવાબદારી છે, પણ તેમાં જ સમાપ્તિ નથી. દેશને માટે પણ જે બની શકે તે કરવાની તેમની ફરજ છે. વખત ગુમાવ્યો આપણને પોષાય તેમ નથી. વસ્તી દિવસે દિવસે વધતી જાય છે, તેની સાથે આપણી જવાબદારી પણ વધતી જાય છે. એટલે જેમ બને તેમ ત્વરિત ગતિએ આપણા એકેએક અંગને દેશના કામમાં જોડી દેવાનાં છે.

સખ્ત પરિશ્રમ એ આપણું ધન છે

આપણે ધ્યાનમાં રાખવાનું છે કે મહેનત કરીને પરસેવો પાડ્યા વિના પૈસો મળવાનો નથી. પછી તે ફેકટરીમાંથી મેળવીએ કે જમીનમાંથી મેળવીએ, પણ મહેનતની જરૂર પડવાની જ છે. આપણી મહેનત ઉપર જ આપણી સમૃદ્ધિનો આધાર છે. ભારત સરકારે દિલ્હીની તીજોરીમાં ખજાનો ભરી રાખ્યો નથી. જે છે તે પ્રજા પાસેથી કરના રૂપમાં મેળવેલું છે, અને તેનો ઉપયોગ કેળવણી, આરોગ્ય, સંદેશવ્યવહાર, વગેરે લોકોપયોગી કાર્યોમાં થાય છે. પ્રજાનો પૈસો છે અને પ્રજાના હિત માટે વપરાય છે. છતાં એ પૈસાના વ્યયના બદલામાં વળતર બને તેટલું વધારે મળે એ ધ્યાન રાખવું જોઇએ. નહીં તો નાણાં વેડફાઇ જાય અને પ્રજાને તેનો કંઇ લાભ મળે નહીં. આ માટે અમે એક આયોજન પંચ (પ્લાનીંગ કમિશન) નીમ્યું છે, જેનું કામ પ્રજાના અભિપ્રાય અને જરૂરિયાતો સમજીને આવશ્યક કાર્યો જ થાય તેવી યોજનાઓ ઘડી આપવાનું છે. આ પંચે પહેલી પંચવર્ષીય યોજના ઘડી હતી. અત્યારે આપણી સામે બીજી પંચવર્ષીય યોજના છે, અને ત્રીજી પંચવર્ષીય યોજનાની ચર્ચા વિચારણા ચાલી રહી છે. ગામડાંઓ માટે વિકાસઘટકોની યોજના આ પંચે કરી હતી. હવે એ સમય આવી પહોંચ્યો છે કે આ યોજનાઓની જવાબદારી ગામલોકોને સોંપી શકાય. તેથી હું તમને હિંમત અને શ્રદ્ધાથી આ ભાર ઉપાડી લેવાની ભલામણ કરું છું. તમે તમારી આવક વધારો અને તેને ગામના સામૂહિક હિત અને શિક્ષણ પાછળ ખર્ચો. એ સ્મરણમાં રાખજો કે તમે આ એક એવી ભારે જવાબદારી સ્વીકારી છે કે દેશના બીજા ભાગના લોકો તમારા તરફ આશાભરી નજરે જોઇ રહ્યા છે. મને વિશ્વાસ છે કે એકલા રાજસ્થાનમાં નહીં પણ દેશમાં જ્યાં જ્યાં જનતાને જવાબદારી સોંપવામાં આવશે ત્યાં ત્યાં તે સફળતાપૂર્વક પાર પાડશે.

લાખો માનવીઓની આગે કુચ

અહિં આપણે બેઠા છીએ. સામે સૂર્ય નીચે જતો દેખાય છે. મારી કલ્પનામાં બે ચિત્રો ઉપસી આવે છે. અમરસિંહ રાઠોડની આકૃતિમાં દેખાતું જુનું રાજસ્થાન, અને વર્તમાન પેઢીમાં પ્રતિબિંબિત થતું આજનું રાજસ્થાન. જુના અને નવા વચ્ચે મેળ સાધવાના પ્રયત્નો ચાલ્યા કરે છે. આપણું સર્જન ભૂતકાળમાં થયું છે. પણ ભાવિના આપણે નિર્માતા છીએ. જુનાને આદર આપીએ અને સાથે ભારતને નવા સ્વરૂપે નિર્માણ કરવું છે તે ખ્યાલમાં રાખી આગળ વધીએ. નવસર્જન એટલે થોડી

ગણીગાંઠી ઉચ્ચ સ્થાને બેઠેલી વ્યક્તિઓ શિક્ષણ પામે એમ નહીં; પણ ભારતનું એકેએક બાળક કેળવણીની બધી સગવડતાઓ મેળવે. ખેતી એ ઉત્તમ ધંધો છે, ખેડુત ગરીબ રહેવો ન જોઇએ, તે સમૃદ્ધ થવો જ જોઇએ. ખેતી એ આપણી પ્રજાના જીવનનો પાયો છે. ઘણી યોજનાઓ આપણે પાર પાડવાની છે, પણ તેની સફળતાનો પાયો ખેતી છે. જ્યાં સુધી અનાજના વિષયમાં આપણે સ્વાશ્રયી નહીં થઇએ, પરદેશથી અનાજ લાવ્યા કરશું, ત્યાં સુધી આપણું ધન પરદેશમાં ખેંચાઈ જશે અને દેશમાં ગરીબી વધતી જશે. બીજી બાજુથી મોટા પાયા પરના ઉદ્યોગો અને બીજી વિકાસ યોજનાઓ માટે નાણાંની જરૂર છે, એટલે ખેતીનું ઉત્પાદન વધે એ સૌથી પહેલી જરૂરિયાત છે. આ હેતુથી હું સહકારી મંડળીઓ ઉપર ભાર મૂકું છું. કેમકે તે મારફત જ અન્ન ઉત્પાદન વધારી શકાય તેમ છે. રાજસ્થાનની જમીન ફળદ્રુપ છે. તમારામાંના જે કેટલાક ગંગાનગર પાસે આવેલા સુરતગઢથી આવ્યા હશે તેઓ જાણતા હશે કે થોડા વખત પહેલાં જે જમીન સાવ ઉજ્જડ વેરાન હતી ત્યાં ભાખરા યોજનાનું પાણી મળવાથી કેવો થોકબંધ પાક ઉતર્યો છે. રાજસ્થાનની ભૂમિ સોનું નિપજાવી શકે તેમ છે, જો તેને યોગ્ય રીતે સિંચાઈના પાણી મળે તો અને આપણે તેવા પ્રકારની યોજનાઓ અમલમાં મૂકી રહ્યા છીએ. આ બધી સફળતાઓ મળે, જો પ્રજા સખ્ત પરિશ્રમ કરે અને પોતાની સમગ્ર શક્તિ અને સામર્થ્ય દેશને માટે ખર્ચે.

ઐતિહાસિક પ્રસ્થાન

તેથી હું ફરીને કહું છું કે આજના મંગળ દિવસે તમે આ એક અતિહાસિક પગલું ભર્યું છે. મારા તમને આશીર્વાદ અને અભિનંદન છે. પણ આશીર્વાદ કે અભિનંદન આપનાર હું કોણ ? આદરેલા કામના આપણે સૌ સમાન ભાગીદાર છીએ. કયારેક એક બીજાને ઉત્તેજન આપીએ એ ઠીક છે, પણ સાચો આનંદ કાર્યની સફળતામાં રહેલો છે. કોઇ સાહસ ઉપાડીએ અને સખ્ત મહેનત અને ખંત પછી થોડી પણ સફળતા મળે તો તે આપણને વિશેષ ઉત્સાહિત કરે છે. એક વખત સ્વાતંત્ર્ય માટે આપણે લડ્યા, અને વિજયી નિવડ્યા ત્યારે અંતરમાં નવી તાકાતનો અનુભવ થયો. બહારની દુનિયા પણ આપણા તરફ માનથી જોવા લાગી. આપણે પંચવર્ષીય યોજનાઓ ઘડી, તે સફળતાથી પાર પડી, એટલે આપણો આત્મવિશ્વાસ વધ્યો. તમારે પણ સઘળી તાકાત અને હિંમતથી પંચાયતો અને સહકારી મંડળીઓને સફળતા અપાવવાની છે. તો તમે જોશો કે રાજસ્થાનનું સમગ્ર સ્વરૂપ બદલાઇ ગયું છે. જેમ સ્થિતિ સુધરતી જશે તેમ વધારે વિશ્વાસ પેદા થતો જશે, આભમાનથી માથું ઊંચું રાખી ફરી શકશો, અને વધારે ઝડપી પ્રગતિ કરવા માટે તમે કટિબદ્ધ થશો. આ બધું વિચારવાને તમે આજે મળ્યા છો. તમને હંમેશા મારી શુભેચ્છાઓ છે. મારી ખાત્રી છે કે રાજસ્થાનની પ્રજા ધીમે પણ મક્કમ પગલે આગળ વધવાની જ છે. આજ સુધી આપણે જે એકેએક પગલાં ભરતા આવ્યા છીએ તેમાં આપણે સફળતા મેળવી છે. આપણે સ્વાતંત્ર્ય મેળવ્યું, રાજાશાહી નાબુદ કરી, જાગીરદારી ગઇ, અને હવે આ પણ એક ઐતિહાસિક પગલું ભર્યું છે. તમે જોયું કે આપણી તાકાત વધતી જાય છે. હવે જ્યારે પ્રજા ઉપર જવાબદારીઓ નાંખી છે તો તેમાં તેની શક્તિ વધારે ખીલી નીકળવાની છે. પહેલાં રાજા અને પ્રજા એવા બે ભેદ હતા. આજે તે ભેદ ભુંસાઇ ગયા છે. પહેલાં જ્યારે રાજાને ગાદીએ બેસાડવામાં આવતો ત્યારે એક રાતમાં તેનામાં ડહાપણ આવી જતું નહોતું. તેમ આજે કોઇ અધિકારની ખુરશી ઉપર બેસવાથી તમારામાં શાણપણ આવી ગયું છે એમ માની બેસશો નહીં. આપણા રાજકીય જીવનમાં આ એક સામાન્ય અવગુણ છે કે જે સત્તારથાને આવે છે તે પોતાને સર્વશ્રેષ્ઠ તરીકે, સ્વામી તરીકે લેખે છે. બ્રિટીશોના અમલની આ એક નિશાની રહી ગઇ છે. પણ તે ધીમે ધીમે નીકળી જશે.

સમાનતાની ભાવનાપૂર્વક આપણે કામ કરવું જોઇએ

જે વ્યક્તિ અધિકારી તરીકે નિમાય, તેને કઠણ કસોટીમાંથી પસાર થવાનું રહે છે. જે કામની તાલીમ મળી હોય તે કામની જવાબદારી તેને જરૂર સોંપાય, પણ જો તે સત્તાના ઘેનમાં આવી પોતાને બીજાઓ કરતાં ચડિયાતો માનવા લાગે તો તેમાંથી સારું પરિણામ નીપજે તેવું કામ તે નહીં કરી શકે. હું આશા રાખું છું કે તમારા સરપંચો અને પ્રમુખો એ રીતે કામ નહીં કરે. એ સ્પષ્ટ છે કે જેનામાં આવડત છે તેને કામ સોંપાવું જોઇએ. જેનામાં આવડત નથી તે શું કરી શકવાનો છે ? આમ છતાં જે અધિકારીપદે હશે તે જો અભિમાન અને આપમદથી કામ કરવા જશે તો તે લોકોનો સહકાર નહીં મેળવી શકે. સમજુ અધિકારી બધાને પોતાના સમાન ગણી ચાલશે અને તો જ તે બીજાઓને પણ તેવી રીતે તૈયાર કરી શકશે. તમારે પણ એકબીજાને સહકાર આપી કામ કરવું જોઇશે. સહકારી મંડળી, પંચાયત, વિકાસ ઘટક, કે ગ્રામસેવક બધાં એક કુટુંબના કુટુંબીઓ છે. ઊંચા અને નીચા વચ્ચે કોઇ ભેદભાવ હોવો ન જોઇએ, કારણ કે શાસક અને શાસિતના દિવસો હવે ખલાસ થયા છે. નાના રાજાઓ અને જાગીરદારો આપણા રાષ્ટ્રીય જીવનમાંથી વિદાય થયા છે, અને તેથી નાત જાતના ભેદભાવ પણ હવે આપણામાંથી નાબુદ થવા જ જોઇએ. આજના ભારતમાં કોઇએ પોતાને અન્ય લોકોથી ચડિયાતો ગણવો ન જોઇએ. રાજકારણી જીવનમાં બધાંને સમાન મતાધિકાર છે; આર્થિક ક્ષેત્રે દરેકને સમાન તક છે. આપણી પંચાયતોમાં પણ કોઇ સ્ત્રી હોય કે પુરૂષ હોય, ઊંચો હોય કે નીચો હોય, દરેક સરખો લેખાવો જોઇએ. તમે હિન્દુ હો, બૌદ્ધ હો, મુસલમાન, પારસી, ખ્રિસ્તી કે જૈન હો, તમને પસંદ પડે તે ધર્મની તમે ઉપાસના કરી શકો છો, પણ તમે અમુક એક સંપ્રદાયના છો એનો અર્થ એમ હોઇ ન શકે કે તમે અન્ય પ્રત્યે ગેરવર્તાવ કરી શકો. આપણે સૌ એક રાષ્ટ્રનાં સન્તાન છીએ. આપણે ગમે તે ધર્મ પાળતા હોઇએ, આપણે બધાંએ ભાઇઓ માફક રહેવું જોઇએ. આવી એકતા અને ભાતૃભાવની ભાવનાપૂર્વક આપણે આગળ વધવાનું છે. આજે તમે જે પ્રસ્થાન કર્યું છે તેને, તમારા કામમાં હિંમત અને તમારો જાતમાં શ્રદ્ધા રાખીને, નિષ્ઠાપૂર્વક તમારે વળગી રહેવાનું છે. જો તમારા નિશ્ચયમાં તમે ઢીલા પડ્યા અને અંદરો અંદરના ઝગડામાં–પક્ષાપક્ષીમાં–પડ્યા તો તમારા કાર્યમાં તમને સફળતા નહિ મળે અને અન્યના ઉપહાસને પાત્ર તમે બની જશો. જ્યારે આપણે કોઇ મોટું કાર્ય ઉપાડીએ છીએ ત્યારે આપણે પોતે મહાન બનીએ છીએ. પછી આપણે નાના માણસો માફક વર્તી ન જ શકીએ. આમ હોવાથી તમો સર્વેએ–પંચોએ, સરપંચોએ, પ્રમુખોએ અને અહિં એકત્ર થયેલી નામાંકિત વ્યક્તિઓએ–પોતાની જાત ઉપર એક ગંભીર જવાબદારી સ્વીકારી છે. તમારે રાજસ્થાનના લોકોને જાગૃત કરવાના છે અને તે એક મહાભારત કાર્ય છે. તમારે તેથી એક પણ ખોટું પગલું ભરવા સામે ભારે પૂરી સાવધાની રાખવાની છે કે જેથી તમે, તમારી પંચાયતો કે તમારું રાજ્ય બદનામ થવા ન પામે, તમારે નાની બાબતો પરથી ઉપર આવવાનું છે અને ઉમદા દાખલો બેસાડવાનો છે. જો તમે એ મુજબ કરશો તો તમને સુખ મળશે, શાન્તિ મળશે, માનસિક બળ પ્રાપ્ત થશે અને તમે ભવ્ય પ્રગતિ સાધી શકશો. પરિણામે, તમે રાજસ્થાનમાં લોકશાહીના મજબુત પાયા નાખ્યા હતા એમ ભવિષ્યની પેઢીઓ અભિમાનપૂર્વક જરૂર ઉચ્ચારશે અને તમારા ઉપર અભિનન્દનનો વરસાદ વરસાવશે.

મૂળ : **જવાહરલાલ નહેરૂ**

અનુવાદક : **મેનાબહેન નરોત્તમદાસ**

મુંબઇ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫–૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.
મુદ્રણસ્થાન 'ચંદ્ર પ્રિં. પ્રેસ, ૪૫૧ કાલબાદેવી રોડ, મુંબઇ ૨. ટે. નં. ૨૯૩૦૩

રજીસ્ટર્ડ નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૧ : અંક ૨૨

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, માર્ચ ૧૬, ૧૯૬૦, બુધવાર
આફ્રિકા માટે શીલિંગ ૮

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : નયા પૈસા ૨૦

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

ધર્મવિચાર—૪

(ગયા ઑક્ટોબર માસની બીજી તારીખે કાશ્મીરથી પાછા ફરતાં હિમાચલ પ્રદેશના દ્રઢા ગામની ભાગોળે વિનોબાજીએ ધર્મ-તત્ત્વને અનુલક્ષીને કરેલું એક પ્રવચન).

કાશ્મીરથી પાછા ફરતાં વિનોબાજીએ હિમાચલ પ્રદેશમાં પ્રવેશ કર્યો હતો, અને ગાંધીજીનો જન્મદિન—ઑક્ટોબર માસની બીજી તારીખે તેમનો દ્રઢા ગામમાં પડાવ હતો. ચારસો—પાંચસો ફૂટ નીચે રાવીનો સરળ પ્રવાહ, એની આસપાસ દિગન્ત સુધી પ્રસરેલી પહાડોની—એકથી એક ચડિયાતી એવી—ઊંચી હારમાળા, અને આ બાજુ ખાડીના કિનારે સાંકડી જગ્યા ઉપર વસેલું નાનું સરખું ગામ! વિનોબાજી કેટલીયે વાર સુધી અહિંની મનોરમ દૃશ્યરાજી દેખતા રહ્યા અને પછી સવારની સભામાં એમણે કહ્યું કે "આઠ નવ સાલની યાત્રામાં મેં કેટલાંયે સુન્દર સ્થાન જોયાં છે. એમાંથી કેટલાંક પરમ સુન્દર સ્થાન સદાને માટે સ્મરણમાં સ્થિર થયાં છે. એમાંનું આ એક છે, જાણે કે કોઇ દેવતા અથવા તો બ્રહ્મદેવ ઉપરથી ચૌદ ભુવનોનું દર્શન કરી રહેલ હોય એવું દિવ્ય, ભવ્ય, અને રમ્ય સ્થાન આ છે.... સારું થયું કે આજે આપણા થોડાં ભકત ભાઈ બહેન આ સુન્દર એકાન્ત સ્થાનમાં તેમનું સ્મરણ કરી રહ્યાં છે."

સાંજની સભામાં, પહાડની ટોચ ઉપર અને નદીના તટ ઉપર વસેલાં નાનાં નાનાં ગામડાંઓમાંથી ભાઇ બહેનો એકઠા થયાં હતાં. તેમની સમક્ષ ગાંધીજીનું જીવન તથા પરાક્રમનું સરળ વર્ણન કરતાં વિનોબાજીએ કહ્યું કે "આજ સુધી ધર્મને એક વ્યકિતગત બાબત તરીકે લેખવામાં આવતો હતો. લોકો માનતા હતા કે ધર્મ તો વ્યકિત માટે ઠીક છે, પણ સમાજ માટે એટલો ઠીક નથી. ઉલટું સામાજિક ધ્યેયો માટે ધર્મવિચારને દૂર રાખી શકાય છે, સત્યને છોડી શકાય છે, હિંસાનું આચરણ કરી શકાય છે. આ પ્રમાણે પુરાણા જમાનાથી લોકો માનતા આવ્યા છે અને આજે પણ દુનિયાના લોકોએ આ વિચાર છોડ્યો નથી. આજે બધા ધર્મોના આ જ હાલ છે. એમ માનવામાં આવે છે કે ધર્મમાં થોડું પાણી મેળવીને આપણે લેવું જોઇએ.ન હિ તો શુધ્ધ ધર્મ આપણને પચે નાહ. ગાંધીજીએ આમાં ફેરફાર કર્યો અને કહ્યું કે જે આપણે વ્યકિત તથા સમાજરચનાને એક બીજાથી અલગ કરી દઇશું અને સમાજ માટે ધર્મ છોડવાને તૈયાર થઇ જઇશું, તો તે ધર્મનો પ્રભાવ સમાજ ઉપર તથા મન ઉપર નહિ પડે. એમ કરવાથી ધર્મ પરલોકની સાથે જોડાયલા રહેશે, આ લોક સાથે તેનો કોઇ સંબંધ નહિ રહે. અને જો એમ બનશે તો ધર્મ જ કપાઇ ગયો સમજો. એમાંથી કોઇ પણ અવશેષ રહેવાનો નહિ. પણ ગાંધીજીએ આ ધર્મવિચારમાં સુધારો કર્યો. એમ નહિ કે ગાંધીજીએ જે કહ્યું તે શાસ્ત્રોમાં નહોતું: એ ચીજ શાસ્ત્રોમાં તો હતી જ, પણ લોકોએ પોતાની બુદ્ધિથી તેમાં ફેરફાર કરી નાંખ્યો હતો. ત્રણ પ્રકારના તેમાં ફરક કરવામાં આવ્યા હતા: (૧) ધર્મ વ્યકિત માટે છે, સમાજ માટે નથી. (૨) ધર્મ પરલોક માટે છે, આ લોક માટે નથી. (૩) ધર્મનો ઉપયોગ હવે પછીના જમાનામાં થશે, આ જમાનામાં નહિ. આ રીતે લોકોએ ધર્મને 'કોલ્ડ સ્ટોરેજ'માં મૂકી દીધો. ગાંધીજીએ કહ્યું કે ધર્મને આ રીતે ભવિષ્યના જમાના ઉપર ધકેલવો એ યોગ્ય નથી. તેનું આચરણ આજે જ થવું જોઇએ. આપણે લોકો એકથી બીજા વિચારને પકડીને કામ કરી રહ્યા છીએ. પણ આપણે વિચારીશું તો માલુમ પડશે કે આપણે ઉપરની ત્રણ બાબતો સમજ્યા નથી. જ્યારે આપણે મકાનોની દિવાલો બનાવીએ છીએ ત્યારે કાટખુણાનો (સેટ સ્કવેરનો) ઉપયોગ કરીએ છીએ. સંભવ છે કે પુરાણા જમાનામાં લોકોએ કાટખુણાની મદદ વિના સરખા મેળ વિનાનાં મકાનો બનાવવાની કોશિષ કરી હશે અને એમાં નિષ્ફળ નીવડ્યા હશે. શું સત્ય અને અહિંસાને આપણે આ કાટખુણા માફક અપરિહાર્ય માનેલ છે? શું ગાંધીજીના વિચારને સમાજે ગ્રહણ કર્યો છે? નથી ગ્રહણ કર્યો.

"આજ સવારથી મારા મનમાં આ વિચાર ચાલી રહ્યો હતો કે સમાજ આ વિચારને ક્યારે પકડશે? ધર્મવિચાર સાયન્સ જેટલો જ સત્ય છે, જેમ સાયન્સને તેમ જ ધર્મવિચારને આપણે છોડી શકતા નથી. દુનિયાભરના સુતાર, લુહાર, એન્જિનિયર વગેરે સાયન્સના નિયમો અનુસાર કામ કરે છે. જો એ નિયમોને તેઓ છોડી દે તો એમનું કામ નહિ થાય. તેમાં તેમનો અટલ વિશ્વાસ હોય છે. જ્યારે ધર્મ—વિચારોમાં એ પ્રકારની અટલ શ્રદ્ધા પેદા થશે ત્યારે કહી શકાશે કે દુનિયામાં ધર્મની સ્થાપના થઇ છે.

"ભગવાને આ કામ માટે વારંવાર અવતાર લીધા છે; પણ જેમ કોઇ છોકરો મેટ્રિકની પરીક્ષામાં વારંવાર બેસે છે અને વારંવાર નપાસ થાય છે, તેમ ભગવાન વારંવાર નપાસ થયા છે. **આજ સુધી દુનિયામાં ધર્મની સ્થાપના થઇ જ નથી.** હું આ એક બહુ મોટી વાત કરી રહ્યો છું. પુરાણા લોકોએ કોશિષ સારી કરી હતી. તેને લીધે થોડી સરખી શ્રદ્ધા પેદા થઇ છે, પણ ધર્મની સ્થાપના થઇ નથી. જ્યાં સુધી દુનિયામાં પચાસ—સો ધર્મ છે ત્યાં સુધી સમજવું કે તે ધર્મ જ નથી. પુલ બનાવવા માટે પચ્ચાસ—સો નિયમ હોતા નથી. એક જ સાયન્સના નિયમ હોય છે. જ્યાં પચ્ચાસ—સો ધર્મ અને સેંકડો સંપ્રદાય છે, ત્યાં સમજી લેવું કે તેનો પ્રયોગ માત્ર ચાલી રહ્યો છે. પ્રાચીન કાળમાં ઋષિ—મુનિઓએ ધર્મ—વિચારને સિદ્ધ કર્યો હતો, એમ છતાં પણ, સામાજિક પ્રયત્નો અંગે તેમાં અપવાદ કરવાની તેઓ સલાહ આપતા હતા. આમ હોવાથી ધર્મ—સ્થાપનાનું શ્રેય એમને આપી શકાતું નથી. ગાંધીજીએ એવી કોશિષ કરી કે ધર્મ—વિચારોનું સ્થિર મૂલ્ય સમાજમાં માન્ય બને. આ માટે તેમણે આપણી સામે અગિયાર વ્રત રજુ કર્યા. એ વ્રત તો પુરાણાં જ હતા; પણ ગાંધીજીએ સામાજિક ક્ષેત્રમાં પણ તેમને લાગુ કરવાની કોશિષ કરી. પણ એમણે માત્ર પ્રયોગ જ કર્યો. તેનું જે પરિણામ અપેક્ષિત હતું તે ન આવ્યું. પ્રાચીન યુગના ઋષિ—મુનિઓ માફક તેઓ પણ અસફળ બન્યા. આમ થતે થતે એક દિવસ એ પ્રયોગ સફળ થશે. એ ભગવાનની મારફત જ થશે. પણ આપણે આપણા જીવનમાં એ સમજી લઇએ કે ધર્મની સ્થાપના હજુ સુધી થઇ નથી."

વિનોબાજી

★ કરૂણાની વેદના ★

મોટા શહેરોમાં મોટા ભાગે 'ઝુઓલોજીકલ ગાર્ડન્સ' ઉભા કરવામાં આવેલા હોય છે. આવા બગીચામાં દુનિયામાં વિચરતા પશુઓ – જળચર તથા ભૂચર – ને તેમજ પક્ષીઓને તથા જાત જાતના સર્પોને એકઠાં કરવામાં આવે છે. આથી જનતાનું પશુ-સૃષ્ટિ વિષેનું કુતુહલ તૃપ્ત થાય છે અને કદિ નહિ જોયેલાં પ્રાણીઓ અને તેમનાં હલનચલન જોતાં લોકો એક પ્રકારનો આનંદ અનુભવે છે. આ રીતે પશુ પ્રાણીઓ અંગેની જાણકારીમાં પણ વધારો થાય છે.

આવા સંગ્રહસ્થાનોમાં જેને જંગલી અને શિકારી પશુઓ કહેવામાં આવે છે. દા. ત. સિંહ, વાઘ, ચિત્તા, વરૂ વગેરે–આવાં પશુઓને પણ વસાવવામાં આવે છે. આવાં પશુઓને પાંજરામાં પુરેલાં હોઇને લોકો તેમની ચેષ્ટાઓ અને હીલચાલ સુરક્ષિતપણે જોઇ, જાણી તથા માણી શકે છે. આ રીતે તેમને યથેચ્છ નિહાળવાની સગવડ હોવા છતાં લોકોમાં રહેલી કુતુહલવૃત્તિ પૂરી તૃપ્તિ અનુભવતી નથી. કારણ કે પિંજરગ્રસ્ત જીવનના ભોગ બનવાને લીધે આ પશુઓની ખરી ખુમારી અને રૂવાબ જોવા મળતાં નથી. અન્ય પાળેલાં પશુઓ માફક આ પશુઓ પણ સ્વાભાવિક રીતે મંદ – રાંક – હતપ્રભ બની ગયેલા હોય છે. તેનો ખરો રૂવાબ જોવો હોય તો તેઓ જ્યાં સ્વતંત્રપણે ભટકતાં હોય ત્યાં જઇને જોવાં જોઇએ – આવી આકાંક્ષા પાંજરામાં પૂરાયલા વાઘ સિંહને જોઇને માણસના કલ્પનાશીલ મનમાં સ્વાભાવિક રીતે જન્મે છે. પ્રાણીઓનાં સંગ્રહસ્થાનમાં ગમે એટલી વાર વાઘ દીપડા જોયા હોય, એમ છતાં પણ, જંગલમાં કે પર્વતની કોતરમાં ભટકતા આવા કોઈ પશુને નજરે નિહાળવાનો પ્રસંગ જો કોઇના નસીબે બન્યો હોય તો તેના જાતઅનુભવની વાતો સાંભળતાં આપણે એક પ્રકારનો રોમાંચ અનુભવીએ છીએ અને એવા અનુભવમાંથી પસાર થવા આપણું મન કદી કદી તલસે છે.

રાની પશુઓ અને તેમાં પણ સિંહ વાઘને જંગલમાં યથેચ્છ ભટકતા નજરે નિહાળવાની માનવીના દિલમાં રહેલી આ તલપને લક્ષ્યમાં લઇને અને સૌરાષ્ટ્રના ગીરપ્રદેશમાં બહોળી સંખ્યામાં વિચરતા સિંહોને જાતે જોવાનું કોઇના પણ માટે શકય છે એ હકીકતથી પ્રેરાઇને મુંબઇ સરકારે આવા શોખીનો માટે ગયા ફેબ્રુઆરી માસની ૨૭–૨૮ તારીખથી એક ખાસ સગવડ ઉભી કરી છે, અને એ રીતે આવકનું એક નવું સાધન યોજ્યું છે.

આ સગવડનાં પરિણામે દરેક અઠવાડીઆના છેલ્લા બે દિવસ-શનિવાર તથા રવિવારના રોજ આકાશમાર્ગે એક પર્યટણ ગોઠવવામાં આવે છે. દર શનિવારે આવા શોખીનોને વિમાનમાર્ગે મુંબઇથી કેશોદ લઇ જવામાં આવે છે. ત્યાંથી તેમને સરકારી મોટરમાં વેરાવળ થઇને પ્રભાસ પાટણની યાત્રા કરાવવામાં આવે છે. સોમનાથ મહાદેવનાં દર્શન કરીને આ પ્રવાસીઓ વેરાવળના રાજમહેલમાં પધારે છે. ત્યાં ભોજન તથા આરામ પાછળ થોડા કલાક પસાર કરીને નમતા પહોરે શાસણ મુકામે તેઓ આવે છે અને ત્યાંથી ગીરના જંગલોમાં તેમને ફેરવવામાં આવે છે.

આમ તો આ પ્રદેશમાં વસતા લોકોને સિંહ જોવાની કોઇ નવાઇ હોતી નથી. કેટલાંક વર્ષો પહેલાં મારા એક મિત્ર મોટરમાં બેસીને તુલસીશ્યામ તરફ જઇ રહ્યા હતા. તેમને અધે રસ્તે સડકને આંતરીને બેઠેલા છ સાત સિંહોનો એક સાથે ભેટો થયો હતો. મોટર સામે તુચ્છકાર ભરી દૃષ્ટિ કરીને આ વનરાજો સડકની એક યા બીજી બાજુએ સરી ગયા હતા અને મોટારના પ્રવાસીઓ સહીસલામત તુલસીશ્યામ પહોંચી ગયા હતા.

એ ચાલુ અનુભવનો વિષય છે કે આ વનરાજો સાધારણ રીતે માણસ ઉપર કદી ધસારો કરતા જ નથી. અવાર નવાર બળી રહેતા જંગલના જાનવરોથી તેઓ સંતુષ્ટ હોય છે. ઉલટું માન્યતા તો એમ છે કે તેઓ માણસથી અને મોટરના ધમધમ અવાજથી બીએ છે. છંછેડાયલો હોય અથવા તો લાંબા સમયથી કશું ખાધ મળ્યું ન હોવાના કારણે અકરાંતીઓ થયો હોય તો જ સિંહ માણસ સામે કુદી નજર કરે છે. આમ હોવાથી ગીરના પહાડી મુલકમાં સિંહો જોવા એ એક સાધારણ ઘટના છે. તે કોઇ મોટી બહાદુરીનો વિષય પણ નથી.

પણ ચોકકસ સમયે, ચોકકસ ઠેકાણે સિંહ–શોખીનો માટે સિંહો હાજર જ હોય એમ ખાત્રીપૂર્વક કહી શકાય જ નહિ અને પૂરાં દામ લઇને અહિં સુધી લાવવામાં આવેલા પ્રવાસીઓને કોઇ પણ સંયોગોમાં નિરાશ કર્યા તો પાલવે જ નહિ. આમ હોવાથી આ સરકારી મહેમાનો આ વિભાગમાં આવવાના હોય છે ત્યારે તેમના માટે નકકી કરાયલા માર્ગની બહુ નજીકમાં એક ભેંસ કે પાડો બાંધવામાં આવે છે અને આ જીવતા ભક્ષ્યથી આકર્ષાઇને આસપાસ વસતા સિંહો અને તેનાં બચ્ચાંઓ હાજર થઇ જાય છે. આ ટોળામાંનો એક સિંહ–સૌથી પહેલી સહેલગાહમાં સામેલ થયેલા એક મિત્રે જણાવ્યું હતું તે મુજબ–ગોઠવાયલા મારણ ઉપર આક્રમણ કરે છે. પાડો બેં બેં કરતો ભોં ભેગો થાય છે અને પ્રાણાન્તસૂચક ચીસો પાડતો કાળને શરણ થાય છે. ત્યારબાદ આ પશુદેહની સિંહો અને તેના બાળબચ્ચાંઓ ઉજાણી કરે છે. છેવટે સિંહણ આવે છે અને તે પણ મીજબાનીમાં સામેલ થાય છે. સહેલાણીઓ આ દૃષ્ય દોઢ બે કલાક સુધી જોયાં કરે છે અને ઊંડી કૃતકૃત્યતા અનુભવે છે. ત્યારબાદ સાંજના વખતે નજીકના મુસાફરી બંગલામાં તેઓ પાછા ફરે છે. ત્યાં ભોજનવિધિ પતાવ્યા બાદ અંધારામાં રાત્રીના આઠ નવ વાગ્યા આસપાસ વળી પાછા આ સ્થળે ટોર્ચ લાઇટો સાથે પ્રવાસીઓ આવી પહોંચે છે, અને મારણના બાકી રહેલા અવશેષો ચાટતાં, પૂરું ખાવાનું મળવાથી તૃપ્તિ અનુભવતા અને આમતેમ આળોટતા સિંહોને કલાક દોઢ કલાક સુધી નિહાળીને પાછા ફરે છે અને મુસાફરી બંગલામાં આરામ કરે છે. બીજે દિવસે સવારે બ્રેકફાસ્ટ (નાસ્તો) કરાવીને પ્રવાસીઓને વેરાવાડ લઇ જવામાં આવે છે. ત્યાં બપોરના ભોજનની વ્યવસ્થા હોય છે. નમતા પહોરે કેશોદ આવીને ઉત્તર દિશાઓથી આવતા એરોપ્લેઇનમાં બેસીને સાંજના સમયે આ પ્રવાસીઓ મુંબઇ પાછા ફરે છે. આ બે દિવસની સહેલગાહ માટે પ્રત્યેક સહેલાણીએ રૂ. ૨૨૫ આપવા પડે છે. આમ દરેક અઠવાડિક સહેલગાહ પ્રસંગે એક એક ભેંસ યા પાડાનો ભોગ અપાય છે, અને સિંહોના આ અપૂર્વ દર્શન સાથે પાડાને સિંહ કેમ મારે છે તે પ્રક્રિયા પણ સહેલાણીઓ માટે એક વિચિત્ર પ્રકારના આનંદ અને ઉત્તેજનાનો વિષય બને છે.

આ સિંહોને જોવા માટે કેટલાંક વર્ષો પહેલાં–ઘણું ખરૂં સોમનાથ મહાદેવના નવમંદિરનો પાયો નાંખવામા આવેલો ત્યારે–આપણા રાષ્ટ્રપતિ રાજેન્દ્રપ્રસાદ આ જ પ્રદેશમાં ગયેલા, પણ ઉપર જણાવેલા મારણની તે પ્રસંગે કોઇ ગોઠવણ કરવામાં આવેલી નહિ હોય તેથી, સાંભળ્યા મુજબ તેમને નિરાશ થઇને પાછા ફરવું પડેલું. ત્યાર બાદ ત્રણ ચાર વર્ષ પહેલાં આ જ હેતુથી પ્રેરાઇને ભારતના મહા અમાત્ય જવાહરલાલ નહેરૂ પણ સૌરાષ્ટ્રના પ્રવાસ દરમિયાન ગીરના જંગલોમાં ગયેલા. તેમનો ઓટો નિષ્ફળ ન જાય તે માટે એ વખતની સૌરાષ્ટ્ર સરકાર તરફથી કેટલાય દિવસો સુધી હંમેશા અમુક એક સ્થળે મારણ (ભક્ષ્ય બનનારૂં પશુ) બાંધવામાં આવતું હતું અને એ રીતે તે સ્થળ સાથે આસપાસના સિંહોને

ટેવાડવામાં આવ્યા હતા. આ રીતે ભારતના અગ્રતમ રાજપુરૂષની આંખોને તૃપ્ત કરવા ખાતર કેટલાંય પશુઓનું એ દિવસોમાં બલિદાન આપવામાં આવ્યું હતું.

આ બધું જાણીને સાંભળીને આપણું દિલ કંપી ઉઠે છે. નિર્દોષ પશુઓની પ્રાણાન્ત ચીચીયારી સાથે સંકળાયલા આ ક્રમનસીબ સિંહદર્શનમાં માનવીને શું આનંદ આવતો હશે? આવો પ્રશ્ન આપણા દિલને બેચેન કરી મૂકે છે. બીજો અને જંગલોમાં શહેનશાહની માફક વિચરતા, બાદશાહી ઠેકવાળી ઝુલાવતા, ભવ્યતાની મૂર્તિ સમા આ વનસમ્રાટોને પ્રત્યક્ષ જોવામાં એક પ્રકારનો રોમાંચ રહેલો છે એ બાબતનો કોઇ ઇનકાર કરી નહિ શકે. પણ એ જોવા દેખાડવા માટે મુંબઈ સરકારે શા માટે આવી જંગલી રીત અખત્યાર કરી હશે તે સમજાતું નથી. ગીરના પ્રદેશમાં જમીનથી બહુ ઊંચે નહિ એવી રીતે એરોપ્લેઇનનાં આમ તેમ ચક્કરો લગાવવાથી સિંહો સહજપણે જોઇ શકાય તેમ છે. આથી વધારે જેમને તકલાટ હોય તેવા લોકોએ તે પ્રદેશમાં જઇને બે ચાર દિવસ રહેવું જોઇએ અને તે ખાતર થોડુંક જોખમ પણ ખેડવું જોઇએ. આફ્રિકામાં જ્યાં સિંહોનો વસવાટ છે ત્યાં મારણની કરી પણ ગોઠવણ કર્યા સિવાય મોટરમાં બેઠાં બેઠાં બહુ નજીકથી સુરક્ષિતપણે સિંહો નિહાળી શકાય છે. ગીરમાં પણ, આજે જ્યારે સિંહોની વસ્તી વધી રહી છે ત્યારે, સિંહોનું આવું દર્શન જરૂર સુગમ હોવું જોઇએ. સિંહો જોવા માટે આવું કોઇ નિર્દોષ આયોજન વિચારવા મુંબઇ સરકારને પ્રાર્થના છે.

એમાં કોઇ શક નથી કે આજે સિંહો જોવા માટે મુંબઇ સરકાર તરફથી જે પ્રકારનો પ્રબંધ કરવામાં આવ્યો છે તે સાથે પશુઓ પ્રત્યેની નિષ્ઠુરતા નીતાંતપણે જોડાયલી છે, અને તે પ્રબંધનો લાભ લેનારાઓમાં પણ એવી જ નિષ્ઠુરતા કેળવાય છે. આ સહેલગાહે ગયેલા મિત્રોને પૂછવામાં આવે કે "આ તો બધું ઠીક, પણ એ બીચારા નિર્દોષ પાડાનો આવી રીતે જીવ લેવાતો જોઇને તમારા દિલમાં કોઇ અરેરાટી જન્મી નહિ?" જવાબ મળે છે કે "એમાં શું? આમેય તે તે પાડો બીજે કયાંક કપાવાનો તો હતો જ ને?" આજની આનંદ માણવાની ઘેલછા જન્મજાત કરૂણાના-દયાના-સંસ્કારોને કેવી રીતે આવરી લે છે, ચેરી ભુંસી નાંખે છે તેનું આ સૂચક દૃષ્ટાન્ત છે.

વળી 'એક નિર્દોષ અવાચક પશુના ભોગે તમે આ શું આનંદ માણી રહ્યા છો?'-એવા પ્રશ્નના જવાબમાં ચોતરફ ચાલી રહેલી વિવિધ કોટિની હિંસાઓ, માંસાહાર માટે ચલાવાતાં કત્તલખાનાં, ખેતી બચાવવા માટે થતો વાંદરાઓનો સંહાર; દવાદારૂ માટે થતો અનેક પશુઓનો વધ, વિજ્ઞાનના નામે કરવામાં આવતી પારવિનાની પ્રાણહાનિ-આ બધું આપણી સામે ધરવામાં આવે છે અને 'આ બધું જ્યાં ચોતરફ ચાલી રહ્યું છે ત્યાં પાડાના નામનો આ શું પોકાર ઉઠાવી રહ્યા છો? આ સામે પાંચ પચીસ પાડાની તે શું વિસાત છે?' એવો જવાબ આપણા માથામાં મારવામાં આવે છે. ચોતરફ ચાલી રહેલા હિંસાતાંડવમાં પાંચ દસ પાડાની કોઇ વિસાત નથી એ વાત બરોબર છે. આમ છતાં પણ ઉપર ગણાવેલા અનર્થોના બચાવમાં કાંઇક ઉપયુક્તતા સૂચવતી યુક્તિ પ્રયુક્તિ કલ્પી શકાય છે, જ્યારે અહિં શરૂ કરવામાં આવેલી હિંસાની કોઇ ઉપયુક્તતા કલ્પી શકાતી નથી. માત્ર માનવીના મનમાં રહેલા એક કુતુહલની તૃપ્તિ, દૂરથી આવેલા માણસોને એ ઘડિ આનંદ આપવા માટેની એક અનોખી તરકીબ-આથી બીજું કોઇ કારણ પ્રસ્તુત પાડાવધ પાછળ ખરે જ પડ્યું નથી.

અલબત્ત, આ દુનિયામાં વસતા માનવી માત્રને એક યા બીજી રીતે આનંદ માણવાનો અધિકાર છે; પણ આ અધિકાર ભોગવવાની એક મર્યાદા સભ્ય સમાજે હંમેશા સ્વીકારેલી છે અને તે એ છે કે આપણો આનંદ પરપીડનમાંથી નિર્માણ થવો ન જોઇએ. ન્યાય અને નીતિની આ અપેક્ષાને કોઇએ પણ અવગણવી ન ઘટે. આપણો આનંદ જ્યારે પરપીડન સાથે જોડાય છે ત્યારે તે આનંદ આસુરી રૂપ ધારણ કરે છે અને એવો આનંદ ભોગવવાની લાલસા માણસને ધીમે ધીમે રાક્ષસ બનાવી મૂકે છે. આવી આનંદજનક પ્રક્રિયાઓને ઉત્તેજન આપવાથી પ્રજામાનસ નિષ્ઠુર બને છે, તેમાં રહેલી કુમળી લાગણીઓ બુઠ્ઠી બની જાય છે.

ભિન્ન ભિન્ન નિમિત્તોથી પ્રેરાયલી ભિન્ન ભિન્ન પ્રકારની હિંસાની ગુણવત્તા (Quality) માં-ભાતમાં-અમુક ફરક રહેલો હોય છે. માનવી દિલ હંમેશાં અહિંસાથી-પ્રેમથી-કરૂણાથી પ્રેરિત રહે છે, પણ તેના સંયોગો, સંસ્કારો, આદતો અને સાચી તેમ જ માની લીધેલી અંગત જરૂરિયાતો તેને જાણ્યે અજાણ્યે હિંસક પ્રવૃત્તિઓ અને પ્રક્રિયાઓ તરફ વાળે છે. આમ છતાં પણ પોતે કાંઇક ખોટું કરે છે, અયોગ્ય કરે છે, પોતાના સુખ સગવડ ખાતર અન્ય કોઇને બાધા પહોંચાડવાનો પોતાને કોઇ હક્ક નથી – આવો કોઇક ખટકો તેના મનમાં હંમેશાં સળવળ્યા જ કરતો હોય છે, અને તેથી જ્યારે પણ કોઇ અમુક હિંસક પ્રક્રિયામાંથી તેને છૂટવાની તક દેખાય છે અથવા તો તેવી તાકાત પોતે અંદરથી અનુભવે છે ત્યારે તે મોટો છુટકારો-અંદરની રાહત-અનુભવે છે, અને તેવી તકને તે ઝડપી લેવા મથે છે અથવા તો તેવી તાકાતનું અવલંબન લઇને તેટલા પૂરતો તે હિંસામુકત બનવા પ્રયત્ન કરે છે. માનવી માત્રનું ધ્યેય હિંસામાંથી અહિંસા તરફ ગતિ કરવાનું હોવું જોઇએ એ વિષે આજે કોઈ બેમત નથી. વ્યકિતની દૃષ્ટિએ આવી પ્રગતિ ત્યાં સુધી જ શકય છે કે જ્યાં સુધી ચાલુ હિંસક પ્રવૃત્તિઓ અને પ્રક્રિયાઓ વિષે તેના દિલમાં શરમ હોય, સંકોચ હોય, કાંઇક અકળામણ હોય, કાંઇક ભોંઠપ હોય. પણ જ્યારે હિંસાવિષયક આવી શરમ, સંકોચ, અકળામણ કે ભોંઠપ માનવીના દિલમાંથી સરી જાય છે ત્યારે તેની હિંસાવૃત્તિ રીઢી, નફટ બની જાય છે અને હિંસા વિષે તે શરમ અનુભવવાને બદલે શેખી કરતો થઇ જાય છે. મોજમજા સાથે સંકળાયલી હિંસા માનવીના ચિત્તમાં હંમેશા આ પ્રકારની વિકૃતિ પેદા કરે છે અને અહિંસા તરફની પ્રગતિનાં દ્વાર તેના માટે બંધ થતાં જાય છે, અને પરિણામે તે અધિકાધિક હિંસા તરફ ધસડાતો રહે છે. મુંબઇ સરકારે અખત્યાર કરેલી આમ પ્રજાને સિંહો દેખાડવાની પ્રસ્તુત યોજનામાં હિંસા સંબંધમાં માનવીને વધારે ને વધારે નફટ અને નઠોર બનાવવાનું જોખમ રહેલું છે અને તેથી તે સામે આજે જે વિરોધ થઇ રહ્યો છે તે સર્વથા યોગ્ય છે.

સર રાધાકૃષ્ણને એક પ્રસંગ ઉપર કહેલું કે આજે આપણે ત્યાં crisis of character-ચારિત્ર્યની કટોકટી-ઉભી થઇ છે. આથી પણ વધારે ચિન્તાજનક આપણે ત્યાં, મારી દૃષ્ટિએ, crisis of compassion-કરૂણાની કટોકટી-ઉભી થઇ છે. માનવીના દિલમાંથી કરૂણા ઉત્તરોત્તર ઓસરતી આવી છે. કરૂણાના ઓસરવા સાથે આખી માનવસંસ્કૃતિ અને સભ્યતા જોખમાવા લાગી છે. 'એમાં શું?' 'એમાં શું?' એમ કહેતો કહેતો ગમે તેટલી હિંસા આચરતાં આજનો માનવી અચકાતો નથી. હીરોશીમાનો નાશ હજુ આપણે ગઇ કાલે જોયો; આથી ભયંકર વિનાશ, માનવી ચિત્તમાં થઇ રહેલા કરૂણાલોપ સાથે, આપણા માથા ઉપર ડેમોકલીસની તરવાર માફક લટકી રહ્યો છે. આ આખી નોંધનું ધ્યેય માત્ર એક કે એકવીશ પાડાઓને આ રીતે મરતા બચાવવાનું નથી—કાળના ક્રમ મુજબ એને કોઇ મારવાનું છે અથવા એ સ્વતઃ મરવાના છે-પણ આજે એથી પણ વધારે મહત્ત્વનો સવાલ છે ઓસરતી જતી કરૂણાને બચાવવાનો. અને એમાં કોઇ શક નથી કે મુંબઇ સરકારે પ્રજા-મનોરંજનની આ જે નવી પ્રવૃત્તિ હાથ

ધરી છે તેનું સીધું કે આડકતરું એક પરિણામ નિઃસંશયપણે માનવીના દિલમાં રહેલી કરુણાવૃત્તિને અલ્પ યા અધિક અંશે છેદવામાં આવવાનું છે. 'આ રીતે મરાતા પાડાને બચાવો' એ પાછળ ખરો પોકાર તો છે 'આજે લુપ્ત થતી જતી કરુણાને બચાવો.' કારણ કે કરુણા જો માનવીના દિલમાંથી નાબુદ થશે તો માનવી પશુ નહિ પણ રાક્ષસ બની જશે, અને પછી બાહ્ય વિભૂતિઓના ગંજ-ના ગંજ ખડકાશે તો પણ માનવી જીવનમાં જીવવા જેવું કશું તત્ત્વ નહિ રહે.

આજની દુન્યવી પરિસ્થિતિમાં રહેલું આ ભયસ્થાન સાચું હોય તો પ્રસ્તુત ચર્ચાના સંદર્ભમાં અહિંની કે અન્ય પ્રદેશની કોઇ પણ સરકાર પાસેથી આટલી અપેક્ષા રાખવી વધારે પડતી નહિ લેખાય કે કોઇ પણ જવાબદાર સરકાર આનંદમજાનાં કે સહેલગાહોને લગતાં એવાં કોઇ આયોજન ન જ કરે કે જેનું પરિણામ શાસિત પ્રજાને સરવાળે આજે તે જેવી છે તે કરતાં વધારે ઘાતકી, નિષ્ઠુર, ક્રૂર બનાવવામાં આવે અને સ્પેનમાં આખલાઓની જે પ્રકારની સાઠમારી ચાલે છે તે પ્રકારે અન્ય નિર્દોષ અવાક્ પ્રાણીઓની રીબામણી એ જ લોકોના આનંદનો વિષય બની જાય.

બીજા દેશમાં લોકોના મનોરંજનાર્થે ગમે તે પ્રવૃત્તિઓ ચાલતી હોય, પણ આપણને ભગવાન મહાવીર, બુદ્ધ અને મહાત્મા ગાંધી દ્વારા જે દયાનો અને કરુણાનો વારસો મળ્યો છે તે જોતાં આપણે ત્યાંના લોકરંજનનાં આયોજનો કોઈ પણ કાળે હિંસા-પ્રધાન નહિ હોય, પરપીડનલક્ષી નહિ હોય-આટલી આપણા દેશની વિશેષતા સદા કાળ જળવાઇ રહેવી ઘટે છે. આ રીતે વિચારતાં પ્રજાકલ્યાણની દૃષ્ટિએ તથા પ્રજા માનસમાં કરુણાવૃત્તિ સ્થિરપ્રતિષ્ટ બને એ હેતુથી ઉપર જણાવેલા પાડાના પ્રત્યક્ષ વધ સાથે જોડાયલો સિંહ જોવાનો મુંબઇ સરકાર દ્વારા ગોઠવાયલો પ્રબંધ સત્વર બંધ કરવા જવાબદાર સત્તાધીશોને આગ્રહપૂર્વક અનુરોધ કરવામાં આવે છે. **પરમાનંદ**

* ઉપવાસ *

(આજ કાલ સાર્વજનિક તથા રાજકીય ક્ષેત્રે વ્યક્તિગત તેમજ સામુદાયિક ઉપવાસો અંગીકાર કર્યાના સમાચારો સાંભળ-વામાં આવે છે. મુનિશ્રી સંતબાલજીની પ્રેરણા નીચે 'શુદ્ધિ પ્રયોગ'ના નામે પણ અવારનવાર ગતિમાન થતા ઉપવાસો શ્રવણ-ગોચર થતા રહે છે. આ વિષયની નીચેના લેખમાં આલોચના કરવામાં આવી છે, જે આ વિષયમાં રસ ધરાવતાં ભાઇ બહેનોને માર્ગદર્શક નીવડશે એવી આશા રહે છે.—**તંત્રી**)

'ઉપવાસ' શબ્દનો મૂળ અર્થ 'અનશન' ભૂખ્યા રહેવું એવો થાય છે. ધાર્મિક દૃષ્ટિથી ઉપવાસ જુદી જુદી કોમોમાં અમુક પ્રસંગે કરવામાં આવે છે. (૧) હિન્દુઓમાં ધાર્મિક દૃષ્ટિથી-અમુક તિથિ કે પર્વ-પ્રસંગે (૨) અમુક ધાર્મિક સંસ્કાર કરતી વખતે અગર કરાવવાને પ્રસંગે-યજ્ઞ કે હોમ હવન, લગ્ન, જનોઇ, શ્રાદ્ધ વગેરે (૩) જૈન લોકોમાં પર્યુષણમાં અને બીજા કેટલાંક ધાર્મિક કર્મકાંડના પ્રસંગોએ (૪) મુસલમાનો રમજાન મહિનામાં રોજા રાખે છે તે પ્રસંગે (૫) રોમન કેથોલિક ખ્રિસ્તીઓ અમુક વારે અને અમુક દિવસોએ ઉપવાસ કરે છે તે. આ બધા ઉપવાસ ધાર્મિક દૃષ્ટિથી કરવામાં આવે છે. આ ઉપવાસને માટે એવી માન્યતા હોય છે કે ઉપવાસથી દેહ કષ્ટ-દેહ દમન, સંયમ અને ઇન્દ્રિય નિગ્રહ ને મદદ મળે છે અને ધાર્મિક ક્રિયાઓ અને આધ્યાત્મિક મનોવૃત્તિ માટે એ આવશ્યક છે. તે ઉપરાંત એ જાતના વ્રતથી પરલોકમાં સદ્ગતિ થાય છે એવી પણ માન્યતા હોય છે. અર્થાત્ આ લોકમાં અને પરલોકમાં એનું ફળ મળવાની આશા સેવવામાં આવે છે.

ધાર્મિક દૃષ્ટિથી ઉપવાસ કરવાની પ્રથા વિશે અમારે ખાસ કંઇ ચર્ચા કરવાની નથી, સિવાય કે એ ખરેખરા ઉપવાસ-અનશન વ્રત હોવું જોઇએ. અનાજને બદલે ફલાહાર, કંદમૂળની અમુક જુદી જુદી વાનીઓ, મસાલેદાર કેસરીઆ દૂધ, મિઠાઇ એ બધું ખાવા છતાં ઉપવાસ કર્યાનો સંતોષ માનવો એ સાચા અર્થમાં ઉપવાસ નથી એ માત્ર ખોરાક ફેર છે અને જો ઉપવાસ-અન-શનના પરિણામે ઉપર જણાવ્યું તેવી આધ્યાત્મિક મનોવૃત્તિ થતી હોય તો આ જાતના ખોરાક ફેરથી તો તે ન જ થાય; એ તો મનને છેતરવાની ક્રિયા છે.

આ ઉપરાન્ત પોતાનાથી થયેલા કોઇ અનાચાર કે ભારે દોષ કે અનીતિના આચરણ માટે પશ્ચાતાપ તરીકે પણ ઉપવાસ કરવામાં આવે છે. રોમન કેથલિક ખ્રિસ્તીઓમાં આ જાતના ઉપવાસની પ્રથા બહુ સામાન્ય છે. પોતાના અપરાધ કે અનાચાર માટે પોતાના દેહને જાતે જ કષ્ટ આપવું અને એ રીતે ચિત્તમાં પશ્ચાત્તાપ કરી પરમેશ્વરની ક્ષમા માગવી-દોષની શિક્ષા પોતે જાતે જ પોતાના દેહ કષ્ટથી કરવી-એ આવી જાતના ઉપવાસનો હેતુ હોય છે. આવા પ્રકારના ઉપવાસમાં અમુક અંશે ધાર્મિક દૃષ્ટિ તો રહેલી છે, પરન્તુ તેની પાછળનો હેતુ કોઇ ફળ-બદલો મેળવવાનો નથી હોતો, પરન્તુ પોતાની જાતને સુધારવાનો-નૈતિક ઉન્નતિ કરવાનો-હોય છે. એ રીતે ઉપવાસ કરવાને અંગે થતા દેહ કષ્ટથી નૈતિક ઉન્નતિ સધાય છે કે નહીં તે જૂદો પ્રશ્ન છે.

ગાંધીજીએ અહિંસક પ્રતિકારના એક અંગ તરીકે ઉપવાસના સાધનની આવશ્યકતા જણાવી છે. ગાંધીજીએ એ સાધન પ્રજા સમક્ષ રજુ કર્યા પછી એ રીતના ઉપવાસની પ્રથા આપણા દેશમાં ઠીક પ્રચલિત થઇ છે.

ગાંધીજીની દર્શાવેલી આ પ્રથાનો અત્યારે દેશમાં ઘણે અંશે દુરુપયોગ થઇ રહેલો છે એવું અમારું માનવું છે. આ જાતના ઉપવાસની પાછળ જે હેતુ હોઇ શકે. જે માણસ તરફથી અન્યાય, જુલમ, કે ત્રાસ થતો હોય તેમાં જો પોતાનો કોઈ દોષ, ભૂલ, દૃષ્ટિ દોષ અગર ગેર સમજ હોય તો તેનો ધીર ગંભીર નિષ્પક્ષ દૃષ્ટિથી વિચાર કરવા માટે ઉપવાસ આદરી, બીજા સર્વ વ્યવ-હારમાંથી મનને નિવૃત્ત કરી, ઊંડું ચિંતન કરી, પોતાની ભૂલ કે દોષ જણાય તો તેને સુધારવાનો સંકલ્પ અને પ્રતિજ્ઞા કરવાનો એક હેતુ હોય છે.

એ એક પ્રકારની ચિત્ત શુદ્ધિનો પ્રયોગ છે. એ રીતે ચિત્ત શુદ્ધિ થાય છે કે નહીં, અગર જે જે આવે પ્રસંગે આ પ્રકારનો ઉપવાસનો પ્રયોગ આદરે છે તે એવી દૃષ્ટિ રાખે છે કે નહીં, તેમજ તેમને એમાં સફળતા મળે છે કે નહીં એ વિવાદાસ્પદ પ્રશ્ન છે; પરન્તુ તે વિષે અહીં ચર્ચા નહીં કરીએ.

પરન્તુ જે બીજો હેતુ આવા પ્રસંગે ઉપવાસ કરીને સામા માણસનો હૃદયપલટો કરવાનો ગણવામાં આવે છે તે વિષે સામાન્ય-પણે અને તટસ્થ વૃત્તિથી વિચાર કરવામાં આવે તો જણાશે કે એ પ્રયોગ કેવળ એક પ્રકારનું બ્રાંડું જ છે.

ઉપવાસ કરનાર પ્રત્યે દયા, અનુકંપા, કંટાળો અને એને એક પ્રકારનું 'ન્યૂસન્સ' ગણી તેની ઉપવાસની ક્રિયા બંધ કરવા માટે સમાધાન કરવામાં આવે છે, પરન્તુ વાસ્તવિક રીતે હૃદય-પલટો થતો જ નથી અને એની માગણી અગર ઇચ્છા વાજબી છે એવું અંતઃકરણથી સાચી રીતે કબુલાતું પણ નથી.

આ જાતનાં ત્રાગાનો હવે અતિરેક થવા માંડ્યો છે. પગારમાં વધારો ન થાય તો ઉપવાસ, રેલ્વે ટ્રેન અમુક વખતે ન ઉપાડ-

વામાં આવે કે અમુક સ્ટેશને ઊભી ન રાખવામાં આવે તો ઉપવાસ, રજા ન મંજૂર કરવામાં આવે તો ઉપવાસ, કોઇ મિત્રને સભ્યમાંથી મુકત ન કરવામાં આવે તો ઉપવાસ, એવા એવા અનેક ક્ષુલ્લક કારણોસર ઉપવાસ કરવામાં આવે છે. એટલે ઉપવાસની ક્રિયામાં જો કાંઇ સાત્વિકતા કે ધાર્મિક દૃષ્ટિ અગર સામા માણસની નૈતિક ઉન્નતિની કે હૃદય પલટાની ભાવના હોય તો પણ આવાં ત્રાગાંથી એ હાસ્યજનક, ઉપેક્ષાને યોગ્ય અને કેટલીક વખત તિરસ્કારને પાત્ર બને છે. એક નવીન પ્રકારની ઉપવાસની પ્રથા થોડા વખતથી દાખલ થઇ છે, તેને 'શુદ્ધિપ્રયોગ' કહેવામાં આવે છે. એમાં થોડે અંશે પોતાની ચિત્તની શુદ્ધિનો પણ હેતુ હોય છે. પરન્તુ મોટે ભાગે સામા પક્ષની શુદ્ધિ કરાવવાનો હેતુ હોય છે. કોંગ્રેસના વહીવટમાં અને રાજ્યના અધિકારીઓમાં ગેરરીતિ, દૂષણો લાંચરૂશ્વત, લાગવગ, સગાલોભ દાખલ થયાં છે એવું લાગવાથી 'શુદ્ધિપ્રયોગ' આદરવામાં આવે છે. અલબત્ત આમાં પોતાના ચિત્તની શુદ્ધિનો તો પ્રશ્ન નથી, પરન્તુ અમુક પ્રતિષ્ઠિત ગણાતા માણસ કે માણસો આ જાતના શુદ્ધિપ્રયોગ ને અંગે ઉપવાસ આદરે તો પરિણામે કોંગ્રેસમાં મનાયલી અશુદ્ધિ દૂર થાય એવું માનવામાં આવે છે. કોન્ગ્રેસના કારભારમાં જે અશુદ્ધિ કે દૂષણો દાખલ થયેલાં મનાય છે તે દૂષણો માટેના જે જવાબદાર માણસો હોય છે તેમને તો આ ઉપવાસની લેશ માત્ર અસર થતી નથી. તંત્ર તો જેમ ચાલે છે તેમજ ચાલ્યા કરે છે. કદાચ કોઇ જવાબદાર કોન્ગ્રેસ નેતા એવા પ્રતિષ્ઠિત માણસના દેહકષ્ટની દયા કે અનુકમ્પાથી પ્રેરાઇ તેમને ઉપવાસ છોડવાનું સમજાવે અને એ જાતની અશુદ્ધિ દૂર કરવાનો પ્રયત્ન કરવામાં આવશે એવો દિલાસો આપે–જે કેવળ અર્થહીન દિલાસો હોય છે–તો ઉપવાસ છોડવામાં આવે છે. પરન્તુ અમારૂં માનવું એવું છે કે આ એક પ્રકારનું ત્રાગું જ છે. પોતાના પગ ઉપર કે કપાળે ચાકુના ઘા કરી પૈસા માગનાર ફકીરના ત્રાગામાં ને આમાં બહુ ફેર અમને લાગતો નથી. "અમને દેહકષ્ટ સહન કરવાનું તમારાથી સહન ન થાય, તમને અમારે માટે લાગણી હોય, તો અમે જે માગીએ છીએ તે અમલમાં મૂકો. નહીં તો અમારૂં દેહકષ્ટ ચાલુ રહેશે." એ જ આવા ઉપવાસનો અર્થ છે. એવા ઉપવાસને રૂપાળા ધાર્મિક અને આધ્યાત્મિક જણાતા શબ્દોથી અલંકારિક ભાષામાં વર્ણવવામાં આવે તેથી એ ત્રાગું મટી જતું નથી.

પાંચથી સાત ધોરણમાં પણ અંગ્રેજી દાખલ કરવું કે નહીં એ વિશે મતભેદ હોય, એ બાળકો ઉપર નાહકનો બોજો છે એવો મત પણ ધરાવાય, એ અંગ્રેજીનો મોહ છે અને અંગ્રેજીના ચલણને લંબાવવાનો પ્રયોગ છે એવો અભિપ્રાય પણ દર્શાવાય, પરન્તુ એમાં 'અશુદ્ધિ' કયાં છે અને કોની છે તે સમજવું બહુ મુસ્કેલ છે અને અશુદ્ધિ ન હોય તો એને માટે 'શુદ્ધિપ્રયોગ' શા માટે તે સમજવું એથી પણ મુસ્કેલ છે.

આ બધા 'શુદ્ધિપ્રયોગ' અને ઉપવાસ તથા તેને અંગેના પ્રાર્થનાના પ્રયોગમાં અમને જે સહુથી વિશેષ વાંધાભરેલું લાગે છે તે એ અંગેની જાહેરાત અને પ્રચાર છે. જો આ જાતના શુદ્ધિપ્રયોગ અને તેને અંગેના ઉપવાસની આવશ્યકતા જણાતી હોય અને તે સફળ પ્રયોગ તરીકે ગણાતો હોય તો તે ખાનગીમાં, કોઇને પણ જણાવ્યા વિના, છાપામાં જાહેરાત કર્યા વિના એકાન્તમાં કરવાનો પ્રયોગ હોવો જોઇએ. એ પ્રયોગ કરતા અગાઉ છાપામાં જાહેરાત થાય, ઉપવાસ દરમ્યાન બુલેટિનો બહાર પડે, તબિયતના–વજન ઉતર્યાનાં વગેરેના હેવાલ છાપામાં આવે અને ઉપવાસના નિશ્ચિત સમયને અંતે કોઇ પ્રધાન કે 'નેતા' હાજર રહે, તેની હાજરીમાં અને તેને હાથે 'પારણાં કરવામાં આવે–એ બધું ધાંધલ છે, મિથ્યાચાર છે. ઢોંગ છે અને માત્ર પોતાની મહત્તા દર્શાવવાનો પ્રયોગ છે એવું અમારૂં માનવું છે.

અમારો નમ્ર મત એવો છે કે ઉપવાસનો આ અનિષ્ટ અતિરેક અટકાવવા માટે 'આમરણાંત' ઉપવાસ કરવાનું જણાવનારને અપઘાતની કોશીષ કરનારને જે અન્ય કાયદાએ ફરમાવી છે તે સજા કરવી જોઇએ.

'જ્યોતિર્ધર'માંથી સાભાર ઉધ્ધૃત

ગટુલાલ ગોપીલાલ. મુ

ગુજરાતનું નવનિર્માણ

શ્રી. ગગનવિહારી મહેતાનું વ્યાખ્યાન

શ્રી મુંબઇ જૈન યુવક સંઘના ઉપક્રમે ચાલુ માર્ચ માસની ૫ મી તારીખે સાંજે મુંબઇ ખાતે ચોપાટી ઉપર આવેલા પ્રાણસુખલાલ મફતલાલ સ્વીમીંગ બાથના કાફેટેરિયામાં સંઘના સભ્યોનો એક ભોજનસમારંભ ગોઠવવામાં આવ્યો હતો. આ ભોજનસમારંભના પ્રસંગે અમેરિકા ખાતેના ભારતના ભૂતપૂર્વ એલચી શ્રી. ગગનવિહારી મહેતાને અતિથિવિશેષ તરીકે નિમંત્રવામાં આવ્યા હતા. આ ભોજનસમારંભમાં શ્રી. ગગનવિહારી મહેતા સાથે તેમના પત્નિ શ્રી. સૌદામિનીબહેન મહેતા, મુંબઇ પ્રદેશના મદ્યનિષેધમંત્રી શ્રી. રતુભાઇ અદાણી, મુંબઇના મુખ્ય સેશન્સ જજ શ્રી. રતિલાલ ભાઇચંદ મહેતા, શેઠ રામજી હંસરાજ કામાણી, શેઠ રામજી શામજી વિરાણી, શ્રી. મોહનલાલ મહેતા, (સોપાન), સૌ. લાભુબહેન મહેતા, શેઠ કાંતિલાલ ઇશ્વરલાલ, શ્રી. નવનીત સી. ઝવેરી, શ્રી. ભાનુશંકર યાજ્ઞિક, શ્રી. ચીમનલાલ ચકુભાઇ શાહ, શ્રી. કુસુમબહેન મોતીચંદ શાહ, શ્રી. પરમાનંદ કુંવરજી કાપડિયા, શ્રી. ખીમજી માણુ ભુજપુરિયા, શ્રી. લીલાવતીબહેન દેવીદાસ, શ્રી. રતિલાલ ચીમનલાલ ઝોહારી, શ્રી. ચીમનલાલ જેઠાલાલ શાહ, શ્રી. જી. ડી. દફતરી, શ્રી. જીવરાજ ભાણજી શાહ, શ્રી. જસુમતીબહેન કાપડિયા, શ્રી. ધીરજલાલ ધનજીભાઇ શાહ, વગેરે ૬૫૦ ભાઇબહેનોએ ભાગ લીધો હતો.

શરૂઆતમાં સંઘના પ્રમુખ શ્રી ખીમજીભાઇ ભુજપુરિયાએ સંઘ તરફથી મુખ્ય મહેમાન શ્રી ગગનવિહારી મહેતાનું અને અન્ય મહેમાનોનું સ્વાગત કર્યું હતું. શ્રીભુજપુરિયાએ એ એક વર્ષના ગાળા પછી સંઘ તરફથી આવો સમૂહ ભોજનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે તેનો નિર્દેશ કરી, સંઘની પ્રવૃત્તિઓનો પરિચય આપ્યો હતો અને અતિથિવિશેષ શ્રી. ગગનવિહારી મહેતાના સંઘ સાથેના જૂના સંબંધને યાદ કર્યો હતો.

અતિથિવિશેષ શ્રી. ગગનવિહારી મહેતાએ સંઘે આપેલા નિમંત્રણ માટે આભાર માન્યો હતો અને સંઘ સાથેના પોતાનાં સંસ્મરણો રજૂ કર્યા હતાં. તેમણે કહ્યું હતું કે "આજના આ પ્રસંગે મને માન આપવામાં આવ્યું છે તે સાથે 'ગુજરાતના નવનિર્માણ' વિશે બોલવાની જવાબદારી પણ આપી છે. આ વિશે અમદાવાદમાં ૯ મી જાન્યુઆરીએ ગુજરાતી વેપારીઓના અધિવેશનના ઉદ્‌ઘાટન પ્રસંગે મેં ગુજરાતના નવનિર્માણ વિશે જે કંઇ કહ્યું હતું તેથી વિશેષ મારે કશું કહેવાનું નથી. એટલે જેમણે મારૂં એ ભાષણ સાંભળ્યું કે વાંચ્યું હશે તેઓને કદાચ નિરાશ થવાનું થશે, પણ એ માટે જવાબદારી મારી નથી, પણ મને અહિં લાવનાર શ્રીપરમાનંદભાઇની છે.

તેમણે કહ્યું કે "ગુજરાતના નવા રાજ્યની રચના પહેલી મેથી થવાની છે. આવું નવું રાજ્ય કરવું યોગ્ય છે કે નહિ અને એવા બીજા પ્રશ્નોની ચર્ચા કરવી હવે વ્યર્થ છે. અત્યારે તો આપણું કર્તવ્ય શું છે તેનો જ આપણે હવે વિચાર કરવો જોઇએ. ગુજરાતનું નવનિર્માણ થવાનું છે એટલે કોઇ નવું ગુજરાત

નીકળવાનું નથી. ગુજરાત તો છે જ. પણ હવેથી એનું ઘડતર નવા જુદા રાજ્યની દૃષ્ટિએ થશે. એ નવનિર્માણનો આધાર ગુજરાતી જનતાની બુદ્ધિશક્તિ અને ચારિત્ર્ય પર રહે છે. ગુજરાતનું ભવિષ્ય આપણે જોષ જોવડાવીને શોધવાનું નથી. ગુજરાતનું ભવિષ્ય કંઈ જોષીના ચોપડે લખાયેલું પડ્યું નથી. શેકસપિયરે જુલિયસ સીઝર નાટકમાં કહ્યું છે તેમ વાંક આપણા ગ્રહોનો નથી, પણ આપણા પોતામાં રહેલા દોષોનો છે.

"ગુજરાતનું નવનિર્માણ થશે એટલે કંઈ આપણે બધા મુંબઈ છોડી ચાલ્યા જવાના નથી. એથી કંઈ આપણે ભારતના નાગરિક મટી જવાના નથી. આપણે આપણી દૃષ્ટિ સંકુચિત રાખવાની નથી. સંકુચિત દૃષ્ટિનું પરિણામ અનિષ્ટ જ આવવાનું છે. બે રીતે આ સંકુચિત દૃષ્ટિ આવવાનો સંભવ છે અને તે બંનેનો આપણે ત્યાગ કરવાનો છે.

(૧) ભાષાવાર પ્રાંતરચનાથી આપણી રાષ્ટ્રીય ભાવનાને આંચ ન આવવી જોઈએ. ગુજરાતીઓ મુખ્યત્વે ઉદ્યોગપતિઓ છે. ગુજસતી પ્રજા સાહસિક છે. દેશમાં અને દેશબહાર ગુજરાતીઓ વસેલા છે. આફ્રિકા, અમેરિકા, બ્રહ્મદેશ અને બીજા દેશોમાં ગુજરાતીઓ છે અને ત્યાં એમની શાખ ઘણી મોટી છે. ગુજરાતીઓએ બીજા દેશોની સમૃદ્ધિ અને પ્રગતિમાં પણ પોતાનો ફાળો આપ્યો છે તેમણે બીજા દેશોમાં કારખાનાંઓ નાખ્યાં છે અને વેપાર. ઉદ્યોગ વિકસાવ્યો છે. ગુજરાતીઓએ આમ ઇતર પ્રાંતોમાં અને દુનિયાના બીજા દેશોમાં જે સ્થાન જમાવ્યું છે તેમાં ગુજરાતનું નવું રાજ્ય થવાથી કંઈ આંચ આવવાની નથી.

(૨) ગુજરાતનું નવનિર્માણ થવાથી બીજા પણ એક પ્રકારની સંકુચિતતા આવવાનો સંભવ છે. પ્રાંતિક ભાવનામાંની નાની નાની પ્રાદેશિક સંકુચિત ભાવના–અમદાવાદ–સૌરાષ્ટ્ર–કચ્છ વગેરેના લોકો પોતાના જ નાના પ્રદેશની દૃષ્ટિએ જોવા લાગે એ પ્રકારની સંકુચિત ભાવના આપણામાં ન આવવી જોઈએ. આ બંને પ્રકારની સંકુચિત ભાવનાથી ગુજરાતને ગેરલાભ જ થવાનો છે. વિશાળ દૃષ્ટિ, સહકાર અને સંગઠન વગર પ્રગતિ થવાનો સંભવ નથી. ગુજરાતની પ્રગતિનો આધાર ગુજરાતની પ્રજાની બુદ્ધિ, શક્તિ અને દૃષ્ટિ પર રહેલો છે.

"ગુજરાતીઓમાં કેટલાક ગુણો છે અને કેટલાક દોષો પણ રહેલા છે. ગુજરાતીઓ સાહસિક છે, વ્યવહારકુશળ છે, કરકસરવાળા છે, હૈયાઉકલતવાળા – common-sense–વાળા છે, અને એકંદરે સંપીલા પણ છે. અલબત્ત, એનો અર્થ એ નથી કે ગુજરાતમાં મતભેદ નથી, પણ મતભેદ તો લોકશાહીના મૂળમાં રહેલો છે. પણ આ મતભેદ પ્રામાણિક હોવો જોઈએ. મતભેદ હોવા છતાં લોકશાહી માટે સહકાર આવશ્યક છે, અને ગુજરાતમાં તે છે.

"ગુજરાતી પ્રજાનો મુખ્ય દોષ તે એમનામાં નિર્ભયતા અને નીડરતા નથી એ છે. ગુજરાતે ગાંધીજી અને સરદાર જેવી નિર્ભય અને નીડર, આખા જગતમાં વિરલ ગણાય એવી વ્યક્તિઓને જન્મ આપ્યો છે. પણ આજની ગુજરાતી પ્રજામાં નિર્ભયતા નથી. જરાક વાતમાં ગુજરાતીઓ ડરી જાય છે, વળી, સૈન્યમાં, વિમાની દળમાં કે નૌકાદળમાં ગુજરાતીઓ લગભગ નથી. આ ગુજરાતની મોટી ખામી છે. હવે વધુ ગુજરાતીઓએ તેમાં જોડાવાની જરૂર છે. એથી શિસ્ત અને સંગઠનનો પાઠ આપણને મળે છે.

"ગુજરાતી પ્રજાની બીજી ખામી તે ગુજરાતીઓ–પર પ્રાંત એને પરદેશમાં વસતા ગુજરાતીઓ વ્યક્તિવાદી છે. તેઓ એકત્ર થઈને, સંસ્થાઓ સ્થાપીને બીજા આવનાર ગુજરાતીઓને માટે કંઈ સગવડ ઊભી કરતા નથી.

"ગુજરાત છેલ્લાં ૫૦ વર્ષથી ઉદ્યોગમાં આગળ વધ્યું છે, છતાં હજી પણ આપણે ઘણું કરવાનું છે. બીજા વિશ્વયુદ્ધ પછી ગુજરાતમાં નવા ઉદ્યોગો આવ્યા છે. સૌરાષ્ટ્રમાં પણ કેટલાંક મોટાં મથકોમાં ઉદ્યોગો સ્થપાયા છે. પણ ઉદ્યોગો માટે મોટી મુશ્કેલી વીજળીની છે. જ્યાં સુધી ગુજરાતમાં વીજળીનું વધુ ઉત્પાદન નહિ થાય ત્યાં સુધી ગુજરાતમાં નવા નવા ઉદ્યોગોને વિકસવાનો જોઈએ તેટલો સારો અવકાશ નહિ મળે. ગુજરાતે પોતાનાં ખનીજ દ્રવ્યો શોધી કાઢવાં જોઈશે અને નવા નવા ઉદ્યોગોને–ફકત કાપડ જ નહિ પણ બીજા ઉદ્યોગોને પણ–સ્થાન આપવું જ જોઈશે. વીજળીનું ઉત્પાદન વધતાં ગામડાંઓમાં નવું જીવન આવશે. સ્ટેલીને રશિયા માટે કહ્યું હતું કે વીજળી + રશિયા = સામ્યવાદ. એનું કારણ એ છે કે વીજળી આવવાથી લોકોનું માનસ બદલાય છે. ગુજરાતે વીજળી ઉપરાંત પોતાની પાણીની અછત પ્રત્યે અને રસ્તાઓના બાંધકામ પ્રત્યે ધ્યાન આપવું જોઈશે. ગુજરાતે રસ્તાઓ તથા નવા બંદરો–મધ્યમ અને નાની કક્ષાનાં બંદરો જેવાં કે ભાવનગર, વેરાવળ, પોરબંદર, ઓખા, સુરત, ભરૂચ વગેરે ખીલવવાં જોઈશે. ગુજરાતનું અત્યારે હવે મુખ્ય બંદર કંડલા છે. પણ કંડલામાં કેટલીક મુશ્કેલીઓ છે. એથી નવા બંદરો ખીલવવાની ગુજરાતને ખાસ જરૂર છે. વળી, ગુજરાતે ઉદ્યોગો માત્ર શહેર તરફ જ ન જાય એ માટે ધ્યાન આપવું જોઈશે. જીલ્લાઓમાં રેલ્વે અને બીજી સગવડો પૂરી પાડવામાં આવે તો ઉદ્યોગોનું વિકેન્દ્રીકરણ થાય. આવી રીતે ત્યાં સગવડ આપીને ઉદ્યોગો ખીલવવા એ ગુજરાતની સંસ્કૃતિ ખીલવવાની દૃષ્ટિએ પણ મહત્ત્વનું છે. કારણ કે ઉદ્યોગો જો બધા શહેરો તરફ જ જાય અને શહેરની વસતી વધતી જ જાય તો તેથી માણસોની કાર્યદક્ષતા ઉપર એ અસર કરશે.

"આ ઉપરાંત ગુજરાતમાં જે પછાત કોમો છે તેના તરફ પણ લક્ષ આપણે આપવું જોઈશે. આપણે આપણી મુશ્કેલીઓનો દોષ સરકાર પર કે પૈસાદારો પર ઢોળીએ છીએ. પણ તેમ કરવાનું આપણે હવે છોડી દેવું જોઈએ. બીજી બાજુ ઉદ્યોગપતિઓને પણ મારી સલાહ છે કે તેમણે નફાખોરી છોડી દેવી જોઈએ. નફો અને નફાખોરી એ બે જુદી વસ્તુઓ છે અને તેમાં નફાખોરી ઘણી ખરાબ વસ્તુ છે.

"વળી, આપણે કેવળ નાણાંથી આગળ વધી શકવાના નથી. આપણે અર્વાચીન બળોનો વિચાર કરી ઘણાં ક્ષેત્રોમાં આગળ વધવાનું છે અને એ માટે જે જે માણસો આપણને લાયક, બુદ્ધિ–શક્તિવાળા, કંઈ સર્જનાત્મક દૃષ્ટિવાળા લાગે તેવા યુવાનોને જવાબદારીઓનાં કાર્ય સોંપી તેમની શક્તિનો પણ આપણે લાભ લેવો જોઈએ.

"ગુજરાતને માણસોની ખોટ બિલકુલ નથી. ગુજરાત પાસે ઉદ્યોગપતિઓ છે અને ટેકિનશિયનો પણ છે, ગુજરાત પાસે ઘણી કાબેલ વ્યક્તિઓ છે, અને માટે જ નવા ગુજરાત રાજ્યનું ભવિષ્ય ઉજ્જવળ દેખાય છે."

શ્રી. ગગનવિહારીના ભાષણ પછી સંઘના મંત્રીએ તેમને પુષ્પહાર અર્પણ કર્યા હતાં અને તેમનો તથા આમંત્રિત સજ્જનોનો આભાર માન્યો હતો.

પ્રકીર્ણ નોંધ

ભાઈ ભાનુશંકર યાજ્ઞિકને ધન્યવાદ

તાજેતરમાં જ મુંબઈ શહેરના આગેવાન નાગરિક અને વ્યાપારી શ્રી રતિલાલ મૂળજી ગાંધીની મુંબઇની વિભાગીય કૉંગ્રેસ સમિતિના પ્રમુખસ્થાને વરણી થઇ હતી. મુંબઇના કૉંગ્રેસી તંત્ર સાથે તેમના મનનો મેળ નહિ મળવાથી તેમણે થોડા દિવસો પહેલાં રાજીનામું આપ્યું હતું. આ જગ્યાએ કૉંગ્રેસના વર્ષોજુના કાર્યકર શ્રી ભાનુશંકર યાજ્ઞિકની સર્વાનુમતે તા. ૧૨-૩-૬૦ ના રોજ ચૂંટણી કરવામાં આવી છે. આજના સમયમાં આવાં વિશિષ્ટ સ્થાનો ઉપર લાગવગથી, સમાજનાં વિશિષ્ટ મોભાના કારણે અથવા તો શ્રી અને શક્તિના સુયોગના પરિણામે, એક યા બીજી વ્યક્તિ ચૂંટાય છે. કેવળ એકધારી સેવા અને સંસ્થાગત નિષ્ઠા કોઇ એક વ્યક્તિને ભાગ્યેજ આવા વિશિષ્ટ સ્થાન ઉપર આરૂઢ કરાવી શકે છે. આવી પરિસ્થિતિમાં ભાઈ ભાનુશંકર યાજ્ઞિકની આ સ્થાન માટે થયેલી વરણી ખાસ ધ્યાન ખેંચે તેવી છે. કારણ કે કૉંગ્રેસની અને તે દ્વારા મુંબઇના વિશાળ જનસમાજની વર્ષોભરની તેમની સેવાએ અને કૉંગ્રેસ વિષેની અપૂર્વ નિષ્ઠાએ જ, જે પરંપરાને સ્વ. નરીમાન, સ્વ. ભુલાભાઇ દેસાઇ અને આજના અન્ન સચિવ શ્રી એસ. કે. પાટીલે વર્ષો સુધી પ્રમુખસ્થાને આરીને શોભાવી છે તેવી ભવ્ય પરંપરાવાળી ખુરશી ઉપર તેમને નિયુકત કર્યા છે. આ સ્થાન સુધી પહોંચવા માટે શ્રીમન્તાઇ, યુનિવર્સિટી-ભણતર કે લાગવગ-આવું કોઇ તેમને અવલંબન હતું જ નહિ. જે હતું તે એક યા બીજા ક્ષેત્રે તેમણે કરેલી સેવા. રાષ્ટ્રીય આન્દોલનના દરેક તબકકે તેમણે જેલવાસ સ્વીકાર્યો હતો. મુંબઇની મ્યુનિસીપલ કોરપોરેશનમાં તેઓ ઘણાં વર્ષ સુધી સભ્ય હતા. મુંબઇની 'સી' વૉર્ડ તાલુકા કૉંગ્રેસ સમિતિના ઘણા સમય સુધી તેઓ પ્રમુખ હતા. ૧૯૪૭થી મુંબઇની વિધાન સભાના તેઓ સભ્ય છે. મુંબઇની વિભાગીય કૉંગ્રેસ સમિતિના છેલ્લા પાંચ વર્ષથી તેઓ મંત્રી હોવા ઉપરાંત, મુંબઇની અનેક સામાજિક કે શૈક્ષણિક સંસ્થાઓ તથા ટ્રેડ યુનીયનો સાથે તેઓ સંકળાયલા છે. આવી એક વ્યક્તિની દીર્ઘ અને અનેકવિધ સેવાઓની, મુંબઇની વિભાગીય કૉંગ્રેસ સમિતિના અધ્યક્ષ સ્થાન ઉપરની નિયુક્તિ દ્વારા, કદર થાય તે એક પ્રશસ્ય અને આનંદજનક ઘટના છે. આ માટે ભાઇ ભાનુશંકરને અનેક ધન્યવાદ તથા અભિનન્દન ઘટે છે. આવા નમ્ર, વિનીત પ્રજાસેવકની ઉત્તરોત્તર ઉન્નતિ થાય અને આપણા દેશને તેમની સેવા તેમ જ શક્તિઓનો વિશેષ અને વિશેષ લાભ મળતો રહે અને એ માટે તેમને દીર્ઘ આયુષ્ય અને નક્કર આરોગ્ય પ્રાપ્ત થાય એવી પ્રાર્થના છે.

મુંબઈ પ્રદેશનું આગામી વિભાજન અંગેની ગુંચોની સુખદ નિકાલ

મુંબઈ પ્રદેશનું વિભાજન ધાર્યા કરતાં એક મહીનો મોડું થશે, પણ તે વિભાજનને મૂર્ત રૂપ આપવામાં જે કેટલીક ગુંચો હતી-ખાસ કરીને વિભાજન અંગે નવા ઉભા થતા ગુજરાત રાજ્યની ખાધની નક્કર પુરાંત ધરાવતા મુંબઈ રાજ્યે શી રીતે અને કયા ધોરણે પૂરવણી કરવી એને લગતી જે ગુંચ છેલ્લા દિવસોમાં ઉભી થઈ હતી-તે બધી ગુંચોનો પરસ્પરને સંતોષકારક ઉકેલ આવી ગયો છે એ સુખદ અને આનંદજનક છે. આ સમજુતી સત્તાનિષ્ટ પક્ષના આગેવાનો વચ્ચે થઇ છે. તેને લગતો કાનુની ખરડો મુંબઇ વિધાનસભામાં રજુ થઇ ચુકયો છે, અને દિલ્હીની ધારાસભામાં ચર્ચાવાનો છે. આ પ્રમાણેના જરૂરી ક્રિયાકાંડમાથી પસાર થયા બાદ અને તે ખરડા ઉપર રાષ્ટ્રપતિની સહી થયા બાદ તે અમલી થયો ગણાશે. આપણે આશા રાખીએ અન્ય પક્ષના આગેવાનો આ ખરડાની ચર્ચા કરતાં, આજે જે આ પ્રશ્ન અંગે સુખદ અને મધુર વાતાવરણ પેદા થયું છે તે વાતાવરણને જરા પણ કલુષિત થવા નહિ દે અને પ્રજાજનો પણ લેવાયલા નિર્ણયોને અન્તઃકરણથી આવકારશે. કોઇ પણ નિર્ણયની વિગતો અંગે અનુકુળ-પ્રતિકુળ બન્ને પ્રકારની ચર્ચા વિચારણા સંભવી શકે છે, પણ વિભાજન જ્યારે અમલી બનવાનો સમય સામે આવીને ઉભો રહ્યો છે ત્યારે જે કાંઇ નક્કી થયું છે એ હવે બન્ને પ્રદેશો માટે છેવટનું છે એમ સૌ કોઇએ સ્વીકારી લેવું ઘટે છે.

ગુજરાતમાં અને ખાસ કરીને અમદાવાદમાં નવી રાજ્યરચના વિષે લોકોમાં ભારે ઉત્તેજન અને ઉત્સાહ જોવામાં આવે છે અને તે અંગે તરેહ તરેહની આશાઓ સેવાઇ રહી છે. આ ઉત્તેજના અને આશાઓ જેમના હાથમાં નવા રાજ્યનાં સૂત્રો આવવાના છે તેમની જવાબદારીઓને વધારે ગંભીર બનાવે છે. ભાષા, વહીવટ વગેરે અંગે નવી રીતરશમો વિચારાઇ ચર્ચાઇ રહી છે. ગાંધીજી આમ તો ભારતના છે, એમ છતાં પણ, ગુજરાતને તેમણે પોતાની કર્મભૂમિ બનાવેલી હોઇને, ગુજરાતના તેઓ સવિશેષ છે. તો આપણે ગુજરાતને એવું બનાવીએ – તેમાંથી લાંચ રૂશ્વતને મૂળમાંથી નાબુદ કરીએ, તંત્રને પુરું કાર્યક્ષમ બનાવીએ, અને ભૂલાઇ ગયેલી સાદાઇને પુનઃ પ્રતિષ્ઠિત કરીએ-કે જેથી જે રામરાજ્યની ગાંધીજી સતત કલ્પના કર્યા કરતા હતા તે રામરાજ્ય આપણે ત્યાં મૂર્તિમંત બને-આવી આપણા ઊંડા દિલની પ્રાર્થના હો અને તદનુરૂપ આપણો પ્રયત્ન અને પુરૂષાર્થ હો!

પરમાનંદ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

વાર્ષિક સામાન્ય સભા

પ્રિય ભાઇ/બહેન,

સવિનય વિજ્ઞપ્તિ કે મુંબઇ જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભા તા. ૨૧-૩-૬૦ સોમવારના રોજ ૫ વાગ્યે સંઘના કાર્યાલય (૪૫૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩) માં મળશે, જ્યારે નીચે મુજબ કામકાજ હાથ ધરવામાં આવશે.

(૧) સંઘના બંધારણમાં સુધારા કરવા અંગે કાર્યવાહક સમિતિની નીચે મુજબની ભલામણો વિષે નિર્ણય કરવો:-

(અ) કલમ ૬ ની શરૂઆતમાં જે 'દરેક માગશર માસમાં' શબ્દો છે તેને બદલે 'વહીવટી વર્ષની શરૂઆતના છ માસની અંદર' એમ સુધારવું.

(બ) સંઘની અસાધારણ સભા બોલાવવા માટેના 'રીકવીઝીશન' અંગેની કલમ ૧૭ તથા ૧૮ (ગ) માં 'ઓછામાં ઓછા અગિયાર સભ્યોની સહીવાળો પત્ર' એમ છે તેને બદલે 'ઓછામાં ઓછા પચ્ચીસ સભ્યોની સહીવાળો પત્ર' એમ સુધારવું અને ૧૮ (ગ) માં 'પંદર દિવસની અંદર' એમ શબ્દો છે તેને બદલે 'એક માસની અંદર' એમ સુધારવું.

(ક) સંઘના બંધારણમાં નીચે મુજબની કલમ ઉમેરવી:-
'કોઇ કારણસર ચાલુ નિયમ મુજબ નવી કાર્યવાહક સમિતિની ચૂંટણી કરવામાં વિલંબ થયો હોય તો જ્યાં સુધી નવી કાર્યવાહક સમિતિ ન ચૂંટાય ત્યાં સુધી ચાલુ કાર્યવાહક સમિતિ કામ કરશે અને તેનું કામ બંધારણ-પુરઃસર ગણાશે.'

(૨) ગત વર્ષનો વૃત્તાન્ત તથા ઑડિટ થયેલો હિસાબ મંજુરી માટે રજુ કરવામાં આવશે.

(૩) નવા વર્ષનું અંદાજપત્ર મંજુરી માટે રજુ કરવામાં આવશે.
(૪) નવા વર્ષ માટે સંઘના અધિકારિઓ ૧ પ્રમુખની, ૨ ઉપ-પ્રમુખની, ૩ બે મંત્રીઓની, ૪ કોષાધ્યક્ષની, ૫ કાર્યવાહક, સમિતિ માટે ૧૫ સભ્યોની ચૂંટણી કરવામાં આવશે.
(૫) ઑડિટરની નિમણુંક કરવામાં આવશે.

સવિશેષ જણાવવાનું કે સંઘના જે કોઇ સભ્યની ઇચ્છા હોય તેને જોવા તપાસવા માટે તા. ૧૬-૩-૬૦ બુધવાર થી તા. ૧૯-૩-૬૦ શનિવાર સુધી બપોરના ૨-૬ થી ૪-૩૦ સુધી સંઘના કાર્યાલયમાં સંઘના ચોપડા ખુલ્લા રાખવામાં આવ્યા છે.

આપનું સંઘના સભ્ય તરીકેનું લવાજમ રૂા. ૫) હજુ સુધી ભરાયું ન હોય તો સંઘના કાર્યાલયમાં સત્વર મોકલી આપવા તો વાર્ષિક સભા મળે ત્યારે ભરી દેવા વિનંતિ છે.

ઉપર જણાવેલ વાર્ષિક સામાન્ય સભામાં વખતસર હાજર થવા સર્વ સભ્યોને અનુરોધ કરવામાં આવે છે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ.

સંઘના સભ્યો માટે યોજવામાં આવેલ આઠ દિવસનું માથેરાનનું પર્યટન

સંઘના સભ્યો અને કુટુંબીજનો માટે માથેરાનનું આઠ દિવસનું — તા. ૧-૫-૬૦ રવિવારથી તા. ૮-૫-૬૦ રવિવાર સુધીનું એક પર્યટણ ગોઠવવામાં આવ્યું છે, આ પર્યટણમાં જોડાનાર મંડળી મુંબઇ વીકટોરીયા ટરમીનસથી સવારની ટ્રેનમાં ઉપડશે અને બપોરના માથેરાન પહોંચશે. આ મંડળી માટે જાણીતી રગખી હોટેલમાં રહેવા ખાવાની ગોઠવણ કરવામાં આવી છે. તા. ૯-૫-૬૦ ના રોજ સવારના આ મંડળી માથેરાનથી પાછી ફરશે. આમાં જોડાનાર દરેક વ્યકિતને સંઘના કાર્યાલયમાં રૂ. ૫૨ અને દશ અથવા તે નીચેનાં બાળકો માટે રૂ. ૨૬ ભરવાના રહેશે. આ રકમમાં રેલ્વે ભાડું તથા મજુરીનો સમાવેશ કરવામાં આવ્યો છે.

જે કોઇ સભ્ય આ પર્યટણમાં જોડાવા ઇચ્છતા હોય તેણે ૧૫ મી એપ્રીલ સુધીમાં સંઘના કાર્યાલયમાં પોતાનું નામ નોંધાવી જવું અને જરૂરી રકમ ભરી જવી.

સંઘના સભ્યો માટે 'મુકિતનાથ'નું ચિત્રપટદર્શન

તા. ૨૧-૩-૬૦ સોમવારના રોજ મુંબઇ જૈન યુવક સંઘની વાર્ષિક સભા યોજવામાં આવી છે તેના અનુસંધાનમાં ન્યુ મરીન લાઇન્સ ઉપર આવેલ 'મનોહર'માં નેપાળ બાજુએ આવેલ 'મુકિતનાથ'નું એક ભવ્ય રંગીન ચિત્રપટ વાર્ષિક સભાના આગળના દિવસે એટલે કે તા. ૨૦-૩-૬૦ રવિવારના રોજ સાંજના ૬-૩૦ વાગ્યે સંઘના સભ્યોને તથા પ્રબુદ્ધ જીવનના ગ્રાહકોને દેખાડવામાં આવશે. અને તે સાથે બીજી પણ બે સુન્દર ડોકયુમેન્ટરી ફિલ્મ્સ દેખાડવામાં આવશે.

મંત્રીઓ, **મુંબઈ જૈન યુવક સંઘ.**

પુસ્તકાલયમાં વસાવવા લાયક, શિક્ષણ સંસ્થામાં ઇતર વાંચન તરીકે ઉપયોગમાં લેવા લાયક તેમજ કોઈ પણ શુભ પ્રસંગે વહેંચવા લાયક પુસ્તકો

સત્યં શિવં સુન્દરમ્

શ્રી પરમાનંદ કુંવરજી કાપાડયાનો લેખસંગ્રહ

કાકાસાહેબ કાલેલકર અને પંડિત સુખલાલજીના પ્રવેશકો સાથે

કિંમત રૂા. ૩, પોસ્ટેજ ૦-૬-૦

મુંબઇ જૈન યુવક સંઘના સભ્યો તથા પ્રબુદ્ધ જીવનના ગ્રાહકો માટે

સત્યં શિવં સુન્દરમ્: કિંમત રૂા. ૨, બોધિસત્ત્વ: કિંમત રૂા. ૧

મળવાનું ઠેકાણું:

મુંબઈ જૈન યુવક સંઘ, ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય ગાંધી રસ્તો, અમદાવાદ.

વિકાસયોજનાઓ અને મધ્યમવર્ગ

(તા. ૬-૨-૬૦ના રોજ શ્રી. મુંબઇ જૈન યુવક સંઘના ઉપક્રમે શ્રી. કાન્તિલાલ ખરોડિયાએ રજુ કરેલા વાર્તાલાપનો સારભાગ નીચે આપવામાં આવે છે.)

મધ્યમવર્ગનું મહત્વ

કોઇ પણ વ્યવસ્થિત સમાજરચનામાં મધ્યમવર્ગ ભારે મહત્વનું સ્થાન ધરાવે છે એ સુવિદિત છે. આપણા દેશનો છેલ્લા સો વર્ષનો ઇતિહાસ જોઇએ તો સામાજિક વિકાસમાં, આર્થિક પ્રવૃત્તિમાં, રાજકીય ક્ષેત્રમાં, સાંસ્કારિક ઉત્થાનમાં—એમ દરેક ક્ષેત્રે એ વર્ગે હંમેશા મોખરાનું સ્થાન સાચવ્યું છે ને પોતાનો મહાન ફાળો આપ્યો છે. મધ્યમવર્ગને સમાજની કરોડરજ્જુ સમાન લેખવામાં આવ્યો છે. આ વર્ગે મહાન સામાજિક વિચારકો, પ્રથમ હરોળના રાજકીય નેતાઓ, વ્યાપારવાણિજ્ય તથા ઔદ્યોગિક દુનિયાના સંચાલકો, અર્થશાસ્ત્રીઓ ને વહીવંટકર્તાઓ, પ્રમુખ ધારાશાસ્ત્રીઓ, વિદ્વાનો તેમજ સાહિત્યકારો ને વિવેચકો સમાજને આપ્યા છે. આજે ભારતીય સમાજરચના તરફ દૃષ્ટિપાત કરીએ તો આપણને તરત જ આ દૃશ્ય દેખાય છે: એક બાજુ શ્રીમંતવર્ગ છે, તેમની પાસે અઢળક સંપત્તિ છે, જો કે તે વર્ગ આપણા દેશની રચનામાં મુઠ્ઠીભર છે. પર્વતની અણીઆળી ટોચ સાથે તેને સરખાવી શકાય; બીજી બાજુ ખાડાખડીયાવાળી વિશાળ પર્વતની તળેટી છે, જ્યાં કિસાનો, કારીગરો, કામદારો, મજૂરો એ સૌનો સમાવેશ થાય છે. બેની વચ્ચે રહ્યો તે મધ્યમવર્ગ.

શ્રીમંતવર્ગ વર્ષોથી સંગઠિત છે, સાધનસંપન્ન છે, પોતાના હિતોની રક્ષા કરવાને ટેવાયલો છે, સરકાર પણ તેમનું સ્વાભાવિક રીતે જ સાંભળે છે. ગરીબવર્ગ, પીડિતવર્ગ, શોષિતવર્ગ—જે કહીએ તે—પછાત છે ને વર્ષોથી પીડાતો આપ્યો છે. આઝાદી પ્રાપ્તિ પછી આ વર્ગમાં નવચેતના પ્રગટે ને કિસાનસભા યા મજૂરસંઘો દ્વારા તે વધુ ને વધુ વ્યવસ્થિત કાર્ય કરી સરકારના કાન પર પોતાનો અવાજ પહોંચાડે તે સ્વાભાવિક છે. લોકશાહીને વરેલા ને પુખ્તમતાધિકારથી અંકિત થયેલા આ વર્ગ તરફ સરકાર પણ ધ્યાન આપે ને તેના આર્થિક હિતોનું રક્ષણ કરવા કાયદાઓ ઘડે એ સમજી શકાય તેવું છે, ઇચ્છનીય છે. રાજકીય દૃષ્ટિએ કે સામાજિક ન્યાયની દૃષ્ટિએ આ વર્ગના હિતોની અવગણના ન થવી જોઇએ તે દીવા જેટલું સ્પષ્ટ છે.

મધ્યમવર્ગનાં લક્ષણો અને કામગીરી

આ વચલા વર્ગ કે મધ્યમવર્ગની શાસ્ત્રીય રીતે વ્યાખ્યા કરવાનો પ્રયાસ હું નહીં કરું, કારણ તે મુશ્કેલ છે. પણ આ મધ્યમવર્ગ શબ્દ બોલતાંની સાથે જ ઉપર દર્શાવેલા બે વર્ગોથી તદ્દન જુદો તરી આવતો એવો એક વર્ગ નજર સમક્ષ તરી આવે છે. સંખ્યાની દૃષ્ટિએ તે બહોળો છે ને ગામડાંઓને અને શહેરોને તે આવરી લે છે. આ વર્ગમાં શિક્ષણનું પ્રમાણ મોટું છે. તેમજ વ્યકિતઓ બુદ્ધિશાળી, મહેનતું સમજદાર તેમજ સંતોષી છે ને તેના પોતાના જીવનનાં કાંઇક મૂલ્યો છે. તેનામાં ઉંડે ઉંડે સમાજ માટે કાંઇક કરી જવાની તમન્ના હોય છે. બધા વર્ગોમાં અમુક અંશે સ્વાર્થી દૃષ્ટિ હોવા છતાં, આ વર્ગની દૃષ્ટિ કાંઇક નિરાળી છે. રાષ્ટ્રીય આંદોલનમાં આ વર્ગનો ફાળો મોટો હતો. આજે પણ આ વર્ગ રાષ્ટ્રીય રંગે રંગાયેલો છે, દેશનું હિત તેને હૈડે છે. આ વર્ગની અમુક નબળાઇઓ પણ છે; આ વર્ગ રીત-રિવાજ, વટવ્યવહાર વગેરેમાં બેંચાતો આપ્યો છે; ઊજળિયાત વર્ગ તરીકે "તમાચો ખાઇને મોં લાલ" રાખવા ટેવાયલો છે;

તેની નજર શ્રીમંત વર્ગ તરફ ઢળેલી હોય છે ને તે તરફ જવા તે ધમપછાડા મારતો હોય છે.

મધ્યમવર્ગના ઘણા થરો છે; ઉપવિભાગો છે. શહેરનો મધ્યમ વર્ગ ને ગામડાંનો મધ્યમ વર્ગ, મુંબઇનો મધ્યમવર્ગ ને મદ્રાસ કે જયપુરનો મધ્યમવર્ગ એમાં પણ ફરક છે, પણ તેની અમુક વિશિષ્ટતાઓ છે. મધ્યમવર્ગનું પ્રધાન લક્ષણ છે. (૧) બાંધેલી ને ટૂંકી આવક (૨) આવક કરતાં સામાન્ય રીતે વધુ ખર્ચ અને (૩) પ્રમાણમાં વધુ પડતા નભનારા આશ્રિતોનો બોજો. આ વિશાળ વર્ગમાં, મેં કહ્યું તેમ, અનેક પેટા વર્ગોને સમાવી શકાય તેમ છે અને દરેકના પ્રશ્નોની વિગતોમાં જરૂર ફેર હોય છે, છતાં આ વર્ગમાં નાના મોટા નોકરિયાતો, અમલદારો, નાના દુકાનદારો, છૂટક વેપારીઓ, શિક્ષકો, દાક્તરો, વકીલો, લેખકો, વિ. વિ. નો સમાવેશ થાય છે.

મધ્યમ વર્ગની પરિસ્થિતિ: ૧૯૫૨ ની તપાસ-Survey

ઇંગ્લંડ, અમેરિકા ને બીજા આગળ વધેલા દેશોમાં આ મહત્વના વિષય અંગે ઘણી માહિતી છે ને અભ્યાસ થયો છે. આપણા દેશમાં ૧૯૩૬ અને ૧૯૫૩ માં પૂના શહેર અંગે, ૧૯૫૨ માં મુંબઇ શહેરના મધ્યમવર્ગ અંગે, ૧૯૫૩ માં અમદાવાદ શહેર અંગે તથા ૧૯૫૬ માં કલકત્તા શહેર અંગે જે તપાસ થઇ હતી, તેમાંથી મધ્યમવર્ગની મુશ્કેલીઓનો ખ્યાલ આવી શકે છે. આ તપાસોની પદ્ધતિ જુદી હતી ને તેમની ભૂમિકામાં પણ ફેર હતો, પણ આ પ્રશ્નના મુખ્ય પાસાઓ તો આ તપાસમાં ચોક્કસ બહાર ઉપરી આવ્યા હતા. મધ્યમવર્ગની આર્થિક સ્થિતિ નક્કી કરવામાં ઘણી બાબતો લક્ષમાં લેવાવી જોઇએ. (૧) આજીવિકાનાં સાધનો—નોકરી, ધંધો આવકનું સાધન, વિ. (૨) ખર્ચનું ધોરણ ને તેની વિગતો (૩) શિક્ષણનું ધોરણ (૪) રહેઠાણનો પ્રકાર ને તેમાંથી ઉદ્‌ભવતી મુશ્કેલીઓ (૫) મધ્યમ વર્ગના અંદાજપત્રની પરિસ્થિતિ—બચત અથવા કરજ.

૧૯૫૨માં તપાસ મુંબઈ શહેર અંગે થઇ ત્યારે ૧૦૨૪ કુટુંબોની તપાસ કરવામાં આવી હતી. તેનાં પરિણામો દર મહિને થતાં માથા દીઠ ખર્ચ મુજબ તપાસવામાં આવ્યાં હતાં. તપાસના કાર્ય સાર વેપારીઓ, દુકાનદારો, વિ.ના પેટાવિભાગોને ન ગણતાં, મધ્યમવર્ગનો બીજો પેટાવિભાગ જે સરકારી, રેલ્વે, બૅન્કો અને અન્ય નોકરિયાતોનો બનેલો છે તેને જ ગણવામાં આવ્યો હતો. બહુ જ ટૂંકમાં તારવીએ તો તપાસના નિર્ણયો આ મુજબ હતા:

(૧) કુટુંબને એકમ તરીકે ગણતા તેની સરાસરી ૫.૬૨ વ્યક્તિઓની હતી.

(૨) ૭.૬ વ્યક્તિઓ મુખ્ય માણસની આવક પર આધાર રાખતી હતી.

(૩) ૬.૭ ટકા મુખ્ય વ્યક્તિઓ આવકનાં સાધનો વિનાની હતી.

(૪) ૭.૭ ટકા સ્ત્રીઓ નોકરીધંધાના ક્ષેત્રમાં હતી.

(૫) નીચલા મધ્યમવર્ગની સામાન્ય વ્યક્તિને ફાળે ૫૦ ચોરસ ફુટ કરતાં પણ ઓછી જગ્યા ભાગે આવતી હતી.

(૬) ૫૦ ટકા ઉપરાંત રહેઠાણો માટે જુદાં રસોડાં ન હતાં. હવા, ઉજાસ, પાણી, સામાન્ય સુખસગવડો બાબતમાં પરિસ્થિતિ અસંતોષજનક હતી.

(૭) કુટુંબ દીઠ ખર્ચ રૂા. ૩૨૦ હતો; જેમાં રૂા. ૧૫૪ અાધખોરાકી અંગે, રૂા. ૧૯ કાપડ, ચંપલ, બુટ વિ. અંગે, રૂા. ૨૭ ભાડું વીજળી અંગે, રૂા. ૧૦ શિક્ષણ અંગે અને રૂા. ૧૦ તબીબી સારવાર અંગે હતા.

(૮) કુટુંબ દીઠ બાંધેલી આવક ૯૫ ટકા જેટલી હતી. ૨½ ટકા આવક નોકરીધંધા ઉપરાંતની હતી, ૧½ ટકા આવક મિલ્કતમાંથી અને ૧/૫ આવક પરચુરણ હતી.

(૯) આ તપાસ મુજબ ૮૨ ટકા કુટુંબોની આવક રૂા. ૧૦૦થી રૂા. ૪૦૦ની હતી; ૬ ટકાની આવક રૂા. ૧૦૦ થી પણ ઓછી હતી; ૧૧ ટકાની આવક રૂા. ૪૦૦થી વધુ હતી.

આ તપાસનાં પરિણામો ઉપરથી મધ્યમવર્ગ એટલે શું તેનો સ્પષ્ટ ખ્યાલ આપણને અવશ્ય મળી રહે છે. ચર્ચાને ખાતર ભલે ઉપલા, વચલા ને નીચલા એમ મધ્યમવર્ગના ઉપવર્ગો પાડવામાં આવે, પણ મધ્યમવર્ગની નક્કર હકીકત ને વાસ્તવિક પરિસ્થિતિનું દર્શન આપણને ઉપરના આંકડા ને માહિતીમાંથી મળી જાય છે.

તપાસના કેટલાક જવાબો સચોટ હતા:

(૧) "અાદ્યચીજોના ભાવો વધતા જાય છે તે સાથે અમારી મુંઝવણો પણ વધે છે." – ૧૦ ટકાનો જવાબ.

(૨) "રહેઠાણની પરિસ્થિતિ દિનપ્રતિદિન બગડતી જાય છે." – ૬૦ ટકાની માન્યતા.

(૩) "અમારી પાસે બચત કેવી ને વાત કેવી ? બે ટાંટીયા માંડ માંડ મળે છે." – ૬૦ ટકાનો જવાબ.

(૪) "અમે નિયમિત હિસાબો રાખતા નથી – રાખવાનો કશો અર્થ જ નથી." – ૫૦ ટકાનો જવાબ.

આ તપાસ – Survey – મુજબ દરેક વ્યક્તિના ઘરના **માસિક અંદાજપત્રમાં તૂટ** રહેતી હતી ને તે લગભગ રૂા. ૧૭ થી માંડીને રૂ. ૨૨ સુધીની **માથા** દીઠ તૂટ હતી. ઉપલો મધ્યમ વર્ગ બચત જરૂર કરતો, પણ સામાન્ય વર્ગ માંડ ખર્ચ ને આવકના પલ્લાં સરખાં કરી શકતો. આમ "મોટા ભાગનો મધ્યમ વર્ગ કાં તો પોતાની આગળની બચતમાંથી અથવા કરજ કરીને પોતાનું કુટુંબ નિભાવે છે. હાલના સંજોગોમાં આ વર્ગની પરિસ્થિતિ વિષમ છે. કરજનો બોજો વધતો જાય છે ને મધ્યમ વર્ગનો મોટો ભાગ માંડ માંડ ગુજારો કરી રહ્યો છે." એ તપાસનો ઉપસંહાર સર્વમાન્ય બની રહે છે અને આ વર્ગની આર્થિક પરિસ્થિતિ અંગે દીવાદાંડીની ગરજ સારે છે.

મધ્યમ વર્ગની અત્યારની પરિસ્થિતિ

મેં જણાવી તે તપાસ ૧૯૫૨ માં કરવામાં આવી, જે સાથે મુંબઇ યુનિવર્સિટીનો આર્થિક વિભાગ સંકળાયેલો હતો. ૧૯૫૧ થી આપણે આર્થિક આયોજનનાં ચક્રો ગતિમાન કર્યાં, જેથી આપણું અર્થતંત્ર સદ્ધર ને સમતોલ બને ને જનતાનું જીવનધોરણ ઉંચું આવે. ૧૯૫૧ થી પહેલી પંચવર્ષીય યોજના શરૂ થઇ ને ૧૯૫૬ થી બીજી પંચવર્ષીય યોજના શરૂ થઇ. આપણે ત્યાં જો કે કામદારોના જીવનધોરણના આંકડાઓ મળે છે, પણ મધ્યમ વર્ગ માટે આવો આંક તૈયાર થતો નથી. આમ છતાં, જથ્થાબંધ માલના ભાવમાં ૧૯૫૨થી જે વધારો થતો આવ્યો છે, ને ખાસ કરીને છેલ્લાં ત્રણ વર્ષમાં જે ભારે ઉછાળો આવ્યો છે તે નીચેના કોઠા પરથી દેખાય છે.

અાદ્યચીજોનો આંક (૧૯૫૨–૫૩=૧૦૦)	સામાન્ય આંક	વર્કીંગ ક્લાસ પ્રાઇસ ઇંડેક્સ મુંબઇ (૧૯૪૯=૧૦૦)
૧૯૫૦ .... ૧૧૩.૧ ...	૧૦૬.૮	૧૦૨
૧૯૫૧ ... ૧૨૩.૭ ...	૧૨૫.૦	૧૦૮
૧૯૫૨ ... ૧૦૦.૨	૧૦૨.૩	૧૧૦
૧૯૫૩ ... ૧૦૬.૮ ...	૧૦૪.૧	૧૧૮
૧૯૫૪ ... ૯૮.૨ ...	૯૯.૬	૧૧૭
૧૯૫૫ ... ૮૫૪ ...	૯૧.૫	૧૧૦
૧૯૫૬ ... ૯૯.૦ ...	૧૦૨.૬	૧૧૫
૧૯૫૭ ... ૧૦૬.૮ ...	૧૦૮.૭	૧૨૦
૧૯૫૮ ... ૧૧૨.૦ ...	૧૧૧.૦	૧૨૯

આ પછીથી અાદ્યચીજોનો આંક જાન્યુઆરી ૧૯૫૯માં ૧૧૪.૩થી શરૂ થઇ જાન્યુઆરી '૬૦માં ૧૨૮.૪ નો રહ્યો છે;

આવી જ રીતે, સામાન્ય આંક જે જાન્યુઆરી ૧૯૫૮માં ૧૧૨.૩ નો હતો તે વધીને જાન્યુ. ૧૯૬૦માં ૧૧૬.૪નો રહ્યો છે. મુંબઇના કામદારોનો જીવન નિર્વાહ આંક આ જ ગાળા દરમિયાન ૧૨૬ થી વધીને ૧૩૬ થયો હતો. આ આંકડાઓ સચક છે.

આમ જોઇએ તો આ છેલ્લા ત્રણ વર્ષમાં ખાદ્યચીજોમાં લગભગ ૩૦ ટકાનો ને સામાન્ય આંકમાં લગભગ ૨૦ ટકાનો વધારો થયો છે તે સ્પષ્ટ જણાય છે. ૧૯૩૯ની ગણતરીએ આજના ભાવો ૪½ ગણા છે. મધ્યમવર્ગ જે પ્રકારની જીવન-જરૂરિયાતો વાપરવા ટેવાયેલો છે, તે કામદારવર્ગથી તદ્દન જુદી ને કંઇક ઉંચા પ્રકારની હોય છે તે ગણતાં કામદારોના જીવનધોરણમાં જ્યારે લગભગ ૩૫ ટકાનો વધારો થયો છે ત્યારે મધ્યમવર્ગના જીવનધોરણમાં થયેલો વધારો ઘણો મોટો હોવો જોઇએ. આ ઉપરાંત, સરકારી આંકડાઓની મર્યાદા જાણીતી છે. વાસ્તવિક વધારો ઘણો વધારે છે તે હકીકત છે. ખાસ બાબત ધ્યાન ખેંચે તેવી એ છે કે ૧૯૫૨ની તપાસનો જે મેં ઉપર ઉલ્લેખ કર્યો છે, તે પછીના વર્ષોમાં અને તે પણ આયોજીત આર્થિક વિકાસના અનુસંધાનમાં હાથ ધરાતી વિકાસ યોજનાઓના અમલ છતાં, આ ભારે ઉછાળો ભાવોમાં આવ્યો છે ને તેથી બાંધેલી ને ટૂંકી આવકવાળા મધ્યમવર્ગની પરિસ્થિતિ વધુ કરૂણ બની છે. યુદ્ધકાળ દરમિયાન રૂપિયાની ઓસરતી જતી કિંમતને લીધે જે મોંઘવારી મધ્યમવર્ગે અનુભવી હતી, તેના કરતાં પણ હાલની મોંઘવારી વધુ ઘેરી અસર કરનારી છે. ૧૯૫૨ માં કુટુંબ દીઠ આવક ને જાવકના હિસાબમાં મુંઝવણોનું પ્રમાણ આપણે જે જોયું, તેમાં આ છ સાત વર્ષના ગાળામાં ઘણો જ વધારો થયો છે તે નક્કી છે. જીવન-જરૂરિયાતોની બાબતમાં ખર્ચ વધે ને સામે આવકનાં સાધનો સંકોચાય ત્યારે ભારે ગુંગળામણ અનુભવવામાં આવે. બીજા વિશ્વયુદ્ધની જેમ આજે પણ વધુ પ્રમાણમાં મોંઘવારીની કારમી ભીંસ મધ્યમવર્ગને સાંકડામણમાં મૂકે છે. આઝાદીના આ બાર વર્ષ દરમિયાન સામાન્ય રીતે એમ કહી શકાય કે આ વર્ગની આવકમાં વધારો નજીવો થયો હશે, આ વર્ગના કેટલાક થરોમાં ને શહેરોમાં થોડીક રોજગારી આ વર્ગને પહોંચી પણ હશે. પણ ભાવ-સપાટી ઉંચી ને ઉંચી વધતી જવાથી મધ્યમવર્ગને ખાસ વધુ શોષવું પડે છે. આ ભાવ-વધારાની અસર શ્રીમંત વર્ગ પર ખાસ ન દેખાય તે સમજી શકાય તેવું છે. કામદારવર્ગનું વેતન જીવનનિર્વાહ આંક સાથે જોડાયેલું છે. ને તેથી તે આંકમાં જેમ જેમ ફેરફારો થતા જાય તેમ તેમ વેતનમાં પણ ફેરફારો થાય છે, તેમની ખરીદશક્તિમાં ફેર પડતો નથી. તેથી તેમને આ મોંઘવારીની ખાસ ગંભીર અસર જણાતી નથી. મોંઘવારી વધતાં મધ્યમવર્ગની જ ખરીદશક્તિમાં કાપ પડે છે અને તેની આવક મોંઘી જરૂરિયાતો સંતોષવામાં ઘસડાઇ જાય છે. આ ઉપરાંત, આપણે એ ન ભૂલીએ કે શ્રમજીવી કે કામદાર વર્ગમાં કમાનારા વધારે ને આશ્રિતો ઓછા હોય છે, જે પરિસ્થિતિ કમનસીબે મધ્યમવર્ગ માટે હોતી નથી. આજે 'ટ્રેડ યુનિયન'ના દિવસો છે ને તેથી સરકારી ને અર્ધસરકારી નોકરિયાતો હડતાળ ને માંગણીઓ દ્વારા પોતાનો કેસ રજુ કરતા હોય છે. મુંબઇમાં કામદારો ને સરકારી ને અર્ધસરકારી નોકરિયાતોની માંગણીઓ રજુ કરતા સરઘસો જોવા આપણે ટેવાએલા છીએ. સરકારને તેમનું સાંભળવું પણ પડે છે. મધ્યમ વર્ગને માટે આજે તો એવો કશો અવકાશ નથી, કારણ તે અવ્યવસ્થિત છે, તેનામાં સંગઠનનો ને નેતાગીરીનો અભાવ છે. મધ્યમ વર્ગને પોતાને પણ આની પડી નથી. હાલના મધ્યમ વર્ગને 'સીન્ડરેલા' તરીકે ઓળખવામાં જરા પણ વાંધો નથી.

મધ્યમ વર્ગની ઉપેક્ષા

કોંગ્રેસના કાર્યકર્તા તરીકે આ પરિસ્થિતિની મેં કેટલાક માનનીય કોંગ્રેસ પ્રધાનો સાથે ચર્ચા કરી, પણ આ પ્રશ્નનો જ્યાં લગભગ સ્વીકાર જ કરવામાં આવતો નથી, ત્યાં ઉકેલ તો શું સંભવે ? હાલની પરિસ્થિતિમાં 'ભલે ઘંટીના બે પડ વચ્ચે તે પીલાઈ જાય' અથવા 'તેનું અસ્તિત્વ ભલેને ભૂંસાઇ જાય' એવી ઉપેક્ષાવૃત્તિ તેમનામાં મેં જોઇ છે. આ એક ભયસ્થાન છે ને આવો મહત્વનો વર્ગ જો હેરાનપરેશાન થશે તો તેનાં પરિણામો ગંભીર નિવડશે એમ હું અવશ્ય માનું છું. આ ઉપરાંત બીજા પક્ષો પણ આ પરિસ્થિતિનો ગેરલાભ લેવા પ્રેરાશે ને તેથી આખરે તો કોંગ્રેસને જ ખમવું પડશે. વિકાસયોજનાઓના ઓજાઓ ને લાભોનું વિતરણ એવી રીતે થવું જોઇએ કે જે કલ્યાણકારી રાજ્યની કલ્પનાને ને પ્રયાસોને સક્રિય રીતે મદદકર્તા નીવડે. કલ્યાણકારી રાજ્યે સમાજના બધા વર્ગોના હિતો જોવા જોઇએ. સમાજવાદી સમાજરચના કાંઇ ચપટી વગાડતાં થવાની નથી. વર્ગવિહીન સમાજ કે સર્વોદય સમાજ કાંઇ રાતોરાત ઉભો થવાનો નથી. આજે તો સરકારના મોવડીઓ જે મોટે ભાગે મધ્યમવર્ગના પ્રતિનિધિ છે, ને મુખ્યત્વે જેમના મત પર તેઓ ચુંટાયા છે, તેઓ આ બાબતમાં ન સમજાય તેવું વલણ અખત્યાર કરે છે. વર્ગીય હિતોની વાત ન કરવાની સલાહ આપનારા કેટલાક હકીકતે વર્ગીય દૃષ્ટિબિન્દુ સ્વીકારતા હોય છે તો તેને પરિણામે અમુક અંશે સરકારી નીતિ ઘડાતી હોય છે. આ વિધાનની વિગતોમાં ઉતરવાની હું અત્રે જરૂર જોતો નથી.

'પેટે પાટા બાંધો' એવી સલાહ આપતી વખતે અણવિકસિત એવા આર્થિક દેશ માટે, જ્યાં ભૂખમરાની સપાટી પર લોકો રહેતા હોય ને ઘણી બધી જીવનજરૂરિયાતો વણસંતોષાયેલી રહેલી હોય, તેના અમલમાં-ઘણી મર્યાદાઓ છે તે ભૂલી જવાતું લાગે છે. આજે તો ખાસ કરીને અનાજ ને કાપડની બાબતમાં તો "પૂરતું ખાઓ ને રીતસરનું પહેરો" તે સૂત્ર સરકારે અમલમાં મૂકવું જોઇએ અને આવી નીતિથી પેદા થતા-પ્રજાના ઉત્સાહને વિકાસયોજનાની સફળતા માટે જોતરવો જોઇએ. યોજનાના પાયામાં છે એ કલ્પના છે કે 'ઉજળી આવતી કાલ માટે, આજે કાંઇક કમર કસો.' મધ્યમવર્ગના લોહીમાં આ વાત છે. પણ આ વર્ગને કાંઇક રાહત આપીને, તેને છતી લક્ષ્મને, તેને દેશના નવનિર્માણના કામમાં વધારે સક્રિય રસ લેતો કરી શકાય. આ દિશામાં સત્વર પગલાં લેવાવાં જોઇએ.

અપૂર્ણ

કાન્તિલાલ બરોડિયા

વિષય સૂચિ

		પૃષ્ઠ
ધર્મ-વિચાર	વિનોબા	૨૧૯
કરૂણાની વેદના	પરમાનંદ	૨૨૦
ઉપવાસ	ગટુલાલ ગોપીલાલ ધૂ,	૨૨૨
ગુજરાતનું નવનિર્માણ	ગગનવિહારી મહેતા,	૨૨૩
પ્રકીર્ણ નોંધ:-ભાઇ ભાનુશંકર યાજ્ઞિકને ધન્યવાદ,		૨૨૫
મુંબઇ પ્રદેશનું આગામી વિભાજન અંગેની ચુંચોની સુખદ નિકાલ.		
વિકાસયોજના અને મધ્યમવર્ગ	કાંતિલાલ બરોડિયા,	૨૨૬

મુંબઇ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.
મુદ્રણસ્થાન 'ચંદ્ર પ્રિં. પ્રેસ, ૪૫૧ કાલબાદેવી રોડ, મુંબઇ ૨. ટે. નં. ૨૯૩૦૩

રજીસ્ટર્ડ નં B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૧ : અંક ૨૩

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, એપ્રિલ ૧, ૧૯૬૦, શુક્રવાર
આફ્રિકા માટે શીલિંગ ૮

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ : નયા પૈસા ૨૦

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

વિ. સં. ૨૦૧૫ શ્રી. મુંબઇ જૈન યુવક સંઘનો વાર્ષિક વૃત્તાન્ત ઈ. સ. ૧૯૫૯

શ્રી. મુંબઇ જૈન યુવક સંઘ વિ. સં. ૨૦૧૬ ના પ્રારંભ સાથે ૩૧ વર્ષ પૂરા કરીને ૩૨ માં વર્ષમાં પ્રવેશ કરે છે. આ વૃત્તાન્ત વહીવટની દૃષ્ટિએ વિ. સં. ૨૦૧૫ ના પ્રારંભથી અન્ત સુધીનો છે; કાર્યવાહીની દૃષ્ટિએ સંઘની વાર્ષિક સામાન્ય સભા ગત વર્ષ દરમિયાન એપ્રિલ માસની ૯ મી તારીખે મળી હતી ત્યારથી તે આજ સુધી એટલે કે ૨૧ માર્ચ સુધીનો છે. સંઘનું કામકાજ પૂર્વવત્ એક સરખું ચાલી રહ્યું છે અને તે હસ્તકની ભિન્ન ભિન્ન પ્રવૃત્તિઓ એક સરખી ગતિમાન બની રહી છે!

પ્રબુદ્ધ જીવન

સંઘનું મુખપત્ર 'પ્રબુદ્ધ જીવન' આગામી એપ્રીલ માસની ૧૫ મી તારીખે ૨૧ વર્ષ પૂરાં કરશે. મોંઘવારી વધતી જતી હોવા છતાં પ્રબુદ્ધ જીવન ચાલુ દશ પાનાની અને કદિ કદિ બાર પાનાની વાચન-સામગ્રી પુરું પાડતું રહ્યું છે. પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન મળતા દ્રવ્યસિંચનના કારણે, પ્રબુદ્ધ જીવન ચલાવવા પાછળ સંગીન ખોટ આવવા છતાં તે એક સરખું ટકી રહ્યું છે અને જાહેરખબર નહિ લેવાની ટેકને આજ સુધી વળગી રહી શકયું છે. તેની ગ્રાહક સંખ્યા જે હતી તે લગભગ ચાલુ રહી છે. તેમાં કોઈ મહત્વના ફેરફાર થયો નથી. પ્રબુદ્ધ જીવન ચલાવવા પાછળ વહીવટી વર્ષ દરમિયાન રૂા. ૧૬૧૫-૩૪ ની આવક થઇ થઇ છે અને રૂ. ૪૯૧૯-૧૯ નો ખર્ચ થયો છે. પરિણામે રૂ. ૩૩૩૩-૮૫ ની ખોટ આવી છે. સંઘના સભ્યો મન ઉપર લે અને ગ્રાહક સંખ્યા વધારવા માટે કટિબદ્ધ બને તો જ આ ખોટ હળવી કરી શકાય.

પર્યુષણ વ્યાખ્યાનમાળા

દર વર્ષ માફક ગત વર્ષ દરમિયાન ઓગસ્ટ માસની ૨૦મી તારીખથી સપ્ટેંબર માસની ૭ મી તારીખ સુધી-એમ નવ દિવસની-પર્યુષણ વ્યાખ્યાનમાળા ગોઠવવામાં આવી હતી. આ નવે દિવસની વ્યાખ્યાનસભાઓનું પ્રમુખસ્થાન પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજીએ શોભાવ્યું હતું. પહેલા પાંચ દિવસની વ્યાખ્યાન સભાઓ બ્લેવાટ્સ્કી લોજમાં, પછીના બે દિવસની વ્યાખ્યાન સભાઓ રોકસી થીએટરમાં અને છેલ્લા દિવસની વ્યાખ્યાન સભા ભારતીય વિદ્યાભવનમાં ભરવામાં આવી હતી. આ સમયની વ્યાખ્યાનમાળાની એક નોંધપાત્ર વિશેષતા એ હતી કે આ વખતે માત્ર બહેનોને જ વકતાઓ તરીકે પસંદ કરવામાં આવી હતી, અને એમ છતાં પ્રસ્તુત વ્યાખ્યાનમાળામાં અપાયલાં વ્યાખ્યાનોની પરિપાટી એકસરખી જળવાઇ રહી હતી-બલકે અમુક અંશે ઊંચે ચઢી હતી. આ વ્યાખ્યાનમાળામાં ભાગ લેનાર બહેનોનો અને તેમના વ્યાખ્યાનવિષયનો ક્રમ નીચે મુજબ હતોઃ—

વ્યાખ્યાતા	વ્યાખ્યાન વિષય
શ્રીમતી વેણીબહેન કાપડિયા	આધ્યાત્મિક જીવન વિષે શ્રી. અરવિંદ
અધ્યાપિકા ધીરૂબહેન પંડિત	વર્ગભાવના અને સમાજ-ભાવના
ડૉ. પ્રિયંબાલા શાહ	દેવપ્રતીકો અને તેમના હેતુ
શ્રીમતી લીલાવતી મુનશી	૫ અનિષ્ટ ચલચિત્રો
અધ્યાપિકા હીરાબહેન પાઠક	ગાંધીજીની નારીવિષયક ભાવના
ડૉ. ધૈર્યબાળા વોરા	હિન્દુ ધર્મમાં અહિંસાની ભાવના
અધ્યાપિકા તરૂલતા દવે	ભારતનું આર્થિક આયોજન
શ્રીમતી કપિલાબહેન ખાંડવાલા	કેટલાક શૈક્ષણિક સવાલો
પ્રિન્સીપાલ સવિતા બહેન	માનવી જીવનમાં ધર્મનું સ્થાન
અધ્યાપિકા ઉષા મહેતા	સોક્રેટીસ અને ગાંધીજી
લેડી રામરાવ	આઝાદ ભારતમાં સ્ત્રી-શકિતનો હિસ્સો
શ્રીમતી આશાદેવી	ગાંધીજી અને વિનોબાદ્વારા
આર્યનાયકમ્	ભારતમાં અહિંસાદૃષ્ટિનો વિકાસ
શ્રીમતી વિમલા બહેન ઠકાર	હિંસામાંથી અહિંસા તરફ

આ બહેનોમાં મોટા ભાગે મુંબઇની બહેનો હતી; ચાર બહેનો બહારગામથી આવેલ હતી. આ વ્યાખ્યાનોના કાર્યક્રમ સાથે સંગીતનું પણ સુન્દર આયોજન કરવામાં આવ્યું હતું. છેલ્લા બે દિવસો દરમિયાન ભાવનગરનિવાસી શ્રી. કમલાબહેન ઝવેરચંદ મેઘાણી કૃત 'દસ્તાવેજ' અને જૈન કથાનકોમાં સુપ્રસિદ્ધ શાલીભદ્રની કથા ઉપરથી પોતે રચેલાં બે આખ્યાનો રજુ કર્યાં હતાં અને તેમની વાણી તથા કંઠના લાલિત્ય વડે સાંભળનાર વિપુલ શ્રોતાગણનું ચિરસ્મરણીય મનોરંજન કર્યું હતું. આ વ્યાખ્યાનમાળાને આવી સફલતાપૂર્વક પાર પાડવા પાછળ સંઘને રૂ. ૧૫૦૪-૨૬ નું ખર્ચ થયું હતું. આ વ્યાખ્યાનમાળામાં રસપૂર્વક ભાગ લેતાં ભાઇબહેનો તરફથી આશરે રૂા. ૬૨૫૮-૩૪ ની સંઘને આવક થઇ હતી.

ગત વર્ષ દરમિયાન યોજાયલાં વ્યાખ્યાનો તેમજ અન્ય સંમેલનો

સંઘ તરફથી ગત વર્ષ દરમિયાન નીચે મુજબની વ્યાખ્યાન સભાઓ તથા સંમેલનો યોજવામાં આવ્યાં હતાં.

૧. તા. ૨૭-૬-૫૯ ના રોજ સંઘના કાર્યાલયમાં **શ્રી. પરમાનંદ કુંવરજી કાપડિયાએ** 'બદ્રીકેદાર' એ વિષય ઉપર વ્યાખ્યાન આપ્યું હતું. અને એ વ્યાખ્યાનમાં પોતે તાજેતરમાં કેદારનાથ, તુંગનાથ તથા બદ્રીનાથની યાત્રાએથી પાછા ફરેલા તેને લગતાં અનેક સ્મરણો તેમજ અનુભવો પોતાનાં વ્યાખ્યાનમાં તેમણે રજુ કર્યા હતાં.

૨. તા. ૪-૭-૫૯ રોજ 'મનોહર' માં **શ્રી. નવનીતલાલ પરીખ** ગયા વર્ષે કેદારનાથ-બદ્રીનાથની યાત્રાએ ગયેલા તેને લગતું તેમણે રંગીન ચિત્રપટ તૈયાર કરેલું તે ચિત્રપટ દેખાડ્યું હતું અને આગલા અઠવાડીયે જેનું શબ્દોમાં વર્ણન કરવામાં આવેલું તેજ તીર્થ ધામોનું ચિત્રપટદ્વારા શ્રી. નવનીતભાઇએ સંઘના સભ્યોને પ્રત્યક્ષ દર્શન કરાવ્યું હતું.

૩. તા. ૧૬-૮-૫૯ ના રોજ કાર્યાલયમાં મુંબઇ મ્યુનિસિપાલીટીના ડેપ્યુટી કમીશનર **શ્રી. મનુભાઇ રાવળે** 'ગ્રામનવનિર્માણ' એ વિષય ઉપર એક અભ્યાસપૂર્ણ અને અનુભવસભર વ્યાખ્યાન આપ્યું હતું અને ભારત સરકારના આ દિશાના અનેકવિધ પ્રયત્નોનો અને તેનાં શુભ પરિણામોનો ખ્યાલ આપ્યો હતો.

૪. તા. ૨૧-૯-૫૯ ના રોજ 'મનોહર' માં જાણીતા વિદ્વાન વિવેચક તથા ચિત્રકાર **શ્રી. પરમાનંદ મહેરાએ** પોતે ચિતરેલાં ચિત્રો ઉપરથી તૈયાર કરેલી રંગીન સ્લાઇડ્સ દ્વારા મેજીક લેન્ટર્નની મદદથી ભગવદ્ગીતા ઉપર પ્રવચન કર્યું હતું, અને ભગવદ્ગીતાના તત્ત્વનો શ્રોતાઓને રોચક પરિચય કરાવ્યો હતો.

૫. તા.-૧૦-૧૦ ૫૯ ના રોજ 'મનોહર' માં **શ્રી. કરમશી. જે. સોમૈયા** ગયા વર્ષે હિમાલયના પાંચ મુખ્ય તીર્થ ધામો--કૈલાસ, બદ્રીનાથ, કેદારનાથ, જન્મોત્રી તથા ગંગોત્રીની યાત્રાએ સહકુટુંબ ગયેલા, તે યાત્રાનાં તેમણે તૈયાર કરાવેલાં ચિત્રપટો સંઘના સભ્યોને દેખાડીને ઘર બેઠાં ઉપસ્થિત ભાઈ બહેનોને એક સાથે પાંચે યાત્રાધામોનાં દર્શનનો તેમણે લાભ આપ્યો હતો. આ કાર્યક્રમ લગભગ અઢી કલાક ચાલ્યો હતો.

૬. સંઘના વર્ષોજુના સભ્ય અને મુંબઈ શહેરના નાગરિક, પ્રજાસેવક શ્રી. વીરચંદ પાનાચંદ શાહનું તા. ૧૧-૧૦-૫૯ ના રોજ અવસાન થયું હતું તે અંગે સંઘના કાર્યાલયમાં મુંબઇ પ્રદેશના મહેસુલ પ્રધાન **શ્રી રસિકલાલ ઉમેદચંદ પરીખના** પ્રમુખસ્થાને તા. ૧૬-૧૦-૫૯ ના રોજ સંઘના આશ્રયે એક શોકસભા ભરવામાં આવી હતી અને તે પ્રસંગે શ્રી. રસિકભાઇ તરફથી તેમજ સ્વ. વીરચંદભાઇ સાથે ગાઢ સંબંધ ધરાવતા મિત્રો તરફથી સ્વ. વીરચંદભાઇને હાર્દિક અંજલિઓ આપવામાં આવી હતી.

૭. તા. ૪-૧૨-૫૯ રોજ સંઘના કાર્યાલયમાં **શ્રી. ચીમનલાલ ચકુભાઇ શાહે,** 'આપણી રાજકીય પરિસ્થિતિ' એ વિષય ઉપર સરહદ ઉપર શરૂ થયેલું ચીની આક્રમણ, પાકીસ્તાન સાથે સુધરતા જતા ભારતના સંબંધો અને મુંબઇ પ્રદેશના વિભાજન ઉપર મર્મસ્પર્શી માર્ગદર્શન કરાવ્યું હતું.

૮. તા. ૧૭-૧-૬૦ ના રોજ 'મનોહર' માં ભાવનગર બાજુના સુપ્રસિદ્ધ બારોટ કવિ કશળસિંગ રૂપસિંગનો સંઘતરફથી એક જલસો ગોઠવવામાં આવ્યો હતો. કવિશ્રી કશળસિંગે અખંડ ત્રણ કલાક સુધી કાવ્યો, કવિતો અને ગીતો તેમ જ પૌરાણિક તથા આજના સમયને લગતી લોકકથાઓ સંભળાવીને શ્રોતાઓનું મનોરંજન કર્યું હતું અને સંઘ તરફથી કવિશ્રીનો યોગ્ય પુરસ્કાર કરવામાં આવ્યો હતો.

૯. તા. ૪-૨-૬૦ ના રોજ 'મનોહર'માં **શ્રી જગદીશ નાણાવટીએ** હિમાલયમાં દાર્જીલીંગ બાજુએ પર્વતારોહણને લગતી જે તાલીમ હિમાલયન માઉન્ટેનિયરીંગ ઇન્સ્ટીટયુટ તરફથી આપવામાં આવે છે તેને લગતી ૧૭૦ રંગીન સ્લાઇડ્સ સંઘના સભ્યોને દેખાડી હતી અને એ રીતે હિમાચ્છાદિત પ્રદેશમાં કેવી રીતે આરોહણ - અવરોહણ કરવામાં આવે છે અને વિકટ પ્રદેશોને કેવી રીતે પસાર કરવામાં આવે છે તેનો સચોટ ખ્યાલ આપ્યો હતો.

૧૦. તા. ૬-૨-૬૦ ના રોજ સંઘના કાર્યાલયમાં **શ્રી. કાન્તિલાલ ઉમેદચંદ ઝવેરીયાએ 'વિકાસ યોજના અને મધ્યમ વર્ગ'** એ વિષય ઉપર અભ્યાસપૂર્ણ વ્યાખ્યાન આપ્યું હતું અને મધ્યમ વર્ગની આજની વિકટ સમસ્યાની અનેક બાજુએ આલોચના કરી હતી અને સરકાર તેમજ મધ્યમ વર્ગ ઉભયને માર્ગદર્શક કેટલાંક સૂચનો કર્યા હતાં.

૧૧. તા. ૧૯-૨-૬૦ ના રોજ સંઘના કાર્યાલયમાં **શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહે** 'સાહિત્યમાં અશ્લીલતા' જેવા નાજુક વિષય ઉપર એક વિચારગંભીર અને પ્રસ્તુત વિષયને અનેક બાજુએથી સ્પર્શતું વ્યાખ્યાન આપ્યું હતું.

૧૨. તા. ૫-૩-૬૦ ના રોજ શ્રી પ્રાણસુખલાલ મફતલાલ સ્વીમીંગ પૂલના કાફેટેરીઆમાં સંઘ તરફથી સંઘના સભ્યોનું એક સમૂહ ભોજન ગોઠવવામાં આવ્યું હતું અને એ પ્રસંગે શ્રી ગગનવિહારી લલ્લુભાઇ મહેતાને અતિથિવિશેષ તરીકે નિમંત્રવામાં આવ્યા હતા. આ સમૂહભોજનમાં લગભગ ૧૫૦ ભાઇ બહેનોએ ભાગ લીધો હતો. અતિથિવિશેષ તરીકે પધારેલા **શ્રી ગગનવિહારી મહેતાએ** ગુજરાતના નવનિર્માણ અંગે વિસ્તારથી વિવેચન કર્યું હતું અને ગુજરાતની ભાવી શકયતાઓનો ખ્યાલ આપ્યો હતો અને ગુજરાતને અનેક બાજુએથી ખીલવવાની મહેચ્છા ધરાવતી ગુજરાતી પ્રજાને કેટલીક માર્ગદર્શક સૂચનાઓ કરી હતી.

૧૩. તા. ૨૦-૩-૬૦ ના રોજ 'મનોહર'માં ભારત સરકારનાં ફિલ્મ્સ ડીવીઝનનાં ત્રણ ચિત્રપટો - મદુરા, કોનારક અને ખજુરાહોને લગતાં-અને તે ઉપરાંત શ્રી નવનીત પરીખનું નેપાળના ઉત્તર વિભાગમાં આવેલ 'મુકિતનાથ'નું રંગીન ચિત્રપટ સંઘના સભ્યોને દેખાડવામાં આવ્યું હતું. મુકિતનાથના ચિત્રપટે હિમાલયની ભવ્યતાનું અદ્‌ભુત દર્શન કરાવ્યું હતું. એકત્ર થએલાં ભાઇઓ, બહેનો અને બાળકો આ ચિત્રપટો જોઇને ખૂબ પ્રસન્ન થયાં હતાં.

શ્રી. મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય.

સંઘની આ પ્રવૃત્તિ સંતોષકારક રીતે ચાલે છે; વાચનાલયનો હંમેશા ૧૨૫થી ૧૫૦ ભાઇઓ લાભ લે છે. વાચનાલયમાં આવતા સામયિકોની યાદી નીચે મુજબ છે:-

૬ દૈનિકો, ૧૮ સાપ્તાહિકો, ૧૩ પાક્ષિકો ૩૫ માસિક ૪ ત્રિમાસિક અથવા વાર્ષિકો આવે છે, તથા ભાષાની દૃષ્ટિએ ૮ અંગ્રેજી સામયિકો, ૬૦ ગુજરાતી સામયિકો અને ૮ હિંદી સામયિકો એમ કુલ ૭૬ સામયિકો આવે છે. પુસ્તકાલય વિભાગમાં ગત વર્ષ દરમિયાન રૂ. ૭૧૧-૭૬નાં પુસ્તકો ખરીદવામાં આવ્યા છે. અને પુસ્તકાલયનો ચાલુ લાભ લેનારા ભાઇબહેનોની સંખ્યા ૨૫૦-ની છે. ગત વર્ષ દરમિયાન આ પ્રવૃત્તિના સંચાલન પાછળ રૂા. ૪૬૩૧-૬૩નો ખર્ચ કરવામાં આપ્યો છે; આવક રૂા. ૪૮૦૭-૬૯ ની થઇ છે. એમ વર્ષની આખરે રૂા. ૧૭૬-૩૪ વધારો રહ્યો

છે, તેમાં ગયા વર્ષનો વધારો રૂા. ૧૮૬-૧૮ ઉમેરતાં કુલ વધારો રૂા. ૩૬૫-૫૨નો રહે છે.

વૈદ્યકીય રાહત તથા માવજતનાં સાધનો

સંઘ તરફથી વૈદ્યકીય રાહતની અપેક્ષા ધરાવતા ભાઇ બહેનોને દવાઓ તથા ઇંજેકશનો આપવામાં આવે છે. આ રાહત સાધારણ રીતે જૈન સમાજ પૂરતી મર્યાદિત રાખવાનું વિચારાયું છે અને એમ છતાં અતિશય જરૂરિયાત ધરાવતી જૈનેતર વ્યકિતને પણ અનતી મદદ આપવામાં આવે છે.

સંઘમાં માંદાની માવજતનાં સાધનો સારા પ્રમાણમાં વસાવવામાં આવ્યા છે અને તેનો લાભ કશા પણ ભેદભાવ સિવાય આસપાસ વસતા કુટુંબોને આપવામાં આવે છે અને તેનો લાભ સારા પ્રમાણમાં લેવાય છે.

વર્ષ દરમિયાન કરવામાં આવેલ બંધારણીય ફેરફાર

ગત વર્ષ દરમિયાન એપ્રિલ માસની ૯મી તારીખે મળેલી વાર્ષિક સામાન્ય સભામાં સંઘના બંધારણમાં નીચે મુજબની કલમ ઉમેરવાની ભલામણ સંઘની કાર્યવાહક સમિતિ તરફથી રજુ કરવામાં આવી હતી:

"સંઘના હિતને સીધી કે આડકતરી રીતે હાનિ પહોંચે તેવું વર્તન કરનાર સભ્યને પોતાના વર્તન સંબંધી ખુલાસો કરવાની તક આપ્યા બાદ યોગ્ય લાગ્યાથી સંઘની કાર્યવાહક સમિતિ તે સભ્યને સંઘના સભ્ય તરીકે રદ કરી શકશે અને તેનાં કારણો આપવા કાર્યવાહક બંધાયેલી રહેશે નહિ."

આ બંધારણીય સુધારા ઉપર ચર્ચા ચાલે તે પહેલાં સમય બહુ થઇ ગયેલો હોઇને તથા આ કાનૂની સુધારાની ચર્ચા ઘણો સમય લેશે એમ લાગવાથી આ બાબતની ચર્ચા અને નિર્ણય માટે આગળ ઉપર સંઘની ખાસ સામાન્ય સભા બોલાવવાની કેટલાંએક સભ્યો તરફથી સૂચના કરવામાં આવી હતી અને તે સૂચનાનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો હતો. ત્યાર બાદ તા. ૯-૪-૫૯ ના રોજ સંઘના કાર્યાલયમાં સંઘની આ મુલતવી રહેલી સામાન્ય સભા બોલાવવામાં આવી હતી અને તેમાં ઉપર જણાવેલ નવી કલમનો ઉમેરો રજુ કરવામાં આવ્યો હતો. તે ઉપર કેટલીએક ચર્ચાવિચારણા થયા બાદ કરવામાં આવેલાં સૂચનોને ધ્યાનમાં લઇને સંઘના મંત્રી શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાએ નીચે મુજબ સુધારીને રજુ કરી હતી.

"સંઘના હિતને સીધી કે આડકતરી રીતે હાનિ પહોંચે તેવું વર્તન કરનાર સભ્યને પોતાના વર્તન સંબંધે ખુલાસો કરવાની તક આપ્યા બાદ યોગ્ય લાગ્યાથી સંઘની કાર્યવાહક સમિતિ તે સભ્યને રદ કરવાની સામાન્ય સભાને ભલામણ કરી શકશે અને તે બાબતમાં સામાન્ય સભા યોગ્ય નિર્ણય લઈ શકશે."

આ રીતે સુધારવામાં આવેલી કલમ સર્વાનુમતે પસાર કરવામાં આવી હતી.

સંઘની કાર્યવાહી તથા આર્થિક પરિસ્થિતિ

સંઘ હસ્તકની વિવિધ પ્રવૃત્તિઓનો ઉપર સંક્ષેપમાં ખ્યાલ આપવામાં આવ્યો છે. ગત વર્ષ દરમિયાન ઉપર જણાવ્યું તે મુજબ સંઘની એક સામાન્ય સભા બોલાવવામાં આવી હતી અને કાર્યવાહક સમિતિની ૧૨ સભાઓ બોલાવવામાં આવી હતી કાર્યવાહક સમિતિની સભાઓમાં સભ્યોની હાજરી ઉત્સાહજનક નથી. સંઘની ક્રિયાશીલતાનો આધાર કાર્યવાહક સમિતિની ક્રિયાશીલતા ઉપર આધાર રાખે છે અને તેનો આધાર સંઘની કાર્યવાહક સમિતિની સભાઓમાં સભ્યોની કેટલી હાજરી રહે છે અને ચાલુ કામકાજમાં તેઓ કેટલો રસ દાખવે છે તેના ઉપર રાખે છે. આ રીતે વિચારતાં સંઘની પ્રવૃત્તિઓનું રૂપ ચાલુ ચીલે ચાલી જવાનું રહ્યું છે; નવા ચીલાઓનું કોઇ નિર્માણ દેખાતું નથી.

સંઘની આર્થિક પરિસ્થિતિને લગતી વિગતો આ સાથે સાંકળેલા આવકજાવકના હિસાબ અને સરવૈયાંઓ ઉપરથી માલુમ પડે તેમ છે. તેનો સંક્ષેપમાં એ સાર છે કે સંઘને ગત વર્ષમાં ખર્ચ રૂા. ૪૩૧૩-૦૬ નો થયો છે; આવક રૂા. ૮૭૨૬-૦૪ની થઇ છે અને સરવાળે રૂા. ૪૪૬૫ નો વધારો રહે છે. તેમાંથી પ્રબુદ્ધ જીવનની ખોટ રૂા. ૩૩૩૩-૮૫ બાદ કરતાં રૂા. ૧૦૮૨-૧૦ નો ચોકખો વધારો થયો છે.

સંઘની સમગ્ર કાર્યવાહીના આ ટુંકી રૂપરેખા છે. સંઘના નામપરિવર્તનનો પ્રશ્ન જે ગત વર્ષ દરમિયાન એક મોટી ચર્ચાનો વિષય બન્યો હતો તે હજુ પ્રશ્ન રૂપે જ ઉભો છે. સંઘને પોતાનું મકાન હોવાનું સ્વપ્ન હજુ સ્વપ્નદશા જ સેવે છે. પ્રબુદ્ધ જીવન પાક્ષિક પત્ર છે તેનું સાપ્તાહિકમાં રૂપાન્તર કરવાની કલ્પનાને મૂર્ત રૂપ મળવાની કોઇ તત્કાળ આશા દેખાતી નથી. ગયે વર્ષે શરૂ કરેલી વસન્ત વ્યાખ્યાનમાળાને પૂરતો આવકાર નહિ મળવાને કારણે આ વર્ષે તે હાથ ધરવામાં આવી નથી. સંઘની ગત વર્ષ દરમિયાન મુંબઇની નજીકનાં સ્થળોએ સભ્યો માટે પર્યટનો યોજવાના વિચારો કરેલા, પણ એક યા બીજા કારણે તે મુલતવી રાખવા પડ્યા છે. મુંબઇમાં વસતા અનેક કુટુંબોમાં એક યા બીજી માંદગીના કારણે ખરીદેલાં ઔષધો અને ઇંજેકશનો ઘણી વખત નકામાં પડી રહે છે. એક બાજુ તે એકઠા કરવાં અને તેની જેને જરૂર હોય એવા કુટુંબોમાં તે પહોંચતાં કરવાં – આવી એક યોજનાની ગત વર્ષ દરમિયાન ઠીક ઠીક ચર્ચા કરવામાં આવી હતી, પણ એ બાબતમાં પૂરતા ઉત્સાહનો અનુભવ નહિ થતાં એ વિચારને અમલી રૂપ હજુ સુધી આપી શકાયું નથી. સંઘની સભ્ય સંખ્યા ૩૬૮ છે, તે આગળના હિસાબે લગભગ કાયમી રહી છે, તેમાં કોઇ પ્રગતિ નથી. આગામી સમયમાં પ્રબુદ્ધ જીવનને કેમ ટકાવવું એ એક ચિન્તાનો વિષય છે. આ પ્રકારની સ્થગિત દશામાંથી સંઘ ઉંચો આવે તે અત્યન્ત જરૂરી છે. આવું સર્વતોમુખી ઉર્ધ્વીકરણ સભ્યોના એકાગ્ર પ્રયત્ન અને સહકાર વિના શકય લાગતું નથી. સભ્યોને વ્યકિતગત રીતે તેમજ સામૂહિક રીતે આ બાબત વિષે વિચારતા થવા પ્રાર્થના છે.

૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ,
મુંબઇ, ૩. **મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ.**

સંઘની વાર્ષિક સામાન્ય સભા

શ્રી મુંબઇ જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભા તા. ૨૧-૩-૬૦ સોમવારના રોજ સંઘના કાર્યાલયમાં મળી હતી. સંઘના પ્રમુખ શ્રી. ખીમજી માડણ ભુજપુરિયા પ્રમુખસ્થાને બીરાજ્યા હતા. આગળની સામાન્ય સભાનો વૃત્તાન્ત વંચાયા બાદ શરૂઆતમાં સંઘના બંધારણમાં અમુક સુધારણાઓ (પ્રબુદ્ધ જીવનના ગતાંકમાં વાર્ષિક સામાન્ય સભાના પરિપત્રમાં જે પ્રગટ કરવામાં આવ્યા છે) કરવાની સંઘની કાર્યવાહક સમિતિની ભલામણો સંઘના મંત્રી શ્રી. પરમાનંદ કુંવરજી કાપડિયા તરફથી એક પછી એક રજુ કરવામાં આવી હતી અને પ્રત્યેક ભલામણનો તેમણે આશય સમજાવ્યો હતો અને દરેક ભલામણ ઉપર કેટલીક ચર્ચા થતાં ત્રીજી ભલામણમાં એક નજીવા ફેરફાર સાથે બધી ભલામણો મંજુર કરવામાં આવી હતી. આ પ્રમાણે સંઘના ચાલુ બંધારણમાં નીચે મુજબના ફેરફારો સ્વીકારવામાં આવ્યા હતા:—

(૧) કલમ ૯ ની શરૂઆતમાં જે 'દરેક માગશર માસમાં' શબ્દો છે તેને બદલે 'વહીવટી વર્ષની શરૂઆતના ૭ માસની અંદર'

એમ સુધારવું.

(૨) સંઘની અસાધારણ સભા બોલાવવા માટેના 'રીકવીઝીશન' અંગેની કલમ ૧૭ તથા ૧૮ (ગ)માં 'ઓછામાં ઓછા અગિયાર સભ્યોની સહીવાળો પત્ર' એમ શબ્દો છે તેના બદલે 'ઓછામાં ઓછા પચ્ચીશ સભ્યોની સહીવાળો પત્ર' એમ સુધારવું અને ૧૮ (ગ)માં 'પંદર દિવસની અંદર' એમ શબ્દો છે તેને બદલે 'એક માસની અંદર' એમ સુધારવું.

(૩) સંઘના બંધારણમાં નીચે મુજબની કલમ ઉમેરવી:— "કોઇ પણ અસાધારણ કારણસર ચાલુ નિયમ મુજબ નવી કાર્યવાહક સમિતિની ચૂંટણી કરવામાં વિલંબ થયો હોય તો જ્યાં સુધી નવી કાર્યવાહક સમિતિ ન ચૂંટાય ત્યાં સુધી ચાલુ કાર્યવાહક સમિતિ કામ કરશે અને તેનું કામ બંધારણપુરઃસરનું ગણાશે."

ત્યાર બાદ સંઘનો વાર્ષિક વૃત્તાન્ત અને સંઘના તેમજ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલયના અન્વેષિત થયેલા હિસાબો સંઘના મંત્રી શ્રી. ચીમનલાલ જે. શાહ તરફથી સભા સમક્ષ રજુ કરવામાં આવ્યા હતા. તે ઉપર સંઘના સભ્યોએ સંઘની ભિન્ન ભિન્ન પ્રવૃત્તિઓ અંગે—ખાસ કરીને પ્રબુદ્ધ જીવન અને સંઘ તરફથી યોજાતા સમૂહ ભોજન અંગે—પોતાની વિચારણા તેમજ સૂચનાઓ રજુ કરી હતી અને આ ચર્ચા દરમિયાન ઉભા કરવામાં આવેલા મુદ્દાઓ સંબંધમાં મંત્રી શ્રી પરમાનંદભાઇએ જરૂરી ખુલાસા કર્યા હતા તથા જરૂરી માહીતીઓ પુરી પાડી હતી અને ત્યાર બાદ વાર્ષિક વૃત્તાન્ત તથા હિસાબો સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યા હતા. ત્યાર બાદ સંઘ તેમજ વાચનાલય અને પુસ્તકાલય અંગે આગામી વર્ષના અંદાજપત્રો રજુ કરવામાં આવ્યા હતા અને સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યા હતા.

ત્યાર બાદ સંઘના અધિકારીઓ અને કાર્યવાહક સમિતિની ચૂંટણીઓને લગતું કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું જેનું પરિણામ નીચે મુજબ આવ્યું હતું:—

૧	શ્રી. ખીમજી માડણ લુજપુરિયા	પ્રમુખ
૨	,, લીલાવતીબહેન દેવીદાસ	ઉપ-પ્રમુખ
૩	,, પરમાનંદ કુંવરજી કાપડિયા	મંત્રીઓ
૪	,, ચીમનલાલ જેઠાલાલ શાહ	મંત્રીઓ
૫	,, રતિલાલ ચીમનલાલ કોઠારી	કોષાધ્યક્ષ
૬	પ્રો. રમણલાલ ચી. શાહ	કા. સ. સભ્યો
૭	,, તારાબહેન રમણલાલ શાહ	,,
૮	શ્રી. જયમતીબહેન મનુભાઈ કાપડિયા	,,
૯	,, દીપચંદ ત્રીભોવનદાસ શાહ	,,
૧૦	,, રમણિકલાલ મણિલાલ શાહ	,,
૧૧	,, પ્રવીણચંદ્ર મંગળદાસ શાહ	,,
૧૨	,, ચીમનલાલ ચકુભાઈ શાહ	,,
૧૩	,, કાન્તિલાલ ઉમેદચંદ ઝવેરી	,,
૧૪	,, દીપચંદ લક્ષ્મીચંદ સંઘવી	,,
૧૫	,, મફતલાલ ભીખાભાઈ શાહ	,,
૧૬	,, ભગુભાઈ પોપટલાલ શાહ	,,
૧૭	,, રતિલાલ ઉજમશી શાહ	,,
૧૮	,, ચંદુલાલ સાંકળચંદ શાહ	,,
૧૯	,, દામજી વેલજી શાહ	,,
૨૦	,, ચંપાબહેન પ્રજલાલ	,,

સંઘ તથા વાચનાલય અને પુસ્તકાલયના હિસાબ—અન્વેષક તરીકે પૂરા સદ્‌ભાવથી કામ કરનાર મેસર્સ શાહ મહેતા એન્ડ કું. નો આભાર માનવામાં આવ્યો હતો અને આગામી વર્ષ માટે તેમની હિસાબ—અન્વેષક તરીકે નિમણુક કરવામાં આવી હતી.

પ્રમુખશ્રીનો આભાર માનીને અલ્પાહારપૂર્વક સભા વિસર્જન કરવામાં આવી હતી.

નવી કાર્યવાહક સમિતિમાં સભ્યોની પૂરવણી, મ. મો. શાહ વાચનાલય-પુસ્તકાલય સમિતિની નિમણુક

શ્રી મુંબઇ જૈન યુવક સંઘની નીવી ચુંટાયલી કાર્યવાહક સમિતિની પહેલી સભા તા. ૨૬-૩-૬૦ શનીવારના રોજ મળી હતી જે પ્રસંગે નવી સમિતિમાં નીચેના સભ્યોની પુરવણી કરવામાં આવી હતી:-

૧. શ્રી. નાનચંદભાઇ શામજી
૨. ,, ચંચળબહેન ટી. જી. શાહ
૩. ,, રમણલાલ સી. શાહ
૪. ,, રતિલાલ નરસીદાસ મહેતા
૫. ,, જયંતીલાલ કુરોહચંદ શાહ

આ ઉપરાંત સંઘ હસ્તક ચાલતા શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય સમિતિ માટે ચાર સભ્યોની નિમણુક કરવામાં આવી હતી. સમિતિ ૯ સભ્યોની હોય છે: અધિકારની રૂએ પાંચ ટ્રસ્ટીઓ અને સંઘની નવી ચૂંટાયલી કાર્યવાહક સમિતિ તરફથી નીમાતા ચાર સભ્યો. આ પાંચ ટ્રસ્ટીઓનાં નામ નીચે મુજબ છે:—

શ્રી. ચીમનલાલ ચકુભાઇ શાહ
,, પરમાનંદ કુંવરજી કાપડિયા
,, રમણિકલાલ મણિલાલ શાહ
,, રતિલાલ ચીમનલાલ કોઠારી
,, પ્રવીણચંદ હેમચંદ્ર અમરચંદ

નવા નીમાયલા ચાર સભ્યોનાં નામ નીચે મુજબ છે.

૧. શ્રી. ચીમનલાલ જે. શાહ
૨. ,, પ્રવીણભાઇ મંગળદાસ
૩. ,, રમણલાલ ચી. શાહ
૪. ,, ચંદુલાલ સાકળચંદ શાહ

આ સમિતિના મંત્રી તરીકે શ્રી. ચીમનલાલ જે. શાહ ની નિમણુક કરવામાં આવી છે.

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ

સંઘના સભ્યો માટે યોજવામાં આવેલ આઠ દિવસનું માથેરાનનું પર્યટણ

સંઘના સભ્યો અને તેમના કુટુંબીજનો માટે માથેરાનનું આઠ દિવસનું—તા. ૧-૫-૬૦ રવિવારથી તા. ૮-૫-૬૦ રવિવાર સુધીનું એક પર્યટણ ગોઠવવામાં આવ્યું છે, આ પર્યટણમાં જોડાનાર મંડળી મુંબઈ વીકટોરીયા ટરમીનસથી સવારની ટ્રેનમાં ઉપડશે અને બપોરના માથેરાન પહોંચશે. આ મંડળી માટે જાણીતી રગણી હોટેલમાં રહેવા ખાવાની ગોઠવણ કરવામાં આવી છે. તા. ૯-૫-૬૦ના રોજ સવારના આ મંડળી માથેરાનથી પાછી ફરશે. આમાં જોડાનાર દરેક વ્યકિતને સંઘના કાર્યાલયમાં રૂ. ૫૨ અને દશ વર્ષ અથવા તે નીચેના બાળકો માટે રૂ. ૨૬ ભરવાના રહેશે. આ રકમમાં રહેવા, જમવા ઉપરાંત રેલ્વે ભાડું તથા મજુરીનો સમાવેશ કરવામાં આવ્યો છે.

આ પર્યટણ મર્યાદિત સંખ્યા માટે ગોઠવવામાં આવ્યું છે તો જે કોઇ સભ્ય આ પર્યટણમાં જોડાવા ઇચ્છતા હોય તેણે બને તેટલી જલ્દિથી સંઘના કાર્યાલયમાં પોતાનાં નામ નોંધાવી જવા અને જરૂરી રકમ ભરી જવી.

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ

ધર્મ વિચાર–૫

(પંડિત સુખલાલજી ધર્મતત્ત્વના એક ગહન ચિન્તક છે; તેમણે આ વિષય ઉપર છુટું છવાયું ઘણું લખ્યું છે. તેમના ગુજરાતી તેમ જ હિન્દી લેખોનો વિપુલ સંગ્રહ 'દર્શન અને ચિન્તન' એ મથાળા હેઠળ ત્રણ વિભાગમાં બહાર પડેલ છે. તેમાંથી ધર્મ-તત્વ અંગેના વિચારોનું એક સંકલન એક નાની પુસ્તિકાના આકારમાં પરિચય–પુસ્તિકા પ્રવૃત્તિ તરફથી બહાર પાડવામાં આવ્યું છે. આજના સાહિત્યલેખકોમાં જેમનું નામ સુપરિચિત છે એવા શ્રી. વાડીલાલ ડગલીએ અને તેમના સાથી શ્રી. યશવન્ત દોશીએ આ સુન્દર અને ઉપયોગી પ્રવૃત્તિ બે વર્ષથી શરૂ કરી છે અને તે દ્વારા આજ સુધીમાં લગભગ ૪૨ પુસ્તિકાઓ જુદા જુદા વિષયો ઉપર તે તે વિષયના અધિકારીઓ પાસે લખાવી તૈયાર કરાવીને પ્રગટ કરવામાં આવી છે. પ્રૌઢને સરળ, સાદી અને રોચક ભાષામાં સમાજ અને જીવનના પ્રશ્નો વિષે સમજણ આપે અને એ રીતે તેની જિજ્ઞાસા તૃપ્ત થાય અને સંવર્ધિત થાય એવું સાહિત્ય તે વર્ગને પરવડે તેવી કિંમતે પૂરું પાડવું, પ્રગટ કરવું એ આ પ્રવૃત્તિનો હેતુ છે. દર માસે આ સંસ્થા તરફથી ૩૦–૩૨ પાનાની બે આકર્ષક પરિચય–પુસ્તિકાઓ બહાર પાડવામાં આવે છે. પુસ્તિકાની છપાઇ તેમ જ કાગળો બન્ને સુન્દર હોય છે, દરેક નકલની છુટક કિંમત ૪૦ નયા પૈસા છે. વાર્ષિક લવાજમ રૂા. ૮ છે. તે મેળવવા માટેનું સરનામું 'પરિચય પુસ્તિકા પ્રવૃત્તિ, રૂરતમ હાઉસ, ૨૯, વીર નરીમાન રોડ, મુંબઇ ૧, છે. આ રીતે ચાલી રહેલી પ્રવૃત્તિ જનતાની ઉપયોગી સેવા બજાવી રહી છે અને સમાજે પણ તેને ખૂબ સારી રીતે આવકારી છે. તેની સફળતા પાછળ રહેલા યોજનાકૌશલ્ય માટે શ્રી. વાડીલાલ ડગલીને ધન્યવાદ ઘટે છે. પ્રસ્તુત પુસ્તિકાનું મથાળું છે 'ધર્મ ક્યાં છે?' અને તેનો સંખ્યાંક છે ૨૨. આ પરિચય–પુસ્તિકા પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ કરવાની અનુમતિ આપવા બદલ સંપાદક શ્રી. વાડીલાલ ડગલીનો આભાર માનવામાં આવે છે. આ પુસ્તિકા પ્રબુદ્ધ જીવનમાં બે હપ્તાથી પ્રગટ કરવામાં આવશે અને એ સાથે પ્રસ્તુ લેખમાળા સમાપ્ત કરવામાં આવશે. આશા રાખવામાં આવે છે કે ધર્મતત્ત્વની પ્રસ્તુત આલોચના પ્રબુદ્ધ જીવનના વાંચકોના દિલમાં ચાલી રહેલા અનેક તર્કવિતર્કો અને પ્રશ્નોનું સમાધાન કરવામાં મદદરૂપ થશે અને તદ્વિષયક જિજ્ઞાસાને સર્વાંશે નહિ તો અંશતઃ જરૂર તૃપ્ત કરશે. **પરમાનંદ**)

ધર્મ એટલે સત્યની તાલાવેલી અને વિવેકી સમભાવ, તેમ જ એ બે તત્ત્વોની દોરવણી નીચે ઘડાતો જીવનવ્યવહાર. આ જ ધર્મ પારમાર્થિક છે. બીજા જે વિધિનિષેધો, ક્રિયાકાંડો, ઉપાસનાના પ્રકારો વગેરે ધર્મની કોટિમાં ગણાય છે, તે બધા જ વ્યવહારિક ધર્મો છે અને તે જ્યાં સુધી પારમાર્થિક ધર્મ સાથે અભેદ્ય સંબંધ ધરાવતા હોય ત્યાં સુધી જ ધર્મના નામને પાત્ર છે. પારમાર્થિક ધર્મ એ જીવનની મૂલગત તેમ જ અદૃશ્ય વસ્તુ છે. તેનો અનુભવ કે સાક્ષાત્કાર તે ધાર્મિક વ્યકિતને જ હોય છે, જ્યારે વ્યાવહારિક ધર્મ દૃશ્ય હોઇ, બીજાઓ જોઇ શકે તેવો છે. પારમાર્થિક ધર્મનો સંબંધ ન હોય તો ગમે તેટલા જૂના અને બહુસંમત બધા જ ધર્મો વસ્તુતઃ ધર્મનો આભાસ જ છે.

જ્ઞાન અને વિદ્યા એ માત્ર બહુ વાચનથી જ મળી જાય છે એમ નથી. ઓછું કે વધુ વાંચવું એ રુચી, શકિત અને સગવડનો સવાલ છે. પણ, ગમે તેટલું ઓછું વાંચવા છતાં જો વધારે સિદ્ધિ અને લાભ મેળવવાં હોય તો, તેની અનિવાર્ય શરત એ છે કે, મનને ખુલ્લું રાખવું અને સત્ય–જિજ્ઞાસાની સિદ્ધિમાં કોઇ પણ પૂર્વગ્રહોને કે રૂઢ સંસ્કારોને આડે આવવા દેવા નહિ. મારો અનુભવ એમ કહે છે કે આ માટે સૌથી પહેલાં નિર્ભયતાની જરૂર છે. ધર્મનો ખરો અને ઉપયોગી અર્થ થતો હોય તો તે નિર્ભયતા સાથેની સત્યની શોધ છે.

જીવનમાંથી મેલ અને નબળાઈ દૂર કરવી અને તેને સ્થાને સર્વાંગીણ સ્વચ્છતા તેમ જ સુમેળથી ભરેલું બળ આણવું એ જ જીવનની સાચી સંસ્કૃતિ છે. આ જ વસ્તુ પ્રાચીન કાળથી દરેક દેશ અને જાતિમાં ધર્મને નામે પ્રસિદ્ધ છે. આપણા દેશમાં સંસ્કૃતિની સાધના હજારો વર્ષ પહેલાંથી શરૂ થયેલી અને આજે પણ ચાલે છે. આ સાધના માટે ભારતનું નામ સુવિખ્યાત છે. તેમ છતાં ધર્મનું નામ સૂગ ઉપજાવનારું થઇ પડયું છે અને તત્ત્વજ્ઞાન એ નકામી કલ્પનાઓમાં ખપવા લાગ્યું છે અને એનું શું કારણ એ આજનો પ્રશ્ન છે. એનો ઉત્તર ધર્મગુરુ, ધર્મશિક્ષણ અને ધર્મસંસ્થાઓની જડતા તેમ જ નિષ્ક્રિયતામાંથી મળી જાય છે.

દરેક નાનામોટા ધર્મનું અવલોકન કરીએ તો આટલી બાબતો તો સર્વસાધારણ જેવી છે–શાસ્ત્ર, તેને રચનાર અને સમજાવનાર પંડિત કે ગુરુ, તીર્થ, મંદિર આદિ પવિત્ર લેખાતાં સ્થળો, અમુક જાતની ઉપાસના અગર ખાસ જાતના ક્રિયાકાંડો, એવાં ક્રિયાકાંડો અને ઉપાસનાઓને પોષનાર અને તે ઉપર નભનાર એક વર્ગ. સર્વ પંથોની અંદર, એક અથવા બીજે રૂપે, ઉપર જણાવેલી વસ્તુઓ મળી આવે છે અને તે જ તે તે ધર્મપંથનો દેહ છે. હવે જોવું રહ્યું કે ધર્મનો આત્મા એ શું છે? આત્મા એટલે ચેતના કે જીવન. સત્ય, પ્રેમ, નિઃસ્વાર્થપણું, ઉદારતા અને વિવેકવિનય આદિ સદ્‌ગુણો તે ધર્મનો આત્મા છે. દેહ ભલે અનેક અને જુદા જુદા હોય, પણ આત્મા સર્વત્ર એક જ હોય છે. તો પછી એક જ ધર્મના આત્માને ધારણ કરવાનો દાવો કરનાર જુદા જુદા ધર્મપંથોના જુદા જુદા દેહ અંદરોઅંદર કેમ લડે છે?

નિરીક્ષણ કરનાર અને વિચાર કરનારને સ્પષ્ટ જણાશે કે દરેક પંથ જ્યારે આત્મા વિનાના મુડદા જેવો થઇ કોહવા માંડે છે અને તેમાંથી ધર્મના આત્માનું નૂર લોપ થઇ જાય છે ત્યારે જ તે સંકુચિતદૃષ્ટિ બની એકબીજાને વિરોધી અને દુશ્મન માનવા-મનાવવા માંડે છે. આ કોહવાણ કેવી રીતે શરૂ થાય છે અને તે કેમ વધ્યે જાય છે એ જાણવું હોય તો બહુ ઊંડાણમાં જવું પડે તેમ નથી. શાસ્ત્રો, તીર્થો અને મંદિરો વગેરે પોતે જડ હોઇ કોઇને પકડી રાખતાં, ધકેલતાં કે આ કરવા કે તે કરવાનું કહેતાં નથી. એ પોતે જડ અને નિષ્ક્રિય હોઇ બીજા ક્રિયાશીલો દ્વારા જ પ્રેરાય છે. એવા ક્રિયાશીલો એટલે દરેક ધર્મપંથના પંડિત, ગુરુ અને ક્રિયાકાંડીઓ. જ્યારે એવા પંડિતો, ગુરુઓ અને ક્રિયાકાંડીઓ પોતે જાણે–અજાણે ધર્મની ભ્રમણામાં પડી જાય છે અને ધર્મના મધુર તેમ જ સરળ આશરા નીચે તેઓ વગર–મહેનતિયું, સગવડિયું અને બિનજવાબદાર જીવન જીવવા લલચાય છે, ત્યારે જ ધર્મપંથના દેહો આત્મવિહોણા બની સડવા લાગે છે, કોહવા માંડે છે. અનુયાયીવર્ગ ભોળો હોય, અભણ હોય કે અવિવેકી હોય ત્યારે તે ધર્મને પોષવાની ભ્રમણામાં ઊલટું ધર્મદેહનું કોહવાણ જ પોષે છે અને આ પોષણની મુખ્ય જવાબદારી પેલા સગવડિયા પંડિત કે પુરોહિત વર્ગની હોય છે.

દરેક પંથના પંડિત કે પુરોહિતવર્ગને જીવન તો સુખમાં જીવવાનું હોય છે. પોતાની ઐશ બીજાની નજરે ન ચડે અને પોતે અનુયાયીવર્ગની નજરમાં મોટો દેખાય એવી લાલસા તે સેવતો હોય છે. આ નિર્બળતામાંથી તે અનેક જાતના આડંબરો પોતાના વાડામાં પોષ્યે જાય છે અને સાથે સાથે ભોળો અનુયાયીવર્ગ રખે બીજી બાજુ તણાઇ જાય એ ધાસ્તીથી તે હંમેશાં બીજા ધર્મપંથના દેહની ખામીઓ બતાવ્યા કરે છે. પોતાના તીર્થનું મહત્ત્વ તે જ્યારે ગાય છે ત્યારે તેને બીજાઓનાં તીર્થોના મહત્ત્વનો ખ્યાલ

નથી આવતો એટલું જ નહિ, પણ તે બીજા ધર્મપંથોનાં તીર્થોને ઉતારી પાડતાં પણ ચૂકતો નથી. સનાતન ધર્મનો પંડ્યો કાંશી અને ગયાનું મહત્વ વર્ણવે ત્યારે તે કદી તેની પાસે જ આવેલા સારનાથ અને રાજગૃહનું મહત્ત્વ નહિ વર્ણવે. ઊલટું, તે એ તીર્થોને નાસ્તિકધામ કહી ત્યાં જતા પોતાના અનુયાયીવર્ગને રોકશે. પાલીતાણા અને સમેતશિખરનું મહત્ત્વ વર્ણવનાર કોઇ ગોરજી ગંગા કે હરિદ્વારનું મહત્ત્વ ભાગ્યે જ સ્વીકારશે. કોઇ પાદરી જેરૂસલેમની પેઠે મક્કા-મદીનાને પવિત્ર નહિ માને. એ જ રીતે એક પંથના પંડિતો બીજા પંથના પોતા કરતાં અતિ મહત્ત્વનાં શાસ્ત્રોનું પણ મહત્ત્વ નહિ સ્વીકારે. એટલું જ નહિ, પણ તેઓ બીજા પંથના શાસ્ત્રોને અડવા સુદ્ધાંની પોતાના અનુયાયીવર્ગને મનાઇ કરશે. ક્રિયાકાંડની બાબતમાં તો કહેવું જ શું? એક પંથનો પુરોહિત પોતાના અનુયાયીવર્ગને બીજા પંથમાં પ્રચલિત એવું તિલક સુદ્ધાં નહિ કરવા દે. આ ધર્મપંથનાં કલેવરોની અંદરોઅંદરની સૂગ તેમ જ તકરારોએ હજારો વર્ષ થયાં પંથોમાં ઐતિહાસિક યાદવારથળીઓ પોષી છે.

આ રીતે એક જ ધર્મના જુદા જુદા દેહોનું યુધ્ધ ચાલ્યા કરે છે. તેનું એક કારણ તો ઉપર બતાવવામાં આવ્યું જ છે અને તે એની ઉપર નભતા વર્ગની આળસુ અને સગવડપ્રિય જિન્દગી. પણ એનું બીજું કારણ પણ છે, અને તે છે દરેક પંથના અનુયાયીવર્ગની મતિમંદતા તેમ જ તેજોહીનતા. જો આપણે ઇતિહાસને આધારે એમ સમજીએ કે મોટે ભાગે પંથના પોષકો માનવતાને સાંધવાને બદલે ખંડિત જ કરતા આવ્યા છે તો આપણી-અનુયાયીવર્ગની-એ ફરજ છે કે આપણે પોતે જ ધર્મનાં સૂત્રો હાથમાં લઇએ અને તેના વિશે સ્વતંત્ર વિચાર કરીએ. એક વાર અનુયાયી વર્ગમાંથી આવો વિચારી અને સાહસી વર્ગ બહાર પડે તો એ પંથના દેહપોષકોમાંથી પણ કોઇ એને સાથ આપનાર જરૂર મળી રહેવાનો. ધર્મપંથના પોષકોમાં કોઇ યોગ્ય નથી જ હોતો કે યોગ્ય નથી જ સંભવતો એવું કાંઇ નથી, પણ ધીરે ધીરે દરેક પંથનું વાતાવરણ એવું થઇ જાય છે કે તેમાં એક સાચો પુરોહિત કે પંડિત કે ગુરૂ કાંઇક ખરું કહેવા કે વર્તવા ધારે તોય બીજાથી ડરે છે અને બીજો ત્રીજાથી ડરે છે. જેમ બધા જ લાંચિયા કામ કરતા હોય તેવા સ્ટેશન આદિ સ્થળે એકાદ બિનલાંચિયાને જીવન ગાળવું કાંઇક અઘરું થઇ પડે છે તેમ પંથદેહના પોષકોમાં કોઇ યોગ્ય વ્યક્તિ વિશે બને છે. અસાધારણ શક્તિ ન હોય ત્યાં લગી પુરોહિત, પંડિત કે ગુરૂવર્ગમાં ઊછરેલ હોય તેવાને તેની જ કુલપરંપરાગત પ્રવૃત્તિનો વિરોધ કરવાનું અગર તેમાં ઉદાર દૃષ્ટિબિન્દુ દાખલ કરવાનું ભારે અઘરું થઇ પડે છે. જે ધર્મ સૌને એકસરખો પ્રકાશ આપવાની અને સૌને સમાનભાવે જોવાની દૃષ્ટિ અર્પવાનો નીતિ ધરાવે છે તે જ ધર્મ પંથોમાં અટવાઇ અસ્તિત્વ ગુમાવી દે છે. પંથપોષક વર્ગ જ્યારે ધર્મનાં પ્રવચનો કરે ત્યારે આખા જગતને સમભાવે જોવાની અને સૌની નિર્ભેળ સેવા કરવાની વાત કરે છે અને એ વાત પોતાનાં શાસ્ત્રોમાંથી તારવી બતાવે છે; પણ જ્યારે એમના વર્તન તરફ નજર કરીએ ત્યારે જે અસંગતિ તેમની રહેણી-કહેણી વચ્ચે હોય છે તે સ્પષ્ટ જણાઇ આવે છે. સેવા, સંપૂર્ણ ત્યાગ અને અહિંસાનો મહિમા ગાનાર તેમ જ તેના પ્રચાર માટે ભેખ લેનારો વર્ગ લોકોએ પરસેવો ઉતારી પેદા કરેલ પૈસા જ્યારે માત્ર પોતાની સેવા ખાતર વપરાવે છે અને તદ્દન નકામા તેમ જ બોજારૂપ થઇ પડે એવા ક્રિયાકાંડો, ઉત્સવો, આડંબરો અને પધરામણીઓમાં તે પૈસો ખર્ચાવી ઊલટું ધર્મકૃત્ય કર્યાનો સંતોષ પોષે છે, ત્યારે સમજદાર માણસનું મન કકળી-પોકારી ઊઠે છે કે આવા આડંબરો અને ધર્મને શી લેવા-દેવા?

આપણી વિવેકબુદ્ધિ જાગરિત હોય તો આપણે જરા પણ મુશ્કેલી સિવાય નક્કી કરી શકીએ કે માનવતાને ન સાંકળે, એમાં અનુસંધાન પેદા કરે એવા ગુણો ન પ્રગટાવે તેવી કોઇ પણ બાબત ધાર્મિક હોઇ જ ન શકે; એને ધર્મભાવના કહી જ ન શકાય.

અનુયાયી વર્ગમાં ઉપરની સમજ પેદા કરવી, તે સમજ ઝીલવા અને બીજાને કહેવા જેટલું નમ્ર સાહસ કેળવવું એ જ ધર્મનું શિક્ષણ છે. આ શિક્ષણ લઇએ તો આપણને સ્પષ્ટપણે જણાય કે ધર્મ કયો છે? આપણને એ શિક્ષણ દીવા પેઠે બતાવી શકે કે ધર્મ એ એના આત્મામાં છે અને એનો આત્મા એટલે જીવનમાં સદાચાર અને સદ્‌ગુણી વર્તન. આવો આત્મા હોય તો દેહની કિમ્મત છે, પણ આત્મા ન હોય તો તે દેહની મદ્દાથી જરા યે વધારે કિમ્મત નથી. જાતજાતના પંથો ઊભા કરેલ દેહોના આશરા વિના પણ ધર્મનો આત્મા જીવનમાં પ્રકટી શકે અને એવા દેહોનો ગમે તેટલો આશ્રય લેવા છતાં પણ ઘણી વાર એ આત્માનું જીવન જીવી ન શકાય.

ધર્મનું ધ્યેય શું હોવું જોઇએ? કઇ વસ્તુને ધર્મના ધ્યેય તરીકે સિદ્ધાંતમાં, વિચારમાં અને વર્તનમાં સ્થાન આપવાથી ધર્મની સફળતા અને જીવનની વિશેષ પ્રગતિ સાધી શકાય?

દરેકને પોતાના વ્યક્તિગત અને સામાજીક કર્તવ્યનું ઠીકઠીક ભાન, કર્તવ્ય પ્રત્યેની જવાબદારીમાં રસ અને એ રસને મૂર્ત કરી દેખાડવા જેટલા પુરૂષાર્થની જાગૃતિ હોવી એ જ ધર્મનું ધ્યેય મનાવું જોઇએ. જો ઉપરનાં તત્ત્વોને ધર્મના ધ્યેય તરીકે સ્વીકારી તેના ઉપર ભાર આપવામાં આવે તો પ્રજાજીવન સમગ્રપણે પલટો ખાય. ધર્મ તાત્ત્વિક હોય કે વ્યવહારિક, પણ જો ઉક્ત તત્ત્વો જ એના ધ્યેય તરીકે સ્વીકારવામાં આવે અને પ્રત્યક્ષ લાભની કે પરલોક સુધારવાની વાતનું સ્થાન ગૌણ કરી દેવામાં આવે તો પછી મનુષ્ય, ગમે તે પક્ષનો હોય છતાં, નવજીવનના ધસ્તરમાં કોઈ પણ જાતની વિસંગતિ વિના જ એકસરખો પોતાનો ફાળો આપે.

ધર્મનો પિતા, એનો મિત્ર અને એની પ્રજા એ બધું વિચાર જ છે. વિચાર ન હોય તો તેમાં ધર્મની ઉત્પત્તિ ન જ સંભવે ધર્મના જીવન અને પ્રસરણ સાથે વિચાર હોય જ છે. જે ધર્મ વિચાર ન પ્રગટાવે અને ન પોષે તે પોતાનો આત્મા જ ગુમાવે છે; તેથી ધર્મ વિશે વિચારણા કે પરીક્ષા કરવી એ તેને જીવન આપવા બરાબર છે.

સદ્‌વૃત્તિ કે સદ્‌વૃત્તિજન્ય ગુણો, જે માનસિક હોઇ સૂક્ષ્મ છે, તેના ધર્મપણા વિશે તો મતભેદ છે જ નહિ. મતભેદ એ ધર્મ તરીકે લેખાતાં, ધર્મરૂપે મનાતાં અને ધર્મનામથી વ્યવહાર પામતાં બાહ્ય રૂપો, બાહ્ય આચરણો કે બાહ્ય વ્યવહારો વિશે છે. આવો મતભેદ એક અગર બીજે રૂપે, તીવ્ર કે તીવ્રતર રૂપે, મનુષ્યજાતિના ઇતિહાસ જેટલો જ જૂનો છે. સામાન્ય રીતે મતભેદના વિષયરૂપ બાહ્ય નિયમો, વિધાનો કે ક્રિયાકલાપોને ત્રણ ભાગમાં વહેંચી શકાય:

૧. **વૈયક્તિક:** જે નિયમોનો મુખ્ય સંબંધ વ્યક્તિની ઇચ્છા સાથે છે તે: જેમ કે ખાનપાન, સ્નાન આદિના નિયમો. કોઇ કંદમૂળને ધર્મની દૃષ્ટિએ તદ્દન વર્જ્ય માની એ ખાવામાં અધર્મ માને, જ્યારે બીજો કંદમૂળ જ ખાઇ ઉપવાસ કરવામાં ધર્મ માને. એક જણ રાત પડ્યા પહેલાં જ ખાવામાં ધર્મ માને, બીજો રાત્રિભોજનમાં અધર્મ જ ન ગણે. એક વ્યક્તિ સ્નાનમાં જ ભારે ધર્મમાહાત્મ્ય સ્વીકારે, બીજો સ્નાનમાત્રમાં અધર્મ લેખે, અને એટલું બધું નહિ તો કોઇ પોતાને માન્ય એવી શેત્રુંજી જેવી નદીઓ સિવાયનાં જળાશયોમાં ધર્મમાહાત્મ્ય સ્વીકારવાની ના પાડે.

૨. **સામાજિક:** કેટલાક બાહ્ય વ્યવહારો સામાજિક હોય છે, જે ધર્મ તરીકે લેખાય છે. એક સમાજ મંદિર બાંધવામાં

ડી. શ્રોફ જેવા કસાયેલા નાણાશાસ્ત્રી ને તાતા–બીરલા લાતમાં અગત્યનો ફાળો આપનાર તેમના જેવી વ્યક્તિએ એક વાર કહ્યું હતું કે 'હું નાણાપ્રધાન બનું તો આયોજનને ભૂંસી નાંખું.' સ્વતંત્ર પક્ષ પણ કાંઇક આવી જ વિચારસરણી રજુ કરે છે એમ લાગે છે. આર્થિક આયોજિત વિકાસની જરૂરિયાત ન સ્વીકારતા તત્ત્વો દેશમાં જૂજ છે એ એક આનંદની બીના છે. દેશના પ્રજાજનોનો આ આર્થિક આયોજીત પ્રમાણને ટેકો છે.

આપણી વિકાસ યોજનાઓના હેતુઓ નીચે મુજબ છે :

(૧) રાષ્ટ્રીય આવકમાં વધારો કરવો, જેથી જીવનધોરણ ઉંચું આણી શકાય;

(૨) ઝડપી ઔદ્યોગીકરણ કરવું, ને ભારે તથા પાયાના ઉદ્યોગોના વિકાસ પર ખાસ ભાર મૂકવો;

(૩) રોજગારીની તકો વધતી રહે તે જોવું; અને,

(૪) સંપત્તિ ને આવકની અસમાનતા ઘટે ને આર્થિક સત્તાનું વિકેન્દ્રીકરણ થાય તે જોવું.

વિકાસ યોજનાઓ–એક આછું ચિત્ર

પહેલી યોજનામાં ખેતી, સીંચાઇ, વિજળીક બળ ને સામૂહિક વિકાસ ઉપર પ્રમાણમાં વધારે ભાર મૂકવામાં આવ્યો હતો, જ્યારે બીજી યોજનામાં ઉદ્યોગોના વિકાસ ઉપર ને ભારે ઉદ્યોગો સ્થાપવા પર ખૂબ ભાર મૂકવામાં આવ્યો હતો. પહેલી ને બીજી યોજના દરમ્યાન આપણને આ વિષયોમાં જે અનુભવ મળ્યો છે, જે બોધપાઠ હાંસલ થયા છે, જનતાના જુદા જુદા વર્ગોને શી અસર થઇ છે, વ્યાપાર–ઉદ્યોગ ને ખેતી પર શી અસર થઇ છે, દેશના આર્થિક વિકાસના સિદ્ધ આંકડાઓ ને હકીકતો શું બતાવે છે–તે સર્વની ઉગ્ર ચર્ચાઓ અનેક ચોતરે થઇ રહી છે. આ ચર્ચાઓ દેશની દ્રષ્ટિએ પણ થાય છે, વર્ગીય હિતની દ્રષ્ટિએ પણ થાય છે; શહેરની દૃષ્ટિએ પણ થાય છે અને ગામડાની દૃષ્ટિએ પણ થાય છે; પક્ષીય લાભાલાભને ધોરણે, ખાનગી સાહસની દૃષ્ટિએ, નિર્ભેળ કામદારોના દૃષ્ટિબિન્દુથી પણ થાય છે. મધ્યમવર્ગનું દૃષ્ટિબિન્દુ દેશના નાગરિકના આદર્શ દૃષ્ટિબિન્દુને વધુ મળતું આવે છે, તે બંને બિન્દુઓ એક બીજાની ખૂબ નજીક છે, માટે જ એક બાજુથી સરકારે મધ્યમવર્ગના માનવીને વિશ્વાસથી જીતી લેવો જોઇએ અને તેણે પણ આયોજિત આર્થિક વિકાસનું હાર્દ ને તેને મૂર્ત કરતી યોજનાઓ બરાબર પચાવવી જોઇએ. અંતે તો દેશને જેટલો લાભ થશે તેટલો જ લાભ મધ્યમવર્ગને પણ થશે તે નકકી છે.

પહેલી યોજના

પહેલી યોજના પાર પાડવામાં સરકારને કે પ્રજાને ખાસ કાંઇ મુશ્કેલીઓ જણાઇ નહીં. "ઓ! હો! આ તો સહેલું છે" એવું કાંઇક આપણને સૌને લાગવા માંડ્યું. જાહેર ક્ષેત્રમાં રૂા. ૨૩૭૮ કરોડનું રોકાણ થયું. મોસમ અનુકુળ હોવાથી ખેતીની સ્થિતિ આશારપદ રહી ને પાક પણ એકંદરે સારો રહ્યો. ઉદ્યોગોમાં પણ નિર્ધારિત લક્ષ્યાંકો આંખી શકાયા ને કેટલીક બાબતોમાં વટાવાયા. ખાનગી ક્ષેત્ર ને જાહેર ક્ષેત્રમાં રોકાણનું પ્રમાણ ૫૦:૫૦નું રાખવામાં આવ્યું હતું. નવાં કરવેરા નાંખવામાં આવ્યા છતાં લોકોમાં ભારે ઉહાપોહ જણાયો ન હતો ને યોજના માટે જરૂરી નાણાકીય સાધનો એકત્રિત કરવામાં સરકારને ખાસ મુસીબતો નડી ન હતી. યોજનાના છેલ્લા બે વર્ષમાં વિકાસની ગતિ વધી હતી ને તૂટના નાણાની નીતિનું અનુસરણ કરવામાં આવવા છતાં, ભાવોની સપાટી ઠીક ઠીક સ્થિર રહી હતી ને તેમાં ૧૨ ટકાનો જ વધારો થવા પામ્યો હતો. ૧૯૪૮–૪૯ના ભાવોની સપાટીને દૃષ્ટિએ રાષ્ટ્રીય આવકનું પ્રમાણ જે ૧૯૫૦–૫૧ માં રૂા. ૮૮૫૦ કરોડ હતું તે ૧૯૫૪–૫૫માં રૂા. ૧૦૨૮૦ કરોડનું થયું હતું ને આવી રીતે આમ દોઢ આવક જે ૧૯૫૦–૫૧માં રૂા. ૨૪૬ હતી તે વધીને રૂા. ૨૭૬ થઇ હતી. પહેલી યોજનામાં ભારે ઉદ્યોગો પર ભાર મૂકવામાં નહોતો આવ્યો, તેથી અત્યારે દેખાતી હુંડિયામણની તંગ પરિસ્થિતિ પણ જોવામાં આવી ન હતી. આયાત નીતિ, અત્યારની દૃષ્ટિએ જોઇએ તો, વધુ પડતી ઉદાર હતી ને એક ચોક્કસ અભિપ્રાય પ્રવર્તે છે કે કિંમતી હુંડિયામણ વેડફી નાંખવા માટે આ નીતિ જવાબદાર હતી. મધ્યમવર્ગના પ્રશ્ન સાથે ખાસ સંબંધ ધરાવતી બાબત તો એ હતી કે કુગાવારૂપી જોશ કાબુમાં હતો, ભાવોનો વધારો મર્યાદિત હતો ને સરકાર પક્ષે ને પ્રજા પક્ષે ઉંડા સંતોષ ને કાંઇક હળવા દિલની હવા જામી હતી.

બીજી યોજના

બીજી યોજનાની શરૂઆતથી જ મુશ્કેલીઓ જણાવા લાગી. જાણે કે અર્થતંત્રને આંચકો લાગ્યો, યોજનાના નકકર રૂપરંગને પરિણામે, સરકારી ક્ષેત્ર, વ્યાપાર–ઉદ્યોગનું ક્ષેત્ર, પ્રજાકીય ક્ષેત્ર, બધે જ જાણે કે જાગૃતિ આવી, બધેથી જાણે કે નિષ્ક્રિયતાની ઘૂળ ઉડતી ચાલી. પહેલી યોજનાની સફળતાથી પ્રોત્સાહિત થઇ બીજી યોજનાનું કદ આપણે બેવડું કર્યું. જાહેર ક્ષેત્રમાં રૂ. ૪૮૦૦ કરોડનું રોકાણ કરવું એમ નકકી કર્યું. યોજનાના વિકાસની સાથે બીજી યોજનાની તપાસ થઇ, પુનર્તપાસ થઇ ને આખરે આ રકમ રૂા. ૪૫૦૦ કરોડની કરવામાં આવી ને યોજનાને 'અ' ને 'બ' વિભાગમાં વહેંચવામાં આવી. જાહેરક્ષેત્ર ને ખાનગી ક્ષેત્રનું પ્રમાણ ૬૧ : ૩૯નું રાખવામાં આવ્યું. નવા કરવેરા, લોનો, બચત યોજના, રેલ્વેનો ફાળો, વિદેશની મદદ, વિ. ગણતાં છતાં અને રૂ. ૧૨૦૦ કરોડ માટે તૂટના નાણાની નીતિનો અમલ કરવો પડશે તે છતાં ઉપરથી રૂ. ૪૦૦ કરોડનો ખાડો અંદાજવામાં આવ્યો. જેટલે અંશે આ અંદાજો બરાબર સાચા ન ઠરે – ને નથી ઠર્યા તે હકીકત છે – તેટલે અંશે નાશીકના પ્રેસમાંથી નોટો વધુ છપાઇને લોકોમાં ફરતી થાય તે દેખીતું છે. લાંબા ટાઇફોડમાંથી કે બીજી કોઇ માંદગીમાંથી ઉભો થતો દરદી ખાવા માટે વલખાં મારે તે સમજાય તેવું છે, પણ દાકતરોની સલાહ પ્રમાણે જ તેને ખોરાક લેવો પડે છે. આવી રીતે, ગુલામી ને ગરીબીમાંથી બેઠો થતો, દેશ અનેક દિશામાં આગળ વધવા માંગે છે – સર્વાંગી ને સર્વદેશીય વિકાસ ઇચ્છે છે. હકીકતે વણસંતોષાએલી જરૂરિયાતો બેસુમાર છે, તે બાબતમાં શંકા નથી; પણ સાથે સાથે સાધનોના માપદંડથી જોઇએ તો તેના મર્યાદા બહાર થતા પ્રયાસોથી લાંબે ગાળે નુકશાન થવાનો સંભવ છે તે ભૂલવું ન જોઇએ. 'રાત નાની ને વેશ ઝાઝા' એ કહેવત મુજબ બહુ જ મર્યાદિત સાધનોથી આપણે ઘણું ઘણું કરવા ઇચ્છીએ છીએ. આર્થિક આયોજન અને 'પહેલાં શું કરવું ને પછી શું કરવું' તે પદ્ધતિની જરૂરિયાત આ પરિસ્થિતિમાંથી જ ફલિત થાય છે. આ રીતે જોતાં બીજી યોજના મહત્વાકાંક્ષાભરી હતી. ત્રીજી યોજના પણ તેવી જ હશે. કારણ નેશનલ ડેવલપમેન્ટ કાઉન્સીલે હાલમાં નિર્ણયો લીધો છે તે મુજબ જાહેર ક્ષેત્રનું કુલ રોકાણ રૂ. ૯૯૫૦ કરોડનું આવનાર છે. અત્રે એ પણ કહેવું જોઇએ કે સંપૂર્ણ લોકશાહી ઢબે યોજનાઓના ઘાટ ઘડાય છે ને અનેક ચર્ચાઓ ને વિચારવિનિમય પછી નિષ્ણાતોની સલાહ – સૂચના લીધા પછી આખરી નિર્ણયો લેવામાં આવે છે. બીજી યોજનામાં પણ રાષ્ટ્રીય આવક ને માથા દીઠ આવકમાં ધાર્યો વધારો થઇ શકયો છે.

આપણી ખેતી

બીજી યોજનામાં ખેતી કરતાં ઉદ્યોગો ઉપર વધુ ભાર મૂકવામાં આવ્યો હતો ખરો, પણ તેની ઉપેક્ષા કરવામાં આવી હતી તે માન્યતા ભ્રામક છે. આપણી ખેતીનો પ્રશ્ન ભારે અટપટો છે જમીન પરનું દબાણ ઘણું છે, ને ખેતીમાં સુધારણા કરીને ઉત્પાદ

ઉદ્યોગો ઊભા કરવા પડશે. આપણા ઉદ્યોગોને ટકાવી રાખવા માટે પણ નિકાશો વધારવી પડશે. આપણા ઉદ્યોગોને મદદ કરતા અન્ય દેશો પોતાની નિકાશો વધારવા પ્રયત્નશીલ છે. આપણે પણ તે જ રીતે ચીજો આયાત કરતા દેશો આજે ઉદ્યોગોને જરૂરી એવી કાચી ચીજો ને મશીનરી સારા પ્રમાણમાં આયાત કરીને માલ નિકાશ કરતા થયા છીએ. આ એક સિદ્ધિ છે.

ઉત્પાદન અને ઉત્પાદનક્ષમતામાં સતત વધારો

ઔદ્યોગીકરણની ઝડપ વધારતાં ને નિકાશો વધારતા વપરાશની ચીજોનું મહત્વ ઘટયું ને તેના ઉત્પાદનને જોઇએ તેટલું મહત્વ અપાયું. દેશના માલ વાપરનારને ખાસ વપરાશની ચીજોની જરૂર દેખાવા લાગી. ત્યારે ઉદ્યોગોમાં કરોડો રૂપિયા ખર્ચાયે, છતાં તેનું ઉત્પાદન અમુક વર્ષ પછીજ મળે તે જાણીતું છે. ગ્રામોદ્યોગો ને સહકારી પ્રવૃત્તિઓની મર્યાદાઓ પણ બધે સ્વીકારાય છે. સાથેસાથે આપણી વસ્તીનો વધારો લગભગ ૨ ટકાને ધોરણે ચાલતો રહ્યો છે ને તેથી જ સૂચક રીતે કહેવાય છે કે 'એક જગ્યાએ સ્થિર ઉભા રહેવા માટે પણ આપણે દોડવું પડશે.' વસ્તીના વધારાના પ્રમાણમાં ઉત્પાદનમાં બે કે ચાર ગણો વધારો થાય તો જ કાંઇ ફાયદો થાય. આમ હોવાથી જ એક પ્રમાણિક મત પ્રવર્તે છે કે પહેલાં તો ઉત્પાદન વધારવા માટે જ કમર કસવી જોઇએ. વિતરણના પ્રશ્નો પછીથી જોઇ લેવાશે. આથી, ખેતીનું ને ઉદ્યોગોનું ઉત્પાદન તથા ઉત્પાદનક્ષમતાનું કાર્ય સતત ને એકધારું વધતું રહેવું જોઇએ. આ જેટલું દેશના હિતમાં છે તેટલું જ મધ્યમ વર્ગના હિતમાં પણ છે. ત્રીજી યોજનામાં ભારે અને ગાયદા ઉદ્યોગો સાથે મધ્યમ કક્ષાના ઉદ્યોગો વિકસાવવાના ખાસ પરિશ્રમ ભર્યા પ્રયાસો થવા જોઇએ. વિકેન્દ્રીકરણની નીતિ સાથે આ સુસંગત છે, રોજગારી વધારવાના હેતુ માટે વધુ અનુકુળ છે તથા મધ્યમ વર્ગની મુશ્કેલીઓ ઓછી કરવામાં આ સહાયરૂપ છે.

અપૂર્ણ

ક્રાન્તલાલ બરોડિયા

પ્રબુદ્ધ જીવન આપને નિયમિત રીતે મળે છે?

સંઘના સભ્યોને તેમ જ પ્રબુદ્ધ જીવનના ગ્રાહકોને પ્રબુદ્ધ જીવન નિયમિત રીતે મળે એવી કાર્યાલય તરફથી પૂરી કાળજી રાખવામાં આવે છે. એમ છતાં પણ તેમનામાંથી કદિ કદિ કોઇનો પ્રબુદ્ધ જીવનના અંકો મળતા ન હોય એવી મોઠે મોઠે ફરિયાદ આવે છે. અને છતાં જ્યાં સુધી અમને જણાવવામાં ન આવે ત્યાં સુધી એ બાબતની અમને ખબર પડતી નથી. તો જ્યારે પણ પ્રબુદ્ધ જીવનનો કોઇ પણ અંક કોઇ સભ્ય અથવા ગ્રાહકને દરેક મહીનાની છઠ્ઠી અથવા એકવીશમી તારીખ સુધીમાં ન મળે ત્યારે તે સભ્યે અથવા ગ્રાહકે અમને તરત ખબર આપવા કૃપા કરવી કે જેથી અમારી વ્યવસ્થામાં કોઇ ભૂલ હોય તો સુધારી શકાય અને પ્રબુદ્ધ જીવન સૌ કોઇ સભ્યને તથા ગ્રાહકોને નિયમિત રીતે અને ચોકકસપણે મળે એવો પ્રબંધ થઇ શકાય.

વ્યવસ્થાપક : પ્રબુદ્ધ જીવન

વિષય સૂચિ

શ્રી મું.ઝા. જૈન યુવક સંઘનો વાર્ષિક વૃત્તાંત
સંઘની વાર્ષિક સામાન્ય સભા
ધર્મ વિચાર–૫ પંડિત સુખલાલજી
વિકાસયોજના અને મધ્યમવર્ગ ક્રાંતિલાલ બરોડિયા
શ્રી મું.ઝા. જૈન યુવક સંઘનો વાર્ષિક હિસાબ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુંબઈ

સંવત ૨૦૧૫ના આસો વદ ૦)) ના દિવસે પુરા થતા વર્ષના આવક તથા ખર્ચના હિસાબ

આવક

	રૂ.	ન. પૈ.	રૂ.	ન. પૈ.
લવાજમના :				
ગયા સાલના બાકી	...	૮૦૫– ૪		
ચાલુ સાલના				
ઉપરાંત શ્રી મુંબઈ જૈન યુવક સંઘના				
પ્રબુદ્ધ જીવન મોકલવામાં				
આવે છે તેની હવાલો	...	૭૧૦–૦૦		
વર્ષ દરમિયાન આવક કરતા ખર્ચનો			૨૬૧૫–૩૪	
વધારો	...	...	૩૩૩૩–૮૫	
		કુલ રૂ.	૪૯૪૯–૧૯	

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો સંવત ૨૦૧૫ના આસો વદ ૦)) ના દિવસે પુરા થતા વર્ષનો આવક ખર્ચનો હિસાબ

આવક

	રૂ.	ન. પૈ.	રૂ.	ન. પૈ.
બચત :				
ચાલુ તથા બ્યાજ્યાનમાળા દરમિયાન				
બચત	...	...	૬૯૧૫–૪૭	
લવાજમના :				
સંવત ૨૦૧૫ના	...	...	૧૭૬૮–૦૦	
બદલ સભ્યોને "પ્રબુદ્ધ જીવન"ની કોપી				
મોકલવાના લવાજમનો હવાલો				
આપ્યો	...	...	૭૧૦–૦૦	
			૧૦૮૮–૦૦	
"કરતા વ્યક્તિ તત્વ"ના પુસ્તક વેચાણ પર				
કમીશનની ચોખ્ખી આવક	...		૧૦૮–૨૭	
વ્યાજના :				
ડીબેન્ચરો પર	...	...	૫૨૩–૮૪	
બેન્કના ખાતાઓ પર	...	...	૯૩–૪૬	
			૬૧૭–૩૦	
		કુલ રૂ.	૮૭૨૯–૦૪	

સંવત ૨૦૧૫ના આસો વદ ૦)) ના દિવસનું સરવૈયું

ફંડો અને દેવું

	રૂ.	ન. પૈ.	રૂ.	ન. પૈ.
શ્રી રીઝર્વ ફંડ :				
ગયા સરવાયા મુજબ બાકી			૬૧૦૦ ૦૦	
સંઘ હસ્તકના ફંડો :				
શ્રી પુસ્તક પ્રકાશન ખાતું :				
ગયા સરવૈયા મુજબ બાકી			૩૦૪૩–૬૬	
શ્રી વૈદ્યકીય રાહત ખાતું :				
ગયા સરવૈયા મુજબ બાકી		૪–૬૧		
ઉમેરો–વર્ષ દરમિયાનનો		૧૦૦–૦૦		
		૧૦૪–૬૧		
બાદ–વર્ષ દરમિયાન વૈદ્યકીય				
રાહત ખર્ચના		૮૧–૫૮	૨૩–૩૩	
	આગળ લઇ ગયા		૩૯૫૧–૮૮	૧૧૦૦–૦૦

સંવત ૨૦૧૫ના આસો વદ ૦)) ના દિવસે પુરા થતા વર્ષના આવક ખર્ચના હિસાબ

ખર્ચ

	રૂ.	ન. પૈ.	રૂ.	ન. પૈ.
માણસોને પગારના	...	...	૧૨૮૦–૫૬	
કાગળ ખર્ચ	...	...	૬૫૬–૧૩	
છપામણી ખર્ચ	...	...	૨૪૮૩–૭૬	
પોસ્ટેજ ખર્ચ	...	...	૪૩૬–૧૬	
પરચૂરણ ખર્ચ	...	...	૧૮૬–૧૪	
પેકીંગ ખર્ચ	...	...	૧૯–૯૦	
		કુલ રૂ.	૪૬૪૬–૭૬	

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો સંવત ૨૦૧૫ના આસો વદ ૦)) ના દિવસે પુરા થતા વર્ષનો આવક ખર્ચનો હિસાબ

ખર્ચ

	રૂ.	ન. પૈ.	રૂ.	ન. પૈ.
વહીવટ તથા વ્યવસ્થા ખર્ચ :				
પગારના	...	...	૧૨૮૦–૫૦	
મકાનભાડું તથા વીજળી ખર્ચ	...		૨૧૩–૩૫	
પ્રીન્ટીંગ અને સ્ટેશનરી	...		૧૩૬–૭૨	
પોસ્ટેજ ખર્ચ	...	...	૧૭૬–૪૦	
બેંક કમીશન	...	...	૧–૫૦	
પરચૂરણ ખર્ચ	...	...	૨૭૮–૭૪	
સંવત ૨૦૧૪ના હિસાબો તપાસવાના				
ઓડીટરોને ઓનરેરિયમના	...		૫૦–૦૦	
			૨૦૯૨–૩૯	
ઘસારાના : ફરનીચર પર	...	...	૨૫૦–૦૦	
ટ્રસ્ટના હેતુઓ અંગે ખર્ચ				
માવજત સાધન અંગે ખર્ચ	...		૨૦–૦૦	
પર્યુષણ વ્યાખ્યાનમાળા ખર્ચ	...		૧૫૦૪–૨૬	
મહાત્મા ગાંધી ચિત્રપટ દર્શન ખર્ચ	...		૫૧–૦૦	
વસંત વ્યાખ્યાનમાળા ખર્ચ	...		૯૧૮–૬૨	
			૨૧૯૪–૮૮	
સરવૈયા ફેરના માંડી વાળ્યા	...		૦૬–૯૩	
			૪૬૩૦–૯૮	
વર્ષ દરમિયાન ખર્ચ કરતાં આવકનો				
વધારો શ્રી જનરલ ફંડ ખાતે લઇ ગયા	...		૪૬૧૫–૭૮	
		કુલ રૂ.	૮૭૨૯–૦૪	

સંવત ૨૦૧૫ના આસો વદ ૦)) ના દિવસનું સરવૈયું

મિલ્કત અને લેણું

	રૂ.	ન. પૈ.	રૂ.	ન. પૈ.
ઇન્વેસ્ટમેન્ટસ : (ચોપડા પ્રમાણે)				
૫½ ટકાના ધી ઇન્ડીયન હ્યુમ પાઇપ				
કું. લી.ના ડીબેન્ચરો રૂ. ૪૦૦૦–૦૦ની				
ફેસ વેલ્યુના	...	...	૪૨૩૬–૭૯	
૫½ ટકાના કાલ્ટેક્સ ઓઇલ (ઇન્ડીયા)				
લી.ના ડીબેન્ચરો રૂ. ૫૦૦૦–૦૦ની				
ફેસ વેલ્યુના	...	...	૫૩૦૮–૦૦	
			૯૫૪૫–૭૯	
ફરનીચર :				
ગયા સરવાયા મુજબ બાકી	...		૪૯૦–૦૦	
બાદ–વર્ષ દરમિયાન વેચાણના	...		૧૦–૦૦	
બાદ–કુલ ઘસારાના લખી વાળ્યા	...		૧૯૫–૦૦	
			૨૮૫–૦૦	
	આગળ લઇ ગયા		૬૬૯૫–૮૮	

	રૂા. ન. પૈ.	રૂા. ન. પૈ.
પાછળથી લાવ્યા...	૩૦૫૬-૬૯	૧૧૦૦-૦૦
શ્રી પ્રજ્ઞાચક્ષુ ફંડ		
ગયા સરવૈયા મુજબ બાકી	૫૦-૦૦	
શ્રી માવજત ખાતું :		
ગયા સરવૈયા મુજબ બાકી ૩૬૫-૫૧		
ઉમેરો-ઘસારાના વસુલ આવ્યા ૫-૦૪	૩૭૦-૫૫	
		૩૪૭૭-૫૪
દેવું :		
અગાઉથી આવેલા લવાજમો	૩૪૬-૦૦	
માવજતના સાધનો અંગે ડીપોઝીટ	૩૩-૦૦	
પંડિત સુખલાલજી સન્માન સમિતિ	૮૩૭-૨૯	
પરચુરણ દેવું... ...	૫૧૧-૬૯	
		૧૭૨૮-૨૮
શ્રી જનરલ ફંડ :		
ગયા સરવૈયા મુજબ બાકી	૧૬૮૪-૬૧	
ઉમેરો-શ્રી જૈન યુવક સંઘના આવક ખર્ચ ખાતેથી લાવ્યા	૪૪૧૫-૬૫	
	૨૧,૨૬૨-૫૬	
બાદ-શ્રી 'પ્રબુદ્ધ જીવન'ના આવક ખર્ચ ખાતેથી લાવ્યા	૩૩૩૩-૮૫	
		૧૭૬૨૮-૭૧
કુલ રૂા.		૨૪૨૩૪-૫૩

	રૂા. ન. પૈ.	રૂા. ન. પૈ.
પાછળથી લાવ્યા...		૬૮૩૭-૩૬
ઇન્વેસ્ટમેંટસ પર લેણું થયેલ વ્યાજ લેણું :-(સદ્ધર)		૨૦૬-૭૬
શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક પુસ્તકાલય અને વાંચનાલય ...	૧૩૪૭-૪૭	
ઇન્કમટેકસ રીફન્ડનું લેણું ...	૧૭૨-૭૦	
સભ્ય લવાજમ અંગે	૪૨૦-૦૦	
પરચુરણ લેણું	૧૩૬-૦૦	
		૨૦૭૦-૧૭
રોકડ તથા બેંક બાકી :		
ધી બેંક ઓફ ઇન્ડીઆ લી.ના કાયમી થાપણ ખાતે	૭૦૦૦-૦૦	
ધી બેંક ઓફ ઇન્ડીઆ લી. ના ચાલુ ખાતે...	૩૭૨૪-૨૮	
રોકડ શીલક	૧૦૧-૦૪	
		૧૦૮૨૫-૩૨
શ્રી સત્યમ્ શિવમ્ સુંદરમ્ પુસ્તક પ્રકાશન ખાતું :		
ગયા સરવૈયા મુજબ બાકી ...	૧૬૭૦-૬૧	
બાદ-પુસ્તકો વેચાણના કુલ આવ્યા...	૫૩૭-૦૦	
		૧૧૩૩-૬૧
શ્રી બોધિસત્વ પુસ્તક પ્રકાશન ખાતું :		
ગયા સરવૈયા મુજબ બાકી ...	૨૮૮-૬૨	
બાદ-કુલ વેચાણના	૧૨૭-૩૭	
		૧૬૧-૨૫
કુલ રૂા.		૨૪૨૩૪-૫૩

અમોએ શ્રી મુંબઇ જૈન યુવક સંઘ મુંબઇનું સંવત ૨૦૧૫ ના આસો વદ ૦)) ના દિવસનું ઉપરનું સરવૈયું મજકુર સંસ્થાના ચોપડાઓ તથા વાઉચરો સાથે તપાસ્યું છે, અને બરોબર માલુમ પડ્યું છે.

મુંબઇ,
તા. ૪ થી માર્ચ ૧૯૬૦.

શાહ મહેતા એન્ડ કાં.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ

શ્રી. મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાંચનાલય અને પુસ્તકાલય, મુંબઇ.

સંવત ૨૦૧૫ ના આસો વદ ૦)) ના દિવસે પુરા થતાં વર્ષનો આવક તથા ખર્ચનો હિસાબ

આવક

	રૂા. ન. પૈ.	રૂા. ન. પૈ.
વ્યાજના :		
સીકયુરીટીઓના	૧૬૦-૦૦	
પબ્લીક લી. કું.ના ડીબેંચરોના ...	૮૩૧-૨૫	
બેંકના ફીકસડ ડીપોઝીટ ખાતાના ...	૪૯-૮૭	
		૧૦૪૧-૧૨
ભેટના : ...		૨૮૩૪-૭૫
પુસ્તકોના લવાજમના ...		૭૪૧-૦૦
પરચુરણ આવક :		
પરતીના વેચાણના	૧૨૦-૫૦	
પાસબુકોના વેચાણના	૪૨-૦૦	
પુસ્તકો મોડા આવવાથી તથા ખોવાઇ જવાથી દંડના	૨૮-૬૦	
		૧૯૧-૧૦
કુલ રૂા.		૪૮૦૭-૯૭

ખર્ચ

	રૂા. ન. પૈ.	રૂા. ન. પૈ.
ટ્રસ્ટના ઉદ્દેશો અંગે ખર્ચ :		
પેપરો તથા માસિકોના લવાજમના ...	૩૭૭-૪૨	
ગ્રંથપાલને પગારના	૧૭૦૨-૦૦	
ઘાટીને પગારના	૧૦૭૬-૦૦	
મકાનભાડું તથા વીજળી ખર્ચ ...	૫૦૮-૮૦	૩૬૬૪-૨૨
વ્યવસ્થા ખર્ચ :		
વીમાના પ્રીમીયમના	૪૩-૭૫	
ઓડીટ ફીના	૫૦-૦૦	
સ્ટેશનરી તથા છપામણી	૫૦-૩૫	
પરચુરણ ખર્ચ	૧૮૨-૬૬	૩૨૬-૭૬
ઘસારાના :		
ફરનીચર ઉપર	૧૧૪-૩૦	
પુસ્તકો ઉપર	૫૨૫-૭૫	
		૬૪૦-૦૫
સરવૈયા ફેરના		૦-૬૦
		૪૬૩૬-૬૩
વર્ષ દરમિયાન ખર્ચ કરતા આવકનો વધારો		૧૭૬-૩૪
કુલ રૂા.		૪૮૦૭-૯૭

શ્રી. મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાં ાલય અને પુસ્તકાલય મુંબઈ.

સંવત ૨૦૧૫ ના આસો વદ ૦)) ના દિવસનું સરવૈયું.

ફંડો અને દેવું

	રૂા. ન. પૈ.	રૂા. ન. પૈ.
શ્રી સ્થાયી ફંડ :		
ગયા સરવૈયા મુજબ બાકી		૨૪૫૬૧-૦૦
શ્રી પુસ્તક ફંડ :		
ગયા સરવૈયા મુજબ બાકી		૫૫૦૦-૦૦
શ્રી ફરનીચર ફંડ:		
ગયા સરવૈયા મુજબ બાકી		૨૪૦૦-૦૦
દેવું :		
પુસ્તકો અંગે ડીપોઝીટ	૩૪૪૫-૦૦	
માસીકો અંગે ડીપોઝીટ	૨૭-૦૦	
પરચુરણ દેવું :		
શ્રી જૈન યુવક સંઘ ૧૩૪૧-૪૭		
પગાર અંગે ... ૨-૬૫		
	૧૩૪૪-૧૨	
		૪૮૧૬-૧૨
શ્રી આવક ખર્ચ ખાતું :		
નયા સરવૈયા મુજબ બાકી	૧૮૬-૧૮	
ઉમેરો–વર્ષ દરમિયાન ખર્ચ કરતા આવકનો વધારો	૬૭૬-૩૪	
		૩૬૫-૫૨
	કુલ રૂા.	૩૭૬૪૨-૬૪

મિલકત અને લેણું

	રૂા. ન. પૈ.	રૂા. ન. પૈ.
ઈન્વેસ્ટમેંટસ (ચોપડા પ્રમાણે)		
સીકયુરીટીઓ :		
૪% ની સને ૧૯૬૭ ની ફેસ. વેલ્યુ. સૌરાષ્ટ્ર સ્ટેટ ડેવલપમેન્ટ લોન ૦૦૦		૩૯૯૩-૭૫
પબ્લીક લીમીટેડ કંપનીના ડીબેંચરો :		
૪% ના રાવલગાંવ સ્યુગર ફાર્મ લી. ના ડીબેંચરો...	૧૦૦૦૦	૧૦૦૦૦-૦૦
૫½% ના ધી સ્ટાન્ડર્ડ વેકયુમ રીફાઇનીંગ ઓઇલ કું. લી. ના ડીબેંચરો	૫૦૦૦	૫૨૭૩-૦૦
૫% ના ધી તાતા લોકો-મોટીવ એન્ડ એન્જી. કું. લી. ના ડીબેંચરો ...	૬૦૦૦	૬૧૬૩-૫૦
	૨૫૦૦૦	૨૫૪૩૦-૨૫
ઈન્વેસ્ટમેંટસ પર લેણું થયેલું વ્યાજ		૨૮૦-૦૦
ફરનીચર : (ચોપડા પ્રમાણે)		
ગયા સરવૈયા મુજબ બાકી		૨૪૯૮-૫૨
બાદ : ઘસારાના લખી વાળ્યા		
અગાઉના વર્ષમાં ... ૫૫૨-૫૨		
ચાલુ વર્ષમાં ૧૧૪-૩૦		
	૬૬૬-૮૨	
		૧૮૩૧-૭૦
પુસ્તકો : (ખરીદ કીંમતે)		
ગયા સરવાયા મુજબ બાકી		૭૧૬૮-૫૫
ઉમેરા : વર્ષ દરમિયાન નવા ખરીદ કર્યા.		૭૧૧-૭૬
		૭૬૧૦-૩૧
બાદ : ઘસારાના લખી વાળ્યા		
અગાઉના વર્ષમાં ...૩૨૦૭-૫૫		
ચાલુ વર્ષમાં ૫૨૫-૭૫		
	૩૭૩૩ ૩૦	
		૪૧૭૭-૦૧
લેણું :		
ઇન્કમટેકસ રીફંડનું લેણું	૨૧૩-૩૦	
માણસો પાસે... ...	૩૦-૦૦	
		૨૪૩-૩૦
રોકડા તથા બેંક બાકીઓ		
ધી બેંક ઓફ ઇન્ડીઆ લી.ના કાયમી થાપણ ખાતે ...	૫૦૪૬-૮૭	
ધી બેંક ઓફ ઇન્ડીઆ લી. ના ચાલુ ખાતે ...	૫૬૫-૫૬	
રોકડ શીલક	૩૪-૬૫	
		૫૬૮૦-૩૮
	કુલ રૂા.	૩૭૬૪૨-૬૪

અમોએ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલયનું સંવત ૨૦૧૫ ના આસો વદ ૦)) ના દિવસનું ઉપર મુજબનું સરવૈયું મજકુર સંસ્થાના ચોપડાઓ તથા વાઉચરો સાથે તપાસ્યું છે અને બરાબર માલુમ પડયું છે.

મુંબઇ,
તા. ૪ થી માર્ચ ૧૯૬૦

શાહ મહેતા એન્ડ કું.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ

પુસ્તકાલયમાં વસાવવા લાયક, શિક્ષણ સંસ્થામાં ઇતર વાંચન તરીકે ઉપયોગમાં લેવા લાયક તેમજ કોઈ પણ શુભ પ્રસંગે વહેંચવા લાયક પુસ્તકો

સત્યં શિવં સુન્દરમ્

શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાનો લેખસંગ્રહ

કાકાસાહેબ કાલેલકર અને પંડિત સુખલાલજીના પ્રવેશકો સાથે

કિંમત રૂા. ૩, પોસ્ટેજ ૦-૬-૦

બોધિસત્ત્વ

સ્વ. ધર્માનંદ કોસમ્બી રચિત મૂળ મરાઠી નાટક

અનુવાદકો :

શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા તથા શ્રી કાન્તિલાલ બરોડિયા

કિંમત રૂા. ૧-૮-૦, પોસ્ટેજ ૦-૨-૦

મુંબઇ જૈન યુવક સંઘના સભ્યો તથા પ્રબુદ્ધ જીવનના ગ્રાહકો માટે

સત્યં શિવં સુન્દરમ્ : કિંમત રૂા. ૨, બોધિસત્ત્વ : કિંમત રૂા. ૧

મળવાનું ઠેકાણું :

મુંબઈ જૈન યુવક સંઘ, ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય ગાંધી રસ્તો, અમદાવાદ.

મુંબઇ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.
મુદ્રણસ્થાન 'ચંદ્ર પ્રિં. પ્રેસ, ૪૫૧ કાલબાદેવી રોડ, મુંબઇ ૨. ટે. નં. ૨૯૩૦૩

રજીસ્ટર ન. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪:

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૨ : અંક ૨૪

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, એપ્રિલ ૧૬, ૧૯૬૦, શનિવાર
આફ્રિકા માટે શિલિંગ ૯

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ : નયા પૈસા ૨૦

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

★ વિકાસ યોજનાઓ અને મધ્યમવર્ગ ★

(ગતાંકથી ચાલુ)

વિકાસ યોજનાના કેટલાક બોધપાઠો

સામાન્યપણે જોઇએ તો આર્થિક આયોજનના પ્રયાસોમાંથી આપણને એક બોધપાઠ તો એ મળ્યો છે કે ભવિષ્યમાં ખેતીવાડીના વિકાસને દેશની વિકાસ યોજનાઓમાં મધ્યવર્તી સ્થાન આપણે આપવું જ પડશે ને ભારે ઉદ્યોગો સ્થાપવાની ને તેની પ્રગતિની ઘણી અગત્યતા હોવા છતાં દેશમાં વપરાશની ચીજોનું ઉત્પાદન વધવું જોઇશે ને તે માટે મધ્યમ કક્ષાના ઉદ્યોગોના વિકાસ ઉપર ખાસ ધ્યાન અપાવું જોઇશે. આવી જ રીતે કોઇ પણ વિકસિત અર્થકારણ માટે બાંધવાળી અર્થનીતિનું અનુસરણ, અમુક ચોક્કસ મર્યાદા વચ્ચે, તથા નિશ્ચિત પ્રમાણમાં અનિવાર્ય ગણાય તે હકીકત સ્વીકારવા છતાં, અર્થતંત્ર પર તેની વિષમ અસર ન પડે તે બાબતમાં ખાસ તકેદારી રાખવી પડશે. રાષ્ટ્રીય આવકમાં વધારો થયો ને તેથી આંકડાઓની દૃષ્ટિએ સરવાળા-બાદબાકી કરતાં વ્યક્તિગત જીવનધોરણમાં વધારો થયો તે પુરવાર કરી શકાય, પણ સાથે સાથે ભાવ-સપાટીમાં જ વધારો થાય-ને આપણે આગળ જોયું કે તે સારા પ્રમાણમાં થયો છે-તો પહેલો વધારો સાચો ન ગણી શકાય. બાંધવાળી અર્થનીતિને પરિણામે ભાવોમાં સહેજ વધારો અનિવાર્ય ગણાય એમ અર્થશાસ્ત્રીઓ ને નાણાશાસ્ત્રીઓ પ્રતિપાદન કરે છે ને આવી નીતિથી અમુક સંજોગોમાં દેશના અર્થકારણને ફાયદો પણ થાય છે. આ વિષયની શાસ્ત્રીય ચર્ચામાં ઉતરવાનું આ સ્થાન નથી. પશ્ચિમના ને બીજા આગળ વધેલા દેશોએ છેલ્લા સો-અસો વર્ષોમાં જે પ્રગતિ કરી તે આપણે દસ-વીસ વર્ષમાં જ કરવી જોઇએ, ને તે માટે વર્ષોથી નિષ્ક્રિય ને સુષુપ્ત એવા દેશના અર્થકારણમાં નવું ચેતન લાવવું જોઇએ તે હેતુ રેતુત્ય છે. આર્થિક આયોજનનું જે માળખું તૈયાર કરવામાં આવ્યું છે ને વિકાસની દિશા નક્કી કરી તે તરફ ઝડપથી પગલાં ઉપાડવામાં આવ્યા છે તે બરાબર છે એમ માની લઇએ તો તેને માટેની ભારે રોકાણોની જરૂરિયાતોમાં કરવેરા અને બાંધવાળી અર્થનીતિ બંનેનું સ્થાન છે તે ચોક્કસ છે. સીધા કરવેરા વધારવા માટે હવે ખાસ અવકાશ રહ્યો નથી, તેથી આડકતરા કરવેરાની આવક ઉપર સરકારના અંદાજપત્રમાં ખાસ આધાર રાખવો પડે છે. શ્રી. ટી. ટી. કૃષ્ણમાચારીના બજેટ પછી સરકાર કરવેરાના સમૃદ્ધ શસ્ત્રાલયમાંથી અનેક શસ્ત્રોનો ઉપયોગ પ્રજાના બધા વર્ગો પર કરે છે. છેલ્લાં ત્રણચાર વર્ષ દરમ્યાન એક બાજુ જ્યારે મધ્યમવર્ગ પર મોંઘવારીની ભીંસ વધતી ગઇ છે, ત્યારે બીજી બાજુ આબકારી જકાત નંખાવાથી, રેલ્વેના દરમાં ને નૂરમાં વધારો થવાથી ને આમ કરવેરાની કરમુકત આવકની મર્યાદા ઘટાડવાથી મધ્યમવર્ગની મુશીબતોમાં વધારે થયો છે. સરકારે ખાસ જોવું એ જોઇએ કે આવી રીતે એટલે કે કરવેરામાં વધારો કરીને અથવા તો બાંધવાળી અર્થનીતિના અનુસરણથી નાણું ફરતું કરીને જે નવા નાણાંકીય સાધનો ઉભા કરવામાં આવે તેનો સંપૂર્ણતઃ સદુપયોગ થાય. યોજનાઓ માટેનું જે નાણું ઉભું કરવામાં આવે છે, તેનો ઉપયોગ યોજનાઓના બહારના કાર્યમાં થાય છે એ જાણીતું છે. આવું સદંતર ન થાય તેવું આપણે ઇચ્છીએ, પણ તે શકય નથી, સરકારી આંકડાઓ બતાવે છે, કે છેલ્લાં બાર વર્ષમાં વિકાસ યોજનાઓ-પાછળનો ખર્ચ ત્રણ ગણો થયો છે, તો બિનવિકાસ યોજનાઓ પાછળનો ખર્ચ બમણો થયો છે. પણ આવાં સાધનોનો વધુમાં વધુ ઉપયોગ વિકાસ યોજનાઓમાં થવો જોઇએ; તે પણ કાર્યક્ષમતાથી ને પૂરી કરકસરથી થવો જોઇએ. યોજનાઓ પાછળ જે નાણું ખર્ચાય છે તેનાથી ખેતીવાડી અને ઉદ્યોગો બંનેનું ઉત્પાદન વધતું રહેવું જોઇએ. તો જ બાંધવાળી અર્થનીતિમાંથી નિપજતા ફુગાવાને કાબુમાં રાખનાર તત્ત્વો અસ્તિત્વમાં આવે. બંને પંચવર્ષીય યોજનાઓ આ બાબત આપણને ચોકકસપણે શીખવે છે. પહેલી યોજનાની સરખામણીમાં બીજી યોજના દરમ્યાન રાષ્ટ્રીય ઉત્પાદનમાં ધાર્યો વધારો ન વરતાયો ને ઉલ્ટું ફુગાવાની નીતિ વધુ અમલમાં આવી. તેનાં સીધાં પરિણામો ભાવોના ઉછાળામાં જણાયાં ને તેથી મધ્યમવર્ગની મુશીબતોમાં વધારો થયો. ૧૯૫૧ થી માંડીને ૧૯૫૯ સુધીના કુલ રાષ્ટ્રીય ઉત્પાદન, જીવનધોરણ આંક, જથ્થાબંધ માલના ભાવનો આંક, લોકોના હાથમાં નાણું અને રાષ્ટ્રીય આવકના આંકડાઓ ઝીણવટથી તપાસીએ તો આપણને આ બાબતની પાકકી ખાત્રી થયા વિના રહેશે નહી.

કલ્યાણકારી રાજ્યની પ્રવૃત્તિઓને પહોંચી વળવા સરકારી તંત્રમાં ઘણો વધારો થયો છે. સરકારી ખાતાંઓમાં ખૂબ પ્રમાણમાં ભરતી થઇ છે. રાષ્ટ્રીયકરણ, રાજ્ય-હસ્તક પ્રવૃત્તિ, જાહેરક્ષેત્રનો વિસ્તાર એમ નવો ઓક આપણા દેશમાં આપણે જોઇએ છીએ. બાનગી ક્ષેત્રને કોઇકવાર પંપાળવામાં આવે છે; કોઇક વાર તેને ખૂણામાં ખસેડી દેવામાં આવે છે; કોઇકવાર તેને ધમકાવવામાં આવે છે. આ બધાથી દેશની વિકાસ યોજનાઓને સરવાળે લાભ થાય છે કે ગેરલાભ તે બાબતમાં સરકારે ને પ્રજાએ ભવિષ્ય માટે આખરી ને પાકકા નિર્ણયો લેવા જોઇએ. રાજકીય ને આર્થિક સત્તાનું કેન્દ્રીકરણ એ દેશના હિતમાં નથી ને જો રાજા, મહારાજાઓ કે મોટા જમીનદારો કે મોટા ઉદ્યોગપતિઓ ન હોવા જોઇએ એવો મત પ્રવર્તતો હોય તો દિલ્હીમાં બેઠેલા અને પોતાને મોગલે આઝમ માની બેઠેલા ઉચ્ચ સરકારી વહીવટકર્તાઓ પણ હંમેશ માટે જામી પડે તે દેશના હિતમાં છે કે નહીં તે અંગે પણ લોકમત ચોકકસપણે કેળવવો જોઇએ. લોકશાહીના ભાવિ સાથે આ બાબત ખાસ સંબંધ ધરાવે છે.

એક વાત તો હું ખાત્રીથી માનું છું કે વિકાસ યોજનાઓની સફળતા માટે સરકારીતંત્રની શિથિલતા દૂર થવી જોઇએ, તેમની કાર્યકુશળતા અને કાર્યક્ષમતામાં અત્યાર કરતાં ઘણો જ વધારે

થવો જોઇએ, ને કરચોરી, દાણચોરી, લાંચ-રૂશ્વત, લાગવગ-પક્ષપાત વિ.થી સરકારી તીજોરીને કે પ્રજાના હિતને જે નુકશાન થાય છે તે વ્યવહારૂ રીતે જેટલું શકય હોય તેટલું કડક રીતે અંકુશિત કરવું જોઇએ. આ બધા સામાજીક અનિષ્ટોની બાબતમાં સરકારે ખૂબ જાગૃતિ દાખવવાની જરૂર છે, જે ખાસ દેખાતી નથી. આર્થિક રીતે અણવિકસિત દેશ આર્થિક વિકાસની દિશામાં ઝડપી પગલાં ભરે ત્યારે તેનો બોજો પ્રજાએ હસ્તે મોંએ સહન કરવો જ જોઇએ એ બિનચર્ચાસ્પદ બાબત છે. 'There cannot be planning without tears' અને 'The price of development is sweat & tears' એ સૂત્રો સરકારી ક્ષેત્ર તરફથી હરહંમેશ વહેતા મૂકવામાં આવે છે. પણ, આ આર્થિક વિકાસના બોધપાઠ ઉપરથી. મધ્યમવર્ગના માનવીઓ સહિત દેશના પ્રજાજનો સરકારને અવશ્ય એ કહી શકે છે કે અમે શ્રમ કરવા અને આંસુ વહાવવા તૈયાર છીએ, પણ પહેલાં તમારે અમને બતાવવું પડશે. સમજાવવું પડશે અને વિશ્વાસમાં લેવા પડશે કે (૧) શું આ બોજાઓ અનિવાર્ય છે ? (૨) શું સરકારને થતી આવકનો દરેકે દરેક રૂપીઓ વિકાસ કાર્યમાં જ વપરાય છે ને તેનો દુરૂપયોગ થતો નથી ? (૩) શું યોજનાઓનો બોજો અને લાભ-બંનેનું વિતરણ એવી રીતે થાય છે કે પ્રજામાં યોજનાઓ પ્રત્યેનો ઉત્સાહ ને રસ સતત રહી શકે ? પ્રજાને વપરાશ પર નિયમન મૂકવાનું તથા કરકસર કરવાનું કહેતી વખતે સરકારે પોતે પણ આ બધું અમલમાં મૂકવાની જરૂર રહે છે. શિખામણ અને વર્તન બંને વચ્ચે એકસૂત્રતા રાખવી જરૂરી છે.

લોકશાહી ઢબે થતા આર્થિક આયોજનમાં સફળતા પ્રાપ્ત કરવા સરકાર અને પ્રજા વચ્ચે ઉંડી સમજણ હોવી જોઇએ, એક બીજા પર વિશ્વાસ હોવો જોઇએ ને સહકારની સાચી ભાવના કેળવાવી જોઇએ. પહેલી અને બીજી યોજનાના બોધપાઠોમાંથી આ પાઠ ખાસ આપણને શીખવા મળ્યો છે ને તે ત્રીજી યોજના માટે ભારે ઉપયોગી છે. મધ્યમવર્ગના ભવિષ્યને આ પાયાની બાબતો સ્પર્શે છે.

જેમ 'મશીન માણસ માટે છે, અને નહીં કે માણસ મશીન માટે', તેમ હાલમાં ભારત સરકારના ભૂતપૂર્વ નાણાપ્રધાન શ્રી. સી. ડી. દેશમુખે કહ્યું હતું કે, 'યોજના પ્રજા માટે છે, અને નહીં કે પ્રજા યોજના માટે.' આ નાનકડા વાકય દ્વારા શ્રી. દેશમુખે ઘણું ઘણું કહી દીધું છે તે બાબતમાં શંકા નથી.

સરકારી નીતિ અને મધ્યમવર્ગ

વિકાસ યોજનાઓ અંગેની સામાન્ય ચર્ચા આપણે એ ધોરણે કરી કે જે મુજબ જો અનુકુળ ફેરફારો થઇ શકે તો યોજનાના બોજનો ભાર કાંઇક હલકો થાય, તેનાં પરિણામો પ્રજાને વધુ નજદીકથી સ્પર્શે ને સફળતા માટે વધુ ઉત્સાહજનક વાતાવરણ કેળવાય. હવે, બહુ જ ટૂંકમાં, સરકારી ક્ષેત્રે મધ્યમવર્ગના પ્રશ્નોની બાબતમાં શું થઇ શકે તે વિચારીએ.

(૧) અનાજ, કાપડ અને રહેઠાણ એ મૂળભૂત જરૂરિયાતો સરકારે બને તેટલી વ્યાજબી રીતે સંતોષાય તે જોવું જોઇએ. આ પાયાની બાબતમાં જરા પણ આંધળોડાને અવકાશ નથી. યોજનાની સફળતાનો પાયો આ જ હોઇ શકે.

(૨) શિક્ષણની સગવડો ને તબીબી સગવડો વધુ પ્રમાણમાં મળતી જોઇએ અને તે પણ મધ્યમવર્ગને પોસાય તે ધોરણની હોવી જોઇએ.

(૩) રોજગારીનું ક્ષેત્ર વિસ્તાર પામતું રહે તે આર્થિક નીતિનો હેતુ પાર પડી શકયો નથી. આ બાબતને જરા પણ ગૌણ સ્થાન અપાવું ન જોઇએ.

(૪) સામાજિક કલ્યાણનો યોજનામાં દર્શાવેલો ખર્ચ એવી રીતે થવો જોઇએ કે જેનો લાભ અમુક વર્ગને બદલે પ્રજાના બધા વર્ગોને મળે ને તેથી તેમને મુશ્કેલીઓમાં કાંઇક રાહત મળે ને તેમનો ઉત્સાહ વધે.

(૫) લઘુતમ વેતન, હક્કની રજા, પ્રોવિડન્ટ ફન્ડ વિ. વિ. લાભો નોકરિયાતોને મળવા જોઇએ ને સરકારી નોકરિયાતો અને ખાનગી નોકરિયાતો વચ્ચે આ બાબતમાં તફાવત રહે છે તે ઘટવો જોઇએ. આજે સરકારી નીતિનું ધ્યાન મુખ્યત્વે ઔદ્યોગિક કામદારો તરફ જ હોય છે, તેને બદલે બીજા વર્ગોના આવા પ્રશ્નો તરફ પણ વળવું જોઇએ.

(૬) યોજનાનાં નાણાકીય સાધનો વધારવા આડકતરા વેરાનો ભરપુર ઉપયોગ થાય છે. આવા કરવેરાથી જીવનની જરૂરિયાતો વધુ પડતી મોંઘી ન પડે તે જોવાવું જોઇએ. આવી જ રીતે હવે જાહેર કોર્પોરેશનોએ પણ નફાને ધોરણે કાર્ય કરી સરકારી તીજોરીમાં ફાળો આપવો જોઇએ તે નીતિનો સ્વીકાર થયો છે. આવો નફો કાર્યક્ષમ કાર્ય કરીને તથા ખર્ચમાં કરકસર કરીને થવો જોઇએ અને નહિં કે સેવાના દરમાં કે ઉત્પાદિત માલના ભાવમાં વધારો કરીને.

બદલાતી પરિસ્થિતિમાં મધ્યમવર્ગ પોતે શું કરી શકે ?

મધ્યમવર્ગ મહેનતુ છે, વ્યવહારૂ છે ને તેને પોતાનો માર્ગ કાઢતાં અવશ્ય આવડે છે. ઉપર વર્ણવેલી નક્કર હકીકતો ને વાસ્તવિક પરિસ્થિતિનો તેને સંપૂર્ણ ખ્યાલ છે. રોજે રોજની મુશીબતોથી ને ઘરના અંદાજપત્રના ટાંટીઆ મેળવવાની મથામણથી તે અકળાય કે રોષે ભરાય તે સમજી શકાય તેવું છે, છતાં તે જાણે છે કે મહદંશે તો દેશનું ભાવી જેટલું ઉજળું હશે, તેટલું જ તેનું ભાવી પણ ઉજળું છે. આથી તે યોજનાઓના વિકાસ સાથે તાદાત્મય અનુભવે છે અને વિકાસ યોજનાની વિગતોમાં કે નીતિના વલણમાં કેટલાક ફેરફારો ઇચ્છતો હોવા છતાં તે આર્થિક ક્ષેત્રે જે બધું થઇ રહ્યું છે તેનો તેને સંતોષ છે, આનંદ પણ છે.

આપણે સૌ જાણીએ છીએ કે વિશ્વયુદ્ધ દરમ્યાન અથવા યુદ્ધ પછીના કાળમાં ઇંગ્લંડ, જર્મની, જાપાન વિ. દેશોની પ્રજાએ અપાર યાતનાઓ ભોગવી હતી અને પરિસ્થિતિ ઉપર કાબુ મેળવવા ને પ્રશ્નો હલ કરવા પારાવાર પરિશ્રમ ઉઠાવ્યો હતો. હું ચોકકસપણે માનું છું કે, આપણા દેશનો સામાન્ય માનવી પણ આ માટે તત્પર છે, જો તેને સમજાવટથી વશ કરી લેવામાં આવે તો. એક વાર શ્રી. અશોક મહેતાએ આ બાબતમાં પોતાના દિલનું દર્દ વ્યકત કરતાં કહ્યું હતું કે, "યોજના માટે કોને પડી છે ? વિકાસની કોને પડી છે ? દેશમાં સરકારક્ષેત્રે શું કે પ્રજાક્ષેત્રે શું ? વ્યવસ્થા, સમજણ અને સંયોજનનો સંપૂર્ણ અભાવ છે !" મધ્યમવર્ગનો માનવી જ્યારે 'પેટે પાટા બાંધો' ની સલાહ સાંભળે છે, ત્યારે તે જોઇ શકે છે કે આનો અમલ કયા કયા વર્ગો કેવી રીતે કરે છે. આ પરિસ્થિતિમાં ઘરબારનો ફેરફાર થવો જોઇએ અને 'યોજનાબહેન પાંચ વર્ષ પહેલા આંબ્યા હતા, પછી દેખાયા નથી' તેને બદલે યોજનાનાં નકકર પરિણામો સીધેસીધા પ્રજાના બધા વર્ગોને તથા ગામડે ગામડે પહોંચે તેવો પ્રબંધ થવો જોઇએ. હવે પછી માત્ર મીઠાં વચનોથી ને શબ્દોની કરામતથી પ્રજાને સંતોષી નહીં શકાય તે વિધાન કોઇ પણ સ્વીકારશે. મધ્યમવર્ગનો માનવી કહીએ કે સામાન્ય માનવી કહીએ કે દેશનો નાગરિક કહીએ જે કહીએ તે – તેને વધુમાં વધુ કેવી રીતે સંતોષવો તે ત્રીજી યોજનાનો એક મૂળભૂત હેતુ ગણાવો જોઇએ.

હાલની મુંઝવણોમાંથી કાંઇક માર્ગ કાઢવા માટે મધ્યમવર્ગ પોતે શું કરી શકે તે આપણે બહુ જ ટૂંકમાં જોઇ લઇએ.

(૧) જે કહેવું સહેલું છે, પણ કરવું મુશ્કેલ છે તે–જ્યાં જ્યાં શકય હોય ત્યાં ત્યાં તેણે કરકસર કરવી જોઇએ.

(૨) ખોટી શ્રીમંતાઈમાં ધસડાવાની જે મધ્યમવર્ગની વૃત્તિ છે તેમાં ફેરફાર થવો જોઇએ.

(૩) 'એક કમાનાર ને સાત ખાનાર' એ પરિસ્થિતિમાં યોગ્ય ફેરફારો કરી, કુટુંબ દીઠ આવકમાં સંજોગો મુજબ, વધારો થાય તેવા ઉપાયો યોજવા જોઇએ.

(૪) યોજનાને લીધે વિકસતા વેપાર-ઉદ્યોગમાં વધતી જતી રોજગારીની તકો ઝડપી લેવી જોઇએ. નવી તકોની ખાસ નોંધ લેવાવી જોઇએ.

(૫) આર્ટસ્ ને બદલે ટેક્નીકલ શિક્ષણ તરફ વધુ ધ્યાન અપાવું જોઇએ અમુક ઉંમર પછી, વિદ્યાર્થીઓએ ભણવાનું ને કમાવાનું કાર્ય સાથે કરવું જોઇએ.

(૬) સ્ત્રીઓએ પણ નવા સંજોગો મુજબ વર્તવું જોઇએ ને શક્ય હોય તો કુટુંબની આવકમાં વધારો કરવા પ્રયત્ન કરવો જોઇએ.

(૭) લગ્નની વયમર્યાદા ઐચ્છિક રીતે ઊંચી આણવી જોઇએ અને કુટુંબ નિયોજનનું મહત્વ સ્વીકારવું જોઇએ.

(૮) બચત કરવી મુશ્કેલ છે એ ખરું; છતાં, મધ્યમવર્ગ બચત કરવા ટેવાયેલો છે. તેથી બચતના નવા નવા સાધનોનો ફાયદો થાય તેવી રીતે ઉપયોગ કરવો જોઇએ.

(૯) નાના ઉદ્યોગોનું કાર્ય અને સહકારી પ્રવૃત્તિના સંગઠનમાં ખાસ રસ લેવો જોઇએ. Consumer's co-operatives માટે આપણા દેશમાં બહોળું ક્ષેત્ર છે ને તે દ્વારા મધ્યમવર્ગના કેટલાક પ્રશ્નો હલ થઈ શકે તેમ છે.

(૧૦) સામાજિક સંસ્થાઓએ આ બધા જટિલ પ્રશ્નોનો અભ્યાસ કરી, માર્ગદર્શકનું કાર્ય કરવું જોઇએ ને લોકમત ઘડવામાં પોતાનો ફાળો આપવો જોઇએ.

(૧૧) 'બોલે તેના બોર વેચાય' એ ન્યાયે વિચાર વિનિમય કરી, હતાશ ને નિષ્ક્રિય થવાને બદલે સંગઠિત બનીને જોરશોરો કાર્યક્રમ મધ્યમવર્ગે હાથ ધરવો જોઇએ. પોતાની ઓછામાં ઓછી માંગણીઓ ને હકો સ્વીકારાય તે માટે તેણે કટિબદ્ધ થવું પડશે.

(૧૨) પોતાના પ્રશ્નોના ઉકેલમાં, લાચારીનો લાભ લઇ, બીજા વર્ગો, પક્ષો કે હિતો બનાવી ન જાય તેની ખાસ તકેદારી મધ્યમવર્ગે રાખવી પડશે.

(૧૩) સમાજવાદી સમાજરચનાનું જે ચિત્ર રજુ થયું છે ને આર્થિક નીતિ જે દિશામાં દેશને લઇ જઇ રહી છે તેમાં બંધબેસતા થવા મધ્યમવર્ગે પ્રયત્નશીલ થવું જોઇએ.

રાજકીય સદ્ધરતા અને આર્થિક ભવિષ્ય

આપણે વિકાસ યોજનાઓ દ્વારા સમૃદ્ધિની વહેંચણી કરવા ઇચ્છીએ છીએ અને નહીં કે ગરીબીની. વિકાસ યોજનાઓના ઉત્તરોત્તર વધતા જતા ફાયદા દેશના બધા વર્ગોને, દેશના બધા વિસ્તારોને સપ્રમાણ મળવા જોઇએ અને દેશની વહન-શક્તિ મુજબનો બોજો તેના ઉપર લદાવો જોઇએ. દેશ સમક્ષની આપણી કિલષ્ટ આર્થિક સમસ્યાઓ, વસ્તીનો વધારો ને ઉત્પાદનનું ઓછું ધોરણ એ બતાવે છે કે હજી કેટલીએ પંચવર્ષીય યોજનાઓ આપણે ઘડીને તેમાં સફળતા મેળવીશું ત્યારે આપણા જીવન-ધોરણમાં કંઇક સારો ગણી શકાય તેવો સુધારો જણાશે. આખરે તો આ માટેના જરૂરી નાણાંકીય સાધનો આપણે દેશમાંથી જ ઉભાં કરવા રહ્યાં. પરિણામે, યોજનાઓમાં હાલમાં જે રોકાણનો દર છે તેમાં ઘણો વધારો ક્રમશઃ કરતો જવો પડશે. વિકસતા જતા અર્થતંત્રમાં જેમ જેમ આવકો વધતી જાય તેમ તેમ કરવેરા દ્વારા અથવા લોનો ને બચત યોજનાઓ દ્વારા સરકારને તાણું પ્રજા પાસેથી મળવું જોઇએ. આ દૃષ્ટિએ જોતાં પણ સરકારે મધ્યમવર્ગના પ્રશ્નો પર ખાસ ધ્યાન આપવું જોઇએ ને ભવિષ્યમાં તે બચત કરીને સરકારને હોંશે હોંશે આપે તેવી વ્યવસ્થા નિર્માણ થવી જોઇએ. આર્થિક ભવિષ્ય ઉપરાંત રાજકીય સદ્ધરતાની દૃષ્ટિએ પણ આ દૃષ્ટિબિન્દુનો સ્વીકાર થયો ઘટે.

દેશને સારે નશીબે અત્યાર સુધીમાં આપણે કોઇ પણ પાડોશીદેશો સાથે અથડામણમાં ઉભર્યા નથી. એ ખરું છે કે પાકિસ્તાન, કાશ્મીર, ભારત-ચીની સરહદ એમ સમસ્યાઓ આપણને મુંઝવે છે, પણ આર્થિક વિકાસના કાર્યક્રમને હજી આંચ આવી નથી, જો કે આ વર્ષે દેશના સંરક્ષણ ખર્ચમાં આપણે વધારો કરવો પડ્યો છે. આવો અણધાર્યો બોજો તો સૌ કોઇએ હસતે મોંએ ઉપાડવો જ રહ્યો. જેટલે અંશે આપણાં મર્યાદિત સાધનો આ રીતે ફંટાઇ જાય તેટલે અંશે આપણું આર્થિક વિકાસનું કાર્ય અધૂરું રહે તે સ્પષ્ટ છે. આપણે આશા રાખીએ કે શ્રી. જવાહરલાલ નહેરુની કુશળ આગેવાની નીચે આપણે આંતર-રાષ્ટ્રીય રાજકારણમાં આપણું વિશિષ્ટ સ્થાન જાળવી રાખ્યું, લોકશાહી ધોરણે આર્થિક ક્ષેત્રે જે સિદ્ધિઓ હાંસલ કરી છે તે માર્ગે અડગતાથી ને વિશ્વાસપૂર્વક આગળ ધપીએ.

સમાપ્ત

કાન્તિલાલ બરોડિયા

પ્રકીર્ણ નોંધ

મુંબઇના નવા મેયર શ્રી. વિષ્ણુપ્રસાદ દેસાઇને અનેક અભિનન્દન અને શુભેચ્છાઓ

શ્રી. વિષ્ણુપ્રસાદ નંદશંકર દેસાઇની મુંબઇની મ્યુનિસિપલ કોરપોરેશનના પ્રમુખ સ્થાને થયેલી ચૂંટણી અનેક રીતે ધ્યાન ખેંચે તેવી છે. છેલ્લાં ત્રણ વર્ષથી મુંબઇની કોરપોરેશનમાં કોંગ્રેસ લઘુમતીમાં હતી. આજે પાછી તે બહુમતીમાં આવી છે, જેને લીધે કોંગ્રેસી પ્રતિનિધિ મેયરના સ્થાન ઉપર ચૂંટાઇ શકેલ છે. આજથી ત્રણ વર્ષ પહેલાં શ્રી. વિષ્ણુપ્રસાદ દેસાઇ સંયુકત મહારાષ્ટ્ર સમિતિના પ્રતિનિધિ શ્રી. એમ્. વી. દોન્ડેની સામે આ જ સ્થાન માટે ઉભા રહેલા અને પરાજિત થયેલા. આજે એ જ શ્રી. દોન્ડેને પરાજય પમાડીને શ્રી. વિષ્ણુભાઇ વિજયી નીવડ્યા છે.

શ્રી. વિષ્ણુભાઇની આજે ૬૭ વર્ષની ઉમ્મર છે. તેમનો જન્મ અમદાવાદમાં થયેલો, અને ભણતર પણ મોટા ભાગે અમદાવાદમાં જ તેમણે પૂરું કરેલું. વકીલાત કરવાની તેમની ધારણા હતી, પણ સંયોગો તેમને વ્યાપાર ધંધા તરફ ખેંચી ગયા. આજથી ૪૫ વર્ષ પહેલાં તેમના પિતાશ્રી સાથે તેઓ મુંબઇ આવી વસેલા. ૧૯૪૫ થી તેઓ વાંદરા મ્યુનિસિપાલિટીમાં ચૂંટાયા અને એ રીતે તેમના જાહેર જીવનની શરૂઆત થઇ. આગળ જતાં તે જ મ્યુનિસિપાલીટીના તેઓ પ્રમુખ થયા. તેઓ સાન્તાક્રુઝમાં રહેતા હોઇને ત્યાંની અનેક જાહેર પ્રવૃત્તિઓ સાથે વર્ષોથી સંકળાયલા હતા જ. મુંબઇની મ્યુનિસિપાલીટી સાથે પરાંઓની મ્યુનિસિપાલીટીઓનું જોડાણ થતાં તેમણે મુંબઇની કોરપોરેશનમાં પ્રવેશ કર્યો, અને ૧૯૫૦ માં તેઓ મ્યુનિસિપલ કોંગ્રેસ પાર્ટીના સેક્રેટરી થયા. ૧૯૫૭ માં એ જ પાર્ટીના તેઓ નેતા થયા. છેલ્લાં ત્રણ વર્ષ દરમિયાન વિરોધ પક્ષના આગેવાન તરીકે તેમણે અસાધારણ કુનેહ તથા કુશળતાનું દર્શન કરાવ્યું હતું અને ઉચ્ચ કોટિની સભ્યતાનો પરિચય કરાવ્યો હતો.

મુંબઇની બે મુખ્ય જાહેર સંસ્થાઓ: એક મુંબઇ વિભાગીય કોંગ્રેસ અને બીજી બેમાંથી મ્યુનિસીપલ કોરપોરેશન. આજે જ્યારે મુંબઇ પ્રદેશનું વિભાજન થાય છે અને મહારાષ્ટ્રીઓનું પ્રભુત્વ ધરાવતા મહારાષ્ટ્રનો જન્મ થાય છે ત્યારે તેની રાજધાનીની બે પ્રમુખ સંસ્થાઓના પ્રમુખસ્થાને ગુજરાતી નેતાઓ આવે છે: એક ઠેકાણે શ્રી. ભાનુશંકર યાજ્ઞિક અને બીજે ઠેકાણે શ્રી. વિષ્ણુપ્રસાદ દેસાઇ. આ એક વિસ્મયજનક છતાં સુભગ ઘટના લેખે

છે. બન્ને વ્યક્તિ ભારે વિનીત તથા ઉદાત્ત કોટિની છે. તેમનું આ વિશિષ્ટ પદારોહણ ગુજરાતી-મરાઠીઓને પરસ્પર સ્નેહભાવે સાંકળવામાં અનેક રીતે મદદરૂપ બને એવી આપણ સર્વની અન્તરની ઇચ્છા અને પરમાત્માને પ્રાર્થના હો !

"મીયાં પડયા પણ ટંગડી ઊંચી !"

મુંબઇ સરકાર તરફથી દર અઠવાડીઆની આખરમાં ગીર પ્રદેશમાં સિંહદર્શન માટે લઈ જવામાં આવતા પ્રવાસીઓને નિયત સમયે નિયત ઠેકાણે સિંહો જોવા મળે એ હેતુથી તે સમયે અને તે સ્થળે સિંહોને આકર્ષવા માટે એક પાડો બાંધવામાં આવતો હતો. આના વિરોધમાં પશુદયાપ્રેમી જનતા તરફથી એક ઉગ્ર આન્દોલન શરૂ કરવામાં આવેલું તેના પરિણામે, જણાવતાં આનંદ થાય છે કે, મુંબઇ સરકાર તરફથી આ રીતે પાડો બાંધવાની પ્રથા બંધ કરવામાં આવી છે. આ રીતે જાહેર જનતામાં જગેલા ઉહાપોહને ધ્યાનમાં લઇને સમયસર આ જંગલી પદ્ધતિ બંધ કરવા બદલ મુંબઇ સરકારને ધન્યવાદ ઘટે છે. પણ એ સંબંધમાં જે સરકારી યાદી બહાર પાડવામાં આવી છે તે યાદી 'મીયાં પડયા પણ ટંગડી ઊંચી' એ કહેવતને યાદ કરાવે તેવી છે. આ તા. ૧૭-૩-૬૦ ના રોજ બહાર પાડવામાં આવેલી સરકારી યાદી નીચે મુજબ છે:-

"ગીરના સિંહો જોવા માટેની સહેલાણીઓ અંગેની યોજના પરત્વે સિંહોને આકર્ષવા માટે પાડાઓ બાંધવામાં આવવા સામે લોકલાગણી દુઃખાયાનું જણાયું છે. આ પદ્ધતિ તદ્દન નવી નથી. વરસોથી આમ થતું આવેલું છે ને સિંહોનો ખોરાક જનવરો હોવાનો કુદરતી ક્રમ છે. આ કારણે આ સામે વાંધો ઉઠશે એવું ધારવામાં આવ્યું નહોતું. આમ છતાંય જુનાગઢ ખાતેના જંગલોને લગતા અધિકારીને આવી રીતે પાડા નહિ બાંધવાની અને હાલની પદ્ધતિમાં ફેરફાર કરવાની સૂચનાઓ અપાઇ ગઇ છે.

"આમ છતાં ય એવું દર્શાવવામાં આવે છે કે બીનઉપયોગના પાડાઓની સિંહોના ખોરાક માટે જોગવાઇ કરવાથી દુધાળાં ઢોરોનાં જીવન બચાવી શકાય છે. ભેંસોનો નાશ ભુખમરાથી અથવા તો કતલ કરીને ગામડીયાઓ કરે છે. આથી આમ થાય તેને બદલે બીનઉપયોગી જનવરોને ખરીદી લઇને સિંહોને આકર્ષવાના કાર્યમાં લેવામાં આવે છે. ગામડાનાં લોકોનાં ઢોરો પર હુમલા કરવાને લીધે લોકો સિંહોને ઝેર આપે છે. એટલા માટે સિંહોના જીવન સાચવી રાખવામાં આ પદ્ધતિએ મદદ કરી છે. ગોળીઓ છોડીને લોકો મારી નાખી શકે તેવી તકો સિંહો તેમને આપતા નથી. બીજા ઘણાં ગામોમાં સિંહોના હુમલો થવાને બદલે ચોક્કસ વિસ્તાર પુરતા હુમલા થાય તે સંબંધમાં પણ આ પદ્ધતિ મદદગાર થઇ છે.

"કુદરતી ભિન્નજમાં સિંહોને જોવાનો વિશ્વભરમાં કયારેક મળતો આ અનુભવ મેળવવાની માંગણી પ્રવાસી યોજનાનો અમલ થયો ત્યારથી થવા માંડી હતી. યોજના હેઠળ બે વાર સહેલાણીઓને અત્યાર સુધીમાં ગિરના સિંહો જોવા લઇ જવાયા છે. જેમણે કુદરતી વાતાવરણમાં આવતા સિંહોને જોયા છે તેમણે આ યોજનાના ભારોભાર વખાણ કર્યા છે."

આવી વાહિયાત સરકારી યાદી આજ સુધીમાં કદી જોવામાં આવી નથી. અઠવાડિયે એક દિવસ એક પાડો બાંધવાથી અને એ રીતે ગીરમાં વસતા અમુક સિંહો માટે ભક્ષ્યની જોગવાઇ કરવાથી સિંહોની રંજાડ ઘટી છે અને દુધાળાં ઢોરો બચાવી શકાય છે-આવું વિધાન કેવળ હાસ્યાસ્પદ લાગે છે. ભેંસ કે પાડાનો બીજી ગમે તે રીતે નાશ થતો હોય તે બાબત અહિં પ્રસ્તુત નથી. અહિં પ્રસ્તુત છે સહેલાણીઓની કેવળ આનંદમજા ખાતર જાહેર રીતે એક અસહાય પશુનો અપાતો ભોગ અથવા તો કાકાસાહેબ કાલેલકરે આ બાબત ઉપર લખતાં જણાવ્યું છે તેવી કાયરની ક્રૂરતાનું કરવામાં આવતું પ્રદર્શન. સિંહ માટે પાડો બાંધવાની પ્રથા બંધ કરતાં મુંબઇ સરકારે પોતાની યાદીમાં આવું ડહાપણ ડોળવાની અને અકકલ વિનાનાં વિધાનો કરવાની કોઇ જરૂર નહોતી. આવા નિવેદનથી જે કાંઇ સારૂ કર્યું તેની શોભા મુંબઇ સરકારે ઘટાડી છે

ટેલિફોનના દરમાં બીનજરૂરી અસાધારણ વધારો

ભારત સરકારે દિલ્હી, મુંબઇ, કલકત્તા વગેરે મોટાં શહેરોમાં ટેલિફોનના ભાડા તથા દરમાં જે વધારો કર્યો છે તેણે સામાન્ય સ્થિતિના માણસો માટે ટેલીફોનની સગવડ ભોગવવાનું અતિ મુશ્કેલ બનાવી દીધું છે. સરકાર જેમ કરવેરા વધારતી વખતે હંમેશા જેને મોજશોખની ચીજો-luxury goods-ગણવામાં આવે છે તેને વધુ કરે છે અને તે ઉપરનો કર વધારે છે અથવા તો તે ઉપર નવો કર નાખે છે. તેવી જ દૃષ્ટિથી ભારત સરકાર ટેલીફોનનો વિચાર કરતી લાગે છે. ટેલિફોનના દર તથા ભાડામાં એપ્રીલ માસથી આ મુજબ વધારો કર્યો છે : સ્થાનિક કૉલના દર દોઢા-કરવામાં આવ્યા છે અને ટેલીફોનનું વાર્ષિક ભાડું રૂા. ૧૪૪ હતું તે વધારીને રૂા. ૨૪૦ કરવામાં આવ્યું છે. આની સામે રાહત તરીકે ત્રણ મહિને ૨૦૦ કોલ મફત કરવા દેવામાં આવશે, પરંતુ વાસ્તવિક વ્યવહારમાં તો ખોટાં વધુ પડતા કોલનાં બીલોમાં આ રાહત ધોવાઇ જશે. અત્યારે ભાડાની અને કોલની રકમ દર મહીને વસુલ કરવામાં આવે છે તેને બદલે સાધારણ રીતે વાર્ષિક ભાડું અગાઉથી વસુલ કરી લેવામાં આવશે પણ જેને માસિક ભાડું આપવું હશે તેને દર મહીનાના રૂા. ૨૦ ને બદલે રૂા ૨૨ આપવો પડશે. કોલનું બીલ દર મહીનાને બદલે દર ત્રણ મહીને વસુલ કરવામાં આવશે. ઇન્સ્ટોલેશન ફી રૂા. ૧૦ને બદલે રૂા. ૪૦ લેવામાં આવશે.

આ સંબંધમાં વિશેષ શોચનીય સ્થિતિ એ છે કે તાર-ટપાલના દર વધારવાના હોય તો કરવેરા રૂપે બજેટ દ્વારા વધે છે જે પાર્લામેન્ટ મંજૂર કરે ત્યાર બાદ અમલી બની શકે છે, પણ ટેલિફોનના દર સરકાર સ્વેચ્છા મુજબ વધારી શકે છે અને એનો બોજો ઉઠાવનાર તે સંબંધમાં એક પ્રકારની લાચાર દશા ભોગવે છે. તાર ટપાલખાતું વર્ષોથી ટેલિફોન ક્ષેત્રે સારી કમાણી કરે છે અને તેથી ટેલિફોનને તાર ટપાલ ખાતાની કામધેનુ કહેવામાં આવે છે.

આ સંબંધમાં તા. ૨૭-૩-૬૦ ના જન્મભૂમિ-પ્રવાસીમાં યથાર્થ જણાવવામાં આવ્યું છે કે 'તાર ટપાલ જેમ વૈભવ નથી તેમ ટેલિફોન પણ વૈભવ નથી, પણ આવશ્યક સગવડ છે અને પશ્ચિમના દેશોમાં ગરીબમાં ગરીબ માણસ પણ તેનો લાભ લે છે. અને (એ નીતિને અનુસરીને તે દેશોમાં તેના દર બહુજ ઓછા, રાખવામાં આવે છે.) આપણા દેશમાં તેની સેવા અત્યન્ત મર્યાદિત વર્ગને મળી છે અને હવે તેને વિસ્તૃત કરવાના બહાના નીચે એ વર્ગનું શોષણ થાય છે. વધુ ટેલિફોન આપીને વધુ આવક કરવાને બદલે ભાવવધારો કરીને જીવનની જરૂરિયાતોની મોંઘારતમાં વધારો કરવામાં આવે છે. ટેલીફોન ધરાવનારા બધા માણસો લક્ષાધિપતિ છે અથવા તો વૈભવ તરીકે ધરાવે છે એવો ખ્યાલ સત્તાવાળાઓને હોય તો કાઢી નાખવો જોઇએ. તેઓ લોકલાગણી અને લોકોની જરૂરિયાતોથી કેટલા અળગા થઇ ગયા છે તેનો આ દાખલો છે. ટેલિફોન જાહેર સેવા છે, પરંતુ એમાં સેવાની નહિ, સત્તા અને શોષણની દૃષ્ટિ રહી છે. સેવા અને સગવડ આપવાની વાત હોત તો આવો અવિચારી વધારો ન થાત અને ત્રિમાસિક કોલ ફી અને વાર્ષિક ભાડું સામટાં વસુલ લેવાની વૃત્તિ ન જાગત. બહેત્તર છે કે વસૂલાતની વર્તમાન પદ્ધતિ ચાલુ રાખો અને સામટું ભરણું ભરવા માગે તેને રીબેટ આપો. એવો અંદાજ કાઢવામાં આવ્યો છે કે આ વધારાથી ટેલિફોન ખાતું ૨૫ થી ૩૦ ટકા વધારે કમાણી કરશે. વિકાસ યોજનાના નામે ભાવ વધારો

થાય એથી એ શોષણ મટી જતું નથી. એથી તો વિકાસ યોજનાઓમાંથી લોકોનો ઉત્સાહ મરી જાય છે.''

શ્રી. ગોકુળભાઈ દૌલતરામ ભટ્ટનું સન્માન-આયોજન

સુપ્રસિદ્ધ લોકસેવક શ્રી. ગોકુળભાઇ દૌલતરામ ભટ્ટની ૬૨ મી વર્ષગાંઠ નિમિત્તે શ્રી. જયપ્રકાશ નારાયણના અધ્યક્ષસ્થાને મહા શિવરાત્રીના રોજ જયપુરમાં એક અભિનન્દન સમારંભ ગોઠવવામાં આવ્યો હતો. આ પ્રસંગે રાજસ્થાનના કાર્યકરોએ કેટલાએક સંકલ્પોની પૂર્તિ કરીને પોતાની શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. રૂ. ૧,૧૧,૦૪૦ ની થેલી અને ૬૩૩૨૭ સૂતાંજલિ તેમણે એકઠી કરી હતી; 'ગ્રામરાજ' સાપ્તાહિકની ગ્રાહક સંખ્યાનો સંકલ્પ ૬,૧૦૦ નો હતો તે વટાવીને તે આંકડો ૬,૧૨૧ સુધી પહોંચાડયો હતો; સર્વોદય પાત્રનો ૬૧૦૦ નો સંકલ્પ પૂરો કર્યો હતો; આ ઉપરાંત ૭ ગ્રામદાનો જાહેર થયાં હતાં.

શ્રી. ગોકુળભાઇ દૌલતરામ ભટ્ટ મુંબઇના પ્રજાજનોને જરા પણ અજાણ્યા નથી. આઝાદી આન્દોલનના સવિનય કાનુનભંગના (૧૯૩૦ થી ૧૯૩૩ સુધીના) બીજા તબક્કા બાદ તેઓ રાજસ્થાનમાં સ્થિર થયા અને કોંગ્રેસ દ્વારા ત્યાંની પ્રજાની તેમણે અનેકવિધ સેવા કરી અને કાળાન્તરે કોંગ્રેસની કારોબારીમાં તેઓ નિમાયા અને અખિલ હિન્દના રાજકીય ક્ષેત્રમાં તેઓ વધારે જાણીતા થયા; પણ તે પહેલાં તેમણે વીલે પારલે અને મુંબઇમાં કોંગ્રેસ, રાષ્ટ્રીય શિક્ષણ અને સાહિત્યના ક્ષેત્રે વર્ષો સુધી પુષ્કળ સેવાઓ કરી હતી. ઉપર જણાવેલ સવિનય કાનૂનભંગની લડત દરમિયાન વીલેપારલે આઝાદી જંગનું એક કેન્દ્ર બન્યું હતું. આ જંગના તેઓ એક સેનાની હતા અને તેના સમગ્ર આયોજનમાં શ્રી. ગોકુળભાઇએ બહુ મહત્વનો ભાગ ભજવ્યો હતો. આજે પણ તેઓ મુંબઇ-વીલે પારલેને ભૂલ્યા નથી. આ બાજુના રાષ્ટ્રીય મહત્વના કોઇ પણ અવસર ઉપર શ્રી ગોકુળભાઇનાં દર્શન ન થાય એમ ભાગ્યે જ બને. કેવળ સેવાને વરેલા અને ગાંધી વિચારસરણીથી ઓતપ્રોત, મન વાણી અને કર્મની એકરૂપતાની જેમાં આપણને કાંઇક ઝાંખી થાય એવી વિરલ વ્યકિતઓમાં શ્રી. ગોકુલભાઈ એક છે, તેમની ૬૨મી વર્ષ ગાંઠ નિમિત્તે જયપુર ખાતે જે અભિનન્દન સમારંભ થયો અને સમારંભના સંયોજકોએ આ સમારંભના અનુસંધાનમાં કરેલા સંકલ્પોને જે રીતે પાર પાડયો તે સર્વ કાંઇ ઉચિત વ્યકિતના ઉચિત સન્માનનું દ્યોતક છે. વીલે પારલેમાં પણ તેમના માટે એક અભિનન્દન-સમારંભ યોજવા માટે શ્રી. મણિબહેન નાણાવટીના અધ્યક્ષસ્થાને એક વૃદ્ધાદર સમિતિ નીમવામાં આવી છે અને આ પ્રસંગે તેમને એક થેલી અર્પણ કરવામાં આવનાર છે અને આચાર્ય શ્રી. રામપ્રસાદ બક્ષીને તેમનાં કાવ્યોનો સંગ્રહ તૈયાર કરવાનું સોંપવામાં આવ્યું છે. થેલી માટે રૂા. ૧૧૦૦૦ એકઠા કરવાની અભિનન્દન સમિતિની ધારણા છે. શ્રી. ગોકુળભાઇના મુંબઇ તેમ જ પરાંઓમાં અનેક પ્રશંસકો છે. તેમને પ્રસ્તુત સન્માન થેલીમાં પોતાનો ફાળો સત્વર મોકલી આપવા અનુરોધ કરવામાં આવે છે.

આ માટેનું ઠેકાણું નીચે મુજબ છે.

શ્રી. મણિબહેન ચંદુલાલ નાણાવટી, અરૂણોદય, લજપતરાય રોડ, વીલે પારલે પશ્ચિમ, મુંબઇ ૨૪.

અંગ્રેજીનો આ તે કેવો મોહ ?

મુંબઇ શહેરના જીવનમાં કોણ જાણે કેમ અંગ્રેજી ભાષાનું એટલું બધું પ્રભુત્વ જોવામાં આવે છે કે પ્રાદેશિક ભાષા અને હિન્દીનો આટલો બધો આગ્રહ અને પ્રચાર હોવા છતાં અને અંગ્રેજી હકુમતને અહિંયા વિદાય થયાને ૧૩ વર્ષ થવા આવ્યાં તો પણ મુંબઇનો શિષ્ટ ગણાતો સમાજ અંગ્રેજીના વ્યામોહથી હજુ મુકત થઇ શકતો જ નથી. જાહેર સંમેલનો અને સમારંભના નિમંત્રણો હજુ મોટા ભાગે અંગ્રેજીમાં જ કાઢવામાં આવે છે. આનો બચાવમાં એમ કહેવામાં આવે છે કે ગુજરાતી કે મરાઠી ભાષા ન જાણતા નિમંત્રિતોને ગુજરાતી કે મરાઠી ભાષામાં છપાયલાં નિમંત્રણો સમજવામાં મુશ્કેલી પડે. તો તેમને એમ કહેવામાં આવે કે તો પછી નિમંત્રણો હિન્દીમાં લખો અને છાપો. પણ તેનો એમ જવાબ મળે છે કે નિમંત્રિત વ્યકિત હિન્દી પણ ન જાણતી હોય તો તેનું શું થાય ? જો કે આજે પ્રત્યેક શિક્ષિત વ્યકિત સંબંધમાં એ અપેક્ષિત છે કે તે ઓછામાં ઓછું હિન્દી તો જાણતો જ હોવો જોઇએ; આમ છતાં પણ આશ્ચર્યજનક તો એ છે કે ગુજરાતી, મરાઠી યા હિન્દી નહિ જાણનારની આટલી બધી ચિન્તા સેવવામાં આવે છે, પણ અંગ્રેજી નહિ જાણનાર મોટા ભાગના વ્યાપારીઓ તેમ જ સ્ત્રીઓની કેમ કોઇ ચિંન્તા જ સેવતું નથી ? તેમને અંગ્રેજી નિમંત્રણો સમજવા માટે હાલતાં ચાલતાં બીજાની ગરજ પડે છે અને તેમની સંખ્યા બહુ મોટી હોય છે જ્યારે ગુજરાતી, મરાઠી કે હિન્દી નહિ સમજનાર વર્ગ ઘણો જ ઓછો હોય છે અને પ્રમાણમાં તેમની અગવડ અતિ અલ્પ હોય છે.

આવાં નિયંત્રણપત્રો અંગે વધુ આશ્ચર્યજનક હકીકત તો એ છે કે સંસ્થા કેવળ ગુજરાતીઓ અથવા મહારાષ્ટ્રીઓની હોય, નિમંત્રિત વર્ગ પણ કેવળ ગુજરાતી અથવા મહારાષ્ટ્રી જ હોય અને એમ છતાં એ સંસ્થા અંગેની સભાઓના નિમંત્રણો અંગ્રેજીમાં કાઢવામાં આવેલાં અનેકવાર જોવામાં આવે છે; ઘણી વખત એમ બને છે કે ગુજરાતી યા મરાઠી કાર્યકરોને આવાં નિમંત્રણપત્રો તૈયાર કરતાં આવડતું હોતું નથી. એમ છતાં આવાં નિમંત્રણો અંગ્રેજીમાં જ કાઢવા જોઇએ-એમ કરવાથી સંસ્થાનો મોભો કે પ્રતિષ્ઠા જળવાય-આવા કોઇ ભ્રમને વશ થઇને-અંગ્રેજી નિમંત્રણપત્રો તૈયાર કરવા માટે જાણકારોની મદદ લેવામાં આવે છે. આ બધું કેટલું કઢંગુ – અનૈસર્ગિક – ચાલી રહ્યું છે તેનો કેમ કોઇને વિચાર આવતો નહિ હોય ?

અંગ્રેજી નિમંત્રણોના જે વૈચિત્ર્યની આપણે ઉપર ચર્ચા કરી તેવું જ વૈચિત્ર્ય મુંબઇની જાહેર સભાઓમાં જોવામાં આવે છે અને તે ભારે આશ્ચર્ય પેદા કરે છે. આવી સભાઓમાં શ્રોતાવર્ગ ઘણા મોટા ભાગે અમુક એક પ્રાદેશિક ભાષા જાણનારો હોય છે અને પ્રચલિત પ્રાદેશિક ભાષા કે હિન્દી ન સમજી શકે એવું તો કોઇ હોતું જ નથી. એમ છતાં પણ આવી સભાઓનો આખો કાર્યક્રમ ઘણી વખત અંગ્રેજીમાં અને ઘણી વખત અંગ્રેજી સાથે પ્રાદેશિક ભાષા મિશ્ર કરીને ચલાવવામાં આવતો જોવામાં આવે છે. આવી સભાઓમાં અંગ્રેજી સિવાય બીજી ભાષામાં બોલવા અંગે જેનામાં આત્મવિશ્વાસ ન હોય તે અંગ્રેજીમાં બોલે તો તે આપણે જરૂર ક્ષન્તવ્ય ગણીએ. પણ જ્યાં વકતા શ્રોતાઓની ભાષામાં પૂરી સરળતા અને વિશ્વાસથી બોલી શકે તેમ હોય ત્યાં પણ અમુક વકતા આ સ્વાભાવિક માધ્યમ છોડીને અંગ્રેજીમાં બોલવાનો પ્રયત્ન કરે ત્યારે વૈચિત્ર્યની પરાકાષ્ટાનું દર્શન થાય છે. આવો જ એક અનુભવ તાજેતરમાં થયો. પ્રસંગ હતો શ્રી. મહાવીર જૈન વિદ્યાલયમાં તારીખ ૨૭-૩-૬૦ ના રોજ સ્વ. શ્રી. મોતીચંદ ગિરધરલાલ કાપડિયાની આરસ પ્રતિમાની અનાવરણવિધિનો. શરૂઆતમાં શુભેચ્છાના સન્દેશાઓનું વાચન કર્યું શ્રી. રતિલાલ ચીમનલાલ ઝવેરીએ ગુજરાતીમાં; પ્રાસંગિક વિવેચનમાં પહેલું વિવેચન કર્યું ન્યાયમૂર્તિ શ્રી. કાન્તિલાલ હાકોરભાઇ દેસાઇએ અંગ્રેજીમાં. ત્યાર બાદ બીજું વિવેચન કર્યું મુંબઇની વિભાગીય કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી. ભાનુશંકર યાજ્ઞિકે ગુજરાતીમાં; ત્યાર બાદ શ્રી. મહાવીર જૈન વિદ્યાલયના મંત્રી શ્રી. ચંદુલાલ વર્ધમાન શાહે વિવેચન કર્યું અંગ્રેજીમાં; ત્યાર બાદ પ્રમુખસ્થાનેથી શ્રી. એસ. કે. પાટીલે પ્રવચન કર્યું

હિન્દીમાં અને છેવટે આભારનિવેદન કર્યું શ્રી. પ્રવીણચંદ્ર અમરચંદે ગુજરાતીમાં. ન્યાયમૂર્તિ કાન્તિલાલ દેસાઇની માતૃભાષા ગુજરાતી હોવા છતાં અંગ્રેજીમાં બોલવાનું તેમણે કેમ પસંદ કર્યું તે સમજાતું નથી. અને શ્રી. ચંદુલાલ વર્ધમાન શાહ તો એક સારા ગુજરાતી વકતા છે જ, અને આવા પ્રસંગે તેઓ ગુજરાતીમાં બોલ્યા હોત તો, એમાં કોઇ શક નથી કે, તેમણે શ્રી. મોતીચંદ ભાઇને આપેલી અંજલિ જરૂર વધારે હાર્દિક અને ઉમળકાભરી હોત. શ્રી. પાટિલ ખાતર કોઇએ અંગ્રેજીમાં બોલવાની જરૂર જ નહોતી, કારણકે ગુજરાતી બરોબર સમજી શકે એટલા તો તેઓ જરૂર આપણી વચ્ચે રહીને ગુજરાતી જેવા થઇ જ ગયા છે. આમ છતાં પણ શ્રી. ચંદુલાલ વર્ધમાન શાહે આ પ્રસંગે અંગ્રેજીમાં બોલવાનું કેમ પસંદ કર્યું હશે તે તો કલ્પનામાં જ આવતું નથી. આનું પરિણામ એ આવ્યું કે શ્રી. પાટિલનું વકતવ્ય ભારે રસળ લાગ્યું જ્યારે બે અંગ્રેજી વકતવ્યો કેવળ ઔપચારિક, અસ્વાભાવિક અને ઉર્મિલતાવિહોણાં લાગ્યાં.

આમ આપણે ત્યાં અંગ્રેજી ભાષાનો ઉપયોગ સ્થળ, કાળ તેમ જ સંયોગોનો વિવેક કર્યા સિવાય નિમંત્રણપત્રોમાં, પરિપત્રોમાં, સભા સંચાલનમાં તેમ જ પ્રાસંગિક વિવેચનોમાં ચાલુ થતો રહેતો જોઇને ભારે આશ્ચર્ય તેમ જ દુઃખ થાય છે. આપણા જ સમાજનાં ભાઇ-બહેનો સાથે જાહેર પ્રસંગોએ જ્યારે આપણે અંગ્રેજીમાં વ્યવહાર કરીએ છીએ ત્યારે આવા પ્રસંગો કૃત્રિમ બની જાય છે, અને તેમાં સ્વાભાવિક વાતાવરણ પેદા જ થતું નથી. તો અનિવાર્ય પ્રસંગો બાદ કરતાં આપણા સામાજિક વ્યવહારમાં તેમ જ જાહેર જીવનને લગતા પ્રસંગોમાં આપણી જન્મભાષા અથવા હિન્દીનો જ આપણે ઉપયોગ કરીએ અને અંગ્રેજી ભાષાની ઘેલછાથી જલ્દિથી મુકત બનીએ — આવી મુંબઇના સામાજિક જીવનના સૂત્રધારોને પ્રાર્થના છે. પરમાનંદ

શ્રી. ભાનુશંકર યાજ્ઞિકનું સંઘે કરેલું સન્માન

તા. ૮-૪-૬૦ શુક્રવારના રોજ શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી મુંબઇ વિભાગીય કોંગ્રેસના તાજેતરમાં વરાયલા પ્રમુખ શ્રી. ભાનુશંકર યાજ્ઞિકનું સંઘના કાર્યાલયમાં સન્માન કરવામાં આવ્યું હતું. સંઘના પ્રમુખ શ્રી. ખીમજી માડણ ભુજપુરિયાએ શ્રી. ભાનુભાઇને આવકાર આપતાં તેમની સાથેના લાંબા પરિચયની કેટલીક વિગતો રજુ કરી હતી અને ખાસ કરીને ગુમાસ્તા વર્ગના હિતમાં ભાનુભાઇએ ચલાવેલી ઝુંબેશનો અને તેનાં શુભ પરિણામોનો ખ્યાલ આપ્યો હતો. સામાન્ય સ્થિતિમાંથી ધીમે ધીમે માત્ર સેવાઓ દ્વારા ઊંચે આવેલી અને નીચેના થરના માનવીઓ માટે કળકળ ધરાવતી ભાનુભાઇ જેવી વ્યકિત મુંબઇ વિભાગીય કોંગ્રેસ સમિતિના અધ્યક્ષપદ જેવા બહુ મોટી જવાબદારીવાળા સ્થાને નિયુક્ત થાય ત્યારે આપણને ઊંડો આનંદ થાય અને આપણું દિલ ગૌરવ અનુભવે એ સ્વાભાવિક છે. એમ જણાવીને ભાનુભાઇ પ્રત્યે શ્રી. ભુજપુરિયાએ ઊંડા અન્તરની શુભેચ્છાઓ વ્યકત કરી હતી.

ત્યાર બાદ સંઘના મંત્રી શ્રી. પરમાનંદ કુંવરજી કાપડિયાએ ભાનુભાઇનું અભિનન્દન કરતાં જણાવ્યું હતું કે "મુંબઇ વિભાગીય કોંગ્રેસ સમિતિના પ્રમુખપદ ઉપર સમયાન્તરે એક પછી એક વ્યકિત આવે છે, અને જાય છે. એમ છતાં સંઘ તરફથી આજ સુધી એવી કોઇ વ્યકિતનું સન્માન કરવામાં આવ્યું નથી. તો શ્રી. ભાનુભાઇમાં એવું શું છે કે જેથી તેમને આપણે અહિં સન્માનાર્થે બોલાવવાને પ્રેરાયા છીએ. તેનું કારણ એ છે કે ભાનુભાઇમાં આપણે જેટલી નિકટતા અનુભવીએ છીએ, તેટલી નિકટતા એ સ્થાન ઉપર આવેલી અન્ય કોઇ વ્યકિતમાં આપણે હજુ સુધી અનુભવી નથી આ નિકટતાનું મૂળ તેમના સરળ, સેવાપરાયણ, નિરભિમાની વ્યકિતત્વમાં રહેલું છે. બોલવું ઓછું અને કામ કરીને સંતોષ અનુભવવો આ તેમની પ્રકૃતિ છે. વિનયયુકત હંમેશા તેમનો વ્યવહાર હોય છે. સંસ્થા વિષે અપૂર્વ નિષ્ઠા આ તેમની વિશેષતા છે. આવી વ્યકિતનું અભિનન્દન કરતાં આપણે સહજપણે ઊંડો આનંદ અનુભવીએ છીએ."

ત્યાર બાદ સંઘના કોષાધ્યક્ષ શ્રી રતિલાલ ચીમનલાલ કોઠારીએ પૂર્વવકતાઓનું સમર્થન કરતાં જે સંયોગોમાં ભાનુભાઇ આ સ્થાન ઉપર આવ્યા તેનો ઉલ્લેખ કર્યો હતો, ભાનુભાઇ સાથેના લાંબા પરિચયના કેટલાંક સ્મરણો રજુ કર્યાં હતાં અને ભાનુભાઇને જ્યારે પણ જરૂર હશે ત્યારે પોતા તરફથી પૂરો સહકાર મળશે એવી તેમણે ખાત્રી આપી હતી

શ્રી. ભાનુભાઇએ ત્યાર બાદ આવું આત્મીય જનોનું સંમેલન ગોઠવવા માટે સંઘના કાર્યવાહકોનો આભાર માનતાં જણાવ્યું હતું કે "સંઘની કાર્યવાહીથી હું છેલ્લાં ૩૰ વર્ષથી પૂરો વાકેફ છું અને હું પણ આવી એક જ્ઞાતિસંસ્થાની કાર્યવાહી સાથે જોડાયલો હોઇને સંઘની કાર્યવાહીમાંથી એ દિવસોમાં માર્ગદર્શન મેળવતો રહ્યો છું. દીવાને ખબર હોતી નથી કે તેનો પ્રકાશ કોને કોને અજવાળે છે. એવી રીતે તમારા સંઘની કાર્યવાહીથી પ્રભાવિત બનેલા મારી જેવા અનેક છે કે જેની તમને ખબર નહિ હોય તમારા સંઘના પ્રારંભના વર્ષોમાં બાલદીક્ષાનો પ્રશ્ન તમે હાથ ધરેલો અને ગાયકવાડના બાલ દીક્ષા પ્રતિબંધક ધારાના સમર્થનમાં તમારા સંઘે ખૂબ લડત ચલાવેલી. એમ હું જે સંસ્થા સાથે જોડાયલો હતો તે સંસ્થાને ગાયકવાડના જ્ઞાતિત્રાસનિવારણ ધારાના સમર્થનમાં તમારા પગલે પગલે ઝુંબેશો ચલાવવી પડેલી અને જ્ઞાતિના સૂત્રધારો સાથે સારી અથડામણમાં આવવું પડેલું."

આમ જણાવીને પછી કોંગ્રેસ સાથેના પોતાના સંબંધનો ઉલ્લેખ કરતાં જણાવ્યું કે "મારો અનુભવ એમ કહે છે કે નિષ્ઠા કદિ નિષ્ફળ જતી નથી. એ આઝાદીની લડતના દિવસો યાદ આવે છે કે જ્યારે નિષ્ઠા ખાતર મેં અભ્યાસ છોડેલો અને જેલમાં ગયેલો. એ વખતે ધાર્યું હોત તો માફી માગીને જેલમાંથી છૂટીને હું અભ્યાસ કરી શકયો હોત, પણ જે મેં એમ કર્યું હોત તો આજે હું કયાં હોત તેની મને ખબર નથી. પણ એટલી વાત ચોકકસ છે કે એ વખતે મનમાં નક્કી કરેલી નિષ્ઠાને વળગી રહ્યો તો આજે હું મારા જીવન વિષે જે સમાધાન અનુભવવું છું તેવું સમાધાન કદિ પણ અનુભવતો ન હોત."

ત્યાર બાદ એ દિવસોની કોંગ્રેસ અને આજની કોંગ્રેસનો મુકાબલો કરતાં તેમણે જણાવ્યું કે "એ વખત કોંગ્રેસ સાથે ત્યાગનો ખ્યાલ જોડાયલો હતો. આજે સત્તાનો ખ્યાલ જોડાયલો છે. આના પરિણામે કોંગ્રેસમાં કેટલાક સત્તાલક્ષી માણસોનો પ્રવેશ થયો છે. આ માત્ર કોંગ્રેસમાં જ બન્યું છે એમ નથી. અને આમ બનવા છતાં આજે પણ દુનિયાના અન્ય નેતાઓની સરખામણીમાં આપણા દેશના નેતાઓ-વિશેષે કરીને કોંગ્રેસી નેતાઓ-ઘણા ચઢિયાતા છે એમાં કોઇ શક નથી. અલબત્ત આપણે આપણું ઘર સાફ કરવું જ જોઇએ, સાધનશુદ્ધિનો આગ્રહ કેળવવો જોઇએ, ખાનગી જીવન અને જાહેર જીવન વચ્ચે કોઇ પણ પ્રકારનો વિસંવાદ હોવો જ ન જોઇએ, આપણી અશુદ્ધિઓ-ત્રુટિઓ વિષે આપણે વધારે સજાગ બનવું જોઇએ. આ બધું હોવા છતાં કોંગ્રેસ એ જ દેશની આશા છે અને દૃઢીભૂત સુસંગઠિત કોંગ્રેસ એ જ દેશનો તરણોપાય છે એમ મને લાગે છે."

ત્યાર બાદ શ્રી. લીલાવતીબહેન દેવીદાસે શ્રી. ભાનુભાઇનો આભાર માન્યો અને સભા વિસર્જન થઇ.

ભૂલ સુધારણા

પ્રબુદ્ધ જીવનના તા. ૧-૪-૬૦ ના અંકમાં પહેલા પાના ઉપર સંઘ તરફથી યોજવામાં આવેલી છેલ્લી પર્યુષણ વ્યાખ્યાનમાળાનો કાર્યક્રમ આપવામાં આવ્યો હતો. તેમાં ભૂલથી બે નામ મૂકવા રહી ગયા હતા જે નીચે મુજબ છે.

વ્યાખ્યાતા:	વ્યાખ્યાન-વિષય
સૌ. લીલાવતીબહેન કામદાર	ડૉ. એની બીસેન્ટ
અધ્યાપિકા તારાબહેન ર. શાહ.	શ્રીમદ્ રામચંદ્ર

તંત્રી, પ્રબુદ્ધ જીવન,

ધર્મ વિચાર–૬

(ગતાંકથી ચાલુ)

આપણે ઉપર જોયું કે ધર્મનાં બે સ્વરૂપો છે : પહેલું તાત્ત્વિક, જેમાં સામાન્યતઃ કોઇનો મતભેદ નથી તે સદ્‌ગુણાત્મક; બીજું વ્યાવહારિક, જેમાં જાતજાતના મતભેદો અનિવાર્ય છે તે બાહ્ય પ્રવૃત્તિરૂપ. જેઓ તાત્ત્વિક અને વ્યાવહારિક ધર્મ વચ્ચેનો ભેદ સ્પષ્ટપણે સમજે છે, જેઓ તાત્ત્વિક અને વ્યાવહારિક ધર્મના સંબંધ વિશે વિચારી જાણે છે, દૂરકમાં તાત્ત્વિક અને વ્યાવહારિક ધર્મના યોગ્ય પૃથક્કરણની તેમ જ બળાબળની ચાવી જેઓને લાધી છે, તેમને વ્યાવહારિક મતભેદો કલેશવર્ધક તરીકે સ્પર્શી નથી શકતા. એવાં પુરૂષો અને સ્ત્રીઓ ઇતિહાસમાં થયાં છે અને અત્યારે પણ લભ્ય છે. આનો સાર એ નીકળ્યો કે જો ધર્મ વિશેની ખરી સ્પષ્ટ સમજ હોય તો કોઇ પણ મતભેદ કલેશ જન્માવી ન શકે. ખરી સમજ હોવી એ એક જ કલેશવર્ધક મતભેદતા નિવારણનો ઉપાય છે. આ સમજનું તત્ત્વ પ્રયત્નથી મનુષ્ય-જાતિમાં વિસ્તારી શકાય છે; તેથી એવી સમજ મેળવવી કે કેળવવી ઇષ્ટ છે. હવે આપણે જોઇએ કે તાત્ત્વિક અને વ્યાવહારિક ધર્મ વચ્ચે કેવા કેવા સંબંધો છે ?

શુદ્ધ વૃત્તિ અને શુદ્ધ નિષ્ઠા નિર્વિવાદપણે ધર્મ છે, જ્યારે બાહ્ય વ્યવહારોના ધર્માધર્મપણામાં મતભેદો છે. તેથી બાહ્ય આચારો કે વ્યવહારો, નિયમો કે રીતરિવાજોની ધર્મ્યતા કે અધર્મ્યતાની કસોટી એ તાત્ત્વિક ધર્મ ન હોઇ શકે.

જે જે પ્રથાઓ, રીતરિવાજો ને નિયમો શુદ્ધ નિષ્ઠામાંથી ઉદ્‌ભવતા હોય તેને સામાન્ય રીતે ધર્મ કહી શકાય; અને જે આચારો શુદ્ધ નિષ્ઠાજનિત ન હોય તેને અધર્મ કહેવા જોઇએ. આપણે અનુભવથી પોતાની જાતમાં અને સાચા અનુભવથી બીજાઓમાં જોઇ શકીએ છીએ કે અમુક એક જ આચાર શુદ્ધ નિષ્ઠામાંથી કયારેક જન્મે છે તો કયારેક અશુદ્ધ નિષ્ઠામાંથી. વળી એક જણ જે આચારને શુદ્ધ નિષ્ઠાથી સેવે છે તેને જ બીજો અશુદ્ધ નિષ્ઠાથી આચરે છે.

જો અમુક વર્ગ શુદ્ધ કે શુભ નિષ્ઠાથી મંદિર-નિર્માણ પાછળ પડી, લોકોની શકિત, સમય અને ધનને તેમાં રોકવામાં ધર્મ માને તો બીજો વર્ગ એટલી જ અને કોઇક વાર એથી પણ વધારે શુદ્ધ કે શુભ નિષ્ઠાથી મંદિર-નિર્માણનો વિરોધ કરી એ પાછળ ખર્ચાતા ધન-જનબળને બીજી જ દિશામાં વાપરવામાં ધર્મ દેખે છે, અને એ પ્રમાણે આચરી પણ બતાવે છે. એક વર્ગ કદાચ એક વિધવા બાળાના હિત ખાતર જ એના પુનર્લગ્નનો વિરોધ કરે છે તો બીજો વર્ગ એ બાળાનો અધિકાર જોઇ એના જ અધિકાર-ધર્મની દૃષ્ટિએ શુભ નિષ્ઠાથી એના પુનર્લગ્નની હિમાયતમાં ધર્મ લેખે છે. એક વર્ગ ઉંદરો કે બીજાં ઝેરી જંતુઓના દ્વેષને કારણે નહિ, પણ બહુજનહિતની દૃષ્ટિએ જ શુભ નિષ્ઠાથી તેની હિંસાની હિમાયત કરે છે; તો બીજો વર્ગ બહુજનતા જીવનહકની દૃષ્ટિએ શુભ નિષ્ઠાથી જ તેની હિંસાનો વિરોધ કરવામાં ધર્મ લેખે છે. એટલે કે ઘણા મતભેદવાળા રીતરિવાજો કે પ્રથાઓના સમર્થન અગર વિરોધ પાછળ ઘણી વાર બન્ને પક્ષકારોની શુભ નિષ્ઠા પણ સંભવે છે.

એ તો જાણીતી જ વાત છે કે હજારો સ્વાર્થીઓ માત્ર પોતાની અંગત સ્વાર્થવૃત્તિ અને લોલુપ અશુભ નિષ્ઠાને લીધે જ મંદિર કે તેવી બીજી સંસ્થાનું સમર્થન કરે છે, તીર્થોનાં માહાત્મ્ય ગાઇ માત્ર આજીવિકા ચલાવે છે, પોતાની બીજી કોઇ સ્વાર્થવૃત્તિથી કે પોતાની પ્રતિષ્ઠા કોઇ વાર જવાના ભયથી પ્રેરાઇ, પેલી વિધવાના ભલા-બૂરાનો વિવેક કર્યા સિવાય, માત્ર અશુભ નિષ્ઠાથી એના પુનર્લગ્નનું સમર્થન કરનાર પણ જડી આવે છે: જ્યારે એવી જ કે કદાચ એથીયે વધારે શુભ વૃત્તિથી પુનર્લગ્નનું સમર્થન કરનાર પણ મળી આવે છે. મદ્યમાંસ જેવા હેય પદાર્થોને પણ શુભ નિષ્ઠાથી પ્રસંગવિશેષે ઉપયોગમાં લેવા ધર્મ મનાયો છે; જ્યારે અશુભ નિષ્ઠાથી એનો ત્યાગ કરવા-કરાવવામાં ધર્મ સિદ્ધ ન થવાના દાખલાઓ પણ આપી શકાય છે.

આ રીતે કોઇ પણ વૈયકિતક, સામાજિક કે સાર્વજનિક નિયમ કે આચાર, પ્રથા કે રીતરિવાજ એવો નથી કે જેને વિશે સમજદાર પ્રામાણિક માણસ એમ કહી શકે કે અમુક વ્યવહાર તો ત્રણે કાળમાં સૌને માટે માત્ર એકસરખી રીતે શુભ નિષ્ઠા-પૂર્વક જ સંભવે છે અને અમુક વ્યવહાર તો અશુભ નિષ્ઠાપૂર્વક જ હોવાનો સંભવ છે. આટલા વિચારથી આપણે નિશ્ચયની પહેલી ભૂમિકા ઉપર આવી પહોંચ્યા કે કોઇ પણ બાહ્ય વ્રત-નિયમ, આચાર-વિચાર કે રીતરિવાજ એવો નથી કે જે સૌને માટે-સમાજને માટે અગર એક વ્યકિતને માટે-હમેશાં ધર્મરૂપ જ અગર અધર્મ રૂપ જ કહી શકાય. એવા વ્યવહારિક ગણાતા ધર્મોનું ધર્મપણું કે અધર્મપણું એ માત્ર તે તે વ્યવહાર આચરનારની નિષ્ઠા અને પ્રામાણિક સમજ ઉપર અવલંબિત છે. શુભ નિષ્ઠાથી કોઇના પ્રાણ બચાવવા માટે તેના ઉપર થતા શસ્ત્રાઘાતને રોકી પણ શકાય અને એથી પણ વધારે સારી શુભ નિષ્ઠાથી બીજી વખતે એના ઉપર એ જ શસ્ત્ર ચલાવી પણ શકાય. શુભ નિષ્ઠાથી કોઇના ઉપર શસ્ત્રો ચલાવવાની વાત તો જાણીતી જ છે, પણ એથીયે વધારે અશુભ નિષ્ઠાથી કોઇને પાળનાર અને પોષનાર પણ હોય છે. સિંહ અને સર્પ જેવાને પાળી તેના સ્વાતંત્ર્યને ભોગે આજીવિકા કરનારને કોણ નથી જાણતું ? પણ એથીયે વધારે અશુભ નિષ્ઠાથી છોકરીઓને પાળી, પોષી તેની પવિત્રતાને ભોગે આજીવિકા કરનાર આજે સંસ્કૃત ગણાતા સમાજમાં પણ સુરક્ષિત છે. આ બધું એક જ સૂચવે છે અને તે એ કે કોઇ પણ વ્યાવહારિક બાહ્ય ક્રિયાકાંડ અગર પ્રથાને માત્ર એને લોકો આચરે છે એટલા જ કારણે ધર્મ કહી ન શકાય; અગર એને બીજા લોકો નથી આચરતા કે નથી માનતા અગર તેનો વિરોધ કરે છે એટલા જ કારણે અધર્મ ન કહી શકાય.

વ્રત, નિયમો અને ધર્મ

કેટલાક દલીલ કરે છે કે ઘણીવાર વ્રત-નિયમો, ક્રિયાકાંડો શુભ નિષ્ઠામાંથી ન જન્મ્યા હોય છતાં તે અભ્યાસ-બળે શુભ નિષ્ઠા જન્માવવામાં કારણ બની શકે છે એટલે પરિણામની દૃષ્ટિએ બાહ્ય વ્યવહારને ધર્મ માનવો જોઇએ. આનો જવાબ અઘરો નથી. કોઇ પણ બાહ્ય વ્યવહાર એવો નથી કે જે શુભ નિષ્ઠા જ જન્માવે; ઊલટું ઘણી વાર એમ બને છે કે અમુક બાહ્ય વ્યવહારની ધર્મ તરીકે પ્રતિષ્ઠા જામતાં તેને આધારે સ્વાર્થપોષણનું જ કાર્ય મોટે ભાગે સધાવા માંડે છે. તેથી જ આપણે જોઇએ છીએ કે શુભ નિષ્ઠાથી સ્થપાયેલી મંદિર-સંસ્થાની ધાર્મિક વહીવટી પેઢીઓ છેવટે આપખુદી અને સત્તા પોષવાનું સાધન બની જાય છે. એટલું જ નહિ, પણ એક વાર ધર્મભીરૂ દૃષ્ટિએ ધાર્મિક ફંડોની પાઇ-પાઇનો હિસાબ રાખનાર પણ એ જ નાણાંના લોભમાં, પ્રસંગ આવતાં, ફસાઇ ધાર્મિક ફરજ ચૂકવવું ભૂલી જાય છે. શુભ નિષ્ઠાથી સ્વીકારેલ ત્યાગીના વેશની પ્રતિષ્ઠા બંધાતાં અને ત્યાગીનાં બાહ્ય આચરણોનું લોકાકર્ષણ જામતાં તે જ વેશ અને બાહ્ય આચરણને આધારે અશુભ વૃત્તિઓ પોષાવાના દાખલાઓ ડગલે ને પગલે મળે છે. કોઇ પણ વ્યકિતને બાહ્ય નિયમથી લાભ નથી જ થતો એમ ન કહી શકાય, પણ બાહ્ય નિયમ હમેશાં

લાભપ્રદ થાય જ એમ પણ કહી શકાય નહિ.

વ્યક્તિની બધી શક્તિઓ, સિદ્ધિઓ અને પ્રવૃત્તિઓ એક માત્ર સામાજિક કલ્યાણની દિશામાં યોજાય ત્યારે જ ધર્મ યા સંસ્કૃતિ ચરિતાર્થ થાય છે. જો પ્રત્યેક વ્યક્તિ પોતાનાં કર્મ અને ફલ માટે પૂર્ણપણે જવાબદાર હોય અને અન્ય વ્યક્તિઓથી તદ્દન સ્વતંત્ર હોય, તેના શ્રેય-અશ્રેયનો વિચાર માત્ર તેની જ સાથે સંકળાતો હોય, તો સામૂહિક જીવનનો શો અર્થ ? કારણ કે સાવ નિરાળી, સ્વતંત્ર અને પરસ્પર અસરથી મુકત એવી વ્યક્તિઓનો સામૂહિક જીવનમાં પ્રવેશ એ તો માત્ર આકસ્મિક જ હોઇ શકે. જો સામૂહિક જીવનથી વ્યક્તિગત જીવન સાવ અલગ રીતે જિવાતું નથી એ અનુભવ થતો હોય તો તત્ત્વજ્ઞાન પણ એ જ અનુભવને આધારે કહે છે કે વ્યક્તિ-વ્યક્તિ વચ્ચે ગમે તેટલો ભેદ દેખાતો હોય છતાં તે દરેક વ્યક્તિ કોઇ એવા એક જીવનસૂત્રથી ઓતપ્રોત છે કે તે દ્વારા તે બધી વ્યક્તિઓ આસપાસ સંકળાયેલી જ છે. જો આમ હોય તો કર્મફળનો નિયમ પણ આ દૃષ્ટિએ જ વિચારવો અને ઘટાવવો જોઇએ. અત્યાર લગી આધ્યાત્મિક શ્રેયનો વિચાર પણ દરેક સંપ્રદાયે વ્યક્તિગત દૃષ્ટિએ જ કર્યો છે. વ્યાવહારિક લાભાલાભનો વિચાર પણ એ જ દૃષ્ટિ પ્રમાણે થયો છે. આને લીધે જે સામૂહિક જીવન જીવ્યા વિના ચાલતું નથી તે સામૂહિક જીવનની દૃષ્ટિએ શ્રેય કે પ્રેયનો મૂળગત વિચાર કે આચાર થવા પામ્યો જ નથી. ડગલે ને પગલે સામૂહિક કલ્યાણની ઘડાતી યોજનાઓ એ જ કારણને લીધે કાં તો પડી ભાંગે છે, કાં તો નબળી પડી નિરાશામાં પરિણમે છે. વિશ્વશાંતિનો સિદ્ધાંત નક્કી થાય છે, પણ તેની હિમાયત કરનાર દરેક રાષ્ટ્ર પાછું વ્યક્તિગત દૃષ્ટિએ જ વિચારે છે. તેથી નથી વિશ્વશાંતિ સિદ્ધ થતી કે નથી રાષ્ટ્રીય આબાદી સ્થિરતા પામતી. આ જ ન્યાય દરેક સમાજમાં પણ લાગુ પડે છે. હવે જો સામૂહિક જીવનની વિશાળ અને અખંડ દૃષ્ટિનો વિકાસ કરવામાં આવે અને તે દૃષ્ટિ પ્રમાણે જ પ્રત્યેક વ્યક્તિ પોતાની જવાબદારીની મર્યાદા વિકસાવે તો તેનાં હિતાહિતો અન્યનાં હિતાહિત સાથે અથડામણમાં ન આવે, અને જ્યાં વૈયક્તિક ગેરલાભ દેખાતો હોય ત્યાં પણ સામૂહિક જીવનના લાભની દૃષ્ટિ તેને સંતોષ આપે.

ધર્મ નદી

ધર્મનદીને કિનારે અનેક તીર્થો ઊભાં થાય છે, અનેક પંથના ઘાટો બંધાય છે. એ ઘાટો પર નભનાર વાડાબંધી સર્વ પંડા કે પુરોહિતો પોતપોતાના તીર્થ અને ઘાટની મહત્તા કે શ્રેષ્ઠતા ગાઇને જ સંતોષ નથી પામતા, પણ મોટે ભાગે તેઓ બીજાં તીર્થો અને બીજા પંથરૂપ ઘાટોની ઊણપો બતાવવામાં વધારે રસ લે છે. તેઓ ધર્મની પ્રતિષ્ઠા સાથે કેટલાંક તત્ત્વોને સેળભેળ કરી નાખે છે. તેમાંનું એક તત્ત્વ તો એ કે અમારો ધર્મ એ મૂલતઃ શુદ્ધ છે, અને તેમાં જે કોઇ અશુદ્ધિ હોય તો તે બીજા પંથની અસર છે. બીજું તત્ત્વ એ છે કે બીજા ધર્મ-પંથોમાં કાંઇ સારું હોય તેને પોતાના ધર્મની અસર તરીકે બતાવવું. ત્રીજું તત્ત્વ એ કે જે જૂનું છે તેને જ શુદ્ધ અને પ્રતિષ્ઠિત માનવું. આ અને આના જેવાં બીજાં તત્ત્વોથી લોકોનું ધાર્મિક જીવન પણ ક્ષુબ્ધ બને છે. દરેક પંથ પોતાની પ્રાચીનતા ને પોતાની શુદ્ધિ સ્થાપવા મથે છે અને બીજા ધર્મપંથોમાં રહેલાં ઉચ્ચ તત્ત્વો સામે આંખ મીંચી દે છે.

ધાર્મિક જીવનના આ સડાને દૂર કરવાના અનેક માર્ગો પૈકી એક માર્ગ-અને સુપરિણામદાયી માર્ગ-એ પણ છે કે દરેક ધર્મજિજ્ઞાસુને ધર્મનું જ્ઞાન ઐતિહાસિક તેમ જ તુલનાત્મક દૃષ્ટિએ આપવું જેથી ધર્મનું શિક્ષણ માત્ર એકપંથગામી બની સર્વપંથગામી બને, અને પોતાના તથા બીજા દરેક પંથના સ્થૂલ તેમ જ સૂક્ષ્મ જીવનના ઇતિહાસનું પણ ભાન થાય. આ જાતના શિક્ષણથી પોતાના પંથની પેઠે બીજા પંથમાં પણ રહેલ સુતત્ત્વોને સહેલાઇથી જાણી શકાય છે અને પરપંથની જેમ સ્વપંથમાં રહેલી ત્રૂટિઓનું પણ વાસ્તવિક ભાન થાય છે. તેની સાથે સાથે પ્રાચીનતામાં જ મહત્તા અને શુદ્ધિનો બંધાયેલો ભ્રમ પણ સહેલાઇથી ટળે છે. આ દૃષ્ટિએ ધર્મના ઐતિહાસિક અને તુલનાત્મક શિક્ષણનું બહુ ઊંચું સ્થાન છે.

ધર્મનું વ્યાપક અને તટસ્થ દૃષ્ટિએ ઐતિહાસિક ને તુલનાત્મક શિક્ષણ આપવું હોય તો તે માટે પૂર્ણ યોગ્ય સ્થાન તો સાર્વજનિક કૉલેજો ને યુનિવર્સિટીઓ જ છે. એમ તો દરેક દેશમાં અનેક ધર્મધામો છે, અને જ્યાં જ્યાં ધર્મધામ હોય ત્યાં ત્યાં નાનાં મોટાં વિદ્યાધામ હોવાનાં જ. પણ આપણે જાણીએ છીએ કે એ વિદ્યાધામો જે જે પંથના હોય તે જ પંથના વિદ્યાર્થીઓ અને મોટે ભાગે તે જ પંથના અધ્યાપકો તેમાં હોય છે. તે વિદ્યાધામ ગમે તેટલું ઉદાર વાતાવરણ ધરાવતું હોય છતાં તેમાં પરપંથોના વિદ્યાર્થીઓ કે અધ્યાપકો જતા નથી, અને જાય તો તેમાં એકરસ થઇ શકતા નથી. એટલે પરિણામ એ આવે છે કે દરેક પંથદ્વારા ચલાવાતાં વિદ્યાધામોમાં ધર્મનું શિક્ષણ એકપક્ષી રહી જાય છે. એને લીધે પંથપંથના અનુયાયીઓની વિચારણામાં રહેલું અંતર કે તેમાં રહેલી ભ્રાન્તિઓ મટવાને બદલે, વિશેષ વધે નહિ તો પણ, કાયમ તો રહે છે જ. જ્યારે વર્તમાન યુગ દૂર દૂર આવેલા ભિન્નભિન્ન ખંડના માણસોને સહેલાઇથી મળવાનાં સાધનો ધરાવે છે અને અનેક બાબતો પરત્વે વિશ્વસંઘની વ્યવસ્થા કરવાની શક્તિ ધરાવે છે, ત્યારે તે યુગમાં માણસજાતનાં હાડમાંસ સાથે સંકળાયેલ ધર્મતત્ત્વનું એકદેશીય શિક્ષણ કદી નભી ન શકે, નભવું ન જોઇએ. ખરી રીતે આ યુગે જ ધર્મમિલન માટે યોગ્ય કૉલેજો અને યુનિવર્સિટીઓ ઊભી કરી છે, અને તે જ સંસ્થાઓ પ્રાચીન વિદ્યાધામો અને ધર્મશિક્ષણનાં ધામોનું સ્થાન લઇ રહેલ છે. તેને જ અનુરૂપ ઐતિહાસિક તેમ જ તુલનાત્મક ધર્મશિક્ષણનો પાયો નંખાયો છે. આ શિક્ષણ કાં તો પ્રાચીન ધર્મધામોને પોતાની ઉદારતાથી અજવાળશે; અને કાં તો, જો તેઓ પોતાની સંકીર્ણતા નહિ છોડે તો, તેમને અવશ્ય તેજોહીન બનાવશે.

ધર્મગામી કે ધર્મનિષ્ઠ માણસ પ્રભુને પોતાની અંદર જ અને પોતાની આસપાસ જ જુએ છે. તેથી તેને ભૂલ અને પાપ કરતાં પ્રભુ જોઇ જશે એવો ભય લાગે છે, તેની શરમ આવે છે; જ્યારે પંથગામી માણસને પ્રભુ કાં તો જેરૂસલેમમાં, કાં તો મક્કા-મદીનામાં, કાં તો બુદ્ધગયા કે કાશીમાં અને કાં તો શત્રુંજય કે અષ્ટાપદમાં દેખાય છે અથવા તો વૈકુંઠમાં કે મુકિતસ્થાનમાં હોવાની શ્રદ્ધા હોય છે. એટલે તે ભૂલ કરતાં પ્રભુથી પોતાને વેગળો માની, જાણે કોઇ જાણતું જ ન હોય તેમ, નથી કોઇથી ભય ખાતો કે નથી શરમાતો. એને ભૂલનું દુઃખ સાલતું જ નથી, અને સાલે તોયે ફરી ભૂલ ન કરવાને માટે નહિ.

ધર્મમાં ચારિત્ર્ય ઉપર જ પસંદગીનું ધોરણ હોવાથી તેમાં જાતિ, લિંગ, ઉમ્મર, ભેખ, ચિહ્નો, ભાષા અને તેવી બીજી બહારની વસ્તુઓને સ્થાન જ નથી, જ્યારે પંથમાં એ જ બાહ્ય વસ્તુઓને સ્થાન હોય છે. કઇ જાતિનો ? પુરુષ કે સ્ત્રી ? કઇ ઉમ્મરનો ? વેશ શો છે ? કઇ ભાષા બોલે છે ? અને કઇ રીતે ઊઠે કે બેસે છે ?-એ જ એમાં જોવાય છે; અને એ બધું આગળ આવવાથી ચારિત્ર્ય દબાઇ જાય છે. ઘણી વાર તો લોકોમાં જેની પ્રતિષ્ઠા ન હોય એવી જાતિ, એવું લિંગ, એવી ઉમ્મર કે એવા વેશ કે ચિહ્નવાળામાં જો ખાસું ચારિત્ર્ય હોય તો પણ પંથમાં પડેલ માણસ તેને લક્ષમાં લેતો જ નથી અને ઘણી વાર તો તેવાને તરછોડી પણ કાઢે છે.

ધર્મમાં વિશ્વ એ એક જ ચોકો છે. તેમાં બીજા કોઇ નાના ચોકા ન હોવાથી આભડછેટ જેવી વસ્તુ જ નથી હોતી અને હોય છે તો એટલું જ કે તેમાં પોતાનું પાપ જ માત્ર આભડછેટ લાગે છે, જ્યારે પંથમાં ચોકાવૃત્તિ એવી હોય છે કે જ્યાં દેખો ત્યાં આભડછેટની ગંધ આવે છે અને તેમ છતાં ચોકાવૃત્તિનું નાક પોતાના પાપની દુર્ગંધ સૂંઘી શકતું જ નથી.

ટૂંકમાં કહીએ તો ધર્મ માણસને રાતદિવસ પોષાતા ભેદ-સંસ્કારોમાંથી અભેદ તરફ ધકેલે છે જ્યારે પંથ એ પોષાતા ભેદમાં વધારે ને વધારે ઉમેરો કરે છે, અને કયારેક દૈવયોગે અભેદની તક કોઇ આણે તો તેમાં તેને સંતાપ થાય છે. ધર્મમાં દુન્યવી નાની-મોટી તકરારો પણ (જર, જોરૂ અને જમીનના અને નાનમ-મોટપના ઝઘડાઓ) શમી જાય છે, જ્યારે પંથમાં ધર્મને નામે જ અને ધર્મની ભાવના ઉપર જ તકરારો ઊગી નીકળે છે. એમાં ઝઘડા વિના ધર્મની રક્ષા જ નથી દેખાતી.

આ રીતે જોતાં ધર્મ અને પંથનો તફાવત સમજવા ખાતર એક પાણીનો દાખલો લઇએ. પંથ એ સમુદ્ર, નદી, તળાવ કે કૂવામાં પડેલા પાણી જેવો જ નહિ, પણ લોકોના ગોળામાં, ખાસ કરીને હિન્દુઓના ગોળામાં, પડેલા પાણી જેવો હોય છે. જ્યારે ધર્મ એ આકાશમાંથી પડતા વરસાદના પાણી જેવો છે, એને કોઇ સ્થાન ઊંચું કે નીચું નથી. એમાં એક જગાએ એક સ્વાદ અને બીજી જગાએ બીજો સ્વાદ નથી. એમાં રૂપરંગમાં પણ ભેદ નથી. અને કોઇ પણ એને ઝીલી કે પચાવી શકે છે. જ્યારે પંથ એ હિન્દુઓના ગોળાના પાણી જેવો હોઇ તેને મન તેના પોતાના સિવાય બીજાં બધાં પાણી અસ્પૃશ્ય હોય છે. તેને પોતાનો જ સ્વાદ અને પોતાનું જ રૂપ, ગમે તેવું હોવા છતાં, ગમે છે અને તે તેને પ્રાણાન્તે પણ બીજાના ગોળાને હાથ લગાડતાં રોકે છે.

પંથ એ ધર્મમાંથી જન્મેલો હોવા છતાં અને પોતાને ધર્મ-પ્રચારક માનવા છતાં તે હંમેશાં ધર્મનો જ ઘાત કરતો જાય છે. જીવતા લોહી અને માંસમાંથી ઊગેલો નખ જેમ જેમ વધતો જાય છે તેમ તેમ લોહી અને માંસને જ હેરાનગતિ કરે છે, તેથી જ્યારે એ વધુ પડતો નખ કાપવામાં આવે ત્યારે જ હાડ-પિંજરની સલામતી સચવાય છે; તેવી જ રીતે ધર્મથી વિખૂટો પડેલો પંથ (એક વાર ભલે તે ધર્મમાંથી જન્મ્યો હોય છતાં) પણ જ્યારે કાપ પામે અને છેદાય ત્યારે જ માણસ જાત સુખી થઇ શકે છે.

જો પંથની અંદર ધર્મનું જીવન હોય તો તે પંથ એક નહિ હજાર હો-શા માટે માણસ જેટલા જ ન હોય?-છતાં લોકોનું કલ્યાણ જ થવાનું; કારણ કે, એમાં પ્રકૃતિભેદ અને ખાસિયતો પ્રમાણે હજારો ભિન્નતાઓ હોવા છતાં કલેશ નહિ હોય, પ્રેમ હશે; અભિમાન નહિ હોય, નમ્રતા હશે; શત્રુભાવ નહિ હોય, મિત્રતા હશે; ઊકળાવાપણું નહિ હોય, ખમવાપણું હશે. પંથો હતા, છે અને રહેશે પણ તેમાં સુધારવા જેવું કે કરવા જેવું હોય તો તે એટલું જ છે કે તેમાંથી વિખૂટો પડેલો ધર્મનો આત્મા તેમાં ફરી આપણે પૂરવો. એટલે આપણે કોઇ પણ પંથના હોઇએ છતાં તેમાં ધર્મનાં તત્ત્વો સાચવીને જ તે પંથને અનુસરીએ. અહિંસાને માટે હિંસા ન કરીએ અને સત્યને માટે અસત્ય ન બોલીએ.

પંથમાં ધર્મ નથી, માટે જ પંથો સમાજ અને રાષ્ટ્રનો ઘાત કરે છે. જ્યાં જ્યાં સમાજ અને રાષ્ટ્રમાં એકતા આવવાના પ્રસંગો આવે છે ત્યાં ત્યાં બધે જ નિષ્પ્રાણ પંથો આડે આવે છે. ધર્મજનિત પંથો સરજાયા તો હતા માણસજાતને અને વિશ્વ-માત્રને એક કરવા માટે-પંથો દાવો પણ એ જ કાર્ય કરવાનો કરે છે-અને છતાં આજે જોઇએ છીએ કે આપણને પંથો જ એક થતાં અને મળતાં અટકાવે છે. પંથો એટલે બીજું કાંઇ નહિ પણ ધર્મને નામે ઊતરેલું અને પોષાયેલું આપણું માનસિક સંકુચિતપણું કે મિથ્યા અભિમાન.

તેથી જ તો પંથાભિમાની મોટા મોટા મનાતા ધર્મગુરૂઓ, પંડિતો કે પુરોહિતો કદી મળી શકતા જ નથી, એકરસ થઇ શકતા જ નથી, જ્યારે બીજા સાધારણ માણસો સહેલાઇથી મળી શકે છે.

અત્યારે જ્યારે કોઇ ધર્મનાં કપડાં અને ઘરેણાંરૂપ બાહ્ય વ્યવહારોને બદલવા, તેમાં કમી કરવા, સુધારો કરવા અને નકામા હોય તેનો છેદ ઉડાડવાની વાત કરે છે ત્યારે એક વર્ગ ધૂમ પાડી ઊઠે છે કે આ તો દેવ, ગુરુ, ધર્મતત્વનો ઉચ્છેદ કરવાની વાત છે. આ વર્ગનું ધૂમરાણ એક બાળક અને યુવતી જેવું છે. બાળકના શરીર ઉપરનાં મેલાં અને નુકસાનકારક કપડાં ઉતારતાં તે 'મને મારી નાખ્યો' એવી ધૂમ પાડી ઊઠે છે. પોતાનું સૌન્દર્ય પોષવાથી કે વારસાગત ચાલી આવતી ભાવનાથી સાચવી, વધારી અને સમારી રાખેલા વાળ, જ્યારે તેના મૂળમાં કોઇ ભારે સડો ઊભો થતાં કાપવામાં આવે અને તે વખતે પેલી યુવતી વાળના મોહને લીધે 'મને મારી નાખી' કે 'કાપી નાખી' એવી ધૂમ પાડે, તેના જેવી ધુમ પેલા ધર્મરક્ષકોની નથી લાગતી શું?

ઘરેડપંથી ધર્માચાર્યો અને ધર્મપંડિતો એક બાજુ પોતાના ધર્મને ત્રિકાળાબાધિત, શાશ્વત કહી સદાધ્રુવ માને છે અને બીજી બાજુ કોઇ પોતાની માન્યતા વિરુદ્ધના વિચારો પ્રગટ કરે કે તરત જ ધર્મનો નાશ થયાની ધૂમ પાડી ઊઠે છે. આ કેવો વદતોવ્યાઘાત! હું એવા વિદ્વાનોને કહું છું કે જો તમારો ધર્મ ત્રિકાળાબાધિત છે તો સુખે સેાડ તાણી સૂઇ રહો, કોઇના ગમે તેવા પ્રયત્ન છતાં તમારા મનથી તો એમાં ઇંચ માત્ર પણ ફેર પડવાનો છે જ નાહ; અને જો તમારો ધર્મ વિરોધીના વિચાર-માત્રથી નાશ પામવા જેટલો આળો કે કોમળ છે તો તમારા હજાર ચોકીપહેરા છતાં તે નાશ પામવાનો જ; કારણ વિરોધી વિચાર કોઇ ને કોઇ દિશામાંથી થવાના તો ખરા જ. એટલે તમે ધર્મને ત્રિકાળાબાધિત માનો અગર વિનશ્વર માનો, પણ તમારે વસ્તે તો બધી સ્થિતિમાં હોહા કરવાનો પ્રયત્નમાત્ર નકામો છે.

વ્રતનિયમ અને ચારિત્ર્ય એ બંને એક જ વસ્તુ નથી. એ જ રીતે જ્ઞાન એ પણ એ બંનેથી જુદી વસ્તુ છે. સાસુ, નણંદ અને ધણી સાથે હંમેશાં ઝઘડનાર વહુ, તેમ જ જૂઠું બોલનાર અને દેવાળું કાઢનાર અપ્રામાણિક વેપારી પણ ઘણી વાર કોઇ વ્રતનિયમ આચરે છે. નેકનીતિથી સાદું અને તદ્દન પ્રામાણિક જીવન ગાળનાર કોઇ કોઇ એવા મળી આવે છે કે જેને ખાસ વ્રતનિયમોનું બંધન નથી હોતું. વ્રતનિયમ આચરનાર અને સરળ, ઈમાનદાર જીવન ગાળનાર કોઇ કોઇ ઘણી વાર એવા તમને મળશે કે જેમનામાં વધારે વિચાર અને જ્ઞાનની જાગૃતિ ન હોય. આમ છતાં વ્રતનિયમ, ચારિત્ર્ય અને જ્ઞાન એ ત્રણેનો યોગ એક વ્યક્તિના જીવનમાં શક્ય છે, અને જો એ યોગ હોય તો જીવનનો વધારે અને વધારે વિકાસ સંભવે છે; એટલું જ નહિ, પણ એવા યોગવાળા આત્માનો જ વધારે વ્યાપક પ્રભાવ બીજા ઉપર પડે છે, અથવા તો એમ કહો કે એવો જ માણસ બીજાઓને દોરી શકે છે, જેમ મહાત્માજી.

ધાર્મિક શિક્ષણ આપવું કે નહિ એ સવાલ પરત્વે સામ-સામે છેડે ઊભેલા મુખ્યત્વે બે વર્ગો છે: એક ધાર્મિક શિક્ષણ આપવા-અપાવવાનો અતિ આગ્રહ સેવે છે, જ્યારે બીજો તે વિષે ઉદાસીન જ નહિ, પણ ઘણી વાર વિરોધ સુદ્ધાં કરે છે. આ સ્થિતિ માત્ર જૈન સમાજની જ નહિ, પણ લગભગ બધા સમા-જોની છે. હું આ સ્થળે વિચારવા ધારૂં છું તે બાબત એ છે કે

વિરોધ કરનાર શા માટે વિરોધ કરે છે ? શું એને શિક્ષણ પ્રત્યે જ અણગમો છે કે ધર્મના નામથી શીખવાતી અમુક વસ્તુઓ પ્રત્યે જ અણગમો છે ? અને એ અણગમાનું કારણ શું છે ? એ જ રીતે ધાર્મિક શિક્ષણ વિશે આગ્રહ સેવનાર કયા ધર્મના શિક્ષણ વિશે આગ્રહ સેવે છે અને આગ્રહના મૂળમાં શું રહેલું છે ?

વિરોધ કરનારની શિક્ષણ પ્રત્યે તો એટલી જ મમતા છે જેટલી ધર્મશિક્ષણના આગ્રહી પક્ષની. ધર્મ પ્રત્યે પણ એનો અણગમો હોતો જ નથી, જો તે જીવનપ્રદ અને માનવતાપોષક હોય તો. તેનો વિરોધ ધર્મને નામે અત્યારે શીખવાતી વસ્તુઓ વિશે જ છે અને તેનું કારણ ધર્મશિક્ષણ દ્વારા માનવતાનો વિકાસ સાધવાને બદલે એનો હ્રાસ સધાય છે એ છે. બીજી બાજુ, ધાર્મિક શિક્ષણનો આગ્રહ સેવનાર મુખ્યપણે અમુક પાઠો શીખવવા અને અમુક પરંપરાગત ક્રિયાકાંડો શીખવવાનો આગ્રહ સેવે છે. એ આગ્રહના મૂળમાં એનો પોતાનો ધર્મ વિશેનો જીવંત અનુભવ નથી હોતો, પણ વારસાગત જે ક્રિયાકાંડના સંસ્કારો તેને મળ્યા હોય છે, એ સંસ્કારો ચાલુ રાખવામાં જે સામાજિક મોહ મનાતો આવ્યો છે અને એવા સંસ્કારો સીંચવા જે પંડિત અને ધર્મગુરુઓ સતત ભાર આપ્યા કરે છે તે છે.

વિરોધી વર્ગ ધાર્મિક શિક્ષણનો વિરોધ કરે છે, ત્યારે તે એટલું તો માને જ છે કે માનવજીવન ઊંચું અને શુદ્ધ સંસ્કારવાળું—જે દ્વારા માનવી ખાનગી અને સામાજિક જીવનમાં પ્રામાણિકપણું ન છોડે, તુચ્છ સ્વાર્થને લીધે તે સમાજ કે રાષ્ટ્રના વિકાસને રૂંધે એવું કશું પણ ન કરે તેવું-હોવું જોઈએ. આવા જીવનનું પોષક ધાર્મિક શિક્ષણ કે તત્ત્વ એ વર્ગને સામાન્ય નથી હોતું. આનો સાર એ નીકળ્યો કે સમૃદ્ધ અને સંસ્કારી જીવન માટે જે આવશ્યક હોય તેના જ શિક્ષણને તે વર્ગ સ્વીકારે છે. જે શિક્ષણ દ્વારા જીવન સમૃદ્ધ થવાનો કે જીવનમાં ઉદાત્ત સંસ્કાર પોષાવાનો સંભવ ભાગ્યે જ હોય છે, તેવા શિક્ષણનો વિરોધ એ જ તેમનો વિરોધ છે. આ રીતે ઊંડા ઊતરીને જોઈએ તો ધાર્મિક શિક્ષણનો વિરોધ કરનાર વર્ગ ખરી રીતે ધાર્મિક શિક્ષણની આવશ્યકતા જ સ્વીકારે છે. બીજી બાજુ, એ શિક્ષણનો અત્યાગ્રહ સેવનાર શબ્દપાઠો અને ક્રિયાકાંડો પરત્વે ગમે તેટલો આગ્રહ સેવે છતાં તે પણ જીવનમાં ઉચ્ચ સંસ્કાર સમૃદ્ધિ પોષાતી હોય તો તે જોવા ઉત્સુક તો છે જ. આ રીતે સામસામે છેડે ઊભેલા એ બંને વર્ગો માનવીનું જીવન ઉચ્ચ અને સંસ્કારી બને એ બાબતમાં એકમત જ છે. એક પક્ષ અમુક પ્રકારનો વિરોધ કરીને તો બીજો પક્ષ તે પ્રકારનું સમર્થન કરીને છેવટે તો બંને પક્ષો નકાર અને હકારમાંથી એક જ સામાન્ય તત્ત્વ ઉપર આવી ઊભા રહે છે.

જો છેક સામસામેના બંને પક્ષો એક બાબતમાં એકમત થતા હોય, તો તે ઉભયસંમત તત્વને લક્ષીને જ શિક્ષણનો પ્રશ્ન વિચારવો જોઈએ અને વિવાદાસ્પદ તત્વ વિશે આ કે તે જનતનું ઐકાંતિક વિધાન કે તે વારસેની ગોઠવણ ન કરતાં તે બાબત શિક્ષણ લેનારની રુચિ અને વિચારણા ઉપર છોડી દેવી જોઈએ, એમ જ ફલિત થાય છે.

જેઓ ધાર્મિક પાઠો અને ક્રિયાકાંડોના પક્ષપાતી હોય છે, તેમણે પોતાના જીવનથી જો સાબિત કર્યું હોત કે પ્રથાસેવી ધાર્મિકો પોતાના જીવનવ્યવહારમાં બીજા કરતાં વધારે સાચા હોય છે, બોલ્યા પ્રમાણે વર્તનાર હોય છે, તેમ જ સાદું જીવન જીવનાર હોઈ પોતાની ચાલુ ધર્મપ્રથા દ્વારા માનવતાને વધારે સાંકળે છે, તો કોઈને પણ તેમના રૂઢ શિક્ષણ વિશે વાંધો લેવાને કારણ જ ન હોત. પણ ઇતિહાસ એથી ઊલટું કહે છે. જે જે જાતિએ કે કોમે રૂઢ ધર્મ—શિક્ષણ વધારે લીધું હોય છે, તે જાતિ કે કોમ બીજી કોમો કરતાં વધારે ભેદ પોષતી આવી છે. ક્રિયાકાંડી શિક્ષણમાં સૌથી વધારે અભિમાન લેનાર બ્રાહ્મણ કે હિન્દુ જાતિ બીજી સમાજો કરતાં વધારે વહેંચાઇ ગયેલી છે અને વધારે દાંભિક તથા વધારે બીકણ જીવન ગાળે છે. જેમ જેમ ધર્મનું શિક્ષણ વિવિધ અને વધારે તેમ તેમ જીવનની સમૃદ્ધિ પણ વિવિધ અને વધારે હોવી જોઇએ. તેને બદલે ઇતિહાસ કહે છે કે ધર્મપરાયણ મનાતી કોમ ધર્મથી સંધાવાને બદલે ધર્મની વિપુલતાના પ્રમાણમાં વધારે વિપુલતાથી એકમેકથી છૂટી પડી ગઈ છે. ઇસ્લામ ધર્મના રૂઢ શિક્ષણે જો વર્ગને અમુક અંશમાં સાંધ્યો હોય,, તો તેથી મોટા વર્ગને અનેક અંશોમાં પહેલા વર્ગનો વિરોધી બનાવી છેવટે તો માનવતાને ખંડિત જ કરી છે. ખ્રિસ્તી ધર્મની રૂઢ શિક્ષાએ પણ માનવતાને ખંડિત જ કરી છે. અમુક ધર્મ પોતાના રૂઢ શિક્ષણને બળે અમુક પ્રમાણમાં માનવવર્ગને અંદર અંદર સાંકળવાનું પુણ્ય કરતો હોય, તો તેથી મોટા વર્ગને છેક વિરોધી ગણાવવાનું મહાપાતક પણ કરે છે. આ તો રૂઢ શિક્ષણજન્ય માનવતાના ખંડિતપણાની વાત થઇ.

પણ અમુક સંપ્રદાયનું રૂઢ શિક્ષણ તે સંપ્રદાય પૂરતું પણ સરળ, પ્રામાણિક અને પરાર્થી જીવન સાધતું હોય, તો ય ધાર્મિક—શિક્ષણનો વિરોધ કરનારને વિરોધ કરવાનું પૂરતું કારણ ન મળે, પણ ઇતિહાસ બીજી જ કથા કહે છે. કોઇ એક સંપ્રદાયના મુખિયાજી મનાતા ધર્મગુરુઓને લઇ વિચાર કરીએ, કે આગેવાન ગણાતા ગૃહસ્થોને લઇ વિચાર કરીએ, તો જણાશે કે દરેક ધર્મગુરુ આડંબરી જીવનમાં રસ લે છે અને ભોળાં માણસોમાં એ આડંબરને ધર્મને નામે પોષે છે. જે નાણાં, જે શક્તિ અને જે સમય દ્વારા તે સંપ્રદાયના અનુયાયીઓનું આરોગ્ય સાધી શકાય, તેમને કેળવણી આપી શકાય, તેમને ધંધો શીખવી સ્વાવલંબી જીવન જીવતાં બનાવી શકાય, તે જ નાણાં શક્તિ અને વખતનો ઉપયોગ મોટે ભાગે દરેક ધર્મગુરુ પોતાનાં આડંબર-સજ્જિત જીવનગાડી ધકેલવામાં કરે છે. પોતે શરીરશ્રમ છોડે છે, પણ શરીરશ્રમનાં ફળોનો ભોગ નથી છોડતા. પોતે સેવા દેવી છોડે છે, પણ સેવા લેવી છોડતા નથી. અને તેટલી વધારેમાં વધારે જવાબદારીઓ ફેંકી દેવામાં ધર્મ માને-મનાવે છે, પણ પોતા પ્રત્યે બીજા જવાબદારી ન ચૂકે એની પૂરી કાળજી રાખે છે—જેવી રીતે રાજાઓ એ જ રીતે તે સંપ્રદાયના રૂઢ શિક્ષણરસિક આગેવાન ગૃહસ્થો પોતાના જીવનમાં સદાચાર વિનાના હોય છે અને ગમે તેટલાના ભોગે પણ ઓછામાં ઓછી મહેનતે વધારેમાં વધારે પૂંજી એકત્ર કરવાનો મોહ સેવતા હોય છે. અનુકૂળતા હોય ત્યાં લગી ધંધામાં પ્રમાણિકપણું અને કાંઇક જોખમ આવતાં દેવાળું કાઢવાની રીત—આ વસ્તુસ્થિતિ હોય ત્યાં લગી ગમે તેટલી લાગવગ વાપરવામાં આવે, છતાં દરેક ધર્મ શિક્ષણ વિશે સ્વતંત્ર અને નિર્ભયવિચારકનો આંતરિક—બાહ્ય વિરોધ રહેવાનો જ. જો વસ્તુસ્થિતિ આવી છે અને ચાલવાની છે તો વધારે સુન્દર અને સલામત માર્ગ એ છે કે એ બંને પક્ષ સમ્મત હોય એવા જ ધર્મ તત્ત્વના શિક્ષણનો પ્રબંધ જાગરૂકપણે થવો જોઇએ.

સમાપ્ત

પંડિત સુખલાલજી

મુંબઇ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા. ૪૫–૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.
મુદ્રણસ્થાન 'ચંદ્ર પ્રિં. પ્રેસ, ૪૫૧ કાલબાદેવી રોડ, મુંબઇ ૨. ટે. નં. ૨૯૩૦૩

ભારત જૈન મહામંડળ

(જૈન સમાજની અસાંપ્રદાયિક પ્રતિનિધિ સંસ્થા)

(સ્થાપના ઇ. ૧૮૯૯)

મુંબઇ–કાર્યાલય :
૫૦૫, કાલબાદેવી રોડ,
મુંબઇ ૨.

સુજ્ઞશ્રી,

વિનંતિ સાથ જણાવવાનું કે શ્રી ભારત જૈન મહામંડળની સ્થાપનાને આજે લગભગ સાઠ વર્ષ થવા આવ્યા છે; સંસ્થાના પરિચયનો હેવાલ આ સાથે મોકલીએ છીએ.

સંસ્થાનો હીરકમહોત્સવ જાન્યુઆરી મહીનાની આખરમાં ઉજવવાનું નક્કી કર્યું છે, તેમ જ આપણા બધા હીરકાનું એક અધિવેશન પણ તે પ્રસંગે ભરવાનો નિર્ણય કર્યો છે.

આ સંસ્થા જૈનોની બિનસાંપ્રદાયિક સંસ્થા છે. તેમાં કોઇ પણ હીરકાના કુટુંબો જોડાઇ શકે છે. સંસ્થાના મુખ્ય ઉદ્દેશો બધા સંપ્રદાયોમાં એકતા અને ભાતૃભાવ વધારવો, દરેક સંપ્રદાયની શકય સેવા કરવી, કોઇપણ જાતના ભેદભાવ વગર સામાજિક, ધાર્મિક અને આધ્યાત્મિક ક્ષેત્રે સૌ સાથે પ્રેમથી હળીમળી એકબીજાને ઉપયોગી થઇ સમાજ અને રાષ્ટ્રની ઉન્નતિના માર્ગ યોજવા રચનાત્મક કાર્ય કરવા. વર્તમાન યુગ સહઅસ્તિત્વને માનનારો છે. જગતભરના મહારાષ્ટ્રો એક બીજા સાથે મિત્રાચારી ધરાવે છે, આપણે પણ આપણા સમાજની એકતા ઇચ્છીએ છીએ, સારાયે વિશ્વને હિતાવહ એવા જૈન દર્શનના સિદ્ધાંતોનો આપણે જગતમાં થોડે અંશે પણ પ્રચાર કરી શકીએ તો જગતના યુદ્ધોને પણ અટકાવી દરેક રાષ્ટ્રમાં શાંતિ અને સહઅસ્તિત્વની ભાવના પ્રગટાવવામાં થોડી પણ સેવા કરી શકીએ.

અધિવેશનમાં આપણે સાથે બેસી ચર્ચા–વિચારણા કરી, સર્વ સંપ્રદાયો વચ્ચે એકતા સાધવા તથા ભાતૃભાવ કેળવવા, જરૂરિયાતવાળા ભાઇ બહેનોને રોજી મેળવી આપવામાં સહાય કરવા તથા બીજા પ્રશ્નો હલ કરવા માટે શકય તેટલા પ્રયાસો કરવાના છે. આશા છે કે આપ અમને જરૂર સહકાર આપશો. આ પ્રસંગે હિરકમહોત્સવનો ખાસ અંક પણ પ્રગટ થશે જેમાં પુજ્ય મુનિવરોના અને વિદ્વાનોના આકર્ષક લેખો છપાશે.

સંસ્થાની કાર્યવાહક સમિતિ, સ્વાગત સમિતિમાં ફેરવી નાંખવામાં આવી છે. અને તેમાં બધા ભાઇઓએ સ્વાગત સમિતના સભ્યો વધારવા એવો નિર્ણય થયો છે.

આપ હીરકમહોત્સવના અંકમાં જાહેરખબર આપી અમને મદદ કરો, સ્વાગત સમિતિના સભ્ય બની અમને સહકાર આપો, સંસ્થાના વાર્ષિક સામાન્ય સભ્યો બની એકતાનાં અમારા પ્રયાસોમાં આપનો હાર્દિક સુર પુરાવો એવી વિનંતિ છે. આપ અમને શકય તેટલી વધારેમાં વધારે મદદ કરો એજ પ્રાર્થના !

સંક્ષિપ્ત પરિચય

સને ૧૮૮૫માં દેશમાં રાષ્ટ્રીય તથા સામાજિક જાગૃતિનું વાતાવરણ ફેલાયું. રાષ્ટ્રીય મહાસભાની સ્થાપના પણ આ સાલમાં થઇ. ત્યાર બાદ ઘણી ધાર્મિક, સામાજિક અને રાજનૈતિક સંસ્થાઓ સ્થપાણી. જૈન સમાજ પણ આ જાગૃતિથી અલિપ્ત રહી શકયો નહી. સને ૧૮૯૫ માં દિગમ્બર મહાસભાની સ્થાપના થઇ, પરન્તુ કેટલાંક દિવસો બાદ વ્યાપક અને ઉદાર વિચારવાળા લોકોને લાગ્યું કે સામ્પ્રદાયિક ધરેડમાં રહેવાથી, વિચારોને વ્યાપક બનાવી શકાશે નહી; તેથી તેઓએ "જૈન યંગ મેન્સ એસોસીએશન" ની સ્થાપના કરી.

"જૈન યંગ મેન્સ એસોસીએશન"નું પ્રથમ અધિવેશન રાયબહાદુર લાલા સુલતાનસિંહજી રઇસ દિલ્હીવાળાના પ્રમુખપદે ભરાયું. શ્રી બાબુલાલજી વકીલ, મુરાદાબાદ અને શ્રી સુલતાનસિંહજી વકીલ, મેરઠ તેના મંત્રીઓ હતા. પ્રકાશિત નિવેદનમાં કહેવામાં આવ્યું હતું કે,

"જાતિ અથવા આમ્નાય (સંપ્રદાય, પંથ)ના ભેદભાવ ગૌણ કરીને, સારાયે જૈન સમાજમાં પારસ્પરિક સંબંધનો પ્રચાર કરવો તે એસોસીએશનનો ઉદ્દેશ છે."

ધીમે ધીમે આ સંસ્થામાં યુઝર્સો પણ દાખલ થવા લાગ્યા; તેથી દશ વર્ષ બાદ, જયપુર અધિવેશનમાં તેનું નામ "ઓલ ઇન્ડિયા જૈન એસોસીએશન" અથવા "ભારત જૈન મહામંડળ" રાખવામાં આવ્યું. ત્યાં સુધી દિગમ્બર-શ્વેતામ્બર સમાજના કાર્યકર્તાઓએ સાથે મળીને કામ કર્યું હતું. સભાપતિના સ્થાને અજિતપ્રસાદજી જૈન-લખનૌ, શેઠ માણેકચંદ, જે પી.-મુંબઇ, ગુલાબચંદજી ઢઢ્ઢા, જયપુર-વગેરે સજ્જનો રહ્યા હતા.

જયપુર અધિવેશન બાદ, આ સંસ્થાનું વર્તુળ વિશાળ થઇ ગયું અને સને ૧૯૩૬ માં વર્ધા ઓફીસ આવી. ત્યાં સુધી બેરિસ્ટર જે. એલ. જૈની, ચંપતરાયજી જૈન, પ્રો. કે. ટી. શાહ, માણેકચંદજી વકીલ-ખંડવા. બ્ર. શીતલપ્રસાદજી, સૂરજમલજી જૈન-હરદા, વાડીલાલ મોતીલાલ શાહ તથા શેઠ અચલસિંહજી, વગેરે આ સંસ્થાના પ્રમુખ થયા જેઓ ક્રાન્તિકારી અને પ્રગતિશીલ વિચારક હતા. મંડળના મંત્રી મલ્હીપુરનિવાસી માસ્ટર ચેતનદાસજી સને ૧૯૩૭ સુધી રહ્યા. તેઓ ઘણા ઉત્સાહ અને ઉંડી ભાવના સાથે કાર્ય કરતા રહ્યા.

મંડળના કાર્યકર્તાઓ ઇચ્છતા હતા કે સમાજમાં એકતા અને પ્રેમભાવ વધે અને સામ્પ્રદાયિકતાના કારણે થતા ઝગડાઓ બંધ થાય. આગેવાન નેતાઓ, કાર્યકર્તાઓ અને વિચારકોએ ત્યાગ, તમન્ના અને સેવાઓ વડે મંડળને સમાજોપયોગી સંસ્થા બનાવવાનો પ્રયાસ કર્યો, પરંતુ તે સમય એવો હતો કે એકતાનું કાર્ય વિશેષરૂપે આગળ વધી શકયું નહી. અંગ્રેજ સરકાર દરેક વર્ગ અને ક્ષેત્રમાં "ભાગલા પાડો અને રાજ્ય કરો"ની નીતિ કામમાં લઇ રહી હતી. સમાજના ધનાઢ્ય વ્યાપારી તથા વકીલ વગેરે અંગ્રેજોના સમર્થક હતા. તેઓ તેમનું શાસન દૃઢ રહે તેમાં જ લાભ માનતા હતા. પરંપરાગત સામ્પ્રદાયિક સંસ્કારો પ્રબળ હતા. નાના વર્તુળમાં જે પ્રતિષ્ઠા અને કીર્તિ પ્રાપ્ત થઇ શકતી હતી તે વ્યાપક અને વિશાળ ક્ષેત્રમાં મેળવવામાં મુશ્કેલી પડતી હતી. પરસ્પરના ઝઘડાઓ ચાલુ રહેવામાં કેટલાંક લોકોનો સ્વાર્થ સધાતો હતો અને તેથી સામ્પ્રદાયિકતાનું જોર વિશેષ જળવાઇ રહ્યું હતું. આમ છતાં પણ મંડળના કાર્યકર્તાઓ નિરાશ થયા વિના કામ કરતા રહ્યા. જ્યારે શ્રી જે. એલ. જૈની સાહેબનો અન્ત સમય આવ્યો, ત્યારે તેઓએ મંડળને શ્રી ચિરંજીલાલજી બડજાત્યને સોંપીને કહ્યું કે, 'મારી થાપણ તમે સંભાળો. કોઇ ને કોઇ દિવસે સમાજમાં વિવેક જાગૃત થશે. ઝઘડાઓને ભૂલીને પરસ્પર પ્રેમ અને સંગઠનની ભાવના સમાજમાં જાગૃત થશે, ત્યારે આ સંસ્થાની ઉપયોગિતા સમજાશે અને સમાજ તેને અપનાવીને, તેના દ્વારા સમાજશ્રેય સાધવા પ્રયત્ન કરશે.'

સને ૧૯૩૭ માં શ્રી ચિરંજીલાલજી મંડળના કાર્યકર્તાઓને વર્ધા લાવ્યા અને તેમનું કામ કરવા લાગ્યા. આ કાર્યને તેઓ પોતાના જીવનનું મુખ્ય કાર્ય સમજીને ભાવના સાથે તન, મન અને ધનથી કાર્ય કરવામાં ઓતપ્રોત બની ગયા. આમ પણ શ્રી ચિરંજીલાલજી આશાવાન અને વ્યવહારચતુર વ્યક્તિ છે; પરંતુ તેમનામાં સંસ્થા માટે પણ બીજા પર બોજો નાખવાની કે ભીખ માગવાની વૃત્તિ ન હોવાથી, તેઓ પોતાની પાસેથી તથા મિત્રો પાસેથી લઇને સંસ્થાનું ખર્ચ ચલાવવા લાગ્યા. સંભવ છે કે તેઓ સંસ્થાની આર્થિક પરિસ્થિતિ સમાજ પાસે રજુ કરીને, પૈસા માટે માગણી કરત તો સમાજ તરફથી સહયોગ મળત. પરન્તુ આ બાબતમાં તેમનો સ્વભાવ અત્યંત સંકોચશીલ રહ્યો. તેઓએ શરૂઆતથી ત્રણ ચાર સભારંભો બહુજ ઓછા ખર્ચે અને સાદાઇથી કર્યા. તેમનો હંમેશા એ પ્રયત્ન હતો કે સમાજના સાથીઓનો સાથ મેળવવામાં આવે જેથી સંસ્થા કાર્યક્ષમ બને. તેઓએ અધિકારપદની જવાબદારીઓ સાથીઓ ઉપર નાખી અને પોતે પાછળ રહ્યા. કોઇ પણ જાતના અધિકારપદ વિના જ કામ કરવાનું તેઓએ પસંદ કર્યું. તેઓએ શેઠ શ્રી રાજમલજી લાલવાણીનો સહયોગ સંસ્થાના પ્રમુખ તરીકે મેળવી લીધો હતો.

સને ૧૯૪૫ થી સંસ્થાની સ્થિતિમાં નવું પરિવર્તન આવ્યું. ગાડરવાડેમાં ડો. હીરાલાલજી જૈનના પ્રમુખપદે મેળાવડો થયો. લોકોમાં સંસ્થા માટે આકર્ષણ વધ્યું. સને ૧૯૪૬ માં બટારસીના ભાઇઓએ પોતાને ત્યાં

અધિવેશન બોલાવ્યું જેના પ્રમુખ સાહૂ શ્રેયાંસપ્રસાદજી બન્યા. સાહૂજીની આ સંસ્થા પ્રતિ મમતા વધી; ત્યારથી આજ સુધી સંસ્થાને તેમનો અને તેમના પરિવારનો સહયોગ અને માર્ગદર્શન બરાબર મળતાં રહ્યાં છે. હૈદ્રાબાદમાં ભાઉસા'બ શ્રી કુંદનમલજી ફિરોદિયા પ્રમુખ બન્યા. આ અધિવેશનમાં સૌને લાગ્યું કે સંસ્થાના વિચારોના પ્રચાર માટે માસિક પ્રગટ કરવું જરૂરી છે. પરિણામે શ્રી જમનાલાલજી જૈનના તંત્રીપદે 'જૈન જગત' માસિક શરૂ થયું જે આજ સુધી શ્રી રિષભદાસજી રાંકાના તંત્રીપદે પ્રગટ થઈ રહ્યું છે. શ્રી. ફિરોદિયાજીનો ત્યારથી મંડળ પ્રતિ પ્રેમભાવ જળવાઈ રહ્યો છે અને તેમની સલાહ હંમેશા મંડળને ઉપયોગી બની છે. "જૈન જગત" અત્યારે પૂનાથી નીકળે છે. સંપાદનનું કામ શ્રી રાંકાજી કરે છે, પરન્તુ તેની બધી વ્યવસ્થા શ્રી કનકમલજી મુણોત કરે છે. તેઓ અત્યંત વ્યવસ્થિત અને ઉત્સાહી કાર્યકર્તા છે. શ્રી કિસનલાલજી શર્માની સેવાઓ પણ "જૈન જગત"ને વિશેષ ઉપયોગી બની રહી છે.

બ્યાવરનું અધિવેશન તેની રીતે અનોખું જ થયું. તેના પ્રમુખ પ્રસિદ્ધ પત્રકાર શ્રી અમૃતલાલ શેઠ હતા, જે ઘણા પુરૂષાર્થી, કર્મઠ, અને સાહસિક હતા. તેઓએ પ્રથમવાર ફાળો કરીને મંડળને આર્થિક દૃષ્ટિએ સ્વાવલંબી બનાવવાની દિશામાં પ્રયત્ન કર્યો. આ અધિવેશનમાં શ્રી તારાચંદ કોઠારીનો શ્રી ચિરંજીલાલજી સાથે વિશેષ સંપર્ક થયો અને તેઓ મંડળના સક્રિય કાર્યકર્તા બન્યા.

ધીમે ધીમે શ્રી ચિરંજીલાલજીએ પોતાનું વર્તુળ વધારવા માંડ્યું. વર્ધામાં શ્રી રિષભદાસજી રાંકા રહેતા હતા. તેમને પણ તેઓએ આકર્ષિત કર્યા. શ્રી સુગનચંદ્રજી લુણાવત, આર. પી. કાલે, ખુશાલચંદજી ખજાનચી, પુનમચંદજી ગાંઠિયા વગેરેને પણ મંડળના સક્રિય કાર્યકર્તાઓ બનાવવામાં તેમનો પ્રયત્ન મુખ્ય છે.

શેઠ શ્રી રાજમલજી લાલવાણી શુભ કાર્યોમાં સદા આગળ પડતા રહ્યા છે. તેઓ મંડળના પ્રમુખ બન્યા તે પહેલાં પણ શ્રી ચિરંજીલાલજીનો તેમની સાથે સારો સંપર્ક હતો અને તેથી મંડળના કોઇ પણ કામમાં તેમનો સાથ મળતો રહેતો હતો. મંડળને માટે સને ૧૯૪૮ નું વર્ષ ઘણું ક્રાન્તિકારી નીવડ્યું. આ વર્ષમાં બે અધિવેશન થયા, એક બ્યાવરમાં અને બીજું જામનેરમાં. બીજું બ્યાવરના પ્રમુખ શેઠ શ્રી અમૃતલાલ દલપતભાઇ, જ્યારે જામનેરના અધિવેશનનું પ્રમુખપદ દીર્ઘ તપસ્વિની શાંતાબાઇ રાનીવાળાએ શોભાવ્યું હતું. મંડળના કાર્યકર્તાઓ તથા જનતાની ઘણી મોટી સંખ્યામાં હાજરી હતી. મંડળનું કાર્ય કેવી રીતે વિસ્તૃત કરવામાં આવે તે બાબતમાં પુષ્કળ ચર્ચા થઇ. આ અધિવેશને શ્રી ફકીરચંદજી જૈન તથા નથમલજી લુંકડ જેવા નવા કાર્યકર્તાઓ આપ્યા. મંડળના કાર્યને વેગ મળે તે માટે કાર્યાધ્યક્ષની યોજના બનાવવામાં આવી અને શેઠ શ્રી રાજમલજી કાર્યાધ્યક્ષ બન્યા. ત્યાર બાદ મંડળના કાર્યને વેગ મળતો રહ્યો મદ્રાસ અને મુરારના અધિવેશનમાં વેગ ઘણો વધારે વૃદ્ધિ પામ્યો. શ્રી રિષભદાસજી રાંકા અને તેમના સાથીઓએ જુદા જુદા દેશોમાં પ્રવાસ શરૂ કર્યો. "જૈન જગત"ની સાથે સાથે મંડળે પ્રકાશન કાર્ય પણ શરૂ કર્યું. શ્રી ચિરંજીલાલજી સત્સાહિત્યનો મુક્ત પ્રચાર કરવાની ઉંડી ભાવના ધરાવે છે. તે કારણે તેઓ પોતાના પૈસા વડે પુસ્તકો છપાવીને આપતા હતા; પરન્તુ જ્યારે મંડળે પ્રકાશનનું વ્યવસ્થિત કાર્ય શરૂ કર્યું અને તે માટે દાતાઓ પાસેથી દાન મળવા લાગ્યું, ત્યારે ત્રણ ચાર મણકાઓ શરૂ કરવામાં આવ્યા અને હજારોની સંખ્યામાં પુસ્તકો વેચાવા લાગ્યા. મંડળે વીસેક જેટલાં પુસ્તકો પ્રકાશિત કર્યાં જેની જૈનોમાંજ નહીં, પરન્તુ હિન્દી સાહિત્યમાં પણ ખ્યાતિ થવા પામી. કેટલાંક પુસ્તકો તો શાળાઓ અને કોલેજોનાં પાઠયક્રમમાં પણ દાખલ થયાં છે. મંડળને સારા લેખકોનો સાથ મળ્યો– જેમાં વિનોબા ભાવે, મહાત્મા ભગવાનદીનજી, પં. સુખલાલજી, પં. બેચરદાસજી દોશી, શ્રી રિષભદાસજી રાંકા, ડો. જગદીશચંદ્રજી જૈન અને ડો. હીરાલાલજી મુખ્ય છે. 'જૈન જગત' તથા પ્રકાશનનું કાર્ય શ્રી જમનાલાલજી જૈને ઘણા પરિશ્રમ વડે તથા લાગણીથી કર્યું.

મુરાર અધિવેશનના પ્રમુખ સાહૂ શ્રી શાંતિપ્રસાદજી હતા અને ઉદ્ઘાટન કર્તા શ્રી કમલનયનજી બજાજ. આ અધિવેશન બાદ, પ્રચાર વ્યાપક પ્રમાણમાં થઇ શકે તે માટે સાહૂજીએ સ્ટેશન વેગન નવું ખરીદ કરીને આપ્યું. આ સગવડતા મળતાં કાર્યકર્તાઓએ દેશના જુદા જુદા ભાગોમાં પ્રવાસ કર્યો અને મંડળનું કાર્યક્ષેત્ર ઘણું વધવા પામ્યું. આ અધિવેશન પછી ચાંદવડમાં શેઠ શ્રી રાજમલજી તથા ખુલદાનામાં શ્રી. તારાચંદ કોઠારીનાં પ્રમુખપદે અધિવેશન થયાં. ખુલદાના અધિવેશનનું ઉદ્ઘાટન પ્રસિદ્ધ દાનવીર શેઠ શ્રી સોહનલાલજી દુગડે કર્યું. ત્યાર

બાદ ઉદયપુર અધિવેશન પ્રસિદ્ધ ઉદ્યોગપતિ શ્રી લાલચંદજી હીરાચંદજીના પ્રમુખપદે થયું. મંડળના કાર્યને મુંબઇ તથા ગુજરાતમાં ફેલાવવા માટે શ્રી તારાચંદ કોઠારી કાર્યાધ્યક્ષ બન્યા અને મુંબઈમાં ઓફિસ લાવવામાં આવી. અત્રે શ્રી. ધીરજલાલ ધનજીભાઇ શાહ, શ્રી રમણલાલ સી. શાહ, તથા શ્રી જયંતિલાલ પરીખ, વગેરે તેમના સહકારી બન્યા. મુંબઇ ઓફિસ આવવાથી સૌ. કુસુમબહેન મોતીચંદ શાહ, શ્રી નેમચંદભાઇ વકીલવાળા, શ્રી અભયરાજજી બલદોટા વગેરે નવા બીજા સાથીઓ પણ મળ્યા. શેઠ શ્રી લાલચંદજી તથા શાહૂજીના માર્ગદર્શનમાં મંડળનું કાર્ય વિકસિત થતું ગયું. ઓફિસ મુંબઈ રાખવામાં ચેરિટી કમિશ્નરે વાંધો ઉઠાવતાં, દફ્તર મુંબઇથી વર્ધા લઇ જવું પડ્યું અને ફરી કામનો બોજો શ્રી ચિરંજીલાલજી ઉપર આવી પડ્યો. ખુલદાના અધિવેશનથી ફરી નવા એક સાથી મળ્યા જેનું નામ છે શ્રી ભિકુલાલજી દેશલહરા. તેઓ કોંગ્રેસના ઘણા ઉત્સાહી અને કર્મઠ કાર્યકર્તા છે; તેઓ મંડળના બે વર્ષ મહામંત્રી પણ રહ્યા.

મંડળના વિચારકોને, કાર્યની વૃદ્ધિ કરવામાં સાહૂ બંધુઓની આત્મીયતા હંમેશા મળતી રહી છે. તેઓએ માત્ર આર્થિક જ નહી, પરન્તુ કાર્યમાં સક્રિય સહાયતા પણ આપેલ છે. મંડળનું આજે જે સ્વરૂપ જોવામાં આવે છે તેમાં તેમનો ઘણો મોટો હિસ્સો છે.

મંડળની શાખાઓમાં મદ્રાસ, દિલ્હી તથા મુંબઈની શાખાઓએ ઘણું જ સારૂં કાર્ય કરેલ છે. ખાસ કરીને છેલ્લા બે વર્ષથી મુંબઇ અને દિલ્હી શાખા ઘણું સારૂં કાર્ય કરી રહેલ છે. તેનું બધું શ્રેય શ્રી રમણલાલ સી. શાહ, સંઘવી વકીલ તથા લાલા ભગતરામજીને ફાળે જાય છે.

જામનેરમાં છેલ્લું અધિવેશન થયું હતું અને તેનું પ્રમુખસ્થાન આપ્યું તખતમલજી જૈને શોભાવ્યું હતું. તેઓ તે સમયે મધ્ય ભારતના પ્રધાનમંત્રી હતા અને હાલ અ. ભા. કોંગ્રેસ કમિટીના મહામંત્રી છે. તેઓએ સમાજનું ધ્યાન બદલતી સમાજની પરિસ્થિતિ પ્રતિ આકર્ષિત કર્યું અને જૈન સમાજને નવા ઉદ્યોગોમાં ઝંપલાવવાની પ્રેરણા આપી.

મંડળે હંમેશા એ બાબત લક્ષમાં રાખી છે કે દરેક સંપ્રદાયવાળા ભલે પોતાની માન્યતા અનુસાર વર્તે, પરન્તુ સામાજિક, રાજનૈતિક અને આર્થિક પ્રશ્નોમાં પરસ્પર ઐક્યની ભાવના વડે સૌ સાથે મળીને પ્રેમપૂર્વક કાર્ય કરે. સાહિત્ય સંપાદન અને પ્રકાશનમાં પણ મંડળે, કોઇની ભાવનાઓને ધક્કો ન પહોંચે અને સદ્‌ગુણોની વૃદ્ધિ થાય તેવું જ સાહિત્ય તૈયાર કરવાની દૃષ્ટિ રાખી છે. પ્રચારમાં પણ સૌ પ્રતિ આદર અને પ્રેમ વધે તેવો પ્રયત્ન રહ્યો છે. પરિણામે બધા સંપ્રદાયવાળા મંડળમાં પ્રવેશેલ છે અને પરસ્પર સદ્‌ભાવનાપૂર્વક કાર્ય કરી રહેલ છે.

માત્ર રાષ્ટ્ર પુરતું જ નહિ, પરન્તુ સારાયે માનવ સમાજ માટે કરવા જેવું મહાન કાર્ય જૈનો સમક્ષ પડેલું છે; અહિંસા અને અનેકાન્તનો સિદ્ધાન્ત અપનાવ્યા વિના માનવ સમાજનો ઉદ્ધાર નથી. જૈનો પાસે આને લગતું મહાન તત્ત્વજ્ઞાન પડેલું છે; જૈન સમાજમાં ત્યાગી સંતો, અનેક કાર્યકર્તાઓ અને દાતાઓ છે; ધર્મ તથા સાહિત્યને નામે કરોડોનું ખર્ચ થાય છે. જો આ બધા સાધનોને સુવ્યવસ્થિત કરીને, તેને કામમાં લેવામાં આવે તો પોતાનું જ નહી, પરન્તુ માનવજાતનું કલ્યાણ થઇ શકે તેમ છે. આ મહાન શક્તિનો પરસ્પરના ઝઘડા અને સામ્પ્રદાયિક આવેશમાં ઉપયોગ કરવાને બદલે, માનવજાતિના કલ્યાણ માટે કરવામાં આવે તે માટે સમાજને મંડળનો અનુરોધ છે કે બધા જૈનો મંડળના પ્લેટફોર્મ પર આવીને, આ મહાન કાર્ય કરે અને પોતાનો મહાનતાનો વારસો સુરક્ષિત રાખે. આશા છે કે મુંબઇ જેવી મહાન નગરીમાં હીરક જયંતી મહોત્સવ નિમિત્તે નવી પ્રેરણા અને નવું લોહી મળશે, જેથી મંડળ અધિક કાર્યક્ષમ બનીને, સમાજની વધુ સેવા કરી શકશે.

સી. સેવકો

શ્રી રમણલાલ સી. શાહ	શ્રી શાહૂ શ્રેયાંસપ્રસાદજી જૈન
શ્રી ખુશાલચંદ કે. સંઘવી	પ્રમુખ
મંત્રીઓ	શ્રી મગનભાઇ પી. દોશી
શ્રી જયંતીલાલ લ. પરીખ	ઉપ–પ્રમુખ
કોષાધ્યક્ષ	શ્રી ભારત જૈન મહામંડળ,
	મુંબઇ કાર્યાલય.

ચંદ્ર પ્રી. પ્રેસ – ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ ૨.

રજીસ્ટર નં B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૨ : અંક ૧

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, મે, ૧ ૧૯૬૦, રવીવાર
આફ્રિકા માટે શિલિંગ ૮

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ : નયા પૈસા ૨૦

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

* નવું રાજ્ય—નવી આશા—નવી અપેક્ષા *

[મે માસની પહેલી તારીખથી મુંબઈ પ્રદેશથી અલગ એવું ગુજરાતનું નવું રાજ્ય અમલમાં આવશે [illegible] રાજ્ય અંગે પ્રજાજનો કેવી આશાઓ અને અપેક્ષાઓ ધરાવે છે તેનું દિશાસૂચન અને આ નવા રાજ્યે ધ્યાનમાં લેવા [illegible] દર્શન તા. ૭–૪–૬૦ના સ્વરાજ ધર્મમાં પ્રગટ થયેલ શ્રી. મનુભાઇ પંચોળીના લેખમાં મૌલિક રીતે કરાવવામાં આ [illegible] યું છે. આજે જ્યારે મુંબઇ તેમ જ અન્યત્ર વસતી ગુજરાતી પ્રજાના દિલમાં આ ઘટના સૌથી વધારે આકર્ષી રહી છે ત્યારે [illegible] લેખ તેમના મનમાં રમી રહેલા વિચારોને સુભગ આકાર આપતો હોઇને રાજ તેમ જ પ્રજા – ઉભય માટે પૂરતો માર્ગદર્શક નીવડશે એવી આશા રહે છે. **તંત્રી**]

નવી જવાબદારી

ગુજરાતનું નવું રાજ્ય રચાવાનો દિવસ જેમ જેમ નજીક આવતો જાય છે તેમ તેમ લોકો અને આગેવાનોમાં ઉત્સાહ વધતો જાય છે. ને તે સ્વાભાવિક છે. રાજ્ય રચના તે કેવળ વહીવટનો સવાલ નથી. ભાષા અને ભાવતૃપ્તિ પરસ્પર ગરમી ને પ્રકાશ જેવાં સંયુક્ત છે. જનની, માડી ને મધર ત્રણે શબ્દના અર્થ સરખા હોવા છતાં ગુજરાતી કે સૌરાષ્ટ્રીમાં માડી ને જનની જે ભાવ જગાડશે તે મધર શબ્દ નહિ જગાડે. એ તો ઠીક છે કે મોટાં ઘટકો વહીવટની દૃષ્ટિએ પણ અનુકૂળ નથી. પણ કદાચ કોઇ કુશળ વહીવટકાર મોટું ઘટક સફળતાપૂર્વક ચલાવવાની ખાત્રી આપે તો પણ ભાષાવાર વહીવટી ઘટકનું સ્થાન સ્થિર જ રહેવાનું કારણ કે સમાજ અને રાજ્યનું ભાવાનુસંધાન ભાષાવાર ઘટકમાં જ દૃઢ રીતે થઇ શકે. થોડો અનુભવ લઇને પણ આ વાત સ્વીકૃત થઇ છે તે આ ઉત્સાહનું કારણ છે.

પણ ઉત્સાહને કુશળતામાં પલટાવવો તે સહજ વાત નથી. ઉત્સાહ તે જ્ઞાનનું સ્થાન લઇ શકે નહિ. ઉત્સાહ તો, જ્ઞાન લેવું હોય તો પ્રેરણા આપી શકે. એટલે નવું રાજ્ય લોકોની આશાઓને પરિપૂર્ણ કરે તેટલા માટે લોકોની તકલીફો ને ઇચ્છાઓની સાચી માહિતી ને તેના ઉપાયોનું યથાર્થ જ્ઞાન હોવું જોઇશે.

લોકોને સૌથી પહેલાં શું જોઇએ છે? તેમની વચ્ચે રહેનારાઓને ખરેખર પૂછવામાં આવે તો તેઓ એમ કહેવાના કે, "નોકરશાહી કામનો નિકાલ જલદી કરે ને વિનયી બની પ્રજાને સહાયરૂપ થાય તે."

આપણા દેશની નોકરશાહી એશિયામાં સૌથી સારી છે ને સ્વરાજ મળ્યું તે વખતે મદદરૂપ નીવડી છે તે વાત ભૂલવા જેવી નથી. તેમ જ નોકરોના ઉપલા સ્તરમાં થોડા ઊંચી કોટિના નોકરો પણ ઉમેરાયા છે એ પણ સ્વીકૃત છે. પણ તે છતાં સ્વરાજનાં શરૂનાં વર્ષો બાદ કરતાં નોકરશાહી પ્રજાની આકાંક્ષાને જોઇએ તેટલી અનુકૂળ નથી થઇ તેનો અનુભવ પણ સૌને થતો રહ્યો છે. એટલું જ નહીં પણ રાજ્ય પોતાના હસ્તકનાં કામો વધારતું જ ગયું છે એટલે નોકરોની સંખ્યા, ઉપયોગીતા ને ખાતાં વધતાં જ ગયાં છે. બીજી બાજુથી તેમની યોગ્યતા, વિનય ને જાગૃતિ વધ્યાં નથી. આને પરિણામે લોકોને સ્વરાજમાં પણ નોકરશાહીની પકડ વધવાનો અનુભવ થતો જાય છે.. કોઇ પૂછે કે શું આ પ્રશ્ન સૌથી અગત્યનો છે? અગત્યની દૃષ્ટિએ જોઇએ તો અનાજના ઉત્પાદનના અને ગ્રામોદ્યોગોના વિકાસનો, [illegible] જેવા બીજા પ્રશ્નો જરૂર અગત્યના છે. પણ લોકોને આજે વિશેષ શું ખૂંચે છે તે નવા રાજ્યની ધુરા ઉપાડનારાઓએ જોઇ લેવું જરૂરનું છે. બાપુએ કહ્યું કે મોક્ષ જ ધ્યેય છે. પણ ભોજન વિના ભજન શું કામનું? એટલે પોતે મોક્ષાર્થી હોવા છતાં ભોજનાર્થી પહેલાં થયા કારણકે લોકોને મોક્ષની વાત પણ તે પછી જ ગળે ઉતરાવી શકાય તેમ તેઓ જોતા હતા. નવું રાજ્ય યશસ્વી કારકિર્દી બતાવશે. પણ યશસ્વી થવા માટે સૌથી મોટું બળ લોકોનો વિશ્વાસ ને સહકાર છે. નોકરશાહી પ્રજાની મિત્ર, સલાહકાર ને આખરી સંજોગોમાં સેવક છે તેવી પ્રતીતિ લોકોને થઇ જાય તો આ વિશ્વાસ ને સહકાર વિશેષ મળશે. આવું કરવા માટે બે ઉપાયો કરવા ઘટે. એક તો, નોકરશાહીને વ્યાજબી રક્ષણ આપ્યા પછી તેમનું ભાવનાપરિવર્તન કરાવવાનો. આખરે નોકરોનું ભાવિ પણ દેશના ભાવિ સાથે સંકળાયેલું છે. બધા એક જ વહાણમાં બેઠા છીએ. લોકોથી તેઓ અલગ નથી. તેમની શોભા જ લોકોની પ્રીતિ ને લોકોનાં સન્માનમાં છે તેવો ખ્યાલ દૃઢ કરવો જરૂરી છે.

બીજી બાજુથી જુદા જુદા સ્તર પર લોકોનો ને તંત્રનો સંબંધ જળવાઇ રહે તેવી રચના થવી જોઇએ. કયાંક સલાહકાર મંડળો રચીને, કયાંક વૈધાનિક મંડળો રચીને, તો કયાંક વિચારવિનિમય મંડળો રચીને પણ તંત્ર અને લોકો એક જ મહાન સાહસના જોડિયા ભાગીદારો છે તેમ સમજી સ્વીકારીને આયોજન થવું જોઇએ.

જનતામાં સ્ફુર્તિ કેમ આવે?

નવા વિચારો કે યોજના આપવાની શક્તિ નોકરિયાત વર્ગમાં જ છે તેવું અંગ્રેજોના સમયથી મનાતું આવ્યું છે. આ ગ્રંથિમાંથી સિવાય કશું નથી. નોકરિયાતોનાં જગત સિવાય દેશમાં બીજે દેશના પ્રશ્ન વિશે કહેવા સાંભળવા જેવું કશું ડહાપણ નથી એમ માનવું તે દેશમાં ભારે અશ્રદ્ધા ધરાવવા જેવું છે. ખરેખર તો સમાજ પોતાનો વ્યવહાર આપ મેળે જમાનાઓથી ચલાવતો આવ્યો છે. તેની પાસે પણ ડહાપણનો કાંઇક સંગ્રહ થયેલો છે. ખાસ કરીને આવાં ડહાપણનું મૂળ તેમનો અનુભવ હોય છે.

રચના કાંઇક એવી થવી જોઇએ કે જુદે જુદે સ્તરે જેને જે પ્રશ્ન લાગતોવળગતો હોય તેનો અનુભવ લેવાનું તંત્રને આવશ્યક થઇ જ પડે. આમ થાય તો લોકોમાં નવી સ્ફૂર્તિ આવે ને તેમને

પોતીકાપણું લાગે.

ને આખરે તો સ્વરાજનો મર્મ સહુને પોતાના અનુભવના પ્રદેશમાં વિચારવિનિમય કર્યા પછી નિર્ણયો થશે તેવી ખાત્રીમાં છે.

વસંતઋતુ આવતાં જેમ આખા ઝાડમાં નવો રસ ઊભરાય છે, બધી દિશામાં પાંદડાં ફૂટે છે ને પાંદડે પાંદડે ફૂલ ખીલે છે તેમ જ સ્વરાજનો અનુભવ સહુને પોતપોતાના સ્તરે થવો જોઇએ.

આનો અર્થ એવો હરગીજ નથી કે લોકો બધી બાબતમાં બધું જાણે છે. પણ લોકોમાં જુદા જુદા સ્તરે ઉપયોગી જ્ઞાન, અનુભવ ને સૂઝ છે. ને તે ધરાવનારા પૂરતી સંખ્યામાં માણસો છે. તેમને શોધી કાઢી તંત્રને સલાહ આપવા, મદદ આપવા, ટકોર કરતા... ધિકા... ાપવા જોઇએ. સ્વરાજને વ્યાપક કરવા માટે આ જ રાજમ... ામ થશે તો જ સ્ફૂર્તિનું મોજું ચાલશે ને સ્વરાજનો અનુભવ... શે.

વિરોધ પક્ષોને સાથે રાખીએ

નવા રાજ્યમાં એક બીજી પ્રણાલિકા પડી શકે તો પાડવા જેવું છે. લોકશાહીના માળખામાં તેની ભાવનાને સ્વીકારીને ચાલનારા વિરોધ પક્ષોને જ્યાં મતભેદ ન હોય ત્યાં જાહેરહિતમાં સાથે રાખવાનું ધોરણ પડવું જોઇએ. તંદુરસ્ત લોકશાહીમાં લઘુમતી અને બહુમતી એ હિંદુ સમાજની જડ ન્યાતો જેમ ન હોઇ શકે. ન્યાતો જડ છે માટે જ નુકસાનકારક છે. લઘુમતી બહુમતી જો ન્યાત બની ગઇ તો તેનાં પારાવાર નુકસાનો થશે. આવું થવાનાં ચિન્હો અહીંતહીં દેખાવા માંડ્યાં પણ છે. આમાં લઘુમતીનો દોષ નથી તેમ નથી. લઘુમતી પણ જાણે બહુમતીપક્ષ જે કાંઇ કરે તે ખોટું જ છે તેમ માનીને ઘણીવાર વર્તે છે. ને ક્વચિત્ બહુમતી પણ પોતાના બહુમતના જોર પર મુરતાક રહેવાનું પસંદ કરે છે. વસ્તુતઃ આ બન્ને પક્ષે મતભેદના ક્ષેત્ર કરતાં એકમતીનું ક્ષેત્ર વધારે હોય છે. આ એકમતીના ક્ષેત્રમાં પણ વિરોધનું માનસ દેશની એકતાને, સમાજની એકતાને હાની પહોંચાડી રહ્યું છે. શિક્ષણ, આરોગ્ય, ગ્રામવિકાસ, દારૂબંધી, ગુન્હાખોરી, સર્વધર્મ-સમભાવ, નાગરિકોના હક્કોનું રક્ષણ આ અને આવાં બીજાં ઘણાં ક્ષેત્રો છે કે જેમાં બધા રાજકીય પક્ષો પોતાનાં લેબલો ભૂલીને કામ કરી શકે. ને એમ કરે તો એકમતીનું જે વિશાળ ક્ષેત્ર પડ્યું છે તેનો અનુભવ થાય. આમ નથી થતું તેથી જે પક્ષીય મુદ્દો છે જ નહીં તેને પણ પક્ષીય બનાવવાનું વલણ વધતું જાય છે. તે પરિણામે સમાજને પણ પોતાની પ્રાથમિક ને આવશ્યક એકતાને ભૂલી વિવિધ છાવણીઓમાં વહેંચાવાનું જરૂરી બને છે.

સામાજિક સ્થિરતા માટે આ ભયજનક છે. આનો ઉપાય પક્ષો ન હોય તે નથી પણ પક્ષો પક્ષોને સ્થાને હોય એટલે મતભેદના મુદ્દા પૂરતું જ તેનું અસ્તિત્વ હોય, બાકીના મુદ્દા પૂરતા સૌ એક હોય. દેશ માથે આક્રમણ જેવી આફત આવે ત્યારે સૌ એક થાય છે. પણ એક થવા માટે કોઇ પણ સમાજ પર આફત હોવી જોઇએ તે સારી નિશાની નથી. સમાજની એકતાનું મૂળ સંમતિના ક્ષેત્રનો વિસ્તાર થતો જાય છે તે છે. પક્ષો પોતાની ટૂંકી દૃષ્ટિથી આ સંમતિના ક્ષેત્રને પણ ઘણીવાર અગડાનું ક્ષેત્ર બનાવે છે. ગુજરાતના રાજકીય પક્ષો નવા રાજ્યમાં કોઇકે એવું વલણ અપનાવે કે મતભેદ મતભેદના ક્ષેત્ર પૂરતો જ રહે. સંમત ક્ષેત્રમાં પક્ષીયતા ન રહે.

રચનાત્મક કાર્યકરોનો સહયોગ રાજ્ય મેળવે

ગુજરાતમાં એવી ત્રીજી પ્રણાલિકા પાડવા જેવું છે ને તે રચનાત્મક ક્ષેત્રમાં કામ કરનારા સેવકોના અનુભવનો વ્યાજબી ઉપયોગ. ગાંધીજીએ તો, રચનાત્મક કામની પરિપૂર્ણતા એ જ સ્વરાજ, એમ કહ્યું હતું. ને તેમની પ્રેરણાથી ઠેરઠેર એ કામમાં સેંકડો સ્ત્રીપુરૂષો ખૂંપી ગયાં. આજે પણ હિંદુસ્તાનમાં કોઇ પણ દળની પાસે ગામડાના લોકોમાં વધારેમાં વધારે સંખ્યામાં કામ કરનાર કાર્યકરો હોય તો આ રચનાત્મક કાર્યકરોના દળની પાસે છે. દેશની નવરચનાનું એક પણ ક્ષેત્ર એમના સ્પર્શવિહોણું નથી રહ્યું. મહારોગી સેવાથી માંડીને તે મજૂરમહાજન સુધીનાં કામો એ કરી રહ્યા છે. ને તે પણ રાજકીય વાદવિવાદના અખાડામાં ઉતર્યા સિવાય. તેમની પાસે રાજકીય વિચારો નથી તેમ નહિ પણ તેને તેઓએ ગૌણ ગણેલ છે. તેમણે માન્યું છે કે હરકોઇ સમાજમાં, ને લોકશાહી સમાજમાં તો વિશેષ કરીને અગત્યનું કામ કાયદાઓ ઘડવાનું, લશ્કર રાખવાનું, નાણાં ઉઘરાવવાનું નથી પણ નિર્વ્યાજ સેવા દ્વારા નાગરિકોનો ગુણવિકાસ કરવાનું છે. તેય આવા ઉપદેશો, પ્રચારવંટોળ દ્વારા નહિ પણ નિર્વ્યાજ સેવા દ્વારા. મા જે શસ્ત્રદ્વારા પોતાનાં સંતાનને ઘડે છે, સદ્‌ગુરૂ જે પદ્ધતિદ્વારા સત્‌શિષ્યને સર્જે છે, પયગંબર જે સ્વાર્પણ દ્વારા ધર્મસ્થાપન કરે છે તે જ નિઃસ્વાર્થ અને જાગ્રત સેવા આ રચનાકાર્યનું હથિયાર છે. તેમને વિશ્વાસ છે કે હાથીના પગલામાં જેમ બધાં પગલાં સમાઇ જાય છે તેમ જ આવી સેવામાં રાજકારણ, અર્થકારણ, શિક્ષણ બધું સમાઇ જાય છે. એમને એની સમજ નથી તેમ નહીં. પણ તેમને એવી પાકી સમજણ છે કે નાગરિકોના સદ્‌ગુણો તે જ લોકશાહીનું સફળ શસ્ત્રાગાર અને સબળ ધનાગાર છે. તે સદ્‌ગુણો પ્રજામાં જેટલું આવું રચનાકાર્ય વધારે થાય તેટલા જ પાંગરે છે. આગળ જઇને તેઓ તો એમ પણ કહેશે કે ભૂતકાળ કે વર્તમાનના કોઇ પણ સુખી સમાજનું મૂળ આ કે આને મળતી પ્રવૃત્તિ જ છે. પછી તેને મિશન કહેવાનું હોય કે નવશિક્ષણ કહેવાનું હોય–તેનો લઘુતમ સર્વસાધારણ અવયવ જાગ્રત, બુદ્ધિપૂર્વકની નિર્વ્યાજ સેવાનો જ નીકળશે.

અલબત્ત, રચનાત્મક કામો કરનારા બધા જ કાર્યકરો કે બધી જ સંસ્થાઓ આ આદર્શને પાર પાડે છે તેવું નથી. તેમાં પણ નકલી માલ હશે. પણ ગુજરાત પ્રમાણમાં વ્યાજબી રીતે ગૌરવ લઇ શકે તેવું અસલ કામ અહીં ઠેકઠેકાણે થઇ રહ્યું છે. પ્રાતઃસ્મરણીય હકકરબાપાએ સ્થાપેલ આદિવાસી સેવાશ્રમો, રાનીપરજ સભા, ગ્રામસેવા મંડળો, પ્રાયોગિક સંઘ, સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ ને બીજી ગૌરવ લઇ શકાય તેવી સંસ્થાઓ છે. પૂ. રવિશંકર મહારાજ, નાનાભાઇ, જુગતરામભાઇ, બબલભાઇ છે. તેમના પગલે ચાલનારી નવલભાઇ, નારાયણ દેસાઇ જેવી પેઢી પણ છે.

સ્વરાજ આવ્યા પછી જાણે રચનાત્મક કાર્યકરો રાજકારણમાં ન સમજે, સમાજ ઘણો આગળ વધી ગયો છે, તેઓ સેવકો ખરા, સ્વરાજ લાવવામાં તેમનો ઘણો ફાળો પણ હવે એ પુરાણા ગણાય તેવું ઘણીવાર મનાય છે. વ્યકિત પુરાણી થઇ જશે તે તો બધે જ બનતું હશે, પણ રચનાકાર્યનો વિચાર પુરાણો નથી થતો. તે તો તાજો જ છે. તે વિચારની મશાલ પકડી રાખનારા વધે, તેમના વિચારો ને અનુભવો તંત્રમાં આત્મસાત થાય તેવું કંઇક વિચારવું જોઇએ.

હિંદુસ્તાનમાં આ ગંભીરતાથી નથી વિચારાયું તેથી જ સ્વરાજનાં દશ વર્ષોમાં ઠીક ખોટ ગઇ છે. કિશોરલાલભાઇની પ્રજ્ઞા ને તપોબળનું મૂલ્ય લશ્કરી એક ડેટેલિયન કરતાં ઓછું ન હતું. તેવું બીજાઓ વિશે પણ કહી શકાય. શું તેમનો લાભ બધેય કે મોટે ભાગે લેવાયો છે? ગુજરાતનું નવું રાજતંત્ર આનો પણ વિચાર કરે તો સ્થાતા રાજ્યને ભારે લાભ થશે.

મનુભાઇ પંચોળી

ગુજરાતનું નવું રાજ્ય અને ચોરા વિચારો

ઘનઘોર રાત પછી તેજસ્વી ઉષાનું આગમન સૌ કોઇને માટે પ્રોત્સાહિત નીવડે છે. છેલ્લા ચાર વર્ષોના રાજ્યપુનર્ઘટનાના પ્રયોગો દ્વારા આપણને અનેક પાઠ શીખવાનો મળ્યા. આજે તો દરેકની એક જ વાંછના છે કે–નવાં રાજ્યો જનતાના ઉત્કર્ષ માટે તનમન ધનથી સમર્પિત પરિશ્રમો આદરે.

દેશનો ઘડતરમાં મુંબઇ રાજ્યનો ફાળો વિશિષ્ટ છે. એ ફક્ત રાજકીય, આર્થિક કે સામાજિક વિકાસ પુરતો જ મર્યાદિત નથી રહ્યો પરંતુ આધ્યાત્મિક, નૈતિક અને સાંસ્કૃતિક ક્ષેત્રોમાં પણ પ્રસરેલ છે. અનેક મુશ્કેલીઓ હોવા છતાં યોજનાઓના લક્ષ્યાંકો સિદ્ધ કરી મુંબઇ રાજ્યે નોંધપાત્ર પ્રગતિ સાધી છે.

ભૂતકાલીન ઉજ્જવલ પ્રણાલિકાઓનું ભાતું લઇને આજે મહારાષ્ટ્ર અને ગુજરાતે પ્રગતિને પંથે નિશ્ચય, હિંમત, સ્વાર્પણ-ભાવના અને સર્વાંગી પુરૂષાર્થ સાથે પ્રયાણ કરવાનું છે. બંનેએ દેશના સીમાસ્થંભરૂપ રહેવા સતત પ્રયત્નશીલ રહેવું પડશે.

અલબત્ત બંનેમાંથી એકેયને આત્મસંતોષી બનવું પરવડે તેમ નથી. બંનેની સમક્ષ અવનવા મહત્વનાં કામો, અનેક વિટંબણા-ભર્યા પ્રશ્નો અને ખાસ કોયડાઓ ઉભા છે.

આર્થિક ખોધવાળા ગુજરાત રાજ્યે વહેલા પગભર થવા માટે અનેક ભગીરથ પરિશ્રમો કરવાના રહેશે. ગુજરાતની પ્રજા એક પુરુષરૂપ બની આ કસોટીમાંથી વહેલી તકે પાર નીકળે એવી આશા રાખીએ.

ગુજરાતને ઔદ્યોગિક મેવા તો વરેલી છે જ. કાર્યક્ષમતા, કરકસર અને આવડત એ અમદાવાદના વાણિજ્યનો અણમોલ વારસો છે. અમદાવાદના ઉદ્યોગપતિઓ મહેનત કરવામાં પણ એક્કા છે.

ગુજરાતના અનન્ય મજૂર–માલિક સંબંધો એ તેના ઉદ્યોગ વિકાસને વેગ આપનાર બીજું લક્ષણ છે. ગાંધીજી જેવાને હાથે ઘડાયેલ "મજૂર મહાજન" એક આદર્શ અને રચનાત્મક પ્રવૃત્તિ પરની સંસ્થા છે. નોંધપાત્ર ઔદ્યોગિક અશાંતિ અમદાવાદે ભાગ્યે જ અનુભવી છે. ગુજરાતે ઓછામાં ઓછા ઔદ્યોગિક હડતાળો જોયેલ હશે. આમ હોવા છતાં અહીંની મજૂર આલમ માટે જે ઉચ્ચતર વેતન, સારું જીવનધોરણ અને સામાજિક ઉન્નતિ સિદ્ધ કરવામાં આવેલ છે તેવું બીજે કયાંય જોવા નથી. ગુજરાતના ઉદ્યોગપતિઓ અને મજુર મહાજનના આગેવાનો કુટુંબ ભાવનાથી સાથે બેસી અનેક ઔદ્યોગિક પ્રશ્નોનો સમયસર નીકાલ લાવી સમસ્ત દેશને માટે ઉદાહરણરૂપ નીવડેલ છે. પરંતુ "મજૂર મહાજન" ની બીજી સિદ્ધિ તો એ છે કે તેની આશરાએ કામદારોએ અહીં સામ્યવાદીઓને ડેરા નાંખવા દીધા નથી. ૧૯૫૮ પછી મહારાષ્ટ્રને સામ્યવાદી ભયસ્થાનો મુંઝવણરૂપ બનેલા છે, ત્યારે ગુજરાતમાં લાલ વાવટા અંગે જરા પણ ચિંતા કરવાનું કારણ નથી.

ગુજરાતના ઔદ્યોગિક ભાવિમાં લુણેજ અને કંડલાનું મહત્વ ઘણું રહેશે. તેલના વિશાળ દરિયા પરના ધીકતા બંદરસમું લુણેજ નૌકાદળની આબાદી વિસ્તારશે, એટલું જ નહિ પરંતુ, ગુજરાતમાં અનેક નાના મોટા ઉદ્યોગોને વેગ આપશે.

ગુજરાતની સાઠ્ઠ ટકા જેટલી સમૃદ્ધ સાગરપટ્ટીમાં ૬૦ નાના મોટા બંદરો છે. મુકુટમણિસમા કંડલાની તાજેતરમાં મુકત બંદર તરીકેની થયેલ જાહેરાતથી, અનેક ઉત્પાદક એકમોની રચનાને ભારે જબ્બી વેગ મળશે. કંડલો ભારતના આયાત–નિકાસનો ભારિ વિકાસનું એક ભવ્ય સ્મારક, ચિત્ર આપણી સમક્ષ ખડું કરે છે. ગુજરાતના અન્ય બંદરો કે જેનો ભૂતકાળનો ઇતિહાસ જવલંત છે, તેની ખુલવણીનું કામ વહેલી તકે હાથ પર લેવું જરૂરી છે. આમ થતાં સાગરખેડુ સાહસી પ્રજા દેશની સમૃદ્ધિ વિકસાવવામાં અનેરો રંગ જમાવશે એ નિશ્ચિત છે.

જો કે એક બાજુ ગુજરાતના ઔદ્યોગિક વિકાસના અનેક મનોરથો સેવાય છે ત્યારે બીજી બાજુ ગુજરાતની અત્યારની વિજળીક શકિતની તીવ્ર અછતનો ખ્યાલ સૌને મુંઝવણમાં નાખે છે. આ ઉણપને પહોંચી વળવા જો તાત્કાલિક પગલાં લેવામાં નહિ આવે તો ઔદ્યોગિક વિકાસ સામે અનેક નડતરો ઉભા થશે. નવા અને ઉકૃષ્ટની હાઇડ્રો–વિજળી યોજનાઓના પરિણામો આવતા વર્ષો લાગશે. એટમીક સ્ટેશન પણ તાત્કાલિક કામ નહિ આપે. આવા સંજોગોમાં વધારાના થર્મલ પાવર સ્ટેશનથી કેટલું પહોંચી વળાશે એ જોવાનું છે.

દેશના એક સમર્થ ઔદ્યોગિક રાજ્ય તરીકેનું ઘરેડ પ્રાપ્ત કરવાની સ્થિતિ પ્રાપ્ત કરવા માટે ગુજરાત માટે અનેક શકયતાઓ છે. આપણે આશા રાખીએ કે ગુજરાત ભારે પુરૂષાર્થ બેઠી આ સ્થાન જેમ બને તેમ વહેલું પ્રાપ્ત કરે. જો કે આપણે એ ભૂલવું ન જોઇએ કે આર્થિક વિકાસ એ ઉત્તરોત્તર અને શ્રમસાધ્ય સુધારણાની એક પ્રક્રિયા છે. એ કંઇ દુકડી મુદતનું કાર્ય નથી. સારામાં સારી અનુકૂળતાઓ ધરાવતા દેશોને પણ પોતાની વિકાસ સાધના માટે લાંબો ગાળો જોઇએ છે.

વર્તમાન ગુજરાત અનાજ ઉત્પાદનની બાજુમાં જરા શિથિલ છે. પરંતુ જળસિંચાઇ, ખેતી સુધારણા અને થોડી વધુ સજાગતાથી સ્વાવલંબીપણું પ્રાપ્ત કરવામાં તેને બહુ મુશ્કેલી નહિ પડે. નર્મદા યોજનાની જળસિંચાઇની સરહદો ઠેઠ કંડલા સુધી વિસ્તરશે. મહી, કાકરાપાર, શેત્રુંજી, હાથમતી, બનાસ અને બીજી કેટલીક નદીઓ માંથી પ્રગટતી જળસિંચનની હારમાળાઓ ગુર્જરભૂમિને ટૂંક સમયમાં હરિયાળો બાગ બનાવશે. આ બધી યોજનાઓ માટે ગુજરાતને આર્થિક વિટંબણાઓ મુંઝવશે. પરંતુ આ મહાન કાર્યને માટે કેન્દ્રીય સરકાર તેનું પોતાનું જ કામ ગણી યોગ્ય હુંફ આપશે એમ આશા રાખીએ તો અજુગતું નહિ ગણાય.

નવા રાજ્યને જે બીજી મુશીબતોનો સામનો કરવાનો છે તેમાં પુરતા વાહન વ્યવહારના માર્ગોનો અભાવ એ પણ એક મોટી મુશ્કેલી છે. મુંબઇ અમદાવાદને જોડતો માર્ગ વર્ષોથી પૂરો થતો જ નથી. દિલ્હીના માર્ગમાં હજી અનેક અવરોધો છે. અમદાવાદથી રાજકોટ–ભાવનગર જવાના રસ્તાઓ પણ સાવ સરળ નથી. વળી આ ચોમાસામાં ઘણા ભાગોનો આંતરવાહન વ્યવહાર ખોરવાઇ જવા સંભવ છે.

સમૃદ્ધિની ઝડપી કૂચ માટે જીવનના દરેક ક્ષેત્રમાં ગૃહ વ્યવહાર અને પ્રમાણિકતાના વધુ ઉચ્ચતર ધોરણો સ્થાપવાની સતત કાળજી આજે અતિ આવશ્યક છે. બાપુ અને સરદારની કર્મભૂમિએ આ દિશામાં વધુ સક્રિય બની અન્યને દાખલારૂપ બનવાની જરૂર છે. ગુજરાતમાં આ કાર્ય માટે અનુકૂળ વાતાવરણ છે. નાના વિસ્તારમાં પ્રજા અને રાજકર્તાઓ તથા જાહેર કાર્યકર્તાઓ વચ્ચેના સુલભ અને ગાઢ સંપર્કથી સામાન્ય માનવીના અનેક દુઃખદર્દો તાત્કાલિક મીટાવી શકાશે. તુમારશાહીને અંકુશમાં લઇ કામનો સત્વર નિકાલ થવાથી લાંચરૂશ્વતની બદી પણ આપમેળે ઓસરી જશે.

છેલ્લાં ચાર વરસના પાઠો આત્મનિરીક્ષણ માંગે છે. દ્વિભાષી રાજ્યના ઓચીંતા નિર્ણયના કારણે પ્રજાનો અમુક ભાગમાં ઉશ્કેરાટ ફેલાયો, જુવાનોને ગેરશિસ્તનો જબ્બર વાયરો ઘેરી વળ્યો. અમાન્ય ન જોવાતી વસ્તુઓ જોઇ. જો કે આજે ઉભરો શમી ગયો છે.

એમ દેખાય છે, પરંતુ ખરી રીતે આ મહામારી શાણુદ થઇ નથી. તે ગમે તે વખતે જોર પકડે તેમ છે. આવા કટોકટીભર્યા સમયમાં સૃષ્ટીય ચારિત્ર્યના ઘડતર માટે અને પ્રજાજીવનનો વહેણોને ઉચ્ચતર કક્ષા તરફ વાળવા માટે દરેક જવાબદાર નાગરિક પોતાનું બધું કરી છુટવા કટિબદ્ધ થવું પડશે. સંસ્કારી જીવનને શરમાવે એવી ઉચ્છૃંખલ વર્તણુંક, હિંસા અને ધાકધમકીનું વાતાવરણ અને ઉશ્કેરાટભર્યો પ્રચાર સરવાળે તો સમાજને અને વ્યક્તિને ઘાતક જ નીવડે છે એ આપણે ભૂલવું ન જોઇએ.

આપણી બીજી જરૂરિયાત છે બંને રાજ્યોના પ્રજાજનોમાં ભ્રાતૃભાવને વધુ બળવત્તર બનાવવાની. આજે અનેક બીનજવાબદાર ગપગોળાઓ દ્વારા પ્રજાના કાનમાં પ્રાંતવાદનું ઝેર રેડવામાં આવે છે. એ કેમ ભૂલાય કે આપણે સૌ એક કુટુંબના ભાંડુ છીએ. ફક્ત નજીકના પડોશી જ નહિ પરંતુ નજીકના સહોદર છીએ. બંને રાજ્યોમાં ખુણેખાંચરે ગુજરાતી અને મરાઠી ભાષા બોલનારાઓ સારી પેઠે પથરાએલા છે. પરસ્પરની શંકાઓ અને અશ્રદ્ધાઓ દૂર કરવાના અનેક પ્રયત્નો જારી રાખવા જરૂરી છે. બંને રાજ્યોના વિકાસકાર્યની સમિતિઓની વારંવાર સમૂહ બેઠકો કરી પરસ્પરના અનુભવો અને વિચારોની આપ લે કરવાથી પણ ઘણી ગેરસમજુતી દૂર થશે. આ દિશામાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસનું રાષ્ટ્રલક્ષી આંદોલન નોંધપાત્ર છે. ગુજરાતની સઘળી પ્રવૃત્તિઓની ભૂમિકા "દેશ પહેલો અને પછી ગુજરાત" પર અવલંબિત હોવી જોઇએ, એ વસ્તુ પર ખાસ ભાર મુકવામાં આવે છે. પ્રાંતવાદનું વિઘાતક અનિષ્ટ બંને રાજ્યોની પ્રજાને આહ્વાહન આપતું ઉભું છે. તેનો ડહાપણ અને અટલ નિશ્ચયથી સામનો કરવાનું સામર્થ્ય સૌને સાંપડે એમ ઇચ્છીએ. ઇશ્વરને પ્રાર્થના કરીએ કે મહારાષ્ટ્ર અને ગુજરાતની પ્રજા દેશના ભાંડુઓની ગરીબી અને દુઃખ ટાળવાના ભગીરથ કાર્યમાં પોતાની અનેક શક્તિઓ સમર્પે. આપણે સતત યાદ રાખીએ કે સમસ્ત દેશના સુખસમૃદ્ધિ અને પ્રગતિમાં જ આપણાં સુખ, સમૃદ્ધિ અને પ્રગતિ આધારિત છે.

પ્રભુદાસ બાલુભાઇ પટવારી

પ્રકીર્ણ નોંધ

મહારાષ્ટ્રનું અલગ રાજ્ય અને મુંબઇમાં વસતા ગુજરાતીઓ

આજે જ્યારે મુંબઇ પ્રદેશનું વિભાજન થઇ રહ્યું છે અને મહારાષ્ટ્ર અને ગુજરાતનાં અલગ એકમો ઉભાં થઇ રહ્યાં છે ત્યારે પ્રાદેશિક ભાવી વિષે અનેક સમસ્યાઓ ચિત્તને આવરી રહી છે. આમાંની એક સમસ્યા મુંબઇમાં વસતા ગુજરાતીઓ અંગે છે. નવી રચનામાં તેમનું ભાવી શું ? ભારતના રાજ્યબંધારણની વ્યવસ્થા જોતાં, અનેક કેન્દ્રસ્થ સરકારના હાથમાં વર્ગીય હિતોની સુરક્ષા અંગે વિપુલ સત્તાઓ રહેલી છે તે ધ્યાનમાં લેતાં તેમ જ મુંબઇમાં ગુજરાતીઓ અને મહારાષ્ટ્રીઓનો વર્ષો જુનો સંબંધ અને સહવાસ વિચારતાં આવો પ્રશ્ન સાધારણ રીતે ઉભો થવો ન જ જોઇએ. પણ ભાષાકીય ધોરણે ભારતનું વિભાજન કરવાનો પ્રશ્ન ઉભો થયા બાદ મુંબઇના પ્રશ્ન અંગે જે અનિષ્ટ ઘટનાઓ બની ગઇ છે અને તે કારણે બન્ને પ્રજાસમુદાયમાં જે અવિશ્વાસ અને વૈમનસ્ય પેદા થયેલ છે તેના સંદર્ભમાં વિચારતાં ઉપરનો પ્રશ્ન કેવળ અપ્રસ્તુત કે અપ્રાસંગિક નથી. બન્ને પક્ષે અમુક પૂર્વગ્રહોની જડ બેઠેલી છે. આ વાસ્તવિકતાની કોઇથી ના કહી શકાય તેમ નથી. આવી પરિસ્થિતિમાં બન્ને બાજુએ પૂરી સાવધાની અને સમજદારી દાખવવામાં ન આવે તો પરસ્પરના સંબંધોમાં ઝેરીલાં સંઘર્ષો ઉભા થવાનું જોખમ રહેલું છે અને તેનું આડકતરું પરિણામ મુંબઇની જાહોજલાલીને ધક્કો લાગવામાં અને આખરે મહારાષ્ટ્રના સમગ્ર હિતને નુકસાન પહોંચવામાં આવવા સંભવ છે.

મુંબઇમાં વસતા ગુજરાતીઓએ આટલી હકીકત વાસ્તવિકતા તરીકે સ્વીકાર્યે જ છૂટકો છે કે ભાષાકીય ધોરણોમાંથી ઉભા થતા મહારાષ્ટ્રના રાજ્યશાસનમાં મહારાષ્ટ્રીઓનું પ્રભુત્વ હોવાનું જ અને તેનું પરિણામ અમુક અંશે મહારાષ્ટ્રીઓના સીધા કે આડકતરા સવિશેષ લાભમાં અને ગુજરાતીઓ તેમ જ અન્ય વર્ગોના અમુક અંશે થોડા ગેરલાભમાં આવવાનું જ. બીજું જો ગુજરાતમાં ગુજરાતી ભાષાને વહીવટી અને શૈક્ષણિક માધ્યમ બનાવવાનો આગ્રહ સેવવામાં આવે છે તો મહારાષ્ટ્રમાં પણ મરાઠી ભાષાનું પ્રભુત્વ આજે છે તેથી જરૂર વધે એ એટલું જ સ્વાભાવિક છે. આવી બાબતમાં ગુજરાતીઓએ આળા બન્યું નહિ ચાલે. બીજી બાજુએ નવા મહારાષ્ટ્રના શાસકોને રાજ્યવહીવટ કરતાં જો મુંબઇની રોણક અને જાહોજલાલી જાળવવી હશે—અને એમાં કોઇ શક નથી કે મુંબઇના ઉત્કર્ષ સાથે જ મહારાષ્ટ્રનો ઉત્કર્ષ અનિવાર્યપણે સંકળાયેલો છે—તો મુંબઇમાં વસતા બૃહત વર્ગોના અને ખાસ કરીને ગુજરાતીઓનાં આળા દિલને આઘાત પહોંચાડે અને વિમુખ બનાવે એવું કાંઇ ન બને એ બાબતની તેમણે પૂરી સંભાળ રાખવી જોઇશે. રાજકીય ક્ષેત્રે જ્યારે પણ મહુ મોટા પ્રજાસમુદાયને સ્પર્શતી કોઇ નવી ઘટના નિર્માણ થાય છે ત્યારે તેનું પરિણામ કોઇ સમુદાયને વધારે લાભદાયી બનવામાં અને અન્ય કોઇ સમુદાયના હિતને અમુક અંશે હાનિકર્તા નીવડવામાં આવે જ છે. આવી પરિસ્થિતિમાં અલ્પ મહત્વની બાબતોને વધારે પડતું મહત્વ નહિ આપવા—ગુજરાતીઓ સંભાળ રાખે આને પોતાના શાસન દ્વારા પ્રાન્તીય ભાવનાના અન્યપ્રાન્તીય લેખાતા વર્ગોને અન્યાય ન થાય એ બાબતની મહારાષ્ટ્રના શાસકો પૂરી સાવધાની રાખે તો બન્ને વચ્ચે મીઠા સંબંધો જરૂર જળવાઇ રહેવાના અને અન્યોન્યના ઉત્કર્ષના સાધક—પૂરક બનવાના. સાથે સાથે આજના નવા સંયોગોમાં એ અત્યન્ત જરૂરી છે કે મુંબઇ તેમ જ મહારાષ્ટ્રમાં વસતા ગુજરાતીઓ નવા મહારાષ્ટ્ર વિષે આત્મીયતા કેળવતા રહે અને તેના ઉત્કર્ષ—અપકર્ષ સાથે પોતાનો ઉત્કર્ષ—અપકર્ષ ગાઢપણે જોડાયેલો છે એ રીતે નવા મહારાષ્ટ્ર વિષે જોતાં વિચારતાં શિખે. સાથે સાથે એ પણ એટલું જ અપેક્ષિત છે કે નવ મહારાષ્ટ્રના શાસકો દૂરદેશીભરી રાજ્યનીતિ ધારણ કરે અને કોઇના દિલમાં કચવાટ પેદા ન થાય એ રીતે રાજ્યનાં સૂત્રોનું સંચાલન કરે, આ રીતે બન્ને વચ્ચેનો વ્યવહાર ઘડાતો રહે અને આ પ્રકારે આ નવ નિર્મિત મહારાષ્ટ્રનો સતત ઉત્કર્ષ થતો રહે અને તે દ્વારા ભારતની આબાદીમાં વૃદ્ધિ થતી રહે—એવી આપણ સર્વની ઊંડા દિલની પ્રાર્થના હો !

શિવાજી મહારાજ શા માટે? લોકમાન્ય તિલક કેમ નહિ?

આજે મહારાષ્ટ્રના અલગ બનતા ઘટકનિર્માણ પ્રસંગે છત્રપતિ શિવાજી મહારાજની ચોતરફ આટલી બધી પ્રજા પ્રતિષ્ઠા થતી જોઇને ચિત્ત જરા આશ્ચર્ય અનુભવે છે, અને તે એટલા માટે નહિ કે શિવાજી મહારાજ માટે દિલમાં કોઇ અનાદર છે પણ એટલા માટે કે શિવાજી મહારાજની કારકીર્દિની જે વિશેષતાઓ છે તેની આજના રાજ્યનિર્માણ સાથે કોઇ પ્રસ્તુતતા દેખાતી નથી. શિવાજી મહારાજ એ કાળમાં થયા કે જ્યારે મોગલ શહેનશાહ ઔરંગઝેબની કટ્ટર હિન્દુવિરોધી રાજ્યનીતિ હિન્દુ સમાજ તથા હિન્દુ ધર્મને પડકારી રહી હતી, અને શિવાજી મહારાજે એ પડકારને ઝીલીને સાર્વભૌમ એવી મોગલ સત્તાને પરાસ્ત કરી હતી અને દક્ષિણમાં સ્વતંત્ર હિન્દુ રાજ્યની સ્થાપના કરી હતી. આ તેમના પક્ષે અતિ મહાન કાર્ય હતું અને તત્કાલીન અતિહાસિક સંદર્ભ અત્યન્ત જરૂરી અને હિતકારક પણ હતું. પણ આજના

સ્થિતિ-સંયોગ તદ્દન ભિન્ન પ્રકારના છે. આજે કોઈ સાર્વભૌમ સત્તાને નામુદ કરવાનો પ્રશ્ન નથી. આજે મુસલમાન સત્તા સામે હિન્દુઓને રક્ષણ આપવાનો કોઈ સવાલ નથી. વળી આજે મૃતપ્રાય બનેલી રાજશાહીને પુનઃ ઉભી કરવાનો પણ કોઈ અવસર નથી. આજનો પ્રસંગ માત્ર વર્ષો સુધી ચાલતા આવતા મુંબઈ રાજ્યને બે સ્વતંત્ર ઘટકમાં વિભાજિત કરવાને લગતો છે. બે ભાષાઓ બોલતા રહી ન શકે અને સમજણપૂર્વક જુદા થાય એવી આ એક કૌટુંબિક ઘટના છે. અલબત્ત આ અવસર અમુક રીતે મહત્ત્વપૂર્ણ છે, એમ છતાં શિવાજી મહારાજના સ્મરણ સાથે આપણા દિલમાં જે ઐતિહાસિક ખ્યાલો સંકળાયેલા છે તેને આજની પરિસ્થિતિ કે આજે બની રહેલી પ્રસ્તુત ઘટના સાથે કોઈ ખાસ સંબંધ દેખાતો નથી. આમ છતાં આ ઘટનાને શિવાજી મહારાજના ઉત્કટ સ્મરણ સાથે શા માટે જોડવામાં આવેલ છે તે સમજાતું નથી.

કોઈ એમ જવાબ આપે કે મહારાષ્ટ્ર માટે આ એક ભારે મહત્ત્વનો જે મેળવવા મહારાષ્ટ્ર ઠીક ઠીક સમયથી મથી રહ્યું હતું તે મેળવ્યાના આનંદનો-પ્રસંગ છે. આવા પ્રસંગે મહારાષ્ટ્રના દિલમાં જેની પ્રતિમા વર્ષોથી જડાયેલી છે તેવા પોતાના એક વીરપુરુષને યાદ કરે, અને તેને ભાવભરી અંજલિઓ આપવા પ્રેરાય તે તદ્દન સ્વાભાવિક છે. આ જવાબ એક રીતે ઠીક છે પણ જો મહારાષ્ટ્રને આ પ્રસંગ ઉપર પોતાના કોઈ એક મહાપુરુષનું ગૌરવ કરવું હતું તો આજના ઐતિહાસિક સંદર્ભમાં તે માટે સૌથી યોગ્ય પુરુષ લોકમાન્ય તિલક હતા. આઝાદીના આંદોલનના તેઓ આદ્ય ઝંડાધારી હતા. તેમની કારકીર્દી સાથે હિન્દુ મુસલમાનના ભેદભાવનો સંઘર્ષનો કોઈ પ્રશ્ન કે પ્રસંગ જોડાયલો નહોતો. રાજશાહી સાથે પણ તેમને કોઈ સંબંધ નહોતો. તેઓ મહારાષ્ટ્રના તો ખરા જ પણ અખિલ ભારતના પ્રેરણામૂર્તિ હતા. તો આજના પ્રસંગને ગૌરવાન્વિત બનાવવા માટે છત્રપતિ શિવાજી મહારાજને બદલે લોકમાન્ય તિલકની પસંદગી કરવામાં આવી હોત તો તે વધારે સમયોચિત, સુરુચિસંગત અને લિવેજપૂર્ણ લેખાત.

નૂતન રાજ્યસ્થાપના પ્રસંગે મહારાષ્ટ્રસરકારે બહાર પાડેલા ચંદ્રકનો મુદ્રાલેખ

છત્રપતિ શિવાજી મહારાજનો જ્યારે રાજ્યાભિષેક થયો ત્યારે એ ભવ્ય પ્રસંગની યાદગીરીમાં નવી સોનામહોરો કાઢવામાં આવી હતી અને ઉપર નીચે મુજબનો શ્લોક આલેખવામાં આવ્યો હતો:

प्रतिपच्चन्द्रलेखेव, वर्धिष्णुर्विश्ववन्दिता ।
शाहसूनोः शिवस्यैषा, मुद्रा भद्राय राजते ॥

અર્થાત્ : 'બીજની ચન્દ્રલેખા માફક વૃદ્ધિ પામતી અને વિશ્વવંદિત બનેલી શાહુ છત્રપતિના પુત્ર શિવાજીની આ મુદ્રા લોકના કલ્યાણ માટે શોભી રહી છે.'

ભારત ઉપર સાર્વભૌમ સત્તા ધરાવતી મોગલ શહેનશાહતને પરાસ્ત કરનાર અને દક્ષિણ પ્રદેશમાં સ્વતંત્ર હિન્દુ રાજ્યની સ્થાપના કરનાર છત્રપતિ શિવાજી મહારાજના પુરુષાર્થની આ યશોગાથા છે. મહારાષ્ટ્રના અલગ પ્રદેશનિર્માણ પ્રસંગે મહારાષ્ટ્રની નવી પ્રાદેશિક સરકારે આમજનતામાં વહેંચવા અને વેચવા માટે પ્રતીક સૂચક ચંદ્રકો તૈયાર કરાવ્યા છે અને તેમાં ઉપરનો શ્લોક જરા ફેરફાર સાથે નવા રાજ્યના મુદ્રાલેખ તરીકે આલેખવામાં આવ્યો છે. આ ચંદ્રકો ઉપરનો શ્લોક નીચે મુજબ છે :

प्रतिपच्चन्द्रलेखेव, वर्धिष्णुर्विश्ववन्दिता ।
महाराष्ट्रस्य राज्यस्य, मुद्रा भद्राय राजते ॥

અર્થાત્ : 'બીજની ચન્દ્રલેખા માફક સતત વૃદ્ધિ પામતી અને વિશ્વવંદિત બનેલી મહારાષ્ટ્રના રાજ્યની મુદ્રા લોકના કલ્યાણ માટે શોભી રહી છે.'

ભારતની રાજ્યમુદ્રા નિશ્ચિત થયેલી છે અને **सत्यमेव जयते** એ ભારતનો મુદ્રાલેખ છે. આને બાજુએ રાખીને મહારાષ્ટ્રનું સ્વતંત્ર ગૌરવ કરતો આવો મુદ્રાલેખ સ્વીકારવામાં અને આમજનતા સમક્ષ રજુ કરવામાં મહારાષ્ટ્ર-સરકાર પક્ષે ઔચિત્યભંગ-પ્રમાણભંગ થઈ રહેલ હોય એમ લાગે છે. આવી કોઈ રાજકીય ઘટનાને કેમ ઉજવવી એ એ ઘટના સાથે સંબંધ ધરાવતા શાસકો અને પ્રજાજનોની સુનસદીનો સવાલ છે. એમ છતાં પણ આવા કોઈ ઉદ્યાપનમાં અતિરેક થતો જોવામાં આવે ત્યારે તટસ્થ રીતે જોનારને તે ખુંચ્યા વિના રહેતો નથી. પ્રસ્તુત પ્રસંગ માત્ર એક દ્વિભાષી ઘટકમાંથી બે એકભાષી ઘટકો ઉભા કરવાને લગતો છે. આમ છતાં પણ જાણે કે સાર્વભૌમત્વ સિદ્ધ થયું ન હોય, જાણે કે લાંબા કાળની ગુલામીમાંથી મુક્તિ મળી ન હોય, જાણે કે કોઈ અસાધારણ દિગ્વિજય પ્રાપ્ત થયો ન હોય એવી રીતે મહારાષ્ટ્ર પોતાના અલગ રાજ્ય ઘટકના ઉગમને ઉજવી રહ્યું છે. ઉપરની રાજ્યમુદ્રાને જ્યારે વિશ્વવન્દિતા તરીકે વર્ણવવામાં આવે છે, શિવાજી મહારાજને જ્યારે પ્રસ્તુત નવનિર્માણના પ્રતીક તરીકે આગળ ધરવામાં આવે છે ત્યારે તેમાં એક વિજેતાના ભાવનું સૂચન થાય છે, અને આ રીતે ઉજવાતા મહોત્સવમાં એક પ્રકારના આનન્દ ઉન્માદનું દર્શન થાય છે, પ્રસંગોચિત ગાંભીર્ય અને ગૌરવને બદલે કોઈક ઉન્મત્તતા-પ્રમત્તતા જેવું નજરે પડે છે. અખિલ ભારત માટે તેમજ ખુદ મહારાષ્ટ્રના માટે આ ચિહ્ન સારું નથી. આવો અતિરેક કરવાથી પ્રજામાનસ અસમતોલ બને છે, અખિલ ભારતીય દૃષ્ટિ ગૌણ બની જાય છે, અને તેની વફાદારીને બાધક બનતો અને કોઈ રાજકારણી કટોકટીના વખતે ભયસ્થાનરૂપ બની જતો પ્રાદેશિક ઓક મળે છે.

નવગુજરાતના નિર્માતાઓ આટલું જરૂર ધ્યાનમાં રાખે.

ગુજરાતના નવનિર્માણ અંગે આ અંકમાં બે લેખો અન્યત્ર પ્રગટ કરવામાં આવ્યા છે. તેમાં એગત્યના સૂચનો, શુભ આકાંક્ષાઓ અને ચેતવણીઓ રજુ કરવામાં આવેલ છે. જે રાજ્યના નવનિર્માણનો પાયો સન્તપુરુષ રવિશંકર મહારાજના પવિત્ર હસ્તે નખાઈ રહ્યો છે તે રાજ્યના સૂત્રધારો પાસેથી આપણે એટલી આશા જરૂર રાખીએ કે તે ચાલુ ચીલે ચાલવાની વૃત્તિ છોડીને જેમાં નીતાન્ત પ્રજાકલ્યાણ અને સામુદાયિક ઉત્કર્ષની શક્યતા હોય, એવા નવા ચીલાઓ શોધવાની અને તે ઉપર દૃઢતાપૂર્વક ચાલવાની વૃત્તિ દાખવશે, અને આજે ભુલાતી જતી ગાંધીવિચારસરણીને જીવતી કરશે, વધારે ને વધારે અમલી બનાવશે. રાજ્યનો સમગ્ર વહીવટ અને પ્રજાનું સમગ્ર શિક્ષણ ગુજરાતી ભાષાના માધ્યમ મારફત ચાલવાનો લગભગ સર્વસ્વીકૃત નિર્ણય આ આશાનું સમર્થન કરે છે.

નવું ગુજરાત એટલે પેહેલાંનું જુનું ગુજરાત નહિ પણ કચ્છ, સૌરાષ્ટ્ર અને પેહેલાંનું જુનું ગુજરાત એમ ત્રણ અલગ બનાતા પ્રદેશનું જૂથ. આ ભૂમિકા ઉપર ગુજરાતના નવનિર્માણનો આપણે વિચાર કરવાનો રહે છે. સદ્ભાગ્યે આ આપણું ગુજરાત જાતજાતના તીવ્ર ભેદભાવ કે રાજકીય પક્ષોની તીવ્ર હરીફાઈથી મુક્ત છે અને ત્રણે વિભાગમાં કોંગ્રેસનું બીનહરીફ વર્ચસ્વ પ્રવર્તે છે. વળી કોંગ્રેસની અંદર પણ કોઈ પક્ષાપક્ષી કે પરસ્પર અથડાતા જૂથોનું અસ્તિત્વ નથી. આમ હોવાથી નવા શાસકોનું કામ અન્ય પ્રદેશો કરતાં પ્રમાણમાં વધારે સરળ છે. પ્રજાજનોમાં પણ શાણપણ અને વ્યવહારદક્ષતા છે. એટલે રાજા-પ્રજાને પરસ્પર કામ લેવા દેવામાં પણ ચોટલી જ સરળતા છે.

આમ છતાં પણ આજના વાતાવરણમાં એક યા બીજા કારણે અંદર અંદર બેચેની ઉભી કરે તેવાં તત્વો ભરેલાં છે. આ તત્વોથી ગુજરાતને બચવું હોય અને પરસ્પરના સંગઠન અને સહકારદ્વારા ગુજરાતને આગળ લઈ જવું હોય તો ગુજરાતમાં અન્તર્ગત એવા સમગ્ર પ્રજાસમુદાયે તેમ જ શાસકોએ નીચેના મુદ્દાઓ ધ્યાનમાં રાખવાના રહેશે :

(૧) પેટા પ્રાન્તવાદ એ આપણી એક મોટી બાસિયત છે. જેમકે મુંબઇ પ્રદેશ અસ્તિત્વમાં હતું ત્યા સુધી ગુજરાતીઓ માત્ર ગુજરાતી તરીકે અને મહારાષ્ટ્રીઓ માત્ર મહારાષ્ટ્રી તરીકે જ મોટા ભાગે વિચાર કરતા હતા. હવે જ્યારે ગુજરાતના ઘટકને અલગ અસ્તિત્વ મળે છે ત્યારે કચ્છને આપણે બાજુએ રાખીએ તો પણ સૌરાષ્ટ્રના લોકો સૌરાષ્ટ્રવાસીઓ તરીકે અને જુના ગુજરાતના લોકો ગુજરાતીઓ તરીકે વિચારતા થવાનું અને 'આ તેના માટે કર્યું અને અમારા માટે ન કર્યું', "આ તેને મળ્યું અને અમને ન મળ્યું"—આવા ભેદભાવથી એકમેકને જોતા વિચારતા થવાનું નવું જોખમ ઉભુ થાય છે. આ રીતે જોવા વિચારવાની વૃત્તિને છોડીને કેવળ સર્વસામાન્ય ગુજરાતી તરીકે સમગ્ર ગુજરાતનો વિચાર કરતા આપણે થઇશું અને 'મારે ત્યાં આ થયું અને આ ન થયું" —આવી અધીરાઇથી મુકત બનીશું તો જ આપણે સર્વતોમુખી ઉત્કર્ષ સાધી શકીશું.

(૨) આજે પ્રજાના કોઇ પણ વિભાગને ન ગમતું કાંઇક થયું તો તે દૂર કરવા માટે બંધારણીય માર્ગોનું અવલંબન લેવાને બદલે સત્યાગ્રહના નામે અરાજકતા તરફ ઢળી પડવાનું વલણ ભારત ભરમાં સ્થળે સ્થળે જોવા મળે છે અને વેચાણવેરા સામેની ચળવળ દરમિયાન કે મહાગુજરાતના આન્દોલન દરમિયાન આવા જ વલણનાં સૌરાષ્ટ્ર—ગુજરાતમાં પણ આપણને સારા પ્રમાણમાં દર્શન થયાં છે. આવા અરાજકતાના માર્ગે જવાથી શાસનતંત્રને પાયામાંથી આંચકા લાગે છે. અન્તિમ ઉપાય તરીકે આવા માર્ગનું અવલંબન ચિન્તવી શકાય છે, પણ અપવાદનો માર્ગ જે તે બાબતમાં જાણે કે નિયમનું રૂપ ધારણ કરતો જતો હોય, આવી મનોદશા આજે ઠેર ઠેર જોવામાં આવે છે. આ બાબતમાં શાસક તેમ જ શાસિત બન્નેએ પુરી સંભાળ અને સાવધાની રાખવાની જરૂર છે. લોકમાનસનો ખ્યાલ રાખીને શાસકોએ વહીવટ કરવો જોઇએ અને પ્રજાજનોએ જે તે બાબતમાં રાજસત્તાને પડકારવાની વૃત્તિથી દૂર રહેવું જોઇએ. કોઇ પણ સંયોગમાં ભાંગફોડના માર્ગે તો જવાય જ નહિ—આવી પ્રતિજ્ઞા પ્રજામાનસમાં દૃઢમૂલ થવી જોઇએ.

(૩) કચ્છ, સૌરાષ્ટ્ર તથા ગુજરાત કેટલાક સમયથી મુંબઇ પ્રદેશમાં અન્તર્ગત હોઇને વહીવટી તેમ જ શૈક્ષણિક ક્ષેત્રમાં ત્રણે પ્રદેશ પૂરતી ઘણી સમાનતા પેદા થઇ છે. આમ છતાં પણ ઘણી બાબતમાં હજુ સમાનતાનું ધોરણ પેદા કરવાનું બાકી છે. આવું ધોરણ દાખલ કરવા જતાં કોઇક ઠેકાણે હળવું ધોરણ હોય તેને ઉંચે લાવવું પડે અને કોઇ ઠેકાણે ઉંચું ધોરણ હોય તેને સ્વાભાવિક રીતે હળવું કરવું પડે એ સંભવિત છે. આવા ફેરફારો થાય ત્યારે જે વર્ગ ઉપર ભાર વધે તે અકળાઇ જાય અને વિરોધી આંદોલન ઉભું કરે તે બરોબર નથી. આવા જ્યારે ફેરફારો કરવામાં આવે ત્યારે તે તે ફેરફારની શું ભૂમિકા છે એ બરોબર સમજવા પ્રજાજનોએ પ્રયત્ન કરવો જોઇએ અને પ્રસ્તુત ફેરફાર સમગ્ર ગુજરાતના લાભમાં છે એમ જો લાગે તો તેવો ફેરફાર પ્રજાજનોએ સમભાવથી સ્વીકારી લેવો જોઇએ.

(૪) આઝાદી આવ્યા પહેલાં સૌરાષ્ટ્રમાં રાજાશાહી હતી એટલે કે જેને Personal Rule કહે છે—વ્યકિતગત રાજ્ય કહે છે—તે પ્રકારની રાજ્યવ્યવસ્થા હતી. ગુજરાતમાં આવેલું જુનું વડોદરા રાજ્ય પણ આ પ્રકારનું હતું. આવી વ્યવસ્થામાં જ્યારે જેને કોઇ મોટી અગવડ પડે ત્યારે, જો તેના માટે શકય હોય તો, તે રાજા પાસે અથવા તો દીવાન પાસે દોડી જતો અને રાજા કે દીવાન તેને મનસ્વીપણે રાહત આપી શકતા. મનસ્વીપણે એટલે કે પ્રસ્તુત વ્યકિતને તેની ચોક્કસ અગવડ અંગે તેની અંગત લાગવગના કારણે જે રાહત મળતી તેવી રાહત અન્ય વ્યકિતને લાગવગના અભાવે મળી શકતી નહોતી. આવી રાહત જો એકને આપી તો તેવી અગવડ ભોગવતા દરેક પ્રજાજનને આપવી જોઇએ, આવા કોઇ ધર્મ વિષે રાજા કે દીવાન પૂરા સભાન નહોતા. લોકશાહીમાં આવું ચાલી ન જ શકે એ પ્રજાજનોએ તેમ શાસનનાસૂત્રધારોએ—બન્નેએ બરોબર સમજી લેવું જોઇએ. રાજાશાહી જેવી રાજ્યવ્યવસ્થાના લાભ તરીકે કદાચ એમ કહી શકાય કે મુખ્ય માણસને તરત મળી શકાતું અને તેના મનમાં વસ્યું તો તે તરત રાહત આપી શકતો. પણ એવી રાહતને સર્વવ્યાપી બનાવવાનો ભાગ્યે જ વિચાર કરવામાં આવતો. પરિણામે રાજાશાહીમાં આવું અંગત તત્વ હંમેશા આગળ પડતું રહેતું. લોકશાહીને વરેલા તંત્રવાહકે કોઇ પણ રાહત આપતાં તેવી રાહત એવી અગવડ ધરાવતા સૌ કોઇને પહોંચાડી શકાય તેમ છે કે નહિ એ જોવાનું રહ્યું અને એ શકય ન હોય તો અમુક એક વ્યકિતને તેવી રાહત આપી શકાય નહિ. પરિણામે લોકશાહીમાં કોઇ પણ રાહત મળે છે તો એકને નહિ પણ તેની જેવી બધી વ્યકિતઓને મળે છે. અને આ બધું જોતાં, વિચારતાં, નિર્ણય કરતાં સમય લાગે છે. લોકશાહી એટલે Impersonal Rule—જ્યાં એક વ્યકિતને વ્યકિત તરીકે કોઇ મહત્વ નથી એવું રાજ્ય. લોકશાહીનું આ સ્વરૂપ—આજે જ્યારે રાજાશાહી આપણે ત્યાંથી સદાને માટે વિદાય થઇ છે અને લોકશાહી તેના નબળા—સબળા અંશો સાથે આપણને વરેલી છે ત્યારે—આપણે બરોબર સમજી લેવું જોઇએ. અને તેથી હાલતાં ચાલતાં નાની મોટી બાબતો માટે પ્રધાનો પાસે દોડી જવું, અથવા તો આપણી નાની મોટી આફત અંગે તે આપણી પાસે દોડી આવે એવી આશા રાખવી અને તરત ને તરત તે કાંઇક કરી ન આપે તો લોકશાહી ઉપર અને સરકારી તંત્ર ઉપર શ્રાપ વરસાવવો—આ બધી પ્રક્રિયાઓ લોકશાહીના ઢાંચા સાથે સંગત નથી. આનો અર્થ કોઇ એવો ન કરે કે આજના તંત્રમાં જે શિથિલતા, દીર્ઘસૂત્રિતા—Red-tapeism—વ્યાપક બનેલી છે તે આપણે ચલાવી લેવી જોઇએ. હરગીજ નહિ. આનો અર્થ એટલો જ છે કે લોકશાહીમાં જે કાંઇ થાય છે તે વ્યકિતને અનુલક્ષીને નહિ પણ તેણે રજુ કરેલા પ્રશ્નના ગુણદોષને અનુલક્ષીને બંધારણપૂર્વક અને નિયત ધોરણને અનુસરીને થાય છે. અને તે અંગે લેવાતા નિર્ણયનો લાભ અમુક એક વ્યકિતને નહિ પણ સૌ કોઇને એક સરખો મળે છે અને તત્કાળ રાહત આપવાની જોગવાઇ તંત્રવાહકો માટે પ્રમાણમાં બહુ અલ્પ હોય છે. આમ પહેલાના Personal rule—વ્યકિતગત શાસન અને આજના impersonal rule—જેમા કોઇ એક વ્યકિત સર્વસત્તાધીશ નથી એવું શાસન—એ બે વચ્ચેનો તફાવત જો પ્રજાજનો બરોબર સમજશે તો શાસકો અને તંત્રવાહકો વિષેના અસંતોષની માત્રામાં ઘણો ઘટાડો થશે, એટલું જ નહિ, પણ પરસ્પર સમજણ અને સહકારની શકયતા ઘણી વધશે, જેનું પરિણામ રાજ્યને મજબુત બનાવવામાં આવશે.

ગુજરાતના નવા રાજ્યને સુગ્રથિત, સુદૃઢ અને પૂરેપૂરું કાર્યક્ષમ બનાવવું હોય તો આટલી બાબતો રાજા અને પ્રજા—બન્ને પક્ષ—ના આગેવાનોએ ધ્યાનમાં રાખવાની અને તદનુસાર પરસ્પર વ્યવહાર કેળવવાની જરૂર રહેશે. આજે નવનિર્માણ પામતું ગુજરાતનું રાજ્ય તેની સામે રહેલી અનેક મુશ્કેલીઓને પાર કરીને તથા બાધની બાઇ ઓળંગવા ને આબાદીનું સર્વોચ્ચ શિખર

સિદ્ધ કરે અને ભારતનું બળવાન સમૃદ્ધપ્રાણવાન અવયવ બની રહે એવી આપણુ સર્વના અન્તરની પ્રાર્થના હો !

નિષ્ફળ નીવડેલું નહેરૂ-ચાઉ મિલન

રાજકારણમાં ગાંધીનીતિને વરેલા ભારતના મહાઅમાત્ય નહેરૂએ, ભારત ચીનના વર્તમાન સંઘર્ષને સમજુતી અને વાટાઘાટની એક પણ તક જતી ન કરવી એ હેતુથી, ક્ષિતિજ ઉપર સમાધાનની કોઇ ભૂમિકા દૃષ્ટિગોચર ન થવા છતાં, ચીનના વડા પ્રધાન ચાઉ-એન-લાઇને દિલ્હી બોલાવ્યા, તેની સાથે કલાકોના કલાકો સુધી વાટાઘાટ ચર્ચા કરી, પણ સામા પક્ષના અણનમ વલણના કારણે કશું પણ સમાધાન અસ્તિત્વમાં આવી ન શકયું અને બન્ને વડા પ્રધાનો મળ્યા એવા છુટા પડયા અને બન્ને દેશ વચ્ચે ઉભી થયેલી તંગદિલી કાયમ રહી, પરસ્પર મીલન નિષ્ફળ નીવડવાને લીધે કદાચ વધારે તીવ્ર બની. 'તમે ચાઉ-એન-લાઇને સીધા કેમ મળતા નથી ?' એમ કોઇને હવે કહેવા કારણ ન રહ્યું.

ચાઉ-એન-લાઇની શેહમાં દબાઇને, અથવા તો કોઇ પણ રીતે પતાવટ કરવી છે એવી અધીરાઇમાં નહેરૂ ખૂબ નમતું જોખશે – એવી કેટલાક રાજકારણી આગેવાનો ભીતિ ધરાવતા હતા એ ખોટી પડી. ચાઉ-એન-લાઇએ દિલ્હીમાં પગ મૂકયો ત્યારથી નહેરૂ જોરશોરથી કહેતા રહ્યા કે "જો ચીનને સમાધાન કરવું હશે તો 'something done shall have to be undone'-'કાંઇક કરેલું ન કર્યા બરોબર કરવું પડશે.' ચાઉ-એન-લાઇનું કહેવું હતું કે "આજની જે actualities-વાસ્તવિકતાઓ-છે એટલે કે આજે ભારતીય પ્રદેશના સેંકડો ચોરસ માઇલ આક્રાન્ત કરીને ચીન જ્યાં ઉભું છે તેને ચીની પ્રદેશ તરીકે સ્વીકારી લ્યો પછી આપણે આગળ વધીએ." આવી પરિસ્થિતિમાં બન્ને વચ્ચે કશું સમાધાન ન થાય એ તદ્દન સ્વાભાવિક છે.

ચાઉ-એન-લાઇ આવ્યા અને ગયા એ પાંચ દિવસો દરમિયાન સ્વાગતનાં-આવકારનાં-શુભેચ્છાનાં જે પ્રવચનો થયાં એ બન્નેના વ્યક્તિત્વની જોખી જોખી ભાત જાણવાસમજવા અંગે ભારે સૂચક હતાં. નહેરૂના વાકયેવાકયમાં ભારત ચીન વચ્ચે ઉભા થયેલા સંઘર્ષ અંગે, બન્ને વચ્ચેની કાળજુની મૈત્રી ખતરામાં પડી છે તે અંગે ઉંડું દર્દ હતું અને જરૂરી સ્પષ્ટ વકતૃત્વ હતું. આ પ્રસંગનાં નહેરૂનાં પ્રવચનો એકદમ ટુંકા અને જરૂરથી એક પણ શબ્દ વધારે નહિ એવાં હતાં. બીજી બાજુએ ચાઉ-એન-લાઇનાં સુફીયાણી ભરેલાં વચનોમાં કેવળ આડંબર, પોલાણ અને દંભ હતા, ચીન-ભારતની મૈત્રીને બહલાવવાનો, જે પ્રસ્તુત પ્રશ્ન હતો તેને હળવો બનાવવાનો અને જે પ્રશ્નો તત્કાલીન સંદર્ભમાં ગૌણ હતા તેને વધારે આગળ લાવવાનો પ્રયત્ન હતો. તેના કહેવા પ્રમાણે ચીન-ભારતની સરહદનો પ્રશ્ન તો દશ આંગળીઓમાં એક ટચલી આંગળી જેટલો-પ્રમાણમાં અલ્પ મહત્વનો-અને આપણો આટલો બધો ગાઢ સંબંધ જોતાં અને સાથે મળીને આન્તરરાષ્ટ્રીય ક્ષેત્રે સુલેહશાન્તિ સ્થાપવાના ધર્મકાર્ય આડે સરહદી પ્રશ્નની તડજોડ કરવી બેસતાં કોઇને થોડો પ્રદેશ આ બાજુએ મળી ગયો તો શું ?-કે કોઇને થોડો પ્રદેશ એ બાજુએ આપી દીધો તો શું ?-બીજી મહત્વની અનેક બાબતો આડે એની તે શું વીસાત છે ?-એવો ભાવ તેમના ઉદ્‌ગારોમાંથી ઉદ્‌ભવતો હતો. અને એમ છતાં પશ્ચિમ બાજુએ લદ્દાકમાં જે વિશાળ પ્રદેશને ચીન પચાવીને પડયું છે તે તો તેનું પરાપૂર્વથી હતું અને તેમાં તેણે કશું છોડવાપણું છે જ નહિ અને આપણે પૂર્વ બાજુએ મેકમોહન લાઇનને આપણી સરહદ તરીકે જણાવીએ છીએ તેમાં આપણે ચીનની માલેકીનો કેટલોક પ્રદેશ આક્રમિત કરી બેઠા છીએ જે આપણે તેમને સોંપી દેવો જોઇએ-આમ ચોર કોટવાળને દંડે-એવો ચીનનો દાવો હતો.

આવી પરિસ્થિતિમાં ચાઉ-એન-લાઇ સાથે સમાધાન ન થઇ શકયું. એ બાબતનુ સામ્યવાદી પક્ષ સિવાય કોઇને દુઃખ નથી. પણ આના પરિણામે જે નક્કર વાસ્તવિકતા આપણી સામે ઉભી થાય છે તે ભારત માટે અથાક ચિન્તાનો વિષય બને છે. કારણ કે નિષ્ફળ વાટાઘાટના પરિણામે ભારતની ૨૫૦૦ માઇલની ઉત્તર સરહદ એક મોટા ભયસ્થાન સમી બની ગઇ છે. ચીન ગમે ત્યાં અને ગમે ત્યારે આપણી સરહદ ઉપર આક્રમણ કરી શકે છે, અને તે સામે પૂરતી સૈન્ય સામગ્રી વડે આપણે આપણો સતત બચાવ કરતા રહેવાનો છે, અને તે માટે લાખો રૂપિયાનું પાણી કરતા રહેવાનું છે-આવી એક વિકટ પરિસ્થિતિ આપણી સામે ઉભી થઇ છે. નહેરૂ કહી જ રહ્યા છે કે ઉત્તરની સરહદ પટ્ટી જીવતી થઇ છે તેનો અર્થ આ છે. ચીનની નીતિ અને વૃત્તિ શકય હોય ત્યાં પોતાની હકુમતનો પ્રદેશ વિસ્તારતા રહેવાની છે. દુનિયાના અભિપ્રાયની તેને કોઇ પરવા નથી. સુલેહ શાન્તિ અને સૌ કોઇ સાથે સમાધાની-એ સિવાય જેને સ્વપ્ને બીજો કોઇ વિચાર નથી તેવા ભારતના ભાગે પોતાના શાખપાડોશી અને શકિતસમૃદ્ધ ચીનની આક્રમક નીતિનો સામનો કરવો પડે તેવી સ્થિતિ ઉભી થઇ છે. વિધાતાની આ ક્રૂર અને કારમી ઘટના છે. જે દેશને પોતાની આઝાદી જાળવવી છે તેને તે માટે બદલાતા જતા સંયોગો અને પરિસ્થિતિ જે ભોગ માગે તે આપવો જ રહ્યો. સદ્‌ભાગ્યે ચીન સાથેના આપણા સંઘર્ષ અંગે દુનિયાના મુખ્ય મુખ્ય દેશોનું વલણ આપણી તરફેણમાં છે અને પોતાની આક્રમક નીતિને અંગે ચીન દુનિયાના દેશોથી અળગું અને એકલવાયું બનતું જાય છે. કોઇ પણ દેશ ગમે તેટલો માતબર હોય, વિસ્તીર્ણ હોય અને ગમે તેટલી વિપુલ વસ્તી ધરાવતો હોય, એમ છતાં પણ, દુનિયાથી અલગ પડીને આજના સમયમાં તે દેશે લાંબો વખત ટકી રહેવું એ શકય જ નથી. આપણે આશા રાખીએ કે ભારતની ગમે તેવા પ્રતિકુળ સંયોગોનો સામનો કરવાની તત્પરતા અને દુનિયાના પ્રતિકુળ અભિપ્રાયનું પ્રચંડ આન્દોલન ચીનની સાન ઠેકાણે લાવશે, રાવણ સરખા તેના અભિમાનને ગાળી નાખશે અને સરહદ ઉપર વાદળ-ઘેરૂં બનતું જતું આકાશ સમયાન્તરે સ્વચ્છ અને નિર્મળ બની જશે.

પરમાનન્દ

ગુજરાત મહારાષ્ટ્રના વિભાજન પ્રસંગે 'જનશકિત'ને મળેલો
શ્રી. મોરારજીભાઇનો સંદેશો

ભાઇશ્રી રવિશંકર,

તમારો તા. ૧૫ મીનો પત્ર મળ્યો. ગુજરાત – મહારાષ્ટ્રનાં અલગ રાજ્યો રચાય છે તે પ્રસંગે, તમે 'જનશકિત'નો ખાસ અંક પ્રગટ કરો છો તેને હું આવકારૂં છું. આપણે સૌ ભારતવાસીઓ છીએ એ મહત્વની વાત ખ્યાલમાં રાખી આપણે સૌએ દેશના હિતમાં કામ કરવાનું છે. આમ કરીશું તો આપણે પરસ્પરને મદદરૂપ બની આપણો વિકાસ સાધી શકીશું. ગુજરાતી તેમ જ મહારાષ્ટ્રી બંને દોષો પોતાના જુએ અને સામાના ગુણો જ જોવાનું રાખે તો તેમના જીવનમાં મીઠાશ આવશે. અને તેઓ પરસ્પરને સુખી બનાવી શકશે.

ખાનગી વાતોમાં પણ કોઇએ બીજાનું બુરૂં નહિ બોલવું જોઇએ. ખોટી શંકા કુશંકા નહિ કરવી જોઇએ આ સાદી વાત સૌ ધ્યાનમાં રાખશે એવી હું આશા રાખું છું. ઇશ્વર સૌને સદ્‌બુદ્ધિ આપો. જયહિન્દ.

લી.

મોરારજી દેસાઇનાં
વંદન.

('જનશકિત'માંથી
સાભાર ઉધ્ધૃત)

★ મુક્તિનાથ ★

તા. ૨૧-૩-૬૦ના રોજ સાંજના સમયે મુંબઇ જૈન યુવક સંઘ તરફથી 'મનોહર'માં પસંદ કરેલાં થોડાં ચિત્રપટો દેખાડવાનો એક પ્રબંધ યોજવામાં આવ્યો હતો. શરૂઆતમાં ભારત સરકારના ફીલ્મ્સ ડીવીઝન પાસેથી મેળવવામાં આવેલાં મદુરા, કોનારક અને ખજુરાહો એમ ત્રણ બોલતાં ચિત્રપટો દેખાડવામાં આવ્યાં હતાં. મદુરા દક્ષિણ હિન્દુસ્થાનમાં તામીલનાડમાં આવેલું છે અને તે ત્યાંના ભવ્ય અને વિશાળ મીનાક્ષીમંદિર અંગે સુપ્રસિદ્ધ છે. કોનારક ઓરિસ્સામાં જગન્નાથપુરી બાજુએ બંગાળાના ઉપસાગરના કિનારે આવેલું છે. તે ત્યાંના જુના પુરાણાં અને કાળજર્જરિત સૂર્યમંદિરને લીધે જાણીતું છે. ખજુરાહો મધ્યપ્રદેશમાં પન્નાની બાજુએ આવેલું છે. અહિં શિવ, શક્તિ અને વિષ્ણુનાં તેમ જ જૈન સંપ્રદાયનાં કેટલાંક મંદિરો છે. આ મંદિરોની અંદર તેમજ બહાર સુન્દર અને ભારે આકર્ષક કોતરકામ છે. આ ત્રણે સ્થળો તેના અદ્‌ભુત શિલ્પનિર્માણના કારણે દુનિયાભરના પ્રવાસીઓને ખૂબ આકર્ષી રહેલ છે. આ સ્થળોનો ઉપર જણાવેલ ચિત્રપટોનાં કુશળ નિર્માણ દ્વારા તેમ જ તેની સુન્દરતા અને ભવ્યતાનો સાક્ષાત્કાર કરાવતી કોમેન્ટરી – સંગીત મીશ્ર આલોચના દ્વારા– પ્રેક્ષકોને પરિચય કરાવવામાં આવ્યો હતો.

ત્યાર બાદ મુક્તિનાથના રંગીન ચિત્રપટદ્વારા માનવી નિર્માણમાંથી પ્રકૃતિના અદ્‌ભૂત અલૌકિક-નિર્માણનાં અમને દર્શન કરાવવામાં આવ્યાં હતાં. મુક્તિનાથ તીર્થ વિષે આપણામાંના ઘણા ખરા તદ્દન અજાણ હોઇને તેનો જરા વિગતથી ખ્યાલ આપવામાં આવે તો તે અસ્થાને નહિ લેખાય.

મુક્તિનાથનું સ્થળ નેપાલના ઉત્તર વિભાગમાં હિમશિખરોની મુખ્ય હરોળની પાછળના ભાગમાં આવેલું છે. આ સ્થળને નેપાળના તેમ જ ટિબેટના લોકો એક તીર્થસમાન ગણે છે. આ સ્થળની ભવ્યતાથી આકર્ષાઇને હિમાલયમાં જેમણે ખૂબ પરિભ્રમણ કર્યું છે એવા શ્રી. નવનીતભાઈ પરીખ એમની મંડળી સાથે ૧૯૫૫ના ઓકટોબર માસમાં એ તીર્થની યાત્રાએ ઉપડ્યા હતા. આ મંડળીમાં શ્રી. નવનીતભાઇ ઉપરાંત હતાં સૌ. માલતીબહેન ઝવેરી, નવનીતભાઇનો રસોઇઓ . ભાઇ પન્નાલાલ અને તેમના બે પર્વતારોહક યુરોપિયન મિત્રો. આ પાંચ જણની મંડળી દિલ્હી ખાતે એકઠી થઇ અને ત્યાંથી ઉત્તર પ્રદેશમાં આવેલ ગોરખપુર થઇને ભારતની નેપાલ સાથેની સરહદનું ગામ 'નવતનવા' છે ત્યાં રેલ્વે માર્ગે પહોંચી, ત્યાંથી મોટર રસ્તે નેપાલની દક્ષિણ સરહદ નજીકમાં આવેલ 'બુટવાલ' ગામે તેઓ પહોંચ્યા. અહિંથી તેમનો પગપાળા પ્રવાસ શરૂ થયો અને કૃષ્ણા-ગંડકી નદીના કિનારે કિનારે પર્વત માર્ગે ઉત્તર દિશાએ આગળ વધતાં તેઓ 'તુકુચા' ગામે પહોંચ્યાં. આ ભોટીઆ લોકોની વસ્તીનું ગામ છે અને ટિબેટ સાથેના વ્યાપારનું એક જાણીતું મથક છે. અહિં તેમને પ્રથમવાર ગગનચુંબી હિમપર્વતોની શિખરમાળાનાં દર્શન થયાં. સામે દેખાતા પહાડોમાં એક બાજુએ ધવલગિરિની પર્વતમાળ હતી, જેના ઉચ્ચતમ શિખરની ઊંચાઇ ૨૬૦૦૦ ફીટ છે અને તેની બાજુએ પૂર્વ તરફ નજરને ખેંચી જતી અન્નપૂર્ણાની પર્વતમાળ હતી, જેનાં ઉચ્ચતમ શિખરની ઊંચાઇ ૨૬૫૦૦ ફીટ છે. આજ સુધીમાં એવરેસ્ટ અને એથી ઓછી ઊંચાઇ ધરાવતાં કેટલાંક શિખરો પર્વતારોહકોએ પદાક્રાન્ત કર્યાં છે પણ ત્યાર પછીની ઊંચાઇવાળાં જે શિખરો હજુ સુધી પદાક્રાન્ત કરી શકાયાં નથી તેમાં આ ધવલગિરી સૌથી ઊંચું શિખર છે. ધવલગિરી અને અન્નપૂર્ણા– એ બે પર્વતમાળની વચ્ચે થઇને કૃષ્ણા ગંડકી નદી ઉત્તરથી દક્ષિણ તરફ વહી જાય છે. આ નદીપ્રદેશની ઊંચાઇ આશરે ૬૫૦૦ ફીટ છે. અને તેની બાજુએ જ ધવલગિરિનું ઉચ્ચતમ શિખર– ૨૬૮૦૦ ફીટ ઊંચાઇએ આવેલું છે. અને શિખર ઉપરથી ગંડકી નદી સુધીનો આશરે ૨૦૦૦૦ ફીટનો એટલે કે ચાર માઇલનો સીધો પ્રપાત અહિં જોવા મળે છે. આવો 'ભૈરવજપ' દુનિયામાં અજોડ છે.

ધવલગિરી અને અન્નપૂર્ણા–આ બે મહાગિરી વચ્ચેની વિશાળ ખીણમાં વહેતી ગંડકી નદીના કિનારે કિનારે ચાલતી આ મંડળી ગંડકીને ઓળંગીને પૂર્વ તરફ વળી અને બે દિવસમાં મુક્તિનાથ પહોંચી. બુટવાલથી અહિં સુધી પહોંચતાં આ પ્રવાસી મંડળીને બાર દિવસ લાગ્યા.

મુક્તિનાથની ઉત્તરે કૃષ્ણા, ગંડકીનુ ઉગમસ્થાન છે. આ સ્થળની ઊંચાઇ ૧૨૫૦૦ ફીટ છે. અહિં નેપાલી શિલ્પશૈલી ધરાવતું પેગોડા ઘાટનું મંદિર છે અને તેમાં મુક્તિનારાયણની ચતુર્ભુજ મૂર્તિ છે. ચોતરફ હિમપર્વતોની વચ્ચે નજીકમાં જ ઉગમ પામેલી ગંડકી નદીના કિનારે આવેલું આ મંદિર સ્વાભાવિક રીતે અપૂર્વ શાન્તિ અને કલ્પનાતીત નૈસર્ગિક સૌન્દર્યનો અનુભવ કરાવે છે. શરીર, મન આત્મા-વ્યકિતમાં રહેલું સર્વસ્વ ન વર્ણવી શકાય એવી સાતા અનુભવે છે.

મુક્તિનાથની બાજુએ એક બૌદ્ધ મંદિર છે. યાત્રાળુઓ બન્ને મંદિરમાં જાય છે અને એક જ પરમાત્માનાં ભિન્ન સ્વરૂપોનાં દર્શન કરે છે. બૌદ્ધ મંદિરની બાજુએ વહેતા જળપ્રવાહની નીચે ભૂતળમાંથી ગેસ – પ્રજ્વલિત બને તેવો વાયુ નીકળે છે અને તેથી આ જળપ્રવાહને દીવાસળી અડાડતાં અગ્નિશિખાઓ પ્રગટી ઉઠે છે. કુદરતની આ ગહન પ્રક્રિયાથી વિસ્મિત બનતા, યાત્રાળુઓ આ સ્થળને 'જળતા પાણી' તરીકે ઓળખે છે.



આ સ્થળની એક બીજી વિશેષતા છે. ઉપરથી સરી આવતી ગંડકી નદીનો પ્રવાહ મુક્તિનાથના મંદિર પાસે ગૌમુખ અથવા

મંજરમચ્છ ઘાટના નાળચાઓ દ્વારા ૧૬૮ ધારાઓ વહી ચાહને નીચે વહેતી હોય છે. આ ૧૬૮ ધારા નીચે ઠંડા સરોવરનું જે ભાવુકની દૃષ્ટિએ મહાપુણ્યનું કાર્ય ગણાય છે. આવા સ્નાનમાં એક અદ્ભુત રસનો રોમાંચ તો રહેલો જ છે. આ પ્રવાસી મંડળીમાંથી નવનીતભાઈ તથા પન્નાલાલે ૧૬૮ ધારાઓ વડે પરિપ્લાવિત થઈને કૃતકૃત્યતા અનુભવી.

મુક્તિનાથની બાજુએ દામોદર હિમાલ નામનો પહાડ છે. આ પર્વતમાં શાલિગ્રામો ઢગલાબંધ મળે છે. તે વર્ણમાં કાળા અને આકારમાં વાટીલા હોય છે અને દરેક ઉપર એક યા બીજા પ્રકારના ચાક્રાયુધિક ચિહ્નો હોય છે. ભાવુક વૈષ્ણવો આ શાલિગ્રામને વિષ્ણુના પ્રતીક રૂપે લેખે છે અને તેને પવિત્ર ગણતા હોઈને પોતાની સેવાપૂજામાં રાખે છે.

અહિં તેઓ બે દિવસ રોકાયા તે દરમિયાન તેમણે ધવલગિરિને સોનેરી રંગે રંગી દેતા ભારે અદ્ભુત કલ્પનાતીત સૂર્યોદય જોયો. જે જનારાને લાભ તેના ચિત્રપટ દ્વારા અમને પણ મળ્યો.

અહિંથી તેઓ જે રસ્તે આવ્યા તે રસ્તે પાછા ફરતા હતા ત્યારે ઠંડી ખાસ્સી સહીસલામતી હતી ત્યારે સમયનો અભાવ થઈ પડે તેમ હતું પણ સાહસ જીવનમાં જામતા ફિરમાં પડનારું હતું તેવી અ! મંડળી એમ નહિ કરતાં પૂર્વ દિશાએ આગળ વધી.

આ માર્ગ લગભગ હિમાચ્છાદિત હોઈને વજન ઉપાડવાને મજુરો માટે આગળ વધવાનું શક્ય જ નહોતું તેથી પ્રવાસી મંડળીએ મુક્તિનાથથી ભાર ઉપાડયો ત્યારે જરૂરી યાક (બહુ લીમડી ચમરી ગાય-બળદ) ભાડે કરતામાં આવ્યા અને તે ઉપર સામાન ચઢાવીને મજુરોને પણ ઉપાડવાના કામથી મુક્ત કરવામાં આવ્યા.

એક ઘોડો ભાડે મળ્યો તે પણ સાથે લઇ લીધો.

આ રીતે (પ્રવાસીઓ અને મજુરો) મુક્તિનાથથી સવારે ઉપડયા ત્યારથી જ આકાશ ધુમ્મસથી છવાયલું હતું અને હવા ઠંડી કાળી લાગતી હતી જેમ જેમ તેઓ આગળ ચાલતા ગયા તેમ ધુમ્મસ હવામાં બગડવા લાગ્યું. આકાશ ઘેરાઈ ગયું. બરફ પડવા લાગ્યો. ઠંડા પવનું વીંઝવા લાગ્યો અને એક પ્રકારના તોફાનમાં પ્રવાસીમંડળી સપડાઈ ગઈ. માર્ગ સતત ચઢાણનો હતો. તેમણે જે પહેલું ચઢાણ ચઢેલું તે ચોરાસ્સે પાસ ૧૨૫૦૦ ફીટની ઊંચાઈએ હતું. આજે પ્રવાસીઓને લાગ્યું આગે અને ૧૬૦૦૦ ફીટનું ચઢાણ ચઢવાનું હતું. આ નિર્જન પ્રદેશમાં ઉંચે આભ અને નીચે ધરતી સિવાય ચોતરફ ગણનાયુક્ત બરફ્યો—આ સિવાય બીજું કોઈ અવલંબન કે આશ્રયસ્થાન હતું નહિ. દરેક પોતાની જાતને સંભાળવી પડે એવી સ્થિતિ ઉભી થઈ. વર્ગોકરણ સાથે રહીને ચાલવાનું સૌ



મુક્તિનાથનું મંદિર

ભાને વધારેને વધારે મુશ્કેલ-જોખમ ભર્યું રસ્તામાં એક બરફના ગંજ પાસે ટેકરી ઊતરી જીવી નહિ શકવાના પરિણામો તોય જેવો થઈને પડ્યા: બે યુરોપિયન સાથીઓ તેની ઝાલ્યા રોકાયા. બાકીના આગળ ચાલ્યા. સાંજને વખતે ચઢતાં એક પેલાણ જેવા ભાગ પાસે પહોંચ્યા. હિમવર્ષા તો ચાલુ જ હતી અહિં તેમણે રાત્રી પસાર કરી. પાછળ રહેલ યુરોપિયન સાથીઓએ પ્રેલા મજુરને ઉઠાડી ઉપાડી યાક ઉપર બેસાડ્યો. પૂર્ણ બેહોશ આદમી યાક ઉપર કયાં સુધી ટકી શકે ? થોડે આગળ જતાં તે યાક ઉપરથી પડી ગયો અને તેના દેહમાંથી ચેતનાએ રૂહને માટે વિદાય લીધી. આમ પાછળ રહેવા યુરોપિયન સાથીઓ નવનીતભાઈની મંડળીને ત્રીજા દિવસે ભેટો થયો આ તો દ્વિવસ હિમવર્ષા તો ચાલુ જ હતી. સાથેના મજુરના દેહાન્તથી ચોક્કાઇ અત્યંત ખિન્ન થઈ ગયા. તેના શ્રેયની પ્રાર્થના કરીને આગળ ચાલી.

મુક્તિનાથથી પૂર્વ દિશાએ જ પહેલા તરફ આ મંડળી જઈ રહી હતી તે મનાંગભોટ છે અને તેનું મુખ્ય ગામ મનાંગ છે. આ બધો પ્રદેશ નેપાળની સરહદમાં છે પણ અહિં વસતા લોકો ઉપર તિબેટી સંસ્કૃતિનો વ્યાપક પ્રભાવ છે. મનાંગના લોકોની રહેણી, બૌદ્ધ મંદિરો, બધું આપણને તિબેટની જ લાગે છે. મનાંગ ભોટની બાજુએથી તેઓ પૂર્વ તરફ આગળ વધ્યા. તેઓ નદીના કિનારે હવે દક્ષિણ દિશા તરફ વળ્યા. આ પ્રદેશની ગ્રેનિક રમણીયતા પણ એટલી જ અવર્ણનીય હતી. અન્નપૂર્ણાની શિખર માળ હવે સામે તો બીજી બાજુએ દેખાતી હતી. મર્સ્યાન્દી નદીની બીજી બાજુએ રમણી બાજુએ પૂર્વ તરફ માનસરલ પર્વત હિમાલ ચુલીના હિમ પર્વતો નજરે પડતાં હતાં. આમ દક્ષિણમાં થોડું અંતર કાપીને તેઓ પશ્ચિમ તરફ વળ્યા અને 'પોખરા' ગામે પહોંચ્યા. અહિં હવાઈ વિમાનોનું મથક છે. અહિંથી આ પાંચ જણની પ્રવાસી મંડળી વિખરાણી. મોક્તિકેદ્ર એરો પ્લેઇનમાં કાઠમન્ડુ તરફ ગયા; બે યુરોપિયનો તો તેમના 'વીસા'ની મુદત પુરી થતી હોવાથી મનાંગભોટથી જ સીધા ગોરખપુર ગયા હતા. નવનીતભાઈ અને એમનો રસોઇઓ પન્નાલાલ એરોપ્લેનમાં ઉડતા ઉડતા અને ઉત્તરમાં અન્નપૂર્ણા અને ધવલગિરિની રિમ્મર માળ નિહાળતાં નિહાળતાં ભેરવા ગામે પહોંચ્યા અને ત્યાંથી તરત આવેલ લુંબિની ગામે આવ્યા. લુંબિની ભગવાન બુદ્ધનું જન્મસ્થાન હોઈને આજે આન્તરરાષ્ટ્રીય મહત્વ ધરાવે છે. બૌદ્ધધર્મિઓનું તે એક અતિ મહત્વનું તીર્થ છે. અનેક બૌદ્ધિકો લુંબિની આવીને જીવનની ધન્યતા અનુભવે છે. પ્રસ્તુત ચિત્રપટ દ્વારા બૌદ્ધ સ્તૂપ તેમ જ તેમાંના મુખ્ય મંદિરમાં રહેલી ભગવાન બુદ્ધની ભવ્યદેવમૂર્તિ આ-

અમે દર્શન કર્યાં. આ મૂર્તિ બર્મી ઘાટની હતી.

અહિંથી તેઓ મોટરમાં બેસીને ભૈરવા પાછા આવ્યા, નેપાલની સરહદ વટાવી, અને નવતનવા (ભારતની સરહદ અંદરનું પહેલું ગામ) થઇને ગોરખપુર આવ્યા અને ત્યાંથી મોટરના રસ્તે ૪૬ માઇલ દૂર આવેલા કુશીનારા ગામે આવ્યા. લુંબીનીનું મહત્વ ભગવાન બુદ્ધના જન્મસ્થાન અંગે છે તો કુશીનારા એ સ્થળ છે કે જ્યાં ભગવાન બુદ્ધનું નિર્માણ થયું હતું. અહિં પણ બૌદ્ધ યાત્રિકોનો પ્રવાહ ચાલુ વહેતો જ હોય છે. અહિંના બૌદ્ધ મંદિરમાં ભગવાન બુદ્ધની ભવ્ય મૂર્તિ છે જેનો ઘાટ ભારતની અન્ય બૌદ્ધ મૂર્તિને ખાસ જ મળતો છે અને તેની મુખમુદ્રા અને બેઠક ભારે ભાવવાહી છે. આ મૂર્તિનાં પણ દર્શન કરવાનું સદ્‌ભાગ્ય અમને પ્રસ્તુત ચિત્રપટના કારણે સાંપડ્યું.

આ બધી વિગતો જેમણે આ પ્રવાસ સાહસ ખેડ્યું હતું અને જેમણે આ ચિત્રપટ ઉતાર્યું હતું તે શ્રી નવનીતભાઇ પાસેથી મેળવવામાં આવી છે. તેમણે કૈલાસ, ગંગોત્રી, બદ્રીનાથ–કેદારનાથ, સીકીમ, એવરેસ્ટ બાજુએ આવેલો ચ્યુમોરી પર્વત એમ હિમાલયનાં અનેક સ્થળો અને પ્રદેશોનાં ચિત્રપટો ઉતાર્યાં છે! આમાં ફોટોગ્રાફીની કુશળતા અને દૃષ્યોની ભવ્યતાની દૃષ્ટિએ આ ચિત્રપટ કદાચ સૌથી વધારે ચડિયાતું છે. આ ચિત્રપટમાં હિમાલયનાં ગગનચુંબી શિખરો, ધોધવેગે વહેતા જળપ્રવાહો, કલ્પનાતીત ભવ્યતા દાખવતા સૂર્યોદયો અને સૂર્યાસ્તો, ગીચ જંગલો અને રંગબેરંગી પુષ્પો, ગગન ગજવતા જળપ્રપાતો અને નિર્મળ જળવાહિની સુભગ સરિતાઓ; ગરીબ છતાં નમણાં એવાં પહાડી સ્ત્રી-પુરુષો અને બાળકો, મઠો અને મંદિરો–આમ હિમાલયની અનેક વિશેષતાઓ એક સાથે સમિલીત બનેલી જોવા મળે છે, અને કદિ ન ભુલાય એવી રંગલીલા આંખોને તેમજ મનને ભરી દે છે અને જાણે કે ફરી ફરીને આ ચિત્રપટ જોયા કરીએ અને આ રીતે હિમાલયની પુણ્યભૂમિમાં વિચર્યા કરીએ એવી ઝંખના ચિત્તમાં ચળવળ્યા કરે છે!

મુક્તિનાથ જવાના નિમિત્તે જે પરિભ્રમણનો આનંદ નવનીતભાઇએ જાત અનુભવ્યો, અને એ જ આનંદ તેને લગતું ચિત્રપટ નિહાળીને અમો પ્રેક્ષકોએ અનુભવ્યો અને એ જ આનંદના કારણ અંશે પ્રબુદ્ધ જીવનના વાચકોને ભાગીદાર બનાવવાના હેતુથી, જોયેલા અને માનભર માણેલા ચિત્રપટનું વર્ણન લખવા હું પ્રેરાયો. આ વર્ણન લખવા પાછળ આપણા લોકો વધારે ને વધારે હિમાલય–અભિમુખ બને એવી એક કામના મનમાં રહેલી જ છે.

પરમાનંદ

પ્રબુદ્ધ જીવનનો ૨૨મા વર્ષમાં પ્રવેશ

આ અંકના પ્રકાશન સાથે પ્રબુદ્ધ જીવન ૨૧ વર્ષ પૂરાં કરીને ૨૨મા વર્ષમાં પ્રવેશ કરે છે. ગત વર્ષ દરમિયાન તેણે ૨૫૦ પાનાની લેખસામગ્રી પૂરી પાડી છે. આવા સામયિકને આજની ઝડપથી બદલાતી આર્થિક વિષમતા–મોંઘવારી–ના કાળમાં ટકી રહેવું મુશ્કેલ બનતું જાય છે. જાતીય વિકૃતિને તેમ જ માનસિક સંકીર્ણતાને પોષતા સામયિકો આજે ખૂબ ફાલી ફુલી રહ્યાં છે. જે પત્રો અમુક સંપ્રદાય કે વિચારપક્ષના પ્રચારક હોય તેમનો ફેલાવો પણ બહુ સરળતાથી થઇ શકે છે, કારણ કે એવાં પત્રોનો ફેલાવો કરવામાં તે તે સંપ્રદાય કે વિચારપક્ષના અનુયાયીઓ સ્વધર્મની પરિપૂર્તિ કર્યાનો સંતોષ તથા કૃતકૃત્યતા અનુભવતા હોય છે. પણ જે પત્ર તટસ્થતાની નીતિ ઉપર આધારિત હોય, અને જ્યારે પણ જે કોઇ મહત્વની ઘટના બને ત્યારે તે ઘટના અંગે કોને કેમ લાગશે તેની જરા પણ પરવા કર્યા સિવાય સમુચિત માર્ગદર્શન કરાવવાની નીતિને નીરપવાદ વળગી રહેવાનો જે પત્ર આગ્રહ સેવતું હોય, અને લોકલાગણીઓને ઉશ્કેરવાને બદલે અને લોકમાનસમાં ઘર કરી રહેલા પૂર્વ અભિનિવેશોને પોષવાને બદલે સમધારણ પૂર્વકની અને સર્વશ્રેયને પોષતી વિચારણા રજુ કરવાની નીતિ જે પત્રને સદા પ્રેરિત અને સંચાલિત કરી રહી હોય તેવા વિચારગંભીર અને અમુક સિદ્ધાન્તોને વરેલા પત્રને ટકી રહેવું કેટલું મુશ્કેલ છે તે–આજે જ્યારે હરિજનપત્રો જેવા સહજ લેખાતા પત્રો પણ સમાન્તરે બંધ થયા છે ત્યારે–કોઇને પણ સહજ સમજાય તેવું છે. આમ છતાં એક પ્રકારના મિશનની દૃષ્ટિ આ પ્રવૃત્તિને જીવતી રાખી શકી છે. દર વર્ષે સંઘ દ્વારા યોજાતી પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન સંઘના સાથીઓ, મિત્રો અને પ્રશંસકો તરફથી થતું રહેતું આર્થિક સીંચન આ પ્રવૃત્તિને બળવાન ટેકારૂપ બન્યું છે.

પ્રબુદ્ધ જીવન કેટલાક ચિન્તકો, લેખકો તથા સમાજસેવકોને વિના મૂલ્ય મોકલવામાં આવે છે તેની પાછળ બે અપેક્ષાઓ રહેલી છે. એક તો પ્રબુદ્ધ જીવનની પ્રવૃત્તિથી તથા તેમાં પ્રગટ કરવામાં આવતા વિચારોથી તેઓ સુપરિચિત રહે. બીજી અપેક્ષા એ છે કે વિવિધ લેખકોના સહકારનો અભાવ અને એ કારણે વિચાર–વૈવિધ્યની ઉણપ જે પ્રબુદ્ધ જીવનની એક મોટી ખામી છે એ ખામી દૂર કરવામાં તેઓ મદદરૂપ થાય. પ્રસ્તુત સહકારના અભાવે અનિચ્છાએ પણ પ્રબુદ્ધ જીવન એક જ વ્યકિતના મનન–ચિન્તનનું પ્રદર્શન-One man's show–જેવું બની ગયું છે. આ સ્થિતિ પ્રબુદ્ધ જીવન માટે ઇચ્છવા યોગ્ય નથી. પ્રબુદ્ધ જીવનની આ ત્રુટિ દૂર કરવામાં ઉપર જણાવેલ ચિન્તકો, લેખકો, સમાજસેવકો, બને તેટલો સાથ અને સહકાર આપે એવી તેમને પ્રાર્થના છે.

પ્રબુદ્ધ જીવનના આજે અનેક પ્રશંસકો છે. જેઓ પ્રબુદ્ધ જીવનની નીતિ અને સંપાદનપદ્ધતિના ચાહક હોય અને તે દ્વારા પ્રબુદ્ધ જીવન સમાજની ઉપયોગી સેવા કરી રહેલ છે એમ જેઓ ખરેખર માનતા હોય તેઓ પ્રબુદ્ધ જીવનને આર્થિક બાબતમાં નિશ્ચિન્ત બનાવવામાં મદદરૂપ બને એવી તેમને પ્રાર્થના છે. કારણ કે એ તો સુવિદિત છે કે પ્રબુદ્ધ જીવન મોટી ખોટપૂર્વક ચાલી રહ્યું છે. આ ખોટ દૂર કરવાના બે માર્ગ છે. એક તો સુસ્થિત પ્રશંસકો પ્રબુદ્ધ જીવનને આર્થિક ટેકો આપે, બીજો અને વધારે ઇષ્ટ માર્ગ એ છે કે પોતાની લાગવગના ક્ષેત્રમાં સક્રિય બનીને પ્રબુદ્ધ જીવન માટે બને તેટલા ગ્રાહકો મેળવી આપે. આજે જ્યારે ૨૧ વર્ષના તડકા છાંયા વટાવીને ૨૨ મા વર્ષમાં પ્રબુદ્ધ જીવન પ્રવેશ કરે છે ત્યારે આશા છે કે અમારા પક્ષે આટલુ નિવેદન અસ્થાને નહિ ગણાય.

તંત્રી, પ્રબુદ્ધ જીવન

વિષય સૂચ

		પૃષ્ઠ
નવું રાજ્ય–નવી આશા–નવી અપેક્ષા	મનુભાઇ પંચોળી	૧
ગુજરાતનું નવું રાજ્ય અને થોડા વિચારો	પ્રભુદાસ બાલુભાઇ પટવારી	૩
પ્રકીર્ણ નોંધ–મહારાષ્ટ્રનું અલગ રાજ્ય અને મુંબઇમાં વસતા ગુજરાતીઓ; શિવાજી મહારાજ શા માટે? લોકમાન્ય તિલક કેમ નહિ?; નિષ્ફળ નીવડેલું તહેર–ચાઉ મિલન નૂતન રાજ્યસ્થાપના પ્રસંગે મહારાષ્ટ્ર સરકારે બહાર પાડેલા ચંદ્રકનો મુદ્રાલેખ; નવગુજરાતના નિર્માતાઓ આટલું જરૂર ધ્યાનમાં રાખે.	પરમાનંદ	૪
મુક્તિનાથ	પરમાનંદ	૮

મુંબઇ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫–૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.
મુદ્રણસ્થાન: ચંદ્ર પ્રિં. પ્રેસ, ૪૫૨ કાલબાદેવી રોડ, મુંબઇ ૨. ફો. નં. ૨૪૩૦૩

રજીસ્ટર ન B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૨ : અંક ૨

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, મે, ૧૬ ૧૯૬૦, સોમવાર
આફ્રિકા માટે શિલિંગ ૮

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ : નયા પૈસા ૨૦

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

ગુજરાતના પ્રથમ સૂત્રધાર ડૉ. જીવરાજ મહેતાનો પરિચય

(મુંબઈ પ્રદેશનું વિભાજન થતાં અને ગુજરાત અને મહારાષ્ટ્ર એમ બે અલાયદા ઘટકમાં તેનું વિસર્જન થતાં, ગુજરાતનાં નવનિર્માણની જવાબદારી ડૉ. જીવરાજ મહેતા ઉપર આવી છે. ડૉ. જીવરાજ મહેતા આપણા માટે કોઇ નવી કે અજાણી વ્યકિત નથી. વર્ષોથી તેઓ જાહેર જીવનમાં પડેલા છે અને એક યા બીજા નિમિત્તે તેઓ અનેક લોકોના સંપર્કમાં આવ્યા છે. આમ છતાં પણ તેઓ પ્રકૃતિથી બહુ જ ઓછાબોલા અને સંકોચશીલ હોઇને તેમના અંગત જીવનથી અને આજ સુધીની અનેક ક્ષેત્રોને સ્પર્શેલી તેમની ઉજ્જવળ કારકીર્દીથી આપણામાંના ઘણા ખરા અજાણ રહ્યા છે. સદ્‌ભાગ્યે થોડા સમય પહેલાં રાજકોટ ખાતે કોંગ્રેસના પદાધિકારીઓની એક પરિષદ મળેલી અને તે પ્રસંગે ડૉ. જીવરાજ મહેતાનું તેમાં હાજર રહેવાનું બનેલું અને એ જ પ્રસંગે તેમને મળવાનો અને તેમની સાથે નિરાંતે વાર્તાલાપ કરવાનો 'જન્મભૂમિ'ના પ્રતિનિધિને સુયોગ સાંપડેલો. પરિણામે તેમની સાથે પ્રશ્નોત્તરી કરતાં ડૉ. જીવરાજના મોઢેથી જ તેમની આજ સુધીની જીવનચર્યાની કડીબદ્ધ વિગતો તેને જાણવા મળી. તે વિગતોને તેણે સંકલિત કરી, જે તા. ૨૮–૪–૬૦ ના 'જન્મભૂમિ'માં પ્રગટ કરવામાં આવી છે.

આજે જ્યારે ડૉ. જીવરાજ મહેતા ગુજરાતના નૂતન રાજ્ય ઘટકના પ્રથમ સૂત્રધાર બને છે ત્યારે તેઓ કોણ છે તેની જાણકારી સર્વ ગુજરાતીઓને હોવી જોઇએ એવા આશયથી જન્મભૂમિમાં પ્રગટ થયેલી તે જીવનકથા અહિં સાભાર ઉધ્ધૃત કરવામાં આવે છે. એમાં કોઇ શક નથી કે જેઓ ડૉ. જીવરાજને અંગત રીતે જાણે છે તેમને ડૉ. જીવરાજના કશા પણ આડંબર વિનાના, એકાગ્ર કાર્યનિષ્ઠાથી ભરેલા, પ્રતિભાસંપન્ન વ્યકિતત્વનું સમગ્ર ચિત્ર આ જીવનકથામાં આબેહુબ પ્રતિબિંબિત થયેલું જરૂર માલુમ પડશે. આટલી ભૂમિકા સાથે જન્મભૂમિના પ્રતિનિધિએ પ્રગટ કરેલા વાર્તાલાપ તરફ આપણે વળીએ. તંત્રી)

પ્રશ્નોનું સ્વરૂપ

મેં એમની પાસે જે અંગત પ્રશ્નો રજૂ કર્યા તે કંઇક આવા પ્રકારના હતા :

"રાજકારણમાં આપનો પ્રવેશ કયા સંયોગોને આભારી હતો ? પ્રથમ કક્ષાના એક નિષ્ણાત તબીબ રાજકારણી પુરૂષ કેમ બની શકયા અને એમાં પણ નાણાંતંત્રના સંચાલનમાં આવી કુશળતા કેમ પ્રાપ્ત કરી તે જણાવશો ?

"આપના ગૃહજીવન વિષે, શ્રીમતી હંસાબેન અને આપના જીવનરસ વિષે, પુત્ર–પુત્રી વિષે કંઇ કહી શકો ખરા ? અભ્યાસકાળના કોઇ અનુભવ કહેશો ?

"આપે ભયંકર માંદગીમાં સપડાયેલા અને પછી અસામાન્ય કહી શકાય એવી તંદુરસ્તી આપે પ્રાપ્ત કરી એમ સાંભળ્યું છે. આપ યુવાનોને શરમાવે એટલી ત્વરાથી, સ્વસ્થતાથી અને લાંબા સમય સુધી કામ કરી શકો છો, કોઇ કોઇ વાર તો બબ્બે ત્રણ ત્રણ રાત સુધી નિદ્રા લીધા વિના કામ કરી શકો છો એવું સાંભળ્યું છે. આ શકિતનું રહસ્ય સમજાવશો ? આરોગ્ય જાળવવામાં ખોરાક અને બીજી બાબતો અંગે આપ શું કરો છે તે કહેશો ?

"સાહિત્ય સંગીત, ચિત્ર, શિલ્પ વગેરે લલિત કલામાં રસ છે ? તબીબી વિજ્ઞાન તો આપ જાણો જ છો. વિજ્ઞાનની બીજી શાખાઓમાં રસ ખરો ? આધ્યાત્મિકતા તરફ વલણ ખરું ? ઇશ્વરમાં માનો ? જ્યોતિષમાં માનો છો ? આપના જીવન પર અસર કરનારી વ્યકિતઓ કઇ ?

"આપના જીવનનાં સ્વપ્નાઓ – મનોરથો વિષે કંઇક કહો. જીવનની સિદ્ધિ શામાં માનો છો ? વીતેલા જીવનથી સંતોષ છે ! એમાં કૃતકૃત્યતા લાગે છે ?"

સંસ્કારનાં મૂળ

આ પ્રશ્નોના એમણે આપેલા જવાબો એકબીજા સાથે સ્વાભાવિક રીતે સંકળાઇ જતા હતા અને એમાંથી એમના આંતર–બાહ્ય જીવનનું એક સુંદર ચિત્ર રચાતું હતું. એટલે ઉત્તરોમાં એમણે જે કહ્યું તેનો સાર મારી ભાષામાં રજૂ કરવાનું જ યોગ્ય ગણાશે.

"રાજકારણનો રસ આજકાલનો નથી. મેડીકલ કોલેજમાં અભ્યાસ કરતો હતો ત્યારે બંગાળાના ભાગલા અને સ્વદેશી આંદોલનનો સમય હતો. ૧૯૦૪–૫ ની સાલનો એ સમય. એ વખતે જ રાજકારણનો રંગ લાગી ગયો હતો, પરંતુ આર્થિક મુસીબતોની વચ્ચે અભ્યાસ ચાલતો હતો, એટલે રાજકારણની પ્રવૃત્તિને મર્યાદા હતી. વડીલો મૂળ તો સ્થિતિસંપન્ન હતા. અમરેલીમાં એમની નામના હતી, વેપારમાં આગળ પડતા ગણાતા હતા, પરંતુ તે પછી ધસાઇ ગયેલા. ૧૮૮૭ના ઓગસ્ટની ૨૯મી તારીખે અમરેલીમાં મારો જન્મ થયો હતો. કુટુંબની સ્થિતિ ત્યારે ઘણી જ સામાન્ય. પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ અમરેલીમાં લીધું. ૧૬ વર્ષની વયે મેટ્રિકની પરીક્ષા પસાર કરી. તમે અર્થકારણના રસનું પૂછો છો તો એ વિષે જાણવા જેવું એ છે કે મૂળ વેપારીનો–વાણિયાનો–દીકરો છું. ગળથુથીમાં એ રસ પીધેલો. પિતાની નાની દુકાન સંભાળેલી. પુખ્ત વયે જુદી જુદી સંસ્થાના વહીવટમાં પડયો ત્યારે નાણાં મેળવવા ને વિવેકપૂર્વક ખર્ચવાં એ મુખ્ય કામ ગણાય. એમ તો વ્યાપાર–ઉદ્યોગ સાથે પણ અમુક સમય સંકળાયેલો રહ્યો હતો. ઉપરાંત, પહેલેથી જ સખત પરિશ્રમ અને સતત અભ્યાસની વૃત્તિ એટલે જે પ્રકારનું કર્તવ્ય આવી પડે તે વિષયમાં આરપાર જવાની વૃત્તિ થાય. રાજકારણ અને અર્થકારણના રસનાં મૂળ છેક બાળપણનાં છે અને ઉત્તરોત્તર તેમાં સિંચન થયાં કર્યું છે.

પ્રેરણા કયાંથી ?

"ક્રમશઃ કહું તો અભ્યાસમાં પ્રથમથી જ તેજસ્વી. ગરીબ માબાપના બાળકને પ્રમાદી રહેવાનું પોષાય પણ કેમ ? નાનપણમાં

મારા શિક્ષકો શ્રી રણછોડભાઇ અને આપ્ટે માસ્તરની ઊંડી અસર. એમના તરફથી ઉત્તેજન મળ્યા કરે. મોટાભાઇની પણ પ્રેરણા ડૉકટર થવાની પ્રેરણા એદલજી દાદાચાનજી ડૉકટરના દીકરાને ભણાવવા જતો હતો ત્યાંથી મળી. એ પહેલાં સીવીલ સર્વિસમાં જવાના મનોરથો સેવ્યા હતા. એ વખતે અઢી રૂપિયાની શિષ્યવૃત્તિ મોટું ભાગ્ય ગણાય. ઉપરાંત ટયુશન કરું ને ખર્ચ કાઢું. આગળ જતાં શિષ્યવૃત્તિ કુટુંબના ખર્ચમાં પણ ટેકો બની રહેતી હતી. આવી સ્થિતિમાં અભ્યાસ ચાલતો હતો અને જ્ઞાનમાં ને અનુભવમાં વધારો થતો હતો.

દાદીમાનું પુણ્યસ્મરણ

જો ઋણનું પૂછો તો સૌથી મોટું ઋણ મારાં દાદીમાનું. પ્રેરણાનો મુખ્ય સ્રોત પણ તેઓ જ. મારાં બા માંદાં રહેતાં હતાં. દાદીમા આંખે આંધળાં. એમણે અમારી જે સંભાળ લીધી છે તેનું વર્ણન થઇ શકે એમ નથી. ઘરમાં સાફ-સુફી ને બધી વ્યવસ્થા તેઓ કરે. અમે ચૂલો સળગાવી આપીએ, રસોઇ તેઓ બનાવે. કોઇ વાર પાણી લાવી આપીએ, પણ ઘરનો ને અમારો બોજો એમના જ પર. દાદીમાની શી વાત કરું?" (જીવરાજભાઇને ગળે ડૂમો ભરાયો. નાનપણ આંખ સામે આવ્યું. દાદીમા નજરે દેખાતાં હોય એમ એમના સ્વરમાં કંપ આવી ગયો. મોં પર લાગણીનું મોજું ફરી વળ્યું અને આંખો ભીની બની ગઇ. જીવરાજભાઇને જગત જે રીતે ઓળખે છે તે કરતાં તદ્દન જુદી સ્થિતિમાં મેં જોયા. આવા મુલાયમ હૈયાના દર્શનથી હું પ્રભાવિત થયો.)



ડૉ. જીવરાજ મહેતા

પહેલી ચોટ લાગી

"મન પર કોન્ગ્રેસનો પ્રભાવ પણ ઘણો જૂનો. મુંબઇમાં ગ્રાન્ટ મેડિકલ કોલેજમાં અભ્યાસ કરતો હતો તે વખતે જેમ બંગાળના ભાગલાની અસર પડી તેમ મુંબઇમાં કોંગ્રેસનું અધિવેશન મળ્યું તેની અસર પણ પડી હતી. લોર્ડ કર્ઝને હિંદના સ્વમાન પર એક પ્રહાર બંગાળના ભાગલાથી કર્યો હતો અને બીજો પ્રહાર એક પદવીદાન સમારંભમાં હિંદીઓને જૂઠ્ઠા અને અવિશ્વાસપાત્ર કહીને કરેલો. મારા હૃદય પર તેની ચોટ લાગેલી.

તેજસ્વી વિદ્યાર્થી

"એ દિવસો પણ ગરીબાઇના જ. મુંબઇમાં શેઠ વરજીવનદાસ માધવદાસ કપોળ બોર્ડિંગમાં ફ્રી બોર્ડર તરીકે રહીને અભ્યાસ કરતો હતો. મારા ખર્ચ ઉપરાંત ઘેર પણ મદદ મોકલવાનું શકય બનતું હતું, કારણ કે દર વરસે શિષ્યવૃત્તિઓ મળતી હતી. અભ્યાસમાં આગળ હતો તેથી શિષ્યવૃત્તિઓ મળતી અને તેમાંથી ઘરને સહાયરૂપ થતો. ૧૯૦૮માં એલ. એમ. એન્ડ એસ. થયો. બહુ ઊંચા દરજ્જે પરીક્ષા પસાર કરી હતી. આજે યે યાદ છે. પારિતોષિક વિતરણ સમારંભમાં ગવર્નરે પ્રશંસા કરી હતી. કોલેજની છેલ્લી પરીક્ષામાં કુલ આઠ ઇનામોમાંથી સાત મે એકલાએ મેળવ્યાં હતાં અને આઠમું ઇનામ મને ભાગમાં મળ્યું હતું. આ સિદ્ધિથી આગળ વધવાનું જોશ પેદા થયું હતું. થીઓસોફીનું એ વર્ષોમાં ખેંચાણ થયું. અભ્યાસની સફળતાથી તાતાની લોન માટે મારી પસંદગી થઇ અને એમ. ડી. માટે ઇંગ્લાંડ ગયો. જીવનનો નવો તબકકો શરૂ થયો. રાજકારણનો રસ ત્યાં વધુ વિકસ્યો. દેશના મહાન નેતાઓના પરિચયમાં આવવાનું પણ ત્યાં બન્યું. હિંદીઓની અને ખાસ કરીને હિંદી વિદ્યાર્થીઓની પ્રવૃત્તિમાં સક્રિય અને ઊંડો રસ લીધો. ૧૯૦૯-૧૧ માં ઇન્ડીઅન ગિલ્ડ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજીના વિદ્યાર્થી મંત્રી તરીકે અને વિદ્યાર્થી મંડળના પ્રમુખ તરીકે કામ કર્યું.

મહાપુરૂષોનો સંપર્ક

"ઇંગ્લાંડના સાડા છ વર્ષના અભ્યાસકાળ જીવનઘડતરનો મહત્ત્વનો કાળ બની ગયો. એમ. ડી.માં ઝળકતી ફત્તેહ મેળવી. સુવર્ણચંદ્રક પ્રાપ્ત થયો ને એમ. આર. સી.પી. થયો. આ વર્ષોમાં સ્વ. ગોખલેજીના નિકટના પરિચયમાં આવવાનું બન્યું. તેઓ ઇંગ્લાંડમાં માંદા પડી ગયા હતા. એમના ડૉકટર તરીકે એ મહિના સાથે રહ્યો. સ્વ. મહમદઅલી ઝીણાના પરિચયમાં પણ ત્યાં જ આવ્યો. દક્ષિણ આફ્રિકાની લડત અંગે સ્વ. ભાવનગરી લંડનમાં લોકમત કેળવતા અને આંદોલન ચલાવતા હતા. વિદ્યાર્થી સંઘના પ્રમુખ તરીકે એમાં હિસ્સો લીધો. શ્રીમતી સરોજીની નાયડુ સાથે ત્યાં ગાઢ પરિચય થયો. હિંદી વિદ્યાર્થીઓનું અપમાન અને તેની સામેના આંદોલનમાં આગેવાન તરીકે ભાગ લેવાનું પણ ત્યારે બન્યું હતું. ઉપરાંત, કવિવર રવીન્દ્રનાથ, પંજાબ-કેસરી લાલા લજપતરાય વગેરેના પરિચયમાં પણ ત્યારે આવ્યો હતો. સ્વ. ગોખલેજી સાથે તો રમવું, જમવું, રહેવું બધું થતું હતું. રાષ્ટ્રપિતા ગાંધીજીના પ્રથમ પરિચયમાં આવવાનું સદ્‌ભાગ્ય પણ ત્યારે પ્રાપ્ત થયું હતું. એ પછી તો ઉત્તરોત્તર ગાંધીજી સાથેનો સંબંધ ગાઢ થયો હતો. એમની અસર પણ જીવન પર પડ્યા કરતી હતી. ગાંધીજી પ્લુરસીના રોગમાં સપડાઇ ગયા હતા. એ વખતે પણ તેઓને ભોજનમાં પાંચ જ ચીજો લેવાનું વ્રત; લંડનમાં પણ બુટ પહેરવાનાં નહિ; દૂધ પણ છોડેલું.

અભ્યાસ અને પ્રવૃત્તિ

"એ દિવસો રોમાંચક હતા. હિંદ પર અંગ્રેજોનું શાસન તપતું હતું અને પરદેશમાં હિંદી વિદ્યાર્થીઓના દિલમાં દેશની મુકિતની ભાવના-જ્યોત જલતી હતી. મારા સદ્‌ભાગ્યે તેમાં અગ્રભાગ ભજવવાનું આવ્યું હતું. સંતોષજનક કક્ષાએ તબીબી પરીક્ષાઓ મેં પસાર કરી હતી, તેથી મને લંડન-હોસ્પિટલમાં નિમણુંક મળી. તે સામે ગોરા વિદ્યાર્થીઓએ વિરોધ પોકાર્યો.

હિંદી વિદ્યાર્થીઓ સામે એમની ઝુંબેશ ચાલુ જ રહેતી હતી. દેશની ગુલામી શું અને સ્વતંત્રતા શું તેનો અચ્છો પરિચય મને લંડનમાં જ મળી ગયો હતો. અભ્યાસ પૂરો કરી હું ભારતમાં આવ્યો. ૧૯૧૫ની કૉંગ્રેસની બેઠકમાં હું પહેલી વાર તેના મંચ પરથી હિંદી વિદ્યાર્થીઓ વિષે બોલ્યો હતો. આર્થિક અને ઔદ્યોગિક પરિષદ પણ એ વખતે મળી હતી. તેમાં મેં પ્રવચન કરેલું એ મને યાદ છે. શ્રીમતી સરોજીની નાયડુએ એ પછીના એક દીક્ષાન્ત પ્રવચનમાં મારા એ ભાષણનો પ્રશંસાપૂર્વક ઉલ્લેખ કર્યો હતો.

રોમાંચક અનુભવ

"સ્વ. રતન તાતાનું એક દૃષ્ટિએ મારા પર ઋણ હતું. તાતા તરફથી મેં અભ્યાસ માટે લોન મેળવેલી તે વ્યાજ સાથે મેં ચૂકવી હતી. સર રતન તાતાની સારવાર માટે એમના અંગત ડૉક્ટર તરીકે મારે ફરીને ઇંગ્લાંડ જવાનું થયું. લેડી રતન તાતા અને બીજા ચાર સભ્યો એમની સાથે હતાં. પ્રથમ મહાયુદ્ધના એ દિવસો હતાં. જીવનભર ભુલાય નહિ અને યાદ કરું ત્યારે બધાં દૃશ્યો અંતરની આંખ સામે આવી જાય એવો અનુભવ ત્યારે થયો. અમે જે જહાજમાં જતાં હતાં તે જહાજ ટોરપીડો થયું. હાહાકાર મચી ગયો. મુસાફરોની જિંદગી બચાવવા માટે લાઇફ બોટમાં એમને ઉતારવા માંડ્યા. હું ઉપર જ હતો. લાઇફ બોટ એક પછી એક જતી હતી. કર્તવ્યનો પ્રેર્યો હું દોડતો નીચે ગયો. રતન તાતા ત્યાં હતા. એમને તથા લેડી તાતા અને બીજાઓને લઈને ઉપર આવ્યો ત્યારે માત્ર એક જ લાઇફબોટ જવાની બાકી હતી. અમે એ બોટમાં ઊતર્યા. બીજા લોકો ભયના માર્યા રસ્સી પરથી સરતા હોય એમ ઊતર્યા. એ બધાના હાથ છોલાઇ ગયા. હું સ્વસ્થતાથી રસ્સી પકડતો ઊતર્યો. અમે લાઇફ બોટમાં બેઠા અને અમારું જહાજ ધીમે ધીમે પાણીમાં ઊતરવા લાગ્યું. અંતે સાગરના અગાધ જળમાં એ અદૃશ્ય થયું ને અમે મધદરિયે ઈશ્વરને આશરે કિનારો શોધવા લાગ્યા. મોજાં, પવન, તોફાન એ બધાં સામે રતન તાતા ટકી શકે એમ નહોતા. મેં એમને બાથ ભરી લઈને હૂંફ આપી. પાણી અને પવનનો માર બરાબર ૩૦ કલાક સુધી ઝીલ્યો. શરીર ખડતલ હતું એટલે ત્યારે તો ટકી રહ્યું. છેલ્લે અમે માલ્ટા ટાપુને કિનારે જીવતા પહોંચ્યા.

જીવનનો નવો વળાંક

"માલ્ટાથી અમે ઇંગ્લાંડ પહોંચ્યા. ત્યાં થોડા દિવસમાં હું ટી બી. ના રાજરોગમાં સપડાયો. માનસિક હિંમત તૂટી ન હતી, પરંતુ આ રોગની સારવાર કરવાનું અનિવાર્ય હતું. લગભગ ત્રણ વર્ષ ઇંગ્લાંડમાં રહ્યો ને પછી હિંદમાં આવ્યો. આ નિમિત્તે સ્વીટઝર્લેન્ડ જવાનું થયું. હું ત્યાં શ્રીમંત મહારાજા સયાજીરાવના પરિચયમાં આવ્યો. જીવનની વળી કોઇ નવી જ દિશા ઉઘડવાની હોય તેવું ત્યાં બન્યું. રોગમુકત થઇને ૧૯૧૯માં હું પાછો આવ્યો. તે પછી જલિયાંવાળા બાગની, કતલની તપાસમાં આપણા રાષ્ટ્રનેતાઓની સાથે રહેવાનું બન્યું. સિંહગઢમાં ગાંધીજી સારવાર લેતા હતા. તેમની પાસે પણ એ વખતે મદદમાં ગયો હતો. દેશમાં સ્થિર થતાં સયાજીરાવના અંગત તબીબ અને વડોદરા રાજ્યના ચીફ મેડીકલ ઓફિસર તરીકેની કામગીરી મને સોંપવામાં આવી હતી.

ઉત્તમ કાર્યક્ષેત્ર

"આ વર્ષોમાં વડોદરાના દીવાન સર મનુભાઇ મહેતા સાથે પરિચય થયો અને ૧૯૨૪માં એમનાં પુત્રી શ્રી. હંસાબેન સાથે લગ્નથી જોડાયો. આજે એક પુત્ર અને એક પુત્રીનો હું પિતા છું. ૧૯૨૫માં વડોદરા છોડ્યું, મુંબઇમાં આવ્યો. અહીં કે. ઇ. એમ. હોસ્પિટલ તથા જી. એસ. મેડીકલ કોલેજના ડીન તરીકે વર્ષો સુધી કામ કર્યું. ૧૯૨૫થી ૧૯૪૨ના આ સમયમાં હું એમ માનું છું કે મારી શક્તિઓના વિકાસ માટેનું અને તેનો પરિચય આપવા માટેનું તે ઉત્તમમાં ઉત્તમ ક્ષેત્ર હતું. વહીવટનો વિશાળ અનુભવ મેં ત્યાં મેળવ્યો. ચાલી આવતી અનેક પ્રણાલિકાઓ મેં બદલાવી. આ સંસ્થાઓની આર્થિક સ્થિતિમાં સદ્ધરતા આણવાના યશમાં હું મારી ભાગીદારી ગણાવી શકું એમ છું. દરેક પ્રશ્નમાં ખૂબ ઊંડા ઊતરવાનો મારો સ્વભાવ હતો. વિરોધની પરવા હું કરતો નહિ. આ વર્ષોમાં ભલભલા મહારથીઓ સામે ઝૂઝવાના પ્રસંગો આવ્યા હતા, પરંતુ છેલ્લે ઈશ્વરની કૃપાથી મારું સાચું કામ સાચું જ પુરવાર થયું હતું. ૧૯૪૨માં વયમર્યાદાને કારણે એમાંથી હું નિવૃત્ત થયો. આ વર્ષોમાં ડો. ગિલ્ડર, ડો. ભરૂચા વગેરે સાથે મૈત્રી કેળવાઇ.

રંગ જામતો ગયો

તબીબી ક્ષેત્રમાં ઇન્ડિયન મેડીકલ એસોસીએશનનો હું ૧૯૩૦, ૧૯૪૩ અને ૧૯૪૫ માં પ્રમુખ બન્યો હતો. અનેક વર્ષો સુધી બોમ્બે મેડીકલ કાઉન્સિલનો સભ્ય રહ્યો. ૧૯૪૦ માં સાયન્ટીફીક એન્ડ ઇન્ડસ્ટ્રિયલ રીસર્ચ માટેની સમિતિના સભ્ય તરીકે મેં કામ કર્યું હતું. એ પછી અઢી વર્ષ સુધી વ્યાપાર-ઉદ્યોગની પેઢીનો પણ અનુભવ મેળવ્યો. આ બધાં વર્ષોમાં ગાંધીજી સાથેનો સંપર્ક ચાલુ રહ્યો હતો. દેશના પ્રશ્નોનો અભ્યાસ પણ થયા કરતો હતો. રાષ્ટ્રીય લડતની હાકલ પડતી કે ગાંધીજીનો સંદેશો આવતો ત્યારે ત્યાં દોડી જતો હતો. ૧૯૩૨-૩૩ અને ૧૯૪૨-૪૪ માં કારાવાસમાં ગયો. ૧૯૪૬ માં પહેલી વાર મુંબઇ ધારાસભામાં કૉંગ્રેસના ઉમેદવાર તરીકે હું ચૂંટાયો. એ પછી ભારત સરકારના આરોગ્યખાતાના ડિરેકટર જનરલ તથા મંત્રી તરીકે કામ કરવાનું મળ્યું. મારા સ્વભાવ પ્રમાણે દરેક કાર્યમાં હું મારો આત્મા રેડતો હતો. હવે પરિસ્થિતિ બદલાતી જતી હતી. સરદાર શ્રી. વલ્લભભાઇએ મને વડોદરા મોકલ્યો. ત્યાં તે વખતના મહારાજાની સામે મારે તહોમતનામું તૈયાર કરવું પડ્યું. આ બધા પ્રસંગો તો એટલા બધા તાજા છે કે તેના ઉલ્લેખની પણ અહીં જરૂર નથી. વડોદરામાં જવાબદાર રાજતંત્ર આવ્યું અને હું તેનો વડો પ્રધાન બન્યો. એ પછી વડોદરામાં વિલીનીકરણની ક્રિયા શરૂ થઇ. આમ, રાજકારણનો રંગ જામતો જ ગયો અને આજે તો તેમાં હું કેટલો ડૂબી ગયો છું તે સૌ જાણે છે.

મુંબઈ સરકારમાં

"વડોદરાનું મુંબઇ રાજ્યમાં વિલીનીકરણ થતાં, હું મુંબઇના પ્રધાનમંડળમાં જોડાયો. એમાં જાહેર બાંધકામ અને નહેર ખાતાનો અનુભવ લીધો. ૧૯૪૯ ની એ વાત છે. ૧૯૫૨ માં હું મુંબઇ રાજ્યનો નાણાંપ્રધાન બન્યો અને આજે હવે બીજી જવાબદારી ઉઠાવવા જઈ રહ્યો છું તે ક્ષણ સુધી એ પદ ઉપર રહીને સેવા આપું છું. હું આશા રાખું છું કે મારા તબીબી અભ્યાસને અને રાજકારણને શો સંબંધ છે અને અર્થકારણમાં મેં કેમ પ્રવેશ કર્યો તેનો ખ્યાલ આ જીવન-અનુભવ ઉપરથી તમને મળી રહેશે.

સાહિત્ય-કલા વિષે

"તમારા બીજા પ્રશ્નોના જવાબમાં મારે એટલું જણાવવું જોઇએ કે સાહિત્ય અને કળામાં મેં કદી રસ લીધો નથી. એમાં ખાસ કંઇ સમજવાનો પણ મારો દાવો નથી. રસ ન લેવાનું કારણ મારા કોઇ વિરોધનું નથી. કોઇ પ્રસંગે સંગીત, નૃત્ય, નાટક વગેરે જોઉં છું, પરંતુ સાચું કહું તો તે ફરજનો એક ભાગ બની રહે છે ત્યારે જ. અન્યથા, હું મારા કામમાં જ ડૂબેલો રહું છું અને તેમાં મને પારાવાર આનંદ આવે છે. મારો એવો મત છે કે કેવળ વ્યકિતના જ ઉત્કર્ષ માટે નહિ, પણ સમાજના અને દેશના ઉત્કર્ષ માટે પણ સખત પરિશ્રમમાં આનંદ લેવાની કળા આપણે શીખવી જોઇએ. હંસાબહેન એ રીતે સાહિત્ય, શિક્ષણ, કલામાં ઘણો રસ લે છે. અમે પ્રવૃત્તિઓની અથવા તો રસોની વહેંચણી કરી લીધી છે એમ માનો તોય હરકત નથી.

આરોગ્યની ચાવી

"મારી કાર્યશકિત અને તંદુરસ્તીના રહસ્ય અંગે ખરેખર કંઇ કહેવા જેવું નથી. મારું મન કામમાં લાગી જાય છે ત્યારે

હું બધું જ ભૂલી જાઉં છું. મનમાં જો સંઘર્ષ ન રહે તો આરોગ્ય ઉપર તેની ઘણી જ સારી અસર થાય છે એવો મારો અનુભવ છે. રાતોની રાતો હું કામ કરી શકું છું અને સમય મળતાં બે ત્રણ મિનિટમાં નિદ્રાધીન થઇ ૧૦-૨૦ મિનિટ પણ નિદ્રા દ્વારા આરામ મેળવી શકું છું તે ઘણે અંશે સાચું છે. તેનું કારણ મનના હળવાપણા સિવાય બીજું નથી. માથા પરનું કામ જ્યારે પૂરું કરી લઉં છું ત્યારે હકના આરામમાં કુદરત પણ બાધા નાખતી નથી. ભોજનમાં આપણો સામાન્ય ખોરાક હું લઉં છું. વજન ન વધે તેની કાળજી રાખવા સાકર અને ચરબીવાળો પદાર્થ શક્ય તેટલો ઓછો લઉં છું. બાકી કંઇ નિયમો જેવું રાખ્યું નથી. વ્યસનોથી હું મુક્ત છું.

"જ્યોતિષ સંબંધમાં કહેવું મુશ્કેલ છે. એનું ગણિત અને વિજ્ઞાન હશે કે છે એમ કહી શકું, પરંતુ મને અંગત રીતે તેમાં રસ નથી, તેનો વિરોધ પણ નથી. કામમાં મુશ્કેલી ન આવતી હોય અને બીજાનો આગ્રહ મુહૂર્ત સાચવવાનો હોય તો તે સામે હું વાંધો ઉઠાવતો નથી. આધ્યાત્મિક ને ઇશ્વરના અસ્તિત્વમાં વિશ્વાસનો પ્રશ્ન નિરાળો છે. એમાં હું બહુ ઊંડો ઊતર્યો નથી, તત્ત્વજ્ઞાનનો મને શોખ છે એમ ન કહી શકાય, પરંતુ ઇશ્વર પ્રત્યે શ્રદ્ધા રાખું છું અને શરીર કે મન થાકનો અનુભવ કરે ત્યારે 'શ્રીકૃષ્ણ શરણં મમ'નો ઉચ્ચાર પણ કરી લઉં છું. જીવનમાં અને જગતમાં જે બન્યું છે અને બને છે તે ઈશ્વરની હસ્તી પુરવાર કરવા માટે પૂરતું છે એમ હું માનું છું.

જીવનના મનોરથો

"મારા જીવનનાં સ્વપ્નાંઓ કે મનોરથો વિષે તો એટલું જ કહું કે અંગત રીતે કંઇ પ્રાપ્ત કરવાની ઇચ્છા નથી. જે દેશની સેવામાં આટલાં વર્ષ ગાળ્યાં છે અને જે ભાવનાનાં અમૃત લગભગ સાઠ વરસથી પીતો આવ્યો છું તેની સિદ્ધિ માટે મારો કંઇ પણ ઉપયોગ થઇ શકે તો તેમાં મારા અંગત જીવનની સિદ્ધિ અથવા તો કૃતકૃત્યતા હું સમજું છું. નિવૃત્ત થવાનો વિચાર કોઇ વાર મનમાં આવ્યો નથી. આ બાબતમાં મારો મત એવો છે કે ઇશ્વર જ્યાં સુધી આપણી પાસેથી કામ લેવા ઇચ્છે અને સમાજ તેમાં સંમતિ આપે ત્યાં સુધી આપણે કામ કરતા રહેવું જોઇએ. જીવનની પરમ અભિલાષા આ દેશની સર્વતોમુખી ઉન્નતિમાં ઉપયોગી બનવા સિવાય બીજી કોઇ છે નહિ."

ઉજ્જ્વળ ભાવિ

ડૉ. જીવરાજ મહેતાની મુલાકાત પૂરી કરીને રાતના લગભગ સાડા અગિયાર વાગે હું એમનાથી છૂટો પડ્યો ત્યારે મારા હૃદયમાં એમના પ્રત્યે જે આદરભાવ હતો તેમાં અનેકગણી વૃદ્ધિ થઇ હતી. મને એમ પણ લાગ્યું હતું કે ગુજરાતની જ્યારે એક રાષ્ટ્રીય ઘટક તરીકે નિરાળી રચના થઇ રહી છે ત્યારે તેના પ્રથમ શિલ્પી બનવાનું માન આવા એક કર્મવીરને પ્રાપ્ત થાય છે તે ગુજરાતના સદ્‌ભાગ્યની એક ઉજ્જ્વળ નિશાની ગણાય. ડૉ. જીવરાજભાઇની વય આજે ૭૩ વર્ષની છે, પરંતુ અનેક યુવાનો કરતાં તેઓ શરીર, મન, બુદ્ધિ અંતઃકરણથી ઘણા જ જાગૃત અને ક્રિયાશીલ છે. એમના નેતૃત્વ નીચે ગુજરાત કલ્યાણ માર્ગે જ ગતિ કરશે એવો વિશ્વાસ અવશ્ય રાખી શકાય.

(તા. ૨૮-૪-૬૦ ના 'જન્મભૂમિ' માંથી સાભાર ઉદ્ધૃત)

મુંબઇના નવા મેયરનું સંઘ તરફથી સન્માન

શ્રી. મુંબઇ જૈન યુવક સંઘ તરફથી મુંબઇની મ્યુનીસીપલ કોરપોરેશનના નવા મેયર શ્રી. વિષ્ણુપ્રસાદ દેસાઇનું તા. ૨૦-૫-૬૦ શુક્રવાર સાંજના ૬-૧૫ વાગ્યે સંઘના કાર્યાલયમાં (૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ) જાહેર સન્માન કરવામાં આવશે. સંઘના સભ્યોને સન્માન-સભામાં વખતસર હાજર રહેવા વિનંતિ છે.

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ

ગુજરાતના મુખ્ય સચિવ
ડૉ. જીવરાજ મહેતાનું વાયુપ્રવચન

(ગુજરાતના નવા રાજ્ય માટે નિયુક્ત થયેલા પ્રધાન મંડળની સોગંધવિધિ પૂરી થયા બાદ ગુજરાતના મુખ્ય સચિવ ડૉ. જીવરાજ મહેતાએ અમદાવાદ આકાશવાણી પરથી વાયુપ્રવચન કર્યું હતું. આ પ્રવચનમાં ડૉ. જીવરાજ મહેતા ગુજરાતના નવા રાજ્યના ભાવી વિકાસ અંગે પોતાના દિલમાં જે આકાંક્ષાઓ સેવી રહ્યા છે અને તેના સંદર્ભમાં ગુજરાતના પ્રજાગણ પાસેથી તેઓ જે અપેક્ષાઓ ચિન્તવી રહ્યા છે તે આકાંક્ષાઓ અને અપેક્ષાઓનું ભવ્ય નિરૂપણ કરવામાં આવ્યું છે. આ પ્રવચન દૈનિક પત્રોમાં પખવાડીઆ પહેલાં પ્રગટ થઈ ચુકેલ હોવા છતાં તેનું ઐતિહાસિક મહત્વ ધ્યાનમાં લઇને અને આવું પ્રવચન વધારે એકાગ્રતા અને શાન્તિપૂર્વક વંચાય અને વધારે સમય સુધી જળવાઈ રહે એ હેતુથી અહિં પ્રકટ કરવું ઉચિત ધાર્યું છે. તંત્રી)

આજે ગુજરાતના રાજ્યનો મંગળ પ્રારંભ થાય છે. ભારતના એક અવિભાજ્ય અંગ તરીકે નવા રાજ્યની સ્થાપના થાય છે તે મંગળ પ્રસંગે બોલતાં એક પ્રકારનો હર્ષ અનુભવું છું. સાથે સાથે નવા ગુજરાતના સર્જનનું જે ભગીરથ કાર્ય આપણી સમક્ષ પડ્યું છે તેની જવાબદારીનો વિચાર કરતાં મનમાં એક પ્રકારનો ક્ષોભ પણ અનુભવું છું. મારામાં વિશ્વાસ મૂકી આ નવા રાજ્યનું સુકાન તમે મારા હાથમાં મૂક્યું છે તેને માટે હું આભાર વ્યક્ત કરું છું. પરંતુ જે જબરજસ્ત જવાબદારી મારે અને મારા સાથીઓને માથે આવી છે તેનો વિચાર કરતાં, તે અદા કરવાને અમે શક્તિમાન થઇશું કે કેમ એ અંદેશો મનમાં રહ્યા કરે છે. પરમાત્મા પાસે મારી નમ્ર પ્રાર્થના છે કે ગુજરાતને એની મુશ્કેલીઓમાંથી પાર ઉતારવાને હું અને મારા સાથીઓ શક્તિમાન થઇએ. સાથે સાથે ગુજરાતની જનતા પાસે એટલું યાચું છું કે આ ભગીરથ કાર્ય પાર પાડવામાં અમોને સંપૂર્ણ સહકાર આપે.

આનંદ અને ઉલ્લાસના વાતાવરણમાં આપણે આપણી જવાબદારી અને કર્તવ્યને ભૂલી ન શકીએ. ગુજરાત રાજ્યની રચના થતાં આપણા ઉપર એક મહાન જવાબદારી આવે છે. ગુજરાતની જનતાએ પોતાની સરકાર પાસેથી અનેક અપેક્ષાઓ રાખી હશે. બીજી બાજુથી, ગાંધીજી અને સરદારના ગુજરાતની પાસેથી, સમગ્ર રાષ્ટ્ર પણ ભારે મોટી અપેક્ષાઓ રાખે એ સ્વાભાવિક છે. લોકોની આ અપેક્ષાઓ અને અભિલાષાઓ પૂર્ણ કરવા માટે શરૂઆતમાં આપણે અનેક મુશ્કેલીઓ પાર કરવી પડશે. તે માટે લોકોનો પ્રેમ, આદર અને સંપૂર્ણ વિશ્વાસના પાયા ઉપર શુદ્ધ અને કાર્યક્ષમ રાજ્યતંત્ર નિર્માણ કરવા માટે, ગુજરાતને એક આદર્શ અને નમૂનેદાર રાજ્ય બનાવવા માટે, આપણે સૌએ આપણા નાના મોટા મતભેદો બાજુએ રાખીને એકતા અને સંગઠનની ભાવનાથી, તનતોડ મહેનત કરવાની છે. જનતા સ્વાભાવિક રીતે સારા વહીવટની અપેક્ષા રાખે. વહીવટી તંત્રમાં થતો વિલંબ, ગેરરીતિઓ અને અન્યાય, દોષો જે અત્યારે ઓછાવત્તા અંશે મોજૂદ છે, તે દૂર કરવાની અમારી નેમ છે પરંતુ તે માટે જનતાનો સાચો સહકાર અનિવાર્ય છે. તે સાથે સરકારી વહીવટ યોગ્ય કરકસરથી ચાલે તે માટે સતત પ્રયત્નશીલ રહીશું.

ઉજ્જ્વળ ઇતિહાસ

હું આપની સમક્ષ બોલી રહ્યો છું ત્યારે ગુજરાતના ભૂતકાળનો ઉજ્જ્વળ ઇતિહાસ મારી સામે તાજો થાય છે. અનેક શૂરવીરોએ ગુજરાત માટે પોતાનાં જીવન અર્પણ કર્યાં છે. અનેક પવિત્ર આત્માઓએ ગુજરાતનો સંસ્કારદેહ ઘડ્યો છે. પૂ. ગાંધીજીએ ગુજરાતને સંયમ અને સેવાની દીક્ષા આપી. પૂ. સરદાર સાહેબે ગુજરાતને શિસ્ત અને સંગઠનની ભાવનાથી ઘડ્યું. આજે પણ એમની પ્રેરણાથી અનેક સેવકો લોકસેવામાં પોતાની કાયા ઘસી રહ્યા છે. આપણને મળેલા આવા ઉજ્જ્વળ વારસાને, બલકે

ગાંધીજીના ગુજરાતને શોભાવવાની અને આપણને મળેલી મૂડીમાં વધારો કરવાની આપણી સૌની ફરજ છે. ઈશ્વર આપણને આ માટે જોઇતું બળ અને શક્તિ આપે એવી મારી આ શુભ પ્રસંગે પ્રાર્થના છે. શરૂઆતનાં વર્ષોમાં આપણું કાર્ય ખૂબ મુશ્કેલ બનવાનું છે; એ મુશ્કેલીઓનો સામનો કરવા આપણે બધાએ જ કટિબદ્ધ થવું પડશે. નાના નાના ઝઘડાઓમાં ન પડતાં ગુજરાતનો સર્વાંગી વિકાસ નજર આગળ રાખીને આપણે આપણું કાર્ય આગળ ધપાવતા રહેવાનું છે. પ્રજા અને સરકાર એ બન્નેનો સહકાર હશે તો થોડા સમયમાં આપણા લક્ષ્ય પર પહોંચીશું એવી મને શ્રદ્ધા છે.

આબાદીનો આધાર

ગુજરાતની આબાદીનો આધાર ખેતીનો વિકાસ, નાનામોટા ઉદ્યોગોની ખીલવણી, અને વેપારની વૃદ્ધિ ઉપર અવલંબે છે. ગુજરાતની ધરતી ઠીક પ્રમાણમાં ફળદ્રુપ અને રસાળ છે. ગુજરાતના ખેડૂત કુશળ, મહેનતુ અને સાહસિક છે. છતાં ગુજરાતમાં અનાજની ભારે તંગી છે એ વાત પણ એટલી જ સાચી છે. આપને નવાઈ લાગશે કે ગુજરાતને લગભગ ૧૫ લાખ ટન અનાજની દર વર્ષે ખોટ છે. અનાજની બાબતમાં વહેલામાં વહેલી તકે આપણે સ્વાવલંબી બનીએ તે અત્યન્ત જરૂરી છે.

ખેતીના ઉત્પાદનનાં આવશ્યક અંગો જેવાં કે સિંચાઇનાં સાધનો અને જમીનની ફળદ્રુપતા વધારવાં તેમ જ ખેતીનું વૈજ્ઞાનિક જ્ઞાન ખેડૂતોને પહોંચે, તે જલદી વિકસે તે માટે આપણે પ્રયત્ન કરવો જોઇશે. તેની સાથે સાથે ખેતીના વિકાસમાં જે અંતરાયો છે તે દૂર કરવા પ્રયત્ન કરવામાં આવશે. ગૌસંવર્ધન પણ ગુજરાતનો એક મહત્ત્વનો વ્યવસાય છે. પશુપાલનના કાર્યમાં રોકાયેલા કુટુંબોના વિકાસ માટે રાજ્ય સરકાર તરફથી યોગ્ય પ્રયાસો થશે. લોકોએ પણ ગૌસંવર્ધન અને પશુસંવર્ધન માટે વૈજ્ઞાનિક અને શાસ્ત્રીય પદ્ધતિ તથા દૃષ્ટિનો પણ સ્વીકાર કરી કામ કરવું જોઇશે.

ગુજરાતની સાહસિકતા

ગુજરાતના સાહસિક ઉદ્યોગપતિઓએ પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ ગુજરાતમાં અને ગુજરાતની બહાર અનેક ઉદ્યોગો વિકસાવીને નામના મેળવી છે. હવે તેઓ ગુજરાતમાં વધુ પ્રમાણમાં નાના મોટા ઉદ્યોગો ખીલવે તેવી અપેક્ષા તેમની પાસેથી રાખવામાં આવે એ સ્વાભાવિક છે. આ માટે જે સગવડોની જરૂર હશે તે પૂરી પાડવા ગુજરાતની સરકાર પ્રયત્નશીલ રહેશે. ઉદ્યોગોની ખીલવણી કરવામાં ઘણી મુશ્કેલીઓ છે તેનો સર્વને ખ્યાલ છે, ખાસ કરીને વિદ્યુતશક્તિની અને સારા રસ્તાઓની ઊણપ બાબત. વિદ્યુતશક્તિના વધારા માટે થોડા સમયમાં ખંભાત આગળ વીજળીનું થર્મલ સ્ટેશન સ્થપાશે, વળી અણુશક્તિ દ્વારા ઉત્પન્ન થનારી વીજળીનો લાભ મળશે તેવું આશ્વાસન પણ મળ્યું છે, અને તેથી વીજળીનો પુરવઠો સારા પ્રમાણમાં મેળવી લેવાની દરેક કોશિશ થશે. ઉપરાંત ઉકાઈ અને નર્મદાની યોજનાઓ જલદી અમલી બનાવવા પ્રયત્ન કરીશું કે જેથી સિંચાઇનો વિસ્તાર અને વીજળીનો પુરવઠા સારા પ્રમાણમાં મળી રહે. સાથે સાથે સારા રસ્તાઓની સગવડ શક્ય તેટલી ઉતાવળે પૂરી પાડવા તરફ પણ ધ્યાન આપવામાં આવશે.

કંડલાનો વિકાસ

ભૂતકાળમાં ગુજરાતની ખ્યાતિ તેના બંદરોના દેશપરદેશના વેપારને લીધે હતી. ગુજરાતનું મુખ્ય બંદર કંડલા ભારતના મુખ્ય બંદરો પૈકીનું એક બને તેવી આપણી નેમ છે અને આ સિદ્ધિ માટે ગુજરાતના વેપારીવર્ગે તમામ શક્તિ વાપરવી જોઇએ. ગુજરાતના વિશાળ દરિયાકાંઠા ઉપર આવેલા અનેક નાનાં મોટાં બંદરોની મુસાફરી અને વેપાર અંગે સારી ખીલવણી કરવાને સરકાર સારી રીતે પ્રયાસ કરશે. એ રીતે વેપારની વૃદ્ધિ કરવામાં ગુજરાતના વેપારીઓનો સહકાર હું માગું છું.

ઉદ્યોગોના વિકાસમાં ઉદ્યોગપતિઓનો જેટલું જ મહત્વ મજૂરવર્ગનું છે. આપણા સારા નસીબ મજૂરોની ચળવળ ગાંધીજીએ ચીંધેલા રાહ પર ચાલતી આવી છે, અને પરિણામે ગુજરાતમાં ઔદ્યોગિક શાંતિ ઠીક પ્રમાણમાં જળવાઇ છે અને ઉદ્યોગોનો વિકાસ સરખી રીતે ચાલુ રહ્યો છે. ભવિષ્યમાં પણ આ જ રીતે મજૂર મહાજનો અને ઉદ્યોગપતિઓ જરૂરી સહકાર આપશે તેવી હું આશા રાખું છું.

ઔદ્યોગિક વિકાસ

નાના મોટા ઉદ્યોગોના વિકાસનો આધાર નાના મોટા કારીગરોની કુશળતા અને આવડત ઉપર અવલંબે છે. ગુજરાતના કારીગરોએ પોતપોતાના ક્ષેત્રમાં સારા પ્રમાણમાં કુશળતા બતાવી છે. અને તેથી ચાલુ ઉદ્યોગોના વિકાસમાં તેમનો કિંમતી ફાળો મળ્યો છે. હવે પછીના ગુજરાતના ઔદ્યોગિક વિકાસમાં વધુ મહત્ત્વનો ફાળો આપે તેવી તેમની પાસેથી અપેક્ષા રાખીએ છીએ.

ગુજરાતની ભૂમિમાં જે ખનીજ દ્રવ્યો પડેલાં છે તેનું સંશોધન યોગ્ય રીતે થયું નથી. સદ્‌ભાગ્યે મધ્યસ્થ સરકારના પ્રયાસથી ખંભાતમાં ખનીજ તેલ સારા પ્રમાણમાં મળી આવે એવી આશા છે. સાથે સાથે બીજા ખનીજ દ્રવ્યો શોધી કાઢી તેનો યોગ્ય ઉપયોગ કરવામાં ઉદ્યોગપતિઓ અને વેપારીઓ જરૂરી ભાગ ભજવશે તેમ હું ઇચ્છું છું.

અનુસૂચિત જાતિઓ

ગુજરાતમાં પછાતવર્ગ, હરિજન વર્ગ, તેમ જ અનુસૂચિત જાતિઓની વસ્તીનું પ્રમાણ ઘણું મોટું છે. તેઓ પછાત છે માટે અને આપણી સાથે જીવનમાં માનભર્યું સ્થાન પામે તે માટે આપણે જે પ્રયાસો કરી રહ્યા છીએ તેને વધારે વેગવાન બનાવીશું. તેમના બાળકોને શિક્ષણનો સારો લાભ મળે તે માટે વિશેષ પ્રબંધ કરીશું. આર્થિક વિકાસની સાથે સામાજીક સમાનતા લાવવા માટે અસ્પૃશ્યતા તદ્દન નાબુદ થાય તેવાં પગલાં રાજ્ય અને પ્રજાએ સાથે મળીને લેવાનાં રહેશે. આર્થિક ઉન્નતિ માટે ગાંધીજીએ સૂચવેલ ખાદી અને ગ્રામોદ્યોગના વિકાસને ઘણો વેગ આપવાનો છે, કારણ કે રચનાત્મક કાર્યક્રમનો આ મહત્વનો ભાગ છે. સરકારની જરૂરિયાતોમાં ખાદી અને ગ્રામઉદ્યોગની ચીજોને વધારે પ્રમાણમાં ઉત્તેજન આપવામાં આવશે.

અનેક ક્ષેત્રો ખુલ્યાં

ખેતી ઉદ્યોગ અને વ્યાપાર ઉપરાંત ગુજરાતના શિક્ષિત યુવાનો માટે આજે અનેક ક્ષેત્રો ખુલ્યાં છે. વહીવટી, સંરક્ષણ લશ્કરી કે પોલીસ અને શૈક્ષણિક ક્ષેત્રો, ગુજરાતના યુવાનોને આમંત્રે છે. અત્યાર સુધી આ ક્ષેત્રો ખેડવાની ગુજરાતના યુવાનોએ ઉદાસીનતા બતાવી છે. આ ઉદાસીનતા હવે ગુજરાતને પરવડે તેમ નથી. ગુજરાતનો વહીવટ ચલાવવા સારા વહીવટદારોની આવશ્યકતા રહેશે. એ વ્યવસાયમાં પ્રવેશ પામવા ગુજરાતના યુવાનોએ ખૂબ મહેનત કરવી પડશે, કારણ કે એમાં સમસ્ત ભારતના યુવાનોની સાથે સરસાઇમાં ઊતરવું પડશે. અથાગ પ્રયત્ન સિવાય ઉચ્ચતર જ્ઞાન મેળવવું શક્ય નથી. કેવળ યુનિવર્સિટીનો અભ્યાસક્રમ પૂરતું જ અથવા પરીક્ષા પાસ કરવા પૂરતું જ જ્ઞાન કામમાં આવશે નહિ.

ગુજરાતી યુવાન

ગુજરાતનો યુવાન વર્ગ સાચો વિદ્યા–વ્યાસંગ કેળવે અને પરીક્ષા પૂરતો જ અભ્યાસ ન કરે એમ ઇચ્છું છું. ગુજરાતમાં લડાયકવૃત્તિ નથી અને એ વૃત્તિને પોષવાની જરૂર પણ નથી. પરંતુ પોતાનું રક્ષણ કરવાની શક્તિ તો તેણે ખીલવવી જ જોઇએ અને એ દૃષ્ટિએ લશ્કરમાં–ખુશ્કી, તરી કે હવાઇ દળમાં–જોડાવાની ગુજરાતી યુવાનોની ફરજ છે. એ જ પ્રમાણે પોલિસમાં અને ખાસ કરીને તેના અમલદાર વર્ગમાં આપણા ભાઇઓની સંખ્યા બહુ ઓછી છે. એમાં પણ ગુજરાતના યુવાનોની ભરતી થાય એ ઇચ્છવા યોગ્ય છે. ગુજરાતના નવસર્જનમાં ગુજરાતના શિક્ષિત યુવકો અને યુવતીઓ પાસેથી તો હું બહુ આશા રાખું છું, અને મને શ્રદ્ધા છે કે આ યુવાનવર્ગ મને નિરાશ નહિ કરે.

શિક્ષણનો આદર્શ

ભારતના બંધારણમાં જણાવ્યા પ્રમાણે ૧૪ વર્ષથી નીચેનાં બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણ આપવાના આદર્શને અમલી બનાવવાનો આ રાજ્ય પ્રયત્ન કરશે. હાલ તુરત ૬ થી ૧૧ વર્ષનાં બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણ અપાય છે અને રાજ્યની જાહેર પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરનારા બાળકોને સાત ધોરણ સુધી કશી ફી વિના શિક્ષણ મળી રહે એવો પ્રબંધ ચાલુ રહેશે. પાયાની કેળવણીને ઉત્તેજન અપાશે અને એ ક્ષેત્રે, અનુભવે ધ્યાન પર આવેલી ક્ષતિઓ દૂર કરવા પ્રયત્ન થશે. બાળકો માટેના બાળ–મંદિરની સ્થાપનાને આર્થિક મદદ દ્વારા ઉત્તેજન આપવામાં આવશે. બહેનોના શિક્ષણને વેગ આપવા માટે ખાસ પગલાં લઈશું. કળા, હુન્નર તથા વિજ્ઞાનના શિક્ષણ તરફ અને સંશોધન કાર્ય તરફ વિશેષ લક્ષ અપાશે. શિક્ષણનું સત્વ વધારવા, ગુરુ શિષ્યનો સંબંધ સુધારવા, શિક્ષકોની તાલીમ વધુ સંગીન બનાવવાની યોજનાઓ વિચારીશું. ટેકનિકલ શિક્ષણને વધુ વેગ આપવામાં આવશે. ઇજનેરી કોલેજો, પોલિટેકનિક સંસ્થાઓ, ટેકનિકલ હાઇસ્કૂલો, ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ, ખેતીવાડીની તેમ જ તબીબી શિક્ષણની સંસ્થાઓ વગેરેનો વિકાસ કરવામાં આવશે.

શિક્ષણની તક સૌને મળે એની રાજ્ય તરફથી કાળજી લેવામાં આવશે. જે વિદ્યાર્થીઓનાં મા–બાપોની વાર્ષિક આવક રૂા. ૯૦૦ કે એથી ઓછી હોય એમને બધી કક્ષાએ કશી ફી વિના શિક્ષણ મળી રહે એવો પ્રબંધ છે. આ ઉપરાંત જેમની વાર્ષિક આવક રૂા. ૯૦૦ કરતાં વધારે અને રૂા. ૧૨૦૦ કરતાં ઓછી હશે તેમનાં બાળકોને હાઇસ્કૂલ અને ટેકનિકલ સ્કૂલમાં એસ. એસ. સી. સુધી કશી ફી લીધા સિવાય શિક્ષણ આપવાનો ચાલુ વર્ષથી પ્રબંધ કરવામાં આવશે. તેમ જ સાધારણ અગર ગરીબ સ્થિતિમાં ઉછરતા વિદ્યાર્થીઓ, જે યુનિવર્સિટીની પરીક્ષાઓમાં તેમ જ યુનિવર્સિટીમાં દાખલ થઈ શકે તે પરીક્ષામાં પહેલા વર્ગમાં ઉત્તીર્ણ થયા હોય તેવાઓમાંથી એક હજાર વિદ્યાર્થીઓને દર વર્ષે વધુ અભ્યાસ માટે મદદરૂપે લોન આપવાની યોજના તૈયાર થઇ રહી છે. ઉત્તરોત્તર દર વર્ષે આમ ઉત્તીર્ણ થયેલા હજાર હજાર વિદ્યાર્થીઓને પાંચ વર્ષ સુધી આ રીતે મદદ આપવાની વ્યવસ્થા થઇ રહી છે. આમાંથી અર્ધોઅર્ધ એસ. એસ. સી. પરીક્ષામાં પહેલા વિભાગમાં આવનારાઓને અપાશે, અને બાકીની ઉચ્ચ કેળવણી લેનાર વિદ્યાર્થીઓને આપી શકાશે. આ રીતે પાંચ વર્ષ પછી દર વર્ષે ૫૦૦૦ વિદ્યાર્થીઓ માટે ઉચ્ચ શિક્ષણનો પ્રબંધ કરી શકાશે. આ યોજના હેઠળ અપાનારી લોન વ્યાજમુકત હશે, એટલે કે લોન ઉપર વ્યાજ લેવામાં આવશે નહિ. જે વિદ્યાર્થી અગર વિદ્યાર્થિનીઓને આ યોજના હેઠળ લોન અપાઇ હશે તેમણે જેમ જેમ તેઓ કમાતા થાય તેમ તેમ લોનની રકમ હપ્તે હપ્તે પાછી આપવાની રહેશે, અને તે રકમનું એક જુદું જ ફંડ ઊભું કરાશે. તે ફંડ કાયમી રહેશે અને તેમાંથી ઉચ્ચ પંક્તિના વિદ્યાર્થીઓને શિક્ષણક્ષેત્રે વિશેષ અને વિશેષ લાભો આપવામાં આવશે.

પુસ્તકાલય પ્રવૃત્તિ

પુસ્તકાલય પ્રવૃત્તિને વેગ આપવાની જરૂર છે, તેમ જ પુરાતત્વનું સંશોધન કાર્ય આગળ ધપે તેમ કરવાની જરૂર છે. ગુજરાતને કળાક્ષેત્રે વિકસાવવાનો પ્રયત્ન થશે. સંગ્રહાલય પ્રવૃત્તિને વધુ વ્યાપક અને સંગીન કરવાની આશા છે. ગુજરાતનો યથાર્થ ઇતિહાસ આલેખાય અને એ માટેનાં સંશોધનકાર્યને ઉત્તેજન મળે એ જરૂરી છે. વિદ્યાર્થીઓના શારીરિક શિક્ષણને ઉત્તેજન આપી રમતગમતનો વિકાસ થાય એ માટે જરૂરી પગલાં ભરવામાં આવશે.

ગ્રામપંચાયત

ગ્રામપંચાયત, સહકારી મંડળી ઇત્યાદિ ગ્રામસ્વરાજ્યની પાયાની સંસ્થાઓની જવાબદારી લોકોએ જાતે ઉઠાવવાની છે. પુખ્ત મતાધિકારને પરિણામે રાજ્ય તથા દેશના વહીવટમાં પણ લોકોએ અસરકારક ભાગ ભજવવાનો છે. શિક્ષણ અને સંસ્કાર સિવાય આ જવાબદારી તેઓ અદા કરી શકે નહિ કેવળ સાક્ષરતા–પ્રચારની દૃષ્ટિએ જ નહિ, પણ પ્રત્યેક ભાઇ–બહેન નાગરિક ધર્મ અને પોતાની જવાબદારી યોગ્ય રીતે સમજીને અદા કરી શકે એ દૃષ્ટિએ, પ્રૌઢ શિક્ષણનો કાર્યક્રમ વ્યાપક ધોરણે હાથ ધરવામાં આવશે.

સત્તાનું વિકેન્દ્રીકરણ

વહીવટ અને સત્તાના વિકેન્દ્રીકરણમાં ગ્રામપંચાયતોનું સ્થાન વિશિષ્ટ રહેશે. ગુજરાતના દરેક ગામને પંચાયતોથી થોડા જ સમયમાં આવરી લેવામાં આવશે તેમ જ ગ્રામપંચાયતોને વધુ કાર્યક્ષમ બનાવવા પૂરેપૂરી કાળજી રાખવામાં આવશે. ગ્રામ આર્થિક આયોજન અને ખેતી સહકારી પદ્ધતિ ઉપર લઇ જવા ખાસ પ્રયત્ન કરવામાં આવશે. અને દરેક ગામને સેવા સહકારી મંડળીથી આવરી લેવામાં આવશે. તેની જ સાથે સહકારી ઢબે વેચાણ વગેરે પ્રક્રિયાઓ ખીલવવામાં આવશે અને ખેડૂતો સ્વેચ્છાએ સહકારી ધોરણે ખેતી કરે તેવી પરિસ્થિતિ નિર્માણ કરવામાં આવશે, તેમ જ તેને ઉત્તેજન આપવામાં આવશે.

ગુજરાત કેટલાંય વર્ષો સુધી વાહનવ્યવહારમાં પછાત હતું એમાં છેલ્લાં થોડાં વર્ષોમાં કેટલોક સુધારો થયો છે. પણ આપણો વાહનવ્યવહાર ગુજરાતનાં દરેક ભાગને પૂરેપૂરો મળી રહે એ માટે એ દિશામાં ઠીક ઠીક પ્રયાસ કરવો પડશે. ત્રીજી પંચવર્ષીય યોજનામાં આપણે તેને સારું મહત્વ આપવું પડશે.

રસ્તાઓનો પ્રશ્ન

દસ વર્ષ પહેલાં ગુજરાતમાં ભાગ્યે જ સારા રસ્તાઓ હતા. સતત પ્રયાસથી હાલ ઠીક ઠીક પ્રગતિ થયેલી છે, છતાં પણ દેશના બીજા ભાગોના પ્રમાણમાં આપણે ત્યાં સારા અને પૂરતા રસ્તાની ખોટ હજુ ઘણી છે. સારા રસ્તા સિવાય વાહનવ્યવહારની આવજાવ સરળ નથી, અને તે કારણે દર વરસે ખાસ કરીને ચોમાસા દરમ્યાન કેટલાયે મહિનાઓ સુધી આપણો બસ–વ્યવહાર વગેરે ખોરવાઇ જાય છે, જેને લઇને વાહનવ્યવહારને આર્થિક નુકસાન સારી રીતે ભોગવવું પડે છે. આ સ્થિતિમાં સુધારો કરવા સરકાર સારો એવો પ્રયત્ન કરશે; પણ ગ્રામજનો, પંચાયતો અને જિલ્લા લોકલબોર્ડનો સારો સહકાર હશે તો જ ગ્રામ રસ્તાઓનો આપણે સારી રીતે વિસ્તાર કરી શકીશું. મને આશા છે કે જનતા આ દિશામાં સારો સહકાર આપશે.

આરોગ્ય

આપણે ત્યાં વૈદ્યકીય ક્ષેત્રે પણ ઠીક ઠીક પ્રયાસ કરવાનો રહે છે. આખા રાજ્યમાં વૈદ્યકીય સારવાર પહોંચાડવા માટે આપણે જુદી જુદી પદ્ધતિઓનો ઉપયોગ કરતાં પહેલાં તેના ગુણદોષોને ધ્યાનમાં રાખવા પડશે. રક્ષણાત્મક તેમ જ નિવારણાત્મક એમ બન્ને બાજુનું કામ પૂરેપૂરું વિકસે તેની વ્યવસ્થા જરૂરી છે. વૈદ્યકીય શાસ્ત્ર તેમ જ બીજા વિષયોમાં શોધખોળ સારા પ્રમાણમાં થાય તેને વાસ્તે આપણે સારી જહેમત ઉઠાવવી જોઇએ. સંશોધન અંગે ગુજરાત ઘણું પછાત છે એ આપણને શોભાસ્પદ નથી. તેથી સારી પ્રયોગશાળાઓ અને સંશોધન ફેલોશિપ્સની સારા પ્રમાણમાં વ્યવસ્થા કરવી પડશે. પ્રજાતંત્રમાં રાજ્યોનો વહીવટ પ્રજાની પોતાની ભાષામાં માતૃભાષામાં ચાલે એ આવશ્યક હોઈ ગુજરાતનો રાજ્યવહીવટ ગુજરાતી ભાષામાં ચાલે એવી લોકોની અપેક્ષા સ્વાભાવિક લેખાય. લોકોની આ સ્વાભાવિક અપેક્ષાને ધ્યાનમાં લઇને રાજ્યના વિભાગ તથા જિલ્લા કક્ષાના તંત્રમાં પ્રજા સાથેનો વહીવટ આજથી જ ગુજરાતી ભાષામાં ચલાવવાની યોગ્ય સૂચનાઓ આપવામાં આવી છે. એટલે કે ગ્રામીણ તેમ જ ઇતર પ્રજાને સરકારી ખાતાઓમાંથી મળતા પત્રો અગર જવાબો ગુજરાતી ભાષામાં જ આપવામાં આવશે. સચિવાલય કક્ષાએ અંગ્રેજીમાં ચાલતા વહીવટનું વહેલી તકે ગુજરાતીમાં અને હિન્દીમાં રૂપાંતર કરવાનો સારી રીતે પ્રયત્ન થશે અને કેન્દ્ર તથા અન્ય રાજ્યો સાથેના વહીવટમાં રાષ્ટ્રભાષાનો યોગ્ય સ્વીકાર થાય એ માટે કેન્દ્ર સરકારનો સહકાર મેળવી યોગ્ય પ્રયાસ કરવામાં આવશે.

ગુજરાતી સંસ્કૃતિ

ગુજરાતની સંસ્કૃતિનો પણ આપણે ખ્યાલ કરવાનો રહ્યો. એક વખત ગુજરાતમાં શેરીએ શેરીએ ગરબા ગવાતા. એના રાસ માત્ર રંગભૂમિ પર નહિ પણ પ્રજાજીવનમાં વણાયેલા હતા. ગુજરાતની અનોખી રંગભૂમિ પણ હતી. પ્રજાનો ઉત્સાહ ગયો તેની સાથે આ બધું પણ જતું રહેવા લાગ્યું. કથા કીર્તનો, ભજનો મૃત્યો, નાટકો આ બધી પ્રજાની સંસ્કારપ્રવૃત્તિઓ ગણાય. પ્રજામાં ફરી ઉત્સાહ આવે અને નવ ગુજરાતને દિપાવે એવી એની સંસ્કારપ્રવૃત્તિઓ શરૂ થાય એ ઇષ્ટ છે. તેને માટે સરકાર તરફથી તો પ્રોત્સાહન મળશે જ. પરંતુ એ પ્રજાજીવનની પ્રવૃત્તિઓ પ્રજામાંથી જ ઉદ્ભવે એ ઇષ્ટ છે. એનું પોષણ કરવાનું કર્તવ્ય સરકારનું રહેશે.

બાપુ અને સરદાર

પૂ. ગાંધીજી અને સરદાર સાહેબે ગુજરાતને અર્પેલા શિસ્ત, સંયમ, રચનાત્મક કાર્યદૃષ્ટિ અને વ્યવહાર-કુશળતાના સંસ્કાર એ આપણો મહામૂલો વારસો છે. બાપુ અને સરદારના માર્ગદર્શનથી, હજ્જરબાપા જેવા સેવાવ્રતના ભેખધારીની પ્રેરણાથી રવિશંકર મહારાજ જેવા આદર્શ લોકસેવકના ઉજ્જવળ દૃષ્ટાંતથી આજે ગુજરાતમાં અનેક ક્ષેત્રે એકધારી વિવિધ રચનાત્મક પ્રવૃત્તિ દ્વારા જનતાની સેવાનું કાર્ય ચાલી રહ્યું છે ગુજરાત રાજ્યની સ્થાપના થતાં આ પાયાના કાર્યને વેગ મળશે જ, લોકસેવકને પ્રોત્સાહન મળશે અને સેવાકાર્યને વધુ પ્રતિષ્ઠા મળશે એવી અમને શ્રદ્ધા છે. સરકાર તરફથી હાથ ધરાએલા કે હાથ ધરવામાં આવેલા કે આવતાર વિવિધ વિકાસ કાર્યક્રમમાં અને જાહેર જીવનમાં આ દૃષ્ટિને મહત્વ આપવાનો ગુજરાતની સરકારનો ખાસ પ્રયાસ રહેશે.

ગુજરાતને ભારતના એક મુખ્ય પ્રાંત તરીકે લેખીને ભારતની પણ બધી જરૂરિયાતો ધ્યાનમાં રાખીને આપણે સૌએ મળી નવેસરથી ઘડવાનું છે. એના જીવનનાં દરેક પાસાં નવેસરથી રચવાના છે. સામાજિક ક્ષેત્રમાં, આર્થિક ક્ષેત્રમાં, સાંસ્કૃતિક ક્ષેત્રમાં અને અંતમાં આધ્યાત્મિક ક્ષેત્રમાં ધર્માંધ થયા વિના આપણે ધર્મભાવના કેળવવાની છે. ધર્મ એટલે કોઇ સંપ્રદાય નહિ, પરંતુ એના વિશાળ અર્થમાં ધર્મને સમજવવાનો છે. ધર્મનો સાચો અર્થ સમજવાથી આત્મબળ તેમ જ નૈતિક બળ વધે છે. આ બંને બળની આજે ગુજરાતને જરૂર છે. આ બળ કેળવીશું તો જ આ નાનકડું ગુજરાતનું રાજ્ય ભારતમાં એક ગણનાપાત્ર રાજ્ય બનશે. ગાંધીજીના ગુજરાતને આ કહેવાની ભાગ્યે જ જરૂર હોય-

"નિર્ભયતા અને સત્ય વચનની,
દિક્ષા દીધી તેં તાત!
બનાવ્યું, નવું ગુજરાત!"

-આ પંક્તિઓ ગુજરાતના કવિએ ગાંધીજી માટે ગાઇ છે. ગાંધીજીએ આપેલી દિક્ષા રખે ગુજરાત ભૂલે!

બાલ-આનંદ : એક સંસ્કારકેન્દ્ર

આજથી પાંચ વર્ષ પહેલાંની આ ઘટના છે. વાલકેશ્વર બાજુએ આવેલા હુંગરશી રોડ ઉપર નિરાધાર જેવા લાગતાં બે નાનાં બાળકો શૂન્યતાપૂર્વક આમતેમ જોઇ રહ્યાં હતાં. પાસેના બંગલાની આયાએ એ બાળકોને જોયાં અને થોડા દિવસ પહેલાં જ તેમની મા મરી ગઇ હતી અને તેમની સંભાળ લેનાર કોઇ નથી એ ખ્યાલ આવતાં તે આયાનું દિલ હલી ઉઠ્યું અને બંગલાની અંદર રહેતા મોટાં બાઇને તેણે વાત કરી. બાઇના કહેવાથી તે બાળકોને આયા બંગલાની અંદર લઇ આવી અને મોટાં બાઇ પાસે તેમને રજુ કર્યાં. બાઇના દિલમાં તેમ જ તેમના અન્ય કુટુંબીજનોના દિલમાં આ બાળકો વિષે કરૂણા પ્રગટી અને તેમને ઉછેરવાની-મોટાં કરવાની જવાબદારી-તેમણે સ્વીકારી લીધી. આ એક ઘટના દ્વારા આસપાસના બંગલાઓમાં કામ કરતા માળીઓનાં, ધાટીઓનાં, મોટર ડ્રાઇવરોનાં, ચપરાસીઓનાં તથા સાફસુફી કરતા ભંગીઓના બાળકોની શૈક્ષણિક-સંસ્કારવિષયક-કંગાળ પરિસ્થિતિ તરફ આ કુટુંબનું ધ્યાન ખેંચાયું અને સુખ ચેન આરામમાં રહેતા અને શિક્ષણની બધી અનુકુળતા ધરાવતા આપણે આ બાળકો માટે કાંઇક કરવું જોઇએ એવી કોઇક તાલાવેલી આ કુટુંબીજનોના દિલમાં જન્મી, અને જે બંગલામાં (૨૫/૨૮ હુંગરશી રોડ) તેઓ રહેતાં હતાં તેના બગીચામાં તેમણે એક નાનું સરખું સંસ્કારકેન્દ્ર શરૂ કર્યું. તે લતામાં આવેલી મ્યુનિસીપલ સ્કુલમાં આ બાળકો ભણવા તો જતાં જ હતાં, પણ ત્યાં તેમને અક્ષરજ્ઞાન અને ગણિતજ્ઞાનથી વિશેષ શું મળે? તેમને સ્વચ્છતા અને સુઘડતા કોણ શિખવે? તેમને ગાવાનું, વગાડવાનું, ચિતરવાનું, ભરવા-શિવવામું માટી કામ કે એવું બીજું કામ કોણ દેખાડે? તેમના જીવનમાં શિસ્ત અને વ્યવસ્થિતતા લાવવાનો પ્રયત્ન કોણ કરે? ગંદી ટેવોમાંથી તેમને કોણ બચાવે? ઉજળાં કપડાં તેમને કોણ પહેરાવે? આ બધું મ્યુનીસીપલ સ્કૂલના ચાલું શિક્ષણ બહારનું કામ હતું અને એમ છતાં તેમને સાચું ઘડતર આપવા માટે, સારા માનવી બનાવવા માટે, તેમનામાં રહેલી અનેક ગૂઢ શક્તિઓ બહાર લાવવા માટે અને તે શક્તિઓને નવસર્જન તરફ વાળવા માટે તે અત્યન્ત જરૂરી હતું. આ કાર્ય આ કુટુંબની બહેનોએ ઉપર જણાવેલ સંસ્કારકેન્દ્રમાં શરૂ કર્યું, બંગલાની બાજુએ આવેલા બગીચામાં આસપાસ વસતાં બાળકોને તેમણે એકઠાં કરવા માંડ્યાં; આ બાળકોમાં ઉપર જણાવ્યા મુજબની સ્વચ્છતા સુઘડતા, સંસ્કારિતા અને સર્જકતા નિર્માણ કરવા માટે જરૂરી શાહિત્ય સામગ્રી વસાવવા માંડી; બાળકોના વધવા સાથે શિક્ષિકાઓને વેતન આપીને રોકવા માંડી; અને જેમ જેમ આ બાબતની આસપાસ જાણ થતી ગઇ તેમ આ સંસ્કારકેન્દ્રનો લાભ લેવા માટે બાળકોની ભરતી થવા લાગી.

આ પ્રવૃત્તિની ૧૯૫૪ માં શરૂઆત કરવામાં આવી હતી. આજે આ કેન્દ્રનો ૭૦ થી ૮૦ બાળકો લાભ લઇ રહ્યાં છે. આસપાસની મ્યુનીસીપલ સ્કૂલો આજે એ 'શિફ્ટ' થી (દિવસના બે ગાળાથી) કામ કરે છે. મોટી ઉમ્મરનાં બાળકો એટલે કે ૯ થી ૧૩ વર્ષ સુધીનાં બાળકો સવારની શિફ્ટમાં ભણવા જાય છે. નાની ઉમ્મરનાં એટલે કે ૪ થી ૯ વર્ષ સુધીનાં બાળકો બપોરની શિફ્ટમાં ભણવા જાય છે. આ ધોરણે પ્રસ્તુત કેન્દ્ર જેને તેના સંચાલકોએ 'બાલ-આનંદ' નામ આપ્યું છે તેમાં સવારના ૯ થી ૧૧ સુધી નાની નાની ઉમ્મરનાં બાળકો તાલીમ લેવા આવે છે; અને મોટી ઉમ્મરનાં બાળકો બપોરના એટલે કે ૩॥ થી પા સુધી તાલીમ લેવા આવે છે. અહિં આવતાં બાળકો શરૂઆતમાં બહુ જ ગંદાં હોય છે તો તેમને નવરાવવામાં આવે છે અને તેમના કપડાં ધોવામાં આવે છે. અહિં સ્વચ્છતા અને સુઘડતા ઉપર ખૂબ ભાર મૂકવામાં આવે છે. વરસમાં બે વાર અહિં આવતાં બાળકોને નવાં કપડાં આપવામાં આવે છે. તેમની અવારનવાર વૈદ્યકીય તપાસ અને જરૂર હોય ત્યાં વૈદ્યકીય ઉપચાર કરાવવામાં આવે છે. બાળકો એટલે રમતગમત હોય જ, અને સંગીત પણ હોવું જ જોઇએ. તેમને માટીકામ, સંગીત, નેતરકામ, ચિત્રકામ, હાથકારીગીરીનાં બીજાં અનેક કામો, શિવણ-ભરત, રસોઇ તથા બગીચાકામ-આટલાં કામો અહિં શિખવવામાં આવે છે. આ બધું શિક્ષણ મફત આપવામાં આવે છે. વળી તેમને અવારનવાર બહાર લઇ જવામાં આવે છે, ઉજાણીઓ ગોઠવવામાં આવે છે, ચિત્રપટો દેખાડવામાં આવે છે તથા તેમના માટે સંગીતના જલસાઓ યોજવામાં આવે છે. દીવાળી, ગૌરી, દશેરા, હોળી જેવા પર્વ દિવસોએ તેમને મીઠાઇ વહેંચવામાં આવે છે અને આવા પર્વોની ઉજવણી પણ કરવામાં આવે છે. તદુપરાન્ત આ બાળકોને હમેશાં દુધ અને નાસ્તો આપવામાં આવે છે. વળી તેઓ શરીરે મોટા

ભાગે બહુ જ નબળા બાંધાના હોઇને તેમને વીટામીનની ગોળીઓ પણ આપવામાં આવે છે.

તેમનામાં રહેલી શક્તિઓને, સૌન્દર્યદૃષ્ટિને તથા બુદ્ધિમત્તાને બને તેટલા પ્રમાણમાં વિકસાવીને તેમના ચારિત્ર્યનું ઘડતર કરવું, તેમનામાં સ્વાશ્રય અને સ્વમાનની ભાવના કેળવવી, 'તેમનું કોઇક છે' અને ગમે ત્યાં ફેંકાઇ જવાને તેઓ સરજાયા નથી એવી ભાવના તેમનામાં પેદા કરવી અને પ્રેમ તથા સદ્‌ભાવના વાતાવરણમાં વિકસવા માટે તેમને પૂરી તક આપવી—આ 'બાલ-આનંદ'ના ઉદ્દેશો છે. આવા કેન્દ્રમાં દંડ-શીક્ષાને કોઇ સ્થાન ન જ હોય એ દેખીતું છે.

બહુ જ થોડાં બાળકોથી શરૂ કરાયલા આ બાલ-આનંદ શાળાનો ઉપર જણાવ્યું તેમ આજે ૭૦ થી ૮૦ જેટલાં બાળકો લાભ લે છે અને તેની માંગ સતત વધતી જાય છે. તેઓ નીચેના થરના છે અને તેમાં બધી જ્ઞાતિઓ અને સંપ્રદાયનો સમાવેશ થાય છે. આ કેન્દ્રમાં નાતજાત, ધર્મ કે સંપ્રદાયનો કોઇ ભેદ નથી અને ૩ વર્ષથી માંડીને ૧૬ વર્ષ સુધીનાં બાળક-બાલિકાઓ આ કેન્દ્રનો લાભ લે છે. અહિં ઊંચા કુટુંબની ૯ બહેનો શુદ્ધ સેવાભાવે કામ કરે છે અને ૬ બહેનો મર્યાદિત વેતન ઉપર કામ કરે છે. આજે આ પ્રવૃત્તિ ચલાવવા પાછળ માસિક ૨૫૦ થી ૩૦૦ રૂપિયાનો ખર્ચ થાય છે. આજ સુધીના ખર્ચનો બોજો પ્રસ્તુત કુટુંબના કુટુંબીજનોએ જ ઘણો મોટા ભાગે વહન કર્યો છે. આ ઉત્તરોત્તર વધતી જતી આર્થિક જવાબદારીવાળી અને કેવળ સાર્વજનિક કલ્યાણ સાધતી પ્રવૃત્તિને આગળ ચલાવવી હોય, વિકસાવવી હોય, અને વધારે ને વધારે સાધનસંપન્ન બનાવવી હોય તો તેમને દ્રવ્ય માટે જાહેર જનતા તરફ હાથ લંબાવવો જ રહ્યો. આ રજીસ્ટર્ડ થએલી સંસ્થા છે વધતાં જતાં બાળકોને વસાવવા માટે મકાનની સગવડ તેમના માટે જરૂરી છે. જ્યાં આ સંસ્થા ચાલે છે તે સ્થળ આમ તો ઝાડ-પાનથી ઢંકાયલું છે, પણ ચોમાસા માટે તેને પાકા ઢાંકણની તત્કાળ જરૂર હતી. આ તેમ જ બીજી કેટલીક જરૂરિયાતોને પહોંચી વળવા માટે બાલ આનંદની સંચાલિકા બહેનોએ ફંડ ઉઘરાવવું શરૂ કર્યું હતું અને ફંડ ભરાવનારાઓના મનોરંજનાર્થે ગત માર્ચ માસની ૧૨ મી તારીખે એક જલસો રાખવામાં આવ્યો હતો. જેનું પ્રમુખસ્થાન શ્રીમતી હંસાબહેન મહેતાએ શોભાવ્યું હતું. પ્રસ્તુત ફંડમાં સંચાલિકા બહેનોના શુભ પ્રયાસથી આશરે રૂ. ૨૩૦૦૦ ની રકમ એકઠી થઇ હતી, જે માટે તેમને અનેક ધન્યવાદ ઘટે છે. આશા રાખીએ કે સુખવૈભવયુકત જીવન જીવતાં મુંબઇમાં વસતા અન્ય સંસ્કારી કુટુંબો પોતાની આસપાસ રહેતાં ગરીબ કુટુંબોના તંગી અને અજ્ઞાનના કારણે સંસ્કારવંચિત રહેતાં બાળકોની આ પ્રકારની સારસંભાળ લેવા પ્રેરિત તેમ જ ઉદ્યુકત બનશે. પરમાનંદ

ચૂંટણીઓને સાચી સભ્યતા ઉપર આધારિત કરો

આપણો ઘણાં વર્ષોનો અનુભવ છે કે સામાન્ય લોકજીવનમાં સૌથી વધારે ક્ષોભ, કટુતા અને અશાન્તિ પેદા કરનાર કોઇ પણ ઘટના હોય તો તે આજકાલ અવારનવાર યોજાતી-ધારાસભા કે મ્યુનીસીપાલીટીને લગતી-ચૂંટણીઓ છે. ચૂંટણી આવે છે ત્યારે ગામ કે શહેરના લોકો ભિન્નભિન્ન પક્ષોમાં વહેંચાઇ જાય છે અને પોતાના પક્ષને જીતાડવા માટે અને અન્ય પક્ષોને હરાવવા માટે પક્ષના આગેવાનો અને ઉમેદવારો વાણી અને વર્તનનો સર્વ સંયમ, મર્યાદા અને સભ્યતા ગુમાવી દે છે અને અનૈતિક અને અઘટિત સાધનોનો વિના સંકોચે ઉપયોગ કરે છે. લોકશાહી સાથે ચૂંટણીઓ અનિવાર્યપણે જોડાયલી છે, પણ આજે ચાલે છે તે પ્રકારની ચૂંટણીઓ લોકજીવનને ચુંથી નાખે છે, નીચું પાડે છે. ચૂંટણીઓના આ માઠાં પરિણામોથી જનતાને બચાવવી હોય તો ચૂંટણી લડવા માંગતા બધા પક્ષો વચ્ચે ચૂંટણી દરમિયાન પક્ષકારોએ કેવી રીતે વર્તવું તેને લગતી-પરસ્પર સભ્યતાસૂચક-પાકી સમજુતી થવી જોઇએ અને તે મુજબ વર્તવાની ફરજ દરેક પક્ષના પ્રતિનિધિઓએ સ્વેચ્છાએ સ્વીકારવી જોઇએ. આ વિચાર વિનોબાજી તરફથી-સર્વ સેવાસંઘ તરફથી-અવારનવાર લોકો સમક્ષ રજૂ થતો રહ્યો છે.

ગયા ઓકટોબર માસમાં આગ્રામાં ૨૪ વર્ષના ગાળે ત્યાંની મ્યુનિસીપલ કોરપોરેશનની ચૂંટણીઓ થવાની હતી. તે પ્રસંગે એ ચૂંટણીમાં ભાગ લેનાર કોંગ્રેસ, કોમ્યુનીસ્ટ વગેરે સર્વ પક્ષોના પ્રતિનિધિઓ તરફથી ઉપર જણાવેલ ભાવનાથી પ્રેરાઇને સર્વસંમત એવું એક નિવેદન ચૂંટણી પહેલાં બહાર પાડવામાં આવ્યું હતું, જે નીચે મુજબ હતું :—

"ચૂંટણી આપણાં જનતંત્રનું અભિન્નતમ અંગ છે. પરંતુ આજે ચૂંટણીઓ જે રીતે લડવામાં આવે છે તેથી સમાજનું વાતાવરણ અત્યન્ત દૂષિત બને છે, અને અંદર અંદર વૈમનસ્ય અને કટુતા ઘણા દિવસ સુધી ચાલ્યા કરે છે. આનાં અનેક દુષ્પરિણામ આવે છે અને જનહિતના કાર્યમાં અકારણ વિરોધ જાગે છે તથા અવરોધ ઉપસ્થિત થાય છે. આને લીધે આજે એવી હાલત ઉભી થઇ છે કે જો કોઇ પણ ક્ષેત્રમાં શાન્તિભંગ કરવો હોય તો ત્યાં ચૂંટણીને નોતરવી. આ આપણી રાજનૈતિક અપરિપકવતાનું સૂચક છે. દેશ માટે આવી સ્થિતિ કલ્યાણપ્રદ બની ન શકે.

"આજ ૨૪ વર્ષ બાદ ઓકટોબર માસમાં આ શહેરમાં નગર-નિગમ (મ્યુનીસીપલ કોરપોરેશન)ની ચૂંટણી થવાની છે. આ ચૂંટણી એવી રીતે લડવામાં આવે કે જેમાં સાર્વજનિક જીવનનું સ્તર ઊંચે ઉઠે, આપણામાં પરસ્પર સદ્‌ભાવના જળવાઇ રહે તથા જનતાનો વાસ્તવીક મત કોઇ ગેરરીતી, દબાણ કે પ્રલોભન સિવાય વ્યકત થઇ શકે-આ આપણા સર્વના હિતમાં છે.

"આ ઉદ્દેશની પરિપૂર્તિ માટે અમો સર્વ પક્ષોના પ્રતિનિધિઓ તથા અન્ય ઉપસ્થિત લોકો એકમતથી નિશ્ચય કરીએ છીએ કે આ ચૂંટણીમાં—

(૧) અમે એવાં સાધનોનો ઉપયોગ નહિ કરીએ તેમ જ નહિ થવા દઇએ કે જે નૈતિકતાથી વિરૂધ્ધ હોય.

(૨ આલોચના સિદ્ધાન્ત અથવા તો કાર્યપ્રણાલીની કરવામાં આવશે. કોઇની પણ નિષ્ઠા કે ચારિત્ર્ય ઉપર આક્ષેપ કરવામાં નહિ આવે.

(૩) મિથ્યા પ્રચાર તથા એવી અસત્ય ભાષા તથા લોકસૂત્રો slogans નો પ્રયોગ કરવામાં નહિ આવે કે જેથી લોકોમાં ભ્રમ તેમજ ઉત્તેજનાનો ફેલાવો થાય અને શાન્તિભંગ થવાની સંભાવના ઉભી થાય. જો કોઇ પણ પક્ષના લોકો તરફથી શાન્તિભંગ થશે તો તે પક્ષના નેતાઓ જ તેને જાહેર રીતે વખોડી નાખશે.

(૪) ચૂંટણીમાં શકય તેટલા ઓછામાં ઓછા પૈસાનો ખર્ચ કરવામાં આવશે.

(૫) મત મેળવવા માટે શરાબ વગેરેનો પ્રયોગ કરવામાં નહિ આવે.

"જનતા પ્રત્યે અમારી અપીલ તેમ જ અપેક્ષા છે કે તેમનો અમને પૂર્ણ સહયોગ મળે અને તે કોઇ પણ વ્યકિત અથવા પાર્ટી દ્વારા ઉપર્યુકત બાબતોનું ઉલ્લંઘન સહન ન કરે, અર્થાત્ કરવાવાળાને ચેતવણી આપી દે કે તેનું પરિણામ વિપરીત આવશે.

"અમને અત્યન્ત આશા તેમ જ વિશ્વાસ છે કે આ પ્રમાણે લડવામાં આવનાર ચૂંટણી નગરમાં એક અત્યન્ત સ્વસ્થ વાતાવરણ ઉત્પન્ન કરશે તથા કોરપોરેશન માટે સેવાનો માર્ગ પ્રશસ્ત કરશે."

આ નિવેદન અને તેમાં રહેલી સમજુતી અત્યન્ત આવકારદાયક છે. આનું અનુકરણ જ્યાં જ્યાં ચૂંટણીઓ થવાની હોય ત્યાં ત્યાં સર્વત્ર થવું ઘટે છે. ચૂંટણી એ લોકશાહીની રચનાનું એક મહત્વનું અંગ છે અને એ દ્વારા સમાજજીવનમાં પ્રગાઢ વિષનું સીંચન થાય છે, જે પછીના પક્ષગત સર્વ વ્યવહારોને અનેક પ્રકારે દૂષિત બનાવે છે. ચૂંટણી લડવાના પ્રસંગે પરસ્પર ઉદારતા, ખાનદાની અને ખેલદિલી દાખવવામાં આવે અને તે સંબંધમાં ઉપર જણાવ્યું તેવું એક ઊંચી સભ્યતાભર્યું ધોરણ જો સર્વત્ર અખ્તયાર કરવામાં આવે તો લોકશાહીના આ મહત્વના અંગ સાથે જોડાયલા ભયસ્થાનથી આપણો દેશ ઉગરવા પામે. પરમાનંદ

ગુજરાત રાજ્યના ઉદ્‌ઘાટન પ્રસંગે પૂ.રવિશંકર મહારાજના આશીર્વચન

અંજલિ

આજે ગુજરાતનું રાજ્ય સ્થપાય રહ્યું છે તે વખતે પૂ. ગાંધીજીની ભવ્યમૂર્તિ અને એમણે આપેલો ભવ્ય વારસો તેમ જ આ સ્થળે રહીને આપણને આપેલા અનેક પાઠો પણ નજર સમક્ષ તરવરે છે. વળી ગુજરાતના ધડવૈયા અને આપણને સૌને પ્રિય એવા પૂ. સરદારશ્રીનું આ પ્રસંગે સ્મરણ થાય છે. તેમને નમ્રભાવે પ્રણામ કરી મારી ભાવભરી અંજલિ અર્પણ કર્યા સિવાય રહી શકતો નથી. દેશને માટે જેમણે નાની મોટી કુરબાનીઓ અને પ્રાણ અર્પ્યા છે, તે સૌ નામી અનામી રાષ્ટ્રવીરોને આદરભાવે વંદન કરું છું.

આપણી શક્તિ

રાષ્ટ્રપિતા ગાંધીજીની નજર સમક્ષ દરેક ક્ષણે ભારતનું ગામડું અને ગામડાંની પ્રજા રહેતી. એમના વિકાસમાં એ ભારતનો વિકાસ જોતાં. આપણા ગુજરાતનાં ગામડાંઓમાં કુશળ, ખંતીલા અને ખૂબ મહેનતુ ખેડૂતો છે. ભણેલા ન હોવા છતાં ધંધારોજગાર ચલાવવામાં અતિશય કુશળ એવા આપણે ત્યાં સુંદર કારીગરો છે. વહાણવટું કરવામાં કુશળ એવા દરિયાકાંઠે વસતા દરિયાખેડૂઓ પણ છે. અને ગુજરાતની પ્રજા પાસે અર્થવ્યવહારમાં કુશળ અને કરકસરિયા એવા વ્યવહારકુશળ મહાજનો પણ છે.

વધતી સંપત્તિની સમાન વહેંચણી

આ બધાની શક્તિને ગુજરાતના હિતનાં ચાલના મળે તો ગુજરાત ભલે નાનું રાજ્ય હોય, ભલે અત્યારે ખાધવાળો પ્રદેશ ગણાતો હોય, તો પણ થોડા વખતમાં સમૃદ્ધ બની શકે એ વિષે મારા મનમાં બિલકુલ શંકા નથી. સ્વરાજ્ય મળ્યા પછી દેશભરમાં ઘણાં વિકાસકાર્યો થયાં છે. રાષ્ટ્રની સંપત્તિ તેમ જ બેદાશ પણ વધી હશે. પણ એની યોગ્ય વહેંચણી થાય તો જ આપણે સમતા અને શાંતિની દિશામાં પ્રયાણ કર્યું કહેવાય. યોગ્ય વહેંચણી કરવાનો રસ્તો ધનદોલતની લહાણી કરવી એ નથી. પણ આપણે ત્યાંની એકેએક સશક્ત વ્યક્તિને એને લાયકનું કામ મળી રહે અને હોંશે હોંશે એ કામ કરવાનો એના દિલમાં ઉત્સાહ પ્રગટે એ કરવાની ખૂબ જરૂર છે.

ભૂમિ શોષણનું નહિ પોષણનું સાધન બને

આપણે ત્યાંની માનવશક્તિનો અને કુદરતી બક્ષિસોનો ઉપયોગ થાય તો આપોઆપ સંપત્તિ અને સમૃદ્ધિ પણ વધવાની અને યોગ્ય વહેંચણી પણ થવાની. આવું કરવું હશે તો આપણે ખેતી અને ગોપાલન તરફ આજે આપીએ છીએ તેથી પણ વિશેષ ધ્યાન આપવું પડશે. ભૂમિ એ કદી શોષણનું સાધન ન બનવી જોઇએ, એ તો પોષણનું સાધન બનવી જોઇએ. આપણું ગોધન અને પશુધન ખાંડુમાંડુ હવે નહીં ચાલે, પણ જોઇને આંખ ઠરે એવું ગોધન હોવું જોઇએ. જે દેશમાં દૂધદહીંની નદીઓ વહેતી, એ દેશમાં ચોકખાં ઘીદૂધ મળવાં દુર્લભ થાય એ આપણી કેવી દુર્દશા કહેવાય ! એ સ્થિતિ આપણે ટાળવી જ જોઇએ.

ગોસેવાનો સાચો માર્ગ : ગોપાલન

ગોસંવર્ધન અને ગોસેવા એ જ એનો સાચો ઇલાજ છે. ગોવધબંધી જેમ અમદાવાદ શહેરે અને સૌરાષ્ટ્રે કરી છે, એમ આખા ગુજરાતમાં થવી જોઇએ. એમ થશે તો મને બહુ ગમશે. પણ ઉત્તમ ગોપાલન એ જ ખરેખર ગોસેવાનો સાચો માર્ગ છે એ કદી ભૂલવા જેવું નથી.

અન્નસ્વાવલંબન

આજે અનાજ આપણે પરદેશથી મંગાવવું પડે છે. આ સ્થિતિ આપણે માટે ખતરનાક અને શરમજનક છે. અનાજની બાબતમાં ગુજરાતે સ્વાવલંબી બનવાનો નિર્ધાર કરવો જ જોઇએ. અને એ સાથે એની સુવ્યવસ્થિત યોજના ઘડીને દેશને માર્ગદર્શન આપવું જોઇએ.

ભોગ નહીં ત્યાગ

સ્વરાજ્ય મળ્યા પછી અતિ પવિત્ર ઉત્પાદક શ્રમશક્તિ દિસસે દિવસે આપણામાં ઘટતી જાય છે અને પ્રજાનું મોં વધારે ભોગ તરફ જઇ રહ્યું છે. એ ભોગપ્રાપ્તિ માટે એને અન્ન અને ઘીદૂધ કરતાં સિક્કાની અગત્ય વધુ સમજવા લાગી છે. તેથી ખેતી જેવો પવિત્ર ધંધો કરનારા ખેડૂતો પણ સિક્કા પાછળ પડ્યા છે. પણ આ બધાંનું ખરું કારણ છે સુધરેલા ગણાતા ભદ્રસમાજનો આચાર. આપણા આ વર્ગે સ્વરાજ્ય મળ્યા પછી ત્યાગને બદલે ભોગ તરફની રૂખ બતાવી છે. એટલે એ દિશાએ સામાન્ય જન પણ વળ્યા છે. આ કારણે જીવનમાં બધા ક્ષેત્રોમાં તાણ અને અસંતોષનું ભાન થવા લાગ્યું છે.

પ્રજા વધારે પૈસા પાછળ દોટ કેમ કાઢે છે ? એને જેટલું મળે છે એટલું ઓછું જ કેમ પડે છે ? એનું મોં સંગ્રહ તરફ અને વધુ સુખોપભોગ તરફ કેમ વધે છે ? આ વૃત્તિ રોકવા માટે ચીનની જેમ આટલાં કપડાં પહેરો, આમ જ કરો, આમ જ વર્તો એવા વટહુકમો ભલે બહાર ન પાડીએ, પરંતુ આપણા પ્રધાનો, આપણા આગેવાનો અને આપણા અમલદારો તથા આપણા મુખ્ય કાર્યકરો પોતાના જીવનમાં સાદાઇ અને કરકસરનું તત્ત્વ અપનાવીને પ્રજાને ઉત્તમ પ્રકારનું માર્ગદર્શન આપી શકશે.

બંગલાઓ, મોટરો, ફરનીચર, મોટાઇ દેખાડવાની રીતભાતો, હોટેલો, બિનજરૂરીઓ, એ સૌમાં સાદાઇ અને કરકસરની છાપ પડવી જોઇએ. રાજ્યનાં કામોમાં તો ઠીક, પણ અંગત જીવનમાંય એ તત્ત્વ દેખાવા લાગશે તો પ્રજા પર એની જાદુઇ અસર પાડશે.

આજે લાંચ અને રૂશ્વત અને કાળાબજારની બદીઓ ફેરટેર જોવા મળે છે. એ માટે રાજ્યે અને પ્રજાજનોએ સહકાર સાધીને એને દૂર કરવાનો દૃઢ નિર્ધાર કરવો પડશે

લોકોની ભાષામાં લોકોનો વહીવટ, ન્યાય, શિક્ષણ

આપણને સ્વરાજ્ય મળ્યાને આજે બાર બાર વર્ષનાં વહાણાં વાયાં, એમ છતાં આપણા સામાન્ય જનોને આપણું રાજ્ય પરાયા જેવું લાગે છે, કારણ કે આપણા વહીવટની ભાષા હજી અંગ્રેજી ચાલે છે. લોકોની ભાષામાં લોકોનો વહીવટ ન ચાલે, લોકો સમજી શકે એ ભાષામાં ન્યાય ન તોળાય, લોકો સમજી શકે એવી ભાષામાં શિક્ષણ ન અપાય, ત્યાં સુધી લોકોને 'આ અમારું રાજ્ય છે અને એના ઉત્કર્ષ માટે અમારે પરિશ્રમ ઉઠાવવો જોઇએ' એવી ભાવના નહીં જાગે, રાજ્ય માટેનો આત્મભાવ નહીં જાગે. એટલે ગુજરાત રાજ્યે સૌ પ્રથમ એવી જાહેરાત કરવી જોઇએ કે ગુજરાત રાજ્યનો તમામ વહીવટ ગુજરાતી ભાષામાં ચાલશે. શિક્ષણનું માધ્યમ પહેલેથી છેલ્લે સુધી ગુજરાતી જ રહેશે અને નોકરીઓ માટેની પરીક્ષાઓ પણ ગુજરાતીમાં જ લેવામાં આવશે.

પ્રાથમિક શિક્ષણનાં પ્રથમ સાત ધોરણોમાંથી સ્વ. ખેર સાહેબની મુંબઇ સરકારે અંગ્રેજીને બાદ રાખવાની જે નીતિ વર્ષો પહેલાં જાહેર કરીને અમલમાં આણી છે, એ બહુ ડહાપણભરી નીતિ છે, અને એને ગુજરાત રાજ્ય દૃઢતાથી વળગી રહેશે. શિક્ષણનું ધોરણ ઉતરી ગયું છે એને ઊંચું લાવવા માટે શું કરવું જોઇએ, એની પણ ખૂબ વિચારણા કરવી પડશે.

તુમારની ચુંગાલમાંથી મુક્તિ

તુમારની ચુંગાલમાંથી પ્રજાને બચાવવાની યુક્તિ જો ગુજરાતનું રાજ્ય ખોળી કાઢશે તો પ્રજા ભારે રાહત અનુભવશે. કલેકટર મામલતદારોને મળીને અને મામલતદાર સ્થળ પર જઇને તુમારનો ઝટઝટ નિકાલ કરવા લાગે તો ઘણો બંગાડ અટકી જશે. રૂશ્વત પતી

જરૂ હોય એવું કામ તુમારે ન ચઢાવવું જોઇએ. મંત્રીઓ પણ શકય હોય ત્યાં કલેકટર વગેરેને મળીને વ્યવહાર ઉકેલ કાઢશે તો બધાં બહુ મોટી રાહત અનુભવશે.

જનતા વચ્ચે જઇને જીઓ

વિક્રમરાજાની માફક આપણા મંત્રીઓ કે અધિકારીઓ ભલે વેશપલટો કરીને નગરચર્યા જોવા ન નીકળે, પણ કોઇ પણ ખાતાની ઓફીસ ઉપર કે ચાલુ કામ ઉપર કોઇ પણ જાતની હોહા કે જાહેરાત કર્યા વિના કોઇ કોઇ વખતે જઇ પહોંચવાનો શિરસ્તો પાડશે તો એમને ઘણું જાણવાનું મળશે, અને કર્મચારીઓને એમનું કામ ઝડપથી અને સુંદર રીતે પાર પાડવાની ચાનક ચઢશે.

સૌને કામ

ભણેલા તેમ જ અભણને કામધંધો આપવો એ આજની મુખ્ય સમસ્યા છે. એ માટે ખાદી અને ગ્રામોદ્યોગ જેવા યોગ્ય ધંધારોજગાર શરૂ કરવા. જે ધંધાને રક્ષણ આપવાની જરૂર હોય તેને રક્ષણ આપવું અને વધુ બેકાર જનતા અટકે એવી શિક્ષણ પ્રણાલી ઊભી કરવી એમાં આપણી સફળતાની ચાવી પડેલી છે.

નોકરી માટે ડિગ્રીની લાયકાત જરૂરી ન રહે

નોકરી અને શિક્ષણની ડિગ્રી વચ્ચેનો સંબંધ છૂટો કરી દેવામાં આવે અને જે ધંધામાં જવા માટે જે આવડતની જરૂર હોય તે અંગેની પ્રવેશપરીક્ષા લઇને જ ઉમેદવારને દાખલ કરવાની પ્રથા અપનાવવામાં આવે તો શિક્ષણમાં જે ગંદકીઓ પેસે છે, તેમાંથી આપણે સહેજે બચી જઇ શકીએ.

પક્ષ-હિત કરતાં પ્રજા-હિતને પ્રથમ સ્થાન આપજો

બધા પક્ષોને મારી નમ્ર વિનંતી છે કે તેઓ એટલું સતત નજર સમક્ષ રાખે કે આપણા પક્ષ કરતાં પ્રજા બહુ મોટી છે. સમગ્ર રાજ્ય કે દેશના હિત ખાતર પક્ષનું મહત્ત્વ ઓછું આંકવાની પરિપાટી આપણે શરૂ કરવા જેવી છે. વિરોધી પક્ષો વિરોધ ખાતર વિરોધ કરવાનો ન હોય અને રાજ્યકર્તા પક્ષે વિરોધપક્ષની વાત છે માટે એનો વિરોધ કરવાની પ્રથામાંથી બચવા જેવું છે. પક્ષો એ ખરેખર તડાં છે, ગામનાં તડાં પાડવાથી જેમ ગામની એહાલી થાય છે, એમ રાષ્ટ્રમાં તડાં પડવાથી રાષ્ટ્રની એહાલી થાય છે.

લોકશાહી સાચવવા પક્ષો પરહેજી પાળે

બધા પક્ષવાળા ભલે આજે ને આજે પક્ષમાંથી મુક્ત ન થઇ શકે. પણ ગ્રામપંચાયતોમાં પક્ષો ન પેસે એનો તો આગ્રહ જરૂર આપણે રાખી શકીએ, અને ચૂંટણી દરમ્યાન પક્ષનું ઝેર ફેલાતું અટકે એ માટે બધા પક્ષોએ શુદ્ધિ માટે પાળવા જેવા કેટલાક નિયમો નક્કી કરી એને અમલમાં મૂકવાની નીતિ સ્વીકારવી જોઇએ. તો જ આપણે પ્રજાને લોકશાહીની સાચી કેળવણી આપી શકીશું.

લોકશાસનની સાચી ચાવી છે લોકકેળવણી

લોકશાસનની સાચી ચાવી છે લોકકેળવણી. વહીવટ ચલાવવામાં રાજ્યકર્તાઓને દંડશક્તિનો ઓછામાં ઓછો આશરો લેવો પડે અને ગોળીબાર જેવાં આકરાં પગલાં લેવાં જ ન પડે એવી રીત શોધવી જોઇએ. તેમ છતાં કોઇ કારણસર ગોળીબાર અનિવાર્ય પઇ પડે તો તેની જાહેર તપાસ કરાવવી જોઇએ.

એ ગુજરાતના જ બાળકો હતા

આજકાલ આપણે ત્યાં શહીદ નહીં, શહીદની ચર્ચાઓ ચાલે છે, પણ એ વખતે જે બનાવો બન્યા હતા એ બહુ દુઃખદાયક હતા. છેવટે તો એ વખતે ઘવાયેલા કે મરાયેલા એ આપણા ગુજરાતનાં જ બાળકો હતાં એ લાગણી ભુલાતી નથી. પ્રજાની એ લાગણી તરફ પણ સહાનુભૂતિથી જોવું જોઇએ. તેમનાં માબાપોને પણ હું વિનંતી કરું છું કે તેઓ ગઇગુજરી ભૂલી જાય. પરમેશ્વર એમના આત્માને શાંતિ આપે એ પ્રાર્થના!

આજકાલ નાનાં નાનાં છોકરાઓને હું જોઉં છું, એમની સમજણ અને એમનું શૌર્ય અને એમનું પાણી જોઉં છું, ત્યારે હું ખૂબ ખુશ થઇ જાઉં છું. પણ માબાપોએ કુટુંબો મારફત અને પોતાના જીવન મારફત જે સુસંસ્કારો સીંચવા જોઇએ, એમાંથી આપણે કંઇક પાછા પડયા છીએ, કેવળ પૈસા અને મોટાઇ કમાવામાં પડયા છીએ. શિક્ષકો પણ એમના હાથમાં જે અમોલી મૂડી મૂકવામાં આવી છે, એની કેટલી જવાબદારી છે એનું ભાન પણ વિસર્યા લાગે છે. સરકાર તથા રાજકીય પક્ષો પણ કેળવણી તથા કેળવણીમાં કામ કરનારાઓ પ્રત્યે જેવું ધ્યાન આપવું જોઇએ તેવું નથી આપી શકયા. આ ત્રણેય જો પોતાનું કર્તવ્ય બરાબર બજાવવા લાગી જાય તો આજે જુવાનોની શક્તિનો પૂરેપૂરો ઉપયોગ પ્રજાના હિતમાં વપરાતો થઇ જાય અને આપણે ખૂબ સુખી થઇ શકીએ.

અસ્પૃશ્યતાનિવારણ માટે આપણી સરકારે ઉત્તમ કાયદો કરીને આપણું કલંક ધોયું છે. પણ વર્ષોથી સેવેલા ઊંચનીચના સંસ્કારો હજી પ્રજાજીવનના વ્યવહારમાંથી દૂર નથી થયા. એ માટે તો હજી આપણે પ્રજામાનસ કેળવવાનો ભગીરથ પુરૂષાર્થ કરવો પડશે. એ વાત સ્ત્રીજાતિના પ્રશ્નને પણ એટલી જ લાગુ પડે છે. આ માટે તેમનાં સમાજોપયોગી કામોને પ્રતિષ્ઠા આપવી જોઇએ, અને ઊંચનીચના જાતિભેદ દૂર કરવા જોઇએ.

આવો જ સવાલ દારૂબંધીનો છે. એ અંગે આપણી જે નીતિ છે, તે ખરેખર શ્રેષ્ઠ છે તે ચાલુ રહેવી જોઇએ. તેને સંપૂર્ણપણે સફળ બનાવી શકીએ તો દેશને બહુ મોટો ફાયદો થાય.

ગ્રામસ્વરાજ્યનો આદર્શ

ખરી રીતે તો પૂ. વિનોબાજીએ આપણને ગ્રામસ્વરાજની જે રીત બતાવી છે, તે એ છે કે સરકાર પર બધો આધાર નહીં રાખતાં પ્રજાએ પોતે ગ્રામશક્તિ એકઠી કરીને ખોરાક, પોષાક, રક્ષણ, કેળવણી, આરોગ્ય અને આપસંઆપસના ઝઘડાઓ મિટાવવામાં સ્વાવલંબી બનવું જોઇએ. ઉત્તમ તો એ છે કે લોકો પોતાનો વ્યવહાર પોતાની મેળે કરતા થાય અને રાજ્ય તેમાં સરળતા કરી આપે.

ગુજરાત અને મહારાષ્ટ્ર ભલે અલગ અલગ રાજ્ય બન્યાં. પણ છેવટે તો આપણે સૌ એક જ ભારત દેશના વાસીઓ છીએ. સર્વ પ્રાંતોના લોકો આપણા દેશબંધુઓ છે. સૌની ભાષાઓ એ આપણી જ ભાષા છે. જુદા પડવાનું કે ભેગા રહેવાનું આપણા સ્વાર્થ અને સુખ માટે નથી, પણ આખા રાષ્ટ્રની ઉન્નતિ અને સેવા કરવા માટે છે. આપણે એક જ નાવમાં બેઠેલા છીએ એ વાત કદી ન ભૂલીએ.

આદિવાસીઓને ન ભૂલીએ

વળી આપણી પાસે ગુજરાતની મોટી કોમ આદિવાસી, જે જંગલમાં પડી છે તે કરકસર અને મહેનતથી જીવે છે પણ અજ્ઞાનતામાં જીવે છે. તો એ આદિવાસી કોમની ઉન્નતિ માટે આપણે ખૂબ લક્ષ આપવું પડશે.

આપણે ગાંધીજીના અને સરદારશ્રીના વારસદારો છીએ. એટલે એમણે આપેલા વારસાને શોભાવીએ. પ્રભુ આપણને ગાંધીમાર્ગે રાજ્ય ચલાવવાની, ધનથી ગરીબ છતાં સંસ્કારથી ભવ્ય એવા ભારતના સેવકો થવાની શક્તિ અને સદ્‌બુદ્ધિ આપે અને સુપંથે ચાલવાનું પ્રભુ બળ આપે એવી શુભ પ્રાર્થના કરીને આપણે નવું પ્રયાણ કરીએ.

આપ સર્વેએ આ પ્રસંગે આ પવિત્ર કાર્યની શરૂઆત કરવા માટે મને આગ્રહ કર્યો તે માટે તમારા સૌનો આભાર માનું છું.

सर्वेऽत्र सुखिनः सन्तु, सर्वे सन्तु निरामयाः ।
सर्वे भद्राणि पश्यन्तु, मा कश्चित् दुःखमाप्नुयात् ॥

મુંબઇ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.
મુદ્રણસ્થાન ‘ચંદ્ર પ્રિં. પ્રેસ, ૪૫૧ કાલબાદેવી રોડ, મુંબઇ ૨. ટે. નં. ૨૯૩૦૩

રજીસ્ટર નં B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૨ : અંક ૩

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, જુન, ૧ ૧૯૬૦, બુધવાર
આફ્રિકા માટે શિલિંગ ૮

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ : નયા પૈસા ૨૦

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

❋ હૂંફાળાં હૈયાં ❋

(શ્રીમતી એલિઝાબેથ બર્ડના સ્વાનુભવના એક સુંદર નાનકડા અંગ્રેજી લેખ ઉપરથી રૂપાંતર)

પ્રસંગ પહેલો

થોડાંક વર્ષો પહેલાંની વાત છે.

શિયાળાની ઋતુ હતી. કકડતી ઠંડી હતી. સાંજનો સમય હતો. ઉત્તર સ્કૉટલેંડનાં ડુંગરાળ પ્રદેશના રસ્તા ઉપર એક બસ ધીમે ધીમે આગળ વધતી હતી. આ બસમાં બે સ્ત્રીઓ પાસે પાસે બેઠી હતી. એમાંની એક પ્રવાસે નીકળેલ અમેરિકન બાઇ હતી. એની બાજુમાં બેઠેલી કદાવર બાંધાની, દેખાવમાં અત્યંત સાદીસીધી એવી સ્કૉટલેંડના ખેડૂતવર્ગની સ્ત્રી હતી.

વાતમાં ને વાતમાં પ્રવાસી સ્ત્રીનો આ ટાણે સ્કૉટલેંડનો પ્રવાસ ખેડવાનો હેતુ ન સમજાતાં સ્કૉટ સ્ત્રીએ તેને કહ્યું : "આ ઋતુમાં અહીં સખત ઠંડી પડે છે, પવનના તોફાન સાથે ગમે ત્યારે વરસાદ પડે, બરફ પડે, હેરાન થવાય. તમે આ શિયાળામાં અહીં આવવાનું પસંદ કર્યું એ નવાઇ જેવું."

"મને તો આ જાતનું હવામાન પસંદ છે. હું હમણાં એક ઐતિહાસિક નવલકથા લખું છું. એને માટે મારે વિગતો એકઠી કરવી છે. એ માટે મારે ગામડાંના લોકો સાથે વાતો કરવી જોઇએ. જુના જમાનાથી પરંપરાગત ચાલી આવતી, ઝાઝા ફેરફાર વગરની, દંતકથાઓ તો ગામડાંમાં જ જડે ને ? મારે તો છેલ્લાં ચારસો-એક વર્ષની માહિતી એ રીતે ભેગી કરવી છે." પ્રવાસી બાઇએ કહ્યું.

"એમ ! તો તો તમે જરૂર મારે ત્યાં ચાલો. બે રાત રોકાવામાં વાંધો તો નથી ને ? અમારું ઘર નાનું છે, પણ છે હૂંફાળું. મારા પતિ કામ માટે શહેરમાં ગયા હોઇ મને એટલું બધું એકલું એકલું—સૂનું સૂનું લાગે છે ! તમે આવો તો મને ખૂબ આનંદ થશે." ખેડૂત સ્ત્રી બોલી.

મોટર એક સ્થળે થોભી અને બન્ને સ્ત્રીઓ નીચે ઊતરી ચાલવા લાગી. વરસતા વરસાદમાં બે લોકો આગળ વધ્યાં. છેવટે એક ટેકરીના ઢોળાવ ઉપર એક નાનકડું કાળું પથ્થરનું મકાન દેખાયું. મકાનમાં પહોંચતાં જ ખેડૂત સ્ત્રીએ સાદા છતાં અત્યંત સ્વચ્છ એવા આગલા કમરામાં મહેમાનને માટે વ્યવસ્થા કરી તેને બેસાડી.

એકાએક વીજળીના દીવા હોલવાઇ ગયા. યજમાન સ્ત્રીએ નિસાસો નાખ્યો. "અરેરે ! વીજળીનો પ્રવાહ કપાઇ ગયો લાગે છે" કહેતાં તેણે મીણબત્તીઓ સળગાવી અજવાળું કર્યું. તે બાદ એણે દેવતા સળગાવવાનો આરંભ કર્યો.

એટલામાં બારણું ઠોકાયું. બારણું ઊઘાડતાં એક છોકરો અંદર આવ્યો. ખેડૂત સ્ત્રીએ એનાં પાણી નીગળતાં કોટ ટોપી લીધાં.

ઠંડી ઉરાડવા તે સળગતા દેવતા પાસે ગયો. છોકરાની ઉમ્મર બારેક વર્ષની હશે. બિચારો બહુ જ કઢંગી રીતે અપંગ હતો. જરા થાક ખાઇને એ બોલ્યો : "બાપુએ તમને ટેલીફોન કરવાનો ઘણો પ્રયત્ન કર્યો. ટેલીફોન બગડી ગયો લાગે છે. તમે સહીસલામત તો છોને—એટલું જોવાને હું આવ્યો છું."

"બહુ સારું કર્યું, ભાઇ ! જો, આ બહેન આપણે ત્યાં મહેમાન છે. આજે અહીં જ રહેવાનાં છે." બાએ કહ્યું.

એટલામાં બહાર પવન જોરથી કુંકાવા લાગ્યો. બારી બારણાં ધમધમી ઊઠ્યાં. કલમદાનો ઊછળી ઊછળી અફળાવા લાગ્યાં. બારી-બારણાંની તડમાંથી અંદર આવતો પવન ભયંકર સુસવાટ કરવા લાગ્યો.

"આવાં તોફાન માણવાનું મને તો બહુ જ ગમે છે. આ તો આપણે ઘરમાં છીએ, પણ ખુલ્લામાં હોઇએ ને ત્યાં જ કોઇક સલામત જગાએ ભડભડ બળતા તાપણાં પાસે બેઠાં હોઇએ તો કેવી મજા આવે !" પ્રવાસી સ્ત્રી બોલી.

"તમને બીક નથી લાગતી ?" છોકરો એકદમ બોલી ઊઠ્યો.

પ્રવાસી સ્ત્રી ના કહેવા જતી હતી ત્યાં તો કશાથી નં ડરે એવી પેલી ખેડૂત સ્ત્રીએ વાતનો તંતુ પકડી ઝડપથી જવાબ દીધો.

"બીક કેમ ન લાગે ? બીક તો એમને પણ લાગે ને મને પણ લાગે, પણ અત્યારે તો અમારી પાસે તારા જેવો મરદ છે ને ! પછી કાંઇ બીક હોય ?"

આ જવાબ સાંભળતાં જ છોકરો આનંદમાં આવી ગયો. એનો ચહેરો ખીલી ઊઠ્યો. એનાં અંગોમાં જાણે નવું ચેતન વ્યાપ્યું. ક્ષણભર શાંતિ છવાઇ; પછી એ બોલ્યો.

"બધું બરાબર સલામત છે કે નહીં તે હું જોઇ આવું" એમ કહેતોકને ખોડંગતો ખોડંગતો ઓરડાની બહાર ચાલ્યો.

× × ×

આ પ્રસંગ તો સાદો છે, પણ એમાંથી વિચારવાનું કેટલું બધું મળે છે ? પ્રવાસી સ્ત્રીનો 'ના'નો સીધો જવાબ અને ખેડૂત સ્ત્રીનો મીઠાશભર્યો બુદ્ધિપૂર્વકનો જવાબ એ બે વચ્ચે કેટલું બધું અંતર છે ? સામા માણસના માનસને બરાબર સમજી જઇ પોતાના અને પારકાના જીવનને ભર્યું ભર્યું રાખવા માટે વાણીનો આવો સદુપયોગ કેટલો ફલદાયી છે ? સાચે જ શબ્દોમાં અદ્‌ભુત શક્તિ છે. વ્યક્તિના માનસને અને એના સમગ્ર જીવનને પલટાવવામાં ક્વચિત્ એકાદ મમતાભર્યું સંબોધન પણ અજબ કામ કરી જાય છે.

ખેડૂત સ્ત્રીના શબ્દોએ કેવો જાદુ કર્યો ? એક અપંગ છોકરો પોતાને શક્તિશાળી મરદ ગણીને તે પ્રમાણે વર્તવા મંડી ગયો ! ખેડૂત સ્ત્રીએ જે શબ્દો ઉચ્ચાર્યા એમાં એના હૈયાની સ્વાભાવિક માયાળુતા કારણભૂત હશે કે પછી એણે હેતુપુરઃસર આમ કહ્યું હશે ? એને હૈયે તે ટાણે દયાની લાગણી હશે ? કેવળ બુદ્ધિનો ઉપયોગ જ એણે કર્યો હોય એમ તો ના બને ? કે બન્ને વાત ભેગી હશે ?

જે હો તે. પરિણામ ઉપરથી જો કાર્યની કિંમત આંકાતી

હોય તો એકૂત સ્ત્રીનું હૂંફાળું હૈયું એના અંતરની અતિવિશાળ ઉદારતા પ્રગટ કરી મહામૂલું નથી ઠરતું ?

પ્રસંગ બીજો

સાત વર્ષની ઉમ્મરની એક નાનકડી બાળા હતી.

એને ઘેર આજે ચહાપાણી હતાં અને સગાંવહાલાં તથા ઓળખીતા પાળખીતાની મોટી સંખ્યા હાજર રહેવા સંભવ હતો.

મા ખૂબ જ કામમાં હતી. નાનકડી દીકરીને પણ માનો બોજો હળવો કરવાનું મન થયું. બહાર જઈને એણે સાવ સામાન્ય ગણાતાં ફૂલો તોડી તોડીને તેનો ગુમખો તૈયાર કર્યો.

ઉત્સાહથી ઊછળતી તે ઘરમાં દોડી ને પેલો ગુચ્છો માના હાથમાં મૂકયો.

સામાન્ય મા હોત તો તેણે "લાવ બેટા" કરીને, ગુચ્છો લઈ, એકાદ ભાંગલી દૂધની શીશીમાં તેને બોસી રસોડામાં તેને સ્થાન આપ્યું હોત.

પણ ના. અહીં તો જુદી જ વાત હતી. માતાએ આનંદથી પુત્રી પાસેથી ગુચ્છો લીધો, ત્યાં પડેલી સુંદરમાં સુંદર ફૂલદાનીમાં તેને કાળજીથી બરાબર ગોઠવ્યો અને સૌની સ્વાભાવિક રીતે જ નજર પડે એવા મોખરાના સ્થાને તે ફૂલદાની મૂકી.

દીકરીનું અંતર આનંદથી થનગની ઊઠયું.

પ્રસંગ નાનો છે છતાં પ્રેરક છે. આટલી એક નાનકડી વાતથી માએ દીકરીના અંતરમાં આનંદ પેદા કર્યો, પણ તે ઉપરાંત તેનામાં આત્મશ્રદ્ધા ઉત્પન્ન કરી. બાળકો નાનાં હોય, એમની અણઆવડતને કારણે કશુંક બરાબર ન કરી શકતાં હોય, તેવે પ્રસંગે એમની આત્મશ્રદ્ધાને જાગૃત કરનાર આવાં કૃત્યો એમના જીવન ઘડતરમાં કેટલો મોટો ફાળો આપે છે ? સામાની લાગણીઓને સમજીને વર્તવાનું સહેલું નથી. પણ જે વ્યક્તિ આ માતાની માફક વર્તી શકે તે એના સમાગમમાં આવતાં સૌ કોઈ માટે કેવી અદ્‌ભુત પ્રેરણામૂર્તિ બની જાય ?

પ્રસંગ ત્રીજો

એક ખાનદાન કુટુંબમાં નાનકડો સમારંભ હતો. છોકરાંઓ ભેગાં થઈને રમતાં હતાં.

એક સાદી શરમાળ છોકરી સૌથી જુદી પડી ભીંત પાસે ઊભી રહી ગઈ હતી. રમવાની તેની ઇચ્છા હશે, છતાં તેની હિંમત ચાલતી ન હતી. બાળકોનું એની તરફ ધ્યાન પણ ન હતું.

એ છોકરીની આ દશા ઘરના છોકરાએ જોઈ. તે ધીમેથી એની પાસે ગયો ને મીઠાશથી એને પૂછયું, "તું મારી જોડે ન રમે ?"

છોકરી ખુશ થઈ ને રમવા લાગી. રમતમાં તો તે કુશળ નીકળી. એટલે ધીમે ધીમે બધાં છોકરાંમાં થોડા વખતમાં તે હળી ગઈ. પણ પોતાને રમવા બોલાવનાર છોકરા માટે એને કાયમનો પક્ષપાત થયો.

પ્રસંગ ચોથો

એક સ્નેહાળ દંપતીના જીવનની આ માર્મિક કથા છે.

પત્નીની ચાળીસમી વર્ષગાંઠનો દિવસ હતો.

સ્ત્રીઓને વધતી જતી ઉમ્મરનો વિચાર કેટલો બધો ખેદ ઉપજાવે છે ? સુઘરેલા સમાજમાં હવે યુવતીઓ તરફ જ સૌનો પક્ષપાત હોઈ યુવાવસ્થા વટાવવાને આરે ઊભેલી સુંદરીઓને સ્વાભાવિક રીતે જ વિષાદ થાય. અને તેમાં ય ચાળીસમી વર્ષગાંઠ ! હવે તો મધ્યવય પણ પૂરી થવા આવી હોવાનો ખ્યાલ રૂપગર્વિતા વનિતાને કેવો દિલ કંપાવનારો બને !

પોતાની વર્ષગાંઠને દિવસે જ સવારમાં આ વિચારે સ્ત્રીની આંખમાં આંસુ આણ્યાં.

સવારના ચા–નાસ્તા વખતે તેણે પતિ સાથે આ અંગે મૌન જ સેવ્યું. પણ પતિ બહાર ગયો ને તરત જ તે મોકળે મોંએ રડી પડી. એની કલ્પનામાં ધોળા વાળીવાળી, ચામડીએ કરચલીઓવાળી, પ્રમાણમાં સ્થૂલકાય એવી પોતાની ઘડપણની મૂર્તિ ખડી થઈ ગઈ હતી.

પતિ બહારથી પાછો ફર્યો તે ગાળામાં પત્ની થોડીક શાંતિ મેળવી શકી હતી, પણ એના અંતરનો ઉચાટ શમતો ન હતો.

ભોજનનો સમય થયો ને બન્નેએ જમી લીધું. તે પછી પતિએ વહાલથી કહ્યું, "ચાલ, જો તો ખરી હું તારે માટે શી ભેટ લાવ્યો છું !"

પતિ અને પત્ની બન્ને એકબીજાને તેમની વર્ષગાંઠ પ્રસંગે ભેટ આપતાં. એ ભેટોની પસંદગીની બાબતમાં મોટે ભાગે તો ઉપયોગિતાની દૃષ્ટિ જ કામે લગાડાતી. પત્નીને લાગ્યું કે પોતાને જેની જરૂર છે તે નવી ઢબનો 'કૂકર' (Cooker) તો પતિ નહિ લાવ્યા હોય !.

પણ ના, પતિએ આણેલ બાકસ ઉઘાડતાં જ અંદરથી એક સુંદર સાડી નીકળી. એક નાની ડબ્બીમાં એને તરત જ ગમી જાય એવાં છેલ્લી ઢબનાં એરિંગ હતાં. સાડીના રંગને અનુરૂપ એવાં સુંદર ચંપલ પણ એણે જોયાં અને એનું હૈયું નાચી ઊઠયું. પતિ સંતોષથી પત્નીની ચેષ્ટા નિહાળતો બાજુમાં બેઠો હતો.

પાછળથી પોતાની બહેનપણીની જોડે વાતો કરતાં જ્યારે આ વાત નીકળી ત્યારે તે સ્ત્રીએ જણાવ્યું, "મેં એ બધું જોયું ને હું સમજી ગઈ. એણે તો કશું જ બોલ્યા ન હતા અને છતાં એમની પસંદગીમાં જ એમણે એમના ભાવો નહોતા દર્શાવ્યા શું ? જાણે કહેતા હોય કે મારે મન તો તું સુંદર છે, યુવાન છે, રૂપરમણી છે. અને મારે મન આથી વધુ શું હોય ! મારા અંતરનો ખેદ તે દિવસથી સાવ દૂર થઈ ગયો છે અને મારો જૂનો ઉત્સાહ કાયમ થયો છે. હવે મને જીવનમાં ઉલ્લાસ ઉલ્લાસ ને ઉલ્લાસ જ દેખાય છે !"

પરિણીત જીવનને ઉજાળવા માટે આવા પ્રસંગોનું પુનરાવર્તન કેટલું બધું જરૂરી છે ? જે પરસ્પરનાં પૂરક અને સહાયક છે એવાં જીવનભરનાં આ સાથીઓમાં સામાની લાગણીને સમજી જઈને પ્રસંગને સાચવી લેવાની હૈયાઉકલત હોય તો પૃથ્વી પર સ્વર્ગ જ ઊતરે ને ! પરસ્પરની હૂંફથી પ્રેરણા પામી જીવનની પ્રત્યેક ક્ષણે ચેતન ને ઉલ્લાસ અનુભવનારાં દંપતીને સ્વર્ગના સુખની ય વાંછના રહેતી હશે ખરી ?

પ્રસંગ પાંચમો

પાંચેક વર્ષના એક બાળકના ગળાના કાકડા કપાવવાના હતા. બાળક ઇસ્પિતાલ ગયો ત્યારે પોતાને ખૂબ જ વહાલો રમકડાનો કૂતરો પણ લઈ ગયો. કૂતરો કાંઈ તાજો ખરીદેલો ન હતો; જીર્ણ હતો. એનો રંગ પણ ઝાંખો પડી ગયો હતો અને એક આંખ પણ એણે ગુમાવી હતી. છતાં બાળકને એ કૂતરા માટે ભારે મમત્વ હતું.

ઓપરેશન માટે એને ટેબલ પર સુવાડયો ત્યારે પણ એ પેલા કૂતરાને સોડમાં દબાવી ને જ સૂતો.

ડોકટર આવ્યા, ઓપરેશનની તૈયારી થઈ ગઈ છે એમ જણાતાં નર્સે આગળ આવી બાળક પાસેથી કૂતરો લેવાની તૈયારી કરી ત્યાં જ ડોકટરે એને રોકી, પ્રસંગોચિત ગંભીરતાથી કહ્યું, "રહેવા દો એ કૂતરાને, એને ય ઓપરેશન કરવાનું જ છે ને ?"

ઓપરેશન બાદ કલોરોફોર્મની અસર ઊતરતાં જ્યારે છોકરો ભાનમાં આવ્યો ત્યારે એણે જોયું તો એનો વહાલો કૂતરો પણ ઓશીકા ઉપર માથું રાખી સૂતો છે અને જે ઠેકાણેથી એની આંખ નીકળી ગઈ હતી તે ઠેકાણે એક સ્વચ્છ પાટો અત્યંત સફાઈથી અને કાળજીથી ડાકટરે બાંધ્યો છે !

× × ×

પોતાના બાળક–દર્દીની લાગણીનો ખ્યાલ રાખનાર ડાકટરે બાળકના ઓપરેશન વખતે એ બાળકના રમતના સાથી એના

રમકડાંના કૂતરાને પણ સાથી તરીકે રાખ્યો! સમસંવેદનની લાગણી હૈયાનો ભાર હળવો કરવામાં કેટલી બધી મદદરૂપ બને છે?

બુદ્ધિપૂર્વક પારકાને ઉપયોગી થઇ પડવાની અને પ્રોત્સાહિત કરવાની આવી નાનીમોટી કેટલીય તક આપણને અવારનવાર સાંપડતી રહે છે.

પ્રસંગ છઠ્ઠો

એક બહેન બજારમાં ખરીદી કરવા નીકળ્યાં.

એક ઠેકાણે જરા ઊંચી બેઠક ઉપર બેસી બાપ શાકભાજી વેચતો હતો ને તેનો આઠેક વર્ષનો પુત્ર નીચે ઊભો ઊભો તેને મદદરૂપ થવા બનતું કરતો હતો.

પેલાં બહેન ત્યાં આવ્યાં. પેલા છોકરાએ એમની જરૂરિયાત પૂછીને એમને એક ટોપલી ફૂલાવર વેચ્યું. પૈસા લેવા માટે તે હવે ખુશ થતો થતો રાહ જોતો ઊભો.

પેલા બહેને પર્સમાંથી પૈસા કાઢયા, પણ પેલા છોકરાના હાથમાં આપવાને બદલે એમણે ઊંચો હાથ કરી એના બાપને પૈસા આપ્યા.

આમ થતાંની સાથે જ છોકરાના મોં ઉપરનું હાસ્ય ઊડી ગયું. એના ખભા ઢળી ગયા. એ ગરીબડો બની ગયો.

પેલાં બહેનની ચપળ દૃષ્ટિએ આ ફેરફાર પારખ્યો અને એમને લાગ્યું કે પેલા બાળકનું સ્વમાન ઘવાયું છે. તરત જ એમણે પાછો છોકરાને ઉદ્દેશીને ટામેટાં ને ગાજરનો ભાવ પૂછ્યો. કચવાતે મને છોકરાએ ભાવ કહ્યો. પેલાં બહેને બન્ને ચીજ થોડી થોડી ખરીદી અને છોકરાએ તે એમની થેલીમાં મૂકી આપી.

પોતાની પાસે પૈસા ચૂકવવા જેટલું પરચુરણ હતું તે છતાં પેલાં બહેને એક રૂપિયાની નોટ કાઢી પેલા છોકરાના હાથમાં મૂકી.

બે એક મિનિટ મોઢા પર ગુસ્સો લાવી પેલા છોકરાએ હિસાબ ગણ્યાં કર્યો. પછી એકાએક પ્રફુલ્લિત બની પેલાં બહેનને બાકીના પૈસા બરાબર હિસાબ પ્રમાણે પાછા આપ્યા.

પેલાં બહેને તરત જ એને કહ્યું, "વાહ, વાહ! તું તો બડો હોશિયાર છે! આટલો જલદી હિસાબ તો મારાથી પણ થતો નથી."

"એરે એમાં તે શી મોટી વાત હતી?" એમ કહેતાં કહેતાં બાળકે બાપ સામે જોયું. અલબત્ત બાળકને માટે તો ખરેખર એ બહુ, મહત્ત્વની વાત હતી જ, અને એ સ્પષ્ટ થતાં પેલાં બહેન અને બાપદીકરાના મુખ ઉપર સંતોષ અને આનંદની સુરખી ફેલાઇ.

× × ×

કહે છે કે આ જાતની અંતરની ઉદારતા સામી વ્યક્તિના સ્વમાનની રક્ષક અને પોષક બને છે અને એના ઘડતરમાં ખૂબ જ મહત્ત્વની બને છે. એક નાનકડા દાખલાથી એ સ્પષ્ટ થશે. બાપ નોકરીએથી સાંજે ઘેર આવે ને બાળક એની સામે દોડી જઇ, એને ભેટી પડી, ઉત્સુકતાથી પ્રશ્ન કરે કે "આજે ગામમાં શું બન્યું એ તમે જાણો છો?" અને બાપ પોતે જાણે કશું જાણતો જ નથી એમ બતાવી કહે–"ન રે ભાઇ! મને તો કાંઇ ખબર જ નથી. શું થયું? મને નહીં કહે?" અને પછી બાળક ઉત્સાહથી જે વિગતો આપે તે એ શાંતિથી સાંભળી લે તો બાળકને કેટલો બધો આનંદ અને સંતોષ થાય? પણ એથી ઊલટું બાપ એમ જ કહી નાખે કે "હા હા! એ બધું સાંભળ્યાને તો કલાક થઇ ગયો." તો બાળક હતાશ થઇ જાય છે.

આ જગતમાં પ્રેમ પ્રત્યેક સ્થળે ઊભરાતો જ હોય છે–માત્ર એનો સાક્ષાત્કાર કરાવવાની કુનેહ જોઇએ! હુંફાળાં હૈયાંની મીઠાશ પ્રેમનાં ભીડેલાં દ્વારને સહેલાઇથી ખુલ્લાં કરી શકે છે.

રૂપાન્તરકાર:–અધ્યાપક ભૂપેન્દ્ર ત્રિવેદી

પ્રકીર્ણ નોંધ

શિખરમંત્રણા પરિષદનું ભાંગાણ અને દુનિયાની તંગદિલીમાં વધારો

જાસુસીતિમિત્તે રશીઆના આકાશ–પ્રદેશમાં ઉડી રહેલ યુનાઇટેડ સ્ટેઇટ્સનું યુ.૨ હવાઇ વિમાન મે માસની પહેલી તારીખે રશિયાએ રોકેટથી તોડી પાડયું અને વિમાની ફ્રાન્સીસ પાવર્સને પકડવામાં આવ્યો અને આ સામે રશિયાના વડા પ્રધાન ક્રુશ્ચેવે ઉગ્ર ઉહાપોહ શરૂ કર્યો. આ જાસુસી કાર્ય અંગે યુનાઇટેડ સ્ટેટ્સની સરકાર તરફથી તરેહ તરેહના ખુલાસાઓ બહાર પાડવામાં આવ્યા અને છેવટે સત્તાવાર રીતે એ મતલબની જાહેરાત કરવામાં આવી કે આવી જાસુસી પ્રવૃત્તિ વર્ષોથી ચાલી રહી છે અને હવે પછી પણ અમેરિકા તરફથી ચાલુ રાખવામાં આવશે. આ જાહેરાતથી રશિયાના વડા પ્રધાન ક્રુશ્ચેવ ખૂબ ધુંધવાઇ ઊઠ્યા અને મે માસની ૧૬મી તારીખે યોજાયલી શિખર મંત્રણા પરિષદ તોડી નાંખી. આ બન્યું ત્યારથી દુનિયાની તંગદિલી ઘટવાને બદલે વૃદ્ધિંગત થઇ છે અને ઠંડા યુદ્ધનું વાતાવરણ વધારે ઘટ્ટ બન્યું છે. માંડ માંડ સંધાતાં જે તુટી ગયું એ હવે પાછું કયારે સંધાશે એ કહી શકાય તેમ નથી. દુનિયાના ભાવીનો વિચાર કરતાં આ એક અત્યન્ત અનિષ્ટ ઘટના નિર્માણ થઇ છે. આ સંબંધે બન્ને પક્ષ–યુનાઇટેડ સ્ટેઇટ્સ અને રશીઆ–સરખા દોષિત છે. પરસ્પર જાસુસી ભલે બન્ને રાષ્ટ્રો કરતા હોય, પણ યુનાઇટેડ સ્ટેઇટ્સે તેનો જે નફ્ટ બચાવ કર્યો તે આજના આન્તર–રાષ્ટ્રીય ધોરણે વિચારતાં કોઇ પણ રીતે ટકી શકે તેમ છે જ નહિ, અને રશીઆ જેવા સત્તામાતબર દેશ આવી અવમાનિત પરિસ્થિતિ સ્વીકારી શકે જ નહિ. અને બીજી બાજુએ રશીઆના મંહા અમાત્ય ક્રુશ્ચેવે આનો વિરોધ કરતાં જે વાણીનો અસંયમ દાખવ્યો અને બોલતાં બોલતાં બધી માઝા મૂકી અને સાથે બેસીને દુનિયાના મુખ્ય જટિલ પ્રશ્નો વિષે, જ્યાં સુધી ચાલી રહેલ હવાઇ જાસુસી અંગે યુ. સ્ટે. માફી માંગે નહિ અને આવું ભવિષ્યમાં કદિ નહિ બને એવી ખાત્રી આપે નહિ, અને આને લગતા જવાબદાર માણસોને શિક્ષા કરવાનું વચન આપે નહિ ત્યાં સુધી, કશી પણ ચર્ચા કે વાટાઘાટ કરવાની ચોખ્ખી ના પાડી. આ વર્તન પણ એટલું જ અણઘટતું અને અક્ષમ્ય ગણાય. આમ બન્ને બાજુની ભૂલોના પરિણામે જે વિષે બહુ મોટી આશા સેવાતી હતી તે શિખર-મંત્રણા પરિષદ ભાંગી પડી, અને મનમાં એકમેક વિષે ખૂબ કડવાશ સંગ્રહીને બન્ને નેતાઓ છૂટા પડ્યા, અને દુનિયા માટે જલ્દિથી ન ઉકેલી શકાય એવી સમસ્યા ઉભી થઇ.

આ બનાવ દુનિયાના અમંગળ ભાવિનું અનેક રીતે સૂચન કરે છે. દિવસે દિવસે હવે પરિસ્થિતિ કથળતી જશે અને પડેલા ભંગાણને કોઇ સાંધી નહિ શકે. રાષ્ટ્રો વચ્ચે નાની મોટી અથડામણો ઉભી થયા કરશે અને કોઇ પણ વખતે નાની સરખી ચીનગારી લાગતાં યુદ્ધનો દાવાનળ ફાટી નીકળશે. રશીઆ અને યુનાઇટેડ સ્ટેટ્સ વચ્ચે મીઠાશથી બોલવાનો વ્યવહાર તુટી પડયો અને સત્તાનું જેનામાં પાર વિનાનું ઘમંડ છે અને જેના મોઢે પરંપરાગત સભ્યતા કે સંસ્કારિતાનું કોઇ ચોકઠું નથી તેવા કુશ્ચેવ સાથે કામ પાડવું મુશ્કેલ બની ગયું. ચીન જે આવી કોઇ શિખરમંત્રણાઓ થાય અને પરસ્પર લાંબા ગાળાની સુલેહ શાન્તિ સ્થપાય એમ ઇચ્છતું નહોતું તેને આ ઘટનાથી નવું જોર મળી ગયું. પરિણામે તેની આક્રમક નીતિને નવો વેગ મળશે, આસપાસના દેશોને તે વધારે ને વધારે દબાવતું રહેશે અને ભારત સાથેના સંઘર્ષમાં વધારો થશે. આ રીતે શિખર–મંત્રણાનું ભંગાણ ભારત ઉપર પણ આડકતરી રીતે ઘણી ગંભીર અસર કરશે એમ લાગે છે. વળી રશીઆ

તરફથી ચાલી રહેલી ધાકધમકીઓ બીજા નાના દેશો–પાકીસ્તાન, ટર્કી, જાપાન–વગેરે માટે નવી નવી મુંઝવણો ઉભી કર્યા કરશે. એમ પણ ભાસે છે.

આ બધું જે રીતે બની રહ્યું છે અને જે તરફ દુનિયાને ધસડી રહ્યું છે તે જોતાં આપણા દિલમાં પ્રશ્ન ઉઠે છે કે શું આજની દુનિયા શાણપણ પરવારી બેઠી છે? શું આજે દુનિયામાં કોઈ શાણા માણસો રહ્યા જ નથી? આ બધું આમ કેમ બની રહ્યું છે? દુનિયામાં આજે શાણા સમજુ માણસો નથી એમ નથી. આ બધું આમને આમ ચાલ્યા કરે તો એમાંથી સર્વતોમુખી વિનાશ જ પેદા થાય એ બાબતની આ લોકોને સમજણ નથી એમ પણ નથી. એમ છતાં પણ એ તરફ આપણે બધા કેમ ઘસડાઈ રહ્યા છીએ? આનો વિચાર કરતાં મહાભારતની ઘટના યાદ આવે છે. બન્ને પક્ષે અનેક સમજુ અને ડાહ્યા માણસો હોવા છતાં દ્યુત તરફ બન્ને પક્ષના આગેવાનો પ્રેરાયા અને તેનું આખરી પરિણામ બન્ને કુળોના નાશમાં આવ્યું. આજે પ્રમુખ રાષ્ટ્રના આગેવાનો સુલેહશાન્તિની વાતો કરે છે, પણ કંઈ પ્રતિકુળ ઘટના બને છે તો એક અન્ય સામે શસ્ત્ર ઉગામે છે અને પાર વિનાની ધમકી આપે છે. હરેકને શાન્તિ જોઈએ છીએ, કારણ કે આ દુનિયામાં ટકવા માટે શાન્તિ સિવાય બીજો કોઈ ઉપાય નથી; પણ દરેકના દિલમાં અન્યને દબાવવાની, દબડાવવાની, પરાસ્ત કરવાની વૃત્તિ છે. અન્યની નબળાઈ ઉપર સવાર થઈ બેસવાની તત્પરતા છે. સૌ કોઈને શાન્તિનું અમૃત જોઈએ છીએ, પણ દિલમાં એક મેક સામે રાગ દ્વેષનાં હળાહળ ઝેર ભર્યા છે. શાન્તિ ખાતર કોઈ કશું ખમી ખાવા, ગળી જવા કે ભોગ આપવા તૈયાર નથી. ઉદ્દંડ વાણી, કંઈક પ્રતિકુળ બન્યું કે પડકાર અને શસ્ત્ર–સરંજામનો ચાલુ ખડખડાટ–આ જ્યાં સુધી દુનિયાની ચાલુ પરિસ્થિતિ હોય ત્યાં સુધી શાન્તિની સ્થાપના થાય શી રીતે અને સ્થપાય તો ટકે શી રીતે? આજની દુનિયાનું ભાવી અનેક પ્રસ્ફોટક શક્યતાઓથી ભરેલું છે, અને કોઈ પણ ક્ષણે વિશ્વસંહારમાં પરિણમતો જ્વાળામુખી ફાટી નીકળવા સંભવ છે. અંદરના રાગ–દ્વેષના પ્રશમન સિવાય અને દિલના આમૂલ પરિવર્તન સિવાય દુનિયા માટે બચવાની કોઈ આશા નથી.

વિનોબાજી અને બહારવટીઆઓ

ઉત્તર પ્રદેશ, મધ્યપ્રદેશ અને રાજસ્થાનના સરહદ પ્રદેશોમાં ચંબલ નદીની આસપાસ ડાકુઓની–બહારવટીઆઓની એક મોટી જમાત કેટલાક સમયથી અડ્ડો જમાવીને બેઠી હતી, આસપાસના લોકોને ખૂબ રંજાડતી હતી અને પોલીસ દળને સતત હંફાવતી હતી. પોલીસ પ્રવૃત્તિને લીધે કોઈ ડાકુઓ મરાતા હતા તો કોઈ પકડાતા હતા, કોઈ ફાંસીએ ચઢતા હતા તો કોઈ લાંબી કેદની શિક્ષા ભોગવતા હતા. આ રીતે જે ડાકુઓ નિષ્ક્રિય બનતા તેની જગ્યા બીજા ડાકુઓ પૂરી દેતા અને એ રીતે ડાકુઓની પરંપરા જીવતી રહેતી હતી. અને રંજાડ, લૂંટફાટ અને ખુનરેજી સતત ચાલ્યા કરતી હતી.

આવા ડાકુઓની સમાજવિરોધી પ્રવૃત્તિઓથી જે ત્રાસ પેદા થાય છે તે કારણે આપણે આ ડાકુઓને એક પ્રકારના નરરાક્ષસ જેવા કલ્પીએ છીએ અને તેમને પકડવા અને જેલમાં પૂરવા અથવા તો ફાંસીએ ચઢાવવા એ સિવાય તેમનાથી બચવાનો કે સમાજને બચાવવાનો બીજો કોઈ માર્ગ જ નથી એવી માન્યતા આપણા સર્વમાં સામાન્ય રીતે રૂઢ થયેલી છે. માનવતાનો સર્વથા અભાવ એટલે જ ડાકુ–આવી ડાકુ વિષેની આપણી ચાલુ કલ્પના છે. જાનમાલને હાનિ પહોંચાડવાની તેમની ચાલુ પ્રવૃત્તિથી તેમને વારી શકાય કે વાળી શકાય એ આપણને કદિ સંભવિત લાગતું નથી. તેમની પ્રકૃતિમાં સર્વ સદંશોનો લોપ થયાનું આપણે સદા માનતા આવ્યા છીએ.

વિનોબાજી ફરતા ફરતા આ ભીંડ–મુરૈનાના પ્રદેશમાં આવ્યા અને આ વિસ્તારની ડાકુ સમસ્યા તરફ તેનું ધ્યાન ખેંચાયું. આ ડાકુઓ સાથે અને તે શક્ય ન હોય ત્યાં તેમના સગાંવહાલાંઓ સાથે સંપર્ક સાધવાનો તેમણે પ્રયત્ન હાથ ધર્યો. ડાકુ વિસ્તારમાં તેમણે ફરવાનું શરૂ કર્યું. આ સમાજવિરોધી પ્રવૃત્તિ છોડી દેવા તેમણે એક પછી એક અપીલો કરવા માંડી અને આજનો નિષ્ઠુર વ્યવસાય છોડીને પોતાની પાસે નિર્ભયપણે ચાલી આવવા વિનંતિ કરવા માંડી. બીજી બાજુએ ત્રણે પ્રદેશના સત્તાધીશો, રાજ્યપાલો અને પ્રધાનો સાથે તેમણે સંપર્ક સાધવો શરૂ કર્યો અને આ સમસ્યાનો કોઈ અહિંસક ઉકેલ હોઈ શકે કેમ તેની ચર્ચા વાટાઘાટ કરવા માંડી. વળી જે કોઈ શરણે આવે તેને તત્કાળ અટકમાં નહિ લેવાની તેમણે પોલીસ અધિકારીઓ પાસેથી ખાત્રી મેળવી લીધી. અલબત્ત, કરેલા ગુન્હાઓની તેમને ભાફી મળશે એવી કોઈ આશા આ ડાકુઓને આપવામાં આવી જ નહોતી. આમ છતાં પણ વિનોબાજીથી પ્રભાવિત બનીને આ ડાકુઓ એક પછી એક વિનોબાજીના શરણે આવવા લાગ્યા. વિનોબાજીએ તેમને સ્વજન ભાફક આવકાર્યા, પોતાની પદયાત્રામાં સામેલ કર્યા, અને અન્તરના ઊંડા પ્રેમથી તેમને જીતી લીધા. આ રીતે આજ સુધીમાં ૧૮ ડાકુઓ વિનોબાજીના શરણે આવ્યા છે. આ ડાકુઓને થોડા દિવસ પોતાની સાથે રાખીને પોલીસને સ્વાધીન કરવામાં આવ્યા છે. લખ્ખણ નામનો એક મોટો ડાકુ હજુ વિનોબાજીને વશ થયો નથી. તેના દિલને સ્પર્શવા વિનોબાજી પ્રયત્ન કરી રહ્યા છે. આશા છે કે આ બાબતમાં પણ વિનોબાજીને જરૂર સફળતા મળશે.

આ ડાકુઓનાં દિલમાં ખરેખર પલ્યાનું પરિવર્તન થઈ ચૂક્યું છે એમ માની લેવા યોગ્ય હજુ કોઈ માહિતી આપણને મળી નથી. વળી આજે જે કાંઈ પરિવર્તન થયું છે તે સ્થાયી પરિવર્તન છે એમ સ્વીકારી લેવાને પણ કોઈ કારણ નથી. આમ છતાં પણ પોલીસથી સંતાતા, છુપાતા અને પોલીસને થાપ દેતા ડાકુઓ આમ સરળ ભાવે ચાલી આવે, અને પોલીસ તેમને આખરે પકડવાની છે, અને તેમના ગુન્હાઓ પુરવાર થયા મુજબ તેમને શિક્ષા થવાની છે એવી ખાત્રી હોવા છતાં વિનોબાજીના ચરણોમાં એક પછી એક ઢળી પડે–આ એક ભારે ચમત્કારી ઘટના બની છે. આ ડાકુઓ કઈ રીતે આટલા બધા પ્રભાવિત બન્યા અને છુપાયલા સ્થાનેથી વિનોબાજી સમક્ષ ચાલી આવવા સુધીની આ આખી પ્રક્રિયા દરમિયાન તેમના ચિત્તના કેવા આઘાત પ્રત્યાઘાત હતા તેની હજુ આપણને કશી ખબર નથી. આ ડાકુઓનું ભાવી શું કલ્પાયું છે–તેમને ચાલુ શિરસ્તા મુજબ ફાંસીના લાકડે ચઢવાનું છે કે જેલમાં આખું જીવન ગુજારવાનું છે–એ વિષે પણ આપણે કંઈ કહી શકવાની સ્થિતિમાં નથી. આમ છતાં પણ આ પ્રકરણમાંથી બે બાબતો આપણે સારરૂપે તારવી શકીએ તેમ છે.

એક તો આ ડાકુઓને આપણે કેવળ જંગલી પશુઓ અથવા તો નરરાક્ષસ સમા કલ્પીને ચાલીએ છીએ અને તેમાં કોઈ સદ્‌વૃત્તિનો અંશ જ ન હોય એમ માની લઈએ છીએ–આ આપણી માન્યતા કેવળ એકાંગી છે. દરેક માનવીમાં સદ્ અને અસદ્–બન્ને પ્રકારની વૃત્તિઓ પડેલી જ છે. આપણે જેને સારી વૃત્તિવાળો માનવી લેખીએ છીએ તેમાં પણ લોભ, અભિમાન, દ્વેષ, ક્રૂરતા, નિષ્ઠુરતા વગેરે અસદ્ વૃત્તિઓ પડેલી જ હોય છે, પણ સદ્‌વૃત્તિઓના જોરે તે દબાયલી રહે છે. આવી જ સ્થિતિ ડાકુઓની છે. તેમનામાં પણ શ્રદ્ધા, દયા, કરુણા, કોમળતાના અંશો પડેલા જ હોય છે, પણ લૂંટફાટ અને મારઝૂડના ચાલુ વ્યવસાયના પરિણામે આ સદ્‌વૃત્તિઓ દબાયલી હોય છે. તેમની પ્રકૃતિમાં રહેલા સદંશને સ્પર્શનાર કોઈ વ્યક્તિનો યોગ થતાં અથવા એવી કોઈ ઘટના બનતાં સદ્‌વૃત્તિઓ જાગૃત થાય છે

અને દુષ્ટ દેખાતી વ્યક્તિમાં ન કલ્પી હોય એવી કેટલીયે માનવતાનાં–અભિનવ માનવતાનાં–દર્શન થાય છે. વિનોબાજી આ ડાકુઓમાં રહેલી માનવતાને, શ્રદ્ધાને, સદ્‌ભાવને, સ્પર્શી શક્યા, જાગૃત કરી શક્યા. પરિણામે એમનાં દિલ હલી ઉઠ્યાં અને વિનોબાજી તરફ આકર્ષાયા અને તેમના પવિત્ર ચરણોમાં તેમણે પોતાનાં શિર ઝુકાવ્યાં. ભૂતકાળની પૌરાણિક કથાઓમાં ચોર, લુટારૂઓ અને વ્યભિચારી વ્યક્તિઓ સમયાન્તરે ઈશ્વરના મહાન ભકતો બન્યાનાં વર્ણનો આવે છે. અજામીલ, અંગુલમાલી, સુરદાસ, વાલ્મીકિનાં દૃષ્ટાન્તો સુપ્રસિદ્ધ છે. તેમના જીવનમાં આવાં પરિવર્તનો શી રીતે થયા હશે તેનો કાંઇક ખુલાસો આજે આપણી આંખો સામે બની રહેલી વાસ્તવિક ઘટનામાંથી આપણને મળે છે.

આ ઘટના સાથે સંબંધ ધરાવતી બીજી બાબત એ છે કે માનવી માનવીને આપણે બે કોટિમાં વહેંચતા ચાલીએ છીએ. ચાલુ નૈતિક ધોરણ પ્રમાણે જે માનવી સારો લાગે તેને આપણે સજ્જન તરીકે ઓળખીએ છીએ અને જે માનવી ખરાબ લાગે તેને આપણે દુર્જન તરીકે ઓળખીએ છીએ. સજ્જનોમાં પણ જે ઉત્કૃષ્ટ કોટિનો હોય તેના માટે આપણે સવિશેષ આદર–ભક્તિ–પૂજ્યભાવ ચિન્તવીએ છીએ દુર્જનોમાં પણ જે નિકૃષ્ટ કોટિનો હોય તેના વિષે આપણે અનાદર–અણગમો–તિરસ્કાર ચિન્તવીએ છીએ. આ પ્રકારના આપણા ચાલુ વર્તનને–વ્યવહારને–સમાજમાં નૈતિક ધોરણોની પ્રતિષ્ઠા ટકાવી રાખવા માટે, ઉચિત, આવશ્યક અને તેથી આદરણીય લેખીએ છીએ. આ રીત-વ્યવહારપદ્ધતિ–આપણી જેવા સામાન્ય કોટિના માનવીઓની છે. સન્ત પુરૂષની રીતભાતૅ અને વલણ તદ્દન જુદા જ પ્રકારનાં હોય છે. તેમના દિલમાં કોઇ માટે તિરસ્કાર તો સંભવતો જ નથી. તિરસ્કારનું સ્થાન કરૂણા લે છે અને અનાદરનું સ્થાન પ્રેમ લે છે. દુનિયાના તિરસ્કારાયલા તે તેમના પ્રીતિપાત્ર બને છે, અને ખોટા માર્ગેથી તેમને કેમ પાછા વાળવા; તેમનામાં સમ્યક્ દૃષ્ટિ કેમ જાગૃત કરવી અને તેમનું કેમ કલ્યાણ સાધવું એ જ માત્ર તેમની ચિન્તાનો વિષય બને છે. તેમના માટે કોઈ 'lost soul'–જેના માટે કેઇ આશા સંભવે જ નહિ એવો આત્મા' છે જ નહિ આનો અર્થ એમ નથી કે આવી નિકૃષ્ટ કોટિની વ્યક્તિમાં રહેલા અસદ્‌ંશો તેમને દેખાતા નથી. આ સમાજવિરોધી અસદ્‌ંશો તેઓ જરૂર દેખે છે, પણ સાથે સાથે તેનામાં દબાઇ રહેલા સદ્‌ંશોને–એટલે કે ઇશ્વરી તત્વને–પણ તેઓ નિહાળે છે અને તે તરફ પોતાની દૃષ્ટિને એકાગ્ર કરીને તેના વિષે તેઓ સદ્‌ભાવ, પ્રેમ, આત્મીયતા અનુભવે છે. સન્ત પુરૂષો દરેક માનવીમાં ઇશ્વરનાં દર્શન કરે છે એમ જે કહેવાય છે તેનો અર્થ આ છે.

આપણે ત્યાં વિનોબાજી એક સન્ત કોટિના પુરૂષ છે. તેમણે આ ડાકુઓમાં–આ બહારવટીઆઓમાં–રહેલા દુષ્ટતાનાં જ કેવળ દર્શન ન કર્યાં, પણ તેમનામાં દબાઈ રહેલાં સૌહાર્દના, માનવતાનાં, પરમ ચૈતન્યનાં પણ દર્શન કર્યાં, અને પરિણામે તેમનો આ ડાકુઓ વિશેનો અભિગમ કેવળ સદ્‌ભાવનાનો–આત્મીયતાનો રહ્યો. જેમને આપણે કેવળ તુચ્છકારની દૃષ્ટિથી જોવાને ટેવાયેલાં છીએ તેમનામાં તેમણે એક જ પિતાનાં સન્તાનો–સહોદર બંધુઓ–જોયા. આવા આત્મીય ભાવથી તેમણે તેમને બોલાવ્યા, પાસે બેસાડ્યા, પંપાળ્યા, સાથે ભોજન કર્યું, પાણી પીધું અને મહોબ્બત કીધી, તે એ હદ સુધી કે આ ડાકુઓને પણ પ્રતીતિ થઇ કે આ આપણો સ્વજન છે; તે જે કાંઈ કહે છે તે કેવળ આપણા હિતનું કહે છે; આપણા માટે તેને નથી અણગમો, તુચ્છકાર કે તિરસ્કાર, પણ આપણા જીવનની આટલી બધી અધમતા હોવા છતાં, તેના દિલમાં આપણા માટે ઉંડો સદ્‌ભાવ, સમભાવ, અને અપાર કરૂણા છે.

ભગવાન પતંજલિના યોગસૂત્રમાં પહેલું સૂત્ર છે અહિંસાપ્રતિષ્ઠાયાં વૈરત્યાગઃ। અહિંસાની જ્યાં પ્રતિષ્ઠા થાય છે ત્યાં સામેની વ્યક્તિના દિલમાંથી વૈરભાવ સરી જાય છે. આ સૂત્રનો ભાવ આ પ્રકરણમાં આબેહુબ મૂર્તિમન્ત થઇ રહ્યો છે. માનવતાના શત્રુ સમા, માનવીનું ખુન કરતાં જેનો હાથ અચકાતો નથી એવા નિષ્ઠુર પ્રકૃતિના, વર્ષોની ડાકુગીરીથી નઠોર બની ચૂકેલા આ બહારવટીઆઓ, જેમ લોઢું લોહચુંબક તરફ આકર્ષાય તેમ વિનોબાજી તરફ આકર્ષાયા, કારણ કે વિનોબાજીમાં અહિંસા પ્રતિષ્ઠિત હતી, વેદાન્તનું અદ્વૈત પ્રતિષ્ઠિત હતું. તેમના શબ્દથી, આ ડાકુઓમાં રહેલી દુષ્ટતા, માનવ– શત્રુતા, જાણે કે સરી પડી, ખરી પડી અને જેમ ઘેટાં ભરવાડ પાસે ચાલી આવે તેમ આ ડાકુઓ વિનોબાજીના સાન્નિધ્યને શોધતા ચાલી આવ્યા. અને પારસમણિના સ્પર્શથી જેમ પીતળમાં સોનાની ચમક આવે, તેમ વિનોબાજીના સંસ્પર્શથી તેમનામાં માનવતાની ચમક ઝગારી ઉઠી. અહિંસાથી પ્રભાવિત બનેલા ડાકુઓ અને ઊંડા દિલના ઉમળકાથી તેમને આવકારતા–ભેટતા પ્રેમપ્લાવિત વિનોબાજી–આવી સુભગ દૃશ્યના કારણે અદ્‌ભુત બનેલી આ ઘટના આખા ભારતનું ધ્યાન ખેંચી રહેલ છે અને એના રહસ્યને સમજવા જીરવા સૌ કોઇ આતુરતા સેવી રહ્યું છે.

પૂરક નોંધ : જે પ્રદેશમાં બહારવટિયાઓ વસે છે તે ભીંડ તથા મુરૈનાના પ્રદેશમાં પ્રવેશ કરતાં પહેલાં શ્રી. વિનોબાજીએ આગ્રા ખાતેથી તા. ૫-૫-૬૦ના રોજ હિંદીમાં એક નિવેદન કર્યું હતું. તે નિવેદન પ્રસ્તુત વિષયમાં વિનોબાજીને સમજવામાં મદદરૂપ થશે એમ સમજીને તેનો અનુવાદ નીચે આપવામાં આવે છે.

"અહિંથી હું ભીંડ–મુરૈનાના બહારવટિયાઓમાં જવા ધારું છું. આજ સવારે મને કોઇએ પૂછ્યું કે 'શું આપ ડાકુઓનાં ક્ષેત્રમાં જવા ધારો છો?' તો મેં કહ્યું કે 'નહિ, ડાકૂઓના ક્ષેત્રમાં જવાનો મારો વિચાર નથી. હું ભીંડ–મુરૈનાના ક્ષેત્રમાં જરૂર જવા ઇચ્છું છું. પણ એ ક્ષેત્રને સજ્જનોનું ક્ષેત્ર સમજું છું. જેવી રીતે આખું હિંદુસ્તાન સજ્જનોનું ક્ષેત્ર છે એવી રીતે તે પણ છે અને ડાકૂ કોણ છે અને કોણ નથી એનો ફેંસલો તો પરમેશ્વરની પાસે થવાનો છે. એ જરૂરી નથી કે, જેને ડાકૂ માનવામાં આવે છે તે ડાકૂ હોય જ છે. બીજા પણ ઘણા ડાકૂ હોય છે અને સંભવિત છે કે પરમેશ્વરની દૃષ્ટિમાં અધિક ગુનેગાર બીજા જ સાબિત થાય."

ગુજરાતના વહીવટી અને શૈક્ષણિક માધ્યમ અંગે એક વિચારણા

ગુજરાતનું એક અલગ રાજ્ય ઘટક નિર્માણ થતાં તેનો વહીવટ ગુજરાતના માધ્યમ દ્વારા ચાલશે એવી નવી સરકાર તરફથી કરવામાં આવેલી જાહેરાત અને તે પહેલાં તે અંગે ગુજરાતના પાટનગર અમદાવાદ ખાતે ચાલેલી ઉગ્ર ચર્ચા – આ બે કારણોને લીધે આ ભાષા કોય પ્રશ્નનો વધારે ઊંડાણથી તેમજ વ્યાપકતાથી વિચાર કરવાની જરૂર ઉભી થઇ છે.

અંગ્રેજી હકુમત દરમિયાન બધું ઉચ્ચ શિક્ષણ અંગ્રેજીમાં અપાતું અને રાજ્ય વહીવટ મોટા ભાગે અંગ્રેજીમાં ચાલતો; કાયદા કાનૂન અંગ્રેજીમાં ઘડાતા અને અદાલતી કામકાજ પણ અંગ્રેજીમાં ચાલતું. આનાં બીજા અનેક ગેરફાયદાઓ હતા, પણ સાથે સાથે આપણું ધ્યાન ખેંચે એવો એક વિશેષ લાભ પણ હતો. અને તે એ કે સૌ કોઇ રાજ્યાધિકારીઓને અંગ્રેજીના માધ્યમ દ્વારા વ્યવહાર કરવાનો હોઇને તેમની ફેરબદલી આખા ભારતમાં છૂટથી થઇ શકતી, અધ્યાપકોની પણ એવી જ છુટથી હેરફેર થઇ શકતી, વિદ્યાર્થીઓ ભારતમાંની કોઇ પણ એક કોલેજમાંથી છુટા થઇને અન્ય કોઇ કોલેજમાં સરળતાથી પ્રવેશ કરી શકતા અને કાયદાકાનૂનની સર્વત્ર એક જ પરિભાષા રહેતી અને ભારતની એક પ્રદેશની વરિષ્ટ અદાલતના ચુકાદાઓની શહાદત અન્ય પ્રદેશોની અદાલતોમાં

છૂટથી અપાતી – લેવાતી. જો કે અંગ્રેજી ભણેલા વર્ગનું પ્રમાણ ભારતની વસ્તીમાં બે ત્રણ ટકાથી વધારે રહ્યું નથી, આમ છતાં પણ, આ બે ત્રણ ટકા શિક્ષિત ગણાતા વર્ગનો પ્રભાવ અન્ય પ્રજા-સમુદાય ઉપર ખૂબ પડતો અને આ શિક્ષિત વર્ગનું વ્યવહાર–માધ્યમ ઉપર જણાવ્યું તે રીતે અંગ્રેજી હોઇને ભારતને એકત્ર બનવામાં, ભારતીય અસ્મિતા ઉભી કરવામાં, તેમ જ કેળવવામાં આખા દેશના સુખ-દુઃખ વિષે સમસંવેદન પેદા કરવામાં અંગ્રેજી ભાષાએ અંગ્રેજોના હકુમતકાળ દરમિયાન ઘણો આગત્યનો ભાગ ભજવ્યો હતો. આની સામે અંગ્રેજી ભાષાના પ્રભુત્વના ગેરફાયદા એટલા બધા હતા દા. ત. એક બાજુએ અંગ્રેજી ભણેલો બહુ નાનો એવો વર્ગ અને બીજી બાજુએ અંગ્રેજી નહિ ભણેલો એવો પ્રજાનો ઘણો બહોળો સમુદાય–બે વચ્ચે જાણે કે ઊંચા નીચાની એક મોટી દિવાલ રહેતી; વહીવટમાં અંગ્રેજીના અજ્ઞાનના કારણે પ્રજાજનોને પાર વિનાની અગવડો વેઠવી પડતી અને સરકારી કારભારમાં તેને આત્મીયતાનો અનુભવ થતો નહિ; ઉચ્ચ શિક્ષણનો ફેલાવો બહુ મર્યાદિત રહેતો; પ્રાદેશિક ભાષાઓનો વિકાસ સતત રૂંધાયા કરતો. આ બધા ગેરફાયદા એવા હતા કે આપણા હાથમાં રાજ્યની હકુમત આવે તો પહેલી તકે અંગ્રેજીનું આ પ્રભુત્વ નાબુદ કરવું–એવો આપણા રાષ્ટ્રના શિલ્પીઓ કેટલાય સમયથી ઊંચો આગ્રહ સેવી રહ્યા હતા.

આખરે એ દિવસ આવ્યો કે જ્યારે અંગ્રેજ પ્રજાની આપણા દેશ ઉપરની હકુમત ખલાસ થઇ અને આપણા દેશ ઉપર આપણી સત્તા સ્થાપિત થઇ અને આપણા દેશનું ભાવી કેમ ઘડવું તે અંગે આપણે સંપૂર્ણ સ્વાધીનતા પ્રાપ્ત કરી. આ પરિસ્થિતિમાં અંગ્રેજીનું શું કરવું એ વિચાર આપણી સામે આવ્યો. રાષ્ટ્રના શિક્ષણમાં અને વહીવટી કારભારમાં ઊંડી જડ ઘાલી બેઠેલી અંગ્રેજી ભાષાને એકાએક નાબુદ કરવાનું શકય ન લાગ્યું. રાજ્યનું નવું બંધારણ ઘડાયું તેમાં પ્રાદેશિક ભાષાઓનું મહત્ત્વ સ્વીકારવામાં આવ્યું અને કેન્દ્રસ્થ વહીવટ તેમ જ આન્તર પ્રાદેશિક વ્યવહારમાંથી અંગ્રેજીને ખસેડીને ધીમે ધીમે તેમાં હિન્દીને દાખલ કરવાનું ધોરણ સ્વીકારવામાં આવ્યું અને આ માટે અન્તિમ સમય–મર્યાદા ૧૯૬૫ ની નક્કી કરવામાં આવી.

આમ છતાં અનેક કારણોને લીધે આ દિશાએ કોઇ મહત્વની પ્રગતિ હજુ સાધી શકાણી નથી. દક્ષિણ હિન્દુસ્તાનમાં હિન્દી સામે મોટો વિરોધ ઉભો થયો અને અંગ્રેજીને પૂર્વવત્ ચાલુ રાખવાનું આન્દોલન શરૂ થયું. ઉત્તર હિન્દના લોકોએ હિન્દીના પક્ષમાં વધારે પડતી અધીરાઇ દેખાડી અને નક્કી કરેલ સમયમર્યાદા કરતાં પણ વધારે જલ્દિથી હિન્દીને સર્વત્ર દાખલ કરાવવાની ઝુંબેશ શરૂ કરી. કેન્દ્રસ્થ સરકારે આ બાબતમાં કશી મક્કમતા ન દેખાડતાં ઢીલી નીતિ ધારણ કરી અને થોડા સમય પહેલાં બંધારણમાં હિન્દી સંબંધમાં નક્કી કરવામાં આવેલી ૧૯૬૫ ની સમયમર્યાદાને સંયોગો મુજબ લંબાવવામાં આવશે એ મતલબની નીતિ જાહેર કરી. આના પરિણામે કેન્દ્રસ્થ રાજ્ય વહીવટમાં ભાષાપલટો ક્યારે આવશે એ બાબત આજે અનિશ્ચિત બની ગઇ છે.

આવી અનિશ્ચિત પરિસ્થિતિમાં જ્યારે ગુજરાતનું અલગ રાજ્યઘટક નિર્માણ થયું છે ત્યારે વહીવટ અને શિક્ષણના ભાષા–માધ્યમ અંગે ચાલુ ચીલે ચાલવાની વૃત્તિ છોડીને નવા રાહ ઉપર ચાલવાનું વિચારવામાં આવે તે જરૂર ધ્યાનપાત્ર છે. દ્વિભાષી મુંબઇ પ્રદેશનું અસ્તિત્વ હતું ત્યાં સુધી આ બાબતમાં કોઇ પણ એક નિર્ણય લેવાનું અત્યન્ત કઠણ હતું. હવે એ મુશ્કેલી રહી નથી. ભાષામાધ્યમ અંગે ગમે તે પ્રકારનો નિર્ણય લેવાનું આપણને સ્વાતંત્ર્ય છે. ગુજરાતના પાટનગરમાં શિક્ષણ તેમ જ વહીવટ બધું ગુજરાતી દ્વારા ચાલવું જોઇએ એવું એક પ્રચંડ આન્દોલન ચાલી રહ્યું છે. નવા રાજ્યે હજુ આ બાબતને વિગતથી વિચારી નથી અને એમ છતાં પણ પ્રજામતને તેમ જ સમગ્ર ભારતના હિતને લક્ષમાં રાખીને નવી સરકાર કોઇ પણ ફેરફાર સ્વીકારવાને અને તેને બને તેટલી ઝડપે અમલી બનાવવાને તત્પર હોય એમ જરૂર લાગે છે. આ પરિસ્થિતિમાં જે કાંઇ ફેરફારનો નિર્ણય કરવામાં આવે તે ફેરફારનો, નીચેના મુદ્દાઓ લક્ષ્યમાં રાખીને, વિચાર કરવો ઘટે છે:—

(૧) અંગ્રેજી માધ્યમ દ્વારા અખિલ ભારતીય માનસને સુદૃઢ કરવાને લગતો જે એક વિશિષ્ટ લાભ હતો તે જળવાઇ રહે એ પ્રકારે માધ્યમ–પરિવર્તન સાધવું જોઇએ.

(૨) ભાષાને લગતો કોઇ પણ ફેરફાર કરવા જતાં ગુજરાત અન્ય પ્રદેશોથી સાવ અલગ ન પડી જાય એ બાબતનો પૂરો વિચાર કરવો જોઇએ.

(૩) રાજ્યાધિકારીઓનો તેમ જ અધ્યાપકોનો, અંગ્રેજી હકુમત દરમિયાન, જે ચાલુ વિનિમય થતો રહેતો હતો તે ચાલુ રહેવો જોઇએ.

(૪) ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રમાં એક પ્રદેશના વિદ્યાર્થીઓ અન્ય પ્રદેશોની કોલેજોમાં દાખલ થઇ શકે એવી સગવડ ચાલુ રહેવી જોઇએ.

(૫) કાનૂની પરિભાષા અખિલ ભારતમાં એક સરખી હોવી જોઇએ.

(૬) આ મર્યાદાઓને આધીન રહીને પ્રાદેશિક ભાષાનો માધ્યમ તરીકે વહીવટ તેમ જ શિક્ષણના દરેક ક્ષેત્રમાં સ્વીકાર થવો જોઇએ.

આ બધું તો જ બની શકે, જો પૂર્વકાળમાં જ્યાં જ્યાં અંગ્રેજી હતું ત્યાં ત્યાં સર્વત્ર નહિ પણ, ઉપર જણાવ્યા મુજબના મર્યાદિત ક્ષેત્રમાં હિન્દીનો વ્યવહાર – માધ્યમ તરીકે સ્વીકાર કરવામાં આવે. આ રીતે વિચારતાં એટલે કે પ્રાદેશિક ભાષાના મહત્વને સ્વીકારવા સાથે ભારતની એકતા – સુગ્રથિતતાના સંદર્ભમાં હિન્દીનો વિચાર કરતાં ગુજરાતના નવા રાજ્યમાં નીચે પ્રમાણેનો પ્રબંધ થવો ઘટે છે:–

(૧) મેટ્રીક પછીનું બધું શિક્ષણ હિન્દીમાં અપાવું જોઇએ અને તે માટેનાં પાઠય પુસ્તકો પણ હિન્દીમાં રચાવા જોઇએ.

(૨) ડીસ્ટ્રીક્ટ કોર્ટ સુધીનું કામકાજ પ્રાદેશિક ભાષામાં ચાલે, પણ ડીસ્ટ્રીક્ટ કોર્ટના ચુકાદાઓ હિન્દીમાં અપાવા જોઇએ–અલબત્ત તેનો ગુજરાતી અનુવાદ સાથે સાથે પૂરો પાડવો જોઇએ અને હાઇકોર્ટનું બધું કામકાજ હિન્દીમાં જ ચાલવું જોઇએ.

(૩) રાજ્યની ધારાસભામાં ચર્ચા ભલે પ્રાદેશિક ભાષામાં ચાલે, પણ કાયદા કાનૂન હિન્દીમાં ઘડાવા જોઇએ. સાથે સાથે તેનો ગુજરાતી અનુવાદ ભલે હોય, પણ કાયદા કાનૂનનું મૂળ હિંદી રૂપ જ authoritative–પ્રમાણભૂત લેખાવું જોઇએ.

(૪) નીચેની કક્ષાનો બધો વહીવટ પ્રાદેશિક ભાષામાં ચાલે, પણ સચિવાલય કક્ષાએ તેમ જ આન્તર પ્રાદેશિક કક્ષાએ બધો વહીવટ હિન્દીમાં ચાલવો જોઇએ.

આમ કરવાથી ગુજરાતમાં પ્રાદેશિક ભાષાને યોગ્ય સ્થાન જરૂર મળી રહેશે અને સાથે સાથે ગુજરાત ભારતના અન્ય પ્રદેશો સાથે તેમ જ કેન્દ્ર સાથે ગાઢપણે સંકળાયેલું રહેશે. All India Services–અખિલ હિંદની નોકરીઓ–ની જે એક આવકારદાયક પરંપરા આપણે ત્યાં વર્ષોથી ઉભી થઇ છે–તે જળવાઇ રહેશે અને ગુજરાતની શકિતનો અન્ય પ્રદેશોને અને અન્ય પ્રદેશોની શકિતનો ગુજરાતને એક સરખો લાભ મળતો રહેશે. ઉચ્ચ શિક્ષણ આપતી કોલેજો અને તેથી આગળના અભ્યાસની શિક્ષણ સંસ્થાઓમાં–જ્યાં જ્યાં હિન્દીને શિક્ષણ–માધ્યમ

તરીકે સ્વીકારાયું હશે ત્યાં ત્યાં-વિદ્યાર્થીઓ અને અધ્યાપકોનો વિનિમય ચાલુ રહેશે અને પાઠ્ય પુસ્તકો વધારે ઉચ્ચ કોટિના બનશે અને, તેની ખપતનું ક્ષેત્ર વિશાળ બનવાથી, પ્રમાણમાં વધારે સોંઘા પ્રાપ્ત થશે. ન્યાયવિતરણ માટે એક જ ભાષાનો એટલે કે હિન્દીનો સ્વીકાર થતાં અનેક જટિલ પ્રશ્નો ઉપર અપાતા ચુકાદાઓનો સાર્વત્રિક ઉપયોગ થઇ શકશે. કાયદા કાનૂન માટે એક જ ભાષા સ્વીકારાતાં તેને લગતી પરિભાષા અને તેના અર્થો સર્વત્ર એક સરખા હોવાના અને તેના પરિણામે ભિન્ન ભિન્ન પ્રદેશોના કાયદાકાનૂન સમજવામાં પરસ્પર વધારે સરળતા પ્રાપ્ત થશે.

આ સામે જેઓ ગુજરાતનું બધું જ ગુજરાતીમાં હોવું જોઇએ એવો આગ્રહ ધરાવે છે તે લોકો એમ દલીલ કરવાના કે જ્યાં સુધી ભાષા અંગે સંપૂર્ણ કાયાપલટ ન થાય ત્યાં સુધી પ્રાદેશિક ભાષાનો ખરો વિકાસ જ નહિ થાય. આ દલીલ દેખાવમાં જેટલી સંગીન લાગે છે તેટલી વાસ્તવમાં નથી. કારણ કે છેલ્લા પચ્ચાસ પોણોસો વર્ષનો ઇતિહાસ તો એમ કહે છે કે તે સમયના લાંબા ગાળા દરમિયાન અંગ્રેજી ભાષાનું આટલું બધું પ્રભુત્વ અને પ્રભાવ હોવા છતાં ભારતના પ્રત્યેક ભાષાસાહિત્યનો સારા પ્રમાણમાં વિકાસ થતો જ રહ્યો છે. અને એમ છતાં અંગ્રેજી અને હિન્દી એ બે ભાષા વચ્ચે પરાયા-પોતા જેટલો જે ફરક હતો તે ફરક હિન્દી અને ગુજરાતી વચ્ચે છે જ નહિ. તામીલ-તેલુગુ જરા દૂરની ભાષાઓ છે, પણ ગુજરાતી અને હિન્દી ભાષા બે સગી બહેનો જેટલી મળતી છે, અથવા તો એક જ દેહ પણ પહેરવેશમાં જરાક ફરક-આટલી બધી બે વચ્ચે એકરૂપતા છે. એટલે એકના વિકાસ સાથે બીજાનો વિકાસ સહજ રૂપે સંકળાયેલો છે. અને આમ છતાં પણ ગુજરાતી ભાષાને સાર્વત્રિક બનાવતાં તેને જે વેગ મળે તેટલો વેગ અમુક કક્ષાએ હિન્દીને સ્થાન આપતાં કદાચ ન મળે તો પણ અખિલ ભારતીય દૃષ્ટિએ, આન્તર પ્રાદેશિક વ્યવહાર અને વિનિમયની દૃષ્ટિએ ગુજરાતી ભાષાનું અમુક અંશમાં ભલે ગૌણ સ્થાન રહે. આથી કોઇને કશું મહત્વનું નુકસાન થવાનું નથી.

દુઃખની વાત તો એ છે કે ગુજરાતી ભાષાના આગ્રહે આપણે ત્યાં એક પ્રકારનું ઝનુનનું સ્વરૂપ પકડ્યું છે અને અંગ્રેજી તો નહિ પણ હિન્દી પણ જાણે કે કોઇ પરાઇ ભાષા હોય એમ હિન્દીની પણ આભડછેટ આપણે ત્યાં ફેલાવવા માંડી છે. આ ઝનુન કેવ હદ સુધી પહોંચ્યું છે તે 'લોકજીવન'ના મે માસની પહેલી તારીખના નીચેના લેખમાંથી આપણને જોવા જાણવા મળે છે. આ લેખના લેખક શ્રી ચમનલાલ મહેતા **'-તો શોભશે'** એ મથાળા નીચે જણાવે છે કે:-

ગુજરાતનું રાજ્ય થયા પછી શું શું શોભશે ?

(૧) રાજ્યનાં બધાં જ ખાતાંઓ એમનો વહીવટ તથા પત્રવ્યવહાર ગુજરાતી ભાષામાં ચલાવશે તો એ શોભશે.

(૨) રાજ્યના સઘળા અમલદારો એમની કાર્યાલયની તથા મજાજનોની વાતચીતો ગુજરાતીમાં જ કરવાનો આગ્રહ રાખશે તો શોભશે.

(૩) રાજ્યનું વાહનવ્યવહાર ખાતું એનાં બધાં વાહનો, પાટિયાં કે કાગળો ઉપર ગુજરાતી લખાણો કરાવી નાખશે તો શોભશે.

(૪) રાજ્યનાં બધાં જ કાર્યાલયો ઉપરનાં પાટિયાં કે કાગળો ઉપર ગુજરાતી લખાણો કરાવી નાખશે તો એ શોભશે.

(૫) શાળાઓ કે મહાશાળાઓ ઉપરના નામો પણ ગુજરાતી ભાષામાં લખશે તો શોભશે.

(૬) વેપારીઓ પણ એમની દુકાનનાં પાટિયાં કે જાહેરખબરો ગુજરાતી ભાષામાં લખશે તો શોભશે.

(૭) મકાનવાળાઓ એમનાં મકાન ઉપરનાં નામો કે સાલો ગુજરાતીમાં કોતરાવશે તો શોભશે.

(૮) ભરતગૂંથણવાળાં કે કળાકારીગરીવાળાં એમનાં લખાણો ગુજરાતીમાં ઉતારશે તો શોભશે.

(૯) સરકારી તેમ જ સંસ્થાઓના બધા હિસાબો તેમ જ દફ્તરો ગુજરાતીમાં રહેશે તો શોભશે.

(૧૦) કોઇ પણ વિષય શિખવવાનું માધ્યમ ગુજરાતી હશે તો શોભશે.

(૧૧) કોઇ પણ પરીક્ષાનું માધ્યમ ગુજરાતી હશે તો શોભશે.

(૧૨) કોઇ પણ પોલીસના પટ્ટા ઉપર ગુજરાતી લખાણ હશે તો શોભશે.

(૧૩) કોઇ પણ ન્યાયાલયની દલીલો કે ન્યાય ગુજરાતી ભાષામાં અપાતાં હશે તો શોભશે.

(૧૪) કોઇ પણ માનપત્ર કે કામપત્રક ગુજરાતીમાં લખાશે તો શોભશે.

(૧૫) શાળા-મહાશાળાઓ કે સંસ્થાઓનાં હાજરીપત્રકો તેમ જ સમયપત્રકો ગુજરાતીમાં લખાશે તો શોભશે.

(૧૬) રમતગમતની ભાષા કે આનંદ ઉદ્‌ગારો પણ ગુજરાતીમાં હશે તો શોભશે.

(૧૭) રસ્તાઓ ઉપરનાં પાટિયાનાં અંતર તેમ જ દિશા સૂચનાનાં લખાણો ગુજરાતીમાં હશે તો શોભશે.

(૧૮) ગુજરાતમાં વપરાતાં મીઠાઇનાં પડીકાં કે રમકડાંઓ ઉપર ગુજરાતી લખાણ હશે તો શોભશે.

(૧૯) ગુજરાતમાં વપરાતા કાપડ ઉપર છાપેલી વિગતો ગુજરાતીમાં છાપી હશે તો શોભશે.

(૨૦) ગુજરાતી છાપાંઓની જાહેરખબરો ગુજરાતીમાં છપાશે તો શોભશે.

(આ આપેક્ષાઓ પાછળ માત્ર ગુજરાતી ભાષાનો નહિ પણ ગુજરાતી લિપિનો પણ આગ્રહ દેખાય છે.)

આ યાદી વાંચતાં લેખકના દિલમાં અખિલ ભારતીય દૃષ્ટિને કોઈ સ્થાન જ રહ્યું ન હોય એવી છાપ આપણા મનમાં પેદા થાય છે. આ પ્રકારની નીતિ જો ગુજરાતનું નવું રાજ્ય ધારણ કરશે તો તેનું પરિણામ એ આવશે કે:-

(૧) ગુજરાતમાં ભારતના અન્ય ભાષાભાષી કોઈ અમલદાર આવવા ઇચ્છશે નહિ અને તેના પ્રત્યાઘાત રૂપે ગુજરાતના અમલદારને અન્ય પ્રદેશ સ્વીકારશે નહિ.

(૨) હાઇકોર્ટ સંબંધે રાજ્યધારણનો એ નિયમ છે કે એક પ્રદેશની હાઇકોર્ટના જજોમાં ત્રીજા ભાગના જજો અન્ય પ્રદેશના હોવા જોઇએ-આ નિયમનો અમલ અશક્ય બનશે અને હાઇકોર્ટના જજોની અખિલ ભારતીય ધોરણે ફેરબદલી કરવાનું પણ શક્ય નહિ રહે.

(૩) આજના ન્યાયવિતરણમાં અખિલ ભારતમાં જે સંવાદિતા પ્રવર્તે છે તે નાબુદ થશે.

(૪) અધ્યાપકો અને વિદ્યાર્થીઓના આન્તરપ્રાદેશિક વિનિમય માટે કોઇ અવકાશ નહિ રહે.

(૫) આ નીતિના પરિણામે ગુજરાત સમગ્ર ભારતથી અલગ પડી જશે અને ગુજરાતમાં અલગતાવાદ પેદા થશે.

સદ્‌ભાગ્યે આવી એકાંગી વિચારણાને ગુજરાતના નવા પ્રધાનમંડળે અથવા તો નવી ધારાસભાએ હજુ અનુમત કરી નથી. ગુજરાતના પ્રધાનમંત્રી ડૉ. જીવરાજ મહેતાએ હજુ સુધી આવી કોઇ એકાન્તલક્ષી કબુલાત સ્વીકારી નથી. ઉલટું તેમણે સત્તા ઉપર આવ્યા બાદના પ્રથમ જાહેર પ્રવચનમાં જણાવ્યું છે કે "સચિવાલય કક્ષાએ અંગ્રેજીમાં ચાલતા વહીવટનું વહેલી તકે ગુજરાતીમાં અને હિંદીમાં રૂપાન્તર કરવાનો સારી રીતે પ્રયત્ન થશે અને કેન્દ્ર તથા

અન્ય રાજ્યો સાથેના વહીવટમાં રાષ્ટ્રભાષાનો યોગ્ય સ્વીકાર થાય એ માટે કેન્દ્રનો સહકાર મેળવી યોગ્ય પ્રયાસ કરવામાં આવશે.”

વળી તા. ૨૬-૫-૬૦ ના રોજ અમદાવાદ ખાતે મળેલી ત્રણ યુનીવર્સિટીના ઉપકુલપતિઓ, ડીસ્ટ્રીકટ સ્કુલ ઓર્ડના પ્રમુખો, જાણીતા શિક્ષણશાસ્ત્રીઓ, કેળવણીકારો, અને ધારાસભાની કોંગ્રેસ પાર્ટીના સભ્યો સમક્ષ બોલતાં ડૉ. જીવરાજ મહેતાએ જણાવ્યું છે કે “હું માનું છું કે ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રમાં માધ્યમ તરીકે હિન્દીનો સ્વીકાર કરવાથી ભારતીય એકતા વધારે સુદૃઢ થશે અને પાઠ્ય-પુસ્તકો મેળવવામાં સરળતા થશે. વળી આથી હિન્દી માધ્યમ ધરાવતી વિદ્યાપીઠો દ્વારા આખા દેશની બુદ્ધિશક્તિનો ગુજરાતને સુયોગ પ્રાપ્ત થશે અને જરૂરી ધોરણસરનાં પાઠયપુસ્તકો અને ઉપયોગી સાહિત્ય નિર્માણ કરવામાં વધારે સુગમતા થશે.”

ગુજરાતના નવા રાજ્યે તાજેતરમાં સરકારી કામકાજમાં દેવનાગરી લિપિનો ઉપયોગ કરવાનો નિર્ણય જાહેર કર્યો છે. આ નિર્ણય પાછળ અખિલ ભારતીય દૃષ્ટિ રહેલી છે અને એ માટે તે જરૂર આવકારદાયક છે. આ જ નીતિને અનુસરીને સરકારી વહીવટ અને શિક્ષણના ક્ષેત્રમાં અખિલ ભારતીય દૃષ્ટિને ધ્યાનમાં લઈને હિન્દી ભાષાને પણ ઉપર જણાવેલી રીતે યોગ્ય સ્થાન આપવામાં આવશે એ આશા અસ્થાને નહિ ગણાય.

આજે જ્યારે શિક્ષણ અને રાજ્ય વહીવટના ક્ષેત્રમાં ગુજરાતી અને હિન્દી એ બે ભાષાઓમાંથી કઈ ભાષાને કઈ કક્ષાએ કેટલું સ્થાન આપવું એ પ્રશ્ન એરણ ઉપર છે ત્યારે ગુજરાત રાજ્યના સૂત્રધારો, રાજકારણી આગેવાનો અને શિક્ષણના ક્ષેત્ર ઉપર પ્રભુત્વ ધરાવતા મહારથીઓ ઉપર જણાવેલા વિચારો ધ્યાનમાં લે અને ગુજરાતનું શ્રેય અને અખિલ ભારતની એકતાનું ધ્યેય – એ બેનો સમન્વય સધાય એવા નિર્ણયો પ્રસ્તુત સમસ્યાને અંગે લે એવી તેમને પ્રાર્થના છે. પરમાનંદ

નવા નગરપતિ શ્રી. વિષ્ણુપ્રસાદ દેસાઇનું મુંબઈ જૈન યુવક સંઘ તરફથી કરવામાં આવેલું જાહેર સન્માન

તા. ૨૦-૫-૬૦ શુક્રવારના રોજ મુંબઇ શહેરના નવા નગરપતિ શ્રી. વિષ્ણુપ્રસાદ દેસાઇનું શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી સંઘના કાર્યાલયમાં જાહેર સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંઘના સભ્યો સારી સંખ્યામાં ઉપસ્થિત થયા હતા. શરૂઆતમાં સંઘના પ્રમુખ શ્રી. ખીમજી માડણ ભુજપુરિયાએ શ્રી. વિષ્ણુભાઇને આવકાર આપતાં તેમનો પરિચય આપ્યો અને તેમની સાથેના દુંક પરિચયમાંથી પણ થોડાક મધુર પ્રસંગો રજુ કરીને શ્રી. વિષ્ણુભાઇના વિશિષ્ટ વ્યક્તિત્વનો સભાજનોને ખ્યાલ આપ્યો. ત્યારબાદ સંઘના મંત્રી શ્રી. પરમાનંદ કુંવરજી કાપડિયાએ શ્રી. વિષ્ણુભાઇનો સંઘ સાથે આ પહેલવહેલો જ સમાગમ હોઇને, સંઘની વિવિધ પ્રવૃત્તિઓ અને સંઘ પાછળ રહેલી એક વિશિષ્ટ વિચારસરણીને લગતી રજુઆત કરી અને જે કારણે વિષ્ણુભાઇનું આ રીતે સન્માન કરવા સંઘ પ્રેરાયો હતો તે વિષ્ણુભાઇના વિશિષ્ટ ગુણો – સાદાઇ, સરલતા, અને સેવાપરાયણતા – નો ઉલ્લેખ કર્યો અને આજના સંપર્કના પરિણામે વિષ્ણુભાઇ સાથે સંઘના સંબંધ ઉત્તરોત્તર વધતો રહેશે એવી આશા વ્યક્ત કરી. ત્યારબાદ સંઘના કોષાધ્યક્ષ શ્રી. રતિલાલ ચીમનલાલ ઝોહારીએ આગળ જે કહેવાયું તેનું સમર્થન કરતાં શ્રી. વિષ્ણુભાઇને દીર્ઘ તન્દુરસ્તીભર્યું આયુષ્ય પ્રાપ્ત થાય અને જનતાને તેમની સેવા અને શક્તિઓનો વર્ષો સુધી અધિકાધિક લાભ મળતો રહે એવી ઇચ્છા વ્યક્ત કરી.

શ્રી. વિષ્ણુભાઇએ આવું સંમેલન યોજવા બદલ સંઘનો આભાર માનતાં જણાવ્યું કે “મારાથી આ સંઘના સીધા પરિચયમાં આવવાનું આજ સુધી બન્યું નથી. એમ છતાં પણ સંઘ તરફથી યોજાતી પર્યુષણ વ્યાખ્યાનમાળા વિષે હું વર્ષોથી સાંભળતો આવ્યો છું. આજે આ સંઘના આજ સુધીના કાર્યની અને વર્તમાન પ્રવૃત્તિઓની વિગતો જાણીને હું ખૂબ આનંદ અને સંતોષ અનુભવું છું અને મુંબઇમાં આવી ઉદાર ભાવનાઓ ધરાવતી સંસ્થાઓની ખૂબ જરૂર છે એમ હું જાણું છું. કારણ કે આજના સાંકડા વાડાઓ તોડવામાં અને ભિન્ન ભિન્ન સમુદાયોને એકત્ર કરવામાં આવી સંસ્થાઓ જ ખૂબ કામ કરી શકે તેમ છે એમ મને લાગે છે. અને આ સંઘની કાર્યવાહીમાં વિશેષ રસ એટલા માટે છે કે મને રાજદ્વારી બાબતોમાં ખાસ કોઇ રસ નથી; કોંગ્રેસના ચાર આનાના સભ્યથી વિશેષ કોઇ અધિકાર હું ધરાવતો નથી; રાજકારણના ક્ષેત્રમાં મેં કોઇ વિશેષ કામ કર્યું નથી; મારું જીવન મોટા ભાગે સામાજિક પ્રવૃત્તિઓ પાછળ જ વ્યતીત થયું છે અને મારી જાતને હું એક સામાજિક કાર્યકર્તા તરીકે જ લેખું છું; અને તેથી તમારી આ સંસ્થામાં હું સવિશેષ આત્મીયતા અનુભવું છું અને તેથી આશા રાખું છું, કે તમારા સંઘ સાથે મારો સંબંધ વધતો રહેશે અને અનેક સામાજિક કાર્યોમાં આપણે એકમેકને મદદરૂપ થઈ શકીશું.

“જે નવી જવાબદારી ઉપર હું આવ્યો છું તેને પહોંચી-વળવાનું કામ ઘણું જ મુશ્કેલ છે. મુંબઇની મ્યુનીસીપાલીટીની આજની આર્થિક સ્થિતિ બહુ નબળી છે. વળી છેલ્લાં ત્રણ વર્ષ દરમિયાન મુંબઇની મ્યુનીસીપાલીટીના કામમાં ખૂબ ઢીલાપણું આવી ગયું છે અને શિસ્તનો લગભગ અભાવ વર્તે છે. આમ છતાં પણ બગડેલાને સુધારવું અને શિથિલતાને દૂર કરીને મ્યુનીસીપાલીટીની કાર્યક્ષમતાને બને તેટલી વધારવી અને સુદૃઢ કરવી-એ ધ્યેય સિધ્ધ કરવા પાછળ જે કંઈ થઈ શકે તે કરવાનું રહે છે આજે મુંબઇને સૌથી મોટી જરૂર છે રહેઠાણ માટે નવાં મકાનો ઉભાં કરવાની, રસ્તાઓ સુધારવાની અને રોગનાબુદીની અને તેથી પણ વધારે મહત્ત્વનું કાર્ય રોગોની અટકાયત કરવાની છે. આ દિશાએ આપણી બધી શક્તિઓને એકાગ્ર કરવાની જરૂર રહેશે. તમારા કાર્યમાં મારો સાથ હશે જ, અને તેવી જ રીતે મારા કાર્યમાં તમો બધા ભાઇઓ બહેનોનો સાથ રહેશે એવી હું શ્રદ્ધા તથા આશા સેવું છું.”

ત્યાર બાદ સંઘના ઉપપ્રમુખ શ્રી. લીલાવતીબહેન દેવીદાસે શ્રી. વિષ્ણુભાઇનો સંઘ તરફથી આભાર માન્યો અને નવા સ્થાન ઉપર આવતા વેંત જ તેમણે મ્યુનીસીપલ શિક્ષકોના પગારના પ્રશ્નનો જે રીતે ઉકેલ આણ્યો અને શિક્ષકોમાં સંતોષનું વાતાવરણ પેદા કર્યું તે રીતે ભવિષ્યમાં તેમના હાથે અનેક શુભ કાર્યો થશે અને તેમની દ્વારા લોકકલ્યાણમાં ખૂબ વૃદ્ધિ થશે એવી આશા અને શુભેચ્છા તેમણે વ્યક્ત કરી. અમે શ્રી. વિષ્ણુભાઇનું પુષ્પહાર વડે સન્માન કર્યું અને ત્યાર બાદ સભા વિસર્જન કરવામાં આવી.

કાશ્મીરનો પ્રવાસ

સંઘના કેટલાક સભ્યો ઇચ્છે છે કે સંઘ તરફથી જુલાઇ માસ દરમિયાન કાશ્મીરનો એક પ્રવાસ ગોઠવવામાં આવે. જુલાઇ માસ એટલા માટે કે કાશ્મીરના પ્રવાસ સાથે અમરનાથની પણ યાત્રા થઇ શકે. આ માટે ૪૦ પ્રવાસીઓને સમાવી શકે એવો ત્રીજા વર્ગનો આખો ડબો જવા આવવા માટે આગળથી રીઝર્વ કરવો પડે. પ્રવાસ મહીનાથી સવા મહીનાનો થાય અને ખર્ચ વ્યક્તિ દીઠ રૂ. ૩૫૦ થી રૂ. ૪૦૦ સુધીમાં આવે. જો આ રીતે સંઘના સભ્યો અને તેમનાં કુટુંબજનો મળીને ૪૦ વ્યક્તિઓ તૈયાર થાય તો સંઘ મારફત કાશ્મીરનો પ્રવાસ ગોઠવવાનું વિચારી શકાય. જે સભ્યો આવા પ્રવાસમાં જોડાવા ઇચ્છતા હોય તેમને પોતાની ઇચ્છા સંઘના કાર્યાલય ઉપર પત્રદ્વારા સત્વર લખી જણાવવા વિનંતિ છે. મંત્રીઓ

૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩. મુંબઈ જૈન યુવક સંઘ

તેરાપંથી જૈનોના હાથે જૈન મુનિના મૃતદેહની અક્ષમ્ય વિડંબના

વારે-તહેવારે, એક યા બીજા નિમિત્તે, ધાર્મિક કે એવા જ કોઇ કાર્ય પ્રસંગે, આપણી સંપત્તિનું પ્રદર્શન કરવાની જૈન સંઘમાં જે ટેવ વધતી જાય છે, એનો એક સાવ વિલક્ષણ ગણી શકાય એવો દાખલો તેરાપંથી સમાજમાં ચારેક મહિના પહેલાં બન્યો છે. એ તરફ તેરાપંથી ભાઇઓનું તેમજ બધાય જૈન ફિરકાઓનું ધ્યાન દોરવા માટે આ લખવું અમને જરૂરી લાગ્યું છે; તેથી ઘણે મોડે મોડે પણ અમે આ લખીએ છીએ. (આ નોંધ અમે તા. ૨૬-૨-૬૦ ના 'ભૂદાન-યજ્ઞ' ના અંકમાં 'સિદ્ધાંતો કા શવ-શૃંગાર' શિર્ષક શ્રી જમનાલાલજી જૈનની નોંધ અને તેમાંની માહિતીના આધારે લખી છે.)

તેરાપંથ જૈન સંપ્રદાયના એક મુનિ શ્રી મગનલાલજી મહારાજ તા. ૧૬-૧-૬૦ ના રોજ રાજસ્થાનમાં સરદાર શહેરમાં કાળધર્મ પામ્યા. એમની સ્મશાનયાત્રાનું વર્ણન કરતાં તેરાપંથી સમાજના મુખપત્ર "જૈન ભારતી" માં કહેવામાં આવ્યું છે કે:-

"૧૬ મી જાન્યુઆરીએ મહામના શ્રી મગનમુનિજીનું દેહાવસાન થયું. એમના શબની શોભા-યાત્રામાં હજારો લોકો આવ્યા હતા. પાલખી ૪૧ કળશની બનાવી હતી. એમાં ચાંદીના ૪૧ કળશ ચડાવવામાં આવ્યા હતા, અને ચાંદીની કલગીઓ પણ ૪૧ લગાવી હતી. ધજાઓ વગેરેથી પાલખીને ખૂબ શણગારી હતી. શરીર ઉપર સફેદ જરિયાની ચાદર, સોનાની મુહપત્તી, ગળામાં સોનાની માળા અને કપાળમાં સુંદર માંડલું શોભી રહ્યું હતું. પાંત્રીસસો રૂપિયાની ઉછામણી બોલાવામાં આવી હતી. સ્મશાનભૂમિ સુધી રૂપિયા ઉછાળવામાં આવ્યા હતા. સરદાર શહેરના ઇતિહાસમાં આવી જાતનું મહાપ્રયાણ પહેલ વહેલું જ જોવા મળ્યું. આખી ચિતા ટોપરા, ઘી અને ચંદનની બનેલી હતી. આ બધા ખર્ચને માટે ત્રીસ હજારથી વધારે રૂપિયા ભેગા થયા છે."

આ સમાચાર ઉપર શ્રી જમનાલાલજી જૈને જે નોંધ લખી છે, તે તેમના જ શબ્દોમાં વાંચીએ. તેઓ લખે છે કે:-

"શું તુલસીજી એ નથી જાણતા કે અત્યારે આપણો દેશ કેવી મુશ્કેલ સમસ્યાઓ વચ્ચેથી પસાર થઇ રહ્યો છે? શું તેઓ નથી જાણતા કે અત્યારનો માનવધર્મ શું છે? જે મુનિએ કનકને કીચડ જેવું લેખીને અપરિગ્રહનું વ્રત સ્વીકાર્યું હતું, એમના શબને સોનાની મુહપત્તી અને કંઠીથી શણગારવું ક્યાં સુધી ઉચિત છે?...આ શબ-શૃંગાર સંબંધી અમે શું લખીએ! આ (ઉપર ટાંકેલ 'જૈન ભારતી'માં પ્રગટ થયેલ) વર્ણન પોતે જ એક જીવતી-જાગતી ટીકારૂપ છે. શબનો આ શણગાર અપરિગ્રહ અને ત્યાગના આદર્શો અને સિદ્ધાંતોની હત્યા જ છે! આવી ઘટના દેશને માટે દુઃખદાયક છે. અમે આચાર્ય શ્રી તુલસીજીને વિનયપૂર્વક કહેવા ઇચ્છીએ છીએ કે ઓછામાં ઓછું તેઓ પોતાના કાર્યક્ષેત્ર ઉપર એવું કલંક ન લાગવા દે કે જેને સાફ કરવામાં એમનું આખું જીવન પણ ઓછું પડે!"

શ્રી. જમનાલાલજીએ માર્મિક શબ્દોમાં પોતાની વેદના પ્રગટ કરી છે; અને જો આપણી ગુણગ્રાહક દૃષ્ટિ કુંઠિત થઇ ન હોય તો એની આપણે જરૂર આભાર સાથે કદર કરવી જોઇએ. પણ અત્યારે જે રીતે સાંપ્રદાયિક વ્યામોહ અને કદાગ્રહ સૌને વળગ્યો છે, તે જોતાં આવી આશા રાખવી નકામી લાગે છે.

એક મુનિવરના શબને મુખે સોનાની મુહપત્તી, એ ઘટના ખરેખર સાવ નવી, વિચિત્ર અને શોચનીય છે. પણ આ કંઇ માત્ર તેરાપંથી સમાજને ઉદ્દેશીને જ અમે નથી લખતા. ઇતર જૈન સમાજમાં પણ સંપત્તિનું જે કંઇપણ આવું વિવેકહીન પ્રદર્શન થતું હોય, તે બધાએ આમાંથી બોધપાઠ લેવો જોઇએ, એમ અમને લાગે છે.

છેવટે અત્યારના પલટાતા રાજકારણમાં જૈન સમાજના ભલાની વ્યવહારિક દૃષ્ટિએ પણ જૈનોની સંપત્તિનું આવું બેહૂદુ પ્રદર્શન ન થાય એ ઇચ્છવા જેવું અમને લાગ્યું છે. નહીં તો અંદરથી ગરીબ બનતો સમાજ બહારથી શ્રીમંત લેખાઇ શકે અને મૂઠીભર શ્રીમંતોની આવી શ્રીમંતાઇના ગુરૂવર્ગ-પ્રેરિત પ્રદર્શનના ભોગ સામાન્ય જનસમૂહને બનવું પડશે.

"જૈન"માંથી સાભાર ઉધ્ધૃત

"ખાધું, પીધું અને કીધું રાજ્ય"

[છંદ: અનુષ્ટુપ]

"ખાધું. પીધું અને કીધું રાજ્ય"-બોલી કરી પૂરી
વાત દાદીજીએ ને સૌ બાળકો શાંતિથી સૂતાં.
માનતાં કે મળે રાજ્ય અંત ત્યાં દુઃખનો સહુ,
પાત્રો સૌ કલ્પના કેરાં થશે સમૃદ્ધ ને સુખી.
મેળવ્યું રાજ્ય એ સિદ્ધિ, સાધના અવ બાકી ના,
પામ્યા એ પૂરતું, એને ચિંતા ટકાવવાની ના.
'ખાધું, પીધું અને કીધું રાજ્ય'-વાર્તા મહિં અહીં,
વાર્તા આ કેવી કે જેમાં રાજા એકકે ન, રાણીયે,
ખેલે ના જંગ સૈનિકો, રંગીલા કુંવરો નહીં.
પ્રજા છે અહિં તો બોહો કોયલ ને ચકલી તણી.
હતું જંગલ ગાઢું કો એમાં ચિત્ર વિચિત્ર કૈં,
પશુ પંખી રહેતાં'તાં નિત્ય કલ્લોલમાં રત.
કાગડા, કોયલ ને મેના-પોપટ ને ચકલી સહુ,
મળીને રાનનું રાજ્ય માણતાં'તાં સુખે દુઃખે.
એવામાં કોઇને સૂઝ્યા ભેદ "કા-કા" "કૂ-કૂ" તણાઃ
અને પ્રત્યેકની બોલી જેમ જુદાં સહુ થયાં.
"કા-કા" ના બોલનારા રહે અહીં ને ત્યાં "કૂ-કૂ" તણા
એવા એવા કંઇ ભાગો પાડ્યા જંગલની મહિં.
પરંતુ થયું એવું કે કોયલ - ચકલી બેઉને
રાખ્યાં ભેગાં અને કીધું "ચલાવો રાજ્ય સંગમાં."
થોડા દહાડા થયા ત્યાં તો કલેશ 'કૂ-કૂ' 'ચી-ચી' તણા
વધ્યા એટલા કે બન્ને માળા અન્યોન્યના ચૂંથે.
કૂ કુ ચિં ચીં, ચિં ચીં કૂ કૂ, કૂ ચીં, કૂ ચીં, કુ કૂ કુ ચીં
ધવાઇ કૈં, મરી કાંઇ 'મારૂં આ' 'તારૂં ના' કરી.
અને બાકી રહી તેણે કહ્યું, "ભાગ જુદા કરો!
કોયલો એમના રાજ્યે રહીને 'કૂ-કૂ' વાણીમાં
કારભાર ચલાવે ને 'ચી-ચી'માં ચકલીગણ,
એમના રાજ્યમાં કાર્યો કરે નિજ પ્રદેશમાં."
આમ કલેષ ટળ્યો સૌનો, સૌએ સૌના પ્રદેશમાં
"ખાધું પીધું અને કીધું રાજ્ય" વાર્તા પૂરી ત્યહાં.
વાત આ અંત પામે છે, વાર્તાનું રાજ્ય પામતાં,
કિન્તુ કર્તવ્ય આરંભે 'કશનું રાજ્ય' પામવા.

ઈશાવાસ્યમિદં સર્વં, યત્ કિં ચ જગત્યાં જગત્ ।
તેન ત્યક્તેન ભુંજીથાઃ, મા ગૃધ્ધઃ કસ્યચિદ્ધનમ્ ॥

[કશનું રાજ્ય છે વ્યાપ્યું વિશ્વે અણુઅણુમહિં
તેથી ત્યાગી અને માણો, વાંછો અન્યનું કે નહીં]

ગીતા પરીખ.

❋ મંગળ પદો ❋

(આપણે ત્યાં લગ્નપ્રસંગે મંગલાષ્ટકો રચવાની પ્રથા લાંબા કાળથી પ્રચલિત છે. આ મંગલાષ્ટકો મોટા ભાગે જોડકણાં હોય છે. પણ કદિ કદિ આવા પ્રસંગોએ મિત્રકવિઓ સુન્દર ભાવવાહી કૃતિઓ રચવાને પ્રેરાય છે. આવી ત્રણ કૃતિઓ નીચે પ્રગટ કરવામાં આવે છે. પહેલી બે કૃતિઓ 'કુમાર'ના તંત્રી શ્રી. બચુભાઇ રાવતની પુત્રી બહેન પ્રજ્ઞાના લગ્નપ્રસંગે શ્રી. પિનાકિન ઠાકોર અને શ્રી. રતિલાલ યોગીની રચેલી છે; ત્રીજી કૃતિ બહેન ગીતા પરીખે પોતાની એક બેનપણીના લગ્નપ્રસંગને અનુલક્ષીને રચેલી છે. તંત્રી)

મંગલાષ્ટક

જેના પૂજનથી જ પૂર્ણ બનતા આરંભ સૌ કાર્યના,
ને સ્વામી જગ સર્વના વરદ જે સૌ માત્ર ઐશ્વર્યના;
જે અંકે નિત રિદ્ધિ સિદ્ધિ રમતાં સંગે વસે પ્રેમલ,
વર્ષી રહો શુભમૂર્તિ એ ગણપતિ સૌભાગ્યનાં મંગલ. ૧

વિશ્વે જીવન આ અનંત પ્રકટયું જેથી અનાદિ ક્રમે
ઊગે બીજથી વૃક્ષ, વૃક્ષથી ફરી શાં બીજ મ્હોરી રમે;
બ્રહ્મા એ રીત જે રહ્યા સરજતા સંસાર સંજીવન,
સાવિત્રી સહ થઇ પ્રસન્ન વર દો સાતત્યના મંગલ. ૨

પાતાલે વસી શેષ નાગ શયને, ત્રૈલોક્યના શાસને,
ધારી કૌસ્તુભ શંખ ચક્ર ચ ગદા શ્રીવત્સ ને પદ્મને;
પોષે પૂર્ણ પુરૂષ જે જગતને શ્રીકાન્ત નારાયણ,
એ લક્ષ્મીવર વિષ્ણુ અમૃત વરો માધુર્યનાં મંગલ. ૩

ત્રીજે નેત્ર પ્રચંડ અગ્નિ પ્રકટ્યા બાળી દીધા કામને,
ને એ ભસ્મ થકી અનંગ સરજ્યો સંસારમાં શાશ્વત;
યોગી નિત્ય વિરકત વિશ્વવિષ પી વૈષમ્યના શામક,
પ્રેમાબ્ધિ શિવ ગૌરી સંગ વરસો દાંપત્યનાં મંગલ. ૪

ઐશ્વર્યે ભર સ્વર્ગના અધિપતિ ઐરાવતે ઉજ્જ્વલ,
જેને આમ્રફલપ્રસાદ ફળતી સૌ કામના ઇપ્સિત;
ને જ્યાં નિત્ય મિલાપ; રાગ રમણા, સંયોગ સૌ નૂતન,
ઇન્દ્રાણી સહ ઇન્દ્ર દો વરવધૂ આનંદનાં મંગલ. ૫

અર્પો ભર્ગ વરેણ્ય દેવ સવિતા, ને વાયુ દો વેગ આ,
ને દેજો પૃથિવી ધૃતિ અચલ શી, હો મેધના વૈભવ;
દેજો આ અવકાશ બે હૃદયને ઔદાર્યની ભાવના,
વર્ષો પંચમહાભૂતો વરવધૂ સંયોગને મંગલ. ૬

જે ગૌરી-હરનો સુયોગ ગરવો યોજે તપ-પ્રોજ્જ્વલ,
રાધાકૃષ્ણની રંગરાગ-અધિકી પ્રેરે પ્રીતિ વ્યાકુલ;
સીતા-રાઘવ શાન્ત શીલ નમણાં પ્રેમે ભરે કોમલ,
આજે એ પ્રકટો ઉરે વરવધૂ સાયુજ્યનાં મંગલ ૭

સંસારે સુખદુઃખ તો નિત રહે આવ્યે જતાં આવતાં,
દુઃખો સાથ સહ્યે જતાં, સુખ રહી આનંદથી માણતાં;
સાચા પ્રેમથી ઐક્ય શુદ્ધ બનતું હૈયાંનું બે આત્મનું,
એવો હો ચિર સાથ જીવનપથે આ લગ્નથી મંગલ. ૮

પિનાકિન્ ઠાકોર

સપ્તપદી

તારી સમીપ વ્રત જીવન કેરું અગ્નિ!
તું સાક્ષિ હો ઉભય અંતર-એકતાનો:
આ પાય એક ભરતાં વિભુ પ્રેરણા દો
સૌભાગ્યની – જીવનમંગલ ધન્યતાની.

શોભા, સમૃદ્ધિ, વળી રિદ્ધિ ચ સિદ્ધિ સર્વ-
નો પ્રાણ ચેતન જ આપણું એકમાત્ર,
એની જ દીપ્તિ સહુ તે, પ્રિય, પામશું એ
ચૈતન્યને ડગલું સાથ બીજું ભરતાં.

ત્રીજું ભરી ડગ સ્મરી જગ પોષનારી
લક્ષ્મી-ચતુર્ભુજની મૂર્તિ સુકાન્ત દિવ્યા
એની કૃપાથી કદી ઊણી પડો ન ભૂતિ,
ભંડાર હો સભર પોષણ – પુણ્ય, – દાને.

ચોથું ભર્યું ડગ, ધર્યું નવભાવનાનું,
પ્રાસન્યનું, સુખનું, તોષનું, ધ્યાન ચિત્તે;
સંસારને ગગન જીવન – પંખિણીને
છે શ્રેય – પ્રેય તણી પાંખથી ઊડવાનું.

'હું એક એ મટું અને બહુ થાઉં' ફૂટેને
પ્રાકટય આદિપુરૂષે નવરૂપ સાધ્યું;
આ પાંચમે ડગ સ્મરીશું: સમૂહ-લીલો
હો આપણો જીવનમંડપ સર્વકાલ.

હો ગ્રીષ્મ કે શિશિર, આતપ-છાંય કિંવા,
સાથે વસી ઉભય ઓથ રમી રહીશું,
ભાથું ભરી અનુભવોનું ભવિષ્ય માટે
છઠ્ઠે પદે જીવનની ઋતુઓ સહનું.

ના કોઇ ચાલક, અકેલ ન, દાસ કોઇ,
સાયુજ્ય હો ઉભયનું સમ-પૂર્ણ માત્ર;
બે નેત્ર કિંતુ જયમ દૃષ્ટિ જ એક તેમ
આ સાતમે પદ હજો અનુભૂતિ એક.

"હો પદ્મિનીનીલ સરોવર વાટ રમ્ય,
હો સહ્ય ગાઢ - તરુથી રવિરશ્મિતાપ,
હો રેણુ ત્યાં કમલની કુમળી રજોની
હો વાયુ શાન્ત, અનુકૂલ: શિવ પ્રવાસ!"

રતિલાલ યોગી

પ્રિય સખીને શુભાશિષ

(મિશ્રોપજાતિ)

આ જિંદગીની તુજ દીવડીમાં
પૂરી રહી તેજ તું લગ્નથી અવ,
જે જ્યોતને તેજભરી ઝગાવશે
ને વિશ્વમાં કાંતિ વહાવશે તવ. ૧

હજો પરંતુ તવ દીવડીનું
ઊંડાણ તો પૂરતું જેથી તેજ
વિલાઈ જઇ ના કદિ અર્ધરાહે
અંધારમાં અંધ કરે તને જ. ૨

અતૂટ આ લગ્નની સ્નેહગાંઠે
સંલગ્ન થા જીવન-સત્ય સાથે! ૪

ના 'છીછરા પાત્ર' મહિં કદાપિ
આનંદની કો ક્ષણ થાય શાશ્વત.
તું હર્ષ-શોકાતીત સત્ત્વ જાણી
પ્રાસન્ય પામે ઉરમાં ચિરંતન. ૩

ગીતા પરીખ

મુંબઇ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.
મુદ્રણસ્થાન 'ચંદ્ર પ્રિં. પ્રેસ, ૪૫૧ કાલબાદેવી રોડ, મુંબઇ ૨. ટે. નં. ૨૯૩૦૩

રજીસ્ટર નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૨ : અંક ૪

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, જુન, ૧૬ ૧૯૬૦, ગુરૂવાર
આફ્રિકા માટે શિલિંગ ૮

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ : નયા પૈસા ૨૦

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

❋ શ્રાવકપદનો અધિકારી કોણ ગણાય ? ❋

કોઇ માણસને સારી નોકરી જોઇએ તો તેનામાં અમુક લાયકાત હોવી જોઇએ એવી અપેક્ષા રહે છે. ડાકટર જોઇએ તો એમ બી, બી. એસ. ને, એંજિન્યર જોઇએ તો બી.ઇ.ને, શિક્ષક જોઇએ તો બી.એ, બી. ટી.ને અને પ્રાધ્યાપક જોઇએ તો એમ. એ, પીએચ. ડી. ને જ લેકો રાખે છે. એવી જ રીતે શ્રાવકનું મહાપદ પામવા સારૂ પણ અમુક પાત્રતા માણસમાં હોવી જોઇએ એવી આપણા શાસ્ત્રકારો અપેક્ષા રાખે છે.

ભીંત ધોળ્યા પછી એના ઉપર ચિત્ર કરાય; વસ્ત્રને ધોયા પછી એને રંગાય, અને ખેતર ખેડે પછી તેમાં બીજ વવાય. એવી જ રીતે અમુક સામાન્યધર્મ માણસ પાળતો થઇ જાય તે પછી જ બાર વ્રત ધારણ કરવાની યોગ્યતા એનામાં આવે છે.

આમ શ્રાવકપદના અભિલાષીએ જે ગુણ પોતામાં ખીલવવા જોઇએ તે શ્રી હેમચન્દ્ર આચાર્યના યોગશાસ્ત્ર (પ્રથમ પ્રકાશ)માં ગણાવ્યા છે. તેમાં પહેલો ગુણ આ છે કે શ્રાવક ન્યાયસંપન્નવિભવઃ હોય, એટલે શ્રાવક પૈસો કમાય તે ન્યાયપૂર્વક કમાય; લુચ્ચાઇ કરીને, માલમાં ભેગ કરીને, ગ્રાહકને છેતરીને કે લાંચ ખાઇને ન કમાય.

આ વિષયને લાગતું એક સંસ્કૃત સુભાષિત છે કે:—

વરં દારિદ્ર્યમન્યાયપ્રભવાત્ વિભવાત્ ઇહ ।
કૃશતા (અ)મિમતા દેહે મીનતા ન તુ શોફતઃ ॥

'અનીતિ કરીને સાહુકાર બનવા કરતાં નિર્ધન રહેવું સારૂં. પાતળું શરીર સારૂં; પણ સોજા ચડીને શરીર હૃષ્ટપુષ્ટ દેખાય તે સારૂં નહિ.'

જયશેખરસૂરિ (ઉપદેશચિન્તામણિ, ૩–૪૪) લખે છે કે :

ધમ્મોવિ જો ધણેણં કારૂ ઉવહારસુદ્ધિરહિએણ ।
સો ન લહઇ વિચ્છાર તરુવ્વ લવણંબુસંસિત્તો ॥

'હાથ મેલા કરીને કરેલી કમાણીમાંથી માણસ ધર્મ કરે તો તેમાં તેની આઠીવાડી વધે નહિ; જેમ ઝાડને ખારૂં પાણી પાય ને એ વધે નહિ તેમ.'

એ જ પ્રમાણે ઉદયવીરગણિ પાર્શ્વનાથચરિત્રમાં કહે છે કે:

અન્યાયેન તુ યા લક્ષ્મીઃ સા પ્રદીપનાદુદ્યુતિઃ ।

'અન્યાયથી કમાણી કરવી તે ઘર સળગાવીને દીવો કરવા જેવું છે.'

તેમ છતાં પરાપૂર્વથી ચાલતાં આવેલાં વેપારીનાં લક્ષણ વર્ણવતાં જયશેખરસૂરિ (ઉપદેશચિન્તામણિ ૨, પાનું ૫૦) લખે છે:

વિશ્વસ્તવંચનં માયારચનં વચનં મૃષા ।
ગુરુન્ વિનાપિ વિદ્યેયં વણિજાં સ્યાદયત્નજા ॥

'પોતા ઉપર વિશ્વાસ રાખનારને છેતરવા; ખોટી માયા રચવી, ખોટું બોલવું–આ બધી વિદ્યા વિના પ્રયત્ને, કોઇએ શીખવ્યા વિના જ, વેપારીમાં આવી જાય છે.'

વેપારીની આ 'અવિદ્યા'ના દૃષ્ટાન્તરૂપે જયશેખર સૂરિ રસભેદ અને પ્રતિરૂપવ્યવહાર (ભેગ)નો નિર્દેશ કરે છે :

વિક્રેતવ્યકુંકુમાદિવસ્તુના પ્રતિરૂપં સદૃશં કુસુમ્ભાદિ પ્રક્ષિપ્યતે યત્ર વ્યવહારે સ તત્પ્રતિરૂપો વ્યવહારઃ ।

'વેચવાની કેસર આદિ વસ્તુના જેવું કસૂંબાનાં ફુલ આદિ ભેળવે તે પ્રતિરૂપ વ્યવહાર.'

સૂરિજી આજ બેઠા હોય તો વેપારી ઘીમાં વનસ્પતિ તથા કતલ કરેલાં ઢોરની ચરબીનો ભેગ કરે છે તેનો દાખલો આપે.

કણપીઠમાં આવતું અનાજમાત્ર વેચાતું લઇ તેનો સંગ્રહ કરીને ભાવ ચડાવવાનો પ્રયત્ન કરતા બેલાડી આજ ઘણા પડ્યા છે; પણ વિક્રમ સંવત ૧૩૧૫માં પડેલા દુષ્કાળમાં ભદ્રેશ્વરના શ્રીમાળી જગડુશાહે ૧૧૨ દાનશાળા ઉઘાડી હતી, અને હમીરને ૧૨,૦૦૦ મૂડા, વીસલદેવને ૮,૦૦૦ મૂડા તથા દિલ્હીના બાદશાહને ૨૧,૦૦૦ મૂડા ધાન્ય આપ્યું હતું, એના જેવા પરોપકારી વેપારી આજ હોય તો આપણે જાણતા નથી.

અટ્ઠ ય મૂઢસહસ્સા વીસલરાયસ્સ નાર ઇમ્મીરે ।
ઇગવીસ ય સુરત્તાણે દુબ્ભિક્ખે જગડુસાહુણા દિન્ના ॥
નવકરવાલિ મણિઅડા, તે પર અલગા ચાર,
દાનશાલા જગડુતણી, દીસે ગુરવ મુઝાર.

(ઉપદેશપ્રાસાદ ૪; પા. ૩૬; ૧૧૨)

વેપારી ઊંચા ભાવને લોભે સંઘરા કરે છે એટલું જ નહિ પણ બીજા પણ કષાય કુકર્મ કરે છે તે વિષે જિનમંડનના શ્રાદ્ધગુણવિવરણ (પા ૭૮)માં એક શ્લોક આપ્યો છે:

ક્રયવિક્રયકૂટતુલાલાઘવનિક્ષેપભક્ત્તણવ્યાજૈઃ ।
એતે હિ દિવસચૌરા મુષ્ણન્તિ મહાજનં વણિજઃ ॥

'વસ્તુ વેચવા તથા વેચાતી લેવામાં કૂડકપટ, ખોટું તોળવું, પારકી થાપણ ઓળવવી,–એવી એવી રીતે, આ ધોળા દિવસના ચોર વેપારી, મેદિની મળી હોય તેની વચ્ચે બેસીને ચોરી કરે છે.'

પહેલાં પ્રથમ માણસ નિત્ય ઉઠીને હાલતાં ને ચાલતાં આવાં અનેક પાપ કરે છે તેનાથી નિવૃત્ત થાય; પછી સામાયિક –પ્રતિક્રમણ, ઉપવાસ, છઠ, અઠ્ઠમ, અઠ્ઠાઇ, માસખમણ કરે તથા ધર્મની ચર્ચા કરે. એટલે તો જયશેખરસૂરિ (ઉ. ચિ. ૪–૫૨) પ્રશ્ન પૂછે છે, કે

કટ્ટકિરિયાહિં દેહં દમન્તિ કિં તે જડા નિરપરાહમ્ ।
મૂલં સવ્વદુહાણં જેહિં કસાયા ન નિગ્ગહિયા ॥

'જેણે દુઃખમાત્રના કારણભૂત માયા (લુચ્ચાઇ), લોભ, ક્રોધ, માન આદિ કષાયનો ત્યાગ નથી કર્યો, તેવા જડ લોકો બાપડા નિરપરાધ શરીરને તપકાયોત્સર્ગ વનવાસઆદિ કષ્ટક્રિયાથી શું કામ પીડતા હશે ?'

દેસાઈ વાલજી ગોવિન્દજી

સત્કારતો સર્વને

જિહ્વાગ્રે મુજ આ ભલે ન વસજો મા શારદા સર્વદા,
કે મારી સહુ વાતથી ભલભલા અંજાઈ છો ના જતા,
કે મારાં સહુ વેણ છો ન ઉપડે આજ્ઞા બની અન્યથી;
હું માગું પ્રભુ એટલું મુખથકી જે જે સરે શબ્દ એ
હોજો સ્નેહરસ્યો, સુધામય અને સત્કારતો સર્વને !

('કોડિયું' માંથી સાભાર ઉધૃત) જયન્તીલાલ સોમનાથ દવે

વ્યાપાર પ્રવૃત્તિની બે વિકૃતિઓ : ભેળસેળ અને કાળાબજાર

આજે આપણી આજની વ્યાપાર પ્રવૃત્તિના ગર્ભમાં રહેલી અને આધુનિક સમયમાં વધારે ને વધારે ગંભીર સ્વરૂપ ધારણ કરતી બે વિકૃતિઓની થોડી તુલનાત્મક વિચારણા કરીએ. આ બે વિકૃતિઓ છે કાળાબજાર અને ભેળસેળ. આ બન્ને વિકૃતિઓએ અનેક પ્રકારના અનર્થો પેદા કર્યા છે અને વિશાળ સમાજનું ભારે અહિત કર્યું છે. આમ છતાં પણ આ બેના સ્વરૂપમાં કેટલોક ફરક છે અને તેથી એકની અનર્થકારકતા કરતાં અન્યની અનર્થકારકતા વધારે ધરાદાપૂર્ણ, વધારે નિષ્ઠુર અને વધારે કડક શિક્ષાને પાત્ર લાગે છે.

સમાજના ઉપયોગની વસ્તુઓના વિનિમય દ્વારા દ્રવ્યોપાર્જન કરવું એ વ્યાપારે માત્રનો મુખ્ય આશય છે. જ્યાં ચીજવસ્તુઓ ઉત્પન્ન થતી હોય અથવા તો ઉત્પન્ન થયેલી ચીજ વસ્તુઓ એકઠી કરવામાં આવતી હોય ત્યાંથી બને તેટલા સોંઘા ભાવે ચીજવસ્તુઓ ખરીદવી અને તેનો જેને જેને ખપ હોય તેને બને તેટલા ઊંચા ભાવે આ ચીજ વસ્તુઓ વેચવી—આવી દરેક વ્યાપારીની સ્વાભાવિક વૃત્તિ રહે છે. આ રીતે જે બચે તેને નફો કહેવામાં આવે છે.

વ્યાપાર સાથે હંમેશાં હરીફાઇ જોડાયેલી હોય જ છે. તેથી ઉપર જણાવેલ નફાનું પ્રમાણ સાધારણ રીતે યોગ્ય પ્રકારે મર્યાદિત રહે છે. માલની ઓછી વધતી પુરવણી અને ચીજોની ઓછી વધતી માંગના પરિણામે ચીજોના ચાલુ ભાવમાં વધારો ઘટાડો થતો રહે છે અને તેથી વ્યાપાર પ્રવૃત્તિમાં ચાલુ અને વ્યાજબી લેખાતા નફા કરતાં કદિ વધારે નફો થવાની તો કદિ ઓછા વધતા પ્રમાણમાં ખોટ આવવાની શક્યતા હંમેશા રહેલી હોય છે. જેમ ખોટ આવે છે તો વ્યાપારી મુંગે મોઢે ભોગવે છે તેમ વધારે નફો મેળવવાની શક્યતા ઉભી થતાં તેવો નફો મેળવવામાં પોતે કાંઇ ખોટું કરે છે એમ વ્યાપારીને કદિ લાગતું નથી. વ્યાપાર એક રીતે જોતાં એક સામાજિક પ્રવૃત્તિ છે, પણ બીજી રીતે વિચારીએ તો તે કેવળ અંગત વ્યક્તિગત પ્રવૃત્તિ છે. કારણ કે ચીજ વસ્તુઓની લેવેચમાં થતો નફો યા નુકસાન દરેક વ્યાપારીને અંગત રીતે ભોગવવાં પડે છે અને તેથી સાધારણ રીતે વ્યાપારી અંગત લાભ તોટાની દૃષ્ટિએ જ પોતાનો વ્યવસાય ચલાવે છે. આ રીતે વિચારતાં જે રીતની વેચનાર ખરીદનાર વચ્ચે સમજણ થઇ હોય, તે મુજબનો જ માલ જે વ્યાપારી આપે અને તેના માપ તોલમાં કે માલની નક્કી કરાયલી ગુણવત્તામાં કશો પણ ફેરફાર ન કરે તે વ્યાપારીને પ્રમાણીક વેપારી તરીકે ગણવામાં આવે છે. આ ઉપરાંત ચીજોના ભાવોમાં વધારો ઘટાડો થવાના કારણે ચાલુ વેચાણભાવમાં વેપારીને અવારનવાર ફેરફાર કરવો પડે તે તદ્દન સ્વાભાવિક છે. પણ ખરીદનારના અજ્ઞાનના લાભ લઇને તેની પાસેથી વધારે ભાવ લેવામાં આવે અથવા તો ચીજ-વસ્તુને સોંઘી બનાવવા ખાતર કે વધારે નફો મેળવવા ખાતર તેમાં ભેળસેળ કરવામાં આવે, સાચું કહીને ખોટું આપવામાં આવે, ઊંચું કહીને ઉતરતું આપવામાં આવે, માપ તોલમાં ગોટાળો કરવામાં આવે, ભારે હલકાનું મીશ્રણ કરવામાં આવે—વ્યાપારને લગતી આવી બધી પ્રક્રિયાઓને અપ્રમાણીક, અનીતિમય, અધર્મમય લેખવામાં આવે છે. કાળજુની વ્યાપાર પ્રવૃત્તિનું આ સાદું સીધું સ્વરૂપ છે.

ચીજવસ્તુની અછતનો લાભ વ્યાપારી અનાદિ-કાળથી લેતો આવ્યો છે. તેથી આજે જેને કાળાબજાર કહેવામાં આવે છે તેનાં બીજો વ્યાપારપ્રવૃત્તિના ગર્ભમાં કંઇ કાળથી પડેલાં છે. એમ છતાં દુનિયાની આંખે ચડે અને ધૃણા ઉપજાવે તેવું જે આજે કાળાબજારનું સ્વરૂપ જોવામાં આવે છે તે કેવળ મોટા પાયા ઉપરનાં આધુનિક આર્થિક પરિવર્તનોનું તેમ જ પ્રાદેશિક અન્તરોને નાબુદ કરતી વૈજ્ઞાનિક સગવડોનું પરિણામ છે. છેલ્લાં પચ્ચાસ વર્ષ દરમિયાન વધારે ને વધારે ઝડપી વાહનવ્યવહાર તેમ જ સંદેશાવ્યવહારને અંગે દેશો દેશો વચ્ચે ભૌગોલિક દીવાલો અદૃષ્ય થતી ચાલી છે; વ્યાપાર પ્રવૃત્તિ આન્તરરાષ્ટ્રીય આકાર ધારણ કરતી રહી છે; ચાલુ વપરાશની ચીજવસ્તુઓના ભાવમાં આન્તર-રાષ્ટ્રીય તત્ત્વો મહત્ત્વની વધઘટ કરી રહ્યાં છે. એમાં પણ છેલ્લાં વિશ્વયુધ્ધોએ દુનિયાના બધા દેશોના અર્થકારણમાં નાના મોટા અનેક ધરતીકંપો પેદા કર્યા છે. દેશની અન્તર્ગત પરિસ્થિતિને ચુંથી નાખનારી ઘટનાઓને લીધે જીવનની જરૂરિયાતની ચીજવસ્તુઓની અવારનવાર અસાધારણ તંગી ઉભી થાય છે અને ચીજોના ભાવ આસમાને ચઢે છે. જેના હાથમાં સોંધી પ્રડતરનો માલ હોય તે ધાર્યા ભાવે—માંગ્યા ભાવે—માલ વેચી શકે છે અને પ્રજાજનો અણધારી મોંઘવારી અને અછતના ભોગ થઇ પડે છે. હંમેશા વ્યકિતગત રીતે વિચારવાને ટેવાયલા વ્યાપારીનું ધ્યાન કેવળ નફો મેળવવા ઉપર જ કેન્દ્રિત હોય છે અને ચીજોના ભાવ બેસી જાય ત્યારે પોતે ખોટ ભોગવવાને તૈયાર છે અને એવી ખોટ તે અવારનવાર ભોગવતો હોય છે એ સમાધાન ઉપર આમ પ્રજાની હાડમારીની ઉપેક્ષા કરીને પણ બને તેટલો નફો તારવવામાં તે કશું અનૌચિત્ય જોતો નથી. આવા સમયે સરકાર વચ્ચે પડે છે અને વસ્તુઓના ભાવ બાંધે છે અને બીજા અનેક પ્રકારનાં નિયંત્રણો મૂકે છે. આમ છતાં પણ નફાલક્ષી વ્યાપારી બાંધેલા ભાવથી વધારે ભાવ લેતો રહે છે, સરકારી પકડથી બચવા માટે બે પ્રકારનાં નામાં રાખવા શરૂ કરે છે, ખોટાં બીલો બનાવે છે અથવા બીલો વિના માલ વેચે છે અને સરકારી નિયંત્રણોમાંથી છટકબારીઓ શોધી કાઢીને અથવા તો સરકારી કાયદા-કાનૂનને વટાવીને અણઘટતું દ્રવ્યોપાર્જન કરતો રહે છે. આવા વ્યવસાયને કાળા બજાર કહેવામાં આવે છે અને એ રીતે થઇ રહેલો દ્રવ્યસંચય બે વિભાગમાં વહેંચાતો ચાલે છે : એક સરકારના આવકવેરાના અધિકારીઓને દેખાડી શકાય એવું —white money—ઓફિશિયલ-ચોપડામાં નોંધાયલું નાણું. અને બીજું ચોપડે જમા નહિ થયેલું—black money—અનઓફિશિયલ નાણું. આ કાળા બજારની વૃત્તિને બીજા વિશ્વયુદ્ધ દરમિયાન અસાધારણ વેગ મળ્યો; કારણ કે તત્કાલીન યુદ્ધપરિસ્થિતિના કારણે સરકારને લશ્કરી જરૂરિયાતોને અંગે ચીજ વસ્તુની હેરફેર ઉપર અને વ્યાપાર વિનિમય ઉપર તરેહ તરેહના અંકુશો મૂકવાની ફરજ પડતી ગઇ અને અર્થપરાયણ વ્યાપારી—આલમને પૂરતી કમાણી થતી હોવા છતાં વધારે ને વધારે કમાણી કરવા ખાતર સરકારી અંકુશો વટાવવાનું પ્રલોભન વધતું રહ્યું. કાળા બજારનો આ અનર્થ બીજા વિશ્વયુદ્ધ બાદ અટકવાને બદલે ઉત્તરોત્તર વધતો જ ચાલ્યો છે.

ઉપર જણાવ્યું તેમ ચીજ વસ્તુઓ સોંઘી બનાવવા ખાતર અને તેમાંથી વધારે નફો મેળવવા ખાતર વ્યાપારીઓ કંઇ કાળથી અન્ય ચીજો માફક ખાવા પીવાની અને ચાલુ વપરાશની ચીજ-વસ્તુઓમાં પણ ભેળસેળ કરતા આવ્યા છે. ભેળસેળનો આ અનર્થ પુરાતન કાળથી ચાલી આવેલો માલુમ પડે છે. આમ છતાં પણ બીજા વિશ્વયુદ્ધ દરમિયાન અનેક ચીજોની ઉભી થયેલી તંગીએ આ ભેળસેળના પ્રલોભનને પણ ખૂબ ઉત્તેજન આપ્યું છે અને આ અનર્થ દિવસાનુદિવસ ભયંકર સ્વરૂપ ધારણ કરતો જાય છે. બીજી ચીજોની ભેળસેળને આપણે કદાચ એટલું મહત્ત્વ ન આપીએ, પણ ખાદ્ય પદાર્થોમાં જે ભેળસેળ કરવામાં આવે છે, તેથી આગ

વધીને ઔષધો અને ઇન્જેક્શનોની બનાવટમાં જે ભેળસેળ અને ગોટાળો કરવામાં આવે છે તે તો અક્ષમ્ય છે. કારણ કે આવો અનર્થ આચરનાર વ્યાપારી માનવીના જીવન સાથે રાક્ષસી ખેલ ખેલી રહ્યો છે.

આ રીતે કાળાબજાર અને ભેળસેળની પ્રવૃત્તિઓ આજના સમગ્ર વ્યાપાર વ્યવસાયને દૂષિત કરી રહી છે અને આ કારણે સભ્ય દુનિયાની નજરમાં આજના વ્યાપારીઓ અળખામણા બની ગયા છે. વ્યાપાર વ્યવસાયમાં પેઠેલી આ બન્ને બદીઓ નિન્દનીય છે, સમાજ–વિરોધી છે, નૈતિક દૃષ્ટિએ અત્યન્ત દૂષિત છે. આમ છતાં પણ પ્રત્યેકમાં રહેલા દૂષિતપણાના અંશમાં મહત્વનો તફાવત છે. આ તફાવત તરફ અંગુલિનિર્દેશ કરવો એ આ આલેાચનાનો ઉદ્દેશ છે.

કશા પણ છળકપટ કર્યા સિવાય કે અપ્રમાણીકતા આચર્યા સિવાય કુશળતાપૂર્વક બને તેટલા સોંઘા ભાવે માલ ખરીદવો અને કશા પણ છળકપટ કર્યા સિવાય કે અપ્રમાણીકતા આચર્યા સિવાય એટલી જ કુશળતાપૂર્વક બને તેટલો ઊંચો ભાવ ઉપજાવવો–આવા ધ્યેયમાં વેપારી પોતાની કુનેહ અને ધર્મભયતાનો સમન્વય અનુભવે છે. આ રીતના દ્રવ્યોપાર્જન દ્વારા પ્રાપ્ત થતા વૈભવને ધર્મશાસ્ત્રોમાં 'ન્યાયસંપન્ન વૈભવ' તરીકે ઓળખવામાં આવ્યો છે. આવી રીતે કમાયલા ધન દ્વારા જીવનની સુલભ હોય તેવી બધી સુખસગવડો ભોગવવાનો–માણવાનો–માનવીને પૂરો અધિકાર છે–આવી માન્યતા લોકમાનસમાં લગભગ સર્વત્ર સ્થિર થયેલી છે. અલબત્ત આજની અસાધારણ કોટિની વિષમ આર્થિક પરિસ્થિતિમાં આ રીતે વર્તનાર પોતાની ચીજોના વધારે પડતા ભાવો લઇને લોકોની હાડમારીઓમાં–એવા કશા પૂર્વનિર્ધારિત ઇરાદા સિવાય–વધારો કરી બેસે એ સંભવિત છે, પણ વ્યકિતગત નફા સિવાય બીજી રીતે નહિ જોવાને ટેવાયલા વ્યાપારીના ધ્યાનમાં આ હકીકત આવતી હોતી નથી. સામાજિક ખ્યાલોથી પ્રેરાયલા સરકારી નિયંત્રણો તેને વધારે નફો કરતો અટકાવે છે, પણ સામાજિક ધોરણે પોતાની પ્રવૃત્તિનો વિચાર કરવાનો જેનામાં સંસ્કાર નથી તેવા વ્યાપારીના ધ્યાનમાં આવાં નિયંત્રણોનું ઔચિત્ય ઉતરતું નથી અને તેને વટાવીને અણઘટતો નફો કરવાને લલચાય છે. આમ ઘણી વખત દ્રવ્યપરાયણ વ્યાપારી પોતાની અંદર રહેલા ઊંડી લોભવૃત્તિથી પ્રેરાઇને અને પોતાની પ્રવૃત્તિનાં સામાજિક પરિણામો વિષે અજાગ એવી મનોદશામાં કાળાબજાર તરફ ઘસડાતો ચાલે છે.

આજની વ્યાપારપ્રવૃત્તિ અંગે બીજી એક કઢંગી પરિસ્થિતિ વિચારણીય છે. આજે જે કાનૂની પરિસ્થિતિ આપણા દેશમાં પ્રવર્તે છે અને જે સરકારી જટિલ નિયંત્રણો મુકત વ્યાપાર પ્રવૃત્તિનો જ્યાં ત્યાં અવરોધ કરી રહેલ છે તેને સંપૂર્ણતયા અધીન રહીને કોઇ પણ વ્યાપાર ચલાવવાનું અને તે દ્વારા બે પૈસા કમાવાનું સામાન્ય વ્યાપારી માટે અતિશય મુશ્કેલ બન્યું છે. જુદાજુદા ક્ષેત્રમાં વ્યાપાર કરતા વ્યાપારીઓનો આ સર્વસાધારણ અનુભવ છે. પરિણામે જેને કમાવું છે અને તે દ્વારા સુખરૂપ જીવનનિર્વાહ કરવો છે તેવા વ્યાપારી માટે એક યા અન્ય કાનૂનનું ઉલ્લંઘન અનિવાર્ય બન્યું છે. તેથી વ્યવહાર શુદ્ધિનો આગ્રહ રાખનાર વ્યાપારી માટે મોટી મુંઝવણ પેદા કરે તેવી પરિસ્થિતિ ઉભી થઇ છે.

વ્યવહાર શુદ્ધિના પ્રખર હિમાયતી શ્રી કેદારનાથજીને જ્યારે માલુમ પડયું કે જ્યાં સુધી વ્યાપારીઓની મનોદશામાં, ચોતરફની સામાજિક પરિસ્થિતિમાં અને સરકારી વહીવટની કાર્યવાહીમાં પાયાનો પલટો ન આવે ત્યાં સુધી વ્યાપાર સાથે જોડાયેલી વ્યકિતની દશા એક પ્રકારના દૂષિત ચક્રાવામાં vicious circle–માં ફસાઇ પડયા જેવી હોવાની, અને તેથી તેના માટે સંપૂર્ણ વ્યવહારશુદ્ધિ શકય રહેતી નથી અને તેને લગતી પ્રતિજ્ઞાઓ લેવરાવવાનો બહુ અર્થ નથી, ત્યારે તેમણે આ પ્રતિજ્ઞાઓ લેવરાવવાની પ્રવૃત્તિ સંકેલી લીધી. વ્યાપાર અંગેની આજની જટિલ પરિસ્થિતિ સમજવા માટે આ ઘટના બહુ સૂચક છે. આનો અર્થ કોઇ એમ ન કરે કે આજે જે મોટા પાયા ઉપર કાળા બજાર ચાલી રહ્યા છે, જે દ્વારા સરકારી ભાવનિયમનનું ઉલ્લંઘન કરીને અદ્ધળક નફો એકઠો કરવામાં આવે છે અને જે કારણે લોકોએ આવી મોંઘવારી વચ્ચે જીવવું કેમ એવી એક પ્રકારની કટોકટી નિર્માણ થઇ રહી છે તે ક્ષમ્ય છે કે હળવા દિલે નિભાવવા યોગ્ય છે એવું કહેવા કે સુચવવાનો અહિં કોઇ આશય છે જ નહિ. એમ એક બાજુ લોભની કોઇ સીમા નહિ એવા વ્યાપારીઓ અને બીજી બાજુએ નિયંત્રણો, નિયંત્રણો અને નિયંત્રણો સિવાય બીજું કશું સુઝતું નથી એવી આપણી સરકાર–આ બેના ગજગ્રાહ વચ્ચે પ્રમાણીક–કશું પણ ખોટું નહિ કરવાની ઇચ્છાવાળા અને એમ છતાં જિજીવિષા ધરાવતા નાના સામાન્ય વ્યાપારીઓ માટે જાણે કે વ્યાપારના ક્ષેત્રમાં બહુ અવકાશ ન રહ્યો હોય–આવી આજની વાસ્તવિકતા તરફ ધ્યાન ખેંચવું એટલો જ આ ચર્ચાનો હેતુ છે.

અપૂર્ણ પરમાનંદ

સ્નેહ–સંમેલન

મહારાષ્ટ્ર રાજ્યના નવા પ્રધાનમંડળમાં નિયુકત થયેલા સંઘના સભ્ય શ્રી શાન્તિલાલ શાહના સવિશેષ સંપર્ક અર્થે શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સભ્યોનું એક સ્નેહ–સંમેલન તા. ૨૦–૬–૬૦ સોમવાર સાંજના ૬–૧૫ વાગ્યે નવી ઇન્કમ ટેકસ ઓફિસ પાછળ, ન્યુ મરીન લાઇન્સ ઉપર આવેલા 'મનોહર'માં યોજવામાં આવ્યું છે. સંઘના સભ્યોને વખતસર ઉપસ્થિત થવા વિનંતિ છે.

કાશ્મીર પ્રવાસ મુલતવી

જુલાઈ માસ દરમિયાન મુંબઈ જૈન યુવક સંઘ તરફથી યોજવા ધારેલ કાશ્મીર પ્રવાસ કેટલીક અગવડોના કારણે મુલતવી રાખવામાં આવ્યો છે.

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ

"ખાધું પીધું અને ફીધું રાજય"

આ મથાળાનું બહેન ગીતા પરીખનું એક કાવ્ય તા. ૧–૬–૬૦ ના પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ કરવામાં આવ્યું છે. એ સંબંધમાં જણાવવાનું કે મુંબઇ પ્રદેશના કરવામાં આવેલા અદ્યતન વિભાજન ઉપર કટાક્ષ કરતું એ કાવ્ય નવા ગુજરાત રાજ્યના સ્થાપના નિમિત્તે સરકાર અને અમદાવાદ આકાશવાણી તરફથી યોજાયલા કવિ–સંમેલનમાં રજુ કરવામાં આવ્યું હતું. એ કાવ્યના એક વાંચનાર એમ જણાવે છે કે તેમાં કોયલ અને ચકલીનું દ્વિભાષી રાજ્ય સૂચવવામાં આવ્યું છે તેના બદલે કાબર અને ચકલીનું દ્વિભાષી રાજ્ય સૂચવવામાં આવ્યું હોત તો તે વધારે વાસ્તવિક લાગત. તંત્રી

વિષય સૂચિ

		પૃષ્ઠ
શ્રાવકપદનો અધિકારી કોણ?	દેસાઇ વાલજી ગોવિંદજી	૩૧
સત્કારતો સર્વને	જયન્તીલાલ સોમનાથ દવે	૩૧
વ્યાપાર પ્રવૃત્તિની બે વિકૃતિઓ: ભેળસેળ અને કાળાબજાર	પરમાનંદ	૩૨
પ્રકીર્ણ નોંધ : વિનોબાજીનું શાન્તિકાર્ય અને પોલીસના વડા શ્રી. રૂસ્તમજીનું નિવેદન, જૈન આગમ–સાહિત્યના પ્રકાશક સ્વ. જીવણચંદ સાકરચંદ ઝવેરી	પરમાનંદ	૩૪
શિક્ષણ–યોગી આચાર્ય શ્રી. નાનાભાઇ ભટ્ટ અંગે સન્માન યોજના.		૩૬
ગુજરાત મહારાષ્ટ્ર માટે એક અવસર	સિદ્ધરાજ ઢઢ્ઢા	૩૭
માથેરાનનું પર્યટણ એક અણકલ્પ્યું દુઃસાહસ	પરમાનંદ	૩૮

★ પ્રકીર્ણ નોંધ ★

વિનોબાજીનું શાન્તિકાર્ય અને પોલીસના વડા શ્રી. રૂસ્તમજીનું નિવેદન

પ્રબુદ્ધ જીવન'ના ગતાંકમાં મધ્યપ્રદેશના બહારવટીઆઓ વિનોબાજીના શરણે કેવી રીતે આવ્યા અને વિનોબાજીએ તેમને કેવી રીતે સત્કાર્યા એ વિષે કેટલુંક વિવેચન કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ મધ્ય પ્રદેશના ઇન્સ્પેક્ટર જનરલ શ્રી. કે. એફ. રૂસ્તમજીએ છાપાઓને એક નિવેદન બહાર પાડ્યું છે અને તેમાં વિનોબાજીની આ પ્રવૃત્તિઓ પોલીસદળ માટે અને મધ્ય પ્રાન્તમાં નિયમ અને વ્યવસ્થાનું તંત્ર જાળવવા અંગે કેવી મુશ્કેલીઓ ઉભી કરી છે અને પરિણામે પોલીસ દળના morale–નૈતિક ધૃતિ–ઉપર કેવો ફટકો પડ્યો છે તેનો ખ્યાલ આપ્યો છે, જે સ્થાન ઉપર શ્રી. રૂસ્તમજી અધિકૃત છે તે સ્થાનની દૃષ્ટિએ આ નિવેદનમાં ઘણું વજુદ છે. વળી વિનોબાજીએ પોલીસના અગ્રગણ્ય અધિકારીઓ સાથે કશો પણ સંપર્ક સાધ્યા સિવાય આ પ્રવૃત્તિ હાથ ધરી હોત તો શ્રી. રૂસ્તમજીની આ ફરિયાદ પૂરેપૂરી વ્યાજબી છે એમ સ્વીકારવાની પણ આપણને ફરજ પડત. પણ વિનોબાજીએ મધ્યપ્રદેશના અગ્રગણ્ય કર્મચારીઓ સાથે પૂરો સંપર્ક તેમજ સહકાર સાધીને આ પ્રવૃત્તિ હાથ ધરી હતી. આનો અર્થ એ થયો કે વિનોબાજી પ્રસ્તુત કાર્ય પૂરું ન કરે અથવા તો છોડી ન દે ત્યાં સુધી વિનોબાજીના કાર્યમાં આડે આવતા કાયદા કાનૂનનો અમલ મોકુફ કરવામાં આવે એવી પરસ્પરની સ્પષ્ટ સમજુતી હતી અને તે ઉપર વિનોબાજી આગળ વધી રહ્યા હતા. આ પરિસ્થિતિમાં શ્રી. રૂસ્તમજી વિનોબાજી સામે એવી ફરિયાદ કરે કે તેમણે રાજ્યતંત્રના ચાલુ નિયમ અને વ્યવસ્થાના અમલમાં એવી એક કઢંગી પરિસ્થિતિ ઉભી કરી છે કે જેનો મુકાબલો કરવાનું કોઇ પણ રાજ્યતંત્ર માટે અતિ મુશ્કેલ બની જાય, તો આવી ફરિયાદ ઉપર જણાવેલ સમજુતી સાથે બંધ બેસતી નથી. એવું તો કાંઇ છે જ નહિ અને હતું પણ નહિ કે હવે પછીથી વિનોબાજી અથવા તેમના સહકાર્યકર્તાઓ જ્યાં જ્યાં જાય ત્યાં ત્યાં આવા ચોર ધાડપાડુઓ અંગે પોલીસ તંત્રે સ્થગિત થઇ જવાનું છે અને આવા સમાજશત્રુઓના દિલમાં પલટો લાવવા માટે વિનોબાજી અને તેમના સાથીઓને અહિં માફક અન્યત્ર પણ છૂટો દોર આપવામાં આવનાર છે. આ આખી ગોઠવણ એક અપવાદરૂપ હતી અને અમુક એક પ્રયોગને અનુલક્ષીને વિચારવામાં આવી હતી. જો એ પ્રયોગમાં સફળતા મળે તો આ પ્રકારના ડાકુઓ અને બહારવટીઆઓ સાથે કામ કેમ લેવું તે અંગે કોઇ નવું દર્શન, નવી સૂઝ મળી જાય એવી આશા સેવવામાં આવી હતી. આવી પૂર્વભૂમિકા ઉપર પ્રસ્તુત પ્રયોગને સર્વ જવાબદાર વ્યક્તિઓએ અનુમતિ–અનુમોદન આપ્યું હતું. ચાલુ કાયદાની આવી મોકુફી તત્કાળ પૂરતી હતી, એને ભવિષ્યમાં અનિયત કાળ સુધી લંબાવવાની હતી જ નહિ. આ વસ્તુસ્થિતિનો શ્રી રૂસ્તમજીએ બરોબર ખ્યાલ કર્યો હોત તો તેમને એકાએક આવું નિવેદન પ્રગટ કરવાનો વિચાર આવ્યો ન હોત. ઉલટું ડાકુઓની બીનશરતી શરણાગતિ અને ત્યાર બાદ તેઓ સ્વેચ્છાએ પોલીસને કબજે થયા અને પોતાના ગુન્હાઓનો તેમણે એકરાર કર્યો–આ આપણા માટે જેમ એક આશ્ચર્ય પેદા કરતી–એક અવતવા ચમત્કાર સમી–ઘટના બની છે તેવું જ આશ્ચર્ય ચાલુ લઢણ ઉપર પોલીસ તંત્રનું સંચાલન કરતા શ્રી. રૂસ્તમજીએ પણ અનુભવવું જોઇતું હતું; અને તે કારણે તેમના દિલમાં એક પ્રકારનું મનોમન્થન પેદા થવું જોઇતું હતું. આમ જ્યારે કાયદો અને વ્યવસ્થા અંગેની શ્રી. રૂસ્તમજીની ભડક આપણને વધારે પડતી લાગે છે ત્યારે પ્રસ્તુત ઘટના સાથે સંકળાયલી બે બાબતો અંગે પણ થોડી ચર્ચા કરવાની ખાસ જરૂર ભાસે છે.

એક બાબત તો એ છે કે આ ડાકુઓને glorify–કરવામાં આવ્યા છે–વીર પુરૂષો તરીકે જ્યાં ત્યાં બીરદાવવામાં આવ્યા છે–તેમાં કાંઇક અતિશયતા થયાનું ભાસે છે. આવા લોકોનો તિરસ્કાર ન કરવો એ એક વાત છે; તેમનું બહુમાન કરવું એ બીજી વાત છે. જેમણે પોતાનો માનવદ્રોહી વ્યવસાય ચલાવતાં દયા, કરૂણા કોમળતાને આજ સુધી કેવળ કારણે મૂકી હતી તેઓ આજે, તેમના તેમજ સમાજના સદ્ભાગ્યે, વિનોબાજીથી પ્રભાવિત બને અને તેમના ચરણમાં માથું નમાવે એનો અર્થ આપણે એમ ન જ કરી શકીએ કે તેમનામાં સંપૂર્ણ પલટો થઇ ચૂક્યો છે. એનો અર્થ એટલો જ હોઇ શકે કે તેમનામાં માનવતા લક્ષી એક પ્રસુપ્ત બાજુ છે, જેને યોગ્ય રીતે સ્પર્શવામાં આવે અને તેમને હડધૂત અને અપમાનિત કરવાને બદલે, ભલે જેલમાં પણ, સાચા અને સારા માનવી બનવાની તક આપવામાં આવે તો, સમયાન્તરે તેમનામાં સાચો અને સ્થાયી પલટો આવવાની પૂરી શકયતા છે. તેમના હાથમાં રામાયણ હતી, ગીતા હતી કે ભાગવત હતું એમ જ્યારે આપણે તેમના વિષે જાહેર કરીએ ત્યારે એ કારણે તેમનામાં ઊંડી ધાર્મિકતા હતી અને સામાન્ય માનવીની અપેક્ષાએ તેઓ ચડિયાતા હતા એવું જે આપણે સૂચન કરીએ તો તે એક પ્રકારનું વેવલાપણું જ ગણાય. કારણ કે તેમના બીજા જ હાથમાં બંદૂક રહેલી જ હતી કે જેનો તેઓ નિર્દોષ માનવીઓનું ખુન કરવામાં ચાલુ ઉપયોગ કરતા રહ્યા હતા અને એ રીતે રામાયણ અને ગીતાનો ચાલુ ધનકાર કરી રહ્યા હતા. આ બીજી બાજુ તેમની પ્રશસ્તિ કરવામાં ભુલી જવાતી હોય એમ લાગે છે.

બીજી બાબત એ છે કે ડાકુઓનું સ્વાગત સન્માન કરવાના આવેગમાં જે પોલીસની આજ સુધીની કામગીરીને અવગણવામાં આવે અને ડાકુ અને પોલીસ બન્ને બંદુકના ઉપયોગ ઉપર નિર્ભર છે એમ કહીને બન્નેને સમકક્ષાએ મૂકવામાં આવે તો તેથી પોલીસની કામગીરીને બહુ મોટો અન્યાય કરવામાં આવે છે એમ બેધડક કહેવું જ રહ્યું. શ્રી રૂસ્તમજીના નિવેદનમાં વિનોબાજી અંગે આવું કાંઇક સૂચન હોવાનું જણાય છે અને તેથી આ બાબતનો આટલો ઉલ્લેખ કરવો જરૂર લાગ્યો છે. પણ વિનોબાજીએ આવું કોઇ પણ સૂચન કોઇ જગ્યાએ કર્યું હોય એવું હજુ સુધી મારા જોવામાં આવ્યું નથી. ઉલટું તા. ૧૫–૫–૬૦ ના રોજ મધ્ય પ્રદેશમાં આવેલા અમ્બાહ ગામ ખાતે સરકારી પોલીસની કામગીરી અંગે બોલતાં તેમ જ જે મીશન માટે તેઓ આગળ વધવાના હતા તેનો ઉલ્લેખ કરતાં તેમણે જે કાંઇ જણાવ્યું છે તે કંઇક જુદું જ સૂચવે છે. આ બાબત અંગે તેમના વિષે ઉભી થયેલી ગેરસમજુતી દૂર થાય એ હેતુથી તેમનું એ પ્રવચન અહિં ઉધ્ધૃત કરવાની જરૂર લાગે છે. તેમણે ઉકત પ્રસંગે બોલતાં જણાવ્યું હતું કે :–

"હમણાં અહિંના અધિકારીએ (ડેપ્યુટી ઇન્સ્પેક્ટર જનરલ ઓફ પોલીસે) એક વાત કહી, જે પહેલાં હું જાણતો નહોતો. તેમણે ત્રણ વર્ષ પહેલાં બાબાને અહીં બોલાવવાની સરકારને ભલામણ કરી હતી, જે હું જાણતો નહોતો. આ બહુ મોટી વાત છે. ધર્મ માટે મરી ફીટવાને ભારતનો ક્ષત્રિય પોતાનું કર્તવ્ય સમજતો. તેથી ધર્મ સમજનારની તે હમેશાં મદદ લેતા. અહિં ક્ષત્રિય વર્ગ બ્રહ્મવિદ્યાનો સદા ઉપાસક રહ્યો છે. અધિકારી મહાશયના ભાષણથી આજે આ વાતની સ્મૃતિ જાગી ઉઠી.

"પોલીસનું કામ કપરું છે. તેમણે પોતાનું દિલ નરમ રાખવાનું છે અને હાથથી કામ કરવાનું છે કડક. પોલીસ કરતાં

સંતોનું કામ સરળ છે. તેમનું દિલ નરમ હોય છે તો હાથ પણ નરમ જ હોય છે. ઉપરાંત પોલીસે તો મર્યાદાનો યે ખ્યાલ રાખવો પડે છે. સેનાનું કામ એટલું કપરું નથી. સેનાને કોઈ નહીં પુછે કે વિરોધી પર આટલો સખત હુમલો શા માટે કર્યો? પરંતુ જ્યાં પાંચ શેર તાકાતની જરૂર હોય ત્યાં સાડા પાંચ શેર તાકાતનો ઉપયોગ પોલીસ ન કરી શકે. તે માટે તો તેણે ચોખવટ કરવી પડે, જવાબ દેવો પડે.

"અર્થાત્ યોગ સાધના જેવું આ કઠિન કામ છે. અંતરમાં નરમ, ઉપર સખત અને બુદ્ધિમાં મર્યાદાનો ખ્યાલ. મા-બાપ પોતાના બચ્ચાને ફટકારતી વખતે એમ જ કરે છે. દંડ વધુ પડતો ન થઇ જાય અને હૃદયમાં ખૂબ પ્યાર હોય. તેવી જ રીતે નાગરિકોની સેવામાં પોતાના જીવને જોખમે પણ સદા તૈયાર રહેવું, લોક-પીડકો સાથે સખત હાથે કામ લેવું અને તેમાંયે વળી મર્યાદા ન ચુકાય એનો ખ્યાલ રાખવો-આ તો યોગીના જેવું કામ છે.

"કોઇક છાપામાં છપાયું છે કે "બાબા કહે છે કે અહીંથી પોલીસોને દૂર કરવા જોઇએ." બાબામાં પણ થોડીક અક્કલ છે ખરી! તે એવી ખોટી વાત કેમ કરે? હા, લોકો સ્વયં પોતાનું રક્ષણ કરે અને માગણી કરે કે પોલીસના રક્ષણની અમને જરૂર નથી, તો ઠીક છે. ગામેગામ રક્ષક-દળ બને તો પછી પોલીસોની કંઇ જરૂર ન રહે એ સમજી શકાય એવી વાત છે.

'પોલીસ પાસેથી તો હું એવી અપેક્ષા રાખું કે તેનું દિમાગ સમતોલ હોય, તેનામાં ક્ષોભ ન હોય. તે દિમાગ હંમેશાં સમતોલ રાખે. માત્ર બંદૂક ચલાવવાનું જ એનું કામ નથી, બીજાના રક્ષણ માટે મરી ફીટવાનું યે તેનું કામ છે. તેથી પોલીસે સાધુપુરૂષ ને વીરપુરૂષ એમ બંનેનું કામ કરવાનું છે, જ્યારે સૈનિકે તો કેવળ વીરપુરૂષનું જ કામ કરવાનું છે. માત્ર છાતીની પહોળાઇ ૩૬ ઇંચ હોય એટલું જ પૂરતું નથી. પહોળાઇની સાથે એટલું ઉંડાણ પણ અંદર જોઇએ. ઉપરાંત કયા મોકા પર શું કરવું તેની સમજ પણ જોઇએ.

"હવે મારું જે કામ છે, મિશન છે તેમાં તમે મને કેવી રીતે મદદ કરી શકો? એક તો હું જ્યાં જ્યાં જાઉં ત્યાં ત્યાં મારી સાથે ન આવો. જે કોઇ પણ મારી પાસે આવવા માગે તે નિર્ભયતાથી ખુલ્લા ખુલ્લા આવી શકે. ખબર નથી કોણ કોણ મારી પાસે આવશે. પછી એકવાર એમને તમારે હવાલે સોંપી દેવાય ત્યારે તેમની સાથે કડક વર્તાવ ન રાખશો. **જો કોઈ દેહાંતદંડને પાત્ર હશે તો ન્યાયાધીશ તેને ફાંસીની સજા કરશે જ. જેને પશ્ચાત્તાપ થયો છે તે દંડથી બચવા નહીં માગે.** માફ કરવાવાળો તો ઇશ્વર છે. ઇશ્વર પાપનો દંડ તોળીતોળીને આપે છે, પરંતુ પુણ્યનું ફળ તો છૂટે હાથે આપે છે. તે બશેર પાપનો બશેર દંડ આપે છે; પરંતુ એક શેર પુણ્યનું ફળ મન ફાવે એટલું આપે છે, દંડ હિસાબથી દે છે, પણ ઇનામ આપવામાં પાછું વાળીને જોતો નથી. તે સજાયે કરે છે તો તે સુધારવા માટે. ઇનામમાં ઉદાર અને સજામાં કંજુસ! આનો જ પ્રયોગ પોલીસે કરવાનો છે. કાલે તમારા નાયબ પ્રધાને મળ્યાની વાત કરી કે જેઓ આત્મસમર્પણ કરશે તેમની સાથે કડક વર્તાવ નહીં થાય.

"તો તમારું અને મારું કામ સરખું જ છે. તમારે પહેલા માખણ, પછીયે માખણ અને વચ્ચે કઠોર બનવાનું છે. બહુ ઠંડુ થાય ત્યારે માખણ થોડું કઠણ બને છે, પણ પથ્થર તો ન જ બને. પોલીસની શક્તિ અગ્નિની નહીં, બરફની શકિત છે.

"તમારું કામ કઠિન છે, ડગલે ડગલે તમારી પરીક્ષા થશે. ઇશ્વર કરે ને તમે દેશના સાચા સેવક સાબિત થાઓ!"

(તા. ૬-૬-૬૦ ના 'ભૂમિપુત્ર'માંથી.)

હું માનું છું કે ઉપરનું પ્રવચન વાંચતાં વિનોબાજી અંગે ઉભી થયેલી ગેરસમજુતીનું નિવારણ થશે અને આખી ઘટનાને તેના વાસ્તવિક આંકારમાં ગ્રહણ કરવામાં મદદરૂપ થશે અને માત્ર જે ચોરી કે લુંટફાટ કરે તેને પકડવો અને જેલમાં પૂરવો અને જે ખુન કરે તેને ફાંસીએ ચઢાવવો-આવી જે એક શાસનપરંપરા આજે પ્રવર્તે છે તેના ઊંડાણમાં ઉતરીને તથા મનોવૈજ્ઞાનિક ધોરણે વિચાર કરીને આવા અનર્થોનાં મૂળ છેદાય એવા કોઇ નવા માર્ગો વિચારવા તેમજ અમલી બનાવવા સમાજના ચિન્તકો પ્રેરાશે.

જૈન આગમ-સાહિત્યના પ્રથમ પ્રકાશક
સ્વ. જીવણચંદ સાકરચંદ ઝવેરી

જૈન સાહિત્યના એક અખંડ ઉપાસક શ્રી જીવણચંદ સાકરચંદ ઝવેરીના ૭૨ વર્ષની ઉમ્મરે તા. ૨૭-૪-૬૦ ના રોજ જુનાગઢ ખાતે નીપજેલા અવસાનની સખેદ નોંધ લેવામાં આવે છે. તેઓ મૂળ સૂરતના વતની; જીવનનો મોટો ભાગ તેમણે મુંબઇમાં પ્રસાર કરેલો; તેમનો વ્યવસાય ઝવેરાતનો - ખાસ કરીને મોતીનો. વ્યવહારિક શિક્ષણ તેમને બહુ નહોતું મળ્યું, પણ ધંધાની આવડત અને સુઝ વારસામાં મળેલી. એ કારણે એક વખત તેમનો ધંધો બહોળા પ્રમાણમાં ચાલતો હતો. પણ તેમના જીવનનો મુખ્ય રસ જૈન સાહિત્ય અને આગમોના પ્રકાશનમાં હતો અને તે પાછળ તેમણે જીવન શક્તિનો ઘણો મોટો ભાગ ખરચ્યો હતો.

વીશમી સદીના પ્રારંભકાળના સમયમાં જૈન આગમો પ્રકાશિત કરવા સામે સ્થિતિચુસ્ત સાધુઓ અને શ્રાવકોનો ખૂબ વિરોધ હતો, અને એમ છતાં ધર્મશાસ્ત્રોના અધ્યયન તરફ જૈન સાધુઓ-ખાસ કરીને શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સાધુઓ-ખૂબ આકર્ષાવા લાગ્યા હતાં; મુદ્રણકળાનો ચોતરફ પ્રચાર થતાં જૈન ધર્મ અને સાહિત્યનાં અનેક પુસ્તકો પ્રગટ થવા લાગ્યાં હતાં; મૂળ ગ્રંથો-આગમો જોવા જાણવાની અભિરૂચિ ચોતરફ પેદા થઇ રહી હતી અને સમય જતાં ચાલુ વિરોધનો સામનો કરીને જૈન શ્વે. મૂ. સંપ્રદાયના એક વિદ્વાન આચાર્ય શ્રી. સાગરાનંદ સૂરિની પ્રેરણાથી આગમોદય સમિતિ ઉભી કરવામાં આવી હતી, જેના સ્વ. જીવણચંદ સાકરચંદ ઝવેરી પ્રારંભથી તે જીવનના અંત સુધી મુખ્ય સંચાલક રહ્યા.

એવી જ રીતે તેમના પિતાનું નાનપણમાં અવસાન થતાં સ્વ. જીવણચંદનો ઉછેર તેમના કાકા સ્વ. દેવચંદ લાલભાઇને ત્યાં થયો હતો. એ જ દેવચંદ લાલભાઇની એક લાખ રૂપિયાની એ વખતમાં અસાધારણ લેખાતી સખાવતના પરિણામે-સ્વ. શ્રી સાગરાનંદસૂરિની પ્રેરણાથી - શ્રી દેવચંદ લાલભાઇ પુસ્તકોદ્ધાર ફંડની સ્થાપના કરવામાં આવી હતી જે ફંડનું મંત્રીપદ સ્વ. જીવણચંદભાઇએ વર્ષો સુધી શોભાવ્યું હતું. આ બે સંસ્થાઓ દ્વારા તેમની સીધી દેખરેખ નીચે સંખ્યાબંધ ધર્મગ્રન્થો અને ખાસ કરીને મૂળ આગમો પ્રગટ કરવામાં આવ્યા હતા. આ પ્રવૃત્તિને જ તેમણે જીવનનું મુખ્ય કાર્ય માન્યું હતું અને એ કારણે પોતાના બહોળા વેપારની તેમણે સતત ઉપેક્ષા સેવી હતી. જીવનના અન્ત સુધી તેમનો વિદ્યાવ્યાસંગ, સાહિત્યોપાસના, વાચન અધ્યયન ચાલુ રહ્યાં હતાં. જૈન આગમો સૌથી પ્રથમ તેમની દેખરેખ નીચે પ્રસિદ્ધ થયા હતા. એ ઉપરાંત જૈન ગુર્જર કાવ્યોનાં ૮ ભાગો દ્વારા તેમણે જૈન કાવ્યસાહિત્યના વિપુલ સંગ્રહને પ્રકાશમાં આણ્યો હતો. આ રીતે જૈન સાહિત્યના પ્રકાશન સાથે તેમનું નામ ચિરકાળ સુધી સંકળાયલું રહેશે.

જેવી તેમની જ્ઞાનોપાસના હતી તેવું જ તેમનું જીવન નિર્મળ, સંયમપૂર્ણ અને ધર્મપરાયણ હતું, પ્રસિદ્ધિથી પરાઙ્મુખ, સતત સાહિત્યપ્રવૃત્તિમાં નિમગ્ન; શીલસંપન્ન તેમની જીવનચર્યા હતી. તેમના જવાથી જૈન સમાજને એક કુશળ સાહિત્યોદ્ધારકની ખોટ પડી છે. તેમના આત્માને શાશ્વત શાન્તિ પ્રાપ્ત થાઓ! પરમાનંદ

શિક્ષણ–યોગી આચાર્ય શ્રી નાનાભાઇ ભટ્ટ અંગે સન્માનયોજના

આજીવન શિક્ષણ–ઉપાસક શ્રી નાનાભાઇ ભટ્ટને આજે કચ્છ કાઠિયાવાડ કે ગુજરાતમાં કોણ નથી ઓળખતું? તેમનું શરીર વૃધ્ધાવસ્થા અને અપંગપણાના કારણે આજે જર્જરિત થઇ રહ્યું છે અને એમ છતાં પણ શિક્ષણના ક્ષેત્રે જેમની સેવા ચાલુ છે અને જેમના શ્વાસે શ્વાસે પ્રજાના શૈક્ષણિક ઉત્કર્ષની ચિન્તા ધબકી રહી છે અને રાષ્ટ્રના અનેક શૈક્ષણિક પ્રશ્નો અંગે જેમની ચિન્તન–ઉપાસના પૂર્વવત્ એક સરખી સજીવ અને અદ્યતન બની રહી છે તેમનું આગામી ઓકટોબર માસમાં મોટા પાયા ઉપર જાહેર સન્માન કરવું અને તેમને એ પ્રસંગે બે લાખની થેલી અર્પણ કરવી આ ખ્યાલથી પ્રેરાઇને તેમના કેટલાક મિત્રો અને પ્રશંસકોની એક સન્માન–સમિતિ ઉભી કરવામાં આવી છે. આ સમિતિના પૂજ્ય શ્રી રવિશંકર મહારાજ પ્રમુખ છે, શ્રી ગિજુભાઇ કેટક કોષાધ્યક્ષ છે અને શ્રી જયાબહેન શાહ, શ્રી હિંમતલાલ ખીરા તથા શ્રી રતુભાઇ કોઠારી મંત્રીઓ છે. આ સમિતિ તરફથી ગુજરાતના શિક્ષણસંસ્કારમાં રસ લેનારાં સજ્જન–સન્નારીઓને સંબોધીને ૧૧૯ વ્યકિતઓની સહીવાળું એક વિજ્ઞાપનપત્ર–અપીલ બહાર પાડવામાં આવેલ છે અને આ વ્યકિતઓમાં રાજ્ય પ્રધાનો, કેળવણીકારો, સાહિત્યકારો, સમાજસેવકો, ઉદ્યોગપતિઓ, પત્રકારો તથા જાહેર કાર્યકરોનો સમાવેશ થાય છે. આ વિજ્ઞાપનથી પ્રભાવિત થતા ભાઇ બહેનોને પોતપોતાનો યથાશકિત ફાળો નીચેના સ્થળે મોકલી આપવા વિનંતિ કરવામાં આવી છે :

(૧) નાનાભાઇ સન્માન સમિતિ જન્મભૂમિ, પો. બો. નં. ૧૨. મુંબઇ નં. ૧

(૨) નાનાભાઇ સન્માન સમિતિ, લોકભારતી, સણોસરા (ધોળા જંકશન થઇને) સૌરાષ્ટ્ર.

આ બાબત અંગે પત્રવ્યવહાર પણ ઉપરમાંના કોઇ પણ સરનામે કરી શકાશે. આ ફાળામાં અપાતી રકમ આવકવેરાથી મુકત હશે એમ પ્રસ્તુત વિજ્ઞાપનમાં જણાવવામાં આવ્યું છે. શ્રી દક્ષિણામૂર્તિ વિદ્યાર્થી ભવન, ગ્રામ દક્ષિણામૂર્તિ તથા લોકભારતીના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને સંબોધીને આવી જ એક અપીલ પ્રગટ કરવામાં આવી છે તેનો ઉલ્લેખ કરીને આગળ વધતાં પ્રસ્તુત વિજ્ઞાપન નીચે મુજબ જણાવે છે :–

ગુજરાત, જે આંગળીને વેઢે ગણાય એટલા પુરુષાર્થીઓથી ઊજળું છે તેમાંના એક નાનાભાઇ છે. શિક્ષકનો ધંધો કરી આવક વિનાનો ને હિણપતવાળો ગણાતો ને શાળાઓ જ્યારે સોટીના જોર પર ચાલતી હતી એ જમાનામાં એમણે સ્વતંત્રતા, સ્વયંસ્ફુર્તિ અને શ્રમ વિનાનું શિક્ષણ નિરર્થક છે એમ છાપરે ચઢીને સમજાવ્યું. ને તે કેવળ કહ્યું જ નહોતું પણ તે પ્રમાણે કરી બતાવ્યું. દક્ષિણામૂર્તિ બાળમંદિર, આંબલાની લોકશાળા, આંબલાનું પાયાની કેળવણીનું અધ્યાપન મંદિર, ગ્રામસેવક વિદ્યાલય ને લોકભારતીનાં શ્રમસપ્તાહો જેમણે જોયાં હશે એમને ઝાંખી થઇ હશે કે શિક્ષણ દ્વારા જવાબદારી, સ્વયંસ્ફુર્તિ, સહકાર ને શ્રમના સુમેળ કેમ થઇ શકે છે.

ગુજરાતનું એ પરમ સૌભાગ્ય ગણાશે કે સ્વરાજના કેળવણી પૂર્વપ્રાથમિકથી માંડીને મહાવિદ્યાલય સુધી કેવી હોઇ શકે તેનું ચિંતન ને તેનો પ્રત્યક્ષ પ્રયોગ એક વ્યકિતને હાથે સળંગસૂત્ર રીતે થતો તેણે જોયો. પાયાથી માંડીને તે કળશ સુધીની આવી કેળવણીની ઇમારત અનેક ઝંઝાવાતો વચ્ચે નાનાભાઇએ એકાગ્ર ભકિતથી ઊભી કરી તેને રૂપે ગુજરાતનું પરમ ગૌરવ ગણીએ છીએ. કારણ કે આખરે દેશની મહત્તાના આધાર તેની ખાણો કે ખેતરો પર નથી પણ કામ કરતા નાગરિકો ઉપર છે. નાગરિકો કેવા થશે તેનો આધાર તેની શિક્ષણપ્રથા પર છે. સ્વરાજ આવતાં પહેલાં ગુજરાતમાં સ્વરાજ માટેની શિક્ષણપ્રથાનો નકશો તૈયાર થયો એ આપણાં સદ્‌ભાગ્ય છે.

નાનાભાઇએ શિક્ષણની આ એકોપાસના દ્વારા સ્વરાજની જ સેવા નથી કરી; તેમના ઉદાત્તચરિત જીવન ને ચિંતન દ્વારા સંસ્કૃતિની પણ ભારે સેવા બજાવી છે. તેમનાં લખાણો ને દક્ષિણામૂર્તિનાં પ્રકાશનો દ્વારા ગુજરાતનું સાહિત્ય ને સંસ્કૃતિ બન્ને સમૃદ્ધ થયાં છે તે પણ ગુજરસંસ્કૃતિના ઇતિહાસકાર નોંધશે.

ગુજરાત સાહસિક સોદાગરો માટે જાણીતું છે. નાનાભાઇએ પોતાના જીવતરમાં એ ગુણ પ્રત્યક્ષ બતાવ્યો છે. કોલેજની કેળવણી ખોટી લાગતાં તે છોડતાં તેમને વાર ન લાગી; દક્ષિણામૂર્તિની કેળવણીમાં ફેરફાર કરતાં વાર ન લાગી; બીજાઓ જે ઉંમરે આરામનો સહેજે વિચાર કરે તે ઉંમરે એમણે આંબલામાં ગ્રામદક્ષિણામૂર્તિના અને સણોસરામાં લોકભારતીના નવા અખતરા શરૂ કર્યા. બુનિયાદી શિક્ષણના જ નહિ પણ ગ્રામસેવાના તેમ જ રચનાકાર્યના ક્ષેત્રમાં આ રીતે તેમણે જે ફાળો આપ્યો છે તે અત્યંત આદરને પાત્ર છે.

સ્વરાજ પછીની કેળવણી કેવી હોવી જોઇએ તે વિષે ડામાડોળ સ્થિતિ પ્રવર્તે છે ને અશિસ્ત જાણે શિક્ષણની પેદાશ હોય તેવું દેખાય છે ત્યારે તો એમના પ્રયોગનું મૂલ્ય ઘણું વધી જાય છે. તેમણે આપણને બતાવ્યું છે કે કેળવણી શહેરની, ગામડાંની, ધંધાકીય, નોકરીની એવી ખંડ ખંડ ન હોઇ શકે, પણ કેળવણી એક જ હોઇ શકે અને તે જીવનની, તે જ સંજીવની છે. આ એમણે કહ્યું જ નથી પણ પ્રત્યક્ષ કરી બતાવ્યું છે.

તેમના અમૃતસ્પર્શે પલ્લવિત થયેલા વિદ્યાર્થીઓ તેમના કાર્યને મદદરૂપ થવા અને તેમનું સન્માન કરવા ઇચ્છે તે સહજ છે. ભારતના ખૂણે ખૂણે પથરાયેલા તેમના વિદ્યાર્થીઓ આ અંગે શોભતું કરશે જ. પરંતુ અમને પણ ગુજરાતના યશ અને ગૌરવમાં રસ લેનારા તરીકે આ પ્રયત્નમાં મદદરૂપ થવાનું ગમે છે. અમે ગુજરાતના શિક્ષણ ને સંસ્કારમાં રસ લેનારા સૌને આમાં સક્રિય ભાગ લેવા અને યથાશકિત ફાળો આપવા નોતરીએ છીએ.

ઉછરંગરાય ઢેબર	બલવંતરાય મહેતા	રવિશંકર વ્યાસ (પ્રમુખ)
ડો. જીવરાજ મહેતા	કનૈયાલાલ દેસાઇ	કાકાસાહેબ કાલેલકર
ખંડુભાઇ દેસાઇ	ઠાકોરભાઇ દેસાઇ	પ્રવીણચંદ્ર ગાંધી
રામજી હંસરાજ	રતિલાલ મૂળજી ગાંધી	વૈકુંઠરાય લલ્લુભાઇ
ભીમજી રૂડાભાઇ	જીવણલાલ મોતીચંદ	નારાયણદાસ ગાંધી
રસિકલાલ પરીખ	શ્યામપ્રસાદ વસાવડા	સરલાદેવી સારાભાઇ
પંડિત સુખલાલજી	મગનભાઇ દેસાઇ	ગંગાબહેન વૈદ્ય
ભકિતલક્ષ્મી દેસાઇ	જુગતરામ દવે	ગોકુલભાઇ ભટ્ટ
બબલભાઇ મહેતા	પરીક્ષિતલાલ મજમુદાર	હરભાઇ ત્રિવેદી
કાશીનાથ ત્રિવેદી	રાવજીભાઇ પટેલ	ઇન્દુમતી ચીમનલાલ
વાડીલાલ લલ્લુભાઇ	મગનભાઇ શંકરભાઇ	ભવાનજી અરજણ ખીમજી
પુષ્પાબહેન મહેતા	મનુભાઇ શાહ	જાદવજી મોદી
જયસુખલાલ હાથી	દયાશંકર દવે	ગિરધરલાલ કેટક
રતુભાઇ અદાણી	કે. કે. શાહ	શાંતિલાલ શાહ
ભાનુશંકર યાજ્ઞિક	મોહનભાઇ મહેતા (સોપાન)	જયાનંદ ખીરા
ચીમનલાલ ચકુભાઇ	બાબુભાઇ જશભાઇ પટેલ	જયુભાઇ પરીખ
માણેકલાલ શાહ	હિતેન્દ્ર દેસાઇ	ધનશ્યામભાઇ ઓઝા
ત્રિભોવનદાસ પટેલ	વિજયકુમાર ત્રિવેદી	પ્રમોદરાય વીરચંદ શેઠ
નરેન્દ્ર નથવાણી	છગનલાલ જોશી	પ્રેમજી ભવાનજી ઠક્કર
જેઠાલાલ જોશી	નારાયણ દેસાઇ	લક્ષ્મીદાસ શ્રીકાન્ત
દેવેન્દ્ર દેસાઇ		મોહન પરીખ
રામલાલ પરીખ		
નવલભાઇ શાહ		

શિવાભાઈ ગો. પટેલ
પરમાનંદ દ. કાપડિયા
જ. જ. મહેતા
ડાહ્યાભાઈ નાયક
ચંદ્રવદન લક્ષ્મીચંદ
દિલીપ પુરુષોત્તમ દિવાનજી
સુભદ્રાબહેન શેઠ
કરસનદાસ માણેક
નરોત્તમ ખંડેરિયા
ચીમનલાલ નાગરદાસ
ગિરધરલાલ જસાણી
કલ્યાણભાઈ મહેતા
સુનિત્રાબહેન ભટ્ટ
ગોકળદાસ પરમાર
ભૂપતરાય દેસાઈ
પુરુષોત્તમ ગાંધી
અમુલખરાય
ખીમાણી
ચીમનલાલ ભટ્ટ
મથુરદાસ ભુપ્તા
કાન્તિપ્રસાદ અતાણી
મૂળજીભાઈ પટેલ

લાલુબહેન મહેતા
નાનાલાલ પારેખ
ઝીણાભાઈ દેસાઈ
(સ્વરહરશ્મિ)
તગીનદાસ પારેખ
નરેન્દ્ર બધેકા
વ્રજલાલ વળિયા
અન્નપૂર્ણા મહેતા
પ્રાણજીવન આચાર્ય
ચંપકલાલ વોરા
દામુભાઈ શુકલ
જગજીવનદાસ નારા-
યણ મહેતા
મોહનલાલ વીરજીભાઈ
જયસુખભાઈ શાહ
છોટુભાઈ પટેલ
લલ્લુભાઈ શેઠ
જયંતીલાલ શેઠ
વલ્લભરામ વૈદ્ય
પ્રભુદાસ પટવારી
ચુલાખરાય ધોળકિયા
બાલુભાઈ વૈદ્ય

ગંગાબહેન ઝવેરી
ભોગીલાલ ગાંધી
ઉમાશંકર જોશી
ભોગીલાલ સાંડેસરા
હોલરરાય માંકડ
કપિલરાય મહેતા
ન્યાલચંદ મૂળચંદ
ભોગીલાલ શેઠ
ચંદ્રવદન શાહ
દુલેભજી ખેતાણી
કાંતિલાલ પી. શાહ
છોટુભાઈ મહેતા
માલદેવજી ઓડેદરા
જમિયતરામ વૈદ્ય
પ્રભાતગિરિ ગોસાંઈ
કાનજીભાઈ પટેલ
હરિલાલ શેઠ
કનુભાઈ લહેરી
બચુભાઈ રાવત
કાળુભાઈ વળિયા
ગોવિંદભાઈ પટેલ
તથા અન્ય નાગરિકો

ગુજરાત-મહારાષ્ટ્ર માટે એક અવસર

તા. ૧ લી મે ના દિવસથી મહારાષ્ટ્ર અને ગુજરાતના બે નવાં રાજ્યો થયાં. આમ તો જીવન સતત પ્રવાહી છે. ગુજરાત અને મહારાષ્ટ્રના રાજ્ય ધરમૂળથી નવાં નથી. બન્ને મળીને જુનું મુંબઈ રાજ્ય હતું, અને તેનું સંચાલન જેમના હાથમાં હતું તેઓ જ વિભાજન પછીના પણ સંચાલકો નિમાયા છે. મહારાષ્ટ્રના મુખ્ય મંત્રી શ્રી. ચોહાણ સંયુક્ત મુંબઈ રાજ્યના મુખ્ય પ્રધાન હતા, અને ગુજરાતના મુખ્ય મંત્રી શ્રી. જીવરાજ મહેતા મુંબઈ રાજ્યના પ્રધાન મંડળના પ્રમુખ સદસ્ય અને નાણામંત્રી હતા. આમ હોવા છતાં પણ નવા રાજ્યની સ્થાપના જેવા અવસરે કંઈક નવું પરિવર્તન થશે એવી અપેક્ષા લોકમાનસમાં રહે એ સ્વાભાવિક છે, અને આ નિમિત્તે એક નવી મનોવૈજ્ઞાનિક ભૂમિકા પણ ઉભી થાય છે.

આમ હોવાથી મહારાષ્ટ્ર અને ગુજરાત બન્ને રાજ્યની પ્રજા નવું રાજ્ય રચાયા બાદ તેના દરેક પગલા તરફ ઉત્સુકતાથી જોઈ રહી છે. કોઈ બીજા પ્રાંતોને ઉતારી પાડવાની મારી ઇચ્છા નથી પણ એ સર્વમાન્ય હકીકત છે કે ભૂતપૂર્વ મુંબઈ રાજ્ય અનેક દૃષ્ટિએ હિંદુસ્તાનના બીજા પ્રાંતોની અપેક્ષાએ વધારે પ્રગતિશીલ હતું. આમ છતાં પણ, બન્ને રાજ્યની પ્રજાની અલગ ભાષાકીય પ્રાંતો રચાય તેવી ઉત્કટ ઇચ્છા હતી. આ ઇચ્છા સંતોષાવાથી જનતામાં ઉત્સાહ અને ઉમંગ છે. સદ્‌ભાગ્યે બન્ને પ્રાંતોમાં છેલ્લા વર્ષોમાં એવા મહાપુરુષ પેદા થઈ ગયા છે કે જેમના લોકજીવન ઉપર ઊંડી છાપ પડી છે. મહારાષ્ટ્રમાં લોકમાન્ય તિલક અને ગુજરાતમાં ગાંધીજી બન્ને અસાધારણ વ્યક્તિત્વવાળા પુરુષો હતા. વળી બન્ને રાજ્યોના જે મુખ્ય મંત્રીઓ નિમાયા છે તેમની વ્યક્તિગત પ્રામાણિકતા, ક્ષમતા અને દેશભક્તિની બાબતમાં શંકાને સ્થાન નથી.

આ બધા કારણોએ મહારાષ્ટ્ર અને ગુજરાત સામે એક નવા યુગનું મંડાણ કરવાનો અવસર ઉપસ્થિત થયો છે. આમ તો બન્ને રાજ્યો ભારતના જ અંગરૂપ છે, અને તેથી પોતાની નીતિમાં ઘરમૂળનો ફેરફાર તેઓ ન કરી શકે, પણ વર્ણી એવી બાબતો છે કે જેમાં ફેરફારો થઈ શકે છે કે જે ફેરફારો વડે જનતાની ચાલુ રોજની મુશ્કેલીઓ ઘણે અંશે દૂર થઈ શકે. સને ૧૯૪૭ માં જ્યારે સ્વાતંત્ર્ય પ્રાપ્ત થયું ત્યારે સામાજિક અને આર્થિક પરિવર્તનોનો ઝંઝાવાતી દોર મનોવૈજ્ઞાનિક રીતે અનુકૂળ હતો એમ કહી શકાય. કારણ ગમે તે હો પણ આજે તેર વર્ષ બાદ લોકોને એમ લાગે છે કે તે મહામૂલી તકનો જોઈએ તેવો ઉપયોગ થઈ શક્યો નથી. આશા છે કે મહારાષ્ટ્ર અને ગુજરાતને આજે કુદરતે જે તક મળી છે તેને તે એળે નહીં જવા દે.

સંતોષની વાત છે કે બન્ને રાજ્યોએ આરંભમાં કેટલાક સુંદર નિર્ણયો કર્યા છે. બન્ને રાજ્યોએ પોતાનો કારોબાર સ્થાનિક ભાષામાં ચલાવવાનું નક્કી કર્યું છે. ગુજરાતે એક પગલું આગળ વધીને એ પણ નિર્ણય કર્યો છે કે વહીવટની ભાષા ગુજરાતી હશે પણ લિપિ દેવનાગરી રહેશે. મરાઠી લિપિ તો પહેલેથી જ દેવનાગરી છે.

મહારાષ્ટ્રે બીજું એક શુભ પગલું ભર્યું છે. મુખ્ય મંત્રી શ્રી. ચૌહાણની પ્રેરણાથી બધા મંત્રીઓએ સહમતીથી એવો નિર્ણય કર્યો છે કે વારતહેવારે નાની મોટી વસ્તુઓના ઉદ્‌ઘાટન, પ્રસંગો અને શિલારોપણ વિધિમાં મંત્રીઓને જે આમંત્રણો આવે છે તેમાં હવેથી તેઓએ ભાગ ન લેવો. આ કથન માટે હું મંત્રીમંડળને કહું છું કે આજ કાલ પ્રધાનોને ખુશ કરવાની આ એક રીત પડી ગયો છે. પ્રધાનોને પણ પોતાની લોકપ્રિયતાની છાપ પોતાનો આ એક માર્ગ મળી ગયો છે. આ પ્રથા હવે વિકૃતિની હદે પહોંચી છે. પોતાની જવાબદારીઓ અદા કરવા પાછળ વધુમાં વધુ સમય આપવાને બદલે ઘણોખરો સમય શિલારોપણ અને વાગ્‌દત્ત સમારંભોમાં જાય છે. અધિકારી વર્ગ, અને પ્રજાનો સમય શક્તિ અને પૈસાનો મોટા પ્રમાણમાં આવા પ્રસંગો પાછળ વેડફાઈ જાય છે. મહારાષ્ટ્રના મંત્રીઓએ ઉપરોક્ત નિર્ણય કરીને એક ઉમદા દાખલો બેસાડ્યો છે.

ગુજરાત રાજ્યના ઉદ્‌ઘાટનનો મંગળ પ્રસંગ બહુ સાદાઈથી ઉજવાયો, એટલું જ નહીં પણ, એક નવી પરંપરા પણ ઊભી કરવામાં આવી. આ સમારંભ તણખલાભાતનહીં પણ આશ્રમમાં ઉજવ્યો જે પ્રકારનું ગુજરાતનું લોકમાનસ છે, એમાં તેતાઓની જે ભૂતસ્થિતિ છે તે જોતાં એવી આશા રહે છે કે ગુજરાતના રાજ્યના કારોબાર ભપકાળો નહીં પણ કરકસરવાળો હશે. પણ કહેવું પડે છે કે ગુજરાત રાજ્યનું મંત્રીઓ અને ઉપમંત્રીઓના જે પગારો નક્કી કરવામાં આવ્યા છે તેથી નિરાશા ઉત્પન્ન થાય છે. મંત્રીઓના માસિક પગાર રૂપિયા ૧૭૦૦ અને ઉપમંત્રીઓના રૂપિયા ૭૫૦ જાહેર થયા છે. ઉપરાંત દર મહિને રૂા. ૨૫૦ વાહનભથ્થું અને કરી ઉપરથી સુસજ્જિત મકાન વગર ભાડે અપાશે. મને લાગે છે કે ગુજરાતના સુજ્ઞ મંત્રીઓ પોતાના પ્રથમના વક્તવ્યમાં જે સાદી રહેણીકરણીની આશા આપી હતી તે આથી કુંઠિત થતી નથી. સંભવ છે કે તેમની પાછળ અમની પોતાની કોઈ લાચારી હોય પણ જે નિર્ણય થયો છે તે યોગ્ય નથી લાગતો. ગુજરાતના મંત્રીમંડળ મતાનેતાઓની દૃષ્ટિએ આ એક મૂળભૂત બાબતમાં અનુચિત પગલું લીધું છે એમ મને લાગે છે.

રસિકલાલ છ. પરીખ

તંત્રીનોંધ:—આ લેખના અંતભાગમાં મંત્રીઓના પગાર અંગે જે કહેવામાં આવ્યું છે તેમાં મતભેદ હોવા સંભવે છે. આજની સતત વધતી જતી મોંઘવારીમાં અને પોતાના સંતાનોના શિક્ષણ અંગેની જવાબદારીઓ તેમને જ અમુક રાજ્યના પ્રધાન હોઈને પ્રધાનોને માટે ચાલુ જીવન વ્યવહારનું ચોકકસ પ્રકારનું જીવનધોરણ અનિવાર્ય બને છે અને સામાન્ય વ્યક્તિ કરતાં તેના ખર્ચ ના સંયોગો પણ વધે છે—આ હકીકતો ધ્યાનમાં લેતાં ગુજરાતના પ્રધાનો માટે તકકો કરવામાં આવેલ પગારધોરણ મને તદ્દન વ્યાજબી લાગે છે, જરા પણ વધારે પડતું નથી લાગતું. મારા એક મિત્રના આ પગારધોરણ પ્રણે જોઇએ તે કરતાં આછું લાગે છે.

—તંત્રી

* માથેરાનનું પર્યટન : એક અણકલ્પ્યું દુઃસાહસ *

શ્રી મુંબઇ જૈન યુવક સંઘના સભ્યોના માટે તા. ૧-૫-૬૦ રવિવારથી તા. ૯-૫-૬૦ રવિવાર સુધીનું જે રીતે પર્યટન ગોઠવવામાં આવ્યું હતું તે મુજબ રવિવારે સવારે ૭-૩૦ વાગ્યાની પૂનાની ગાડીમાં ૬૫ ભાઇ, બહેનો તથા બાળકોની મંડળી રવાના થઇ હતી. આ મંડળીમાં સંઘના અધિકારીઓ પોતપોતાના કુટુંબો સાથે જોડાયા હતા, નાનાં મોટાં કુલ ૧૬ કુટુંબો સામેલ થયાં હતાં અને જેટલાં બાળકો હતાં, લગભગ તેટલી જ બહેનો અને તેટલાં જ ભાઇઓ હતાં. સંઘ તરફથી યોજાયલા આઠ દિવસના પર્યટનમાં આટલી મોટી સંખ્યા આ પહેલી જ વાર જોડાઇ હતી. દોઢ વર્ષ પહેલાં મહાબળેશ્વર માટેનો આવો એક પ્રવાસ ગોઠવવામાં આવ્યો હતો પણ તેમાં જોડાયલાં ભાઇ બહેનોની સંખ્યા ૩૪-૩૫ થી વધારે નહોતી. મોટી સંખ્યાના કારણે દરેકને પોતપોતાને ગમે તેવી કંપની શોધી લેવાની પૂરી સગવડ હતી અને સમૂહમાં સાથે ફરતાં ફરતાં પર્યટણ મંડળી એક નાના સરખા સંઘ જેવી શોભતી હતી.

સવારના ૭॥ વાગ્યે અમે મુંબઇથી ઉપડેલા તે બપોરે ૧૨॥ વાગ્યે માથેરાન પહોંચ્યાં. અમારૂં ઉતરવાનું માથેરાનની બહુ જાણીતી હોટેલ રગ્બીમાં આગળથી નક્કી કરવામાં આવ્યું હતું. આટલાં બધાં કુટુંબોનો એક સાથે સમાવેશ શકય નહોતો, એટલે મોટા ભાગનાં પ્રવાસી કુટુંબોને રગ્બી હોટેલમાં એક બાજુએ આવેલા આઠ બ્લોકમાં ઉતારવામાં આવ્યાં હતાં. અને બાકીના ચાર કુટુંબો માટે બીજી બાજુએ આવેલા 'રેકાટ્રસ બંગલો' માં રહેવા વગેરેની ગોઠવણ કરવામાં આવી હતી.

જુદાં જુદાં કુટુંબો માટે નિયત કરવામાં આવેલી જગ્યાએ સ્થિર થયા બાદ રગ્બી હોટેલના વિશાળ ભોજનખંડમાં સૌએ ભોજન કર્યું. ત્યાર બાદ બે ત્રણ કલાક વિશ્રાન્તિમાં ગાળ્યા. સાંજે બધાં સાથે મળીને ફરવા નીકળ્યા, પણ વરસાદને લીધે વિશેષ દૂર જઇ શકાયું નહિં. નજીકમાં આવેલા 'આર્ટીસ્ટ પોઇન્ટ' ઉપરથી સંધ્યા સમયને લીધે ભુખરાં દેખાતાં દૂર આવેલાં ગિરીશિખરો નિહાળીને સંતોષ માન્યો.

જેમ કાચબો બેઠો હોય અને તેના શરીરમાંથી નીકળતા પગો ચારે દિશાએ લંબાતા હોય, એમ ભૂતળ ઉપર માથેરાનનો પર્વત પોતાની વિપુલ કાયાને વિસ્તારીને પડેલો છે અને તેના શરીરમાંથી નીકળતી અનેક ભુજાઓ ચારે દિશાને સ્પર્શી રહેલી છે. આ ભુજાઓના છેડાને 'પોઇન્ટ' કહે છે. વૃક્ષરાજિઓથી ઢંકાયલા પ્રસ્તુત પહાડનાં આ પોઇન્ટો સીમાવર્તી શિખરો છે. પોતાના નિવાસ સ્થાનેથી સવાર યા સાંજે નીકળવું અને એક યા બીજા પોઇન્ટ સુધી જવું, ત્યાંથી દૃષ્ટિગોચર થતા વિશાળ ભૂતળ પ્રદેશને નિરાંતે નિહાળવો અને વખત થયે ત્યાંથી નિવાસસ્થાન ઉપર પાછા ફરવું-સાધારણ રીતે માથેરાન ખાતે આવતા પ્રવાસીઓનો આવો દૈનિક કાર્યક્રમ હોય છે. આ મુજબ અમે પણ અમારો કાર્યક્રમ ગોઠવતા ગયા અને માથેરાનના સીમાશિખરોને-જુદા જુદા પોઇન્ટોને-પાદાક્રાન્ત કરતા ગયા, અને ભિન્નભિન્ન ખુણેથી આસપાસના પ્રદેશના અવનવા રૂપને નિહાળતા તેમ જ માણતા ગયા.

આ મુજબ બીજા દિવસે અમારી મંડળી વ્યાઘ્રમુખ જેવા લાગતા લુઇસા પોઇન્ટ ઉપર ગઇ અને ત્યાં કલાક દોઢ કલાક આનંદ વિનોદમાં ગાળીને પાછી ફરી. સાંજના માથેરાનને પાણી પૂરૂં પાડનાર શાર્લોટ લેઇક (સરોવર) તરફ અમે ફરવા નીકળ્યા અને સરોવરની પાળ ઉપરથી રોમાંચક સૂર્યાસ્ત નિહાળ્યો. પછીના દિવસે બે માઇલ દૂર આવેલા વન ટ્રી હીલ સુધી બધાં ફરી આવ્યાં, અને સાંજે જે સીમાવર્તી શિખરનો શાહુડી જેવો આકાર કલ્પવામાં આવ્યો છે એવો પોકર્યુપાઇન પોઇન્ટ ઉપર ગયા અને સૂર્યને આથમવાનો સમય હોઇને તે ઉપરથી અદ્‌ભુત દેખાતું, અનેક શિખરોને સમાવતું અને ક્ષિતિજ ઉપર આવેલા મુંબઇની સમુદ્રપટ્ટીનું દર્શન કરાવતું અનુપમ નિસર્ગ-દૃષ્ય સૌએ આનંદ - વિસ્મય પૂર્વક નિહાળ્યું. પછીના દિવસે સવારે મંકી પોઇન્ટ તરફ બધાં ગયાં, ત્યાંથી હાર્ટ પોઇન્ટ ગયા અને ત્યાંથી મેરી રોડ ઉપર થઇને નેરલ-માથેરાન રોડ ઉપર આવ્યાં અને હોટેલમાં ભોજન સમયે પહોંચી ગયા. સાંજના અલેગ્ઝાન્ડ્રા પોઇન્ટ, રામબાગ પોઇન્ટ, પારસી આરામગાહ, હિન્દુઓનું સ્મશાનગૃહ વગેરે સ્થળો નિહાળીને બધાં ઓલીમપિયાના મેદાનમાં આવ્યાં ત્યારે સૂર્ય પશ્ચિમ દિશાએ અલોપ થવાની અણી ઉપર હતો. અહિં અરધોએક કલાક આરામ લઇને હોટેલ તરફ સૌ પાછા વળ્યાં.

પાંચમી તારીખે સવારે સાડાત્રણ માઇલ દૂર આવેલા પેનોરમા પોઇન્ટ ઉપર જવાનું અમે નક્કી કર્યું હતું. સવારના સાડા સાત-આઠ વાગ્યે સૌ તૈયાર થઇને નીકળ્યાં. આ વખતે અમારો કાફલો એક નાની સરખી વણઝાર જેવો બની ગયો હતો. કેટલાંક પગે ચાલતાં હતાં; અઢાર રિક્ષાઓ ભાડે કરવામાં આવી હતી; ચાર પાંચ ઘોડા હતા. જતાં આવતાં સાત માઇલનું પરિભ્રમણ હતું. અડધે રસ્તે બાજુએ આવેલ માઉન્ટ બેરીના ઉન્નત શિખર ઉપર આરોહણ કર્યું. ત્યાંથી પેનોરમા પોઇન્ટ સાડાનવ વાગ્યા લગભગ સૌ પહોંચ્યા. માથેરાનના અનેક પોઇન્ટોમાં આ પોઇન્ટ ઉપરથી નજરે પડતા-વિશાળ પ્રદેશને આવરી લેતા - દૃષ્યની ભવ્યતા કોઇ નિરાળી જ છે. આની ઊંચાઇ

પેનોરમા પોઇન્ટ ઉપરથી લેવાયલી પર્યટણ-મંડળીની છબી

૨૫૦૫ ફીટ છે! પાછળ લીલા ગાલીચા માફક ઘટ્ટ ઝાડીથી ઢંકાયલું માથેરાન આંખોને મોહાવી રહ્યું હતું. સામે સર્પાકારે વહી રહેલી ઉલ્લાસ નદી, અનેક નાના મોટા ટેકરા-ટેકરીઓ અને અણિયાળાં શિખરો, એક બાજુએ મુંબઇ આસપાસનો દરીયો, દૂર દૂર દેખાતો એલીફન્ટાનો ટાપુ, નીચેના સપાટ પ્રદેશ ઉપર દોડી રહેલી-અવાર નવાર દેખાતી-રેલ ગાડીઓ, બીજી બાજુએ પશ્ચિમઘાટની ગિરિમાળા-આવા એક દિગન્તસ્પર્શી ચિત્રપટ ઉપર નજર દોડ્યા કરતી હતી અને વિશાળતા સ્વતઃ મૂર્તિમન્ત બની રહી હોય એવો રોમાંચ દિલમાં પેદા કરતી હતી. નાનાં મોટાં સૌનાં મોઢાં ઉપર આનંદની-પ્રસન્નતાની-છાયા છવાઈ રહી હતી. નાનાં બાળકોનો કિલ્લોલ અત્યન્ત મધુર અને કર્ણપ્રિય લાગતો હતો.

પેનોરમા પોઇન્ટ ઉપર પહેલાં પાણી મળતું નહોતું; ઝાડપાન પણ ત્યાં બહુ નજીવાં હતાં; હવે તો ત્યાં એક નાનોસરખો બગીચો બનાવવામાં આવ્યો છે, ઠેઠ સુધી નળ નાખવામાં આવ્યા છે, અને પ્રવાસીઓની તૃષા છીપાવવા માટે ઠંડા પાણીનાં માટલાં ભરી રાખવામાં આવે છે. ચા પાણી તથા શરબત પણ અહિં હવે મળે છે. અમે અહિં બધાં માટે અલ્પાહારની ગોઠવણ કરી હતી તે મુજબ પેનોરમા ઉપરના બગીચામાં, વૃક્ષોની છાયા નીચે, એક પંગતે સૌ ગોઠવાઇ ગયાં અને અલ્પાહારને સૌએ આનંદપૂર્વક ન્યાય આપ્યો. ત્યાર બાદ નાનાં મોટાં મંડળની છબીઓ લેવામાં આવી, અને સાડા દશ-અગિયાર-લગભગ અહિંથી સૌ પાછા ફર્યાં.

સવારના થાકને લીધે મોટા ભાગની ઇચ્છા સાંજના દૂર ફરવા જવાની નહોતી. એમ છતાં અમારામાંના એટલાક એકો પોઇન્ટ સુધી જઇ આવ્યા. બીજે દિવસે સવારે આખી મંડળી ગારબટ પોઇન્ટ સુધીનું પરિભ્રમણ કરી આવી. આનું અંતર પેનોરમા પોઇન્ટ કરતાં થોડુંક ઓછું છે. સાંજના બધાં ફરીથી શાર્લોટ લેઇક ગયા અને બાજુએ આવેલ પસારનાથના મંદિરમાં પ્રતિષ્ઠિત મહાદેવનાં દર્શન કર્યાં.

રાત્રીના ભોજન પછી 'રકેટ્સ બંગલો'માં બધાં એકઠાં થયાં અને પૂર્વ તૈયારી સિવાય ગોઠવાયલા એવા મનોરંજક કાર્યક્રમમાં બધાં સામેલ થયાં. કોઇએ ગાયું, કોઇએ વિનોદી ટુચકાઓ સંભળાવ્યાં, બાળકોએ પોતાની નિશાળમાં ભજવેલાં એવાં નાનાં નાનાં વિનોદી નાટકો ભજવી બતાવ્યાં, સમૂહ ગીતો ગવાયાં, ટુંકાં ટુંકાં પ્રહસનો પણ ભજવાયાં. આમ બધાંએ સાથે મળીને દોઢ બે કલાક આનંદ વિનોદમાં પસાર કર્યાં.

પછીના દિવસે સવારે બન્નારમાં સૌ ફરવા ગયા. સાંજના વખતે ચાર વાગ્યે નીકળવું અને માથેરાનની પૂર્વ બાજુએ લગભગ ૧૦૦૦-૧૨૦૦ ફીટ નીચે આવેલા રામબાગના ઉપવનમાં જવું, અને ત્યાંથી પર્વત ફરતા થોડા ભાગમાં ચક્કર મારી 'શિવાજી લેડર'* (શિવાજીની સીડી) પાસે પહોચવું અને તે ઉપર ચઢીને 'વન ટ્રી હીલ'ના સ્થળ ઉપર આવું અને ત્યાંથી રાજમાર્ગ ઉપર થઇને રંગણી હોટેલ પહોંચી જવું-આવો કાર્યક્રમ અમે સાંજ માટે ગોઠવ્યો હતો. આ માર્ગ વિકટ હોઇને જેમની તાકાત ન હોય તેમણે આ પરિભ્રમણમાં ન જોડાવું એમ સૌને કહેવામાં આવ્યું હતું. આ કારણે કેટલાંક ભાઇબહેનો આ પરિભ્રમણમાં સામેલ થયાં નહોતાં.

ઉપર જણાવ્યા મુજબ અમે ચારેક વાગ્યે રામબાગ તરફ જવા નીકળ્યાં. ઉપરની ચેતવણી છતાં આ પરિભ્રમણમાં અઢી વર્ષના બાબાથી માંડીને ૬૭ વર્ષના બુઢ્ઢા સુધીનાં-બાળકો, બહેનો તથા ભાઇઓ-આશરે ૪૦ જણાં જોડાયાં હતાં. માથેરાનની પૂર્વ બાજુએ આવેલા રામબાગ પોઇન્ટ ઉપરથી અમે ઉતરવા માંડ્યું. આ સાંકડા રસ્તે ઉતરતાં ઉતરતાં રામબાગની ગીચ ઝાડીમાં અમે પ્રવેશ કર્યો અને થોડુંક આગળ ચાલ્યાં એવામાં ઉપરથી અમારા માંનાં કોઇ આવતા હોય અને અમને ઉભા રહેવાનું કહેતા હોય એવો અવાજ આવ્યો. એટલે પાછળ રહેલા અમે કેટલાંક જણ ઉપરના લોકો આવે ત્યાં સુધી ખોટી થયાં. થોડી વારે બે બહેનો અને એક બહેનના પતિ એમ ત્રણ જણાં આવી પહોંચ્યાં. તેમનું કહેવું એમ થયું કે તેઓ સાથે આવવાનાં જ હતાં, પણ અમે તેમને યાદ કરીને સાથે લેવા ભુલી ગયાં હતાં. આખરે આ ત્રણ જણાં અમારી સાથે જોડાઇ ગયાં તેથી અમને આનંદ થયો.

આમ અમારી સાથે પાછળથી જોડાયલી બે બહેનોમાંની નાની બહેનને નાનપણમાં પોલીયોની બીમારી થયેલી. તેના પરિણામે તેમના એક પગે ચાલવાની ભારે તકલીફ હતી અને તેમને લગભગ ખોડંગતાં ચાલવું પડતું હતું. તેમની ઉમ્મર ૨૦-૨૧ વર્ષની છે; તેઓ બી. એ. નો અભ્યાસ કરે છે; તેમનું નામ કુમારી ધનીબહેન. આ બહેનને જોઇને આગળ ઉપર 'શિવાજી લેડર' આવવાની છે તે ઉપર તે કેમ ચઢી શકશે તેની અમારા મનમાં ચિન્તા શરૂ થઇ. પણ હવે આવ્યા છે તો તેનો કોઇ માર્ગ નીકળી રહેશે એમ ધારીને અમે આગળ ચાલવા લાગ્યા.

આ માર્ગે ઘણાં વર્ષો પહેલા હું આવેલો. તેને લગતો મારો ખ્યાલ એવો હતો કે 'શિવાજી લેડર' સુધીની કેડી સરળ અને સરખી છે અને પછી પણ પગથીયાંવાળું સીધું ચઢાણ છે. પણ અમે જેમ જેમ આગળ વધતા ગયા, તેમ તેમ આ મારો ખ્યાલ બરોબર નહોતો એમ માલુમ પડતું ગયું. જે કેડી ઉપર અમારે આગળ વધવાનું હતું તે વધારે ને વધારે વિકટ બનતી ગઇ; કેટલેક ઠેકાણે આડાં અવળા પથ્થરોમાંથી માર્ગ કરવાનો હતો. વળી જ્યાં ત્યાં

રામબાગના ઉપવનમાં પ્રવાસી મંડળીની છબી

* આ માર્ગે થઇને શિવાજી મહારાજ ઘોડા ઉપર માથેરાન આવ્યા હતા એવી કિંવદન્તી આ 'શિવાજી લેડર' નામે ઓળખાતા સીધા ચઢાણ સાથે જોડાયલી છે.

કેડી પાંદડાઓથી ઢંકાયલી હોય. આમ પથ્થરો અને પાંદડાઓના કારણે અમો સર્વ માટે બહુ સંભાળીને ચાલવાની પરિસ્થિતિ ઉભી થઇ. આ જો અમારી સ્થિતિ હતી તો ધનીબહેન માટે આ ચાલવાનું કેટલું વિકટ બની ગયું હશે તે કલ્પી શકાય તેમ છે. આગળ વધવામાં તેમને મદદ કર્યા સિવાય ચાલે તેમ હતું નહિ. તેમના બનેવી તથા અમારામાંના એક અજિતભાઇની મદદથી અને એમ છતાં ખૂબ મુશ્કેલીથી ધનીબહેન કેડી પસાર કરતાં રહ્યાં. આમ છતાં તેમની ગતિ તો ધીમી જ હોય અને અમારા થી તેમને છોડીને આગળ તો જવાય જ નહિ. એટલે ધાર્યા કરતાં સમય વધારે થતો ગયો. સાથે પાણી હતું તે વપરાઇ ગયું; તેથી સૌ પાણીનો શોષ અનુભવવા લાગ્યાં. જેમ તેમ કરીને રસ્તામાં આવતાં એક ગામડા પાસે પહોંચ્યાં. ત્યાં પાણી તો મળ્યું પણ ડોળું હતું. પણ અહિં ડોળું-ન ડોળું-આ વિવેકને અવકાશ જ નહોતો. સાથેના કપડાથી ગાળીને બાસ ઠંડા નહિ એવા આ પાણીથી સૌએ તૃષા છીપાવી. અહિં અમે ધની બહેનની રાહ જોતાં હતાં. તે પણ થોડીવારે આવી પહોંચ્યાં. પણ હવે આગળ કેમ જઇશું અને ઉપર શી રીતે પહોંચીશું તેની ચિન્તા અમારા દિલમાં વધતી ગઇ. કારણ કે આ ગામડે પહોંચ્યા એટલામાં સૂર્ય પર્વત પાછળ છુપાતો ચાલ્યો અને જોત જોતામાં અસ્ત પામ્યો. હજુ થોડુંક જંગલ વટાવવાનું હતું, જે વટાવ્યા બાદ શિવાજી લેડરનું ચઢાણ આવવનું હતું.

આ અરસામાં રાત્રીનું આગમન થઇ ચુકયું હતું અને અજવાળું હતું ત્યાં અંધારૂં ફેલાઇ રહ્યું હતું. પણ સદ્‌ભાગ્યે વૈશાખ શુદ ૧૧ ની—શુક્લપક્ષની—રાત્રી હતી. આ કારણે ચંદ્રનું ધટ્ટ અજવાળું અમને બહુ ટેકારૂપ બન્યું. અને એ અજવાળાના આધારે 'શિવાજી લેડર' નાનાં મોટાં સૌ ચડવા લાગ્યા. અહિં તો ખરી રીતે કેડી જેવું કશું હતું જ નહિ. એક પછી એક આડાઅવળા પથ્થરો જ વટાવવાના હતા. ગામડાના લોકોનો આ ચાલુ રસ્તો હતો, એટલે પગના ઘસારાથી આ પથ્થરો બીજા પથ્થરોથી કાંઇક જુદા પડતા હતા. અહિં ટોર્ચ કંઇ કામ લાગે તેમ નહતું. હાથમાંની લાકડી પણ કદિ કદિ નિરૂપયોગી બની જતી હતી, કારણ કે ઘણીવાર બાખોડિયાં ભરીને નીચેથી ઉંચે ચઢવું પડતું હતું. આમ છતાં અમારામાંનાં ઘણા ખરાં ઉપર વનટ્રી હીલ પોઇન્ટ સુધી ચઢી ગયાં.

પણ ધનીબહેનનું શું? આ ચઢાણ તો તેમના માટે અશકય જેવું હતું. જ્યાં દરેકને પોતાની જાત સંભાળવાની ત્યાં તેમને મદદ કોણ કરી શકે? સામાન્ય તાકાતવાળાનું આ કામ પણ નહોતું. આમ છતાં પણ અમે સદ્‌ભાગ્યે માથેરાનના એક રીક્ષાવાળાને ભોમિયા તરીકે પહેલાંથી સાથે લીધો હતો. તે અહિં ખૂબ ઉપયોગી નીવડ્યો. તે ધનીબહેનનો હાથ પકડીને ઉંચે ચઢાવે અને અજિતભાઇ પાછળથી ઉંચે ચઢવામાં તેમને મદદ કરે, ટેકા આપે. આમ ધીમે ધીમે પથ્થર ઉપર પથ્થર અને શિલા ઉપર શિલા વટાવતાં ધનીબહેન પણ ઉપર ચઢવા લાગ્યાં. ધનીબહેન આ માર્ગનું જોખમ બરોબર સમજી ગયેલાં, એમ છતાં પણ, જરા પણ હિંમત હાર્યાં નહિ. તેમણે પૂરો પુરૂષાર્થ દાખવ્યો અને એટલે જ તેઓ ટોચ ઉપર સહીસલામત આવી શકયાં. અમારા દિલમાં ભારે ફફડાટ હતો. ધનીબહેનને રખેને કાંઇક પ્રજા થશે, અને તે અધ્ધર અટકી પડશે તો તેમનું શું થશે અને તો પછી અમારી પણ શી સ્થિતિ થશે?—આવા વિચારો મનમાં એક પ્રકારની ધડક પેદા કરતા હતા. આ રસ્તે જંગલી જનાવરનું કાંઇ જોખમ હોય તો તે તો અમે ભુલી જ ગયા હતા. વળી માથેરાનમાં અને ખાસ કરીને ખાડા—ખડીયાવાળી અને પાંદડાથી ઢંકાયેલી જે કેડી ઉપર થઇને અમે આવ્યા અને જે ચઢાણે અમે ચઢયા ત્યાં સર્પ વીંછીનું થોડું જોખમ ગણાય જ. પણ એ પણ અમે વિસરી ગયાં હતાં. મુખ્ય ચિન્તા નાના મોટાં બધાંય અને તેમાં પણ ધનીબહેન આ સીધા અને વિકટ ચઢાણને આવા અંધારામાં કેમ પાર કરી શકશે તેને લગતી હતી સદ્‌ભાગ્યે કોઇનો વાંકો વાળ સુધ્ધાં પણ ન થયો અને ધનીબહેનને ઉપર સહીસલામત આવેલા જોયાં ત્યારે મૂકં કરોતિ વાચાલં, પંગું લંઘયતે ગિરિમ્। યત્કૃપયા તમહં વન્દે, પરમાનન્દં માધવમ્ ॥ આ જાણીતો તો પ્રાર્થનાશ્લોક મોઢામાંથી સરી પડ્યો.

વન ટ્રી હીલ ધનીબહેન સાથે અમે પહોંચ્યા ત્યારે રાત્રીના આઠ-સવા આઠ વાગ્યા હતા. બધાં સહિસલામત આવી ગયેલાં હોઇને, ઠીક ઠીક થાકેલા હોવા છતાં, અમારા પગમાં નવું જોર આવ્યું હતું. એકાદશીના ચંદ્રની ઉજળી રોશનીથી પ્રકાશિત બનેલા માર્ગે બે માઇલ પસાર કરીને લગભગ સવા નવ-સાડા નવ વાગ્યે રગબી હેટેલમાં પહોંચ્યાં. અમારી મંડળીમાંથી જે ભાઇ બહેનો અમારા આ પર્વત,—પરિભ્રમણમાં સાથે જોડાયા નહોતાં તેઓ, અમને પાછા ફરતાં આટલું બધું અણધાર્યું મોડું થવાને લીધે, ચિન્તાગ્રસ્ત બન્યાં હતાં. તેમણે અમને જોઇને ખૂબ રાહત અનુભવી. અમે ભોજન કર્યું અને ભાગ્યવિધાતા વિષે ઊંડી અહોભાનમંદી અનુભવતાં, ચિત્રવિચિત્ર કલ્પનાઓ અને વિચારોથી વ્યાકુલ અને એમ છતાં ગાઢ એવી નિદ્રામાં અમે થાકયા પાકયા રાત્રી પસાર કરી.

પછીનો દિવસ રવિવારનો હતો. માથેરાનમાં રવિવારે બજાર ભરાય છે. કેટલાક માલ વેચવાવાળા રસ્તા ઉપર પોતાનો માલ પાથરીને બેસી જાય છે અને આસપાસ વસતા ગામડાના લોકો જરૂરિયાત મુજબ જોઇતી ચીજો ખરીદે છે. અમારામાંના પણ કેટલાક માથેરાનની આ બજાર જોવા નીકળી પડ્યા. કેટલાકે ચીકી, ચંપલો, જોડા, સાડીના કોર તેમ જ એવી બીજી મનગમતી ચીજો ખરીદી. સાંજના અમારામાંના થોડાક લૂઝસા પોઇન્ટ ગયા અને પશ્ચિમ આકાશમાં ક્ષિતિજને સ્પર્શ્યા પહેલાં જ અલોપ થઇ રહેલા સૂર્યનારાયણનાં વિદાય દર્શન કર્યા અને સામે દેખાતું નાનું સરખું સરોવર, વળાંકમાં વહી રહેલી ઉલ્લાસ નદી, નતમસ્તક ન હોય એવાં નાનાં મોટાં ગિરિશિખરો—આ બધું સાંજની ધુમ્મસમાં અસ્પષ્ટ બનતું જતું નિહાળ્યું. સવારના છ વાગ્યે ઉપડતી ટ્રેનમાં માથેરાનથી નેરલ આવ્યાં અને ત્યાંથી કરજત લોકલમાં બેસીને સૌ મુંબઇ આવી પહોંચ્યાં.

આમ અમારા આઠ દિવસ માથેરાન ખાતે ખૂબ આનંદ અને મજામાં પસાર થયા. આ મજામાં એક જ ઉણપ હતી અને તે એ કે માથેરાનમાં આ વખતે સાધારણ રીતે હીલ સ્ટેશન સાથે જોડાયેલી ઠંડક નહોતી. ઉલટું રાત્રીના પણ કદિ કદિ ઉકળાટ થતો હતો. આ રીતે મુંબઇવાસીઓનું સદાનું આકર્ષણ એવું માથેરાન અતિ સુન્દર છતાં સુગંધ વિનાના પુષ્પ જેવું લાગતું હતું. ઠંડક હોય અને તેમાં પણ ધુમ્મસ હોય ત્યારે માથેરાન હિમાલયના એક નાના સરખા ટુકડા જેવું લાગે છે.

આ વર્ણન પુરૂ કરૂં તે પહેલાં અમારે બે વ્યકિતનો આભાર માનવો ઘટે છે. એક તો રગબી હોટેલના માલીક શ્રી રમણલાલ ઠકકરનો. જેમણે હોટેલના ચાલુ દરમાં નકકર રાહત આપીને આટલાં બધાં ભાઇ બહેનો અને બાળકો માટે માથેરાનનો પ્રવાસ સુલભ બનાવ્યો અને બીજો રગબી હોટેલના મેનેજર શ્રી. જયન્તીલાલ ઠકકરનો, જેમણે ખૂબ ઉમળકાથી અમારૂં સ્વાગત કર્યું અને અમને જોઇતી બધી સગવડો આપી અને વિવિધ વાનીઓથી ભરપુર એવા ભોજનથી અમને ખૂબ તૃપ્ત કર્યા. પરમાનંદ

મુંબઇ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા. ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.
મુદ્રણસ્થાન 'ચંદ્ર પ્રિં. પ્રેસ, ૪૫૧ કાલબાદેવી રોડ, મુંબઇ ૨. ટે. નં. ૨૯૩૦૩

રજીસ્ટર નં B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૨ : અંક ૫

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, જુલાઈ ૧, ૧૯૬૦, શુક્રવાર
આફ્રિકા માટે શિલિંગ ૮

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ : નયા પૈસા ૨૦

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

* વડા પ્રધાનની દિનચર્યા *

કોઇને પણ રહેજે એ પ્રશ્ન મનમાં ઉઠે કે શ્રી. નહેરૂના સદાએ નવજુવાન એવા વ્યકિતત્વની પાછળ ભયું ભયું એવું શું છે કે જેથી તેઓ આખુંયે વર્ષ અઢાર–અઢાર કલાક પ્રતિદિન કામ કરે છે અને ભારતના અને પરદેશોના લે.કોને ચકિત કરી નાંખે એવી ઝડપે દેશને ખૂણે ખૂણે અવારનવાર ઘૂમી વળે છે ? જનતાને જોઇ તેમનું મન નાચી ઉઠે છે તે તો સૌ કોઇ જાણે છે અને તેમને જાતે મળીને તેઓ પ્રજાના હૃદયના ઉંડાણ પામવા મથે છે તે પણ જાણીતી વાત છે. 'આરામ હરામ હૈ' એ સૂત્ર દેશને આપનારા ને આચરનારા તેઓ કામમાં ને કામમાં દિવસના કલાકોના કલાકો સુધી દટાઇ જાય છે. છેલ્લા કેટલાંયે વર્ષોથી શ્રી. નહેરૂ દેશના ઘડતરમાં પોતાનો મહાન ફાળો આપતા આવ્યા છે. તે માટેની શકિત અને પ્રેરણા તેઓ કયાંથી મેળવે છે ?

શ્રી. નહેરૂ વહેલાં ઉઠે છે—દિલ્હીની કકડતી ઠંડીમાં પણ તેઓ ૭ વાગ્યે તો ઉઠી જ જાય છે. તેમના જેલનિવાસે વ્યાયામને તેમના જીવનમાં એક મુખ્ય સ્થાન અપાવ્યું છે. તેમની સારી તબિયતનું એક કારણ તેમણે ઘણી વખત કહ્યું છે તેમ નિયમિત વ્યાયામ ને શીર્ષાસન* છે. તેમને દવામાં શ્રદ્ધા નથી અને આરોગ્ય માટે તેની જરૂર હોય તેમ તેઓ માનતા નથી. કોઇકવાર જ્યારે તેમને શરદી અથવા તાવ હોય છે ત્યારે પણ તેઓ તબીબી સહાય લેવાની કે ઇન્જેકશનો લેવાની ના પાડતા હોય છે. શરદી અથવા માથું દુઃખતું હોય ત્યારે તેઓ દૂધવિનાના ચાના ગરમ કપમાં થોડું કે મીઠું નાંખે છે અને લીંબુનો રસ લે છે.

× × ×

વ્યાયામ અને સ્નાન પછી શ્રી. નહેરૂ બધાં વર્તમાનપત્રો પર ઝડપથી નજર નાંખી જાય છે. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય મહત્વ ધરાવતા કયા સમાચારો વર્તમાનપત્રોના કયા પાના પરથી તારવી લેવા તેને માટે તેમની આંખ ટેવાએલી છે. સ્થાનિક સમાચારોમાં તેમને ઝાઝો રસ હોતો નથી. પણ, અગ્રલેખો, તંત્રી નોંધ ને બીજા અગત્યના ખાસ લેખો તેઓ જોઇ જાય છે. તેમના નિષ્ણાતો દેશના જુદા જુદા વિભાગોની ઘટનાઓનું નિરુપણ હકીકતો ને આંકડાઓને આધારે રજુ કરે છે જે તેઓ ધ્યાનપૂર્વક જોઇ જાય છે. આ દેશમાં સત્તાવાર ને બિનસત્તાવાર ક્ષેત્રે ઠેર ઠેર શું બને છે તેની ઝીણામાં ઝીણી વિગતો તેઓ મેળવી લે છે અને શું પગલાં ભરાવા જોઇએ તે બાબત પર તેઓ ધ્યાન પરોવે છે.

પોતાના કુટુંબ સાથે વડાપ્રધાન સવારનો નાસ્તો કરે છે. પોતાની પુત્રી ઇંદિરા તથા બે પૌત્રો રાજીવ અને સંજીવ સાથે થોડોક સમય ગાળવાનો આ જ મોકો છે. રાજીવ ને સંજીવ નહેરૂને 'નાના' કહીને સંબોધે છે. 'નાના' તેમની શાળાની બધી વાતો રસપૂર્વક સાંભળે છે, તેમના 'પ્રશ્નો'ના ઉકેલમાં મદદ કરે છે અને કોઇક વાર બાળકો સાથે રમે છે પણ ખરા.

"તમને સાઇકલ ચલાવતાં આવડે છે ? આપણે ગઇ કાલે લીધી તે." આમ કહેવાય ત્યાં તો નહેરૂ પૂછે, "કયાં છે સાઇકલ ? લાવો જોઉં" સાઇકલ આવતાં એક 'જૂનાનેગી'ની અદાથી નહેરૂ સાઇકલ સાથે રમત કરે ને ચલાવે ને બાળરમતના કેન્દ્ર બને. તેમની આસપાસ તો ઘરનું આખું ટોળું ભેગું થઇ જાય, કારણ તેમને માટે પણ 'સાઇકલ સવાર નહેરૂ', એ એક અનોખો પ્રસંગ છે.

પછી તે લગભગ આઠ વાગે ઓફીસે જાય છે અને એમના એક મદદનીશના કહેવા પ્રમાણે 'ભારતની જાહેર મિલ્કત' બની જાય છે ને તેમના પર ભારે ને સતત દબાણ રહે છે. આમ ને આમ કામમાં ને કામમાં મધરાત થઇ જાય છે.

શ્રી. નહેરૂની દિનચર્યાનો જાહેર વિભાગ તેમના દરવાજા પરથી જ શરૂ થઇ જાય છે. દરવાજા પર તેમના દર્શનાર્થે યુવાન અને વૃધ્ધોનું નાનું સરખું ટોળું તો હોય જ. ઘણી વાર તો દર્શન તો ઠીક, પણ લાંબી લચક ફરિયાદોનું દાસ્તાન પણ સાથે હોય. દાખલા તરીકે, એક વૃદ્ધાએ દર્શન બાદ ખૂબ લાંબુ બોલી શ્રી. નહેરૂને પોતાની હથેળીમાંના ચોખા બતાવ્યા ને કહ્યું કે "જુઓ, મારા ઘર પાસેની મોદીની દુકાનમાંથી આ ચોખા મને મળે છે, તેમાં ચોખા કરતાં છોડા ને કાંકરા જ વધુ હોય છે ! તમે કાંઇ ન કરી શકો ?" આ પૂરૂં થતાં કોઇ વિદ્યાર્થી આવીને તેની ગરીબાઇની વાત કરે ને તેણે અભ્યાસ આગળ ચલાવવા શું કરવું તે પૂછે. ઘણીવાર તો શ્રી. નહેરૂ તરત જ તેમના વ્યકિતગત ભંડોળમાંથી કંઇક આપતા હોય છે. આ પૂરૂં થતાં, કોઇક ગામડિયો શ્રી. નહેરૂને સાષ્ટાંગ દંડવત્ કરીને ફરિયાદ કરે છે કે "તેના ગામનો મુખી કેર વર્તાવે છે."

આવી રીતે હંમેશા ધૂસી આવતા લોકોનો વડા પ્રધાનને કંટાળો આવતો નથી. સામાન્ય લોકો સાથેનો સંપર્ક જાળવવાનો તેમનો આ એક શિરસ્તો છે: તે વડા પ્રધાન બન્યા ત્યાર પછી દેશના કોઇ પણ પ્રજાજન માટે તેમનું નિવાસસ્થાન ખુલ્લું છે. દેશના ખૂણે ખૂણામાંથી આવતા લોકો તેમને મળી શકે છે. શ્રી. નહેરૂની સાથે તેમના મદદનીશો હોય છે. ગંભીર જાતની ફરિયાદોની વિગતો તેઓ લખી લે છે, તે પર તપાસ થાય છે ને અંતે યોગ્ય કરવામાં આવે છે.

× × ×

એક વાર શ્રી નહેરૂ વિદેશ ખાતાના તેમના મેજ પર જઇને બેઠા કે સત્તાવાર, રાજકીય અને જાહેર માંગણીઓથી તેમનો સમય રોકાઇ જાય છે. પરદેશથી જે મુલાકાતીઓ આવતા હોય છે, તેમને મળવા પણ શ્રી નહેરૂએ સમય ફાજલ પાડવો જ રહ્યો. તેમનાં અનેક રોકાણો વચ્ચે આમ વખત ફાજલ પાડીને નહેરૂ તેમના મંત્રીઓને પણ આશ્ચર્યમાં ગરકાવ કરી મૂકે છે. શ્રી

* સ્વતંત્ર પક્ષની પ્રચાર સભામાં હાલમાં શ્રી. મુન્શીએ આ બાબતમાં સર્વથા અનુચિત ટીકા કરી હતી. તંત્રી.

નહેરુને અનેક ભાગ ભજવવા પડે છે. તે વડા પ્રધાન છે; તે વિદેશખાતાના પ્રધાન છે; તે કૉંગ્રેસ પક્ષના મુખ્ય સલાહકાર તથા લવાદ છે; સમસ્ત એશિયાના નેતા છે. તેમને મળવા મુલાકાતીઓની લાંબી કતાર જામે. તેમાં નવાઈ જેવું કશું નથી. જુદા-જુદા કામ માટે દેશ પરદેશના, રાજકીય સત્તા પરના તેમજ વિરોધપક્ષના પ્રતિનિધિમંડળોને પણ તેમણે મળવું પડે છે. આ બધા વિવિધ કામને પહોંચી વળવા શ્રી નહેરુ ચારથી છ સ્ટેનોગ્રાફર-સેક્રેટરીઓનો પૂરેપૂરો ઉપયોગ કરે છે. તેમના રહસ્યમંત્રી ને અંગત મદદનીશ થવાનું કાર્ય સહેલું નથી.

શ્રી નહેરુ જમવા ક્યારે બેસવું ને શું ખાવું તે માટે બેદરકાર બનતા જાય છે. તેમનો કુટુંબનો રસોઇયો કહેતો તેમ "પહેલાં તો ગરમાગરમ ભોજન ન પીરસાય તો નહેરુ ગરમ થઇ જતા. તે પીરસણીયાનું આવી જ બન્યું. પણ હવે તો પંડિતજીને તેમની મુનસફી મુજબ જમવાનો પણ અવકાશ નથી. હવે તો ચા ને કૉફીનો સમયની પણ નહેરુને યાદ કરાવવી પડે છે. કાર્યમાં રત થઇ ગયેલા નહેરુને જમવાનો પણ વખત નથી."

* * *

પહેલાના બ્રીટીશ કમાન્ડર-ઇન-ચીફના વિશાળ મહેલમાં વડા પ્રધાન શ્રી નહેરુ રહે છે. છતાં, બ્રીટીશ વૈભવની યાદી આપે તેમાં મોટા મોટા ખંડો ને આરામગૃહોની તેમને કોઇ જરૂર લાગતી નથી. મહેમાનો ન હોય તો તેમના ભોજનમાં હોય છે સૂપ, સેલાડ અને ફળનો સ્વાદિષ્ટ રસ. ગરમ કૉફી શ્રી નહેરુને ભાવે છે. ઇન્દિરા ગાંધી તેમની બધી જરૂરિયાતોનું ધ્યાન રાખે છે ને અવારનવાર તેમને શું ગમે છે કે શું નથી ગમતું તે મુજબ ફેરફારો થાય છે. શ્રી નહેરુની અપાર શક્તિનો પુરવઠો ભોજનમાંથી નહીં, પણ સખ્ત પરિશ્રમમાંથી જ મળી રહે છે.

જમ્યા પછી શ્રી નહેરુ તરત ઘરમાં તિમના કામમાં ગૂંથાઇ જાય છે ને તે મધરાત સુધી ચાલે છે. તેઓ ત્યારે પણ કામ પૂરું કરે છે, એનું કારણ એ નહીં કે તેઓ થાકી જાય છે, પણ મુખ્યત્વે એમની આસપાસ વીંટળાઇ રહેતા મદદનીશો ને મંત્રીઓને આરામની જરૂર છે તે, જે બાબતમાં શ્રી નહેરુ સજાગ હોય છે. ગંભીર બાબતોને લગતું કામ શ્રી નહેરુ રાતના શાંતિના સમયમાં કરતા હોય છે.

આમ વડા પ્રધાનનો દિવસ પૂરો થાય તે પહેલાં તેમની આદત મુજબ તેઓ તેમના ખંડમાં ગોઠવેલા પુસ્તકોથી ખીચોખીચ ભરેલા કબાટો તરફ તેમની નજર જાય છે, જેમાં ગાંધીજીનાં લખાણો અથવા તેમને લગતાં લખાણો તેમને કદિ કદિ એકાએક આકર્ષે છે. આ જોતાં જ બાપુની સ્મૃતિથી તેમનું હૈયું ભરાઇ જાય છે અને તે દિવસો તેમને યાદ આવે છે કે જ્યારે તેમનો જેવા લાખો લોકો પ્રેરણા અને માર્ગદર્શન માટે રાષ્ટ્રપિતા તરફ જોતા. એક જ ક્ષણમાં ભારતના ભાગ્યવિધાતા જવાહર ગુરુની પાસે ચેલા બની જાય છે અને તેમનું માર્ગદર્શન ચાહે છે. થોડી જ ક્ષણો પહેલા વડા પ્રધાન તરીકે તેઓ અનેક પ્રશ્નોના ઉકેલ માટે મથામણ કરતા હતા, તે ગાંધીજી સમક્ષ જુદા જ સ્વરૂપે દેખાય છે. જાણે-અજાણ્યે બાપુના તે અમર શબ્દો તેમને હોઠે જાણે કે આવી જાય છે, "ઇશ્વર અલ્લા તેરે નામ, સબકો સન્મતિ દે ભગવાન." આ સાથે શ્રી નહેરુ પોતાનું રોજનું કાર્ય આટોપે છે ને બીજે દિવસે પાછા તેમના પ્રિય ગુલાબની જેમ હસ્તે મોંએ ઉઠે છે.

૧૬મી નવેમ્બર ૧૫૫ મીના 'ઇલસ્ટ્રેટેડ વીકલી'માંથી મૂળ અંગ્રેજી : શ્રી. જે. રાધાકૃષ્ણન્. સાભાર ઉધ્ધૃત. અનુવાદક : કાન્તિલાલ ભરાડિયા.

પ્રકીર્ણ નોંધ

'ગ્લોરીફિકેશન' નહિ પણ 'કન્સિડરેશન': બહુમાન નહિ પણ સવિશેષ કદર

જ્યારે કોઈ વ્યક્તિ યા તો મંડળી સમાજદ્રોહી પ્રવૃત્તિથી પાશ્ચાત્તાપ-પૂર્વક પાછી ફરે છે, પોતાનો અપરાધ કબુલ કરે છે અને હવે પછી એ માર્ગે નહિ જવાનો પોતાનો નિરધાર જાહેર કરે છે ત્યારે તેના વિષે આપણા દિલમાં કોઇ સવિશેષ આદર પેદા થાય છે, અને તેનું બહુમાન કરવાની વૃત્તિ આપણે અનુભવીએ છીએ–આ શું છે? શું આપણે તેનાં હીન કૃત્યોનું બહુમાન કરીએ છીએ? શું આપણે તેનાં અપકૃત્યોનો આદર કરીએ છીએ? ના, એમ નથી. આ આદરસન્માન તેનાં દુષ્ટ કૃત્યોનું નથી. પણ આજ સુધી અનિષ્ટ રહેણીકરણીથી તે વ્યક્તિ પાછી ફરી છે, આપણાથી જે વ્યક્તિ દૂર હતી તે વ્યક્તિ આ રીતે આપણી સમીપ આવી છે–આ પ્રકારની સુઘટનાનો આ આદર અને સન્માન છે. સમાજમાંનું એક વિસંવાદી તત્ત્વ આજે સંવાદી બનવા ચાહે છે એ હકીકતનો તેમાં આનંદ રહેલ છે. આ વિચારને દાદા ધર્માધિકારીએ પોતાના એક વ્યાખ્યાનમાં પોતાની વિલક્ષણ રીતે નીચેના શબ્દોમાં રજુ કર્યો છે:–

"સમાજમાં નિરપરાધીઓની અપરાધીઓ તરફ જોવાનીયે એક વિશેષ દૃષ્ટિ છે. એ દૃષ્ટિ આખા સમાજમાં રહી છે, માત્ર સન્ત-સજ્જનોમાં જ નહિ. એક ઉદાહરણ લઇએ. મેં કદી દારૂ નથી પીધો. તો એમાં મારી કોઈ વિશેષ બજરત નથી. તમે પણ દારૂ નથી પીતા તો તમારા માટે જે માન છે એ જ મારા માટે છે, પરંતુ ધારો કે અહિં કોઇ જબરદસ્ત વ્યસની છે. તે ચોરીછૂપીથી ગેરકાયદેસર દારૂ પીએ છે. તે જાણવા છતાં તેના ભયથી તેની વિરુદ્ધ સાક્ષી આપવા કોઇ તૈયાર નથી. પોલીસ પણ ભયને લીધે કે લાંચરૂશ્વતને લીધે કંઇ કરતી નથી. હવે તે સામે આવીને જો કહે કે આજે હું દારૂ છોડવાનો સંકલ્પ કરું છું. તો તમે બધાં ટાઉનહોલમાં એને માનપાન આપશો કે મને? શું હું એમ કહીશ કે એની તમે બજરત કરો અને હું એમ ને એમ રહી જાઉં છું, આ તો 'ગ્લોરિફિકેશન' થયું? સમજવું જોઇએ કે આ 'ગ્લોરિફિકેશન' નથી પણ 'કન્સિડરેશન' છે. (બહુમાન નથી પણ સવિશેષ કદર છે.)

"માની લો કે એક વેશ્યા મેયરને લખે છે કે આજ સુધી હું વેશ્યાનો ધંધો કરતી હતી. પરંતુ રામાયણ સાંભળીને મને થયું કે એ ધંધો યોગ્ય નથી, તેથી આજે તમને હું લખી રહી છું કે હવે હું આ ધંધો છોડીને સારું જીવન વિતાવીશ. તો મેયર સૌને એકઠાં કરીને તેની બજરત નહિ કરે શું? અને મેયર એમ કહે કે આજે આ બહેનના હાથની રાખડી બંધાવું છું તો શું બનારસની સભ્ય સ્ત્રીઓ એમ કહેશે કે અમે એ ધંધો ન કર્યો તેથી અમે રહી ગઇ અને પેલીનું તો 'ગ્લોરિફિકેશન' થઇ રહ્યું છે?

"એટલે સમજવું જોઇએ કે અપરાધી જ્યારે અપરાધ છોડી દે છે ત્યારે સમાજમાં તેની એક વિશેષ કદર થાય છે. અપરાધનું 'ગ્લોરિફિકેશન' ન કરવું જોઇએ. પરંતુ લક્ષ્મણ રામ સાથે વનવાસ ગયેલો તોયે તેના કરતાં અધિક મહત્વ વિભીષણના ત્યાગનું મનાયું; કારણ કે તે પ્રતિપક્ષીઓમાંનો હતો. જે લોકોએ આજ સુધી અહિંસાનો વિચાર કર્યો છે તેમનાં ચિત્તમાં, બુદ્ધિમાં, વલણમાં, વૃત્તિમાં હજુ સુધી ક્રાન્તિકારી પરિવર્તન થયું નથી. તેમણે આ પાસા ઉપર વિચાર્યું જ નથી."

ચક્ષુહીનો માટે દુનિયાનાં દ્વાર ખુલવા લાગ્યાં છે

કુમારી જ્યોતિબહેન મોહનલાલ પારેખ આ વર્ષની એસ. એસ. સી.ની પરીક્ષામાં ૫૬ ટકા માર્ક મેળવીને ઉત્તીર્ણ થયાં છે

એ માટે તેમને અભિનન્દન આપવામાં આવે છે. આ વાંચીને કોઇને પણ પ્રશ્ન થશે કે જે પરીક્ષામાં છોકરા છોકરીઓ હજારોની સંખ્યામાં ઉત્તીર્ણ થાય છે તે પરીક્ષામાં સફળતા પ્રાપ્ત કરવા માટે એક બહેનને આ અભિનન્દન શાં ?

એનું કારણ એ છે કે આ બહેને ૭ વર્ષ ઉપર અકસ્માતથી બન્ને આંખોની જોવાની શક્તિ ગુમાવી હતી અને ત્યારથી તેમનો અભ્યાસ બંધ પડયો હતો. આમ બે વર્ષ ચાલ્યા બાદ મુંબઇની મોડર્ન સ્કૂલનાં પ્રીન્સીપાલ શ્રી. રમણ વકીલે આ બહેન પ્રત્યેની સહાનુભૂતિના આકર્ષણને જે ધીરણથી તેનો અભ્યાસ અધુરો રહ્યો હતો તે ધીરણથી અભ્યાસ આગળ વધારવાની પોતાની સ્કૂલમાં સગવડ કરી આપી. ઘરમાં પણ તેને બધી અનુકૂળતા કરી આપવામાં આવી. માત – પિતએ તેને ખૂબ પ્રોત્સાહન આપ્યું. વધારે ભણેલી બહેનોએ તેને મદદ કરવા માંડી. પરિણામે આ વર્ષે તે બહેન એસ. એસ. સી. માં આટલા સારા માર્ક મેળવીને પસાર થઇ શકયા છે અને હવે કર્વે કોલેજમાં સંગીતનો ખાસ વિષય લઇને પોતાનો અભ્યાસ આગળ વધારવા ચાહે છે અને થોડાં વર્ષમાં કર્વે યુનિવર્સિટીનાં સ્નાતિકા થવાનો અને એ રીતે પોતાના જીવનમાં આત્મનિર્ભર બનવાનો મનોરથ સેવે છે.

આ ઘટના આપણા સમાજનાં અનેક ચક્ષુહીન બાળકો અને તેમનાં માબાપોને પ્રેરણાદાયી બનવી ઘટે છે. અન્ધોને લખતા વાંચતા કરવા માટે આજે અનેક નવાં સાધનો પેદા થયાં છે; વળી સરકાર તેમ જ શિક્ષણસંસ્થાઓ આવાં બાળકો પ્રત્યે સવિશેષ સહાનુભૂતિ ધરાવતી થઇ છે અને તેમને મદદરૂપ બનવા માટે તત્પરતા દાખવી રહી છે. આ અનુકૂળતાઓ ધ્યાનમાં લઇને આવાં ચક્ષુહીન બાળકોએ તેમ જ તેમનાં માબાપોએ અસહાય જેવાં બનીને આંસુ સાર્યા કરવાનો હવે કોઇ જરૂર નથી. આવા બાળકોને ઉત્તેજન તેમ જ જરૂરી સગવડો પૂરી પાડવામાં આવે તો તેઓ સમાજને બોજારૂપ બનવાને બદલે આત્મનિર્ભર તેમ જ સમાજના ઉપયોગી અંગ બને એવી અનેક શકયતાઓ રહેલી છે. ભૂતકાળમાં જ્યારે આવી કોઇ સગવડો નહોતી ત્યારે પણ પુરૂષાર્થના બળે એક અંધ વ્યકિત કેટલી ઊંચે ચઢી શકે છે તે સમજવા માટે પં. સુખલાલજીનો દાખલો પૂરતો છે. આજનાં સગવડ–સાધનોની મદદ વડે એક વ્યકિત પોતાનો કેટલો ઉત્કર્ષ સાધી શકે છે તેનો ખ્યાલ ડૉ. રાજેન્દ્ર વ્યાસ એમ. એ; એલ. એલ. બી.; પીએચ. ડી. જેમનાં તાજેતરમાં એક ગ્રેજ્યુએટ કન્યા સાથે લગ્ન થયાં છે તેમની ઉજ્જવલ કારકીર્દી ઉપરથી આવી શકે તેમ છે. પ્રસ્તુત જ્યોતિ-બહેનના દાખલા ઉપરથી પણ આપણને પ્રતીતિ થાય છે કે આજનાં ચક્ષુહીનો કે અપંગોનું ભાવી ભૂતકાળ માફક કેવળ ઓશિયાળાપણું, નિરાશા કે હતાશ થી ભરેલું રહ્યું નથી. તેમનો પુરૂષાર્થ અને જરૂરી સગવડોનો ધકકો સશકત અને સાંગોપાંગ લોકો જેટલા જ તેમને ઉપયોગી માનવીઓ બનાવી શકે તેમ છે.

આનું નામ સાચી ટ્રસ્ટીશીપ

ઘણાં વર્ષ પહેલાં બનેલી એક બહેનના અનુભવની આ કથા છે. તે તેમના જ શબ્દોમાં જણાવું.

"આજથી ૩૦ વર્ષ પહેલાં કોઇ અમુક નિમિત્તે પાલીતાણા જવાનું બનેલું. હું મારાં કુટુંબીઓ સાથે મહાજનના વંડામાં ઉતરી હતી. એક દિવસ બાજુએ આવેલી નરસી નાથાની ધર્મ-શાળાના મંદિરમાં હું દર્શન કરવા ગઇ. ત્યાં એક દુર્બળ અપંગ જેવાં માજી શ્રીમદ્ દેવચંદ્રજીનું બનાવેલું સ્તવન ગાતાં હતાં, તેની પહેલી કડી નીચે મુજબ હતી :

"કયું જાણું કયું બની આવશે, અભિનન્દન રસ રીતિ હો મિત્ત,
પુંગલ અનુભવત્યાગથી, કરવી જસુ પરતીત હો મિત.
કયું જાણું કયું બની આવશે ?"

આ પદ તેઓ એટલા બધા ભાવથી ગાતા હતા અને તે સ્તવનનો એકે એક શબ્દ તેઓ બરોબર સમજતા હોય એમ એવી તીવ્રતાથી ગાતા હતા કે હું તેમને સાંભળીને બે ઘડી થંભી ગઇ અને તેમને વિશેષ જાણી શકું એવી મનમાં સહજ ઇચ્છા ઉદ્‌ભવવાથી તેમની વાટ જોતી હું મંદિર બહાર ઉભી રહી. તેઓ બહાર આવ્યાં અને તેઓ કયાંનાં છે, કયાં ઉતર્યા છે વગેરે જાણી લીધું. પછી તો તેઓ જ્યાં રહેતા હતા ત્યાં હું જતી આવતી થઇ અને તેમની સાથે મારો પરિચય વધવા લાગ્યો. આથી મારા જાણવામાં આવ્યું કે તેમનામાં જૈન ધર્મની ઘણી ઊંડી સમજ હતી. દેવચંદ્રજીના સ્તવનોનો તેમજ આઠ દૃષ્ટિની સઝઝાયનો અર્થ તેમણે સમજાવ્યો અને તેમનાં જ્ઞાનથી હું ખૂબ પ્રભાવિત બની. તેઓ કચ્છનાં હતાં અને વિધવા હતાં એમ મને માલુમ પડયું. તેમનાં કપડાં અને રહેવા કરવાની રીત ઉપરથી તેઓ બહુ સામાન્ય સ્થિતિનાં હશે એમ મેં અનુમાન કર્યું. તેમને હાલતાં ચાલતાં બહુ જ મુશ્કેલી પડતી હતી તે જોઇને મેં કહ્યું કે "તમે મને રજા આપો તો મારી પાસે નારાયણ તેલ છે તે વડે તમને હું થોડા દિવસ માલીસ કરું." તેમણે મારી માગણી સ્વીકારી અને અઠવાડિયાના માલીસના પરિણામે તેમને સારો આરામ લાગ્યો અને લાકડીના ટેકા વડે તેઓ ઠીક ઠીક ચાલવા લાગ્યાં. આથી તેઓ બહુ રાજી થયાં.

"પછી મને થયું કે માજી કોઇ સારા ડાકટરની દવા કરે તો કદાચ આથી પણ તેમને વધારે ફાયદો થાય... એ વખતે સ્વ. ઠકકરબાપાના નાના ભાઇ ડૉ. કેશવલાલ ઠકકર દરબારી દવાખાનાના મુખ્ય ડાકટર હતા. તેઓ બહુ હુંશિયાર ગણાતા હતા. માજીને મેં એ ડૉકટરની દવા કરાવવા આગ્રહ કર્યો અને તેમની સાધારણ સ્થિતિનો ખ્યાલ કરીને ડૉકટરને એ સંબંધે મેં સૂચના કરી. માજી ડૉકટરની દવા કરવાને જરા પણ આતુર નહોતા, પણ મારા પ્રેમ-ભર્યા દબાણને વશ થઇને ડૉકટરને બોલાવવાની તેમણે હા કહી. ડૉકટર આવ્યા, તપાસીને દવા લખી આપી, ડૉકટર ઉઠયા એટલે માજીએ તેમની ફી આપવા માંડી, પણ તેમને કરવામાં આવેલી સૂચનાનો ખ્યાલ રાખીને તેમણે ફી લેવા ના કહી, પણ ડાકટરને માજીએ ભાર દઇને કહ્યું કે 'હું તમારી ફી આપવાને પૂરી શકિત-માન છું અને તમારે ફી લેવી જ પડશે.' એટલે પછી ડાકટરે અવશ બનીને ફી સ્વીકારી. અને પછી ડાકટરની કેટલાક દિવસ દવા કરવાથી તેમને ખૂબ આરામ થઇ ગયો અને માજી સારી રીતે હરતાં ફરતાં થઇ ગયાં.

"પેલી ફી લેવાની ડાકટરની આનાકાની ઉપરથી માજી કળી ગયાં કે એ મારી સૂચનાનું પરિણામ હશે. એટલે એક દિવસ મને પાસે બેસાડીને તેમણે કહ્યું કે "બહેન, મને ઘણા દિવસથી થતું હતું કે મારા જીવનનું એક રહસ્ય તને જણાવું. મારી ચાલુ રહેણીકરણી ઉપરથી તને લાગતું હશે કે હું ગરીબ હોઇશ, પણ વસ્તુસ્થિતિ એમ નથી. મારા પતિ રૂ. ૫૦૦૦૦ની મુડી મૂકીને આ સંસારમાંથી વિદાય થયા હતા, અને એ રકમની હું જ માત્ર માલીક બની હતી. પણ એ રકમ મારી છે એમ મેં કદી માન્યું નહોતું. એ રકમની હું માત્ર રખેવાળ છું એમજ મેં સ્વીકારી લીધું હતું. અને તેથી તેમના સ્વર્ગવાસ બાદ મેં બને તેટલી કરકસર અને સાદાઇથી રહેવાનો નિશ્ચય કર્યો અને મારા નિર્વાહનો ખ્યાલ રાખીને તેમની આખી મીલ્કત સારા કામમાં વાપરવાનો નિરાધાર કર્યો. અને તે મુજબ આજ સુધીમાં મેં રૂ. ૩૫૦૦૦ ખર્ચ્યા છે અને તેમાંથી એક દવાખાનું અને માધ્યમિક શાળા મેં ઉભી કરી છે. હવે રૂ. ૧૫૦૦૦ બાકી રહ્યા છે. તેની પણ ધીરે ધીરે વ્યવસ્થા કરતી જાઉં છું. મારી આવી સ્થિતિમાં ડાકટરની ફી તને હું કેમ આપવા દઉં ?" આ તેમના ખુલાસાથી તેમની સમગ્ર પરિસ્થિતિનો મને પૂરો ખ્યાલ આવ્યો અને આજ સુધી તેમને હું જે આદરથી જોતી હતી તે આદરમાં અનેકગણો વધારો થયો. આટલાં બધાં

વર્ષના ગાળે પણ એ માજીને હું હજી ભૂલી શકી નથી. એ ધર્મમૂર્તિ-ત્યાગમૂર્તિ મારા ચિત્તમાં હમેશને માટે જડાઈ ચૂકી છે."

ગાંધીજીના ટ્રસ્ટીશીપના સિધ્ધાન્તની આ માજીને કેઈ કલ્પના સરખી નહોતી. એમ છતાં એ ટ્રસ્ટીશીપનો સિધ્ધાન્ત એ માજીના ચરિત્રમાં આબેહુબ સાકાર થયો હતો. આજે પણ એક એવી બહેનને હું જાણું છું કે જેણે પોતાના સ્વર્ગસ્થ પતિની મીલકતનો એક રૂપીઓ પણ પોતાના ઉપભોગમાં નહિ લેવાનો અને એ આખી મીલ્કત સાર્વજનિક સત્કાર્યમાં વાપરવાનો સંકલ્પ કર્યો છે. આવા ત્યાગ અને સમર્પણના પાયા ઉપર જ આપણી સભ્યતા અને સંસ્કૃતિ રચાયલી છે, અને આવી સતત બનતી રહેલી સુઘટનાઓના કારણે જ તે સદા સુરક્ષિત છે. પરમાનંદ

'શ્રી મોરારજીભાઈ દેસાઈ'

(પ્રકાશક : શ્રી ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધી રસ્તો, અમદાવાદ; બે ભાગની કિંમત : રૂ. ૩૦.)

શ્રી. મોરારજી દેસાઇનું વિસ્તૃત અને વ્યાપક જીવન ચરિત્ર આપવાના બરાદાથી શ્રી. અંબેલાલ ના. જોશીએ બે ભાગમાં (પૃ૦ ૬૮૦+૩૫૯) ચરિત્ર લખ્યું છે. પુસ્તક એના કદમાં ઘણું મોટું થઇ ગયું છે, પણ અંગત ચરિત્રને લગતા પ્રસંગો તેમાંથી શોધીએ તો બહુ જ થોડા છે. અને તેની સ્વયં લેખકને પણ ખામી ખટકી હશે એટલે બીજા ભાગમાં એવા કેટલાક પ્રસંગો પૃ૦ ૨૩૨–૨૬૨ તેમણે આપ્યા છે, જો કે બીજા ભાગમાં તેમણે પ્રતિજ્ઞા એવી કરી છે કે તેમાં તેઓ તેમની વિચારસરણીને વિશેષરૂપે મૂલવશે. ખરી વાત એવી છે કે આ સમગ્ર પુસ્તકને જીવનચરિત્ર એવું નામ ન આપવાને બદલે તેમના જીવનનું મૂલ્યાંકન અથવા તો તેમની વિચારધારા એમ નામ આપવું જોઇએ. તો જ તે જે રીતે તે લખાયું છે તેને અનુકૂળ બનત. લેખકે આવડું મોટું પુસ્તક લખ્યું છે અને તેને માટે સામગ્રી પણ ઘણી એકત્ર કરી છે અને તેનો ઉપયોગ પણ છૂટથી કર્યો છે, પણ જીવનચરિત્રના લેખકે જે કાળજી રાખવી જોઇએ તે નથી રાખી એ સખેદ જણાવવું પડે છે. તેમણે શ્રી. દેસાઇનાં ભાષણોના અનેક ફકરા એવી રીતે ટાંકયાં છે, જેમાં માત્ર તારીખ અને માસ જણાવ્યા છે પણ વર્ષનો નિર્દેશ નથી. આથી વાચકને ચરિત્રનાયકનો ક્રમિક વિચારવિકાસ કેવો થયો, અગર કયારે તેઓ શું બોલ્યા એનો પત્તો લાગતો નથી. વળી કેટલેક ઠેકાણે જે સંવત આપ્યા છે તે પણ ભ્રાન્ત છે. જો કે એમ સરતચૂકથી બન્યું છે અને વાચક સ્વયં સુધારી શકે તેવું છે, પણ જ્યારે આવડું મોટું લખવાની ધીરજ લેખકને છે ત્યારે આ ખામી જરૂર ખટકે છે.

લેખક પોતાના ચરિત્રનાયકના સમાલોચક નહિ પણ અહોભાવસંપન્ન હોઇ ખામી કવચિત જ જુએ છે. ૬૪ વર્ષ જેવડી લાંબી જીવનીમાં જેને અનેક વ્યકિતઓ સાથે કામ પડયું હશે એવા મોરારજીભાઇએ જાણે કે જે કાંઈ કર્યું કે નિર્ણયો લીધા તે બધા ઉચિત જ હતા એવી છાપ પડે છે. ગાંધીજી જેવા મહાન પુરુષ પણ અનેક ભૂલો કરતા અને તેનો સ્વીકાર કરતા, પણ મોરારજી દેસાઇ તો જાણે કે જે કરે તે ઉચિત જ કરે એવી છાપ આપણા ઉપર પડે છે. આ દૃષ્ટિએ આ ચરિત્ર આધુનિક જે જીવનચરિત્ર લખવાની દૃષ્ટિ છે તેને કદાચ ન સંતોષે. પણ ચરિત્રનાયકનું જીવન વાંચી જીવનમાં ધર્યું કરવાની મક્કમતા તો વાચક જરૂર સ્વીકારશે અને આત્મવિશ્વાસનું બળ કેવું સર્વોપરિ બળ છે તેમાં વિશ્વાસ કરતો થઇ જશે એમાં શક નથી. શ્રી. મોરારજીભાઇમાં બીજા ગુણો હોય કે ન હોય પણ નિષ્ઠા તો છે જ અને જે માનતા હોય તેને અમલમાં મૂકવાની દૃઢતા તો છે જ. આત્મનિરીક્ષણ કદી કદી કરે છે ખરા પણ, તેમને જે એકવાર ગ્રહણ કર્યું હોય તેને છોડવાનું મન થતું નથી અને તે માટે ખપી જવા તૈયાર રહે છે. આમાંથી તેમનામાં શિસ્તની ભાવના આવી છે અને નિર્ભયતા પણ આવી છે. તેઓ જે કાંઇ માને છે તે સદા ઉચિત જ હોય છે એમ તો ન કહી શકાય પણ જીવનમાં બાંધ-છોડની ભાવનાને જે સ્થાન છે તેનું મૂલ્ય તેઓ ઓછું આંકતા હોઇ તેમને લોકો જક્કી અથવા હઠી કહે તે સ્વાભાવિક છે. એ જક્ક કે હઠ તેમની પ્રતીતિમાંથી જન્મી હોઇ એમને મન પરમ સત્ય જેવી હોય છે અને સિદ્ધાંતરૂપ બની ગઇ હોય છે. પરંતુ સિધ્ધાન્તના પણ વ્યવહારમાં તો બાંધ-છોડ વિના ચલનું જ નથી. આ વ્યાવહારિક સત્ય ગાંધીજીના જીવનમાં ક્ષણે ક્ષણે આપણને અનુભવમાં આવે છે એવું શ્રી. મોરારજીભાઇના જીવનમાં દેખાતું નથી. શિસ્તના નામે જેમ તેઓ બીજા પાસેથી ધાર્યું કાર્ય કરાવે છે તેમ તેઓ પણ શિસ્તના નામે બીજાનું ધાર્યું કરે છે. મહાન પુરુષો શિસ્તના સર્જક હોય છે, માત્ર પાલક નથી હોતા, જ્યારે મોરારજીભાઇ પાલક છે. જવાહર કે ગાંધીજી નવી શિસ્ત ઊભી કરી શકે છે, કારણ તેમને ગાંઠ નથી, સિદ્ધાંતને નામે હઠાગ્રહ નથી. પણ મોરારજીભાઇને સિદ્ધાંતની ગાંઠ છે. આ તેમની નબળાઇ છે અને તે જ તેમને ગાંધીજી કે જવાહરની કોટિમાં બેસવા દેતી નથી. બાકી ત્યાગ, તપસ્યા, બલિદાન, નિષ્ઠા, નિર્ભયતા એ બધા ગુણો છતાં અંદરનું ચેતનસ્વાતંત્ર્ય નથી. જાણે કે કોઇ દોરીસંચાર કરતું હોય અને તેઓ ચાલતા હોય એવો ભાસ તેમના ચરિત્ર ઉપરથી ઊઠે છે.

આમ છતાં સામાન્ય જન કરતાં મોરારજીભાઇ ઘણા આગળ વધી ગયા છે એમાં તો શક છે જ નહિ. અને અનેક દૃષ્ટિએ તેમનું જીવન અનુકરણીય પણ છે અને ઘણાને તે પ્રેરણાદાયી પણ બને એવું છે જ. આવા જીવનને આપણી સમક્ષ મૂકવાની ધીરજ અને ખંત શ્રી અંબેલાલભાઇએ બતાવ્યાં છે તેમાં બીજા અનેક કારણો ભલે હોય, પણ તેઓ જેમ કહે છે તેમ પોતાના જ જ્ઞાતિબંધુને બિરદાવવાની ભાવનાએ મુખ્ય ભાગ ભજવ્યો છે એમાં તો શક છે જ નહિ. મુરબ્બી અંબેલાલભાઇએ આ વાંચવાનો આગ્રહ કરી મને તો જરૂર ઉપકૃત કર્યો છે અને આવા સત્ત્વશીલ વ્યકિતના જીવનમાં ડોકિયું કરવાનો જે અવસર આપ્યો છે તે બદલ આભાર સાથે વિરમું છું. દલસુખ માલવણિયા

લોકશાહીનો આ એક નવો નમુનો

કેરલના લોકશાહી અખતરાથી દુનિયા દંગ થઇ હતી, પણ એથીયે વધુ આપણે દંગ થઇ જઇએ એવો લોકશાહી બનાવ હમણાં કેરળના એક ગામમાં બન્યો હતો. એ ગામમાં ઋષિ વિશ્વામિત્ર અને મેનકાના પ્રણયનું એક નાટક ભજવાયું. કથામાં આવે છે એમ મેનકા વિશ્વામિત્રથી એને થયેલ પુત્રી હાથમાં લઇ એમને એની જવાબદારી સ્વીકારવા કહે છે. ઋષિ ના કહી ચાલ્યા જાય છે.

આ તો કથા થઇ, ત્યાં જ પૂરી થઇ જાય છે—થઇ જવી જોઇએ. પણ આપણે રહ્યા લોકશાહી અખતરા કરનારા. કેરલે એ પાણી વધુ પચાવ્યું લાગે છે. એટલે ઑડિયન્સે આ બનાવનો વિરોધ કર્યો અને વિશ્વામિત્રે એ બાળકની જવાબદારી સ્વીકારવી જોઇએ એવો આગ્રહ રાખ્યો.

ધમાલ થઇ ગઇ, હોહો થઇ પડી, ને વાત વણસવા લાગી. કંપનીવાળા ગભરાયા, ત્યાં તો ઑડિયન્સમાંના લોકશાહીના ઠેકદાર યુવાનો સ્ટેજ પર ગયા. પડદા પાછળના એકટરોને સમજાવ્યા, કે ધમકી આપી જે હો તે, એ ખેલનો અંત લોકોની ઇચ્છા મુજબ લોકશાહી રીતે ભજવવા દો કંપનીને ત્યાં ને ત્યાં જ ફરજ પાડી.

સ્ટેજ પર ફરીથી મેનકા અને વિશ્વામિત્ર આવ્યાં. મેનકાએ બાળકની જવાબદારી સ્વીકારવાનો ઋષિને આગ્રહ કર્યો. લોકશાહી (કે ટોળાશાહી) મુજબ ઋષિએ બાળકનો સ્વીકાર કર્યો. ઑડિયન્સને એ પળ ધન્ય લાગી.

(અમદાવાદની કોંગ્રેસ પત્રિકામાંથી સાભાર ઉધ્ધૃત)

* વ્યાપાર પ્રવૃત્તિની બે વિકૃતિઓ : ભેળસેળ અને કાળાબજાર *

(ગતાંકથી અનુસંધાન)

(આ લેખનો પહેલો હપ્તો પ્રબુદ્ધ જીવનના ગતાંકમાં પ્રકટ થયો છે. તેમાં છેવટના ભાગમાં બીજા કોલમમાં સાતમી લીટીની શરૂઆતમાં 'જ નહિ. એમ' એ મુદ્રણ છપાયું છે તેના સ્થાને સુધરીને 'એમ છે જ નહિ.' એ મુદ્રણ વાંચવાનું છે. આ રીતે વાંચતાં આગળ પાછળના વાક્યોનો પરસ્પર સંબંધ સમજાશે. હવે આ વિષયની વિશેષ ચર્ચા તરફ આપણે વળીએ. તંત્રી)

કાળાબજાર અંગે એક બીજી પરિસ્થિતિ પણ ધ્યાનમાં લેવી ઘટે છે. ચીજવસ્તુના ભાવોમાં આજે જે મોટા પાયા ઉપરની વધઘટો જોવામાં આવે છે તેવી કદિ પૂર્વકાળમાં જોવામાં આવતી નહોતી. કારણ કે આજની દુન્યવી પરિસ્થિતિ અને અર્થ–રચનનું સ્વરૂપ જ કોઇ એવું છે કે જોતજોતામાં એક યા બીજી ચીજવસ્તુની અછત ઉભી થાય છે, જાણે કે અછત એ સામાન્ય નિયમ થઇ પડયો છે અને છત અપવાદરૂપ બની ગઇ છે, અને તેથી અછતવાળી ચીજવસ્તુ મેળવવા પાછળ-તેનો સંગ્રહ કરવા પાછળ–લોકો દોડે છે અને તેથી તેના ભાવમાં એકાએક ઉછાળો આવે છે અને વધારે નફાની આશાએ વ્યાપારી પણ માલનો સંઘરો રોકવા માંડે છે. આમાંથી કાળાબજાર જન્મે છે. જ્યાં સુધી દેશની તેમ જ દુનિયાની આ સ્થિતિ ચલુ રહેશે ત્યાં સુધી કાળાબજાર અટકવાના નથી. સરકાર ગમે તેટલા પ્રયત્નો કરે, પણ ચીજવસ્તુની છત થાય તો ભાવ ઘટે અને ચીજવસ્તુની અછત થાય તો ભાવ વધે આ એક છત અછતનો સામાન્ય નિયમ છે. અને ભાવ ઘટે તો ખોટ ખાવાને હમેશા તૈયાર એવો વ્યાપારી ભાવ વધતાં વધારે નફો રળવાની તક જતી કરે એવી આશા રાખવી તે માનવીપ્રકૃતિની વિરૂદ્ધ છે અથવા તો વ્યાપાર તત્વ અંગેની આજ સુધીની સમજણની વિરૂદ્ધ છે. આનો અર્થ એ છે કે દેશમાં અને દુનિયામાં ચીજવસ્તુની તંગી હળવી નહિ બને ત્યાં સુધી સરકાર તત્કાળ લોકહિત માટે અનિવાર્ય લાગતાં ગમે તેટલાં નિયંત્રણો મૂકે તો પણ કાળાબજાર મૂળમાંથી કાંઇ નાબુદ થઇ નહિ જ શકે.

સામાન્ય રીતે વિચારતાં લાગે છે કે છત અપવાદ રૂપ અને અછત નિયમ રૂપ એવો ક્રમ આજની દુનિયામાં કાંઇ સમય સુધી ચાલ્યા કરવાનો છે. દુનિયાનું અર્થકારણ જ આવું કાંઇક બની ગયું છે અને તેથી કોઇ દેશ મુકત નથી. આ જોતાં આજે ખરી જરૂર છે વ્યાપારી રીતરીતીઓ અને સરકારી નિયંત્રણો વચ્ચે આજની વાસ્તવિકતા સાથે સંવાદી એવો કોઇ વ્યવહારૂ માર્ગ શોધી કાઢવાની, કે જેથી વ્યાપારી કાંઇક મુકત મને વ્યાપાર કરી શકે અને ચાલુ વ્યાપારમાં સરકારને દખલગીરી કરવાની જરૂર કમી થાય.

આ તો આપણે કાળા બજારનો વિચાર કર્યો કે જેમાં તક મળ્યે વધારે પડતો નફો લેવામાં વ્યકિતગત રીતે વિચારતા વ્યાપારીને કશું આજુગતું લાગતું નથી, એમ છતાં પણ સામાજીક દૃષ્ટિએ તેવી વૃત્તિ અને પ્રવૃત્તિ એક મહાન અનર્થનું રૂપ ધારણ કરે છે. પણ વ્યાપારની ચીજવસ્તુમાં ભેળસેળ કરવી એ તો સામાજિક દૃષ્ટિએ જ માત્ર નહિ પણ વ્યકિતગત દૃષ્ટિએ વિચારતાં પણ અનીતિ છે, અધર્મ છે એમ દરેક વ્યાપારી બરોબર સમજે છે, અન્તરથી સ્વીકારે છે, કારણ કે દેશ અને દુનિયાના ગમે તેટલા સંયોગો પલટાય, પણ વ્યાપારની ચીજ વસ્તુઓમાં ભેળસેળ કરવાની કદિ કોઇને ફરજ પડતી જ નથી. તેનો જન્મ વ્યાપારીની વ્યકિતગત અનૈતિક વૃત્તિમાંથી થાય છે અને તેથી કાળાબજારની અપેક્ષાએ આ ભેસેળની પ્રવૃત્તિ વધારે ઘૃણાજનક લાગે છે.

અલબત્ત જે સંયોગો આજના ગેરકાનુની વ્યાપારને કેટલાક અંશે અનિવાર્ય જેવો બનાવી રહ્યા છે તે જ સંયોગો ભેળસેળના વ્યવસાયને અમુક અંશે અનિવાર્ય જેવો બનાવી રહેલ છે. દા. ત. છૂટક માલનો વ્યાપારી શુદ્ધ માલ આપવા ઇચ્છે તો પણ જથ્થાબંધ વ્યાપારીને ત્યાંથી તેવો માલ મળે નહિ એવી આજની પરિસ્થિતિ છે. ભેળસેળનો વ્યવસાય મોટા ભાગે ઉત્પાદકો અને જથ્થાબંધ વ્યાપારીને ત્યાં જ ચાલે છે. વળી આસપાસના બીજા વ્યાપારીઓ જ્યારે પોતાના માલમાં ભેળસેળ કરીને ધમધોકાર વ્યાપાર ચલાવતા હોય અને ધુમ કમાણી કરતા હોય ત્યારે એકલદોકલ વ્યાપારી માટે શુદ્ધ વસ્તુના વ્યાપારને વળગી રહેવું ઘણી વાર બહુ મુશ્કેલ બની જાય છે. આમ છતાં પણ ભેળસેળવાળો માલ વેચે જ નહિ અથવા તો પોતે પોતાના માલમાં ભેળસેળ ન કરે તો વ્યાપાર ચાલે જ નહિ–આવી અનિવાર્ય પરિસ્થિતિ કદી હોતી જ નથી. ચીજવસ્તુ વાપરનારાઓ મોટા ભાગે સારી અને સાચી ચીજવસ્તુઓ મેળવવાનો આગ્રહ ધરાવતા હોય છે અને તે ખાતર થોડા વધારે દામ આપવાને તેઓ તૈયાર હોય છે. એટલું ખરૂં કે આસપાસ ગોટાળો અને ભેળસેળ ચલાવતા વ્યાપારીઓ વચ્ચે ચોખ્ખી ચીજવસ્તુ જ પૂરી પાડવાની ટેક રાખનાર વ્યાપારીની ધીરજની ઠીકઠીક કસોટી થાય છે, પણ આખરે તે કસોટીનો તેને બદલો પણ મળી જ રહે છે, અને ઘરાકો તેના તરફ સારા પ્રમાણમાં આકર્ષાવા લાગે છે. વળી આજની કાનૂની જટિલતા વેપારી માટે ખોટું કરવા સિવાય જાણે કે બીજો વીકલ્પ જ રહેવા દેતી નથી એમ કદિ કદિ લાગે છે, પણ ભેળાભેળ અંગે આવી કોઇ પરિસ્થિતિ છે જ નહિ. તે પોતે ખોટું કરી રહ્યો છે આવી પાકી સમજણપૂર્વક, કેવળ વધારે નફો કરવા ખાતર જ વ્યાપારી આવું અપકૃત્ય કરવાને પ્રેરાય છે. ઘણી વખત જોવામાં આવે છે કે કાયદાકાનૂનનું અજાણપણું અથવા તો અધુરૂં જાણવાપણું વ્યાપારીને કાયદાની ચુંગાલમાં ફસાવે છે, જ્યારે ભેળસેળ અનૈતિક છે તેમ જ કાયદા–કાનૂનથી વિરૂદ્ધ છે તે વ્યાપારી બરોબર જાણે છે અને એમ છતાં ધૃષ્ટતાપૂર્વક તે આવું પાપ આચરે છે. આમાં પણ ખાનપાનની ચીજો અને ઔષધ–ઇન્જેકશનોની બનાવટમાં ભેળસેળે તો માનવી સમાજમાં ભયંકર અનર્થો નીપજાવ્યા છે અને કેટલાયના જીવ લીધા છે તો કેટલાકનાં શરીર ભાંગી નાંખ્યા છે.

૧૯૫૯ ના ડીસેમ્બર માસની પહેલી તારીખના 'લાઇફ'ના અંકમાં આવી એક ઘટના પ્રગટ થઇ હતી, જેણે દુનિયાના લોકોનું ખૂબ ધ્યાન ખેચ્યું હતું. ઘટનાની વિગતો નીચે મુજબ હતી :–

મોરોક્કોમાં આવેલા મેકનીસના પુરાણા શહેરની આસપાસના ટેકરાળ પ્રદેશોમાં સંખ્યાબંધ કુટુંબો એકાએક સાંધાના દુખાવાના ભોગ થઇ પડયાં, ત્યાર બાદ પોતાના હાથ પગ ચલાવી ન શકે એવી તેમની દશા થઇ. થોડા દિવસમાં મેકનીસનાં હોસ્પીટલો દરદીઓથી ઉભરાઇ ઉઠયાં અને આશરે દશ હજાર માણસો લકવાથી પટકાઇ પડયા અને જાહેર રસ્તાઓ ઉપર જ્યાં ત્યાં ઘોડીઓના ટેકે ચાલતાં અને આમ તેમ લથડિયાં ખાતાં સંખ્યાબંધ લોકો જાહેર રસ્તા ઉપર નજરે પડવા લાગ્યાં. મોરોક્કોના આરોગ્યખાતાની અધિકારીઓ જેમણે આમ પીડાતા લોકોને મદદ અને વૈદ્યકીય સાધનો પહોંચાડવા માટે દોડાદોડ કરી મૂકી, તેઓ આનું કારણ શોધવા પાછળ તનતોડ મહેનત કરવા લાગ્યા. અને તેમને આ ભયંકર ઉપદ્રવનું કારણ જડી આવ્યું. આ ઉપદ્રવ કોઇ ચેપી જંતુઓનાં કારણે પેદા થયો નહોતો, પણ માણસમાં રહેલી લોભવૃત્તિ અને તેનામાં રહેલું સાદુ સીધું અજ્ઞાન–એ બેનો કરૂણાજનક યોગ થતાં આ ઉપદ્રવ પેદા થયો હતો મોરોક્કોમાં

ઓલાઇવ ઓઇલનો ગરીબ કુટુંબમાં રસોઇ માટે ચાલુ ઉપયોગ કરવામાં આવે છે. નફો કરવની વૃત્તિથી મોરોક્કોનાં કેટલાક સ્થાનિક તેલના વ્યાપારીઓએ તે પ્રદેશમાં આવેલા યુનાઇટેડ સ્ટેટ્સના એક હવાઇ થાણા – air–base – ઉપરથી સેાધું વધારાનું એર – ક્રેફ્ટ – મશીન – ઓઇલ ખરીદ્યું, અને ઉપર જણાવેલ રસોઇમાં વપરાતા તેલમાં તે ભેળવ્યું. પછી એમ માલુમ પડ્યું કે આ એરક્રેફ્ટ ઓઇલમાં એક પ્રકારના ફ્રેરફ્રેઇટ હતા કે જે જ્ઞાનતંતુ-ઓને પકડે છે અને લકવેા પેદા કરે છે. આ ખબર પડી કે તરત જ મોરોક્કોની સરકારે બાકીનું બધું તેલ જપ્ત કર્યું અને આ તેલનો જે કોઇ વેપાર કરે તેના માટે મોતની સજા ફરમાવી. પણ જેઓ આ તેલ ખાવાના પરિણામે લંકવાના ભોગ થઇ પડ્યા તેમને સાજા કરવાનેા કોઇ ઉપાય નહિ હેાવાથી મેાટા ભાગનાં લેાકેાને અંપગ તરીકે જ પેાતાની જીંદગી પૂરી કરવાની રહી.

ખાદ્ય પદાર્થો અને ઔષધેા–ઇન્જેકશનેા અંગે આપણે ત્યાં નાના પાયા ઉપર બનતી આવી અનેક ઘટનાઓ આપણા કાન ઉપર અથડાઇ રહી છે. આવું પાપ આચરનાર અને ખંજર મારીને કે પીસ્તોલ ફોડીને માનવીનેા જીવ લેનાર ખુનીમાં નૈતિક દૃષ્ટિએ કોઇ મેાટેા તફાવત નથી. પણ આજનેા કાયદેા આવી ભેળસેળ કરનાર પ્રત્યે હજુ આવી કડકાઇથી જોતેા થયેા નથી અને તેથી ખંજરથી ખુન કરનાર ફાંસીએ ચઢે છે ત્યારે ખાદ્ય પદાર્થોમાં કે ઔષધેા–માં ભેળસેળ કરનાર કુશળ અને ધનવાન આદમી હેાઇને જો તે લાંચ રૂશ્વતથી છુટી ન જાય તેા તે હુંશિયાર વકીલ રોકીને અદા-લતમાં મેાટા ભાગે નિર્દોષ પુરવાર થાય છે અથવા તેા ચાર છ મહીનાની કેદ કે બે પાંચ હજારના દંડની શિક્ષા તેના માટે પૂરતી ગણાય છે. અને તેથી જ આ ભેળસેળનેા વ્યવહાર છડેચેાક પુર બહારમાં આજે ચાલી રહ્યો છે અને ન કલ્પી શકાય એવી નૈતિક તેમ જ સામાજિક અધેાગતિનું દર્શન કરાવી રહ્યો છે. આ ભેળસેળ અટકાવવાનેા એક જ ઉપાય છે કે તેને લગતી નૈતિક તથા કાયદાની દૃષ્ટિમાં જે નરમ શ છે તે કાઢી નાખવી જોઇએ, અને કાળા બજારની અપેક્ષાએ ભેળસેળ કરનાર વ્યાપારી માટે શિક્ષા કરવાનું ધેારણ એકદમ કડક બનાવવું જોઇએ અને તેમાં પણ ખાનપાન અને તેમાં પણ દવાદારૂ સાથે રમત કરનારને આત્યન્તિક શિક્ષાને પાત્ર લેખવેા જોઇએ. આ બાબતમાં પાકીસ્તાને આપણને અનુકરણ કરવા લાયક ઉદાહરણ પૂરું પાડ્યું છે. બીજા બાબતેામાં નહિ પણ ભેળસેળની બાબતમાં જેને summary justice કહે છે એટલે કે ટુંકામાં પતે તેવી ન્યાયપદ્ધતિ અને અતિશય કડક શિક્ષાનું ધેારણ પાકીસ્તાનની સરકારે અખ્તયાર કર્યું છે તે ધેારણ ભારત સરકારે પણ અખ-ત્યાર કરવું ઘટે છે.

આવી કાનૂની જોગવાઇ અંગે જેને આજ વિષયનેા એક વકીલ તરીકે ખૂબ અનુભવ છે તેવા એક મિત્ર જણાવે છે કે ભેળસેળ અંગેનેા કાયદેા ૧૯૫૫ માં હિન્દભરમાં અમલમાં આવ્યેા છે અને તેમાં કડક સજાઓની પૂરી જોગવાઇઓ છે, પણ તેના અમલમાં બે પ્રકારની ખામીઓ જોવા મળે છે:–(૧) ભેળસેળ–વાળા પદાર્થો શેાધી કાઢી વેચનારને અદાલતમાં લઇ જવાની જેમની ફરજ છે તે પેાલીસ–ઇન્સ્પેકટરેાની ચશમપેાષી તથા (૨) ગુનેા સાબીત થતાં આકરી સજાની જોગવાઇ છતાં આપણી અદાલતેા તરફથી કરવામાં આવતી નામના દંડની સજા. આ રીતે કડક કાયદાનેા અમલ બીનઅસરકારક નીવડ્યેા છે. વળી ભેળસેળ વાળી વસ્તુ ખરીદનાર કોઇ પણ વ્યકિત વેપારી સામે અદાલતમાં જઇ શકે છે, પણ લોકેામાં તે માટે ભારે ઉદાસીનતા પ્રવર્તે છે અને તે ઉદાસીનતા જ ભેળસેળ કરનારને ઉત્તેજે છે.

તા. ૧૩–૫–૬૦ ના ટાઇમ્સ ઓફ ઇન્ડિયાની એક તંત્રી–નોંધમાં જણાવવામાં આવ્યું છે કે "ભેળસેળવાળા ખાદ્ય પદાર્થો, દવાઓ, ઇન્જેકશનેા અને કોસમેટિકસ તેનેા ઉપયેાગ કરનારના હાથમાં જાય તે પહેલાં તેનેા કબજો લેવા માટે પેાલીસ ઇન્સ્પેકટરેા તરફથી જે કે અવારનવાર ધાડેા પાડવામાં આવે છે, એમ છતાં પણ, ઉપલબ્ધ માહીતી ઉપરથી એમ માલુમ પડે છે કે આ અનિષ્ટની હજુ કોઇ પણ અંશમાં અટકાયત થઇ શકી નથી. દાખલા તરીકે ઉત્તર પ્રદેશમાં બહાર પાડવામાં આવેલા આંકડાઓ પ્રમાણે ખાદ્ય પદાર્થોની ભેળસેળ અટકાવવાને લગતા કાયદા નીચે ૧૯૬૦ ના ફેબ્રુઆરી માસ દરમિયાન ૪૨૦ વ્યકિતઓને સજા કરવામાં આવી હતી, જ્યારે ૧૯૫૯ માં સજાના કીસ્સાઓની સંખ્યા ૩૧૮ હતી અને ૧૯૫૮ માં તે સંખ્યા ૨૬૪ હતી. સજાના પરિણામે વસુલ કરવામાં આવેલા દંડની રકમ ૧૯૫૬ ના ફેબ્રુઆરી માસ દરમિયાન કરવામાં આવેલા ૨૭૩ મુકદ્દમાઓ અંગે રૂ. ૨૬૭૦૦ હતી, ૧૯૫૮ ના ફેબ્રુઆરી માસ દરમિયાન ૩૧૮ મુકદ્દમાઓ અંગે રૂ. ૨૩૬૦૦ હતી, અને ગયા ફેબ્રુઆરી માસ દરમિયાન ૪૨૦ મુકદ્દમાઓને અંગે વસુલ કરવામાં આવેલા દંડની રકમ રૂ. ૩૨૬૦૦ હતી, દવાદારૂમાં થતી ભેળસેળ અંગે વસુલ કરવામાં આવેલા દંડની રકમ આથી પણ વધારે ઓછી હતી. આ ઉપરથી માલુમ પડે છે કે આ રીતે કરવામાં આવતા દંડેા ભેળસેળ અટકાવવા માટે પૂરતા નથી અને એ ઉપરથી એવી સૂચના કરવાનું આવશ્યક લાગે છે કે આજના કાયદા નીચે થતી શિક્ષાઓ પૂરતી છે કે નહિ અને જો પૂરતી ન હેાય તેા તેમાં કેવેા સુધારેા કરવેા જોઇએ એ બાબતનેા સરકારે ફરીથી વિચાર કરવેા ઘટે છે.

આમ હેાવાથી આજની આવશ્યકતા એ મુજબની માલુમ પડે છે કે લેાકેા આ બાબત અંગેની ઉદાસીનતાનેા ત્યાગ કરે અને આ ભેળસેળને કોઇ પણ સંયેાગેામાં અમે ચાલવા નહિ દઇએ – આવી ઉગ્ર મનેાવૃત્તિ ધારણ કરે, અને આવી ભેળસેળને ખુલ્લી કરવામાં અને ગુનેહગારેાને પકડાવવામાં અને સજા કરાવવામાં લેાકેા સરકારને પૂરેા સાથ આપે કે જેથી લાંચ રૂશ્વત વડે ભેળસેળ કરે-નારા વેપારીઓને ટકાવી રાખવાનું સરકારી કર્મચારીઓ માટે અશકય બની જાય, અને બીજી બાજુએ સરકારી અદાલતેા આને લગતી કાનૂની શિક્ષા અને દંડનું ધેારણ વધારે કડક બનાવે. આમ બને તેા ભેળસેળનું દિન પ્રતિ દિન વધારે વ્યાપક બનતું જતું અને અનેક અનર્થો પેદા કરતું અનિષ્ટ તદ્દન નાબુદ નહિ – તેા સારા પ્રમાણમાં–હળવું બની શકે. પણ ઉભય પક્ષે આવી તૈયારી અને ભેળસેળને કોઇ પણ હિસાબે નાબુદ કરવાની સાચી તીવ્રતા છે ખરી ?

પરમાનંદ

'ભારત અને વિશ્વનું અદ્યતન રાજકારણ'

શ્રી. ચીમનલાલ શાહનું વ્યાખ્યાન

શ્રી મુંબઇ જૈન યુવક સંઘના ઉપક્રમે તા. ૫-૭-૬૦ મંગળવારના રોજ સાંજના ૬-૧૫ વાગ્યે સંઘના કાર્યાલયમાં (૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ) શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ 'ભારત અને વિશ્વનું અદ્યતન રાજકારણ' ઉપર જાહેર વ્યાખ્યાન આપશે. આ વિષયમાં રસ ધરાવતા ભાઇ બહેનોને હાજર રહેવા વિનંતિ છે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ.

મુદ્રણ – શુદ્ધિ

પ્રબુદ્ધ જીવનના ગતાંકમાં 'શ્રાવકપદનેા અધિકારી કોણ ?' એ મથાળા નીચેના લેખમાં પહેલા પાને બીજી કોલમ ઉપર પહેલા શ્લોકમાં દુષ્ટિમક્ખે છપાયું છે તેના સ્થાને 'દુબ્ભિક્ખે' એમ વાંચવું.

તંત્રી

જયપ્રકાશજીની રાજકીય વિચારણા

જયપ્રકાશજીના નામથી તમે કોઈ અજાણ્યા નથી. તેઓ મહાન દેશભક્ત છે. દેશની ભલાઇના કામમાં તેમના જીવનનાં ઘણાં વર્ષો વીત્યાં છે. આપણે જાણીએ છીએ તેમ દેશના સમાજવાદી પક્ષના તેઓ સ્થાપક છે. ભય શું કહેવાય તેની તેમને ખબર જ નથી. બેતાલીસની લડત વખતે તેમના માથા ઉપર બહુ મોટું ઇનામ હતું, પણ ત્યારે તો તેઓ ભાંગફોડની પ્રવૃત્તિને ધર્મ માનતા એટલે શેતીયે પગ્યા કર્યા વગર તે કામમાં જ મંડ્યા રહેતા. કૂટી દમડી લીધા વગર અમેરિકા ગયા હતા અને અમેરિકાનાં ખેતરો ઉપર રહી તેઓ અર્થશાસ્ત્ર ભણ્યા છે.

તેમને જે વિચાર સાચો લાગે તે અપનાવવામાં તેમની નિર્ભયતા, તેમનો અપાર ત્યાગ અને અભ્યાસ–આ બધું જોતાં તેમણે મૂકેલા વિચારો સરેલાહથી હસેલી દૂર શકાય નહિ. આપણા રાજ્યબંધારણમાં કરવાના ફેરફાર અંગેનાં એમનાં સૂચનો આ દૃષ્ટિએ જોવાં ઘટે.

આપણું ચાલુ બંધારણ તે લોકશાહી બંધારણ છે. એક રીતે કહીએ તો દુનિયાભરમાં આપણું બંધારણ તે વધારેમાં વધારે લોકશાહી નમૂનેદાર બંધારણ છે. પણ સામાન્ય રીતે કહેવત છે કે ઘરનો જોગી જોગટો'–ગુસાંજી ગમે તેવા મહાન કવિ હોય તો પણ પોતાના ગામમાં તે 'તુલસ્યો' જ કહેવાય તેમ આપણે પોતે આપણા બંધારણની ઓછી કિંમત કરીએ, ઓછી કિંમત સમજીએ તેવો પૂરો સંભવ છે. મનુષ્યસ્વભાવ એવો છે કે તેને પોતાને ત્યાં પડેલા ઝવેરાતની જોઇએ તેટલી કદર થતી નથી. ખાસ કરીને ગુલામી મનોદશામાં પોતાના ઝવેરાતની સાચી કિંમત સમજાતી નથી. બહારના ભભકાથી અંજાયેલા રહીએ છીએ.

આપણે ઘરઆંગણે શરૂઆતમાં રવીન્દ્રનાથની કદર કરી શક્યા જ ન હતા ને! તેમને જ્યારે નોબેલ ઇનામ મળ્યું ત્યારે કલકત્તાના કેટલાક બંગાળી ગૃહસ્થો તેમને અભિનંદન આપવા ગયા. ગુરૂદેવે પહેલાં તો તેમને મળવાની જ ના પાડી. ગુરૂદેવ તો વિનયની મૂર્તિ સમા હતા. તેઓ રાજર્ષિ કહેવાયા છે. સંસારમાં રહેવા છતાં ઋષિ હતા. કહે છે કે તેમના જીવનમાં ભાગ્યે જ બેચાર વાર તેમણે ક્રોધ કર્યો હશે. તેમણે આ ગૃહસ્થોને પહેલાં તો મળવાની જ ના પાડી.

છેવટ મળ્યા ત્યારે કહ્યું કે તમારા સન્માનથી મને ખેદ થાય છે કારણ તમે તમારા બંગાળી બંધુનું સન્માન કરવા નથી આવ્યા. આ તો યુરોપના લોકોએ સન્માન કર્યું એટલે તમે શરમના માર્યા આવ્યા છો. તેમણે સન્માન કર્યું તે પછી તમને લાગ્યું કે અહીં કોઇ કવિ છે. નહિ તો બંગાળીમાં તો મેં ઘણું લખ્યું છે, પણ યુરોપના સિક્કો વાગ્યા પછી જ તમને તેની કિંમત સમજાઇ! એટલે તમારા સન્માનથી મને ખરેખર હર્ષ થવાને બદલે ખેદ થાય છે!

સંભવ છે કે પેલા બંગાળી ગૃહસ્થોની જેમ આપણા દેશમાં આપણી લોકશાહીની જે સિદ્ધિ છે તેની આપણે ઓછી કિંમત આંકીએ એવું બને. જેટલું આપવું જોઇએ તેટલું અર્ઘ્યદાન પણ આપણે ન આપીએ તેમ બને...! બે સિદ્ધિની જ વાત લઇએ. દુનિયાભરમાં નથી તેટલા મતદારો આપણે ત્યાં છે. યુરોપના કેટલાક દેશોમાં તો આજે પણ સ્ત્રીઓને મતાધિકાર નથી. જ્યાં છે ત્યાં પણ કેટલી લડત પછી મોડો મોડો અપાયો, જ્યારે આપણે એક ક્ષણનોય વિલંબ કર્યા વગર સ્ત્રીઓને મતાધિકાર આપ્યો છે. અભણ આદિવાસીઓથી માંડીને પશ્ચિમીને શરમાવે તેવા પાશ્ચાત્ય વર્ગ સુધી બધાને કોઇ પણ જાતના ભેદભાવ વગર મતાધિકાર છે. છતાં આટલી ચૂંટણીઓમાં તોફાનો થયાનું કે લોહી રેડાયાનું બન્યું નથી. આ કાંઇ જેવી તેવી સિદ્ધિ છે?

આ દેશમાં આપવામાં આવેલ વિચારસ્વાતંત્ર્ય પણ એક એવી મોટી સિદ્ધિ છે. સામાન્ય નાગરિક પણ જવાહરલાલજીની ટીકા કરી શકે. મુંબઇનાં કોક છાપાં તો મોરારજીભાઇને મોરલજી–નીતિનું પૂછડું કહી શકતાં. મોટામાં મોટા રાજ્યાધિકારીની છડેચોક ટીકા કરીએ છતાં તે કંઈ પગલાં ન લે. વિચારસ્વાતંત્ર્યની આ મહત્તાની કદર આપણને છે? એટલે આપણી ઊગતી લોકશાહીના રાજ્યબંધારણમાં સુધારાની ચર્ચા કરીએ ત્યારે તેની એક દાયકાની સિદ્ધિઓને ભૂલી ન જઇએ કે બીજા કોઇ રાષ્ટ્રની કહેવાની સિદ્ધિઓથી અંજાઇ ન જઇએ તે ખાસ જોવું રહ્યું.

બીજી એક દૃષ્ટિએ પણ આ ચર્ચા ઉતાવળે ન થાય તે જરૂરી છે. આસપાસ નજર નાખીએ તો દેખાશે કે આ દેશ સિવાય એશિયામાં લોકશાહી કયાંય સ્થિર થઇ શકી નથી. ઇંડોનેશિયામાં નામની લોકશાહી છે. ડો. સુકર્નોને લગભગ સરમુખત્યાર થવું પડ્યું છે. બ્રહ્મદેશ લશ્કરી માણસોને સુપરત કરવું પડ્યું હતું. સિલોનમાં ભંડારનાયકના જે હાલ થયા તે આપણે જાણીએ છીએ. નાસર પણ સંપૂર્ણ સત્તા હાથ કરીને લોકશાહી અમલનો ઢોંગ કરે છે. પાકિસ્તાને પણ કેવી જબ્બર ગુલાંટ ખાધી છે? પ્રમુખ ધરકંદર મિનિટો ઘડીમાં ઊડી ગયા. એશિયાની નવજાત લોકશાહી ઉપર ચારે બાજુથી આઘાતો પડી રહ્યા છે. એમાં અતિ ઉત્સાહમાં આપણે પણ હાથ ન આવી જઇએ તે જોવું રહ્યું.

લોકશાહી બંધારણો માટે બીજા સમયે બીજા દેશોમાં પણ આવી નિરાશા આવી હતી. ૧૯૩૦ થી ૧૯૩૯ સુધીમાં યુરોપમાંના ઘણા લોકશાહી દીવા ગુલ થયા હતા, નિષ્ફળ ગયા હતા તે વખતે હિટલર જબ્બરદસ્ત કામ કરી રહ્યો છે–સાચે માર્ગે આગેકૂચ કરી રહ્યો છે–ભલભલા લોકોએ હિટલર મુસોલિનીને આમ બિરદાવ્યા હતા, પરંતુ પંડિતજીએ તે બાબતમાં મચક આપી ન હતી! ત્રણ ત્રણ વાર મુસોલિનીએ જવાહરલાલજીને મળવા કહેવડાવ્યું પણ પંડિતજી ન જ મળ્યા. એરોપ્લેન રોમમાં જ થોભવાનું હતું અને ના પાડવા છતાં મુસોલિનીનો સેક્રેટરી મુલાકાત માગવા આવ્યો ને છતાં જવાહરલાલજી ન ગયા. આવા દૃઢ માણસની આગેવાની અહીંની લોકશાહીને મળી છે છતાં પણ આ જવાહર માટે 'લોકશાહીનું રક્ષણ ન પણ થાય; જવાહરલાલજીને તો ચાલુ સત્તાનો લોભ લાગ્યો છે' તેમ કહેવું તે કેટલું બાલિશ છે તે તટસ્થપણે વિચારી લેવું જોઇએ. આ પ્રસ્તાવ–વિસ્તાર એટલા માટે કર્યો છે કે સૂચનો પાછળ આવો ભય ને નિરાશા રહેલાં દેખાય છે.

જયપ્રકાશજીએ રાજ્યબંધારણમાં સુધારા અંગે જે દરખાસ્ત મૂકી છે તેમાંની કેટલીક મજાની છે. જે લોકો ગાંધી વિચારસરણીના પરિચયમાં આવ્યા છે તેમને માટે આ દરખાસ્તો નવી છે તેમ નહિ કહી શકાય.

તેમની પહેલી દરખાસ્ત શહેરીકરણ બંધ કરવાની છે. મનુષ્યને ગીચ શહેરોમાં પૂરવામાં આવે તે મનુષ્યત્વના વિકાસને બાધક છે. એટલે વહેલામાં વહેલી તકે શહેરીકરણ બંધ કરીએ, ગામડાં તરફ પાછા ફરીએ. પરંતુ આજનાં ગામડાં ચાલશે નહિ. આર્થિક જરૂરિયાત મુજબ આજનું ગામડું ટકી શકે નહિ, માટે ગામડાંને વાજબી યંત્રીકરણ દ્વારા બેઠાં કરો. એવાં ગામડાં ઊભાં કરો કે જેમાં શહેરોના સદ્‌ગુણો હોય તેટલા આવે અને ગામડાંના હોય તેટલા દુર્ગુણો જાય.

અર્થરચનાના પ્રકાર મુજબ ઉપલા મજલાનું ચણતર થઇ શકે એટલે કે અર્થરચનાની અસર રાજ્યરચના ઉપર છે તે સિધ્ધાંત મુજબ શહેરીકરણની કેંદ્રિત અર્થરચના બંધ કરી ગામડાંમાં વિકેન્દ્રિત છતાં ઉત્પન્ન વધારનાર અર્થરચના ઊભી કરવી તે દેશનો અગત્યનો પ્રશ્ન છે.

જયપ્રકાશજીની આ વાત વાજબી છે. ગાંધીજીએ તો શહેરોને દેશના દેહ ઉપરનાં ગુમડાં કહ્યાં હતાં. સમાજને સ્વસ્થ રાખવો

હોય તો આજનું શહેરીકરણ આવકારદાયક નથી. ખેતી અને ઉદ્યોગોનો સુમેળ સાધવો-Agro-industries ઊભાં કરવાં તે જ સાચો માર્ગ છે. મનુષ્યનું સમતોલ જીવન કેવું હોય તે અંગે સુંદર વિચાર ટોલ્સ્ટોયે 'ત્યારે કરીશું શું?' પુસ્તકમાં આપ્યો છે ફ્રેપેટૂકાને પણ આપેલ છે. એના સાર પ્રકૃતિ, ઉદ્યોગ ખેતી અને કુટુંબજીવનનો યોગ્ય મેળ હોવો જોઇએ તે છે. એ મેળ જ સ્વસ્થ ને નિરાંત અનુભવતો તાણ વગરનો સમાજ સર્જી શકશે. ગામડાંમાં જ ખેતી ને ઉદ્યોગોના સમતોલ વિકાસ દ્વારા જ તે થઇ શકે એ વાત યથાર્થ છે, મજાની છે. આ અંગે જેટલું વજન અપાય તેટલું વધારે સુખ ફેલાવાનું છે. ઉદ્યોગ અને ખેતીનાં ફાડિયાં અલગ રહે તે ઇષ્ટ નથી.

પણ બંધારણીય ફેરફારો અંગે જયપ્રકાશજીની દરખાસ્તો વધારે સાવચેતી માગે છે. એમાં પહેલી દરખાસ્ત છે પરોક્ષ ચૂંટણીની ને બીજી છે સર્વાનુમતિની કે સિકકો ઉછાળવાની ને ત્રીજી છે પક્ષવિસર્જનની.

પરોક્ષ ચૂંટણી એટલે લોકો પોતાના ગામની પંચાયત ચૂંટે, પંચાયતના સભ્યો તાલુકામંડળ ચૂંટે, તાલુકામંડળના સભ્યો જિલ્લાબોર્ડ ચૂંટે–એમ રાજ્ય અને મધ્યસ્થ સુધી ચૂંટણી ચાલે.

આ ચૂંટણીના ઘણા ફાયદા જણાવવામાં આવે છે. પહેલું તો એ કે આમાં લાંબું ખર્ચ નથી થતું. પ્રત્યક્ષ ચૂંટણીમાં લાખ્ખો રૂપિયાનો ધુમાડો થાય છે. પરોક્ષ ચૂંટણી આ વ્યય અટકાવે છે.

ઉપરાંત પ્રત્યક્ષ ચૂંટણીમાં લોકોને બહુ કુ-કેળવણી મળે છે, ગાળાગાળી સુધી આવી જાય છે, વેરઝેર અને દ્વેષનો પાર રહેતો નથી. આ ચૂંટણીના અનુભવી એક મિત્રને એક વાર પૂછ્યું, "કાં, આ ચૂંટણીમાં તમને શું લાગ છે?" તો તેણે તરત જવાબ વાળ્યો કે, "હવે પછી સારો માણસ ચૂંટણીમાં ઊભા રહેવાનું પસંદ જ નહિ કરે. આ બે ચૂંટણીના અનુભવે એમ કહું કે આમાં તો જે નાગો હોય તે જ વધારે ફાવે આબરૂની પડી ન હોય એનું આ કામ. આબરૂદાર માણસનું આમાં કામ જ નહિ."

ચૂંટણીજંગ ખેલાય એટલે વિરોધપક્ષ તહોમતનામું કાઢે, છોકરાં પાસે કાંકરાં ફેંકાવે કટાક્ષ ચિત્રો દોરાવરાવે. આ બધું સહન કરવું પડે.

પ્રત્યક્ષ ચૂંટણીમાં નાતજાતના વાડા મજબૂત થાય છે તે તેનો ત્રીજો દોષ ગણાવવામાં આવે છે. આ દોષો વિચારવા જેવા છે પણ દોષ સ્વતઃ છે કે આગંતુક?

પ્રત્યક્ષ ચૂંટણી મૂળે જ દૂષિત છે? કોઇ પણ વસ્તુ મૂળે દૂષિત હોય અને મૂળે દૂષિત ન હોય એવી વસ્તુમાં દોષ આવી ગયો હોય. આ બે પરિસ્થિતિ તદ્દન ભિન્ન છે. તે બે વચ્ચે ભેદ ન પાડીએ તો છાલ સાથે કેળું કે કોઇ જવાનો સંભવ છે. આગંતુક દોષ અને સ્વતઃ દોષ એ બે જોખી વસ્તુ છે. પાણી મેલું હોય તે આગંતુક દોષ છે, સ્વતઃ દોષ નથી અને સ્વતઃ દોષ નથી એટલે તેને ગાળીને, ઉકાળીને કે છેવટ ફટકડી નાખીને વાપરી શકાય છે. પણ દારૂમાં સ્વતઃ દોષ છે. તેને ઉકાળો તો વધારે ચડે. ત્યાગ જ તેનો ઉપાય છે.

પ્રત્યક્ષ ચૂંટણી સ્વતઃ દૂષિત છે ખરી? આ ચૂંટણીથી બહુ કુ-કેળવણી થાય છે તે સ્વતઃ દોષ છે કે આગંતુક દોષ છે? પ્રત્યક્ષ ચૂંટણીની ઉપયોગિતા એ મનાય છે કે દેશના મહત્ત્વના પ્રશ્નો પર લોકોને વિચાર કરતા કરવાનું એ જબરદસ્ત નિમિત્ત છે. પ્રત્યક્ષ ચૂંટણી ન હોત તો આ પંચવર્ષીય યોજના વિષે જે માહિતી લોકો સુધી પહોંચી તે પહોંચત? નદીબંધયોજના ઘરઘરની વાત બનત? ચીનના પ્રશ્ન અંગે પ્રજા જેટલી જાગ્રત રહી છે તે ચૂંટણી ન હોત તો શક્ય ન થાત. ચૂંટણી એ લોકકેળવણીનું મોટામાં મોટું સાધન છે. હજારો શાળાઓ દ્વારા જે કામ ન થાત તે કામ ચૂંટણી દ્વારા થયું છે. ચૂંટણી આવે એટલે ગામડે ગામડે સભાઓ ભરાય. દરેક પક્ષ દેશના અનેક પ્રશ્નોનાં વિવિધ પાસાંઓનો પૂરો અધૂરો વિચાર પ્રજા સમક્ષ મૂકે. દરેક પક્ષે લોકોના પ્રશ્નોના જવાબ આપવા પડે. પ્રતિસ્પર્ધીઓએ એ વાતના જવાબો આપવા પડશે. આમ લોકોની જાણકારી, જિજ્ઞાસા કે ભાન તત્ત્વતઃ વધશે, જે અભાવ ન થાય. અને લોકો અભરતા દેશના કોમ પ્રશ્નમાં ઓછો રસ લેત! તે ગાળામાં અપાતું જ્ઞાન હેતુપૂર્વકનું ને અર્થપૂર્ણ આપોઆપ બને છે. તેથી જ તે કેળવણી કહેવાય.

ચૂંટણી પરોક્ષ કરીએ એટલે કોમ પણ પક્ષ લોકોને આ બધું સમજાવવાની મહેનત શા માટે કરે? એમણે તો પંચાયતના દસ સભ્યો જ સમજાવી લેવા રહ્યા, એટલે લોકકેળવણી થાય નહિ.

પ્રત્યક્ષ ચૂંટણીનું સાધન પોતે ખરાબ નથી. ડેન્માર્ક, ઇંગ્લેન્ડ, નોર્વે – બધા દેશોમાં વ્યાપક પ્રમાણમાં આ પ્રત્યક્ષ ચૂંટણી થાય છે. ત્યાં પણ એક કાળે આપણે ગણાવીએ છીએ તેવા બધા દોષો હશે – હતા. આજે તે દૂર થઇ શકયા છે. મેકમિલન જો રેડિયો પર પાંચ મિનિટ બોલી શકે તો ગેઇટસ્કેલને તેટલી જ મિનિટ મળવી જોઇએ એમ લોકો જ માગે છે. મેકમિલન એકાદ ગપ્પું મારે તો તરત તેણે તેનો જવાબ આપવો પડશે. એટલે ગપ્પાં મારીને લોકોને ભોળવવાનું ત્યાં લાંબું ચાલી શકતું નથી. લોકકેળવણી દ્વારા એટલી લોકજાગૃતિ આવી ગઇ છે કે જનતા સૌને સાંભળવાનું માગે છે. ટૂંકમાં પ્રત્યક્ષ ચૂંટણીના આગંતુક દોષો કાળક્રમે નિવારી શકાશે. તે સ્વતઃ દોષમય નથી.

પ્રત્યક્ષ ચૂંટણી બહુ ખર્ચાળ છે એમ કહેનારને એટલું કહીએ કે તેનો ખર્ચ કેળવણી ખાતે નાખો. ખર્ચ કાળવવાનો જ પ્રશ્ન છે ને! દરેક દેશના આટલા બધા ખર્ચમાં આ એક આવશ્યક ખર્ચ ગણવું જોઇએ.

પરોક્ષ ચૂંટણીનો અનુભવ કેટલાક દેશોએ કરી જોયો છે અને તેમાં પુષ્કળ લાંચરુશવતખોરી વધી જાય છે એવો એમનો અનુભવ છે. પ્રત્યક્ષ ચૂંટણીના એક લાખના યુનિટમાં તમે કોને લાંચ આપવા જાઓ? પણ પરોક્ષ ચૂંટણીમાં જિલ્લા કક્ષાએ વીસ પચીસનું મંડળ હોય, તાલુકા કક્ષાએ પચાસ પોણોસોનું મંડળ હોય. ધારો કે દેશમાં બે ત્રણ જ પક્ષ હોય તો બહુમતી મેળવવા માત્ર પાંચસાત જણને જ લાંચ આપવી રહી. એક પક્ષને ૮, બીજાને ૫, ત્રીજાને ૭, મત મળ્યા તો આમાં એક જણને જ લાંચ આપવી પડે. કૂલડીમાં ગોળ ભાંગીને ચૂંટણીમાં જીતી શકાય છે. એટલે કેળવણીની દૃષ્ટિએ કે લાંચની દૃષ્ટિએ પરોક્ષ ચૂંટણીનો અનુભવ બીજે ખરાબ થયો છે.

બીજી એક દૃષ્ટિએ પણ પરોક્ષ ચૂંટણીનો અખતરો ખતરનાક નીવડવાનો–ને તે, ગામડાંમાં સ્થાનિક પ્રશ્નો રાજકીય બની જાય તે. મધ્યસ્થ સરકાર સુધી પહોંચવા માટે ગામડું એ જ પ્રાથમિક એકમ બને એટલે દિલ્હી પહોંચવાનો દરવાજો ગ્રામપંચાયત બની. મધ્યસ્થ સરકારમાં પહોંચવું હોય તો દરેક પક્ષે ગ્રામપંચાયતમાં દાખલ થવું જોઇએ, સત્તા મેળવવી જોઇએ તેવી પરિસ્થિતિ ઊભી થાય. આ પરિસ્થિતિ દેશહિત માટે કેટલી વિષમય છે તે આપણે સ્પષ્ટ સમજી લેવું જોઇએ. આજે પંચાયતની ચૂંટણી 'પાર્ટીલાઇન' ઉપર ચાલતી નથી. પાંચ વર્ષે એક મહિનો પ્રદેશ ચૂંટણીનો, કે જે કંઇ ઝેર (જો તે ઝેર કહેવાય તો) છે તે ચાલે. પછી બધું શાંત થઇ જાય છે અને સ્થિર રીતે કામ ચાલે છે, પણ પરોક્ષ ચૂંટણી થતાં પાર્ટીલાઇને બધી ચૂંટણી થવાની અને પક્ષાપક્ષીનું ઝેર એક મહિનાને બદલે બારે માસ ચાલુ રહેવાનું. નાનામાં નાના પ્રશ્નની પતાવટ પાર્ટીકક્ષાએ જ થવાની. જેમ આજે શહેરોની મ્યુનિસિપાલિટીની ચૂંટણી પક્ષ ઉપર થાય છે અને નગરપાલિકાને બદલે પક્ષપાલિકા બની ગઈ છે તે જ પરિસ્થિતિ ગામડે ગામડે સર્જાશે. જે કેવળ સ્થાનિક દૃષ્ટિથી ઊકલે છે તે પક્ષીય ને રાષ્ટ્રીય બનતાં વિષમય બની જશે.

પરોક્ષ ચૂંટણી જેવી બીજી વાત છે સર્વાનુમતિએ ચૂંટવાની.

ગામડાંથી ચૂંટાય તે બધાં સર્વાનુમતિએ ચૂંટાવા જોઈએ. પક્ષો તત્કાળ નાબૂદ થાય તેવો સંભવ ઓછો છે એટલે ઉપલી મધ્યસ્થ સરકારમાં પક્ષો ભલે રહે પણ નીચે તો સર્વાનુમતિએ જ ચૂંટણી થવી જોઈએ.

બાર વાગ્યે ભેજન જોઈશે એવી ફરજ પાડું અને પછી કહું કે બજારમાંથી લાવવાનું નથી અને ઘરમાં રાંધવાનું નથી એના જેવી આ વાત થઈ.

પ્રત્યક્ષ ચૂંટણી ન જોઈએ એટલે પરોક્ષ ચૂંટણીમાં દિલ્હી પહોંચવાનો દરવાજો માત્ર પંચાયત રહે. પ્રત્યક્ષ ચૂંટણી કરવાની નહિ. પંચાયતમાં પક્ષાપક્ષી દૃષ્ટ નથી તો સર્વાનુમતિએ ચૂંટણી કરવી. તો પછી પક્ષો મધ્યસ્થ સુધી પહોંચે કયાંથી? પગે ચાલવાની મનાઈ, ભોંમાં સરકવાની મનાઈ, આકાશમાં ઊડવાની મનાઈ અને છતાં દિલ્હી પહોંચવું જોઈએ. આ કઈ રીતે બને? મધ્યસ્થ તંત્રમાં–પ્રદેશના તંત્રમાં એ જ પક્ષ જઈ શકે કે જે ગ્રામપંચાયતમાં આવી શકયો હોય. ગ્રામપંચાયતમાં ચૂકયો તે બધું ચૂકયો. એટલે સમગ્ર તાકાત આ પંચાયતો સર કરવામાં વપરાય. એનો અર્થ એ કે પંચાયત સ્થાનિક કામો માટેનું વાહન ન રહે. દરેક સ્થાનિક પ્રશ્ન રાજકીય બનશે ને મતભેદો અસ્થાને તીવ્ર બનવાના.

પણ પક્ષોની જરૂર શી છે? ને બહુમતીની પણ શી જરૂર છે? આવો પ્રશ્ન ઉઠાવાયો છે. કહે છે તેમને માટે પક્ષ પદ્ધતિ તો ખરાબ છે જ. બહુમતી, લઘુમતીવાળી પદ્ધતિ પણ સારી નથી. કારણ બહુમતી જેવું મોટે ભાગે રહેતું નથી. એવો દાખલો લો કે ૧૦૦ મતમાંથી અને ૪૦ બને ૩૦ અને કને ૩૦, એમ ત્રણ પક્ષમાં મતની વહેંચણી થઈ. બહુમતી ૪૦ની ગણાય અને સત્તા તે ચાળીસને મળે. ૬૦ ઉપર ૪૦ એટલે કે બહુમતી ઉપર લઘુમતીનું શાસન આવ્યું ને!

પરંતુ ૪૦ વિરુદ્ધ ૬૦ તો આપણે માની લઈએ છીએ. ક પક્ષના ત્રીસેત્રીસ મત બ પક્ષને જ મળશે એમ કેમ ધારી લીધું? તેમણે તો બ પક્ષને મત આપ્યા પણ જો બીજા મતદાન (Second Ballot)ની પદ્ધતિ હોત એટલે અ ને બ પક્ષને જ ચૂંટવાના આવતાં કોને કેટલા મત મળશે એની શી ખાતરી? સંભવ છે કે ત્રીસમાંથી વીસ મત અ પક્ષને મળે અને દસ જ મત બ પક્ષને મળે.

નિબંધમાં એવું સૂચન કરવામાં આવ્યું છે કે "પ્રાચીન કાળમાં આપણે ત્યાં પંચાયતો હતી. ઉમેદવારોના નામની ચીઠ્ઠીઓ ઘડામાં નાખીને ઉપાડવાની પ્રથા હતી. આ ઉત્તમ પ્રણાલિકા હતી અને આ મુજબ કરવું જોઈએ"

આ પ્રથા ઉત્તમ હતી કે નહિ તે જુદો પ્રશ્ન છે. ઇતિહાસના વાચનમાં તો આ પદ્ધતિ બધે હતી તેવું વાંચ્યાનું મારા ખ્યાલમાં નથી એટલે આ પ્રથા વ્યાપક નહિ હોય. બુધ્ધ સંઘમાં પણ મતદાન મતગણતરી પધ્ધતિ જ ચાલુ હતી. અને લઘુમતી બહુમતીએ જ નિર્ણય લેવાતો હતો.

પણ બહુમતી લઘુમતીએ ૬૦ ઉપર ૪૦ નો પ્રતિનિધિ આવ્યો તેમ ગણીએ તો પણ ચિઠ્ઠીમાં જે નામ આવે તે કોનો પ્રતિનિધિ? માનો કે ત્રણ નામ આવ્યાં, કલ્પીએ કે તે અનુક્રમે ૬૦, ૩૦ અને ૧૦ ના પ્રતિનિધિ હોય. તેમાં તો ૯૦ ઉપર ૧૦ નો જ પ્રતિનિધિ અકસ્માતે આવે તેવું પણ બને! તેવું ન બને તેની શી ખાતરી? એમ બન્યું તો લઘુમતીના બહુમતી પરના શાસનનું શું?

આનો એવો જવાબ આપવામાં આવે છે કે એ તો પહેલાં ભેગાં મળીને નકકી કર્યું હતું કે ઘડામાંથી નામ નીકળે તે સર્વમાન્ય થવો જોઈએ એટલે કરાર મુજબ ચાલવું જોઈએ. ચાલુ ચૂંટણી પધ્ધતિમાં શું કાંઇ બીજો કરાર છે? તેમાં પણ એમ જ છે કે બંધારણ મુજબ ચૂંટણી થાય ને ચૂંટણીમાં જે આવે તેને ન આવેલા પણ વહીવટ ચલાવવા પૂરતા લોકપ્રતિનિધિ ગણે. પેલો કરાર પવિત્ર હોય તો બહુમતી લઘુમતીનો આ કરાર અપવિત્ર? રપર્ધામાં દોડતા પહેલાં આપણે નકકી કરીએ છીએ કે પેલા ઝાડને અડી જે પહેલો પાછો ફરે તે જીતે, તે પ્રમાણે લઈ જાય તેવી જ રીતે ચૂંટણી પહેલાં આપણે નકકી કરીએ છીએ કે વધુ મત ખેંચી જાય તે જીતે અને તે સત્તા પર આવે. બંધારણ ઘડયું ત્યારે કેટલા પક્ષો રચાશે અને શું થશે તેની ખબર ન હતી તે છતાં આપણે આ પદ્ધતિ સ્વીકારી હતી. એટલે ઘડામાંથી ચિઠ્ઠી કાઢવામાં જો કરાર તે જ મનઃસમાધાનનો છેવટનો ઉપાય રહેતો હોય તો બહુમતી લઘુમતી પણ કરાર, સમજણ કે શરતનો પ્રશ્ન છે અને તે પણ મનઃસમાધાનનો સાચો માર્ગ છે.

નિબંધમાં એક બીજો ભૂલભરેલો વિચાર છે કે વ્યકિતગત મતદાન પધ્ધતિ ખરાબ છે માટે પરોક્ષ ચૂંટણી કરવી..તેનો શો અર્થ છે? વ્યકિત તરીકે આવું વિચારી શકતા નથી અને પંચાયતમાં ચૂંટાય એટલે તે ને તે મુખી વાજબી રીતે વિચારતા થઈ જાય છે તેમ માનવું? વ્યકિત તરીકે સ્વાર્થી અને સંકુચિત હોય છે અને પંચાયતમાં સમૂહમાં મળે એટલે સ્વાર્થ અને સંકુચિતતા દૂર થાય છે તેમ માનવું? દૂધ લોટામાંથી રસોડામાં જાય એટલે અમૃત થઈ જાય? વ્યકિત સ્વાર્થી જ રહે છે તેવી સાક્ષી ઇતિહાસ પૂરતો નથી. ઊલટું ટોળામાં વ્યકિત થોડી નીચે ઊતરે છે ખરી. વ્યકિત તરીકે માણસ જેટલો સંયમી રહી શકે છે તેટલો ટોળામાં ઘણીવાર નથી રહેતો. પ્રવાહ સાથે તે બેંચાય છે. સાદો જ દાખલો આપું. વ્યકિત તરીકે જે રંગે રોળાવાનું પસંદ ન કરે તે હોળીને દિવસે ટોળામાં હોય તો માત્ર રંગ જ નહિ છાણ માટી પણ ઉડાડશે ટોળાશાહીનો ચેપ લાગે છે. સામાજિક માનસશાસ્ત્રનો આ નિયમ છે.

મનુષ્યજાતિના વિકાસમાં સારતત્ત્વ રેડનાર વ્યકિતઓ જ છે. સંસ્કૃતિની ઇમારતના પાયામાં વ્યકિતઓ જ પડેલી છે. સોક્રેટીસ એક વ્યકિત હતી. આઇન્સ્ટીન એક વ્યકિત હતી. ગાંધી એક વ્યકિત હતી. લિંકન એક વ્યકિત હતી. આવી વ્યકિતને લીધે જ સમાજ આગળ વધ્યો છે. સમાજ તેનો ગુણસંગ્રહ ને વ્યાપક ઉપયોગ અવશ્ય કરે છે. સારું બીજ હોય તો ખાતરપાણી આપી તેને ઉત્તેજન આપી શકાય તેમ તે કરે છે.

પણ આખરે 'જહાં રામ તહાં અવધ નિવાસા.' રામની જ કિંમત છે. અયોધ્યાની સ્વતઃ કિંમત નથી એટલે રામ ત્યાં અયોધ્યા તેમ કવિએ ગાયું. એટલે વ્યકિતનું વ્યકિત તરીકે યોગ્ય મૂલ્ય આંકવું જોઈએ–સામૂહિક બનાવવાથી પ્રશ્ન ઊકલશે નહિ.

રાજકારણમાં પક્ષાપક્ષીને લીધે નુકસાન થાય છે એટલે દેશમાં પક્ષો જ ન રહે તેમ કહ્યું. અહીં પણ તે જ પ્રશ્ન ઊભો થાય છે કે આ આગંતુક હોય છે કે સ્વતઃ હોય છે? જો આગંતુક દોષો જ હોય તો તે દોષો નિવારવાના જુદા પ્રયત્ન હોય. સ્વતઃ હોય તો પક્ષો ન રહે તે જ ઉપાય.

કોઇ પણ લોકશાહીમાં પક્ષો અનિવાર્ય ગણાતા આવ્યા છે. લોકશાહી એટલે લોકોની ઇચ્છા મુજબ ચાલતું રાજ્ય. બધાંની ઇચ્છા મુજબ તો રાજ્ય ચાલતું નથી તેમ કોઇ કહેશે, પણ બધાની ઇચ્છા એકસરખી રહે નહિ. એટલે મોટા ભાગના ઇચ્છે તે મુજબ સૌએ સમજીને ચાલવું રહ્યું. જો દરેક પ્રશ્ન અંગે બધાનો મત એકસરખો હોય તો તો એક જ પક્ષ હોય તો ચાલે, પરંતુ તે શકય જ નથી. મતભેદ રહેવાના જ. બિલકુલ મતભેદ ન રહેવા ના હોય તો તો સ્વતંત્ર વિચારશકિત જ લુપ્ત થઈ છે તેમ સમજવું. પણ મતભેદ રહેવાના અને પરિણામે પક્ષો પણ ઊભા થવાના. મતભેદ હોય છતાં પક્ષો ઊભા થવા દેવા કે નહિ? નાસર ઊઠીને કહે કે 'ખબરદાર આ દેશમાં એક જ પક્ષ રહેશે.' તો તેને આપણે લોકશાહી ગણીશું? ત્યાં દૃષ્ટિમિંદુ-ભેદ નથી? તે પોતાની રચનાને લોકશાહી તરીકે જરૂર બિરદાવે છે પણ તેથી તે લોકશાહી છે એમ આપણે થોડા સ્વીકારશું? તેવી લોકશાહીને લોકશાહી કહેવી તે એમોનિયમ સલ્ફેટને ખાંડ કહેવા બરાબર છે. તે ખાંડ જેવું લાગે છે તેથી ખાંડ તરીકે થોડું જ વાપરી શકાય છે.

વિવિધ વિચારો પ્રગટ કરવાની છૂટ આપવી તે ઇષ્ટ છે પણ અનિવાર્ય છે. ને વિચાર પ્રગટ કરવાની છૂટ આપવી ને સંઘ બાંધવાની છૂટ ન આપવી? ને વિચાર મુજબ સંઘ બાંધવાની રજા આપવી હોય તો પક્ષ બીજું શું છે? લોકશાહી પણ રાખવી છે અને છતાં પક્ષો ન જોઇએ એમ જે કહે છે તે લોકશાહીનું

મૂળ તત્વ જ સમજ્યો નથી તેમ પણ કહેવું જોઈએ પણ બધે પક્ષો જોઇએ જ તેમ નથી. વસ્તુતઃ સમાજમાં બે જાતના પ્રશ્નો છે : પ્રત્યક્ષ અને પરોક્ષ.

પ્રત્યક્ષ પ્રશ્નોની પતાવટ માટે પક્ષોની જરૂર ન પણ પડે. દા. ત. આ ગામમાં રસ્તો બાંધવો છે કે કેમ બાંધવો છે કયાં કરવો તે પ્રશ્ન ઉપર મતભેદ થાય તો એક નિષ્ણાત આવીને બીજે જગ્યા જુએ કે પાંચ માણસ ભેગા મળીને બધું મપી તોળીને નકકી કરે. તેમાં પક્ષ ઊભા કરવાની જરૂર ન રહે. ત્યાં જ ઉકેલ મળી જાય. પરંતુ જે પ્રશ્ન પરોક્ષ છે કે મૂલ્યનો છે તેને માટે પક્ષો ઊભા થશે જ. જે વસ્તુ સાચી છે કે ખોટી તે વિષે બે મત છે, જેને માપી કે તોળી શકાતું નથી; જે અખતરાથી જ સાબિત થાય તેમ છે તેમાં લઘુમતીને પોતાનો વિચાર જાળવી રાખવાનો અધિકાર નહિ આપીએ તો સંભવ છે કે સત્યનો જ નાશ થશે. દા. ત. સંતતિનિયમન–મૂલ્યનો પ્રશ્ન છે તેમાં મતભેદ રહેવાનો. ને રાજ્ય તેને કાર્યક્રમ બનાવે તો પક્ષો ન હોવાથી શું થાય.

બીજો દાખલો એ કે તિબેટ અંગે નેહરૂ–કૃપાલાની વચ્ચે મતભેદ હતો. કોનો વિચાર સાચો તે તો પાંચ વર્ષે અનુભવે જ ખબર પડે. તો જો લઘુમતીને પોતાના મત પર પક્ષ રચવાની છૂટ ન હોય તો તે વિચાર કોણ જાળવી રાખે?

ચીન ખરેખર કેવું વલણ લે છે તેનો સાચો ખ્યાલ એક દશકા પછી આવે. તે પરોક્ષ પ્રશ્ન છે. તેમાં મતભેદ હોય અને બહુમતી ના નિર્ણય મુજબ દેશ પગલાં લે. ધારો કે લઘુમતીનો નિર્ણય સાચો હોય પરંતુ દેશમાં પક્ષાપક્ષી ન જોઇએ તે કારણે, તે પોતાનો વિચાર કે કાર્યક્રમ જતો કરે તો વિચાર કે કાર્યક્રમ જતો કરવામાં સરવાળે સમાજને શો લાભ? વિચાર જતો કરે તો સત્યનું શોધન થાય જ નહિ. તેવું જ પાકિસ્તાન સાથેની નીતિ અંગે પણ હોઇ શકે.

ઇંગ્લાંડમાં બાળમજૂરી અંગે બે માન્યતા હતી. સરકાર બહુમતીના નિર્ણય મુજબ ચાલતી હતી પણ વિરોધીઓને પોતાનો મત સાચો સાબિત કરવાની બધી તક મળતી હતી તો છેવટે અનુભવે લોકોને સમજાયું કે તેમનો મત સાચો છે. તેમાંથી બાળમજૂરી પ્રતિબંધક કાયદો થયો.

મૂલ્યના કે પરોક્ષ પ્રશ્ન વિષેના મતભેદમાં કોના મતનો પ્રયોગ થવા દેવો? તો સ્વાભાવિક છે કે પહેલા પ્રયોગની તક બહુમતીને મળે. તે મત સાચો જ છે માટે નહિ પણ બહુમતીને પહેલી તક આપવી તે સ્વીકાર્યું છે માટે. પછી તેનો વિચાર ખોટો હશે તેમ સાબિત થશે. દરમિયાનમાં લઘુમતીને પોતાના વિચારને જાળવી રાખવાનો, પ્રચાર કરવાનો અને તેમ કરતાં પોતાના મતની બહુમતી ઊભી કરવાનો ગાળો મળી રહે છે. પક્ષ દ્વારા વિચાર જાળવી રાખવાની તક આપવી તે ઓછામાં ઓછા ખર્ચે, ઓછામાં ઓછા જોખમે સત્ય શોધનનો માર્ગ છે. તે નાબૂદ કરવો તેનો અર્થ સત્યની શોધ નાબૂદ કરવી કે બળજબરી દ્વારા ફેરફાર કરાવવો તે છે.

છેવટે જયપ્રકાશજીએ જે બે વિચારો આપણી સમક્ષ મૂકયા છે તેને વહેલી તકે અમલમાં મૂકવા તરફ આપણે વળવું જોઇએ. તેના ઉપર જેટલે ભાર મૂકશું તેટલું સુખ આ દેશમાં વધશે.

પહેલું તો એ કે શહેરીકરણ બંધ કરો અને બીજું ગામડામાં વીજળી કે બીજી શકિત દ્વારા વિકેન્દ્રિત ઉદ્યોગો વિકસાવી ખેતી અને ઉદ્યોગોનો સુમેળ ઊભો કરો અને ત્રીજું હું ઉમેરું કે આટલું થવા પછી ગામના બેકારોને કામ આપવાની જવાબદારી ગ્રામપંચાયતને સોંપો. આમ થશે તો ગામલોકો તરત જ આયોજન કરતા થશે. બેહા બેહા ખવડાવવા કરતાં કામ શોધી આપવાનું પસંદ કરશે. એટલે આયોજન કરતા થશે અને તેમાંથી ઘણી છૂપી શકિત પ્રગટ થશે ખર્ચનો ઠીક ઠીક ભાગ સરકાર ભોગવે અને ૬૦ ટકા ગ્રામપંચાયત ભોગવે પણ બેકારોને રોજી આપવાની જવાબદારી ગ્રામપંચાયતની રહે તેમ કરવું જોઇએ

'સંસ્કૃતિ'માંથી સાભાર ઉધ્ધૃત **મનુભાઈ પંચોળી**

શ્રી. શાન્તિલાલ શાહ સાથે યોજાયલું સંઘના સભ્યોનું સ્નેહસંમેલન

શ્રી શાન્તિલાલ હ. શાહ જેઓ મુંબઇ જૈન યુવક સંઘના વર્ષોથી સભ્ય છે તેઓ મુંબઇ પ્રદેશનું મહારાષ્ટ્ર અને ગુજરાત એમ બે પ્રદેશના વિભાજન થવા બાદ નવા નિમાયલા પ્રધાનમંડળમાં મજુર તથા કાયદાના પ્રધાન તરીકે ચાલુ રહ્યા તે બદલ આનંદ વ્યકત કરવા માટે તા. ૨૦–૬–૬૦ ના રોજ સાંજના સમયે 'મનોહર' માં સંઘ તરફથી એક સ્નેહસંમેલન ગોઠવવામાં આવ્યું હતું. સંઘની જાહેરાતને માન આપીને સંઘનાં સભ્ય ભાઇબહેનો બહુ સારી સંખ્યામાં ઉપસ્થિત થયાં હતાં. શ્રી શાન્તિભાઇ તથા તેમનાં પત્ની શ્રી હીરાબહેન વખતસર આવી પહોંચ્યાં હતાં. સૌ ભાઇ બહેનો યથાસ્થાને ગોઠવાયા બાદ શ્રી. શાન્તિભાઇને સંઘના મંત્રી શ્રી. પરમાનન્દ કુંવરજી કાપડિયા તરફથી હાર્દિક આવકાર આપવામાં આવ્યો હતો. વસ્તુતઃ આ સંમેલન મુંબઇ પ્રદેશનું વિભાજન થયા બાદ તરતમાં ગોઠવવા ધારેલું, પણ એ દિવસોના શરૂઆતમાં શ્રી. શાન્તિભાઇને ખૂબ રોકાણો હતાં. પછી તેઓ બોઇંગ ૭૦૭ વિમાનની મુંબઇથી અમેરિકા સુધીની પહેલી સફરમાં તેમનાં પત્ની સાથે જોડાયા અને અમેરિકાનો તથા યુરોપનો ૨૨ દિવસનો ઉડતો પ્રવાસ કરી આવ્યા. ત્યાર બાદ વહેલામાં વહેલી તકે આ સંમેલન ગોઠવવામાં આવ્યું હતું. શ્રી. શાન્તિભાઇ સંઘના સભ્યો માટે કોઇ અજાણ વ્યકિત નહોતા. શાન્તિભાઇ નિરાંત લઇને આવે અને કોઇ ઔપચારિકતાના બંધનોથી મુકત એવા વાતાવરણમાં સંઘના સભ્યો સાથે તેમનો મેળાપ થાય અને તેમના માથે જે વહીવટી જવાબદારીઓ છે તેને, વિભાજન બાદની મહારાષ્ટ્ર તેમ ગુજરાત રાજ્યની અદ્યતન પરિસ્થિતિનો તેમ જ આગામી ભાવીનો તેમ જ અમેરિકાના પ્રવાસ અંગે તેમના મન ઉપર પડેલી છાપોનો શ્રી શાન્તિભાઇ ખ્યાલ આપે–એવો પણ આ સંમેલનના ગર્ભમાં હેતુ રહેલો હતો. આ મુજબ સંઘના મંત્રીશ્રીએ શાન્તિભાઇને વિનંતિ કરી અને શાન્તિભાઇએ સભ્યો સાથે લગભગ દોઢ કલાક સુધી મુકત મને વર્તાલાપ કર્યો અને પોતાની તંત્રવિષયક જવાબદારીઓનું સ્વરૂપ સમજાવ્યું, મુંબઇ પ્રદેશનું વિભાજન થતાં મહારાષ્ટ્ર તેમ જ ગુજરાત માટે જે નવિ પરિસ્થિતિ સરજાણી છે તેની વિસ્તારથી ચર્ચા કરી, ગુજરાત રાજ્યનાં જે રીતે મંડાણ થયા છે તે પૂરતાં આશાદાયી છે, અને જો પ્રજાના આગેવાનોનો પૂરતો ટેકો મળે તો અને પેટાપ્રાદેશિક સ્પર્ધાના વિચારથી જો દૂર રહેવામાં આવે અને જે તે પ્રશ્ન ઉપર સરકાર સામે લાંતનું આન્દોલન ઉભું કરવાની વૃત્તિ ઉપર કાબુ રાખવામાં આવે તો ગુજરાતનું ભાવી અત્યન્ત ઉજ્જવળ હોવાનું એવી આશા અને શ્રદ્ધા તેમણે વ્યકત કરી અને રાજકારણમાંથી પ્રવાસની વાતો ઉપર આવતાં અમેરિકામાં પોતે શું જોયું અને ત્યાંની પ્રજા અને રાજકારણ અંગે પોતે શું અનુભવ્યું એની લગતી અનેક વાતો તેમણે સંભળાવી. પ્રેરક અને પ્રબોધક એવા આ મધુર વાર્તાલાપના કારણે આ સંમેલનમાં ઉપસ્થિત થયેલાં ભાઇ બહેનોએ ઊંડી પ્રસન્નતા અનુભવી. આ માટે સંઘના પ્રમુખ શ્રી ખીમજી માડણ ભુજપુરીઆએ શાન્તિભાઇ પ્રત્યે ઊંડા આભારની લાગણી વ્યકત કરી. આ સંમેલન સાથે મધુર એવો અલ્પાહાર પણ જોડાયલો જ હતો. જાણે કે મોટા કુટુંબનો દોઢ બે કલાકનો મેળો જામ્યો હોય એવા સુખદ સંવેદન પૂર્વક રાત્રીના આઠ સવા આઠ વાગ્યે સૌ છુટાં પડ્યાં.

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ

મુંબઇ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપાડિયા ૪૫–૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.
મુદ્રણસ્થાન 'ચંદ્ર પ્રિં. પ્રેસ, ૪૫૧ કાલબાદેવી રોડ, મુંબઇ ૨. ટે. નં. ૨૯૩૦૩

રજીસ્ટર નં B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૨ : અંક ૬

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, જુલાઈ ૧૬, ૧૯૬૦, શનિવાર
આફ્રિકા માટે શિલિંગ ૮

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ : ૨૦ નયા પૈસા

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

ધર્મની બે જૂની વ્યાખ્યાઓ

(તા. ૨૧-૨-'૬૦ના રોજ અમદાવાદ પ્રાર્થના-સમાજના આશ્રયે આપેલ વ્યાખ્યાન)

અહિં ધર્મની બે જૂની વ્યાખ્યાઓ વિશે વિચાર કરવો છે. એક છે. કણાદ ઋષિની 'યતોઽભ્યુદયનિઃશ્રેયસસિદ્ધિઃ સ ધર્મઃ।' અને બીજી છે જૈમિનીય ઋષિની 'ચોદનાલક્ષણોઽર્થો ધર્મ :।'

આમાં પ્રથમની વ્યાખ્યામાં ધર્મ એ કારણ અને તેનાં કાર્યોનું નિરૂપણ છે, એટલે કે, આમાં કાર્ય-કારણ ભાવને આધાર બનાવી વ્યાખ્યા છે. એમાં કહ્યું છે કે જેથી અભ્યુદય અને નિઃશ્રેયસ સિદ્ધ થાય તે ધર્મ. આ વ્યાખ્યા એવી છે જેમાં સાધ્યની મુખ્યતા છે. એટલે કે મનુષ્યનાં સાધ્ય બે છે-અભ્યુદય અને નિઃશ્રેયસ. એ સાધ્ય જે સાધનથી સિદ્ધ થાય તેને ધર્મ કહેવાય. અર્થાત્ એમ કહી શકાય કે અભ્યુદય અને નિઃશ્રેયસ સિદ્ધ ન થતાં હોય તેને ધર્મ કહી શકાય નહિ. કારણ તે જ કહેવાય જે કાર્યને સિદ્ધ કરે. વાદળાથી વરસાદ વરસે છે, પણ બધાં વાદળો વરસાદનું કારણ નથી. જે વાદળી પાણી વરસાવે તે જ વરસાદનું કારણ કહેવાય. એટલે કારણતાનો આધાર કાર્ય-સિદ્ધ એ છે. જો કાર્ય સિદ્ધ ન હોય તો કારણ કહેવાય જ નહિ. એટલે જ્યારે આપણે કોઇ પણ વસ્તુને ધર્મ કહીએ ત્યારે એ જોવું આવશ્યક છે કે તેથી તેનું સાધ્ય સિદ્ધ થયું છે કે નહિ. જો સાધ્ય સિદ્ધ થયું હોય તો જ તેને ધર્મ કહી શકાય. જ્યાં સુધી સિદ્ધ ન થયું હોય ત્યાં સુધી તે ધર્મના નામને પામે નહિ. વાદળાં ઘણાં ઘેરાઇ આવે છે પણ વરસાદ થાય જ છે એમ નથી. વાવાઝોડું થાય અગર બીજા કારણે તે ચાલ્યાં જાય તો વરસાદ ન પણ થાય. એટલે કયા વાદળાને વરસાદનું કારણ માનવું એનો નિર્ણય વરસાદ થયાને આધારે જ થઇ શકે, તે વિના નહિ. તે જ પ્રમાણે ધર્મ વિષે પણ સમજવાનું છે. જેમ વારંવાર વાદળાનું નિરીક્ષણ કરવાથી આપણે એ જાણી શકીએ છીએ કે અમુક પ્રકારનાં વાદળાં હોય છે તો અવશ્ય વરસાદ વરસે છે, અને તેવાં વાદળા જોઇને આપણે કહી પણ શકીએ છીએ કે હવે વરસાદ થશે જ. આમાં પરીક્ષાપ્રધાન દૃષ્ટિની આવશ્યકતા છે, વિવેકી દૃષ્ટિની આવશ્યકતા છે. અન્યથા બે વાદળા વચ્ચેનો ભેદ જો જાણતા ન હોઇએ તો ગમે તે વાદળને જોઇને પાણીની આગાહી કરીએ અને તે ખોટી પડે. તે જ રીતે ધર્મ વિષે પણ છે. આપણે ધર્મથી સાધ્ય સિદ્ધ કરવું છે અને જો ભળતા ધર્મને જ ધર્મ માની આચરણ કરવા લાગીએ તો સાધ્ય સિદ્ધ થાય નહિ. પણ જો વિવેકદૃષ્ટિથી, પરીક્ષાપ્રધાન દૃષ્ટિથી નક્કી કરીએ કે અમુક જ ધર્મ છે તો જ આપણું સાધ્ય સિદ્ધ થાય. અન્યથા ભળતા ધર્મને ધર્મ માની ચાલીએ તો બધું જ વ્યર્થ જાય. આ દૃષ્ટિએ મેં કહ્યું છે કે આ વ્યાખ્યા કાર્યકારણ ભાવને મુખ્ય માનીને કરવામાં આવી છે.

આ વ્યાખ્યામાં સાધ્ય બે બતાવ્યાં છે તેનો વિચાર હવે કરીએ. એક અભ્યુદય અને બીજું છે નિઃશ્રેયસ. મનુષ્ય એ નથી કેવળ દેહ કે નથી કેવળ આત્મા. એટલે આ વ્યાખ્યામાં મનુષ્યની શારીરિક અને આત્મિક બન્ને પ્રકારની આવશ્યકતાનો ખ્યાલ રાખવામાં આવ્યો છે. અને કહી શકાય કે આ વ્યાખ્યામાં ભારતીય સમન્વય પ્રધાનદૃષ્ટિ કામ કરી રહી છે. આ આ સમજવા માટે આપણે યોગ્ય ઇતિહાસનાં પાનાં ઉકેલવાં પડશે. એ તો હવે સર્વમાન્ય હકીકત છે કે વૈદિક આર્યો ભારતમાં બહારથી આવ્યા, અને વેદ એ મૂળે ભારતીય નથી. તેમાં જે દેવોની સ્તુતિઓ છે એ તરફ દૃષ્ટિપાત કરીએ તો સ્પષ્ટ થાય છે કે તેમાં દેવો પાસે જે માંગ્યું છે તે ભૌતિક સંપત્તિ સિવાય કશું જ નથી. એટલે કે દેહની આવશ્યકતાની પૂર્તિ માટેની માંગ કરવામાં આવી છે. વૈદિક ઋષિ કહો કે કવિ કહો. તેને જોઇએ છે ધન, ગાયો, જમીન, પુત્રો, આદિ બાહ્ય સંપત્તિ—આ બધું અભ્યુદયમાં એટલે કે ભૌતિક સંપત્તિના ઉદયમાં સમાવિષ્ટ છે. વેદોની પ્રાચીન ઋચાઓમાં આધ્યાત્મિક સંપત્તિ માટેની યાચના કરવામાં નથી આવી એ વિદ્વાનોએ સ્વીકાર્યું છે. આ અભ્યુદયનું સાધન તે ધર્મ એ એમની ધર્મની વ્યાખ્યા હતી અને તે સાધન એટલે પણ દેવોને તૃપ્ત કરવા માટે રચાતા યજ્ઞો. આ યજ્ઞો હિંસા-પ્રધા[redacted]એ કહેવાની ભાગ્યે જ જરૂર છે. સારાંશ એ છે કે [redacted]ને દેવોને તૃપ્ત કરવા. આ યજ્ઞ અને એ યજ્ઞથી [redacted]દય પ્રાપ્ત કરતો એટલે એ યજ્ઞ એ ધર્મ-એ તે [redacted]તા હતી.

[redacted]માર્યો બહારથી ભારતમાં આવ્યા ત્યારે પણ ભારત[redacted]ાગરો અને પુરો હતાં અને તેમની પણ ઘણી જ વિકસિત એવી સંસ્કૃતિ હતી. એ સંસ્કૃતિની લેખિત સામગ્રી જે મળે છે તેની સુસ્થિર વાચના હજુ સર્વમાન્ય થઇ નથી. એટલે તેમની ધાર્મિક માન્યતાઓનો તેમની જ ભાષામાં કોઇ જ પુરાવો નથી એમ કહી શકાય. જે મૂર્તિઓ મળી છે તે વિષે પણ ચોકકસપણે કહી શકાતું નથી કે તે કયા સ્તરની છે. માત્ર અનુમાન કરી શકાય છે કે તે પૂર્વવૈદિક હશે. અને તેવા અનુમાન માટેની સામગ્રી સ્વયં વેદ પૂરી પાડે છે. વેદમાં ઉલ્લેખ છે કે આર્યોના અધિપતિ ઇન્દ્રે યતિઓનો નાશ કર્યો. એટલે કહી શકાય કે જો વૈદિક સંસ્કૃતિ એ ઋષિસંસ્કૃતિ હોય તો ભારતીય પૂર્વવૈદિક સંસ્કૃતિ એ યતિસંસ્કૃતિ હતી. વળી જેમ જેમ વૈદિકો

ભારતમાં પૂર્વ તરફ ફેલાતા ગયા તેમ તેમ તેમના સાહિત્યનો સૂર પણ બદલાતો ગયો. તેમને ભૌતિક સંપત્તિ અને તેના સાધનયજ્ઞની વ્યર્થતા સમજાતી ગઇ. અને ઉપનિષદ જે વેદાંત કહેવાય છે તેમાં તો સ્પષ્ટપણે અધ્યાત્મે પ્રવેશ જ નહિ, પણ પ્રાધાન્ય પ્રાપ્ત કર્યું છે. આથી એમ કહી શકાય કે ભારતીય યતિસંસ્કૃતિ અધ્યાત્મપ્રધાન હતી અને તેમનો ધર્મ એટલે જે નિઃશ્રેયસને સિદ્ધ કરે, મોક્ષને સિદ્ધ કરે અને જ્યાં બાહ્ય સંપત્તિનો સર્વથા લોપ છે, તે જ હતો. હવે આપણે જોઇ શકીએ છીએ કે ભારતીય અને અભારતીય એ બન્નેના ધર્મો જુદા હતા. તે આ વ્યાખ્યામાં સમન્વિત થઇને આપણી સામે આવે છે અને જે અભ્યુદય અને નિઃશ્રેયસને સિદ્ધ કરે તે ધર્મ કહેવાય એ સમન્વય થયો છે.

પણ અહીં આપણે સમન્વયનો પણ વિચાર કરી લેવો જોઇએ. સમન્વય એ માત્ર મેની જોડ જ નથી પણ એક ત્રીજું જ તત્વ છે. પૃથ્વી, પાણી, હવા, બીજ આદિ અનેક વસ્તુ મળીને અંકુરને પેદા કરે છે. તેમાં તે બધાનો સમન્વય છે એમ આપણે કહીએ. અંકુર એ પૃથ્વી આદિ બધાના સારતત્વને લઇ એક નવું જ તત્વ નિષ્પન્ન છે. અંકુરમાં તેનાં કારણોનો સર્વથા અભાવ નથી તેમ તેનાં કારણો તે જ રૂપે છે એમ પણ નથી. એટલે આપણે એમ કહીએ કે અંકુરમાં એ બધાનો સમન્વય છે. તે જ ન્યાય, જ્યારે આપણે આ વ્યાખ્યાને ભારતીય-અભારતીય ધર્મોનો સમન્વય કહીએ ત્યારે, લાગુ પાડવો જોઇએ. એટલે આમાં પણ પૂર્વવ્યાખ્યાનો સાર આવે પણ સર્વથા તે જ રૂપ ન આવે, પણ તે બન્ને મળી એક નવું સમન્વિત રૂપ ખડું થાય એમ માનવું જોઇએ. આમ વૈદિક-અવૈદિક બંને ધર્મનો સમન્વય થઇ આ વ્યાખ્યા ઘડાઇ. તો હવે એ વિચારવું પ્રાપ્ત છે કે તે સમન્વય કેવા પ્રકારનો હતો. આ વ્યાખ્યામાં કેવળ નિઃશ્રેયસ કે કેવળ અભ્યુદયને સ્થાન નથી. એટલે એક વાત તો સ્પષ્ટ છે કે અભ્યુદય પણ એ માર્ગે તો ન જ થયો જોઇએ, જે નિઃશ્રેયસનો સર્વથા વિરોધી હોય. વળી નિઃશ્રેયસનો માર્ગ એ કાંઇ સર્વ કોઇ માટે પ્રારંભથી શક્ય ન હોઇ, તે પ્રાપ્ત કરવાની સીડી રૂપ અભ્યુદયમાર્ગનો પણ સ્વીકાર આવશ્યક થયો. આ પ્રકારનો બંને ધર્મનો સમન્વય છે. એટલે જ આવશ્યક હતું કે અભ્યુદયના સાધનરૂપ જે હિંસક યજ્ઞો હતા તેને આ વ્યાખ્યામાં સ્થાન ન જ મળે. યજ્ઞ ખરા પણ તેનું રૂપ બદલાઇ ગયું. દેવપૂજા ખરી પણ દેવોને તૃપ્ત કરવા માટે પશુ બલિ જ સાધન છે એવી માન્યતા છોડવી પડી. તેને બદલે ભારતીય પ્રાગ્વૈદિક લોકોમાં પ્રચલિત મહાપૂજનો પ્રકાર અપનાવવો આવશ્યક થઇ પડ્યો [illegible] "पत्रं पुष्पं फलं तोयं" વડે ભગવાન કે દેવોની [illegible] બની. અર્થાત્ અભ્યુદય માટે પણ હિંસા જેવાં સા[illegible] શક્ય ત્યાગ કરવો આવશ્યક થઇ પડ્યો, એટલું [illegible] સમાજમાં ધારણ-પોષણ માટે આવશ્યક એવા [illegible] આદિ તત્વોનો પ્રચાર વિશેષ રૂપે આવશ્યક મનાયો [illegible] બધા માર્ગો અભ્યુદયના કારણરૂપે મનાયા. આમાંથી લોક[illegible] અને સર્વ સત્ત્વ હિતની ભાવના આગળ વધી અને સ્વાર્થી જીવનને બદલે કાંઇક પરાર્થ અને પરમાર્થ તરફ પ્રવૃત્તિ શરૂ થઇ. આ રીતે અભ્યુદયમાર્ગ પ્રશસ્ત બન્યો.

એકાંત ત્યાગ અને તપસ્યા, ધ્યાન અને સમાધિ જ ધર્મનું સાધન છે અને લોકહિત વ્યર્થ છે, પરમાર્થ નથી માટે આત્મસાધના કરવી એ જ પરમાર્થ-આવી જે નિઃશ્રેયસ ધર્મની વ્યાખ્યા હતી તેમાં અભ્યુદયમાર્ગને અનુકૂળ પરિવર્તન કરવું પડ્યું, અને તે એ કે બુદ્ધ કે તીર્થંકર એ ઉત્કૃષ્ટ કોટિના આધ્યાત્મિક નેતા એટલા જ માટે છે કે તેમણે લોકહિત, સર્વસત્ત્વ હિતની દૃષ્ટિથી જ પોતાની સાધના આગળ ધપાવી. મારે પૂર્ણજ્ઞાની અને વીતરાગ થવું ખરું, પણ તે કેવળ પોતા માટે નહિ પણ સંસારના સત્ત્વોના ઉદ્ધાર માટે. આ નવું તત્ત્વ અધ્યાત્મવાદીઓએ અપનાવ્યું અને તેમના ધર્મની વ્યાખ્યામાં અભ્યુદયમાર્ગને પણ સ્થાન મળ્યું. આ રીતે આપણે જોઇએ છીએ કે જે ધર્મનો સમન્વય થયો તે આ વ્યાખ્યામાં સચવાઇ રહ્યો છે.

આટલી વિચારણા આપણે કરી એના આધારે એમ કહી શકાય કે અભ્યુદયનો માર્ગ અને નિઃશ્રેયસનો માર્ગ પરસ્પર વિરોધી નથી, પણ એકબીજાના પૂરક છે. અભ્યુદયના માર્ગ વિના કરાયેલી પારમાર્થિક સાધના કેવળ સ્વાર્થી સાધના છે. તેથી વ્યક્તિગત લાભ છે પણ તેમાં સમાજદ્રોહ છે. જે સમાજમાં વ્યક્તિ જન્મી, જેને આધારે તેનું જીવન નિર્મિત થયું, પુષ્ટ થયું, તેની સર્વથા ઉપેક્ષા જે સાધનામાં હોય તે સાધના હીન કોટિની મનાઇ. એટલેજ અભ્યુદયના માર્ગને એક સાધન બનાવી-નિઃશ્રેયસના માર્ગની એક સીડી બનાવી-સાધક આગળ વધે એ આવશ્યક મનાયું. સીડી વિના કાંઇ ઉપર ચડાય નહિ. એટલે નિઃશ્રેયસ માર્ગ ઊંચો ખરો પણ તે સીડી વિનાનો હોય તો અપ્રાપ્ય જેવો રહે. માટે સાધનામાં અભ્યુદયનાં જે સાધનો છે દયા, દાન, કરુણા આદિ તેથી મનને પવિત્ર અને કૂણું બનાવી-ને જ આગળ વધી શકાય છે. કઠોર મન ધર્મસાધના માટે અનુકૂળ નથી એમ મનાયું. આ વિચાર આપણે જો ધ્યાનમાં લઇએ તો આપણને વ્યાસના-"परोपकारः पुण्याय, पापाय परपीडनम्" આ ધર્મસર્વસ્વપ્રતિપાદક વચનનું રહસ્ય જડી જશે. ધર્મનું સર્વસ્વ પરોપકાર છતાં અને એ પુણ્ય છતાં, નિઃશ્રેયસ ધર્મ એ પુણ્ય નથી. કારણ ઉપનિષદો કહે છે કે પુણ્ય અને પાપ એ બન્ને છોડીએ ત્યારે જ નિઃશ્રેયસ છે. પણ એ છૂટે ક્યારે કે જ્યારે શરીર ન હોય. આથી શરીર છે ત્યાં સુધી તો પુણ્ય રહેવાનું જ. એટલે સારાંશ એ છે કે મોક્ષમાર્ગના પથિકને પણ પુણ્ય તો કરવું જ પડે, પણ એ પુણ્ય કરતાં કરતાં મોક્ષને પામે અને સ્વયં પુણ્ય પણ છૂટી જાય. જેમ વિષનું ઔષધ વિષ હોય ત્યારે તે પૂર્વના વિષનો તો નાશ કરે જ પણ પોતે પણ નષ્ટ થઇ જાય. આ જ દૃષ્ટિએ કહ્યું છે કે "असत्ये वर्त्मनि स्थित्वा स्वयं सत्यं समीहते". સંસાર અને મોક્ષ પરસ્પર વિરોધી છતાં સંસાર છે ત્યાં સુધી જ મોક્ષની સાધના છે. સંસારમાં રહીને જ મોક્ષની સાધના થાય છે. મુક્ત થયા પછી સાધના નથી, તેજ પ્રમાણે અભ્યુદયના માર્ગે મોક્ષમાર્ગ પર જવાય છે અને છેવટે મોક્ષ પ્રાપ્ત થાય છે. આ સાધકોના અનુભવોનો નિચોડ છે. આથી વિરુદ્ધ સાધના-માર્ગની હિમાયત કરનાર ઐકાન્તિક માર્ગે જાય છે અને ધર્મનું ખરું રહસ્ય પામી શકતા નથી.

અપૂર્ણ

દલસુખ માલવણિયા

ભગવાન મહાવીરનું કાર્ય

(બનારસ ખાતે યોજવામાં આવેલ મહાવીર જયન્તીના અવસર ઉપર ભૂદાન કાર્યકર શ્રી શંકરરાવ દેવે આપેલા બોધપ્રદ વ્યાખ્યાનનો વિચારપ્રેરક અને એમ છતાં વિવાદાસ્પદ એવો વિભાગ જે શ્રમણના મે-જૂન માસના સંયુક્ત અંકમાં પ્રગટ થયેલ છે તેનો નીચે અનુવાદ આપવામાં આવે છે, અને તે ઉપર ચર્ચાપત્રો નિમંત્રવામાં આવે છે. તંત્રી)

આજ ભગવાન મહાવીરનો જન્મદિવસ છે. તેઓ એક મહાન ધર્મના મહાન પ્રવર્તક હતા. તેમણે સમાજમાં એવા

પ્રકારની પરિસ્થિતિઓનું નિર્માણ કર્યું હતું કે જેને લીધે વ્યક્તિ સંઘના રૂપમાં એકત્ર બનીને અહિંસા તેમ જ ધર્મની ઉપાસના કરી શકે. એ જમાનાની પરિસ્થિતિ કે જ્યારે, ધર્મ કેવળ વ્યક્તિગત સાધનાની વસ્તુ બની ગયો હતો ત્યારે, તેમણે ધર્મને જે સાંઘિક રૂપ આપ્યું તે એક ઘણી મોટી બાબત હતી. વ્યક્તિ એકલી જ નહિ, પણ કેટલીએક વ્યક્તિઓનો સમૂહ એકત્ર મળીને ધર્મની સાધના કરે એ સાંઘિક સાધનાનું સ્વરૂપ બન્યું.

આમ છતાં પણ અહિંસાનો વિકાસ નિત્ય-નિરન્તર થતો રહેવો જોઇએ. મહાવીર કે બુદ્ધની અહિંસા માત્ર સંઘમાં બંધાઇ ગઇ, એટલે કે, અહિંસાનો વિકાસ સંઘની મર્યાદામાં રોકાઇ ગયો. તેનો પ્રવાહ સામાજિક સ્વરૂપ ધારણ કરી ન શક્યો. અનિવાર્ય હિંસાના નામ ઉપર સમાજને હિંસાની છૂટ આપવામાં આવી, અને પૂર્ણ અહિંસાનું પાલન કરવાવાળા ભિક્ષુઓનો સંઘ સમાજથી અલગ બની ગયો. આ ભિક્ષુઓ સ્વયં હિંસા નથી કરતા, પણ સમાજ જે હિંસા કરે છે તેનો ઉપયોગ પોતા માટે તેઓ જરૂર કરી લે છે. ખેતી કરવી હિંસા છે, અને ભોજન પકાવવું એ પણ હિંસા છે. આ કારણે ભિક્ષુ-સમાજ અનાજનું ઉત્પાદન નહિ કરે અને ભોજન માટેની રસોઇ પણ નહિ કરે. પણ જે ગૃહસ્થ-સમાજ છે તેમની ઉપર એ જવાબદારી નાંખવામાં આવી છે કે બરોબર ૧૨ વાગ્યે ભિક્ષુઓના ભોજનની વ્યવસ્થા થઇ જાય. આ કેવી વિડમ્બના છે? પોતે હિંસા કરવી નહિ, પણ હિંસાના પરિણામોનો ઉપભોગ કરવો, અને એમ છતાં પણ પૂર્ણ અહિંસક હોવાનો દાવો કરવો-આ ચિન્તનની અસમતા નહિ તો બીજું શું છે? ધર્મ સમાજની સમસ્યાઓ સામે પરાઙમુખ બની બેઠો. તેણે તો વ્યક્તિને કેવળ નિર્વાણ યા મોક્ષનો રસ્તો જ દેખાડ્યો, જીવની આધારશિલા અર્થ તથા કામ ઉપર ટકી રહેલી છે. પણ ધર્મે તો આ બે વિષયો પરત્વે કેવળ મૌન ધારણ કર્યું.

જીવનની સમસ્યા-ચુનૌતી-મોક્ષ યા તો નિર્વાણ નથી, ઉલટું જીવનની સમસ્યા-ચુનૌતી-અર્થ તથા કામ છે. આદમી મોક્ષ વિના રહી શકે છે, જીવી શકે છે, પણ રોટી વિના, કપડાં વિના, આવાસ વિના જીવી શકતો નથી. આ સંબંધમાં ધર્મ જ્યારે ચૂપ બની બેઠો ત્યારે મોક્ષ અને સંસારની વચમાં એક અભેદ્ય દીવાલ ઊભી થઇ ગઇ. આદમી મંદિરમાં જઇને પૂજા તથા આરતી કરીને ભિક્ષુઓને નમસ્કાર કરીને, તેમને ભિક્ષા આપીને એમ માનવા લાગ્યો કે પોતે નિર્વાણનો અધિકારી બની ગયો છે, પરંતુ દુકાનમાં બેસીને તેને જૂઠું બોલવું છે, ચોરી કરવી છે, કોઇ પણ ઉપાય વડે પોતા માટે દ્રવ્યોપાર્જન કરવું છે; કારણ કે અહિંસાત્મક પદ્ધતિથી દ્રવ્યોપાર્જન કેમ થાય. કામ-તૃપ્તિ કેવી રીતે થાય-આ બાબતો ધર્મ દેખાડતો નથી. ઉલટું બને છે એમ કે ધર્મનો ઉપદેશક દુકાન ઉપર ચાલી રહેલા કામની નિંદા કરે છે અને કહે છે કે આમ બધું પાપજનક છે, અમે આ કામો નહિ કરીએ. લગભગ આ જ પ્રમાણે, જેમકે બે જણા ભાઇ ભાઇ હોય, એક ભાઇ દુકાન ઉપર બેસતો હોય અને બીજો ભાઇ ઘરમાં રહેતો હોય, બીજો ભાઇ પહેલા ભાઇને કહે કે તું દુકાનમાં બેસે છે, ત્યાં અસત્યનો વ્યવહાર કરે છે, આ પાપ છે, હું એ પાપ નહિ કરું. પણ દુકાનની કમાણી ઘરમાં આવતાવેંત તે તેનો ઉપભોગ શરૂ કરી દે છે. આ જ હાલત ભિક્ષુ-સંઘ અને સમાજની છે. ભિક્ષુઓની ભરણપોષણની પૂરી જવાબદારી સમાજ ઉપર છે. અર્થોત્પાદનના વિષયમાં ભિક્ષુ ચૂપ છે.

હિન્દુધર્મમાં ચાર આશ્રમ રજૂ કરવામાં આવ્યા છે. બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ તથા સંન્યાસ. આમાં કેવળ એક ગૃહસ્થ આશ્રમ એવો છે કે જે ઉત્પાદન કરે છે. બાકીના ત્રણ આશ્રમવાળા ઉત્પાદનકાર્યમાં જરા પણ હિસ્સો લેતા નથી, કેવળ ઉપભોગ કરે છે. હવે વિચારવાની વાત એ છે કે જો એક આદમીને ચાર આદમી માટે પેદા કરવુ પડે તો તેને કેટલી બધી મુસીબત વેઠવી પડે? આજના મઠો અને મંદિરો આ વિષયનું અનુસંધાન કરવાની પ્રયોગશાળા બને એમાં શું નવાઇ? આજે મઠો યા મંદિરોમાં રહેવાવાળા ભિક્ષુઓ ન તો માનવ છે, ન તો જાનવર છે. તેઓ કોણ છે તે હું નથી કહી શકતો. કારણ કે માનવી સામાજિક પ્રાણી હોય છે, પરંતુ આ સાધુઓને સમાજની દિન-પર-દિનની સમસ્યાઓ સાથે કોઇ સંબંધ હોતો નથી.

આપણે એ કબુલ કરવું જોઇએ કે આ સમસ્યાનો ઉકેલ ધર્મે આજ સુધી આપ્યો નથી. આજે મહાવીર જયન્તીના અવસર ઉપર આપણે સંકલ્પ કરવો જોઇએ કે અહિંસા અને ધર્મનો સામાજિક તેમ જ રાજનૈતિક ક્ષેત્રમાં આપણે પ્રયોગ કરીએ અને એ બાબતની શોધ કરીએ કે અહિંસક ઉપાયો વડે શાસન ચલાવવું સંભવિત છે કે નહિ તથા અહિંસાત્મક ઉપાયો વડે અર્થોત્પાદન શક્ય છે કે નહિ? અનિવાર્ય હિંસાના નામ ઉપર આ પ્રશ્ન ઉપરથી મોં ફેરવી લેવું એ કાં તો એક પ્રકારનું પલાયન-escape-છે અથવા તો અસફલતા છે. જે વ્યક્તિ સામાજિક કાર્યોથી અથવા તો રાજનૈતિક કાર્યોથી ધર્મને અલગ લેખે છે તથા ધર્મના રસ્તાને યા તો નિર્વાણના રસ્તાને સમાજ આ સંસારના રસ્તાથી ભિન્ન માને છે તે વ્યકિત યા તો ધર્મને સમજતો નથી અથવા તો તેનો ધર્મ અત્યન્ત જરીપુરાણો આજના સમય સાથે બીલકુલ નહિ બંધબેસતો બની ગયો છે. આપણે એવા ધર્મનું અનુસંધાન કરવું છે કે જે રાજનૈતિક, સામાજિક તેમ જ આર્થિક સમસ્યાઓનો ઉકેલ દેખાડી શકે.

મહાવીર સ્વામી જેવા ક્રાન્તિકારી પુરુષના જન્મદિનના અવસર ઉપર જો આપણે આ પ્રકારનો સંકલ્પ કરીએ અને મહાવીરે જે કામનો પ્રારંભ કર્યો તે કામને વિશ્વવ્યાપક બનાવવાના કાર્યનો આરંભ કરીએ તો તેમની જયન્તી અંગેનું આજનું ઉદ્યાપન વાસ્તવમાં સફળ થયું લેખાશે.

મહાવીરે તથા બુદ્ધે જે કામનો આરંભ કર્યો હતો તે કામને મહાત્મા ગાંધીએ આગળ વધાર્યું. બુદ્ધ અને મહાવીરે સમાજમાં એક એવું વાતાવરણ પેદા કર્યું કે જેના પરિણામે અહિંસાની સાધના અમુક વ્યક્તિ સાથે મળીને કરી શકે એ શક્ય બન્યું. ગાંધીજીએ એ સૂત્રને વ્યાપક બનાવીને કહ્યું કે અહિંસાની સાધના આખું વિશ્વ કરી શકે છે અને અહિંસાના માધ્યમ દ્વારા આખું વિશ્વ બદલી શકાય છે. ધર્મે-પછી બૌદ્ધ, વૈષ્ણવ, જૈન, ઇસાઇ અથવા તો બીજા કોઇ નામથી તેને ઓળખાવવામાં આવે-આ ક્રાન્તિકારી ખ્યાલ અપનાવવો પડશે. જો તે ક્રાન્તિકારી નહિ બને તો તેણે પોતે ખલાસ થવું પડશે; કારણ કે વિજ્ઞાને અહિંસાને અનિવાર્ય બનાવી દીધી છે. જો સમગ્ર સંસાર અહિંસાના માર્ગ ઉપર નહિ ચાલે તો તેણે સર્વનાશના માર્ગે જ આગળ વધવાનું રહેશે. આમ હોવાથી જે કામ ધર્મ કરી નહિ શક્યું તે વિજ્ઞાન કરશે. તો પછી ધર્મે પોતાનું સ્વરૂપ શા માટે ક્રાન્તિકારી બનાવવું નહિ?

વિજ્ઞાન આજ સમગ્ર સંસારને જોડી રહ્યું છે, પરંતુ ધર્મ સમગ્ર સંસારને તોડવાનું કામ કરી રહ્યું છે. અમેરિકા અને ભારતના આદમીને વિજ્ઞાને નજીક લાવી મૂક્યા છે, પરંતુ પાસે પાસે બેઠેલા હિંદુ અને મુસલમાન એકમેકથી બહુ દૂર છે. આ રીતે ભેદભાવ ઉપર આધારિત ધર્મનું ભવિષ્ય ઉજ્જ્વલ નથી. આ કડવું સત્ય આપણે જેટલું જલ્દી સમજી શકીશું એટલો આપણને અધિક લાભ થશે.

શંકરરાવ દેવ.

સાણંદનો શુદ્ધિપ્રયોગ

પૂર્વભૂમિકા

(તા. ૧૫-૬-૬૦ના વિશ્વવાત્સલ્યમાં 'સાણંદ શુદ્ધિપ્રયોગની સંપૂર્ણ સફળતા' એ મથાળા નીચે મુનિ સન્તબાલજીનો એક લેખ પ્રગટ કરવામાં આવ્યો છે. આ શુદ્ધિપ્રયોગ તા. ૫-૧૨-૫૯ ના રોજ શરૂ કરવામાં આવેલો, તેના અનુસંધાનમાં તા. ૨૫-૫-૬૦ ના રોજ આ શુદ્ધિપ્રયોગ અંગે શ્રી છોટુભાઇ આભરણાંત શર્તી ઉપવાસ ઉપર ગયેલા અને તા. ૧-૬-૬૦ ના રોજ સાંજના સમયે આ અનશનના પારણા સાથે પ્રસ્તુત શુદ્ધિપ્રયોગનો અન્ત આવેલો. આ શુદ્ધિપ્રયોગને મુનિ સન્તબાલજી સંપૂર્ણ રીતે સફળ થયાનું જણાવે છે. આ શુદ્ધિપ્રયોગનું આખું પ્રકરણ એક પ્રકારનું સામાજિક મહત્વ ધરાવે છે અને છ મહિનાના લાંબા ગાળા દરમિયાન તેણે અમદાવાદ-સાણંદ આસપાસ વિવિધ પ્રકારના આઘાત પ્રત્યાઘાત જન્માવ્યા છે. મુંબઇ બાજુએ વસતા લોકોને આ બાબતનો બહુ ઓછો ખ્યાલ રહ્યો છે. જે બનાવોમાંથી આ શુદ્ધિપ્રયોગનો ઉદ્ભવ થયો તેની વિગતો બહુ જ અટપટી છે. આમ છતાં પણ ઠીક ઠીક મહેનત કરીને આને લગતી વિગતો તારવી છે, સાંકળી છે અને એ રીતે પ્રબુદ્ધ જીવનના વાચકો સમજી શકે તેવા સરળ રૂપમાં રજૂ કરવાનો પ્રયત્ન કર્યો છે. આટલી ભૂમિકા બાદ પ્રસ્તુત શુદ્ધિપ્રયોગ સાથે સંબંધ ધરાવતી અગત્યની હકીકતો નીચે આપવામાં આવે છે. આ હકીકતોને પરસ્પરના સંદર્ભમાં સમજવા માટે તેને લગતી જે જે તારીખો આપવામાં આવી છે તેનો ક્રમ બરોબર ધ્યાનમાં રાખવો જરૂરી છે. **પરમાનંદ**)

ભાલ નળકાંઠામાં સમાજસેવાની કેટલીક પ્રયોગપ્રવૃત્તિઓ ભાલ નળકાંઠા પ્રાયોગિક સંઘના સંચાલન તળે કેટલાંક વર્ષોથી ચાલી રહી છે. તેમાંની એક પ્રવૃત્તિ ઋષિ બાળમંદિર સાણંદમાં ૧૯૪૭ થી ચાલે છે. આ પ્રવૃત્તિ સ્થિર થયા બાદ પાકા મકાનની જરૂર જણાતાં પ્રાયોગિક સંઘે ઠરાવ કરી રૂ. ૨૨,૦૦૦ અંકે બાવીશ હજારનું મકાન બાંધવાનું નકકી કર્યું, એમાં પચાસ ટકા બહારથી મેળવવા, રૂા. ૬,૦૦૦ સંઘે આ કાર્ય માટે આપવા અને રૂ. ૫,૦૦૦ નો સાણંદમાં ફાળો કરવો એમ ઠરાવવામાં આવ્યું. રૂા. ૫,૦૦૦ નો ફાળો એકઠો કરવાની જવાબદારી ઋષિ બાળમંદિરનાં તે વખતનાં સંચાલિકા બહેન શ્રી મણિબહેન મગનલાલ પટેલને સોંપવામાં આવી હતી. આના પરિણામે ઋષિ બાળમંદિરના ફાળા નિમિત્તે ૧૯૫૮ ના નવેંબર માસમાં બે સાંસ્કૃતિક કાર્યક્રમ ગોઠવવામાં આવ્યા હતા અને તે માટે ભરાઇ થાય તે અંગે પહોંચો આપવા માટે મણિબહેન તરફથી સાણંદના સામાજિક કાર્યકરોને 'ભાલ નળકાંઠા પ્રાયોગિક સંઘ સંચાલિત ઋષિ બાળમંદિર' ની પહોંચબૂકો આપવામાં આવી હતી. સમયાન્તરે સંઘના હિસાબનીશને સંઘના ચોપડા તપાસતાં માલુમ પડયું કે ઉપરોક્ત સાંસ્કૃતિક કાર્યક્રમોને લગતી કોઇ આવક સંઘના ચોપડે જમે કરવામાં આવી નથી તેમ જ સંઘની ઉપર જણાવ્યા મુજબ અપાયેલી પહોંચબૂકો પણ પાછી આવી નથી. આ બાબતની તા. ૯-૪-૫૯ ના રોજ સંઘના હિસાબનીશે સંઘના મંત્રીને જાણ કરી અને સંઘના મંત્રીએ આ સંબંધમાં તપાસ હાથ ધરી અને મણિબહેનને આ વિષે પૂછાવવામાં આવ્યું.

આને લગતી વિગતોમાં આપણે આગળ વધીએ તે પહેલાં તા. ૨૦-૩-૫૯ ના રોજ એક ઘટના બનેલી તેનો ઉલ્લેખ કરવાની જરૂર છે અને તે પહેલાં આ શુદ્ધિપ્રયોગ જે બહેનને અનુલક્ષીને આદરવામાં આવેલો તે શ્રી મણિબહેન મગનલાલ પટેલ વિષે થોડી માહિતી વાંચકોને હોવી જરૂરી છે. આ વિધવા બહેન ભાલનલકાંઠા પ્રાયોગિક સંઘના સભ્ય છે અને સાણંદના એક જૂના જાણીતા કાર્યકર છે. ભાલનળકાંઠા પ્રાયોગિક સંઘના પ્રેરક અને માર્ગદર્શક મુનિ શ્રી સન્તબાલજીના સંપર્કમાં રહીને આ બહેન વર્ષોથી પ્રસ્તુત ક્ષેત્રમાં કામ કરી રહ્યાં છે, પણ કમનસીબે તેઓ એક યા બીજા કારણે કેટલાક સમયથી મહારાજશ્રી સાથે નાની મોટી અથડામણમાં આવતા રહ્યા છે. તેમની મહારાજશ્રી સાથેની છેલ્લી મોટી અથડામણ ૧૯૫૮ ની સાલમાં ઊભી થયેલી. એ પ્રસંગ અમદાવાદ જિલ્લા કો-ઑપરેટીવ બેંકના બોર્ડ ઑફ ડિરેકટર્સની ચૂંટણીને લગતો હતો. આ ચૂંટણી અર્બન વિભાગની હતી. તેમાં એક ઉમેદવાર તરીકે અમદાવાદના વકીલ શ્રી બંકુભાઇ ઊભા રહ્યા હતા. તેમની સામે શ્રી મણિબહેને ઉમેદવારીનું ફૉર્મ ભર્યું અને તેમને કૉંગ્રેસનો સારો ટેકો હતો. ત્રીજું ફૉર્મ શ્રી જયન્તીભાઇએ ભરેલું. આ જયન્તીભાઇ પ્રાયોગિક સંઘના જો કે સભ્ય નહોતા તો પણ તેમને ભાલનલકાંઠા મંડળનો અને પ્રાયોગિક સંઘનો ટેકો હતો. પ્રાયોગિક સંઘ જે ઉમેદવારને ટેકો આપે તેની સામે મણિબહેને આ રીતે ઊભાં રહેવું ન જોઇએ એવો મુનિશ્રી સન્તબાલજીનો અને પ્રાયોગિક સંઘનો મક્કમ અભિપ્રાય હતો અને મણિબહેન પોતાની ઉમેદવારી પાછી ખેંચી લે એમ તેઓ આગ્રહપૂર્વક ઇચ્છતા હતા. બીજી બાજુએ મણિબહેનના મત પ્રમાણે પ્રાયોગિક સંઘના બંધારણમાં આવું કોઇ બંધન કે મર્યાદા નહિ હોઇને તેઓ આવી ઉમેદવારી કરવાને સ્વતંત્ર હતાં. આમ સમજીને તેઓ પોતાની ઉમેદવારીને મક્કમપણે વળગી રહ્યા અને ચૂંટણીમાં અન્ય બે ઉમેદવારો સામે તેઓ ફત્તેહમંદ નીવડયા. આથી મુનિશ્રી સન્તબાલજીને સખ્ત આઘાત લાગ્યો; પ્રાયોગિક સંઘના વર્તુલમાં સ્વાભાવિક રીતે મણિબહેન સામે ખૂબ અસંતોષ ફેલાયો; અને મણિબહેને આ એક મોટો શિસ્તભંગ કર્યો છે, સૈદ્ધાન્તિક ભૂલ કરી છે અને તેથી તેમની દેખરેખ નીચે ચાલતી ઋષિ બાલમંદિરની પ્રવૃત્તિ બંધ કરવી એ પ્રકારનો તા. ૨૦-૩-૫૯ ના રોજ પ્રાયોગિક સંઘે ઠરાવ કર્યો. આ ઠરાવે મણિબહેનના દિલમાં પ્રતિકૂળ વિરોધી વલણ પેદા કર્યું અને પરિણામે ઉપર જણાવેલ સાંસ્કૃતિક કાર્યક્રમની આવક સંબંધે સંઘના મંત્રી શ્રી બંધુભાઇ તરફથી તા. ૧૬-૪-૫૯ના રોજ પૂછાવટ થતાં સંઘના ચોપડે એ રકમ જમા નહિ થાય એવો મણિબહેને તેમને જવાબ આપેલો. (આ આવક રૂા. ૫,૦૦૦ આસપાસ હોવી જોઇએ એવું એ વખતે અનુમાન કરવામાં આવેલું, પણ પાછળથી કેટલાક સમય બાદ સાણંદ બાળ કેળવણી મંડળ તરફથી તા. ૧૩-૧૦-૫૯ના રોજ બહાર પાડવામાં આવેલ પત્રિકા ઉપરથી માલુમ પડે છે કે આ ફાળામાં કુલ રૂા. ૩,૯૮૦ની રકમ ભરાઇ હતી.) મણિબહેનનું આ વલણ કોઇ પણ રીતે વ્યાજબી ન જ ગણાય. સંઘની પહોંચબૂક ઉપર ઉઘરાવવામાં આવેલો ફાળો સંઘને ચોપડે જમે થવો જ જોઇએ અને રકમ સાથે તેની પાવતીઓ પણ સંઘને સુપ્રત થવી જ જોઇએ. આ અંગે સંઘના મંત્રી અને મણિબહેન વચ્ચે લખાપટ્ટી શરૂ થઇ અને એમ છતાં આ તકરારનો ઉકેલ આવી ન શકયો.

આ જ અરસામાં મણિબહેનની-નામા અને હિસાબને લગતી-બીજી એક ક્ષતિ તરફ સંઘના કાર્યવાહકોનું ધ્યાન ખેંચાયું. ગાંધી સ્મારક નિધિ તરફથી ઋષિ બાળમંદિરના ફિડાંગણના સાધનો ખરીદવા માટે તા. ૨૫-૯-૫૮ના રોજ રૂા. ૫૯૯·૫૦ અને તા. ૨૩-૪-૫૯ના રોજ રૂા. ૧૫૦·૫૦ એમ કુલ રૂા. ૭૫૦ મળેલી અને તે મુજબ જમે કરવામાં આવેલી. આવી જ રીતે

તા. ૨૫–૯–૫૮ના રોજ એક દાતા તરફથી બાળ ક્રિડાંગણના સાધનો ખરીદવા માટે રૂા. ૫૦૧ અને એ જ તા. ૨૫–૯–૫૮ના રોજ અન્ય દાતા તરફથી એ જ હેતુ માટે રૂા. ૩૫૦ની રકમ મળેલી. અને એ રકમ પણ એ જ રીતે ઋષિ બાળમંદિરના ચોપડે જમે કરવામાં આવેલી. આમાંની ગાંધી સ્મારક નીધિ તરફની રકમ રૂા. ૫૬૯.૫૦ તથા બે દાતા તરફની બે રકમ ૫૦૧ તથા ૩૫૦ એટલે કુલ રકમ ૧,૪૫૦.૫૦ તા. ૩૧–૩–૫૯ પહેલાં મળી હતી અને ગાંધી સ્મારક નીધિની રૂા. ૧૫૦ની રકમ તા. ૩૧–૩–૫૯ પછી મળી હતી.

હવે તા. ૭–૬–૫૯ના રોજ જ્યારે ઋષિ બાલમંદિરનો મણિબહેન પાસેથી ચાર્જ સંભાળી લેવામાં આવ્યો ત્યાર પછી સંસ્થાનો રોજમેળ જોતાં માલુમ પડયું કે (૧) ઉપર જણાવી તેમાંની પહેલી રકમ રૂા. ૧,૪૫૦–૫૦ ઋષિબાલમંદિર ખાતે ઉધરાવીને સાણંદની સંસ્કાર કેન્દ્ર નામની અન્ય એક સંસ્થા જેમાં પ્રાયોગિક સંઘ સાથે પોતાનું મન ઊંચું થયા બાદ મણિબહેન વિશેષ રસ લઇ રહ્યા હતા તે ખાતે, સંસ્થાના હિસાબનીશ જ્યારે હિસાબ તપાસવા આવેલા ત્યારે તેમની પાસે, જમે કરાવવામાં આવી હતી. આ બાબતનો ખુલાસો પૂછતાં મણિબહેને હિસાબનીશને એમ જણાવ્યાનું માલુમ પડયું કે એ રકમ તેમને સંસ્કાર કેન્દ્ર માટે જ મળી હતી. (૨) તા. ૨૩–૪–૫૯ના રોજ ઉપર જણાવ્યા મુજબ જમે કરવામાં આવેલી રૂા. ૧૫૦.૫૦ ની રકમ તે નીચેની વિગતો છેકીને સંસ્કાર કેન્દ્ર ખાતે જમે બતાવવામાં આવી હતી. આ બાબતમાં પણ મણિબહેને ઉપર મુજબનો ખુલાસો હિસાબનીશ સમક્ષ કરેલો માલુમ પડયો. આ સંબંધમાં મણિબહેને જે ખુલાસો કર્યો તે, તેને લગતી વિશેષ તપાસ કરવામાં ન આવે ત્યાં સુધી, તદ્દન ખોટો છે એમ કદાચ કહી ન શકાય, પણ સંસ્થાના ચોપડામાં આ હવાલો અને તે આવકના આધારે ખરીદવામાં આવેલ અને પાછળથી સંસ્કાર કેન્દ્રને પહોંચતાં કરવામાં આવેલ રમત ગમતનાં સાધનો અંગે થયેલા રૂા. ૧૭૬૬ ૦૧ના ખર્ચનો પણ એ મુજબનો જ જમે ઉધારનો હવાલો અને ઉપર જણાવી તેની સમજણપૂર્વકની ચોરચૂક આ બધું જે ઋષિ બાલમન્દિરનું હતું તે સંસ્કાર કેન્દ્રને પહોંચતું કરવાના ઇરાદાથી જ કરવામાં આવ્યું હોય એવું અનુમાન પ્રથમ દર્શને કોઇને પણ થયા વિના ન રહે.

ઉપર જણાવેલ સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા એકઠી થયેલી રકમનું શું થયું એ પ્રશ્ન અહીં સહજ રીતે ઉપસ્થિત થાય છે. આ સંબંધમાં વિગતો તપાસતાં માલુમ પડે છે કે આ રકમ ખવાઇ કે ચવાઇ ગઇ નથી, પણ સુરક્ષિત છે. મણિબહેનના કહેવા પ્રમાણે તે રકમ અથવા તેનો કોઇ પણ હિસ્સો તેમના પોતાના હાથમાં કદિ આવ્યો નહોતો. એ સંબંધમાં વિશેષ એમ પણ માલુમ પડે છે કે જ્યારે પ્રાયોગિક સંઘે તા. ૨૦–૩–૬૦ ના ઠરાવથી મણિબહેનને સંઘ:હસ્તક ચાલતી બાલપ્રવૃત્તિથી છૂટા કર્યા ત્યારે સાણંદના નાગરિકોએ આ રકમ પ્રાયોગિક સંઘને અપાતી અટકાવવાનું નક્કી કર્યું હતું અને ત્યાર બાદ ઊભું કરવામાં આવેલ સાણંદ બાલકેળવણી મંડળ હસ્તક ચાલતી બાલપ્રવૃત્તિના મકાન માટે આ રકમ અલગ રાખવાનું નક્કી કરવામાં આવ્યું હતું. એમાં કોઇ સંદેહ નથી કે આ રકમ પ્રાયોગિક સંઘની પહોંચ-બૂક દ્વારા ઉધરાવાયેલી હોઇને તે સંઘને સુપ્રત થવી જોઇતી હતી, અને તે એ પ્રમાણે સુપ્રત નથી થઇ તે યોગ્ય નથી થયું અને આવી અનુચિત પરિસ્થિતિ ઊભી કરવામાં મણિબહેન નિમિત્ત-ભૂત બન્યાં હોય એ પૂરેપૂરું સંભવિત છે.

મણિબહેનના હાથે એક બીજું પણ અઘટિત કાર્ય થયું હોવાનું માલુમ પડે છે. ઋષિ બાલમંદિરના મકાન માટે રૂા. ૧૦,૫૫૦ ની રકમ ગાંધી સ્મારક નિધિએ મંજૂર કરેલી તેના પહેલા હપ્તાના રૂા. ૫,૦૦૦ ઇ. સ. ૧૯૫૯ ના જાન્યુઆરી માસની આખર તારીખમાં ઋષિ બાલમંદિરને મળેલા. આ રકમનો ઉપયોગ ચાલુ હિસાબી વર્ષ દરમિયાન એટલે કે ગયા એપ્રિલથી ચાલુ માર્ચ સુધીમાં થઇ શકે એમ નથી એમ જણાવીને એ રકમનો ચેક તા. ૨૭–૩–૬૦ના રોજ લખાયેલા પત્ર સાથે મણિબહેને મોકલી આપ્યો. આવી રીતે ઋષિ બાળ-મંદિરના મકાન માટે મળેલી મદદ જેને હિસાબી વર્ષના પૂરા થવા સાથે કોઇ સંબંધ જ નહોતો તે પાછી મોકલવાનો શ્રી મણિબહેનને કશો અધિકાર જ નહોતો. તેમને સંઘની આ બાલ-પ્રવૃત્તિથી તા. ૨૦–૩–૫૯ના રોજ છૂટા કરવામાં આવ્યા તે અંગેના રોષ અને વિરોધ ભાવથી આવું કરવાને મણિબહેન પ્રેરાયા હોય એમ લાગે છે. આ બાબતની સંઘના હિસાબનીશ દ્વારા સમયાન્તરે સંઘના મંત્રીને જાણ થતા તા. ૪–૫–૫૯ના પત્રથી મણિબહેનને જણાવવામાં આવ્યું કે હવે પછીથી ઋષિ બાળ-મંદિર સાણંદના નામથી કોઇ પણ જાતના કામગીરી, પત્રવહેવાર કે કાર્યવાહી સંઘની મંજૂરી સિવાય તેમણે કરવી નહિ.

સ્વાભાવિક રીતે ઉપર જણાવેલી બાબતો સંબંધે પ્રાયોગિક સંઘ તરફથી મણિબહેન પાસે ખુલાસા માગવામાં આવ્યા; તેમની સાથે વાટાઘાટો ચલાવવામાં આવી; ગાંધી સ્મારક નિધિના ગુજરાત વિભાગના સંચાલક શ્રી પરીક્ષિતલાલ લ. મજમુદારે વચ્ચે પડીને આ ઝઘડાનો નિકાલ લાવવા પ્રયાસ કર્યો; પણ તેનો કોઇ ઉકેલ આવી ન શક્યો. અલબત્ત ઉપર જણાવેલ સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રસંગે એકત્ર કરવામાં આવેલ ફાળા અંગે તેમણે આગળ જતાં તા. ૧૦–૯–૫૯ના તેમના એક પત્રમાં મણિબહેને સ્પષ્ટ કબુલ કર્યું છે કે "ફાળાની રકમ જ્યારે પણ મારી પાસે આવે ત્યારે તે રકમને મારે બાલમંદિરના ચોપડે લેવડાવવી જોઇએ એ હું સમજું છું, પણ જ્યાં સુધી રકમ જ મારી પાસે આવે નહિ ત્યાં સુધી તેમાં હું કશું કરી શકતી નથી."

આમ પત્રવ્યવહાર અને વાટાઘાટથી તેમ જ કોઇની દરમિયાનગીરી દ્વારા આ ઝઘડાનો નિકાલ આવવાની શક્યતા નહિ દેખાતાં મણિબહેન સામે તા. ૫–૧૨–૫૯થી શુદ્ધિપ્રયોગ શરૂ કરવાનો ઠરાવ મુંબઇ ખાતે મુનિ સન્તબાલજીની હાજરીમાં તા. ૧૩–૯–૫૯ના રોજ મળેલી ભાલનળકાંઠા પ્રાયોગિક સંઘની સભાએ ઠરાવ કર્યો અને એ રીતે તા. ૫–૧૨–૫૯ના રોજ સાણંદ ખાતે શ્રી. મણિબહેન સામેનો શુદ્ધિપ્રયોગનો પ્રારંભ થયો. આ શુદ્ધિપ્રયોગની વિગતો અને પરિણામની આલોચના આપણે હવે પછીના અંકમાં કરીશું.

અપૂર્ણ

પરમાનંદ

વિષયસૂચિ

		પૃષ્ઠ
ધર્મની બે જૂની વ્યાખ્યાઓ ...	દલસુખ માલવણિયા	... ૫૧
ભગવાન મહાવીરનું કાર્ય	... શંકરરાવ દેવ	... ૫૨
સાણંદનો શુદ્ધિપ્રયોગ	... પરમાનંદ	... ૫૪
પ્રકીર્ણ નોંધ : સ્વ. પ્રોફેસર ગાંધી : એક પરિચય, મુંબઇ પ્રદેશ ભારત સેવક સમાજ સંચાલિત 'આનંદ કેન્દ્ર', નર્યા પાગલપણાનો તમાસો; અપ્રતિકારનું અનુપમ દૃષ્ટાન્ત: એક સત્ય ઘટના, ભારત અને વિશ્વનું અદ્યતન રાજકારણ...	પરમાનંદ	... ૫૬

પ્રકીર્ણ નોંધ

સ્વ. પ્રોફેસર ગાંધી: એક પરિચય

પ્રોફેસર નાગરદાસ પુરુષોત્તમ ગાંધી અઢી ત્રણ વર્ષની લાંબી માંદગી ભોગવીને દેવલાલી ખાતેના પોતાના મુકામે જૂન માસની ૨૬મી તારીખે ૭૩ વર્ષની ઉમ્મરે અવસાન પામતાં ગુજરાતના એક માનવરત્નની ઉજ્જવળ કારકિર્દીનો અન્ત આવ્યો છે. જીવનમાં ઘણાં વર્ષ બનારસ હિન્દુ યુનિવર્સિટીમાં તેમણે પસાર કરેલાં હોઇને, તેઓ ગુજરાતી હોવા છતાં, આપણી બાજુના લોકો તેમના વિષે બહુ ઓછું જાણે છે અને તેથી પ્રબુદ્ધ જીવનના વાચકોને તેમનો પરિચય આપવા ચિત્ત સવિશેષ આકર્ષણ અનુભવે છે.

તેઓ ધર્મે જૈન; મૂળ લીંબડીના વતની; તેમનો જન્મ ૧૮૮૬ના ડીસેમ્બર માસમાં થયો હતો. જુનાગઢની બાઉદ્દીન કૉલેજમાં ભણીને તેઓ બી. એ. થયા હતા. ત્યાર બાદ મુંબઇની વિલ્સન કૉલેજમાં દાખલ થયા અને એમ. એ. તથા બી. એસસી.ની પરીક્ષાઓ બોંબે યુનિવર્સિટીમાં તેમણે પહેલા નંબરે પસાર કરી. ત્યાર બાદ અમુક શિષ્યવૃત્તિઓ તથા ઉદાર દાતાઓ તરફથી જરૂરી આર્થિક મદદ મેળવીને તેઓ ૧૯૧૧માં ઇંગ્લાંડ ગયા અને લંડન રૉયલ સ્કૂલ ઑફ માઇન્સમાં જોડાયા અને ત્રણ વર્ષના અભ્યાસ બાદ મેટલર્જી–ધાતુશાસ્ત્ર–ના વિષયની પરીક્ષામાં પ્રથમ વર્ગ મેળવીને ઉત્તીર્ણ થયા. એ દિવસોમાં પહેલા વિશ્વયુદ્ધની શરૂઆત થઇ ચુકી હતી. એમ છતાં લંડનમાં એક વર્ષ વધારે રોકાઇને તેમણે ઇમ્પીરિયલ કૉલેજ ઑફ સાયન્સનો ડીપ્લોમા (D. I. C.) પ્રાપ્ત કર્યો. ૧૯૧૫માં તેઓ પરદેશથી પાછા ફર્યા અને બર્મામાં આવેલ ટેવૅય ખાતે લડાઇનાં શસ્ત્રો તૈયાર કરવા માટે ટંગસ્ટન નામની ધાતુની જરૂર પડે છે અને તે વૉલફ્રામ નામના ખનિજમાંથી નીકળે છે તે વૉલફ્રામની ખાણને લગતું કામ તાતાવાળાએ ઉપાડેલું. તે કામના જનરલ મેનેજર તરીકે પ્રો. ગાંધીની નિમણૂક થઇ અને તે કામ ઉપર તેઓ ચાર વર્ષ બર્મા ખાતે રહ્યા. વિશ્વયુદ્ધ બંધ થતાં તાતાવાળાએ પોતાનું કામ સંકેલી લીધું અને પ્રો. ગાંધી એ કામ ઉપરથી છૂટા થતાં ભારત ખાતે ૧૯૧૯ માં પાછાં ફર્યા અને થોડો સમય મુંબઇ આવીને રહ્યા. તેઓ એ દિવસોમાં મુંબઇના લેમર્નમ રોડ ઉપર આવેલા મણિભુવનમાં રહેતા હતા અને એ અરસામાં ગાંધીજી પણ દોઢ બે મહિના માટે મણિભુવનમાં આવીને રહેલા. આ અનુકૂળ સંયોગોએ તેમનો ગાંધીજી સાથે ભેટો કરાવ્યો. તત્કાળ પ્રો. ગાંધી કોઇ ખાસ કામ ઉપર રોકાયેલા નહોતા; અને મહાદેવભાઇ બે દિવસોમાં બીમાર પડેલા; એટલે પ્રો. ગાંધીએ એ દિવસોમાં મહાદેવભાઇની જગ્યા લીધેલી અને ગાંધીજીના મંત્રી તરીકેનું કામ બજાવી આપેલું. આ કારણે તેમ જ તેમના પોતાના વિષયની જાણકારી અંગે ગાંધીજીના મન ઉપર પ્રો. ગાંધી વિષે બહુ ઊંડી છાપ પડી અને તત્કાળ ફાલી ફુલી રહેલી બનારસ હિંદુ યુનિવર્સિટીમાં તેમને રોકી લેવા ગાંધીજી સ્વ. માલવીયાજીને ભલામણ કરી અને પરિણામે ૧૯૧૯ ની સાલ દરમિયાન જ તેઓ હિંદુ યુનિવર્સિટીમાં જોડાયા. એ દિવસોમાં સ્વ. આનંદશંકર બાપુભાઇ ધ્રુવ એ યુનિવર્સિટીના પ્રો.વાઇસચેન્સેલર હતા. જે વિષયોના પ્રો. ગાંધી નિષ્ણાત હતા–મેટલર્જી અને માઇનિંગ–તે વિષયો એ સમયમાં કોઇ પણ યુનિવર્સિટીમાં શિખવવામાં આવતા નહોતા. પ્રો. ગાંધીના જોડાવા બાદ તેમની ખાસ પ્રેરણાથી આ વિષયોનું શિક્ષણ હિંદુ યુનિવર્સિટીમાં દાખલ કરવાનું નક્કી કરવામાં આવ્યું અને તેને લગતી એક નવી કૉલેજ ઊભી કરવામાં આવી. આ કૉલેજ ઊભી કરવામાં અને તેને ગતિમાન કરવામાં પ્રો. ગાંધીએ અથાગ પરિશ્રમ લીધો હતો. એ વિષયોનું પ્રો. ગાંધી નીચે શિક્ષણ પામીને આજે અનેક વિદ્યાર્થીઓ જીવનમાં તરતા થયા છે અને દેશભરમાં સારા સ્થાન ઉપર ગોઠવાયા છે અને પ્રો. ગાંધીને આજે પણ ખૂબ સંભારે છે.

પ્રો. ગાંધીની કુશળતા વિજ્ઞાનની કેવળ એક શાખાને વરેલી નહોતી. તેમની પ્રજ્ઞા બહુલક્ષી હતી અને તેમનું જ્ઞાન વિજ્ઞાનની બીજી અનેક શાખાઓને સ્પર્શેલું હતું. તેમનો સ્વભાવ પણ ખૂબ મળતાવડો હતો અને વૈજ્ઞાનિક–અવૈજ્ઞાનિક અનેક બાબતોમાં તેમને ખૂબ રસ હતો. પરિણામે, તેમણે બનારસ હિન્દુ યુનિવર્સિટીની ૨૩ વર્ષ સુધી એક વિશિષ્ટ અધ્યાપક તરીકે સેવા બજાવી એ દરમિયાન, તેઓ એક વ્યક્તિ મટીને એક institution–સંસ્થા–સમાન બની ગયા હતા. તેમનું ઘર કાશી જતા આવતા ગુજરાતીઓનું એક સુપ્રદ્ધિ મિલનસ્થાન બન્યું હતું. ગાંધીજી સાથેનો તેમનો સંપર્ક ચાલુ રહ્યો હતો અને મહાદેવભાઇ, દેવદાસ ગાંધી વગેરે કાશી જતાં આવતાં તેમને ત્યાં જ ઊતરતા.



પ્રા. નાગરદાસ પી. ગાંધી

અધ્યાપન વ્યવસાયના ૨૩ વર્ષ દરમિયાન તેમણે યુરોપ, અમેરિકા તેમ જ જાપાનનો પણ પ્રવાસ કરેલો અને એ રીતે તેમના અનુભવ અને જ્ઞાનમાં સતત વૃદ્ધિ થતી રહેલી. વચગાળે ૧૯૩૭ માં પોતાના પુત્રોના કૉલેજ પછીના ઉચ્ચ અભ્યાસને અનુલક્ષીને, ચઢેલી બે વર્ષની રજા લઇને, તેઓ લંડનમાં ઘર માંડીને રહેલા અને પાછળથી તેમનાં પત્ની શ્રી શિવબહેને પુત્ર–પરિવાર સાથે એજ હેતુથી એક વર્ષ વધારે ઘર ચલાવેલું.

બનારસ હિન્દુ યુનિવર્સિટીની આ રીતે તેમણે ૨૩ વર્ષ સુધી અખંડ સેવા બજાવી અને ૧૯૪૨ માં તેઓ એ કામ ઉપરથી

નિવૃત્ત થઇને મુંબઇ આવીને વસ્યા. આમ નિવૃત્તિ લેવા છતાં પોતાના ધાતુશાસ્ત્રના વિષયમાં તેમનો રસ જરા પણ ઓછો થયો નહોતો. આ વિષયનો અભ્યાસ કરવા માટે તેઓ અનેક વિદ્યાર્થીઓને સતત પ્રેરણા આપતા રહ્યા હતા. મુંબઇ આવીને તેમણે બોમ્બે મેટલર્જીકલ સોસાયટીની સ્થાપના કરી હતી, અને આ સંસ્થાને ૭ વર્ષ સુધી તેમણે પ્રમુખ તરીકે સેવા આપી હતી. પોતાના વિષયને લગતા લેખો અને નિબંધો તેઓ ચાલુ તૈયાર કરતા રહ્યા હતા અને તેને લગતા સામયિકોમાં તે લેખો–નિબંધો પ્રગટ થતા રહ્યા હતા. ધાતુશાસ્ત્રના–મેટલર્જીના–વિષયની તેમણે કરેલી જીન્દગીભરની ઉપાસનાના પ્રતીક તરીકે અખિલ હિંદના ઇન્સ્ટિટ્યુટ ઓફ મેટલ્સ તરફથી અપાતો કોલ્હાર ગોલ્ડ મેડલ–સુવર્ણ ચંદ્રક–૧૯૫૭ માં સૌથી પહેલો પ્રો. ગાંધીને આપવામાં આવ્યો હતો.

મુંબઇમાં છએક વર્ષ રહ્યા બાદ ૧૯૪૮ લગભગમાં પ્રો. ગાંધી મુંબઇથી ૧૧૫ માઇલ દૂર આવેલા દેવલાલી ખાતે જઇને વસ્યા હતા. ત્યાં તેમણે પતરાંના એક મોટાં શેડવાળી જમીન ખરીદી અને પોતાનો વસવાટ શરૂ કર્યો. પોતાના સંશોધનકાર્ય અંગે એક સાધનસંપન્ન લેબોરેટરી–પ્રયોગશાળા–તેમણે ઊભી કરી અને મેટલર્જી, માઇનિંગ અને જ્યોલોજીના નિષ્ણાત તરીકે સલાહ આપવાનું કામ મુંબઇ આવીને તેમણે શરૂ કરેલું તે અહીં પણ ચાલુ રાખ્યું.

દેવલાલીની વસાહતને પણ તેમણે વિકસાવવા માંડી; એક પછી એક મકાનો બંધાતાં ગયાં; બે કૂવા ખોદાવ્યા અને તે ઉપર પવનચક્કી ગોઠવવામાં આવી; બાજુની જમીન ખરીદી અને તે ઉપર ખેતી શરૂ કરી, બગીચામાં શાકભાજી તો થતાં જ હતાં. પોલ્ટ્રી પણ ઊભું કર્યું હતું; ગાય બળદ પણ વસાવ્યાં હતાં. તેમના પુસ્તક સંગ્રહમાં પણ વધારો થતો રહ્યો હતો. મુંબઇ આવે જાય પણ રહેવાનું તો દેવલાલીમાં જ. એક યા બીજા કામમાં તેઓ દિવસ રાત સતત રોકાયેલા જ હોય. તેમનો એક પગ લેબોરેટરીમાં હોય તો બીજો પગ ખેતર બગીચામાં ઘૂમતો હોય. રાત્રીના લેબોરેટરીમાં કે લાઇબ્રેરીમાં મોડે સુધી તેઓ કામ કરતા. ઢગલાબંધ પત્રો પોતાના હાથે તેઓ લખતા યા ટાઇપ કરતા. તેમની પાસે અખૂટ માહિતીનો ભંડાર હતો. તેમને મળવું એટલે તેમણે બોલ્યા કરવાનું અને આપણે સાંભળ્યા કરવાનું. વાતો કરવાનો તેમને ખૂબ શોખ હતો. વળી વિજ્ઞાનના વિષયમાં આપણે કેવળ અનભિજ્ઞ હોઇને તેમની પાસેથી જાણવા સમજવાનું પણ ખૂબ મળતું. અધ્યાપન કાર્યથી તેઓ નિવૃત્ત થયા હોવા છતાં અધ્યાપક તરીકે તેઓ કદિ મટયા જ નહોતા.

વળી આપણો દેશ આઝાદ થયા બાદ ધરતીનાં પડો જ્યાં ત્યાં ઉખેડાવા માંડયાં છે અને તેની ભીતરમાં શું છે તે જાણવા તેમ જ મેળવવાની લોકતૃષ્ણા પણ ખૂબ વધેલી છે. આને લીધે તેમને જ્યાં ત્યાંથી આ બાબતમાં સલાહ આપવા માટે નિમંત્રણો મળતાં રહેતાં અને પરિણામે તેમનો દેશભરમાં પ્રવાસ પણ અવારનવાર ચાલ્યા જ કરતો.

વૈજ્ઞાનિક હોવા ઉપરાંત તેઓ એક સારા મિકેનિક હતા. ૨૭ વર્ષ પહેલાં તે વખતના ચાલુ મોડેલની એક સેકન્ડ-હેન્ડ મોટરકાર તેમણે રૂા. ૧,૦૦૦ માં ખરીદેલી. તે ગાડી તેમને આજ સુધી કામ આપી રહી હતી. કારણ કે પોતાની ગાડી તેઓ જાતે હાંકતા, સાંચાકામની તેમને પૂરી ખબર હતી અને મોટરમાં સાધારણ બગડેલું પોતે જ સુધારી લેતા. તેમના દેવલાલીના ઘરમાં દાખલ થતાવેંત આપણને લાગે કે આપણે એક વૈજ્ઞાનિકના તેમ જ મિકેનિકના ઘરમાં દાખલ થયા છીએ.

આ ઉપરાંત તેમને રમતગમતનો ખૂબ શોખ હતો. અને પોતાના વિદ્યાર્થીઓમાં આ શોખ જગાડવા માટે તેઓ ખૂબ આતુરતા સેવતા હતા. મુંબઇમાં જ્યારે પણ જાણીતા રમનારાઓની મેચ હોય–પછી તે ક્રિકેટની હોય, ફૂટબોલની હોય કે ટેનીસની હોય–તેઓ દેવલાલીથી અચૂક મુંબઇ આવવાના જ. વળી બાળકો સાથે રમવું અને તેમને રમાડવા–આ પણ તેમના શોખનો વિષય હતો. નાના સાથે નાના અને મોટા સાથે મોટા બનવું–આ તેમની પ્રકૃતિ હતી.

કોઇ પણ બાબત તરફ તેમનું ધ્યાન ખેંચાયું, અથવા તો કોઇ નવી જરૂરિયાત ઊભી થઇ કે પછી તેની વિગતોમાં, તેને લગતા સાહિત્યમાં આરપાર ઉતર્યા સિવાય તેમને ચેન જ ન પડે. દા. ત. તેમનાં પત્ની શિવળહેનને થોડાં વર્ષ પહેલાં ગળામાં કેન્સરની શરૂઆત જેવું લાગ્યું. આ બાબતની ખાત્રી થતાં તેને લગતું જેટલું સાહિત્ય મળ્યું તેટલું તેમણે વાંચી નાખ્યું. દર્દનું સ્વરૂપ અને તેના અદ્યતન ઉપાયો સમજી લીધા અને પોતાની પત્નીને એ ભયંકર વ્યાધિની પકડમાંથી, અલબત્ત ડાકટરોની મદદ વડે, ઉગારી લીધી.

વળી શિસ્ત, ચોકકસાઇ, વ્યવસ્થિતતા અને ધાર્યું કરવાનો અફર આગ્રહ આ તેમના વિશિષ્ટ ગુણો હતા અને તે કારણે તેમના વ્યકિતત્વમાં અનોખી પ્રતિભા નજરે પડતી હતી. તેમનું શરીર પણ ભારે ખડતલ, ભરાવદાર અને કસરતબાજ હતું.

તેમના જીવનસાથી તરીકે એક એવાં સન્નારી તેમને પ્રાપ્ત થયાં હતાં કે જેની જોડ આપણા સમાજમાં બહુ ઓછી જોવા મળે. ધીર, ગંભીર પ્રકૃતિ અને નાનાંમોટાં વાવાઝોડાં દરમિયાન પતિની બાજુએ મક્કમપણે ઊભાં રહે એવી ધૃતિ અને પતિનેષ્ઠા. પ્રો. ગાંધીની તબિયત છેલ્લાં પાંચ વર્ષથી ઉત્તરોત્તર લથડવા માંડી હતી. હાથપગના સાંધાઓ ખોટા પડવા માંડયા હતા, નજર ટૂંકાતી જતી હતી અને વાણી સંકોચાતી જતી હતી અને ધીમે ધીમે તેઓ પરવશ બની રહ્યા હતા. છેલ્લાં બે વર્ષ તો તેઓ ન જોઇ શકે, ન બોલી શકે, ન સ્વયં હાલી ચાલી શકે એવા કેવળ પરવશ બની ગયા હતા. આ બધા સમય દરમિયાન તેમણે એકલા પડે દેવલાલીમાં–કારણ કે પ્રો. ગાંધીના દીકરાઓ મુંબઇમાં વ્યવસાયગ્રસ્ત હતા અને પ્રો. ગાંધીને દેવલાલી સિવાય અન્યત્ર બીલકુલ ચેન પડતુ નહોતું–આ સંયોગોના કારણે શિવળહેને પ્રો. ગાંધીની જે હસતા મોઢે અને ઉભા પગે સેવા કરી છે તે શબ્દોમાં સમજાવવી મુશ્કેલ છે. જીંદગીના પ્રારંભથી તે અન્ત સુધી તેઓ એકમેકને અપૂર્વ નિષ્ઠાપૂર્વક ચાહતા. જે વિરલ યુગલો વિધાતા સરજે છે તેમાંનું આ એક હતું. વિધાતાએ આ યુગલને આજે ખંડિત કર્યું છે. આ વિષમ અવસર ઉપર શિવળહેન અનેક મિત્રો અને સ્વજનોની ઊંડી સહાનુભૂતિનાં પાત્ર બન્યાં છે.

પ્રો. ગાંધીએ પોતાની વિજ્ઞાનનિષ્ઠાનો ઇન્દુ, રવિ, પ્રકાશ અને સૂર્ય એમ તેમના ચાર પુત્રોને પૂરો વારસો આપ્યો છે. તેમાંના ત્રણ તેમની નીચે જ ભણીને તૈયાર થયેલા; એકને અન્યત્ર ભણવું પડેલું. આ ચાર પુત્રોમાં બે મેટલર્જીસ્ટ છે, એક ઇલેકટ્રિકલ એન્જિનિયર છે અને બાકીનો એક મિકેનિકલ એન્જિનિયર છે. આ ચારે પુત્રોએ તેમના પિતા જે કોલેજમાં ભણ્યા હતા તે લંડનની ઇમ્પીરિયલ કોલેજ ઓફ સાયન્સમાં દાખલ થઇને અને તેનો ડીપ્લોમા મેળવીને પોતાનો વિશિષ્ટ અભ્યાસ પૂરો કર્યો છે

અને આજે ચારે ભાઇઓ જુદી જુદી ઔદ્યોગિક પેઢીઓમાં સારી રીતે ગોઠવાયેલા છે. પ્રો. ગાંધીના સ્થિતિસંપન્ન બે ભાઇઓ શ્રી એ. પી. ગાંધી અને શ્રી એમ. પી. ગાંધી પણ મુંબઇના જાણીતા નાગરિકો છે. આવા એક વ્યક્તિવિશેષનો જીવનપ્રદીપ ઓલવાતાં ગુજરાતને એક પનોતા પુત્રની ખોટ પડી છે.

મુંબઇ પ્રદેશ ભારત સેવકસમાજ સંચાલિત 'આનંદ કેન્દ્ર'

રસ્તામાં રખડતાં બાળકોને, ઘર વિનાના છોકરાઓને રહેઠાણ, ખોરાક અને વ્યવસાય પૂરાં પાડવાની સમસ્યા આજના દરેક મોટા શહેરના માથે ઊભેલી હોય જ છે. મુંબઇ આ બાબતમાં અપવાદ હોઇ ન શકે. ૧૯૫૪ના ઑગસ્ટ માસની ૧૫ મી તારીખે ભારત સેવકસમાજની મુંબઇ શાખાના માજી કન્વીનર શ્રીમતી જહાન મથાઇએ બીજી બહેનોના સહકાર પૂર્વક ઉપર જણાવેલી સમસ્યાના ઉકેલ રૂપે 'આનંદ કેન્દ્ર' નામની એક સેવા-સંસ્થાની સ્થાપના કરી હતી. તેમાંથી વિકસતાં વિકસતાં પરિણામે મુંબઇનાં અણમાનીતા અને અવગણાયેલાં બાળકો માટે જેને 'ઘર' કહી શકાય એવું એક સ્થાન કુપરેજ બાજુએ આવેલ પુટબોલ ઓવલ ગ્રાઉન્ડની સામે આવેલી ગવર્નમેન્ટ હટમેન્ટ્સ નં. ૧ માં ઊભું થવા પામ્યું છે. આ આનંદ કેન્દ્રનો વહીવટ મિસિસ જે. આર. ડી. તાતાના પ્રમુખપણા નીચે નીમાયેલી એક પેટાસમિતિ દ્વારા કરવામાં આવે છે. જે કેન્દ્ર પ્રારંભમાં આવાં બાળકોને રમતગમત અને આનંદવિનોદની સગવડો પૂરી પાડવા માટે ઊભું કરવામાં આવ્યું હતું ત્યાં આજે ૪૨ બાળકોને રહેવા ખાવાની સગવડો ઉપરાંત તેમની શૈક્ષણિક, વ્યવસાયાત્મક અને વૈદ્યકીય જરૂરિયાતો પૂરી પાડવામાં આવે છે. આ 'આનંદ કેન્દ્ર'માં દશ વર્ષ ઉપરનાં બાળકોને દાખલ કરવામાં આવે છે અને ૧૮ વર્ષની ઉમ્મર સુધી રાખવામાં આવે છે.

આ આનંદ કેન્દ્રનો ઔદ્યોગિક વિભાગ મોટી ઉમ્મરના છોકરાઓને કામ કરવાની અને કમાવાની તક આપે છે. આ માટે ૧૨ હાથસાળ વસાવવામાં આવેલ છે અને આ હાથસાળો ઉપર ટેબલ ક્લોથ, ટૂવાલ, રૂમાલ, ભોંલૂંછણાં, ટ્રેક્લોથ, વગેરે અનેક વસ્તુઓ તૈયાર કરવામાં આવે છે અને અહીં કામ કરતા છોકરાઓને કામના ધોરણે યોગ્ય આર્થિક વળતર આપવામાં આવે છે. આ માટે પૂરા સમયના એક વણકર શિક્ષકને રોકવામાં આવેલ છે અને તે આ છોકરાઓને વણાટકામ શિખવે છે અને તેમના કામ ઉપર દેખરેખ રાખે છે.

કેટલાક સમય સુધી અહીં વસતા છોકરાઓને મ્યુનિસિપલ સ્કૂલોમાં ભણવા માટે મોકલવામાં આવતા હતા. પણ કેટલાંક કારણોસર આ બાબતમાં ખરી સફળતા ન મળી. તેથી ૧૯૫૭ના જુલાઇ માસથી એક જરૂરી યોગ્યતા ધરાવતા શિક્ષક રોકવામાં આવેલ છે અને તે આ 'આનંદ કેન્દ્ર'માં જ છોકરાઓને ભણાવે છે. અલબત્ત, જે છોકરાઓમાં એક યા બીજા વિષય અંગે ખાસ વલણ હોવાનું માલુમ પડે છે તે છોકરાઓને તે વિષયનો અભ્યાસમાં આગળ વધારવા માટે તેને લગતી નિશાળોમાં નિયમિત રીતે મોકલવામાં આવે છે. સાંચાકામ ઉપર રોકાયેલા છોકરાઓ શહેરની રાત્રીશાળાઓમાં જઇને ભણે છે.

જ્યારે કેન્દ્રનો પ્રારંભ કરવામાં આવ્યો ત્યારે કેન્દ્રનાં બાળકોને માત્ર દૂધ આપવામાં આવતું હતું, પણ જ્યારથી કેન્દ્રમાં ઔદ્યોગિક વિભાગ શરૂ કરવામાં આવ્યો ત્યારથી તેમને રીતસર જમાડવા-ખવરાવવામાં આવે છે અને તે માટે કેન્દ્રમાં જ એક વ્યવસ્થિત રસોડું ચાલે છે.

કેન્દ્રના બાળકોની અવારનવાર શારીરિક તપાસ કરવામાં આવે છે, અને વધારે ઉપચારની જરૂર જણાય તેવા છોકરાઓને શહેરની હોસ્પિટલના વેલફેર સેકશન-કલ્યાણ વિભાગમાં મોકલવામાં આવે છે. એજ પ્રમાણે ડૉ. એલ. કારડોઝા ગાળે ગાળે દાંતની તપાસ માટે આવતા રહે છે અને વિશેષ ઉપચારની જરૂર પડતાં એવા છોકરાઓને બી નાયર ડેન્ટલ હોસ્પિટલમાં મોકલવામાં આવે છે.

આ આનંદ કેન્દ્ર અને તેનો ઔદ્યોગિક વિભાગ ચલાવવા માટેની આર્થિક જવાબદારી શરૂઆતમાં સંપૂર્ણપણે મુંબઇ પ્રદેશ ભારત સેવકસમાજ વહન કરતો હતો. વળી ૧૯૫૬માં કેન્દ્રવર્તી સોશીયલ વેલફેર બોર્ડે પાંચ વર્ષ માટે અમુક વાર્ષિક મદદ મંજુર કરેલ છે. આમ છતાં પણ સમયના વહેવા સાથે ખર્ચ વધતો જ જાય છે અને આટલી મદદથી આનંદ કેન્દ્રના ખર્ચને પહોંચી શકાતું નથી અને તે માટે તેણે જાહેર જનતાની ઉદારતા ઉપર જ આધાર રાખવાનો રહે છે. આ માટે મુંબઇ શહેરના ધનવાન ઉદાર દિલના ગ્રહસ્થોને આ કેવળ લોકકલ્યાણ અને પરોપકારની પ્રવૃત્તિ તરફ પોતાનો ઉદાર હાથ લંબાવવા પ્રાર્થના કરવામાં આવે છે. તેઓ ટેલિફોન નં. ૨૧૩૪૩૯ દ્વારા અથવા જાતે આવીને ઉપર જણાવેલ સ્થળે આનંદ કેન્દ્રના કાર્યવાહકો સાથે સંપર્ક સાધી શકે છે.

અહીં વસતા છોકરાઓને ભારત સરકાર તરફથી બહાર પાડવામાં આવતી ડૉકયુમેન્ટરી ફિલ્મો-ચિત્રપટો-અવારનવાર દેખાડવામાં આવે છે તેમ જ કેન્દ્રને બહારથી ટિકિટોની મદદ મળે ત્યારે, શહેરના સિનેમાઓમાં રજૂ થતાં સારી કોટિનાં ચિત્રપટો દેખાડવા માટે પણ અવારનવાર લઇ જવામાં આવે છે. તેવી રીતે તેમના માટે કદી કદી શહેર બહાર ઉજાણીઓ પણ ગોઠવવામાં આવે છે. કદી કદી છોકરાઓ નાટક તૈયાર કરે છે અને જાહેર જનતા સમક્ષ રજૂ કરે છે. કેંદ્રમાં પીંગપૉંગ, ફૂટબોલ વગેરે રમતગમતનાં સાધનો પૂરાં પાડવામાં આવેલ છે.

મુંબઇના શહેરીઓ તુચ્છકારાયેલા અને તરછોડાયેલા લોકોને રાહત અને મદદ આપવા માટે હંમેશાં સ્વેચ્છાએ પોતાનો ધનપ્રવાહ વહેવડાવતા રહ્યા છે. શહેરના આ રખડુ, નિરાધાર અને નધણિયાતાં જેવાં બાળકો-છોકરાઓ-કરતાં વધારે મદદને પાત્ર એવું કોઇ જોવામાં આવશે નહિ. આપણે તેમના તરફ થોડું ધ્યાન આપીએ અને ઉપયોગી નાગરિક બનવા માટે તેમને કાંઇક તક આપીએ-એટલી મદદની તેઓ આપણી પાસેથી આશા રાખે છે. જેમનો કોઇ આધાર નથી અને જેમને કોઇ સંભાળનાર નથી એવા આ બાળબચ્ચુઓ દુકાનદારો અને સિનેમા જોવા જતા લોકોની મોટરગાડીઓ સામે ટીકી ટીકીને જોતાં નજરે પડે છે અને તેમની ગાડીઓ સંભાળવી, તેમના માટે ટેકસી લાવવી, તેમના જોડા પૉલીશ કરી આપવા-આવાં નજીવાં કામો કરીને તેમની સામે દીનતાપૂર્વક હાથ લંબાવતા રાજમાર્ગ ઉપર જ્યાં ત્યાં જોવામાં આવે છે. તેમના જીવનમાં કોઇ આશાનો સંચાર સરખો પણ હોતો નથી, અને જાણે કે મરવાના વાંકે જીવતા હોય એવાં દીન-દયામણાં લાગે છે. આનંદ કેન્દ્ર રસ્તા ઉપર આ રીતે રઝળતાં આ બાળકોનો હાથ પકડે છે, તેમને ઘર, ખોરાક, ઔદ્યોગિક તાલીમ, શિક્ષણ અને વૈદ્યકીય સાર-સંભાળ અને સાથે સાથે જે પ્રેમ અને દરકાર થી તેઓ વંચિત રહ્યાં હોય છે તે પ્રેમ અને દરકાર પૂરાં પાડે છે.

અન્ય ઉપયોગી સંસ્થાઓ માફક આનંદ કેન્દ્રને દ્રવ્યની

અને સાધન-સામગ્રીની ખૂબ જરૂર છે તેને જાહેર જનતાના વધારે ટેકાની ખાસ જરૂર છે. આશા રાખવામાં આવે છે કે આ અપીલ સહૃદય સજ્જનોને જરૂર સ્પર્શશે અને આ કલ્યાણમયી પ્રવૃત્તિ ચલાવવામાં અનુભવવી પડતી આર્થિક ખેંચ તેઓ જરૂર હળવી કરશે. આવી મદદ કરવાથી, પોતાની દરકાર કરનાર આ દુનિયામાં કોઇ ને કોઇ છે એવી આવાં બાળકોને પ્રતીતિ થશે અને તે પ્રતીતિના જોરે તેઓ ભવિષ્યમાં ઉપયોગી નાગરિકો બને એ પ્રકારનો વિકાસ સાધી શકશે.

નર્યા પાગલપણાનો તમાસો.

આસામમાં આજે ભાષાના નામ ઉપર ત્યાં વસતા આસામી તથા બંગાળી પ્રજાસમુદાય વચ્ચે જે ઉગ્ર અથડામણ ચાલી રહી છે તે અંગે તા. ૧૧-૭-૬૦ ના ટાઇમ્સ ઓફ ઇન્ડિયાનો અગ્રલેખ જરૂરી પ્રકાશ પાડે છે. તેમાં જણાવવામાં આવ્યું છે કે આસામના લોકો કોઇ ન સમજી શકાય એવા ગાંડપણના સાણસામાં ઝડપાઇ ગયા હોય એમ લાગે છે. એક શહેરથી બીજા શહેરમાં એમ સ્થળે સ્થળેથી હિંસક કૃત્યોના સમાચારો મળી રહ્યા છે અને કાયદો અને વ્યવસ્થાનો વ્યાપક આકારમાં ભંગ ન થાય તે અંગે પોલીસ ભારે મોટી મુશ્કેલીમાં મૂકાઇ ગઇ છે. કેટલેક ઠેકાણે પોલીસને મદદ કરવા માટે લશ્કરને બોલાવવામાં આવ્યું છે અને ઉશ્કેરાયલી લાગણીઓ ઠંડી પાડવાના કાર્યમાં કરફ્યુનો અમલ પણ જોઇએ તેટલો કારગત નીવડ્યો નથી. જેની શરૂઆત ભાષા અંગેના વિવાદમાંથી થઇ હતી તેણે આજે રાજ્યમાં વસતી આસામી પ્રજાના બહુમતી વર્ગ અને બંગાળી લોકોના લઘુમતી વર્ગ વચ્ચેના આન્તરવિગ્રહનું સ્વરૂપ ધારણ કર્યું છે. આ પરિસ્થિતિમાં સત્તાવાળાઓએ કડકમાં કડક પગલાં લેતાં ખચકાવું જોઇએ નહિ અને એ રીતે પ્રજાના વિકલ બનેલા વર્ગોને પ્રતીતિ કરાવવી જોઇએ કે હિંસાથી કોઇ પણ કાર્યની સિદ્ધિ થવાની નથી. આમ કડકમાં કડક પગલાં ભરવામાં આવશે તો પણ એટલા માત્રથી જ લોકોની સાન ઠેકાણે આવવાનો સંભવ નથી. કડક પગલાંઓ ભરાવા સાથે, પરસ્પર ઝગડે ચઢેલી કોમો શાંન્તિ અને સમજણપૂર્વક વિચાર કરતી થાય તે માટે રાજ્યના બધા રાજકીય પક્ષોએ એકત્ર બનીને પ્રયાસ કરવો જોઇશે. ખાસ કરીને આ બાબતમાં ત્યાંની ધારાસભામાં કોંગ્રેસ સામેના જે વિરોધી પક્ષો છે તેમના માથે વિશેષ જવાબદારી રહેલી છે. આ વિરોધી પક્ષોએ આસામી ભાષાને રાજ્યની ભાષા તરીકે જાહેર કરવામાં આવે તેવી આસામી પ્રજાની આકાંક્ષાનો પૂરો લાભ ઉઠાવ્યો છે, ત્યાંના મુખ્ય પ્રધાને જે જાહેરાત કરી છે કે રાજ્યની વિધાન સભાની આગામી બેઠકમાં આસામી ભાષાને રાજ્યની ભાષા તરીકે જાહેર કરવાને લગતું બીલ-ધારાનો ખરડો-રજૂ કરવામાં આવનાર છે. આ જાહેરાતથી આ વિરોધી પક્ષોએ પૂરો સંતોષ માનવો જોઇએ. બીજી બાજુએ ભાષાકીય લઘુમતી વર્ગો અંગે જે સેફગાર્ડઝનો-બાંહધરીઓનો-આ બીલમાં સમાવેશ કરવામાં આવનાર હોવાનું ત્યાંના વડા પ્રધાને સૂચવ્યું છે તે બાંહધરીઓ કરતાં વધારેની ભાષાકીય લઘુમતીઓએ, વ્યાજબી રીતે વિચારતાં, અપેક્ષા રાખવી ન જોઇએ. આસામમાં વસતી બંગાળી ભાષા બોલતી લઘુમતીએ એવી તો માંગણી કરેલી કે આસામી ભાષા માફક તેમની ભાષાને પણ રાજ્યભાષા બનાવવી જોઇએ. આ માગણીએ જ ઘણું નુકસાન કર્યું છે આ ગેરવ્યાજબી માગણીને પશ્ચિમ બંગાળાના લાગવગ ધરાવતા વર્ગો તરફથી જે ટેકો મળ્યો છે તેણે આસામમાં બંગાળી બોલતા લોકોમાં ખોટી આશાઓ ઊભી કરી અને ઉપર જણાવેલ બીલ સામે તેમના અણઘટતા વિરોધને વળગી રહેવાની ઉત્તેજના આપી અને આને લીધે જ પરિસ્થિતિ વધારે બગડવા પામી છે, અને તેનું પરિણામ આસામી લોકોને ખૂબ ઉશ્કેરવામાં આવ્યું છે. નાની હિંસાઓમાંથી ઝડપભેર મોટી હિંસાઓ જન્મી રહી છે અને ભાષાનો પ્રશ્ન પશ્ચાદ્‌ભૂમાં સરી ગયો છે. આજે જે દેખાય છે તે તે બંગાળીઓ પ્રત્યેની આસામી લોકોના દિલમાં જડ ઘાલીને બેઠેલી ઊંડી કટુતાની લાગણીઓની અભિવ્યક્તિ છે કે જે બંગાળીઓ છેલ્લાં ઘણાં વર્ષો દરમિયાન આસામ ઉપર પોતાનો મજબૂત કાબુ જમાવી બેઠા હતા. આ ગાંડપણ પશ્ચિમ બંગાળના ઉત્તર વિભાગનાં શહેરો સુધી ફેલાયું છે. સીલીગુરીના રેલ્વે સ્ટેશનને જે ટોળું ઘેરી વળ્યું હતું અને આસામની વિધાન સભાના વિરોધ પક્ષના નેતા શ્રી એચ. ગોસ્વામી (જેમણે સીલીગુરી બાજુએ પસાર થતાં દીર્ઘદૃષ્ટિ વાપરીને પોલીસનું રક્ષણ માંગ્યું હતું) તેમને સોંપી દેવા પોલીસ પાસે માંગણી કરી હતી. આ ટોળું કેવળ ખૂની ઝનુનથી પ્રેરાયેલું હતું. ગોસ્વામી હાથ ઉપર નહિ આવતાં આ ટોળાએ રેલ્વે સ્ટેશનને આગ લગાડી અને એ કક્ષાએ પોલીસને ગોળીબાર કરવાની ફરજ પડી. ત્યારબાદ આ ટોળાંએ આસામ તરફ જતી રેલ્વે ટ્રેન ઉપર હુમલો કર્યો, બંગાળી નહોતો એવા એક પ્રવાસીને ઘસડીને બહાર કાઢયો અને તેને ઠોકી ઠોકીને મારી નાખ્યો. એક અનર્થમાંથી બીજો અનર્થ જન્મે એવી આ દૂષિત શૃંખલાનો કોઇપણ રીતે અંત આવવો જોઇએ.

જે રાજકારણી આગેવાનોએ આસામી લોકોની ભાષાકીય આકાંક્ષાઓનો, તેમને કોંગ્રેસ વિરૂદ્ધ ઉશ્કેરવા માટે, પૂરો લાભ ઉઠાવ્યો છે અને બીજા લોકો કે જેમણે ભાષાકીય લઘુમતીઓને ભડકાવવાનું-ભયગ્રસ્ત બનાવવાનું કામ કર્યું છે, આ આગેવાન લોકો હજુ પણ આજની ઉશ્કેરાયેલી પરિસ્થિતિને સમધારણ ઉપર લાવી શકે તેવી સ્થિતિમાં છે. હજુ સુધી તેઓ દૂરના દૂર રહ્યા છે અને લોકોને સમજાવવાના-ઠેકાણે લાવવાના-કાર્ય ઉપર તેમણે પોતાની લાગવગ અને શક્તિ કેન્દ્રિત કરી નથી. થોડા સમય ઉપર તેઓ ખૂબ વાચાળ હતા. આજે તેઓ મૌન ધારણ કરી બેઠા છે. તેમણે હિંસાને સીધી રીતે પ્રોત્સાહન આપ્યું છે અથવા તો આજની કટોકટીભરી પરિસ્થિતિ અંગે ત્રાસ અને કમકમાં સિવાય તેમનું વલણ કોઇ અન્ય પ્રકારનું છે એમ માનવાને કોઇ કારણ નથી; પણ આજની કક્ષાએ તેમનું મૌન ચોક્કસપણે ધ્યાન ખેંચે એવું છે. તોફાને ચઢેલાં ટોળાંઓને જો તેઓ વખોડી નાખે તો તેઓ પ્રાપ્ત કરેલી લોકપ્રિયતા અમુક અંશે ગુમાવી બેસે એવો કદાચ તેમને ભય હોય. તેઓ આજે સુલેહશાંતિને લગતી જે કાંઇ સલાહ આપશે તે તરફ કોઇ ધ્યાન નહિ આપે. અને એ રીતે તેઓ ખુલ્લા પડી જશે એમ સમજીને તેમને કશું માર્ગદર્શન આપવાથી તેઓ દૂર રહેતા હોય એ પણ બનવાજોગ છે. આ ગમે તે હોય, પણ રાજ્યમાં પરિસ્થિતિ એટલી બધી બગડતી અને જોખમી બનતી જાય છે કે જો આસામના રાજકારણી આગેવાનો સાંકડા ખ્યાલોને વશ બનીને લોકોને સુલેહ શાન્તિના માર્ગે વાળવામાં પ્રવૃત્ત નહિ બને તો તે ભારે શોચનીય લેખાશે. આસામમાં કાયદો અને વ્યવસ્થાની પુનઃ સ્થાપના કરવામાં સર્વ રાજકીય પક્ષોનું એકસરખું સમાન હિત રહેલું છે. જો રાજ્ય પ્રદેશની કક્ષાના આગેવાનો લોકોને હિંસાનો માર્ગ છોડી દેવા માટે સમજાવવાને અસમર્થ હોય તો તેમણે પોતાના પક્ષના અખિલ ભારતીય આગેવાનોની મદદ લેવી જોઇએ. ગમે તેટલા મોટા માણસો હોય પણ જો તેઓ દિલ્હીમાં બેઠા બેઠા અપીલો બહાર પાડયા કરશે તો તેથી કાંઇ પણ પરિણામ આવવા સંભવ નથી. આ મોટા માણસોએ અને આગેવાનોએ તોફાનગ્રસ્ત વિભાગોમાં જાતે પહોંચી જવાનું સાહસ ખેડવું જોઇએ. તો જ કદાચ ડહાપણ અને શાણપણભરી વાતો સાંભળવામાં આવે અને તે ઉપર ધ્યાન દેવામાં આવે.

અપ્રતિકારનું અનુપમ દૃષ્ટાન્ત: એક સત્ય ઘટના

રીચાર્ડ વીવર નામનો કોલસાની ખાણમાં કામ કરતો

અને પાછળથી એક આદર્શ ધર્મપ્રચારક બનેલો એક મજૂર હતો. જુવાનીમાં તે અરધોપરધો ધંધાદારી કુસ્તીબાજ હતો. આધ્યાત્મિક દૃષ્ટિએ ઊંચે ચઢે, પાછો પડે, પાછો ચઢે એવા બે ત્રણ વ્યુત્ક્રમોમાંથી પસાર થયા બાદ તેને ધર્મપરાયણ જીવનદૃષ્ટિ પ્રાપ્ત થઈ હતી. આવું તેનામાં આમૂલ પરિવર્તન થઈ રહ્યું હતું તે દરમિયાન આપણું સચોટ ધ્યાન ખેંચે તેવી તેના જીવનમાં બનેલી એક ઘટના તેણે પોતાની આત્મકથામાં નોંધી છે જે નીચે મુજબ છે:

"હું ઢાળ ઉપરથી નીચે આવ્યો અને પેલા છોકરાને રડતો જોયો. કારણ પૂછતાં માલુમ પડ્યું કે તેની સાથે કામ કરતો એક મોટી ઉમરનો મજૂર તેની પાસેથી બળજબરીથી રેંકડો ઝૂંટવી લેતો હતો. આ જોઈને તે મજૂરને મેં કહ્યું.

"ટોમ, તારે આ રીતે આ છોકરા પાસેથી રેંકડો પડાવી લેવો ન જોઈએ."

આ સાંભળીને તે જેમ તેમ બડબડવા લાગ્યો અને મને ગાળો દેવા લાગ્યો. મેં તેને કહ્યું કે "તું આવી રીતે કોઈનો રેંકડો ઝૂંટવે તે ઈશ્વરાજ્ઞાથી વિરૂદ્ધ છે." આ સાંભળીને તે મને વધારે ભાંડવા લાગ્યો અને મારી ઉપર રેંકડો ધકેલવાની ધમકી આપવા લાગ્યો.

"વારૂ" મેં કહ્યું, "જો મારી બાજુએ ઈશ્વર છે અને તારી બાજુએ સેતાન છે. ચાલ આપણે જોઈએ કે કોનામાં તાકાત વધારે છે?"

અને પછી તેની સાથેની કુસ્તીમાં ઊતરતાં આખરે તે હાર્યો અને બાજુએ ખસી ગયો; નહિ તો રેંકડા સાથે જ એ પટકાઈ પડયો હોત. પછી મેં એ છોકરાને રેંકડો સોંપ્યો. એટલે ટોમે મને કહ્યું કે:-

"તારી ઉપર મને એટલો બધો ક્રોધ ચડયો છે કે તને એક તમાચો લગાવી દઉં એમ મનમાં થઈ આવે છે."

"વારૂ", મેં કહ્યું, "જો એમ કરવાથી તારું કાંઈ ભલું થતું હોય તો તું એમ કરી શકે છે" એ સાંભળીને તેણે મને ગાલ ઉપર એક તમાચો લગાવી દીધો.

મેં તેની સામે બીજો ગાલ ધર્યો, અને કહ્યું કે:-"ફરીથી માર!"

તેણે તમાચા ઉપર તમાચા મારવા માંડ્યા અને એ રીતે પાંચ તમાચા માર્યા. મેં છઠ્ઠા તમાચા માટે મારો ગાલ આગળ ધર્યો; પણ તેમ ન કરતાં મને ગાળો દેતો તે ત્યાંથી ચાલવા લાગ્યો. મેં બૂમ પાડીને કહ્યું: "હું તને માફ કરું છું અને ઇચ્છું છું કે ઈશ્વર તને માફ કરે અને બચાવે."

આ ઘટના શનિવારે બની; પછી હું ઘેર આવ્યો ત્યારે મારું મોઢું સુજેલું જોઈને મારી પત્નીએ પૂછ્યું, "આ શું થયું?" મેં જવાબ આપ્યો કે "કોઈ સાથે મારે મારામારી થઈ અને તેને મેં સારી રીતે ફટકાવ્યો."

તે એકદમ રડવા લાગી અને બોલી "અરે રીચાર્ડ, કોઈ સાથે પણ તારે શું કામ ઝગડવું જોઈએ?" પછી મેં જે કાંઈ બન્યું હતું તે વિગતથી તેને જણાવ્યું અને મેં સામે પ્રહાર કર્યો નહિ એ જાણીને તે રાજી થઈ અને ઈશ્વરનો તેણે આભાર માન્યો.

પણ ઈશ્વરે તો તે મજૂરને શિક્ષા કરી જ હતી અને તેના પ્રહાર માણસના પ્રહાર કરતાં વધારે દુઃસહ હોય છે. સોમવાર આવ્યો. અંદરથી સેતાન મને લોભાવી રહ્યો હતો અને કહી રહ્યો હતો કે "ટોમે તારી સાથે જે વર્તાવ કર્યો તેવો વર્તાવ કરવા દેવા માટે લોકો તારી હાંસી કરી રહ્યા છે." હું બૂમ પાડી ઉઠ્યો કે મારી પાસેથી સેતાન દૂર ચાલી જાય અને હું ખાણ તરફ મારા રસ્તે ચાલતો થયો. રસ્તે જતાં ટોમ મને સૌથી પહેલો મળ્યો. મેં તેને 'નમસ્તે' કહ્યું પણ તેનો તેણે કશો જવાબ વાળ્યો નહિ, અને આગળ ચાલતો થયો અને એકદમ ઢાળ ઊતરી ગયો અને જ્યારે હું ટેકરાની નીચે આવ્યો ત્યારે મારી રાહ જોતો રેંકડાને રસ્તે બેઠેલો મેં તેને જોયો. જ્યારે હું તેની નજીક ગયો ત્યારે તે ડૂસકે ડૂસકે રડવા લાગ્યો અને બોલી ઉઠ્યો. "રીચાર્ડ, તને મારવા માટે તું મને માફ નહિ કરે?" મેં તેનો હાથ પકડીને ઊભો કર્યો અને અમે પોતપોતાના કામના ઠેકાણે પહોંચી ગયા."

× × ×

આ ઘટના વાંચતાં વાંચકને માલુમ પડયું હશે કે એક તો આ પ્રતિકાર કોઈ નિર્બળ આદમીનો નહોતો પણ ઢાંડ મજૂરને ઠેકાણે લાવનાર બળવાન આદમીનો છે. અને બીજું પહેલા દિવસે પરિણામશૂન્ય જેવો દેખાતો અપ્રતિકાર બે દિવસના ગાળે અણધારી સફળતાનું દર્શન કરાવે છે અને કઠોર પ્રકૃતિના દિલને પીગળાવી નાંખે છે. આપણી વ્યવહારૂ બુદ્ધિ સહજ ન સ્વીકારે એવો આ એક જાદુઈ ચમત્કાર છે. નૈતિક બળો માનવીના દિલમાં કેવું કામ કરે છે અને કેવી રીતે પલટો લાવે છે તેનો આ ઘટના એક સુન્દર નમૂનો છે.

'ભારતનું અને વિશ્વનું અદ્યતન રાજકારણ'

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના આશ્રય નીચે ત્રણ ચાર મહિનાના ગાળે ઉપર જણાવેલ વિષય ઉપર શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહનું વ્યાખ્યાન ગોઠવવામાં આવે છે અને તે વ્યાખ્યાનમાં લેખો પ્રસ્તુત સમયના ગાળા દરમિયાન આન્તર-દેશીયક્ષેત્રે તેમ જ આન્તરરાષ્ટ્રીય ક્ષેત્રે બનેલી વિશિષ્ટ ઘટનાઓનું હાર્દ સમજાવે છે અને તે અંગે જરૂરી આલોચના કરે છે. છેલ્લું વ્યાખ્યાન ગયા માર્ચ માસની આખરમાં રાખવામાં આવેલું ત્યારથી આજ સુધીમાં ઉભયક્ષેત્રે બનેલી મુખ્ય મુખ્ય ઘટનાઓની શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે તા. ૫-૭-૬૦ ના રોજ સંઘના કાર્યાલયમાં રાખવામાં આવેલા તેમના જાહેર વ્યાખ્યાનમાં સવિસ્તર આલોચના કરી હતી. પ્રથમ આન્તર-રાષ્ટ્રીય ક્ષેત્રને અનુલક્ષીને બોલતાં મે માસની પહેલી તારીખે યુનાઈટેડ સ્ટેટ્સનું રૂસી સરહદ ઉપર ઉડતા યુ-૨ વિમાનને રશિઆએ તોડી નાંખ્યું તે ઘટના, મે માસની ૧૬મી તારીખે પેરીસ ખાતે યોજાયેલી શિખર પરિષદમાં પડેલું ભંગાણ, તે પ્રસંગને લગતાં અને ત્યાર પછીના કુશ્ચેવનાં ઉગ્ર પ્રકારના વાણીવર્તન, આ ઘટના અંગે અમેરિકાએ દાખવેલી નબળી નેતાગીરી અને આઇઝનહોવરની ઢીલી નીતિ-આવા કેટલાક મુદ્દાઓ તેમણે ચર્ચ્યા હતા અને તેના અનુસંધાનમાં જર્મનીના એકીકરણ અને બર્લીનના પ્રશ્ન ઉપર તેમણે પ્રકાશ પાડયો હતો. સાથે સાથે અણુશસ્ત્રો ઉપરનો પ્રતિબંધ, દુનિયાની મહાન સત્તાઓનું નિઃશસ્ત્રીકરણ, આફ્રિકાનો પ્રશ્ન અને જાપાનમાં આઇઝન-હોવરની મુલાકાત અંગે પેદા થયેલો ઉગ્ર સંઘર્ષ-આ બધી બાબતોની તેમણે સવિસ્તર આલોચના કરી હતી.

ત્યાર બાદ ભારતી રાજકારણ ઉપર આવતાં ચીન-ભારતની સરહદનો પ્રશ્ન. તે અંગે ચીને ધારણ કરેલી આક્રમણ નીતિ, પંજાબી સુબાનો પ્રશ્ન, શૈક્ષણિક તથા વહીવટી ભાષાનો પ્રશ્ન અને દેશમાં વધતી જતી મોંઘવારી અને નાણાંનો ફુગાવો-આ બાબતો અંગેની આજની પરિસ્થિતિ તેમણે વિસ્તારથી સમજાવી હતી. સાથે સાથે ગુજરાતમાં ભાષાનો પ્રશ્ન જે જનુનથી ચર્ચાઈ રહ્યો છે અને ગુજરાતી ભાષાને સાર્વત્રિક બનાવવા માટે જે એકાંગી આગ્રહ કેટલાક આગેવાનો દાખવી રહ્યા છે અને તે અંગે ભારતીય અનુસંધાનની તેમના પક્ષે જે ઉપેક્ષા થઈ રહી છે અને તેના કેવા પ્રતિકૂળ પ્રત્યાઘાતો દેશના અન્ય રાજ્યો ઉપર પડી રહ્યા છે તેનો તેમણે ખ્યાલ આપ્યો હતો. આ રીતે દોઢ કલાકના પ્રવચન દરમિયાન વ્યાખ્યાતાએ શ્રોતાઓને દુનિ-યાના એક છેડાથી બીજા છેડા સુધીનો પ્રવાસ કરાવ્યો હતો અને ભારતીય તેમ જ આન્તરરાષ્ટ્રીય રાજકારણના ગર્ભમાં રહેલી વિવિધ સમસ્યાઓ અંગે સ્પષ્ટ દર્શન કરાવ્યું હતું.

પરમાનંદ

મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ ૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, ફોર્ટ, મુંબઈ.

રજીસ્ટર નં B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૨ : અંક ૯

પ્રબુદ્ધ જીવન

મુંબઈ. ઑગસ્ટ ૧ ૧૯૬૦, સોમવાર
આફ્રિકા માટે શિલિંગ ૮

શ્રી મુંબઈ, જૈનયુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ: ૨૦ નયા પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

* સાણંદનો શુદ્ધિપ્રયોગ *

પ્રક્રિયા અને પૂર્ણાહુતિ

(ગતાંકથી ચાલુ)

આપણે ગયા અંકમાં જોઈ ગયા તે મુજબ ભાલનળકાંઠા પ્રાયોગિક સંઘ સાથે વર્ષોથી જોડાયલાં અને પાછળનાં બે ત્રણ વર્ષ દરમિયાન પ્રાયોગિક સંઘ અને તેના પ્રેરક પ્રયોજક મુનિશ્રી સન્તબાલજી સાથે એક યા બીજા નિમિત્તે અથડામણમાં આવી રહેલાં સાણંદના જાણીતાં સમાજસેવિકા શ્રી મણિબહેને પ્રસ્તુત સંઘના આશ્રય નીચે ચાલતા સાણંદ ઋષિ બાલમંદિરના મકાન માટે ૧૯૫૮ની સાલના નવેમ્બર માસમાં બે મનોરંજક કાર્યક્રમો ગોઠવીને રૂા. ૩૬૮૦નો ફાળો એકઠો કરેલો. પંણ તે રકમ આ ઋષિ બાલમંદિરમાં તેમણે જમે કરાવી નહિ અને તેને લગતી પહોંચ્યુકો પણ ઋષિમંદિરના હવાલે કરી નહિ અને તે ઉપરાંત આ ઋષિમંદિરના ક્રિડાંગણ માટેનાં સાધનો ખરીદવા માટે જુદી જુદી દિશાઓથી અને જુદા જુદા સમયે જે કુલ રૂા. ૧૬૦૧ની રકમ મણિબહેનને મળેલી તે રકમ સાણંદમાં કેટલાએક સમયથી 'સંસ્કારકેન્દ્ર'ના નામથી ચાલતી એક અલગ સંસ્થાના નામે જમે કરીને તે રકમમાંથી ખરીદાયલાં રમતગમતનાં સાધનો સંસ્કાર કેન્દ્રને મણિબહેને પહોંચતાં કર્યાં. આ પ્રકારના આરોપો મણિબહેન સામે ભા. ન. કાં. પ્રાયોગિક સંઘના હતા. તે અંગે પત્રવ્યવહાર તથા વાટાઘાટો દ્વારા કશો નિકાલ નહિ આવતાં, મુનિ સન્તબાલજીની પ્રેરણા અને આયોજન નીચે ભા. ન. કાં. પ્રાયોગિક સંઘ:તરફથી તા. ૫–૧૨–૫૯ના રોજથી સાણંદ ખાતે મણિબહેન સામે એક લાંબી મુદતના શુદ્ધિપ્રયોગની શરૂઆત કરવામાં આવી.

આ શુદ્ધિપ્રયોગની વિગતોમાં આપણે આગળ વધીએ તે પહેલાં અહીં સ્પષ્ટ કરવાની જરૂર લાગે છે કે મણિબહેનની પ્રસ્તુત પ્રકરણમાં રહેલી નૈતિક ક્ષતિઓની જે વિગતો ઉપર આપવામાં આવી છે તે પ્રાયોગિક સંઘ તરફથી જુદા જુદા સમયે બહાર પાડવામાં આવેલી પત્રિકાઓ ઉપરથી તારવવામાં આવી છે. આ સંબંધમાં મણિબહેન સાથે મારો પ્રત્યક્ષ સંપર્ક સધાયલો નહિ હોવાના કારણે ઉપર જણાવેલા આરોપોના જવાબમાં મણિબહેનને શું કહેવાનું છે તેની મને કોઈ ખાસ માહિતી નથી અને તેથી ઉપર જણાવેલા આરોપો અંગે મણિબહેનની દોષિતતા ૯૯ ટકા સમજવાની છે, અને એક ટકો મણિબહેનના પક્ષે અનામત રાખવાનો રહે છે. આગળ જતાં એમ પણ બને કે મણિબહેનને આ આક્ષેપો અંગે જે કાંઈ કહેવાનું હોય તેની પૂરી જાણ થતાં તે એક ટકાનું વજન વધે અને ૯૯ ટકાનું વજન હળવું બને, એટલું જ નહિ પણ, નામશેષ બની જાય. પણ પ્રસ્તુત કિસ્સામાં આમ બનવાનો સંભવ બહુ ઓછો છે. કારણ કે મણિબહેન સામે શુદ્ધિપ્રયોગ શરૂ કરવામાં આવ્યો તે પહેલાં અને ત્યાર પછી આ પ્રશ્નને પતાવવાની ઇચ્છાથી પ્રેરાઈને જે કોઈ વિશિષ્ટ વ્યક્તિઓએ દરમિયાનગીરી કરી છે તેમણે ઉપરની બાબતો અંગે મણિબહેન તદ્દન નિર્દોષ છે એવો કોઈ અભિપ્રાય વ્યક્ત કર્યાનું જાણવામાં આવ્યું નથી અને તેથી પ્રાયોગિક સંઘે મણિબહેનની જે નૈતિક ક્ષતિઓ સામે શુદ્ધિપ્રયોગ આદરવાનો નિર્ણય કર્યો તેમાં ઘણા મોટા ભાગે તથ્ય રહેલું છે એમ સ્વીકારીને આપણે આગળ ચાલી શકીએ તેમ છીએ.

આ શુદ્ધિપ્રયોગની પ્રક્રિયા આ પ્રમાણે શરૂ કરવામાં આવી: મણિબહેન સાણંદમાં જ્યાં રહેતાં હતાં તેની સામેના ઘરમાં એક શુદ્ધિપ્રયોગ છાવણી ઊભી કરવામાં આવી. અહીં આ શુદ્ધિ-પ્રયોગમાં ભાગ લેતા સ્વયંસેવકો, બહેનો, ભાઈઓ, છોકરીઓ, છોકરાઓ દરરોજ સવારના એકઠા થવા લાગ્યા અને થાળી પીટતાં કે ગાલર વગાડતાં સરઘસના આકારમાં નીકળવા લાગ્યા અને 'મણિબહેનની બુદ્ધિમાં શુદ્ધિ હો', 'મણિબહેનની બુદ્ધિમાં શુદ્ધિ હો' એવા પોકારો વડે સાણંદ ગામની શેરીઓ ગજવવા લાગ્યા, આ પ્રક્રિયા પ્રાયશઃ આ શુદ્ધિપ્રયોગ તા. ૧–૬–૬૦ના રોજ સંકેલી લેવામાં આવ્યો ત્યાં સુધી ચાલુ રાખવામાં આવી. વળી, સંતબાલજી–પ્રેરિત શુદ્ધિપ્રયોગમાં ઉપવાસ તો હોય જ. આ મુજબ ઉપવાસોની એક અતૂટ પરંપરા ગોઠવવામાં આવી. આ અંગે તા. ૧–૬–૬૦ ના વિશ્વવાત્સલ્યમાં જણાવવામાં આવ્યું છે તે મુજબ "મીરાંબહેને આ પ્રયોગમાં પાંચ (ઉપવાસ)થી શરૂઆત કરેલી, ત્યાર બાદ નવ (ઉપવાસ) તેમણે કર્યા. મુંબઇનાં ભાઈબહેનોએ પણ પાંચ, સાત અને નવ (ઉપવાસ) કરી નાંખ્યા. નાનચંદભાઈએ અગિયાર અને કાશીબહેને પંદર (ઉપવાસ) કરી નાખ્યા. આ પહેલાં લગાતાર પાંચ છ માસમાં બે, ત્રણ (ઉપવાસો)ની હારમાળ ખૂબ ચાલી." ત્યાર બાદ આમરણાન્ત ઉપવાસ ઉપર જવા ઇચ્છતા શ્રી છોટુભાઈનો વારો આવ્યો.

આ ઉપર આપણે આવીએ તે પહેલાં, ઉપર જેમનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે શ્રી કાશીબહેનના તા. ૧૦–૫–૬૦ના રોજથી શરૂ કરવામાં આવેલા પંદર દિવસના ઉપવાસ ચાલતા હતા તે દરમિયાન બનેલી એક ઘટનાની નોંધ લેવી જરૂરી છે.

તા. ૧૪–૫–૬૦ ના રોજ સાણંદ ગામના ૨૨૨ નાગરિકોની સહીથી એક પત્રિકા બહાર પાડવામાં આવી હતી અને તેમાં જણાવવામાં આવ્યું હતું કે "સાણંદમાં સને ૧૯૫૮ માં નવેંબર માસ દરમિયાન ઋષિબાળ મંદિર અંગે મકાન કરવા માટે ફાળો

ઉધરાવવામાં આવ્યો હતો તે મકાન તૈયાર પણ થઈ ગયું છે. સદરહુ ફાળામાં નાણાં આપનાર તેમ જ સાણંદની જનતા ઇચ્છે છે કે જે હેતુ અને સંસ્થા માટે નાણાં ઉધરાવવામાં આવ્યાં હોય તેને તે નાણાં સુપ્રત કરવા જોઇએ, તો આ નાણાં જેની પાસે હોય અગર જેના વહીવટ હેઠળ હોય તેમણે સદરહુ નાણાં ઋષિબાળ મંદિરની સંસ્થાને આપી દેવા."

આ શુદ્ધિપ્રયોગ શરૂ કર્યાને લગભગ સાડાપાંચ મહિના થવા આવ્યા હતા. વળી તે પ્રયોગ જે વ્યક્તિને અનુલક્ષીને શરૂ કરવામાં આવ્યો હતો તે મણિબહેન હજુ પણ અણનમ રહ્યાં હતાં અને પેલી રૂા. ૩૬૮૦ની રકમ તથા પાવતી બુકો જ્યાંની ત્યાં જ પડી હતી. આમ છતાં પણ સાધારણ રીતે આવા શુદ્ધિ પ્રયોગોને અંગે તેના પ્રયોજકો તરફથી આવી પરિસ્થિતિ દરમિયાન એમ કહેવામાં આવે છે કે "અમુક વ્યક્તિનો કે અમુક રકમ પાછી મેળવવાનો અમને એકાંત આગ્રહ નથી. માત્ર આસપાસની જનતાનો લોકમત અમારી વાતને સ્વીકારે અને તેને સમર્થક એવું વાયુમંડળ ઊભું થાય તો તેથી પણ અમને પૂરતો સંતોષ છે." આમ જણાવીને ચાલતો શુદ્ધિપ્રયોગ સંકેલી લેવામાં આવે છે. આ રીતે વિચારતાં ઉપર જણાવેલ ૨૨૨ નાગરિકોનું એટલે કે સાણંદની જનતાનું પ્રતિનિધિત્વ ધરાવતા સમુદાયનુ નિવેદન પાંચ પાંચ મહિનાથી ચાલી રહેલા શુદ્ધિપ્રયોગને સંકેલી લેવા માટે પૂરતું હતું અને અઢાર દિવસ બાદ લગભગ આવી જ ભૂમિકા ઉપર આ શુદ્ધિપ્રયોગ આખરે સંકેલી લેવામાં આવ્યો હતો. પણ મુનિ સન્તબાલજીએ નિર્ધારિત કરેલા કાર્યક્રમ સાથે આજની કક્ષાએ તત્કાળ આમ કરવું બંધબેસતું થાય તેમ નહોતું. આ શુદ્ધિપ્રયોગના કાર્યક્રમને જો મણિબહેન નમતું ન આપે તો આખરે આમરણાન્ત ઉપવાસના મંડાણ કાર્યક્રમ સુધી લંબાવ્યે જવો અને આ શુદ્ધિપ્રયોગ ઉપર આમરણાન્ત ઉપવાસનો કળશ ચઢાવવો એવો સન્તબાલજીના દિલમાં મૂળથી આગ્રહ રહેલો હતો. આ બાબતનું સૂચન તા. ૧-૩-૬૦ના વિશ્વવાત્સલ્યમાં મુનિ સન્તબાલજીએ લખેલા અગ્રલેખમાં કરવામાં આવ્યું હતું તેમાં જણાવવામાં આવ્યું હતું કે આથી હમણાં સાણંદમાં જે શુદ્ધિપ્રયોગ ચાલે છે તેણે એક બાજુ જેમ સામૂહાયિક તીવ્ર ઉપવાસોનો ક્રમ છેલ્લા એક માસથી શરૂ કર્યો છે તેમ સાથોસાથ આમરણાન્ત અનશન અથવા અનિયત કાળના ઉપવાસો સંસ્થાઓના સંદર્ભમાં કિંવા સંસ્થાની રાહબરી નીચે કરવાના વિચારો વહેતા થયા છે." આ આખો અગ્રલેખ પ્રસ્તુત શુદ્ધિપ્રયોગના સંદર્ભમાં આમરણાન્ત અનશનની ભૂમિકા ઊભી કરવાના હેતુથી જ લખવામાં આવ્યો હતો.

આ રીતે કાશીબહેનના ૧૫ ઉપવાસ તા. ૨૪-૫-૬૦ના રોજ પૂરા થયા અને શ્રી છોટુભાઇએ તા. ૨૫-૫-૬૦ના રોજ આમરણાન્ત અનશન શરૂ કર્યા. આ અનશનને 'શરતી આમરણાન્ત અનશન' તરીકે તા. ૧-૬-૬૦ના વિશ્વવાત્સલ્યમાં વર્ણવવામાં આવ્યા હતા અને એમ છતાં આ શરત શું એ બાબતની પ્રસ્તુત લેખમાં કોઇ ઠેકાણે સ્પષ્ટતા કરવામાં આવી નહોતી. પણ આ અનશન અંગે તા. ૧૦-૫-૬૦ના રોજ શ્રી છોટુભાઇ જેઓ વડોદરાના વતની છે, સજ્જન અને ભદ્ર પુરૂષ છે અને મુનિ સન્તબાલ પ્રત્યે ઊંડી ભક્તિ અને શ્રદ્ધા ધરાવે છે તેમના તરફથી વડોદરા મુકામેથી એક સાથે ત્રણ પત્રિકાઓ બહાર પાડવામાં આવેલી તેમાંની એક પત્રિકામાં છેવટે એમ જણાવવામાં આવ્યું હતું કે "આ અનશન શરતી છે. શ્રી ભા. ન. કાં. પ્રા. સંઘની શુદ્ધિપ્રયોગ સમિતિ જ્યારે પણ મને આદેશ આપશે ત્યારે પારણું કરીશ." આ ઉપરથી આ અનશન શુદ્ધિ પ્રયોગ સમિતિના આદેશને આધીન રહીને ચલાવવાનું હતું એમ સ્પષ્ટ થાય છે.

વસ્તુતઃ 'આમરણાન્ત' અને 'શરતી' એ બે શબ્દો પરસ્પર વિરોધી છે. કહેવાતાં આમરણાન્ત અનશન અંગે માત્ર બે જ વિકલ્પ કલ્પી શકાય: (૧) જે હેતુથી અનશન શરૂ કરવામાં આવેલ હોય તે હેતુ સિદ્ધ થાય અને અનશન સમાપ્ત થાય; અથવા તો (૨) તે હેતુ અસિદ્ધ રહે અને અનશનધારીનો દેહ પડે. પ્રસ્તુત પ્રકરણમાં મણિબહેન વિદ્યાદાસ્પદ રકમ સંઘને પાવતીઓ સાથે પાછી પહોંચાડે અને છોટુભાઇના ઉપવાસ સમાપ્ત થાય અથવા તો જેમ આંધ્રના પ્રશ્નમાં આમરણાન્ત અનશન ઉપર ગયેલા રામુલ્લુના દેહનો અન્ત આવ્યો તેમ અહીં મણિબહેન અણનમ રહે અને છોટુભાઇના દેહનો અન્ત આવે. પણ પ્રસ્તુત અનશન પાછળ આવી કોઇ ભીષ્મપ્રતિજ્ઞાની કલ્પના નહોતી એમ 'શરતી' શબ્દ ઉપરથી માલુમ પડે છે. છોટુભાઇના અનશન અંગે પ્રાયોગિક સંઘનો આદેશ હોય ત્યાં સુધીના ઉપવાસ એટલો જ અર્થ આપણે તારવવાનો રહે છે. અલબત્ત, મણિબહેન નમતું ન આપે અને પ્રાયોગિક સંઘ અનશન બંધ કરવાનો આદેશ ન આપે તો તેમાંથી પ્રસ્તુત અનશન આમરણાન્ત અનશનમાં પરિણમે એવી એક સંભાવના રહી છે ખરી. પણ પ્રાયોગિક સંઘ આટલી હદ સુધી જાય એવી કલ્પનાને કોઇ અવકાશ જ નહોતો. નહિ તો પાછળથી જે સમજૂતી ઉપર આ અનશનનાં પારણાં કરવામાં આવ્યાં તેવી સમજૂતી શક્ય જ બની ન હોત.

હવે ઉપર જણાવ્યું તે મુજબ મે માસની ૨૫ મી તારીખે શ્રી છોટુભાઇ શરતી આમરણાન્ત અનશન ઉપર ગયા અને તરતમાં જ શુદ્ધિપ્રયોગે ઊભી કરેલી સમસ્યાનો ઉકેલ કેમ આવે અને આ અનશનનો કેમ જલદીથી અંત આવે તેને લગતાં ચક્રો ગતિમાન થયાં અને તે સંબંધમાં ચર્ચા-વિચારણા અને વાટાઘાટ જવાબદાર કાર્યકર્તાઓ અને છોટુભાઇ પ્રત્યે સહાનુભૂતિ ધરાવતા અન્ય મિત્રો વચ્ચે શરૂ થઇ. અનશનના પ્રારંભમાં જ એક એવી દરખાસ્ત ચર્ચાઈ રહી હતી કે પૂજ્ય રવિશંકર મહારાજ ત્રણ યોગ્ય વ્યક્તિઓની એક તપાસ સમિતિ નીમે, આ તપાસ સમિતિ પ્રસ્તુત શુદ્ધિપ્રયોગ સાથે સંબંધ ધરાવતી બધી બાબતોની તપાસ કરે અને એના રીપોર્ટ ઉપરથી રવિશંકર મહારાજ જે ચુકાદો આપે તે બધાને માન્ય બને. આ દરખાસ્ત લગભગ સ્વીકૃત થવાની અણી ઉપર હતી, પણ શુદ્ધિપ્રયોગ સમિતિના સભ્યોને અને મુનિ સન્તબાલજીને લાંબો વિચાર કરતાં આ દરખાસ્ત સ્વીકારવા યોગ્ય ન લાગી. એક તો આ તપાસ સમિતિ કહેવાય કે લવાદી કહેવાય તેના શાસ્ત્રાર્થમાં કેટલાકની બુદ્ધિ ગુંચવાડામાં પડી. વળી એવું પણ વલણ દેખાયું કે મણિબહેનની નૈતિક ક્ષતિઓ બે ને બે ચાર જેવી સ્પષ્ટ અને શંકાતીત છે. આવા નર્યા સત્યની વળી તપાસ કેવી? આ બધું જે હો તે હો, પણ રવિશંકર મહારાજ અને તપાસ સમિતિની વાતને પડતી મૂકવામાં આવી. ત્યાર બાદ શું બન્યું એ આપણે સન્તબાલજીના શબ્દોમાં જ જોઇએ. તા. ૧૬-૬-૬૦ના વિશ્વવાત્સલ્યમાં 'સાણંદ શુદ્ધિપ્રયોગની સંપૂર્ણ સફળતા' એ મથાળા નીચે પ્રગટ થયેલા અગ્રલેખમાં મુનિ શ્રી સન્તબાલજી છોટુભાઇના અનશનના તા. ૧-૬-૬૦ના રોજ સાંજના શી રીતે પારણાં થયાં અને પ્રસ્તુત શુદ્ધિપ્રયોગ શી રીતે આટોપી લેવાયો તેની વિગતો આપતાં જણાવે છે કે "સાણંદના એ નાગરિકોની અપીલ (૨૨૨ નાગરિકોની જે પત્રિકાનો ઉપર ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે) પાછળથી ઉભા કરેલા બાળ કેળવણી મંડળ (જેને મનોરંજન કાર્યક્રમો દ્વારા થયેલી રૂા. ૩૬૮૦ની આવક સુપ્રત કરવામાં આવી હતી-આ કેળવણી મંડળનો પ્રબુદ્ધ જીવનના ગતાંકમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે.) ના પ્રમુખને

થઇ. તેમણે રાજીનામું આપી દીધું. બીજા પણ એક સભ્યે રાજીનામું આપ્યું અને બીજા પણ કેટલાકોએ રાજીનામાની તૈયારી કરવા માંડી. આ રીતે નાણાં રોકનારાઓની ધરતી સરી જવા લાગી, પણ તરત તેઓ જીદ્દ ન છોડી શકવાથી સાણંદના નાગરિકોએ દાતાઓની અને નાગરિકોની સભા બોલાવી ઠરાવો સાથેનું નિવેદન ધડી સાણંદમાંની સંઘની શુદ્ધિપ્રયોગ સમિતિને હવાલે સુપ્રત કરતાં જણાવ્યું : 'અમારામાંના અનેકે સમૂહગત અને વ્યક્તિગત રીતે એ નાણાં અને પાવતીઓ (રોકનારા પાસેથી) પાછાં મેળવવા માટે પ્રયત્ન કર્યો છે, પણ આ કાર્યમાં જવાબદાર વ્યક્તિઓ તરફથી સાનુકુળ જવાબ મળ્યો નથી. અમારા નમ્ર મત મુજબ આ રીતે સંસ્થાના નાણાંની ફેરબદલી કરવી અને દાતાઓની (પણ) સ્પષ્ટ માગણી છતાં એ નાણાં પાછાં નહિ આપવાનું કૃત્ય એ જાહેર સંસ્થાઓ સાથે સંકળાયલી વ્યક્તિઓ માટે શોભારૂપ નથી. આ બાબતમાં કેવળ પૈસા એ મહત્ત્વની વસ્તુ નથી, પણ લોકમનોવૃત્તિમાં શુદ્ધિપ્રયોગના આન્દોલનથી જે જાગૃતિ લાવવાનો આપનો ઇરાદો હતો તે આવી ચૂકી છે. એટલે એ જ નાણાં પાછાં મેળવવાનો આગ્રહ રાખવાને બદલે સાણંદ ગામમાં જાહેર જીવનની શાંતિ માટે નવેસરથી અમો દાતાઓ તથા આગેવાન નાગરિકો તેટલી જ રકમનો રૂપિયા ૩૯૮૦ (ત્રણ હજાર નવસો એંશી)ની રકમનો ફાળો કરીને આપને આપીએ છીએ અને અમે સૌ આપને શુદ્ધિપ્રયોગ બંધ કરવાની અને શ્રી છોટુભાઇનાં પારણાં કરાવવાની વિનંતિ કરીએ છીએ. શુદ્ધિપ્રયોગ સમિતિને આ દરખાસ્ત મંજૂર હતી જ. મારી સલાહ પણ મેં અંબુભાઇ (પ્રાયોગિક સંઘના મંત્રી) છેલ્લા મળ્યા ત્યારે તા. ૨૭-૫-૬૦ના આપી દીધી જ હતી." આ રીતે શ્રી છોટુભાઇએ અનશનના આઠમા દિવસની સાંજે પારણાં કર્યાં અને સાણંદ શુદ્ધિપ્રયોગ લગભગ સાત મહિનાના અંતે સંકેલાયો.

ઉપર જણાવેલ સમાવર્તન પ્રસંગે ભાલનલકાંઠા પ્રાયોગિક સંઘના પ્રમુખશ્રીએ જાહેરાત કરી કે "સંઘને તો જાહેર મૂલ્યોની પડી છે. તે ખાતર તે બલિદાનો અર્પવા તૈયાર થયો હતો. સદ્‌ભાગ્યે સાણંદના નાગરિકોએ સંપૂર્ણ સફળ અંત આણ્યો છે અને બલિદાનો લેવાતાં અટકી ગયા છે. નાગરિકોએ પુનઃ ફાળો કરી પોતાની ફરજ બજાવી છે. પણ સંઘ તેમની ભાવનાને માથે ચઢાવી તેમણે પુનઃ કરેલા ફાળાને બીજા એવાં શુભ કાર્યોમાં વાપરવાનું વિનવી તે નાણાં સ્વીકાર્યા વિના જ પરત કરવામાં આવે છે."

તા. ૫-૧૨-૫૯ના રોજ શરૂ કરવામાં આવેલ શુદ્ધિપ્રયોગની આ રીતે તા. ૧-૬-૬૦ના રોજ પૂર્ણાહુતિ કરવામાં આવી. આ દીર્ઘકાલીન શુદ્ધિપ્રયોગનું મૂલ્યાંકન આવતા અંકમાં કરવામાં આવશે.

અપૂર્ણ

પરમાનંદ

સત્યસંશોધનની વૃત્તિ: સ્વતંત્ર વિચારણા

લગભગ બધા જ ધર્મોએ આપણને એવું શિક્ષણ આપ્યું છે કે 'આપણા કહેલા ધર્મમાં જ પૂર્ણ અને અંતિમ સત્ય છે' અને બીજા અપૂર્ણ યા ભ્રમમાં પડેલા છે, એટલું જ નહિ એમાં શંકા કરવી એ નાસ્તિકતા અને અધર્મનું લક્ષણ છે. આ કારણે આપણી સત્યસંશોધનની દૃષ્ટિ અવરાઇ ગઇ છે અને સ્વતંત્ર વિચારણા કચડાઇ ગઇ છે. જો કોઇ એ પર ચિંતન કરી નવવિચાર વ્યકત કરે છે તો તરતજ એની સામે શાસ્ત્રપ્રમાણોનો ઢગલો કરી એનું મોં કાં તો બંધ કરી દેવામાં આવે છે, કાં તો એને ધર્મદ્રોહી ધર્મદુશ્મન કરી ભાંડવામાં આવે છે.

ખ્રીસ્તી-યહુદી તથા ઇસ્લામ આદિ પંથોમાં તો આવી માન્યતા પર વિશેષ ભાર દેવાયો છે, જેથી ધર્મશાસ્ત્રોમાં કહેલી વાતો વિરૂદ્ધ કોઇ શંકા પણ કરી શકતું નથી, કરે છે તો એને ખૂબ સહન કરવું પડે છે. વૈદિક પંથોમાં આવી સખ્તાઇ નથી, છતાં એને વેદનું પ્રામાણ્ય તો મેળવી જ લેવું પડે છે અને એમ કરવા જતાં સત્યને મારી મચડીને પણ 'વેદ'ના ચોકઠામાં ગોઠવવું પડે છે. સત્યશોધક જ્ઞાનીઓને પોતાના પ્રત્યક્ષ અનુભવ જુદો પડતો હોય તો પણ એમને ય વેદના શબ્દોમાંથી ખેંચીને પણ પોતાની માન્યતા મુજબનો અર્થ ઊભો કરવો પડે છે. કારણ કે વેદ એ જ એક માત્ર અપૌરૂષેય શાસ્ત્ર છે એવો સંસ્કાર તેઓ છોડી શકતા નથી અને તેથી વેદથી જુદો અભિપ્રાય આપવાની હિંમત થઇ શકતી નથી. કોઇ એવી હિંમત કરે છે તો કાં તો એને બહિષ્કૃત થવું પડે છે, કાં તો સમાજ એને સાંભળતો નથી.

મહાવીર-બુદ્ધ જેવા અસાધારણ કોટિના પ્રભાવશાળી પુરૂષોએ જ વેદના અભિપ્રાયથી જુદા પડવાની હિંમત બતાવી પોતાને સૂઝેલા સત્યનો પ્રચાર કર્યો હતો અને જનતા પર એ કાબુ જમાવી શકયા હતા. વેદની જેમ 'આમ જ હોવું જોઇએ' ને બદલે 'એમણે શું કરવું જોઇએ'ની વાત શીખવી નવીન સ્વરૂપે રજુ થતા સત્યને ઓળખવાનો માર્ગ ખુલ્લો કર્યો હતો.

પાછલા યુગમાં કબીર-નાનક-દાદુ જેવા કેટલાક સંતોએ એવી હિંમત બતાવી હતી, છતાં સંત તુલસીદાસ જેવા સંતોના ય પ્રહારો એમને કંઈ ઓછા નહોતા સહન કરવા પડયા. અને તેથી એ એટલો પ્રભાવ નહોતા પાથરી શકયા. દક્ષિણમાં લિંગાયતો અને અલ્વારોને તો આ જ કારણે પાછળથી વેદોનું પ્રામાણ્ય સ્વીકારવું પડયું હતું અને ત્યાર પછી જ એમનું ગાડું ઠીક ઠીક ચાલવા લાગ્યું હતું.

મહાવીર અને બુધ્ધે આ જડ માન્યતા પર ભારે પ્રહારો કર્યા હતા અને સ્વતંત્ર વિચારણા અને સત્યશોધનની વૃત્તિને વેગ આપ્યો હતો અને એમ કરીને એમણે અનંત સત્યના દર્શન કરવાની બારી ખોલી નાખી હતી. 'કોઇ પણ શાસ્ત્ર કે ગ્રંથ સાથે સત્યને બાંધી રાખવાથી અનંત સત્ય મર્યાદિત થઇ જાય છે અને એથી તો સત્યને નામે જ સત્ય પર આક્રમણ શરૂ થાય છે'. આવી દલીલો દ્વારા એમણે સત્યની મુડી વધારવાની, એને ખીલવવાની અને પ્રસંગ આવે એમાં ઘટતો ફેરફાર કરી સત્યને સામાયિક રૂપ આપવાની આજ્ઞા કરી છે.

'બંધિયાર પાણી સમય જતાં બદબૂ મારે જ, તેમ કોઇ પણ વસ્તુને ચોકઠામાં બાંધી રાખવાથી એ સડી ઊઠે છે. વહેતા પાણીની જેમ એને વિકસવા દેવાથી જ એ સ્વચ્છ અને નિર્મળ રહી શકે છે. એથી કોઇ પણ વસ્તુને જડની જેમ ચીટકી રહેવાથી ધર્મ પ્રાપ્ત થતો નથી, પણ એના વિકસિત રૂપને સ્વીકારવાથી જ ધર્મને જીવંત રાખી શકાય છે અને શાસ્ત્રો એ કંઇ ઉપરથી નથી ઊતર્યા, પણ સંતોના અનુભવોની એ અમરવાણી છે-એમના અનુભવોનું એ દર્શન છે એથી અનુભવ એ જ શાસ્ત્ર છે-સત્ય છે અને એનો સાક્ષી છેવટે તો આપણો પોતાનો જ અંતરાત્મા છે. ગ્રંથોમાં તો ગરબડ પણ થઇ શકે છે. એથી અન્યોના અનુભવોની સહાય લઇ શકાય, પણ એ જ અંતિમ સત્ય છે એમ માનીને ન ચલાય અને જગત તો ક્ષણે ક્ષણે પરિવર્તન પામતું હોઇ પરિસ્થિતિ સદા એકધારી ટકી જ ના શકે. એથી સત્ય પણ નવનવ સ્વરૂપે નવો સ્વાંગ સજીને પ્રગટયા વિના રહે જ નહીં. કારણ વિશ્વ એ આત્માઓની લીલા હોઇ અને આત્મા એ જ સત્ય હોઇ વિશ્વ અને સત્ય એકરૂપ છે. આ દૃષ્ટિએ વિશ્વનો વિકાસ થયા કરે અને આત્માઓ અક્રિય રહે એ બને જ નહીં. એથી વિશ્વ અને સત્ય સંકળાયેલા હોઇ

સત્યનું સામાયિક સ્વરૂપ સદા બદલાતું જ રહે છે.' આવી વિચારસરણીથી ભગવાને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ જોઇ સત્યને સામયિક રૂપ આપવાની આજ્ઞા મૂકી છે. બાકી સત્યનું મૂળભૂત આન્તર સ્વરૂપ એ એક જુદી વસ્તુ છે અને તે તો સામાન્ય માનવીના અનુભવ બહારની વસ્તુ હોઇ એનું એ સ્વરુપ તો એને પામીને જ અનુભવી શકાય.

આમ મહાવીરે સ્વતંત્ર વિચારણાપૂર્વક સત્યશોધનની દૃષ્ટિને આવકારી છે અને એટલા માટે જ સમજ્યા વિના–પરિક્ષણ કર્યા વિના શાસ્ત્રવચનો પર પણ કેવળ આંધળી શ્રદ્ધા રાખવી એને એમણે મિથ્યાત્વ–અજ્ઞાન કહ્યું છે, કારણ કે સત્યાસત્ય–નિર્ણયકારી બુદ્ધિ વિના એટલે કે વિવેકદૃષ્ટિ વિના સત્ય સમજાતું નથી. શાસ્ત્રોમાં જે એમ કહેવામાં આવ્યું છે કે સમ્યક્ત્વીને મિથ્યાદૃષ્ટિ શાસ્ત્રો પણ સમ્યક્ત્વરૂપે પરિણમે છે અને મિથ્યાદૃષ્ટિવાળાને સમ્યક્ત્વનાં શાસ્ત્રો પણ મિથ્યાત્વરૂપે પરિણમે છે એનું કારણ આ છે. મૂળ વાત એ છે કે સ્વતંત્ર વિચારણાપૂર્વક સત્ય શું અને અસત્ય શું એને તારવવાની વિવેકદૃષ્ટિ ખુલવી જોઇએ.

જગત જો દૃષ્ટિ અપનાવે તો સાંપ્રદાયિક કલહો નષ્ટ થઇ 'આપણે શું કરવું' એ વિચારી શકીએ અને સમભાવપૂર્વક જ્યાં જ્યાં સત્ય પથરાયેલું જણાય એમાંથી બે ખોબા પી–પાઇ માનવ માનવ વચ્ચે સ્વર્ગ ઊભું કરી શકીએ. પછી ધર્મો બાપીકી મૂડી ન રહેતાં માનવમાત્રની સહિયારી મૂડી બની વિશ્વકલ્યાણકારી તત્ત્વ બની રહેશે અને તો જ સર્વદર્શન સંગ્રહઃ इति જૈનધર્મઃ એ સૂત્ર ચરિતાર્થ બનશે.

મહાવીરે આ કારણે કહ્યું છે કે :–

रत्तो दुट्ठो मूढो पुव्व पुग्गारिओ अ चत्तारि ।
ए ए धम्माणरिहा अरिहो पुण रोई मज्झत्थो ॥

જે દૃષ્ટિરાગી છે, દ્વેષી છે, હિતાહિતને નહીં સમજનારો છે તેમ જ સાચાખોટાની પરિક્ષા કર્યા વિના જે પરંપરાગત વસ્તુને વળગી રહેનારો છે, એવો પુરૂષ ધર્મ પ્રાપ્ત નથી કરતો. હરિભદ્રસૂરિ મહારાજ પણ કહે છે કે :

पक्षपातो न मे वीरे, न द्वेषः कपिलादिषु ।
युक्तिमद् वचनं यस्य तस्य कार्यः परिग्रहः ॥

મહાવીર પ્રત્યે મારો પક્ષપાત નથી, કપિલાદિ પુરૂષો પ્રત્યે દ્વેષ નથી, પણ જેનું વચન બુદ્ધિ–તર્ક સંગત છે એ જ મને પ્રમાણભૂત હો.

'નિશીથ एक अध्ययन'ના વિદ્વાન સમાલોચક પણ નિશીથ ગાથા ૫૨૪૮, તથા ૨૦૬૭ તેમજ ઉપદેશમાલા ગા. ૩૯૨ના આધારે લખે છે કે :

તીર્થંકરોએ કોઇ વિષયની અનુજ્ઞા કે પ્રતિષેધ નથી કર્યો. કેવળ એટલી જ આજ્ઞા આપી છે કે કાર્ય ઉપસ્થિત થાય ત્યારે કેવળ સત્યનો જ આશ્રય લેવો, અર્થાત્ પોતાના કે અન્યના આત્માઓને ધોખો ન દેવો. સંયમી પુરૂષોનું ધ્યેય મોક્ષ છે. એથી એ પ્રત્યેક કાર્યમાં વિચાર કરે કે હું એથી મોક્ષથી દૂર જાઉં છું કે પાસે? જ્યારે સિદ્ધાંતમાં એકાંતવિધિ યા નિષેધ નથી ત્યારે પોતાના લાભાલાભનો વિચાર કરનારા વણિકની જેમ સાધક પોતાના લાભ–અલાભનો વિચાર કરે એજ યોગ્ય છે.

આમ ભગવાન મહાવીરે સ્વતંત્ર વિચારપૂર્વક કર્તવ્ય શું–અકર્તવ્ય શું એ વિચારી તદનુરૂપ જીવન જીવવા પર ભાર મૂક્યો છે. એટલું ખરૂં કે જીવમાં જ્યાં સુધી સ્વતંત્રપણે આત્મનિર્ણય કરવાની શક્તિ અને શ્રદ્ધા ન પ્રગટે ત્યાં સુધી એ પોતાના સન્માર્ગદર્શક ગુરૂ કે પરંપરાગત આચારને અનુસરે અને એમાં જ એનું ઇષ્ટ છે. પણ છેવટે તો એણે પોતાએ જ પોતાનો માર્ગ શોધી લેવો પડશે, કારણ કે હરેક જીવની ગૂંચ ગૂંચાયેલા કોકડાની જેમ જુદી જુદી હોઇ એ ગૂંચ એ પોતે જ ઉકેલી શકે. એમાં કોઇ ચોકસ પદ્ધતિ કામ ન આવે.

'જૈન ધર્મના સિદ્ધાંતો અને સંઘ' અપ્રગટ પુસ્તકમાંથી'

શાહ રતિલાલ મફાભાઇ–માંડલ

પાગલ પ્રેમી

(એક સત્ય ઘટના)

રમેશના લગ્નને થોડા દિવસ બાકી હતા. કંકોત્રીઓ વહેંચાઇ ગઇ હતી અને લગ્નને લગતી બીજી તૈયારીઓ પણ થઇ રહી હતી. એવામાં એને ખબર મળ્યા કે રમાને કંઇક થયું છે ને એના માબાપ લગ્ન લંબાવવા વિચારી રહ્યા છે. આ "કંઇક" થયું છે એ પણ કોઇ જેવી તેવી માંદગી નથી...આમ શારીરિક દૃષ્ટિએ તો કોઇ માંદગી જ નથી; પરંતુ જે છે તે માનસિક છે. રમાનું મગજ અસ્થિર થતાં, ગાંડપણની દશાએ પહોંચી ગયું છે! થોડા જ દિવસમાં જેની સાથે સુખભર્યું લગ્નજીવન શરૂ કરવું છે એ રમા, એ જ રમા એનાં બધાં સ્વપ્નાનો ભાંગીને ભૂકકો કરી શકે તેની ગાંડી–પાગલ બની ગઇ છે! આ સમાચારનો આઘાત કેવો હોઇ શકે! જો કે રમેશના વિવાહને હજી બે જ મહિના થયેલા. તેમ જ રમા સાથે એનો પ્રત્યક્ષ પરિચય બહુ જ થોડો થયેલો. જુનવાણી રિવાજ મુજબ એ બેઉને એકબીજાને જોવાનો તેમ જ નહિવત્ વાતો કરવાનો જ લાભ મળેલો. એટલે એમાં લાગણીના પ્રવાહો કેટલા પ્રબળ હશે એ બીજાને પ્રશ્ન થાય. પરંતુ એના મનથી તો એ રમા સાથે દૃઢપણે બંધાઇ ચૂકેલો. સામાન્યપણે કોઇ પણ યુવાન કોઇ ગાંડી યુવતી સાથે જાણીબૂઝીને ન જોડાય. વિવાહ થઇ ગયો હોય ને તરત એ તોડી નાંખવા ન ઇચ્છે તોયે એ લગ્ન લંબાવીને સામી યુવતી તદ્દન સાજી થાય પછી પરણવા ઇચ્છે. ઘણાખરા તો આવી શ્રદ્ધા રાખ્યા વગર બીજા પાત્રો જોવા પણ માંડે જ. પરંતુ રમેશે પોતાની પ્રતિજ્ઞા ટકાવી રાખી. પોતાને ગામથી એ તરત અમદાવાદ (રમાને ઘેર) જવા નીકળ્યો.

બપોરે ૧૨ વાગ્યાની ગાડીમાં રમેશ રમાને ઘેર પહોંચ્યો, ને સ્વસ્થતાપૂર્વક આખો દિવસ ત્યાં રહ્યો. એ દરમ્યાન આખા કુટુંબની મૂંઝવણ ખૂબ સરળતા ને સહૃદયતાથી જોઇ. રમાના વડિલો સમજુ હતા. એમણે તો રમેશને લગ્ન લંબાવવાની ને તેમ પણ ન ઇચ્છે તો રદ કરવાની પણ છૂટ આપી. રમેશે રમાની વર્તણૂંક ખૂબ સ્વસ્થતાથી જોયા કરી. રમામાં રમેશની હાજરીનો ભાવાત્મક કશો જ આવકાર ન્હોતો. હા, એક બે વાર એની સામે મુઠ્ઠી ઉગામેલી! બાકી એની સાથે એ એક અક્ષર પણ ન બોલી. વડિલોની શરમ ખાતર નહીં પણ પોતાના ભાનને અભાવે, બધાંના કહેવાથી રમા રમેશ હતો તે ખંડમાં બેઠી. પણ યંત્રવત્! એના મોં પર કોઇ જાતનો ભાવ નહીં.

આવું શૂન્યમનસ્ક વર્તન સાંજ સુધી ચાલ્યું. પછી સાંજે રમેશ ને રમા મહાદેવના મંદિરે દર્શન કરવાં ગયાં. દર્શન કરીને થોડી વાર બગીચામાં બેઠાં. એ વખતે એણે રમેશ સાથે થોડી-ઘણી વાતો મન ખોલીને કરી. ધીમે ધીમે મન ખૂલતાં એણે રમેશને વધુ બેસાડ્યો અને કંઇક સંતોષકારક અવસ્થામાં બેઉ ઘેર પાછાં આવ્યાં. પરિણામે રમેશે માન્યું કે એનું ગાંડપણ માનસિક જ છે ને પોતે એને પ્રેમ ને ત્યાગથી સાજી કરી શકશે. જો કે ઘેર આવ્યા બાદ રમા પાછી એની મૂળ અવસ્થા–ગાંડ-

પણમાં આવી ગયેલી. છતાં એ ગાંડા માનસમાં પણ રમેશ માટે મમતા ભરી હોય તો નવાઇ નહીં.

રમેશ બીજે દિવસે પોતાને ગામ ગયો એ પહેલાં મારી (આ લખનારની) સાથે સારી એવી વાતો થઇ. મેં તો એને સ્પષ્ટ પૂછ્યું કે "તમારા મનમાં રમાને સ્વીકારવાની સંપૂર્ણ તૈયારી છે? લગ્નને ત્રણ જ દિવસ બાકી છે, માટે જે નક્કી કરો તે પૂરી તૈયારી સાથે કરજો!"

અને જવાબ શું?!

"એક વાર રમાને મેં સ્વીકારવાનું નકકી કર્યું હતું. પછી એ ગમે તેવી હોય તો યે મારે લગ્ન કરવા જ જોઇએ. એનું ગાંડપણ જીવનભર રહે તો યે હું એ નભાવી લઇશ."

આવો ત્યાગપૂર્ણ પ્રેમ, આવી આદર્શ જીવનદૃષ્ટિ, આવો હિમ્મતભર્યો આશાવાદ! હું તો એના જવાબથી ચકિત થઇ ગઇ.

રમા મારી બ્હેનપણી થાય એટલે એને આવી સુંદર રીતે સમજનાર પાત્ર મળ્યું એનો મને અત્યંત આનંદ થાય જ. પણ રમેશ માટે તો અમને સૌને ખૂબ માન થયું. આજના આછકલા પ્રેમમાં પરિપૂર્ણતા માનીને રાચતા યુવાનો આમાંથી કેટલું શીખી શકે?

રમેશ અમદાવાદથી જતાં જતાં મને આગ્રહપૂર્વક કહેતો ગયો કે "ત્રણ દિવસ પછી તો હું બધી જવાબદારી લેવાનો છું જ. પણ ત્યાં સુધી મારી ગેરહાજરીમાં રમા સરખું ખાય પીએ એટલું તમે જરૂર ધ્યાન રાખજો."

અને પહેલા નક્કી કરેલું તે જ દિવસે રમેશ અમદાવાદ આવ્યો ને બને તેટલી સાદાઇથી લગ્ન થયાં! રમેશ દેશસેવાનું કામ કરે છે એટલે એને લગ્નની ધામધૂમ, ખોટો ખર્ચ તથા બિનજરૂરી રીતરિવાજો જરાય પસંદ નહોતા. એટલે લગ્નમાં સાદાઇનો આગ્રહ હતો.

લગ્ન દરમ્યાન પણ રમાની તો એ જ શૂન્યાવસ્થા હતી. પોતાનાં લગ્ન છે એવો એને ખ્યાલ પણ નહોતો. બધાં જે પહેરાવે તે પહેરી લેતી ને જે વિધિ કરાવે તે કરતી—પણ બિલકુલ યંત્રવત્! લગ્નનું સુખ કે વિદાય સમયે પિતૃગૃહ છોડવાનું દુઃખ—બધું એની સમજણબહાર હતું.

રમેશે આ બધું પૂર્ણ સ્વસ્થતાથી ને હાર્દિક સહકારથી સહી લીધું. લગ્ન એ તો જીવનનો ક્રમ હોય ને લગ્ન બાદ પરિણિતાને સુખી કરવી એ જ એનો ધર્મ હોય એ ભાવથી એણે પોતાનાં લગ્ન વધાવી લીધાં.

અને એ ધર્મનું આચરણ બીજે જ દિવસથી શરૂ કર્યું. એને માટે સહજીવનની મધુર કલ્પના જુદી હતી. એને કાને પ્રેમાલાપો જુદા સાંભળવાના હતા. એને માટે મધુરજની પણ જુદી જ હતી. એ તો ચાલ્યો બીજે જ દિવસે એને લઇને મરોલી આશ્રમ તરફ. ત્યાંના માનસિક ચિકિત્સાલયમાં રમાને સારવાર માટે દાખલ કરી ને પોતે એની બધી જ સેવા સંભાળ રાખવા સાથે રહ્યો. જીવનમાં પરમ સુખના ગણાય એવા થોડા દિવસો પોતાની ગાંડી નવવધૂની સેવામાં વિતાવવા માંડ્યા—અને તે પણ આ પરિસ્થિતિને જાણવા છતાં જાતે આવકારીને!

આ સેવાસારવારનું શું પરિણામ આવશે તેમજ રમેશને ક્યાં સુધી રમાની આવી અસ્થિર મૂંઝવણભરી અવસ્થા નિભાવવી પડશે એ અત્યારે કહી શકાય એમ નથી. એ માટે પુરુષાર્થ કરી છૂટવાનો છે. ફળ ઇશ્વરના હાથમાં છે અને રમેશ એ માટે શ્રદ્ધાથી ને આશાથી કટિબદ્ધ થયો છે.

સિનેમાઓમાં બતાવવામાં આવે છે તેવા વેવલા ને સ્થૂળ સ્નેહમાં રાચતા યુવાનો માટે તો આ ઘટના આદર્શરૂપ છે જ, પરંતુ આદર્શો ને સેવામાં રાચતા સમાજસેવકોને પણ આમાંથી કેટલાંક અનુકરણીય તત્ત્વો મળશે. બ્હારના સમાજની સેવા કરીને સમાજની શાબાશી પામનાર સેવકો પોતાના નિકટતમ કુટુંબીઓ પ્રત્યે ઘણી વાર બેપરવા હોય છે. તેઓ સેવાના દીપકનું તેજ ઘેર ને બ્હાર બધે ફેલાવે તો કેવું સારું!

આમ આંતરજગત ને બાહ્યજગત પ્રત્યે સ્નેહ ને સેવાનો સુંદર સમન્વય કરનાર રમેશ રમાની સમસ્યામાં જરૂર સફળ થશે એવી મને તો શ્રદ્ધા છે.

× × ×

આ લગ્ન ઘટના મે માસની ૮મી તારીખે બની. ત્યાર બાદ, જણાવતાં આનંદ થાય છે કે ઉપરની ઘટનામાં જણાવેલ રમા-બ્હેન મરોલીથી તા. ૨૨-૬-૬૦ ના રોજ સાજા થઇને ઘેર પાછાં આવી ગયાં છે અને એ રીતે રમેશની અડગ એવી પત્ની-નિષ્ઠા અને તે ખાતર તેણે આપેલો ભોગ સફળ બનેલ છે.

ગીતા પરીખ

પ્રકીર્ણ નોંધ

આશાસ્પદ સાહિત્યોપાસકનું અકાળ અવસાન:

ડૉ. કૃષ્ણલાલ શ્રીધરાણીનું જુલાઇ માસની ૨૩મી તારીખે હૃદયરોગના એકાએક હુમલાથી ૪૯ વર્ષની ઉમ્મરે અવસાન નીપજતાં ગુજરાતી સાહિત્યના ક્ષેત્રે તેમજ સામયિક પ્રવૃત્તિના ક્ષેત્રે એક ઉજ્જવલ અને આશાસ્પદ વ્યક્તિની જલ્દીથી ન પુરાય એવી ખોટ પડી છે. તેમનો જન્મ ૧૯૧૧ ના સપ્ટેમ્બર માસની ૧૬મી તારીખે સૌરાષ્ટ્ર ખાતે ઉમરાળામાં થયો હતો. તેમના પિતા ભાવનગરમાં વકીલ હતા. તેમણે તે વખતના દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવનમાં અભ્યાસ કરેલો. વિદ્યાર્થીજીવનના પ્રારંભથી જ તેમનામાં અસાધારણ કાવ્યશકિતનો તેમજ નાટય શકિતનો આવિર્ભાવ થયો હતો અને અવનવી કૃતિઓનું સર્જન કરીને તેમણે અનેકને આકર્ષ્યા હતા. દક્ષિણામૂર્તિમાંથી તેઓ ગુજરાત વિદ્યાપીઠમાં જોડાયા અને ૧૯૩૦ ના રાષ્ટ્રની નૂતન જાગૃતિના જુવાળમાં તેઓ સામેલ થયા. ગાંધીજીની ઐતિહાસ પ્રસિદ્ધ દાંડીકૂચના તેઓ એક સૈનિક બન્યા અને તે કારણે નાસિકમાં થોડો સમય તેમણે જેલવાસ ભોગવ્યો. પછી તેઓ શાન્તિનિકેતન ગયા અને ગુરુદેવ ટાગોરની છત્રછાયામાં તેઓ બે ત્રણ વર્ષ રહ્યા અને ૧૯૩૪માં તેઓ અમેરિકા તરફ વિદાય થયા. અહીં તેઓ સતત બાર વર્ષ રહ્યા. એ દરમિઆન શરૂઆતમાં યુનિવર્સિટીની અનેક પદવીઓ તેમણે પ્રાપ્ત કરી, અને કેટલાંક પુસ્તકો લખ્યાં; ત્યાં રહીને ભારતની આઝાદીનું તેમણે પત્રકારિત્વના વ્યવસાય દ્વારા ખુબ સમર્થન કર્યું અને જન્મભૂમિના પ્રતિનિધિ તરીકે તેમણે ત્યાં કેટલોક સમય કામ કર્યું.

૧૯૪૬માં તેઓ ભારત ખાતે પાછા ફર્યા, અને દિલ્હીમાં વસવાટ કર્યો. અહીં સમયે સમયે અનેક જવાબદારીઓ સંભાળવાનું તેમના ભાગે આવ્યું અને અનેક પ્રકારની કામગીરી તેમણે બજાવી, પણ તેમનો મુખ્ય વ્યવસાય પત્રકારત્વનો રહ્યો.

વિદેશના વસવાટ દરમિયાન જેનો મહાવરો છૂટી ગયો હતો તે ગુજરાતી કાવ્યલેખન તરફ પણ તેઓ છેલ્લાં વર્ષો દરમિયાન વળ્યા હતા અને 'કોડિયા'ની નવી આવૃતિ તેમણે પ્રગટ કરી હતી. ગુજરાતી વાઙમયને તેમના તરફથી હજી વિશેષ સાહિત્યની આશા રહેતી હતી. તાજેતરમાં જ તેમને અમદાવાદ ખાતે રણજીતરામ સુવર્ણચંદ્રક અર્પણ કરવામાં આવ્યો હતો. તેમના

અવસાનના દિવસે સાંજે અમદાવાદ રેડીઓ ઉપરથી શ્રીધરાણીમાં રહેલી એક સર્જક કવિની પ્રતિભાને અને કળાને યથાર્થ રીતે મુલવતાં શ્રી ઉમાશંકર જોષીએ જણાવ્યું હતું "આ પ્રતિભા અને કળાનાં ત્રણ લક્ષણો ખાસ ધ્યાન ખેંચે તેવાં હતાં. એક તો કમનીય રસોજ્જવલ પદાવલિ (Diction) અહકે કાવ્ય દેહની ફીટ્સને યાદ આપે તેવી ઇન્દ્રિયગ્રાહ્યતા; બીજું બુલંદ ભાવનામયતા; અને ત્રીજું જીવનના વાસ્તવની સહજે પકડ. આ તત્વો વડે શ્રીધરાણીનો કાવ્યપિંડ આગવી રીતે ઘડાયો હતો અને અનોખું સૌન્દર્ય સિદ્ધ કરી રહ્યો હતો. એમની કાવ્યરચના ઉપર સમકાલીન ઘડતરબળોની અસર પડી હતી, પણ એમણે વિચારપ્રાધાન્ય, વાસ્તવવિગતો, છંદપ્રવાહિતા–એમાંથી કશાનો અભિનિવેશ કેળવ્યો નહોતો. ભાવનાઓમાં પણ ગાંધીવાદ અને એને પગલે પગલે આવેલો સમાજવાદ શુદ્ધ રૂપમાં માનવવાદના રૂપમાં અને ઘણુંખરું કાવ્યને અનુકુળ રીતે એમની કવિતામાં પ્રવેશ્યાં હતાં."

શ્રીધરાણીએ ગુજરાતને માત્ર કવિતા આપી નથી. કવિતા ઉપરાંત સુંદર નાટકો પણ આપ્યાં છે. એમાં સુંદર બાળનાટકો પણ છે અને સારાં એકાંકીઓ પણ છે. એમનાં બધાં બાળનાટકોમાં 'વડલો' સદાયે અવિસ્મરણીય રહે એવી કૃતિ છે. અને એવી જ રીતે 'મોરનાં ઈંડા' પણ જલ્દીથી ન ભુલાય એવી તેમની કાવ્યકૃતિ છે.

શ્રીધરાણીએ ભારત ખાતે પાછા ફર્યા બાદ થોડા સમયમાં નૃત્યકળામાં જેણે સારી કુશળતા પ્રાપ્ત કરી હતી એવાં શ્રી સુંદરી ભાવનાની સાથે લગ્ન કર્યું હતું. આ લગ્નથી તેમને બે બાળકો પ્રાપ્ત થયાં હતાં : અમર અને કવિતા. તેમના આ નાના સરખા કુટુંબ પ્રત્યે અનેક સ્વજનો, મિત્રો, સાહિત્યરસિક નરનારીઓ, વિધાતાએ જ્યારે તેમના ઉપર આવો નિષ્ઠુર પ્રહાર કર્યો છે ત્યારે, ઊંડી સહાનુભૂતિ દાખવી રહ્યા છે. પરમાત્મા સદ્‌ગતના આત્માને શાશ્વત શાન્તિ અર્પો!

ગુજરાત યુનિવર્સિટીના શિક્ષણ માધ્યમનો પ્રશ્ન

ગુજરાત યુનિવર્સિટીના ધારામાં ચાલુ વર્ષના નવેમ્બર માસની ૨૩ મી તારીખથી યુનિવર્સિટી નીચેની બધી કોલેજોમાં બધું શિક્ષણ ગુજરાતીમાં આપવું એમ આજથી દશ વર્ષ પહેલાં ઠરાવવામાં આવ્યું છે. આ સમયે આશા સેવવામાં આવેલી કે દશ વર્ષના ગાળા દરમિયાન જુદા જુદા વિષયોને લગતાં પાઠ્યપુસ્તકો ગુજરાતી ભાષામાં તૈયાર થઇ જશે અને એ વિષયો શિખવનાર આધ્યાપકો પણ પૂરતા પ્રમાણમાં મળી રહેશે. કમનસીબે છેલ્લાં દશ વર્ષના ગાળામાં આવી કોઇ તૈયારી થઇ શકી નહિ અને પરિણામે અંગ્રેજી માધ્યમનું ગુજરાતી માધ્યમમાં નવેમ્બર માસ સુધીમાં પરિવર્તન કરવું શક્ય નથી, વ્યવહારૂ નથી–એવી એક પરિસ્થિતિ ગુજરાત યુનિવર્સિટી સામે ઊભી થઇ. પરિસ્થિતિની આવી પ્રતિકૂળતા હોવા છતાં ગુજરાત યુનિવર્સિટીના ઉપકુલપતિ શ્રી મગનભાઇ દેસાઇ, ગુજરાત કોંગ્રેસના પ્રમુખ શ્રી ઠાકોરભાઈ દેસાઇ તેમજ અન્ય કેટલાક આગેવાનોનો એવો આગ્રહ રહ્યો કે ધારામાં જણાવ્યા મુજબ આવતા નવેંબર માસથી ચાલુ શિક્ષણ માધ્યમનું ગુજરાતીમાં રૂપાન્તર કોઇ પણ હિસાબે કરવું જ જોઇએ. આ સામે અંગ્રેજી અનિયત સમય સુધી ચાલુ રાખવું જોઇએ એવો વિચાર ધરાવનાર શેઠ કસ્તુરભાઇ લાલભાઈ અને તેમના કેટલાક સાથીઓ સ્થાનિક યુનિવર્સિટીની સેનેટમાં એવી મતલબનો ઠરાવ રીકવીઝીશનથી લાવ્યા કે આવતા દશ વર્ષ સુધી યુનિવર્સિટીના શિક્ષણ માધ્યમ તરીકે અંગ્રેજીને ચાલુ રાખવું એ મુજબનો યુનિવર્સિટીના ધારામાં સુધારો કરવાની ગુજરાત રાજ્યની વિધાનસભાને વિનંતિ કરવી. સેનેટમાં આ ઠરાવ તા. ૨૮-૬-'૬૦ ના રોજ રજુ થતાં સેનેટના એક સભ્ય શ્રી ઘનશ્યામ ઓઝાએ આ ઠરાવ સામે એ મતલબનો કાનૂની વાંધો ઉઠાવ્યો કે આ સુધારો અસ્પષ્ટ છે અને જે યુનિવર્સિટી ધારા ઉપરથી આ યુનિવર્સિટીનું નિર્માણ થયું છે તે ધારાની જોગવાઇઓ સાથે પ્રસ્તુત સુધારો સુસંગત નથી તેથી આ ઠરાવને ઉપકુલપતિએ કાનૂન બહાર જાહેર કરવો. ઠરાવ પક્ષની તેમજ વિરૂદ્ધની દલીલો સાંભળીને ઉપકુલપતિ શ્રી મગનભાઇએ રીકવીઝીશનથી આવેલા ઠરાવને કાનૂન બહાર જાહેર કર્યો. આમ સેનેટમાં નિષ્ફળતા મળવાથી શેઠ શ્રી કસ્તુરભાઇ, શ્રી બટુકભાઇ દેસાઇ, શ્રી હિંમતલાલ શુકલ અને શ્રી .વિક્રમ સારાભાઇ–આ ચારે જણાએ મળીને ગુજરાતની હાઇકોર્ટ સમક્ષ ઉપકુલપતિ શ્રી મગનભાઇ દેસાઇના ચુકાદાને બિનકાનુની જાહેર કરવાની સેનેટની એ ખાસ બેઠકને ચાલુ રાખવાની માગણી કરતી રીટ અરજી કરી. તેની સુનાવણી ગુજરાતની હાઇકોર્ટના વડી અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ શ્રી એસ. ટી. દેસાઇ અને ન્યાયમૂર્તિ શ્રી પ્રફુલ્લચંદ્ર એન. ભગવતીની બેંચ સમક્ષ તા. ૨૫-૭-૬૦ના રોજ નીકળી. શરૂઆતમાં જ ન્યાયમૂર્તિઓએ એવી સલાહ આપી કે "આ પ્રકારના ઝઘડા બને ત્યાં સુધી અદાલતની બહાર જ પતે એ ઇચ્છવાયોગ્ય છે. આવા આન્તરિક ઝગડાઓમાં કોર્ટને વચ્ચે લાવવી જોઇએ નહિ." આ તબકકે બંને પક્ષોએ અંદર અંદર કોઇ ને કોઇ સમજુતી ઉપર આવવું જોઇતું હતું, પણ શ્રી મગનભાઇ દેસાઇના અણનમ વલણને લીધે આવી કોઇ સમજુતી ઉપર આવી શકાયું નહિ અને હાઇકોર્ટને આગળ વધવાની ફરજ પડી. બન્ને પક્ષના એડવોકેટોને સાંભળીને બન્ને ન્યાયમૂર્તિઓએ ચુકાદો આપતાં રીકવીઝીશન દ્વારા સેનેટમાં રજુ કરવામાં આવેલા ઠરાવને ગેરકાનુની ઠરાવતાં ઉપકુલપતિનો રૂલીંગને રદ કર્યું અને એ ઠરાવની ચર્ચાને સેનેટમાં આગળ ચલાવવા માટે હુકમ આપ્યો, અને આ ચુકાદો આપતાં જણાવ્યું કે "બીજા પ્રતિવાદી (એટલે કે ઉપકુલપતિ) પોતાની ફરજ બજાવવામાં નિષ્ફળ ગયા હતા અને પોતાને જે સત્તાઓ નહોતી તે સત્તાઓ વાપરીને વર્ત્યા હતા. આવું રૂલીંગ આપવાને બદલે તે ઠરાવ રજુ કરવા દેવાની અને તેની ચર્ચા કરવા દેવાની તેમની ફરજ હતી. આમ કરવાને બદલે ઉપકુલપતિ જેને મનસ્વી અને સત્તા બહારની કહી શકાય તેવી રીતે વર્ત્યા છે."

આ ચુકાદો મળ્યા પછી શ્રી મગનભાઇ દેસાઇના એડવોકેટે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરવાની ગુજરાત હાઇકોર્ટ પાસે રજા માંગી છે અને એ રજા મળ્યે તેઓ આગળ વધશે કે નહિ તે એક સવાલ છે. એક એવા પણ સમાચાર છે કે શ્રી મગનભાઇ દેસાઇ હવે આગળ નહિ વધતાં પોતાના ઉપકુલપતિપદનું રાજીનામું આપનાર છે. આમાંથી જે કાંઇ બનવાનું હોય તે બને અને એવું કશું નહિ બનતાં આ ઠરાવ સેનેટમાં આવે અને તે મંજુર થાય કે નામંજુર થાય. આમ છતાં પણ આ ઝઘડાનો ત્યાંથી કોઇ અંત આવવાનો નથી. આજે મેડીસીન, એન્જિનિયરીંગ, ટેકનોલોજી, વિજ્ઞાન વગેરે વિષયો શિખવવા માટે જરૂરી અને યોગ્યતા ધરાવતાં ગુજરાતી પાઠ્ય પુસ્તકો નથી એ હકીકત છે. બીજી બાજુએ અંગ્રેજીને અનિયત કાળ સુધી ચલાવ્યે રાખવાનું બની શકે જ નહિ. ભારતભરની કોલેજોમાં શિક્ષણ માધ્યમ તરીકે જડ ઘાલી બેઠેલ અંગ્રેજીને આજે કે આવતી કાલે રૂખસદ આપ્યે જ છૂટકો છે. તેથી અંગ્રેજી હંમેશને માટે ચાલુ

રાખવાનો વિચાર ઇતર પક્ષે મનમાંથી કાઢી નાખવો ઘટે છે. છેલ્લાં દશ વર્ષનો આ રૂપાંતર સાધવા માટે જે ઉપયોગ કરવો જોઇતો હતો તે નહિ કરવા બદલ પશ્ચાત્તાપ ચિન્તવીને, હવે પછીનાં પાંચ વર્ષ દરમિયાન પૂરા કટિબદ્ધ બની દરેક વિષયનાં પાઠય પુસ્તકો તૈયાર કરવાના જ છે એ મુજબ બંને પક્ષોએ કૃતનિશ્ચય બનવું ઘટે છે અને એ રીતે બન્ને પક્ષોએ શિક્ષણ માધ્યમ તરીકે અંગ્રેજીને વધારેમાં વધારે પાંચ વર્ષ સુધી અને તેથી જરા પણ વધારે નહિ ચાલુ રાખવું એવી સમાધાની સ્વીકારીને આ ઝગડાનો અંત લાવવો ઘટે છે. આમાં કોઇ પણ પક્ષે અણનમ વલણ ધારણ કરવું હિતાવહ નથી

બે અનુભવ

ચોપાટી બેન્ડસ્ટેન્ડના બસ સ્ટોપ પાસે બસની રાહ જોતો હું ઊભો હતો અને લાઇનમાં ઊભેલો એક માણસ મારી પાસે આવ્યો અને તેના કબજાની એક બાજુનું કપાયલું ખીસ્સું દેખાડી આંખમાં આંસુ સાથે ભરાયેલા કંઠે કહેવા લાગ્યો કે "હું બસમાં બેઠો હતો અને મારી પાસે ૨૧ રૂપિયા હતા અને કોઇ મારું ખીસ્સુ કાપી નાંખીને મારા રૂપિયા લઇ ગયો. મારે આજે નાસિક જવું હતું તે અદ્ધર થઇ ગયો છું તો મારા ઘેર પહોંચી જાઉ એટલી મદદ કરો તો મહેરબાની." સાધારણ રીતે આવી માંગણી કરનારાને તુચ્છકારી નાખવાની ટેવવાળો હું આ ગરીબ માણસની દર્દભરી વાણી સાંભળીને હલી ઉઠયો અને મેં પૂછ્યું કે "તારે શું જોઇએ છે? "તેણે કહ્યું કે" ચારેક રૂપિયા આપો મને પૂરી રાહત થાય" અને મેં તેને પાકીટમાંથી ચાર રૂપિયા કાઢી આપ્યા.

બીજે દિવસે સાંજે શેખમેમણ સ્ટ્રીટમાં મારી પેઢીની સામેની દુકાને હું બેઠો હતો અને એ દુકાનના માલિક આગળ ઉપર જણાવ્યું તે રીતે કબજાનું કપાયેલું ખીસ્સું આગળ કરીને દયામણે મોઢે કોઇ માણસ યાચના કરી રહ્યો હતો અને "જા જા, તારી જેવા ઢોંગી તો ઘણા જોયા!" એમ કહીને એ માણસને તેમણે ધમકાવીને હાંકી કાઢયો. આ જોઇને આગલા દિવસનો બનાવ મને યાદ આવ્યો અને પેલો માણસ પણ મને આ રીતે બનાવી તો નહિ ગયો હોય ને? એવો મનમાં વિચાર આવ્યો અને એક ભલું કાર્ય કર્યાનો અરધો આનંદ મનમાંથી ઓસરી ગયો.

× × ×

એ ગયા ઓકટોબર માસની ૨૧ મી તારીખની સવાર હતી. એ વખતે સુરત આગળ રેલ્વેનું સમારકામ ચાલતું હોવાથી સૌરાષ્ટ્ર એકસપ્રેસ સવારના ૭ વાગ્યે ઉપડતી હતી. આ ગાડીમાં અમારે અમદાવાદ જવાનું હતું એટલે સવારના સાડા-પાંચ લગભગ હું અને મારી પત્ની સેન્ટ્રલ સ્ટેશને પહોંચ્યાં. મોટરમાંથી હું સામાન કુલી પાસે ઊતરાવી રહ્યો હતો, એટલામાં નજીકમાં જ એક મુસલમાન ગૃહસ્થને મેં જોયા. તેમની પાસે ઊભેલા મજૂરે તેમનો સામાન ઉપાડયો હતો. તેમનો સામાન અને કપડાં ઉપરથી એ ગૃહસ્થ પૂરા ખાનદાન લાગતા હતા. તે ગૃહસ્થે મારી પાસે આવીને કહ્યું કે "વહેલી સવારે અમે વી. ટી. (એટલે કે વિકટોરિયા ટરમિનસ સ્ટેશને) ઊતર્યા. અને વોટર બેઝીન ઉપર હાથ મોહું ધોવા માટે મેં મારો કોટ કબજો ઊતારીને બાજુએ મૂકયો અને હાથ મોહું સાફ કરીને જોઉં છું તો મારા ખીસ્સામાંથી કોઇ મારું પાકીટ ઉપાડી ગયું અને તેમાં સાતસો રૂપિયા હતા. કુટુંબ સાથે અમદાવાદ જવું છે. મારી પત્ની-બાળકો થર્ડ કલાસની ટિકિટો મળે છે ત્યાં બેઠાં છે. અમદાવામાં મસ્કતી માર્કેટમાં મારી દુકાન છે. આપ જો મને રૂા. ૨૫ આપી શકો તો અમદાવાદ પહોંચતાં વેંત આપ જ્યાં ઊતરવાના હો ત્યાં હું તરત જ પહોંચાડી દઇશ." કોણ જાણે કેમ મેં સરળપણે તેની વાત માની લીધી, એટલું જ નહિ પણ, "આટલામાં તમારું શું થશે? તમને વધારે રકમ જોઇએ તો વધારે આપું" એમ મેં ઉલટું જણાવ્યું. તેણે કહ્યું કે 'ત્રીસ આપો, ચાલીસ આપો તો આપની ઘણી મોટી મહેરબાની, પણ અમદાવાદ કયાં ઊતરવાના છો તે તથા ત્યાં ટેલિફોન નંબર હોય તો તે પણ જણાવો કે જેથી આપની રકમ તરત જ પહોંચાડી શકું." આમ જ્યારે ૩૦-૪૦ એમ તેની માગણી વધી ત્યારે મને સૂઝવું જોઇતું હતું કે આ માણસ કાંઇક બરોબર નથી; પણ તેને મદદરૂપ બનવાના તાનમાં અને ગુમાનમાં આવો કોઇ વિચાર મને ન આવ્યો અને ભોળા ભાવે રૂા. ૪૦ મેં કાઢી આપ્યા અને અમદાવાદનું મારું ઠામઠેકાણું તથા ટેલિફોન નંબર જણાવ્યો. તે ગૃહસ્થે મારો ઘણો ઘણો આભાર માન્યો. મેં જવાબ આપ્યો કે "આવે વખતે આપણે એકમેકને મદદ ન કરીએ તો કયારે કરીએ? આજે તમારી મુસ્કેલી છે. આવતી કાલે મને આવી મુસ્કેલી હોય. એકમેકને આમ મદદ કરવી એ એકમેકની ફરજ છે." આમ આજે એક સારું કામ કર્યું, એક માણસને ભીડને વખતે મદદ કરી એમ મલકાતો મલકાતો હું આગળ ચાલ્યો. મારી પત્નીએ પૂછ્યું 'શું હતું?' તેને મેં બધી વાત કરી. તેણે મને એ માણસને જોયા, જાણ્યા સિવાય આમ રૂા. ૪૦ આપી દેવા બદલ ઠપકો આપ્યો. મેં વળતો જવાબ આપ્યો કે "તને માણસ જાતમાં વિશ્વાસ નથી. હું તો વિશ્વાસમાં માનું છું અને આ જગત વિશ્વાસ ઉપર અને નહિ કે અવિશ્વાસ ઉપર ચાલે છે," તેણે કહ્યું કે "એ વિશ્વાસ-અવિશ્વાસમાં હું કશું સમજતી નથી, પણ એ રૂપિયા તમારા આવવાના નથી."

દિવસની ટ્રેન હતી. આખે રસ્તે એ મુસલમાન ગૃહસ્થને કોઇ ને કોઇ સ્ટેશને જોવાની હું આશા સેવતો રહ્યો, પણ તે અમદાવાદ જવાનો હોય અને મસ્કતી માર્કેટનો ખાનદાન વેપારી હોય તો દેખાયને? અમદાવાદ પહોંચ્યા. એક દિવસ પસાર થયો: કોઇનો કશો સંદેશો કે ટેલિફોન ન આવ્યો. આખરે નકકી થયું કે પેલો ગૃહસ્થ જેવો દેખાતો મુસલમાન મને બનાવી ગયો. હું ખોટો પડયો, મારી પત્ની સાચી ઠરી. એક બે દિવસ 'હું છેતરાયો' એનું મનમાં દુઃખ ઠીક ઠીક સાલ્યા કર્યું. પછી મેં તો સદ્બુદ્ધિથી અને શુભ ભાવથી એ રકમ આપી હતી એમ મનને મનાવીને "એ માણસ મને બનાવી ગયો" એ વાતને ભૂલવાનો પ્રયત્ન મેં શરૂ કર્યો. આમ છતાં એ બાબત સાવ ભૂલી તો નથી શકયો, પણ તેને લગતું મન-દુઃખ હળવું બની ગયું છે. આજે એ વાત જાણીને બીજા હસે તે પહેલાં હું જ મારી જાતને હસી રહ્યો છું અને આ અનુભવ હળવા દિલે પ્રસિદ્ધ કરી રહ્યો છું-એ આશયથી કે આ અનુભવ જાણીને આવી મદદ કરતાં બીજા લોકો જરા વધારે સંભાળ રાખે.

પરમાનંદ

વિષયસૂચિ

		પૃષ્ઠ
સાણંદનો શુદ્ધિપ્રયોગ ...	પરમાનંદ ...	૬૧
સત્ય સંશોધનની વૃત્તિ: ...	રતિલાલ મફાભાઇ શાહ	૬૩
સ્વતંત્ર વિચારણા.		
પાગલ પ્રેમી	ગીતા પરીખ ...	૬૪
પ્રકીર્ણ નોંધ: આશાસ્પદ	પરમાનંદ ...	૬૫
સાહિત્યોપાસકનું અકાળ અવસાન, ગુજરાત યુનિવર્સિટીના શિક્ષણ માધ્યમનો પ્રશ્ન, બે અનુભવ.		
સિલોનની સત્રધાર સિરિમાવો ...	એલ. જે. સોર્ટેઝ ...	૬૮
ધર્મની બે જૂની વ્યાખ્યાઓ ...	દલસુખભાઇ માલવણિયા	૬૯

સીલોનની સૂત્રધાર સિરિમાવો

આઝાદી મળ્યા બાદ સીલોનમાં કરવામાં આવેલી પાંચમી સામાન્ય ચૂંટણીમાં શ્રી લંકા ફ્રીડમ પાર્ટીને મળેલા વિજય સાથે દુનિયામાં સૌથી પહેલી સ્ત્રી-મહાઅમાત્ય પ્રાપ્ત કરવાનું, સવિશેષ માન આ નાના સરખા ટાપુએ મેળવ્યું છે. આ ઘટનાની અદ્વિતીયતામાં એ હકીકતથી વધારો થાય છે કે આ નવાં મુખ્ય પ્રધાન શ્રીમતી મીસીસ સિરિમાવો તેમના પતિ જેમનું ગયા વર્ષ દરમિયાન ખૂન થતાં રાજકીય અનવસ્થા અને આર્થિક અસ્થિરતાની કટોકટીએ સીલોનને કેટલાક સમય સુધી આવરી લીધું હતું તે શ્રી લંકા ફ્રીડમ પાર્ટીના નિર્માતા શ્રી. એસ. ડબલ્યુ. આર. ડી. ભંડારનાયકના સહધર્મચારિણી છે.

તેમના સ્વર્ગસ્થ પતિના મિત્રોની અને રાજકારણી સાથીઓની ઘણી સમજાવટ અને દબાણ બાદ શ્રીમતી સિરિમાવોએ એસ. એલ. એફ. પી. (શ્રી લંકા ફ્રીડમ પાર્ટી)ને દોરવણી આપવાનુ કબુલ કર્યું હતું, પણ માથા ઉપર ઉભેલી સામાન્ય ચૂંટણી જે તાજેતરમાં પુરી થઇ છે તેમાં ઉમેદવારી કરવાની તેમણે મક્કમપણે ના પાડી હતી. જ્યારે શ્રી. સી. પી. દે સીલ્વાએ એસ. એલ. એફ. પી.ની આગેવાનીથી છુટા થવાનો એકાએક નિર્ણય જાહેર કર્યો અને પક્ષ નાયકવિહોણો બની ગયો ત્યારે જ શ્રીમતી ભંડારનાયકે એ ખાલી પડેલા સ્થાનનો બહુ જ આનાકાનીપૂર્વક સ્વીકાર કર્યો હતો.

ગયા વર્ષે જુન માસ દરમિયાન કોઇ ગ્રામ્ય પ્રદેશમાં સ્ત્રીઓની સભામાં ભાષણ કરતાં તેમણે જણાવેલુ કે "મુખ્ય પ્રધાનની કેટકેટલી જવાબદારીઓ છે તેનો તેમજ પ્રજાની બધી જરૂરિયાતોને સંભાળવી અને પહોંચીવળવુ તે એક સામાન્ય માનવી માટે કેટલું મુશ્કેલ છે તેનો મને પૂરેપૂરો ખ્યાલ હોઇને, મુખ્ય પ્રધાનનો અધિકાર મારી સામે ધરવામાં આવે તો પણ હું સ્વીકારીશ નહિ." એમાં શક નથી કે શ્રી સિરિમાવો ભંડારનાયકને કદિ કલ્પના સરખી નહોતી કે, જેથી તેઓ પોતે હંમેશા દૂર રહેવા માગતાં હતાં તેજ જવાબદારી સમય અને સંયોગો તેમની ઉપર લાદવાના છે. પાછળથી તેમણે ખુલાસો કરેલો તે મુજબ, પોતાના પતિના કરૂણ મૃત્યુની ઘટનાએ રાજકારણ અંગેના તેમનાં દૃષ્ટિકોણમાં મોટું પરિવર્તન કર્યું હતું, એટલું જ નહિ પણ સ્વર્ગસ્થ મહાઅમાત્યે ધારણ કરેલી રાજ્યનીતિને બને તેટલી અમલી બનાવવી અને તેમણે શરૂ કરેલા કાર્યને તેમણે જે રીતે વિચાર્યું હતું એ રીતે પાર પાડવું. આવું મીશન ધર્મકાર્ય-મને પ્રાપ્ત થયું છે એમ મને સ્પષ્ટપણે ભાસ્યું હતુ."

શ્રીમતી સિરિમાવો લોકોના ટોળાઓથી ખીચોખીચ ભરેલાં એવા રસ્તાઓ ઉપરથી પસાર થયા અને મહાઅમાત્યપદને લગતી સોગંદવિધિ માટે ગવર્નર-જનરલના નિવાસસ્થાન 'કવીન્સ હાઉસ' ઉપર પહોંચ્યા હતા. રોઝમીડ પ્લેસમાં આવેલા તેમના પોતાના નિવાસસ્થાનથી કવીન્સ હાઉસ સુધીનો આખો રસ્તો 'સિરિમાવોનો જય હો'ના લોકપોકારથી ગાજી રહ્યો હતો.

સોગંદવિધિ પત્યા બાદ શ્રીમતી સિરિમાવો બંધરપીટ્યામાં આવેલા વિજયરામયા મંદિરમાં ધાર્મિક ક્રિયાઓ માટે ગયા હતા. કેટલીક ધર્મક્રિયાઓ કર્યા બાદ મંદિરના મહાનાયક થેરોએ (મુખ્ય બૌદ્ધ ભિક્ષુએ) એક નાનુંસરખું પ્રવચન કરતાં જણાવ્યું હતું કે "એક સ્ત્રી એક રાષ્ટ્રની મુખ્ય પ્રધાન બની શકે છે, એ શ્રીમતી સિરિમાવોએ સાબિત કરી આપ્યું છે. આ એક ખરેખર અસાધારણ ઘટના છે. બુદ્ધશાસનમાં ભિખ્ખુણી અર્હંત સોમા પણ ધૃતિ, શુભેચ્છા અને માયાળુ સ્વભાવ વડે પરમ શ્રેયને પ્રાપ્ત કરી શકી હતી અને તેથી લોકોએ સિરિમાવોમાં જે અથાક શ્રદ્ધા દાખવી છે તેથી પ્રેરાઇને તેઓ દેશનો વહિવટ પૂરી કુશળતા અને હુશિયારીપૂર્વક ચલાવશે એવી હું આશા સેવું છું."

શ્રીમતી સિરિમાવો ભંડારનાયકે શરૂઆતમાં રત્નાપુરાની ફ્રર્ગુસન હાઇસ્કૂલમાં અને પછીથી કોલંબોની સેન્ટ-બ્રીજના કન્વેન્ટની કેથોલિક સ્કૂલમાં અભ્યાસ કર્યો હતો. આ રીતે અભ્યાસ પૂરો કરીને બાલગોડામાં આવેલા પોતાના ઘરનાં કામકાજમાં તેઓ નિમગ્ન બની ગયાં હતાં.

૧૯૪૦ માં ૨૪ વર્ષની ઉમ્મરે તેમનું શ્રી એસ. ડબલ્યુ. આર. ડી. ભંડારનાયક સાથે લગ્ન થયું હતું. આ સમયે શ્રી ભંડારનાયક એ કાળના અંગ્રેજી શાસન નીચેના સ્થાનિક વહીવટના પ્રધાન હતા. એ વખતે શ્રીમતી સિરિમાવો પોતાની જેટલી નસીબદાર નહિ એવી બહેનોના જીવન સુધારણાના કાર્યમાં મોટા ભાગે રોકાયલાં રહેતાં હતાં.

ગયા નવેંબર માસ દરમિયાન અટંગાલાની પેટા-ચૂંટણીમાં જ્યારે ઉભા રહેવાનો તેમણે પોતાનો નિર્ણય જાહેર કર્યો ત્યારે તેમની સામે કોઇ ઉભું નહ રહે એવી આશા રાખવામાં આવતી હતી; પણ છેલ્લી ઘડિએ એક બીજી સન્નારી હરીફ તરીકે ઉભી રહી. આ પેટા-ચૂંટણી થાય અને પરિણામ આવે તે પહેલાં એ વખતના મુખ્ય પ્રધાન શ્રી ડબલ્યુ ધાના નાયકે પાર્લામેન્ટ વિસર્જિત કરી અને પેટા-ચૂંટણી અદ્ધર રહી ગઇ.

જે સ્ત્રી છ મહિના પહેલાં એસ. એલ. એફ. પી. સાથે એકરૂપ થવાને તૈયાર નહોતી તે જ સ્ત્રી ૧૯૬૦ના માર્ચમાં કરવામાં આવેલ ધારાસભાવિસર્જન બાદ તે જ પક્ષની આત્મા-રૂપ-માર્ગદર્શક ફિરસ્તા જેવી બની ગઇ. મે માસમાં શ્રી. સી. પી. દે સીલ્વાની જગ્યાએ તે પક્ષના પ્રમુખસ્થાન ઉપર તે ચૂંટાઇ આવી, અને એક રાજકારણી બળ તરીકે તેના ભાવિ અંગે અનેક અટકળો થવા લાગી, પણ જ્યારે મેની ૨૦ મી તારીખે બધાં ઉમેદવારપત્રો સુપ્રત કરવામાં આવ્યા ત્યારે તે નામાવલિમાં સિરિમાવોનું નામ જોવામાં આવ્યુ નહિ. આ રીતે સામાન્ય ચૂંટણીમાં ઉમેદવારી નહિ કરવા અંગે તેમણે એવું કારણ રજુ કર્યું હતું કે "કોઇ પણ એક મતદાર મંડળ સાથે હું સંલગ્ન બનુ તે કરતાં પ્રમુખ તરીકે પક્ષની હું વધારે સારી રીતે સેવા કરી શકીશ એવા નિર્ણય ઉપર હું આવી છું.

પણ જો ચૂંટણીમાં તેમના પક્ષને બહુમતી મળે તો તેમણે પક્ષની નેતા બનવું જ જોઇએ એવો એ તરફથી ખૂબ આગ્રહ થતો રહ્યો અને પરિણામે ૨૪મી મેના દિવસે જાહેરાત કરવામાં આવી કે જો એસ. એલ. એફ. પી. સત્તા ઉપર આવશે તો શ્રીમતી સિરિમાવો ભંડારનાયક મુખ્યપ્રધાનની જવાબદારી સ્વીકારશે.

જો કે જે સ્થાન ઉપર શ્રીમતી ભંડારનાયક આરૂઢ થયા છે તે સ્થાનની યોગ્યતા અંગે તેમના ભૂતકાળમાં એવી કોઇ વિશિષ્ટ ઘટનાઓ નોંધાયલી જોવામાં આવતી નથી, એમ છતાં પણ, સીલોનના લોકો તેમની આગેવાની નીચે સીલોનનું જે ભાવિ નિર્માણ થવાનું છે તે વિષે ખૂબ આશા અને આતુરતા સેવી રહ્યા છે, એટલું જ નહિ પણ, રાજ્યનૌકાના સુકાન ઉપર બેઠેલી એક સ્ત્રી આજના અશાન્ત ક્ષુબ્ધ વાતાવરણમાં એ નૌકાને કેવી રીતે ચલાવે છે-આ પ્રયોગને આખી દુનિયા પણ ભારે કૌતુકપૂર્વક નીહાળી રહી છે.

સીલોનના બંધારણ મુજબ જો કે શ્રીમતી સિરિમાવો અત્યારે રાજ્યની ધારાસભાની બેઠક ધરાવતાં નથી, એમ છતાં, ચાર મહિના સુધી તેઓ મુખ્ય પ્રધાન તરીકે કામ કરી શકે છે અને તે દરમિયાન તેમના માટે કોઇપણ જગ્યા ખાલી કરવામાં આવશે અને તે જગ્યા ઉપર તેઓ ધારાસભામાં જરૂર ચૂંટાઇ આવશે.

તા. ૩૧-૭-૬૦ ના ટાઇમ્સ ઓફ ઇન્ડિયામાંથી ઉદ્ધૃત.

મૂળ અંગ્રેજી : **એલ. જે. સોર્ટેઝ.**
અનુવાદક : **પરમાનંદ.**

ધર્મની બે જુની વ્યાખ્યાઓ

(ગતાંકથી ચાલુ)

હવે આપણે બીજી વ્યાખ્યાનો વિચાર કરીએ. એ છે— ચોદના લક્ષણોઽર્થો ધર્મ : આમાં અર્થને ધર્મ કહ્યો છે અને અર્થ શું અને અનર્થ શું એ વેદથી જણાતું હોઇ તેને 'ચોદનાલક્ષણઃ' કહ્યો છે. અર્થાત્ વેદમાં જેને વિષે આજ્ઞાવિધિ–પ્રેરણા હોય એ તે ધર્મ અથવા ધર્મનું કારણ બને છે અને જેનો નિષેધ હોય તે અધર્મ અથવા અધર્મનું કારણ બને છે. આ એ વ્યાખ્યાનો સામાન્ય અર્થ છે. હવે તેના વિષે વિશેષ વિચાર કરીએ.

પ્રથમ વ્યાખ્યામાં નિરૂપાયેલ અભ્યુદય અને નિઃશ્રેયસ એ અર્થ શબ્દથી પ્રતિપાદ્ય ગણીએ તો આ વ્યાખ્યા ધર્મને સાધ્ય ગણે છે, સાધન નહિ. પણ પ્રથમ વ્યાખ્યામાં ધર્મ એ સાધન છે, સાધ્ય નહિ. પ્રથમમાં કારણને ધર્મ કહ્યો છે અને આમાં કાર્યને. પ્રથમ વ્યાખ્યામાં એ ધર્મ શાથી જાણવો એ વિશે કશું જ કહ્યું નથી, પણ આમાં તે વેદથી જણાય છે એમ કહ્યું છે. પણ જેમણે પ્રથમ વ્યાખ્યા બાંધી છે એ કણાદ ઋષિને પણ વેદપ્રામાણ્ય તો ઇષ્ટ છે. એટલે તેમણે કહ્યું કે અભ્યુદય અને નિઃશ્રેયસ સાધક ધર્મનું પ્રતિપાદન કરતા હોવાથી વેદપ્રમાણ છે; બીજા કારણે નહિ. "तद्वचनादाम्नायस्य प्रामाण्यम्" બન્ને વ્યાખ્યાકારોને ધર્મ માનવો છે, વેદ પણ માનવા છે. પણ ભાર કોના ઉપર મૂકવો એ પ્રશ્ન છે. પ્રથમ વ્યાખ્યાકારને મન મુખ્ય એ ધર્મ છે અને તેનું પ્રતિપાદન કરતા હોવાથી વેદ પ્રમાણ છે, જ્યારે બીજી વ્યાખ્યામાં વેદ એ મુખ્ય છે અને એ વેદ જ ધર્મ સમજાવે છે. આ દૃષ્ટિએ જોઇએ તો આમાં પણ ધર્મ અને વેદ અથવા તો વૈદિક અને અવૈદિક ચિંતારોનું પ્રતિબિમ્બ છે.

વૈદિક પરંપરા વેદને જ સર્વસ્વ માનતી અને તે પણ અપૌરુષેય વેદને. વેદમાં લખ્યું હોય તે સાચું. આપણે આપણી બુદ્ધિનો પ્રયોગ કરવાનો નહિ, મનુષ્ય–પુરુષ કાંઇ સર્વજ્ઞ થઇ શકે નહિ, ધર્મ જેવી અતીન્દ્રિય બાબતોને જાણી શકે નહિ. એ જાણવાનું સાધન તો માત્ર વેદ જ છે. આથી વિરુદ્ધ બીજી પરંપરા એવી છે જે કહે છે, કે વેદ યા બીજા કોઇ ગમે તે શાસ્ત્ર હોય તે આત્માએ બનાવેલા છે, પછી તે પરમાત્મા જેવા ઇશ્વરાત્માએ બનાવ્યા હોય અથવા બુદ્ધ–મહાવીર જેવા મનુષ્ય–આત્માએ. તે અકૃત્રિમ હોઇ શકે નહિ. અતીન્દ્રિય વસ્તુ પણ મનુષ્ય સાક્ષાત્કૃત કરી શકે છે. મનુષ્ય મોટો છે, શાસ્ત્ર નહિ, વેદ નહિ. આમ મનુષ્ય અને વેદમાં મહત્ત્વ કોનું તો એકને મતે વેદનું અને બીજાને મતે મનુષ્યનું. મનુષ્યની મોટાઇ તેના ધર્મને કારણે. અને વેદની મોટાઇ પણ તે ધર્મના પ્રતિપાદનને કારણે. આ જ વસ્તુને મહાભારતમાં વ્યાસે ઉદ્ઘોષિત કરી છે કે અહીં મનુષ્યથી શ્રેષ્ઠ કશું જ નથી. અવૈદિકોએ પણ વેદને સ્વીકાર્યો પણ તે અપૌરુષેયતાને કારણે નહિ પણ તે દ્વારા થતા ધર્મના પ્રતિપાદનને કારણે...

આ બીજી વ્યાખ્યામાં વેદની આજ્ઞા એ ધર્મ એ બતાવાયું. પણ ઇતિહાસની દૃષ્ટિએ જોઇએ તો વેદોનું જ્યારે અંતિમ રૂપ સ્થિર થયું ત્યાર પછી તેમાં કાંઇ ઉમેરા થયા નહિ એ સ્થિતિસ્થાપક જેવાં બની ગયાં. પણ મનુષ્યનું મન તો ચંચળ છે, સ્થિર રહી શકતું નથી. નવી નવી વિચારણા અને આવિષ્કારો કર્યા કરે છે. આજે જે તે કરતું હોય. કાલે તેને છોડીને બીજું કરવા મંડી પડે છે. તો વેદ અને મનુષ્યના મનની દોડને કાંઇ મેળ જ ન રહે. આ સ્થિતિમાં જો ધર્મનો નિર્ણય વેદથી જ કરવાનો હોય તો મનુષ્યને કેમ પાલવે? એટલે મનુષ્યબુદ્ધિએ જ રસ્તો કાઢયો કે વેદમાં ભલે ન લખ્યું હોય પણ તેથી અવિરુદ્ધ હોય તે વેદસંમત જ સમજવું. આ રીતે વેદ સાથે ધર્મસૂત્રો, કલ્પસૂત્રો, સ્મૃતિ આદિ ઉપરાંત પુરાણો પણ ધર્મના પ્રમાણગ્રન્થો તરીકે મનાવા લાગ્યા. આટલાથી પણ સંતુષ્ટ ન થનારૂં માનવમન એમ પણ કહેવા લાગી ગયું કે ભલે અમુક આચરણનો આધાર વિદ્યમાન આ બધી સામગ્રીમાં ન હોય પણ વેદનો ઘણો ભાગ જે નષ્ટ થઇ ગયો છે તેમાં તો તે હશે જ. અન્યથા આજના શિષ્ટ ગણાતા લોકો તેવું આચરણ કરે જ કેમ? સારાંશ એટલો છે કે મનુષ્યને જે સમયે જે ઉચિત લાગ્યું તે તેણે કર્યું, જેમાં તેને પોતાનું હિત દેખાયું તે કર્યું અને જૂના વિચારવાળાને રાજી રાખવા માટે વેદનો આધાર પણ ન છોડયો. આમ 'ચોદના'–શબ્દ એ મૂળે વૈદિક પ્રેરણાના અર્થમાં વપરાયો હતો છતાં તેનો અર્થવિસ્તાર માનવના વિશુદ્ધ મનની પ્રેરણા એ અર્થમાં થઈ ગયો. અને એમ થવું સ્વાભાવિક પણ છે, કારણ વેદનો અર્થ જ્ઞાન છે અને જ્ઞાન એ માણસના વિશુદ્ધ મનની ઉપજ છે. એટલે મનુષ્યનું વિશુદ્ધ મન નક્કી કરે તે ધર્મ એ આ વ્યાખ્યાનો સાર સ્થિર થયો.

ઉપર કહ્યા પ્રમાણે પ્રથમ વ્યાખ્યામાં સાધનને ધર્મ અને બીજીમાં સાધ્યને ધર્મ કહેવામાં આવ્યો છે. એટલે આ બાબત પણ વિચારણીય છે કે ધર્મ એ સાધ્ય છે કે સાધન? જો સાપેક્ષ દૃષ્ટિએ વિચારીએ તો વિશ્વમાં કશું જ એકાંતે સાધ્ય યા સાધન નથી, પણ આપણી જોવાની દૃષ્ટિથી કોઇ વસ્તુને કયારેક આપણે સાધ્ય કહીએ છીએ અને કયારેક એ જ વસ્તુને સાધન પણ કહીએ છીએ. માણસોને ધન કમાવાની જ દૃષ્ટિ હોય ત્યારે તે ધનનો જ વિચાર કરે છે અને જે કાંઇ કરે છે તે તેને મેળવવા માટે જ. આ વખતે ધન એ તેનું સાધ્ય કહેવાય છે પણ જ્યારે એને વિચાર આવે છે કે જીવન મોટું કે ધન? ત્યારે એમાંથી એ સમજતો થાય છે કે જીવન માટે ધન છે, ધન માટે જીવન નથી. આટલું સમજ્યા પછી તે ધન કમાશે જરૂર, પણ તેને જીવનના સાધન-રૂપે માનીને. આમ એક જ ધન દૃષ્ટિભેદે સાધન અને સાધ્ય જેમ બને છે તેમ ધર્મ વિષે પણ છે. જેને ધર્મની ધૂન હોય તે તેને જે કહેવામાં આવે તે કરીને ધર્મ કમાવા માંડે છે. એ વિવેક નથી કરતો કે ધર્મ:કમાવાના જે સાધન હું કામમાં લાવું છું તેથી વસ્તુતઃ ધર્મ થશે કે નહિ. સામાન્યતઃ જેની સાધ્ય ઉપર જ મુખ્ય દૃષ્ટિ હોય છે તે સાધનમાં વિવેક નથી કરતો અને જેની સાધનમાં મુખ્ય દૃષ્ટિ હોય છે તે સાધ્યમાં વિવેક નથી કરતો. પણ વસ્તુતઃ વિવેક સાધ્ય અને સાધન બન્ને પક્ષે હોવો આવશ્યક છે. આમ થતું નથી એટલે જ આપણે જોઇએ છીએ કે ધર્મ:વિષે અનેક મત–મતાંતરો પ્રવર્તે છે અને તે રૂપ એક બીજાનું નિરાકરણ કરે છે. એટલે આ સ્થિતિમાંથી ઉગરવાનો રસ્તો એક જ છે કે વિવેક કરવો અને વિવેકથી નક્કી કરવું કે ધર્મ શું છે અને નથી. અને ધર્મથી આપણે શું સિદ્ધ કરવા માગીએ છીએ અને તે સિદ્ધિ આવશ્યક છે કે નહિ?

ધર્મ એ એક સંસ્કારરૂપ પણ છે અને વસ્તુના સ્વભાવ-રૂપ પણ છે. જ્યારે આપણે તેને સંસ્કારરૂપ માનીએ ત્યારે તેની નિષ્પત્તિ હોવાથી સાધ્ય કહી શકાય. આ સાધ્યની સિદ્ધિ

અનેક સાધનોથી થાય છે અને જેની નિષ્પત્તિ હોય છે તેનો નાશ પણ હોય છે એટલે એ સંસ્કારરૂપ ધર્મ નષ્ટ પણ થવાનો. આ દૃષ્ટિએ જોઇએ તો અભ્યુદય નિષ્પાદક સાધનોથી અભ્યુદય થાય પણ છેવટે એ અભ્યુદય ટકે નહિ, કારણ કે તે કૃત્રિમ છે. એટલે સાધનપરંપરા જ્યાં સુધી ચાલુ રહે ત્યાં સુધી અભ્યુદય પરંપરા ચાલુ રહે. પણ સાધનપરંપરાની સમાપ્તિ થાય એટલે અભ્યુદયની પણ સમાપ્તિ સમજવી.

આથી વિરુદ્ધ ધર્મને જ્યારે સંસ્કાર નહિ પણ વસ્તુના સ્વભાવરૂપે માનવામાં આવે, આત્માના સ્વભાવરૂપે માનવામાં આવે ત્યારે તે અવિનશ્વર બની જાય છે. આ દૃષ્ટિએ નિઃશ્રેયસ એ અવિનશ્વર છે કારણ કે સ્વભાવ છે એની નિષ્પત્તિ ન હોય પણ પ્રાકટ્ય હોય, અવિર્ભાવ હોય, એટલે નિઃશ્રેયસ એ સ્વભાવ ધર્મ છે અને પ્રાકટ્યરૂપે સાધ્ય પણ છે. એના પ્રાકટ્યના સાધનોને ધર્મ કહેવામાં આવે છે, તે સાધનમાં સાધ્યનો ઉપચાર કરીને. આમ અર્થ–એટલે નિઃશ્રેયસ અને અભ્યુદય એ બન્નેને ધર્મ કહેવામાં આવ્યો છે–"चोदनालक्षणोऽर्थो धर्मः" એ સૂત્રમાં.

ત્યારે હવે એ વિચારવું પ્રાપ્ય થાય છે કે અભ્યુદય એ બાહ્ય સાધનસામગ્રી છે અને નિઃશ્રેયસ એ સ્વભાવપ્રાપ્તિ છે તો તે ધર્મ કેવી રીતે? આપણે ભાષામાં તો કહીએ છીએ કે દાન કરો, યજ્ઞ કરો તો ધર્મ થશે. અહીં ધર્મનો અર્થ શું? આમાં ધર્મનો અર્થ સંસ્કાર છે અને એ સંસ્કારને અનુસરીને માણસનો અભ્યુદય થાય છે. એટલે સ્વયં અભ્યુદય એ ધર્મ છતાં તેનાં સાધનને ધર્મ કહેવામાં આવે છે ત્યારે આ ભાષા ઔપચારિક છે એમ સમજવું. પછી આપણે કોઇ મનુષ્યને સ્વસ્થ-આત્મામાં લીન જોઇને કહીએ છીએ કે એ પોતાના ધર્મમાં છે. અહીં પણ એ પોતાના સ્વભાવમાં છે એમ સમજવું. આ દૃષ્ટિએ નિઃશ્રેયસ એ સ્વસ્થિતિ, આત્મલીનતા હોઇ તેનાં જે સાધનો ધ્યાન ધારણા આદિ એને પણ ધર્મ ઔપચારિક રીતે કહેવામાં આવે છે.

ઉપસંહાર

આ પ્રકારે બન્ને વ્યાખ્યામાં જે કહેવામાં આવ્યું છે તેનું મેં મારી દૃષ્ટિએ વિવરણ કર્યું. આ બધાનો સાર એ છે કે ધર્મની ખાસ કરી અભ્યુદયકારક ધર્મની વ્યાખ્યા બદલતી રહે છે અને તે ધર્મ પણ બદલતો રહે છે. નિઃશ્રેયસ ધર્મની વ્યાખ્યા પણ બદલાય છે તે પણ આપણે જોયું. એટલે આપણે એમ કહી શકીએ કે સ્વભાવ રૂપ ધર્મ સ્વયં ભલે ન બદલાતો હોય પણ તેનાં સાધનો તો બદલાય જ છે. અને આપણે જ્યારે ધર્મનો વિચાર કરવાનો હોય છે ત્યારે ખાસ કરી સાધન ધર્મનો વિચાર મુખ્ય હોય છે કારણ તે જ આચરણનો વિષય બને છે. અને સાધનરૂપ ધર્મ તે સદૈવ બદલતો રહે જ છે એ આપણે ઉપર જે વિવેચન કરવામાં આવ્યું છે તેથી જાણી શકીએ છીએ. દા. ત. એક કાળે અતિથિનું સ્વાગત પંચગવ્યથી કરવામાં આવતું અને તેમાં ધર્મ મનાતો. આજે તેમ કોઇ કરે તો અતિથિ પણ અપ્રસન્ન થાય. આજનો ધર્મ વૈયક્તિક મટીને સામાજિક થઇ રહ્યો છે. એ અનુસંધાનમાં જોઇએ તો આજે લોકહિતનાં કે સર્વજન-હિતનાં જે કાર્યો થઇ રહ્યા છે તે ધર્મનાં જ છે એ આપણે સમજવું જોઇએ. આના અનુસંધાનમાં જવાહરલાલ નહેરૂ ભાખરાનાંગલ જેવા સ્થાનોને આજના નવાં તીર્થો કહે છે તે સો ટકા સાચું જ ઠરે છે. માત્ર તે પ્રતિની આપણી દૃષ્ટ સ્પષ્ટ થવાની જરૂર છે. વૈદિક લોકો ગાય જેવા પશુઓનો યજ્ઞ કરીને ધન, જમીન, ગાયો, પુત્રો, આદિ સંપત્તિ માગતા અને એ કાળનો એ ધર્મ હતો. તો આજે દ્વામોદર યોજના કે ભાખરાનાંગલની યોજના જેમાં કરોડો લોકોના સુખસગવડની શક્યતા છે તે તીર્થો શા માટે ન કહેવાય? અને તે કાર્યને ધર્મકાર્ય કહેવામાં આવે તો તેમાં ખોટું શું છે?

સમાપ્ત

દલસુખ માલવણિયા

કેટલીક જાહેરાતો

આગામી પર્યુષણ વ્યાખ્યાનમાળા

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી દર વર્ષ માફક આ વખતે પર્યુષણ વ્યાખ્યાનમાળા ઓગસ્ટ માસની ૧૯ મી તારીખ અને શુક્રવારથી ઓગસ્ટ માસની ૨૭ મી તારીખ સુધી ગોઠવવામાં આવી છે. પહેલા પાંચ દિવસ બ્લેવાટ્સ્કી લોજમાં, પછીના બે દિવસ રોકસી થીયેટરમાં અને પછીના બે દિવસ ભારતીય વિદ્યાભવનમાં. આ મુજબનો ક્રમ આ વ્યાખ્યાનમાળાનો રહેશે. ઉપર જણાવેલ દિવસો દરમિયાન વ્યાખ્યાનસભાઓ હંમેશા સવારના ૮।। વાગ્યે શરૂ થશે અને બધ્ધે વ્યાખ્યાનો ગોઠવવામાં આવશે. આ વ્યાખ્યાનમાળાનો વિગતવાર કાર્યક્રમ પ્રબુદ્ધ જીવનના આગામી અંકમાં પ્રગટ કરવામાં આવશે.

સંઘનું વાર્ષિક લવાજમ સત્વર મોકલી આપો

સંઘનું ચાલુ વહીવટી વર્ષ ત્રણ મહિનામાં પૂરું થવા આવશે. એમ છતાં સંઘના ઘણા સભ્યોનું વાર્ષિક લવાજમ રૂા. ૫ હજુ ભરવામાં આવ્યું નથી. આ સભ્યોને આગામી પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન પોતપોતાનું લવાજમ ભરી જવા વિનંતિ છે.

આપના સરનામાં સુધરાવો!

પ્રબુદ્ધ જીવનનાં સરનામા નવા છપાવવાની જરૂર ઉભી થઇ છે તો સંઘના સભ્યોને તથા પ્રબુદ્ધ જીવનના ગ્રાહકોને વિનંતિ કે જેઓ પોતાનાં સરનામા સુધરાવવા ઇચ્છતા હોય તેઓ સંઘના કાર્યાલયને જરૂરી (૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩) સુધારા જલદીથી સત્વરે.

પ્રબુદ્ધ જીવનનો ૧૬ મી જુલાઇનો અંક ન મળ્યો હોય તે મંગાવી લે

ટપાલ ખાતાની જુલાઇ માસની તા. ૧૨ મીથી ૧૭ મી તારીખ સુધીની હડતાળ અને ત્યાર પછી ટપાલનો એકઠો થયેલો ગંજાવર જથ્થો–આ કારણોને લીધે સંઘ તરફથી વખતસર રવાના કરવામાં આવેલ ૧૬ મી જુલાઇનો પ્રબુદ્ધ જીવનનો અંક કેટલાક સભ્યો તેમજ ગ્રાહકોને ન મળ્યો હોય એવો સંભવ છે. તો જેને જેને તે અંક ન મળ્યો હોય તે સભ્યને યા ગ્રાહકને તે મુજબ સંઘના કાર્યાલય (૪૫–૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ–૩) ઉપર લખી જણાવવા વિનંતી છે. જેટલી નકલો વધી હશે તેટલા પ્રમાણમાં પ્રબુદ્ધ જીવનની તે અંકની નકલ મોકલી આપવામાં આવશે.

'ભગવાન મહાવીરનું કાર્ય'ની સમાલોચના

શ્રી શંકરરાવ દેવના ઉપર જણાવેલ વિષય ઉપરના પ્રવચનનો સંક્ષિપ્ત સાર તા. ૧૫–૭–૬૦ના પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ કરવામાં આવ્યો હતો. તેની સમાલોચના પ્રાધ્યાપક દલસુખભાઇ માલવણિયા તરફથી અમને પ્રાપ્ત થઇ છે જે આગામી અંકમાં પ્રગટ કરવામાં આવશે.

પ્રબુદ્ધ જીવનના ગ્રાહકોને

જ્યારે જ્યારે જે ગ્રાહકનું લવાજમ પૂરું થાય છે ત્યારે ત્યારે તેને વખતસર ખબર આપવામાં આવે છે. જો ગ્રાહક તરીકે તેની ઇચ્છા ચાલુ રહેવાની હોય તો રૂા. ૪ નું મનીઓર્ડર સંઘના કાર્યાલય ઉપર મોકલી આપે અથવા તેની ઉપર વી. પી. કરવામાં આવે તે સ્વીકારે. જેને ચાલુ ન રહેવું હોય તે તે મુજબની અમને સત્વર ખબર આપવા કૃપા કરે.

મંત્રીઓ,
મુંબઇ જૈન યુવક સંઘ

મુંબઇ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫–૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટસ પીપલ પ્રેસ, કોટ, મુંબઇ.

રજીસ્ટર નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૨ : અંક ૮

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, ઑગસ્ટ ૧૬ ૧૯૬૦, મંગળવાર
આફ્રિકા માટે શિલિંગ ૮

શ્રી મુંબઈ, જૈનયુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ: ૨૦ નયા પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

☆ 'ભગવાન મહાવીરનું કાર્ય': એક વિચારણા ☆

'અહિંસા એટલે અપ્રમાદ: હિંસા એટલે પ્રમાદ'

(તા. ૧૬-૭-૬૦ ના પ્રબુદ્ધ જીવનમાં 'ભગવાન મહાવીરનું કાર્ય' એ શિર્ષક નીચે શ્રી શંકરરાવ દેવે મહાવીર જયન્તી ઉપર આપેલા વ્યાખ્યાનનો અગત્યનો વિભાગ પ્રગટ કરવામાં આવ્યો હતો. જૈન ધર્મની શાસ્ત્રીય પરંપરાનો પૂરો ખ્યાલ નહિ હોવાના કારણે શ્રી શંકરરાવ દેવે એ વ્યાખ્યાનમાં કેટલાંક વિવાદાસ્પદ વિધાનો અથવા તો વિચારો રજૂ કર્યા હતા. આ વિચારોનું મુદ્દાસરનું વિશ્લેષણ શ્રી દલસુખભાઇ માલવણિયાએ નીચેના લેખમાં કર્યું છે. આ લેખને યથાસ્વરૂપે સમજવા માટે ઉપરિનિર્દિષ્ટ શ્રી શંકરરાવ દેવનું વ્યાખ્યાન તા. ૧૬-૭-૬૦ના પ્રબુદ્ધ જીવનમાંથી જોઇ લેવા પ્રબુદ્ધ જીવનના વાચકોને વિનંતી છે. તંત્રી)

'પ્રબુદ્ધ જીવન'ના તા. ૧૬-૭-૬૦ના અંકમાં શ્રી શંકરરાવ દેવનું વ્યાખ્યાન 'શ્રમણ'માંથી આપવામાં આવ્યું છે. તેનો મુખ્ય મુદ્દો તો એ જ છે કે અહિંસાનો સામાજિક પ્રયોગ આવશ્યક છે; કેવલ વ્યક્તિગત અહિંસાની સાધના પર્યાપ્ત નથી. એ સાચું જ છે કે આજનો સાધુસમાજ ખાસ કરીને જૈન સાધુસમાજ પોતાના એક કાળે ઘડાયેલા આચારના નિયમોને વળગીને એમ માને અને આચરે છે કે કોઇ પણ ઉત્પાદનનું કાર્ય કરવું તે હિંસા છે. આથી તે રોટી કમાઇને ખાતો નથી પણ ભિક્ષાથી જીવનનિર્વાહ કરે છે. આજે આપણે 'જવાબદારી'ની ભાષામાં વાત કરીએ છીએ ત્યારે શ્રી શંકરરાવ દેવ જેવા પણ એમ કહે છે કે સાધુસમાજે પોતાની ભોજન કે ભિક્ષાની અથવા તો કહો કે જીવનની સમગ્ર આવશ્યકતાની જવાબદારી ગૃહસ્થ સમાજ ઉપર નાખી છે. પણ વસ્તુતઃ આ વિષે જરા ઊંડા ઉતરવાની જરૂર છે. 'જવાબદારી નાખી છે' અને 'ઉપાડી લીધી છે' એનો ભેદ આપણે સમજી લેવો આવશ્યક છે. જે કાળે મહાવીરે કે તેમના પુરોગામીઓએ ગૃહસ્થજીવન ત્યાગીને સંન્યાસમાર્ગનું અવલંબન લીધું ત્યારે પણ એવા વાનપ્રસ્થ સંન્યાસીઓ હતા, જેઓ પોતાની આવશ્યકતાની પૂર્તિ માટે સ્વયં શ્રમ કરતા. ગૃહસ્થની જેમ વ્યાપાર કરી આવશ્યકતાથી અધિક ભેગું તેઓ કરતા નહિ. આ માત્ર બુદ્ધ-મહાવીરના સંન્યાસીઓ અને બીજા વાનપ્રસ્થ સંન્યાસી વચ્ચે ભેદ હતો. ગૃહસ્થ વર્ગ વ્યાપાર કરી સંપત્તિ અધિકમાં અધિક કેવી રીતે પ્રાપ્ત કરવી એની ચિંતા સેવતો, ત્યારે વાનપ્રસ્થ સંન્યાસીવર્ગને એવી ચિંતા ન હતી. તેઓ માત્ર પોતાને આવશ્યક એટલું મળી રહે તેટલા પૂરતો શ્રમ કરતા અને બાકીના સમયમાં આધ્યાત્મિક સાધના. બીજી રીતે કહો તો ગૃહસ્થને કમાવું એ મુખ્ય, જ્યારે વાનપ્રસ્થ સંન્યાસીને અધ્યાત્મસાધના એ મુખ્ય. ગૃહસ્થને પોતાના કુટુંબના પાલન પોષણની જ નહિ સાત પેઢીની ચિન્તા હતી, આવી કોઇ ચિન્તા વાનપ્રસ્થ સંન્યાસી સેવતો નહિ. પણ ભ. મહાવીર અને તેમના પુરોગામીઓ ભ.પાર્શ્વનાથ આદિની વિચારસરણીમાં અહિંસા એ આધ્યાત્મિકતાનો મૂળ પાયો છે એવી સમજ હતી. તેમનાં પહેલાના વાનપ્રસ્થ સંન્યાસીઓમાં અહિંસા કરતાં બ્રહ્મચિંતન કે ધ્યાન કે તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ એ મુખ્ય હતું. તેમનામાં અહિંસામૂલક ઉગ્ર આચરણ અથવા તો અહિંસાના વિચારમાંથી ઊભું થયેલું ઉગ્ર આચરણ ન હતું. આ ભેદ ધ્યાનમાં લઇએ તો કેટલીક ગૂંચો ઉકેલવી સરળ થઇ પડશે. મન, વચન, કાયાથી હિંસા કરવી નહિ, કરાવવી નહિ અને અનુમોદવી નહિ—આ ભગવાન મહાવીરની અહિંસા હતી. વળી હિંસા એ પ્રાણધારી જીવની થતી હોઇને એ પણ વિચારવું તેમને માટે આવશ્યક હતું કે પ્રાણધારી કોણ છે અને કોણ નથી. પરંપરાથી જ એમને એ વિજ્ઞાન પ્રાપ્ત જ હતું કે દૃશ્ય અદૃશ્ય. સ્થૂલ સૂક્ષ્મ નાના પ્રકારના જીવો આ લોકમાં ભરાયેલા છે. જીવથી આખું જગત ભરેલું છે, અને તેમાં જીવવા છતાં કોઇ પણ પ્રકારે હિંસા ન કરવી—આ બેના આધારે તેમને પોતાના અહિંસક જીવનનો ઘાટ ઘડવો હતો. આમાંથી જ તેમને નિવૃત્ત જીવનનો—ઉત્કટ નિવૃત્ત જીવનનો—અહિંસક જીવનનો—ઉત્કટ માર્ગ જડી આવ્યો. અને એને જ કારણે શક્ય એટલી બધી પ્રકારની હિંસા તજવા પ્રયત્ન કર્યો. આમાંથી જ ક્રમે કરી છેવટે અહિંસક જીવનની અંતિમ ભૂમિકા રૂપે ઐકાંતિક નિવૃત્ત જીવનની કલ્પના ઊભી થઇ. આવી ઐકાંતિક નિવૃત્તિ સ્વીકારનાર માટે શ્વાસોચ્છ્વાસનું પણ નિયમન કરવું આવશ્યક છે. તો પછી આહારનું નિયમન તો સ્વાભાવિક રીતે જ આવશ્યક થઇ જાય છે. એટલે કે આવું સાધક જીવન એ સમાધિમરણની પ્રક્રિયા જ છે. આહાર એ જીવનમાં અસમાધિભાવની વૃદ્ધિને રોકવા પૂરતો મર્યાદિત છે. આથી જ આપણે જોઇએ છીએ કે ભ. મહાવીરના સાધકજીવનમાં ઉપવાસના—તપાસ્યાના દિવસો વધી જાય છે. બહુ જ ઓછા દિવસોએ તેમણે આહાર લીધો છે. અહિંસાની આવી ઉત્કટ સાધના કરનાર માટે એમ ન કહી શકાય કે તેમણે પોતાના આહાર આદિની 'જવાબદારી ગૃહસ્થો ઉપર નાખી છે.' પણ ગૃહસ્થો સ્વયં આવા તપસ્વીને પોતાના આહારમાંથી જે કાંઇ આપી શકે તો પોતાને ધન્ય માને છે. અથવા એમ કહો કે તેઓ આવા સમર્થ તપસ્વીની સેવાનો લાભ લેવો તેને કર્તવ્ય માને છે. આમ જવાબદારી નહિ, પણ કર્તવ્ય કે સેવાનો ભાવ તપસ્વીને આહારદાનમાં રહેલો છે. તેને આજની પરિભાષામાં 'જવાબદારી નાખી છે' એમ કહેવું તે આધ્યાત્મિક મૂલ્યોનું મહત્ત્વ ઓછું કરી માત્ર અદ્યતનાબદલીની પરિભાષામાં અથવા તો ભૌતિકવાદની પરિભાષામાં લઇ જવા જેવું થાય.

પણ આથી એમ નથી સમજવાનું કે જે કોઇ માત્ર વેશ બદલીને સાધુ થાય તે તપસ્વી થઇ જ ગયો, અને ગૃહસ્થ-સમાજે વિવેકશૂન્ય થઇ તેની સેવા કરવાની છે. વિવેક વિના તો બધું જ નકામું છે. એમ થાય તો તે નાગડાબાવાની જમાતો જ વધી જાય. અને આજના મોટા ભાગના સાધુસમાજમાં કે એવા કોઇ પણ સમાજમાં એવી ઉત્કટ અહિંસાની ભાવના દેખાતી નથી જ. એટલે આ બેજવાબદારીનો અને નિષ્ક્રિયતાપણાનો-અકર્મણ્યતાનો-આક્ષેપ તેમના ઉપર થાય એ સ્વાભાવિક છે.

હવે સર્વોદયવાદિઓના આ સિદ્ધાન્ત ઉપર પણ થોડો વિચાર કરી લઇએ કે વ્યક્તિએ જીવનની જરૂરિયાતો પોતાની મેળે જ ઉપજાવવી જોઇએ. સાધુઓ જીવનની જરૂરિયાતનો ભાર બીજા ઉપર નાખી પોતે પોતાને અહિંસક માને છે. આ વસ્તુની ટકોર શ્રી દેવના વ્યાખ્યાનમાં છે. આ વિષે પણ 'ભાર નાખવો' અને 'ભાર ઉપાડી લેવો' એ બેનો વિવેક જરૂરી છે. પણ જ્યારે આપણે વ્યક્તિનિષ્ઠ અહિંસા કરતા સમાજનિષ્ઠ અહિંસા ઉપર વધારે ભાર આપવા માગીએ છીએ ત્યારે એ પણ સમજી લેવું જોઇએ કે અહિંસાનો ઉદ્ભવ સમાજમાંથી જ થતો હોઇ-તે એક સામાજિક ગુણ હોઇ-તેને વ્યક્તિનિષ્ઠ કહેવાનો અર્થ એટલો જ છે કે સમાજમાં જે કાંઇ હિંસા થઇ રહી છે તેને ટાળવા કોઇ એક વ્યક્તિ પ્રયત્ન કરી રહેલ છે. જે કાળે સમાજમાં હિંસાના જે રૂપ ઉપર વધારે ધ્યાન કેન્દ્રિત થયું હોય તે હિંસાને ટાળવાનો પ્રયત્ન થાય એ સ્વાભાવિક છે. ભ. મહાવીરના સમયમાં તેમણે સર્વપ્રથમ ધાર્મિક ક્ષેત્રમાં ધર્મને નામે થતી હિંસાને નિવારવા વિશેષ પ્રયત્ન કર્યો. પણ એનો અર્થ એ નથી કે તેમણે અર્થ અગર કામમાં હિંસા જે થતી તેને વિષે કાંઇ જ વિચાર કર્યો નથી. ગૃહસ્થો માટેના બાર વ્રતોની યોજના જોનારને એમ લાગ્યા વિના નહિ રહે કે તે ક્ષેત્રે પણ તેમણે સાધકની પ્રાથમિક ભૂમિકાને યોગ્ય અહિંસા અને અપરિગ્રહ ઉપર પૂરું ધ્યાન આપ્યું જ છે. ગૃહસ્થ પછી તે રાજા હોય કે સામાન્ય પ્રજા, પણ તેણે શત્રુના આક્રમણ સિવાય તેની હિંસા ન કરવી, એટલે કે સ્વયં આગળ વધીને આક્રમણ ન કરવું. આ વસ્તુને તેમણે ગૃહસ્થના અહિંસાવ્રતમાં આવશ્યક માની છે. આ સમાજજીવનમાં અહિંસાના સિદ્ધાન્તને ઉતારવાનો પ્રયત્ન નથી તો શું છે? અને આજના આ ભયંકર યુદ્ધો એ આક્રમણ નહિ તો બીજું શું છે? એટલે વસ્તુતઃ સમસ્યા એક જ છે. તેના સંકોચ-વિસ્તારમાં ભેદ છે. જે વ્યક્તિ અહિંસાની સૂક્ષ્મતામાં જાય તે અર્થ અને કામ વિષેની હિંસાનો વિચાર જ ન કરે એમ કેમ કહી શકાય?

એટલે મૂળ પ્રશ્ન એ છે કે અહિંસાનું વ્યક્તિગત પાલન જો કોઇ કરવા માગે તો તેની મર્યાદા શી? શું તે રોટલો પોતે રળે તો જ અહિંસક કહી શકાય અને બીજો તેને ખવરાવે તો તેની અહિંસા અધૂરી લેખાય? જ્યારે આપણે સમાજની વાત કરીએ છીએ ત્યારે જે સમાજમાં આપણે જીવતા હોઇએ અને તેની જે પ્રકારની રચના હોય એનો પણ ખ્યાલ કરવો જ જોઇએ. અત્યારના સમાજની રચના એવી છે કે તેમાં કામની વહેંચણી અનિવાર્ય છે જ. એટલે એ આગ્રહ કે જે ખેતી ન કરે તેને ખાવાનો અધિકાર નથી, અગર હાથે ન કાંતે તેને કપડા પહેરવાનો અધિકાર નથી એ સત્યાગ્રહમાં ન ખપે, પણ અત્યાગ્રહમાં જરૂર ખપે. જે માણસને શ્વાસ લેવામાં પણ હિંસા જણાતી હોય તેને ખેતી કરવા કહેવું તે અત્યાગ્રહ છે અને આવી અહિંસાની સાધના કરનાર વ્યક્તિઓ ન જ હોય એમ ન કહી શકાય. આવી વ્યક્તિઓ આહાર ન મળે તો મૃત્યુ સ્વીકારવા પણ તૈયાર હોય છે. એટલે સિદ્ધાન્તની ચર્ચામાં આ પ્રકારની અહિંસાને પણ સ્થાન તો છે જ. સાથે એ સ્વીકારવું જોઇએ કે અહિંસાસાધનામાં આ સ્થિતિ કોઇક જ પ્રાપ્ત કરી શકે છે. પણ તેથી એમ ન કહી શકાય કે તે સમાજદ્રોહી છે અગર તો સમાજ ઉપર નભનાર છે પણ સમાજને બદલામાં કશું જ આપતો નથી. સમાજમાં અહિંસા-નિષ્ઠાની પ્રતિષ્ઠા આવા જવલ્લે થનાર સાધકો જ કરાવી શકે છે. અહિંસાસાધનાની પણ અનેક ભૂમિકાઓ છે. તેમાં આ પણ એક ઉત્કટ ભૂમિકા છે અને તે અનાવશ્યક છે એમ માનવાને કારણ નથી. અહિંસાની સાધનામાં આ સ્થિતિએ પહોંચેલ વ્યક્તિ જ સમાજમાં જે વિવિધ ભૂમિકાએ અહિંસા-સાધના થતી હોય તેમાં પ્રેરક બળ બની રહે છે.

આવી સાધના-ઉત્કટ અહિંસાની સાધના-કરનારના સંઘો ન હોય તે પણ સાચું જ છે અને જો સંઘો બને તો અહિંસાની ઉત્કટતાને બદલે ઢોંગ સ્થાન લઇ લે છે એ આજના સાધુસંઘોને નિહાળનાર કોઇ પણ જોઇ શકે છે. અંદરથી જાગેલી ઉત્કટ અહિંસા જીવનમાં ન હોય છતાં ઉત્કટ અહિંસાને અનુસરી બનેલા જીવનના નિયમોના બાહ્ય બોજાને વળગી રહેવું એમાં તો આત્મવંચના સ્પષ્ટ જ છે. એનો બચાવ કરવા માટે આ નથી લખાયું.

ભ. બુદ્ધ કે મહાવીરની અહિંસા સંઘમાં પુરાઇ રહી અને તેનો સમાજમાં વિકાસ ન થયો એમ શ્રી શંકરરાવ દેવ કહે છે. આનો અર્થ તેમને મન શું વિવક્ષિત છે તે સમજાતું નથી. સમાજ જીવનમાંથી ક્રમે કરી ધાર્મિક હિંસા નાબૂદ થઇ અથવા તો ધાર્મિક હિંસા પ્રત્યે ઘૃણા જાગૃત થઇ. આ અહિંસાનો સમાજગત વિકાસ નથી તો શું છે? અશોક જેવા રાજાને યુદ્ધની ભયંકરતા ભાસિત થાય છે તે સમાજગત અહિંસાના વિકાસ વિના જ છે એમ તો ન કહી શકાય. સમગ્ર સૌરાષ્ટ્રમાં અને ગુજરાતમાં માંસાહાર પ્રત્યે ઘૃણા અને સમગ્ર ભારતવર્ષમાં વસતા જૈન સમાજમાં માંસાહાર વિષે ઘૃણા એ અહિંસાનો સમાજગત વિકાસ નહિ તો બીજું શું છે? અને આજે પણ જે ગાંધીજીનું નામ લઇ આપણે અહિંસાની મોટી મોટી વાતો કરીએ છીએ તેમને સફળતા શું સમાજમાં અહિંસાની ભૂમિકા વિના જ મળી ગઇ?

ખરી વાત એવી છે કે અહિંસાની વિચારણાનો મૂળ સ્રોત તો એક જ છે. તે જ સ્રોતનું પાણી મહાવીરે પીધું કે બુદ્ધે પીધું, અને તે જ સ્રોતનું પાણી ગાંધીએ પીધું. સમય સમયની સમસ્યાઓ જુદી હોય છે અને એ સમસ્યામાં અહિંસક વ્યક્તિ પોતાની સમજશક્તિ અને ભૂમિકા પ્રમાણે અને પરિસ્થિતિ પ્રમાણે ઉકેલ આપે છે. પ્રહ્લાદની ભક્તિને આપણે સત્યાગ્રહનું નામ નથી આપતા તેથી કાંઇ એ સત્યાગ્રહ મટી નથી જતો, અને ગાંધીજીએ ઘણા પ્રહ્લાદો ઊભા કર્યા એટલે ગાંધીજીને આપણે સત્યાગ્રહના પુરસ્કર્તા કહીએ છીએ, પણ એ ભુલી જઇએ છીએ કે સ્વયં પ્રહ્લાદની નિષ્ઠાએ કેટકેટલા માનવીઓમાં ભક્તિનિષ્ઠા પ્રેરી હશે? એનો તો કોઇએ હિસાબ કાઢયો જ નથી, એ નીકળી શકે પણ નહિ.

'સમાજને હિંસાની છૂટ આપવામાં આવી' આ વાક્ય શ્રી દેવનું છે. અહિં પણ છૂટ આપી એમ નહિ, પણ મનુષ્યે પોતાની કમજોરીને કારણે છૂટ લીધી. સત્યાગ્રહી કે ભૂદાની એવું ઘણું કરે જે ગાંધીજી કે વિનોબાને સંમત ન હોય. તેથી એમ તો ન કહેવાય કે તેમણે છૂટ આપી. મનુષ્ય કોઇ પણ ગુણનો સ્વીકાર પોતાની

શક્તિ અનુસાર જ કરે છે. આથી જ આધ્યાત્મિક વિકાસની અનેક ભૂમિકાઓ પડે છે. પણ તેથી એમ તો ન જ કહેવાય કે પ્રવર્તકે એવી બધી છૂટ આપી છે. એવી છૂટ હોય તો તે મનુષ્ય આગળ વધી જ શકે નહિ. પણ તે જો એમ સમજતો રહે કે આ છૂટ જે લઉં છું અથવા તો અનાચાર કરું છું તે અનાચાર તો છે જ અને મારે તેને ગમે ત્યારે છોડવાનો છે જ તો જ તે આધ્યાત્મિક સાધનાની કોઇ પણ એક ભૂમિકામાં ગણાઇ શકે. અન્યથા દૃઢાચારી ગણાય, પ્રગતિના પંથે નહિ.

ચાર આશ્રમ વિષેની વાત કરતા તો શ્રી દેવ ભીંત જ ભૂલ્યા છે. બ્રહ્મચારી તો બાળક ગણાય એ શું કમાય? સંન્યાસી તો અતિવૃદ્ધ હોય, શું તેણે પણ ખેતી કરવાનું ચાલુ રાખવું? તો પછી સમાજમાં બિમાર હોય, વૃદ્ધો હોય તેની જવાબદારી શું સમાજની નથી? જો એમ ન હોય તો તો સમાજ ધડવાની આવશ્યકતા જ શી? પશુની જેમ જીવવું અને મરવું એ શું ખોટું? મનુષ્યે સમાજ બાંધ્યો એની પાછળ દૃષ્ટિ એ જ છે કે સમાજમાં બળવાન અને બળહીન બધાનું ઉચિત માત્રામાં ભરણપોષણ સ્વાભાવિક રીતે થતું રહે, અને સૌ પોતાની યોગ્યતા અને રૂચિ પ્રમાણે કાર્ય કરે. એ વસ્તુ તો અશક્ય જ છે કે બધાએ એક જ પ્રકારનું અને તે ઉત્પાદનનું જ કામ કરવું જોઇએ અને ઉત્પાદનનું કાર્ય ન કરે તો તેને ખાવાનો હક્ક જ નથી, કારણ કે તેની જવાબદારી બીજાએ ઉપાડવી પડે છે. જો આપણે અ.મ ખરેખર માનતા હોઇએ તો ભૂદાનયાત્રાઓ બંધ જ કરવી પડે, છાપાઓ બંધ કરવા પડે, સાધનાઆશ્રમો બંધ કરવા પડે, અને બધાંએ ખેતરે યા કારખાનામાં જઇ કામ જ કરવું પડે.

પણ શ્રી દેવને જે કહેવાનું છે તે તો કદાચ બીજું જ છે. અને તે એ કે 'કૃષિમાં હિંસા છે માટે તે છોડીને અહિંસાનો માર્ગ અપનાવવો એટલે કે ખાવાનું છોડવું નહિ, પણ ખેતી છોડવી--આ માર્ગ બરાબર નથી,' તેમનું આ વિશ્લેષણ ઉપર ઉપરથી ઠીક લાગે છે. પણ જેમણે કૃષિમાં હિંસા બતાવી છે તેમણે ખાવામાં અહિંસા છે એવું ક્યાં કહ્યું છે? જેમને કૃષિમાં હિંસા જણાઇ તેમને તો ખાવામાં પણ હિંસા જ જણાઇ છે. એટલે જ તો તેઓ ખાવાનું ક્રમે કરી ઓછું ને ઓછું કરતા જાય છે. આજના સાધુસમાજના આચરણને આધારે હિંસા-અહિંસાના સિદ્ધાંતની વિચારણા ન થઇ શકે. મૂળ સિદ્ધાંતકારના વકતવ્યને અને આચરણને સમજવા પ્રયત્ન કરવો જોઇએ. ખાસ કરી તેમની જયંતી પ્રસંગે.

હિંસા-અહિંસાની અનેક વ્યાખ્યાઓ થઇ, પણ છેવટે જે વ્યાખ્યા અનિવાર્ય રીતે જૈન ધર્મમાં સ્વીકારાઇ તે છે: "પ્રમાદ એ હિંસા અને અપ્રમાદ એ અહિંસા." જીવનમાં અપ્રમાદની માત્રા જેટલી વધે તેટલી અહિંસા વધે છે અને તેમાં જેટલી કમી તેટલી અહિંસક જીવનમાં પણ કમી. આ વ્યાખ્યા એટલી વિશાળ છે કે તેમાં વ્યક્તિ પોતાની રુચિ પ્રમાણે પોતાને જણાતા કર્તવ્યનો સમાવેશ કરી શકે છે અને અકર્તવ્યને ટાળી શકે છે. જેને માત્ર આળસુ બની કશું જ કરવું નથી એ જ્યારે અહિંસાને આગળ ધરે છે ત્યારે તેમાં તેની આળસનો જ દોષ છે પણ તેથી અહિંસાને કારણે તે તેમ કરે છે એમ માનવાને કારણ નથી. અહિંસાનો વિશાળમાં વિશાળ સર્વસમાવેશી અર્થ પણ છે અને સંકુચિતમાં સંકુચિત પણ છે. તેમાંથી મનુષ્ય પોતાની શક્તિ પ્રમાણે ચૂંટે છે. આમ કરવામાં કેટલીક વખત તે આત્મવંચના કરે છે તો કેટલીક વાર પોતાની દૃઢ માન્યતાનું અનુસરણ પણ કરતો હોય છે. એટલે અહિંસક આચાર શું નહિ અને શું છે તેનો નિર્ણય છેવટે તો પ્રમાદને આધારે જ કરવો જોઇએ. ગીતાના શબ્દોમાં કહેવું હોય તો અનાસક્ત મનુષ્ય જ જેમ ખરો સમભાવી અને અહિંસક છે અને તે જેમ પોતાના કર્તવ્યની કસોટી તરીકે અનાસક્તિને રાખે છે, એ જ એનો ધ્રુવમંત્ર છે, તેમ અપ્રમાદ એ જ અહિંસક આચાર માટે જૈનધર્મે ધ્રુવમંત્ર આપ્યો છે. ગમે તે કાર્ય કરતાં જેટલા પ્રમાણમાં અપ્રમાદી રહેવાય તેટલા પ્રમાણમાં અહિંસક બનાય છે અને જેટલા પ્રમાણમાં પ્રમાદ તેટલી હિંસા. આ કસોટીએ જ જીવનની હિંસા અને અહિંસાને કસવી જોઇએ અને એને આધારે કર્તવ્યાકર્તવ્યનો નિર્ણય પણ કરવો જોઇએ.

દલસુખ માલવણિયા

પૂરક નોંધ

ઉપરની આલોચના-વિચારણામાં શ્રી દલસુખભાઇએ શ્રી શંકરરાવ દેવના ઘણાખરા મુદ્દાઓનું ભારે સતર્ક અને ઝીણવટભર્યું વિશ્લેષણ કર્યું છે. એમ છતાં શ્રી શંકરરાવ દેવના એક વિધાન તરફ લેખકનું પૂરતું લક્ષ ગયું નથી. શ્રી શંકરરાવ દેવ પોતાના પ્રવચનની શરૂઆતમાં જણાવે છે કે "અનિવાર્ય હિંસાના નામ ઉપર સમાજને હિંસાની છૂટ આપવામાં આવી અને પૂર્ણ અહિંસાનું પાલન કરવાવાળા ભિક્ષુઓનો સંઘ સમાજથી અલગ બની ગયો." આમાંના પ્રથમ વાક્યમાં જે વિધાન છે તે વિધાન જૈન પરંપરા વિષેનું તેમનું અજ્ઞાન સૂચવે છે. સમાજને એટલે કે ગૃહસ્થ સમાજને કોઇ પણ હિંસાને અનિવાર્ય ગણીને જૈન ધર્મ તરફથી છૂટ આપવામાં આવી છે એવું છે જ નહિ. ગૃહસ્થ સમાજ જે કાંઇ હિંસા કરે તેનો દોષ તેને લાગે જ છે અને તેનાં ફળ તેણે ભોગવવા જ પડે છે. પણ 'અનિવાર્ય હિંસા'એ શબ્દોનો પ્રયોગ જૈન સાધુઓની-જૈન ભિક્ષુઓની-ચાલુ જીવનચર્યા અંગે કરવામાં આવ્યો છે અને તે દ્વારા એવો ભાવ સૂચવવામાં આવ્યો છે કે જૈન સાધુઓ અહિંસાને પોતાના જીવનમાં અમલી બનાવવાનો ગમે તેટલો પ્રયત્ન કરે ગમે તેટલા તેઓ સાવધ રહે-અપ્રમાદી રહે-તો પણ શ્વાસોચ્છ્વાસ, ગમનાગમન, આહાર-નિહાર વગેરે અંગે તેમના જીવન સાથે કોઇ ને કોઇ હિંસા જોડાયલી રહેવાની જ. સર્વવિરતિ હોવાનો દાવો કરતા જૈન સાધુઓને પોતાના જીવનધોરણ અંગે આવી સૂક્ષ્મ હિંસા તો અવશ્ય કરવી પડવાની જ. સતત જાગૃત રહેતા એવા જૈન સાધુઓના આચારધર્મનો વિચાર કરતાં જૈન શાસ્ત્રકારોએ આવી સૂક્ષ્મ હિંસાને અનિવાર્ય ગણીને ક્ષમ્ય ગણી છે અથવા તો તેને હિંસા ગણવી નહિ એમ સૂચવ્યું છે. કારણ કે અહિંસાનું સાર્વત્રિક પાલન કરવાના આગ્રહ દ્વારા સાધુઓ પોતાની સમગ્ર જીવનપ્રક્રિયા બંધ કરી દે એમ જૈન શાસ્ત્રકારોએ કદી ઇચ્છયું નથી કે કહ્યું નથી. આમ અનિવાર્ય હિંસાની છૂટ જૈન શાસ્ત્રકારોએ ગૃહસ્થોને નહિ પણ સાધુઓને આપી છે, અને તેની પાછળ ઉપર જણાવ્યા મુજબની વિચારણા રહેલી છે.

એક બીજો મુદ્દો જેનો શ્રી દલસુખભાઇએ કશો પોતાના લેખમાં ઉલ્લેખ કર્યો નથી તે છે વિજ્ઞાન વિરુદ્ધ ધર્મને લગતો. પોતાના પ્રવચનમાં શ્રી શંકરરાવ દેવે એ મતલબનું કહ્યું છે કે "અહિંસાના માધ્યમ દ્વારા આખું વિશ્વ બદલી શકાય છે. આ ક્રાંતિકારી ખ્યાલ ધર્મે અપનાવવો પડશે. જો તે ક્રાન્તિકારી નહિ બને તો પોતે ખલાસ થવું પડશે; કારણ કે વિજ્ઞાને અહિંસાને અનિવાર્ય બનાવી દીધી છે. જો સમગ્ર સંસાર અહિંસાના માર્ગ ઉપર નહિ ચાલે તો તેણે સર્વનાશના માર્ગે જ આગળ વધવાનું રહેશે. આમ હોવાથી જે કામ ધર્મ કરી નહિ

શક્યું તે વિજ્ઞાન કરશે. તો પછી ધર્મે પોતાનું સ્વરૂપ શા માટે ક્રાંતિકારી બનાવવું નહિ? વિજ્ઞાન આજે સમગ્ર સંસારને જોડી રહ્યું છે, પરંતુ ધર્મ સમગ્ર સંસારને તોડવાનું કામ કરી રહ્યો છે" ઇત્યાદિ.

આ નિરૂપણમાં વિજ્ઞાન અને ધર્મ એક બીજાના હરીફ હોય અને જો ધર્મ વખતસર નહિ ચેતે તો તેનું સ્થાન વિજ્ઞાન લઇ લેશે-આવી એક વિચિત્ર ચેતવણી રજુ કરવામાં આવી છે. વળી તેમાં વિજ્ઞાનની એકાંગી પ્રશસ્તિ છે અને ધર્મની એકાંગી નિન્દા અથવા તો અવગણના છે. ખરી રીતે વિજ્ઞાન અને ધર્મનાં કાર્યક્ષેત્ર સમાન નહિ પણ ભિન્ન છે અને પરસ્પરનાં પૂરક બની શકે તેવાં છે. વિજ્ઞાનને હિંસા અહિંસાની વિચારણા સાથે સીધો કોઇ સંબંધ નથી.

કુદરતના નિયમોનું પ્રયોગોપૂર્વક સંશોધન કરવું અને તે નિયમોના જ્ઞાન વડે કુદરતી બળો ઉપર માનવીનું પ્રભુત્વ વધારતા જવું-આ કાર્ય વિજ્ઞાનનું છે. તેનો સંબંધ કેવળ ભૌતિક વિશ્વના શક્ય તેટલા સાક્ષાત્કાર સાથે છે. વૈજ્ઞાનિક સાધનો વડે માનવી-સમાજને એકમેકને નજીક લાવવાનું કામ અવશ્ય વિજ્ઞાને કર્યું છે, પણ આ સમાજમાં બંધુત્વની ભાવના પેદા કરવાનું, કેળવવાનું કામ વિજ્ઞાનનું નહિ પણ કેવળ ધર્મનું છે. માનવીના આચાર સાથે સીધો સંબંધ ધર્મનો છે, વિજ્ઞાનનો નહિ. વિજ્ઞાને માનવીની હિંસક શક્તિ પારાવાર વધારી દીધી છે. એ ઉપરથી અહિંસાની અનિવાર્યતા ફલિત કરવાનું કાર્ય ધર્મનું એટલે માન-વીની અંદર રહેલી ધર્મબુદ્ધિનું છે. ધર્મે સમગ્ર સંસારને તોડ-વાનું કામ કર્યું છે આ વિધાનમાં ધર્મ શબ્દનો અર્થ પોતપોતાના ધર્મની વિશાળ ભાવનાને નહિ સમજનાર સંપ્રદાયબધિર ધાર્મિક સમાજ એમ સમજવાનો છે. કોઇ પણ ધર્મને તેના ખરા અર્થમાં સમજવામાં અને અનુસરવામાં આવે તો તેનું પરિણામ માનવ સમાજને તોડવામાં નહિ પણ જોડવામાં જ આવે. વિજ્ઞાન-માત્રથી જગત નથી જીવવાનું કે નથી મરવાનું. તેના જીવવા મરવાનો આધાર અહિંસાપ્રધાન ધર્મદૃષ્ટિના ઉદય કે અસ્ત થવા ઉપર રહેલો છે. આ રીતે વિચારતાં ધર્મ અહિંસાલક્ષી નહિ બને તો વિજ્ઞાન જગતને બચાવી લેશે એમ નહિ, પણ કેવળ અહિંસાલક્ષી ધર્મ-બુદ્ધિની જાગૃતિ અને સ્થિર પ્રતિષ્ઠા એ જ માત્ર આજના જગતનો તારણહાર ઉપાય બની શકે તેમ છે.

શ્રી. શંકરરાવ દેવના પ્રવચનનો ઝોક સમગ્રપણે કાંઇક આવો છે:—

આજના જૈન સાધુઓની શ્રમવિમુખતા, અન્યના શ્રમના પરિણામરૂપ મળતી સગવડોનો તેમના પક્ષે લેવાતો સતત લાભ અને તેના વળતર રૂપે સામાજિક સેવાના રૂપમાં કશું પણ કરવાની જવાબદારીનો ઇનકાર અને તે બધું સંપૂર્ણપણે અહિંસક એવી જીવન-આદર્શના અનુપાલન માટે અનિવાર્ય છે આવી તેમની દૃઢ માન્યતા-આ સામે શ્રી શંકરરાવ દેવનો વિરોધ છે અને જો અહિંસક જીવનના આદર્શને લગતી આવી માન્યતા હોય તો તેને તેઓ તિલાંજલિ આપે, શ્રમાભિમુખ બને, અને તેમને મળતી સામાજિક સગવડોના વળતર રૂપે તેઓ સમાજને એક યા બીજા પ્રકારની સેવા આપે એવો શ્રી શંકર-રાવ દેવનો આગ્રહ છે.

આ તેમનો આગ્રહ મને પણ સ્વીકાર્ય છે, જૈન સાધુઓએ લક્ષ્યમાં લેવા જેવો છે અને તે મુજબ તેમના આચારવિચારમાં પરિવર્તન થવાની જરૂર છે એ મને પણ લાગે છે, પણ તેવું પરિવર્તન નીચે જણાવેલ ખ્યાલોને આધીન રહીને થવું જોઇએ એવો મારો અભિપ્રાય છે:—

(૧) તેઓ સાધુ યા સંન્યાસી હોઇને એકદમ સંયમપૂર્ણ, હિંસાકર્મથી બને તેટલું મુક્ત, બને તેટલી ઓછી જરૂરિ-યાતો વડે ચલાવી લેવાની વૃત્તિથી યુક્ત એવા જીવનને વરેલા છે. તેથી તેમની શ્રમપરાયણતા કે સેવાભિમુખતા આ પ્રકારના જીવનને સર્વથા અનુરૂપ, સુસંગત અને પોષક હોવી જોઇએ. જેમાં પોતા પૂરતો બને તેટલો ઓછો આરંભસમારંભ હોય એવું સાધુજીવનનું રૂપ હોવું જોઇએ.

(૨) સાધુ જીવન એટલે સાધકનું જીવન, એટલે કે સાધના-યુક્ત જીવન—આવી કલ્પના જૈન સાધુના જીવન સાથે હંમેશાં જોડાયેલી રહી છે. આ સાધના એટલે વ્રત, જપ, તપ, ધ્યાન અને જ્ઞાનોપાસના. આ બધી બાબતોને જેને આપણે શ્રમ યા સેવાના નામથી ઓળખીએ છીએ તે સાથે સીધો સંબંધ નથી, એમ છતાં પણ સાધુ જીવનમાં આ બાબતોને મુખ્ય નહિ તો મહત્વનું સ્થાન હોવું જ જોઇએ. આનો અર્થ એ થયો કે જો આ બાબતોની તદ્દન ઉપેક્ષા કરીને કોઇ પણ સાધુ શ્રમ અને સેવાના વિચારને અમલી બનાવવાનો પ્રયત્ન કરશે તો તેવો સાધુ કદાચ ઉત્તમ કોટિનો સમાજ સેવક બનશે, પણ તેનામાં આપણી કલ્પનાના સાધુપુરૂષનું દર્શન આપણને કદિ પણ નહિ થાય.

(૨) શ્રમ એટલે માત્ર શારીરિક શ્રમ એમ નહિ. અલબત્ત પોતાનું ચાલુ કામકાજ પોતા થકી જ તેઓ પતાવે અને તે માટે નોકર ચાકર ઉપર પરાવલંબી ન બને એ જરૂર ઇચ્છવા યોગ્ય છે, પણ સાધુ જાતે સુતર કાંતે, કપડું જાતે વણે, રસોઇ જાતે કરીને ખાવાનું પકાવે, અથવા તો અન્ન માટે જાતે ખેતી કરે એવો કોઇ એકાન્ત આગ્રહ હોવો જ ન જોઇએ. પોતાની અંગત જરૂરિયાતો સમાજ પાસેથી તેઓ મેળવી લે અને સમાજની બીજી અનેક રીતે સેવા કરે. દા. ત. જ્ઞાન સંશોધન, દલિત યા પીડિતની સેવા, શિક્ષણ, વગેરે. અને આ બધી પ્રવૃત્તિ નિષ્કામ ભાવે અને જાગૃતિપૂર્વક તેઓ કરતા હોઇને, તેમાં એક યા બીજા પ્રકારની હિંસા અન્તર્ગત હોવા છતાં પોતાના અહિંસા વ્રતને આથી જરા પણ બાધ આવે છે એમ તેઓ ન સમજે.

જૈન સાધુઓ પક્ષે આવું આચારવિચાર-પરિવર્તન શ્રી શંકરરાવ દેવને અપેક્ષિત છે એમ હું સમજ્યો છું અને આજના સાધુસમાજને વર્તમાન વિચારવાતાવરણ સાથે પોતાના જીવનને તાલબદ્ધ બનાવવું હોય તો ઉપર જણાવ્યા મુજબ પોતાના વિચાર, વચન અને વર્તનમાં જરૂરી ફેરફાર કર્યા સિવાય ચાલે તેમ નથી એમ તેમણે સમજી લેવાની—એક રીતે કહીએ તો અનિવાર્ય-આવશ્યકતા છે.

પરમાનંદ

વિષયસૂચિ

		પૃષ્ઠ
ભગવાન મહાવીરનું કાર્ય: એક વિચારણા	દલસુખભાઇ માલવણિયા	૭૧
પૂરક નોંધ...	પરમાનંદ	૭૩
સાણંદનો શુદ્ધિપ્રયોગ ...	પરમાનંદ	૭૫
પ્રકીર્ણ નોંધ: ગુજરાત યુનિવર્સિ-ટીના શિક્ષણ માધ્યમનો પ્રશ્ન અને ભગનભાઇ દેસાઇનું 'અણુનમ વલણ', શિક્ષણ માધ્યમના પ્રશ્ન ઉપર ડૉ. જીવરાજ મહેતાએ પાડેલો વેધક પ્રકાશ શેઠ કસ્તુરભાઇ લાલભાઇનું અલ્પાક્ષરી પ્રવ-ચન, એક સેવાભાવી સજ્જનનો દેહવિલય	પરમાનંદ	૭૮
એનું નામ તે શ્રાવક ...	વાલજી ગોવિંદજી દેસાઇ	૮૧
પર્યુષણ વ્યાખ્યાનમાળાનો કાર્યક્રમ		૮૨

卐 સાણંદનો શુદ્ધિપ્રયોગ 卐

(છેલ્લા પખવાડિયા દરમિયાન ભાલનળકાંઠા પ્રાયોગિક સંઘના મંત્રી શ્રી અંબુભાઇ મુંબઇ આવ્યા હતા અને તેમને મળવાનું બનતાં સાણંદની શુદ્ધિપ્રયોગને લગતી પ્રબુદ્ધ જીવનના છેલ્લા બે અંકોમાં પ્રગટ થયેલી વિગતોમાં રહી ગયેલા કેટલાક હકીકતદોષો તરફ તેમણે મારું ધ્યાન ખેંચ્યું હતું. આટલે દૂર બેઠાં બેઠાં સાચી હકીકતો મેળવવી અને તારવવી એ અત્યંત મુશ્કેલ કાર્ય હતું અને આવા જટિલ પ્રકરણ અંગે શક્ય તેટલી મહેનત અને કાળજી સેવવામાં આવી હોય એમ છતાં પણ કોઇ ને કોઇ હકીકતદોષ રહી જાય એ સ્વાભાવિક હતું. આમ છતાં લખાણમાં હકીકતનો એક પણ દોષ રહી જાય તે મારી ક્ષતિ જ ગણાય. સદ્‌ભાગ્યે તેમણે સૂચવેલા હકીકતદોષો નજીવા છે અને તેથી તેનો વિગતવાર ઉલ્લેખ કરવાની મને જરૂર લાગતી નથી. માત્ર એક હકીકતદોષ ઉલ્લેખનીય લાગે છે. તા. ૧-૮-૬૦ના છેલ્લા પ્રબુદ્ધ જીવનમાં શુદ્ધિપ્રયોગ છાવણી શ્રી મણિબહેનના ઘરની સામે હોવાનું જણાવેલું હતું તે હકીકતમાં બરોબર નથી એમ શ્રી અંબુભાઇનું કહેવું હતું અને 'મણિબહેનની બુદ્ધિમાં શુદ્ધિ હો!' એવા પોકારો સવારના ભાગમાં સાણંદના જાહેર રસ્તાઓ અને શેરીઓમાં કરવામાં આવતા હતા એમ એ અંકમાં જણાવવામાં આવ્યું હતું. શ્રી અંબુભાઇના કહેવા મુજબ આવા Slogans પોકારો નહિ પણ સવારના ભાગમાં શુદ્ધિપ્રયોગ મંડળી રામધુન કે એવી અન્ય કોઇ ધુન પોકારતી હતી અને સાંજના સમયે 'સત્તા ઉપર સેવાનું સ્વામિત્વ હોવું જોઇએ' એવી મતલબનાં સૂત્રો ઉચ્ચારતી ચોતરફ ફરતી હતી. હકીકતો અંગે કર્ણોપકર્ણ જે કાંઇ સાંભળ્યું હોય તેની અપેક્ષાએ શ્રી અંબુભાઇ પ્રસ્તુત શુદ્ધિપ્રયોગના એક મુખ્ય સંચાલક હોઇને તેઓ આ બાબતમાં જે કહે છે તે મારે વિનાસંકોચે સ્વીકારી લેવું રહ્યું અને ઉપરની પાઠાફેર હકીકતથી પ્રસ્તુત શુદ્ધિ-પ્રયોગની પ્રતિષ્ઠાને જો કાંઇ હાનિ થઇ હોય તો તે માટે મારે દિલગીરી દર્શાવવી રહી. —પરમાનંદ)

ફલશ્રુતિ

(ગતાંકથી ચાલુ)

આ સમગ્ર શુદ્ધિપ્રયોગનું મૂલ્યાંકન કરવા માટે તેના સમા-વર્તનના સંદર્ભમાં આજ સુધી અપ્રગટ રહેલી એવી એક હકીકત પ્રગટ કરવાની મને ફરજ પડે છે. તા. ૨૫-૫-૬૦ના રોજ શ્રી છોટુભાઇએ શરૂ કરેલ શરતી આમરણાન્ત અનશનનાં પારણાં કરવાની અને શુદ્ધિપ્રયોગને બંધ કરવાની વિનંતિ કરતા સાણંદના નાગરિકોના નિવેદનમાં, પ્રાયોગિક સંઘને અર્પણ કરવામાં આવેલી રૂા. ૩,૬૮૦ની રકમ અંગે, એ મતલબનું સ્પષ્ટ જણાવવામાં આવ્યું હતું કે સાણંદના દાતાઓએ (એટલે કે જેમણે આગળ ઉપર મનોરંજન કાર્યક્રમમાં ફાળો આપ્યો હતો એ દાતાઓએ) અને આગેવાન નાગરિકોએ નવેસરથી ફાળો કરીને આ રકમ એકઠી કરી હતી અને તે રકમ પ્રાયોગિક સંઘે સ્વીકા-રવી અને એ રકમનો મૂળ ફાળો પાછો મેળવવાનો આગ્રહ છોડી દેવો એવો તે નિવેદનમાં અનુરોધ કરવામાં આવ્યો હતો. આમ સાણંદના દાતાઓ અને આગેવાન નાગરિકો, જાણે કે મણિબહેનની નૈતિક ક્ષતિનું પ્રાયશ્ચિત કરતા હોય એ રીતે, નવેસરથી અંદર અંદર ફાળો કરીને રૂા. ૩,૬૮૦ એકઠા કરે અને પ્રાયોગિક સંઘને અર્પણ કરે એ ઘટના, જો સાચી હોય તો, સાણંદના લોકોને જરૂર ગારવ આપે તેવી ગણાય અને આ ઉપરથી સમાધાન માનીને શુદ્ધિપ્રયોગ સમિતિ પ્રસ્તુત પ્રયોગને સંકેલી લે એ પણ એ સમયના સંયોગો વિચારતાં ઔચિત્યભર્યું લેખાય. પણ વાસ્તવમાં સાણંદના આ દાતા-ઓએ અને આગેવાન નાગરિકોએ એ દિવસોમાં એવો કોઇ ફાળો કર્યો જ નહોતો. માત્ર અનશનનાં પારણાં કરવામાં આવશે એવી શુભ આશા અને આતુરતાથી ખાસ પ્રેરાઇને મુનિશ્રી સંતબાલજી પ્રત્યે ઊંડો આદર ધરાવતી સાણંદ બહારની એક શ્રીમાન વ્યક્તિ તરફથી પ્રસ્તુત રકમ સાણંદના નાગરિકોને ઉચક આપવામાં આવી હતી, આ રકમ સાણંદના નાગરિકોએ પ્રાયોગિક સંઘને અર્પણ કરી હતી અને પ્રાયોગિક સંઘે એ રકમ ન સ્વીકારતાં સાણંદના નાગરિકોને પાછી આપી હતી અને આ રીતે અનશન અને શુદ્ધિપ્રયોગ બંને એક સાથે સંકેલી લેવાય એવા હેતુથી, અંગ્રેજીમાં જેને window-dressing કહે છે એવી—સાણંદના દાતાઓ અને નાગરિકોના સહકારથી એક કૃત્રિમ-ભૂમિકા ઊભી કરવામાં આવી હતી. આ બાબતની આમરણાંત અનશનમાં નિમગ્ન એવા શ્રી છોટુભાઇને બીલકુલ ખબર ન હોય એ તદ્દન સંભવિત છે, કારણ કે તેમને આ બધી વાટાઘાટોમાં ઊતરવાનું કોઇ કારણ જ નહોતું. તેમણે તો પ્રાયોગિક સંઘના આદેશ અનુસાર વર્તવાનું હતું અને તે સંઘે તેમને પારણાં કરવા કહ્યું અને છોટુભાઇએ એ રીતે પારણાં કર્યાં અને એ હેતુથી ઉપર જણાવી તે પ્રકારની ગોઠવણ કરવામાં આવી એ બધું તો ઠીક જ થયું. કારણ કે પ્રમાણમાં એક અલ્પ મહત્વના પ્રશ્ન ઉપર મૃત્યુ સન્મુખ મોઢું માંડીને બેઠેલ એક ભદ્ર માનવીને તે દિશાએથી જેમ બને તેમ જલદીથી પાછો વાળવો એ અત્યંત જરૂરી હતું અને સૌ કોઇની દૃષ્ટિએ અત્યન્ત ઇષ્ટ પણ હતું. પણ આ ગોઠવણ કહો, સમજૂતી કહો—તેમાં ભાગીદાર બનેલ શુદ્ધિપ્રયોગ સમિતિના સભ્યો આ કહેવાતા ફાળાને લગતી વાસ્તવિક પરિસ્થિતિ અંગે અજાણ હોવાનો કોઇ પણ સંયોગોમાં દાવો કરી ન જ શકે. અને પ્રસ્તુત શુદ્ધિપ્રયોગ સંબંધમાં નાના મોટા બધા નિર્ણયો, પોતે એ સ્થાન ઉપર ન હોવા છતાં, જેમના સતત માર્ગદર્શન અનુસાર લેવાતા હતા અને જેમને દરેક પરિસ્થિતિથી સમય સમય પર પૂરા વાકેફ રાખવામાં આવતા હતા તેવા મુનિશ્રી સન્તબાલજીને આ બાબતની ખબર ન હોય એમ બને જ નહિ. આમ છતાં પણ આ અતિ મહત્વની બાબતનો પ્રસ્તુત શુદ્ધિપ્રયોગના પૂર્ણાહુતિ પ્રસંગની વિગતો રજૂ કરતા મુનિશ્રી સન્તબાલજીના તા. ૧૬-૬-૬૦ના 'વિશ્વવાત્સલ્ય'ના અગ્રલેખમાં લેશ પણ ઇસારો કરવામાં આવ્યો નથી. આમ જ્યારે આપણે આ શુદ્ધિપ્રયોગના પરિણામનો વિચાર કરીએ છીએ ત્યારે આપણને માલુમ પડે છે કે શુદ્ધિપ્રયોગના કેન્દ્રમાં રહેલી વ્યક્તિ શ્રી મણિબહેન અન્ત સુધી અણનમ રહ્યાં છે; જેમના નામનો મુનિશ્રી સન્તબાલજીના આ અંગેના આગળ ઉપરના લેખોમાં કશો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો નહોતો, પણ છેવટના ભાગમાં ઉપર જણાવેલ અગ્રલેખમાં જેમને આ આખા અનર્થના મૂળ —villain of the piece—તરીકે વર્ણવવામાં આવ્યા છે અને મણિબહેન તો તેમના માત્ર હાથા બન્યા હતા એમ જેમના વિષે જણાવવામાં આવ્યું છે તે ડૉ. શાન્તિભાઇ પણ અણનમ રહ્યા છે; પેલી મનોરંજનના કાર્યક્રમના ફાળાની રકમ જે રીતે મળવી જોઇતી હતી તે રીતે પાછી મળી જ નથી; તેને લગતી પાવતી-બૂકો પણ અપેક્ષા મુજબ પાછી પહોંચાડવામાં આવી જ નથી; અને આખી સમાધાનીના પાયા રૂપે જે રકમ નવેસરથી સાણંદના નાગરિકોએ એકઠી કરીને પ્રાયોગિક સંઘને આપવામાં આવ્યાનું કહેવામાં આવ્યું છે તે રકમ પણ તે મુજબ નવેસરથી એકઠી કરવામાં આવી જ નથી. આ બધું જોતાં આખો શુદ્ધિપ્રયોગ

નરી નિષ્ફળતાને પામ્યો છે એવી છાપ આપણા મન ઉપર સચોટપણે ઊઠયા વિના રહેતી નથી. આમ છતાં પણ મુનિશ્રી સન્તબાલજી આ શુદ્ધિપ્રયોગને સંપૂર્ણ સફળતા મળ્યાનું જ્યારે જાહેર કરે છે ત્યારે 'સંપૂર્ણ સફળતા' એ બે શબ્દોથી આપણે જે કાંઇ સમજીએ છીએ તેથી મુનિશ્રી કાંઇક જુદું જ સમજે છે એમ આપણે નમ્રભાવે કહેવું તથા વિચારવું રહ્યું.

આ શુદ્ધિપ્રયોગનો સમગ્રપણે વિચાર કરતાં તેની પ્રક્રિયામાં જ્યાં ત્યાં અસંગતિઓ માલુમ પડે છે અને એ રીતે આખો શુદ્ધિપ્રયોગ દોષમય ભાસે છે. આ શુદ્ધિપ્રયોગ દરમિયાન, શુદ્ધિપ્રયોગ સમિતિને અને તેના પુરોહિત મુનિશ્રી સન્તબાલજીને જુદી જુદી વ્યક્તિઓ તરફથી સૂચવવામાં આવેલ હોવાનું જાણવામાં આવે છે કે "મનોરંજનના ફાળાની જે રકમ હોય તે અમે એકઠી કરીને સંઘને પહોંચતી કરીએ અને કૃપા કરીને આ શુદ્ધિપ્રયોગ પાછો ખેંચી લ્યો." આના જવાબમાં મુનિશ્રી સન્તબાલજીએ એપ્રિલ-મે માસ આસપાસમાં પ્રગટ થયેલી એક પત્રિકામાં જણાવ્યું હતું તેમ તેમનો એકસરખો જવાબ રહ્યો હતો કે "આ શુદ્ધિપ્રયોગ એવી રીતે અમુક રકમ મેળવવા માટે કરવામાં નથી આવ્યો, પણ આ શુદ્ધિપ્રયોગ માત્ર આટલી વાત માટે છે કે સાણંદ ઋષિ બાલમંદિરની પાવતી અને નાણાં તે વખતના સંચાલિકા મણિબહેનની જવાબદારી હોઇ, સાણંદ ઋષિ બાલમંદિરને મળી જાય એવી સ્થિતિ સર્જવી-સર્જાવી જોઇએ" અને આ જ આગ્રહ શુદ્ધિપ્રયોગ બંધ કરતી વખતે એકાએક છોડી દેવામાં આવ્યો છે. વળી લોકમનોવૃત્તિમાં શુદ્ધિપ્રયોગના આંદોલનથી જે જાગૃતિ લાવવાની અપેક્ષા હતી તે અપેક્ષા તો ૨૨૨ નાગરિકોના સહીવાળા આગળ ઉપર જણાવેલા તા. ૧૪-૫-૬૦ના નિવેદને પૂરતા પ્રમાણમાં પૂરી પાડી હતી તો તે વખતે આ શુદ્ધિપ્રયોગ શા માટે સંકેલી લેવામાં ન આવ્યો? અને તા. ૧-૬-૬૦ના રોજ લગભગ એને મળતી ભૂમિકા ઉપર એ જ પ્રયોગ શા માટે સંકેલી લેવામાં આવ્યો? વળી શરૂઆતથી લગભગ ઠેઠ સુધી આ પ્રશ્ન અંગે મણિબહેનને સર્વથા દોષિત તરીકે આગળ ધરવામાં આવ્યા અને છેવટે આ દોષનો ટોપલો ડૉ. શાંતિભાઇના માથા ઉપર નાખવામાં આવ્યો. આમ આખા પ્રકરણમાં અમુક સમયે એક બાબત ઉપર તો બીજા સમયે બીજી બાબત ઉપર એમ ફરતો ફરતો જુદી જુદી બાબતો ઉપર ભાર મૂકાતો રહ્યો છે અને આમ અનેક અસંગતિઓનું જ્યાં ત્યાં દર્શન થતું રહ્યું છે.

આ શુદ્ધિપ્રયોગની બીજી વિચિત્રતા એ માલુમ પડે છે કે જે મણિબહેનને કેન્દ્રમાં રાખીને આ પ્રયોગ ચલાવવામાં આવ્યો તેઓ ચોક્કસ બાબતમાં દોષિત હોવા છતાં, આ પ્રયોગ એ હદ સુધી ચલાવવામાં આવ્યો છે કે પરિણામે મણિબહેન વિષે બહારના લોકોના દિલમા અભાવ-અણગમો-પેદા થવાને બદલે એક પ્રકારની સહાનુભૂતિ પેદા થઇ છે. 'આ શુદ્ધિપ્રયોગવાળાઓએ બીચારાં મણિબહેનની શું દશા કરી છે?' આવો ઉદ્‌ગાર અનેકના મોઢામાંથી નીકળતો જાણવામાં આવ્યો છે. શુદ્ધિપ્રયોગનું જો આવું વિપરીત પરિણામ નજરે પડયું હોય તો આ શુદ્ધિપ્રયોગના આયોજનામાં જ કોઇ ભૂલ-ચુક રહેલી હોવી જોઇએ એવું અનુમાન આપણી સામે આવીને ઊભું રહે છે.

× × ×

આ શુદ્ધિપ્રયોગની આગળ પાછળ જે કાંઇ કરવામાં આવ્યું છે તેમાં પ્રાયોગિક સંઘે પ્રમાણભંગ કર્યો છે, અતિરેક કર્યો છે અને આ પ્રકરણમાં મનોરંજન કાર્યક્રમના ફાળાની રકમ જમે નાંધ કરાવવામાં જો મણિબહેને ભૂલ કરી હતી તો આ પ્રશ્નની અથડામણ શરૂ થઇ તે દરમિયાન પ્રાયોગિક સંઘે પણ જેના મકાન માટે એ ફાળો કરવામાં આવેલ તે સાણંદના ઋષિ બાલમંદિરને તા. ૨૦-૩-૫૯ના રોજ એકાએક બંધ કરવાની જાહેરાત કરવામાં ઘણી ગંભીર ભૂલ કરી છે અને તેમાંથી જ આ અનર્થને નવી ચાલના મળી છે તે અભિપ્રાયનું મારા એક મિત્ર કે જેમણે આ શુદ્ધિપ્રયોગમાં અંગત રીતે ખૂબ રસ લીધો હતો અને તેને પતાવવા માટે પણ ખૂબ જહેમત ઊઠાવી હતી તેમના મારી ઉપરના એક પત્રમાં નિરૂપણ કરાવવામાં આવ્યું છે. આ નિરૂપણથી આખા પ્રકરણ ઉપર નવો પ્રકાશ પડે છે અને તેથી તે અહીં ઉધ્ધૃત કરવાનું મન થાય છે. તેઓ પોતાના પત્રમાં જણાવે છે કે:—

"સાણંદ શુદ્ધિપ્રયોગ વિષે વિચારવા જેવી બાબત એ છે કે મણિબહેનની ભૂલ માટે જે ઉહાપોહ કરવામાં આવ્યો ને તે પછી ઉપવાસ વિગેરેની હારમાળા ચલાવી છેક આમરણ ઉપવાસ સુધી ખેંચવામાં આવ્યું તે સામાજિક સુધારણાની દૃષ્ટિએ કેટલું પ્રમાણસરનું ગણાય? કારણ કે સત્યાગ્રહ એ બેધારી તલવાર છે. એનો જો યોગ્ય ઉપયોગ ન થાય તો એ હિંસા કરતાં બદતર થઇ જવાનો સંભવ છે. કારણ કે હિંસાને લોકો હિંસા તરીકે જોતા હોવાથી તેની તરફ એક પ્રકારની અરુચિ સર્વવ્યાપી છે; પણ અહિંસક દબાણમાં લોકોની મનોવૃત્તિ, મોટે ભાગે અહિંસક દબાણ કરનારો આપભોગ આપતો હોવાથી, તેની તરફેણમાં અને જેની પર દબાણ થતું હોય તેની વિરૂદ્ધમાં રહે છે, અને તે છતાંયે અહિંસક દબાણ સાચું જ ને વ્યાજબી જ હોય તેમ માની લેવાનું કારણ નથી. અહિંસક દબાણ કરનારને આ દેખીતો લાભ હોવાથી એના વાપરનારે આવું દબાણ વધારે તટસ્થ રીતે વાપરવાનો નિયમ રાખવો જોઇએ. નહિતર ત્રાગાં તરફ જે જુગુપ્સા જનસમાજમાં છે તે જ જુગુપ્સા આવા શુદ્ધિપ્રયોગો કે સત્યાગ્રહો માટે થવાનો સંપૂર્ણ સંભવ છે. દુકાન આગળ બેસી ત્રાગું કરનાર બાવાને વેપારી માણસ માગેલી રકમ વહેલી કે મોડી આપતો હોય છે, પણ ત્રાગાં અને તે કરનાર બંને તરફ અંદરથી તે નફરત અનુભવતો હોય છે. સાણંદના શુદ્ધિપ્રયોગમાં પણ આવું પ્રમાણભાન નથી રહ્યું તે વાત તટસ્થ માણસને દેખાયા સિવાય રહે તેવી નથી. તેના મુદ્દા જોઇએ:—

(૧) મણિબહેને પાવતી સંઘના નામની જ ફાડી હતી. તેમને તેમના સ્નેહીઓએ બીજા નામે ફંડ કરવાની સલાહ આપી હતી, છતાં તેમણે ના પાડેલી. આ વસ્તુ બતાવે છે કે એ ક્ષણે એમના મનમાં સંઘને નાણાં ન મળે તેવું કશું નહોતું. તેઓ વર્ષોથી સાણંદમાં બીજાં કામોની જોડાજોડ સંઘનું કામ કરતા જ હતા. સંઘની પ્રવૃત્તિ માટે આ અગાઉ ઠીક ઠીક નાણાં સરકારી, અર્ધસરકારી, ને જાહેર સંસ્થાઓ મારફત તેમણે મેળવ્યાં હતાં. સાણંદમાં સંઘનું કામ ચાલ્યું તેમાં બીજા કોઇ કાર્યકર કરતાં મણિબહેનની જહેમત વધારે હતી.

(૨) બગડયું ત્યારે કે જ્યારે સંઘે ત્યાંની પ્રવૃત્તિ બંધ કરવાનો ઠરાવ કર્યો. આ ઠરાવના મૂળમાં પણ બાલમંદિરની પ્રવૃત્તિ વિષેના મતભેદો નહોતા, પણ સંઘના કોંગ્રેસ અંગેના ચોક્કસ વિચારો વિષેના મતભેદો હતા. ઊંડા ઉતરવામાં આવે તો મણિબહેન પૂરાં સંઘના કે પૂરાં કોંગ્રેસના તે સાઠમારી આના તળિયામાં દેખાય છે. આ પરિસ્થિતિમાં સંઘે ઋષિ બાલમંદિરની પ્રવૃત્તિ તા. ૨૦-૩-૫૮ના રોજ બંધ કરવાનો નિર્ણય કર્યો તેમાંથી આખું પ્રકરણ ચગડોળે ચડયું અને મણિબહેનને, તેના સાથીદારોને તથા સાણંદના બીજા નાગરિકોને ચડસ ચડયો કે સંઘ જો બાલમંદિર બંધ કરતું હોય તો આ પૈસા શા સારૂ આપવા કે અપાવવા?

"એ વસ્તુ નિઃસંશય છે કે જે સંસ્થાને નામે નાણાં ઉઘરાવવામાં આવ્યાં તે સંસ્થાને તે નાણાં મળવાં જોઇએ. મણિબહેને

તે નાણાં રોકવા કે રોકાવવામાં ભાગ ભજવ્યો છે તેમાં પણ શંકા નથી દેખાતી. મણિબહેને પોતે પણ કબુલ કર્યું છે કે નાણાં તે સંસ્થાને મળવા જોઇએ, ને એટલું જ નહિ પણ, પરીક્ષિતભાઇ ને બીજા મુરબ્બીઓની સલાહ મુજબ નાણાં સંઘને મળી જાય તે માટે એ કાળ દરમિયાન એટલે કે ૧૯૫૯ના જૂન જુલાઇ દરમિયાન મણિબહેને મહેનત પણ કરી હતી. દા. ત. તેમણે મકાન શરૂ થાય ત્યાં સુધી પૈસા ગાંધના બે ગૃહસ્થો પાસે રહે. સંઘ પૈસા દાતાઓના નામે જમા કરે ને પહેલા બે ગૃહસ્થોના નામે ઉધારે. મકાન ચણાતું જાય તેમ પૈસા સંઘ તે ગૃહસ્થો પાસેથી ઉપાડતો જાય–આવી દરખાસ્ત કરેલી–એટલે કે પૈસા સંઘને મળતા જ હતા. પણ સંઘે હઠ કે અણસમજને લઇને આ કબુલ્યું નાહ.

"આનો અર્થ એ કે મણિબહેનને શરૂઆતમાં કે મધ્યમાં નાણાં સંઘને મળે તેમાં વાંધો નહોતો, એટલું જ નહિ પણ, મળી જાય તેવી ગોઠવણ પણ કરવા તેઓ તૈયાર હતાં. પણ સંઘના કાર્યકરોના મનમાં કાંઇક આવો આગ્રહ હતો કે 'નાણાં તો બિનશરતી જ આપવા જોઇએ? અમારા પર અવિશ્વાસ શાને?'

"સત્યાગ્રહનો પ્રથમ પાયો તેમણે ઘડીભર તપાસ્યો હોત તો તેમને લાગત કે તેમણે સંસ્થા બંધ કરવાનો ઠરાવ કર્યો એટલે જ લોકોમાં અવિશ્વાસ ઊભો કરવાનો એકડો તેમણે માંડયો હતો; આટલું આત્મનિરીક્ષણ તેમણે પ્રથમ જ કર્યું હોત તો આ પ્રકરણમાં જે વળ ચડયો, ચડસ ચડયો તે ન બનત.

"વસ્તુત: શાબ્દિક રીતે દાન બિનશરતી કે ગમે તે કહેવાય–પણ દાન લેનારની નમ્રતાથી તેમણે જોયું હોત તો દેખાત કે લોકોએ દાન પોતાના ઘરઆંગણે ચાલતી સંસ્થા માટે આપ્યું હતું. સંઘનું સાકાર રૂપ તો બાલમંદિર ને મણિબહેન તેમને મન હતાં. તેમનો સંઘે ઇન્કાર કર્યો. લોકોને તો એ બાલમંદિર પોતાના બાળકોને માટે ચલાવવાનું હતું જ તેને માટે મકાનની પણ જરૂર હતી. આ સ્થિતિમાં રોષે ભરાયેલ મણિબહેને કે તેમના મિત્રોએ એ જ નાણાંથી બીજું બાલમંદિર કોમુ કરવા સલાહ આપી તે ખેડાયલી ભોં માં વરસાદ પડયા જેવી હતી. દાન લેનાર તરીકે તેમણે એવું વિચારવું જોઇતું હતું કે દાન દેનારાઓ જેમ પાછું ન લઇ શકે તેમ લેનારા પણ તે તે પ્રવૃત્તિ બંધ કરવાનો ઠરાવ ન કરી શકે. તે પણ એક સામાજિક મૂલ્ય છે. નહિતર દાનનો પ્રવાહ અવશ્ય મોળો પડે.

"પણ ભૂલ ભૂલને જ જન્મ આપે તેમ બંને પક્ષે થયું. મણિબહેન પણ હઠે ચડયાં ને સંઘ પણ તેને નમાવવા હઠે ચડયો–એ હદ સુધી કે આમરણાંત ઉપવાસ કરીને પણ તે સિદ્ધ કરવું જોઇએ, કારણ કે એમાં નાણાંના અયોગ્ય વ્યવહારનું સામાજિક મૂલ્ય સમાયલું છે.

"વાત સાચી છે. ને મણિબહેને લખીને પણ પોતાની ભૂલ કબૂલ કરી છે. પણ આખરે નાણાંનો દુર્વ્યવહાર એટલે શું?

"એક સંસ્થા માટે ઊભાં કરેલ નાણાં તેવી જ બીજી સંસ્થાને આપવા કે અપાવવાનું કામ. મણિબહેને એ નાણાં મેળવ્યાં હતાં. સંઘની લાંબા કાળ સુધી એણે સેવા કરી હતી. સંઘે પ્રવૃત્તિ બંધ કરી ત્યારે જ આ વિચાર આવ્યો. નાણાં પોતે નથી લીધાં; સમજ્યા પછી ભૂલ જોઇ પણ શકયાં છે; નાણાં અપાવવા કોશીશ પણ કરી છે.

"આની આવી સજા! સજાની પણ એક હદ હોવી જોઇએ!"

"કોઇ પણ સામાજિક દુર્વ્યવહાર ચલાવી લેવો ન જોઇએ તે એક સામાજિક મૂલ્ય છે. સજા પ્રમાણસરની થાય તે બીજું સામાજિક મૂલ્ય છે. ગમે તે ચોરને કે મારફાડ કરનારને ફાંસી ન દઇ શકાય. મણિબહેનને સંઘમાંથી મુક્ત કરી શકાય. તેને ઠપકો આપતું નિવેદન થઇ શકે. તેથી પણ આગળ જઇને તે જે સંસ્થામાં છે તે કોંગ્રેસ સંસ્થાને ફરિયાદ થઇ શકે. તેની પાસે મદદ માગી શકાય, ગુજરાતના આગેવાનો તરફથી પણ આ ઠીક નથી થયું તેમ જરૂર કહેવરાવી શકાય.

"પણ સંઘે જે પ્રવૃત્તિ જાતે બંધ કરી તેના પ્રત્યાઘ તરૂપે ઉધરાવેલ નાણાં ન આપવાનું લોકોમાં કોઇને લાગે તો તેની આવી સજા ન હોઇ શકે. કારણ કે સંઘ સાવ નિર્દોષ નથી. સંઘનો પણ દોષ છે. ને સત્યાગ્રહનું શાસ્ત્ર પોતાના રાઇ જેવડા દોષો પહાડ સમા અને બીજાના પહાડ સમા દોષો રાઇ સમા જોતાં શીખવે છે. સંઘે ભૂલ એ કરી કે—

(૧) ફાળો જે સમજણથી સ્થાનિક કાર્યકરે ઉધરાવ્યો તે પ્રવૃત્તિ બંધ કરી.

(૨) પછી પણ પૈસા અપાવવાની કોશીશો થઇ તેમાં હઠ પકડીને માર્ગ મોકળો થવા ન દીધો.

(૩) પોતાના જૂના સાથીદારના હઠ કે દોષ માટે પ્રમાણ-બહારનું આંદોલન ચલાવ્યું.

"મુનીશ્રી ને તેમના સાથીદારો આત્મનિરીક્ષણ કરશે તો આ ત્રણે ક્ષતિઓ તેમને દેખાયા સિવાય નહિ રહે. તપસ્યા તે સત્યાગ્રહ નથી. તે બલપ્રયોગ છે. તપસ્યામાં જ્યારે નમ્રતા ને વિવેક ભળે છે ત્યારે જ તે સત્યાગ્રહ બની શકે છે."

× × ×

આ શુદ્ધિપ્રયોગ છ છ મહિના સુધી જે રીતે ચલાવવામાં આવ્યો છે અને તેના ઉપર જે રીતે "આમરણાન્ત અનશન"નો કળશ ચઢાવવામાં આવ્યો છે તે બધું જોતાં આ પ્રકારની આંધી સામે શ્રી મણિબહેન અણનમ ટકી રહ્યા એ એક ભારે આશ્ચર્યનો વિષય બને છે. ચોતરફ આસપાસ તેમની શુદ્ધિ-શુદ્ધિની પ્રાર્થના ચિન્તવતા સૂત્રો સતત સાંભળ્યા જ કરવા, પોતાની સામે કોઇ પણ એક ભાઇ કે બહેનના ઉપવાસોની હારમાળા સતત ચાલ્યા કરે તે મુંગે મોઢે જોયા જ કરવું–આ બધું કેટલું બધું યાતનાભર્યું હશે તેની સહજમાં કલ્પના આવવી મુસ્કેલ છે. આવા પ્રચંડ આંદોલન સામે કોઇ પણ નબળી સબળી વ્યક્તિ કાં તો ગાંડી થઇ જાય અથવા આપઘાત કરવા તરફ ધસડાઇ જાય. આ એક પ્રકારનું continuous blackmailing–એક વ્યકિતની ક્રમસરની બદબોઇ જ કહેવાય. આમાં કરુણા કે કોમળતાનો કોઇ અંશ દેખાતો નથી. આવા અસહ્ય ત્રાગા સામે મણિબહેન ટકી રહ્યાં તે તેમનામાં અસાધારણ ધૃતિ હોવાનું સૂચવે છે. પણ આ ઉપરાંત તેમને ટકાવી રાખવામાં બીજું પણ એક પૂરક કારણ હતું તેનો અહીં ઉલ્લેખ કરવો જ જોઇએ. હકીકતમાં મણિબહેનને સ્થાનિક તેમ જ પ્રાદેશિક–કોંગ્રેસી તેમ જ અન્ય રચનાત્મક–કાર્યકરોનું ઘણું મોટું પીઠબળ હતું અને આવા પ્રચંડ શુદ્ધિપ્રયોગ બાદ પણ ચાલુ રહ્યું છે. અને પ્રાયોગિક સંઘની આ લંડત માત્ર મણિબહેનને નમાવવાની નહોતી પણ તેમને જેમનું પીઠબળ હતું તેને પણ નમાવવા માટેની હતી એમ આસપાસનો સંદર્ભ વિચારતાં માલુમ પડે છે.

આ શુદ્ધિપ્રયોગ સંબંધે પ્રાયોગિક સંઘ સાથે સંબંધ નહિ ધરાવતી કેટલીક આગેવાન વ્યક્તિઓએ (દા. ત. શ્રી વજુભાઇ શાહ, શ્રી મગનભાઇ પ્રભુદાસ દેસાઇ, અમદાવાદ કોંગ્રેસ પત્રિકાના તંત્રી) જુદા જુદા સમયે જાહેર નિવેદનો પ્રગટ કર્યાં હતાં. આ નિવેદનો વિગતોમાં અહીં તહીં જુદા પડતા હશે, પણ દરેકે આ શુદ્ધિપ્રયોગ પ્રત્યે એટલે કે તેમાં રહેલા–અતિરેક–અતિશયતા–પ્રત્યે નાપસંદગી દર્શાવી છે. પૂ. રવિશંકર મહારાજનું

વલણ પણ આ શુદ્ધિપ્રયોગ પ્રત્યે પ્રારંભથી અન્ત સુધી પ્રતિકુળતાનું રહ્યું છે.

જે કિસ્સા ઉપર આ શુદ્ધિપ્રયોગનું નિર્માણ કરવામાં આવ્યું હતું તે મારા અભિપ્રાય મુજબ સરકારી અદાલત મારફત ઉકેલવાયોગ્ય કિસ્સો હતો. પણ એમ કહેવામાં આવે છે કે પ્રાયોગિક સંઘ કોઇ પણ ગુનેહગાર સામે સરકારી અદાલતમાં જવામાં માનતો નથી. તો પછી આ કિસ્સો કોઇ પણ યોગ્ય વ્યકિતઓની તપાસ સમિતિને સોંપવા યોગ્ય હતો. કારણ કે અમુક વ્યકિતના સંપૂર્ણ દોષિતપણા વિષે કોઇ શંકાને સ્થાન જ ન હોય એવો આ સીધો સાદો કિસ્સો નહોતો, જો કે પ્રાયોગિક સંઘે અને મુનિશ્રી સન્તબાલજીએ આમ એકાન્તપણે માની લઇને જ આ શુદ્ધિપ્રયોગનાં મંડાણ માંડ્યાં હતાં. પ્રસ્તુત પ્રકરણમાં મણિબહેનને પણ પોતાના પક્ષે કાંઇ ને કાંઇ કહેવાનું હતું એમ આપણને બધી વિગતો જોતાં વિચારતાં લાગે છે. વળી મણિબહેન અને સન્તબાલજી વચ્ચે આગળ ઉપર પણ અથડામણો થઇ હતી તે અંગે ઊભા થયેલા પૂર્વગ્રહોએ અને પ્રત્યેકના ઘવાયલા અહમે પ્રસ્તુત શુદ્ધિપ્રયોગને વધારે ઉગ્ર અને દીર્ઘકાલીન બનાવવામાં અમુક ભાગ ભજવ્યો હોય એવું અનુમાન પણ આપણા ચિત્તને સ્પર્શ્યા વિના રહેતું નથી. આ બધી બાબતોની તપાસ અને ચોખવટ તટસ્થપણે સાંભળનાર અને વિચારનાર તપાસ સમિતિ સિવાય થઇ ન જ શકે એ દેખીતું છે. મણિબહેનનો દોષ પણ આખરે ફોજદારી ઢબનો નહિ પણ દીવાની ઢબનો હતો એ હકીકત પણ ધ્યાનમાં લેવાની રહે જ છે.

આવા શુદ્ધિપ્રયોગની કલ્પના સાથે દોષિત વ્યકિતના હૃદયપરિવર્તનની કલ્પના, ગાંધીજીના પ્રતાપે, આપણા દિલમાં હંમેશાં જોડાયલી રહે જ છે. પણ આ શુદ્ધિપ્રયોગના પ્રયોજકોએ આ સંબંધમાં અવારનવાર સ્પષ્ટ કર્યું છે કે તેમનું લક્ષ્ય દોષિત વ્યકિતના હૃદયપરિવર્તનનું નહિ પણ જરૂરી પ્રચાર દ્વારા દોષિત વ્યકિતના દોષ અંગે લોકોને જાગૃત કરવાનું અને શુદ્ધિપ્રયોગ દ્વારા દબાણ લાવીને દોષિત વ્યકિત પાસે તેના દોષનું યોગ્ય પ્રાયશ્ચિત કરાવવાનું રહ્યું છે. આ દબાણ કઇ હદ સુધી લઇ જઇ શકાય છે અને અહિંસક કહેવાવા છતાં કેવું હિંસક રૂપ ધારણ કરી શકે છે તે આ શુદ્ધિપ્રયોગે આપણને સચોટ રીતે દેખાડ્યું છે. આ પ્રકારના શુદ્ધિપ્રયોગથી સમાજને સરવાળે લાભ થાય કે નુકસાન થાય એ પ્રશ્નની ગંભીરપણે વિચારણા થવી ઘટે છે. જેમાં હૃદયપરિવર્તન અપેક્ષિત હોય તેવો સૌમ્ય પ્રકારનો શુદ્ધિપ્રયોગ કલ્પી શકાય છે; ગાંધીજીએ કરી પણ દેખાડ્યો છે, પણ મુનિશ્રી સન્તબાલજીએ શુદ્ધપ્રયોગની જે પરંપરા ઊભી કરી છે તેમાં લગભગ મોટા ભાગે અતિરેકનું દર્શન થયું છે અને તેનું પરિણામ સમાજમાં શાન્તિ, સત્યનિષ્ઠા અને શ્રેયબુદ્ધિ પેદા થવાને બદલે સ્થાનિક વિખવાદ પેદા થવામાં આવ્યું છે અને અરસપરસના રાગદ્વેષ વધારવામાં આવ્યુ છે. મુનિશ્રી સન્તબાલજી, એમાં કોઇ શક નથી કે, તેમનામાં બીજી ગમે તે ત્રુટિઓ હોય તો પણ, એક શ્રેયવાંચ્છુ આત્મા છે. તો આપણે આશા રાખીએ કે પ્રસ્તુત શુદ્ધિપ્રયોગના કડવા અને કપરા અનુભવ ઉપરથી તેઓ જરૂરી બોધપાઠ લેશે, વધારે અન્તર્મુખ બનશે અને કોઇ પણ નવા શુદ્ધિપ્રયોગનાં મંડાણ માંડતા પહેલાં જેમને સમાજ-ઉત્થાનમાં રસ છે અને જેઓ સમાજશુદ્ધિનો સતત વિચાર કરે છે તેવી વ્યકિતઓનો સંપર્ક સાધીને પોતાના વિચારોનું જરૂરી સંશોધન કરશે.

સમાપ્ત પરમાનંદ

પ્રકીર્ણ નોંધ

ગુજરાત યુનિવર્સિટીના શિક્ષણમાધ્યમનો પ્રશ્ન અને શ્રી મગનભાઇ દેસાઇનું 'અણનમ વલણ'

તા. ૧-૮-૬૦ ના પ્રબુદ્ધ જીવનના અંકમાં પ્રકીર્ણ નોંધના મથાળા નીચે ગુજરાત યુનિવર્સિટીના શિક્ષણમાધ્યમનો પ્રશ્ન એ બાબત ઉપર લખતાં શ્રી મગનભાઇ દેસાઇની અણનમ વલણનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ સંબંધમાં શ્રી મગનભાઇ દેસાઇ તા. ૪-૮-૬૦ ના પત્રમાં જણાવે છે કે "તા. ૧-૮-૬૦ ના પ્રબુદ્ધ જીવનમાં માધ્યમના પ્રશ્ન ઉપર જે નોંધ લખી છે તેની અંદર તમે નાહકનો મને અન્યાય કર્યો છે, અને લગભગ ખોટો દેખાડવા જેવું જાણેઅજાણે કર્યું છે. તમે લખો છો કે "ન્યાયમૂર્તિએ અંદર અંદર મળીને સમજૂતિ કરવા સલાહ આપી. તે મારાં અણનમ વલણને લીધે કરી શકાયું નહિ અને હાઇકોર્ટને આગળ વધવાની ફરજ પડી." આ ભાવ બોટી વાત છે, એ તમારે સુધારવી જોઇએ. મારા વકીલે એ સમજૂતિ માટે પૂછ્યું અને મેં તેમને કહ્યું હતું કે તે બાબતમાં મારી મંજૂરી જ છે. પરંતુ મેં જે જાણ્યું છે તે ઉપરથી હું કહું છું કે હાઇકોર્ટ વિષે તો હું ચોક્કસ કહી શકું નહિ, પરંતુ મારી વલણ વિષે તો જણાવું કે મારા વકીલ સમજૂતિની વાત લાવ્યા તેને મેં મંજૂર રાખી હતી."

મારી નોંધ એ દિવસોના જન્મભૂમિના અંકો ઉપરથી હકીકતો તારવીને લખવામાં આવી હતી. આ સંબંધમાં શ્રી મગનભાઇ દેસાઇનો ઉપરનો ખુલાસો આખા પ્રશ્નને જુદો આકાર આપે છે. પણ તેમનો ખુલાસો વાંચતાં મનમાં એવો પ્રશ્ન ઉભો થાય છે કે શ્રી મગનભાઇ એ સમયે સમજુતિ સ્વીકારવા તૈયાર હતા તો એ સમજૂતીનો માર્ગ તો વડી અદાલતના ચૂકાદા બાદ પણ તેમના માટે ખુલ્લો હતો. પણ તેમ કરવાને બદલે તેમણે તો રાજીનામું આપ્યું અને તે સ્વીકારાઇ પણ ગયું છે અને તેમના સ્થાન ઉપર શ્રી એસ. વી. દેસાઇની કામચલાઉ નિમણૂંક પણ થઇ ગઇ છે. આ ઘટના એમ સૂચવે છે કે પ્રસ્તુત પ્રશ્ન અંગે તેમનું વલણ જે પહેલાં હતું તે જ એક સરખું કાયમ રહ્યું હતું અને છે. આમ છતાં જ્યારે ગુજરાતની વડી અદાલત સમક્ષ તેમના 'ફ્રીલીંગ' નો પ્રશ્ન આવ્યો ત્યારે તેઓ કયા પ્રકારની સમજૂતી સ્વીકારવાને તૈયાર હતા તે વિષે તેઓ વિશેષ સ્પષ્ટતા કરે તો આપણને વધારે પ્રકાશ પ્રાપ્ત થાય. આમ કરવા તેમને વિનંતિ છે.

શિક્ષણમાધ્યમના પ્રશ્ન ઉપર ડો. જીવરાજ મહેતાએ પાડેલો વેધક પ્રકાશ

શ્રી મગનભાઇ દેસાઇએ ગુજરાતની યુનિવર્સિટીના ઉપકુલપતિપદનું રાજીનામું આપતાં ગુજરાતના રાજ્યપાલ ઉપર ઓગસ્ટ માસની પહેલી તારીખે એક પત્ર લખ્યો હતો અને તેમાં ગુજરાત રાજ્યની સરકારનું વલણ શિક્ષણમાધ્યમનું અંગ્રેજીમાંથી ગુજરાતીમાં રૂપાન્તર કરવા અંગે helpful–મદદકર્તા–ન હોતું એમ સૂચવીને સરકારની નીતિ સામે ટકોર કરી હતી. આ પત્ર સંબંધમાં ગુજરાતના મુખ્ય પ્રધાન ડો. જીવરાજ મહેતાને જે કાંઇ કહેવાનું હોય તે જણાવવાની સૂચના સાથે તે પત્રની નકલ ગુજરાતના રાજ્યપાલે તેમની ઉપર મોકલી હતી. તેના જવાબમાં ડો. જીવરાજ મહેતાએ અનેક વિગતો અને ખુલાસાઓ રજુ કરતે એક લાંબો પત્ર ઓગસ્ટ માસની છઠ્ઠી તારીખે ગુજરાતના રાજ્યપાલ એટલે કે ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ ઉપર મોકલ્યો છે અને દૈનિક પત્રોમાં તે પત્ર પ્રગટ

થઇ ચૂક્યો છે. તેમાં ધ્યાન ખેંચે તેવા મુખ્ય મુદ્દાઓ નીચે મુજબ છે:

(૧) ૧૯૬૦ ના નવેમ્બર માસની ૨૩ મી તારીખથી આખી યુનિવર્સિટીનું શિક્ષણમાધ્યમ ગુજરાતી બની જવું જોઇએ એવો ઠરાવ ૧૯૫૦ ના નવેમ્બરની ૨૩ મી તારીખે કરવામાં આવેલ હોવા છતાં અને તે માટે પૂરતાં નાણાંની જોગવાઇ હોવા છતાં અને જરૂર પડયે વધારે નાણાં પૂરાં પાડવાની સરકારે દાખવેલી અનુકૂળતા છતાં આ દશ વર્ષના ગાળામાં ગુજરાત યુનિવર્સિટીએ પાઠયપુસ્તકો અંગે કરવા જેવું લગભગ કશું જ કર્યું નથી અને તબીબી, ઇજનેરી અને ખેતીવાડી માટે કોઈ પણ પાઠયપુસ્તક ઉપલબ્ધ નથી, એટલું જ નહિ પણ, બી. એસ. સી. માટે પણ બહુ જ ઓછાં પાઠયપુસ્તકો તૈયાર કરવામાં આવ્યા છે.

(૨) આજે મેડીકલ અને ઇજનેરી કોલેજો અંગે આવી પરિસ્થિતિ છે:—

(પ્રોફેસરો, આસિસ્ટન્ટ પ્રોફેસરો અને લેકચરરો)

મેડીકલ-તબીબી

કુલ જગ્યા	ખાલી જગ્યા	ગુજરાતી જાણનાર	ગુજરાતી નહિ જાણનાર
૧૨૭	૩૮	૪૦	૪૯

ઇજનેરી

૧૬૭	૮૧	૪૧	૪૫

આમ પાઠય પુસ્તકોનો અભાવ અને અધ્યાપકોની આટલી બધી ખાલી જગ્યા અને ગુજરાતી નહિ જાણનાર અધ્યાપકોની આટલી મોટી સંખ્યા—આ પરિસ્થિતિમાં નવેમ્બર માસની ૨૩મી તારીખથી શિક્ષણ માધ્યમનું રૂપાન્તર કોઇ હિસાબે શકય જ નથી.

(૩) આ માટે શિક્ષણમાધ્યમ તરીકે તત્કાલ ખેતીવાડી, તબીબી, ઇજનેરી અને બીજા ટેકનોલોજીકલ વિષયોના શિક્ષણ માટે અંગ્રેજી ચાલુ રાખ્યા સિવાય બીજો કોઇ વિકલ્પ જ નહોતો અને આગામી પાંચ વર્ષ દરમિયાન પૂરતો પ્રચાર કરીને આ વિષયોના શિક્ષણને લગતાં પાઠયપુસ્તકો કરાવી લેવા એ હેતુથી જ શિક્ષણમાધ્યમના રૂપાન્તર માટે પાંચ વર્ષની મુદત વધારવાનું સુચવવામાં આવ્યું હતું.

(૪) આ માટે યુનિવર્સિટિ ધારામાં આ મુજબનો તત્કાળ ફેરફાર કરવાનું અનિવાર્ય છે, કારણ કે એડવોકેટ જનરલના અભિપ્રાય મુજબ એ મુજબનો ફેરફાર કરવામાં ન આવે તો ૨૩મી નવેમ્બર બાદ અંગ્રેજી દ્વારા શિક્ષણ આપી શકાય જ નહિ.

(૫) ગુજરાતી યુનિવર્સિટિ ધારામાં ફેરફાર કરવા માટે સેનેટે આ અગાઉ અનેકવાર ધારાસભાને ભલામણ કરી છે. દા. ત. ૧૯૫૩માં અને તે મુજબ અનેકવાર ફેરફાર કરવામાં આવ્યા છે. દા. ત. ૧૯૫૦, ૧૯૫૪ અને ૧૯૫૬માં. આ બધા સમય દરમિયાન શ્રી મગનભાઇ દેસાઇ સેનેટના સભ્ય હતા અને તેમણે દરેક વખતે આવી ભલામણોને ટેકો આપ્યો હતો. એ જ મગનભાઇ દેસાઇએ ઉપકુલપતિપદ ઉપર આવ્યા બાદ શિક્ષણમાધ્યમ અંગેના સુધારાની ધારાસભાને ભલામણ કરવાના ઠરાવને કાનૂન બહાર જાહેર કર્યો છે અને તેમાંથી આ બધી કટોકટી સરજાઇ છે.

આ ઉપરથી જેઓ આ પ્રશ્નનો શાન્તિથી વિચાર કરશે અને ડૉ. જીવરાજ મહેતાએ રજુ કરેલા મુદ્દાઓ ધ્યાનમાં લેશે તેમને શ્રી મગનભાઇ દેસાઇએ આ પ્રશ્ન ઉપર ધારણ કરેલું વલણ કેટલું ભૂલભરેલું છે તેનો સ્પષ્ટ ખ્યાલ આવશે. આપણે આશા રાખીએ કે શ્રી મગનભાઇ દેસાઇના ઉપકુલપતિપદ ઉપરથી નિવૃત્ત થયા બાદ, આ નોંધ લખાઇ રહી છે એ અરસામાં, ચાલુ માસની ૧૭મીએ મળનાર સેનેટની સભામાં આ પ્રશ્નનો સુખદ અને સર્વસંમત ઉકેલ આવશે અને ગુજરાત રાજ્યના પ્રારંભમાં જ ઉભી થયેલી આ એક નાની સરખી કટોકટીનો અંત આવશે.

તા. ક.: સેનેટની સભાએ શિક્ષણમાધ્યમના રૂપાંતરની મુદત દશ વર્ષ વધારી છે.

શેઠ કસ્તુરભાઇ લાલભાઇનું અલ્પાક્ષરી પ્રવચન

તા. ૩-૮-૬૦ના રોજ શેઠ કસ્તુરભાઇ લાલભાઇએ મુંબઇ ખાતે પાયધુની ઉપર આવેલા ગોડીજીના જૈન ઉપાશ્રયના નવેસરથી બંધાવવામાં આવેલા મકાનનું ફીતાછેદન કરતાં નીચે મુજબનું એક અલ્પાક્ષરી પ્રવચન કર્યું હતું:—

"જૈન સંસ્કૃતિ હજારો વર્ષ જુની છે, એટલું જ પણ, તે સંસ્કૃતિ મારફત જૈનોની તેમ જ જૈનેતરોની અનેકવિધ સેવા કરવામાં આવી છે. જૈન ધર્મની સવિશેષ મહત્તા એ છે કે તેણે કોઇ નાતજાતના ભેદ સ્વીકાર્યા નથી. બીજી સંસ્કૃતિ મુકાબલે જૈન સંસ્કૃતિમાં ચડતીપડતી આવતી રહી છે. કોઇ વખત બૌદ્ધોને લીધે તો કોઇ વખત હિંદુઓને લીધે જૈનોને અને જૈન સંસ્કૃતિને શોષવું પડયું છે. પણ આજે તો એવી દુઃખદ ઘટના બની રહી છે કે જૈનોના હાથે જ જૈન સંસ્કૃતિને પારાવાર નુકસાન પહોંચી રહ્યું છે. જૈન સંસ્કૃતિના હિસાબે જૈન સંઘ એ મોટામાં મોટી સંસ્થા છે. આ સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાઓનો બનેલો સંઘ આજે અસ્તવ્યસ્ત બની ગયો છે એટલું જ નહિ પણ તેમાં ઘણી ક્ષતિઓ આવી ગઇ છે. જૈન સંઘનું બંધારણ સુવ્યવસ્થિત ન હોવાને કારણે તેમ જ આપણા શ્રાવકો સાધુ સાધુ વચ્ચે ભેદભાવની નીતિને લઇને જે પરિસ્થિતિ ઊભી થઇ થઇ છે તેથી કોઇ પણ જૈન શ્રાવકને કે જૈન સાધુને મનદુઃખ થયા વિના નહિ રહે. આમાંથી બચવાનો એકમાત્ર ઉપાય એ છે કે પક્ષાપક્ષી કર્યા વિના સંઘનું એક ચોક્કસ અને પાકું બંધારણ ઘડવું જોઇએ જેથી આપણે જે નીચે ઉતરી રહ્યા છીએ તેમાંથી બચીએ."

આ પ્રસંગે જૈન સાધુઓ, સાધ્વીઓ, શ્રાવકો તેમ જ શ્રાવિકાઓ બહુ મોટી સંખ્યામાં ઉપસ્થિત થયાં હતાં.

મુંબઇ શહેરમાં શ્વે. મૂ. જૈનોના આટલા મોટા સમુદાય સમક્ષ બોલવાનો પ્રસંગ શેઠ કસ્તુરભાઇને ઘણા લાંબા સમયે સાંપડયો હતો. શેઠ કસ્તુરભાઇ પ્રત્યે જૈન શ્વે, મૂ. સમાજ ઘણો ઊંડો આદરભાવ ધરાવતો રહ્યો છે અને પોતાના અનેક પ્રશ્નો અંગે વ્યાપક માર્ગદર્શનની સદા અપેક્ષા રાખતો રહ્યો છે. ઉપરના માર્મિક ટુંકા પ્રવચનમાં શેઠ કસ્તુરભાઇએ કહ્યું છે થોડું, સૂચવ્યું છે ઘણું એમ કહી શકાય, પણ જૈન સમાજની તેમના વિષે જે અપેક્ષા છે તે વિચારતાં શેઠ કસ્તુરભાઇએ જૈન સમાજના આજના અનેક પ્રશ્નો ઉપર જરા વધારે વિસ્તારથી વિવેચન કર્યું હોત તો વધારે સારૂં થાત અને અનેકનાં દિલ સંતોષાત.

એક સેવાભાવી સજ્જનનો દેહવિલય

જૈન સમાજના એક જાણીતા કાર્યકર શ્રી મોહનલાલ દીપચંદ ચોકસીનું ૬૩ વર્ષની ઉમ્મરે ઓગસ્ટ માસની ૮મી તારીખે અવસાન થતાં જૈન જૈનેતર સમાજને એક સેવાનિષ્ઠ સજ્જનની ખોટ પડી છે. તેમની સેવા પ્રવૃત્તિ માત્ર જૈન સમાજ પુરતી મર્યાદિત નહોતી. કોંગ્રેસના તેઓ એક જૂના વફાદાર સેવક હતા. વચગાળે તેઓ મુંબઇની કોર્પોરેશનમાં સભ્ય તરીકે ચૂંટાયા હતા અને નિયત મુદત સુધી કોર્પોરેશનની તેમણે સેવા કરી હતી. આમ છતાં પણ તેમની સેવાપ્રવૃત્તિનો મુખ્ય ઝોક જૈન શ્વે મૂ. સમાજ તરફ હતો. મુંબઇ જૈન સ્વયંસેવક મંડળ સાથે તેઓ વર્ષો સુધી ગાઢપણે સંકળાયેલા હતા. જૈન શ્વે.

મૂ. કૉન્ફરન્સ પ્રત્યે તેમની અપૂર્વ નિષ્ઠા હતી. જૈન ધર્મમાં અનુપમ શ્રદ્ધા હતી. તેઓ વકતા હતા. લેખક પણ હતા, પણ તેમની લેખનપ્રવૃત્તિ જૈન સાહિત્ય તરફ જ મોટા ભાગે ઝુકેલી હતી. તેઓ ઉચ્ચ કક્ષાના શ્રાવક હતા. વૈશ્ય હોવા છતાં વૃત્તિ બ્રાહ્મણ જેવી સંતોષી હતી. દ્રવ્યોપાર્જન પાછળ તેમણે કદી દોડાદોડ કરી નહોતી. નોકરી કરતા ત્યારે તે પાછળ રોકાતો સમય બાદ કરતાં બાકીનો સમય એક યા બીજી સામાજિક પ્રવૃત્તિ પાછળ તેઓ વ્યતીત કરતા. છેલ્લાં પંદર વર્ષથી તો તેઓ પોતાનો બધો સમય સામાજિક પ્રવૃત્તિઓને જ આપી રહ્યા હતા. વ્રત નિયમથી બદ્ધ સંયમપુર્ણ તેમનું જીવન હતું. નિર્ભળ તેમનું ચારિત્ર્ય હતું. ધાર્મિકતા તેમના સમગ્ર જીવનમાં વ્યાપેલી હતી.

તેમની સાથે જૈન શ્વે. કૉન્ફરન્સની કાર્યવાહી અંગે મને વર્ષોથી ચાલુ સમાગમમાં આવવાનું બન્યું હતું. કૉન્ફરન્સની સ્થાયી સમિતિમાં એક યા બીજા પ્રશ્ન ઉપર તેમના પંચમ-સુર-અવલંબિત વકતૃત્વનો અપ્રતિહત પ્રવાહ વહેતો તેના ભણકારા આજે પણ કાનમાં સંભળાયા કરે છે અને તેમની તે સમયની જુસ્સાદાર આકૃતિ આજે પણ આંખો સામે તરવર્યા કરે છે. મોહનભાઇ એટલે ધગશ-અજોડ ધગશ; જે કામ લીધું તે પાછળ પાર વિનાની તમન્ના. કામ સાથે રમત કરે તે બીજાં વર્ષો સુધી આમ જેની સાથે મળીને કામ કર્યું હોય અને એક યા બીજા મુદ્દા ઉપર અથડાયા પણ હોઇએ અને એમ છતાં જેની તરફથી અખંડ સદ્‌ભાવ પ્રેમ અનુભવ્યો હોય-આવી એક વ્યકિતનું પરલોકગમન થતાં ચિત્ત શોકવ્યાકુલ ગમગીન બની જાય છે. તેમની માંદગી દરમિયાન બે ત્રણ વાર તેમને હૉસ્પીટલમાં મળવા જવાનું બનેલું. એકાદ વાર ઠીક ઠીક વાતચિત થયેલી; બીજી વાર તેમને સુતેલા જોયેલા. આ ત્રણે પ્રસંગ દરમિયાન તેમના મોઢા ઉપર મેં પૂરી સ્વસ્થતા પ્રસન્નતા જોયેલી. આટલી ગંભીર માંદગી હોવા છતાં તેમની મુખાકૃતિ ઉપર તેના અનુસાર સરખો પણ ન દેખાય એવી શાન્તિ-આન્તરઅભિમુખતા મેં જોયેલી અને એ સમયે એમની આકૃતિમાં મને એક જૈન સાધુની પ્રતિમાનું દર્શન થયેલું. તેમની સાથેના છેલ્લા છેલ્લા મેળાપ વખતે તેમના વિષે મારું આવું સંવેદન હતું. એ જ્યોત કલ્પનામાં ન આવે તેમ બીજે દિવસે એકાએક ઓલવાઇ ગઇ એ જાણીને દિલને સખ્ત આઘાત લાગ્યો.

આવી રીતે જેની જેની અવસાનનોંધ લેવાનું મન થાય છે તેવી વ્યકિતઓના વ્યકિતત્વમાં પ્રકાશ પણ હોય છે અને સુવાસ પણ હોય છે. આમ છતાં પણ કોઇમાં પ્રકાશનું પ્રાધાન્ય હોય છે, કોઇમાં સુવાસનું પ્રાધાન્ય હોય છે. આ રીતે વિચારતાં મોહનભાઇના વ્યકિતત્વમાં સુવાસનું પ્રાધાન્ય હતું. આ વિશાળ વિશ્વમાં તેને જે એક નાનોસરખો ખૂણો મળ્યો તે ખૂણાને છોડીને જ્યાં ત્યાં ઊંચે ઉડવાનો અને ભૌતિક મહત્તા પ્રાપ્ત કરવાનો તેમણે કદિ પ્રયાસ કર્યો નહોતો. તેઓ કદિ નેતા બન્યા નહોતા. સેવકનું સ્થાન સ્વીકારીને તેઓ જીવનભર વિચર્યા હતા અને એ સ્થાનને તેમણે સંપૂર્ણ રીતે ચરિતાર્થ કર્યું હતું. તેમનામાં લોકોત્તર પુરૂષોની તેજસ્વીતા નહોતી, પણ સંસ્કારપૂત માનવીમાં આપણે અપેક્ષા રાખીએ તેવી તેમનામાં નમ્રતા, નિર્ભળતા અને પ્રેમાળુતા હતી. તેમની વાણી અને વર્તનમાં ગુલાબ-મોગરાની સુવાસ હતી. આમ તેઓ જે ખુણાને વળગીને વસ્યા અને વિચર્યા તે ખુણામાં તેમણે અમાપ સુવાસ પ્રસરાવી હતી. આ કારણે એ ખાલી પડેલા ખુણાની ખોટ કદિ પણ પુરાવાની નહિ. તેમનું સ્મરણ આપણને સેવ્ય અભિમુખ બનાવે એવી પ્રાર્થના!

પરમાનંદ

સંઘના સભ્યો, મિત્રો અને પ્રશંસકો જોગ

મુંબઇ જૈન યુવક સંઘ દ્વારા આયોજિત પર્યુષણ વ્યાખ્યાનમાળા તા. ૧૯-૮-'૬૦ થી તા. ૨૭-૮-'૬૦ સુધી ચાલશે. એ દરમિયાન સંઘ માટે તેમ જ સંઘ દ્વારા સંચાલિત શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય માટે દર વર્ષે ફાળો કરવામાં આવે છે. સંઘની વિવિધ પ્રવૃત્તિઓ ચલાવવા માટે રૂા. ૧૦૦૦૦ની અપેક્ષા છે. દર વર્ષે આ માટે સંઘના સભ્યો, મિત્રો તથા પ્રશંસકો તરફથી સંઘની જરૂરિયાત મુજબની રકમ મળી રહે છે અને આ આવક ઉપર નિર્ભર રહીને સંઘ દ્વારા પ્રબુધ્ધ જીવનનું પ્રકાશન, પર્યુષણ વ્યાખ્યાનમાળાનું આયોજન, વાચનાલય અને પુસ્તકાલયનું સંચાલન તેમ જ બીજી પ્રવૃત્તિઓનું સંયોજન કરવામાં આવે છે. આ વર્ષે પણ પર્યુષણ વ્યાખ્યાનમાળામાં ભાગ લેતાં ભાઇબહેનોને સંઘના તેમજ વાંચનાલય અને પુસ્તકાલયના ફાળામાં યથાશકિત રકમ ભરવા પ્રાર્થના છે. આશા છે કે અમારી આર્થિક અપેક્ષાને પૂરી કરીને સંઘની પ્રવૃત્તિઓ ચલાવવામાં તેમ જ વિકાવવામાં સંઘના શુભેચ્છકો અને સહાયકો અમને પ્રોત્સાહિત કરશે. **મંત્રીઓ : મુંબઇ જૈન યુવકસંઘ.**

સંઘ સમાચાર

શ્રી મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિના સભ્ય શ્રી ચંચળબહેન ટી. જી. શાહે તા. ૨-૮-૬૦ ના રોજ સંઘની કાર્યવાહક સમિતિના સભ્યોને સહકુટુંબ પોતાને ત્યાં ચાપાણી માટે બોલાવ્યા હતા. કાર્યવાહક સમિતિના સભ્યોનો આવો કુટુંબી મેળો પહેલીજવાર યોજાયો હતો. જમવાથી જરા પણ ન્યૂન ન લાગે તેવા ઉપાહાર વડે તેમણે સૌનું ભાવભર્યું આતિથ્ય કર્યું હતું અને ગઇ પર્યુષણ વ્યાખ્યાનમાળા પ્રસંગે જાહેર કરેલી રકમ રૂા. ૧૦૦૦ માં રૂા. ૧૧૧ ઉમેરીને કુલ રૂા. ૧૧૧૧ નો ચેક સંઘને અર્પણ કર્યો હતો.

ત્યાર બાદ તા. ૧૩-૮-૬૦ના રોજ સંઘના પ્રમુખ શ્રી ખીમજીભાઇ માડણ ભુજપુરીઆએ સંઘની કાર્યવાહક સમિતિના સભ્યોને પોતાના નિવાસસ્થાને નિમંત્રણ આપ્યું હતું અને સભ્યોનું ભાવભર્યું આતિથ્ય કર્યું હતું. આ પ્રસંગે સંઘ તરફથી યોજવામાં આવેલી પર્યુષણ વ્યાખ્યાનમાળાની વિગતો મંત્રીઓએ રજૂ કરી હતી અને સંઘની આર્થિક જરૂરિયાતોને પહોંચી વળવા માટે વ્યાખ્યાનમાળાના દિવસો દરમિયાન પૂરતા પ્રયાસ કરવા કા. વા. સમિતિના સભ્યોને અનુરોધ કર્યો હતો. મંત્રીઓ તરફના આ અનુરોધને લક્ષ્યમાં લઇને હાજર રહેલા સભ્યોએ સંઘના ફાળામાં જુદી જુદી રકમો નોંધાવી હતી અને એ જ વખતે આશરે રૂા. ૨,૦૦૦નો ફાળો ભરાયો હતો.

મંત્રીઓ: મુંબઇ જૈન યુવક સંઘ

ભારત જૈન મહામંડળ આયોજિત પર્યુષણ વ્યાખ્યાનમાળા

ભારત જૈન મહામંડળ (મુંબઇ શાખા) તરફથી તા. ૧૯-૮-૬૦થી તા. ૨૮-૮-૬૦ સુધીની એક પર્યુષણ વ્યાખ્યાનમાળા ગોઠવવામાં આવી છે. દરરોજની વ્યાખ્યાનસભા સી. પી. ટેંક પાસે આવેલા હીરાબાગના હૉલમાં સવારના ૮-૩૦થી ૧૦ વાગ્યા સુધી ચાલશે.

એનું નામ તે શ્રાવક

કચ્છમાં ભદ્રેશ્વર નામે સુન્દર નગર હતું.

अस्तीह भद्रेश्वरनामधेयं पुरं वरं कच्छकृतैकशोभम् ।
* सर्वानन्दसूरिः जगडूचरित २.१ ॥

ત્યાં દેવાલયમાં દિવસ ને રાત ઘંટાનાદ થાય તેથી કળિકાળને પેટમાં દુખતું.

नक्तंदिवं दैवतमन्दिरेषु घंटारवात् अर्तिरमुष्य चासीत् ॥ २.३ ॥

ત્યાંના તરુણ એવા હૃષ્ટપુષ્ટ ને રૂપાળા હતા કે જાણે શિવજીને હાર ખવરાવવા સારુ કામદેવે બહુરૂપ ન ધારણ કર્યાં હોય.

महेश्वरस्यैकजयाय कामः चकार रूपाणि सहस्रशोपि ।
यत्रादभुताकारविशेषभाजां दंभेन रंगत्तरुणव्रजानाम् ॥ २.६ ॥

ત્યાંની કિન્નરકંઠી તરુણીઓ અજવાળી રાતે મધ જેવા મીઠા રાસડા લેતી, તે સાંભળવા ચન્દ્રમાનો મૃગલો પૃથ્વી ઉપર ચાલ્યો આવે, અને ચન્દ્રમા એને તેડવા આવે પણ એને કેમે યે પાછા વળવાનું મન ન થાય,

निशासु सौधोपरिसंस्थितानां मृगीदृशां यत्र च चारुगानम् ।
आकर्णयन्तं स्वमृगं सुधांशुः याताय कृच्छ्रात् त्वरयांबभूव ॥ २.८ ॥

ભદ્રેશ્વરમાં શ્રીમાળી વણિક રહેતા હતા, જે કહેતા કે જગદમ્બા શ્રીદેવીના હૈયાના હારથી અમારી ઉત્પત્તિ થઇ છે. તેમાં મુખ્ય જગડુ [જગદ્-દેવ?] હતા, જે પરદેશ સાથે વેપાર ખેડીને બહુ ધન કમાણા હતા. એણે મોટા સંઘના સંઘપતિ થઇને શત્રુંજય તથા રૈવતક(ગિરનાર)ની યાત્રા કરી હતી. સંઘપતિના હાથી, ઘોડા તથા રથને લીધે આકાશમાં એટલી રજ ઉડે કે તેથી કરીને સ્વર્ગગાને કાંઠે ગારો ગારો થઇ જાય અને એ ગારામાં સૂર્ય-નારાયણના રથને એના ઘોડા ભાંડ ભાંડ ખેંચી શકે.

तथा च द्युनदीतीरे संचजं पंकतां रजः ।
यत्रात्र मग्नं अर्कांश्वाः रथं ऊहुः कथंचन ॥ ६.३८ ॥

જગડુજીએ દેવાલય ચણાવ્યાં, એટલું જ નહિ પણ મસીદેય ચણાવી, કેમકે જેમ બીજા સૌ તેમ મુસલમાન પણ એના ગ્રાહક હતા,

मसीतिं कारयामास भीमलीसंज्ञिताम् असौ ।
भद्रेश्वरपुरे म्लेच्छलक्ष्मीकारणतः खलु ॥ ६.६४ ॥

ગામે ગામે ને નગરે નગરે એણે અમૃત જેવા મીઠા પાણીની સો સો વાવ કરાવી.

शतशः कारयामास ग्रामे ग्रामे पुरे पुरे ।
सुधास्वादुजला वापीः जगडूः क्षितिभूषणम् ॥ ६.६५ ॥

સંવત્ ૧૩૧૨ માં દેવસૂરિ જગડુજીને કહે, 'દેવોના પ્રિય, માણસ આગળ પૈસો હોય તો સમાજની રક્ષા કરવાનો ભાર એણે ઉપાડવો ઘટે. હવે પછી વસમી વેળા આવવાની છે; તેમાં જેને સારુ થઇને ભગવાન મહાવીરે સર્વસ્વનો ત્યાગ કર્યો તે સર્વે જીવોની સેવા કરવાનો દુર્લભ અવસર મળે તેમ છે. આ તેરસો બારમું વર્ષ વીતે તે પછી ત્રણ વર્ષનો દુષ્કાળ પડશે.

द्वीन्द्राग्निचन्द्रवर्षेषु व्यतीतेष्वथ विक्रमात् ।
दुर्भिक्षं सर्वदेशेषु भावि वर्षत्रयावधि ॥ ६.६८ ॥

'એટલે તમારા ચતુર વાણોતરોને ઠેકઠેકાણે મોકલીને દેશની કણપીઠામાં મળે એટલું અનાજ માત્ર વેચાતું લઇને તેનો સંગ્રહ કરો.'

प्रेष्याखिलेषु देशेषु विदग्धानात्मपूरूषान् ।
सर्वेषामपि धान्यानां त्वं तैः कारय संग्रहम् ॥ ६-६९ ॥

'અને દુકાળ આવે એટલે આ ધાન્યભંડાર લોકોને ચરણે ધરો, એને જીવિતદાન આપો તથા ક્ષીરસમુદ્રના તરંગ જેવી ઉજળી કીર્તિ કમાઓ.'

क्षीरोदवीचिविमलं त्वं अर्जय यशोभरम् ।
समग्रजगतीलोकसंजीवननिदानतः ॥ ६-७० ॥

આ પ્રમાણે જગડુજીએ પ્રચંડ કણસંગ્રહ કર્યો, તથા દુકાળ પડયો એટલે દુઃખિયા લોકોને તેનું દાન કરવા માંડયું.

प्रचक्रमे कणान् दातुं अयं सोल्लतनूभकः ।
दुर्भिक्षपीड्यमानायै जनतायै कृपानिधिः ६-७४॥

બે વર્ષ પછી ગુજરાતના રાજા વીસલદેવે જગડુજીને પોતાની સભામાં તેડાવ્યા, અને કહે, 'મને અનાજ આપો, કેમ કે મેં સાંભળ્યું છે કે તમારી પાસે હજી અનાજના સાતસો કોઠાર ભર્યા છે.'

सप्तात्र कणकोष्टौकाःशतानि तव निश्चितम् ।
श्रुत्वा मया त्वं आहूतः सांप्रतं कणकाक्षिणा ॥ ६-८४ ॥

જગડુજી કહે, 'મહારાજ, મારી આગળ અનાજની એક કણી પણ નથી.'

ऊचे नाथ न सन्त्यत्र मम स्वापि कणाः खलु ॥ ६-८५ ॥

'જો મારી આ વાત માન્યામાં ન આવે તો કોઠારમાં તામ્રપત્ર પડયાં છે તે જુઓ.'

मद्वाक्ये यदि संदेहः कणकोष्ठेषु तेष्वपि ।
इष्टकान्तःस्थसत्ताम्रपत्रवर्णान् विलोकय ॥ ६-८६ ॥

વીસલદેવે જોયું તો પત્રાં ઉપર આમ લખ્યું હતું :

जगडूः कल्पयामास रंकार्थं हि कणानमून् ॥ ६-८८ ॥

'જગડુએ દરિદ્રનારાયણની સેવા અર્થે આ અનાજ દેવાનો સંકલ્પ કર્યો છે.'

'એટલે, મહારાજ,' જગડુજી કહે, 'જો દુષ્કાળની પીડાથી કોઇ માણસ મરે તો મને પાપ લાગે.'

तत् मे पापं म्रियन्ते चेत् जनाः दुर्भिक्षपीडिताः ॥६८९॥

એમ કહીને એણે વીસલદેવને ગરીબોને દેવા સારુ ૮,૦૦૦ મૂડા ધાન્ય આપ્યું.

ददौ अष्टसहस्राणि स तस्मै कणमूटकान् ।
श्रीमालान्वयकोटीरः त्रिधा वीरत्वमाश्रितः ॥६-९०॥

આવી જ રીતે સિન્ધ, ઉજ્જયિની, દિલ્હી, વારાણસી તથા સ્કન્ધિલ[=?]ના રાજાઓને પણ એણે સહાયતા કરી, અને એકસો બાર દાનશાળા ઉઘાડી.

द्वादशाभ्यधिकं दानशालाशतम् उदारधीः ।
जगडूः सुकृताधारो जगज्जीवातुरातनोत् ॥६-१३०॥

વળી એણે લાડવામાં સોનૈયા સંતાડીને રાતવેળાએ, મરે પણ માગે નહિ એવા લોકોને ઘરે તે પહોંચાડયા.

स्वर्णदीनारसंयुक्तान् लज्जापिंडान् स कोटिशः ।
निशायां अर्पयामास कुलीनाय जनाय च ॥६-१३१॥

આમ એણે ૯,૯૯,૦૦૦ મૂડા અનાજ અને અઢાર કરોડ રૂપિયાનું દુકાળમાં દાન કર્યું.

नवनवतिसहस्रयुतान् नवलक्षान् धान्यमूटकानां सः ।
अष्टादशकैकोटीः अर्थिभ्योऽदत्त दुःसमये ॥ ६-१३२ ॥

દેસાઇ વાલજી ગોવિંદજી

* આ ગ્રન્થ મને મારા વાંકાનેરનિવાસી સ્વર્ગસ્થ મિત્ર શ્રી પોપટલાલ પૂંજાભાઇ શાહ પાસેથી મળ્યો હતો.

☆ પર્યુષણ વ્યાખ્યાનમાળા ☆

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી ઑગસ્ટ માસની ૧૯મી તારીખ શુક્રવારથી ૨૭મી તારીખ શનીવાર સુધી એમ નવ દિવસની પર્યુષણ વ્યાખ્યાનમાળા ગોઠવવામાં આવી છે. આ નવે દિવસની વ્યાખ્યાનમાળાનું પ્રમુખસ્થાન પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજી શોભાવશે. હંમેશની વ્યાખ્યાનસભા સવારના ૮॥ વાગ્યે નિયમિતપણે શરૂ થશે. ૧૯મી ઑગસ્ટથી ૨૩મી ઑગસ્ટ સુધીની વ્યાખ્યાનસભાઓ ફ્રેંચ બ્રીજ ઉપર આવેલ ગ્લેવાટ્સ્કી લૉજમાં, તા. ૨૪ તથા ૨૫ની વ્યાખ્યાનસભાઓ રોક્સી થીએટરમાં તથા તા. ૨૬ તથા ૨૭ની વ્યાખ્યાનસભાઓ ભારતીય વિદ્યાભવનમાં ભરાશે. આ વ્યાખ્યાનમાળાનો વિગતવાર કાર્યક્રમ નીચે મુજબ છે:—

તારીખ		સ્થળ	વ્યાખ્યાતા	વ્યાખ્યાનવિષય
૧૯	શુક્રવાર	ગ્લેવાટ્સ્કી લૉજ	શ્રીમતી માલતી ઐડેકર	આપણાં સામાજિક જીવનમાં સંક્રમણ
	,,	,,	પ્રાધ્યાપક સુરેશ જોષી	કવિવર ટાગોર
૨૦	શનીવાર	,,	શ્રી એમ. વી. દેાંડે	સન્ત જ્ઞાનેશ્વર
	,,	,,	,, નવલભાઇ શાહ	જીવનની સાધના
૨૧	રવિવાર	,,	પ્રિન્સીપાલ હાતીમતાઇ ગંજીફરાકવાળા	સુફીવાદ
	,,	,,	,, સુધાબહેન દેસાઇ	લોકસંસ્કૃતિ
	,,	,,	શ્રી બદ્રીનાથ વ્યાસ	સુગમ સંગીત
૨૨	સોમવાર	,,	ડા. મીસ એસ્તેર સોલોમન	તત્ત્વજ્ઞાન શા માટે ?
	,,	,,	શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ	માનવ-પ્રક્રિયાનાં સંચાલક બળો
૨૩	મંગળવાર	,,	,, એસ. એમ. જોશી	રાજનીતિ અને જીવનમૂલ્યો
	,,	,,	,, ભંવરમલ સિંઘી	જાતીવાદની સમસ્યા
૨૪	બુધવાર	રોક્સી થિયેટર	શ્રી સુશીલાબહેન સિંઘી	જીવનનાં બદલાઇ રહેલાં મૂલ્યો
	,,	,,	,, ધૈર્યબાળા વોરા	મહાકાવ્યોનાં થોડાંક ઉજ્જવલ સ્ત્રીપાત્રો
૨૫	ગુરૂવાર	,,	,, કુલસુમ સયાણી	ઇસ્લામની કેટલીક પ્રેરક કથાઓ
	,,	,,	,, ફાતમાબહેન ઇસ્માઇલ	સમ્યક દર્શન : સમ્યક કર્મ
૨૬	શુક્રવાર	ભારતીય વિદ્યાભવન	ફાધર જે. એસ. વિલિયમ્સ	ઇશુ અને ગાંધી
	,,	,,	સ્વામી અખંડાનંદ	સર્વધર્મસમન્વય
૨૭	શનીવાર	,,	મુનિ સન્તબાલજી	ભ. મહાવીર અને સત્યાગ્રહનો વિકાસ
	,,	,,	પંડિત સુખલાલજી	ઉપસંહાર
	,,	,,	શ્રી શાન્તિલાલ શાહ	ભજન-કીર્તન

આ વ્યાખ્યાનમાળામાં રસ ધરાવતા ભાઇબહેનોને સભાસ્થળે વખતસર આવી પહોંચવા, વ્યાખ્યાનો ચાલતાં હોય તે દરમિયાન પૂરી શાન્તિ અને શિસ્ત જાળવવા અને શ્રી મુંબઇ જૈન યુવક સંઘને તેમજ સંઘની વિવિધ પ્રવૃત્તિઓને આર્થિક સહાય વડે સીંચિત કરવા પ્રાર્થના.

૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ,
મુંબઇ, ૩.

પરમાનંદ કુંવરજી કાપડિયા
ચીમનલાલ જે. શાહ
મંત્રીઓ, શ્રી મુંબઇ જૈન યુવક સંઘ.

પુસ્તકાલયમાં વસાવવા લાયક, શિક્ષણસંસ્થામાં ઇતર વાંચન તરીકે ઉપયોગમાં લેવા લાયક તેમજ કોઇ પણ શુભ પ્રસંગે વહેંચવા લાયક પુસ્તકો

સત્યં શિવં સુન્દરમ્

શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાનો લેખસંગ્રહ
કાકાસાહેબ કાલેલકર અને પંડિત સુખલાલજીના પ્રવેશકો સાથે
કિંમત રૂા. ૩, પોસ્ટેજ ૦-૬-૦

બોધિસત્ત્વ

સ્વ. ધર્માનંદ કોસમ્બી રચિત મૂળ મરાઠી નાટક
અનુવાદકો :
શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા તથા શ્રી કાન્તિલાલ બરોડિયા
કિંમત રૂા. ૧-૮-૦, પોસ્ટેજ ૦-૨-૦
મુંબઇ જૈન યુવક સંઘના સભ્યો તથા પ્રબુદ્ધ જીવનના ગ્રાહકો માટે
સત્યં શિવં સુન્દરમ્: કિંમત રૂા. ૨, બોધિસત્ત્વ: કિંમત રૂા. ૧

દર્શન અને ચિન્તન

પંડિત સુખલાલજીના આજ સુધીના ગુજરાતી તથા હિંદી લેખોનો સંગ્રહ બે વિભાગ ગુજરાતી: એક વિભાગ હિંદી: કુલ ત્રણ વિભાગમાં
કિંમત રૂા. ૨૧; પેકીંગ પોસ્ટેજ રૂા. ૪
મુંબઇ જૈન યુવક સંઘના સભ્યો તથા પ્રબુદ્ધ જીવનના ગ્રાહકો માટે
કિંમત રૂા. ૧૮

પ્રબુદ્ધ જીવનની ફાઇલો : કિંમત રૂા. ૬.

પ્રબુદ્ધ જીવનના ગ્રાહક બનો : • વાર્ષિક લવાજમ રૂા. ૪
મળવાનું ઠેકાણું :
મુંબઇ જૈન યુવક સંઘ, ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩

મુંબઇ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટસ પીપલ પ્રેસ, કોટ, મુંબઇ.

રજીસ્ટર નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૨ : અંક ૯

પ્રબુદ્ધ જીવન

મુંબઇ, સપ્ટેમ્બર ૧ ૧૯૬૦, ગુરૂવાર
આફ્રિકા માટે શિલિંગ ૮

શ્રી મુંબઈ, જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ: ૨૦ નયા પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

એક ડાકટરના બે હૃદયસ્પર્શી અનુભવો

(ડો. એમ. ડી. દેસાઇ અમદાવાદના વાડીલાલ સારાભાઇ જનરલ હોસ્પીટલમાં સુપરિન્ટેન્ડન્ટ તરીકે કેટલાંક વર્ષોથી કામ કરે છે. તેઓ બહુ જ લોકપ્રિય, સેવાભાવી, બાહોશ અને નિષ્ઠાવાન સર્જન છે. તેમણે થોડા સમય પહેલાં ઓલ ઇન્ડિયા રેડીઓ ઉપરથી એક વાર્તાલાપ રજુ કર્યો હતો તે તેની અનુમતિથી નીચે પ્રગટ કરવામાં આવે છે. આ અનુભવ નોંધમાં એક ઉચ્ચ કોટિના સંવેદનશીલ ડાકટરનું આપણને દર્શન થાય છે. દર્દીઓ પરત્વે આપણા ડાકટરોનું આવું વલણ અને આવો અભિગમ હોય તો, દર્દીઓ અને તેમનાં સગાંવહાલાંઓને કેટલી બધી રાહત મળે? તંત્રી)

એ દિવસે ઓપરેશનોનું લીસ્ટ બહુ લાંબું હતું. હું એક ઓપરેશન પુરૂં કરી બીજા દરદીની રાહ જોતો થીએટરમાં ઉભો હતો.

અચાનક થીએટરની બહાર કોલાહલ સંભળાયો. બારણું ઉઘાડી જોયું તો દર્દી એક ૧૦–૧૨ વરસની નાની દેખાવડી છોકરી સ્ટ્રેચર ઉપર બેઠી થઇ જાય ધુમાધુમ કરતી હતી. "મારે ઓપરેશન નથી કરાવવું. ઓ બા, મને ઘેરે લઇ જા, હું મરી જઇશ રે..." એનાં સગાં વ્હાલાઓએ એને માંડ માંડ નાસી છૂટતી અટકાવી રાખી હતી. હોસ્પિટલમાં સામાન્ય નિયમ એવો હોય છે કે સગાં વ્હાલાઓને ઓપરેશન થીએટરમાં દાખલ કરવામાં આવતાં નથી. આથી ફકત છોકરીને જેમ તેમ મા–બાપથી છુટી પાડી, અંદર લેવામાં આવી અને થીએટરનું બારણું બંધ કર્યું.

અંદરનું વાતાવરણ છોકરી માટે નવું હતું. એક મોટા ઓરડામાં માંડ ચાર માણસો અને તે પણ સફેદ લાંબા ઝભ્ભામાં, એટલે બરબપોરે લાઇટના પ્રકાશમાં ઓળાઓ જેવા લાગે. મ્હોં માથા ઉપરના પહેરવેશને લઇને ન તો કોઇનું મ્હોં દેખાય, ન કોઇ સ્ત્રી કે પુરૂષ છે તેની ઓળખાણ પડે. આવું વાતાવરણ ભલભલાને ભયભીત કરી દે, ત્યાં આ તો બિચારી નાજુક નાની છોકરી હતી. એણે સાંભળ્યું હતું કે, ઓપરેશન વખતે તો દવા સુંઘાડતા ગુંગળાવી નાંખે છે. એણે સાંભળ્યું હતું કે, અંદર તો મોટા મોટા ચીપીયા, ચપ્પુ ને કાતર વડે પેટ ચીરવામાં આવે છે. એણે એમ પણ સાંભળ્યું હશે કે ઓપરેશનમાં તો ઘણાં મરી પણ જાય છે.

એટલે અંદર આવતાંની સાથે એ છોકરીએ તો ભારે તોફાન મચાવી ચીસાચીસ કરવા માંડી. અને ટેબલ ઉપર નહિ સૂઇ જવાની હઠ લઇ બેઠી.

અમારે માટે આવા પ્રસંગો નવા ન હતા. મોટી ઉંમરના માણસોને પણ થીએટરના ટેબલ ઉપરથી કૂદી, નાસી જતા જોયા છે. શાંત હિંમતવાન દેખાતા દરદીઓને પણ છેક છેલ્લી ઘડીએ દવા સુંઘતી વખતે, ઓપરેશન કરાવવાનો વિચાર પડતો મુકતા જોયા છે. ઓપરેશન એટલે મૃત્યુની ભેટ, કોને ખબર પાછા જીવતા નીકળાશે કે કેમ! સાક્ષાત મૃત્યુને સ્વીકારતાં કોણ ગભરાયું નથી?

આ છોકરીને પણ મૃત્યુનો ભય પેઠો હતો એટલે તોફાને ચઢી હતી. એને બળજબરીથી, બધાએ મળી, ઉંચકીને ટેબલ ઉપર સુવાડી, હાથપગ દબાવી શાંત કરી દીધી અને દવા સુંઘાડવાની શરૂઆત કરી. એકાએક છોકરીએ જોરથી ભાગણી કરી, "મારે દાકતરને મળવું છે. કોણ મને કાપવાનું છે?"

હું પાસે ગયો. છોકરીને છૂટી કરવાનું કહ્યું. એ એકદમ ટેબલ ઉપર બેઠી થઇ ગઇ અને ગભરાતે ચહેરે આમતેમ જોવા લાગી.

"શું છે બ્હેન?" મેં પૂછ્યું, અને એના વાંસા ઉપર હાથ ફેરવ્યો. "તમે મને મારી તો નહિ નાંખો ને? હું મરી તો નહિ જાઉં ને? મને દુઃખશે તો નહિ ને?" એણે પૂછ્યું. હજી એ એટલી જ બેબાકળી હતી. એના સાદમાં પણ બીક ભરી હતી.

મેં એને આશ્વાસન આપવા પ્રયત્ન કર્યો. પણ એની બહુ અસર થતી દેખાઇ નહિ. એ મારૂં કહેવું સાંભળતી હતી કે કેમ એની પણ શંકા હતી. છતાં થોડીવાર પછી બોલી ઊઠી. "તમારે ઓપરેશન કરવું જ છે ને? ઊભા રહો મને પ્રાર્થના કરી લેવા દો."

આટલું કહેતાં તો તેણે બેઠાં બેઠાં જ આંખો બંધ કરી દીધી, બે હાથ જોડયા અને ગણગણવા લાગી. માંડ અડધી મિનિટ થઇ હશે ત્યાં તેણે આંખ ઉઘાડી. એના કોમળ મુખ ઉપર સ્મિત ફરકવા લાગ્યાં, આંખ શાંત હતી, એ સ્વસ્થ થઇ ગઇ હતી.

"હાશ, હવે હું છું અને મારો પરમેશ્વર. તમારે જે કરવું હોય તે કરો" કહી ટેબલ ઉપર જાતે સૂઇ ગઇ અને શાંત ચિતે જેમ કહીએ તેમ કરવા લાગી. એને હવે ઓપરશનનો ડર રહ્યો ન હતો, એ હવે મૃત્યુથી ગભરાતી ન હતી, એને એના પરમેશ્વરનો સથવારો મળી ગયો હતો. એ હવે બેબાકળી રહી ન હતી, બલ્કે પ્રસન્નચિત્ત હતી.

અમે બંધાં પણ થોડી વાર તો જોઇ રહ્યા. માંડ અડધી મિનિટની પ્રાર્થનામાં આ છોકરીએ જે માનસિક બળ મેળવી લીધું હતું તે અમારે માટે પણ આશ્ચર્યજનક હતું.

આ વાતને તો ઘણાં વર્ષો વીતી ગયાં. મેં એને મારા મનમાં એટલા માટે સંઘરી રાખી છે કે આ છોકરીએ મને શ્રદ્ધાના બળનો પ્રત્યક્ષ પાઠ શીખવ્યો હતો. કહો કે મારામાં પરમેશ્વર વિષેની શ્રદ્ધા જન્માવી હતી. આજે પણ જ્યારે દાકતરી વિદ્યાને ખુડી નીવડતી જોઉં છું ત્યારે આ શ્રદ્ધાનો આશરો કોઇ નવી જ શક્તિનો સંચાર કરે છે એમ અનુભવું છું.

આવી જ રીતે એક બીજો પ્રસંગ પણ હું હંમેશ યાદ રાખવા પ્રયત્ન કરું છું.

ઓપરેશનનો દિવસ હતો. ઓપરેશન થીએટરમાં આજે સરજનને પણ આધા–પાછા થવાની જગ્યા રહી ન હતી. કારણ જે ને તે ઓપરેશન જોવા ભેગા થયા હતા. હૃદયનું ઓપરેશન હતું. આવું ઓપરેશન આ હોસ્પીટલમાં પહેલવહેલું જ થતું હતું. આખું થિયેટર ડાકતર–નર્સોથી ચિકાર હતું. છતાં વાતાવરણમાં ગજબની શાંતિ હતી. પાસે ઉભેલાનો શ્વાસ પણ સાંભળી શકાતો પણ બધાનો જીવ ઊંચે હતો. શું થશે? ટેબલ ઉપર જ, દરદીનું મૃત્યુ તો હાર્ટ–ફેઈલથી નહિ થાય ને:? ઊંડે ઊંડે આ ડર બધાને હતો. ઓપરેશન ચાલતું ગયું તેમ તેમ વાતાવરણ વધુ અને વધુ ક્ષુબ્ધ થવા લાગ્યું. એક કલાક, બે કલાક, ત્રીજો કલાક પૂરો થવા આવ્યો. વચ્ચે વચ્ચે નિયમિત અંતરે, દરદીની નાડી અને બ્લડપ્રેસરના સમાચાર અપાતા જતા હતા, તે સિવાય બીજો અવાજ ભાગ્યે જ સાંભળવા મળતો હતો. આખરે સરજનનો "હાશ" "Thank God" નો અવાજ આવ્યો. ઓપરેશન હેમખેમ પાર પડ્યું હતું. દરદીની સ્થિતિ સારી હતી. થીએટરનું વાતાવરણ જે અત્યાર સુધી તંગ હતું તેમાં એકદમ જીવ આવ્યો. શાંતિ તો બાજુએ રહી, લગભગ ઘોંઘાટ મચી રહ્યો.

સરજન હું હતો. એક અઘરું ઓપરેશન પાર પાડવાનો યશ મને મળવાનો હતો. એવે વખતે આનંદ થાય એ સ્વાભાવિક છે. આનંદ સાથે આવું ઓપરેશન આ વિભાગમાં મેં જ પહેલ વહેલું કર્યું તેનો ગર્વ પણ હતો. આનંદ સંતોષ ગર્વની સ્થિતિમાં હું બહાર નીકળ્યો. ઓપરેશનમાં મોડું થઈ ગયું હતું એટલે જ બીજે પહોંચવાની ઉતાવળ હતી. લીફ્ટ દૂર હતી. રસ્તામાં કોઈ બ્હેને કંઈ પૂછ્યું એવું લાગ્યું; પરંતુ જવાબ આપવાની જરૂર નહિ લાગી. એવામાં થીએટરનાં પાસે પડેલા એક બાંકડા પાસે સંખ્યાબંધ બીડીનાં ઠુંઠા વેરાયેલા જોયાં. પાસે જ કચરો નાંખવાનો ડબ્બો હતો, છતાં તેમાં નહિ નાંખતાં રસ્તામાં ગમે તેમ ઠુંઠા ફેંકી હોસ્પીટલ જેવી હોસ્પીટલ ને ગંદી કરી મુકનાર ઉપર ક્રોધ આવ્યો અને મારી હોસ્પીટલના સુપરિન્ટેન્ડન્ટ તરીકેની ફરજ યાદ આવી. હું ભૂલી ગયો કે મારે બીજે જલ્દી જવાનું હતું. હું ઉભો રહ્યો, જેણે બીડી પીધી હતી તેને બખડાવ્યો, તેની પાસે ઠુંઠા ઉપડાવી ડબ્બામાં નંખાવ્યાં અને હોસ્પીટલમાં સ્વચ્છતાની જરૂરિયાત ઉપર ભાષણ ઠોકી, સુપરિન્ટેન્ડન્ટ તરીકે મારી ફરજ અદા કર્યા બદલ આત્મ–સંતોષ અનુભવ્યો.

લીફ્ટમાં પહોંચતાં જ એક મિત્ર મળ્યા, એમણે આ બધું જોયું–સાંભળ્યું હતું, મારી પાસેથી. ઓપરેશન કેવું અઘરું હતું, કેવું સરસ પાર પડ્યું, કેટલાં બધાં જોવા આવ્યા હતા વગેરે સાંભળ્યા પછી, લીફ્ટની બહાર નીકળી મને ઉભો રાખી, કહેવા લાગ્યા.

"ડાકતર, આવું અઘરું ઓપરેશન આટલી સુંદર રીતે પાર પાડવા માટે અભિનંદન; ખૂબ ખૂબ અભિનંદન, પણ તમે સરજન લોકો ઇન્સાનને ભૂલી જાઓ છો એ સમજાતું નથી." આટલું કહી એ અવાક થઈ ગયા. એના મ્હોં ઉપરનો ખેદ વાંચી શકાતો હતો.

મને એનું કારણ નહિ સમજાયું. એ મિત્ર હતા, મારા હિતેચ્છુ હતા, વિશેષમાં ખુઝર્ગ હતા. એને માટે મને માન હતું. મેં ખુલાસો કરવા વિનંતી કરી. એમની વાત એમના જ શબ્દોમાં કહું.

"હું કામે આવ્યો હતો. ઓપરેશન થીએટર બહાર બાંકડા પાસે ઉભો હતો. બાંકડા ઉપર એક ભાઈ અને એક બહેન બેઠાં હતાં. આધેડ વયના હશે. ગામડાના લાગતા હતા. થોડીવાર થાય એટલે અંદર અંદર ઘૂસપૂસ કરે અને પાછાં શાંત થઈ જાય. મ્હોં ઉપર ગભરાટ દેખાતો હતો એટલે મેં પૂછપરછ કરી. તેમણે જણાવ્યું કે અત્યારે એમના એકના એક દીકરાનું ઓપરેશન ચાલે છે અને ઘણો વખત થઈ ગયો પણ કંઈ સમજાતું નથી એટલે અધીરાં થયાં છે. મેં કહ્યું હોસ્પીટલ સારી છે, ડાકતર હોંશિયાર છે, બધાં સારાં વાનાં થશે કહી આશ્વાસન આપવા પ્રયત્ન કર્યો, ત્યાં તો બાઈએ રડવા માંડ્યું. ભાઈ પણ રડવા જેવા થઈ રહ્યા પણ આંસુ છુપાવવા, ગજવામાંથી બીડી કાઢી, સળગાવી. હું ખબર કાઢી લાવવા–ઓપરેશન ચાલતું હતું ત્યાં ગયો. ઓપરેશન લાંબુ ચાલશે એવા સમાચાર મળ્યા એટલે એટલા સમાચાર પેલાં મા–બાપને આપી, ધીરજ રાખવા કહી, હું મારે કામે ગયો.

અહીં તો એક કલાક, દોઢ કલાક, બે કલાક વીત્યા. અંદર શું ચાલે છે તેની ખબર નહિ પડે; દીકરો મરે છે કે જીવે છે તેની પણ શંકા પડવા લાગી. બાઈએ, પતિને પરાણે ખબર કાઢવા મોકલ્યો તો દરવાજા પાસેથી નર્સની ગાળો અને નોકરોના ધક્કા ખાઈ પાછો આવ્યો. કોઈએ એમ પણ નહિ કહ્યું કે 'તારો દીકરો જીવે છે.' બાપે તો આંટા મારીને અને બીડી ફુંકીને વખત કાઢ્યો, પણ માનો જીવ અને તેમાં પાછો એકનો એક દીકરો. ત્રણ કલાક થવા આવ્યા એટલે એનાથી નહિ રહેવાયું. એ થીએટર તરફ દોડી. એજ વખતે તમે બહાર નીકળ્યા. તમને, એના લાડકવાયાના સમાચાર પૂછ્યા. પણ તમને ક્યાં એના તરફ નજર નાંખવાની પણ ફુરસદ હતી? ઉલટું તમે તો, એના બાપને બીડીના ઠુંઠા માટે ધમકાવવા લાગ્યા, એ બિચારા પાસે એ ઠુંઠાં ઉચકાવ્યાં અને ચાલી નીકળ્યા.

જે મા–બાપ તમને પરમેશ્વર તુલ્ય ગણી એકનો એક દીકરો શ્રદ્ધાપૂર્વક મારવા કે જીવાડવા સોંપી દે તેની પાસે એક બે આશ્વાસનના શબ્દોની પણ આશા નહિ રખાય, એ તંત્ર કેવું? તમે ફક્ત બે જ શબ્દો ચલતાં ચાલતાં પણ બોલ્યા હોત કે "બહેન, તમારો દીકરો સારો છે, તું ગભરાઈશ નહિ", તો મને ખાત્રી છે એ બન્ને મા ને બાપ તમારા પગમાં પડ્યા હોત! ખેર, જેવું તમારું ભણતર તમે આથી યે મોટાં ઓપરેશન કરતા રહો અને યશ કમાતા રહો. મારાથી નહિ રહેવાયું એટલે બોલાઈ ગયું. માફ કરજો." કહી એ મિત્ર ચાલી નીકળ્યા.

આજે પણ જ્યારે હું એ દિવસનો વિચાર કરું છું ત્યારે પસ્તાવો થાય છે. લોકો અમારા ભણતરને દોષ દે છે, પણ નવું કે જૂનું કયું ભણતર એવું શીખવે છે કે ડાક્તરે દયા, પ્રેમ, હમદર્દી, માણસાઈને પાસે નહિ આવવાં દેવાં?

આ પ્રસંગ પછી, હું નથી ભૂલી જઈ શકતો કે ઓપરેશન થિયેટરમાં દરદી ઉપર જેમ ઓપરેશન ચાલી રહ્યું છે તેમ બહાર પણ સગાંવ્હાલાં ઉપર બીજું ઓપરેશન થઈ રહ્યું છે. બંનેને કાળજીની જરૂર છે. બંનેને સહાનુભૂતિ જોઈએ છે. એમાંયે બહારનાંને વિશેષ જરૂર છે કારણ કે તેમને દરદીની માફક બેભાન બનાવવામાં નથી આવતાં!

ડૉ. એમ. ડી. દેસાઈ

* સામાજિક નીતિમત્તા *

(મુંબઇ જૈન યુવક સંઘ દ્વારા આયોજિત ગત વર્ષની પર્યુષણ વ્યાખ્યાનમાળામાં ગુજરાતના સુપ્રસિદ્ધ સામાજિક કાર્યકર શ્રી પુષ્પાબહેન મહેતાએ આપેલા વ્યાખ્યાનની–તેમણે જ કરેલી–કાચી નોંધ નીચે આપવામાં આવે છે. તંત્રી.)

સામાજિક નીતિમત્તા

સૃષ્ટિના સર્જનકાળે ભગવાને માનવ સર્જ્યો, માનવે સૃષ્ટિમાં અનેક ભેદ ને ભિન્નતા સર્જ્યાં. જગતના નિર્માણકાળે જગન્નિયંતાને કલ્પના પણ નહિ હોય કે એનું સૌથી અટપટું સર્જન બુદ્ધિશાળી માનવ છે.

સૃષ્ટિમાં પ્રત્યેક જીવને પોતાના જીવન પુરતી ચિંતા હોય છે. એ હિંસા કરે છે તો પોતાના પોષણ પુરતી. નિર્વાહ તથા પોષણની–જીવનનાં અસ્તિત્વ પુરતી–તેને ચિંતા હોય છે. વધુ કંઇ પણ પ્રવૃત્તિની કે સંગ્રહની એને અપેક્ષા હોતી નથી.

"જીવો જીવસ્ય જીવનમ્" એ સૃષ્ટિના નિર્માણકાળથી ચાલતો સંગ્રામ ચાલ્યા જ કરે છે. એક જીવ બીજા જીવ પર જીવે છે. બધા જ જીવ પોતાના પુરતી જ ચિંતા સૃષ્ટિમાં કરતા હોય છે. પણ માનવ તેનાથી ભિન્ન છે. તેને જીવન પુરતી–પોતાના અસ્તિત્વ પુરતી ચિંતા નથી હોતી. પણ એને અનેકની ચિંતા ઘેરી વળી હોય છે.

માનવને પ્રભુએ બુદ્ધિ આપી, બુદ્ધિએ ભેદ સર્જ્યા અને એ ભેદની ઘટમાળમાં માનવ અટવાઇ પડેલ છે. રૂઢી, નીતિ–નિયમો જેવી અનેક પરિસ્થિતિએ સંસારને જકડી લીધો છે. કરોળીયાની જાળમાં ફસાયેલાં જંતુની જેમ વ્યકિત સંસારમાં અટવાઇ પડેલી છે. એમાંથી નીકળવું અશકય હોય છે અને તેથી કરોળીયાની જાળના જંતુની જેમ વ્યકિતનું જીવન ઊભી કરેલી પરિસ્થિતિમાં જકડાઇ રહ્યું છે.

સમાજે સૃષ્ટિની ઉત્પત્તિથી વર્તમાન યુગ સુધી સંસારને સ્થિર કરવા, ઉચ્ચ કક્ષાનું જીવન ઘડવા અનેક પ્રયત્નો કર્યા. અનેક પ્રયત્નોની પ્રક્રિયામાંથી આજનો સમાજ અને તેની નીતિમત્તા સર્જાયાં અને તેનાં મૂલ્યો અંકાયાં.

સમાજનાં નૈતિક મૂલ્યો આંકવા એ ઘણું અઘરું છે. સમાજની થોડાંક વર્ષો પહેલાં જે વિચારસરણી હતી, જે જીવન હતું એથી આજે કંઇક જુદું જ બની રહ્યું છે. સમાજ–માનસ અને સમૂહમાનસ–એ અંગેના સમાજશાસ્ત્ર અને વિજ્ઞાનના સંશોધનથી સમાજપરિવર્તનના અનેક પ્રયોગો થઇ રહ્યા છે. સમાજશાસ્ત્રીઓ–માનસશાસ્ત્રીઓ ગહન વિચારને પ્રયોગ દ્વારા સિદ્ધ કરવાના પ્રયત્ન કરે છે. આ ઉપરાંત સામાજિક કાર્ય પદ્ધતિસરનું અને વ્યવસ્થિત થાય એ માટે રાજ્ય ને સમાજ સજાગ બની રહ્યાં છે.

સમાજે ઘડેલાં જીવનધોરણ પર કરોડો વ્યકિતઓનાં જીવનનું મૂલ્ય અંકાય છે, અનેકની કસોટી થાય છે, અનેકને માન અને મોભો મળે છે અને અનેક વ્યકિતઓનાં જીવન પડદા પાછળ ધકેલાઇ જાય છે. જીવનસંગ્રામ આ રીતે ચાલ્યા જ કરે છે.

ઘણીવાર પ્રશ્ન થાય છે કે સમાજનાં નીતિ અને ધર્મનાં બંધન કોણે ઊભાં કર્યાં? કોના પ્રયત્ન ને પ્રયાસથી સમાજ–રચનાનું મંડાણ થયું? કેટલાં બળ અને બુદ્ધિ, કેટલી શકિત અને સામર્થ્ય સમાજને સ્થિર કરવા–તેના નીતિનિયમો ઘડવા પાછળ ખરચાયાં હશે!

સમાજરચનાનું મૂળ તપાસતાં–અભ્યાસ કરતાં આજ ને ગઇ કાલનાં મૂલ્યોમાં અને નીતિમત્તામાં ઘણો ફેર પડયો છે. સમાજની માન્યતા પ્રમાણે 'જુનું તે સોનું' કહેનાર વર્ગ સદાય ભૂતકાળમાં બધું જ સારું હતું એ હકીકત પ્રબળપણે રજૂ કરી આધુનિક સંસાર સડી ગયો છે, જીવન જીવવા જેવુ રહ્યું નથી એમ સ્પષ્ટ માને છે, મનાવવા પ્રયત્ન કરે છે, પણ નીતિનું ધોરણ તો યુગે યુગે, સૈકાએ સૈકાએ અને ક્રાંતિએ ક્રાંતિએ બદલાતું રહ્યું છે.

સૌ કોઇ જાણે છે કે સમાજરચનાનાં પાસાં ફરતાં રહ્યાં છે. વૈદિકકાળનાં નીતિનાં ધોરણ પછીનાં યુગમાં નહોતાં. વેદકાળમાં 'માતૃસમાજ' હતો. સ્ત્રી પ્રત્યેનું વર્તન માતા તરીકેનું હતું. માતૃસંસ્થા પર સમાજરચનાની નીતિ અને નિયમો નિર્ભર હતાં.

યુગ ફર્યો. સ્ત્રીનું માતૃપદ નીચું ગયું, મોળું પડયું, એ પશ્ચાદ્‌ભૂમિકામાં ચાલી ગઇ. પત્ની તરીકે એ ભોગ્ય બની. પરિણામે સ્ત્રીઓનાં અપહરણ થવા માંડયાં. અનેક સ્ત્રીઓ એક જ ઘરમાં પત્ની તરીકે રાખવામાં આવી અને છેવટે ક્રમે ક્રમે એ માતા મટીને દાસી બની.

આ કાળમાં નીતિનું મૂલ્ય નીચે ઊતર્યું હશે. સમાજને ભીતિ લાગી હશે કે નૈતિક ધોરણ ક્યાં જઇ અટકશે? સમાજનું ધોરણ ઊંચું રાખવા–સમાજને સ્થિર કરવા અનેક કાયદા થયા–અનેક નિયમો ઘડાયા અને અનેક ધાર્મિક બંધનો સમાજ પર મૂકાયાં.

શુદ્ધિ અને ચારિત્ર્ય પર એ સમયે ઉહાપોહ થયો અને પરિણામે વર્ણસંકરને જીવવાનો પણ અધિકાર નથી એવા કાયદા ઘડાયા. રકતશુદ્ધિ–સંસ્કારશુદ્ધિ પર વિશેષ લક્ષ અપાયુ.

સૌથી પ્રથમ આક્રમણ નૈતિક શાસ્ત્રનું–નીતિજ્ઞોનું–સ્ત્રી પર આવ્યું. સ્ત્રીની શુદ્ધિ એ જ સમાજશુદ્ધિ અને શુચિતા મનાઇ અને તેથી ભાત ની શુચિ સાચવવા સ્ત્રીને શુદ્ધ રાખવા સ્ત્રીના ચારિત્ર્યને મહત્વ આપ્યું. પતિના મૃત્યુ બાદ સ્ત્રી જીવે તો ચારિત્ર્યભ્રષ્ટ થાય એટલે તેને જીવતી સળગાવી મૂકી અને તે જીવે તો તેને બેડોળ બનાવી. આ રીતે સ્વામી વિનાની–પતિ વિનાની–વિધવા પર નીતિ ને સમાજની ચોકી બેસી ગઇ.

પતિના સ્વામિત્વની મર્યાદા નક્કી કરવા કન્યા સ્વયંવરમાં વરતી, ગાંધર્વ લગ્ન કરતી એ બધું વિસારી દીધું અને કન્યાનું 'દાન' દેવાની પ્રથા શરૂ થઇ. 'કન્યાદાન'ની પ્રથા શરૂ થઇ એટલે સ્ત્રીનું વ્યકિતત્વ નષ્ટ થયું, એ ગુલામ બની અને સ્વામિના મૃત્યુ બાદ 'સહગમન' કરવું અનિવાર્ય બન્યું. આ રીતે સ્ત્રીના વ્યકિતત્વનો–વ્યકિત જીવનનો–લોપ થયો.

સ્ત્રીના વ્યકિતજીવનના ભોગે સમાજે નીતિ સાચવવા પ્રયત્ન કર્યો. સ્ત્રીનું સ્વામીત્વ પુરુષને સોંપાયું; દાનમાં મળેલી સ્ત્રી સતી થઇ–વિધવા બની અને સમાજે સમાજની નીતિમત્તા સ્થિર થઇ એમ માન્યું. સમાજે–કહેવાતાં શાસ્ત્રોએ–સ્ત્રીને વધુ ને વધુ બંધનોમાં જકડીને સામાજિક વિકૃતિ સર્જી.

સમાજની નીતિરક્ષાએ એક રીતે સ્ત્રીનું દાન દીધું–તેને જીવતી સળગાવી, અથવા તો વિધવાનાં લગ્ન પર પ્રતિબંધ મૂકી, તેને યમનિયમથી બાંધી, જીવતે મરેલી જેવી બનાવી અને બીજી બાજુએ વેશ્યાસંસ્થા ઊભી કરી. જેને સ્વામી ન હોય એવી સ્ત્રીનું સમાજે સ્વામિત્વ ઊભું કર્યું અને સ્ત્રીનું નૈતિક પતન–અધઃપતન–નીતિની રક્ષા કાજે સર્જ્યું!

આજે પણ સ્ત્રી પુરુષનું નીતિનું ધોરણ જુદું છે. કારણ–

કે સ્ત્રીના ઉપર કુદરતે માતા થવાનું સન્યું છે, જ્યારે પિતાને એ જવાબદારી ન હોવાથી તે સ્વેચ્છાચારી બની શકે છે, નૈતિક બંધનથી એ દૂર રહી શકે છે. આ રીતે નીતિ અને ચારિત્ર્યની શુદ્ધિ ક્યાં રહી છે એ સમાજે જ વિચારવાનું રહે છે.

:અસમાન ને અસ્થિર નીતિમત્તાએ સમાજમાં ભ્રમ પેદા કર્યો. વ્યક્તિને જીવન જીવવા માટે અસત્ય આચરતી અને વર્તતી કરી મૂકી. સમગ્ર રીતે વિચારતાં નૈતિક બંધનો અને વિચારસરણીનું ધોરણ એટલું અજુગતું રહ્યું છે કે વ્યક્તિને વિચાર થાય છે કે સાચું શું હશે?

ઇતિહાસ સાક્ષી પૂરે છે કે ભૂતકાળનું ગૌરવ અને બંધન આજે લાંછન બનેલ છે; ભૂતકાળની ધર્મભાવના આજે ગુન્હો છે: ત્યારે પ્રશ્ન થાય છે કે નીતિ એટલે શું ?

ફરતા કાયદા, ફરતો વ્યવહાર અને ફરતી સામાજિક દૃષ્ટિ–ત્રણે પરત્વે પરિવર્તન પામેલાં મૂલ્યો તપાસીએ તો! કેટલાં પરિવર્તન અને માન્યતા બદલાયાં છે?

૧. પહેલાં લગ્ન માટે સ્વયંવર થતા, ગાંધર્વ લગ્ન થતાં. સમય જતાં બાળલગ્ન ધાર્મિક બન્યા. "અષ્ટવર્ષા ભવેદ્ ગૌરી" આઠ વર્ષે પુત્રીનાં લગ્ન થવાં જ જોઇએ!

આજે! બાળલગ્ન એ ગુન્હો છે. ચોરીછૂપીથી બાળલગ્ન કરે તો સજા થાય!

૨ પહેલાં અપહરણ થતાં. સ્ત્રીની મરજી વિરૂદ્ધ તેને ઉપાડી જઇને લગ્ન કરવામાં આવતાં.

આજે! એ પ્રથા એ ગુન્હો છે. શિક્ષાપાત્ર વ્યકિત બને છે.

૩. પહેલાં વિધવા સતી થતી એ ધાર્મિક પ્રસંગ ગણાતો.

આજે! મનુષ્યવધમાં સહાયતા કરવા માટે સજા થાય.

૪. પહેલાં વિધવાથી પુનર્લગ્ન ન થતાં. વિધવાને યમનિયમ રૂઢી અને માનેલા ધર્મથી પરેશાન કરવી એ સામાજિક ધર્મ હતો.

આજે! વ્યક્તિસ્વાતંત્ર્ય છે. કાયદો કે સમાજ વચ્ચે પડતાં નથી. રૂઢી સંતાપે છે એ અલગ પરિસ્થિતિ છે.

૫. પહેલાં અનેક પત્નીઓ એ પુરુષનો સામાજિક મોભો અને પ્રતિષ્ઠા વધારનાર પરિસ્થિતિ હતી.

આજે! બીજી પત્ની કરે તો સજા થાય–

૬. પહેલાં વેશ્યાસંસ્થા ધાર્મિક હતી. 'દેવદાસી' એ લાંછન નહોતું—રૂપવતી સ્ત્રીને નગરનારી બનવું પડતું. રાજકારણ ને ધર્મમાં હલકું છતાં મહત્ત્વનું અંગ એ બની જતી.

આજે! વેશ્યાવૃત્તિ નામૂદી ધારા નીચે એ વ્યવસાય ગુન્હાપાત્ર છે.

૭. પહેલાં હરિજનોને–શુદ્રોને અપનાવવા–અડકવું એ પણ પાપ મનાતું.

આજે! તેમને અપનાવવા એ અગત્યનો પ્રશ્ન બન્યો છે.

૮. આ જ રીતે દારૂ એ વેદકાળથી પીવાતું પેય હતું. આધુનિક કાળમાં પણ દારૂ પીવો એ સામાજિક દૂષણ હતું, પણ લાંછન કે ગુનો નહોતો. અમુક વર્ગ તો દારૂ જલસા વગેરેમાં પીતો જ.

આજે! દારૂ પીવો એ ગુન્હો છે.

હવે પ્રશ્ન થાય છે! સમાજની નીતિ અનીતિની વ્યાખ્યા કઇ?

—કાયદાથી પર થયેલું વર્તન એ અનીતિ!

—માનેલા ધર્મથી થયેલું વિરૂદ્ધ વર્તન એ અનીતિ!

—રૂઢીથી વિરૂદ્ધ કરેલું વર્તન એ અનીતિ!

નીતિનું બંધન કયું ?

પહેલાં કાયદાથી મુકત રીતે છૂટથી વેપારીઓ વેપાર કરતા. એ સમયે કાળાંબજાર હશે કે કેમ એ જુદો પ્રશ્ન છે, પણ આજે ઇન્કમટેકસ–સુપરટેકસ–મૃત્યુવેરો અને વેચાણવેરો આવ્યા. પરિણામ એ આવ્યું કે–

(૧) એક જ કુટુંબનો વેપાર હતો તેની જુદી જુદી પેઢીઓ થઇ ગઇ.

(૨) વકીલો–ઇન્કમટેકસ એકસપર્ટ અને ઓડિટરોની સહાયતાથી કાયદાને કેમ વળાંક આપવો અને તેમાંથી કેમ બચવું એ વિષચક્ર શરૂ થયું.

એ જ રીતે અનાજની મુકત હેરફેર ઉપર જ્યારે જ્યારે અંકુશ મુકાય છે ત્યારે ત્યારે કેટલાક માત્ર અનાજની ગેરકાયદેસર આયાત કરવા માટે જ પકડાય છે.

—દારૂબંધી માટેના પ્રયાસો ને પ્રયત્નો કાયદાના ચાલુજ છે.

ઉપર જોયું તેમ ધર્મમાં, રૂઢીમાં નિયમો કડક થયા. હવે કાયદામાં થયા છે.

—કાયદા કડક થતા ગયા, જેલો વધતી ગઇ, નીતિની અને ન્યાયની ચોકી વધતી જાય છે. છતાં નીતિની વ્યાખ્યા સ્પષ્ટ નથી, અનીતિ અટકતી નથી, નીતિ પાંગરતી નથી, ધર્મ વધતો નથી. ધાર્મિકતા દૃઢ થતી નથી, દંભ ને ઢોંગ વધતાં જાય છે. કારણ શું?

ઉપરના અનેક બુદ્ધિભેદ તથા કાયદાના અટપટા પ્રશ્નો વ્યકિતને અકળાવી રહ્યા છે. ઘણીવાર આવી પરિસ્થિતિથી અકળાયેલી વ્યકિત સંસારને–સમાજને ધિક્કારતી થઇ જાય છે અને ઉદાસ થઇને જંજાળથી છૂટવા પ્રયત્ન કરે છે અથવા ગુન્હાહિત કૃત્ય કરવા તત્પર બને છે–નીતિ ને કાયદાનાં ગુનેહગાર બને છે.

સમાજમાં ચાલી રહેલા આ ગજગ્રાહને–અનીતિ અને અધર્મને–સમજવા છતાં ન સમજવાનો દેખાવ કરતા ડાહ્યાંઓ "એ સંસારને, એ દુર્ગંધને દાટી દો" એવો બોધ આપે છે. સંસારની વાસ્તવિક પરિસ્થિતિ પ્રત્યે આંખમીંચામણાં કરવાં અને એ દુર્ગંધ રોકવા પ્રયત્ન ન કરવા એ પણ અવાસ્તવિક અને અધાર્મિક આચરણ છે.

વાસ્તવિક પરિસ્થિતિ પ્રત્યે દુર્લક્ષ કરીને ધૂમ પાડવી કે નીતિનું ધોરણ નીચું થતું જાય છે એ યોગ્ય છે? જો વ્યકિતઓ કે સમાજ ધૂમ પાડે છે એની નીતિમત્તાનું ધોરણ કયું ? માત્ર કેળવેલી સુગ કે વાચાળવૃત્તિથી સમાજ કે વ્યકિત પર અસર પડતી નથી, ટીકા કરનાર–એ પરિસ્થિતિ દૂર કરતા નથી. એમનામાં દૂર કરવાની નૈતિક હિંમત હોતી નથી, પણ એ જરૂર સમાજમાં અસંતોષ અને લઘુતાવૃત્તિ જાગૃત કરે છે.

સમાજચિંતકે એક જ પ્રશ્ન વિચારવો રહ્યો કે નીતિ કયે ધોરણે આંકવી ?

ધાર્મિક માન્યતાથી ઊભી થયેલી પરિસ્થિતિથી આંકવી? કાયદાથી સ્થાપિત થયેલા બંધનોથી આંકવી? કે રૂઢીના બળે સમાજે સર્જેલી પરિસ્થિતિથી આંકવી?

નીતિનું ધોરણ કયું ?

સમાજે કેવાં નિયમો પાળ્યા હોય તથા વ્યકિતએ કેવાં બંધનો સ્વીકાર્યા હોય તો એ ઉચ્ચ ભૂમિકા પર છે, આદર્શ જીવન જીવે છે એમ કહી શકાય?

સમાજ ને વ્યકિત દ્વિધામાં પડયાં છે. નીતિની વાતો થાય છે પણ સ્પષ્ટતા થતી નથી. સમાજ ચિંતિત બન્યો છે, પણ એ

ચિંતા માત્ર બુદ્ધિવાદમાંથી ઊભો થયેલો ભ્રમ છે, દિશાસૂચક ચિંતા નથી.

જીવનમાં આદર્શ અને આચરણ જ્યારે ભિન્ન હોય છે ત્યારે વ્યક્તિ અને સમષ્ટિ બંને પ્રભાવવિનાનાં બને છે, પ્રાણ વિનાનાં બને છે. વ્યક્તિ જે પ્રશ્ન માટે ચિંતા કરે એ પ્રશ્ન અંગે ભક્તિ ન હોય–નિષ્ઠા ન હોય તો કહેનારનો પ્રભાવ પડતો નથી અને પરિણામે સમાજ વાતો સાંભળવા છતાં–ઉપદેશ સમજવા છતાં, આચરણમાં મૂકવા તત્પર થતો નથી.

સમાજનું ઉત્થાન કરવું હોય–સામાજિક ક્રાન્તિ પ્રાણવાન કરવી હોય તો પ્રશ્ન પ્રત્યેની દૃષ્ટિ, પ્રીતિ અને ભક્તિ ત્રણેનો સમન્વય કરવો આવશ્યક છે. જે સ્થિતિ સમાજમાં સર્જાઈ રહી છે એ વાળવી હોય તો સાચી દિશા બતાવનાર નિષ્ઠાવાન કાર્યકરોની જરૂર છે.

વિજ્ઞાનની દૃષ્ટિએ–નીતિ ને ન્યાયની દૃષ્ટિએ–સમાજશાસ્ત્રના અભ્યાસીઓ સમાજને માર્ગદર્શન આપી શકશે નહિ. બુદ્ધિવાદીઓથી સામાજિક પરિવર્તન થવાનું નથી; કારણકે ભક્તિ વિનાનું જ્ઞાન એ બુદ્ધિનો આડંબર છે. એ જ રીતે જ્ઞાન વિનાની ભક્તિ અંધશ્રદ્ધા છે. અત્યારે સમાજને દોરનારા અનેક મળ્યા છે, પણ એ ભક્તિ વિનાના જ્ઞાનીઓથી સમાજનું ઘોરણ ઊંચે આવવાનું નથી–સમાજના પ્રશ્નો ઉકેલાવાના નથી.

આમ ભક્તિ વિનાના જ્ઞાનીઓથી સમાજનું નેતૃત્વ લેવાવાનું નથી તેમ માત્ર શૈક્ષણિક લાયકાત ધરાવનારાથી સામાજિક કામ થાય એ પણ ભ્રમણા છે. રાજ્યની અત્યારે માન્યતા છે કે Trained Social Workers અને તે પણ રાજ્યકક્ષાના કર્મચારીઓ સામાજિક કામ માટે સંપૂર્ણ પાત્રતા ધરાવે છે. આ માન્યતા ભ્રમમૂલક છે. સમાજનું ઘોરણ ઊંચું લાવવા માટે થતાં સામાજિક કાર્યમાં જેટલો રાજ્યનો હસ્તક્ષેપ વધારે–દખલગીરી વધારે–તેટલું કામ વધુ નિષ્પ્રાણ અને નિસ્તેજ થશે. રાજ્યે સામાજિક કાયદાઓ એટલા અટપટા તથા અવ્યહારુ કર્યા છે કે માત્ર વેતન માટે જ કામ કરતા, ધ્યેય કે સિદ્ધાંત વિનાના કર્મચારીઓના હસ્તક્ષેપથી સામાજિક કામમાં વિકાસને બદલે હાની થઈ રહી છે.

રાજ્યનું કામ તો કાયદાનું પાલન થાય એ જોવાનું છે. શાંત ને સ્વસ્થ ચિત્તે કામ કરતા કાર્યકરોને તથા સંસ્થાઓને હેરાન કરવાનું નથી. જેટલો વધુ હસ્તક્ષેપ કામમાં થશે એટલું નૈતિક ઘોરણ સમાજ ને વ્યક્તિનું નીચું જશે. રાજ્યની દખલગીરી કે કડક નીતિથી અનિતિ અટકતી નથી. સખત નિયમોથી પ્રજાનું નૈતિક ઘોરણ સુધરતું નથી.

પ્રશ્ન થાય છે કે દૃષ્ટિ વિનાના—કામ પરત્વેની ભક્તિ વિનાના–માત્ર નોકરી કરે છે માટે જ અમુક સિદ્ધાંત બાજ્યો છે, અમુકનું પાલન થવું જોઈએ એવી માન્યતા ધરાવનારાઓ–થી પ્રજાનું માનસ જાગૃત થશે ખરું? પ્રજાના સંસ્કાર જાગૃત કરી તેમને માર્ગદર્શન આપી શકશે ખરું?

ચૈતન્ય અને પ્રભાવ વિનાના તંત્ર તથા કર્મચારીઓથી નૈતિક સંસ્કરણ થવાનું નથી. સામાજિક કાર્યની વિસંવાદી અને નિષ્પ્રાણ કાર્યપદ્ધતિથી કાર્ય નિરસ, પ્રભાવ, પ્રતિષ્ઠા અને પ્રાણ વિનાનું બને છે.

સંસ્કાર અને ધર્મબુદ્ધિ પર આવરણ આવવા માંડ્યું છે. આવરણને કારણે વ્યક્તિત્વ વિસરાવા માંડ્યું છે. પ્રથમ કર્તવ્ય તો એ આવરણ હઠાવવાનું છે. એ હઠાવવા માટે વ્યક્તિમાં પ્રાયશ્ચિત બુદ્ધિ પ્રેરવાનું અને એ ભાવના જાગૃત કરવાનું છે.

પ્રાયશ્ચિતની ભાવના નહિ હોય અને જ્ઞાનનો આડંબર હશે તો અભિમાન અને ઘમંડ પેદા થશે. વ્યક્તિનું વ્યક્તિત્વ વિકસશે નહિ, દૃષ્ટિ સંકુચિત રહે તો થોડીક ઘમંડી વ્યક્તિઓના પ્રભાવ નીચે સમાજ કચડાઈ જશે–જાય છે.

જીવનનું ઘોરણ ઊંચું લાવવા માટે સમાજે ભગીરથ પ્રયત્ન કરવા પડશે. એ માટે વ્યક્તિની વ્યવહારિક પામરતા દૂર કરવી પડશે. વ્યક્તિએ સ્થિર અને નિડર બનીને વ્યવહાર અને વર્તન બન્ને આદર્શને અનુરૂપ બનાવવાં પડશે.

સમાજનાં અસ્પષ્ટ નીતિઘોરણને લીધે ઘણીવાર અનૈતિક પરિસ્થિતિ સર્જાય છે અને વ્યક્તિ તથા સમષ્ટિ તેમાં અટવાઈ પડે છે. આથી અસત્ય અને અનીતિ વધે છે. આત્મહત્યા અને ખૂન સુધીની પરિસ્થિતિનું નિર્માણ થાય છે. લગ્ન–છૂટાછેડા–બાળહત્યા અને એવા સામાજિક પ્રશ્નોનું દુઃખ અને કથા આવાં ઘોરણમાંથી જ ઊભાં થાય છે.

સૌથી અગત્યનો પ્રશ્ન તો એ છે કે વ્યક્તિ અને સમષ્ટિ આચરી શકે–પાળી શકે, તેમનું જીવન ઘડી શકે અને વ્યક્તિ વ્યક્તિ તરીકે શાંત અને સ્વસ્થ ચિત્તે જીવી શકે એવાં ધાર્મિક, સામાજિક તથા કાયદાનાં બંધન સમાજે તથા ધર્મે ઊભાં કરવાં જોઈએ.

રાજ્યની પણ નૈતિક અને વ્યવસ્થાની દૃષ્ટિએ પ્રથમ એ ફરજ છે કે જે કાયદાનું પાલન થાય, જે પાળતાં ઓછામાં ઓછું અસત્ય આચરવું પડે એવા કાયદા જ ઘડવા જોઈએ.

આદર્શ સમાજરચના એને કહેવાય કે જેમાં પ્રત્યેક વ્યક્તિ સત્ય બોલી શકે, આચરી શકે, અહિંસા પાળી શકે, અને પોતાની મર્યાદા અનુસાર ધર્માચરણ કરી શકે. વ્યક્તિની મર્યાદા છેઃ એનું જીવન અને વ્યવહાર ધર્મમાં અથવા એક આદર્શ વ્યક્તિની કક્ષાએ ન જ આવી શકે, પણ એની મર્યાદાને અનુરૂપ એ આદર્શ પાળે તો ઘણું છે. મોટા અને અશક્ય આદર્શ પાછળ વ્યક્તિ ભૂલી પડે, બોવાઈ જાય એ અવ્યવહારુ માર્ગ છોડી દેવો જોઈએ.

ચારિત્ર્યઘડતર, એ પ્રજાની પ્રથમ કસોટી છે. અપ્રમાણિકતા, ડરપોકપણું અને જુઠું બોલવું અને આચરવું એ છોડવું તે નિડરતા અને વ્યક્તિત્વ કેળવ્યા વિના શક્ય નથી. રાષ્ટ્રનું ઘડતર સ્પષ્ટ વ્યવહાર અને નીતિથી જ થશે. એ જેટલાં કેળવાય એટલી પ્રજા કેળવાઈ ગણાય.

પ્રાણવાન, નિષ્ઠાવાન અને નિડર પ્રજા ઘડવા માટે ચારિત્ર્યઘડતર આવશ્યક છે. સામાજિક નીતિમત્તાનો પાયો ચારિત્ર્યઘડતર છે, વ્યક્તિવિકાસ છે અને નિડર આચાર ને વ્યવહાર છે. સમાજ, રાજ્ય અને ધર્મ ત્રણેનો સમન્વય થાય ત્યારે જ આ સુલભ બને. રાષ્ટ્રનાં ત્રણે અંગો એ પરત્વે ચિંતન કરે અને આચરણ કરે તો સમાજ ને રાષ્ટ્રનું ઘડતર અનોખું થાય.

પુષ્પાબહેન મહેતા

વિષયસૂચિ

	પૃષ્ઠ
એક ડાકટરના બે હૃદયસ્પર્શી અનુભવો એમ. ડી. દેસાઇ	૮૩
સામાજિક નીતિમત્તા ... ... પુષ્પાબહેન મહેતા	૮૫
ધર્મ અને વિજ્ઞાન ... ... નરસિંહ મૂ. શાહ	૮૮
આ વખતની પર્યુષણ વ્યાખ્યાનમાળાઃ મંત્રીઓ, મું. જૈ. યુ. સંઘ	૮૯
તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ સત્ય દર્શન ... પં. સુખલાલજી	૯૧
ચિરંજીલાલ બડજાતેનો સન્માન–સમારોહ પરમાનંદ	૯૧
ફિલસુફી શા માટે? ... ... એસ્તેર સોલોમન	૯૨

ધર્મ અને વિજ્ઞાન

(જૈનદર્શન ઔર આધુનિક વિજ્ઞાન; નિબંધસંગ્રહ: લેખક મુનિશ્રી નગરાજજી; પ્રકાશક: આત્મારામ એન્ડ સન્સ, કાશ્મીરી ગેટ, દિલ્હી; કિંમત રૂા. ૪.)

"જૈનદર્શન ઔર આધુનિક વિજ્ઞાન"ના લેખક મુનિશ્રી નગરાજજી જૈન સંપ્રદાયના એક સાધુ છે; એટલે દર્શન તો તેમના જીવનનો એક સહજ વિષય છે: પરંતુ તેમણે આધુનિક વિજ્ઞાનના ક્ષેત્રમાં પણ સારો એવો અભ્યાસ-પ્રેમ કેળવ્યો છે એ આનંદની વાત છે. આ પુસ્તક મુનિશ્રીએ સરળ અને સ્પષ્ટ હિંદીમાં લખ્યું છે; મુનિશ્રીની શૈલી અતિ આહ્લાદક છે. દર્શન જેવા ગહન વિષયને તેમણે લોકભોગ્ય ભાષામાં સમજાવવા પ્રયત્નો કર્યા છે અને તે સફળ થયા છે.

પુસ્તકમાં સાત પ્રકરણો છે. પ્રથમ પ્રકરણમાં દર્શન અને વિજ્ઞાનની ચર્ચા કરી દર્શન અને વિજ્ઞાન વચ્ચે સંઘર્ષ કરતાં સમન્વય વિશેષ છે એવા નિર્ણય પર લેખક આવે છે. દર્શનની પાછળ એક અતિ લાંબી જ્ઞાનપરંપરા આવેલી છે; તો વિજ્ઞાનમાં સત્ય ગ્રહણ કરવાની એક ઉત્કટ લાલસા છે. વૈજ્ઞાનિકોએ કોઇ દિવસ અસત્યને વળગી રહેવાનો આગ્રહ સેવ્યો નથી. વિજ્ઞાન ધર્મવિરોધી છે એવી માન્યતા ભૂલભરેલી છે.

દર્શન જેમ વૈદિક દર્શન, બૌદ્ધ દર્શન, જૈન દર્શન એમ વિભાગોમાં વહેંચાયું છે-અભ્યાસ પુરતું, તેમ વિજ્ઞાનમાં વિભિન્ન માર્ગો હોતા નથી. હોય છે ત્યાં પણ આખરે બધા વૈજ્ઞાનીઓ આજે નહિ તો આવતી કાલે એક જ માર્ગ ઉપર આવે છે. જીવનમાં ઉપયોગિતાની દૃષ્ટિથી દર્શન તથા વિજ્ઞાન બંનેનું સ્વતંત્ર મહત્વ છે. બંને સત્યના પારને પહોંચવાના માર્ગ છે, પરંતુ દર્શનનો વિકાસ મુખ્યપણે આત્મવાદના રૂપમાં પ્રગટ થયો છે. વિજ્ઞાનનો વિકાસ માત્ર આધિભૌતિક રહ્યો છે. આનાથી મનુષ્યને દુર્લભ ભૌતિક સામર્થ્ય મળ્યું છે, પણ આધ્યાત્મિક તથા નૈતિક સામર્થ્ય વિના ભૌતિક સાધનોના ઢગલા નીચે દબાઇ મરવા સિવાય મનુષ્ય પાસે બીજો કોઇ વિકલ્પ રહેતો નથી એમ મુનિશ્રી જણાવે છે.

બીજા પ્રકરણમાં સ્યાદ્‌વાદ અને સાપેક્ષવાદની ચર્ચા કરી છે. સ્યાદ્‌વાદ અંગે આપેલી માહિતી સ્પષ્ટ રીતે રજૂ કરવામાં આવી છે. જૈન દર્શનનું આ વિશિષ્ટ અંગ સ્પષ્ટ સમજવા માટે આ પ્રકરણ વાંચવા જેવું છે. પરંતુ સાપેક્ષવાદને તેની સાથે સામ્ય ધરાવતો રજૂ કરવો એ ઠીક લાગતું નથી. સાપેક્ષવાદ ગણિત અને પ્રયોગોના આધારે સ્થાપિત થયો છે. સ્યાદ્‌વાદમાં એ મુદ્દાઓ આવતા નથી.

ત્રીજા પ્રકરણમાં પરમાણુવાદ જૂનો અને નવો સમજાવ્યો છે. પુસ્તકનો મોટો ભાગ આ પ્રકરણ રોકે છે. લેખકે આધુનિક પરમાણુવાદ સમજવા તેનો અભ્યાસ ઠીક સારી રીતે કર્યો છે, અને જૂના પરમાણુ સિદ્ધાંત સાથે તેની સરખામણી કરી એ બધું જ્ઞાન પ્રચલિત હતું એમ પુરવાર કરવા પ્રયત્નો કર્યા છે. એ યાદ આપવું અસ્થાને નહીં ગણાય કે જૂનો પરમાણુવાદ તાર્કિક વિચારણામાંથી નિર્માણ થએલ છે. આધુનિક પરમાણુનું આપણું જ્ઞાન પ્રયોગનિર્ણીત છે. આ બંનેને સરખાવી શાસ્ત્રોમાં ઉલ્લેખેલ જૂના પરમાણુવાદમાં આજનું બધું જ્ઞાન સમાયેલું હતું એમ કહેવું આ સમીક્ષકને બરાબર લાગતું નથી. બંનેનો વિકાસ ભિન્નભિન્ન પરિસ્થિતિમાં થયેલો છે. જે બળો પરમાણુમાં કામ કરી રહ્યા છે તેની પીછાન એ જમાનામાં હતી? બીજાળીક બળો એ જમાનામાં જાણીતા હતા? તો પછી જૂનો પરમાણુવાદ આધુનિક પરમાણુ સિદ્ધાંત જેટલો વિકસિત હતો એમ પ્રતિપાદન કરવું બરાબર લાગતું નથી.

ચોથા પ્રકરણમાં આત્મઅસ્તિત્વ; પાંચમામાં સાપેક્ષવાદ અનુસાર પૃથ્વી ભ્રમણ: છઠ્ઠામાં પૃથ્વી એક રહસ્ય અને છેવટે ધર્મ દ્રવ્ય અને ઇથર એમ વિષયો લેખકે ચર્ચ્યા છે. પૃથ્વી ભ્રમણનો વિષય ચર્ચીને લેખક એવા અનુમાન પર આવે છે કે પૃથ્વી સ્થિર છે: સૂર્ય ફરે છે. આ અંગે તેઓ વિશેષ સંશોધન કરવા આગ્રહ કરે છે. વૈજ્ઞાનિક શોધોની મહત્તા આંકવી ખૂબ મુશ્કેલ કાર્ય છે. એક ઔષધની શોધ લઇએ. એ ઔષધ શરૂઆતમાં ઉપયોગી પુરવાર ન થાય; પણ પછી તે ઉપયોગી નીવડે. એવી રીતે પૃથ્વીભ્રમણની બાબત છે. અનેક ગણિતિક પુરાવા વડે નક્કી થયું છે કે પૃથ્વી ફરે છે. આ વાતને હવે ફરી ઉખેળવી એ અંગે કયા સંબળ પુરાવા ભેગા થયા છે? દર્શનમાંથી પુરાવા રજૂ કરી પૃથ્વી સ્થિર છે એમ પ્રતિપાદન કરવાનું વલણ વૈજ્ઞાનિક રીત નથી. રોકેટના આ જમાનામાં પૃથ્વીના પરિભ્રમણ અંગે અન્ય પ્રાયોગિક પુરાવાની વિશેષ જરૂર હજી છે ખરી? આ પ્રકરણોમાં મુનિશ્રીએ કેટલાય વિવાદાસ્પદ મુદ્દાઓ રજૂ કર્યા છે; પણ લંબાણના ભયે એ અંગે વિગતોમાં ઊતરવાનું શકય નથી.

એક જૈન સાધુ આધુનિક વિજ્ઞાનમાં રસ લઇ વિજ્ઞાનને સમજવા પ્રયત્ન કરે એ સ્તુત્ય છે. વિજ્ઞાનને વર્જ્ય ગણી હવે આગળ વધી શકાય એમ નથી. ગેલિલીઓના જમાનામાં રોમન કેથોલિક ધર્મ-સંપ્રદાયનું જે વલણ વિજ્ઞાન પ્રત્યે હતું એવું થોડુંઘણું આપણા જૈન સમાજમાં આજે છે. એમાંથી બહાર નીકળવા મુનિશ્રી નગરાજને ધન્યવાદ ઘટે છે. પરંતુ સાથે સાથે એ નોંધવું જોઇએ કે તેમની વૈજ્ઞાનિક દૃષ્ટિ મર્યાદિત છે-જૈન દર્શન પુરતી સમાપ્ત થાય છે. ખરી રીતે વિજ્ઞાનની વાતો દર્શનમાં સમાયેલી છે એમ કહેવા કરતાં વિજ્ઞાન નવી દૃષ્ટિ આપે છે એમ શા માટે ન સ્વીકારવું? વિજ્ઞાનના બળોએ જીવનને સુગમ બનાવવા માટે ઘણું આપ્યું છે. દર્શનનો ફાળો એ અંગે કેટલો ગણી શકાય? દર્શન વિચારની સરણી તરીકે બરાબર યોગ્ય છે, પણ વિચારોને આચારમાં મૂકવાનું કેટલું ઓછું થાય છે?

એક મુદ્દાનો ઉલ્લેખ કરી આ નોંધ પુરી કરું. લેખક મુનિશ્રીએ પોતાના 'બે શબ્દો' માં ઉલ્લેખ કર્યો છે કે આ પુસ્તક લગભગ લખાઇ ચૂકયું હતું, એ અરસામાં પ્રોફેસર ધાસીરામ જૈન લિખિત Cosmology old and new તેમને જોવા મળ્યું. જે ક્રમમાં એ પુસ્તક લખાયું છે એ જ ક્રમ મુનિશ્રીએ આ પુસ્તકમાં લીધો છે. આ ન સમજી શકાય એવો અકસ્માત છે. વળી, આગળના લેખક ધાસીરામ જૈને જે વિચારો રજૂ કર્યા છે તેમાંથી મુનિશ્રીના વિચારોને સમર્થન મળ્યું છે અને કેટલાક નવા વિચારો તેમણે આ પુસ્તકમાં રજૂ કર્યા છે. એટલે મુનિશ્રીએ જો આ અંગે કયાં કયાં ફેર છે અને કયાં કયાં સામ્ય છે એ અંગે એક નાની નોંધ પોતાના પુસ્તકમાં રજૂ કરી હોત તો તે ખૂબ જ ઉપયોગી થાત. અંગ્રેજી પુસ્તક અત્યારે લગભગ અલભ્ય છે. એટલે તેના પ્રકાશનના સમય પછીના ગાળામાં આપણી દર્શન અને વિજ્ઞાન અંગેની વિચારસરણીમાં કેટલી પ્રગતિ થઇ એનું સરવાયું નીકળત. અભ્યાસીઓને એ ખરેખર ઉપયોગી થાત.

એકંદરે જોતાં એમ લાગે છે કે આ પુસ્તક દર્શન અને વિજ્ઞાનના વિષયમાં જનતાને વિચાર કરવાની સામગ્રી સારી રીતે પૂરી પાડી છે.

નરસિંહ મૂ. શાહ

આ વખતની પર્યુષણ વ્યાખ્યાનમાળા

દર વર્ષની માફક આ વર્ષે પણ ઑગસ્ટ માસની ૧૯મી તારીખથી ૨૭ તારીખ સુધી એમ નવ દિવસની પર્યુષણ વ્યાખ્યાનમાળા શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી મુંબઇ ખાતે યોજવામાં આવી હતી. આ વ્યાખ્યાનમાળાનો કાર્યક્રમ પ્રબુદ્ધ જીવનના ગતાંકમાં જે રીતે કરવામાં આવ્યો હતો તે મુજબ કશા ફેરફાર સિવાય અણીશુદ્ધ પાર પડયો હતો. આ વ્યાખ્યાનમાળામાં કુલ ૧૭ વ્યાખ્યાતાઓનાં વ્યાખ્યાનો ગોઠવવામાં આવ્યા હતા, જેમાં ૭ સ્ત્રી વ્યાખ્યાતાઓ હતી. આ ૧૭ વ્યાખ્યાતાઓમાં ૧૦ વ્યાખ્યાતાઓ પહેલીજ વાર આ વ્યાખ્યાનમાળામાં ઉપસ્થિત થયા હતા. મુંબઇ બહારથી આવેલાઓમાં શ્રી ભંવરલાલ સિંઘી તથા શ્રી સુશીલાબહેન સિંઘી કલકત્તાથી, પ્રાધ્યાપક સુરેશ જોષી તથા પ્રીન્સીપાલ સુધાબહેન દેસાઇ વડોદરાથી, શ્રીમતી માલતી બેડેકર પૂનાથી, ડૉ. મીસ એસ્તર સોલોમન અમદાવાદથી અને શ્રી નવલભાઇ શાહ ગુંદીથી–એમ સાત વ્યાખ્યાતાઓ હતા. વૈવિધ્યની દૃષ્ટિએ ખ્રિસ્તી, યહુદી, મુસલમાન તેમજ જૈન–જૈનેતર હિન્દુ વક્તાઓ એમ વિવિધ કોમો સાથે સંબંધ ધરાવતી વ્યક્તિઓ ઉપસ્થિત થઇ હતી. ૧૭ વ્યાખ્યાનોમાં બે મરાઠીમાં, આઠ હિંદીમાં અને સાત ગુજરાતી ભાષામાં વ્યાખ્યાનો અપાયાં હતાં. વ્યાખ્યાન વિષયોનું વૈવિધ્ય પણ અત્યંત આકર્ષક હતું. આ હકીકત વ્યાખ્યાન વિષયોનાં શિર્ષકો જોવાથી કોઇને પણ માલુમ પડે તેમ છે.

આ વખતે બે વ્યાખ્યાનો મરાઠી ભાષામાં થયાં હતાં. તે પૂરાં નહિ સમજવાના કારણે કેટલાકને ન ગમ્યાં, પણ એ વ્યાખ્યાનોના પ્રારંભમાં સંઘના મંત્રી તરીકે અમારામાંના શ્રી પરમાનંદભાઇએ જણાવ્યું હતું તેમ આજે જ્યારે મુંબઇ પ્રદેશનું મહારાષ્ટ્ર અને ગુજરાત એમ બે અલગ પ્રદેશોમાં વિભાજન થયું છે, મુંબઇમાં વસતા આપણે ગુજરાતીઓ મહારાષ્ટ્રવાસી તરીકે ઓળખાવા લાગ્યા છીએ અને આ નવા મહારાષ્ટ્રમાં, ગુજરાતમાં જેમ ગુજરાતીનું તેમ અહીં મરાઠી ભાષાનું પ્રભુત્વ વધતું જવાનું છે ત્યારે મરાઠી ભાષાને અપનાવતા જવું એ એક આપણો વિશિષ્ટ ધર્મ બને છે. મરાઠી ભાષા આપણે નથી સમજતા એ સ્થિતિ સત્વર નામૂદ થવી જોઇએ. આ નવી ઘટના અનિવાર્ય હોઇને તેને આવકારવાના એક વિશિષ્ટ હેતુથી મરાઠી ભાષા ઉપર અસાધારણ સ્વામીત્વ ધરાવતી એવી બે વ્યક્તિઓ શ્રીમતી માલતી બેડેકર અને શ્રી એમ. વી. દોંડેનાં વ્યાખ્યાનો પ્રસ્તુત આવકારના પ્રતીક તરીકે મરાઠી ભાષામાં યોજવામાં આવ્યાં હતાં.

પ્રસ્તુત વ્યાખ્યાનમાળાની અનેકનું ધ્યાન ખેંચે તેવી એક બીજી વિશિષ્ટતા એ હતી કે મુંબઇ જૈન યુવક સંઘ તરફથી વર્ષોથી યોજાતી પર્યુષણ વ્યાખ્યાનમાળાના ચાલુ કાર્યક્રમમાં આ વખતે એક જૈન મુનિએ વ્યાખ્યાતા તરીકે પહેલી વાર ભાગ લીધો હતો. પર્યુષણના દિવસોમાં જૈન ઉપાશ્રયોમાં જૈન મુનિઓ વ્યાખ્યાન આપે અને તેમાંનાં પહેલાં બે દિવસો બાદ કરતાં બાકીના છ દિવસો દરમિયાન કલ્પસૂત્રનું વાંચન કરે અને જૈન ભાઇ બહેનો મોટા સમુદાયમાં ત્યાં એકઠા થાય અને આ વ્યાખ્યાનો અને પ્રવચનો સાંભળે–આવી પ્રણાલિ જૈન સમાજમાં સદીઓથી ચાલતી આવી છે. દર પર્યુષણનાં વ્યાખ્યાનોમાં એક જ વિષય અને એક જ પ્રકારનાં વ્યાખ્યાનો–આવી ચોગઠાબંધી સદીઓથી ચાલ્યાં કરતી હતી. તે ચોગઠાબંધી તોડવા માટે, તે સામે એક પ્રકારના પડકાર તરીકે લગભગ છેલ્લાં ૨૮ વર્ષથી આ પર્યુષણ વ્યાખ્યાનમાળાનુ મુંબઇ જૈન યુવક સંઘ તરફથી આયોજન થતું રહ્યું છે. જૂનવાણી પરંપરાને પડકારતી આ વ્યાખ્યાનમાળા પ્રત્યે જૂનવાણી પરંપરાને વરેલો જૈન સાધુસમુદાય અનુકૂળ ભાવ ધરાવતો ન હોય તો તે તદ્દન સ્વાભાવિક છે. આવી પરિસ્થિતિમાં એક જૈન મુનિ સંઘ આયોજિત વ્યાખ્યાનમાળાની વ્યાસપીઠ ઉપરથી વ્યાખ્યાન આપવા માટે ઉપસ્થિત થાય તે એક આનંદદાયક ઘટના ગણાય અને સંઘ માટે ગૌરવપ્રદ બીના લેખાય. આ વ્યાખ્યાતાનું નામ છે મુનિશ્રી સન્તબાલજી. જૈન સાધુસમુદાય માટે 'જૂની પરંપરાને વરેલા' એવું જે વિશેષણ ઉપર વાપરવામાં આવ્યું છે તે વિશેષણ મુનિ સંતબાલજીને લાગુ પડતું નથી અને એથી જ તેઓ સંઘની પર્યુષણ વ્યાખ્યાનમાળામાં ભાગ લઇ શકયા છે. આ પ્રસંગે મહાસતી ઉજ્જવળકુમારીજીનું સ્મરણ પ્રસ્તુત બને છે. તેમણે પણ સંઘ આયોજિત પર્યુષણ વ્યાખ્યાનમાળાના દિવસો દરમિયાન પણ ચાલુ કાર્યક્રમથી બહારના સમયે અને અન્ય સ્થળે સંઘના જ ઉપક્રમે વર્ષો પહેલાં એક વ્યાખ્યાન આપ્યું હતું.

આ અને આગળની પર્યુષણ વ્યાખ્યાનમાળામાં જે વ્યાખ્યાન માટે જે જે વિષયો નક્કી કરવામાં આવે છે તેમાં તરેહ તરેહનું વૈવિધ્ય હોય છે. આમ છતાં પણ આ બધા વિષયો નક્કી કરવા પાછળ એક ચોક્કસ દૃષ્ટિ અથવા તો ધોરણ તો રહેલું હોય જ છે, અને તે ધોરણ એ પ્રકારનું છે કે વ્યાખ્યાનમાળામાં ભાગ લેતા ભાઇ બહેનોને દેશ, કાળ અનુસાર પલટાતા જતાં અને એમ છતાં અમુક અદ્યતન જીવનસત્યો સાથે અનુબંધ ધરાવતા જીવનમૂલ્યોનું એક યા બીજી રીતે દર્શન કરાવવું, પરિચય કરાવવો, માનવી-જીવન અંગે કેવળ આધિભૌતિક નહિ એવી જીવનદૃષ્ટિની ઝાંખી કરાવવી. આજે જ્યારે આવી પર્યુષણ વ્યાખ્યાનમાળા જ્યાં ત્યાં યોજાઇ રહી છે અને તે તરફ લોકોનું આકર્ષણ વધતું ચાલ્યું છે ત્યારે જુદી જુદી પર્યુષણ વ્યાખ્યાનમાળાના યોજકો પોતાના ઉત્સાહમાં ઉપર મુજબનું ધોરણ ભુલી ન જાય અથવા તો તેની જરા પણ ઉપેક્ષા ન કરે, તેને બરોબર જાળવવાની પૂરી ચીવટ રાખે–એ બાબત તરફ તે તે યોજકોનું ધ્યાન ખેંચવું જરૂરી લાગે છે. એક બે દિશાઓથી આવી ફરિયાદ આવવાથી આ બાબત અંગે આટલો ઉલ્લેખ કરવાનું અમને આવશ્યક લાગ્યું છે.

આ વખતની પર્યુષણ વ્યાખ્યાનમાળામાં દર વર્ષની માફક સંગીતનો પણ જરૂરી પ્રબંધ કરવામાં આવ્યો હતો. પહેલા દિવસે ભાઇ સેવન્તીલાલ કાન્તિલાલે ભકતામર સ્તોત્રના શ્લોકો અને આનંદઘનજીનું એક પદ ગાઇને વ્યાખ્યાનમાળાનું મંગળાચરણ કર્યું હતું. વચ્ચેના દિવસોમાં ભાઇ દિલીપે તથા માંગરોળવાસી બહેનો જયાબહેને તથા વસુબહેને એક યા બીજે દિવસે વ્યાખ્યાન સભાની શરૂઆતમાં ભજનો તથા સ્તવનો સંભળાવ્યાં હતાં. છેલ્લા દિવસે પ્રારંભમાં શ્રી અજિત શેઠ અને બહેન નિરૂપમાએ સમયોચિત પ્રાર્થના અને ભજનો સંભળાવીને સભાના વાતાવરણને સંગીતમય બનાવ્યું હતું. વ્યાખ્યાનમાળાના દિવસો દરમિયાન ૨૧મી તારીખ અને રવિવારે તેમજ ૨૬મી તથા ૨૭મી તારીખે અનુક્રમે શ્રી બદ્રીનાથ વ્યાસે, બહેન ઇન્દુમતી ધાનકે અને શ્રી શાન્તિલાલ શાહે પોતાની વાદ્યમંડળી સાથે અડધા અડધા કલાકનો સંગીતનો કાર્યક્રમ રજૂ કર્યો હતો. શ્રી શાન્તિલાલ શાહે સ્વરચિત પદો દ્વારા ચન્દનબાળાની કથા સંભળાવીને અનેકનાં દિલને ગદ્‌ગદિત કર્યા હતાં. સંઘ આ બધાં ભાઇબહેનોનો ઋણી બન્યો છે.

વ્યાખ્યાતાઓ અંગે એટલું કહેવું જરૂરી છે કે તેમને આપ-

વામાં આવેલા અથવા તો તેમણે સ્વતઃ સૂચવેલા વિષયો અંગે પૂરી તૈયારી કરીને તે બધા આવેલા હતા અને પોતપોતાના વિષયને દરેકે પૂરો ન્યાય આપ્યો હતો. આમ છતાં પણ બધાં વ્યાખ્યાનો શ્રોતાઓ માટે એકસરખાં આકર્ષક નીવડતાં નથી. આ માટે વક્તૃત્વની ઓછી વધતી કુશળતા, વિષયનું સબળું કે નબળું નિરુપણ, વ્યાખ્યાતાની ભાષા પૂરી સમજાય કે ન સમજાય, વ્યાખ્યાનના વિષયમાં સાંભળનારને વ્યક્તિગત રીતે રસ હોય યા ન હોય—આવાં અનેક કારણો ભાગ ભજવે છે. આ બધાં વ્યાખ્યાનોનો વ્યક્તિગત ઉલ્લેખ અહીં શક્ય નથી. આમ છતાં પણ એક વ્યાખ્યાનનો ખાસ ઉલ્લેખ કરવાનું મન થાય છે. સ્વામી અખંડાનંદજીએ ૨૭મી તારીખે સંવત્સરીના દિવસે 'સર્વધર્મસમન્વય' એ વિષય ઉપર નિયત સમયની અંદર જે વ્યાખ્યાન આપેલું તે એટલું સર્વાંગસંપૂર્ણ હતું કે તેની તુલના અન્ય વ્યાખ્યાનો સાથે કરવી મુશ્કેલ છે. આ વ્યાખ્યાન એક પ્રકારની ઋષિવાણી હતી, દાર્શનિક પાંડિત્યથી યુકત અને એમ છતાં હાર્દિક ઉદ્ગારતાથી સુઅંકિત એવા આ વ્યાખ્યાને સૌ કોઇને અત્યંત મુગ્ધ કર્યા હતા. જે સર્વ ધર્મ સમન્વયની ભાવનાની ભૂમિકા ઉપર પર્યુષણ વ્યાખ્યાનમાળાનો આજ સુધી વિકાસ થઇ રહ્યો છે તે સર્વધર્મ-સમન્વયનો સ્વામીજીએ પોતાની વિશદ વાણી દ્વારા વિપુલ શ્રોતા-મંડળીને સાક્ષાત્કાર કરાવ્યો હતો.

વસુંધરા અનેક માનવીરત્નોની ખાણ છે. તેમાંથી કોઇ ને કોઇનો પરિચય થવો એ માનવીનું પરમ સદ્‌ભાગ્ય લેખાય છે. આવા અજાણ્યા માનવીરત્નોને બહાર લાવવાનું કામ આવી વ્યાખ્યાનમાળાના આયોજન દ્વારા અવારનવાર થતું રહે છે. ગયે વર્ષે એવી એક અજાણી વ્યક્તિ બહેન ધૈર્યબાળા વોરાની અણુધારી પીછાણ કરાવવામાં આ પર્યુષણ વ્યાખ્યાનમાળા નિમિત્ત બની હતી. આ વખતે પણ તેના સુમધુર વ્યાખ્યાનથી સૌ કોઇ પ્રસન્ન થયા હતા. પણ તે બહેન આ વખત માટે નવાં નહોતાં. આ વખતે એવી જ એક બીજી વ્યક્તિએ સૌ કોઇનું ખાસ ધ્યાન ખેંચ્યું હતું, અને તે છે ડૉ. મીસ એસ્તેર સોલોમન. આ બહેન યહુદી છે. અમદાવાદ ખાતે આવેલા ભોળાભાઇ જેસંગભાઇ ઇન્સ્ટીટયુટમાં આ બહેન એસિસ્ટન્ટ ડિરેકટર છે અને 'સંસ્કૃત સાહિત્ય, તથા પ્રાચીન ભારતીય સંસ્કૃતિ' એ વિષયનાં અધ્યાપિકા છે. આ બહેન અમારા માટે આ વખતની નવી discovery શોધ છે. 'તત્ત્વજ્ઞાન શા માટે?' એ વિષય ઉપર સાદી સરળ ગુજરાતી ભાષામાં તેમણે એવું સુંદર નિરુપણ કર્યું હતું કે બધાં માટે તેઓ એક આશ્ચર્યનો વિષય બની ગયાં હતાં. તેમના વ્યાખ્યાનનો અડધો ભાગ આ અંકમાં અન્યત્ર પ્રગટ કરવામાં આવ્યો છે. તેનું વાંચન તેમની પ્રતિભા અંગે પ્રતીતિ કરાવવા માટે પૂરતું છે.

આ વ્યાખ્યાનમાળાની નવ વ્યાખ્યાનસભાઓ અનુક્રમે પહેલા પાંચ દિવસની સભાઓ ઓલ્વેવાટ્સ્કી લોજમાં, પછીની બે દિવસની સભાઓ રોકસી થિયેટરમાં, અને પછીના બે દિવસની સભાઓ ભારતીય વિદ્યાભવનમાં—એ મુજબ ભરવામાં આવી હતી. રોકસી થિયેટરવાળા મેસર્સ કપુરચંદ ક્રાઘર્સ પોતાના થિયેટરનો કશું પણ વળતર લીધા સિવાય અમને ઉપયોગ કરવા આપે છે. અન્ય બે સંસ્થાઓ તેમના હાલ દરમાં અમને થોડી રાહત આપે છે. આ ત્રણેનો અમારો સંઘ અંતઃકરણપૂર્વક આભાર માને છે.

પર્યુષણ વ્યાખ્યાનમાળા સંઘની વિવિધ પ્રવૃત્તિઓ ચલાવવા માટે એક નાનીસરખી કામધેનૂની ગરજ સારે છે. એ ન હોત તો પ્રબુદ્ધ જીવન આજે ચાલતું જ ન હોત અને બીજી પ્રવૃત્તિઓ ઉપર પણ કાપ મુકાયો હોત. આ વખતે સંઘના ફાળામાં આશરે રૂા. ૪૫૦૦ ની રકમ ભરાણી છે અને સંઘ દ્વારા ચાલતા શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય પુસ્તકાલયમાં આશરે રૂા. ૨૦૦૦ ની રકમ ભરાણી છે. અમારી માંગણી બન્નેમાં મળીને ૧૦,૦૦૦ ની છે. ફાળો હજુ ચાલુ છે અને અમારી આ માંગણીને પૂરી કરવા સંઘના અને પ્રબુદ્ધ જીવનના તેમ જ પર્યુષણ વ્યાખ્યાનમાળાના પ્રસંશકોને અમારી પ્રાર્થના છે.

આ વખતની પર્યુષણ વ્યાખ્યાનમાળાની આ સમીક્ષા છે. આ વ્યાખ્યાનમાળા અંગે દર વર્ષે મનનું એ સંવેદન રહેતું હતું કે આગળના વર્ષ કરતાં આ વર્ષની વ્યાખ્યાનમાળા ચડિયાતી બની છે. આમ આ વ્યાખ્યાનમાળાની કળા ઉત્તરોત્તર વધતી જતી અમે અનુભવતા હતા. આ વખતની વ્યાખ્યાનમાળા અંગે આવું સંવેદન અમે અનુભવતા નથી. વ્યાખ્યાતા કે વ્યાખ્યાનોની ગુણવત્તામાં આગળ કરતાં આ વખતે જરા પણ ન્યૂનતા નહોતી. આમ છતાં ઉપર મુજબ બનવાનું એક કારણ પંડિત સુખલાલજીની આ વખતની ગેરહાજરી હતી. છેવટના દિવસો સુધી તેમના આવવાની મનમાં ખાત્રી હતી. આમ છતાં વ્યાખ્યાનમાળાની શરૂઆતના બે ત્રણ દિવસો પહેલાં તેમનો નકાર આવ્યો. આનું કારણ તેમની શિથિલ તબિયત હતી. તેમનું પ્રમુખસ્થાન અમારી વ્યાખ્યાનસભાઓને જુદું જ ગૌરવ આપતું હતું. વકતાઓના વ્યાખ્યાનોની તેમના પ્રમુખસ્થાનેથી અવારનવાર થતી આલોચના ભારે સૂચક અને માર્ગદર્શક બનતી. તેમની ગેરહાજરીના કારણે વ્યાખ્યાનસભામાં એક પ્રકારની શૂન્યતા જેવું ભાસતું હતું. છેલ્લા દિવસે તેમના સ્થાને શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહે ઉપસંહાર અને આભારવિધિ કર્યો હતો.

આ વખતે શ્રોતાઓની ભીડ પ્રમાણમાં હળવી હતી. મુંબઇમાં આ વખતે મુનિ સન્તબાલજીનું ચાતુર્માસ હતું. તેમનાં તેમ જ એક અન્ય મુનિ ચંદ્રપ્રભસાગરજીનાં વ્યાખ્યાનો અનેકને આકર્ષી રહ્યાં હતાં. ભારત જૈન મહામંડળની મુંબઇ શાખા તરફથી તેમ જ અન્ય સંસ્થાઓ તરફથી પણ આ વખતે વ્યાખ્યાનમાળાઓ યોજવામાં આવી હતી. આવાં કારણોને લીધે શ્રોતાવર્ગ વહેંચાઇ જાય તે સ્વાભાવિક છે. આ બધું છતાં સભા-સ્થાનો મોટા ભાગે ભરેલાં રહ્યાં હતાં. ભારતીય વિદ્યાભવનમાં મળેલી સંવત્સરીના દિવસની સભા પહેલાં માફક શ્રોતાવર્ગથી ખીચોખીચ ભરેલી હતી. શ્રોતાઓ ઓછા હોય કે વધારે હોય, વ્યાખ્યાનોની પ્રતિભા એક સરખી જળવાઇ રહી હતી; વૈવિધ્યની દૃષ્ટિએ આ વ્યાખ્યાનમાળા આગળ કરતાં ચડિયાતી હતી.

અન્તમાં જેમના સહકાર ઉપર આ વ્યાખ્યાનમાળાની સફળતાનો ખરો આધાર છે તે વ્યાખ્યાતાઓનો સંઘ તરફથી આદરપૂર્વક આભાર માનવામાં આવે છે. સાથે સાથે અન્ય પૂરક તત્ત્વોનો પણ આભાર માનવો ઘટે છે. પર્યુષણ વ્યાખ્યાનમાળા માત્ર એક સામાજિક કે ધાર્મિક સંમેલન ન રહેતાં તેણે એક જ્ઞાનસત્રનું રૂપ ધારણ કર્યું છે. કેટલાક ચિંતનપ્રિય ભાઇબહેનો માટે આઠ કે નવ દિવસ માટે આ પર્યુષણ વ્યાખ્યાનમાળા એક સહચિંતનની યાત્રારૂપ બની ગઇ છે, તે દ્વારા વિશિષ્ટ કોટિનાં પુણ્યપુરુષોનાં અને ધર્મભગિનીઓનાં દર્શન થાય છે અને તેમની વિચારપૂત વાણી સાંભળવાની તક મળે છે. આ આયોજન દ્વારા આખું વર્ષ ચાલે તેવું વિચારખોરાકનું ભાતું બંધાવવામાં આવે છે. અમારી આયોજનશક્તિમાં સતત વૃદ્ધિ થતી રહે અને પરિણામે આ વ્યાખ્યાનમાળાની કળા દિનપ્રતિદિન ખીલતી રહે અને દર વર્ષે મંડાતી આ જ્ઞાનપરબેથી અનેક ભાઇબહેનો પ્રેરણાજળ પીતાં રહે એવી અમારી અંતરની પ્રાર્થના છે.

મંત્રીઓ : મુંબઇ જૈન યુવક સંઘ.

તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ સત્યદર્શન

(ઑલ ઇન્ડિયા રેડિયો, અમદાવાદથી તા. ૧૯-૮-'૬૦ના રોજ પ્રસારિત)

તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ સત્ય શબ્દ બહુ નાનો છે, જ્યારે એનો અર્થ અને ભાવ અપાર છે. સૂક્ષ્મમાં અતિસૂક્ષ્મ અને સ્થૂળમાં અતિસ્થૂળ–એ બધું સત્યના અર્થમાં આવી જાય છે. આવા સત્યનું જ્ઞાન કોઈ એક જ સાધનથી કે એક જ કાળે, તેમ જ એક જ વ્યક્તિથી સંપૂર્ણપણે શક્ય નથી.

આવા અનુભવને લીધે જે પુરુષો તત્ત્વના જિજ્ઞાસુ હતા, તેમણે પોતાને થતા અનુભવોને જેટલો આદર આપ્યો છે તેટલો જ, અને ઘણી વાર તેથી યે વધારે બીજાના અનુભવોને પણ આદર આપ્યો છે. તેથી તત્ત્વજ્ઞની સત્યદૃષ્ટિ કદી એકાંગી રહી નથી, રહી શકે પણ નહિ.

કેટલાક તત્ત્વજ્ઞો વિશ્વના સ્થૂળ અને બાહ્યસ્વરૂપથી સત્યને જોવાનો પ્રયત્ન કરતા આવ્યા છે; જ્યારે બીજા કેટલાકે પોતાની જાતથી સત્યદર્શન કરવા પ્રયત્ન કર્યો છે. પહેલી કોટિના જિજ્ઞાસુઓ ક્રમે ક્રમે અંદર અભિમુખ થતાં છેવટે પોતાની જાત નીરખવાની ભૂમિકા ઉપર પણ આવ્યા છે; જ્યારે બીજી કોટિના જિજ્ઞાસુઓ પોતાની જાતનાં ઊંડા નિરીક્ષણ પછી ક્રમે ક્રમે બાહ્ય સ્થૂળ જગતનાં દર્શન ભણી વળ્યા દેખાય છે. આ રીતે તત્ત્વની જિજ્ઞાસા એવી અદૃશ્ય છે કે તે છેવટે સંપૂર્ણ સત્યનું દર્શન કરવા જિજ્ઞાસુને સતત પ્રેર્યા કરે છે.

આ પ્રેરણામાં સાચો તત્ત્વજ્ઞ તટસ્થ રહે છે, એટલે એને પોતાને એક કાળે થયેલું સત્યદર્શન બીજે સમયે નવો પ્રકાશ આપે ત્યારે તે પહેલાના દર્શનમાં બંધાઈ નથી રહેતો. જેમ એ પોતાના વિકાસક્રમમાં લાધતાં ચડાઊતરી દર્શનોને એક સાંકળમાં ગૂંથે છે, તેમ જ તે બીજા તત્ત્વજ્ઞોનાં દર્શનને પણ સંકલિત કરે છે. એટલે એમ કહી શકાય કે તત્ત્વજ્ઞની સત્યદર્શનની રીત એ તટસ્થ રીતિ છે, તટસ્થતામાં નિષ્ક્રિયતા કે અસાવધાનતાનો અંશ પણ નથી હોતો. એમાં વ્યક્તિગત અહંત્વની મર્યાદાનો લોપ હોવા ઉપરાંત ચિત્તની સ્થિરતા હોય છે. એટલે આપણે એમ કહી શકીએ કે તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ સત્યનું દર્શન એ એક પુષ્પમાળા કે મણિમાળા જેવું છે.

માળામાં સૂત્ર સળંગ હોય છે. એમાં ફૂલો કે મણકાઓ યથાસ્થાને સુગ્રથિત હોય છે. એ જ રીતે સત્યના એક તાંતણામાં એનાં વિવિધ પાસાંઓના વિવિધ દૃષ્ટાઓ દ્વારા વિવિધ રીતે કરાયેલાં વિવિધ દર્શનો ગ્રથિત થઈ જાય છે. આ તત્ત્વજ્ઞાનની સત્ય જોવાની દૃષ્ટિ છે.

સત્ય દેશ-કાળની મર્યાદાથી કદી મુકત હોઈ શકે નહિ, એવા સંસ્કારને લીધે તથાગતે કહ્યું કે દેશ-કાળથી પર એવી સર્વથા નિત્ય કે સ્થિર વસ્તુ હોઈ શકે નહિ; જે છે તે બધું, ક્ષણિક અને સીમિત છે. આથી ઊલટું કેટલાક ઔપનિષદ ઋષિઓએ નિરૂપ્યું કે દેશ-કાળની સીમાથી પર, તેનાથી તદ્દન અસ્પષ્ટ એવું પણ સત્ય છે. આવા સંસ્કારમાંથી એક દર્શન ઘડાયું. તે કહે છે કે પરિવર્તન અને દેશસીમા એ ભ્રમ છે. આ રીતે એક અંત સ્થિરતાના દર્શનને ભ્રમ કે સંવૃત્તિ માની બધું વિચારે છે; જ્યારે બીજો અંત ક્ષણિકતા અને દેશસીમાને માયા માની બધું ઘટાવે છે.

આ બે અંતો જોનાર એક તત્ત્વજ્ઞને એમ દેખાયું કે બંને પોતપોતાની કક્ષાએ સત્યનો વિચાર કરે છે, પણ તે વિચાર એકાંગી છે. સત્યનું પૂર્ણ અને સ્વચ્છ દર્શન તો બંને અંતોના સુમેળમાં સમાય છે. જેમ ભારતમાં તેમ ગ્રીસમાં પણ ગતિ અને સ્થિતિ એ બંને એકાંતોના દર્શનમાંથી બંનેના સમન્વયનું દર્શન ઉદ્ભવેલું છે.

પંડિત સુખલાલજી

શ્રી ચિરંજીલાલ બડજાતે અભિનન્દન-સમારોહ

વર્ધાનિવાસી શ્રી ચિરંજીલાલ બડજાતે એક સુપ્રસિદ્ધ જનસેવક છે. ભારત જૈન મહામંડળની પ્રવૃત્તિ સાથે તેઓ વર્ષોથી ગાઢપણે સંકળાયેલા છે. સ્વ. જમનાલાલજી બજાજના કુટુંબના તેઓ એક નિકટવર્તી સ્વજન છે. સામાજિક સુધારણાના ક્ષેત્રમાં પોતાની જાતનું જોખમ ખેડીને તેમણે અનેક પ્રવૃત્તિઓ કરી છે. તેઓ હજારો રૂ. કમાયા છે અને સમાજસેવાના કાર્યો પાછળ તેમણે હજારો ખર્ચ્યા છે. નમ્રતાની તો તેઓ એક મૂર્તિ છે. જ્યારે સમાજ ઉપર રૂઢિઓ પોતાની સત્તા જમાવી બેઠી હતી ત્યારે તેઓ રૂઢિઓને તોડવામાં નિમગ્ન રહેતા હતા. જ્યારે દેશસેવા વિદ્રોહ લેખવામાં આવતી હતી ત્યારે તેઓ દેશસેવાના કાર્યમાં ડુબેલા રહેતા હતા. આ રીતે અનેક પ્રકારના સંઘર્ષોનો તેમણે જિંદગીભર સામનો કર્યો છે અને પોતાના જીવનને ઉજ્જવલ અને અર્થપૂર્ણ બનાવ્યું છે.

ચાલુ સપ્ટેંબર માસની ૧૧મી તારીખે તેઓ ૬૫ વર્ષ પૂરાં કરે છે. વૃદ્ધાવસ્થા તેમના શરીર ઉપર આક્રમણ કરી રહી છે; અને તેમના હલનચલન ઉપર મર્યાદા મૂકી રહી છે; એમ છતાં જે જે સંસ્થાઓ સાથે તેઓ જોડાયેલા છે તે તે સંસ્થાઓના કાર્ય તેમ જ પ્રચાર માટે તેઓ દેશના એક છેડેથી બીજે છેડે પરિભ્રમણ કરી રહ્યા છે. આવી વ્યક્તિનો તેમના જન્મદિને તેમના મિત્રો તરફથી વર્ધા ખાતે એક અભિનંદન સમારોહ ગોઠવવામાં આવ્યો છે. આ અભિનન્દન સમારોહમાં બને તેટલો સહયોગ આપવા માટે તેમના મિત્રો શ્રી ચિરંજીલાલજીના પ્રશંસકોને પ્રાર્થના કરે છે. આ સંબંધમાં 'શ્રી રતન પહાડી વર્ધા' એ ઠેકાણે પત્રવ્યવહાર કરવા અને શ્રી ચિરંજીલાલજી બડજાતે સંબંધમાં પોતપોતાનાં સંસ્મરણો તેમ જ સંદેશાઓ મોકલવા વિનતિ કરવામાં આવે છે. આવી એક વ્યકિતનું સામાજિક સન્માન કરવામાં આવે તે સર્વ પ્રકારે ઉચિત છે. આ સન્માન સમારોહને સંપૂર્ણ સફળતા ઇચ્છવામાં આવે છે.

પરમાનંદ

પુસ્તકાલયમાં વસાવવા લાયક, શિક્ષણસંસ્થામાં ઇતર વાંચન તરીકે ઉપયોગમાં લેવા લાયક તેમ જ કોઈ પણ શુભ પ્રસંગે વહેંચવા લાયક પુસ્તકો

સત્યં શિવં સુન્દરમ્

શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાનો લેખસંગ્રહ

કાકાસાહેબ કાલેલકર અને પંડિત સુખલાલજીના પ્રવેશકો સાથે

કિંમત રૂ. ૩, પોસ્ટેજ ૦-૬-૦

બોધિસત્ત્વ

સ્વ. ધર્માનંદ કોસમ્બી રચિત મૂળ મરાઠી નાટક

અનુવાદકો :

શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા તથા શ્રી કાન્તિલાલ બરોડિયા

કિંમત રૂ. ૧-૮-૦, પોસ્ટેજ ૦-૨-૦

મુંબઈ જૈન યુવક સંઘના સભ્યો તથા પ્રબુદ્ધ જીવનના ગ્રાહકો માટે

સત્યં શિવં સુન્દરમ્: કિંમત રૂ. ૨, બોધિસત્ત્વ: કિંમત રૂ. ૧

મળવાનું ઠેકાણું :

મુંબઈ જૈન યુવક સંઘ,

૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ ૩.

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય,

ગાંધી રસ્તો, અમદાવાદ.

❋ ફિલસુફી શા માટે? ❋

(શ્રી મુંબઇ જૈન યુવક સંઘ દ્વારા આયોજિત પર્યુષણ વ્યાખ્યાનમાળામાં તા. ૨૨-૮-૬૦ના રોજ ડૉ. મીસ એસ્તેર એ. સોલોમને આપેલા વ્યાખ્યાનનો પૂર્વભાગ નીચે આપવામાં આવે છે. કુમારી એસ્તેર એ. સોલોમન યહુદી કોમના છે, અમદાવાદના ભોળાભાઇ જેસંગભાઇ ઇન્સ્ટીટ્યૂટના એસિસ્ટન્ટ ડિરેક્ટર છે અને સંસ્કૃત અને પ્રાચીન ભારતીય સંસ્કૃતિના અધ્યાપિકા છે. **તંત્રી**)

ફિલસુફી Philosophy માટેનો ફારસી શબ્દ છે. તેનો અર્થ થાય છે જ્ઞાનનો પ્રેમ (love of wisdom), સત્યની ઝંખના, જેને માટે 'તત્ત્વજિજ્ઞાસા' શબ્દ યોગ્ય છે. 'તત્ત્વજ્ઞાન' કે 'તત્ત્વવિદ્યા' કરતાં 'તત્ત્વજિજ્ઞાસા' શબ્દ દેખાતી ચીજે બધે બેસતી ન હોય ત્યારે તેમની પાછળ શું છે તે જાણવાની અને શોધવાની વૃત્તિનો વધારે સૂચક છે; કારણ કે 'તત્ત્વવિદ્યા' કે 'તત્ત્વજ્ઞાન' જાણે કે પૂર્ણતા કે પ્રયત્નની સિદ્ધિનું સૂચન કરે છે, જ્યારે તત્ત્વજિજ્ઞાસામાં અનાદિ કાળથી ચાલતી આવેલી અને અનન્ત કાળ સુધી નિઃસંશય ચાલુ રહેશે તેવી પ્રયત્નધારાનો ભાવ છે. તેમ છતાં તત્ત્વવિદ્યા, તત્ત્વજ્ઞાન એ શબ્દપ્રયોગો પણ કરી શકાય, જે આપણે એટલું સમજી લઇએ કે તેમાં સિદ્ધિનો ભાવ નથી, પણ સતત પ્રયત્નનો ભાવ છે. અહીં આપણે તત્ત્વજિજ્ઞાસા કે તત્ત્વજ્ઞાનને વ્યાપક અર્થમાં લઇશું. પુસ્તકોમાં મળે છે અને વિદ્યાલયોમાં શીખવવામાં આવે છે તે શાસ્ત્રીય તત્ત્વજ્ઞાન માત્ર નહીં, પણ જીવનમાં જ્યાં જ્યાં વિરોધ કે અનુપપત્તિ કે વિસંવાદ દેખાય ત્યાં તેની પાછળનું વધારે વ્યાપક તત્ત્વ શોધી વિરોધોનો પરિહાર કરવાની વૃત્તિ તે તત્ત્વજિજ્ઞાસા. એટલું ધ્યાનમાં રાખીએ કે acadamic philosophy કે શાસ્ત્રીય તત્ત્વજ્ઞાનનો આમાં સમાવેશ થઇ જાય છે; કારણ કે એ પણ તત્ત્વજિજ્ઞાસુઓના પ્રયત્ન અને ચિન્તનનો ઇતિહાસ છે, જે આપણી તત્ત્વજિજ્ઞાસાને ઉત્તેજીત કરે છે, પ્રેરણા આપે છે, માર્ગદર્શન આપે છે, ભૂતકાળના ચિન્તનમાં થયેલી ભૂલોમાંથી બચવાનો માર્ગ ચીંધે છે અને આટલું કરીને આપણા મૌલિક ચિન્તનને સ્વતંત્રપણે વિહરવા છોડી દે છે.

આપણા જીવનમાં તત્ત્વજિજ્ઞાસાનું શું સ્થાન છે? એ જ કે જે પુષ્પમાં એની સુવાસનું સ્થાન છે. હું તત્ત્વજ્ઞાન શા માટે ઇચ્છું છું એ પ્રશ્ન આપણે પોતાને પૂછીએ તો તેનો ઉત્તર વધારે સારી રીતે મળી રહે છે. કોઇ એમ કહે કે વ્યવહાર ચાલ્યા કરે છે અને તત્ત્વ-અન્તર્ગત રહસ્ય-જાણ્યા વિના કશું અધૂરું રહી જતું નથી. અજ્ઞાનમાં પણ આનંદ છે. આમ કહેનાર જરા પૂછી જુએ પોતાના અન્તરને કે આ વાત સાચી છે? ડોકર વાગે કે પહેલો વિચાર એ આવે છે કે શું હતું જેને લીધે આમ થયું? માંદાં પડતાં રોગનું કારણ જાણવાનું મન થાય છે. કોણ કેવળ ડોકટર પર એ વાત છોડી દે છે? પોતાના જ્ઞાનની મર્યાદા જાણ્યા પછી જ ડોકટરની સલાહ લેવામાં આવે છે. આ છે જાણવાની ઇચ્છા, તે પણ સત્ય જાણવાની ઇચ્છા. તેનું નામ જ તત્ત્વજિજ્ઞાસા. ઉપરાઉપરી બે ત્રણ આફત આવી પડે, પરીક્ષામાં નપાસ થવાય, વ્યાપારમાં ખોટ જાય, સ્ત્રીને ઘર સાચવવા છતાં યશ ન મળે, વકીલાત બરાબર ન ચાલે, કે ઉપરીનો રોજ ઠપકો મળતો હોય તો તરત જ કહેવાઇ જાય છે કે ભગવાન જાણે શું થયું છે? શા માટે આમ થતું હશે? આમાં અજાણતાં એ કબૂલાત છે કે આ પ્રસંગો બને છે તેની પાછળ કોઇ કારણ ચોક્કસ છે, પણ તેનું જ્ઞાન પ્રાપ્ત થતું નથી, છતાં કોઇક તો જાણતું હશે-છેલ્લો આશ્રય ભગવાન છે-ભગવાન જાણતો હશે. વેદમાં પણ કવિને જાણવાનું મન થાય છે કે લાલ ગાય સફેદ દૂધ કેમ આપતી હશે? શી કુદરત છે? અરે, વેદકાલીન કવિઓને તો કુદરતના પ્રત્યેક તત્ત્વનો ખુલાસો કોઇ દિવ્યશક્તિની કલ્પનામાં મળ્યો છે અને વિશ્વમાં તેનું સ્થાન નિશ્ચિત કરવાનો પ્રયત્ન તેમણે કર્યો છે. પણ આટલા બધા દેવો હોય તો એકને ખુશ કરવા જતાં બીજા રીસાઇ ન જાય? એમ ન હોય કે અનેક દેવો એક જ શક્તિના વિવિધ આવિર્ભાવો છે. (एकं सद्विप्रा बहुधा वदन्ति।) તો આ અધિદેવ કેવો હશે? તેણે વિશ્વ કેવી રીતે સર્જયું હશે? તેના હજાર મસ્તક હશે? હજાર પગ હશે? એમ હોય તો જ તે મહાન કહેવાય. જેમ સુથાર ખુરશી બનાવે તેમ તેણે વિશ્વની ઉત્પત્તિ કરી હશે કે વણકર કપડું વણે તેમ, કે યજ્ઞમાં પોતાની જાતને હોમીને પોતાનામાંથી જ? સુથારની જેમ વિશ્વ બનાવ્યું હોય તો એ લાકડું કયું હશે જેમાંથી વિશ્વ બનાવ્યું? ધીમે ધીમે ઉત્તર મળ્યો કે એ લાકડું પણ પોતે જ. વિશ્વ કયા ક્રમમાં સર્જયું અને કયારે સર્જયું? કવિ ઉત્તર આપવા પ્રયત્ન કરે છે, પણ બરાબર વિશ્વાસ બેસતો નથી. તેથી કહે છે કે દેવો જાણતા હશે અથવા તેઓ પણ નહીં, કારણ કે દેવો પાછળથી ઉત્પન્ન થયા પણ જે એક અધિદેવ છે તે જાણતા હશે અથવા તેય નહીં? કે પછી વિશ્વ સર્જયું જ નથી; તે અનાદિ છે. (નાસદીય સૂક્ત). આમ અન્તિમ ખુલાસાઓ માટે ફિલસુફી શબ્દ રૂઢ થયો.

આપણે પણ વ્યવહારમાં આવી મીઠી મુંઝવણો નથી અનુભવતા? શા માટે અમુક સમયે વરસાદ આવે છે અને ચોકકસ સમયે અનાજ પાકે છે? શા માટે તલમાંથી તેલ નીકળે છે અને રેતીમાંથી નહીં? બળદને શીંગડાં હોય છે અને અશ્વને કેમ નહીં? રૂક્ષ દેખાતા નાળિયેરમાં મીઠું પાણી અને મૃદુ મલાઇ કયાંથી? ગુલાબની સાથે કાંટા હોય છે અને કાદવમાં કમળ ઊગે છે-અજબ કુદરત છે! રહી રહીને આવા પ્રશ્નો થાય છે, કુતૂહલ વૃત્તિ જાગે છે. ખોટા સાચા ઉત્તર આપી આપણે મન મનાવીએ છીએ. તે બતાવે છે કે કોઇ ખાસ પ્રેરક કારણ ન હોય, તે છતાં પણ આપણને તત્ત્વજિજ્ઞાસા થાય છે. તેની પાછળ પડવાની નિષ્ઠા કેટલી છે તેના પર આધાર રહે છે કે આપણે મૂલગામી ગંભીર ફિલસુફ છીએ કે ઉપરછલ્લા છીછરા. અનો અર્થ એ છે કે એકની પાછળ બીજું કોઇ જોયા વિના આપણને ચેન પડતું નથી. આપણે સ્વભાવથી જ તત્ત્વજિજ્ઞાસુ-ફિલસુફ-છીએ. એમાં આપણને મજા આવે છે. માનવ પાસે રોટલાનો પ્રશ્ન તો છે જ, પણ જીવન માત્ર તેમાં સીમિત થતું નથી. 'Man does not live by bread alone'.

તેને કલા જોઇએ છે અને ન્યાય, નીતિ, સુરાજ્ય, મુકિત અને આવું આવું કેટલું ય, જે માત્ર જીવવા માટે અનિવાર્ય નથી. તેને અનેક તત્ત્વોનું સત્ય જાણવું છે, વિશ્વમાં પોતાનું સ્થાન નક્કી કરવું છે અને વિશ્વનો ઉકેલ કાઢવો છે.

વળી, કેટલાક તો એવા પ્રસંગો ઉપસ્થિત થાય છે જે સામાન્ય રીતે વિચારશીલ નહીં તેવા માણસોને પણ વિચારમાં ઊંડા ઉતરવાની ફરજ પાડે છે. વ્યવહાર માણસોને ફિલસુફ બનાવે છે. સહકાર વિના જીવન ચાલતું નથી. કામ કરવા માટે અને એ નહીં તો તેનું ફળ ભોગવવા માટે તો સોબતની જરૂર રહે છે. લોકો સાથે કામ કરતા હોય અને ફળ ભોગવતા હોય ત્યાં કોઇક વ્યવસ્થા જોઇએ. આ વ્યવસ્થાની પાછળ સમાનતા, ન્યાય ઇત્યાદિના વિચારો હોય છે. વ્યકત કે અવ્યકત રૂપે. સ્પષ્ટ કે અસ્પષ્ટ. સંયુકત કુટુંબમાં કામ અને પૈસા કેવી રીતે વહેંચવામાં આવે છે તેનો વિચાર કરતાં આ વાત ધ્યાનમાં આવશે. વ્યવહારુ નિર્ણયોની પાછળ કોઇ ને કોઇ સિદ્ધ અથવા અસિદ્ધ,

જાણ્યે કે અજાણ્યે એવી માન્યતાઓ, સ્વીકૃતિઓ (assumptions)–સ્વીકારી લીધેલાં તત્ત્વો–હોય જ છે. વિચારપૂર્વક સમજ હોય તો તેમને ફિલ્સુફની રીતે (philosophically) આપણે સમજ્યા છીએ; શ્રદ્ધાપૂર્વક સમજ હોય તો તે ધાર્મિક કહી શકાય; અને અંધશ્રદ્ધાની રીતે હોય તો તે વહેમ છે. દા. ત. સ્ત્રીઓ પતિનું નામ નથી લેતી તે વહેમ છે, જેનું મૂળ કદાચ લજ્જામાં હોય.

એજ રીતે લાગણીના વિરોધો ઊભા થાય છે. રામ પ્રજાને સંતોષે કે પત્નીને ન્યાય આપે અને દુઃખી ન કરે? પ્રજા કે અર્ધાંગના, કર્તવ્ય કે ભાવના–શું મહાન છે? એક માણસના બે દિલોજાન દોસ્ત હોય જેમની વચ્ચે કોઇ સખત વિરોધ ઊભો થયો હોય ત્યારે કોનો પક્ષ લેવો? અથવા અસત્ય કહેવાથી કોઇ માણસના પ્રાણ બચતા હોય તો સત્યને વળગી રહેવું કે દયાપૂર્વક વર્તવું? આમ સત્ય અને દયા વચ્ચે વિરોધ ઊભો થાય છે. આવા આવા વિરોધોના ઉકેલમાંથી નીતિના નિયમો, આચાર-વિચારના નિયમો, નીતિશાસ્ત્ર (Ethics)ના સિદ્ધાંતો–ધર્મો અને આપદ્ધર્મો બન્ને–ઘડાય છે. કેટલીક વાર વ્યક્તિગત આચરણની અને સામાજિક આચરણની સ્વીકૃતિઓમાં વિસંવાદ જેવું લાગે છે. એક માણસ સ્વાર્થ માટે બીજાને મારે તો તે હિંસા કહેવાય, તેને શિક્ષા કરવી જોઇએ, પણ એજ માણસ યુદ્ધભૂમિ પર દુશ્મનને મારવાની ના કહે તો ન મારવા માટે તેને શિક્ષા કરવામાં આવે છે. ત્યારે ઉકેલ એ નીકળે કે યુદ્ધની હિંસા પાપ નથી કારણ કે એ ધર્મ છે. એ હિંસાની પાછળનો ભાવ દ્વેષનો નથી અને દેશને કાજે નિષ્કામ રીતે એ હિંસા કરવાની હોય છે. એજ રીતે યજ્ઞમાં કરેલી હિંસા હિંસા નથી એવી સોપાધિક વ્યાખ્યા કરવી પડે છે. શાકુન્તલમાં માછીમાર કહે છે કે જન્મથી જ ભાગે આવેલું કામ નિંદ્ય હોય તોય તે છોડી દેવાય નહીં; યજ્ઞમાં પશુને મારી નાખવાનું કર્મ કરવાથી ક્રૂર લાગતો યાજ્ઞિક પણ અનુકંપાવાળો અને મૃદુ અંતઃકરણવાળો હોય છે.

[सहजं किल यद्विनिन्दितं न खलु तत्कर्म विवर्जनीयम् ।
पशुमारणकर्मदारुणो ऽनुकम्पामृदुरेव श्रोत्रिय : ॥ (६.१)]

આની સાથે જ પાપ-પુણ્યનો પ્રશ્ન સંકળાયેલો છે અને પાપ-પુણ્યને ધોરણે આપણે આચરણની, નીતિશાસ્ત્રની સ્વીકૃતિઓ તારવીએ છીએ અને તેમનો ઉપરથી દેખાતો વિસંવાદ દૂર કરીએ છીએ. પાપ-પુણ્યનો વિચાર ધાર્મિક સ્વરૂપ પણ ધારણ કરે છે અને પુનર્જન્મ આદિ પ્રશ્નોનો ઉદ્ભવ થાય છે. આ થઈ નીતિ–Morality અને નીતિશાસ્ત્ર–Ethicsની વાત.

Psychology–માનસશાસ્ત્રનો વિકાસ ભલે મોડો થયો હોય, પણ દરેક માણસ–તે કવિ હોય કે ચિત્રકાર, ધર્મગુરુ કે જાદુગર, વિદ્વાન કે ઢોર ચારનાર–માનસશાસ્ત્રી અનાદિ કાળથી છે, તેને તેની ખબર હોય કે નહિ. મિત્ર અને તેની પત્ની બંનેનો સ્વભાવ ખૂબ સારો છે, છતાં બંને વચ્ચે કલેશ કેમ થાય છે? પૈસાની ખેંચ પડતી હોય છતાં એક માણસને દાન આપ્યા સિવાય કેમ ચાલતું નથી? ઉધાર પૈસા લઇને પણ જુગાર કેમ રમવો પડે છે? આવા આવા પ્રશ્નોનો ઉકેલ કરવાનો પ્રયત્ન હંમેશા ચાલુ જ રહ્યો છે અને એ વિચારની પાછળ માનવસ્વભાવના અભ્યાસનાં તત્વો–સિદ્ધ કે અસિદ્ધ, જાણ્યે, અજાણ્યે છે. માત્ર તેનું જ્ઞાન એ પ્રશ્નોનો ઉકેલ કરનારને વ્યવસ્થિત સ્વરૂપે નથી. એણે વ્યવસ્થિત સ્વરૂપ પકડ્યું ત્યારે તેને માનસશાસ્ત્ર–Psychology–એ નામ આપવામાં આવ્યું. બાકી રાગ, દ્વેષ, મોહ, સુખ, દુઃખ આદિની ચર્ચા પ્રાચીન ગ્રંથોમાં ઘણી મળે છે જે મનોવૈજ્ઞાનિક ચિન્તનનું જ પરિણામ છે. કોઇ પક્ષપાત કે પૂર્વગ્રહ વિના જ્યારે રાગ, દ્વેષાદિની પરીક્ષા કરવામાં આવે–તેનાં અન્તર્ગત તત્ત્વો તપાસવામાં આવે ત્યારે એ ફિલ્સુફની પદ્ધતિ (Philosophic Method) જ છે.

એજ રીત, લોકમાનસનો વિચાર કરીને, કોઇ માર્ગદર્શક અને વ્યવસ્થાપકની આવશ્યકતા માનવસમુદાયને રહે છે; વ્યક્તિ અને માનવસમુદાયના પ્રશ્નો, આગળ કહ્યું છે તેમ, તદ્દન અભિન્ન નથી. જે વ્યક્તિના વિકાસમાં મદદરૂપ થાય તે કોઇક વાર સમુદાયને હાનિકર પણ હોઇ શકે. તેવે વખતે વ્યક્તિ અને સમષ્ટિનો સુમેળ કેવી રીતે સધાય તેની ગંભીરતાપૂર્વક પરીક્ષા કરી, શાસન-પાલન માટે કોઇ પણ પ્રકારની રાજ્યવ્યવસ્થાના સિદ્ધાન્તો ફિલ્સુફની રીતે–અન્તર્ગત તત્વોનો સમગ્ર રીતે વિચાર કરી–તારવવામાં આવે છે–તે જ રાજ્યશાસ્ત્ર, નીતિશાસ્ત્ર સાથે તેનો ઘનિષ્ઠ સંબંધ છે. આપણું જૂનું સાહિત્ય જોઇએ તો જણાશે કે ધર્મશાસ્ત્રમાં આચરણ અને રાજધર્મ બંનેનો સમાવેશ કરવામાં આવ્યો છે.

રુચિ-અરુચિ (Likes and Dislikes)ના પ્રશ્નમાં પણ ફિલ્સુફી કે તત્વજિજ્ઞાસાનો ફાળો અસાધારણ છે. કેટલીક ખાવાની વસ્તુ આપણને ગમે છે અને કેટલીક નથી ગમતી. વસ્તુઓના આ રીતે ભાગ પાડી આપણે વ્યવહાર ચલાવ્યે જઇએ છીએ, પણ કયારેક પ્રશ્ન થાય છે કે એવું શું છે જેને લઇને એક વસ્તુ ગમે છે અને જેનો અભાવ હોવાથી બીજી વસ્તુ ખાવી નથી ગમતી. ત્યારે આ બાબતમાં ઊંડા ઉતરવાનું મન થાય છે અને ખાત્રી થાય છે કે રુચિ-અરુચિની પાછળ કોઇ સ્વીકારી લીધેલાં તત્વો–સિદ્ધ કે અસિદ્ધ, જ્ઞાત કે અજ્ઞાત હોવાં જોઇએ, જે જાણવા આપણે પ્રયત્ન કરીએ છીએ. વસ્ત્રો, ઘરની આકર્ષક વ્યવસ્થા આદિની બાબતમાં પણ તેમજ છે, અને ચિત્ર, સંગીત, સાહિત્ય વગેરે કલાઓમાં પણ એક ચિત્ર કે કાવ્ય હૃદયને સ્પર્શી જાય છે અને બીજું નથી ગમતું, કોઇક ખામી જણાય છે. આ જાણે કુદરતી રીતે જ આપણને સમજાતું હોય છે, પણ તેનું કારણ શું આપવું તેનો તરત ખ્યાલ આવતો નથી. ગંભીર રીતે વિચાર કરતાં કલાદિની ઉત્કૃષ્ટતાનાં કેટલાંક અન્તર્ગત તત્વો સમજાય છે અને પછી સમજાવા લાગે છે કે કોઇ ચિત્ર શા માટે ઉત્કૃષ્ટ કોટિનું છે કે નથી. સાહિત્યના ક્ષેત્રમાં આપણા સાહિત્યશાસ્ત્રીઓએ ખૂબ ખંતથી પ્રયત્ન કર્યો છે, અને આનંદવર્ધન અને અભિનવગુપ્તના રસના સિદ્ધાન્તમાં એ ઉત્કૃષ્ટ કક્ષાએ પહોંચે છે, જ્યાં રસાનંદ અને બ્રહ્માનંદ સહોદર છે એવી પ્રતીતિ તેમણે કરાવી છે. આ ત્યારેજ શકય બને કે જ્યારે તત્વજિજ્ઞાસાપૂર્વક કલાદિની સ્વીકૃતિઓનું જ્ઞાન મેળવવામાં આવે અને તે અનુસાર એ ક્ષેત્રમાં પ્રયત્ન કરવામાં આવે.

ઉપાસના–ધર્મ (Religion)નો વિચાર કરતાં એમ જાણવા મળે છે કે કેટલાક પ્રદેશોમાં અધિષ્ઠાત્રી દેવીનું પ્રાધાન્ય છે તો કેટલેક સ્થળે અધિદેવ સ્વીકારાય છે. દેવીની પૂજા પ્રાચીન કાલથી અસ્તિત્વમાં છે અને તેનો જગતમાં વ્યાપક પ્રચાર હતો એમ જાણવા મળે છે. એવા પુરાવા મળ્યા છે કે જ્યાં સ્ત્રીઓનું મહત્વ વિશેષ હશે, જ્યાં સમાજમાં માતૃપ્રધાન પદ્ધતિ (Matriarchal System) હશે, ત્યાં દેવીની સ્થાપના કરવામાં આવી જગતની સ્રષ્ટ્રી અને અધિષ્ઠાત્રી શકિત તરીકે. હજુ પણ જોઇ શકાય છે કે જે શકિતના સાચા ઉપાસક છે તેમનામાં સ્ત્રીઓનું બહુ માન થાય છે. એજ રીતે જ્યાં પિતૃપ્રધાન પદ્ધતિ (Patriarchal System) હશે ત્યાં અધિદેવની સ્થાપના થઇ છે. આ સ્થળે ધર્મ અને તત્વજ્ઞાન વચ્ચેનો પ્રક્રિયા-ભેદ થોડો જોઇ લઇએ. હમણાં જ જે ચર્ચા આપણે કરી દેવ-દેવીની, તેની પાછળ વિચારકની દૃષ્ટિ, ફિલ્સુફની દૃષ્ટિ છે. એ ફિલ્સુફની દૃષ્ટિ અનુસાર સાંખ્યમાં પ્રકૃતિની સ્થાપના છે જગતના કારણ તરીકે, અને શકિતની શૈવ

સિદ્ધાન્તમાં કે શ્રી અથવા લક્ષ્મીની વૈષ્ણવ સિદ્ધાન્તમાં. પણ જો માત્ર શ્રદ્ધાથી દેવ-દેવીને હૃદયના ઉમળકાથી સ્વીકારી લેવામાં આવે અને આદિકાળથી ચાલી આવતી પ્રણાલી પ્રમાણે તેમની સ્તુતિ-પૂજાદિ કરવામાં આવે તો તે ધર્મ છે. તેમાં આદર, સ્નેહની ભાવના હોય છે. જો ભયથી, દેવ-દેવી કોપાયમાન થયાં છે માટે તેમને વશ કરવાં જોઇએ, અને અમુક મંત્રાદિ વિધિ કરવામાં આવે તો કાર્ય-કારણભાવના નિયમ પ્રમાણે તેનું ફળ આવશે જ-એવો જ્યાં વિશ્વાસ હોય ત્યાં વહેમ અને જાદુનું તત્વ આવે છે. જાદુના મૂળમાં પરીક્ષા-વૃત્તિ હોય છે, પણ તે કુંઠિત થઇ ગયેલી હોય છે, અમુક હદ સુધી જઇને, તેની સ્વીકૃતિ સ્થાપવામાં ક્યાશ હોય છે. બે વસ્તુઓનો સંબંધ અનેક વાર જોયો હોય તેટલા માત્રથી તેમની વચ્ચે અવિનાભાવિત્વ માની લેવામાં આવે છે. લીલાં કપડાં વાળો માણસ એરોપ્લેનમાં બેઠો હોય અને બે ત્રણ વાર અકસ્માત થયો હોય તો લીલાં કપડાં અને અકસ્માતનો સંબંધ જોડી દેવામાં આવે છે કે લીલાં કપડાં અકસ્માતનાં કારણભૂત છે. દુશ્મને જે ભૂમિ પર સ્પર્શ કર્યો હોય ત્યાં કશું કે જાદુ કરતાં દુશ્મનને હાનિ થાય, સમાન ભૂમિનો સ્પર્શ છે તેથી દુશ્મન અને જાદુની વસ્તુનો સંબંધ જોડાઇ જાય છે. તેની પ્રતિમા બનાવી બાળી નાખતાં શત્રુ પણ તપ્ત થાય-અહીં સાદૃશ્યનો વિચાર કામ કરે છે. પણ એટલું સ્પષ્ટ છે કે વસ્તુસ્થિતિનો સંપૂર્ણ વિચાર કરવામાં નથી આવ્યો, તેથી ફ્રિક્સુકની પદ્ધતિ અટકી જાય છે અને શ્રદ્ધા કે વહેમ તેનું સ્થાન લે છે. પીઠમાં દુઃખાવો હોય કે પગ મરડાઇ ગયો હોય તો શેકથી મટી જાય છે. જૂના વખતમાં આ પરથી કેટલાક એમ માનતા કે શેક એ બધા રોગોનો ઉપાય છે. આ ઔષધ-શાસ્ત્ર મટી ગોટચૈદું બની જાય છે, કારણ કે તેમાં પૂરતો વિચાર કરવામાં નથી આવ્યો.

આટલી ચર્ચાનો સાર આપતાં એમ કહી શકાય કે સારું-ખરાબ, પાપ-પુણ્ય, શુભ-અશુભની પરીક્ષામાંથી નીતિ અને આચરણનું સત્ય તેમની અન્તર્ગત સ્વીકૃતિઓનો જેમ જેમ વિચાર કરવામાં આવે તેમ તેમ જ્ઞાત થાય છે. રુચિ-અરુચિની દિશામાં ઊંડાં ઊતરીએ તો સૌંદર્યમીમાંસા કે આનંદમીમાંસા (Aesthetics)નું તત્વજ્ઞાન પ્રાપ્ત થાય છે. સમાજવ્યવસ્થા અને રાજ્યવ્યવસ્થાની સ્વીકૃતિઓ પણ આજ રીતે પામી શકાય. આમ વ્યવહારનાં અંતર્ગત તત્વોની શોધ તે તત્વજિજ્ઞાસા અને એક વાર તત્વજિજ્ઞાસા પગભર થાય અને સમ્યક્તયા તત્વજ્ઞાન નીપજાવે કે નીતિ, કલા આદિ પર અસર કરે છે અને તેમને વિકસાવે છે.

તર્કશાસ્ત્ર અથવા પ્રમાણશાસ્ત્રનો વિકાસ કેવી રીતે થયો તેનો થોડો વિચાર કરતાં તત્વ જિજ્ઞાસાની શક્તિ વધારે સ્પષ્ટ થાય છે. જ્યાં સુધી આપણા રોજિન્દા વ્યવહારમાં વિસંવાદ, અનુપપત્તિ નથી હોતી, ત્યાં સુધી અનુભવોનો વિચાર કરવાનું પ્રાપ્ત થતું નથી. પણ મૃગતૃષ્ણિકાથી કોઇ છેતરાય, એક ઊંચો પદાર્થ પુરુષ છે કે થાંભલો એવો સંશય થાય, અંધારામાં રજ્જુને સર્પ માની બેસે અને દીવો લાવતાં ખબર પડે કે એ તો દોરડું જ હતું, ગાડીમાંથી ઝાડ દોડતા દેખાય ત્યારે સત્ય અને અસત્યના વિરોધને કારણે આપણું જ્ઞાન સાચું છે કે ખોટું તે નક્કી કરવા અર્થાત્ આપણો અનુભવ પ્રમાણ હતો કે વિપર્યાસ તે નક્કી કરવા, તપાસ કરવાની વૃત્તિ થાય છે. મિથ્યા જ્ઞાનમાં સત્યની માત્રા કેટલી છે, મિથ્યા જ્ઞાન થવાનું કારણ શું ઇત્યાદિનો વિચાર કરી વિવિધ દર્શનના પ્રમાણશાસ્ત્રીઓએ અન્યથાખ્યાતિ, અખ્યાતિ, અસત્યખ્યાતિ, આત્મખ્યાતિ, અનિર્વચનીયખ્યાતિ વગેરેની પોતપોતાના દૃષ્ટિબિંદુ પ્રમાણે સ્થાપના કરી છે. કેટલીક જ્ઞાનની અનુપપત્તિ એવી હોય છે જે એકદમ ધ્યાને ન ચઢે. એક જ ટેબલને અલગ અલગ બાજુથી જોવામાં આવે તો તેનો આકાર, રંગ વગેરે જુદા જુદા લાગે છે. તેનો અર્થ એ કે જે સત્ તત્વ છે તેનું જ્ઞાન યથાર્થ સ્વરૂપમાં આપણને મળતું નથી. બાહ્ય તત્વો કામ કરતા હોય છે. ટેબલનો રંગ કેવો છે તે આપણે જાણતા નથી, પણ પ્રકાશ ટેબલના જે ભાગ પર પરાવર્તિત પ્રતિફલિત થઇ આપણી આંખ સુધી પહોંચે અને પછી ચક્ષુનાં ઘટકોના સંપર્કમાં આવી પોતે પ્રક્રિયા પામે અને ટેબલનું પ્રતિબિંબ આંખના પડદા (Retina) પર પાડે અને તેની અસર જ્ઞાનતંતુઓ દ્વારા મગજ સુધી પહોંચે ત્યારે આપણને ટેબલના તે ભાગનું અને તેના રંગનું જ્ઞાન થાય છે. આમાં અનેક વસ્તુઓએ ભાગ ભજવ્યો છે અને થોડોક સમય પણ ઇન્દ્રિયાર્થસ્પર્શ અને જ્ઞાન વચ્ચે પસાર થાય છે. વળી, ભૂતકાળમાં જોયેલ ટેબલની વાસના જાગૃત થાય છે અને તે પણ ટેબલના પ્રત્યક્ષ જ્ઞાનને વિકૃત કરે છે. આ રીતે વિચાર કરીને વૈદિક ન્યાયે પ્રત્યક્ષની પ્રક્રિયા સમજાવી, નિર્વિકલ્પ પ્રત્યક્ષ, સવિકલ્પ પ્રત્યક્ષનો ભેદ બતાવ્યો. પણ બૌદ્ધ ન્યાયે આગળ જઇ જેને આપણે પ્રત્યક્ષ જ્ઞાન કહીએ છીએ, અને જે વ્યવહારમાં સર્વસંમત છે, જેને વિષે મતભેદ નથી તેમાં પણ કલ્પનાનો ફાળો કેટલો છે તે બતાવ્યું. વળી, એ પણ સિદ્ધ કર્યું કે સર્વ પદાર્થ ક્ષણિક છે, તેથી આપણને જેનું જ્ઞાન થાય છે તે પદાર્થ, તેનું જ્ઞાન થાય છે ત્યારે, નાશ પામ્યો હોય છે. તેથી સૌત્રાન્તિક બૌદ્ધોએ કહ્યું કે પદાર્થોનું અસ્તિત્વ માત્ર અનુમેય છે, પ્રત્યક્ષ નથી. વૈજ્ઞાનિકોએ આ પ્રકારના ન્યાયપૂર્વકના વિચારમાંથી પ્રેરણા મેળવી પ્રયોગથી નિર્ણય કરવાનો પ્રયત્ન કર્યો અને વિજ્ઞાન (Science) વિકસાવ્યું હશે. બૌદ્ધોએ વધારે ચોંકાવનારી વાત તો એ સિદ્ધ કરી કે જેને આપણે ટેબલ કે ખુરશી કહીએ છીએ તે કોઇ સ્થિર અવયવી નથી, તે માત્ર પરમાણુ-પૂંજ છે, જે ક્ષણે ક્ષણે નવેસરથી ઉત્પન્ન થાય છે પોતાની ધારામાં. વૈજ્ઞાનિકો આ બાબતમાં પણ સદ્દીઓ પછી સંમત થયા. Microscope-સૂક્ષ્મતાદર્શક યંત્ર જેવાં સાધનોથી અને પ્રયોગોથી ઘણી સૂક્ષ્મ વસ્તુઓનું જ્ઞાન હવે થઇ શકે છે. આ રીતે Atom અણુથી પણ આગળ આપણે ગયા છીએ, અને એ રીતે તત્વજિજ્ઞાસાના ચિન્તનમાં પણ વધારે સૂક્ષ્મતા અને નવી દૃષ્ટિ આવી છે. પણ એટલું ધ્યાનમાં રાખવા જેવું છે કે જે વિજ્ઞાનથી મોટું સિદ્ધ થયું તે સૂક્ષ્મ અને વિશદ વિચારશક્તિથી ઇ. સ. પૂર્વેની સદ્દીઓમાં તત્વજ્ઞાનીઓ કલ્પી શકયા. આના સંબંધમાં અહીં એ કહી દઉં કે વિજ્ઞાન રહસ્યોની યથાર્થ પ્રતીતિ કરાવી શકે છે, તેથી તેની સિદ્ધિઓ, સર્વસ્વીકૃત હોય છે. આમ તત્વજિજ્ઞાસા અને વિજ્ઞાન વચ્ચે કોઇ સંઘર્ષ નથી. પ્રાચીન કાળથી આ વસ્તુ મનાતી આવી છે. ન્યાય-વૈશેષિકનું તત્વજ્ઞાન એ એક રીતે પદાર્થવિજ્ઞાન જ છે. એ રીતે એરિસ્ટોટલ વૈજ્ઞાનિક પણ હતા અને તત્વજ્ઞાની પણ હતા. એ જ વાત બર્ટ્રાન્ડ રસલ વગેરે માટે પણ સાચી છે. જે જ્ઞાન ચોક્કસ થતું ગયું તે વિજ્ઞાનના ક્ષેત્રમાં આવતું ગયું, અને જે હજુ અનિશ્ચિત હતું તે તત્વચિન્તન અને તત્વવિદ્યાને ભાગે રહ્યું. વિજ્ઞાનને (Natural Philosophy) (પ્રાકૃતિક તત્વ વિદ્યા) કહેવામાં આવતું-કેટલીએ યુનિવર્સિટીઓમાં.

(અપૂર્ણ)

એસ્તેર એ. સોલોમન

મુંબઇ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઇ.

રજીસ્ટર નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૨ : અંક ૧૦

પ્રબુદ્ધ જીવન

મુંબઇ, સપ્ટેમ્બર ૧૬, ૧૯૬૦, શુક્રવાર
આફ્રિકા માટે શિલિંગ ૮

શ્રી મુંબઈ, જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ: ૨૦ નયા પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

નહેરુની વેદનાયુક્ત વાણી

[આસામની ભયંકર અને કોઇ પણ ભારતીયને શરમાવે એવી દુર્ઘટનાઓ ઉપર કેન્દ્રસ્થ લોકસભામાં ત્રણ દિવસ ચાલેલી ચર્ચાનો ઉપસંહાર કરતાં ભારતના મહામાત્ય પં. જવાહરલાલ નહેરુએ નીચેના શબ્દોમાં પોતાના દિલની ઊંડી વેદના વ્યક્ત કરી હતી. એ વેદના જે સંદેશો આપે છે તેને આપણે અંતરમાં નહિ ઊતારીએ અને ભારતીય એકતાની ભાવનાને આપણા ચિત્તમાં સ્થિરપ્રતિષ્ટ નહિ કરીએ તો ઘણા કાળે એકત્ર બનેલું ભારત છિન્નભિન્ન થતાં બહુ વાર નહિ લાગે. આસામની દુર્ઘટના આ ભયસ્થાનને તેના નગ્ન આકારમાં રજૂ કરે છે. આથી આપણે ચેતીએ, સાવધ બનીએ, અને આપણી તાત્વિક વિશાળતાનું સામાજિક ક્ષેત્રમાં સાચું અને સ્થાયી અવતરણ કરીએ. – પરમાનંદ]

આપણા સર્વ રાજકીય પક્ષોના આગેવાનોને અને છાપાવાળાઓને વૈર અને બદલો લેવાની નીતિનું સમર્થન નહિ કરવા પણ ધારુઝની પ્રક્રિયાને બને તેટલો વેગ આપવા હું આગ્રહપૂર્વક અનુરોધ કરું છું. હું છાપાવાળાઓને કોઇ પણ હકીકત છુપાવવાનું નથી કહેતો, પણ આવા ઘા રૂઝાય એવા મૃદુસ્પર્શની તેઓ પાસે નમ્ર માગણી કરું છું.

આસામમાં જે દુર્ઘટનાઓ બની તેણે, સામાજિક બાબતોમાં ભારતની પરંપરા અને વારસો કેટલી બધી સંકીર્ણતાથી ભરેલો છે તે સાફ સાફ દેખાડી આપ્યું છે. એમાં કોઇ શક નથી કે તાત્વિક બાબતોમાં ભારતની પરંપરા ઘણી ઊંચી હતી અને છે, પણ જ્યારે સામાજિક બાબતો સામે આવીને ઊભી રહે છે ત્યારે દરેક વ્યક્તિ એકદમ સાંકડી બની જાય છે.

ભારતની પ્રજા અચૂકપણે 'સાંકડા જીવન'ની પરંપરામાંથી ઊંચે આવતી જાય છે, પણ આ પરંપરાઓએ અને પૂર્વગ્રહોએ દેશના રાજકારણી જીવન ઉપર અમુક પ્રમાણમાં અસર પેદા કરી છે જેના પરિણામે જ્યારે આપણે લોકશાહીને આપણા જીવનમાં દાખલ કરીએ છીએ અને દરેક સમૂહને પોતાની ઇચ્છા મુજબ વર્તવા માટેનાં દ્વારો આપણે ખુલ્લાં કરીએ છીએ ત્યારે પુરાણી ભેદકબુદ્ધિ ઉપર ઉપસી આવે છે અને એક સમૂહ અન્ય સમૂહ સાથે ઘર્ષણમાં આવે છે. જ્યારે પરદેશમાં વસતા વિદ્યાર્થીને ત્રણ ચાર ભાષા શિખવી પડે છે, ત્યારે આ દેશમાં અહીં તેને એક બીજી ભાષા શીખી લેવાનું કહેતાં તેનું મગજ ઉછળી ઊઠે છે આ કોઇ ન કલ્પી શકાય એવી અત્યન્ત શોચનીય પરિસ્થિતિ છે.

આસામમાં જે પ્રકારની દુઃસ્થિતિ ઊભી થઇ છે તેનો ઉકેલ લોકસભામાં ચર્ચા કરવાથી કે કોઇ તપાસસમિતિ નીમવાથી આવવાનો નથી, પણ આસામમાં બનેલી દુર્ઘટનાઓ ભારતની પ્રજાને કાંઇક વિચાર કરતાં શીખવશે અને એકતા માટે કાંઇક ક્રિયાશીલ બનવાને પ્રેરશે તો તેમાંથી કાંઇક શ્રેય નિર્માણ થયું લેખાશે. કોઇ પણ બાબતમાં પહેલું પગલું ત્યારે જ ભરાયું ગણાય કે જ્યારે વ્યક્તિ તેને લગતી સમસ્યા અંગે સમાન અને જાગૃત બની હોય. જો આપણે આજની સમસ્યાના ઉપર ઉપરના સ્તરને વીંધીને તેના વધારે ઊંડાણમાં ઊતરીશું તો આ સમસ્યાની જટિલતા અને વિસ્તૃતતા, જો હું ખરા શબ્દ વાપરું તો, ખરેખર ભયભિત કરે તેવી છે. આસામનો પ્રશ્ન વધારે વ્યાપક અને વધારે ઘેરો પ્રશ્ન છે, તે માત્ર બંગાળી અને આસામી લોકોનો નથી, પણ દેશના પ્રત્યેક પ્રજાજન ઉપર આ પ્રશ્નની અનેક રીતે ગંભીર અસર પહોંચી છે.

કેટલાક સભ્યો એવા ઘમંડપૂર્વક બોલ્યા હતા કે જાણે કે આસામી લોકો બરોબર વર્ત્યા નહિ, પણ અમે પોતે તો ઠંડા મગજના છીએ અને બધું તટસ્થ રીતે જોઇ સમજી શકીએ છીએ, પણ આપણું મગજ ઠંડું છે કારણ કે આપણા માથા ઉપર કોઇએ પ્રહાર કર્યો નથી. આ પ્રશ્નમાં ગુનેહગાર નથી માત્ર આસામી કે નથી બંગાળી, પણ આપણામાંની દરેક વ્યકિત આ ગુનાહની ભાગીદાર છે. આ આપણે બરોબર સમજી લેવુ ઘટે છે. આપણે જ્યારે રાષ્ટ્રીયતાની મોટી ઝૂમો પાડીને વાતો કરીએ છીએ ત્યારે તે રાષ્ટ્રીયતા દરેક વ્યકિતની અલાયદી અલાયદી હોય છે. તે રાષ્ટ્રીયતા દરેકના વ્યકિતગત રંગે રંગાયેલી હોય છે. ભલે તે પછી આસામી રાષ્ટ્રીયતા હોય, બંગાળી, ગુજરાતી, ઉત્તર પ્રદેશી, પંજાબી કે મદ્રાસી રાષ્ટ્રીયતા હોય. દરેક વ્યકિત એ મોટો શબ્દ 'રાષ્ટ્રીયતા' ભલે ઉચ્ચારે, પણ તેના પોતાના મનમાં એ રાષ્ટ્રીયતાને લગતી પોતપોતાની આગવી ભાત હોય છે અને આ બે કોટિની રાષ્ટ્રીયતા જ્યારે ઘર્ષણમાં આવે છે ત્યારે ઉપાધિ–સંકટ—પેદા થાય છે.

એવું જ ભારતીય એકતા વિષે છે. આપણને દરેકને આપણી પોતાની વિચારણાની અને કલ્પનાની એકતા જોઇએ છીએ. દરેક માણસને મન પોતાની વ્યકિતગત શ્રદ્ધા એ જ સાચી શ્રદ્ધા છે; બીજાની શ્રદ્ધા તે નાસ્તિકતા છે. 'મારી પોતાની કલ્પેલી રાષ્ટ્રીયતા સાચી છે, ખરી છે; તમારી ખોટી છે,' આવી રીતે વિચારવાનું આપણે હંમેશાં વલણ ધરાવીએ છીએ.

સામાજિક બાબતોમાં આપણા રીતરિવાજો અને રૂઢિઓ એટલી બધી સાંકડી, અનુદાર હોય છે કે તેનું અંતિમ પૃથક્કરણ કરતાં આપણને દરેકને પોતાનુ અલાયદુ રસોડું જોઇએ છીએ અને બીજા સાથે ભોજન કરવાથી દરેક દૂર રહેવા ઇચ્છે છે. આ જ કારણ છે કે જેને લીધે, વ્યકિતગત અપવાદો બાદ કરતાં, પરદેશીઓને હિન્દીઓ સાથે વ્યવહાર ચલાવવાનું સૌથી વધારે મુશ્કેલ માલુમ પડે છે.

ડૉ. કૃષ્ણસ્વામીએ જણાવ્યુ તેમ આપણે એક સુગ્રથિત સમાજમાં પરસ્પર સંકલિત થઇને નહિ, પણ અનેક બંધબારણાવાળી સમાજેમાં વહેંચાઇને–પુરાઇને–વસીએ છીએ. અલબત્ત આ બધું નાતજાતના ભેદો અને એવા બીજાં કારણોને લઇને છે. પણ એ હકીકત છે કે આપણે બંધિયાર સામાજિક વર્તુળોમાં પુરાઇને જ વસીએ છીએ : પછી તે બંગાળી બંધિયાર સમાજ હોય કે મરાઠી કે મલયાલી સમાજ હોય. માત્ર આપણા પોતાના જ દેશમાં નહિ પણ દેશ બહાર પણ, આપણને જુદી ગુજરાતી કલબ, મલયાલી કલબ, બંગાળી કલબ, અને એ જ ની બીજી કલબો જોવા જાણવા મળે છે. એક જુદી ગોરખપુરી કલબ પણ મારા જાણવામાં આવી હતી. આ મને ખાસ કરીને યાદ છે, કારણ કે રંગૂનની ગોરખપુરી કલબે મને એક વખત રૂા. ૧૦,૦૦૦ની થેલી આપી હતી. પણ કોઇ ઠેકાણે એક પણ ભારતીય કલબ જોવામાં આવતી નથી.

જવાહરલાલ નહેરુ

આચાર્યશ્રી તુલસીનું સુધારક દૃષ્ટિબિન્દુ

[તા. ૧-૬-૬૦ના પ્રબુદ્ધ જીવનમાં 'જૈન' પત્રમાંથી ઉદ્ધૃત કરેલ એક નોંધ 'તેરાપંથી જૈનોના હાથે જૈન મુનિના મૃતદેહની અક્ષમ્ય વિડંબના' એ મથાળા નીચે પ્રગટ કરવામાં આવી હતી. તે સંબંધમાં આચાર્ય તુલસીના એક મુખ્ય શિષ્ય મુનિશ્રી નગરાજજી તરફથી એક નિવેદન મળ્યું છે, જે નીચે પ્રગટ કરવામાં આવે છે—તંત્રી]

તા. ૨૬-૨-૬૦ના 'ભૂદાન'માં ' સિદ્ધાન્ત કા શવશૃંગાર ' નામનો શ્રી જમનાલાલજી જૈનનો એક લેખ વાંચવા મળ્યો. તા. ૧-૬-૬૦ના 'પ્રબુદ્ધ જીવન'માં 'તેરાપંથી જૈનોના હાથે જૈન મુનિના મૃતદેહની અક્ષમ્ય વિડંબના' નામે એ જ વિવરણ સંપાદકીય નોંધ સાથે, તેમ જ 'સરિતા'ના ઓગસ્ટ ૧૯૬૦ના અંકમાં ' નૈતિકતા કે દાવેદાર ' શીર્ષક લેખ વાંચવામાં આવ્યો. 'જૈન' વગેરે બીજાં પત્રોમાં પણ એ વિવરણ પ્રગટ થયું હતું. બધાંય પત્રોએ કરેલ આલોચનાની ભૂમિકામાં અને એની નીચે સમાયેલ અભિપ્રાયમાં ઘણું બધું અંતર રહેલું છે. કયાંક એ આલોચના સહજપણે કરવામાં આવી છે, તો કયાંક એ આલોચના, આલોચના કરવાની તકને ઝડપી લેવાની રીતે કરવામાં આવી છે. પણ, થોડા કે ઝાઝા પ્રમાણમાં, બધાય આલોચકોએ આચાર્ય તુલસી અને અણુવ્રત-આંદોલનની ટીકા કરી છે.

એક ઘટના બની, એનું અતિશયોક્તિભર્યું રૂપ જનતાની સામે આવ્યું, અને એની આલોચના કરવામાં આવી. એ એક વાત છે. પણ આચાર્ય તુલસી અને અણુવ્રત-આંદોલનને વચમાં ખેંચી લાવવું, એ જરૂર ખેદ ઉપજાવે એવી બાબત છે. લોકોએ એ જાણવાની તસ્દી ન લીધી કે આચાર્ય તુલસી એ વૈભવ-પ્રદર્શન સાથે સહમત હતા કે નહીં. અગર એ ઘટના નિમિત્તે આચાર્ય તુલસીના અનુભવો અને એમની આસ્થાનો સાચો બોધ કરી લેવામાં આવ્યો હોત તો, કંઈ નહીં તો, છેવટે તેમની વિચારસરણીના આલોચકોની કલમને કોઈક જુદો જ વળાંક મળ્યો હોત

આચાર્ય તુલસીના લાખો અનુયાયીઓનું એક વિશાળ કુટુંબ છે, અને એ કુટુંબ જુદી જુદી સામાજિક માન્યતા ધરાવે છે—આ વાતનો પણ જો એ આલોચકોએ વિચાર કર્યો હોત તો કેવુ સારું થાત! દેશના કયા ખૂણામાં, કયારે, શું બને છે અને એનું તાત્કાલિક સમાધાન સ્થાનિક લોકો શું આપે છે, એનો સંબંધ એ દેશકાળ સાથે જ હોય છે. આચાર્ય તુલસીનું આ બાબતમાં (સાધુના શબને શણગારવાની બાબતમાં) જે દૃષ્ટિબિંદુ હતું તે, એ ઘટના બન્યા પછી થોડાક જ દિવસો બાદ, એ જ નગરમાં સક્રિયરૂપે પ્રગટ થયું હતું. પરંતુ નવાઈની વાત છે કે જેટલો પ્રયાસ જૂના સમાચારનો પ્રચાર કરવામાં થયો હતો અને (હજી પણ) થઈ રહ્યો છે, એટલો પ્રયત્ન સુધારાને રજૂ કરતા એ બીજા સમાચારના પ્રચાર માટે કરવામાં નથી આવ્યો.

આ ઘટના પછી આશરે એક મહિના બાદ, તારીખ ૧૬-૩-૬૦ના રોજ, આચાર્યશ્રી કલકત્તાનું ચોમાસું કરીને લગભગ પંદરસો માઇલનો પાદવિહાર કરીને સરદારશહેર પહોંચ્યા. એ અરસામાં ઘોરતપસ્વી મુનિ શ્રી સુખલાલજીનું આમરણાંત અનશન ચાલુ હતું; અને તે અનશન એ દિવસે જ પૂરું થયું. મગન મુનિ (જેમના શબને શણગારવામાં આવ્યું હતું તે મુનિ)ની જેમ જ આ તપસ્વી મુનિનો અગ્નિસંસ્કાર કરવામાં આવે એ પ્રમાણે સ્થાનિક સમાજે નક્કી કર્યું હતું. આચાર્યપ્રવરે સ્થાનિક વ્યવસ્થાપકોને એમના પ્રદર્શનાત્મક દૃષ્ટિબિંદુને બદલવાનું સૂચન કર્યું. સમાજમાંના ઘણાખરા લોકો તો આ બાબતનો વિચાર સુદ્ધાં કરવા તૈયાર ન હતા. એક તરફ હજારોની સંખ્યાની જનતાનો મત હતો ને બીજી તરફ આચાર્યશ્રીની પ્રેરણા પામેલ થોડાક કાર્યકર્તાઓ હતા. કાર્યકર્તાઓએ આચાર્યશ્રી પાસે જઈને નિવેદન કર્યું કે—'આટલા મોટા લોકમતની સામે અમે કોઈ સુધારમૂલક દૃષ્ટિબિંદુનો અમલ કરી શકીએ એ અનવાજબી ગણી. આપ પોતે જ આ અપાર જનસમૂહને વાળી શકવા સમર્થ છો.' આચાર્યશ્રી પોતે વિશાળ જનસમૂહ વચ્ચે જઈને બેઠા અને બધાને સંબોધીને નીડરતાભર્યા સ્વરે બોલ્યા: "હું જાણું છું કે સ્વર્ગવાસી આત્મા પ્રત્યે આપના મનમાં અપાર શ્રદ્ધા ભરી છે, પરંતુ રૂપિયા ઉછાળીને કે સોનાની મુહપત્તિ બાંધીને આપ એ શ્રદ્ધાને જાહેર કરો, એ આપની શ્રદ્ધાની મશ્કરી કરવા જેવું ગણાશે. આપ પરંપરાનું નામ લઈને આ પ્રથાને ચાલુ રાખવાનો પ્રયત્ન ન કરશો. બધીય પરંપરાઓ કંઈ ચાલુ રાખવા જેવી નથી હોતી; કેટલીક તો નાશ કરવા જેવી પણ હોય છે. આ બાબતમાં મારે જે છેવટની વાત કહેવાની છે તે એ જ છે કે આ બધું આજે પણ નહિ થવું જોઈએ અને ભવિષ્યમાં પણ ન થવું જોઈએ."

એક ધર્માચાર્ય અને ધર્મગુરુનો વંચારેમાં વધારે પ્રભાવ શું હોઈ શકે, એ એ દિવસે બધાએ જોયું. લોકો સ્તબ્ધ થઈ ગયા. હજારો રૂપિયાની કોથળીઓ જેમની તેમ ભરી પડી રહી. ધર્મ-સ્તવન અને મંગલનાદ સાથે લોકો સ્મશાનયાત્રામાં જોડાઈ ગયા. ઘટના બની તે વેળાએ જ અને તૈયાર થઈ ગયેલ લોકમતની વિરુદ્ધ એકાએક આવી જાતનો નિશ્ચય કરી લેવો એ આચાર્યશ્રીની સુધારાની ભાવના અને સાર્વસિકતાનું સૂચક છે. તેરાપંથી મુનિની સ્મશાનયાત્રામાં રૂપિયા ઉછાળવામાં આવે, સોનાની મુહપત્તિ બાંધવામાં આવે, એ હંમેશને માટે બંધ થઈ ગયું. આ સંબંધમાં લોકસંસ્કારને બીજો પણ નવો વળાંક આપવાને માટે આચાર્ય-પ્રવર વિશ્વાસપૂર્વક વિચાર કરી રહ્યા છે.

આચાર્યશ્રી પોતે સુધારક દૃષ્ટિબિંદુ ધરાવે છે. એમનું સુધારમૂલક ચિંતન માત્ર ચિંતન જ ન રહેતાં સમાજના જીવન-વ્યવહારમાં ઊતર્યું છે અને ઝડપથી ઊતરી રહ્યું છે. જન્મ, લગ્ન અને મરણ સંબંધી આડંબરભર્યા રિવાજોમાં એક પ્રકારનો કાયાપલટો થતો દેખાય છે. રાજસ્થાનની સ્ત્રીઓ ઓઝલ-પડદો રાખવાની અયથાર્થતાને સમજીને એ પ્રથાથી છુટકારો પામી રહી છે. કરિયાવરનાં પ્રદર્શન અને એ માટેના નિયમો અને મોટા મોટા જમણવાર બંધ થઈ રહ્યા છે, એ સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. દીક્ષા વગેરે સમારંભો વખતે પણ વરઘોડા, વાજાં વગેરે બંધ થઈ રહ્યાં છે. આચાર્યશ્રીના દર્શન માટે જનારા જત્થાઓમાં પણ પોતાનું કામ પોતે જ પતાવી લેવાની વૃત્તિ વધી રહી છે; સ્થાનિક લોકોને એમને માટે લાકડાં-પાણી વગેરેનો ખર્ચ-ભાર નથી ઊઠાવવો પડતો. એ સુધારાઓનો કડીબધ્ધ ઇતિહાસ આચાર્યપ્રવરના પ્રભાવશાળી જીવનનો ઇતિહાસ બનશે.

આલોચના કરનારાઓ મોટે ભાગે નહીં થયેલા સુધારાઓ તરફ જ નજર દોડાવે છે; અમલી બનેલા સુધારા તરફ નજર સરખી નથી નાંખતાં. કહેવુ હોય તો, આજે પણ કહી શકાય એમ છે કે, અમુક પ્રાંતમાં, આચાર્યશ્રી તુલસીના અમુક અનુયાયીએ લગ્નપ્રસંગે આટલી ધામધૂમ અને આટલું પ્રદર્શન કર્યું. પણ એ કંઈ આચાર્ય તુલસીનું મૂલ્યાંકન કરવાનો ગજ ન હોઈ શકે. પોતાના ઇષ્ટ સ્થાન તરફ આગળ વધતા પ્રવાસીની ગતિનું મૂલ્યાંકન એણે કેટલા વખતમાં કેટલો પંથ કાપ્યો એ

ઉપરથી થઈ શકે, નહીં કે હજી એનું ધ્રુવસ્થાન કેટલું દૂર છે એ ઉપરથી.

અણુવ્રત-આંદોલનની પણ બરાબર આવી જ સ્થિતિ છે. જેવી પરિસ્થિતિઓમાં અને જેટલા સમયમાં, દેશના માનસને એણે જે રીતે હચમચાવી દીધું છે, એ ઘણું છે; અને જે કરવાનું બાકી છે એ તો એથી પણ અનંતગણું છે. આલોચકને પોતપોતાની દૃષ્ટિ હોય છે: એક આલોચક રાતની બન્ને બાજુએ દિવસ જુએ છે; અન્ય આલોચક દિવસની બન્ને બાજુ રાત જુએ છે.

મુનિશ્રી નગરાજજી

તંત્રી નોંધ:—કોઈ કૌટુંબિક કે સામાજિક અવસર ઉપર કોઈ તેરાપંથી જૈન પ્રમાણમહારનો હાહમાહ કે દ્રવ્યવ્યય કરે અને તેને તેરાપંથ સાથે, આચાર્ય તુલસી સાથે કે અણુવ્રત આંદોલન સાથે જોડવાનો કોઈ આલોચક પ્રયત્ન કરે તો તે જરૂર અનુચિત લેખાય. પણ એક તેરાપંથી મુનિનું અવસાન થતાં તેના શબને શણગારવા પાછળ અને તેની સ્મશાનયાત્રા પાછળ તેરાપંથના અનુયાયીઓ હજારો રૂપિયાનું પાણી કરે અને જૈન મુનિના શબ સાથે અણઘટતી વિવેકશૂન્ય ચેષ્ટા કરે અને તેની પ્રક્રિયા તેરાપંથ અને તેના વર્તમાન સૂત્રધાર આચાર્ય તુલસીને અનુમત હશે એમ માની લઈને કોઈ આલોચક તેની સખ્ત ટીકા કરે અને અણુવ્રત આંદોલન જેવા નૈતિક પુનરુત્થાનની ભારત-વ્યાપી ઘોષણાઓ કરનાર આચાર્ય તુલસી વિષે કોઈ આલોચક આશ્ચર્ય વ્યકત કરે અને અણુવ્રત-આંદોલનને તે સાથે જોડે તો તેમાં કશું જ અનુચિત દેખાતું નથી. પણ પ્રસ્તુત મગન મુનિના અવસાન પછી એક મહિના બાદ એવો જ બીજો પ્રસંગ-મુનિ સુખલાલજીના અવસાનને લગતો-બનતાં અને સ્વ. મગનમુનિના શબસંસ્કાર અને સ્મશાનયાત્રા જેવી જ અનુયાયી-ગણની તૈયારી તરફ આચાર્ય તુલસીનું ધ્યાન ખેંચવામાં આવતાં તેમણે આ બધો હાહમાહ અને શોભાશણગાર અટકાવીને સાદાઈભરી સ્મશાનયાત્રા કરવાનું ફરમાવ્યું-આ સમાચાર ઉપર આપેલ મુનિશ્રી નગરાજજીના નિવેદન ઉપરથી જાણવા મળતાં જરૂર આનંદ અનુભવાય છે અને આચાર્ય તુલસીનું અભિનન્દન કરવા ચિત્ત પ્રેરાય છે. અંધશ્રદ્ધા અને ગતાનુંગતિકતાને વરેલા જન-ગણને કોઈ પણ અવિવેકભરી ઘૃણાજનક પ્રથાથી પાછો વાળવાનો સફળ પ્રયત્ન જે કોઈ વ્યકિત કરે તે જરૂર ધન્યવાદને પાત્ર લેખાવી જોઈએ.

આચાર્ય તુલસી માત્ર તેરાપંથના નહિ પણ જૈન સમા-જના એક સમર્થ પ્રતિભાસંપન્ન આચાર્ય છે અને તેમણે ઉપાડેલ અણુવ્રત-આન્દોલન-તે જેવું હોય તેવું અને તેની સફળતા જેટલી હોય તેટલી-ભારતના કલ્યાણને પોષનારું-સંવર્ધિત કરનારું છે એમાં કોઈ શક નથી. આમ હોવા છતાં પણ તેમના સુધારક-પણાને અનેક મર્યાદાઓ છે. તેઓ અનેક સંકીર્ણતાથી ભરેલા તેરાપંથના મુખ્ય પ્રવર્તક આચાર્ય છે અને આ સિંહાસન જ અનેક જૂનવાણી શૃંખલાઓ અને પ્રક્રિયાઓ વડે તેમની ગતિનો અવરોધ કરે છે. પોતે આરંભસમા-રંભયુકત કશી જ ક્રિયા કે પ્રવૃત્તિ કરતા નથી. દા. ત. તેઓ કોઈ પણ વ્યકિત ઉપર સીધો પત્ર પણ લખતા નથી, (અલ-બત્ત, તેઓ પત્રો તેમ જ જવાબો કોઈ પાસે લખાવે જ છે) કારણ કે તે સાથે સૂક્ષ્મ હિંસા એક યા બીજા પ્રકારે જોડાયેલી છે;-આવો અહિંસક આચારને લગતો દેખાવ ચાલુ રાખવો અને બીજી બાજુએ હજારો રૂપિયા જે પાછળ ખરચાય છે તે પ્રકારનો તેરાપંથનો અને અણુવ્રતઆન્દોલનનો આડંબરભર્યો મોટા પાયા ઉપરનો પ્રચાર પોતાની પ્રેરણા, સૂચના અને યોજનાપૂર્વક ચલાવ્યે રાખવો-આ વિસંવાદનો બીજો શું ખુલાસો હોઈ શકે? તેઓ મોઢે મુહપત્તિ બાંધે છે તે એક અર્થવિનાની પ્રથાની ગુલામી નહિ તો બીજું શું છે? તેમણે ગયું ચોમાસું કલકત્તા ખાતે કર્યું હતું. તે દરમિયાન જૈન સાધુના મળમૂત્રવિસર્જનના પ્રશ્ને ભારે ગંભીર ચર્ચાનું રૂપ ધારણ કર્યું હતું. તે વખતે તેમણે શહેરી જીવનની સભ્યતાનું એકાંત વિરોધી અને વિશાળ જનસમાજમાં જૈન સાધુસંસ્થાને કેવળ હાસ્યાસ્પદ બનાવે એવું જે વલણ ધારણ કર્યું હતું અને તેમના તરફથી ઊલટાસૂલટા જે અનેક ખુલાસાઓ બહાર પાડ-વામાં આવ્યા હતા તે બધું તેમની સાંપ્રદાયિક ચોગઠાબંધીને પ્રગટ કરવા માટે અને તેમના સુધારવાદને અત્યન્ત સીમિત કોટિનો પુરવાર કરવા માટે પૂરતું છે.

આવી સ્વપ્રતિષ્ઠારક્ષક અને સંપ્રદાયકમૂલક અનેક મર્યાદાઓ આચાર્ય તુલસીની સુધારકવૃત્તિને આવરી રહી છે. આમ છતાં પણ કોઈ પણ વ્યકિત સમાજને આગળ વધારવાની દિશાએ જે કાંઈ શુભ કાર્ય કરે અને તે દ્વારા સમાજશ્રેયને સંવર્ધિત કરે તે અભિનંદનીય લેખાવું જોઈએ તે મુજબ આચાર્ય તુલસી પોતાના સાંપ્રદાયિકગણને જેટલા પ્રમાણમાં સમ્યક્ આચારવિચાર તરફ દોરી રહ્યા છે તેટલા પ્રમાણમાં તેમની પ્રવૃત્તિ આદર અને અભિનંદનને પાત્ર છે એમ મુક્ત મને આપણે સ્વીકારવું જોઈએ.

મુનિશ્રી નગરાજજી પોતાના નિવેદનના અંતમાં જણાવે છે કે "આલોચકને પોતપોતાની દૃષ્ટિ હોય છે; એક આલોચક રાતની બન્ને બાજુએ દિવસ જુએ છે; અન્ય આલોચક દિવસની બંને બાજુ રાત જુએ છે." આમાં એટલું ઉમેરવું ઘટે છે કે જાગૃત આલોચક કોઈ પણ ઘટનાની આલોચના કરવા ત્યારે જ પ્રેરાય છે કે જ્યારે કોઈ એક ઘટના તેને દિવસના પ્રકાશમાં રાત્રી જેવી શ્યામ અને ગ્લાનિપ્રેરક લાગે છે અથવા તો રાત્રીના અંધકારમાં દિવસ જેવી ઉજળી અને આનંદપ્રેરક લાગે છે. પ્રથમ પ્રકારની ઘટનાની તે કડક આલોચના કરવા પ્રેરાય છે અને દ્વિતીય પ્રકારની ઘટનાનું તે અભિનન્દન કરવાની ઉત્કટતા અનુભવે છે. અંધારા અજવાળાનો વિવેક માત્ર તે જ આલોચક કરી શકતો નથી જેની બુદ્ધિ કોઈ વ્યકિતવિશેષ અથવા તો ગ્રંથવિશેષ પ્રત્યેની અંધશ્રદ્ધાથી આવૃત્ત હોય છે. —**પરમાનંદ**

જૈન સાધુસંસ્થા અંગે થોડો વિચારવિનિમય

તા. ૧૬-૮-'૬૦ના **પ્રબુદ્ધ જીવન**માં પ્રગટ થયેલ "'ભગવાન મહાવીરનું કાર્ય :' એક વિચારણા" એ શીર્ષક નીચે શ્રી દલસુખ-ભાઈ માલવણિયાનો લેખ તથા તેને પૂરક એવી મારી નોંધ વાંચીને કાશી-બનારસથી શ્રી અજાતશત્રુ તા. ૧૬-૮-'૬૦ના મારી ઉપરના પત્રમાં જણાવે છે કે:-

"શ્રી દલસુખભાઈનો લેખ વાંચીને જાણે કે કાંઇક એવું લાગ્યું કે તેમણે એકમાત્ર જૈન સિદ્ધાંતને પ્રતિષ્ઠિત કરવાનો પ્રયત્ન કર્યો છે અને તેમને એવો ભય છે કે શ્રી શંકરરાવ દેવના વિચારો જૈન સિદ્ધાંતને પ્રતિકૂળ હોઈને તેને કોઈ મહત્વનું સ્થાન ન મળી જાય. પણ એમણે એવો ભય ન રાખવો જોઈએ. આપે શ્રી શંકરરાવ દેવ અને શ્રી દલસુખભાઈ માલવણિયાના વિચારોનો સમન્વય કરતાં જે વચ્ચેનો રસ્તો કાઢયો છે તે અમુક હદ સુધી ઠીક છે. પણ હું માનું છું કે આજે જરા ઉદાર બનીને તથા વ્યાપક દૃષ્ટિથી વિચાર કરવાની જરૂર છે.

મેં પોતે ૬ વર્ષ સુધી જૈન સાધુનું જીવન ગાળ્યું છે. આચાર્ય તુલસીજીની પાસે, સ્થાનકવાસી સમાજમાં તેમ જ મૂર્તિપૂજક સમાજમાં મેં ઊંડાણમાં જઈને સર્વ કાંઇ જોવા જાણવાની કોશિષ કરી છે. આ અનુભવો બાદ હું એવા નિષ્કર્ષ ઉપર આવ્યો છું કે આજનો સાધુસમાજ કમમાં કમ 'અહિંસક સમાજ' તો નથી જ. હું જાણું છું કે પ્રમાદ, ભોગવાદ, આલસ્ય વગેરે દુર્ગુણોની ભરતી બહુ તેજી સાથે સાધુસમાજમાં થઈ છે. માત્ર જૈન સાધુ જ નહિ, સર્વ સંપ્રદાયના સાધુઓ આ

દોષથી મુક્ત નથી. તેમની અહિંસા માત્ર એટલે દૂર જઈને અટકી જાય છે કે તેઓ ખેતી કરતા નથી, લીલોતરીને અડતા નથી, સામાજિક કાર્યોમાં ભાગ લેતા નથી–આવી રીતે અન્ય પ્રવૃત્તિ પણ કરતા નથી અને કેવળ સમાજને ઉપદેશ આપવાનું જ કામ કર્યા કરે છે. મને લાગે છે કે શંકરરાવ દેવે જે ચેતવણી આપી છે તે ઉપર ગંભીરતાથી વિચાર કરવાની જરૂર છે.

" સાધુનું ભોજન ધર્મમય ગણવામાં આવે છે, તેથી કર્મ–ક્ષય થાય છે, અને સાધુઓને આહાર વહોરાવવાથી મોટું પુન્ય અને ધર્મ પ્રાપ્ત થાય છે–આવી માન્યતા પ્રચલિત છે. આવી સ્થિતિમાં ખેતી કરવી તે હિંસા છે પણ ભોજન કરવું તે ધર્મ છે. આ સિદ્ધાંત ક્યાં સુધી તર્કસંગત છે તે સમજમાં આવતું નથી. જ્યારે સાધુલોક સંઘ બનાવીને, સંસ્થા રચીને, સંપ્રદાયવાદ ઊભો કરીને અહિંસાનો પ્રચાર કરવા ઇચ્છે છે તો તેમણે એ દેખાડવું પડશે કે આખરે અહિંસાના રસ્તે ચાલીને આદમી, અન્ન–વસ્ત્ર વગેરેની જે તેની અનિવાર્ય આવશ્યકતાઓ છે તે, ક્યાંથી–પ્રાપ્ત કરશે ? જ્યાં સુધી આ રસ્તો શોધવામાં ન આવે ત્યાં સુધી માત્ર અહિંસાનો ઉપદેશ નિરર્થક છે. આશા રાખું છું કે આપ મારા વિચારોનું સમાધાન કરશો."

તે પત્રનો મારા તરફથી નીચે મુજબ જવાબ આપવામાં આવ્યો છેઃ–

શ્રી શંકરરાવ દેવના પ્રવચન ઉપર શ્રી દલસુખભાઇ માલવણિયાનો જે લેખ તા. ૧૫–૮–૬૦ના પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ થયો છે તે લેખ સંબંધમાં આપ જણાવો છો કે "શ્રી દલસુખભાઇનો લેખ વાંચીને જાણે કે કાંઇક એવું લાગ્યું કે તેમણે એક માત્ર જૈન સિદ્ધાન્તને પ્રતિષ્ઠિત કરવાનો પ્રયત્ન કર્યો છે અને તેમને એવો ભય છે કે શ્રી શંકરરાવ દેવના વિચારો જૈન સિદ્ધાન્તને પ્રતિકૂળ હોઇને તેને કોઇ મહત્વનું સ્થાન ન મળી જાય." આ આપની ટીકા મને જરા પણ ઉચિત લાગતી નથી. તેમણે જૈન મુનિના આચાર પાછળ જે એક વિશિષ્ટ દૃષ્ટિબિન્દુ રહેલ છે તે સ્પષ્ટ કરવાનો પ્રયત્ન કર્યો છે અને તે કોઇ પણ પ્રકારના સાંપ્રદાયિક અભિનિવેશથી મુકત રહીને કર્યો છે–આવો હું તેમના લેખ વિષે અભિપ્રાય ધરાવતો હોઇને તે લેખ મેં પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ કરવાનું ઉચિત ધાર્યું છે. શ્રી શંકરરાવ દેવના પ્રસ્તુત પ્રવચનમાં મને પોતાને પણ કેટલાંક વિધાનો Loose–સમ્યક્ વિચારણાથી યુકત નહિ એવાં–લાગેલાં અને પંડિત સુખલાલજીના પણ એ પ્રવચન અંગે આવા જ Reactions–પ્રત્યાઘાત–હતા. એ વિધાનોનું શ્રી દલસુખભાઇએ જે સંમાર્જન કર્યું છે તે મને બધી રીતે યોગ્ય જ લાગ્યું છે. તેમના વિષે આપ જે ભયની કલ્પના કરો છો તે તો તેમને ભારે અન્યાય કરનારી છે. કદાચ આપ તેમને પૂરા જાણતા નથી.

મારી પૂરક નોંધ વિષે આપ જણાવો છો કે "આપે શ્રી શંકરરાવ દેવ અને શ્રી દલસુખ માલવણિયાના વિચારોનો સમન્વય કરતાં જે વચ્ચેનો રસ્તો કાઢયો છે તે અમુક હદ સુધી ઠીક છે." એમ જણાવીને આજે જરા ઉદાર બનવાની અને વ્યાપક દૃષ્ટિથી વિચારવાની મને આપ સૂચના કરો છો. આ સૂચના મને સ્વીકાર્ય છે પણ મારી પૂરક નોંધ વિષે એટલી સ્પષ્ટતા કરવાની મને જરૂર લાગે છે કે એ નોંધમાં મેં જે કાંઇ લખ્યું છે તે ઉપર જણાવેલ બે પ્રસ્તુત વ્યકિતઓ વચ્ચે સમન્વય કરવાની બુદ્ધિથી કે વચલો રસ્તો સૂચવવાની વૃત્તિથી નહિ પણ શ્રી દલસુખભાઇના લખાણમાં જરૂરી પૂર્તિ કરવાના હેતુથી જ લખ્યું છે.

શ્રી દલસુખભાઇ, આજના જૈન સાધુઓ ખરેખરા અહિંસક છે એવું કોઇ પ્રમાણપત્ર તેમને આપતા જ નથી. તેમણે તો જૈન સાધુઓના શાસ્ત્રગત આચાર પાછળ રહેલા મંતવ્યોની સ્પષ્ટતા કરી છે. વળી, જેઓ ખેતીમાં હિંસા માને છે તેઓ ભોજનની પ્રક્રિયામાં ધર્મ માને છે, આ આપનું વિધાન બરોબર નથી. ભોજનમાં પણ તેઓ હિંસા સ્વીકારે છે, પણ જીવનનિર્વાહ માટે અનિવાર્ય હોઇને તેને ક્ષમ્ય અથવા તો નિર્દોષવત્ માને છે.

આપના પત્રના છેવટના ભાગમાં આપ પ્રશ્ન કરો છો કે "જ્યારે સાધુલોક સંઘ બનાવીને, સંસ્થા રચીને, સંપ્રદાયવાદ ઊભો કરીને અહિંસાનો પ્રચાર કરવા ઇચ્છે છે તો તેમણે એ દેખાડવું પડશે કે આખરે અહિંસાને રસ્તે ચાલીને આદમી, અન્ન–વસ્ત્ર વગેરેની જે અનિવાર્ય આવશ્યકતાઓ છે તે ક્યાંથી પ્રાપ્ત કરશે ?" આ આપનો પ્રશ્ન અત્યન્ત પ્રસ્તુત અને ઉચિત છે. આપણે ત્યાં અહિંસાનો કેવળ ઉપદેશ જ અપાયા કરે છે, પણ તેને રોજ–બરોજની પ્રવૃત્તિ સાથે કેમ સંકલિત કરવી, અન્ન–વસ્ત્ર આદિના ઉત્પાદન સાથે કેમ અનુસન્ધિત કરવી, અને આવા ઉત્પાદન સાથે જ્યાં કેવળ હિંસા જ જોડાયલી હોય ત્યાં પણ હિંસાની માત્રા કેમ ઘટાડવી–આ બધાંનો આ અહિંસાના ઉપદેશક સાધુઓ જરા પણ વિચાર કરતા જ નથી અને તેથી માનવીના ચાલુ જીવનવ્યવહાર સાથે અહિંસાનો કોઇ મેળ બેસતો નથી.

પણ મને લાગે છે કે સૈકાઓજૂની પરંપરાને વરેલા અને ચોક્કસ પ્રકારના ઢાળાની જીવનપદ્ધતિથી જકડાયેલા જૈન સાધુઓથી આ કાર્ય થઇ શકવાનું નથી. આ કાર્ય છે અહિંસાનો વધારે વ્યાપક અને ઊંડાણથી વિચાર કરનારા ગાંધી–પેઢીના નવા વિચારકોનું.

આમ છતાં પણ, પોતાના પરિમિત સંયોગોમાં જૈન સાધુઓ સાધુજીવનના ઢ ખ્યાલો અંગે કેટલોક પાયાનો વિચાર કરીને પોતાની ચાલુ જીવનપદ્ધતિને નવો વળાંક આપી શકે છે. આ પાયાના સંશોધન અંગે નીચેનું ધોરણ હું સૂચવું છું :–

(૧) જીવનધોરણ માટે કોઇ ને કોઇ આકારમાં અહિંસા અનિવાર્ય હોઇને જૈન સાધુઓનો અહિંસક આચાર એટલે શકય તેટલી ઓછી અને અનિવાર્ય અહિંસા ઉપર નિર્ભર એવો જીવનવ્યવહાર એમ સમજી લેવું ઘટે.

(૨) તેમની જરૂરિયાતની ચીજો તેઓ જાતે ઉત્પન્ન ન કરે એમ છતાં તેના ઉત્પાદન સાથેની હિંસાના તેઓ ભાગીદાર બને જ છે– આ સંબંધમાં તેઓ કોઇ ભ્રમમાં ન રહે.

(૩) પોતાની ચાલુ જીવનચર્યામાં કોઇ ને કોઇ પ્રકારના નિયમિત શારીરિક શ્રમને તેઓ ચોક્કસ સ્થાન આપે.

(૪) પોતાના જીવનવ્યવહાર અંગે અને આધ્યાત્મિક સાધના–જેને સાધુ જીવનનું હું એક અનિવાર્ય અગ લેખું છું તે–અંગે જે સામાજિક સગવડો તેઓ ભોગવે છે તેના વળતર રૂપે તેમણે પણ સમાજને એક યા બીજા પ્રકારની સેવા આપવાની જવાબદારી સ્વીકારવી જોઇએ.

આ અંગે મારો અને આપનો મતભેદ કદાચ ત્યાં હોય એમ લાગે છે કે જ્યારે આપ એમ માનતા જણાઓ છો કે જે કોઇ સાધુ અન્ન ખાતો હોય અને વસ્ત્ર પહેરતો હોય તો તેણે તેના ઉત્પાદનમાં ભાગ લેવો જ જોઇએ. આમ સમજીને કોઇ સ્વેચ્છાએ અન્નવસ્ત્રના ઉત્પાદનમાં ભાગ લે, જોડાય તે સામે મને વાંધો નથી, પણ તેનો એ અનિવાર્ય ધર્મ બને છે એ વિચાર મને સ્વીકાર્ય નથી. આપણું વ્યકિતગત જીવન શ્રમવિભાજન ઉપર આધારિત છે અને તેથી સમાજહિતને પૂરક એવો કોઇ પણ વ્યવસાય પસંદ કરવાને દરેક વ્યકિત સ્વતંત્ર છે અને આ વ્યવસાયની પસંદગી દરેક વ્યકિત પોતાની આવડત, વલણ, જન્મજાત સંસ્કાર જીવન વિષેના તેના ખ્યાલો અને જીવનનું આખરી ધ્યેય–આવી અનેક બાબતો ધ્યાનમાં રાખીને તે કરે છે. આ રીતે વિચારતાં જૈન સાધુ અન્ન–વસ્ત્રનો ઉપયોગ કરે છે એ કારણસર જ તેણે ખેતી કરવી જોઇએ કે વણાટકામ કરવું જોઇએ– આવો આગ્રહ મને સયુકિતક લાગતો નથી.

આશા રાખું છું કે આ જવાબ આપના વિચારોનું સમાધાન કરવામાં ઓછા વધતા અંશે મદદરૂપ બનશે.

આપનો,
પરમાનંદ

ખાંડ ઉપર નિયંત્રણ શા માટે?

એક વિચિત્ર જાહેરાત

મુંબઇથી પ્રગટ થતા અંગ્રેજી દૈનિક 'ધી ટાઇમ્સ ઓફ ઇન્ડિયા' ના તા. ૩૦-૭-૧૯૬૦ ના અંકના સાતમે પાને 'વાપરનારાઓને ખાંડ છૂટથી કેમ મળતી નથી?' એવો પ્રશ્ન પૂછતી નીચે મુજબ જાહેરાત, કલકત્તાના બેંગાલ શુગર મર્ચન્ટસ્ એસોસીએશન તરફથી પ્રગટ કરવામાં આવી છે:—

WHEN SUGAR STOCKS ARE SO HEAVY WHY ARE CONSUMERS UNABLE TO OBTAIN SUPPLIES FREELY?

	Last Year (1958-1959)	This Year (1959-1960)
	(in lakh tons)	
Production ...	19.18	24.10
Consumption for 7 months ending 31st May 1959 and 1960 ...	12.20	11.23
Stock with Mills on 31st May 1959 and 1960 ...	10.06	14.00

PONDER: IN WHOSE INTEREST IS SUGAR CONTROL CONTINUED??

Issued by Bengal Sugar Merchants' Association, 2C, Ramkumar Rakshit Lane, Calcutta-7.

આ જાહેરાતમાં આપેલ સને ૧૯૫૯ અને ૧૯૬૦ ના ખાંડના ઉત્પાદન, વપરાશ અને પુરાંતના આંકડાઓ નીચે પ્રમાણે છે:—

ઉત્પાદન:—સને ૧૯૫૮-૫૯ ની સાલમાં ઓગણીસ લાખ અઢાર હજાર ટન થયું હતું, જ્યારે ૧૯૫૯-૬૦ ની સાલમાં ચોવીસ લાખ દસ હજાર ટન થયું હતું.

વપરાશ:—સને ૧૯૫૯ના ૩૧ મે સુધીના સાત મહિનામાં બાર લાખ વીસ હજાર ટનની થઇ હતી, જ્યારે સને ૧૯૬૦ના ૩૧ મે સુધીના સાત માસમાં અગિયાર લાખ ત્રેવીસ હજાર ટન જેટલી હતી.

પુરાંત—સને ૧૯૫૯ના ૩૧ મેના રોજ પુરાંત દસ લાખ છ હજાર ટનની હતી, જ્યારે ૧૯૬૦ના ૩૧ મેના રોજની પુરાંત ચૌદ લાખ ટન હતી.

ઉત્પાદન, વપરાશ અને પુરાંતના આ આંકડાઓ આપ્યા પછી છેવટે એ જાહેરાતમાં વાંચકને કહેવામાં આવ્યું છે કે "ખાંડ ઉપરનું આ નિયંત્રણ કોના લાભાર્થે ચાલુ રાખવામાં આવે છે, એનો વિચાર કરજો!"

ઉપર જે આંકડાઓ આપવામાં આવ્યા છે તે સાફ સાફ દર્શાવે છે કે ૧૯૫૯ની સાલ કરતાં ૧૯૬૦ની સાલ દરમિયાન ખાંડનું ઉત્પાદન વધ્યું છે, વપરાશ ઘટી છે અને પુરાંતમાં પણ લગભગ ચાલીસ ટકા જેટલો વધારો થયો છે.

આ આંકડાઓ જોતાં આવી જાહેરાત પ્રગટ કરનાર બેંગાલ સુગર મર્ચન્ટસ્ એસોસીએશને પૂછ્યો છે એવો સવાલ કોઇ પણ વિચારકને થવો સ્વાભાવિક છે કે, તો પછી ખાંડનું આ નિયંત્રણ શા માટે?

આપણા દેશના આંકડા-શાસ્ત્ર ઉપર કેટલો વિશ્વાસ રાખવો એ એક સવાલ તો છે જ; છતાં ઉપર આપેલ આંકડા આધાર ભૂત રીતે જ આપવામાં આવ્યા છે, એમ માનીને જ ચાલીએ. આ આંકડાની સાથોસાથે પરદેશી નાણું મેળવવાને માટે આપણા દેશમાંથી ઉપર જણાવેલ સમય દરમ્યાન કેટલી ખાંડની પરદેશ ખાતે નિકાસ કરવામાં આવી, એના આંકડા આપવામાં આવ્યા હોત તો ઉપર આપેલ ખાંડની વધુ પુરાંત દર્શાવતું ચિત્ર વધુ સ્પષ્ટ અને વિશેષ પ્રતીતિકર બની શક્યું હોત. અસ્તુ!

અહીં ખાસ તો વિચારવા જેવું એ છે કે આવી જાહેરાત આપવાનો હેતુ કોની સ્વાર્થપરાયણતા કે વિશેષ નફાખોરીને છતી કરવાનો હોઇ શકે?

એક બાજુ ખાંડનું ઉત્પાદન કરનારાં અનેક નાનાં-મોટાં કારખાનાં એટલે કે ઉદ્યોગપતિઓ છે; અને બીજી બાજુ ખાંડની વપરાશ કરનારી આપણા દેશની ચાલીસ કરોડની (અથવા એમાંથી જેટલી ખાંડનો ઉપયોગ કરતી હોય એટલી) જનતા છે; અને એ બેની વહેંચણી અને વેપારનું તંત્ર જેમના હાથમાં છે તે કલકત્તા જેવાં ખાંડના વેપારીઓનાં મંડળો, ખાંડના કારખાનાંઓ સાથે સીધેસીધા સંકળાયેલાં મુખ્ય એજંટ કે એજન્ટો, મોટા મોટા જથાબંધ વેપારીઓ અને છેવટે નાના નાના છૂટક વેપારીઓ છે.

આ રીતે ઉત્પાદન કરનાર, વેચનાર અને વાપરનાર, એમ ત્રણની વચ્ચે ખાંડના કે બીજા કોઇ પણ ઉદ્યોગનો વ્યવહાર મુશ્કેલી વગર અને ફુદરતી ક્રમે ચાલ્યા કરતો હોય તો એમાં ચોથાએ વચ્ચે પડવાની જરૂર ન જ હોય! અને જો એવી સ્થિતિ નિરાકુલ રીતે ચાલ્યા કરે તો તેથી દેશને પણ સીધી કે આડકતરી રીતે, સરવાળે લાભ જ થાય.

પણ બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન અને ખાસ કરીને બીજા વિશ્વયુદ્ધ બાદ આપણા દેશમાં અને દુનિયાના બીજા દેશોમાં પણ (અને કદાચ આપણા દેશમાં પ્રમાણમાં વધારે માત્રામાં) બે પ્રકારના બજારો અને બે પ્રકારનું નાણું ઘણા મોટા પ્રમાણમાં અસ્તિત્વમાં આવી ગયાં છે. ચાલુ બજારની સામે બરાબર સમાંતર લેખી શકાય એવું કાળું બજાર સજ્જડ રીતે ઘર કરી ગયું છે; અને એ જ રીતે ચોપડે લખ્યા નાણાંની સામે સમાંતર લેખી શકાય એવું ગેરકાયદેસરનું નાણું પણ ખૂબ જોરાવર બની ગયું છે.

આ કાળા બજાર અને ગેરકાયદેસરનાં નાણાં ઉપર આપણા ઉદ્યોગપતિઓનો અને મોટા મોટા વેપારીઓનો એવો સજ્જડ કાબૂ છે કે એના બળે તેઓ ધારે ત્યારે લાખો ટન માલને ગારદ કરી દઇને આખા દેશમાં સાવ નકલી અછત ઊભી કરી શકે છે; અને એમ કરીને પ્રજાને માલની તંગીની સખ્ત હાડમારીમાં મૂકી દઇને સરકારને પણ હંફાવી શકે છે. આમાં પરદેશ ખાતે માલની નિકાસ કરવાની સરકારની પરવાનગી બળતામાં ઘી રેડવાનું કામ કરીને પરિસ્થિતિને કાબૂબહાર બનાવી મુકે છે.

આવી કારમી અછતની સ્થિતિ ઊભી થતાં ભાવો બીજના ચંદ્રની જેમ રોજેરોજ વધતા જાય છે; પરિણામે પ્રજામાં માલની અછતની અને ભાવવધારાની કાગારોળ મચતાં સરકારને પૂર્ણનિયંત્રણ કે અર્ધનિયંત્રણનો માર્ગ સ્વીકારવો પડે છે. આ માર્ગે પ્રજાનું તો જે થાય તે થાય, પણ ઉદ્યોગપતિઓ અને મોટા જથાબંધ વેપારીઓને તો મોટે ભાગે ઘી-કેળાં થાય છે! અને એમાંથી સરકારી તંત્ર પણ લાંચ-રુશ્વતની બદીથી ખદબદી ઊઠે છે. પછી તો એ બધાંનું શુદ્ધિકરણ કેવી રીતે કરવું એ જ મોટો કોયડો બની જાય છે.

બેંગાલ સુગર મર્ચન્ટસ એસોસીએશને જે પ્રકારની વિચિત્ર જાહેરખબર પ્રગટ કરી છે તેથી મોટા મોટા વેપારીઓ તો જાણે પોતે આ દોષથી સર્વથા અલિપ્ત જ હોય, એવો ભ્રમ

ઊભો કરવાનો પ્રયત્ન કરવામાં આવતો હોય એમ લાગે છે. પણ ખાંડ ઉપર અત્યારે આટલું પાકું નિયંત્રણ હોવા છતાં નિયંત્રિત ભાવ કરતાં દોઢા-બમણા (અને હવે તો લગભગ સવાયા) ભાવે જોઇએ તેટલી ખાંડ મળતી હોય તો એમાં એ બધાનો કોઇ હિસ્સો નહીં હોય?

પણ એ વેપારીઓએ તો માની લીધું છે કે પોતે સાવ 'સતા' છે; એટલે પછી એમ જ માનવું રહ્યું કે આ નિયંત્રણ કાં તો ઉદ્યોગપતિઓના અને નહિ તો સરકારના લાભાર્થે જ ચાલુ રાખવામાં આવતું હોય.

લાંચ-રુશ્વતના રોગથી પીડાતા સરકારી તંત્રને (પ્રધાનો, અમલદારો કે કર્મચારીઓને) બાદ કરીએ તો પ્રજાકીય સરકારની પોતાની તિજોરીને આથી કંઇ લાભ થતો હોય, અને એ લાભ મેળવવા માટે જ પ્રજાને પરેશાન કરતા આવાં બિનકુદરતી નિયંત્રણો નભાવવામાં આવતાં હોય એમ ભાગ્યે જ માની શકાય. અને જો આવાં નિયંત્રણોથી છેવટે સરકારી તીજોરી સદ્ધર બનતી હોય તો એ પણ એક પ્રજાકીય લાભ જ લેખી શકાય; અને તો પછી એની સામે આવા વ્યાપક અસંતોષને ભાગ્યે જ સ્થાન રહે. પણ સાચી સ્થિતિ એવી હોય એમ લાગતું નથી. પરંતુ ઉપરની અજબ જાહેરાતનો હેતુ ગમે તેમ કરીને પ્રજાની નજરમાં સરકારને હલકી ચીતરવાનો હોય એમ કદાચ કહી શકાય; કારણ કે ઉદ્યોગપતિઓ અને વેપારીઓ છેવટે તો એકબીજાના પૂરક અને એક જ માર્ગના-પ્રજા પાસેથી વધારેમાં વધારે નફો કેવી રીતે મેળવવો એવી વૃત્તિના-સહપ્રવાસી હોય છે.

એટલે ઉપર જણાવેલ પ્રશ્નનો સાચો જવાબ કંઇક એવો જ આપવાનું મન થાય છે કે આ ખાંડનું નિયંત્રણ કેવળ ઉદ્યોગપતિઓના લાભમાં જ ચાલી રહ્યું છે; અને ઉદ્યોગપતિઓની એકાકુ બની ગયેલી શક્તિને નાથવામાં અશક્ત નીવડેલું આપણું સરકારી તંત્ર પ્રજાપીડનના દોષનો અને લાંચરુશ્વતની બદીના અપજશનો ભારે ટોપલો પોતાના માથે ઉપાડીને પણ આ નિયંત્રણને ચાલુ રાખી રહ્યું છે!

નકલી અછત ઊભી કરીને કે બીજી મુસ્કેલીઓની કાગારોળ મચાવીને સરકાર ઉપર પોતાનો કાબૂ કેવી રીતે જમાવવો અને એની પાસેથી પ્રજાના ભોગે પણ પોતાનું ધાર્યું કેવી રીતે કરાવી લેવું, એ વાતમાં આપણા દેશના ઉદ્યોગપતિઓ ખૂબ પાવરધા થઇ ગયા છે. અને તેથી આજે પ્રજા ભલે એમ માનતી હોય કે દેશમાં પ્રજાના પ્રતિનિધિઓનું અને એ પ્રતિનિધિઓએ પસંદ કરેલા પ્રધાનોનું રાજ્ય ચાલે છે; પણ ખરી રીતે તો રાજસંચાલનનાં સાચાં સૂત્રો ઉદ્યોગપતિઓ અને પૂંજીપતિઓના જ હાથમાં છે. સરકારના મોટા મોટા પ્રધાનો જોતાં રહ્યા અને કાપડના ભાવ આસ્માને પહોંચી ગયા, એ શું બતાવે છે?

ખાંડ સંબંધી નિયંત્રણ વિરુદ્ધની જે જાહેરાત છાપામાં પ્રગટ કરવામાં આવી છે, તેથી પણ પોતાની સ્થિતિ કેવી કફોડી છે અને કોઇ પણ જાતના સ્વાર્થ વગર ઉદ્યોગપતિઓ અને પૂંજીપતિઓના લાભમાં એને કેટલા હડધૂત થવું પડે છે, એ સંબંધી સરકારી તંત્રની આંખ ઊઘડવી જોઇએ.

આ બધાનો સાર એ સમજવો કે ઉદ્યોગપતિઓ, પૂંજીપતિઓ અને મોટા વેપારીઓને નાથ્યા વગર સરકાર દેશને આબાદ કરવામાં સફળ થવાની નથી; અને ત્યાં સુધી સર્વોદય એ કેવળ કલ્પના જ રહેવાનો છે.

તા. ૨૩-૮-૬૦, અમદાવાદ રતિલાલ દીપચંદ દેસાઇ

સંઘસમાચાર

સિંઘી દંપતીનું સ્વાગત-સન્માન

તા. ૨૧-૮-૬૦ ના રોજ મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિ તરફથી, તે દિવસોમાં ચાલી રહેલી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં સંઘના નિમંત્રણને માન આપીને વ્યાખ્યાન આપવા માટે આવેલા કલકત્તાનિવાસી શ્રી ભંવરમલ સિંઘી અને તેમનાં પત્ની શ્રી સુશીલાબહેન સિંઘીનું સંઘના કાર્યાલયમાં સ્વાગત-સન્માન કરવામાં આવ્યું હતું. શ્રી ભંવરમલ સિંઘી કલકત્તાની એક મોટી મારવાડી પેઢીમાં જોડાયેલા છે અને કલકત્તાના એક આગેવાન શહેરી અને નીડર સામાજિક કાર્યકર્તા છે. તેઓ મૌલિક ચિંતક છે અને પ્રખર વક્તા છે. વળી તેમના આચાર વિચારને અનુસરે છે અને તેમની વાણી આચારને અનુસરે છે અને આ રીતે જે કહેવું તે કરી બતાવવું-એ એમના દૃઢ આગ્રહે તેમની ખૂબ કસોટી કરી છે અને તે ખાતર તેમણે સારી પેઠે સહન કર્યું છે. વર્ષો પહેલાં અન્ય સાથીઓ સાથે મળીને તેમણે કલકત્તા ખાતે કેટલાક સમય સુધી પર્યુષણ વ્યાખ્યાનમાળાનું આયોજન કર્યું હતું. તેમનાં પત્ની પણ કલકત્તા ખાતે અનેક સામાજિક સંસ્થાઓની જવાબદારી વહન કરી રહેલ છે અને કોંગ્રેસનાં એક કાર્યકર છે. શ્રી ભંવરમલજી સાથે લગ્ન થયા બાદ તેમણે અભ્યાસ આગળ વધારીને બી. એ. અને ત્યાર બાદ એમ. એ.ની ઉપાધિ પ્રાપ્ત કરી છે. સંતતિનિયમનની પ્રવૃત્તિમાં આ દંપતિ ખૂબ રસ લઇ રહેલ છે અને તે દિશાએ કાર્ય પણ ખૂબ કરે છે. આ બંનેનો પ્રસ્તુત સ્વાગત-સંમેલનમાં સંઘના મંત્રી શ્રી પરમાનંદભાઇએ પરિચય કરાવ્યો હતો; પ્રમુખશ્રીએ તેમને આવકાર આપ્યો હતો અને શ્રી સુશીલાબહેને તથા શ્રી ભંવરમલજીએ કલકત્તા ખાતેની તેમની વિવિધ જાહેર પ્રવૃત્તિઓ તેમ જ ત્યાંની અદ્યતન રાજકારણી પરિસ્થિતિને લગતી અનેક વાતો સંભળાવીને સંઘના સભ્યોને આનંદમુગ્ધ અને આદરપ્રભાવિત કર્યા હતા. આ રીતે દોઢ કલાક પરસ્પર અત્યંત મધુર એવા વિચારવિનિમયમાં પસાર થયો હતો.

સંઘ દ્વારા યોજાતી વ્યાખ્યાનસભાઓ

સંઘના સભ્યો જોગ

જ્યારે જ્યારે શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી કોઇ પણ વ્યાખ્યાન કે એને મળતો પ્રસંગ ગોઠવવામાં આવે છે ત્યારે ત્યારે તેને લગતા સમાચાર મુંબઇના દૈનિક પત્રોમાં આપવામાં આવે છે; પૂરતો સમય હોય ત્યારે પ્રબુદ્ધ જીવનમાં પણ તેને લગતી ખબર પ્રગટ કરવામાં આવે છે. આ ઉપરાંત જે સભ્યોને આ પ્રવૃત્તિમાં રસ હોય એવા અમુક સભ્યોની એક યાદી રાખવામાં આવી છે. એ યાદી મુજબ તે તે સભ્યોને ટપાલથી ખબર આપવામાં આવે છે. સંઘના ૪૦૦ લગભગ સભ્યો છે. તે બધાને ટપાલથી ખબર આપતાં ખર્ચ ઘણો થાય તેથી બધા સભ્યોને ટપાલથી આ ખબર પહોંચાડવામાં આવતા નથી. આમ છતાં જે સભ્યને આવી ખબર આપતું કાર્ડ મળતું ન હોય અને તેને આવી ખબર મળવી જોઇએ એમ તે ઇચ્છતા હોય તો તેમણે તે મુજબ સંઘના કાર્યાલય ઉપર લખી મોકલવા વિનંતિ છે. આ મુજબ જે કોઇ સભ્યનો પત્ર આવશે તેને સંઘ મારફત યોજાતી વ્યાખ્યાનસભાઓની નિયમિત ખબર આપવામાં આવશે.

૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ,
મુંબઇ, ૩.

મંત્રીઓ,
મુંબઇ જૈન યુવક સંઘ

સુધારો

તા. ૧૬-૮-૬૦ના પ્રબુદ્ધ જીવનમાં ૮૧મે પાને 'એનું નામ તે શ્રાવક' એ મથાળા નીચેના લેખમાં શ્લોક ૬.૬૪માં 'કારણુતઃ', ૬.૬૮માં 'સર્વદેશેષુ', ૬.૮૪માં 'કૃણુકોષ્ઠીક' અને 'કાંક્ષિણુઃ' અને ૬.૮૫માં 'કવા પિ' વાંચવા વિનંતિ છે.

તત્ત્વવિદ્યા શા માટે?

આ લેખનો બાકીનો વિભાગ આવતા અંકમાં પ્રગટ કરવામાં આવશે. તંત્રી

* પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન સંઘને તથા વાચનાલય-પુસ્તકાલયને થયેલો અર્થલાભ *

સંઘ

૨૫૦ શ્રી દીપચંદ લક્ષ્મીચંદ સંઘવી
૨૫૦ ,, હીરાબહેન દીપચંદ સંઘવી
૨૦૧ ,, ખીમજી માડણ ભૂજપુરીઆ
૨૦૧ ,, ચીમનલાલ ચકુભાઇ શાહ
૨૦૧ ,, રમણિકલાલ મણિલાલ શાહ
૨૦૧ એક સદ્‌ગૃહસ્થ
૨૦૦ ,, ચંદુલાલ મોહનલાલ ઝવેરી
૨૦૦ ,, રસિકલાલ મોહનલાલ ઝવેરી
૧૦૧ ,, રતિલાલ નરસિંહભાઇ
૧૦૧ ,, ફત્તેહચંદ લલ્લુભાઇ શાહ
૧૦૧ ,, દામજી વેલજી શાહ
૧૦૧ ,, મનુભાઇ ગુલાબચંદ કાપડિયા
૧૦૧ ,, એક સન્નારી
૧૦૧ ,, લીલાધર પાસુ શાહ
૧૦૧ ,, નાતમલાલ દીપચંદ શાહ
૧૦૦ ,, અમૃતલાલ જેઠાલાલ શાહ
૧૦૦ ,, શાદીલાલજી જૈન
૧૦૦ ,, નરેન્દ્ર શિવલાલ ગુપ્તા
૫૧ ,, મફતલાલ ભીખાચંદ
૫૧ ,, ચંદુલાલ કેશવલાલ શાહ
૫૧ ,, રતિલાલ ચીમનલાલ કોઠારી
૫૧ ,, સેવંતીલાલ ખેમચંદ શાહ
૫૧ ,, મોંઘીબહેન હીરાલાલ શાહ
૫૧ ,, સુરજબહેન કોઠારી
૫૧ ,, પ્રભાવતી મુકુન્દરાય પરીખ
૫૧ ,, અંબાલાલ ચતુરભાઇ શાહ
૫૧ ,, જયંતીલાલ અંબાલાલ શાહ
૫૧ ,, રમણલાલ ચંદુલાલ
૫૧ ,, લીલાવતીબહેન કામદાર
૫૧ ,, પ્રવીણચંદ્ર હેમચંદ અમરચંદ
૫૧ ,, નંદલાલ છગનલાલ
૫૧ ,, ધીરજલાલ મોતીચંદ સંઘવી
૫૦ ,, મેનાબહેન નરોતમદાસ (૨૫ પ્ર. જીવન, ૨૫, સંઘ)
૪૦ ,, શિવકુવરબહેન ગાંધી
૩૧ ,, એક સદ્‌ગૃહસ્થ
૨૫ ,, પ્રવીણચંદ્ર મંગળદાસ શાહ
૨૫ ,, ચંપાબહેન વ્રજલાલ શાહ
૨૫ ,, કાંતાબહેન કસ્તુરચંદ ઝવેરી
૨૫ ,, મણિબહેન શીવલાલ
૨૫ ,, રેખાબહેન હર્ષદરાય
૨૫ શ્રી તારાબહેન ચીમનલાલ શ્રોફ
૨૫ ,, વિજ્યાબહેન પરીખ
૨૫ ,, પરમાનંદ કુંવરજી કાપડિયા
૨૫ ,, દેવજી ઉમરસી
૨૫ ,, લવણપ્રસાદ પુલચંદ શાહ
૨૫ ,, ખેતસી માલસી સાવલા
૨૫ ,, રાયચંદ હીરાચંદ ઝવેરી
૨૫ ,, ગાંગજી માડણ
૨૫ ,, લખમસી એન્ડ કું.
૨૫ ,, એક સદ્‌ગૃહસ્થ
૨૫ ,, અનુભાઇ અમૃતલાલ ઝવેરી
૨૫ ,, મોહનલાલ નગીનદાસ જરીવાળા
૨૫ ,, કાંતિલાલ નથુભાઇ પારેખ
૨૫ ,, મોહનલાલ દેવચંદ પારેખ
૨૫ ,, શામળદાસ મોતીચંદ સંઘવી
૨૫ ,, મણિબહેન સવચંદ કાપડિયા
૨૫ ,, લલિતાબહેન લાલભાઇ
૨૫ ,, લીલાવતીબહેન દેવીદાસ
૨૫ ,, જ્યાબહેન માણેકલાલ શાહ
૨૧ ,, માણેકબહેન કંતુભાઇ ઝવેરી
૨૧ ,, જોરમલ મંગળજી મહેતા
૨૧ ,, અરવિંદ પરીખ
૧૫ ,, કાંતિલાલ છોટાલાલ
૧૫ ,, ચંદુલાલ સાંકળચંદ શાહ
૧૧ ,, દીપચંદ ત્રીભોવનદાસ શાહ
૧૧ ,, માનભાઇ પદમસી
૧૧ એક સદ્‌ગૃહસ્થ
૧૧ ,, મંગળદાસ ગોપાળદાસ
૧૧ ,, રમણલાલ લાલભાઇ લાકડાવાળા
૧૧ ,, સુખલાલ મનસુખલાલ મહેતા
૧૧ ,, ગુલાબબહેન
૧૧ ,, લીલાવતીબહેન અમૃતલાલ પારેખ
૧૧ ,, સવિતાબહેન વિઠ્ઠલદાસ પારેખ
૧૧ ,, લક્ષ્મીબહેન માણેકલાલ ઉજમસી
૧૧ ,, સુલોચનાબહેન શશિકાન્ત પરીખ
૧૧ ,, પી. એચ. કામદાર
૧૧ ,, મૂળચંદ પ્રેમજી
૧૧ ,, એચ. એમ. શાહ
૧૧ ,, રમણલાલ આર. શાહ
૧૦ ,, મનસુખલાલ નથુભાઇ
૧૦ એક સદ્‌ગૃહસ્થ
૯ એક સદ્‌ગૃહસ્થ
૫ ,, ધીરજલાલ મલુકચંદ
૫ ,, મૂળચંદ મણિલાલ
૫ એક સદ્‌ગૃહસ્થ
૫ એક સદ્‌ગૃહસ્થ
૫ શ્રી કાશીબહેન
૪ ,, કેશવલાલ નગીનદાસ શાહ
૨ ,, વલ્લભદાસ નાનજી સચદે
૧ ,, એન. જે. કોઠારી

૪,૪૬૫
૩૪૨.૧૬ થેલી તથા પેટીમાં
૪,૮૦૭.૧૬

વાચનાલય અને પુસ્તકાલય

૧૦૧ મેસર્સ જીન સ્ટોર્સ કું.
૧૦૧ ,, જે. ખુશાલદાસની કું.
૧૦૧ ,, મોતીલાલ કલ્યાણદાસની કું.
૧૦૧ શ્રી હીરાલાલ ગોકળદાસ દલાલ
૧૦૧ ,, અંબાલાલ એલ. પરીખ.
૧૦૧ ,, મીલ સ્ટોર્સ કું.
૧૦૧ ,, બોમ્બે મશીન સ્ટોર્સ
૧૦૧ ,, કાંતિલાલ ભોગીલાલ એન્ડ કું.
૧૦૧ ,, બોમ્બે ટૂલ્સ સપ્લાઇ એજન્સી
૧૦૧ ,, દીવાન બ્રધર્સ
૧૦૧ ,, કમળાશંકર પી. જોશી એન્ડ કું.
૧૦૧ ,, સી. વાડીલાલ એન્ડ કું.
૧૦૧ ,, રમેશ ટ્રેડીંગ કું.
૧૦૧ ,, પી. એમ. શાહ એન્ડ કું.
૧૦૧ મેસર્સ ચીમનલાલ દેસાઇ એન્ડ કું.
૧૦૧ ,, નવીનચંદ્ર એન્ડ કું.
૧૦૧ ,, ચીમનલાલ જેઠાભાઇ
૧૦૧ મેસર્સ શિશિર એન્ડ કું.
૧૦૧ ,, બોમ્બે મેટલ એન્ડ એન્જીનીઅરીંગ કું.
૧૦૧ ,, એમ. કાંતિલાલ એન્ડ કું.
૧૦૧ ,, જી. વિઠ્ઠલદાસની કું.
૧૦૧ ,, ન્યુ હિંદ એન્જીનીઅરીંગ કું.
૧૦૧ ,, મૂળજીભાઇ છોટાલાલ એન્ડ કું.
૧૦૧ ,, કીર્તિલાલ એન્ડ કું.
૧૦૧ ,, પ્રિમિયર મશીન સ્ટોર્સ કું.
૧૦૧ શ્રી ધીરજલાલ મોરારજી
૧૦૧ મેસર્સ યુ. ડી. પટેલ એન્ડ કું.
૧૦૧ ,, આર. અમૃતલાલ એન્ડ કું.
૨૫ શ્રી મોહનલાલ નગીનદાસ જરીવાળા

૨,૮૫૩

સંઘના સભ્યો તથા પ્રબુદ્ધ જીવનના ગ્રાહકો પ્રતિ

સવિનય વિજ્ઞપ્તિ કે સંઘના સભ્યો તથા પ્રબુદ્ધ જીવનના ગ્રાહકોનાં સરનામાં નવેસરથી છપાવવા છે તો જે કોઇ પોતાનું સરનામું સુધરાવવા યા ફેરવવા ઇચ્છતું હોય તેમને સંઘના કાર્યાલય ઉપર તે મુજબની ખબર સત્વર પાઠવવા વિનંતિ છે.

આ ઉપરાંત જે કોઇને અંક મળવા સંબંધે ફરિયાદ કરવાની હોય તેમણે પ્રમાદ સેવ્યા સિવાય અમને સત્વર લખી જણાવવા કૃપા કરવી. જ્યારે પણ કોઇ અંક નહિ મળ્યો હોય ત્યારે, તે અંકની નકલો સીલકમાં હશે ત્યાં સુધીમાં, પછીના અંક સાથે બીડવામાં આવશે. અંકો રવાના કરવામાં કે મળવામાં કાંઇ પણ ગફલત થતી હોય તો તે વિષે અમને જણાવવામાં ન આવે ત્યાં સુધી તેમાં સુધારો કરવાનું અમારા માટે શકય નથી.

તંત્રી

વિષયસૂચિ

		પૃષ્ઠ
નહેરુની વેદનાયુક્ત વાણી	... જવાહરલાલ નહેરુ	૯૫
આચાર્ય શ્રી તુલસીનું સુધારક દૃષ્ટિબિન્દુ	... પરમાનંદ	૯૬
જૈન સાધુસંસ્થા અંગે થોડો વિચારવિનિમય	... પરમાનંદ	૯૭
ખાંડ ઉપર નિયંત્રણ શા માટે?		
એક વિચિત્ર જાહેરાત	... રતિલાલ દીપચંદ દેસાઇ	૯૯
એક કારમો ઘા	... કાન્તિલાલ બરોડિયા	૧૦૨
પાગલ પ્રેમી વિષે ચર્ચાવિચારણા	... વત્સલા મહેતા, ગીતા પરીખ	૧૦૩

એક કારમો ઘા

ગુરુવાર તા. ૮મીએ બપોરે આખાએ મુંબઇ શહેરમાં સમાચાર ફરી વળ્યા કે હૃદયરોગના હુમલાને કારણે શ્રી ફીરોઝ ગાંધીનું અકાળ અવસાન થયું છે. શ્રી ફીરોઝ ગાંધીને આ બીજો હુમલો થયો હતો જે જીવલેણ નીવડ્યો. આપણા વડા પ્રધાન શ્રી જવાહરલાલ નહેરુ, જેમના શ્રી ગાંધી જમાઇ થાય તેમને આથી પારાવાર દુઃખ થાય તે સમજી શકાય તેવું છે. તેમના અને શ્રીમતી ઇંદિરા ગાંધી અને શ્રી ફીરોઝ ગાંધીના બે પુત્રો રાજીવ અને સંજીવના આ અણચિંતવ્યા દુઃખમાં આખું એ ભારત સમદુઃખી છે. વિધિનો આ એક કારમો ઘા છે અને સૌના હૃદયમાં એ જ પ્રાર્થના છે કે "આ દુઃખ સહન કરવાનું પ્રભુ તેમને સામર્થ્ય આપો."

જાણે કે તેમના અંતની તેમને જાણ થઇ હોય તેમ તેમણે નર્સિંગ હોમમાં જ ઇચ્છા વ્યકત કરી હતી કે તેમનો અંતિમ સંસ્કાર હિંદુ વિધિ પ્રમાણે જ કરવો, અને તે જ પ્રમાણે થયું. શ્રી. ગાંધીના જ્યેષ્ઠ પુત્ર શ્રી રાજીવે ચિતા સળગાવી ત્યારે ત્યાં ઉપસ્થિત સૌ કોઇના દિલ હાલી ઉઠ્યા. વર્તમાનપત્રમાં તે વખતની વડા પ્રધાનની અને રાજીવની જે છબી પ્રસિદ્ધ થઇ છે તે આ દુઃખભર્યું ચિત્ર યથાર્થ રજૂ કરે છે.

શ્રી ફીરોઝ ગાંધી ચુસ્ત ગાંધીછાપના કોંગ્રેસી ન હતા, 'જેલ-ગમન અનેકવાર કર્યું છે' એવું કહેવરાવનારામાંના અને લાભ મેળવવાની ઇચ્છા રાખનારામાંના એક ન હતા, ન હતા મોટા દેશનેતા, તેમ ન હતા સભાઓ ગજવનારા અને સભાની તાળીઓ મેળવનારા સારા વકતા. પણ જે કાંઇ હતા તે પણ ઘણું હતા. શ્રી અશોક મહેતાએ તેમની અંજલિમાં સાચે જ કહ્યું છે કે 'આપણા જાહેર જીવનમાં એમના જેવા સ્વાર્થત્યાગી માણસો બહુ નથી અને જે છે તેમાંથી શ્રી ગાંધી આપણી વચ્ચેથી વિદાય લે એ દુઃખદ છે.'

દેશનું હિત તેમને હૈડે વસેલું હતું, તેમનામાં ભારે સંવેદન તત્વ અને વ્યાપક સહાનુભૂતિ હતા અને તેઓ કાર્યક્ષમ, શકિતશાળી અને વફાદાર સાથી હતા. તેમણે તેમની રીતે દેશની અણિશુદ્ધ અને નિઃસ્વાર્થ સેવા કરી છે અને તેમના કાર્યની સુવાસથી દેશના સામાન્ય વર્ગમાં ભારે લોકપ્રિયતા પ્રાપ્ત કરી છે. શ્રીમતી ઇંદિરા ગાંધી અથવા વડા પ્રધાનના અંગત વર્તુળની બહારનું એવું તેમનું વિશિષ્ટ વ્યકિતત્વ હતું અને સંસદમાં તેમ જ સંસદની બહાર જાહેર પ્રશ્નો અંગે પ્રજાનો લોકમત સફળતાથી રજૂ કરનારાઓમાં શ્રી ફીરોઝ ગાંધીનું આગવું સ્થાન હતું.

લોકસભાના અધ્યક્ષ શ્રી અનંતશયનમ્ આયંગરે કહ્યું છે તેમ શ્રી ગાંધી દરેક પ્રસંગે ને દરેક વિષયમાં બોલતા નહીં, પણ જ્યારે તે બોલવા ઊભા થતા ત્યારે તેમના અભ્યાસપૂર્ણ પ્રવચનની, દાખલા દલીલોની, આંકડાપ્રાયની અવશ્ય નોંધ સરકારી અને બિનસરકારી ક્ષેત્રે લેવાતી. તેઓ અર્થશાસ્ત્ર અને રાજકારણના સારા અભ્યાસી હતા. તેમની વ્યવહારકુશળતા અને અભ્યાસશીલ વૃત્તિ તથા અંગત સંબંધોને લીધે તેઓ ગમે ત્યારે પ્રધાનમંડળમાં અથવા ભારતના એલચી ખાતામાં ગોઠવાઇ જઇ શકત. પણ તેમણે એની ઇચ્છા સુદ્ધાં પણ નહોતી કરી. તેમના અવસાનથી પડેલી ખોટને દેશના દરેક પક્ષે-કોંગ્રેસ પક્ષ, પ્રજા સમાજવાદી પક્ષ, સ્વતંત્ર પક્ષ સામ્યવાદી પક્ષ-દરેકે ઉષ્માભરી યોગ્ય અંજલિઓ અર્પી છે.

જાહેર જીવનના અનેક પ્રશ્નોને તેમણે ઓરણે ચઢાવ્યા-પ્રજાનું ધ્યાન એ પ્રશ્નોની જટિલતા તરફ કેન્દ્રિત કર્યું. આમાં મુંદડા પ્રકરણ મુખ્ય હતું. કોંગ્રેસ પક્ષના સંસદીય સભ્ય હોવા છતાં તે સરકારની ખુશામતખોરીથી દૂર રહેતા, 'રબર-સ્ટેંપ' બનવાનું તેઓ કદી ન સ્વીકારતા. તેમણે કોંગ્રેસની નીતિની અને સરકારની ક્ષતિઓની ભારે ઝાટકણી સંસદમાં અને સંસદ બહાર કાઢી છે. તેમાં કડવાશ ન હતી, પૂર્વગ્રહ ન હતો; હતી આરપાર નિરખી શકાય તેવી તેમની નિષ્ઠા.

'નહેરુ પછી કોણ?' તેની ચર્ચા જ્યારે જ્યારે દેશમાં થાય છે, ત્યારે આપણને ભાન થાય છે કે પહેલી હરોળના નેતાઓ પાકટ ઉંમરે પહોંચતા જાય છે ને બીજી હરોળ હજી જામતી નથી. શ્રી. ફીરોઝ ગાંધી આ હરોળના નામી નેતા હતા. લોકોનો વિશ્વાસ તેમનામાં દૃઢ થયો હતો અને પ્રજા જીવનનાં અનેક પ્રશ્નોમાં તેઓ ખૂબ રસ લઇ લોકો સમક્ષ તેઓ રજૂ કરતા હતા. જે મોંઘવારી આજે સામાન્ય માણસોને પારાવાર મુંઝવે છે તેની વિચારણા અંગે હાલમાં નીમવામાં આવેલી સમિતિના પણ શ્રી ફીરોઝ ગાંધી એક સભ્ય હતા.

લોકશાહીનો છોડ આપણા દેશમાં ઉગીને ઊભો થાય છે, ત્યારે તેનું જતન કરવાની ખાસ જરૂર છે એ સૌ કોઇ સ્વીકારે છે. શ્રી ફીરોઝ ગાંધી નિપુણતાથી આવું જ કાર્ય કરી રહ્યા હતા. દેશનું સ્વાતંત્ર્ય સાચવવા માટેના શ્રી ફીરોઝ ગાંધી એક અનન્ય ઉપાસક હતા.

પ્રભુ તેમના આત્માને શાંતિ અર્પો!

કાન્તિલાલ ખરોડિયા

અમદાવાદની પર્યુષણ વ્યાખ્યાનમાળા

શ્રી અમદાવાદ જૈન યુવક સંઘના ઉપક્રમે યોજાયલી પર્યુષણ વ્યાખ્યાનમાળાનો આઠ દિવસનો કાર્યક્રમ નીચે મુજબ હતો :-

શ્રી અમિતાબહેન મહેતા	ભજનો
મુનીશ્રી જિનવિજયજી	જૈન સંસ્કૃતિનો વારસો
શ્રી કેશવરામ કાશીરામ શાસ્ત્રી	રાસયુગના જૈન કવિઓ
શ્રી દલસુખભાઇ માલવણિયા	બુદ્ધ અને મહાવીર
પંડિતશ્રી સુખલાલજી	સ્યાદ્વાદ
શ્રી ગગનવિહારી મહેતા	હિંદ અને અમરિકા
ડો. હરિપ્રસાદ શાસ્ત્રી	વલભી-ગુજરાતનું એક સાંસ્કૃતિક [કેન્દ્ર
આચાર્ય શ્રી. આર. ડી. દેસાઇ	સાહિત્ય અને વિજ્ઞાન
શ્રી નવલભાઇ શાહ	આપણા પ્રશ્નો અને આયોજન
મુનિશ્રી પુણ્યવિજયજી	પર્યુષણની આરાધના
શ્રી હંસાબહેન મહેતા	સ્ત્રી-શિક્ષણ
શ્રી બાબુભાઇ જશભાઇ પટેલ	રાષ્ટ્રીય ચારિત્ર્ય
શ્રી અમિતાબહેન મહેતા	ભજનો
આચાર્યશ્રી એમ. આર. ભટ્ટ	નીતિ
માનનીય શ્રી માણેકલાલ શાહ	સામાજિક ધર્મ
સુમંતરાય સી. ભટ્ટ	દાન

'વ્યાખ્યાનમાળા'નું ઉદ્ઘાટન ગુજરાત રાજ્યના રાજ્યપાલ શ્રી મહેંદી નવાઝ જંગના શુભ હસ્તે કરવામાં આવ્યું હતું.

× × × ×

ભારત જૈન મહામંડળ (મુંબઇ શાખા) આયોજિત

પર્યુષણ વ્યાખ્યાનમાળાનો કાર્યક્રમ

શ્રી ભારત જૈન મહામંડળ-મુંબઇ કાર્યાલયના ઉપક્રમે આ વર્ષે યોજાયેલી પર્યુષણ વ્યાખ્યાનમાળાનો કાર્યક્રમ નીચે મુજબ હતો :-

શ્રી કેદારનાથજી	ધાર્મિક પર્વ ઔર જીવનશુદ્ધિ
માનનીય ત્રં. શી. ભારદે	જીવનમેં આધ્યાત્મકા સ્થાન
આચાર્ય શ્રી એમ. પી. મંગુડકર	જૈન તત્વજ્ઞાનકી વિશિષ્ટતા
મુનીશ્રી સંતબાલજી	જૈન સિદ્ધાંત અને આજના સાંપ્રદાયિક પ્રવાહો
દા. ન. શિખરે. એમ. એ.	મહાત્મા ગાંધી ઔર આધ્યાત્મ
શ્રી પુરુષોત્તમ કાનજી (કાકુભાઇ)	વ્યવહારશુદ્ધિ
સ્વામી સત્યભકત	અનેકાંતકી વ્યવહારિકતા
પ્રોફેસર રજનીશ	ધર્મ ઔર સાધના
શ્રી કેદારનાથજી	જીવન સાધના કા ક્રમ
મુનીશ્રી વિનયચંદ્રજી મહારાજ તથા મુનીશ્રી મનોહર મુની	મનના મનોરથો

'પાગલપ્રેમી' વિષે ચર્ચાવિચારણા

[તા. ૧૬-૮-૬૦ના પ્રબુદ્ધ જીવનમાં 'પાગલપ્રેમી' એ મથાળા નીચે બનેલી એક સત્ય ઘટનાનું તે પાછળ રહેલા નૈતિક મુદ્દાના સમર્થન સાથે બહેન ગીતાએ નિરૂપણ કર્યું હતું. એ સત્ય ઘટના પાછળ રહેલા નૈતિક મુદ્દાની બહેન વત્સલા મહેતાએ તા. ૨૭-૮-૬૦ના જ્યોતિર્ધરમાં એક સુરેખ આલોચના કરી છે. તે સંબંધમાં બહેન ગીતાએ પોતાનું પ્રતિમન્તવ્ય લખી મોકલ્યું છે. આ બન્ને લેખો ક્રમસર નીચે આપવામાં આવ્યા છે.-તંત્રી]

આદર્શ પ્રેમ કે મુર્ખાઇ

"પ્રબુદ્ધ જીવન"ના છેલ્લા ઓગસ્ટના અંકમાં શ્રી ગીતા-બહેન પરીખે એક સત્ય ઘટના ટાંકી છે. એક રમેશ નામનો યુવાન એક રમા નામની યુવતી સાથે વિવાહથી જોડાયો છે. આ યુવતી લગ્નના થોડા સમય પહેલાં કોઇ કારણથી તદ્દન ગાંડી થઇ જાય છે. રમાનાં માબાપ રમેશને લગ્ન લંબાવવાની અથવા તેની સાથે ન પરણવાની સલાહ આપે છે. પણ રમેશ જે "આદર્શ યુવાન" છે તેને જો કે રમા સાથે નહિ જેવો પરિચય છે તો પણ તેને રમા પર નિઃસીમ પ્રેમ છે એટલે તે દૃઢતાથી કહે છે કે ગમે તેવી પણ રમા સાથે જ પરણીશ. એનું ગાંડપણ જીવનભર નભાવીશ. એ ગમે તેવી હોય તો પણ મેં એને સ્વીકારવાનું નક્કી કર્યા પછી મારે પરણવું જ જોઇએ. રમેશ રમાને પરણવા જાય છે ત્યારે રમા તેને ઓળખતી પણ નથી અને માત્ર મુક્કીઓ ઉગામે છે. શૂન્યાવસ્થામાં રમા કોઇએ પહેરાવેલાં વસ્ત્રો પહેરીને યંત્રની માફક પરણી જાય છે. તેને લગ્ન એટલે શું એ પણ ખબર નથી હોતી, એટલી હદે એનું ગાંડપણ વધી ગયું હોય છે. પરણીને રમેશ રમાને મરોલી આશ્રમમાં લઇ જાય છે અને ત્યાં માનસિક ચિકિત્સાલયમાં સાથે રહીને એની સારવાર કરે છે. આ સારવારથી કે બીજાં કોઇ કારણથી, ગમે તેમ પણ સદ્‌ભાગ્યે એકાદ બે મહિને રમા સાજી થાય છે.

આ સત્ય ઘટનાને લેખિકાએ ખૂબ જ પ્રશંસાથી વર્ણવી છે અને રમેશના આ વર્તનને "ત્યાગપૂર્ણ પ્રેમ, આદર્શ જીવનદૃષ્ટિ અને હિંમતભર્યો આશાવાદ" કહ્યાં છે.

આ લેખ ઘણું ચિન્તન માગી લે છે. રમા તદ્દન ગાંડી છે. એને પોતે શું પહેરે છે, કે શું ખાય છે, એનું પણ ભાન નથી હોતું. પ્રેમ, લગ્ન, પતિ, જવાબદારી, સંસાર, કશાનું ભાન નથી. આવી ગાંડી સ્ત્રીને રમેશ પરણે છે એ સામાજિક દૃષ્ટિએ યોગ્ય છે? લગ્નમાં આદર્શ પ્રેમ, ત્યાગની ભાવના, વગેરે આદર્શો છે, પણ લગ્નનો એક મહત્વનો હેતુ તો જાતીય જીવન અને પ્રજોત્પત્તિ એ છે જ. જે સ્ત્રી પોતે શું ખાય છે કે કોની સાથે વાત કરે છે તે પણ સમજતી કે જાણતી નથી, પણ માત્ર મુક્કીઓ ઉગામે છે, એ સ્ત્રી સાથે જાતીય જીવન જીવવું એ પત્ની માટે પરાણે ઠોકી બેસાડેલો અત્યાચાર કહેવાય. જો જાતીય જીવન જીવવાની ઇચ્છા ન હોય તો પરણવાની જરૂર શું? એમ ને એમ રમેશથી રમાની સેવા ન થાય? અને જો રમેશને બાળકો થાય માટે જ પરણવું હોય તો ગાંડી સ્ત્રીને બાળકના જન્મની યાતનામાંથી પસાર કરીને તેના પર વણમાગી માતૃત્વની જવાબદારી-જે એ લેવાને તદ્દન અશક્ત છે તે પરાણે લાદવી એ યોગ્ય છે? ને બાળકોનું શું? એ તો સદ્‌ભાગ્યે રમા સાજી થઇ; પણ ન થઇ હોત તો? રમેશને કાંઇ પરણતી વખતે ખાત્રી નહોતી કે રમા સાજી થશે જ. બાળકો ગાંડા જન્મત તો? વારસામાં ગાંડપણ આવે છે એ વાત લેખિકા ભૂલી ગયાં લાગે છે. બાળકો ગાંડાં ન જન્મત તો પણ એમને વારસામાં તો ગાંડપણ જરૂર મળત. પરિણામે તે બાળકો કે તેમના વંશજો માટે ગાંડપણનો સંભવ વધત. સમસ્ત સમાજની ખાતર પણ ગાંડપણ વારસામાં ન આવે એ જોવાની દરેક મનુષ્યની ફરજ છે. અને બાળકો ગાંડાં ન જન્મે તો પણ તદ્દન ગાંડી મનુષ્યજાતિ કરતાં પ્રાણીને વધારે મળતી આવતી માતાનાં બાળકો તરીકે જન્મ આપવો એ પિતા માટે બરોબર કહેવાય? અને જો સંસાર, સુખ કે બાળકો એકકેની ઇચ્છા ન હોય તો જે સ્ત્રી પત્ની એટલે શું કે લગ્નને સ્વીકારવું કે તરછોડવું એવું કાંઇ પણ સમજવાને અશક્ત છે એની સાથે લગ્ન કર્યા વગર માત્ર એક આદર્શ સામાજિક સેવક તરીકે રમેશ એની સેવા ન કરી શકત?

રમેશે રમાનું ગાંડપણ સુધરવાની રાહ જોઇને લગ્ન કર્યું હોત, અથવા પરણ્યા વગર આજન્મ કુંવારા રહીને બ્રહ્મચર્ય પાળીને રમાની સેવા કરવાનું વ્રત લીધું હોત, અથવા રમા સાજી થયા પછી પણ બાળકોને વારસામાં ગાંડપણ ન ઊતરે માટે રમાને બાળક ન થવા દેવાની પ્રતિજ્ઞા લીધી હોત તો એનો આદર્શ પ્રેમ કહેવાત.

લેખિકા લખે છે, "આજના આછકલા પ્રેમમાં પરિપૂર્ણતા માનીને રાચતા યુવાનો આમાંથી કેટલું શીખી શકે?"

આજના યુવાનો આછકલા પ્રેમમાં રાચે છે એવું લેખિકા શા પરથી કહે છે? માત્ર લોકપ્રિય માહિતી લખવાના આજના પ્રવાહમાં તો લેખિકા ઘસડાયાં નથી ને?

લેખિકા "ઊંડો પ્રેમ" કોને કહે છે? ફક્ત પોતાના મનોરંજન માટે પત્નીને હોડમાં મુકનાર યુધિષ્ઠિરના પ્રેમને? કે માત્ર માછલી ખાઇ ગઇ એટલા સંશય પરથી જ પત્નીનો ત્યાગ કરનાર નળના પ્રેમને? કે અનેક રાણીઓમાંથી સૌથી અધમ રાણીને પટરાણી બનાવીને એના એક બોલ પર પોતાના સર્વથી શ્રેષ્ઠ અને સર્વથી પ્રિય પુત્ર રામને ચૌદ વર્ષ વનવાસ મોકલનાર દશરથના પ્રેમને? કે પોતાની પત્નીને એક હલકા ગણાતા સ્મશાનના રખેવાળને વેચનાર હરિશ્ચન્દ્રના પ્રેમને? કે અગ્નિ પરીક્ષામાંથી પવિત્રતાની સાબિતિ સાથે પસાર થવા છતાં સીતા પ્રત્યે સંશયની દૃષ્ટિએ જોઇને તેને આખરે કાઢી મુકીને આત્મહત્યાને માર્ગે મોકલનાર રામના પ્રેમને? કે ફક્ત એક ફળના સ્વીકાર પરથી પત્નીના ચારિત્ર્ય પર શંકા લાવીને તેને સદા માટે છોડી જનાર ભર્તૃહરિના પ્રેમને?

આજનો યુવાન પોતાની પત્ની પ્રત્યે પચાસ વર્ષ પરના યુવાન કરતાં ઘણી વધારે લાગણી દાખવે છે એ આપણી આધુનિક સામાજિક સ્થિતિ તપાસીશું તો જણાશે.

આ સત્ય ઘટનામાં રમેશનો પ્રેમ નહિ પણ રમેશની મુર્ખાઇ જ છે તે જણાઇ આવે છે. રમેશે સમાજશાસ્ત્ર, Eugenics (પ્રજનનશાસ્ત્ર)ને વારસામાં આવતા રોગો તેમ જ બાળકોના માનસ વિષે જરા પણ અભ્યાસ કર્યો હોત તો તે મુર્ખાઇ "લગ્ન" ન કરત.

વત્સલા મહેતા

"પાગલપ્રેમી" અંગે સ્પષ્ટતા

છેલ્લા ઓગસ્ટ માસના "પ્રબુદ્ધ જીવન"માં "પાગલપ્રેમી" શિર્ષક હેઠળ મેં એક સત્ય ઘટના આપી છે. એમાં રમા નામની એક બ્હેન એના વિવાહ બાદ એકાએક ગાંડી થઇ જાય છે, છતાં એનો ભાવિ પતિ રમેશ પોતાનું વચન ટકાવી રાખવા એની સાથે લગ્ન કરે છે અને લગ્ન બાદ તરત યોગ્ય સારવાર દ્વારા એને સાજી કરે છે.

શ્રી વત્સલાબ્હેન મહેતાએ 'જ્યોતિર્ધર'ના તા. ૨૭-૮-'૬૦ના અંકમાં એની કડક ટીકા કરી છે. તેમની દૃષ્ટિએ આવું લગ્ન

સમાજશાસ્ત્ર તથા પ્રજનનશાસ્ત્ર (Eugenics) મુજબ બિલકુલ મૂર્ખાઈભર્યું છે.

આ વાત થોડી ચર્ચા માંગી લે છે.

શ્રી વત્સલાબ્હેનનું કથન અમુક અંશે સાચું છે, કે કોઇ પણ માણસે પોતાની પત્ની પર પરાણે માતૃત્વ નહિ લાદવું જોઇએ. તેમ જ ગાંડાં થવાની શકયતા હોય તેવાં બાળકોને જન્મ નહિ આપવો જોઇએ. આ સાથે હું જરાય અસમ્મત નથી. તેમ જ "પાગલપ્રેમી", લખતી વખતે આ વાત મારા ધ્યાનબહાર પણ નહોતી. પરંતુ મને વિશ્વાસ હતો કે જે યુવાન આટલી દૃઢતાથી પોતાની પ્રતિજ્ઞા પાળી શકે છે તે યુવાન આ બે પ્રશ્નોને પણ શાંતિથી સારી રીતે ઉકેલી શકશે.

લગ્નજીવન એટલે ફકત જાતીય જીવન અને પ્રજનન જ હોય, અને તે પણ લગ્ન સાથે તરત જ સંકળાયેલાં હોય એવું બધાં માટે માની લેવું યોગ્ય છે ખરું? આપણે એમ કેમ ન માનીએ કે રમા સાજી નહિ થાય ત્યાં સુધી રમેશ બ્રહ્મચર્ય નહિ પાળી શકે? ત્યાર બાદ પણ જ્યાં સુધી ગાંડપણ વારસામાં ઊતરવાનો સંભવ હોય ત્યાં સુધી જો બ્રહ્મચર્ય પાળવુ અશકય લાગે તો એ વૈજ્ઞાનિક પદ્ધતિઓની મદદ લઇને બાળક નહિ ઉત્પન્ન થવા દે–એ પણ મને અશકય નથી લાગતું. મારી પાસે એવા દાખલા મોજૂદ છે કે જેમણે લગ્નજીવન સ્વીકારવા છતાં સમાજસેવા કરવાની છૂટ રહે એ માટે સંસાર વધાર્યો નથી.

વળી ગાંડપણના પણ પ્રકાર હોય છે. કેટલાંક પ્રકૃતિમાં એવા ઊંડા ઊતરી ગયા હોય છે કે જેને સુધારી જ ન શકાય. જ્યારે બીજા પ્રકારનું ગાંડપણ કોઇ સમસ્યા, આઘાત કે દુઃખમાંથી થોડો સમય માટે જાગેલું હોય છે. આ સમસ્યા ઉકેલાતાં તે ગાંડપણ કોઇ ક્ષણિક આવેશ મારફત તદ્દન નાબૂદ થઈ જાય છે. દા. ત. કોઇ વ્યકિતને લગ્ન પહેલાના જીવનમાં કૌટુમ્બિક દબાણોને લીધે મનને ઘણું દાબવું પડતું હોય, તેથી તેને કોઇના લાગણીભર્યા પ્રેમની ઝંખના થાય. આને પરિણામે જાગતી માનસિક અસ્થિરતા સાચા હૃદયની ઉષ્મા મળતાં ટળી જાય છે. કયારેક તો જાતીય જીવનની ઝંખના પણ માણસની અસ્થિરતાનું કારણ બને છે. એનો ઉકેલ તો લગ્ન સિવાય કઇ રીતે લવાય? આવા નાજુક કિસ્સામાં પણ સામી વ્યકિત એની સાથે લગ્ન કરે, જાતીય સંતોષ આપે અને છતાં બેઉની સમજણ ને સમ્મતિ વગર પ્રજોત્પત્તિ ન થવા દે–એ અશકય નથી. વળી આ પ્રકારનું ગાંડપણ મટી જાય પછી એની પ્રજાને એ વારસામાં હંમેશા નથી ઊતરતું.

એટલે માત્ર સમાજશાસ્ત્ર ને પ્રજનનશાસ્ત્રનાં (અલબત્ત સારાં) કારણોથી તણાઇને રમેશ રમાને નહિ પરણતે, એ કરતાં એનો પણ સફળતાથી જવાબ આપીને એ એને હિમ્મતપૂર્વક પરણ્યો–એ મને વધુ પ્રશંસનિય લાગ્યું. શ્રી વત્સલાબ્હેન લખે છે તેમ આ લગ્ન રમાને બળજબરીથી કરાવેલું તેવું હું માનતી નથી. વિવાહ કર્યા તે વખતે રમા સંપૂર્ણ સાજી હતી, અને રમેશ એને બધી રીતે પસંદ હતો. બળજબરીથી થતાં લગ્નમાં માણસને નાપસંદ પાત્ર સાથે પરણાવવામાં આવે છે, તેવું આ કિસ્સામાં નહોતું. લગ્નના ત્રણ દિવસ અગાઉ જ્યારે રમેશ રમાને ઘેર ગયો ત્યારે બેઉએ ઘણા ખુલ્લા મને વાતો કરેલી. એ વાતો દરમ્યાન રમાની માનસિક સ્થિરતા સારી રહેલી, અને બે વચ્ચેની મમતા પણ એની વિશિષ્ટ (કદાચ થોડી ગાંડીઘેલી રીતે) વ્યકત થયેલી. આ બધું મેં "પાગલપ્રેમી"માં જણાવ્યું છે. રમેશે તે દિવસે રમાની આખી વર્તણૂક ખૂબ ઝીણવટથી જોઇ હતી, અને પરિણામે એને રમાનું ગાંડપણ બીજા પ્રકારનું–ઉપર જણાવ્યાં તેવાં કોઇક કારણોમાંથી જાગતું–લાગેલું. તેથી સારા એવા ચિંતન પછી એને શ્રદ્ધા આવેલી કે પોતે એને પ્રેમપૂર્વક સાજી કરી શકશે. રમા લગ્ન બાદ બે જ મહિનામાં સાજી થઇ ગઇ એ વાત એની શ્રદ્ધાની યોગ્યતા પૂરવાર કરે છે. એટલે બધી રીતે જોતાં મને રમેશનું આ પગલું મૂર્ખાઈથી નહિ પણ પ્રેમ ને સમજણથી કરેલું સફળ સાહસ લાગ્યું છે.

શ્રી વત્સલાબ્હેન લગ્નને માત્ર જાતીય જીવન અને પ્રજનનથી જ સીમિત કરીને એની આધ્યાત્મિક બાજુ ભૂલ્યાં તો નથી ને? લગ્નજીવનમાં એ બેઉ મહત્ત્વના છે એ કબૂલ છે, પણ એ સિવાય બીજું ઉદાત્ત તત્ત્વ પણ નથી? યુધિષ્ઠિર, નળ, રામ વગેરેનાં દૃષ્ટાંતો ટાંકવામાં પણ તેમની દૃષ્ટિ એકાંગી તો નથી થઇ ને? ખેર, એ તો આપણા પુરાણનાં કાલ્પનિક પાત્રો છે. એને બહુ મહત્ત્વ ન આપીએ તોયે વાંધો નથી, પરંતુ શ્રી રામકૃષ્ણ પરમહંસનો જીવંત દાખલો કયાં ઓછો પ્રેરક છે? લગ્ન સ્વીકારવા છતાં એ મહાન આત્મા કેવી ભવ્ય સાધના કરી ગયો! અને મા શારદામણીને આવા લગ્નમાં પણ કયાંય અન્યાય કે અસંતોષ લાગ્યા નથી. "ઉંડો પ્રેમ" આવો ન હોઇ શકે?

ભલે આપણા જેવા સામાન્ય માનવી માટે રામકૃષ્ણ થવું મુશ્કેલ હોય, તોયે કોઇ એ દિશામાં પ્રયાસ કરે તે પણ હું તો પ્રશંસનિય ગણીશ. આખરે તો રામકૃષ્ણ પણ એક માનવી–કક્ષામાંથી જ આગળ વધેલા ને?

આજના યુવાનની સરખામણી પણ મારે રામ, નળ કે દશરથ જેવા કાલ્પનિક પાત્રો સાથે નથી કરવી, પરંતુ આપણાં મા–બાપ, દાદા–દાદી જેવી પ્રત્યક્ષ વ્યકિતઓ સાથે કરવી છે કે જેથી મારું કથન વધુ સ્પષ્ટ સમજાય. "આજના યુવાનો આછકલા પ્રેમમાં પરિપૂર્ણતા માને છે."–એવી મારી માન્યતામાં થોડી અતિશયોકિત લાગે તો ક્ષમા માગું. પણ મારી દૃષ્ટિએ એ તદ્દન અસત્ય તો નથી જ. આજથી પચાસ વર્ષ પહેલાંના યુગલોમાં જે ત્યાગ, ભકિત ને સહિષ્ણુતાભર્યો પ્રેમ હતો એ અત્યારનાં યુગલોમાં મને તો ઓછો જ જણાય છે. અત્યારે પોતે પસંદગીથી કરેલાં લગ્નોમાં પણ વધી રહેલા છૂટાછેડાના કિસ્સા, પોતાના હકકોનો આગ્રહ તેમ જ નજીવી ભૌતિક બાબતોમાં થતાં મનદુઃખ પહેલાના જમાનામાં ઓછાં હતાં. આનું કારણ શું છે? અત્યારના પ્રેમના પીઠબળમાં ભૌતિક સુખ, વાસના તથા બાહ્ય આકર્ષણો વધું મહત્ત્વનું સ્થાન નથી ભોગવતાં? અત્યારના સીનેમાઓ તથા હલકું સાહિત્ય એને પોષણ નથી આપતાં? શારીરિક આકર્ષણને ખોટી રીતે પોષતો અત્યારનો બ્હેનોનો પ્હેરવેશ શું સૂચવે છે? કેટલી બ્હેનોને તો પોતાના પતિનો પ્રેમ (આકર્ષણ?) ટકાવી રાખવ કૃત્રિમ સૌંદર્યનાં પ્રસાધનો દ્વારા પ્રયાસ કરવો પડે છે–આ બધું શા માટે?

અલબત્ત, આ બધામાં અપવાદરૂપ વ્યકિતઓ તથા યુગલો હોય છે. પણ આજના સમાજની સામાન્ય સ્થિતિ આવી કરુણ છે. ત્યાં મારે નછૂટકે ઉપર્યુકત ઊંધાકું કથન કરવું પડે એમાં મને અસત્ય તો નથી જ લાગતું. જ્યાં વિવાહ કર્યા બાદ કોઇ સુંદર (?) સ્ત્રીની મૈત્રી થતાં પોતાની વિવાહિતાને છોડી દેવાય છે, જ્યાં લગ્ન બાદ પરદેશ જવા મળતાં કોઇ પરદેશી સાથે છાનું લગ્ન પણ થાય છે ત્યાં પોતાની પ્રતિજ્ઞા ખાતર એક સંજોગાવશાત્ ગાંડી થયેલી રમાને રમેશ સ્વીકારે તેમ જ સ્વીકારીને સાજી કરે તો કોઇ પણ માણસ પ્રસન્ન થાય એ સ્વાભાવિક નથી?

ગીતા પરીખ

મુંબઇ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫–૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, ફોર્ટ, મુંબઇ.

રજીસ્ટર નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૨ : અંક ૧૧

પ્રબુદ્ધ જીવન

મુંબઇ, ઑક્ટોબર ૧, ૧૯૬૦, શનિવાર
આફ્રિકા માટે શિલિંગ ૮

શ્રી મુંબઈ, જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ: ૨૦ નયા પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

❋ સુજ્ઞ શ્રાવિકા ❋

(૧)

આબુ પર્વત ઉપર વસ્તુપાલ તેજપાલનું જૈન મન્દિર છે, એને વિષે રાજસ્થાનના યશોગાયક કર્નલ ટૉડ લખે છે કે,

'Beyond controversy this is the most superb of all the temples in India, and there is not an edifice beside the Taj Mahal, that can approach it.'

અર્થાત્: 'ભારતનાં મન્દિરમાત્રમાં આ સર્વથી વિશેષ ભવ્ય છે, એ વાત નિર્વિવાદ સિદ્ધ છે; અને તાજમહાલ વિના એકે ભવન નથી જે એને લગી શકે.'

એટલે પ્રથમ આંગળીએ તાજમહાલ, બીજીએ આ મન્દિર ને ત્રીજી અનામિકા એમ સ્થિતિ છે. ચાલો, આજ આપણે વસ્તુપાલતેજપાલને આ મન્દિર ચણાવવા પ્રેરનારી તેજપાલ મંત્રીની ગુણસુન્દરી ગૃહિણી અનુપમાદેવીનો પરિચય કરીએ.

આ ઉગ્રભાગ્યવતી બહેન વિષે વસ્તુપાલચરિતના કર્તા જિનહર્ષગણિ કહે છે:

'અનુપમા બુદ્ધિ વિષયે અનુપમા જ હતી. એના માનસ-(મન) રૂપી સરોવરમાં દેવગુરુભક્તિરૂપી રાજહંસી સહિત સદ્‌વિવેક-રૂપ રાજહંસ નિરંતર વસતો હતો. અને વસ્તુપાલતેજપાલના ઘરમાં જાણે સાક્ષાત્ સરસ્વતી ન હોય એવી રીતે એ બધી વાતે માન પામતી હતી.'

આ ભાઇઓ માંડળમાં રહેતા.

ત્યાંથી તે એક સમયે શત્રુંજયાદિ તીર્થયાત્રા કરવા નીકળ્યા.

વચ્ચે હડાળા (હડાલકપુર) આવ્યા.

સૌરાષ્ટ્રમાં બીકાળું છે એમ જાણીને પોતાનું સર્વસ્વ ત્રણ લાખ ધન હતું તેમાંથી એક લાખ ત્યાં દાટી રાખવાનો વિચાર કર્યો.

મધ્યરાત્રે મોટા વડ નીચે ખોદ્યું, તો જાગ્રત્ પુણ્યને પ્રતાપે ત્યાંથી ઊલટો સોનૈયા ભરેલો તાંબાનો કળશ નિકળ્યો.

કળશ લઈ ઘેર આવી સરસ્વતીના જેવી ઉદાર તથા સન્મતિ દેનારી સદ્‌ભાગ્ય મનસ્વિની અનુપમાને ભાઇઓએ પૂછ્યું, કે 'આનું શું કરવું?'

લજ્જાના ભારથી નતમુખી અનુપમા કહે,

'દ્રવ્યોપાર્જન કરતાં માણસને પાપ લાગે છે, તેથી તેની બુદ્ધિ વકરી જાય છે અને જાણે નીચગતિ ન ઇચ્છતો હોય તેમ તે પોતાનું ધન પૃથ્વી નીચે દાટે છે. પણ ઉચ્ચ ગતિના અભિલાષીએ તો પોતાનું ધન જગતને દેખાય એમ ઉચ્ચસ્થાને સ્થાપવું જોઇએ. શત્રુંજય ને ઉજ્જયન્ત (ગિરનાર) ઊંચા પર્વત છે, ત્યાં આત્માર્થી પુરુષોએ ધન વાપરવું, જેથી કરીને લાખ વર્ષે પણ તે આપણને જડેલા નિધિની પેઠે પરહસ્તે ન જાય.'

આ હિતોપદેશ સાંભળીને વસ્તુપાલે શત્રુંજયાદિ તીર્થમાં ધન વાપર્યું.

× × ×

અનુપમાની ચાતુરીનો આ એક પ્રસંગ. બીજો પ્રસંગ પણ એનો જ રમણીય છે.

આબુ ઉપર મંદિર ચણાતું હતું, ત્યાં વસ્તુપાલની આજ્ઞાથી તેજપાલ અનુપમા સાથે આબુ આવ્યો ને મંદિર ચણાઈ રહેવા આવ્યું જાણી પ્રસન્ન થયો.

એક દિવસે તેજપાલ પૂજા કરતો હતો; ત્યાં સૂત્રધારોની મંદતા જોઈને અનુપમાએ શિલ્પીઓના અગ્રેસર શોભનને કહ્યું,

'હે ભદ્ર, એક થાંભલો ઊભો કરતાં આટલો વિલંબ થાય તો મન્દિર કેટી પૂરું થાય? સુજ્ઞો કહે છે, કે ધર્મની ત્વરિત ગતિ છે. કયો ક્ષણ કેવો જાય તે કોણ જાણે છે? લક્ષ્મી વીજળી જેવી ચંચળ છે ને આયુષ વાયુ જેવું અસ્થિર છે. એટલે વિવેકીએ માનવજન્મ સફળ કરવા ધર્મકાર્યમાં ઢીલ ન કરવી, અને વિશેષતઃ અધિકારીએ.'

શોભને ઉત્તર આપ્યો.

'હે સ્વામિનિ, આ પર્વત બહુ ઊંચો છે, એટલે ટાઢ આકરી પડે છે, અને સવારમાં કામ બનતું નથી. નિરન્તર હિમ જેવો મર્મચ્છેદી પવન વાયા કરે છે. મધ્યાહ્નને એકેએક શિલ્પીને હાથે રાંધીને ખાવાનું હોય છે. ભોજન પછી કામ ઓદરિએ ત્યાં તો હે દેવિ, સાંજે પાછી ટાઢ કહે મારું કામ. વળી શિલ્પીઓને દૂધદહિંશાક કાંઇ મળતું નથી, એટલે અહીં કામ થાંભું ચાલે છે.'

આમ સંવાદ ચાલે છે, ત્યાં તેજપાલ આવ્યો, એને અનુપમાએ કહ્યું.

'હે નાથ, મન્દિરના કામમાં વિલંબ કરવો ઉચિત નથી. મહાપુરુષોનું તેજ પણ સદાય વર્ધમાન જ નથી હોતું. સૂર્ય જેવો સૂર્ય પણ સાંજે નિસ્તેજ બનીને સમુદ્રમાં જઈ પડે છે, વળી રાજ્યાધિકાર તો દીપકલિકા જેવો છે. લોકો વૃદ્ધને નમે છે, મરી ગયેલા પૂર્વજોનું તર્પણ કરે છે અને ધન ખોઈ બેઠેલા માણસોને જુએ છે, તો યે એનો મોહ છૂટતો નથી. એક દિશાએ વિપત્તિ, બીજીએ મૃત્યુ, ત્રીજીએ વ્યાધિ અને ચોથીએ વૃદ્ધાવસ્થા, એમ આ ચારે ય માણસને દિવસ ને રાત પીડયા કરે છે.'

તેજપાલે પૂછ્યું, 'હે રાજ્યસ્વામિનિ, તો મંદિર તરત કેમ ચણાઈ જાય તે કહે.'

અનુપમાએ કહ્યું,

'હું સ્વામિન્, રાત્રિએ તથા દિવસે કામ કરનારા પૃથક્ પૃથક્ (ડબલ-શિફ્ટ) રાખવા. સર્વ શિલ્પીઓને એક રસોડે રુચિ પ્રમાણે અમૃતતુલ્ય ભોજન કરાવવું, અને શિલ્પીઓને

નવરાવવા, એની પગચંપી કરવા ૪. ૪. કામ સારુ નોખાં માણુસની યોજના કરવી એટલે વિના વિલંબે મન્દિર પૂરું થાય, કેમ જે માણુસને સંતુષ્ટ રાખવાથી તેને કામમાં ઉત્સાહ સ્ફુરે છે.'

પછી તો સૂત્રધારોને લીલાલહેર થઈ પડી.

આપણે પણ તે દિવસોમાં આબુ ઉપર આરસ કોતરતા હોત તો કેવી મોજ થાત?

મન્દિરનો પ્રતિષ્ઠામહોત્સવ સંવત ૧૨૮૭ના ફાલ્ગુન વદિ ત્રીજ ને રવિવારે થયો, તે જોવાને અનુપમાદેવી જીવ્યાં નહિ એમ જણાય છે. કેમકે સોમેશ્વરદેવે રચેલી પ્રશસ્તિમાં મન્દિર એના પુણ્ય અર્થે ચણાવ્યાનો ઉલ્લેખ છે:

अभूत् अनुपमा पत्नी तेजःपालस्य मन्त्रिणः ।
लावण्यसिंहनामायं आयुष्मान् एतयोः सतः ॥
तेजःपालेन पुण्यार्थं तस्य पुत्रकलत्रयोः ।
ह्म्यं श्रीनेमिनाथस्य तेने तेनेदमर्बुदे ॥

(૨)

આજની સુજ્ઞ શ્રાવિકા નવાં મન્દિર ન ચણાવે, પણ જૂનાં મન્દિરની સંપત્તિનો લોકકલ્યાણના કામમાં ઉપયોગ કરે. આના અનુસંધાનમાં જપાનના કેનંજી મઠના મુખ્ય બૌદ્ધ સાધુ એઇસાઇ (૧૧૪૧-૧૨૧૫)ની વાત મનનીય છે (સોર્સિઝ ઑવ ધ જપાનીઝ ટ્રેડિશન, પાનું ૨૪૬):

એક વાર એવું બન્યું કે એક નિર્ધન માણુસ એઇસાઇ આગળ આવ્યો ને કહે, 'અમારા ઘરમાં ત્રણ દિવસ થયાં રાંધ્યું નથી અને હું, મારી પત્ની ને ત્રણ છોકરાં ભૂખે મરવા જેવાં થઈ ગયાં છીએ. એટલે કૃપા કરીને અમને સહાયતા કરો.' આ ટાણે એઇસાઇ આગળ અન્ન, વસ્ત્ર, કે પૈસો કાંઇ ન મળે, પણ થોડુંક તાંબાનું પતરું હતું જે બુદ્ધની મૂર્તિનું પ્રભામંડલ બનાવવામાં વાપરવાનું હતું. આ પતરું તેણે લીધું, પોતાને હાથે ભાંગ્યું, તાંબાની કરચોની પોટકી બાંધી, એ તાંબું તે ગરીબ માણુસને આપ્યું અને કહ્યું, 'આને સાટે ખાવાનું વેચાતું લેજો ને તમારા કુટુંબને બચાવજો.' માણુસ તો તાંબું લઈને હરખાતો હરખાતો ચાલતો થયો.

પણ એઇસાઇના કેટલાક શિષ્ય કહે, 'આમ દેવદ્રવ્ય આપણે અર્થે વાપરવું તે ખોટું ન કહેવાય?'

એઇસાઇ કહે, 'તમારી વાત સાચી છે, પણ બુદ્ધ ભગવાનની પોતાની અભિલાષાનો વિચાર કરો. ભૂખ્યા જનાવરને ભોજન આપવા સારુ એણે પોતાના દેહનું યે સમર્પણ કર્યું હતું. તો પછી કોઇ માણુસ ભૂખે મરતો હોય તેને બચાવવા આખી બુદ્ધમૂર્તિ આપણે આપી દેવી એમ આપણને બુદ્ધદેવ કહે કે નહિ? અરે; આ અપરાધને કારણે મારો નરકવાસ થાય તોયે હું તો ભૂખે મરતાં માણુસને બચાવું.'

વિંચેસ્ટરના બિશપ (ધર્મગુરુ) એથેલ્વોલ્ડે પોતાના દેવળમાં રહેતાં સોનારૂપાનાં પૂજાપાત્ર દુકાળત્રેળાએ વેચી નાખ્યાં, ને કહ્યું, 'ભગવાનનાં જડ મંદિરોમાં પૈસાની છોળ ઊડે અને આત્મારામજીનાં જીવતાં મંદિર ભૂખે મરે એ કયાંનો ન્યાય?'

મિલાનના દેવળમાં ધરેણાં હતાં તે સંત એમ્બ્રોસે ગોથ લોકોના હાથમાં જઈ પડેલા બંધવાના બધ છોડાવવા સારુ વેચી નાખ્યાં.

'ભગવાનને વળી થાળનું શું કામ?' એમ કહીને બિશપ એકેશિયસે ૭૦,૦૦૦ પરાની કેદી જે ક્રિસ્તીની દૃષ્ટિએ બેઇમાન હતા તેને છોડાવ્યા અને સ્વદેશ મોકલી દીધા.

આપણા દેશમાં આવા દેખતા માણુસ થઈ ગયા છે?

દેસાઇ વાલજી ગોવિંદજી

ફિલસુફી શા માટે?

(તા. ૧-૯-૬૦ ના અંકથી અનુસંધાન)

ફરી ન્યાય પર આવીએ. જ્ઞાનનું પ્રામાણ્ય શું? તે કેવી રીતે નક્કી કરી શકાય? સત્ય જ્ઞાન પ્રાપ્ત કરવા માટે કયા સાધનો છે? ઇત્યાદિ ચર્ચા ન્યાયે કરી છે. માનવીની શક્તિઓ મર્યાદિત છે, બધું પ્રત્યક્ષ અનુભવી શકાતું નથી, એટલો સમય પણ હોતો નથી, તેથી વસ્તુઓના જે જે સંબંધો માનવે પહેલાં પ્રત્યક્ષ જોયા હોય તેના પરથી સામાન્ય નિયમો-વ્યાપ્તિઓ તારવે છે: જેમ કે જ્યાં ધુમાડો હોય ત્યાં અગ્નિ હોય છે, અને તેનો ઉપયોગ અપ્રત્યક્ષ વસ્તુઓનું અસ્તિત્વ નક્કી કરવા માટે કરે છે. ઘરમાંથી ધુમાડો નીકળે છે, ચોક્કસ આગ લાગી હોવી જોઇએ. આ તદ્દન સામાન્ય ઉદાહરણ આપ્યું છે. પણ આવાં આવાં અનુમાનો પરથી તત્ત્વચિન્તકો, જેમનામાં વૈજ્ઞાનિકોનો સમાવેશ થઇ જાય છે, તેઓ ખૂબ આગળ વધ્યા છે અને તેમણે, પ્રત્યક્ષ પ્રયોગ કરી શક્યા તે પહેલાં પણ, અનુમાનથી પરમાણુ આદિની સ્થાપના કરી હતી. આમ, પ્રગતિની દિશામાં અનુમાનનો ફાળો જેવો તેવો નથી અને છતાં તત્ત્વ-ચિંતનની ચોક્કસાઇ એટલી છે કે અનુમાનની પણ સખત પરીક્ષા કરી છે અને લગભગ એવું કહ્યું છે કે અનુમાન Probability સંભવિતતા-ના ક્ષેત્રમાં જ વિહરે છે; તેમાં બની શકે તેટલે અંશે ભૂલ કે વિપર્યયની શક્યતા ઓછી કરવા માટે હેત્વાભાસ (Fallacies) વગેરેનો ઝીણવટથી વિચાર કર્યો છે અને Laws of Thought ચિંતનનાં નિયમો નક્કી કર્યા છે. ચર્ચા-સભાઓમાં દલીલો કેવી રીતે કરવી જેથી માત્ર વિજયનું પ્રાધાન્ય ન રહે, પણ સત્ય જાણવાની ઇચ્છા અને સત્યનિષ્ઠાનું આગવું સ્થાન હોય તેને માટે પણ ન્યાયના પુસ્તકોમાં માર્ગદર્શન મળે છે. વળી પ્રત્યક્ષ અને અનુમાનથી પણ આપણે બધું જાતે નિશ્ચિત કરી શકતા નથી, અથવા તો આપણા નિર્ણયના સમર્થનમાં બીજાનો મત આવશ્યક જણાય છે તેથી આગમ, શબ્દ કે આપ્તવચનનું પણ પ્રામાણ્ય સ્વીકારાયું છે. વૈજ્ઞાનિક પોતાના પૂર્વવર્તી વૈજ્ઞાનિકોની શોધને કબૂલ રાખી તેના આધારે આગળ ચાલે છે. તે જ રીતે સર્વ તત્ત્વચિન્તકોને પોતાની પહેલાંના તત્ત્વચિન્તનની ઘણી મદદ મળે છે.

અહીં એક વાત પર ખાસ ધ્યાન દેવા જેવું છે. ન્યાયના પુસ્તકો અથવા તેને આધારે જેમાં તત્ત્વચિન્તન મળે છે તેવા ગ્રંથોમાં નાનામાં નાની વાતમાં અનેક વિકલ્પો ઉપસ્થિત કરી પ્રતિપક્ષી અન્ય દર્શનોનું ખંડન અને પોતાના મતની સિદ્ધિ મળે છે. અને કેટલાક ગ્રંથોમાં તો વિકલ્પજાલ સિવાય કશું મળતું જ નથી. અને અન્તે સિદ્ધ કર્યું હોય કે सर्वे व्यवहाराः अविचारित-रमणीयाः (વત્સોપપ્લવસિદ્ધ), બધા વ્યવહાર, વિચાર ન કરો ત્યાં સુધી જ રમણીય લાગે છે, પણ ન્યાયની કસોટીએ ચઢાવો તો તેમાં કોઇ પ્રામાણ્ય જણાતું નથી, તેમનું સત્ય આપણે જાણી શકતાં નથી. આવું વાંચતાં વિચારતાં ઘણી વાર એમ થાય છે કે આની શી જરૂર? કશું જ સિદ્ધ થતું નથી ત્યારે આટલી ચીકાશ, આટલું hair-splitting discussion-ઝીણું કાંતવાનું-શા માટે? આ આપણી વૃત્તિ ભૂલભરેલી છે. જરૂર ન હોત તો આવાં પુસ્તકો, તે પણ માત્ર ભારતમાં નહીં, જગતના સર્વ પ્રદેશોમાં લખાત શા માટે? શી જરૂર, શી જરૂર એમ કરીને ગણિત, Classical Language (પ્રશિષ્ટ ભાષા) આદિને અભ્યાસક્રમમાંથી કાઢી નાખવા આપણે તૈયાર થયા છીએ, અમુક અંશે રદ પણ કર્યા છે. પરિણામ એ આવ્યું છે કે વિદ્યાર્થીને ઝીણવટપૂર્વક અને

નિષ્ઠાપૂર્વક કામ કરવાની જે ટેવ પડતી અને તેની બુદ્ધિ જે સૂક્ષ્મતાપૂર્વક કેળવાતી, કસાતી અને એક પ્રકારનો સંયમ બુદ્ધિ પર આવતો કે પુરાવા વિના કશું લખાય નહીં, ઉપરના પદ્યમાંથી જેટલું નીકળતું હોય તેટલું જ તારવી શકાય, તે મોટે ભાગે જતું રહ્યું છે અને ગણિત વગેરેની આ આડકતરી અસર વિના શિક્ષણનું ધોરણ નીચે ઊતરે એમાં નવાઈ પામવા જેવું જ ન હોય. વૈજ્ઞાનિક શોધોના મૂળમાં જાઓ તો કોઈ ધૂની પાગલ જેવા માણસે મહિનાઓ સુધી, વર્ષો સુધી દાખલા ગણ્યા જ કર્યા હશે. દુનિયા તેને મૂર્ખ કહેતી હશે, તેને પોતાને પણ ખબર નહીં હોય કે હું આ શા માટે કરી રહ્યો છું; તેને મજા આવે છે. તેની ધૂન લાગી છે અને એક પદ્યમાંથી બીજું પદ્ય અને તેમાંથી ત્રીજું એના પોતાના ન્યાયે આવતું જ જાય છે અને તે એ પૂરમાં ઘસડાતો જાય છે. તેને પરિણામે તેને અથવા તેના કોઈ અનુયાયીને વિજ્ઞાનનું બહુ મોટું રહસ્ય સાંપડી જાય અને તેમાંથી તે કોઈ ભવ્ય શોધ કરે એવા અનેક દાખલા મળશે. આવું જ ન્યાયયુક્ત ચર્ચાનું પણ છે. આવી ચર્ચા તત્ત્વચિન્તનમાં અનિવાર્ય બને છે. તત્કાલ તેનો કોઈ અર્થ દેખાતો નથી, પણ તેથી બુદ્ધિમાં સૂક્ષ્મતા અને વિશદતા આવે છે અને કયારે કોઈ સત્ય પ્રાપ્ત થઈ જાય તે કહી શકાય નહીં; એમ ન બને તો પણ સત્યની દિશામાં પ્રગતિ તો થાય જ છે.

અત્યાર સુધી આપણે જોયું કે નીતિશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, માનસશાસ્ત્ર, સૌંદર્યમીમાંસા, તર્કશાસ્ત્ર વગેરે શાસ્ત્રો જીવનના વિવિધ વ્યવહારનો વિચાર કરે છે અને તત્ત્વજિજ્ઞાસા ઝીણવટપૂર્વક તેમની અન્તર્ગત જે સ્વીકૃતિઓ (Assumptions) હોય તેની અન્વીક્ષા કરે છે. એ રીતે આ સર્વ શાસ્ત્રોનો સમાવેશ તત્ત્વજિજ્ઞાસામાં થઈ જાય છે અથવા તત્ત્વજિજ્ઞાસા એ તેમની સર્વસામાન્ય પદ્ધતિ છે. વ્યવહારથી પ્રશ્નો આવે છે અને તત્ત્વજિજ્ઞાસા અને ચિન્તન તેમની છણાવટ કરે છે. પછી વાચન, ચિન્તન, મનનથી પ્રશ્નો ઉપસ્થિત થાય છે જેમની છણાવટ તત્ત્વવિદ્યા કે Metaphysics, શાસ્ત્રીય અર્થમાં તત્ત્વવિદ્યા કહી શકાય. આ તત્ત્વવિદ્યા નીતિશાસ્ત્રાદિના નિર્ણયોનો એકાંગી નહીં પણ સમગ્ર જીવનની દૃષ્ટિએ વિચાર કરે છે અને તેમાંથી જીવનના મૂળભૂત પ્રશ્નો તરફ દૃષ્ટિ વળે છે અને અખિલતામાં પરિણતિની ઇચ્છા જાગે છે. જગતના મૂળમાં તત્ત્વ કયું છે, તે મૂળભૂત તત્ત્વ એક છે કે અનેક, તે જડ છે કે ચેતન કે બન્ને? જો એક જ હોય તો જડમાંથી ચેતનની ઉત્પત્તિ શી રીતે થઈ શકે? આ પ્રશ્નનો ઉકેલ ચાર્વાકોએ લાવવાનો પ્રયત્ન કર્યો અને આધુનિક યુગમાં કાર્લ માર્કસ જેવા ભૌતિકવાદીઓએ (Materialist Philosophers). જો એ તત્ત્વ ચેતન હોય તો તેમાંથી જડની ઉત્પત્તિ કેવી રીતે થઈ—આ પ્રશ્ન વેદાન્તીઓની સામે અને વિજ્ઞાનવાદી બૌદ્ધોની સામે હતો અને બર્કલી વગેરેની સામે. જો ચેતન અને જડ એમ બે તત્ત્વ હોય તો તેમનો સંબંધ શો છે, આ સંબંધને કારણે કોઈ વિકૃતિ નથી આવતી? આ પ્રશ્ન નૈયાયિકોએ, સાંખ્યોએ અને અમુક અંશે બૌદ્ધોએ ચર્ચ્યો છે. કેટલાકે ચેતનતત્ત્વને પરિણામી સ્વીકાર્યું, સાંખ્યોએ ચેતન તત્ત્વને તદ્દન અલિપ્ત માન્યું અને જૈનોએ પોતાની અનેકાન્તવાદની દૃષ્ટિએ ચેતનની અને જડની પરસ્પર અસર માની પણ ખરી, અને છતાં બન્નેનું સ્વરૂપ ભિન્ન રાખ્યું. આગળ આપણે જોઈ ગયા તેમ વસ્તુના સત્-તત્ત્વમાં અને જે રીતે આપણને દેખાય છે તેમાં ભેદ છે એમ માનવાને પૂરતા પુરાવા છે. પ્રત્યક્ષ પ્રમાણમાં પણ ભ્રમને અવકાશ હોય તો રજ્જુ-સર્પની જેમ જગત મિથ્યા કે આભાસમાત્ર તો નહીં હોય! બાધ થાય છે તેથી આપણે જાણી શકીએ છીએ કે એ જ્ઞાન મિથ્યા છે; પણ ઘણા માણસોને કમળો થયો હોય અને એકને જ ન થયો તો પીત શંખનું જ્ઞાન સત્ય માનવું પડે. તેમ જ આ જગતનું નહિ હોય? જો સ્વપ્નમાં બાહ્યપદાર્થ વિના તેનું જ્ઞાન થઈ શકે તો એવું ન હોય કે આપણા આન્તરવિચારોએ બાહ્ય સ્વરૂપ ધારણ કર્યું (External projection of our ideas) એ જ આ જગત્, તેમનાથી ભિન્ન તેનું કોઈ સત્ય નથી! જગત્ સ્વપ્ન હોઈ શકે. પણ સ્વપ્ન વ્યક્તિગત હોય છે, જ્યારે જગત સર્વને એકસરખું દેખાય છે તેનું કેમ? તો જગત ઈશ્વરની કલ્પના કે સ્વપ્ન હોઈ શકે. વળી, પદાર્થો જે દેખાય છે તે સ્થિર છે કે ક્ષણિક? સ્થિર હોય તો તેમનો નાશ જ થાય નહીં, જ્યારે આપણે અસ્તિત્વ, જન્મ, પરિણામ, વૃદ્ધિ, અપક્ષય અને નાશ જોઈએ છીએ. માટે પ્રત્યેક ક્ષણ તે પરિવર્તનની ક્ષણ હોવી જોઈએ. તો પછી પદાર્થો ક્ષણિક કેમ ન માનવા? પૂર્વક્ષણથી ઉત્તરક્ષણનો નવો જ પદાર્થ ઉત્પન્ન થાય છે. સાદૃશ્યને કારણે આપણે એમ કહીએ છીએ કે એ જ પદાર્થ છે. આમાં સ્મૃતિ, પ્રત્યભિજ્ઞા, પુનર્જન્મ વગેરેની મુશ્કેલી રહે છે. તેથી જૈનોએ એવું કહ્યું કે પ્રત્યેક પદાર્થનું લક્ષણ ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય છે. પદાર્થ અમુક અંશે સ્થિર રહે છે, તેમાં કેટલાંક પરિણામ નવાં ઉત્પન્ન થાય છે અને કેટલાક અંશનો નાશ થતો રહે છે. આમ પ્રત્યેક પદાર્થ દ્રવણશીલ છે, છતાં તેને વિશે 'આ એ જ પદાર્થ છે' એ જે જ્ઞાન થાય છે તે પણ સાચું છે, કારણ કે તે કેટલેક અંશે ધ્રુવ છે. એ જ રીતે, જીવના પરિમાણની ચર્ચા થઈ—તે અણુ છે કે વિભુ કે શરીર જેટલા પરિમાણનો? પુનર્જન્મ થાય છે કે નહીં? જો પુનર્જન્મ હોય તો તેનાં નિર્ણાયક તત્ત્વ કયાં છે? જો જીવ મૂળ સ્વરૂપમાં શુદ્ધ ચૈતન્ય હોય અને અલિપ્ત હોય તો તે સંસારમાં કેવી રીતે બંધાઈ જાય છે? શરીરમાં ચેતન તત્ત્વનું સ્વતંત્ર અસ્તિત્વ છે ખરું? કે ગોળ વગેરે ઘટકોનું મિશ્રણ થતાં આપોઆપ મદશક્તિ સ્ફુરે છે તેમ પૃથ્વી, પાણી, તેજ અને વાયુ એ ભૂતો અમુક પ્રમાણમાં મળે ત્યારે ચેતનશક્તિ સ્ફુરે છે અને એ પ્રમાણમાં ખલેલ પહોંચતાં એ ચેતનશક્તિ નાશ પામે છે. તેથી પુનર્જન્મ, પાપ, પુણ્ય, સ્વર્ગ, નરક જેવું કાંઈ છે જ નહીં. વળી, ઈશ્વરનું અસ્તિત્વ કેવી રીતે નિશ્ચિત થઈ શકે? કાર્ય-કારણભાવની મુશ્કેલી તો છે જ! કાર્ય-પદાર્થનું અસ્તિત્વ મૂળથી કારણ-પદાર્થમાં શક્તિરૂપે હતું કે નવો જ પદાર્થ ઉત્પન્ન થાય છે? જો તલમાં તેલ હોય જ તો ઉત્પન્ન થવાપણું જ રહેતું નથી અને જો નવો જ પદાર્થ ઉત્પન્ન થતો હોય તો શા માટે તલમાંથી જ તેલ નીકળે છે, રેતીમાંથી નહીં?

આવા આવા અનેક મૂળભૂત પ્રશ્નોનો વિચાર તત્ત્વવિદ્યા હાથ ધરે છે. સ્વાભાવિક રીતે એમ લાગે કે આવા પ્રશ્નો અતિન્દ્રિય તત્ત્વ સંબંધી છે, જેના સંબંધમાં કદાપિ જ્ઞાન મળવાનું નથી અને જેને વિષે તત્ત્વચિન્તકો પોતે કબૂલ કરે છે કે કેટલાક પ્રશ્નો અનિર્વચનીય અને અવ્યાકૃત છે. તત્ત્વજ્ઞાન વિષે એમ કહેવામાં આવ્યું છે કે It is like going into a dark room to find a dark hat which is not there. પણ પરિસ્થિતિ એટલી નિરાશાજનક નથી. જીવનનો આ મૂળભૂત પ્રશ્ન છે. એમાં તો કોઈ ના પાડી શકે તેમ નથી. વળી, વિજ્ઞાન આવા પ્રશ્નો વિષે કશું કહી શકતું નથી, તેણે એ કામ તત્ત્વચિંતનને સોંપી દીધું છે. તત્ત્વચિંતન પોતે કબૂલ કરે છે કે અન્તિમ તત્ત્વ-ઈશ્વર કે ચેતન તત્ત્વ કે ચૈતન્ય-ધારા—તેનું જ્ઞાન ભેદકબુદ્ધિ (Discursive Intellect) થી શક્ય નથી, તેનો માત્ર અનુભવ જ થઈ શકે જેને માટે યોગ અને તેનાં અંગોનો અભ્યાસ આવશ્યક છે. પણ આ અનુભવનો પ્રકાશ તરત જ ભેળો જતો નથી. તેને માટે બુદ્ધિને કસવી પડે

છે અને જ્યારે એ સંપૂર્ણ રીતે યોગ્ય બને, કલેશરહિત અને નિર્મલ બને ત્યારે પરમ અનુભૂતિ પ્રકાશી ઊઠે છે. यतो वाचो निवर्तन्ते अप्राप्य मनसा सह. પણ તેની પૂર્વતૈયારી રૂપે મોટે ભાગે તત્ત્વચિન્તનની અન્તર્ગત અન્વીક્ષા, તર્કપૂર્વક પરીક્ષા તદ્દન અનિવાર્ય છે. તત્ત્વચિન્તનથી બુદ્ધિ વિશદ બને છે. તેની શક્તિઓ ખીલી ઊઠે છે. વિજ્ઞાનમાં બુદ્ધિના પ્રયત્નોથી માર્ગ સરળ બને છે, ભવિષ્યની સિદ્ધિનું આછુંપાતળું પણ લગભગ ચોક્કસ કહી શકાય તેવું જ્ઞાન થઈ જાય છે, પછી પ્રયોગથી પ્રત્યક્ષ સિદ્ધિ માત્ર મેળવવાની રહે છે. તેવું જ તત્ત્વચિન્તનનું પણ છે. સિદ્ધિ મળે કે નહીં તેનો આધાર બુદ્ધિની સત્યનિષ્ઠા, નિર્મળતા આદિ પર અવલંબે છે.

બીજો લાભ તત્ત્વચિન્તનથી એ થાય છે કે ખંડન કરવા માટે પણ પૂર્વપક્ષીનો મત બરાબર સમજવો પડે છે. તેથી પોતાના મતથી ભિન્ન વિચાર હોઈ શકે અને તે પણ સંગીન દલીલોથી પ્રેરિત અને સમર્થિત એની ખાત્રી થાય છે. અને એ પણ પ્રતીત થાય છે કે જ્યાં સુધી પરમ અનુભૂતિ ન થાય ત્યાં સુધી એ એટલું જ શક્ય છે કે પૂર્વપક્ષીનું ચિન્તન યથાર્થ હોય જેટલું કે પોતાનું ચિન્તન સમ્યક્ હોવું શક્ય છે; અથવા તો ભિન્ન ભિન્ન દૃષ્ટિએ બન્ને સાચાં હોય–જેની હિમાયત જૈન દર્શનમાં મળે છે. તત્ત્વચિન્તકો એ વાત પર ખાસ ભાર મૂકે છે કે તત્ત્વચિન્તન કોઈ એકાન્તવાદમાં પડવામાંથી આપણને બચાવે છે, એટલે કે તત્ત્વચિન્તન કોઈ પણ Dogma કે એકાન્તવાદનો હકપૂર્વકનો આગ્રહ પોષતું નથી. કોઈ પણ એકમાર્ગી વિચારને ન આવકારવો, કારણ કે દરેક પદાર્થનાં અનેક પાસાં હોઈ શકે, જેનો સમાન રીતે વિચાર આવશ્યક છે એ બાબતમાં કદાચ સૌથી સુદૃઢ ઉપદેશ આપ્યો છે જૈનદર્શને. ઉપરાંત, તત્ત્વજ્ઞાનનું અગત્યનું કર્તવ્ય છે સમન્વય (Synthesis) કરવાનું જે અનેકાન્તવાદથી પાર પડે છે, અને એકબીજાને સમજી સત્યની દિશામાં પ્રગતિ કરી શકાય તેવો ઉપાય તેમાં સરળતાથી મળવાની વિશેષ શક્યતા જણાય છે. આવો જ સમન્વય ઉપનિષદોમાં અને ગીતામાં આપણને મળે છે. ગીતાએ જ્ઞાન કર્મ અને ભક્તિનો સુભગ સમન્વય સાધ્યો છે. આપણે આનંદમીમાંસા કે સૌંદર્યમીમાંસા. નીતિમીમાંસા (કર્મમીમાંસા) અને જ્ઞાનમીમાંસાને ભિન્નભિન્ન ગણીએ છીએ. પણ સત્યમ્, શિવમ્, સુન્દરમ્ એ ત્રણેયનું અન્તિમ સત્ય એકરસ છે તેવું તેવું પ્રતીત થાય. તેમાં એકરૂપતા જોવામાં સફળતા મળે એટલે કે ત્રણેયનો સમન્વય કરવામાં સિદ્ધિ મળે ત્યારે એ ખરા અર્થમાં તત્ત્વજ્ઞાન કહેવાય.— Philosophy is a great synthesiser.

વળી, આટલા વિશાળ જગતમાં પોતાનું સ્થાન નકકી કરવાનું, અને કાંઈક સ્થિરતા, હૃદયની શાન્તિ મેળવવાનું દરેકને મન થાય છે, અને તત્ત્વચિન્તન સિવાય કોઈ વસ્તુ કે વિદ્યાથી સન્તોષ થતો નથી. છાન્દોગ્ય ઉપનિષદમાં કહ્યું છે કે નારદે અનેક વિદ્યાઓનો અભ્યાસ કરેલો, પણ તેને શાન્તિ મળી નહીં; છેવટે તે સનત્કુમાર પાસે આવે છે એવા ઉપદેશ માટે કે જેથી તે અંધકાર પાર કરી શકે. ગૌતમને રાજ્યની સમૃદ્ધિ વચ્ચે પણ તત્ત્વજિજ્ઞાસાની ઝંખનાએ (Metaphysical craving) ચેન લેવા દીધું નહીં અને તે સત્યની શોધમાં નીકળી પડયા અને છેલ્લે બુદ્ધ થયા. જ્યાં જ્યાં ઠોકર વાગી, નિષ્ફળતા મળી ત્યાં તેઓ વધારે ગંભીરતાપૂર્વક વિચાર કરવા લાગ્યા અને આગળ વધ્યા. એ જ રીતે સત્યમાં પ્રકૃષ્ટ નિષ્ઠાથી ભગવાન મહાવીરનો ઉપદેશ સાંભળવા અને જીવનમાં ઊતારવા અનેક સ્ત્રીપુરુષો જેવાં કે જયન્તી, આર્ય શ્રીસ્કંદક, સુદર્શન શેઠ, ઉદાયી રાજા વગેરે પોતાની સુખસમૃદ્ધિનો વિચાર બાજુએ મૂકી શાન્તિ પ્રાપ્ત કરવા ભગવાન મહાવીરના અનુયાયી થયાં. બૃહદારણ્યક ઉપનિષદમાં કહ્યું છે કે મૈત્રેયીએ યાજ્ઞવલ્કયને કહ્યું કે એવા ધનનું હું શું કરું જે મને અમૃતત્વ ન અપાવે. ઉપનિષદોમાંથી અને ગણધરવાદ આદિ ગ્રંથોમાંથી જાણવા મળે છે કે અનેક પ્રકારના પ્રશ્નો ચિંતકોને મુંઝવે છે અને તેમને તે પ્રશ્નોનો ઉત્તર ન મળે તો તેઓ અન્ય ચિંતકો પાસે જાય છે. આવા કેટલાક ચિન્તકો ઉદ્દાલક આરુણિ પાસે આવ્યા, તે પાછા એટલા સત્યનિષ્ઠ અને નિર્દંભ કે પોતાને સૂઝ પડી નહીં એટલે તરત જ બધાને લઈ રાજા અશ્વપતિ કૈકેય પાસે ગયા. જનક રાજા પણ પ્રખર તત્ત્વજિજ્ઞાસુ હતા. જ્યાં માનવને કશુંક બંધબેસતું ન લાગે, વ્યવહારમાં કે વિચારમાં કશી અનુપપત્તિ જણાય, ત્યાં એ ઊંડા ચિન્તનમાં ઊતરી જાય છે અને વિરોધનો પરિહાર કરવા તેમની અન્તર્ગત સ્વીકૃતિઓની અન્વેષણામાં પડી જાય છે. આનું નામ જ તત્ત્વજિજ્ઞાસા છે. અનુપપત્તિ તત્ત્વજિજ્ઞાસાની માતા છે. આ પરથી એટલું તો સ્પષ્ટ થાય છે કે દરેક માનવી તત્ત્વજિજ્ઞાસુ છે. જેટલે અંશે તે ઊંડો અને પક્ષપાતરહિતનો, તટસ્થ વિચાર કરી શકે તેટલે અંશે તે સાચો ફિલ્સુફ છે, અને છીછરી રીતે વિચાર કરે તો તે છીછરો ફિલ્સુફ છે.

અત્યારેય સૌ કહેતા હોય છે કે અમને ફિલ્સુફીનો ખૂબ શોખ છે, ગમે છે–પછી ફિલ્સુફીનો અર્થ તેમને સ્પષ્ટ હોય કે નહીં. એ બતાવે છે કે ફિલ્સુફી પાસે લોકોને બહુ મોટી આશા હોય છે. બીજું કંઈ ન કરી શકે તો પણ ચિન્તન અને મનનથી બુદ્ધિમાં જે વિશદતા આવે છે તેને કારણે માણસ ગમે તેવા કઠિન સંજોગોમાં સમતુલા જોઈ શકે છે, અને તટસ્થ રીતે વિચાર કરી શકે છે, તેને પોતા પર કાબૂ રહે છે. આ Philosophic Temperament ફિલ્સુફની પ્રકૃતિ, સ્વભાવ એ અમૂલ્ય રત્ન જ છે, માનવને ભવસાગરમાં ખૂબ કામ લાગે છે તેને સાચું માર્ગદર્શન આપે છે. આ આડકતરી રીતે પ્રાપ્ત થાય છે, છતાં સૌથી શ્રેષ્ઠ લાભ છે. તત્ત્વદર્શનમાંથી જે આત્મૌપમ્ય કે આત્મૈકયની ભાવના પ્રાપ્ત થાય છે તેની જીવન પર ઘણી અસર દેખાય છે. તે લોકશાહીનો પાયો છે. Whitehead જેવા ચિન્તકો તો એટલે સુધી કહે છે કે રાજ્યનીતિના સિદ્ધાન્તોનું ચણતર તત્ત્વચિન્તનના નિર્ણયો પર થયેલું છે.

આટલું સાંભળ્યા પછી પણ તમને કદાચ વિચાર આવે કે આ તત્ત્વજ્ઞાનમાં તો બધાનો સમાવેશ થાય છે અને છતાં તેનો વિષય સ્વતંત્ર રીતે શો છે તે કહી શકાતું નથી. આવો આક્ષેપ ઘણા કરે છે. Philosophy is everything and yet nothing.

પ્રાચીન કાળનું તત્ત્વચિન્તન જોઈશું તો તેમાં ધર્મ, નીતિ, મનોવિજ્ઞાન, રાજ્યનીતિ, વિજ્ઞાન, સૌંદર્યમીમાંસા વગેરે અને અન્તિમ પ્રશ્નોનો વિચાર બધું મિશ્રિત સ્વરૂપે મળશે. જેમ જેમ કેટલુંક શોધો અને પ્રયોગ દ્વારા નિશ્ચિત થતું ગયું તેમ તેમ તે સ્વતંત્ર શાસ્ત્ર કે વિદ્યા તરીકે જૂદું પડતું ગયું, અને જે અજ્ઞાન રહ્યું તે તત્ત્વજિજ્ઞાસાને ફાળે જમા રહ્યું. તત્ત્વજિજ્ઞાસાની સરખામણી એવી માતા સાથે કરી શકાય કે જે પુત્રો સ્થિર થાય કે તેમને પોતપોતાની સમૃદ્ધિ વિકસાવવા જુદા કરી દે અને પોતે જેમને હજુ આધારની જરૂર છે તેમની સંભાળ લીધા કરે. એ જુદા થયેલા પુત્રોને પોતાના વિકાસમાં જ્યાં મુશ્કેલી આવે ત્યાં એ ફરી ઉદાર માતાને શરણે જાય અને તેનું માર્ગદર્શન મળતાં ફરી આગળ વધે. અત્યારે પણ તત્ત્વજિજ્ઞાસા અન્તર્ગત સ્વીકૃતિઓનું જ્ઞાન પ્રાપ્ત કરવાનો પ્રયત્ન–એ સ્વરૂપે સર્વવ્યાપી છે, અને એક વિશેષ વિદ્યા તરીકે તત્ત્વવિદ્યા અતીન્દ્રિય અને અગમ્ય એવા પદાર્થોનો વિચાર કરે છે. તત્ત્વજિજ્ઞાસામાં એવો દૈવી અસંતોષ (Divine discontent) છે જે અજ્ઞાતમાં જ રાચે છે. અજ્ઞાત પ્રદેશમાં વિહાર એ તત્ત્વજિજ્ઞાસાનું ભૂષણ છે, દૂષણ નહીં.

हिरण्मयेन पात्रेण सत्यस्यापिहितं मुखम् ।
तत्त्वं पूषन्नपावृणु सत्यधर्माय दृष्टये ।। (ઈશ. ૧૫)

"સુવર્ણમય પાત્રથી (ઢાંકણથી) સત્યનું મુખ ઢંકાયેલું છે. તે હે પૂષન, ઊઘાડી નાખો જેથી સત્ય જેનો ધર્મ છે તે (સત્ય) જોઈ શકાય."

સમાપ્ત

એસ્તેર સોલોમન

ડૉ. વિશ્વેશ્વરૈયાને નેહરુની અંજલિ

ડૉ. વિશ્વેશ્વરૈયાનો પ્રજાજોગ સંદેશો

તા. ૧૫–૯–૬૦ ના રોજ બેંગલોર ખાતે ભારતના મહાન શિલ્પી, ઇજનેર અને રાજ્યનીતિજ્ઞ ડૉ. મોક્ષગુંડમ્ વિશ્વેશ્વરૈયાનું તેમની સો મી વર્ષગાંઠ પ્રસંગે ભારે શાનદાર રીતે જાહેર સન્માન કરવામાં આવ્યું હતું. આ ભવ્ય સન્માનસમારંભ પ્રસંગે મંગળ પ્રવચન કરતાં ભારતના મહામાત્ય શ્રી જવાહરલાલ નહેરુએ જણાવ્યું હતું કે "આજના સન્માનિત મહાપુરુષની મહત્તાની સાક્ષીરૂપ એવાં અનેક નિર્માણકાર્યો દેશમાં જ્યાં ત્યાં ભરચક પથરાયેલા પડ્યા છે. એમની આટલી મોટી ઉમ્મર હોવા છતાં, ડૉ. વિશ્વેશ્વરૈયા હંમેશા મનથી જુવાન રહ્યા છે અને યુવાન પ્રજા માફક તેમની દૃષ્ટિ હંમેશાં ભવિષ્ય તરફ ઢળેલી રહી છે. જો ભારતના જુવાન સ્ત્રીપુરુષો તેમની માફક સ્વપ્નો સેવવાની, સતત વિચારતા રહેવાની અને અવિરતપણે શ્રમપરાયણ જીવન ગાળવાની મહાન તાકાત કેળવે તો, એમાં કોઇ શક નથી કે, આપણા દેશનું પરમ શ્રેય સદા સધાતું રહે. ડૉ. વિશ્વેશ્વરૈયા આજના વર્તમાન કાળના જ સંદર્ભમાં નહિ પણ ભારતની પ્રજા પોતાની પાસે જે હોવાનો દાવો કરે છે તે પુરાતન ધોરણો અને મૂલ્યોના સંદર્ભમાં પણ વિજ્ઞાન, ઉદ્યોગ અને તંત્રવિદ્યા (ટેક્નોલોજી)ની આધુનિક દુનિયાનું આપણને સતત સ્મરણ કરાવતા રહ્યા છે. આજે તેમને અંજલિ આપતાં, ભારતની પ્રજાએ, જો તે પોતાની જાતને વફાદાર હોય તો, આ એન્જિનિયર–સ્ટેટ્સમેનનાં સ્વપ્નોને મૂર્તિમંત કરવાની ઊંડા દિલથી અને આત્મસાક્ષીએ પ્રતિજ્ઞા લેવી જોઇએ. તો અને ત્યારે જ આપણે તેમનું ખરું સન્માન કર્યું લેખાશે.

"મને કહેતાં દુઃખ થાય છે કે, ભારતની પ્રજાએ બહુ મોટી વાતો કરવી અને કહેવા પ્રમાણે કરવું નહિ–આ પ્રકારની કમનસીબે ખ્યાતિ પ્રાપ્ત કરી છે. (ડૉ. વિશ્વેશ્વરૈયાને ઉદ્દેશીને જણાવતાં તેમણે કહ્યું કે) આ ખ્યાતિમાં આપ એક મહાન અપવાદરૂપ નીવડ્યા છો. અનેક સાહસોના આ શિલ્પીએ પણ વાતો કરી છે, એમ છતાં પણ, તેમણે વાતો થોડી કરી છે પણ કામ ઘણું કર્યું છે. તેમના દાખલાથી લોકોએ ઘણું શિખવા સમજવાનું છે.

"આજે મને આચાર્ય વિનોબા ભાવેનું એક અસાધારણ કથન યાદ આવે છે. તેમણે એક પ્રસંગે જણાવ્યું હતું કે રાજકારણ અને ધર્મના દિવસો હવે ખતમ થયા છે અને વિજ્ઞાન અને આધ્યાત્મિકતાના યુગનાં મંડાણ શરૂ થયાં છે. આ તેમનું કથન મારા ચિત્તમાં સચોટપણે જડાઇ ગયું છે. રાજકારણ આપણી સાથે હંમેશાં રહેવાનું છે. પણ રાજકારણનો સાંકડા અર્થમાં વિચાર કરતાં કરતાં તે આપણને સત્તાલોલુપતા, સંઘર્ષ અને ઇર્ષ્યાખોરી તરફ ઘસડતું રહ્યું છે. અને ધર્મ–આ વિષે બોલતાં હું જરા સંકોચ અનુભવું છું–ધર્મ, તેના ગર્ભમાં ઉમદા જ્ઞાનનો ભંડાર ભરેલો હોવા છતાં, સંપ્રદાયો, સાંકડી માન્યતાઓ અને ભેદભાવના ચોકાઓ પેદા કરવામાં પરિણમેલ છે. વિજ્ઞાન સિવાય ભારત માટે કે દુનિયા માટે કોઇ આશા નથી, કારણ કે સત્યની શોધ કરતાં કરતાં માનવજાતે જે જ્ઞાનનો સંચય કર્યો છે તે જ્ઞાનસંચયનું નામ જ વિજ્ઞાન છે. ભૌતિક દુનિયા વિશેની સમજણ પ્રાપ્ત કરવામાં જો આપણે સત્યનો જ ઇન્કાર કરીએ તો પછી આપણે શેના આધારે રહી શકીશું?

"આમ છતાં પણ વિજ્ઞાનને એક 'તટસ્થ વસ્તુ' તરીકે વર્ણવવામાં આવે છે–ઓળખવામાં આવે છે–અને તેને સાચા હેતુઓ તરફ વાળવાનું રહે છે. વિજ્ઞાને આ દુનિયામાં સર્વ કોઇ માટે ભૌતિક સ્વર્ગ ઊભું કરવાની તાકાત અને શકિત આપેલ છે અને સાથે સાથે તે આખી દુનિયા માટે નર્ક પણ સર્જી શકે તેમ છે. આજે પસંદગી ભૌતિક સ્વર્ગ કે નર્ક વચ્ચે કરવાની છે. વિજ્ઞાનનું યોગ્ય નિયમન કરવું અને તેને સાચા માર્ગે વાળવું એ કામ માનવી મન અને આત્માનું છે. બીજા શબ્દોમાં કહીએ તો વિજ્ઞાનની મહાન તાકાતનો આધ્યાત્મિકતા સાથે આપણે મેળ બેસાડવાનો રહે છે. આમ હોવાથી આચાર્ય ભાવેનું કથન એ કોઇ સ્વપ્નદૃષ્ટાનો આદર્શ નથી પણ આજની દુનિયાની અત્યંત તાકીદની માગ છે.

"આજે સમગ્ર પ્રજા ચેતના અને ભાવનામાં સદા યુવાન એવા ડૉ. વિશ્વેશ્વરૈયાનું અભિવાદન કરી રહી છે. આપણે તેમના યૌવનપૂર્ણ આદર્શવાદને જીવનમાં ઊતારીએ અને કહ્યું તપ અને પરિશ્રમ વડે શું શું સિદ્ધ કરી શકાય છે તે તેમના જીવન દ્વારા આપણે શિખીએ!"

ત્યાર બાદ માઇસોર પ્રદેશના રાજ્યપાલ અને મુખ્ય પ્રધાને ડૉ. વિશ્વેશ્વરૈયાને ભિન્નભિન્ન રીતે હાર્દિક અભિનંદનો આપ્યા હતા અને ત્યાર બાદ ડૉ. વિશ્વેશ્વરૈયાએ ભારતની પ્રજાને કેટલીક ઉપયોગી સલાહ શિખામણ આપી હતી. તેમણે ભારતની પ્રજાને ઉદ્યોગીકરણના માર્ગે આગળ ને આગળ વધવા આવ્હાહન કર્યું હતું અને જણાવ્યું હતું કે "આ વડે જ આપણા દેશના હિતોની આપણે રક્ષા કરીશું અને દુનિયાની આગળ વધેલી પ્રજાઓના કદમ સાથે કદમ મીલાવી આપણે આગળ વધી શકીશું. આ યંત્રયુગ છે અને યંત્રોના અને યાંત્રિક સાધનોના ઉપયોગને બને તેટલું ઉત્તેજન આપવાની ખૂબ જરૂર છે. ઔદ્યોગીકરણ સાથે સાથે તેના પરિણામે વધતી જતી કામગીરીના પરિણામે–કે જેને લીધે પ્રજાના દરેક વર્ગો કામમાં ખૂબ રોકાઇ જવાં જ જોઇએ–રચનાત્મક રાજકારણ તેના સંપૂર્ણ આકારમાં અભિવ્યકત થશે,"

તેમણે આગળ ચાલતાં જણાવ્યું કે "મારા અનુભવથી મને માલુમ પડ્યું છે કે ચારિત્ર્યસંપન્ન માનવી, હેતુપૂર્ણ જીવન જીવતો માનવી, જરૂરી તાલીમ પામેલો માનવી મહત્વાકાંક્ષી માનવી, કહ્યું કામ માટે અગાધ તાકાત ધરાવતો માનવી સફળતાને પામે જ છે. આ ગુણો આપણે હિંદીઓએ કેળવવા જ જોઇએ."

આજની પરિસ્થિતિનું વિશ્લેષણ કરતાં તેમણે જણાવ્યું કે "ભારતની પ્રજાનો ઘણો મોટો ભાગ અભણ હતો અને લોકોનો મોટો વર્ગ જે આજ સુધી પોતાના બાપદાદાના માર્ગે ચાલવામાં સંતોષ અનુભવતો હતો અને કોઇ પણ પ્રકારની મહત્વાકાંક્ષા વિહોણો હતો, તે આજની અદ્યતન હરીફાઇ ભરેલી દુનિયામાં સુખસગવડવાળું જીવન પ્રાપ્ત કરવામાં ભારે મુસીબત અનુભવે છે.

આ વસ્તુસ્થિતિ એમ પુરવાર કરે છે કે ભારતમાં આજે આપણને અનિવાર્ય જરૂર છે ફરજિયાત પ્રાથમિક શિક્ષણની, કે જેની સગવડ જાપાને અને રશિયાએ, જ્યારે તેમણે સુધારાની યોજનાઓ શરૂ કરી ત્યારે, સૌથી પહેલાં પૂરી પાડી હતી. આ ત્રુટિની હવે જરા પણ ઉપેક્ષા નહિ કરવામાં આવે એવી હું આશા રાખું છું."

આ ઉપરાંત તેમણે નીચેના મુદ્દાઓ રજૂ કર્યા હતા:

ભારતમાં કામના કલાકો બહુ અનિયમિત અને બહુ થોડા હોય છે. લોકોને નિયમિત અને શિસ્તબદ્ધ થતાં શિખવવું જોઇએ. દરેક નાગરિકે છ થી આઠ કલાકનું કામ આપવું જોઇએ, જીવનના દરેક ક્ષેત્રમાં તેણે એકતા, સંવાદિતા અને સહકારને પુષ્ટ કરવા માટે પ્રયત્નશીલ બનવું જોઇએ. તેણે પોતાના ચારિત્ર્યના અંગ તરીકે ખંત, શિસ્ત અને ચોકસાઇ કેળવવાં જોઇએ. તેણે યાદ રાખવું જોઇએ કે વફાદારી, પ્રમાણિકતા અને શકય તેટલી

નિઃસ્વાર્થતા માણસને સફળ બનાવવામાં ખૂબ મદદ કરે છે. દૈનિક જીવનમાં તેણે સભ્યતા અને નમ્રતા દાખવવી જોઇએ, અને પોતાના દેશબંધુઓની સેવા કરવા સદા તત્પર રહેવું જોઇએ. દરેક દેશમાં પ્રજા બે વિભાગમાં વહેંચાયેલી હોય છે, માર્ગદર્શકો અને અનુયાયીઓ. આ બન્ને દળોમાં વહેંચાયેલી પ્રજાને કેળવવા માટે સર્વ પ્રકારની સગવડો ઊભી કરવી જોઇએ. નિશાળોમાં અને કૉલેજોમાં કામ કરવાની સારી ટેવો અને વ્યવસાયી આદતોની સમજણ અને કેળવણી આપવી જોઇએ. વખતનો પૂરો ઉપયોગ કરવો જોઇએ. તેનો અપવ્યય થવો ન જોઇએ, કારણ કે શિસ્ત-બદ્ધ જીવનમાં સમયનું ઘણું મોટું મૂલ્ય છે. કામથી જ પ્રજાનું આરોગ્ય અને તન્દુરસ્તી જળવાય છે. પ્રગતિશીલ રાષ્ટ્રોની પ્રજાઓ તેમણે અથવા તો તેમના પુરોગામીઓએ કરેલા કઠણ પરિશ્રમને લીધે જ ધનવાન બની છે. આપણો પણ તે દ્વારા જ ઉદ્ધાર શક્ય છે.

સત્યનિષ્ઠા વિરુદ્ધ પક્ષનિષ્ઠા

(તા. ૨૧-૯-'૬૦ ના ટાઇમ્સ ઑફ ઇન્ડિયામાં 'Roots of Cynicism' એ મથાળા નીચે પ્રગટ થયેલ અગ્રલેખનો અનુવાદ)

ખાનગી જીવનમાં અવારનવાર બને છે તેમ રાજકારણી જીવનમાં પણ વ્યક્તિને નૈતિક પસંદગી કરવી બહુ મુશ્કેલ પડે એવી પરિસ્થિતિ તેની સામે ઘણીવાર ઊભી થાય છે. દરેક વ્યક્તિને એવો રાજકીય પક્ષ મળી રહે કે જેની નીતિ અને જેનો કાર્યક્રમ તે ખરા દિલથી સ્વીકારતો હોય—આવું હંમેશાં બનતું નથી, અને આ કારણે જો એક યા બીજા પક્ષથી તે તદ્દન અલગ રહેવાનું પસંદ કરે છે તો રોજબરોજ બનતી ઘટનાઓના પ્રવાહને પોતે ઇચ્છે એવી રીતે નવો વળાંક આપવાની—તેને પ્રભાવિત કરવાની તેના માટે કોઇ શક્યતા રહેતી નથી. જ્યારે દેશના દરેક રાજકીય પક્ષ સાથે તેને મતભેદ હોય છે ત્યારે તેણે કાં તો રાજકીય એકલવાયાપણું—Political isolation—સ્વીકારવું પડે છે અથવા તો Double-think જેવું એટલે કે અંદરનું એકરૂપ અને બહારનું રાજકારણી બીજું રૂપ—આવી દ્વિધા સ્થિતિ તેને સ્વીકારવાની રહે છે. જો તે બધા પક્ષોથી અલગ રહેવાનું પસંદ કરે છે તો તે રાજકારણની દૃષ્ટિએ Impotent—કર્તૃત્વશૂન્ય—જેવો બની જાય છે. જો તે એવા કોઇ રાજકીય પક્ષનો સભ્ય થવાનું અથવા તો તે પક્ષના સભ્ય તરીકે ચાલુ રહેવાનું પસંદ કરે છે કે જેની નીતિ પ્રજાના સાચા હિતની વિરુદ્ધ છે એમ તે માનતો હોય છે તો, તે તકસાધુપણાના દોષનો ભાગી બને છે. આ કોઇ કલ્પનાની વાતો નથી. આજે આચાર્ય કિપલાણી અને પ્રજાસમાજવાદી પક્ષના ચેરમેન, શ્રી અશોક મહેતા વચ્ચે થયેલા પત્રવ્યવહારમાં આચાર્ય કિપલાણી પક્ષે આપણને આ પ્રકારની પરિસ્થિતિ પ્રત્યક્ષ ઊભી થયેલી માલુમ પડે છે. આચાર્ય કિપલાણીએ પોતાના પત્રોમાં પ્રજાસમાજવાદી પક્ષ સાથેના પોતાના પાયાના મતભેદો સ્પષ્ટ આકારમાં રજૂ કર્યા છે. તેમને લાગે છે કે જે રીતે પ્રજાસમાજવાદી પક્ષે એક પછી એક ભાષાકીય આન્દોલનને ચાલના આપી છે, વેગવાન બનાવ્યું છે અને પંજાબી સુબાની હીલચાલને જે રીતે તેણે ટેકો આપ્યો છે તે રીત દેશની એકતાને જોખમમાં મૂકે છે. તેમને એ જાણીને ભારે દુઃખ થાય છે કે પ્રજાસમાજવાદી પક્ષની એક મંડળીએ આસામને કલંકિત બનાવનાર તોફાનોને ઉશ્કેરવામાં ભાગ લીધો હતો. પ્રજાસમાજવાદી પક્ષના અમુક ઘટકોએ જુદા જુદા પ્રસંગ ઉપર કોમવાદી અને સામ્યવાદી પક્ષો સાથે જોડાણ કરીને જે રીતે કામ કર્યું છે તે અંગે તેઓ ઊંડી ખિન્નતા અનુભવે છે. તેમને લાગે છે કે પ્રજાસમાજવાદી પક્ષ દ્વારા ઊભી કરવામાં આવેલી મધ્યસ્થ સરકારના કર્મચારીઓની તાજેતરની હડતાળે ટ્રેડ યુનિયનની હીલચાલને ઘણું મોટું નુકસાન પહોંચાડયું છે. તેઓ વિકેન્દ્રિત ઉદ્યોગ ઉપર ઘણો ભાર મૂકે છે અને લોકશાહી દ્વારા કરવામાં આવતા આયોજન માટે આવું વિકેન્દ્રીકરણ અત્યંત આવશ્યક છે એમ તેઓ માને છે અને પ્રજાસમાજવાદી પક્ષ આ પ્રકારના વિકેન્દ્રીકરણને પૂરતું મહત્વ આપે છે કે નહિ તે વિષે તેઓ સાશંક છે. આ બધું ધ્યાનમાં લેતાં સ્વાભાવિકપણે તેઓ પ્રજાસમાજવાદી પક્ષથી છૂટા થવાની ઇચ્છા સેવી રહ્યા છે અને બીજા કોઇ પક્ષ સાથે પણ તેમના મનનો મેળ નથી. તેથી તેમને લાગે છે કે તેમણે 'કોઇ પક્ષ કે દળ સાથે જોડાયેલા નહિ' એવી સ્થિતિ હાલ તુરંત માટે સ્વીકારવાની રહેશે.

જે જાતનો નૈતિક કોયડો આચાર્ય કિપલાણી સામે ઊભો થયો છે તેવો નૈતિક કોયડો બીજા ઘણા જાહેર કાર્યકર્તાઓ સામે પણ ઊભો થયેલો હોય છે. પણ આમ હોવા છતાં પોતાની રાજકારણી કારકિર્દીને ભુંસી નાખવાની—કે જેનું વાસ્તવિક પરિણામ સક્રિય રાજકારણી જીવનથી સદન્તર નિવૃત્તિ સ્વીકારવામાં આવે—તે માટેની આવી દરેક વ્યક્તિમાં હિંમત હોતી નથી. વસ્તુતઃ આ પ્રશ્ન ખરી રીતે હિંમતનો નહિ પણ રાજકારણી પ્રમાણિકતાનો છે કે જે એવી અપેક્ષા રાખે છે કે જાહેર જીવનને વરેલા દરેક માણસે વિવાદાસ્પદ પ્રશ્નો અંગે પોતાને જે લાગે તે પ્રમાણિકપણે જાહેરમાં કહેતા રહેવું જોઇએ. કમનસીબે આજે તકસાધુપણાએ આપણા રાજકારણી જીવનમાં એવાં ઊંડાં મૂળ નાંખ્યા છે કે કોઇ પણ વ્યક્તિના સાચા રાજકારણી અભિપ્રાયો તેના પક્ષીય જોડાણથી અલગ તારવવાનું મુશ્કેલ બની ગયું છે. સંખ્યાબંધ માણસો આજના જાહેર જીવનમાં છુપી રીતે એવું બધું કરી રહ્યા છે કે જે તેમણે જાહેરમાં અંગીકાર કરેલી નીતિને મૂળમાંથી છેદી નાખતું હોય છે. આ દ્વિધાવૃત્તિની પ્રક્રિયા એટલી બધી વ્યાપક બની ગઇ છે કે નાના કે મોટા બધા પક્ષો આ પરિસ્થિતિનો સ્વીકાર કરીને જ ચાલતા હોય છે. તેમના આગેવાનો કોમવાદ અને જ્ઞાતિવાદનો જાહેરમાં વિરોધ કરતા હોય છે, પણ જુદા જુદા કોમી અને જ્ઞાતિગત મંડળોને ઉત્તેજન—પ્રોત્સાહન—આપીને આચરણમાં એ જ અનિષ્ઠોને તેઓ પોષણ આપતા હોય છે. તેઓ એક બાજુએ પોતાના સમુદાયમાં એકતાનો ઉપદેશ આપતા હોય છે અને બીજી બાજુએ પક્ષ અંદરના પોતાના વર્તુલો માટે સત્તાધિકારો પ્રાપ્ત કરવા માટે તેઓ બધું કાંઇ કરતા હોય છે. આ પ્રક્રિયા કેટલી બધી વ્યાપક બની છે તેનો તે ભાષાકીય લાગણીઓના આવિષ્કાર અંગે "આ ત્રુટિથી મુક્ત રાજકીય પક્ષોમાંથી એક પણ પક્ષ મુક્ત છે ખરો?" આ પ્રકારના શ્રી અશોક મહેતાના છટાદાર પ્રશ્ન ઉપરથી ખ્યાલ આવે છે. આચાર્ય કિપલાણી જ્યારે એમ જણાવે છે કે વિરોધ પક્ષને એવી દલીલ કરવાનો હકક નથી કે "જો શાસનકરતા પક્ષને આ બાબતનો કોઇ રંજ ન હોય તો વિરોધ પક્ષને આ બાબતમાં કશો પણ રંજ હોવાની જરૂર નથી" ત્યારે આચાર્ય કિપલાણી જરૂર વધારે નક્કર નૈતિક ભૂમિકા ઉપરથી બોલે છે એમ કબૂલ કર્યા સિવાય નહિ ચાલે. તેઓ સાચી રીતે જણાવે છે કે જો આ પક્ષો સુધારકનો પાઠ ન ભજવે તો તે પક્ષોના અસ્તિત્વનો કોઇ હેતુ જ રહેતો નથી. પણ આચાર્ય કિપલાણી એકલી જ એવી વ્યકિત છે કે જે આવો સૂર કાઢી રહેલ છે. જે પ્રકારની વિરોધી ચેષ્ટા તેઓ કરવા માગે છે તેનું એક આ નવું મૂલ્ય છે. તેમનું વલણ એ બાબતની યાદ આપે છે કે રાજકારણી જીવનમાં ભાગ લેતી દરેક વ્યકિત જો પોતાના માટે એવી મર્યાદા નહિ બાંધે કે જેને વટાવીને પોતે કદિ પણ પોતાની રાજકારણી માન્યતાઓ સાથે બાંધછોડ નહિ જ કરે તો, રાજકારણી જીવનમાં પ્રમાણિકતા જળવવાનું કામ અશકય બની જશે. આજની નિરાશાપ્રેરક રાજકારણી આબોહવાનું સૌથી વધારે અનિષ્ટ અંગ તો એ છે કે તેથી cynicism એટલે કે બધું જ કોઇ વિપરીત રીતે જોવા વિચારવાની વૃત્તિ, કોઇ પણ ભાવના કે સિદ્ધાન્ત વિષે અશ્રદ્ધા—માત્ર પોતાનો સ્વાર્થ જ વિચારવા તરફનો અભિગમ પેદા થાય છે અને કોઇ પણ નકકર આસ્થા કે માન્યતાને વળગી રહેવાના આગ્રહને માટે અવકાશ જ રહેતો નથી.

અનુવાદકઃ પરમાનંદ

ધાર્મિક ટ્રસ્ટો ઉપર નિયમન લાવતો ખરડો

"કેન્દ્રસ્થ ધારાસભામાં ગયા માર્ચ માસમાં રજૂ કરવામાં આવેલ Religious Trusts Bill, 1960–૧૯૬૦ના ધાર્મિક ટ્રસ્ટોને લગતા ખરડાની તા. ૧૧–૯–૬૦ના 'જન્મભૂમિ–પ્રવાસી'માં શ્રી કેશવલાલ એમ. શાહે સુરેખ સમજૂતી આપી છે જે અહિં સાભાર ઉદ્ધૃત કરવામાં આવે છે. આ ખરડો કેટલાએક સમયથી તેને લગતી પ્રવર સમિતિને–સીલેક્ટ કમિટીને સોંપાયો છે અને તેનો રીપોર્ટ આ પત્ર પ્રગટ થાય છે તે પહેલાં તા. ૨૧–૯–૬૦ના રોજ કેન્દ્રસ્થ ધારાસભામાં રજૂ થઇ ચૂકયો હશે અને તેની ભલામણો ધ્યાનમાં લઇને કેટલાક સુધારા વધારા સાથે આ ખરડાને બહુ જ થોડા સમયમાં કાયદાનું રૂપ મળવાનો સંભવ છે. આ સંબંધમાં શ્રી કેશવલાલ એમ. શાહ જણાવે છે તે મુજબ ધારાસભ્યોનું માનસ જોતાં આ ખરડાની મુખ્ય જોગવાઇઓમાં બહુ મહત્વનો ફેરફાર થવા સંભવ નથી.

આ ખરડા અંગે જણાવવામાં આવ્યું છે તે મુજબ તેમાં સૂચવેલા નિયમનમાંથી પારસી, ખ્રિસ્તી અને યહૂદીનાં ધાર્મિક ટ્રસ્ટોને, શીખ ગુરૂદ્વારોને તથા ૧૯૫૪ના વક્ફ કાયદા મુજબ રજિસ્ટર થયેલાં મુસ્લિમ વક્ફોને આ કાયદો લાગુ પડવાનો નથી. પરિણામે આ કાયદો માત્ર હિન્દુ (જેમાં જૈનોનો સમાવેશ થાય છે.) ધાર્મિક ટ્રસ્ટોને જ લાગુ પાડવામાં આવનાર છે. ઉપરના અપવાદો શા માટે રાખવામાં આવ્યા છે તે અંગે આ ખરડામાં કોઇ ખુલાસો કરવામાં આવ્યો નથી. આ કાયદો ધાર્મિક ટ્રસ્ટો અંગે નીમાયલા કમિશનરોને અમાપ સત્તા આપે છે. આ રીતે આ કાયદો અમલમાં આવતાં વર્તમાન અને ભાવી હિન્દુ ધાર્મિક ટ્રસ્ટો ઉપર તેની ઘણી ગંભીર અસર પડવાનો અને તેના વહીવટ અંગેના સ્વાતંત્ર્ય ઉપર અસાધારણ અને અણઘટતો કાપ મૂકાવાનો સંભવ છે. આવા મહત્વના ખરડા ઉપર તે પાર્લામેન્ટમાં રજૂ થયાને ૭ મહીના ઉપર થવા આવ્યું એમ છતાં મારૂં ધ્યાન ગયું નહિ. આ માટે હું ઊંડી શરમ અનુભવું છું. આવા અગત્યના કાનૂની ખરડાઓ જ્યારે પણ કોઇ કેન્દ્રસ્થ કે પ્રાદેશિક ધારાસભામાં આવે ત્યારે તેની વખતસર સમજૂતી આપવી, તેની ચર્ચા આલોચના કરવી, તે અંગે પ્રવર્તમાન લોકઅભિપ્રાય રજૂ કરવો, અને તેના ગુણદોષની સમીક્ષા કરવી–એ પ્રબુદ્ધ જીવન જેવા સામયિકોનું ખાસ કર્તવ્ય લેખાવું જોઇએ. આ ખરડાની સમજૂતી આટલી મોડી મોડી પણ પ્રગટ કરીને તેનું અલ્પાંશે હું પ્રાયશ્ચિત કરૂં છું.

આ ખરડા વિષે જાહેર જનતામાં પણ બહુ જ થોડો, નહિ–જેવો ઉહાપોહ જોવામાં આવે છે. આ અંગે જન્મભૂમિ–પ્રવાસીના તંત્રી યથાર્થ જણાવે છે કે "ભારતની પ્રજાની આ એક અજબ ખાસિયત છે. કાયદાનો ખરડો પ્રસિદ્ધ થશે તેની કોઇ ખબર પણ નહિ રાખે. તે પ્રવર–સમિતિને સોંપાશે ત્યારે સૌ ઉદાસીન રહેશે અને તે પસાર થશે ત્યારે સૌ નિષ્ક્રિય રહેશે, અને જ્યારે, કાયદો અમલમાં આવ્યા પછી તેની કલમોની સીધી અસર સ્પર્શશે ત્યારે તે આંખો ચોળીને જાગશે. પછી વિચાર કરશે કે આ શું થયું? પછી થોડો ઉહાપોહ કરશે, થોડી બૂમરાડ કરશે, ને પછી સત્તા આગળ શાણપણ શા કામનું? એમ કહીને ઘોર નિદ્રામાં પોઢી જશે. ભારતીયજનો આ પ્રકૃતિજન્ય દૂષણમાંથી કયારે મુક્ત થશે?"

—પરમાનંદ

લોકસભાની એરણ પર એક ધારો ઘડાઇ રહ્યો છે. ૧૯૬૦ની સાલનો એ ૧૪મા નંબરનો ખરડો છે. તેનું નામ છે Religious Trusts Bill 1960. 'ધાર્મિક ટ્રસ્ટોનો ખરડો' આ વર્ષના માર્ચની ૨૮મી તારીખે એને લોકસભામાં રજૂ કરવામાં આવ્યો હતો. હમણાં તે પ્રવર સમિતિમાં ગયો છે. એ સમિતિ શું ફેરફારો કરશે તે ખબર નથી. ને અંતે તે કેવું સ્વરૂપ ધારણ કરશે તે પણ કહી શકાય નહિ, પણ ખરડાની મુખ્ય જોગવાઇઓમાં મહત્વનો ફેરફાર થવાનો સંભવ નથી. આ ખરડાની કેટલીક જોગવાઇઓ ખરેખર અમુક મર્યાદાઓ વટાવે છે. ને રાજ્યસત્તા અને તેના અમલદારોને વધુ પડતી સત્તાઓ અપાઇ રહી છે.

આ કાયદાનું નામ છે 'ધાર્મિક ટ્રસ્ટોનો કાયદો.' તે ઉપરથી એમ લાગે છે કે ભારતમાં તમામ પ્રકારનાં ટ્રસ્ટોને તે લાગુ પડતો હશે; પણ અન્વેષણ કરતાં પરિસ્થિતિ જુદી જ લાગે છે. આ કાયદો પારસી, ખ્રિસ્તી તથા યહૂદીનાં ધાર્મિક ટ્રસ્ટોને લાગુ પડતો નથી. એટલે કે હરેક કોમનાં ધાર્મિક સ્થાનો આ કાયદાની મર્યાદામાં આવતાં નથી. આ કાયદો ગુરુદ્વારા કાયદા મુજબ નોંધાએલાં શીખોના ગુરુદ્વારાઓને, મુસ્લિમ વકફના કાયદા નીચે આવેલાં મુસ્લિમ ધાર્મિક ટ્રસ્ટોને લાગુ પડતો નથી. એટલે બાંદબાકી કરતાં આ કાયદો મુખ્યત્વે હિંદુ, જેમાં જૈનોનો સમાવેશ થાય છે તેમના ધર્મસ્થાનકો અને ધાર્મિક ટ્રસ્ટોને લાગુ પડે છે.

આ કાયદો દરેક રાજ્ય સરકાર જે તારીખ જાહેર કરે તે તારીખથી તે તે રાજ્યમાં અમલમાં આવશે. જુદી જુદી રાજ્ય સરકારો વહીવટી વ્યવસ્થા પૂરી કરી શકે ત્યારે તે અમલમાં આવશે એટલે કે એક રાજ્યમાં આજે અમલમાં આવે તો અન્ય રાજ્યોમાં છ બાર મહિને અમલમાં આવે. વળી, આ કાયદા અન્વયે વિસ્તૃત નિયમો ઘડવાની સત્તા દરેક રાજ્યોને અપાઇ છે, તે જોવી દલીલ સાથે કે દરેક રાજ્યમાં ધાર્મિક ટ્રસ્ટો વિશે વિવિધ પરિસ્થિતિ પ્રવર્તે છે અને તેથી દરેક રાજ્યો પોતાનાં રાજ્યને અનુકૂળ નિયમો ઘડે. એ રીતે પણ રાજ્યે રાજ્યે ભિન્નતા ઉત્પન્ન થવાનો સંભવ છે.

આ ખરડાની કેટલીક વ્યાખ્યાઓ પ્રથમ જોઇએ, કારણ કે કાયદામાં વ્યાખ્યા મહત્વની વસ્તુ છે. 'મેનેજર' અથવા વ્યવસ્થાપક એટલે એવી વ્યક્તિ કે જે એકલી અથવા અન્યની સાથે ટ્રસ્ટની મિલકતનો વહિવટ કરતી હોય અગર તેને અંગે વ્યવહાર કરતી હોય. આ વ્યાખ્યાનો અર્થ એવો છે કે સત્તાવાર રીતે નિમણૂંક થઇ ન હોય તે છતાં જે વ્યક્તિ ટ્રસ્ટની મિલકત અંગે કાંઇ વ્યવહાર કે કામકાજ કરતી હોય તેને મેનેજર ગણવો.

'ધાર્મિક ટ્રસ્ટ'ની વ્યાખ્યા એવી કરવામાં આવી છે કે ધાર્મિક પ્રકારના જાહેર હેતુ માટે રચવામાં આવેલું કે રચાનાર સ્પષ્ટ ટ્રસ્ટ અગર સ્પષ્ટ રીતે રચવામાં ન આવ્યું હોય પણ જેનો પ્રકાર ટ્રસ્ટ જેવો હોય તે. આ ટ્રસ્ટ સાથે બીજા સખાવતી હેતુઓ જોડવામાં આવ્યા હોય કે ન હોય તે અસંબદ્ધ છે, પણ જાહેર પ્રજાને જેમાં હિત ન હોય તેવાં ખાનગી ધાર્મિક ટ્રસ્ટનો સમાવેશ થતો નથી. આ વ્યાખ્યા એટલા માટે છે કે ભારતમાં લાખો ગામોમાં અનેક પ્રકારનાં દેવમંદિરો ને ધર્મસ્થાનકો છે કે જેનું આધુનિક કલ્પના મુજબ કોઇ ટ્રસ્ટ હોતું નથી. પૂજારી કે થોડા આગેવાનો તેનો વહિવટ કરે છે. એટલે આવાં અસ્પષ્ટ ટ્રસ્ટ સમાઇ જાય એવી વ્યાખ્યા છે. જે વ્યક્તિ ટ્રસ્ટની મિલકત ધરાવતી હોય તે ટ્રસ્ટી ગણાશે. તેમાં મેનેજરનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

ધાર્મિક ટ્રસ્ટમાં હિત ધરાવનાર વ્યક્તિની વ્યાખ્યા મહત્વની છે, કારણ કે આવી માત્ર એ જ વ્યક્તિને કાયદાએ એવા અધિકારો આપ્યા છે કે જે ટ્રસ્ટ અને ટ્રસ્ટીઓને હરહંમેશાં ભાલાની અણીએ રાખશે.

'હિત ધરાવતી વ્યક્તિ' એટલે પૂજા–પ્રાર્થના કે ધાર્મિક ક્રિયાઓ કરવાનો હક્ક ધરાવતી વ્યક્તિ અગર ધર્મસ્થાનકમાં થતી કોઇ પણ ધાર્મિક પૂજા કે ક્રિયામાં ભાગ લેવાનો હક્ક ધરાવતી વ્યક્તિ અગર ટ્રસ્ટ મુજબ ધાર્મિક કે સખાવતી સેવાઓમાં હિસ્સો ધરાવનાર વ્યક્તિ. તે ઉપરાંત ટ્રસ્ટનો સ્થાપક કે તેનો કોઇ પણ વારસ અને ટ્રસ્ટી પોતે. આટલી વ્યક્તિઓને ટ્રસ્ટમાં હિત ધરાવનાર ગણવામાં આવી છે. ટ્રસ્ટની મિલકતમાં સ્થાવર જંગમ દરેક પ્રકારની મિલકતનો સમાવેશ કરવામાં આવ્યો છે.

ખરડાની રચના આ પ્રકારની છે: (૧) ટ્રસ્ટોના કમિશનરોની નિમણૂક, (૨) ટ્રસ્ટો રજિસ્ટર કરાવવાની કાર્યવાહી, (૩)

કમિશનરોની સત્તા, (૪) હિસાબ અને ઑડિટની વ્યવસ્થા, (૫) ફંડના ઉપયોગ માટે આદેશ આપવાના અધિકારો, (૬) ટ્રસ્ટીઓની નિમણૂક અને રૂખસદ, (૭) અહેવાલો, ફૉર્મો અને રીટર્નો ભરવાની જોગવાઇઓ.

રાજ્ય સરકાર આ કાયદા અન્વયે પોતાના રાજ્ય માટે એક ધાર્મિક ટ્રસ્ટો માટેનો કમિશનર નીમશે. તે ઉપરાંત ડેપ્યુટી કમિશનરો અને આસિસ્ટન્ટ કમિશનરો પણ નીમવામાં આવશે. કમિશનરની દેખરેખ નીચે આ ડેપ્યુટી અને આસિસ્ટન્ટ કમિશનરો જે જે વિસ્તાર માટે તેઓ નિમાયા હશે તે તે વિસ્તારનાં ટ્રસ્ટો પર કમિશનરની સર્વ સત્તાઓ ભોગવશે.

કમિશનર તરીકે જિલ્લા ન્યાયાધીશ અગર હાઇકોર્ટ જજની લાયકાત હોય તેવી જ વ્યક્તિને નીમવામાં આવશે.

આ ઉપરાંત દરેક રાજ્ય સરકાર પોતપોતાના રાજ્યમાં એક સલાહકાર સમિતિની નિમણૂક કરશે. આ સમિતિમાં દસથી વધુ નહિ તેટલા સભ્યો હશે. તેમાં રાજ્ય અને કેન્દ્રના ધારાસભ્યો, ધાર્મિક પ્રવૃત્તિ સાથે સંબંધ ધરાવતી વ્યક્તિઓ, રાજ્યમાં સામાજિક, સખાવતી અને શૈક્ષણીય પ્રવૃત્તિ સાથે સંબંધ ધરાવતી વ્યક્તિઓની નિમણૂક કરશે. આ કમિટીના પ્રમુખ તેના સભ્યોમાંથી રાજ્ય સરકાર નીમશે. વિવિધ વિભાગના કેટલા પ્રતિનિધિઓ નીમવા તથા સલાહકાર સમિતિની કાર્યવાહી કેવી રીતે ચલાવવી તે રાજ્ય સરકાર નિયમોથી નક્કી કરશે. ધાર્મિક ટ્રસ્ટોના વહિવટ અંગે રાજ્ય સરકારને સલાહ આપવાનું કાર્ય આ સમિતિ કરશે.

કમિશનરની નિમણૂક થયા પછી દરેક ધાર્મિક ટ્રસ્ટના ટ્રસ્ટીએ પોતાનું ટ્રસ્ટ રજિસ્ટર કરાવવા માટે અરજી કરવી પડશે. આ અરજી નિયત કરેલાં ફૉર્મમાં કરવાની રહેશે. તેમાં ટ્રસ્ટનું નામ, ટ્રસ્ટીનાં નામો, ટ્રસ્ટીઓની નિમણૂકની પદ્ધતિ, ટ્રસ્ટની મિલકત તથા તેની કિંમતની વિગતો, ટ્રસ્ટની વાર્ષિક આવક તથા વાર્ષિક ખર્ચનો અડસટો વિ. આપવું પડશે. આવી દરેક અરજી નીચે સહી કરનાર ટ્રસ્ટીએ અરજીમાં લખેલી હકીકતો ખરી છે એવા સોગંદ લેવા પડશે તે ઉપરાંત કમિશનર જે માહિતી માંગે તે પૂરી કરવી પડશે.

રાજ્યમાં કાયદો અમલમાં આવ્યા પછી ૭ મહિનામાં ટ્રસ્ટ રજિસ્ટર કરવા અરજી કરવી પડશે. ટ્રસ્ટ નવું રચાય તો રચાયા પછી ૭ મહિનામાં તેની અરજી કરવી પડશે. અરજી મળતાં ટ્રસ્ટ વિષે સર્વ પ્રકારની તપાસ કરવામાં આવશે. તે પછી તેને રજિસ્ટર કરવામાં આવશે. જો કોઇ ટ્રસ્ટ રજિસ્ટર થયું ન હોય તો ટ્રસ્ટમાં હિત ધરાવનાર, કોઇ પણ વ્યક્તિ કમિશનરને અરજી કરી તેનું ધ્યાન દોરી શકે છે અને કમિશનર તેને અંગે તપાસ કરીને, જો લાગે કે આ ટ્રસ્ટ રજિસ્ટર કરવું જોઇએ તો, ટ્રસ્ટ રજિસ્ટર કરવાનો હુકમ કરશે. આવી તપાસમાં ટ્રસ્ટીને નોટિસ આપવામાં આવશે ને તેમને સાંભળવામાં આવશે.

કોઇ પણ રાજ્યમાં ટ્રસ્ટો અંગેના કાયદા નીચે કોઇ ટ્રસ્ટ રજિસ્ટર થયેલું હોય તો તે ટ્રસ્ટ આ કાયદા અન્વયે તેના અમલની તારીખથી આપોઆપ રજિસ્ટર થયેલું ગણાશે, ને કમિશનર આવા ટ્રસ્ટને પોતાના રજિસ્ટરોમાં નોંધ માટે વિગતો પૂરી પાડવા આદેશ આપી શકશે.

કમિશનર નોંધાયેલાં ટ્રસ્ટો, ટ્રસ્ટીઓ તેની મિલકતો અંગે એક રજીસ્ટર રાખશે, જેમાં સર્વ વિગતોની નોંધ કરવામાં આવશે. આ વિગતોમાં કાંઇ ફેરફાર થાય, એટલે કે ટ્રસ્ટી રાજીનામું આપે કે નવા ટ્રસ્ટી નિમાય કે સરનામું બદલાય કે મિલકતમાં વધારો ઘટાડો થાય તો તેની ખબર ટ્રસ્ટીએ ૯૦ દિવસમાં કમિશનરને આપવી જોઇએ. જો ન આપે તો કમિશનરને ખબર પડે ત્યારે તે તપાસ કરી તે મુજબ ફેરફાર નોંધવાની સૂચના આપી શકશે.

આ બધીમાં ઔપચારિક અને દફ્તર રાખવા અંગેની જોગવાઇઓ છે, પણ ખરી મહત્વની અને દૂરગામી અસરો નિપજાવનારી જે જોગવાઇઓ આ ખરડામાં છે તે જોઇએ.

(૨) વર્ષે પાંચ હજાર કે તેથી વધુ જે ધાર્મિક ટ્રસ્ટની આવક હોય તે ટ્રસ્ટે દર વર્ષે આગામી વર્ષની સંભવિત આવક-જાવકનું બજેટ તૈયાર કરવું પડશે. આ બજેટનું ફૉર્મ તથા બજેટમાં આપવાની વિગતો કમિશનર નક્કી કરશે તે મુજબ તૈયાર કરવું પડશે અને આ બજેટની નકલ બનતી તાકીદે કમિશનરને મોકલી આપવી પડશે. કમિશનર આ બજેટમાં તેને યોગ્ય લાગે તેવા ફેરફારો કરી શકશે. અલબત્ત, તેમ કરતાં પહેલાં તે ટ્રસ્ટીને સાંભળશે.

(૨) ટ્રસ્ટી નક્કી કરેલાં ધોરણે અને ઠરાવેલી પદ્ધતિએ હિસાબ રાખશે. આ હિસાબોનું સરવૈયું દર વર્ષની ૩૧મી માર્ચે કાઢવામાં આવશે. માત્ર કમિશનર કોઇ ખાસ કારણસર પરવાનગી આપે તો જ હિસાબી વર્ષ ૩૧મી માર્ચને બદલે બીજી કોઇ તારીખે રાખી શકશે.

(૩) વાર્ષિક ૨૫,૦૦૦ કે તેથી વધુ આવકવાળાં ટ્રસ્ટોનો હિસાબ રાખવા માટે કમિશનર ટ્રસ્ટીઓ સાથે મંત્રણા કરી પછી પોતાનો હિસાબનીશ રાખી શકશે.

હિસાબની તપાસ

(૪) વાર્ષિક પાંચ હજાર કે તેથી વધુ આવકવાળાં ધાર્મિક ટ્રસ્ટોના હિસાબો દર વર્ષે કમિશનર નીમે તેવા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દ્વારા ઑડિટ કરાવવા પડશે. આ ઑડિટર દરેક ચોપડા, વાઉચરો, દસ્તાવેજો જોઇ તપાસી શકશે ને હિસાબ લખવામાં જેણે ભાગ લીધો હોય તેવી કોઇ પણ વ્યક્તિને નોટીસ આપીને પોતાની સમક્ષ બોલાવી શકશે ને ખુલાસો પૂછી શકશે. ઑડિટર પોતાના અહેવાલમાં ટ્રસ્ટનાં નાણાંની ગેરવ્યવસ્થા, ટ્રસ્ટની ઉઘરાણીની બિનવસુલાત, નુકસાની, બગાડ વિ. વિષે જણાવશે ને તે ઉપરાંત આ નુકસાન કે બગાડ કે ઉચાપત માટે કોણ જવાબદાર છે તે પણ તપાસ કરી અહેવાલમાં લખશે.

(૫) ટ્રસ્ટની કોઇ પણ સ્થાવર મિલકતનું વેચાણ, ગીરો, બક્ષીસ કે બદલી કમિશનરની પરવાનગી વિના ટ્રસ્ટીઓ કરી શકશે નહિ. તેવી જ રીતે ટ્રસ્ટની મિલકત ત્રણ વર્ષ કરતાં વધારે વખત માટે કમિશનરની પરવાનગી વિના ભાડે આપી શકશે નહિ. ટ્રસ્ટ માટે આ જરૂરી કે હિતકારી છે એમ કમિશનરને લાગે તો જ તે આ પ્રકારની મંજૂરી આપશે.

(૬) કોઇ પણ હિત ધરાવતી બે વ્યક્તિઓ અરજી કરે કે ટ્રસ્ટનું અમુક બાબતનું ફંડ વપરાયા વિના પડ્યું છે અને જે હેતુ માટે તે ફંડ છે તે અસ્તિત્વમાં નથી કે પૂર્ણ થાય તેમ નથી તો કમિશનર તપાસ કરી તેને યોગ્ય લાગે તો તે ફંડ કે તેની આવક તેવા જ બીજા હેતુઓ માટે વાપરવાનું ફરમાન ટ્રસ્ટીઓને કરી શકે છે.

(૭) હિત ધરાવતી બે અગર વધુ વ્યક્તિઓ અરજી કરે કે ટ્રસ્ટના વધુ સારા વહિવટ માટે ટ્રસ્ટની યોજના ઘડવી જોઇએ તો કમિશનર બધી તપાસ કરીને યોગ્ય લાગે તો ટ્રસ્ટના વહિવટ માટે યોજના કરી શકશે. તે ઉપરાંત જો કોઇ યોજના અસ્તિ-

ત્વમાં હોય તો તેમાં ફેરફાર કરી શકશે અગર તેને સ્થાને નવી યોજના કરી શકશે.

(૮) ઓડિટરના અહેવાલ પરથી કે બે હિત ધરાવનાર વ્યક્તિઓની અરજી પરથી કમિશનરને લાગે કે ટ્રસ્ટમાં ગેરવહિવટ ચાલે છે, કે ટ્રસ્ટીઓ પોતાની ફરજ બજાવવામાં બેદરકાર છે કે નિષ્ફળ જાય છે તો કમિશનર તે બાબત તપાસ કરી શકશે ને તેને ખાતરી થાય કે ટ્રસ્ટમાં ગેરવહિવટ છે કે ટ્રસ્ટી પોતાની ફરજ બજાવતો નથી કે ટ્રસ્ટનાં નાણાંનો દુરુપયોગ થાય છે તો તે ટ્રસ્ટ સામે પગલાં લઇ શકશે અને કાં તો (૧) તેને ફરમાન કરી તેની ફરજપાલનનાં પગલાં લેવાનું કહેશે, (૨) અગર તેને દૂર કરશે અગર (૩) ટ્રસ્ટને થયેલ નુકસાન ભરપાઇ કરી દેવાનું ટ્રસ્ટીને ફરમાન કરશે.

(૯) ટ્રસ્ટી જો આ કાયદાનો એક કરતાં વધુ વખત ભંગ કરશે અગર તો તેને નૈતિક ગુના માટે સજા થઇ હશે તો કમિશનર તેને ટ્રસ્ટી તરીકે દૂર કરી શકશે.

(૧૦) ટ્રસ્ટીની જગ્યા ખાલી પડે ને કોઇ નિમણૂંક ન થાય ત્યારે કમિશનર ખાલી જગ્યા પૂરી શકશે. આવી વ્યક્તિ બની શકે ત્યાં સુધી તેજ ધર્મ કે વિભાગની હશે.

(૧૧) ટ્રસ્ટનાં રોકડ નાણાં ઉપયોગ વિના પડયાં હશે તો તે સરકારી જામીનગીરીઓ, સરકારે જેની બાંહેધરી આપી હોય તેવી કંપનીઓના શેરો કે ડિબેન્ચરો અગર સ્થાનિક સંસ્થાઓનાં ડિબેન્ચરોમાં રોકવાં પડશે.

(૧૨) કમિશનર અગર તેણે સત્તા આપેલી કોઇ પણ વ્યક્તિ ટ્રસ્ટની મિલકતમાં તપાસ માટે પ્રવેશી શકશે કે કોઇ પણ કાગળ, ચોપડો, હિસાબ, પત્રવ્યવહાર કે પ્લાનો કે દસ્તાવેજો જોઇ શકશે.

(૧૩) ટ્રસ્ટીઓને કમિશનર માગે તે મુજબ રીટર્નો, આંકડામાં હિસાબો ને માહિતી વારંવાર આપવાં પડશે.

(૧૪) કમિશનર નીચે મુજબ સત્તાઓ ભોગવશે :

(૧) તેની હકૂમત નીચેનાં ધાર્મિક ટ્રસ્ટોનો વહીવટ બરોબર ચાલે છે કે નહિ, તેની ભેટો તથા તેની આવક ટ્રસ્ટના હેતુઓ માટે વપરાય છે કે નહિ તે પણ જોશે.

(૨) ટ્રસ્ટનો હિસાબ બરોબર રખાવશે.

(૩) ટ્રસ્ટની આવક તેના હેતુઓ માટે વપરાય છે કે નહિ તેની ખાતરી કરશે અને વધેલાં નાણાં આ કાયદા અનુસાર રોકાય તેમ જોશે.

(૪) ટ્રસ્ટના વહીવટ માટે સમયાન્તરે યોગ્ય લાગે તેવી સૂચનાઓ આપશે.

(૫) ને વહીવટની દેખરેખ માટે જરૂરી લાગે તે બધાં પગલાં લેશે.

(૧૫) ટ્રસ્ટની કુલ (Gross) આવકમાં ત્રણ ટકાથી વધુ નહીં તેટલી રકમ ખર્ચના ફાળા તરીકે આપવી પડશે.

(૧૬) રાજ્ય સરકાર તેને યોગ્ય લાગે તેવી જાતની સામાન્ય કે ખાસ નીતિવિષયક (Policy) લેખિત સૂચનાઓ કમિશનરને આપશે ને કમિશનર તે પાળવા બંધાયેલો રહેશે.

આ ખરડાની ઉપરોક્ત મુખ્ય કલમો છે. એની જોગવાઇઓ વિષે વધુ સ્પષ્ટિકરણ કરતાં પહેલાં આ ખરડાની કેટલીક અન્ય અગત્યની જોગવાઇઓ પણ જાણવા જેવી છે.

(૧) કમિશનરના હુકમ સામે માત્ર હાઇકોર્ટને જ અપીલ થઇ શકશે ને આ અપીલ ૬૦ દિવસમાં કરવી પડશે.

(૨) કમિશનરના હુકમનો અમલ દીવાની અદાલતનું હુકમનામું હોય તેવી રીતે કમિશનરની અરજી પરથી દીવાની અદાલત કરશે.

(૩) જો કોઇ વ્યક્તિ ટ્રસ્ટ રજિસ્ટર ન કરાવે, ખોટી માહિતી આપે કે ખોટું રીટર્ન ભરે, કમિશ્નરના કે તેણે જેને સત્તા આપી હોય તેવી વ્યક્તિના કામમાં હરકત કરશે તો તે ગુનો ગણાશે ને તે માટે એક હજાર રૂપિયા સુધી સજા થઇ શકશે.

(૪) કમિશનરનો દરેક હુકમ છેલ્લો ગણાશે. ને હાઇકોર્ટને અપીલ કરવાની છૂટ છે. તે સિવાય તેની સામે કોઇપણ દીવાની અદાલતમાં કોઇ પણ કાર્યવાહી થઇ શકશે નહીં.

(૫) આ કાયદા નીચે જે મુદ્દાનો નિર્ણય કરવાની સત્તા કમિશનરને આપવામાં આવી છે તે મુદ્દાનો નિર્ણય કરવાની હકૂમત કોઇ પણ અદાલતને રહેશે નહીં.

(૬) ટ્રસ્ટ રજિસ્ટર કરવામાં નહીં આવ્યું હોય તો તેના વતીથી તેનો હક્ક પ્રસ્થાપિત કરવાનો કોઇ દાવો ચાલી શકશે નહીં.

(૭) ભાડાની વસૂલાત માટેના દાવા સિવાયના ટ્રસ્ટ અંગેના દરેક મુકદ્દમામાં અદાલત કમિશનરને આવો મુકદ્દમો મંડાયો છે તેની ખબર આપશે ને કમિશનર તે મુકદ્દમામાં તેની ઇચ્છા હોય તો પક્ષકાર બનવા અરજી કરશે ને કોર્ટ તેને પક્ષકાર બનાવવા બંધાયેલી છે. કમિશનરને ખબર આપ્યા વિના કોઇ પણ દાવામાં અદાલત હુકમ કરશે કે ચુકાદો આપશે તો કમિશનરની અરજી પરથી અદાલત તે હુકમ રદ કરવા બંધાયેલી છે.

ધાર્મિક ટ્રસ્ટો અંગે આવી રહેલા કાયદાનો આ વિસ્તૃત પરિચય છે. આ કાયદો આવ્યા પહેલાં ભારતમાં ધાર્મિક ટ્રસ્ટો વિષે છુટાછવાયા કાયદાઓ હતા. બંગાળ અને મદ્રાસમાં અઢારમી ને ઓગણીસમી સદીમાં જાહેર ધાર્મિક ટ્રસ્ટો અંગે રેવન્યુ બોર્ડો ને સ્થાનિક એજન્ટોને અમુક જવાબદારીઓ સોંપાઈ હતી, પણ ૧૮૬૩માં ધાર્મિક એન્ડાઉન્મેન્ટસ એક્ટથી બધાં ટ્રસ્ટો તેના ટ્રસ્ટીઓને પરત સોંપવામાં આવ્યાં હતાં ને તેને આનુસંગિક જોગવાઇઓ કરવામાં આવી હતી. તે પછી ૧૯૨૦માં એક ચેરિટેબલ અને રીલીજીઅસ ટ્રસ્ટ એક્ટ ઘડવામાં આવ્યો હતો. આ કાયદાની જોગવાઇઓ મર્યાદિત હતી. આ કાયદા મુજબ ધાર્મિક ટ્રસ્ટોના ટ્રસ્ટીઓને સૂચનાઓ આપવા માટે ટ્રસ્ટમાં હિત ધરાવતી વ્યક્તિ અદાલતમાં જઇ શકે તેવી જોગવાઇ છે. ટ્રસ્ટીઓ પણ માર્ગદર્શન માટે અદાલતને અરજી કરે એવી જોગવાઇ છે. તે ઉપરાંત ૧૮૯૦માં એક ચેરિટેબલ એન્ડાઉન્મેન્ટ એક્ટ કરવામાં આવ્યો હતો. તે શિક્ષણ, તબીબી રાહત, ગરીબોને મદદ જેવા સખાવતી ટ્રસ્ટો સરકારી અમલદારનાં નામે ચડાવી તેનો વહીવટ તેને સોંપી શકાય એવી જોગવાઇ કરે છે.

આ કાયદાની અસર ગામેગામ ને શહેરેશહેર પડશે. નાના ગામડામાં પણ બે-ત્રણ ધર્મસ્થાનકો હશે, રામમંદિર હશે, શંકરનું મંદિર હશે, માતાનું સ્થાનક હશે, હનુમાનજીની દેરી હશે. આ બધાંયે રજીસ્ટર કરાવવું પડશે.

આઠ, દશ કે પંદર હજારની વસતીનાં ગામોમાં ઉપાશ્રયો, જિન મંદિરો, હવેલીઓ, અન્ય દેવાલયો હશે. અને આવાં શહેરનાં આવાં સ્થાનકોની આવક વર્ષે પાંચ હજારની થવા સહેજે સંભવ છે. એ બધાંને અગાઉથી પોતાનાં બજેટો મંજૂર કરાવવા પડશે. તે બજેટમાં કમિશનર ફેરફાર કરી શકશે. જો કે

એવી જોગવાઇ છે કે કમિશનર કોઇ ધાર્મિક ક્રિયા રદ કરવાનું કહી શકશે નહીં.

કોઇ પણ બે માણસો ગમે ત્યારે અરજીઓ કરીને ટ્રસ્ટીઓને માટે મુશ્કેલીઓ ઊભી કરી શકશે એ પણ એટલું જ સંભવિત છે. કમિશનર ટ્રસ્ટીને દૂર કરી શકશે-નીમી શકશે. તેમાં નવી નિમણૂંકમાં ટ્રસ્ટી તે જ ધર્મનો હોવો જોઇએ એવું ફરજિયાત નથી તે વાંધાજનક છે.

ટ્રસ્ટી પોતાના હિસાબનીશ નીમશે ને પાંચ હજારની આવકવાળા દરેક ટ્રસ્ટને સરકારે નીમેલા ઓડિટર પાસે ફરજિયાત ઓડીટ કરાવવું પડશે. એ જોગવાઇઓ પણ મુશ્કેલી ઊભી કરશે. અદાલતની સત્તાઓ લઇ લેવાઇ છે તે પણ વાંધાજનક છે.

પણ ખૂબજ વિચારણીય બાબત તો એ છે કે રાજ્ય સરકાર 'નીતિ' (Policy) અંગે કમિશનરને જે સૂચના આપે તે પાળવી પડશે. આજની લોકશાહીમાં રાજ્ય સરકારમાં રાજકીય પક્ષો બદલાશે ને જુદા જુદા પક્ષોની જુદી જુદી નીતિ રહેશે. હજારો ટ્રસ્ટોના વહીવટને કારણે તથા મિલકત અંગેની પરતાનગી લેવાની ફરજને કારણે દાવા અંગે પક્ષકાર બનાવવાની જોગવાઇને કારણે, કમિશનરે નીમેલા હિસાબનીશને હિસાબ લખવા રાખવો પડશે, એ જોગવાઇને કારણે ઘણી સમસ્યાઓ ઊભી થશે. એક પ્રકારના અનિષ્ટને દાબવા જતાં બીજા પ્રકારના અનિષ્ટો ઊદ્‌ભવશે-તેને કાબુમાં રાખવાનું મુશ્કેલ બનશે.

આ કાયદાને આવતો અટકાવી શકાશે નહિ. કદાચ કેટલોક વિરોધ થશે. પણ ધર્મસ્થાનકોમાં જે પરિસ્થિતિ બહાર આવી છે તેને કારણે આવો કાયદો અમુક અંશે જરૂરી હશે, પણ પાંચ હજારની મર્યાદા દૂર કરવી જોઇએ ને તે પંદર કે વીસ હજાર સુધી મૂકવી જોઇએ તથા બીજી જે અમાપ સત્તાઓ અપાઇ છે તે પર પણ કાપ મૂકવો જોઇએ.

પૂરક નોંધ

મુસ્લિમો અંગે બે કાયદાઓ છે

૧૯૫૪માં મુસ્લિમોનાં વકફ અંગે એક ખાસ કાયદો ઘડવામાં આવ્યો છે. આ કાયદાથી પ્રથમ એવી જોગવાઇ કરવામાં આવી હતી કે મુસ્લિમ ધાર્મિક વકફની મોજણી કરવા તથા તેની માહિતી એકઠી કરવા એક કમિશનરની નિમણૂક કરવી, અને તે પ્રમાણે કરવામાં આવી હતી. આ કમિશનરે વકફો તથા તેની મિલકત અંગે તપાસ કરી એક અહેવાલ રજૂ કર્યો હતો ને તે પછી વકફો રજિસ્ટર કરવાનું થયું હતું.

આ કાયદાની બીજી વિશિષ્ટતા એ છે કે મુસ્લિમ વકફોના વહીવટ ઉપરનું નિયમન કોઇ એક કમિશનર પર છોડયું નથી પણ તે માટે ૫ થી ૧૧ સભ્યોનાં જુદા જુદા બોર્ડો રચવામાં આવ્યાં છે. આ બોર્ડના પ્રમુખની ચૂંટણી બોર્ડ કરે છે. વળી આ બોર્ડની કાર્યવાહી અંગે કોર્ટમાં જવાની જોગવાઇ છે.

બીજો કાયદો ૧૯૫૫નો અજમેરના દર્ગાખ્વાજા સાહેબના વહીવટ અંગે છે, તે અજમેરની આ દર્ગાહ પૂરતો જ મર્યાદિત છે, ને તેમાં સામાન્ય વહીવટી દેખરેખની જોગવાઇઓ છે.

આ કાયદામાં 'ચોક્ખી આવક'ના પાંચ ટકા ખર્ચ પેટે ભરવાની જોગવાઇ છે. આ કાયદામાં બજેટ રજૂ કરવાની જરૂરિયાત છે, પણ સરકારી હિસાબનીશ રાખવાની કે ફરજિયાત ઓડિટની જોગવાઇ નથી.

નવો કાયદો અમલમાં આવતાં ૧૮૬૩, ૧૯૨૦ ને ૧૮૯૦ના કાયદા રદ થશે. શીખ ગુરુદ્વારા માટે અલગ કાયદો છે, ને ખ્રિસ્તી, યહૂદી ને પારસીઓને આ કાયદામાંથી બાકાત રખાયા છે. શા માટે? તેનું કોઇ કારણ આપવામાં આવ્યું નથી.

કેશવલાલ એમ. શાહ

સંઘનું વાર્ષિક લવાજમ સત્વર મોકલી આપો

સંઘનું વહિવટી વર્ષ હવે થોડા દિવસોમાં પૂરું થશે, એમ છતાં સંઘના ઘણા સભ્યોનું વાર્ષિક લવાજમ રૂા. ૫) હજુ ભરવામાં આવ્યું નથી, તો જે જે સભ્યોનું લવાજમ બાકી છે તેમને, પોતપોતાનું લવાજમ સત્વર મોકલી આપવા વિનંતિ છે.

મંત્રીઓ: મુંબઇ જૈન યુવક સંઘ

મુદ્રણ શુદ્ધિ

પ્રબુદ્ધ જીવનના ગતાંકમાં ૯૮મા પાના ઉપર બીજી કોલમમાં લીંટી ૨૬ તથા ૨૮માં 'અહિંસા' શબ્દ છપાયો છે તેના બદલે 'હિંસા' શબ્દ વાંચવો. આમ સુધારતાં આખું વાક્ય નીચે મુજબ વંચાશે:

(૧) જીવનધોરણ માટે કોઇ ને કોઇ આકારમાં હિંસા અનિવાર્ય હોઇને જૈન સાધુઓનો અહિંસક આચાર એટલે શક્ય તેટલી ઓછી અને અનિવાર્ય હિંસા ઉપર નિર્ભર એવો જીવનવ્યવહાર એમ સમજી લેવું ઘટે.

તંત્રી: પ્રબુદ્ધ જીવન

વિષયસૂચિ

		પૃષ્ઠ
સુજ્ઞશ્રાવિકા	... દેસાઇ વાલજી ગોવિંદજી	૧૦૫
ફિલસુફી શા માટે?	... એસ્તેર સેલોમન	૧૦૬
ડૉ. વિશ્વેશ્વરૈયાને નેહરુના અભિનંદન	... જવાહરલાલ નેહરુ	૧૦૯
સત્યનિષ્ઠા વિરુદ્ધ પક્ષનિષ્ઠા	... અનુવાદક : પરમાનંદ	૧૧૦
ધાર્મિક ટ્રસ્ટો ઉપર નિયમન લાવતો ખરડો	... કેશવલાલ એમ. શાહ	૧૧૧

પુસ્તકાલયમાં વસાવવા લાયક, શિક્ષણસંસ્થામાં ઇતર વાંચન તરીકે ઉપયોગમાં લેવા લાયક તેમ જ કોઇ પણ શુભ પ્રસંગે વહેંચવા લાયક પુસ્તકો

સત્યં શિવં સુન્દરમ્

શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાનો લેખસંગ્રહ

કાકાસાહેબ કાલેલકર અને પંડિત સુખલાલજીના પ્રવેશકો સાથે

કિંમત રૂા. ૩, પોસ્ટેજ ૦-૬-૦

મુંબઇ જૈન યુવક સંઘના સભ્યો તથા પ્રબુદ્ધ જીવનના ગ્રાહકો માટે

સત્યં શિવં સુન્દરમ્: કિંમત રૂા. ૨. બોધિસત્ત્વ કિંમત રૂા. ૧

મળવાનું ઠેકાણું:

મુંબઇ જૈન યુવક સંઘ,

૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય,

ગાંધી રસ્તો, અમદાવાદ.

મુંબઇ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.

મુદ્રણસ્થાન: ધી રેટેલ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઇ.

રજીસ્ટર નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૨ : અંક ૧૨

પ્રબુદ્ધ જીવન

મુંબઇ, ઑક્ટોબર ૧૬, ૧૯૬૦, રવિવાર
આફ્રિકા માટે શિલિંગ ૮

શ્રી મુંબઈ, જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ : ૨૦ નયા પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

✻ ન્યાયક્ષેત્રે ટોળાંવાદ ✻

૧૯૨૧ માં ભારતમાં પ્રથમ સમૂહચળવળ શરૂ થઇ. સભા, સરઘસ, હડતાળ, પ્રચાર એ એનાં અંગો હતાં. એ ચળવળ રાજ્યદ્વારી ક્ષેત્રની હતી. તે પછી એ ચળવળે વિવિધ સ્વરૂપો ધારણ કર્યાં. તેમાં અન્યાય કે જુલ્મ સામેના આંદોલનનો પણ સમાવેશ થયો. કેટલાંક ભૂતપૂર્વ દેશી રાજ્યોમાં પણ અન્યાય કે જુલ્મ સામે આવી પ્રવૃત્તિઓ શરૂ થઇ. સભાઓ, પરિષદો, સંમેલનો ભરાયાં. લોકમાનસને ઉત્તેજિત કરવામાં આવ્યું. ઉશ્કેરાટ પણ વ્યાપ્યો.

પણ સામાજિક કે ધાર્મિક ક્ષેત્રે એ જ પ્રવૃત્તિ તે વખતે અપનાવાઇ નહિ. તે માટે તો સમજાવટ, પ્રચાર, દલીલ, વગેરેનો જ મુખ્યત્વે આશ્રય લેવાયો. સ્વરાજ મળ્યું ન હતું ત્યાં સુધી તો દરેકનું લક્ષ્ય એ એક જ હેતુની સિદ્ધિ પ્રત્યે કેન્દ્રિત થયું.

સ્વરાજ આવ્યા પછી લોકોનું ધ્યાન અનેક વસ્તુઓમાં વહેંચાઇ ગયું. ભારતવ્યાપી દૃષ્ટિને સ્થાને સ્થાનિક અને સ્વ-વિસ્તારના પ્રશ્નોએ પ્રાધાન્ય પ્રાપ્ત કર્યું. તે સાથે સામાજિક, ધાર્મિક અને અન્ય ક્ષેત્રના પ્રશ્નો પણ મહત્ત્વના બનવા લાગ્યા. આ પ્રશ્નોને હલ કરવાની પદ્ધતિ અને ઉપાયો નવા સૂઝ્યા નહિ, પ્રશ્ન પ્રમાણે ભિન્નતા શોધી શકાઇ નહિ, પણ ત્રણ દાયકાથી જેની ટેવ પડી હતી—અગર તો જે પદ્ધતિ રગેરગમાં ઊતરી ગઇ હતી તે જ પદ્ધતિ અને માર્ગો વિવિધ ક્ષેત્રોમાં પણ અપનાવવાનું શરૂ થયું. એટલે પ્રચાર ચળવળ અને ઝુંબેશના જાણીતા ઉપાયો વિવેક વિના દરેક ક્ષેત્રમાં અપનાવવામાં આવ્યા.

રાજકીય સંસ્થાઓમાં જે રીતરસમો હતી કે વિકસતી ગઇ હતી તે જ ધાર્મિક, સામાજિક કે સાંસ્કૃતિક સંસ્થાઓ ને મંડળોમાં પ્રવેશવા લાગી, અને હજુ એ રીતે જ તેનો 'વિકાસ'(!) થઇ રહ્યો છે. પણ એક પદ્ધતિ એક ક્ષેત્રમાં ઉપયોગી નીવડે તો તે સરખી રીતે બધાં ક્ષેત્રમાં યથાર્થ ગણાય નહિ. તેનો ઉપયોગ એ રીતે કરવા જતાં લાભને બદલે હાનિ થવા વધુ સંભવ છે, પણ સમૂહ એવી વિવેકબુદ્ધિ ભાગ્યે જ દાખવે છે.

ન્યાયના ક્ષેત્રમાં ટોળાંવાદે તાજેતરમાં જે પેશકદમી કરવા માંડી છે તે પરથી ઉપરોક્ત વિચારસરણી ઉત્પન્ન થઇ છે. એ પેશકદમી પણ હવે મર્યાદા વટાવી રહી છે અને એમ લાગે છે કે જાણે સમાજ પુનઃ અરાજકતા (Law of Jungle)ને પંથે પ્રવેશી ચૂક્યો છે.

માનવી વ્યવસ્થિત સમાજ રચીને રહેવા લાગ્યો તે પહેલાં એકબીજા સામેની ફરિયાદોનો તે જાતે જ ફેંસલો કરી લેતો. પોતાના કુટુંબની કોઇ વ્યક્તિનો ઘાત કરવામાં આવે તો સામાનો અગર તેના કુટુંબીનો ઘાત કરવામાં આવતો. પેઢાનપેઢી સુધી એ રીતે બદલો લેવાની વૈરવૃત્તિ ચાલુ રહેતી. કોઇ સ્ત્રી નીતિ-મત્તા છોડે તો તેનો ક્રૂર રીતે જાન લેવામાં આવતો. હાથની સામે હાથ, દાંતની સામે દાંત અને જિંદગીની સામે જિંદગી વસૂલ કરવામાં આવતી, એટલે કે કોઇ વ્યવસ્થિત કાનૂન કે ન્યાય હતો નહિ. ને માણસ પોતાનો ન્યાય પોતે કરી લેતો. તેનો અર્થ એ કે જે જોરાવર હોય તે જીતતો. Might is Right એવી પરિસ્થિતિ હતી.

ક્રમશ : સમાજ વ્યવસ્થિત થતો ગયો, કાનૂનો થયા, કાનૂનોને અમલમાં મૂકતી સત્તા રચાઇ, ને માનવી પોતાને થયેલા અન્યાય કે હાનિનો બદલો જાતે ન લઇ શકે, પણ કાર્યં મુજબ સ્થપાયેલાં ન્યાયમંત્રી સમક્ષ જઇને દાદ માગે, ગુના અંગે એવો સિદ્ધાંત સ્વીકારાયો કે દરેક ગુનો એ સમાજ સામેનો ગુનો છે, અને તેથી તેની શિક્ષા થવી જ કરે છે, તે માટે સમાજ પોલીસ-દળ નિભાવે છે. ગુનાની ફરિયાદ સમાજ વતી રાજ્ય કરે છે અને અદાલત તેને શિક્ષા કરે છે. માણસનું લેણું-દેણું હોય તો તેની વસૂલાત જાતે કરી શકતો નથી, પણ અદાલત સમક્ષ હાજર થઇ લેણું પુરવાર કરી અદાલત દ્વારા અને તેની પાછળ રહેલા રાજ્યનાં બળ દ્વારા પોતાનો હક્ક પ્રસ્થાપિત કરે છે.

સંસ્કૃત અને વ્યવસ્થિત સમાજનો એ નિયમ છે કે કોઇ વ્યક્તિ કાયદો હાથમાં લઇ શકે નહિ અને દરેક વ્યક્તિની ફરિયાદોનો નિકાલ કરવા કાયદાકાનૂન અને અદાલતો સ્થપાઇ છે. ન્યાયનું સ્થાન ધીમે ધીમે ખૂબ ઊંચું થતું ગયું. ને 'ન્યાય' પવિત્ર મનાયો. ન્યાય ચૂકવતી અદાલતોની પ્રતિષ્ઠા વધવા લાગી. તટસ્થ અને કોઇ પણ પ્રકારની અસરથી મુકત એવું ન્યાયતંત્ર આદર્શ મનાયું.

સવિનયભંગ અને સત્યાગ્રહની લડતમાં પણ ન્યાયતંત્રની પ્રતિષ્ઠા ઘટી નહિ. અલબત્ત, કેટલીક આકરી સજાઓને કારણે લોકોને નારાજી થતી પણ સમગ્ર રીતે ન્યાયતંત્રના કાર્યમાં દરમ્યાનગીરી કે દખલગીરી માટે કોઇ પ્રકારની ચળવળ થઇ નહિ. કાયદા પ્રમાણે બધું ચાલવું જોઇએ એ શ્રેષ્ઠ સિદ્ધાંત છે.

પણ છેલ્લાં બે-ચાર વર્ષોમાં પરિસ્થિતિ અસ્વસ્થતા ઉપજાવે તેવો વળાંક લઇ રહી છે. કોઇક સ્થળે નાના સ્વરૂપે કોઇક પ્રવૃત્તિ થઇ હશે; પરંતુ આ નવા પ્રવાહનો સચોટ દાખલો રાજકોટમાં બન્યો. ત્યાં એક સ્ત્રીનું અવસાન થયું. અવસાન અંગે લોકોની એવી માન્યતા ફેલાણી કે અવસાન કુદરતી નથી; પણ કોઇના ગુનાહિત કૃત્યનું પરિણામ છે, પણ કોઇની ધરપકડ થઇ નહિ. દિવસે દિવસે લોકોની અસ્વસ્થતા વધવા લાગી અને પછી એક વિશાળ ચળવળે આકાર લીધો. અનેક સભાઓ થઇ, સરઘસો નીકળ્યાં. અખબારી આંદોલનો થયાં, ને છેવટે હડતાળ સુધી વાત પહોંચી. તે તબક્કે પોલીસે પગલાં લીધાં. કેસ ચાલ્યો. આરોપી છૂટી ગયો. અપીલમાં પણ એ જ બન્યું.

પણ જે પ્રણાલિકા રાજકોટમાં પડી તે અન્યત્ર અપનાવાઇ.

લોકસમૂહ ગતાનુગતિક છે. ઇતિહાસમાં અને આપણા દેશમાં એક વખત અમુક બાબતમાં લોકસમૂહ જે રીતે વર્તે છે તે રીતે અન્યત્ર અને અન્ય કાળે લોકસમૂહ વર્તે છે. આપણા દેશમાં અને આપણા જીવનકાળમાં આનો અનુભવ આપણને થયો છે, થાય છે ને કદાચ થશે. પરિણામ એ આવ્યું કે જ્યાં કોઇ સ્ત્રીનું શંકાસ્પદ સંજોગોમાં અવસાન થાય ત્યાં તરત જ સભાઓ થવા લાગી, સરઘસો નીકળ્યાં, લોકમાનસને ઠંડું પાડવા પોલીસે કાંઇક કરવું જોઇએ એટલે પોલીસ કોઇને પકડે અને કેસ કરે. પોલીસ પણ જાણે કે આ છૂટી જવાના છે, પણ પેલી ચળવળ તો બંધ થઇ જાય ને!

આ પ્રચાર પરાકાષ્ટાએ પહોંચ્યો હળવદમાં. ત્યાં જેના ઉપર અપહરણનો આરોપ હતો તે વ્યક્તિ તથા તેના જામીનને ટોળે એ મારી નાખ્યો. મારી નાખ્યો એ હકીકત છે. કોણે મારી નાખ્યો તે અદાલતમાં નક્કી થશે. ટોળાંને ઉશ્કેરાટ શા માટે થયો ને શા માટે આ બનાવ બન્યો તેની અલગ તપાસ થઇ રહી છે. આ મુકદ્દમા કે તપાસનું ગમે તે પરિણામ આવે, પણ હકીકત એ સાબીત થઇ કે રાજકોટથી શરૂ થયેલી પદ્ધતિ તેના અંતિમ સ્વરૂપે હળવદમાં દેખાઇ. અનિષ્ટ અને અરાજકતાની આ પરાકાષ્ટા છે.

પ્રાચીન સમયમાં રોમ અને ગ્રીસમાં ગામનાં ટોળાં મેદાનમાં એકઠાં થતાં ને ગુનેગારનો ન્યાય કરતાં. અઢારમી સદીમાં ફ્રાન્સના વિપ્લવ વખતે ટોળાંએ સેંકડોના જાન લીધા. હવે શું વ્યવસ્થિત અને સંસ્કૃત સમાજ પુનઃ જંગલના કાનૂન પ્રતિ વળી રહ્યો છે?

કોઇ કિસ્સામાં પોલીસ નિષ્ક્રિય હોય તે સંભવ છે. લાંચ રૂશ્વત કે લાગવગથી કોઇ ગુનો દબાવી દેવાના બનાવો પણ બને છે. આવા પ્રસંગે સમાજમાં પ્રતિષ્ઠિત આગેવાનો પદ્ધતિસરની બંધારણીય રજુઆત કરી શકે ને સત્તાવાળાઓ ઉપર યોગ્ય દબાણ લાવી શકે. કોઇ ગુનો બન્યો છે અને તે અમુક વ્યક્તિએ કર્યો છે એવું માનવાને પોલીસને વાજબી કારણ ન હોય ત્યાં સુધી પોલીસ કોઇ પગલાં લઇ શકે નહિ. માત્ર કલ્પનાથી કે શંકાથી કાંઇ થઇ શકે નહિ. જે બનાવો બન્યા તેવા સંયોગોમાં પોલીસને કાંઇક 'ખોટું' કરવું પડે છે. અમલદારો કહેશે. 'આ લોકો ઘોડે ચડયા છે. કોઇકનું નિવેદન લખાવી લ્યો, ને ધરપકડ કરો, પછી જોયું જશે.' એ રીતે ચળવળની ગરમીથી અકળાઇને પોલીસ કોઇકની ધરપકડ કરી શકે તે માટે કોઇ સાક્ષી ઊભો કરે છે, અગર કોઇક સાક્ષીનું નિવેદન નોંધી લે છે, તે નિવેદનને આધારે કોઇકને પકડે છે ને લોકો શાંત થઇ જાય છે. આવા પ્રકારની ચળવળ ન્યાયને હાનિ કરે છે. પોલીસતંત્ર ઉપર સાચું દબાણ લાવવાને બદલે લોકસમૂહ પ્રત્યે તેમનો અણગમો વધતો જાય છે, ને લોકોને બતાવવા કાંઇક 'ખોટું' પણ તેમને કરવું પડે છે.

આવી ચળવળમાં ઘણાં તત્ત્વો દાખલ થઇ જાય છે. એક અગર બીજા પક્ષ પાસેથી પૈસા કઢાવવાની તક માનનાર Blackmailers પણ આમાં હોય છે. જુની વૈરવૃત્તિનો બદલો લેનારા હોય છે, અને રાજપ્રકરણી વ્યક્તિઓ (Politicians) પણ હોય છે. પક્ષીય રાજકારણ પણ તેમાં ભાગ ભજવે છે. એ રીતે આખો પ્રશ્ન સામાજિક કે નૈતિક હોવાને બદલે રાજકીય બની જાય છે. આધુનિક લોકશાહી 'મત' ઉપર આધાર રાખે છે ને લોકમત જીતવા 'ચાલતી ગાડીએ ચઢી જનારા' અનેક નીકળી પડે છે, એટલું જ નહિ પણ, જેઓ હોદ્દો ને સ્થાન ધરાવે છે તેઓ પોતાના હોદ્દા ને સ્થાન ચાલી ન જાય તે માટે આવી બાબતો પ્રત્યે આંખમિચામણા કરે છે. કહેવાતી લોકશાહીને કારણે પણ આવાં અનિષ્ટોને ઉત્તેજન મળ્યું છે.

આ સંયોગોમાં વ્યક્તિઓ સહન કરે છે, પણ સૌથી વધુ સમાજને તથા સમાજવ્યવસ્થાને સહન કરવું પડે છે. સમાજમાં અનિષ્ટ બળોનું પ્રાબલ્ય વધે છે. ન્યાય જે પવિત્ર, ઉન્નત અને અલિપ્ત છે, તેની પ્રતિષ્ઠાને ઝાંખપ લાગે એવા સંયોગો ઊભા થાય છે. ચળવળ અને ઝુંબેશ બીજાં ક્ષેત્રો માટે ઉપયોગી હોય કે નહિ, પણ ન્યાયના તંત્ર માટે તો તે હાનિકારક છે તે નિઃશંક છે.

આપણા દેશમાં આજે દરેક ક્ષેત્રમાં અનેકવિધ અશુભ બળો કામ કરી રહ્યા છે ને પ્રાબલ્ય મેળવી રહ્યા છે. હવે ન્યાય ક્ષેત્રનો એમાં ઉમેરો થયો છે. એ દિશામાં અરાજકતાનાં બળો આગળ વધે તે પહેલાં તેને મજબૂત હાથે અંકુશમાં લેવાની જરૂર છે.

કેશવલાલ એમ. શાહ

સંક્રાંતિકાળમાંથી પસાર થઇ રહેલી ગુજરાતની સંસ્કૃતિ

વિશ્વના અર્થકારણની દૃષ્ટિએ જોઇએ તો ભારત ગરીબ દેશ છે. રાજકારણની દૃષ્ટિએ પણ આપણો અનુભવ હજુ પાકો નથી થયો. અને વૈજ્ઞાનિક ક્ષેત્રમાં તો આપણે હજુ બાળક જ ગણાઇએ. એમ છતાં દુનિયાભરમાં ભારતનું જે કંઇ માન છે, પ્રભાવ છે, એ એની આધ્યાત્મિક સંસ્કૃતિના તેજનું જ કારણ છે. વિજ્ઞાને ભૌતિક ક્ષેત્રમાં પ્રગતિ સાધી છે, તો અધ્યાત્મે આંતરપ્રદેશોનો તાગ મેળવવાનો પ્રયત્ન કર્યો છે ને એથી એ શોધને કારણે એણે ભૂતદયાનો–અહિંસા અને કરુણાનો–જીવમાત્ર પ્રત્યે સમભાવનો અને એથી યે આગળ વધીને એણે સર્વમાં પોતાને જોવાનો અદ્વૈતનો ધર્મ ઉપદેશ્યો છે. હજારો વર્ષની ગુલામી ભોગવવા છતાં પણ એ સંસ્કૃતિના બળે જ એણે પોતાનું અસ્તિત્વ ટકાવી રાખ્યું હતું અને એથી જ એ આઝાદી મેળવવા ભાગ્યશાળી બની શકયું છે.

પણ એમાં ય ગુજરાત એ તો ભારતીય સંસ્કૃતિનો ઉત્તમોત્તમ ફાલ છે. કારણ કે એણે તો એ સંસ્કૃતિને અનુરૂપ પોતાનું જીવન ઘડતર પણ કર્યું છે. ગુજરાતમાં જે ધાર્મિકતા, ભૂતદયા, કરુણા, ડહાપણ, વિવેક, સજ્જનતા, આતિથ્યપ્રેમ તથા સહનશીલતા ઉપરાંત દયાવૃત્તિનો ગુણ છે, એ એની વિશિષ્ટ સાધનાનું પરિણામ છે. તે એ સાધનાને પરિણામે એણે મત્સ્ય–માંસાહારનો પણ સર્વથા ત્યાગ કર્યો છે, એટલું જ નહિ, પ્રાણીરક્ષા માટે એણે પાંજરાપોળ ઊભી કરી છે, પરબો બાંધી છે તેમ જ કીડિયારાં પૂરવામાં પણ એણે ધર્મ માન્યો છે. જો કે પાછળથી આવેલી તેમ જ હલકી ગણાતી કેટલીક કોમો માંસાહારનો સર્વથા ત્યાગ કરી શકી નથી, એમ છતાં અન્યની લાગણી ન દુભાય એની એ પૂરી કાળજી રાખે છે. ગુજરાતભરમાં જાહેર રાજમાર્ગો પર નથી જોવા મળતી કસાઇની દુકાન કે નથી જોવા મળતી માછલીની ટોપલી. એનું કારણ પણ અહીંના વાતાવરણનો જ પ્રભાવ છે.

ગુજરાતની આવી વિશિષ્ટ સંસ્કૃતિને કારણે જ અહિંસાના પયગંબર ગાંધીજી જેવો ફાલ ગુજરાતે પૂરો પાડયો છે. આ સંબંધમાં વિનોબાજી જણાવે છે કે :–

"ગાંધીજી ગુજરાતમાં પાકયા એ ખાલી નશીબની વાત નથી. પણ એની પાછળ એક તત્ત્વ છે. ગુજરાત એક એવો દેશ છે કે જ્યાંના ખેડૂતો, વ્યાપારીઓ, માંસાહાર છોડીને બેઠા છે. આખી દુનિયામાં બીજે કયાંય આમજનતામાં આવું જોવા મળતું

નથી. આજે અહિંસા છે તેને પરિણામે જ એવા ગાંધીજી ઘડાયા જેણે દુનિયાને અજવાળી મૂકી."

(ભૂમિપુત્ર: ૧૫-૧-૫૫)

પણ આજે હવે?

આજે તો એ જ અહિંસાના પયગમ્બરના નામનો જયઘોષ કરીને, એના જ ભક્તાશિષ્ય હોવાનો દાવો કરનારા આપણે એની જ અહિંસક જન્મભૂમિમાં હિંસાનું વાવેતર કરવાની તૈયારીઓ કરી બેઠા છીએ. એ જોઈ હૃદય ખરેખર ઊંડી ચિંતા અનુભવે છે.

જે લોકોને ઈંડા, માંસ-મચ્છી ખપે છે, એ લોકો પોતાને માર્ગે જઈ શકે છે. સરકાર એમની પણ હોઈ એ આર્થિક સહાય માગી શકે છે. પણ ખુદ સરકાર પોતે જ મરઘાં-બતકાંનો ઉછેર, કતલખાનાં, રિબાવી રિબાવીને પ્રયોગ ખાતર મારી નંખાવવા માટે વાંદરાઓની નિકાસ તથા મત્સ્યનિષ્ણાતોની આયાત કરી ખીલવવા ધારેલો મત્સ્યઉદ્યોગ વગેરે કાર્યો હાથ પર લે એ ગુજરાતની અહિંસક પ્રજા ઉપર હિંસાનો ધર્મ લાદવા બરોબર છે. કહેવામાં આવે છે કે એથી સંપત્તિ વધશે, દેશ સુખી થશે, પણ આપણું નીતિશાસ્ત્ર પોકારી પોકારીને કહે છે કે, "પાપના પૈસામાંથી પાપ જ ઊગે" અને આપણે જોઈએ છીએ કે સરકારી રિપોર્ટ મુજબ ચોરી-લૂંટ, ખૂન, વ્યભિચાર, આપઘાત, તથા મારામારી ઉપરાંત પક્ષીય ઝઘડાઓનું પ્રમાણ છેલ્લા ૧૨-૧૩ વર્ષથી ઉત્તરોત્તર વધતું જ રહ્યું છે.

એથી મારી ગુજરાતની સરકારને નમ્ર વિનંતી છે કે 'જગતના આ એક પવિત્ર ખૂણાને ભલા થઈને પવિત્ર રહેવા દો.' જગતનો આ એક ખૂણો જો પવિત્ર રહ્યો હશે તો ભૂલી પડેલી દુનિયાને એ જ એક દિવસ માર્ગદર્શન આપી બચાવી શકશે. બાકી સહુની સાથે એ પણ ડૂબશે તો પછી ડૂબતા જગતને તારનારું ત્યારે કોણ મળશે?' કહેવામાં આવે છે કે "ભારત સરકારપ્રેરિત યોજનાનો આ એક ભાગ હોઈ રાજ્ય સરકાર આમાં કશો જ ફેરફાર ન કરી શકે." તો જણાવવાનું કે જે રાજ્ય સરકારે સમગ્ર ભારતથી સ્વતંત્ર રીતે દારૂબંધી, શિક્ષણ માધ્યમ, આઠમા ધોરણથી અંગ્રેજી તથા દ્વિપત્ની વિરોધક ધારા અંગે જે સ્વતંત્ર માર્ગદર્શન કરાવ્યું છે એ રાજ્ય સરકાર માટે કશું જ અશક્ય નથી."

આ પ્રશ્ન અંગે સહુના વિચાર જાણવા મેં પર્યુષણ તથા પછીના થોડા દિવસ અમદાવાદમાં ગાળ્યા અને અનેક જૈનાચાર્યો, આગેવાન ગૃહસ્થો, અન્ય સંપ્રદાયના ધર્મગુરુઓ, કોંગ્રેસી નેતાઓ, પ્રધાનો, શ્રી મોરારજી દેસાઈ તથા જાણીતા પંડિતો, લેખકો ઉપરાંત વર્તમાન પત્રોના તંત્રીઓને પણ મળ્યો. પણ મોટે ભાગે તો નિરાશાના જ સૂર બધેથી સાંભળવા મળ્યા. કારણ વિચારતાં મને જણાયું કે જેટલો સરકારનો આમાં દોષ છે તેટલો આપણો પણ છે. કારણ કે જેમને હૈયે આ ચડતી આંધીના પરિણામનો ડર છે, એ પણ એક યા બીજે કારણે નિરુત્સાહી લાગ્યા, ઠંડા લાગ્યા, સરકારની આંખે ચઢવાનો ડર પણ કયાંક દેખાયો, તો કેટલાક પોતાની નબળાઈઓથી શરમાતા પણ જણાયા. જ્યારે કેટલાકે પંચવર્ષીય યોજનાને નામે એનો બચાવ કર્યો, કોઈએ 'ખાવા દોને. શા માટે આડા પડો છો? જૈન લાગો છો?' કહી કંઈક તિરસ્કાર વ્યકત કર્યો તો કોઈકે વળી 'મારાં અને તમારાં છોકરાં હવે ખાતા થયા છે તો મૂકોને આ પરડ' કહી મને સમજાવવાનો પ્રયત્ન કર્યો. 'માછલાં મારવામાં શું પાપ છે-એને કંઈ એની ભારે વેદના થઈ જાય છે?' કહી કોઈએ ઠેકડી પણ ઉડાડી તો એક મોટા નેતાએ 'આ યોજના ગામે ગામના તળાવ સુધી લંબાય તો આપણે ધર્મણો ન કરવાં, મચ્છીની ટોપલી લઈ કોઈ શાકવાળાની પાસે બેસી એ વેચે તો આપણે એ ન લેવાં, ન ખાવાં' કહી મને અહિંસાનો બોધ આપ્યો.

મેં જણાવ્યું કે એ વાત તો તમારી ઠીક છે પણ કોંગ્રેસ પશુસુધાર સમિતિના ૧૯૫૮ ના રિપોર્ટમાં જણાવ્યું છે કે **"લોકોની ધર્મભાવનામાં પરિવર્તન કરાવીને તથા એમના આહારમાં ફેરફાર કરાવીને એમને માંસાહાર તરફ વાળવાં જોઈએ જેથી નકામા પશુઓનો ઉપયોગ થઈ શકે"** આ રીતે ખુદ સરકાર પોતે જ માંસાહારનો પ્રચાર કરે ને એ રીતે અમને નિરામિષાહારીઓને ધર્મભ્રષ્ટ કરવાનો પ્રયત્ન કરે એ શું વ્યાજબી છે? શું એટલા માટે બલિદાનો આપ્યાં હતાં? અમારી કલ્યાણયોજના શું આ હતી? તો એમણે એટલું જ જણાવ્યું કે સરકાર એની રીતે કામ કરે; તમે તમારી રીતે પ્રચાર કરી શકો છો.

આમ અનેક માણસોના પરિચય પછી હવા કઈ બાજુ વહેવા લાગી છે એનો જે કંઈક અનુભવ થયો એ ઉપરથી હું એટલું તારવી શકયો છું કે ભણેલા ગણેલા કે કહેવાતા સુધરેલાઓમાંથી દયા-કરુણાનું ઝરણું સુકાવા લાગ્યું છે અને દયા કરુણા કે આધ્યાત્મિકતાની વાતો એમને હસવા જેવી લાગે છે. જો કે વૈજ્ઞાનિક શોખ વધ્યો છે પણ એનો ઉપયોગ કેવળ ભૌતિક સમૃદ્ધિ અને ભોગવિલાસ કે સગવડના સાધનો શોધવા તરફ જ રહ્યો છે.

જો કે મોટો ભાગ હિંસા-પ્રવૃત્તિને ધિક્કારે છે, પણ આ બાબત વિષે એ અજ્ઞાત છે. મોટા લોકો ધન પાછળ પડયા છે, અને નાના લોકોને જીવનસંગ્રામની દોડધામમાં શું બની રહ્યું છે એનું ભાન નથી. અને જેને ભાન છે એનામાં જોમ નથી. નથી એની પાસે વાણીનું બળ કે નથી કોઈ પ્રચારનું સાધન.

એથી સંસ્કૃતિ કયો વળાંક લેશે એ કલ્પવું આજે કઠિન નથી લાગતું. આમ છતાં છેવટે તો જો આપણો સંકલ્પ બળવાન હશે, પ્રયત્ન જોરદાર હશે તો સફળતા આપણને જ વરશે. પણ આજે તો એવો સંકલ્પ જ ખૂઝાઈ ગયો લાગે છે. એથી હાલ તો જૂની આંખે નવું જોવાનું જ રહેશે તેમ અનુમાની શકાય છે, સિવાય કે પ્રજા કોઈ અણધાર્યો ચમત્કાર કરી બેસે. ગમે તે ભાવિમાં છૂપાયું હોય, પણ એક વાત તો છે જ કે ગુજરાતની સંસ્કૃતિ આજે સંક્રાંતિકાળમાંથી પસાર થઈ રહી છે.

રતિલાલ મફાભાઈ શાહ

સમુદ્રવિહાર

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી સંઘના સભ્યો અને તેના કુટુંબીજનો માટે તા. ૪-૧૧-૬૦, કાર્તિક વદ ૧, શુક્રવારના રોજ રાત્રિના એક સમુદ્રવિહાર યોજવામાં આવ્યો છે. સ્ટીમર **'શોભના'** બોરીબંદરથી રાત્રિના બરોબર આઠ વાગ્યે ઉપડશે અને ૧૧ વાગ્યે પાછી ફરશે. આ સમુદ્રવિહારમાં જોડાનાર સભ્યે વ્યક્તિ દીઠ રૂા. ૨ા આપવાના રહેશે. શોભના સ્ટીમરમાં મર્યાદિત અવકાશ હોઈને આ સમુદ્રવિહારમાં જોડાવા ઇચ્છતા સભ્યોને સંઘના કાર્યાલયમાં જરૂરી રકમ ભરીને પ્રવેશપત્રો સત્વર મેળવી લેવા વિનંતિ છે.

૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ-૩. | મંત્રીઓ: મુંબઈ જૈન યુવક સંઘ

અપાર ધૃતિનું હૃદયસ્પર્શી દર્શન

(એક સત્ય ઘટના)

(આજે આપણા જીવનમાંથી જેને આપણે આધ્યાત્મિક ધૃતિ કહીએ છીએ તેનો લોપ થઇ રહ્યો છે. સુખ આવે છે ત્યારે આપણે ઉન્મત્ત બની જઇએ છીએ અને દુઃખ આવે છે ત્યારે અત્યન્ત વિહ્વળ અને વિકલ બની જઇએ છીએ. આવી વર્તમાન પરિસ્થિતિમાં અણુકટોકી અને આત્યન્તિક એવી વિપત્તિના પ્રસંગે કોઇ એક વ્યક્તિ વિહ્વલ તેમ જ વિકલ બની ન જતાં ચિત્તનું સમતોલપણું અને ધૈર્ય દાખવતી માલુમ પડે છે તો તે જોઇ જાણીને આપણને વિસ્મય થાય છે અને તેમાંથી આપણને બળની પ્રેરણા મળે છે. આવી એક ઘટના એક બહેને મોકલેલા જાતઅનુભવના વર્ણનમાંથી આપણને જાણવા મળે છે. પ્રસ્તુત ઘટના તેમણે નીચે મુજબ વર્ણવી છે: **તંત્રી**)

જોઇને કોઇ પણ પ્રસન્ન થાય એવો એમનો સુખપૂર્ણ, પ્રેમસભર સંસાર હતો. શાંતાબ્હેન અને ધીરૂભાઇ વચ્ચે એટલો મનમેળ હતો કે એમના શાંત પ્રસન્ન દામ્પત્યની મધુર છાયા રાતરાણીની સુવાસ જેમ આખા કુટુમ્બમાં પ્રસરી રહી હતી. શાંતિ ને સંતોષથી 'વન' વટાવી રહેલા આ પતિપત્ની વચ્ચે ભાગ્યે જ મનદુઃખ થયાં થશે. શાંતાબ્હેનને ધીરૂભાઇ માટે અનન્ય ભક્તિ હતી, અને ધીરૂભાઇ પણ એવા જ પ્રેમાળ હતા. એમનાં સંતાનો પણ તેજસ્વીતાપૂર્વક અભ્યાસ પૂરો કરીને જીવનમાં ગોઠવાતાં જતાં હતાં. મોટો દીકરો ગિરીશ અહિં એન્જિનિયરીંગની પરીક્ષામાં પ્રથમ વર્ગમાં આવીને અમેરિકા અભ્યાસ કરવા ગયો હતો.

આમ બધાં વાદ્યોના સંવાદી સહકારથી જામતા વાદવૃંદ જેવું એમનું સૂરિલું જીવન હતું. વળી શાંતાબ્હેન અને ધીરૂભાઇ બેઉનાં હૃદય ધર્મનિષ્ઠ હોવાથી એ સહજીવનમાં એક પ્રકારની સાત્વિકતા વ્યાપી રહી હતી. આટલી મોટી ઉમ્મરે પણ શાન્તાબ્હેન પૂરી શ્રદ્ધા અને જ્ઞાનપિપાસાથી ધર્મસાહિત્યનો અભ્યાસ કરી રહ્યાં હતાં. ધીરૂભાઇની ધર્મશ્રદ્ધા પણ ઓછી નહોતી. પર્યુષણ પર્વ દરમિયાન સાંજના સમયે આસપાસના લોકો એમને ઘેર પ્રતિક્રમણ કરવા આવે એવી વર્ષોથી એક પરંપરા ગોઠવાયેલી હતી. જે દિવસની ઘટના અહીં પ્રસ્તુત છે તે દિવસની સાંજે પ્રતિક્રમણની તૈયારી થઇ રહી હતી. એ પર્યુષણનો પ્રથમ દિવસ હતો એટલે ધીરૂભાઇએ ઉપવાસ કરેલો. હાથમાં સ્વસ્થતાથી નવકારવાળી ગણતાં ગણતાં એમણે શાન્તાબ્હેનને સૂચના આપી કે "આ ઓરડો સાફ કરી લો. હમણાં બધાં પ્રતિક્રમણ કરવા આવશે." અને એકાએક.....!

...એકાએક એમને છાતીમાં દુઃખવા આવ્યું. શાંતાબ્હેને તરત તેલ ચોળી આપ્યું. એથી જરા રાહત લાગી એટલે એ પાછી નવકારવાળી ગણવા લાગ્યા. ત્યાં તો એમને એક મોટી ઉધરસ આવી. એના જોરમાં એમનું દાંતનું ચોગઠું બહાર નીકળી પડ્યું. ધીરૂભાઇ એકદમ અવાક ને સ્થિર થઇ ગયા અને એમનું જીવન પણ ત્યાં જ સ્થગિત થઇ ગયું!

શાંતાબ્હેન માટે આ બધું તદ્દન અણધાર્યું હતું. એમણે તો તરત પોતાના ભાઇ-ડૉકટર-ને ફોન કરીને બોલાવ્યા. ડૉકટર આવ્યા અને જોયું કે ધીરૂભાઇના પ્રાણ ઉડી ગયા છે. શાંતાબ્હેન પૂછતાં રહ્યાં કે "એમને શું થયું છે? એમને કેમ લાગે છે?" પણ ડૉકટર આ હકીકત પોતાની બ્હેનને કેવી રીતે જણાવે? ઘણી મૂંઝવણ સાથે એમણે શાંતાબ્હેનને આ હૃદયદ્રાવક હકીકતથી વાકેફ કર્યા.

જેની સાથે પા કલાક પહેલાં સ્વસ્થ ચિત્તે વાતો કરતા હોય તે નિકટતમ વ્યક્તિ ઘડીકમાં જીવનના પેલે પાર વહી જાય એ કલ્પના પણ કેટલી કપરી લાગે છે! ત્યારે એવું સાચે જ બને તો...?

...પણ શાંતાબ્હેને તો કોઇ અદ્‌ભૂત શાંતિથી કહ્યું, "તો પછી એમને ચાદર ઓઢાડી દઇએ. આપણી સાથેનો એમનો સંબંધ પૂરો થયો." એમની આ સ્વસ્થતાથી કોઇ પણ આશ્ચર્યથી સ્તબ્ધ થઇ જાય.

આ કમનસીબ ઘટના બની ત્યારે ઘરમાં માત્ર શાંતાબ્હેન અને એમનાં સાસુ હતાં. સૌ સંતાનો બ્હાર ગયેલાં. થોડી વારમાં બધાં એકઠાં થઇ ગયાં. પોતાના પ્રેમાળ પિતાને આવી નિશ્ચેતન હાલતમાં જોઇને કોણ ન હલી ઉઠે? ત્યારે ચોધાર આંસુએ રડતાં દીકરા-દીકરીને માથે હાથ મૂકીને શાંતાબ્હેને શાંત્વન-ધીરજ આપ્યાં. એમણે કહ્યું કે "હવે આપણા હાથમાં કોઇ ઉપાય નથી. માટે આમ દુઃખી ન થાઓ. એમનાં કર્મ હતાં ત્યાં સુધી એ આપણી સાથે રહ્યા..."

ધીરૂભાઇના અવસાનના સમાચાર મળતાં સગાંવહાલાં જોત જોતામાં આવી પહોંચ્યાં. શાન્તાબ્હેન મારાં પણ બહુ નજીકનાં સગાં થાય. હું ત્યાં જવા નીકળી ત્યારે મેં ધારેલું કે શાન્તાબ્હેનના રુદનને શાન્ત કરવું મુશ્કેલ પડશે. પતિનું આમ સાવ અણધાર્યું અવસાન થયું હોય એ ઘરમાં તો હાયવોય ને રોકકળ જ હોય-એવી કલ્પના સાથે હું ઘરમાં દાખલ થઇ.

ઘરમાં પ્રવેશતાં જ વાતાવરણમાં કોઇ ગમગીન ગંભીર શાંતિ ને ભારે વેદના વ્યાપી રહેલી અનુભવી. પણ કોઇ જાતની રોકકળ કે હાયવોય ન દેખાઇ. ઘરમાં જે શાંતિ ધીરૂભાઇના જીવતાં અનુભવાતી હતી તે જ તેમના મૃત્યુ બાદ પણ દેખાઇ. પરંતુ એકમાં પ્રસન્નતાની ઝળક હતી અને બીજીમાં વેદનાનો ભાર હતો. તો યે એ હવામાં પણ અસ્વસ્થતાની અકળામણ કે હાયવોય બહુ જ ઓછી હતી. અને શાંતાબ્હેન... !

—જે શાંતાબ્હેન મૃતદેહ પાસેથી ખસીને બ્હાર પણ નહીં આવે અને આવશે તો યે એમના રુદન આડે એક શબ્દ પણ નહીં સંભળાય એમ મેં ધારેલું. શાંતાબ્હેન બ્હાર પરસાળમાં બીજી સ્ત્રીઓ સાથે બેસીને શાંત સ્વરે વાત કરતાં હતાં કે બધું એકાએક કેમ થઇ ગયું! એમના સૌમ્ય મોં પર ખૂબ આર્દ્રતા હતી, પણ સાથે સાથે એક પ્રકારની કરુણ ભવ્યતા અને બાળક જેવી નિષ્કપટ નિર્દોષતા હતી. એમના હૃદયમાં અપાર દુઃખ હશે, પણ એ દુઃખથી તે બેબાકળાં કે વિહ્વળ દેખાતાં નહોતાં. આકાશમાં ગમે તેટલાં વાદળ ઘેરાયાં હોય, પણ વરસાદ ને ગાજ-વીજ ન હોય તો એનું મૂક ગાંભીર્ય કેટલું ગહન લાગે છે! અલબત્ત, એ મૌન પણ એક વાર રેળાઇ ગયું, પણ તે થોડીક ક્ષણો માટે! જેની સાથે અનેક વર્ષો સુખમાં વિતાવ્યાં તેનો મૃતદેહ જ્યારે ઘરમાંથી બ્હાર કાઢવામાં આવ્યો ત્યારે શાંતાબ્હેન જોઇ ન શક્યાં. એમણે થોડીક ક્ષણો સુધી નીચે મોંએ આંસુ સાર્યાં ને પાછી એ જ સ્વસ્થતા ને ધીરજ પ્રાપ્ત કરી લીધી.

બે ત્રણ કલાકમાં બધાં સગાબ્હાલાં વિખરાતાં એમને પોતાની કર્તવ્યસૃષ્ટિ પાછી યાદ આવી, એમને ત્યાં એક ભાઇ મહેમાન તરીકે (paying guest તરીકે)-રહેતા હતા શાંતા-બ્હેનને થયું કે આ બધી ધમાલમાં એમની જરૂરિયાતો અંગે કશું ધ્યાન અપાયું નહીં હોય. એટલે તરત શાંતાબ્હેન જાતે રસોડામાં જઇને એમને માટે દુધ ગરમ કરી આવ્યાં અને

એમને આપ્યું. પેલા ભાઈ તો શાંતાબ્હેનની આ ચીવટ ને જાગૃતિ જોઈને આભા જ થઈ ગયા.

હિન્દુ સમાજમાં પતિના અવસાન બાદ શોકના બાહ્ય-પ્રદર્શન માટે વિધવા બનેલી સ્ત્રીએ ઘણી વિધિઓ પાળવાની હોય છે. શાંતાબ્હેનને આ રૂઢિની કૃત્રિમતા જરાય પસંદ નહોતી. એમણે એનો શાંતિથી અસ્વીકાર કરીને પોતાની ચારે દીકરીઓને જણાવી દીધું કે "આપણે કાળી કિનારનો સાડલો પહેરવાની જરાય જરૂર નથી. આ બધું દુઃખ અંદર અનુભવવાનું છે. એનો દેખાવ ન હોય." અને આ અંદરનું દુઃખ તો એવું તીવ્ર હતું કે ધીરૂભાઈ ગયા પછી શાંતાબ્હેન કેટલાય દિવસો સુધી ઉંઘી નહીં શકયાં. વિધિનો આવો ફટકો કોઈ પણ લાગણીવેડાના આવિર્ભાવ વગર અને ધૃતિપૂર્વક આમ સહી લેનાર ઓછાં હશે.

એમનો ગિરીશ તો છેક અમેરિકા હતો. એને માટે આ આઘાત કેવો અસહ્ય થાય! એ વિચારે શાંતાબ્હેને બીજે જ દિવસે એને પત્ર લખતાં (ગિરીશ મૂંઝાઈ જાય એ બીકે તાર નહોતો કર્યો) પ્રેમભર્યા શબ્દોમાં લખ્યું કે "ભાઈ, જે થયું છે તે થયું છે. તું હવે એનો શોક નહીં કરીશ. અને સ્વસ્થતાથી તારું બધું કામ પતાવીને જ આવજે." પોતાનાથી દૂર દૂર બેઠેલા પિતૃહીન બનેલા બાળકને માના આટલા શબ્દે થી પણ કેટલી બધી હૂંફ અને હિમ્મત મળી હશે?

ધીરૂભાઈના અવસાન પહેલાં શાંતાબ્હેનના કુટુમ્બીઓએ એક ટેપ રેકર્ડ તૈયાર કરીને અમેરિકા મોકલવા ધારેલી. બધાંને થયું કે આ તૈયાર કરેલી ટેપમાં ગિરીશને થોડા શાંત્વનના શબ્દો ઉમેરીએ. શાંતાબ્હેને રડયા વગર પણ પૂરી આર્દ્રતાપૂર્વક પોતાના એ પરદેશ બેઠેલા પુત્રને શાન્ત્વન પાઠવતા થોડા શબ્દો કહ્યા. એ વખતે મોટી દીકરીએ શાંતાબ્હેનને કહ્યું કે 'બા, તમે તેને એમ કહોને કે એ તો ગયા, પણ એમનો આત્મા તો આપણી સાથે જ છે." આ સાંભળીને, આવા આશ્વાસનનો કોઈ અર્થ નથી, કારણ કે જૈન માન્યતા પ્રમાણે જીવ જ્યારે એક દેહથી છૂટો થાય છે તે જ ક્ષણે અન્યત્ર દેહને ધારણ કરે છે–આમ વિચારીને શાન્તાબ્હેને જવાબ આપ્યો કે "બ્હેન, આમ આપણાથી કેમ કહેવાય? આપણા ધર્મમાં આપણે આમ નથી માનતા" અત્યન્ત વિહ્વળ બનાવી મૂકે એવા આ નાજુક પ્રસંગે પણ આટલી બધી જાગૃતિ હોવી એ પણ કોઈ નાની સૂની વાત નથી.

આ આખી ઘટનામાં દારુણ વિપત્તિના ટાણે જે અપાર ધૃતિનાં આપણને દર્શન થાય છે તેનું નામ જ સાચી ધાર્મિકતા.

એક બ્હેન

વર્ન્ય નિવડેલું દુનિયાના રાજપુરુષોનું ઐતિહાસિક મિલન

આ વખતની સંયુક્ત રાષ્ટ્રસંસ્થાની બેઠક દુનિયાના ઇતિહાસમાં એક અદ્‌ભુત અને અનેરું ઘટના છે. આ સંસ્થામાં દુનિયાના ૮૮ રાષ્ટ્રો જોડાયલાં છે. આ સંસ્થામાં આજે જે સામ્યવાદી સરકારનું ચીન ઉપર શાસન ચાલે છે તેને હજુ આ રાષ્ટ્રસંસ્થામાં અમેરિકા અને તેને ટેકો આપનારા રાષ્ટ્રોના વિરોધના કારણે પ્રવેશ મળ્યો નથી, તેથી તેના પ્રમુખ કે પ્રધાનમંત્રી આ બેઠકમ ઉપસ્થિત થવાની શકયતા નહોતી, પણ એ સિવાય બાકીની દુનિયાના આજે આગેવાન લેખાતા બધા રાષ્ટ્રોના મુખ્ય સૂત્રધારો આ બેઠકમાં હાજર થયા હતા. દુનિયાના પ્રમુખ રાજપુરુષોનો આવો મેળો કોઈ કાળે મળ્યો નહોતો. પેરિસની શિખર પરિષદ ભાંગી પડતાં યુનાઇટેડ સ્ટેટ્સના પ્રમુખ આઇઝનહોવર અને રશિયાના મુખ્ય પ્રધાન કુશ્ચેવ વચ્ચે ઊભી થયેલી તંગદિલીના કારણે તે બન્નેનું પ્રત્યક્ષ મિલન શકય બન્યું નહોતું; પણ બાકીના બધા રાજપુરુષો એક યા બીજા નિમિત્તે પરસ્પરના સારા સંપર્કમાં આવ્યા હતા અને એકમેકને જાણવા સમજવા માટે અણધારી અસાધારણ તક ઊભી થઇ હતી. સંયુકત રાષ્ટ્રસંસ્થાની એક બેઠકમાં તો અન્ય પ્રમુખ રાજપુરુષે ઉપરાંત આઇઝનહોવર અને કુશ્ચેવ પણ એકઠા થયા હતા અને આજની દુનિયાને અકળાવતા અને તંગદિલી પેદા કરતા વિવિધ પ્રશ્નો ઉપર દરેક રાજપુરુષે પોતપોતાના વિચારો પ્રગટ કર્યા હતા. આ રીતે સધાયલી એકમેકની જાણકારી અને વિચારવિનિયમ અર્થે યોજાયલી અનેક તકો–આ પ્રકારના બે લાભની દૃષ્ટિએ યુનો (સંયુકત રાષ્ટ્રસંસ્થાનું ટૂંકું અંગ્રેજી નામ)ની આ બેઠક અસાધારણ મહત્ત્વની લેખી શકાય.

આમ છતાં પણ આજે દુનિયામાં વ્યાપી રહેલી તંગદિલી કેમ હળવી કરવી, નિઃશસ્ત્રીકરણના પ્રશ્નોનો શી રીતે ઉકેલ લાવવો, બર્લીનની સમસ્યાનું શી રીતે નિરાકરણ કરવું–આનો વિચાર અને નિર્ણય કરવો એ આ બેઠકનો મુખ્ય હેતુ હતો અને દુનિયા પણ આ માટે મીટ માંડીને બેઠી હતી. આ બાબતમાં આ વખતની બેઠક તદ્દન નિષ્ફળ નીવડી છે. દુનિયાના રાજપુરુષોનું મિલન વંધ્ય બન્યું છે, દુનિયાની તંગદિલી વધી છે અને ત્રીજું વિશ્વયુદ્ધ દૂર જવાને બદલે નજીક આવ્યું છે.

આઇઝનહોવર અને કુશ્ચેવ વચ્ચેના અબોલા તૂટે, તે બે વચ્ચે તૂટેલો સંપર્ક ફરીથી સધાય, આ રીતે દુનિયાના બે મોટાં રાજકીય જૂથો વચ્ચે ઊભી થયેલી તંગદિલી હળવી બને–આ હેતુથી ભારતના મહાઅમાત્ય જવાહરલાલ નહેરુએ અથાક મહેનત કરી હતી. નહેરુ, નાસર, ટીટો, નેકુમા અને સુકર્ણ (ભારત, ઇજીપ્ત, યુગોસ્લાવિયા, ઘાના અને ઇન્ડોનેશિયા) આ પાંચ રાજપુરુષોએ સાથે મળીને આ મતલબનો ઠરાવ તૈયાર કર્યો હતો અને યુનોની સભામાં રજુ કર્યો હતો અને આવો નિર્દોષ અને શુભહેતુપ્રેરિત ઠરાવ જરૂર સર્વાનુમતીથી પસાર થશે એવી નહેરુએ આશા સેવી હતી. પણ પશ્ચિમી જૂથને આ ઠરાવ પસાર થાય એ ગમતું નહોતું. આ ઠરાવમાં આઇઝનહોવર અને કુશ્ચેવનાં નામો આગળ કરવામાં આવે અને ઇંગ્લાંડ અને ફ્રાંસને જોડવામાં ન આવે તે ઇંગ્લાંડ અને ફ્રાંસના પક્ષકારોને પસંદ નહોતું. એ હેતુ ધ્યાનમાં રાખીને ઓસ્ટ્રેલિયાના મુખ્ય પ્રધાન મેન્ઝીસે ચાર પ્રમુખ રાષ્ટ્રોની શિખર પરિષદ ફરીથી યોજવાનો સુધારો રજૂ કર્યો હતો. અમેરિકાની પ્રેરણાથી આર્જેન્ટીનાના પ્રતિનિધિએ આઇઝનહોવર અને કુશ્ચેવના સ્થાને બંને રાજ્યની સરકાર એવા શબ્દો મૂકવા એવો સુધારો મૂકયો હતો. પહેલો સુધારો બહુ મોટી બહુમતીથી ઉડી ગયો. બીજા સુધારાને પણ જોઇએ તેથી ઓછા મત મળ્યા, પણ એ સુધારો અસ્વીકાર્ય બનવા માટે કુથી વધારે બહુમતી જોઇએ એવું બેઠકના આયરીશ પ્રમુખે ન સમજી શકાય એવું રૂલીંગ આપ્યું. પરિણામે ઠરાવનો મૂળ હેતુ માર્યો જતો હોવાથી જવાહરલાલે પોતાનો મૂળ ઠરાવ પાછો ખેંચી લીધો અને બે મહારથીઓને નજીક લાવવાની, પરસ્પર બોલતા કરવાની જવાહરલાલની પાર વિનાની મહેનત ધૂળમાં મળી ગઇ. આ રીતે જવાહરલાલ સામે રમાયલી મેલી મુત્સદ્દીગીરી જીતી ગઇ હતી.

આ પાંચ રાષ્ટ્રના ઠરાવ અંગે રશિયાએ તટસ્થ વલણ ધારણ કર્યું હતું, જ્યારે અમેરિકાએ વિરોધી વલણ દાખવ્યું હતું. પણ બીજી રીતે કુશ્ચેવની રીતભાતે અને ભાષાની કડવાશે યુનોના વાતાવરણને સતત ક્ષુબ્ધ રાખવામાં ઘણો મોટો ભાગ ભજવ્યો હતો. જેના ધમંડને કોઇ સીમા નથી, અને જેની વાણીને કોઇ ચોકકું નથી એવા કુશ્ચેવ સાથે કામ કેમ લેવું–એ આજના રાજકારણી પુરુષોને ભારે મુંઝવતો સવાલ છે. નિયાના બે મોટા સત્તાજૂથોમાંના એક સત્તાજૂથના મોભરે દશદુ માથાળા રાવણની યાદ આપતો કુશ્ચેવ બિરાજમાન છે તે દુનિયાની એક મોટામાં મોટી કમનસીબી છે. આજે બધા રાજપુરુષો શાંતિની વાતો કરે છે, પણ તટસ્થ રાષ્ટ્રોને બાદ કરતાં શાંતિને ખરેખર કોણ ચાહે છે, ઇચ્છે છે એ એક મોટો સવાલ છે. સૌ કોઇ Cold-War નું વાતાવરણ ચાલુ રહે એમ ઇચ્છતા હોય અને તક આવે અને પ્રતિપક્ષીની છાતી ઉપર કયારે ચઢી બેસાય તેની રાહ જોતા હોય એમ લાગે છે. કુશ્ચેવ શાંતિ સ્થાપનાની ભાવનાને વારંવાર આગળ ધરે છે, પણ તેના પ્રત્યેક ઉદ્‌ગારમાં અશાંતિપ્રેરકતા ભરેલી હોય છે.

જ્યારે અમંગળ ભાવિ સરજાવાનું હોય છે ત્યારે સૌથી પહેલાં જવાબદાર મુખ્ય પુરુષની વાણીમાં વિધાતા વિકૃતિ પ્રેરે છે, તેનું શાણપણ હરી લે છે, તેને મદોન્મત બનાવે છે. તેના શબ્દે શબ્દે અહંકાર અને અવમાનના પ્રગટે છે. આમાંથી આઘાત અને પ્રત્યાઘાતની પરંપરા શરૂ થાય છે અને તેમાંથી સર્વતોમુખી વિનાશ સરજાય છે. આજે જે કાંઇ બની રહ્યું છે તે જાણે કે આવા કોઇ અમંગળ ભાવિની આગાહી આપતું હોય એવી કલ્પના ચિત્તમાં પેદા કરે છે અને મનને અસ્વસ્થ બનાવી મૂકે છે.

પરમાનંદ

સાધુસંસ્થા અંગે શ્રી શંકરરાવ દેવનું એક વિશેષ પ્રવચન

(તા. ૧૬-૭-૬૦ ના પ્રબુદ્ધ જીવનમાં ગત મહાવીર જયન્તી ઉપર શ્રી શંકરાવ દેવે આપેલું વ્યાખ્યાન પ્રગટ કરવામાં આવ્યું હતું. આ વિચારોની શ્રી દલસુખભાઇ માલવણિયાએ તા. ૧૬-૮-૬૦ ના પ્રબુદ્ધ જીવનમાં સવિસ્તર આલોચના કરી હતી અને મેં પણ તે અંગે મારા કેટલાક વિચારો રજુ કર્યા હતા. ત્યાર બાદ તા. ૧૩-૯-૬૦ ના પ્રબુદ્ધ જીવનમાં એ જ વિષયને અંગે મળેલો શ્રી અજાતશત્રુનો પત્ર તથા તેમની ઉપર મારા તરફથી પાઠવવામાં આવેલો ઉત્તર પ્રગટ કરવામાં આવ્યો હતો. બીજી બાજુએ આ જ વિષયની છણાવટ કરવા માટે કાશી ખાતે તા.૩૧-૭-૬૦ ના રોજ એક વાર્તાલાપ ગોઠવવામાં આવ્યો હતો અને ત્યાર બાદ ફરીથી તા. ૧૩-૮-૬૦ના સ્યાદ્વાદ મહાવિદ્યાલયમાં શ્રી શંકરરાવ દેવના માર્ગદર્શન નીચે એક બીજા વાર્તાલાપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વાર્તાલાપમાં સ્યાદ્વાદ મહાવિદ્યાલયના પ્રધાનાચાર્ય પં. કૈલાસચંદ્રજી શાસ્ત્રી, હિન્દુ વિશ્વ-વિદ્યાલયના દર્શન અને મનોવિજ્ઞાનના પ્રાધ્યાપક શ્રી વિમલદાસ જૈન, 'શ્રમણ'ના સંપાદક પંડિત શ્રી કૃષ્ણચન્દ્રાચાર્ય તથા શ્રી સાધકજી, 'આચાર'ના સંપાદક શ્રી સતીશકુમાર આદિ વિદ્વાનોએ તેમ જ વિભિન્ન સંપ્રદાયોના વિચારકોએ ભાગ લીધો હતો. સાધુ જે સમાજનો ઉપયોગ કરે છે તો સમાજ પ્રતિ તેનું કોઇ કર્તવ્ય છે કે નહિ એ પ્રશ્નની ચર્ચાથી આ વાર્તાલાપનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. ઠીક સમય સુધી ચાલેલા આ આખા ચર્ચા-વાર્તાલાપનો ઉપસંહાર કરતાં શ્રી શંકરરાવ દેવે જે પ્રવચન કર્યું હતું તે નીચે મુજબ હતું. તંત્રી)

અહિંસાની સાધના માટે જ્યારે વ્યકિત પોતાની જાતને સમષ્ટિથી અલગ કરે છે ત્યારે તે કેવળ વ્યકિતગત દોષોની જ ચિન્તા કરે છે કે સમાજના દોષોના નિરાકરણની પણ ચિન્તા કરે છે ખરી? ઐહિક જીવનમાં જો કોઇ જવાબદાર વ્યકિત કેવળ પોતાની જ ચિન્તા કરે તો તેને આપણે નિંદ્ય લેખીએ છીએ. સમાજ એવી વ્યકિત પ્રત્યે ધૃણા દાખવવા માંડે છે. કિન્તુ આધ્યાત્મિક તેમજ ધાર્મિક ક્ષેત્રમાં આથી બીલકુલ વિપરીત પરિસ્થિતિ પ્રવર્તે છે. આધ્યાત્મિક ક્ષેત્રમાં એ વ્યકિત કેવળ પોતાની જ ચિન્તા કરે છે તે નિંદ્ય ન લેખાતાં વંદ્ય બની જાય છે. સમાજ તેની પ્રત્યે ધૃણા દાખવતો નથી. તેના પ્રત્યે શ્રદ્ધા ધરાવતો હોય છે. નગરનિગમનો અધિકારી-કોર્પોરેટર-નળ કે કૂવાનું પાણી ખરાબ થતાં કેવળ પોતાના ઉપયોગનું જ પાણી સાફ કરે અને સમસ્ત ઉપયોગના પાણીને સ્વચ્છ કરવાની ચિન્તા ન કરે તો આપણે કહીશું કે તે અધિકારીએ પોતાના કર્તવ્યનું પાલન કર્યું નથી. સૌ કોઇ તેની નિન્દા કરવાનું. હવે પછીની ચૂંટણીમાં તેને મત નહિ આપવાની લોકો વાતો કરવા માંડશે. સિપાઇ જો યુદ્ધથી ભાગે છે તો કહેવામાં આવે છે કે તેણે પોતાના ધર્મનું પાલન કર્યું નથી. વ્યાપારી જો સેળભેળ કરે છે તો કહેવામાં આવે છે કે તે પોતાના ધર્મથી ચલિત થયો છે. આવી જ રીતે સાધુ જે સમાજ તરફથી ભોજન વગેરે પ્રાપ્ત કરે છે તેનો તે સમાજ પ્રતિ શું કોઇ ધર્મ નથી? શું તે સમગ્ર સમાજમાં અહિંસાની પ્રતિષ્ઠા ચાહતો નથી? પૂર્ણ યોગીની વાત અલગ છે. જેને શરીરમાં પોતપણાનું ભાન નથી તેને સમાજમાં લાવવાનો પ્રશ્ન જ નથી. જે યોગીને દેહનું ભાન નથી તેની સામે દેહધર્મ કે સમાજધર્મના ઉપદેશનો પ્રશ્ન જ આવતો નથી. કિન્તુ જ્યાં સંબંધ બને છે ત્યાં વ્યવસ્થા ઊભી થાય છે. વ્યવસ્થા માટે ધર્મની પ્રતિષ્ઠા થાય છે. જ્યાં સુધી સાધુને ભૌતિકજીવનનો સંબંધ છે અને તે માટે સમાજ ઉપર તે નિર્ભર છે ત્યાં સુધી તે પોતાની જાતને સમાજથી અલગ માની શકતો નથી. તે પોતાના દેહધર્મ અને આવશ્યકતાઓની પૂરવણી માટે સમાજનો ઉપયોગ કરે છે, તેનું તેને ભાન Awareness-હોય છે, કેવળ ભાન જ નહિ પણ ઊલટું સમાજ સાથે સંબંધ જોડીને તે પોતાની તે તે જરૂરિયાતોની પુરવણી કરે છે, જ્યાં સંબંધ છે ત્યાં કર્તવ્ય છે, ધર્મ છે. યોગની ઉત્કૃષ્ટ અવસ્થાએ પહોંચેલ મહાત્મા અને નિદ્રાવશ બનેલી વ્યકિત માટે સર્પ અને અળસરામાં કોઇ અન્તર હોતું નથી, કિન્તુ જ્યારે કોઇ એ જાણી લે છે કે અમુક સ્ત્રી છે ત્યારે તેને એ પણ ભાન હોવાનું કે તે મા છે, બહેન છે અથવા તો પત્ની છે અને તેની પ્રત્યે કયો ધર્મ છે, શું કર્તવ્ય છે?

સંબંધ બે પ્રકારના હોઇ શકે છે. એક પરોપકાર માટે; બીજો પોતાના માટે. સાધુનો સમાજ સાથેનો સંબંધ પરોપકારાર્થ ભલે હોય તો પણ પોતા માટે પણ હોય જ છે. તેને સમાજ તરફથી ભોજન વગેરેની અપેક્ષા હોય છે. જો સાધુનો સમાજથી સંબંધ છે તો સમાજપ્રતિ તેનું કર્તવ્ય પણ છે, ધર્મ પણ છે. સાધુનો ધર્મ છે કે તે સમાજમાં ધર્મની પ્રતિષ્ઠા કરે. તે એક સામાન્ય ભૂમિકા-Common ground-છે જે બાબતમાં બધા લોકો સહમત છે. પ્રાચીન કાળથી સાધુ, સંન્યાસી અથવા ભિક્ષુ એમ માનતા આવ્યા છે કે સમાજમાં ધર્મની પ્રતિષ્ઠા અને પ્રચાર કરવો તે તેનું કર્તવ્ય છે. યથાશકિત તથા યથાદૃષ્ટિ તે પોતાના આ કર્તવ્યનું-આ ધર્મનું પાલન કરતો આવ્યો છે. આથી સમાજને ખૂબ લાભ પણ થયો છે. આ બાબતનો કોઇ ઇન્કાર કરી શકે તેમ નથી.

સાધુ અહિંસા સત્ય, અસ્તેય આદિ ગુણો તથા વ્રતોનું સાચું પાલન કરે છે, સમાજમાં પ્રચાર કરે છે તથા સમાજ પાસે પાલન કરાવવાનો પ્રયત્ન પણ કરે છે. જે કામ જૈન સાધુ જૈન સમાજમાં કરે છે, તે કામ બૌદ્ધ ભિક્ષુ તેમ જ હિન્દુ સંન્યાસી બૌદ્ધ સમાજ તથા હિન્દુ સમાજમાં પણ કરે છે. કિન્તુ હજારો વર્ષોનો આ અનુભવ છે કે અહિંસા સત્ય આદિ ધર્મ તેમ જ નૈતિક ગુણોનો પ્રચાર પર્યાપ્ત નથી. કેવળ ધર્મ અને નૈતિકતાના પ્રચારથી સમાજમાં સાચા ધર્મની પ્રતિષ્ઠા થઇ શકતી નથી.

મનુષ્ય ધાર્મિક બને. તે માટે તેની ભૌતિક પરિસ્થિતિ environment-માં પરિવર્તન કરવાની આવશ્યકતા છે. કેટલાક અપવાદ બાજુએ રાખતાં સર્વ સાધારણ માટે પરિસ્થિતિમાં પરિવર્તન લાવવું તે ધાર્મિક તથા નૈતિક જીવનની અનિવાર્ય શરત છે. સમસ્ત ધર્મ અને નીતિના પ્રચારકો આ વાતને જેટલી જલદી સમજશે અને સ્વીકારશે એટલી શીઘ્રતાથી સમાજમાં ધર્મ અને નીતિની પ્રતિષ્ઠા માટે અનુકૂળ વાતાવરણ તૈયાર થશે અને ધાર્મિકોના મિશનને સફળતા મળશે.

હજારો વર્ષથી ધર્મ અને નીતિનો પ્રચાર થઇ રહેલો હોવા છતાં સમાજમાં ધર્મ અને નીતિની પ્રતિષ્ઠા થઇ શકી નથી, એટલું જ નહિ પણ, તેથી ઊલટું અધર્મ અને અનીતિની જડ સમાજમાં ઊંડી ઊતરતી ચાલી છે, આવો આજે સ્વયં માનવજાતિ અનુભવ કરી રહી છે. સાધુ સમાજનો એ ધર્મ છે કે તે તેનાં કારણોની તપાસ કરવા માટે પ્રયત્ન કરે અને એ પ્રયત્નને પોતાની ધર્મસાધના સમજે.

સાધુ અહિંસા, સત્ય આદિ ગુણોની પ્રતિષ્ઠા ચાહે છે, પોતાનામાં પણ અને સમાજમાં પણ. આ માટે ઉપર જણાવેલ વિચારસરણીને અનુસરીને તેનો એ ધર્મ બને છે કે જીવનના દરેક ક્ષેત્રમાં પ્રયોગ દ્વારા તે એ દેખાડી આપે કે આદમી હિંસા અને જૂઠ વિના જીવી શકે છે. સાધુએ એ પ્રયોગ કરીને દેખાડવું પડશે કે હિંસા વિના ખેતી થઇ શકે છે અને સમાજની આવશ્યકતાઓ પૂરી પાડી શકાય છે. મ. ગાંધીજીએ આ દિશામાં પ્રયોગ કર્યા હતા. હવે આ પ્રયોગમાં વિજ્ઞાન પણ આપણને મદદ કરશે. કેવળ બ્રહ્મસૂત્ર અથવા ગીતા, ધમ્મપદ કે ત્રિપિટક, આચારાંગ

કે કલ્પસૂત્રના પાઠ અને પ્રચારથી અહિંસાની પ્રતિષ્ઠા થઇ નહિ શકે. જે વ્યક્તિને દશ વાગ્યે ઑફિસમાં જવાનું છે, તે આવીને કહે કે શું આપની પાસે એવી કોઇ દવા છે, કે જે એ કલાકમાં મારા તાવને ઉતારી દે? તેની સામે આપ જંડીમુટ્ઠીની તારીફ કરો અને ઇન્જેક્શનમાં રહેલી હિંસાનું વ્યાખ્યાન આપો તો તે એમ જ કહેવાનો કે 'મહારાજ, હમણાં તો હું ઇન્જેક્શન લઉં છું. સાંજે ઑફિસેથી પાછો ફરતાં આપની પાસે આવીશ, આપનો ઉપદેશ સાંભળીશ અને આપને કાંઇક દક્ષિણા પણ આપીશ.

આજના વૈજ્ઞાનિક યુગમાં અહિંસા, સત્ય આદિ ધર્મ તથા નૈતિક ગુણોનાં આપણે ગમે તેટલાં ગીત ગાતા રહીએ, પણ એથી કશું થવાનું કે નીપજવાનું નથી, જ્યાં સુધી આપણે પ્રયોગ કરીને દેખાડીએ નહિ કે માનવ જીવનની પ્રત્યેક આવશ્યકતા હિંસા અને જૂઠ વિના પૂરી થઇ શકે છે, ત્યાં સુધી આપણી વાત માનવા માટે કોઇ તૈયાર નહિ થાય. પ્રત્યેક ધાર્મિક, સાધુ, સંન્યાસી અથવા ભિક્ષુએ આ સિદ્ધ કરીને દેખાડવું પડશે. મંદિર, મઠ, આશ્રમ અથવા તો અન્ય ધર્મ સંસ્થાન અહિંસા, સત્ય વગેરેના અનુસંધાનની પ્રયોગશાળા બને. આ માટે આપણા સાધુ-સંન્યાસીઓએ આત્મજ્ઞાન તથા પોતાના ધર્મ-ગ્રન્થોની સાથે સાથે વિજ્ઞાન તથા વૈજ્ઞાનિક ગ્રન્થોનો અભ્યાસ પણ કરવો પડશે. આ કાર્યને સફળતાપૂર્વક કરવા માટે જેવી રીતે ધાર્મિક લોકો પાઠશાળાઓ વગેરે ખોલે છે એ પ્રમાણે વિભિન્ન પ્રયોગો માટે પ્રયોગશાળાઓ (Laboratories) પણ સ્થાપિત કરવી પડશે. એવી પ્રયોગશાળાઓ માટે મન્દિર, મઠ આદિ ધર્મસંસ્થાન સૌથી વધારે પ્રભાવક અને ઉપયુક્ત સ્થાન છે એવી મારી માન્યતા છે.

તાત્પર્ય એ છે, કે જ્યારે સાધુસંન્યાસી આત્મજ્ઞાન અને વિજ્ઞાનનો સમન્વય કરવો-તેને જ પોતાની ધર્મસાધના તરીકે સ્વીકારશે અને તે પોતે પ્રયોગકર્તા બનશે ત્યારે જ તે સમાજમાં ધર્મની પ્રતિષ્ઠા કરવામાં સફળ બનશે. સાધુ-સંન્યાસીઓનાં આ કથનમાં હું સંપૂર્ણ રીતે સહમત છું, કે જ્યાં સુધી માનવીના ભૌતિક અને અતિભૌતિક જીવનમાં ધર્મની પ્રતિષ્ઠા નહિ કરવામાં આવે ત્યાં સુધી માનવ-સમાજને સર્વનાશના જોખમમાંથી બચાવી શકાશે નહિ.

શંકરરાવ દેવ

રીલિજીયસ ટ્રસ્ટ બિલ-૧૯૬૦

સમાલોચના

લોકસભામાં ધાર્મિક ટ્રસ્ટ ખરડો રજૂ થયો છે, અને તે પ્રવર સમિતિને સોંપાયો છે. એ ખરડાની વિગતો તાજેતરમાં પ્રસિદ્ધ થતાં તેની જોગવાઇઓની અપૂર્ણતાઓ તથા અવ્યવહારુ સખ્તાઇ વિષે ચર્ચા ઉપસ્થિત થઇ છે. કેટલાક જૈનોએ આ ધારાની જોગવાઇઓમાંથી પોતાને મુક્ત રાખવાની માંગણી કરી છે.

સૂચિત ધારો પારસી, યહુદી અને ખ્રિસ્તી ધાર્મિક ટ્રસ્ટોને લાગુ પડતો નથી. શીખો માટે અલગ કાયદો છે અને મુસ્લિમો માટે તેમનો વકફ કાયદો છે. વકફનો અર્થ પણ સખાવતી અગર જાહેર ટ્રસ્ટ થાય છે. આ ધારાની જોગવાઇઓ સૂચિત ધારાને અમુક અંશે મળતી આવે છે.

જ્યારે રાજ્યસરકાર કોઇ પણ કાયદો કરે છે ત્યારે તેનો હેતુ શું હોય છે તે વિચારવાનું છે. કાં તો અમુક બાબતોમાં અનિષ્ટો અને ગેરરીતિઓનો ફેલાવો થયો હોય ત્યારે તેને નાબૂદ કરવા કે અંકુશમાં લાવવા કાયદાની જરૂર પડે છે, અગર તો જે અત્યારે અવ્યવસ્થિત હોય તેને વ્યવસ્થિત અને પદ્ધતિસર કરવા માટે આંકડાઓ તથા દસ્તાવેજી નોંધ પુરી કરવા માટે તેની જરૂર પડે છે.

આવા નવીન કાયદાની યથાર્થતાની કસોટી ત્રણ રીતે થઇ શકે છે.

(૧) જે અનિષ્ટને નાબૂદ કરવા કે નિયમન કરવા કાયદો કરવામાં આવે છે તે હેતુ પાર પાડે તેવી કાયદાની જોગવાઇઓ છે?

(૨) અગર તો અનિષ્ટને નાબૂદ કરવા જતાં કાયદાને કારણે જ નવાં અનિષ્ટો ઉત્પન્ન થાય તેમ છે?

(૩) અનિષ્ટો દબાશે જ નહિ અને ઊલટાં કાયદાનાં અનિષ્ટો અસ્તિત્વમાં આવશે?

જો કાયદો પ્રથમ કસોટીમાંથી પાર ઊતરે તો તે સામે ખાસ વાંધો લઇ શકાય નહિ.

બીજી કસોટીનો વિચાર કરતો કાયદો અનિષ્ટને અંકુશમાં લે અને તે સાથે પોતાનાં જ નવાં અનિષ્ટો ઉત્પન્ન કરે તો કાયદાની યથાર્થતા આ બન્નેનું પ્રમાણ કેટલું તે પરથી નક્કી થઇ શકે. જો જૂનાં અનિષ્ટો દબાવા સાથે નવાં અનિષ્ટો વધી જાય તો પણ એ કાયદો કરવાનું યોગ્ય ગણાય નહિ. પણ ત્રીજી કસોટી મુજબ જે કાયદો અનિષ્ટો જ વધારે અને હેતુ પાર પડે નહિ તો તે કાયદો કરવો જ ન જોઇએ.

કાયદા દ્વારા જે અનિષ્ટો ઉત્પન્ન થવાનો સંભવ હોય છે તેના બે પ્રકાર હોઇ શકે. એક તો કાયદાની કલમો જ ક્લિષ્ટ અને અવ્યવહારુ હોય. બીજો કાયદાની કલમોનો તેના અમલ દરમ્યાન દુરુપયોગ થવાનો સંભવ હોય. દુરુપયોગની પણ માત્રા હોય છે. અમલદારી તંત્રમાં ગમે તેવો કાયદો હોય તો પણ થોડો દુરુપયોગ થવાનો જ કે થોડીક ગેરરીતિઓ ચાલવાની જ. પણ કાયદાનું ઘડતર જ કે જોગવાઇઓ જ એવી હોય કે તેનાં અમલમાં અમલદારી તંત્રનું વર્ચસ્વ હોય અગર તો ગેરરીતિઓ માટે પુષ્કળ શક્યતાઓ હોય તો તેવો કાયદો કરવો યોગ્ય ન ગણાય. એક અનિષ્ટને દાબી બીજાં અનિષ્ટોને મોટા પ્રમાણમાં ઉત્પન્ન કરે તેવા કેટલાય કાયદાઓ થયા છે ને અમલમાં પણ છે.

પરંતુ આધુનિક રાજ્યતંત્રની રચના જ એવા પ્રકારની છે કે એક પછી એક કાયદાઓ થયા જ કરવાના. એને અટકાવવાનો ઉપાય દેખાતો નથી. આવા સંયોગોમાં કાયદાની ખામીઓ અને ઊણપો પ્રત્યે વ્યવસ્થિત રીતે, દલીલપૂર્વક અને અસરકારક સંગઠન દ્વારા ધ્યાન દોરી કાયદાને સુધારવાનો પ્રયત્ન કરવો તે જ શ્રેષ્ઠ માર્ગ છે.

ધાર્મિક ટ્રસ્ટોનો જે ખરડો આવ્યો છે તેને તે દૃષ્ટિએ તપાસીએ ને તેની જોગવાઇઓ ક્યાં ને કેવી રીતે ખામીભરી છે તે પણ વિચારીએ.

સૌથી પ્રથમ મુદ્દો એ ઉપસ્થિત કરવામાં આવ્યો છે કે જો આ કાયદામાંથી ખ્રિસ્તી, યહુદીઓ અને પારસીઓને મુક્ત રાખવામાં આવ્યા છે તો જૈનોને કેમ નહિ? શા કારણોસર આ કોમોનાં ધાર્મિક ટ્રસ્ટોને આ કાયદો લાગુ કરવામાં આવ્યો નથી તેનાં કારણો આપણે જાણતા નથી. કાયદો જે રીતે ઘડાયો છે તે રીતે તે હિંદભરનાં હિંદુ ધાર્મિક ટ્રસ્ટોને લાગુ પડે છે. હિંદુની વ્યાખ્યામાં જૈનોનો પણ સમાવેશ થાય છે.

આ કાયદાનો મુખ્ય હેતુ ભારતમાં કેટલાંય વિશાળ ધર્મસ્થાનકોમાં જે ગેરવ્યવસ્થા અને નાણાંનો દુર્વ્યય ચાલે છે તેને અટકાવવા તથા અંકુશમાં લાવવાનો છે, પણ સુકાં સાથે લીલું બળે તેમ મોટાં સાથે નાનાં અને નરસાં સાથે સારાં પણ કાયદાની મર્યાદામાં આવી જાય છે.

આ કાયદા સામે પ્રથમ વાંધો એ છે કે તેમાં કોઇ ધર્મ-સ્થાનકનો અપવાદ કરવામાં આવ્યો નથી. મોટાં કે નાનાં શહેરો કે ગામડાંઓનાં નાનાં ઉપાશ્રય, માતાનું સ્થાનક, શંકરનું મંદિર, હનુમાનની દેરી, શીતળાનો ઓટો, કોઇ બાકી રહેશે નહિ. દરેકે પોતાનું સ્થાનક ટ્રસ્ટ ગણીને રજિસ્ટર કરાવવું પડશે અને રજિસ્ટર કરાવવા માટે કાયદાની વિધિઓ અટપટી છે. ફેરફારની નોંધ કરાવવાની પણ ફરજ છે. ભારતભરનાં લાખોની સંખ્યાનાં નાનાં ધર્મસ્થાનકો આ કાયદાથી એક સાંકળે બંધાશે. આવકની દૃષ્ટિએ અગર કુલ મિલકતની કિંમતની દૃષ્ટિએ અમુક રકમની મર્યાદા રાખી તે નીચેનાં ધર્મસ્થાનકોને મુક્તિ અપાઇ હોત તો પ્રથમ તબકકે વધુ યોગ્ય ગણાત.

બીજી જોગવાઇ બજેટની છે. વાર્ષિક પાંચ હજારની આવક-વાળાં ટ્રસ્ટોને પોતાનું બજેટ અગાઉથી તૈયાર કરીને કમિશ્નરની મંજુરી માટે મોકલવું પડશે. હવે જે ટ્રસ્ટોને મિલકત કે અસ-કયામતો હોય તેને અમુક આવક નિશ્ચિત હોય. પણ મોટા ભાગનાં ધર્મસ્થાનકોની આવક અનિશ્ચિત હોય છે. ભકતોને લોકો તરફથી દર વર્ષે કેટલી રકમ ભેટ કે દાન તરીકે મળશે તેની આગાહી થઇ શકતી નથી. એટલે ચોકકસપણે બજેટ અગાઉથી નક્કી કરવું મુશ્કેલ પડશે. બજેટ મંજુરી માટે મોકલતાં અમલ-દારી તંત્ર તેનો કેટલે મહિને નિકાલ કરશે તે કહી શકાય નહિ. ત્યાં સુધી શું? વર્ષ દરમ્યાન કોઇ વ્યકિત કોઇ ખાસ દાન આપી ખાસ ખર્ચ કરવા કહે ત્યારે શું? કાયદામાં એવું લખ્યું છે કે કોઇ ધાર્મિક ક્રિયા રદ કરવાનું કમિશ્નર કહી શકશે નહિ પણ બજેટની મંજૂરી જ એવી રીતે આપવામાં આવે કે ધાર્મિક ક્રિયા કરવી અશકય બને અગર તો ક્રિયાના હાર્દને નષ્ટ કરે તેવી રીતે તે કરવી પડે. વળી વાર્ષિક પાંચ હજાર કે તેથી વધુ આવકવાળાં આ ટ્રસ્ટોના હિસાબનું ઓડિટ કમિશ્નર નીમે તે ચાર્ટર્ડ એકા-ઉન્ટન્ટ પાસે કરાવવું પડશે. આ ઓડિટરોને તપાસની વિશાળ સત્તા અપાઇ છે ને હિસાબ લખનાર-લખાવનારને નોટીસ આપી પોતાની સમક્ષ બોલાવી તે ખુલાસા પૂછી શકશે.

તેથી પણ વધુ વાંધાજનક જોગવાઇ કમિશ્નર જેની નિમ-ણૂક કરે તેવો હિસાબનીશ રાખવાની છે. જે ટ્રસ્ટોની આવક વર્ષે પચ્ચીસ હજારથી વધુ હોય તેના હિસાબો રાખવા કમિશ્નર પોતાનો માણસ નીમી શકશે. કમિશ્નરનો આ માણસ અનેક રીતે ઉપાધિરૂપ થઇ પડશે અગર તો બીજી ગેરરીતિઓનો સર્જનહાર બની શકશે. વળી કોને હિસાબનીશ રાખવો કે કોને નહિ તે વિષે કાંઇ લાયકાત કે શરતો નક્કી કરવામાં આવી નથી. જૈન ધર્મસ્થાનકમાં શાકતપંથી ને વૈષ્ણવ ધર્મસ્થાનકમાં તે જ ધર્મના વિરોધી ધર્મના અનુયાયીઓને નીમાતાં અટકાવવાની કોઇ જોગવાઇ નથી.

પણ વાત એટલેથી અટકતી નથી. એવી પણ જોગવાઇ છે કે ટ્રસ્ટીની જગ્યા ખાલી પડે ત્યારે ટ્રસ્ટી તરીકે જે ધર્મનું ટ્રસ્ટ હોય તે ધર્મનો ન હોય તેવી વ્યકિતને પણ ટ્રસ્ટી તરીકે કમિશ્નર નીમી શકશે. અલબત્ત, એમાં એવી શરત મુકી છે કે 'જો તે ધર્મનો ટ્રસ્ટી ન મળે તો.' પણ વ્યવહારમાં આ શરતનો કોઇ અર્થ નથી. આ કલમ પણ ખૂબ જ વાંધાભરી ગણાવી જોઇએ. આપણે ત્યાં ધર્મના જ ઘણા ફીરકાઓ છે. જૈનોમાં જ ઘણા છે. હવે સ્થાનકવાસી જૈન ઉપાશ્રયમાં દિગંબર જૈન કે સોનગઢપંથી જૈનને ટ્રસ્ટી તરીકે નીમવામાં આવે તો શું પરિ-સ્થિતિ થાય? દલીલને સમજાવવા ખાતર આ દૃષ્ટાંત આપ્યું છે.

બીજી એક બે કલમોથી ધર્મસ્થાનકમાં દર્શન કે પૂજા કરવા જવાનો જેને અધિકાર હોય તેવી કોઇ પણ બે વ્યકિત કમિશ્નર કે કોર્ટના દ્વાર ટ્રસ્ટીઓ સામે ખખડાવી શકશે. આવી કોઇ પણ બે વ્યકિતઓને અપાએલા અધિકારોનો દુરુપયોગ થવા સંપૂર્ણ સંભવ છે. તે જોતાં પરિણામે સારા માણસો ટ્રસ્ટીઓ નીમાવા રાજી થશે નહિ.

તે સિવાય બીજી બે જોગવાઇઓની ખાસ નોંધ લેવી જોઇએ. એક તો કમિશ્નરને અમાપ સત્તાઓ અપાઇ છે. ધાર્મિક ટ્રસ્ટના દરરોજના વહિવટમાં પણ તે નિરંકુશપણે દખલગીરી કરી શકશે. તેથી વધુ ચોંકાવનારી કલમ તો રાજ્ય સરકારને નીતિવિષયક જે સત્તાઓ અપાઇ છે તે છે. દરેક રાજ્યની સરકાર ધાર્મિક ટ્રસ્ટો વિષે કેવી નીતિ (Policy) અખત્યાર કરવી તેની સૂચના કમિશ્નરને આપશે અને કમિશ્નર તેને અમલમાં મૂકવા બંધાયેલો રહેશે. વ્યવહારમાં તેનો અર્થ એ થયો કે લોકશાહીમાં જ્યારે જ્યારે સરકાર બદલાશે ને ભિન્ન રાજકીય ક્ષેમલવાળી સરકાર આવશે ત્યારે તે પોતાની નીતિ ઘડશે તે કમિશ્નરને અનુસરવી પડશે. પરિણામે રાજ્યની નીતિ શું તે અચોકકસ રહેશે અગર તો જેમ વ્યાપાર ઉદ્યોગમાં ઘડીઘડીમાં પલટાતી નીતિ ધારણ કરવામાં આવે છે તેમ ધાર્મિક ટ્રસ્ટોની બાબતમાં પણ બનશે. આ કલમ ખૂબ અસ્વસ્થ કરનારી છે.

કમિશ્નરના હુકમ સામે માત્ર હાઇ કોર્ટમાં જ જઇ શકાશે. ટ્રસ્ટોના મુંબઇ રાજ્યના કાયદામાં ચેરીટી કમિશ્નર સામે સીટી સિવિલ કોર્ટ કે જિલ્લા કોર્ટમાં જવાની જોગવાઇ છે, પણ આ કાયદા મુજબ જો હાઇકોર્ટ સમક્ષ જ અપીલ કરી શકાય તો કમિશ્નર આપખુદ બનશે.

લાખો ટ્રસ્ટો ઉપર કમિશ્નરની કચેરી આવી અમર્યાદ સત્તાઓ ભોગવશે તેને પરિણામે ચશ્મપોશી, લાંચ-રૂશ્વત, લાગ-વગ ને બીજાં એવાં ઘણાં અનિષ્ટો ઉત્પન્ન થશે તો, ધર્મ શું? ધર્મનાં સિદ્ધાંતો શું? ધાર્મિક ક્રિયાઓનું મહત્વ શું? એ ન સમજનાર વ્યકિતઓ ધાર્મિક ટ્રસ્ટોના કાર્યમાં વ્યાપક અધિકારો ભોગવશે અને તેનાં પરિણામો બહુ સારાં આવશે એમ માનવાનું કારણ નથી.

ધાર્મિક ટ્રસ્ટો અંગે કેન્દ્રે એક કમિશન નીમ્યું છે. આ કમિશનનો અહેવાલ આવે ત્યાં સુધી આ ખરડો મુલતવી રાખવો જોઇએ. તે ન બને તો છેવટે આ ખરડાની જે જોગવાઇઓ નુકસાનકારક અને અયોગ્ય લાગે છે તે સુધારવી જોઇએ.

કેશવલાલ એમ. શાહ

અતીન્દ્રિય દર્શન

[ઑલ ઇન્ડિયા રેડિયો, અમદાવાદની અનુમતિપૂર્વક તા. ૧૫-૭-૬૦ ના રોજ રજૂ કરવામાં આવેલો વાર્તાલાપ નીચે પ્રગટ કરવામાં આવે છે. **-તંત્રી**]

અધ્યાત્મી અને યોગી તરીકે હું નથી બોલતો; પણ જે કાંઇ શાસ્ત્રોમાં વાંચ્યું-વિચાર્યું છે અને તેના ઉપર યથાશકિત બીજી રીતે વિચાર કર્યો છે, તે આધારે અતીન્દ્રિય દર્શન વિશે કાંઇક કહેવા ધારું છું.

કોઇ પણ ઇન્દ્રિયથી થતું સીધું જ્ઞાન એ દર્શન કહેવાય, છતાં અત્રે મુખ્યપણે આંખથી થતા જ્ઞાનને દર્શન તરીકે સમજ-વાનું છે. બીજી ઇન્દ્રિયોની પેઠે આંખની દર્શનશકિતની ખાસ મર્યાદા છે. મનુષ્ય ઇતર પ્રાણીઓથી મનની બાબતમાં અસાધા-રણ રીતે ચડિયાતો છે, પણ આંખ કે બીજી ઇંદ્રિયોની બાબતમાં એવું નથી. મનુષ્ય કરતાં બીજાં કેટલાંય પ્રાણીઓની નેત્રશકિત ઘણી વધારે છે. આ બધું છતાં ઇંદ્રિયોની ખાસ મર્યાદા એ છે કે તે વર્તમાન કાળના વિદ્યમાન વિષયોથી આગળ જઇ શકતી

નથી; અને વર્તમાન વિષયોને પણ અમુક ક્ષેત્ર કે દેશની મર્યાદામાં જ ગ્રહી શકે છે. આને જ 'સેન્સરી પર્સેપ્શન' (Sensory Perception) કહે છે.

પ્રાચીન કાળમાં ચિંતકોએ ઇંદ્રિયોની આ શક્તિ-મર્યાદા વિશે જે જાણેલું, તેની નોંધ અનેક શાસ્ત્રોમાં મળે છે. ઈશ્વરકૃષ્ણની આવી નોંધ સંક્ષિપ્ત છતાં અર્થપૂર્ણ છે:

અતિદૂરાત્ સામીપ્યાત્ ઇન્દ્રિયઘાતાત્ મનોઽનવસ્થાનાત્ ।
સૌક્ષ્મ્યાત્ વ્યવધાનાત્ અભિભવાત્ સમાનાભિહારાત્ ચ ॥

આનો ભાવાર્થ એટલો જ કે; બહુ દૂર, બહુ સમીપ, બહુ સૂક્ષ્મ કે આડમાં હોય એવી વસ્તુ ઇન્દ્રિયો સાક્ષાત જાણી શકે નહીં.

આ રીતે એક કાળે જે વસ્તુઓ ઇન્દ્રિયગમ્ય ન હોવાને લીધે અતીન્દ્રિય લેખાતી, તે જ વસ્તુઓ વૈજ્ઞાનિક સાધનોને લીધે ઇન્દ્રિયગમ્ય પણ બની છે. દૂરદર્શક અને સૂક્ષ્મદર્શક શક્તિશાળી યંત્રો દ્વારા અતિદૂરની અને અતિસૂક્ષ્મ તેમ જ આડમાં રહેલ વસ્તુઓ પણ ગૃહીત થાય છે. ટેલિવિઝન પણ હવે પ્રચારમાં આવ્યું છે.

આમ વૈજ્ઞાનિક સાધનોની મદદથી દર્શનશક્તિ વધ્યા છતાં એક બાબતમાં મૂળગત સામ્ય રહેલું જ છે; તે એ કે એ સાધનો વિના ઇંદ્રિયો વર્તમાનકાળની મર્યાદાથી આગળ વધી શકતી ન હતી, તેમ એ વૈજ્ઞાનિક સાધનોની મદદ છતાં તે એ મર્યાદામાં જ કામ કરી શકે છે. વૈજ્ઞાનિક સાધનોએ પ્રથમની મર્યાદાનો ભંગ કર્યો હોય તો તે દૂરત્વ સૂક્ષ્મત્વ અને વ્યવધાન આદિની બાબતમાં. આવાં સાધનો દ્વારા થતું દૂર અને દૂરતરનું તેમ જ સૂક્ષ્મ અને સૂક્ષ્મતરનું જ્ઞાન એ એક્સ્ટ્રા સેન્સરી પર્સેપ્શન (extra sensory perception) છે.

પણ અહીં તો આપણે અતીન્દ્રિય દર્શનનો વિચાર મનને લક્ષી કરવાનો છે. મન એ મનુષ્યની વિરલ સંપત્તિ છે. એની શક્તિઓ અમાપ છે. એમાંની સક્રિય શક્તિઓ, જે આપણા અનુભવમાં આવે છે, તે પણ અમાપ છે અને બીજી અનેક સુષુપ્ત તેમ જ પ્રચ્છન્ન શક્તિઓ એમાં રહેલી જ છે, જે શક્તિઓ યોગ્ય પ્રયત્નથી કામ કરતી થાય છે.

બાહ્ય ઇંદ્રિયો કરતાં મનની એક વિશેષતા તો એ જાણીતી જ છે કે બધી જ ઇંદ્રિયો દ્વારા જ્ઞાત થયેલ વિષયો ઉપર મન પોતે એકલું જ ચિંતન, મનન અને પૃથક્કરણ કરી શકે છે. તે ઉપરાંત બાહ્ય ઇંદ્રિયો દ્વારા અનુભવમાં નહીં આવતાં એવાં અનેક પદાર્થો, અનેક ઘટનાઓ અને અનેક પ્રશ્નો વિશે પણ કાંઇક ને કાંઇક જાણી-વિચારી શકે છે. ઉચ્ચતર અને ઉચ્ચતમ ગણિત કે તર્ક અને વ્યાપ્તિના નિયમો અગર કાર્યકારણભાવની ચોક્કસ ઘટમાળ–એ બધાનું મન દ્વારા જ આકલન થાય છે.

મનની જાગ્રત અને સુષુપ્ત અનેક શક્તિઓ છતાં એની બાબતમાં એક મુદ્દો નોંધવા જેવો એ છે કે બાહ્ય ઇન્દ્રિયોની જ્ઞાનમર્યાદા વધારવા માટે, જેમ વૈજ્ઞાનિક સાધનો ઉત્તરોત્તર વધતાં રહ્યાં છે તેમ, હજી સુધીમાં એવું કોઇ વૈજ્ઞાનિક સાધન શોધાયેલું જાણમાં આવ્યું નથી કે જેની મદદથી મન પોતાની સુષુપ્ત શક્તિઓને ખાસ જાગૃત કરી કામમાં લઇ શકે, અને જાગ્રત શક્તિઓને સવિશેષ કામમાં લઇ શકે.

તો પછી પ્રશ્ન એ થાય છે કે મન પોતાની અંદર પડેલી શક્તિઓ દ્વારા અતીન્દ્રિય દર્શન કરી શકે, તેનો શો અર્થ, અને એવું દર્શન જો શક્ય હોય તો તે ક્યા અને કેવાં સાધનો દ્વારા?

મન અતીન્દ્રિય વસ્તુઓનું દર્શન કરી શકે છે, એનો અર્થ ઝીક તો એ છે કે મન વર્તમાનકાળ સિવાયની–એટલે કે અતીત અને અનાગત કાળની–ઘટનાઓનું તાદૃશ ભાન ઓછાવત્તા પ્રમાણમાં કરી શકે. બીજો અર્થ એ કે બાહ્ય ઇન્દ્રિયો પોતાથી ભિન્ન એવા વિષયોને જાણે છે, જ્યારે મન પોતે પોતાના સ્વરૂપનું, પોતામાં પડેલ મારા–નરમા સંસ્કારોનું, પોતાની શક્તિઓનું અને પોતાની પ્રવૃત્તિઓનું વિશ્લેષણાનુસાર દર્શન કરી શકે છે અને તે ઉપરાંત મન બાહ્ય વિષયોનું તો સાક્ષાત્ આકલન કરી જ શકે.

મનના અતીન્દ્રિય દર્શનનો આ અર્થ છે. દરેક માણસનું મન એ છેવટે અંશે તે અનુભવે પણ છે. પરંતુ સામાન્ય લોકો મનની આ શક્તિને અતીન્દ્રિય દર્શન તરીકે ભાગ્યે જ લેખે છે. મનનું આ કાર્ય રોજ અનુભવાતું હોઇ એનું મહત્વ સાધારણ લોકોને જણાતું નથી, પણ જ્યારે કોઇ મનની અસાધારણ કાર્યશક્તિ પ્રગટ થાય, કે જે સાધારણ લોકોના મનમાં દેખાતી ન હોય, ત્યારે લોકો અચરજમાં પડી જાય છે અને તેને એક ચમત્કાર લેખી સત્કારે છે.

એક વાર આવો ચમત્કાર અનુભવાય, ત્યારે ઘણી વાર લોકોનું કુતૂહલ એ ચમત્કારને અનેકગણો વધારી મૂકે છે, છતાં મૂળમાં ચમત્કારની પાછળ રહેલું અસાધારણ શક્તિનું તત્ત્વ, એ તો એક હકીકત જ છે; એમાં કોઇ કલ્પનાને સ્થાન નથી.

મનની આવી અનેક અસાધારણ શક્તિઓ છે, તો એને સક્રિય કે જાગ્રત કરી શકાય કે નહીં, અને તે કેવાં સાધનો દ્વારા, એ પ્રશ્ન હવે આવે છે. જ્યાં સુધી જાણ છે ત્યાં સુધી એમ કહી શકાય કે મનની જાગ્રત શક્તિઓને વધારે સક્રિય કરવાનો અને સુષુપ્ત શક્તિઓને સક્રિય કરી તેને વિકસાવવાનો માર્ગ યોગપ્રક્રિયામાં છે. યોગમાર્ગીઓએ આ માટેના અનેક પ્રયોગો, જીવને જોખમે પણ કર્યા છે. તેમાં કેટલાકને ઓછીવધતી સફળતા પણ મળી છે. એ પ્રયોગોની ઘણી વિગતો શાસ્ત્રોમાં નોંધાયેલી તો છે જ, પણ બહુધા એ યોગમાર્ગીઓના મુષ્ટિજ્ઞાન જેવી રહી છે. જૈન પરંપરામાં લબ્ધિને નામે, બૌદ્ધ પરંપરામાં ઋદ્ધિ કે અભિજ્ઞાનને નામે અને યોગ પરંપરામાં વિભૂતિને નામે મનની શક્તિઓનાં ચમત્કારી કાર્યો નોંધાયેલ મળી આવે છે. આજે પણ આમાંની કેટલીક સિદ્ધિઓ વિશે ભ્રમ રહ્યો નથી, છતાં જે કાંઇ નોંધાયેલું મળે છે અને જે કાંઇ યોગભક્તો દ્વારા સાંભળવા મળે છે, તે બધું અક્ષરશઃ માની લેવાનો આ યુગ નથી. એનું પરીક્ષણ થાય એ સત્યની દૃષ્ટિએ જરૂરી છે, છતાં ઉતાવળા થઇ આપણા તર્કમાં ન બેસે એટલા કારણસર એ બધી મનની શક્તિઓને નકારી કાઢવી, એ પણ ઉપહાસપાત્ર બનવા જેવું છે.

કોઇ પણ એક સ્થૂળ કે સૂક્ષ્મ વસ્તુમાં મનને રોકવું, ત્યાર બાદ તે જ વસ્તુ વિશે એકાગ્ર થઇ તેનો વિચાર કરવો; એમ કરવા જતાં મન ચિંત્ય વિષયમાં એકરૂપ જેવી અવસ્થા અનુભવે છે. આ મનની ધારણા, ધ્યાન અને સમાધિની ત્રણ ભૂમિકાઓ છે. એ જ મનનો સંયમ છે. આવો સંયમ સિદ્ધ કરવો એ સાધારણ પુરુષાર્થની બહાર છે, પણ આવો સંયમ સિદ્ધ કરી શકાય છે. એવો સંયમ સિદ્ધ થાય, પછી ધ્યાની વ્યક્તિ જુદા જુદા વિષયોમાં એ સંયમનો પ્રયોગ કરે, ત્યારે એના મનની અનેક સુષુપ્ત શક્તિઓ આશ્ચર્યજનક રીતે કામ કરતી થઇ જાય છે. ધ્યાની વ્યક્તિ સૂર્યમાં સંયમ કરે તો એની સમક્ષ આજ્ઞાત બાહ્ય વિશ્વનું તાદૃશ ચિત્ર રજુ થાય છે. એ જ રીતે જો તે પોતાના સંસ્કાર પરત્વે સંયમનો પ્રયોગ કરે તો તે પૂર્વપૂર્વ સંસ્કારચક્રનું ભાન વધારતાં વધારતાં પૂર્વજન્મની સીમાઓ સુધી પણ પહોંચે છે. મનની જ્ઞાનશક્તિ ઉપરાંત તેમાં કેટલીક ક્રિયાશક્તિઓ પણ છે. અમુક પ્રકારના સંયમથી તેની ક્રિયાશક્તિ સક્રિય બનતાં ધ્યાની અલ્પ્ય શારીરિક અને માનસિક બળ પણ સિદ્ધ કરે છે. આ રીતે અનેક પ્રકારની જ્ઞાન અને ક્રિયાશક્તિ સંયમ દ્વારા સિદ્ધ થયાનાં વર્ણનો તો મળી આવે છે, પણ મને પોતાને આ બધાં ઉપર વિચાર કરતાં અને કાંઇક તર્ક–યુક્તિથી પરીક્ષણ કરતાં, એમ લાગ્યું છે કે આ વર્ણનોમાં ઘણું સત્ય છે. આપણે જો યોગ્ય રીતે મનસંયમનો પ્રયત્ન કરીએ, તો એની પ્રતીતિ એટલી મુશ્કેલ નથી. જે અભ્યાસી વ્યક્તિ પોતાના ઇષ્ટ વિષયમાં, અભ્યાસને બળે, સર્વોપરિતા મેળવી શકે છે, તો માનસિક શક્તિઓને સક્રિય કરવાનો અભ્યાસ યોગ્ય રીતે કરવામાં આવે તો આજે જે નવાઇ જેવું લાગે તે સુગમ કેમ ન બને? પોતાના જીવનના વિકાસ પરત્વે અને માનસિક શક્તિઓના વિકાસ પરત્વે માણસ વિચાર કરે, તો પણ મનની અતિન્દ્રિય દર્શનની શક્તિ વિશે સંદેહ રહેવાને કોઇ કારણ રહે જ નહીં. હું પોતે ઘણીવાર મારા મનની ભૂતકાલિન અને વર્તમાનકાલિન અવસ્થા તેમ જ શક્તિનું તારતમ્ય વિચારું છું, ત્યારે મને જણાય છે કે એક કાળે જે શક્તિની કલ્પના સુધ્ધાં શક્ય ન હતી. તે શક્તિ અભ્યાસ અને કાળબળે અનુભવાય છે, અને ઊંડું ચિંતન કરતાં તેમ જ બીજા પરિચિત એવા અસાધારણ પુરુષોની શક્તિનો વિચાર કરતાં મને એમ જણાય છે કે મનમાં સારા સુષુપ્ત, અર્ધસુષુપ્ત, જાગૃત અને અર્ધજાગૃત એવી શક્તિઓના અપાર થર પડેલા છે. આ જ મનની અંદરનું વિસ્મયકારી વિશ્વ છે.

પંડિત સુખલાલજી

'પાગલ પ્રેમી'ને મળતી બે સત્ય ઘટનાઓ

(૧)

'પ્રબુદ્ધ જીવન'ના તા. ૧૬ મી સપ્ટેમ્બરના અંકમાં "આદર્શ પ્રેમ કે મૂર્ખાઈ?" એ શિર્ષક હેઠળ શ્રીમતી વત્સલાબેન મહેતાએ રમેશના ત્યાગના સુંદર દૃષ્ટાંતમાં વિચારદોષ રમેશનો કેટલો બધો છે એ દેખાડવા પ્રયત્ન કર્યો છે. એનો જવાબ બેન ગીતા પરીખે આપેલો એ જ અંકમાં છાપ્યો છે. લગ્ન એ જાતીય જીવન અને પ્રજનનને માટે જ છે એ વિધાન સાથે સંમત થઈ શકાય એવું નથી. ગીતાબેન લખે છે તેમ એની આધ્યાત્મિક બાજુ પણ છે. એ વિશે એમણે લખ્યા ઉપરાંત બીજું કંઈ લખવું જરૂરી નથી. પુલ્ટન ઉસ્લર એના "મોડર્ન પેરેબલ્સ" નામના પુસ્તકમાં આપેલી એક કથાનો સાર નીચે આપું છું. એનો વિષય પણ રમેશ અને રમા જેવો જ છે, પણ એમાં થોડો ફેર છે. એ વાંચીને વિચારવા જેવું છે. પુસ્તકની બધી કથાઓ સત્ય ઘટનાઓ છે એવો લેખકનો દાવો છે. પ્રસ્તુત કથાનું મથાળું "મહત્વનો નિર્ણય" એમણે રાખેલ છે.

સ્ટેલા એક સુંદર નમણી જુવાન કુમારિકા છે. એની કાળી આંખો બહુ આકર્ષક છે. એક દિવસ પ્રુટબોલની મેચના પ્રેક્ષક તરીકે રાલ્ફ નામના યુવકને તે મળે છે. રાલ્ફ જોન હોપકીન્સ યુનિવર્સિટિનો વિદ્યાર્થી છે. એની વિચારવંત મુખમુદ્રા ઉપર બુદ્ધિનો ચમકારો છે. એ બંને અત્યંત પ્રેમમાં પડે છે અને જે દિવસો જાય છે તે અલૌકિક સુખના લાગે છે. ચાંદનીમાં ફરતા બંને એક એકને કહે છે કે કોઈ પણ વસ્તુ એમને એકમેકથી છૂટા નહિ કરી શકે.

રાલ્ફ તબીબી અભ્યાસ કરતો હતો. એનું કુટુંબ બહુ જાણીતું હતું. એના પિતા અને દાદા બંને તબીબ હતા. રાલ્ફની સચોટ દલીલો અને બુદ્ધિચાતુર્ય જોતાં છતાં પણ સ્ટેલાને રાલ્ફ અત્યંત માયાળુ અને ઉર્મિલ માણસ લાગેલો. તે સમયે રાલ્ફની ઉંમર ત્રીસ વર્ષની હતી અને સ્ટેલાની ઓગણીશ વર્ષની હતી. સ્ટેલાને કદી વિચાર આવ્યો નહિ કે રાલ્ફને પોતાની ઠીગ્રી મેળવતા આટલો સમય કેમ ગયો હશે. એ તો પોતાની ભાવિ યોજનાઓમાં જ મગ્ન હતી.

બે મહિનામાં એ બંનેએ લગ્ન કરવાનો વિચાર કર્યો. રાલ્ફની ઇચ્છા છેવટની પરીક્ષામાં સફળ થાય કે લગ્નવિધિ કરવાની હતી. હજી પરિણામને આવવાની વાર હતી ત્યાં એક દિવસ એને મળવાને એક વ્યકિત આવી. એ પ્રૌઢ ઉંમરની સ્ત્રી હતી અને એની આંખો ભીનાશથી ચમકતી હતી. એ રાલ્ફની માતા હતી, એણે કહ્યું.

"હું જાણું છું કે તું રાલ્ફને ખૂબ ચહાય છે અને મને ખાતરી છે કે તું એને પત્ની તરીકે સુખી કરીશ. પણ રાલ્ફ વિશે એવું કંઇક છે કે જે જાણવાનો તને હક છે અને મારે તને એ કહેવું જોઇએ. એ તને કહેતા ડરે છે. મેં તેને એ વાત કરવા કહ્યું પણ એ ના પાડે છે. એની ઇચ્છા વિરુદ્ધ પણ મારી ફરજ સમજીને હું તને એ કહેવા આવી છું. એનું પરિણામ આ સંબંધનો અંત લાવનાર પણ બને. રાલ્ફે ત્રણ વર્ષ ગાંડાની ઇસ્પિતાલમાં કાઢ્યા છે.

હવે તો બધા જ ડાકટરો કહે છે કે એ તદ્દન સુધરી ગયો છે અને ફરી એ વ્યાધિ એને નહિ થાય એમ માને છે. પણ તું એની પત્ની થવાની હોય અને એ સંબંધ જીવનપર્યંતનો હોય તો સત્ય ઘટના જાણીને જ તારે લગ્ન કરવા જોઇએ."

હવે શું કરવું? દિવસો અને રાત્રીઓ હૃદયના તુમુલ યુદ્ધમાં પસાર થવા લાગી. એની સામે પડેલા પોતાના આખા જીવનના અને બાળકોની સંભાવનાના વિચારોથી મન ભયથી વ્યાપ્ત થઇ જતું. એની બુદ્ધિ એને આ સંબંધ તોડી નાખવા અને રાલ્ફને ભૂલી જવા કહેતી. આથી એનું હૃદય ભાંગી પડતું. બીજે પક્ષે પ્રેમ એને ખેંચતો હતો. એને વિચાર આવતો,

"લગ્નવેદી પર માંદગીમાં કે તન્દુરસ્તીમાં સારું કે નરસું જે થાય તેમાં એને દીલથી ચાહીશ એવો કોલ આપીશ. આ બીના ન બની હોત તો પણ હું એવું વચન લેત અને પછી કોઇ અકસ્માતમાં એ અપંગ થઇ જાય તો પણ હું એની પડખે ઊભી રહું. ત્યારે શાને માટે આજે એની પડખે ઊભાં ન રહેવું?" એનું હૃદય કહેતું, "નિર્ણય એની તરફેણમાં લે એની વિરુદ્ધ નહિ. જો તું ચાહતી હોય તો એના શુભ માટે પ્રાર્થના કર અને જે થાય તે સ્વીકાર."

પણ વળી વિચાર આવતો કે "રાલ્ફે પોતે જ વાત કરી હોત તો જુદી વાત હતી. એનો હું વિશ્વાસ કેમ કરી શકું?" હૃદયમાંથી અવાજ ઊઠતો કે "એ મને એટલો ચાહે છે કે અમારા સુખને જોખમમાં નાખવાની એને હિંમત નથી."

પરિણામ એ આવ્યું કે સ્ટેલાના ચિત્તે બધી ડહાપણોની દલીલોથી હૃદયની પ્રેરણાને હઠાવી દીધી. તર્ક અને ડહાપણ તો આ સંબંધ તોડવાનું જ કહે અને એમ જ થયું. રાલ્ફે બાલ્ટીમોર છોડયું અને કેલીફોર્નીઆ ગયો.

સ્ટેલાને એટલો આઘાત થયો કે કોઇ પુરુષમાં ફરી રસ ઉત્પન્ન થતા દસ વર્ષ નીકળી ગયા. એની આશરે ત્રીસ વર્ષની ઉંમર થતા એણે એક વકીલ સાથે લગ્ન કર્યા.

થોડા વર્ષ પછી અચાનક એક રાતે સ્ટેલા જાગી ઊઠી. એના પતિને એના બિછાનામાં ન જોયો. ઘરમાં બધે તપાસ કરવા માંડી. એનો પતિ ઘરના નીચેના ભોંયરામાં હાથમાં કોદાળી હુલાવતો મળી આવ્યો. એ બૂમો પાડતો હતો કે "હું સેમસન છું, આ જગ્યાને જડમૂળથી તોડી પાડીશ."

પુલ્ટન ઉસલર કહે છે કે સ્ટેલાનો પતિ તદ્દન ગાંડો થઇ ગયો છે અને ગાંડાની ઇસ્પિતાલમાં પોતાનું જીવન વ્યતીત કરે છે. એના સુધરવાની કોઇ આશા નથી.

સ્ટેલા આ પછી મુસાફરીએ નીકળે છે. એક રાતે કેલીફોર્નીઆના એક શહેરમાં ફરતા રાલ્ફની સામે આવી જાય છે. એની સાથે એની પત્ની અને એક પુત્ર અને એક પુત્રી છે અને માનસિક બિમારીની કશી નિશાની પણ નથી.

પુલ્ટન ઉસલર લખે છે કે જીવનના પ્રશ્નો ઉકેલતા માત્ર તર્ક અને બુદ્ધિ ઉપર આધાર રાખવો એ યોગ્ય નથી. ઇશ્વરે આપણને ડહાપણ આપ્યું છે તેમ અંતઃકરણ પણ આપ્યું છે. અને અંતઃકરણનો અવાજ પણ પિછાનવો જોઇએ.

(બીજી ઘટના હવે પછીના અંકમાં)

વિઠ્ઠલદાસ પુરુષોત્તમ દેસાઇ

વિષયસૂચિ

		પૃષ્ઠ
ન્યાયક્ષેત્રે ટોળાંવાદ	... કેશવલાલ એમ. શાહ	૧૧૫
સંક્રાંતિકાળમાંથી પસાર થઇ રહેલી ગુજરાતની સંસ્કૃતિ.	... રતિલાલ મફાભાઇ શાહ	૧૧૬
અપાર ધૃતિનું હૃદયસ્પર્શી દર્શન...	એક બહેન	૧૧૮
વન્ધ્ય નિવડેલું દુનિયાના રાજપુરુષોનું ઐતિહાસિક મિલન ...	પરમાનંદ	૧૧૯
સાધુસંસ્થા વિષે શ્રી શંકરરાવ દેવનું એક વિશેષ પ્રવચન ...	શંકરરાવ દેવ	૧૨૦
રીલિજીયસ ટ્રસ્ટ બિલ-૧૯૬૦, સમાલોચના	કેશવલાલ એમ. શાહ	૧૨૧
અતિન્દ્રિય દર્શન	પંડિત સુખલાલજી	૧૨૨
પાગલ પ્રેમીને મળતી બે સત્ય ઘટનાઓ	વિઠ્ઠલદાસ પુરુષોત્તમ દેસાઇ	૧૨૪

મુંબઇ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ મીપલ પ્રેસ, ફોર્ટ, મુંબઇ.

રજીસ્ટર નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૨ : અંક ૧૩

પ્રબુદ્ધ જીવન

મુંબઇ, નવેમ્બર ૧, ૧૯૬૦, મંગળવાર
આફ્રિકા માટે શિલિંગ ૮

શ્રી મુંબઈ, જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ: ૨૦ નયા પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

સમર્થ આચાર્ય હીરવિજયજી

આ ગોપ્રતિપાળ પ્રતાપી સાધુ પાલણપુર (પ્રહલાદનપુર)માં ઓસવાળ વાણિયા કૂંરાશાહ (કુંવરજી, કૂરજી) પિતા તથા નાથીબાઈ માતાને ઘેર આજથી આશરે ૪૩૩ વર્ષ પહેલાં સંવત્ ૧૫૮૩ ના માર્ગશીર્ષ માસની ઉજ્જવલ નવમી ને સોમવારને દિવસે અવતર્યા હતા. કુટુંબીઓએ અજાણતાં જ એનું હીરજી એવું અન્વર્થ નામ પાડયું.

આચાર્યનું ગુજરાતી ચરિત્ર ખંભાતના પ્રાગ્વાટ (પોરવાડ) વણિકપુત્ર ઋષભદાસે સં. ૧૬૮૫ માં વિજયાદશમીને દિને પૂર્ણ કર્યું, તેમાં વણિક નામ કોને શોભે એ વિષયની ચર્ચા એણે પ્રારંભમાં જ કરી છે :

વડી જાતિ વણિકની કહિએ,
આ કલિયુગ માંહે લહિએ,
જે નીતિ સકલના જાણુ,
જેને અભક્ષ્યતણાં પચ્ચખાણ. (૧૨ : ૩)

'વાણિયાનો દીકરો અનીતિમાન્ ન હોય; માંસમદિરાને જ નહિ પણ પોતાને લેવું ઘટે એનાથી અધિક એક દોકડાને પણ જે અભક્ષ્ય ગણે.

નહિ પરપ્રાણતણો ઘાત,
વાંકી વાટે જે નવ જાત,
જીરવતો મદ ધનકેરો,
તેણે કુળ વણિકનો વડેરો. (૧૨ : ૪)

જીવમાત્ર ઉપર, શત્રુ ઉપરેય દયા રાખે, આડે માર્ગે ન ચડે, ધનમદથી છકી ન જાય.

ધન્ય વણિકનો અવતાર,
કરે પ્રાણી સકલની સાર.
વાણિગ બંધ થકી છોડાવે,
નર સહુને કર ઓડાવે. (૧૨ : ૫)

પ્રાણીમાત્રની સંભાળ રાખે, બંધવાના બંધ છોડાવે, કોઇને માથે વધારે પડતો કરભાર હોય તો ઓછો કરાવે.

વણિગ દેતા ક્ષણમાં લક્ષ,
વળી ઉતારે દુર્ભિક્ષ;
વાણિગને નમે રાણારાય,
ટાળે અકર અને અન્યાય. (૧૨ : ૬)

ક્ષણવારમાં લાખ સોનૈયાનું દાન કરે, દુષ્કાળપીડિત લોકોને નિભાવે, અઘટિત કર તથા અન્યાય સામો થઇને રાજારાણાને નમાવે.

ચડયાં કટક તેને ફેરવતા,
નર દરિદ્રપણું નિર્ગમતા;
તેણે વાણિગનું કુળ સાર,
જિણ કુળે હુઆ બહુ દાતાર. (૧૨–૭)

દેશ ઉપર શત્રુનું સૈન્ય ચડી આવતું હોય એને રોકે, લોકોનું દાળદર એને ક્રાંબધો આપીને ટાળે, દાન દેતાં પાછું વાળી ન જુએ,

પાલણપુરમાં જન્મેલો આ બાળક ખરો વણિકકુલદીપક હતો તે હવે પછી આપણે જોઇશું.

હીરજીનાં માતપિતા પોતે નાના હતા ત્યાં જ મરણ પામ્યાં. બાળપણમાં માબાપના વિયોગ કરતાં મોટું દુઃખ શું હોઈ શકે? સંસારની માયા ખોટી ને ક્ષણભંગુર છે તે વિચક્ષણ બાળકે તરત જ જોઈ લીધું. ભાઇને લાગેલ રામબાણનો ઘા રૂઝે તો ઠીક એમ કરીને, હીરજીની મોટી બહેન વિમલા પાટણમાં વિજયસિંહ શેઠ વેરે પરણાવેલાં હતાં તે એને પાટણ તેડી આવ્યાં. પણ બહેનનો પ્રયત્ન ફળ્યો નહિ અને હીરજીએ સં. ૧૫૯૬ના કાર્તિક વદિ ૨ ને સોમવારને દિવસે તેરમે વર્ષે વિજયદાનસૂરિને હસ્તે સંયમદીક્ષા લીધી. ગુરુએ એનું નામ હીરહર્ષ રાખ્યું.

જૈનશાસ્ત્ર ભણી લીધા પછી હીરહર્ષ ધર્મસાગર નામે બીજા એક મુનિ સાથે દેવગિરિ ગયા, ને ત્યાં એક બ્રાહ્મણ પાસે ન્યાય, વૈશેષિક, મીમાંસા, વ્યાકરણ, જ્યોતિષ, ગણિત, ચિંતામણિ નામે શૈવશાસ્ત્ર ઇ. ઇ. ભણ્યા. દક્ષિણથી પાછા આવ્યા પછી હીરહર્ષને સં. ૧૬૦૭માં પચીસમે વર્ષે પંડિતપદ મળ્યું અને છવીસમે વર્ષે સં. ૧૬૦૮ની વસંતપંચમીને દિવસે ઉપાધ્યાય–(વાચક)પદ મળ્યું. એની સાથે ધર્મસાગર તથા રાજવિમલને પણ વાચકપદ પ્રાપ્ત થયું. અન્તે સં. ૧૬૧૦ના પૌષ શુદિ પાંચમને દિવસે અઠ્ઠાવીસમે વર્ષે હીરહર્ષને સૂરિ(આચાર્ય)-પદ તથા હીરવિજય એવું નામ મળ્યું, (દેવવિમલકૃત હીરસૌભાગ્ય ૬ : ૧૦૮)

સં. ૧૬૨૨ ના વૈશાખ શુદિ ૧૨ ને દિવસે ગુરુ શ્રી વિજયદાનસૂરિએ દેહ છોડયો, એટલે ભટ્ટારકપદે સંઘનો કાર્યભાર સમસ્ત ચાળીસમે વર્ષે હીરવિજયસૂરિને માથે આવ્યો.

એક દિવસે બાદશાહ અકબર ઝરૂખે બેઠો બેઠો લોકયાત્રા જોતો હતો, ત્યાં ચંપા નામે શ્રાવિકાએ છમાસી તપ કર્યું હતું,

તેને પાલખીમાં બેસાડીને શ્રાવકો વાજતે ગાજતે મંદિરે દેવદર્શન કરવા તેડી જતા હતા તે બાદશાહના જોવામાં આવ્યું. સ્થાનસિંહ નામે એક જૈન અકબરનો મંત્રી હતો. એણે બાદશાહને બધી વાત કરી : જૈનના ઉપવાસ કેવા આકરા હોય, ઊના પાણી વિના બીજું કાંઇ ખપે નહિ, ને તે પણ દિવસે જ વગેરે. (જગદ્‌ગુરુ કાવ્ય * ૧૨૬)

ભગતરા જેવી એક છોકરી આવું ઉગ્ર તપ કરે એ જોઈને અકબર આશ્ચર્યચકિત થઈ ગયો. એની ધર્મજિજ્ઞાસા આમે ય તીવ્ર તો હતી જ. એટલે એણે તરત ચંપાબાઈને બોલાવીને પૂછ્યું, કે 'આવું તપ તું કોના પ્રભાવથી કરી શકી?'

ચંપા : 'દેવગુરુના પ્રતાપથી.'

બાદશાહ : તારા દેવ કયા ને તારા ગુરુ કોણ?'

ચંપા : 'દેવ વીતરાગ અને ગુરુ હીરવિજયસૂરિ, જેને મન સ્વપર, શત્રુ-મિત્ર, હીરો-પથરો, કાંચન-કથીર, સ્ત્રી તથા ખડની ભારી સમાન છે.' (જ. કા. ૧૩૧)

બાદશાહે ચંપાને દીકરી કરીને સોનાની ચૂડી આપી ને એને ઘેર વળાવી. તે ગયા પછી એણે સ્થાનસિંહને પૂછ્યું, 'હીરવિજયસૂરિ ક્યાં બિરાજે છે?' (જ. કા. ૧૩૨)

મંત્રી કહે, 'જહાંપનાહ, જૈન સાધુ એક ઠેકાણે વસે નહિ, પગે ચાલીને વિહાર કરે, વર્ષાઋતુના ચાર માસ એક ઠેકાણે રહે. હમણા હીરવિજય મહારાજ ગ્રાટદેશમાં ગન્ધાર બંદરે વિચરે છે.'

બાદશાહને ધર્મગુરુઓને મળવાની ભારે ઉત્કંઠા હતી, એટલે એણે તરત હીરવિજયસૂરિને દિલ્લી નોતર્યા.

અકબરના નિમંત્રણને માન આપીને હીરવિજયસૂરિએ છપ્પન વર્ષની અવસ્થાએ સં. ૧૬૩૯ના માર્ગશીર્ષ વદ ૭ને દિવસે ગંધારથી વિહાર કર્યો અને જ્યેષ્ઠ વદિ ૧૩ શુક્રવારને દિને ફતેહપુર પહોંચ્યા.

સંવત સોળસો પરિ કહ્યો
વરષે ઓગણચાલ,
જેઠ વદિ તેરશી દિને,
ભેટયો નર ભૂપાલ (ઋષભદાસ, પા. ૧૧૧)

આચાર્ય અકબરને મળવા ગયા ત્યાં એણે ગાલીચા ઉપર પગ ન મૂકયો, તે જોઈને અકબરે પૂછ્યું, 'એમ કેમ, મહારાજ?'

'કદાચ નીચે કીડી હોય એટલે.' (હી૦ ૧૪-૭)

બાદશાહ : મારી ચિત્રશાળામાં કીડી કેવી?

હીરવિજય : તથાપિ અમારો એવો આચાર છે, કે જોયા વિના પગ ન મૂકાય.

કહે છે, કે બાદશાહે ગાલીચો ઊંચો કરાવ્યો તો સાચે જ નીચેથી કીડી નિકળી (હી. ૧૪-૫).

પછી તો બાદશાહ તથા સાધુવર વચ્ચે બહુ દિવસ જ્ઞાનગોષ્ઠી ચાલી. અંતે અકબરે હીરવિજયસૂરિને કાંઇક માગવા કહ્યું, એટલે મહારાજે કારાગૃહથી બંધવાની અને પાંજરાંમાંથી પક્ષીઓની મુક્તિ માગી, અને ડામર સરોવરના જીવોને સારુ અભયદાન માગ્યું.

માગ્યું ડામર તળાવ;
બાર ગાઉ ફરતું સહી,
ભરિયું મચ્છે સાવ (ઋષભદાસ, પૃ. ૧૨૮).

અને ત્રીજું, પજ્જુસણના આઠ દિવસ આખા સામ્રાજ્યમાં કોઇ જીવહિંસા ન કરે એવું ફરમાન માગ્યું. બાદશાહે પોતાની પાંતિના ચાર દિવસ ભેળીને શ્રાવણની અંધારી દશમીથી ભાદરવાની અજવાળી છઠ લગી એમ ૧૨ દિવસ અમારીના હુકમ કાઢયા.

શ્રાવણ વદિ દશમી થકી
પાળે દિવસ વળી બાર;
ભાદરવા સુદિ છઠ લગી
ઉગરે જીવ અપાર. (ઋષભદાસ, પૃ. ૧૨૮)

હીરવિજયસૂરિ ચાર વર્ષ આગ્રાપ્રદેશમાં વિચર્યા અને શતાવધાની શાંતિચન્દ્ર ઉપાધ્યાયને બાદશાહ પાસે રાખીને પોતે ગુર્જરદેશ પાછા પધાર્યા.

શાંતિચન્દ્રે હીરવિજયસૂરિએ રોપેલી ફયાલતાને પાણી પાયું અને બાદશાહ પાસે જિજ્યા કર મૂકાવ્યો તથા છ માસ પશુવધ બંધ કરાવ્યો. (હી. ૧૪, ૨૭૩-૫. શાંતિચન્દ્ર કૃત કૃપારસકોશ ૧૨૬-૭)

શાંતિચન્દ્ર ગયા પછી ભાનુચંદ્ર ઉપાધ્યાય અકબર પાસે રહ્યા. એણે શત્રુંજય ઉપર જાત્રાળુ પાસેથી લેવાતું મુંડકું બંધ કરાવ્યું ને શત્રુંજયાદિ તીર્થ પોતાના ગુરુને અર્પણ કરાવ્યાં.

હીરવિજયજીએ યાવજ્જીવ એકટાણાં જ કર્યાં હતાં; પાંચ વિકૃતિ(દૂધ, દહિં, ઘી, ગોળ, તેલ)નો ત્યાગ કર્યો હતો. જમતાં બારથી વધારે વસ્તુ ન લેતા. વળી ઉપવાસાદિ કઠોર તપશ્ચર્યા કરી હતી.

૬૯ વર્ષનું આયુષ ભોગવીને ઊનામાં સં. ૧૬૫૨ના ભાદ્રપદ શુદિ ૧૧ ને ગુરુવારે આ મહાન્ આચાર્યે દેહત્યાગ કર્યો (હી. ૧૭, ૧૫૭-૮).

ઉપલો વૃત્તાન્ત જૈન ગ્રન્થોને આધારે લખ્યો છે, પરંતુ અકબરના દરબારીઓનાં ફારસી લખાણોમાંથી એને પુષ્ટિ મળે છે. અબુલ ફજલની આઇને અકબરીમાં અકબરના સભાસદોનાં નામ છે તેમાં હીરવિજયસૂરિ, એની પાટે બેસનાર આચાર્ય વિજયસેન તથા ભાનુચંદ્ર ઉપાધ્યાયના નામ પણ છે. રવિવારે પ્રત્યેક સૌર માસની પહેલી તારીખે, ગ્રહણને દિવસે, રજબ માસે, બધે સોમવારે, આખો ફરવરદીન માસ, આખો આવાં માસ (જે બાદશાહના જન્મનો માસ હતો તે), આખો આદર માસ ઇત્યાદિ એમ વર્ષમાં છ માસ ઉપરાંત અકબરે માંસાહાર વર્જ્ય કર્યાનું પણ આઇને અકબરીમાં લખ્યું છે. અકબરનો બીજો એક દરબારી અબ્દુલ કાદર બદાયુની હરેક મુસલમાન હતો. એણે એના ઇતિહાસમાં લખ્યું છે કે અકબરે પોતાના રાજ્યમાં રવિવારે, ફરવરદીન માસમાં ૧૮ દિવસ, આખો આવાં માસ, ઇત્યાદિ પ્રસંગે પશુવધની બંધી કરી હતી અને આ રાજાજ્ઞા તોડનારને દેહાંતદંડ દેવાનું ઠરાવ્યું હતું (૯૯૧ હિજરી ઇ. સ. ૧૫૮૩, વિક્રમ સં. ૧૬૩૯) વળી પજ્જુસણાદિ દિવસે પશુવધબંધીનું હિજરી સન ૯૯૨(વિ. સં. ૧૬૪૦)નું તથા ગિરનાર શત્રુંજય, તારંગા, આબુ, કેસરિયાજી ને સમેતશિખર એ પાંચ તીર્થ હીરવિજયસૂરિને સમર્પણ કર્યાનું એ બે, તથા બીજાં પણ અકબરનાં અસલ ફરમાન સદ્‌ભાગ્યે આજ સુધી સચવાઈ રહેલ છે.

દેસાઇ વાલજી ગોવિંદજી

* આ કાવ્ય સૌરાષ્ટ્ર મંગલપુર (માંગરોળ)માં પદ્મસાગરગણિએ સં. ૧૬૪૬ના બીજા ભાદ્રપદ શુદિ ૧૧ ને દિવસે પૂર્ણ કર્યું હતું.

સાધુસંસ્થા અંગેના
શ્રી શંકરરાવ દેવના પ્રવચનની સમાલોચના

(પ્રબુદ્ધ જીવનના ગતાંકમાં સાધુસંસ્થા અંગે શ્રી શંકરરાવ દેવનું એક પ્રવચન પ્રગટ કરવામાં આવ્યું છે. તે સંબંધમાં તેમણે પોતાના એક પત્રમાં એવી ઇચ્છા વ્યક્ત કરેલી કે એ અંગેના મારા પ્રત્યાઘાતો મારે તેમને જણાવવા તેમની આ ઇચ્છાને માન આપીને તેમના ઉપર તા. ૭–૧૦–૬૦ ના રોજ મેં એક લાંબો પત્ર લખેલો. પ્રબુદ્ધ જીવનના વાચકો આ ચર્ચા–વિચારણાના ભાગીદાર બને એ હેતુથી પ્રસ્તુત પત્ર અહીં નીચે પ્રગટ કરવામાં આવે છે. પરમાનંદ)

પૂજ્ય શંકરરાવજી મુંબઇ, તા. ૭–૧૦–૬૦

આપનો તા. ૧–૧૦–૬૦ નો પત્ર મળ્યો તે મુજબ સપ્ટેંબર માસના 'શ્રમણ' ના અંકમાં પ્રગટ થયેલ આપનું વક્તવ્ય હું જોઇ ગયો. તે અંગે મારા પ્રત્યાઘાતો જાણવાની આપ અપેક્ષા રાખો છો તે ધ્યાનમાં લઇને આ પત્ર લખવા પ્રવૃત્ત થયો છું.

આપના વક્તવ્યની શરૂઆતમાં આપ એક સાધુ યા સંન્યાસીને આપની કલ્પનાના કોઇ એક યોગીથી અલગ કરો છો અને આ સાધુ યા સંન્યાસીને આપનું જે કહેવું લાગુ પડે છે તે પેલા યોગીને નથી લાગુ પડતું, કારણ કે તેને દેહમાં પોતાપણું હોતુ નથી એમ આપ જણાવો છો–આ બધું મારા ગળે ઊતરતું નથી. યોગીને દેહ અંગે પોતાપણાની ભાવના અમુક ક્ષણ કે સમય માટે નહિ અનુભવાતી હોય એ હું કલ્પી શકું છું, પણ યોગીપણાના આરંભથી જીવનના અંત સુધી તે દેહબુદ્ધિથી મુક્ત હોય છે તે કલ્પી શકાતું નથી–સ્વીકારી શકાતું નથી; કારણ કે ખાનપાન અને મળમૂત્રવિસર્જનની પ્રક્રિયાથી તેમજ નિદ્રા અને જાગૃતિના ચક્રથી કોઇ પણ માનવી હંમેશાને માટે મુક્ત બની શકતો નથી અને આ પ્રક્રિયાને સમજણપૂર્વક સંભાળતા રહેવું એટલે જ દેહ વિષેની સભાનતા ચાલુ હોવી એમ સ્વીકાર્યે જ છૂટકો છે. વળી જેમ સમાજની સેવા લેતા સાધુની સમાજ પ્રત્યે જવાબદારી હોવી જોઇએ તેવી જ રીતે સામાજિક સગવડોનો લાભ લેતા યોગીના શિરે પણ આવી જવાબદારી હોવી જ જોઇએ એમ આપે સ્વીકારવું જ જોઇએ.

બીજી એ બાબત આપના ધ્યાન ઉપર લાવવા માગું છું કે, હિંસા અને જૂઠ વચ્ચે એક મહત્વનો તફાવત છે. જૂઠ વિનાના એટલે કે કેવળ સત્યનિષ્ટ માનવીજીવનની શક્યતા કાંઇક કલ્પી શકાય છે, પણ હિંસા વિનાના એટલે કેવળ અહિંસાનિર્ભર માનવીજીવનની અને તે ચલાવવા માટેની જરૂરિયાતોના અહિંસાપૂર્વકના ઉત્પાદનની કોઇ શક્યતા કે વાસ્તવિકતા કલ્પી શકાતી જ નથી. ઉત્પાદન સાથે એક યા બીજા પ્રકારની મોટી કે નાની હિંસા જોડાયેલી રહેવાની જ. આ રીતે વિચારતાં 'હિંસા વિનાની ખેતી' શક્ય જ નથી.

જરૂરિયાતોના ઉત્પાદન અંગે વિજ્ઞાનનું કાર્ય તે ઉત્પાદનને વધારે સરળ અને સત્વર બનાવવાનું રહે છે; એ જ વિજ્ઞાન કદાચ ઉત્પાદનની પ્રક્રિયાને ઓછીવધતી હિંસક બનાવી શકે, પણ કોઇ પણ ઉત્પાદન સાથે હિંસા અનિવાર્યપણે જોડાયેલી હોઇને વિજ્ઞાન વડે ઉત્પાદનની પ્રક્રિયાને અહિંસક બનાવી શકાય એ કલ્પનામાં આવતું નથી.

આ રીતે વિચારતાં ખરો પ્રશ્ન ઉત્પાદનની પ્રક્રિયાને અહિંસક બનાવવાનો નહિ, પણ ઉત્પાદકને અહિંસાની ભાવનાથી પ્રેરિત બનાવવાનો છે. સમાજને અનુલક્ષીને સાધુનું શું કર્તવ્ય એ પ્રશ્નની ચર્ચાના સંદર્ભમાં આપે જેમ જણાવ્યું છે કે સાધુનો ધર્મ છે કે તે સમાજમાં ધર્મની પ્રતિષ્ઠા કરે, તેમ આપણે એમ જણાવી શકીએ કે સાધુનો ધર્મ છે કે તે સમાજમાં અહિંસાની પ્રતિષ્ઠા કરે. અને તે પ્રમાણે એમ પણ જણાવી શકીએ કે સાધુનો ધર્મ છે કે સમાજમાં સત્યની પ્રતિષ્ઠા કરે. આનો અર્થ એ થયો કે સાધુ પોતાના જીવનની વિશિષ્ટ સાધના દ્વારા એવી રીતે વર્તે અને વિચરે કે જેથી તેના સંપર્કમાં આવતા લોકો અહિંસા અને સત્યની ભાવનાથી પ્રેરિત બને, પ્રભાવિત બને. આપ આપની ચર્ચામાં સાધુને ઉત્પાદન સાથે જોડો છો. હું ઉત્પાદક શાથે જોડું છું. ઉત્પાદક સજાગ હશે, અપ્રમાદી હશે, અને અહિંસાની ભાવનાથી પ્રેરિત હશે તો તેની પ્રત્યેક પ્રક્રિયામાં હિંસાની માત્રા ઘટવાની, પ્રમાણમાં ઓછી હિંસાવાળી પ્રક્રિયા તે શોધવાનો, કારણ વિના–જરૂરિયાત વિના–એક પણ જીવની હિંસા ન થાય એવી તે કાળજી રાખવાનો અને આવી અનિવાર્ય હિંસા અંગે પણ તે મનમાં દુઃખ ચિન્તવવાનો. આવી જ રીતે તે સત્યની ભાવનાથી પ્રેરિત હશે તો અન્ય જનો સાથેનો તેનો વ્યવહાર વધારે સંવાદી બનવાનો.

સાધુ સમાજની સગવડો ભોગવે છે તો સમાજ પ્રત્યે તેનું કર્તવ્ય રહે જ છે એ વિચાર મને સ્વીકાર્ય છે. આ માટે સમાજની વાસ્તવિક પરિસ્થિતિનું તેને સમ્યક્ જ્ઞાન હોવું આવશ્યક છે. મનુષ્ય ધાર્મિક બને, અહિંસક બને, સત્યપરાયણ બને એ માટે ભૌતિક વાતાવરણમાં પરિવર્તન પેદા કરવાની જરૂર છે જ અને એ દિશાએ સાધુ પોતાની સમજણ અને શક્તિનો પૂરો ઉપયોગ કરે એ જરૂર ઇચ્છનીય છે. પણ માનવીજીવનની પ્રત્યેક આવશ્યકતા હિંસા અને જૂઠ વિના પણ પૂર્ણ થઇ શકે તેમ છે એમ પ્રયોગ કરીને સાધુઓ પુરવાર કરી આપે–આવી આપની અપેક્ષાનો કોઇ વાસ્તવિક આકાર મારા ધ્યાનમાં આવતો નથી. અને તે માટે મંદિર, મઠ આશ્રમ યા ધર્મસંસ્થાન અહિંસા સત્ય વગેરેના અનુસંધાનની પ્રયોગશાળા બને–આવી આપની શુભેચ્છાનું કાવ્યાત્મક કલ્પનાથી વધારે મૂલ્ય મને દેખાતું નથી. વળી કોઇ પણ સાધુ પ્રયોગ શેના કરે અને શા માટે કરે તેની પણ હજુ મને કોઇ કલ્પના આવતી નથી.

સંભવ છે કે આપ અહિંસક સમાજરચનાનો વિચાર કરતા હો અને તેના અનુસંધાનમાં એમ કહેવા માગતા હો કે માનવીજીવનની આવશ્યકતાનું ઉત્પાદન નહિ પણ માનવી સમાજનો પારસ્પરિક વ્યવહાર હિંસા એટલે સંઘર્ષથી અને અસત્યથી કેમ મુક્ત બને એ બાબતનો સાધુઓ સતત વિચાર કરતા થાય, હિંસા અને અસત્યના કારણે મનુષ્યસમાજમાં ઊભી થતી તરેહતરેહની સમસ્યાઓનો ઉકેલ લાવવામાં સક્રિય બને અને એ રીતે હિંસા અને અસત્યની અનર્થકારકતા અને અહિંસા અને સત્યની હિતકારકતા લોકોના દીલ ઉપર ઠસાવવાનો અને એ રીતે હિંસા અને અસત્યને સમાજમાંથી બને તેટલાં નાબૂદ કરવાનો તેઓ સતત પ્રયત્ન કરતા રહે–આવું કાંઇક આપ ઇચ્છતા હો અને સૂચવવા માગતા હો તો તે મને સ્વીકાર્ય છે.

પણ સાધુ માનવીજીવનની આવશ્યકતાઓના ઉત્પાદનની પ્રક્રિયામાં રહેલી અશુદ્ધિ અને હિંસા યા જૂઠને નાબૂદ કરવા

માટે તેના સીધા ઉત્પાદનમાં લાગી જાય–આવું કાંઇક આપને ઇષ્ટ હોય તો તે મને સ્વીકાર્ય નથી, અને જરૂરી પણ લાગતું નથી.

આખરે સાધુ એટલે કોણ? સાધુ એટલે પોતાનો આત્મિક વિકાસ સાધવાના વિશિષ્ટ હેતુથી ચાલુ લગ્નજીવન જેવી સામાજિક પરંપરાથી જુદા પ્રકારની અને આત્મિક વિકાસને પોષક એવી જીવનવૃત્તિ સ્વીકારનાર વ્યક્તિ. આવી વ્યક્તિએ ભિન્ન પ્રકારની જીવનવૃત્તિ સ્વીકારી એટલે તેને સમાજથી અલગ માનવાની જરા પણ જરૂર નથી. જેવી રીતે આપે આજીવન બ્રહ્મચર્ય સ્વીકાર્યું છે તેથી આપ સમાજથી કોઇ અલગ વ્યક્તિ નથી, તેવી જ સ્થિતિ સાધુની સમાજપરત્વે છે. આ સાધુ સમાજ ઉપર કેળવ ભારરૂપ ન લાગે, પ્રમાદી ન બને, સામાજિક સગવડોના બદલામાં સામું કાંઇ ને કાંઇ વળતર આપે એવી આપણે જરૂર અપેક્ષા રાખીએ. પણ આથી અન્ય પ્રકારની અપેક્ષા રાખવી એટલે સાધુજીવનની વિશિષ્ટ વૃત્તિ છોડીને તે સમાજનો કેવળ એક મજૂર કે કારીગર બને–કાંઇક આવી અપેક્ષા દાખવવા બરોબર થાય જે મને સ્વીકાર્ય નથી.

અહીં એ સ્પષ્ટ કરું કે અહિંસાનું વિશ્લેષણ, સામાજિક જીવનમાં અહિંસાને કયાં કયાં લાગુ પાડવી, સામાજિક સંઘર્ષોનો અહિંસક ઉપાયો દ્વારા કેવી રીતે ઉકેલ લાવવો, સત્યાગ્રહ, અસહકાર, સામાજિક શુદ્ધિ અર્થે યોગ્યતા વ્યક્તિગત યા સામુદાયિક ઉપવાસના પ્રયોગો–આ બધા સ્વતંત્ર સંશોધન અને વિચારણાના વિષયો છે અને આ સંશોધનકાર્ય સાધુઓ ધારે તો જરૂર ઉપયોગી ફાળો આપી શકે છે, પણ આ કામ કે જવાબદારી માત્ર સાધુઓની નથી, પણ સમાજના અગ્રેસરોની તેમ જ સમાજ વચ્ચે વસતા ચિન્તકોની છે. જે સાધુઓને આવા સંશોધનમાં રસ હોય તેઓ જરૂર આમાં ભાગ લે. જે સાધુઓને આમાં રસ ન હોય તેઓ ભલે પોતાની રીતે જીવે અને વિચરે–પણ તેઓ જે રીતે વિચરે અને જીવે તે સ્વપર કલ્યાણનું સાધક, પ્રમાદરહિત, શ્રમપરાયણ અને સામાન્ય જનતાને પથપ્રદર્શક હોવું જોઇએ. આથી વિશેષ અપેક્ષા હું આજના સાધુસંન્યાસી વિષે ધરાવતો નથી.

આ વિષય અંગે મારી વિચારણાને વધારે સ્પષ્ટ કરવાના હેતુથી એ ઉમેરવાની મને જરૂર લાગે છે કે કોઇ પણ સાધુ સાધુતાના નામે, ત્યાગ અને વૈરાગ્યના નામે, કેવળ બેઠાડુ, નિરૂપયોગી અને અર્થશૂન્ય જીવન ન જીવે એ આપણાં સર્વની ચિન્તાનો વિષય હોવો જોઇએ, પણ માનવી જીવનની આવશ્યકતાઓનું ઉત્પાદન અહિંસક રીતે થાય એ એક જ હેતુને દરેક સાધુ પોતાના સમગ્ર જીવનનું લક્ષ્ય બનાવે, અને તેના ઉત્પાદનને અહિંસાશુદ્ધ અને સત્યશુદ્ધ બનાવવા પાછળ જ પોતાની બધી શક્તિઓને કેન્દ્રિત કરે–એવી આપની અપેક્ષા મને એકાંગી લાગે છે. હું પુણ્યવિજયજી નામના એક જૈન સાધુને ઓળખું છું. તેઓ વર્ષોથી અવિરતપણે જૈન સાહિત્યના સંશોધનમાં નિમગ્ન છે અને એ રીતે સમાજની તેઓ ઉત્તમ સેવા બજાવી રહ્યા છે. તેઓ અનેક સગવડોનો લાભ લઇ રહ્યા છે એ ઉપરથી એ સગવડોના ઉત્પાદનમાં અહિંસાશુદ્ધિ અર્થે તેમણે લાગી જવું જોઇએ એમ કેમ કહી કે વિચારી શકાય? આજે આપણી વચ્ચે વિચરતા વિનોબાજી, ગુણમૂર્તિ, કે દાદા ધર્માધિકારી આજના જમાનાના ખરા સાધુ છે એમ હું માનું છું. અને દરેક પોતપોતાની રીતે સમાજને ખૂબ સેવા આપે છે. આપને એમ લાગે છે કે આ સાધુપુરુષોએ, આજે જે કાંઇ તેઓ કરી રહ્યા છે તે છોડીને, મનુષ્યની જરૂરિયાતોના–અહિંસાની દૃષ્ટિએ–ઉત્પાદનની શુદ્ધિ પાછળ લાગી જવું જોઇએ? અથવા તો અહિંસક ખેતીના સંશોધનમાં પોતાની સર્વ શક્તિઓ કેન્દ્રિત કરવી જોઇએ? આ રીતે વિચારતાં આપના સમગ્ર વક્તવ્યમાં રહેલો પાયાનો વિચાર–' સાધુએ પ્રયોગ કરીને દેખાડવું પડશે કે વિના હિંસા જેતી થઇ શકે છે અને સમાજની આવશ્યકતા પૂરી થઇ શકે છે'–મારા માટે સ્વીકાર્ય બનતો નથી. ઊલટું આ વિચાર સાધુઓ અંગે ખોટી કલ્પનાઓ અને અવ્યવહારુ અપેક્ષાઓ ઉભી કરે એવો લાગે છે. આ કારણે આ પાયાના વિચારનું આપ જ પુનઃ સંશોધન કરો એવી મારી આપને નમ્ર પ્રાર્થના છે. કે. આપનો પરમાનંદ

તા. ક. આ પત્ર પૂરો કરતાં એક બાબતની વધારે સ્પષ્ટતા કરવાની મને ખાસ જરૂર લાગે છે. ઉત્પાદન માત્ર સાથે હિંસા જોડાયેલી છે એ પ્રકારનું પત્રના આગળના ભાગમાં વિધાન કરીને હું એમ સૂચવવા માંગતો નથી કે ઉત્પાદનની પ્રક્રિયાઓ અંગે અથવા તો ચાલુ જીવનના ઉપયોગમાં આવતી ચીજો અંગે હિંસા–અહિંસાના વિવેકને કોઇ સ્થાન જ નથી. એક જ પ્રકારની વસ્તુના ઉત્પાદન પાછળ ઓછી વધતી હિંસા જરૂર સંકળાયેલી હોય છે. દા. ત. મિલનું કાપડ અને ખાદીનું કાપડ, જીવતા ઢોરની કતલ કરીને મેળવાયેલા ચામડાના જોડા અને મરેલા ઢોરના ચામડાના જોડા, વીલાયતી દવાઓ અને આયુર્વેદની દવાઓ, કોશેટાના કીડા મારીને તૈયાર કરવામાં આવેલું રેશમ અને તેની હિંસા કર્યા વિનાનું રેશમ, મધમાખીઓ મારીને અને માર્યા વિના મેળવવામાં આવેલું મધ–આમાં એકની અપેક્ષાએ અન્યને આપણે અહિંસક દ્રવ્ય કહી શકીએ છીએ અને તેના ઉપયોગને જરૂર વધારે પસંદગી આપવી ઘટે છે. આ ઉપરાંત ઉત્પાદક અહિંસાલક્ષી હશે તો તેની ઉત્પાદનની ક્રિયામાં જરૂર ઓછી હિંસા હોવાની. આ બધું હોવા છતાં આવા અહિંસાલક્ષી ઉત્પાદનકાર્યમાં બધા સાધુઓએ જોડાવું જોઇએ એવો આગ્રહ મને સમજાતો નથી. અહિંસ લક્ષી સમાજ અહિંસક લેખાતી વસ્તુઓના ઉપયોગ ઉપર ખૂબ ભાર મૂકતો રહે અને તેનો પ્રચાર કરતો રહે અને તે વસ્તુઓને પોતાના જીવનમાં વધારે ને વધારે અપનાવતો રહે અને ઉત્પાદકોને અહિંસાની વિચારણાથી પ્રભાવિત કરતો રહે એટલું મારી દૃષ્ટિએ પૂરતું છે.

સમુદ્રવિહાર

આપણા સંઘ તરફથી સંઘના સભ્યો અને તેના કુટુંબ-પરિવાર માટે તા. ૪–૧૧–૬૦ કાર્તિક વદ ૧ શુક્રવાર રાત્રિના એક સમુદ્રવિહાર યોજવામાં આવ્યો છે. સ્ટીમર 'શોભના' એપોલો બંદરથી રાત્રિના બરોબર આઠ વાગ્યે ઉપડશે અને અગિયાર વાગ્યે પાછી ફરશે. આ સમુદ્રવિહારમાં જોડાનાર સભ્યે વ્યક્તિ દીઠ રૂા. ૨ આપવાના રહેશે. દરેક વ્યક્તિએ પોતાની સાથે એક વાડકો અને ચમચો લાવવો અને એપોલો બંદર ઉપર રાત્રિના ૭–૪૫ પહેલાં હાજર થઇ જવું. જે સભ્યો સંઘનું ગત વર્ષનું વાર્ષિક લવાજમ રૂા. ૫ ન ભર્યું હોય તેણે આ સમુદ્ર-વિહારમાં જોડાવા માટે ચઢેલું લવાજમ ભરી દેવાનું રહેશે. 'શોભના' સ્ટીમરમાં મર્યાદિત અવકાશ હોઇને આ સમુદ્રવિહારમાં જોડાવા ઇચ્છતા સભ્યોને સંઘના કાર્યાલયમાં જરૂરી રકમ ભરીને પ્રવેશપત્રો સત્વર મેળવી લેવા વિનંતિ છે.

મંત્રીઓ: મુંબઇ જૈન યુવક સંઘ

ડૉ. પદ્મનાભ જૈનીનો સંઘે કરેલો સત્કાર

યુનિવર્સિટી ઑફ લંડનની સ્કૂલ ઑફ ઓરિયેન્ટલ એન્ડ આફ્રિકન સ્ટડીઝમાં શ્રી પદ્મનાભ જૈની છેલ્લાં ૪૫ વર્ષથી પાલીના લેકચરર-અધ્યાપક-તરીકે કામ કરી રહ્યા છે. તેમને તાજેતરમાં તેમની યુનિવર્સિટીએ બર્મા, સિયામ, કમ્બોડિયા, સીલોન વગેરે બૌદ્ધધર્મી દેશોમાં ઉપલબ્ધ હોય એવા બૌદ્ધધર્મના પ્રાચીન સાહિત્ય અને અવશેષોનો અભ્યાસ તથા સંશોધન કરવા માટે એક વર્ષની 'સ્ટડી લીવ' આપીને આ બાજુ મોકલ્યા છે. તેઓ ઑક્ટોબર માસની ૧૬ મી તારીખે મુંબઈ આવ્યા. તેમને પ્રત્યક્ષ મળવાની સંઘના સભ્યોને તક મળે એ હેતુથી તા. ૧૭ મી ઑક્ટોબરના રોજ સાંજના સંઘના કાર્યાલયમાં એક સ્નેહસંમેલન ગોઠવવામાં આવ્યું હતું. સંઘના મંત્રી શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાએ તેમનો પરિચય કરાવતાં જણાવ્યું કે "ભાઈ પદ્મનાભની વિદ્યાર્થી તરીકેની ઉજ્જ્વળ કારકિર્દિ સૌ કોઈના દિલમાં તેમના વિષે આદર ઉત્પન્ન કરાવે તેવી છે. તેઓ સાઉથ કેનેરા-મેંગલોર-બાજુના વતની છે. જન્મે દિગંબર જૈન છે. કરંજાના જૈન ગુરુકુળમાં ભણીને ૧૯૪૪ માં તેમણે મેટ્રિકની પરીક્ષા પસાર કરી. ત્યાર બાદ નાસિકની હંસરાજ પ્રાગજી ડાકરશી કૉલેજ દ્વારા ૧૯૪૭ માં તેમણે બી. એ. ઑનર્સની પરીક્ષા પસાર કરી. પછી તેઓ અમદાવાદ આવ્યા અને પં. સુખલાલજીના માર્ગદર્શન નીચે ગુજરાત વિદ્યાસભામાં અભ્યાસ કરીને ૧૯૪૯ માં તેમણે સંસ્કૃત લઈને એમ. એ. ની પદવી પ્રથમ વર્ગ સાથે પ્રાપ્ત કરી. ત્યાર બાદ સ્વ. ધર્માનંદ કોસાંબી ટ્રસ્ટ તરફથી શિષ્યવૃત્તિ મેળવીને તેઓ પાલી અને બૌદ્ધ ધર્મના વિશિષ્ઠ અભ્યાસ માટે સીલોન ગયા અને ત્યાં 'વિદ્યોદય ટેમ્પલ' માં એક વર્ષ રહીને તેમણે 'ત્રિપિટકાચાર્ય' નું પદ પ્રાપ્ત કર્યું. પછી ગુજરાત વિદ્યાસભામાં એક વર્ષ અને પછી બનારસ હિંદુ યુનિવર્સિટીમાં પાંચ વર્ષ પાલીના અધ્યાપક તરીકે તેમણે કામ કર્યું. ત્યાર બાદ યુનિવર્સિટી ઑફ લંડનની સ્કૂલ ઑફ ઓરિયેન્ટલ એન્ડ આફ્રિકન સ્ટડીઝમાં તેમની પાલીના ત્રણ વર્ષ માટે નિમણૂંક થઈ અને ૧૯૫૬ માં તેઓ ત્યાં સહકુટુંબ લંડન જઈને રહ્યા. ત્રણ વર્ષની મુદત પૂરી થયા બાદ તેમની ત્યાં સ્થાયી અધ્યાપક તરીકે નિમણૂંક થઈ. હવે તેમની યુનિવર્સિટીએ બૌદ્ધધર્મી દેશોમાં સંશોધન કરવા માટે તેમને એક વર્ષ માટે આ બાજુએ મોકલ્યા છે.

"ભાઈ પદ્મનાભ આપણી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં વ્યાખ્યાન આપવા માટે એક વખત આવી ગયા છે. પં. સુખલાલજી તથા દલસુખભાઈ સાથે તેઓશ્રી ગાઢ સંબંધ ધરાવે છે. બૌદ્ધધર્મના તેઓ ઊંડા અભ્યાસી છે અને જૈન ધર્મ સાહિત્યથી તેઓ સુપરિચિત છે. ગુજરાતમાં ઠીક સમય રહેલા હોઈને ગુજરાતી ભાષા તેઓ બરોબર સમજી તેમજ બોલી શકે છે. તેમની બુદ્ધિમત્તા અત્યંત આકર્ષક છે. આપણામાંના જ એક સ્વજનને આટલા લાંબા ગાળે અને આવા ઉત્કૃષ્ટ મિશન સાથે આપણી વચ્ચે આવેલા જોઈને આપણું દિલ ઊંડો આનંદ અનુભવે તે સ્વાભાવિક છે. સંઘ તરફથી તેમને હું હાર્દિક આવકાર આપું છું."

ત્યારબાદ પદ્મનાભ જૈની અહીં હતા તે દિવસોનાં કેટલાંક સ્મરણો, વિલાયતના અનુભવો, જે સ્કૂલમાં તેઓ અધ્યાપક તરીકે કામ કરે છે તેના કાર્યવિસ્તારની કેટલીક વિગતો, પશ્ચિમના દેશોમાં અને ખાસ કરીને ઇંગ્લાંડમાં બૌદ્ધધર્મના સાહિત્યનો કેટલો ફેલાવો થઈ રહ્યો છે તેની રોચક માહિતીઓ આપી અનેક બાબતોનું વિવરણ કર્યું હતું, અને જૈન સાહિત્ય વિષે ત્યાં કશી જ પ્રવૃત્તિ થતી નથી અને તે અંગે રુચિ ધરાવતા લોકોને સંતોષ આપે તેવું જૈન ધર્મને લગતું કશું સાહિત્ય મળતું નથી એ શોચનીય પરિસ્થિતિ તરફ સભાજનોનું તેમણે ખાસ ધ્યાન ખેંચ્યું હતું. સાથે સાથે પ્રબુદ્ધ જીવન જે તેમને નિયમિત મળતું રહેતું હતું અને જે તેઓ નિયમિત રીતે વાંચતા હતા તેના એક સરખા જળવાઈ રહેલા ઉચ્ચ ધોરણની તેમણે મુક્તકંઠે પ્રશંસા કરી હતી.

ત્યાર બાદ સંઘના પ્રમુખ શ્રી ખીમજીભાઈ માડણ ભૂજપુરિયાએ ભાઈ પદ્મનાભનું સ્વાગત કરતાં ખાનપાનમાં આજનો યુવકવર્ગ શિથિલ બનતો જાય છે તે વિષે ખેદ વ્યક્ત કર્યો અને તેમનામાં ધર્મરુચિ જાગૃત થાય એવું જૈન સાહિત્ય પ્રગટ કરવા તરફ અને આજે ધાર્મિક વિધિઓ પ્રાકૃત ભાષામાં કરવામાં આવે છે તેનું આપણી ચાલુ ભાષાઓમાં રૂપાંતર કરવાની આવશ્યકતા તરફ ઉપસ્થિત ભાઈબહેનોનું ખાસ ધ્યાન ખેંચ્યું હતું. ત્યાર બાદ ભાઈ પદ્મનાભનું પુષ્પહાર વડે સન્માન કરવામાં આવ્યું હતું અને અલ્પાહાર બાદ સભા વિસર્જન થઈ હતી.

અવલોકનાર્થે મળેલાં પુસ્તકોની સાભાર સ્વીકાર સાથે યાદી

લલિત વિસ્તરા: વિવેચનકર્તા ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા: પ્રકાશક: શ્રીમતી કંચનબહેન ભગવાનદાસ મહેતા તથા ધી ઍસોસીએશન ઑફ ઇન્ડિયા. કિંમત રૂા. ૯.

હરિસંહિતા: ભાગ ૩: લેખક: ન્હાનાલાલ દલપતરામ કવિ; પ્રકાશક: મહાકવિ ન્હાનાલાલ સ્મારક સમિતિ, ૪૬, પરિમલ સોસાયટી, એલિસબ્રીજ, અમદાવાદ-૬. કુલ સેટની કિં. રૂા. ૨૫.

વિજ્ઞાન વિચાર: લેખક: શ્રી ચોપટલાલ ગોવિન્દલાલ શાહ; પ્રકાશક: મેસર્સ ચેત. એમ. ત્રિપાઠી લિમિટેડ, પ્રિન્સેસ-સ્ટ્રીટ, મુંબઈ-૨. કિંમત રૂા. ૨.

આતમ વાણી: લેખક: કવિ ત્રાપજકર, પ્રાપ્તિસ્થાન: શરદકુમાર ત્રાપજકર, મુ. ત્રાપજ, (સૌરાષ્ટ્ર). કિંમત રૂા. ૫.

બંસરી મીઠાશભરી: લેખક: કવિ ત્રાપજકર; પ્રાપ્તિસ્થાન: શરદકુમાર ત્રાપજકર, મુ. ત્રાપજ, (સૌરાષ્ટ્ર) કિં. રૂા. ૫.

સ્નેહમૂર્તિ શાન્તિભાઇ: સંપાદક: શ્રી ગોકુળભાઈ દોલતરામ ભટ્ટ; પ્રકાશક: શ્રી દિલખુશ બ. દિવાનજી, અરુણોદય, લજપતરાય રોડ, પશ્ચિમ વિલેપાર્લે, મુંબઈ-૫૬.

ભગવાન ઋષભદેવ: લેખક: શ્રી જયભિખ્ખુ, પ્રકાશક: શ્રી જીવન-મણિ સદ્‌વાંચનમાળા ટ્રસ્ટ, દિલ્હી દરવાજા બહાર, અમદાવાદ; કિંમત રૂા. ૩.૫૦.

આંબે આવ્યો મોર: લેખક: શ્રી જયભિખ્ખુ, પ્રકાશક: શ્રી જીવન-મણિ સદ્‌વાંચનમાળા ટ્રસ્ટ, દિલ્હી દરવાજા બહાર, અમદાવાદ, કિંમત રૂા. ૧.૫૦.

સેવામૂર્તિ શ્રી વીરચંદ પાનાચંદ શાહ, સંપાદક: શ્રી જગન્નાથ દેસાઈ; પ્રકાશક: શ્રી વિનોદ વીરચંદ શાહ તથા શ્રી પ્રમોદ વીરચંદ શાહ, ચેતન, શીવ રોડ, મુંબઈ-૨૨.

વા. મો. શાહની તત્ત્વકથાઓ: કિરણ ૧, કિંમત રૂા. ૩.

વા. મો. શાહનો જીવનસંદેશ: કિરણ ૨, કિંમત રૂા. ૩.

વા. મો. શાહનો ધર્મસંદેશ: કિરણ ૩, કિંમત રૂા. ૩.૫૦: સંપાદક: શ્રી ત્રિભુવન વીજીભાઈ હેમાણી: પ્રકાશક: હેમચંદ્રજી પ્રકાશન મંદિર, લીંબડી, સૌરાષ્ટ્ર.

ધૂપપુંગવ: (વાર્તાસંગ્રહ) પ્રકાશક: શ્રી રસિકલાલ ડાહ્યાભાઈ કોરા, ૪૮, ગોવાળિયા ટેક રોડ, મુંબઈ ૨૬, કિંમત રૂા. ૧-૫૦.

ચતુર્વિંશતિ જિન સ્તવન : (શ્રીમદ્ દેવચંદ્રજી કૃત) સંપાદક : શ્રી ઉમેશચંદ્ર જરગડ, પ્રકાશક : શ્રી જિનદત્તસૂરિ સંઘ, મુંબઇ, ૨, કિંમત રૂા. ૨.૦૦

પૂર્વાયન : લેખક : શ્રી નવનીત પરીખ, પ્રકાશક : બાલ-ગોવિંદ કુબેરદાસની કું. ગાંધી માર્ગ, અમદાવાદ, કિંમત રૂા. ૨.૨૫

મહોબ્બત કા પૈગામ : લેખક : શ્રી વિનોબા ભાવે. પ્રકાશક : અખિલ ભારત સર્વ-સેવા-સંઘ પ્રકાશન કાર્યાલય, રાજઘાટ, કાશી. કિંમત : રૂા. ૨.૫૦.

ચંબલ કે બેહડોમેં : લેખક : શ્રી વિનોબા ભાવે. પ્રકાશક : અખિલ ભારત સર્વ-સેવા-સંઘ પ્રકાશન કાર્યાલય, રાજઘાટ કાશી. કિંમત : રૂા. ૩.

માનવતાનું મીઠું જગત : લેખક : મુનિશ્રી નાનચંદ્રજી મહારાજ, પ્રકાશક : દેવચંદ્રજી પ્રકાશન મંદિર, લીંબડી, સૌરાષ્ટ્ર કિંમત : રૂા. ૩.

ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, (ગાંધી રસ્તો, અમદાવાદ)નાં પ્રકાશનો.

નિગ્રંથ ભગવાન મહાવીર : લેખક : શ્રી જયભિખ્ખુ, કિંમત રૂા. ૪.

મત્સ્ય ગલાગલ : લેખક : શ્રી જયભિખ્ખુ, કિંમત રૂા. ૪-૫૦.

લોખંડી ખાખનાં ફૂલ : બે ભાગ, લેખક : શ્રી જય-ભિખ્ખુ. બે ભાગની કિંમત રૂા. ૧૧.

કુલાંગાર અને બીજી કૃતિઓ : લેખક : શ્રી રામનારા-યણ વિશ્વનાથ પાઠક. કિંમત : રૂા. ૩.૨૫.

વિશેષ કાવ્યો : લેખક : શ્રી રામનારાયણ વિશ્વનાથ પાઠક, કિંમત : રૂા. ૨.૭૫.

ચેતન પ્રકાશન ગૃહ (પ્રાઇવેટ) લીમીટેડ, (રામજી મંદિર પોળ, વડોદરા)નાં પ્રકાશનો.

મેકસી ગોર્કીની શ્રેષ્ઠ નવલિકાઓ : અનુવાદક : શ્રી ભાનુભાઇ વ્યાસ, (સ્વપ્નસ્થ) તથા શ્રી સુરેશ જોષી, કિંમત રૂા. ૫-૫૦.

માનવ અને પરમાણું : સંપાદક : ડૉ. મધુકર શાહ અને સુભદ્રા ગાંધી. કિંમત રૂા. ૫-૫૦.

ગુજરાતદર્શન : સંપાદક : શ્રી ભોગીલાલ ગાંધી, કિંમત રૂા. ૯.

નહેરુ : સંપાદક : શ્રી ભોગીલાલ ગાંધી, કિંમત રૂા. ૩.

વંદેમાતરમ્ : (નવાં બાળનાટકો) ભાગ ૧ : લેખક : શ્રી રમણલાલ સોની, કિંમત રૂા. ૧.

બેચરકાકા : (નવાં બાળનાટકો) ભાગ ૨ : લેખક : શ્રી રમણલાલ સોની, કિંમત રૂા. ૧.

વિષયસૂચિ

		પૃષ્ઠ
સમર્થ આચાર્ય હીરવિજયજી ...	દેસાઇ વાલજી ગોવિંદજી	૧૨૫
સાધુસંસ્થા અંગેના શ્રી શંકરરાવ દેવના પ્રવચનની સમાલોચના... ...	પરમાનંદ	૧૨૭
ડૉ. પદ્મનાભ જૈનીનો સંઘે કરેલો સત્કાર		૧૨૯
સંસ્કારમૂર્તિ શ્રી હીરાલાલ અમૃતલાલ શાહ	પરમાનંદ	૧૩૦
'પાગલપ્રેમી'ને મળતી બે સત્ય ઘટનાઓ	જૂન રોબીન્સ	૧૩૨

સંસ્કારમૂર્તિ શ્રી હીરાલાલ અમૃતલાલ શાહ



મુંબઇ શહેરના એક અગ્રગણ્ય નાગરિક, વ્યાપારી, ઉદ્યોગ-પતિ અને વિદ્વાનોમાં બહુમાન્ય એવા શ્રી હીરાલાલ અમૃતલાલ શાહનું તા. ૨૩-૧૦-૬૯ રવિવારના રોજ ૬૬ વર્ષની ઉમ્મરે મુંબઇ ખાતે અવસાન થતાં આપણા વિશાળ સમાજને એક બહુમૂલ્ય વ્યક્તિવિશેષની ખોટ પડી છે.

તેમનો જન્મ ઇ. સ. ૧૮૯૪ માં ભાવનગર પાસે આવેલા વરતેજ મુકામે એક જૈન કુટુંબમાં થયો હતો. તેમના પિતાને મુંબઇમાં વિલાયતી કાપડનો વ્યાપાર હતો. તેમણે પ્રાથમિક કેળવણી ભાવનગરમાં લીધેલી, પણ પછી તો બધો અભ્યાસ તેમણે મુંબઇમાં કરેલો. એલ્ફિન્સ્ટન હાઇસ્કૂલ મારફત મેટ્રિક સુધીનો અને ત્યાર બાદ સેંટ ઝેવિયર્સ કોલેજમાં તેમણે સંસ્કૃત ઓનર્સના વિષયો લઇને બી. એ. ની પરીક્ષા ૧૯૧૫ ની સાલમાં પસાર કરેલી, ત્યારથી તેમના પિતા સાથે તેઓ વ્યાપારમાં જોડાયા. મંગળદાસ માર્કેટમાં તેમની પેઢી હતી. વ્યાપારી કુનેહ, ખંત અને પરિશ્રમ વડે વ્યાપારના ક્ષેત્રમાં તેમણે બહુ જલદીથી નિપુણતા પ્રાપ્ત કરી લીધી.

વ્યાપાર સાથે સંસ્કૃત સાહિત્ય, ઇતિહાસ પુરાણ, ખગોળ શાસ્ત્ર, પુરાતત્ત્વ વગેરે તેમના રસના અનેક વિષયોનું અધ્યયન-સંશોધન તો ચાલુ જ રહેલું. વળી, રાષ્ટ્રમાં ચાલતાં પ્રખર આંદોલનથી પણ તેઓ મુક્ત રહી શકે તેમ હતા જ નહિ. ગાંધીજી અને તેમના સાથીઓ મહાદેવભાઇ, સ્વામી આનંદ, કાકાસાહેબ કાલેલકર વગેરે સાથે તેઓ ૧૯૧૮-૧૯ની સાલથી સમાગમમાં આવેલા અને તે પરિચય વર્ષો સુધી કાયમ રહેલો. ભાવનગરમાં શ્રી નાનાભાઇ ભટ્ટે શરૂ કરેલ શ્રી દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવનની પ્રવૃત્તિ સાથે તેઓ નિકટપણે સંકળાયેલા હતા. શ્રી ગિજુભાઇએ શરૂ કરેલ બાલશિક્ષણને લગતી મોન્ટેસરી પદ્ધતિ તરફ તેઓ પ્રારંભથી જ ખૂબ આકર્ષાયા હતા અને તે પ્રયોગ સારી રીતે ફાલે ફૂલે એ માટે તેમણે દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવનની બાજુએ આવેલી ટેકરી ઉપર પૂરી સગવડવાળું એક મકાન બંધાવી આપેલું.

જેનું ઉદ્ઘાટન સ્વ. કસ્તૂરબાના હાથે થયું હતું. ૧૯૨૩માં ગાંધીજીને મંગળદાસ માર્કેટમાં ખાદી અને સ્વદેશીના પ્રચારાર્થે પોતાની પેઢી ઉપર તેમણે બોલાવેલા અને એ વખતે રૂા. ૨૫,૦૦૦ની રકમ તેમણે ગાંધીજીને અર્પણ કરેલી. તેમના પિતાનું ૧૯૧૪ કે ૧૯૧૫ની સાલમાં અવસાન થયા બાદ મહુવાની ઇચ્છા મુજબ ભાવનગર ખાતે સ્ટેશન પાસે જૈન યાત્રાળુઓ માટે તેમણે એક મોટી ધર્મશાળા બંધાવેલી અને શત્રુંજય ખાતે એક દેરીમાં પ્રતિષ્ઠા-મહોત્સવ કરેલો. મુંબઇની જાણીતી શિક્ષણસંસ્થા શ્રી મહાવીર જૈન વિદ્યાલયની કાર્યવાહી સાથે તેમનો ગાઢ સંબંધ રહેલો અને તે સંસ્થાને રૂા. ૧૦,૦૦૦ની રકમ આપીને તેના પેટ્રન પણ તેઓ બનેલા. તેમણે સિદ્ધક્ષેત્ર જૈન બાળાશ્રમને પણ રૂા. ૧૦,૦૦૦ની રકમ કેટલાક વર્ષો પહેલાં આપેલી. એમણે જ એક મિત્ર કાશી બાજુએ થઇને આવેલા ત્યાં જે સારનાથ બુદ્ધનું એક ભવ્ય મંદિર વીશ-પચ્ચીસ વર્ષ પહેલાં બંધાવવામાં આવેલું છે તે મંદિરના કાળાની યાદીમાં શ્રી હીરાલાલ અમૃતલાલ શાહ તરફથી રૂા. ૫,૦૦૦ની રકમ મળ્યાની નોંધ હોવાનું તેઓ જણાવતા હતા. તેઓ પ્રસિદ્ધિથી હંમેશા દૂર રહેતા હોઇને કેટલીયે સખાવતો અને મદદો તેમના હાથે થતી રહી હતી, જેની બહારની દુનિયાને કોઇ જાણ નથી. આમ તેમની ઉદારતા, સેવા અને સંસ્કારના અનેક ક્ષેત્રોને સારા પ્રમાણમાં સ્પર્શતી રહેલી અને અનેક વિદ્વાનોને તેમ જ સંચાલકોને ટેકારૂપ બનેલી.

ઉપર જણાવ્યું તેમ તેમનો વ્યાપાર-ધંધો સારી રીતે ચાલતો હતો. એમ છતાં ૧૯૩૦માં જ્યારે સવિનય સત્યાગ્રહની લડતનાં મંડાણ મંડાયાં ત્યારે તેમના દિલમાં ઉગ્યું કે જ્યારે પરદેશી હકુમતને આ દેશમાંથી નાબૂદ કરવા માટે આવું પ્રચંડ આંદોલન ઊભું થયું છે અને તે ખાતર આટલાં બધાં બલિદાન અપાઇ રહ્યાં છે ત્યારે પોતાથી હવે પરદેશી કાપડનો વ્યાપાર થઇ શકે જ નહિ અને એ વિચાર આવવા સાથે જ પોતાનો જામેલો વ્યાપાર તેમણે સંકેલી લીધો. ત્યાર બાદ સ્વદેશી કાપડનો વ્યાપાર શરૂ કરવા તેમણે થોડો પ્રયત્ન કરેલો, પણ વર્ષો સુધી વિલાયતી કાપડના એકધારા વ્યાપારથી ટેવાયલ ને આ વ્યાપાર સાથે મનની ઘડ બેસી નહિ અને સાત-આઠ વર્ષ તેમણે કોઇ ખાસ વ્યાપારપ્રવૃત્તિ સિવાય ગાળ્યાં કર્યા. ૧૯૩૮માં તેમના બે દીકરા અમેરિકાથી ટેકસ્ટાઇલ એન્જિનિયરીંગ અને અન્ય વિષયોમાં નિષ્ણાત બનીને પાછા ફર્યા અને ૧૯૩૯ની સાલ દરમિયાન તેમણે વસંત વિજય ટેકસ્ટાઇલ સ્પ્રીનીંગ મિલ્સ અને વસંત ઇન્ડસ્ટ્રીયલ એન્ડ એન્જિનિયરીંગ વર્કસની વલ્લભ વિદ્યા સ્થાપના કરી. તત્કાળ ફાટી નીકળેલા બીજા વિશ્વયુદ્ધે તેમની આ ઔદ્યોગિક પ્રવૃત્તિને ઘણો વેગ આપ્યો. શ્રી હીરાલાલ શાહ વિદ્યાર્થીમાંથી વ્યાપારી બનેલા; હવે અનુકૂળ સંયોગો પ્રાપ્ત થતાં તેઓ વ્યાપારીમાંથી એક કુશળ અને સફળ ઉદ્યોગપતિ બન્યા. સાથે સાથે મુંબઇની ઇન્ડિયન મરચન્ટસ ચેમ્બર અને ઓલ ઇન્ડિયા મેન્યુફેકચરર્સ એસોસીએશનની પ્રવૃત્તિમાં તેઓ સક્રિય રસ લેતા જ હતા અને એ બન્ને સંસ્થાઓની અનેક સમિતિઓમાં જોડાઇને દેશને પોતાની શક્તિ અને અનુભવનો લાભ આપી રહ્યા હતા.

આ સાથે ઓલ ઇન્ડિયા ઓરિયેન્ટલ કોન્ફરન્સની પ્રવૃત્તિ તરફ પણ તેઓ વર્ષોથી આકર્ષાયેલા હતા. તે કોન્ફરન્સનું અધિવેશન ભારતના કોઇ પણ ખૂણે હોય ત્યાં તેઓ અચૂક જવાના જ. દરેક કોન્ફરન્સમાં તેમના બે ત્રણ નિબંધો રજૂ થયા જ હોય. તેઓ વ્યાપારી તથા ઉદ્યોગપતિ હોવા ઉપરાંત એક સંશોધક હતા. પુરાણ કથાઓનો આકાશના ગ્રહનક્ષત્રોના સ્થાન તથા ગતિઓ સાથે મેળ બેસાડતી એક મોટી થિયરી-વિચારસરણી-તેમણે ઉપજાવી કાઢી હતી અને જ્યારે દુનિયાના ગળે પોતાની આ થિયરી ઊતરશે ત્યારે તેને નવો પ્રકાશ મળશે અને આજના ધાર્મિક સાંપ્રદાયિક મતભેદોનો મૂળ પાયો ખસી જતાં એની મેળે અનેક મતભેદોનું નિરાકરણ થઇ જશે એમ તેઓ માનતા હતા.

તેમને પ્રવાસનો ખૂબ શોખ હતો. ભારતમાં તેમણે બે તરફ ખૂબ પ્રવાસ કર્યો હતો તેમજ યૂરોપ અમેરિકાનો પણ તેઓ થોડાં વર્ષ પહેલાં પ્રવાસ કરી આવ્યા હતા.

છેલ્લાં બે વર્ષથી તેઓ ડાયાબીટીસ અને તેમાંથી ફૂટતી અનેક શારીરિક ઉપાધિઓથી પીડિત હતા. માંદગીના બીછાને પણ તેમનો અભ્યાસ અને સંશોધનકાર્ય ચાલુ જ હતાં. માંદગી દરમિયાન તેમની ખગોળ અને પુરાણને લગતી શોધોને એક સાથે રજૂ કરતો એક વિશાળ ચાર્ટ-નકશો તૈયાર કર્યો હતો અને તે વિષયમાં રસ ધરાવતો જે કોઇ સ્નેહી કે મિત્ર આવે તેને આ ચાર્ટની વિગતો સમજાવવામાં તેઓ શ્રમ કે સમયને ભૂલી જતા. સાથે સાથે પોતાનાં માતુશ્રી તથા પિતાશ્રીના સ્મરણને સંકલિત કરતા જૈન સમાજ માટેના જોડાજોડ બે આરોગ્ય નિવાસો ભાવનગર ખાતે તેઓ તૈયાર કરાવી રહ્યાં હતાં. તેનો અંદાજ આશરે સવા લાખ રૂપિયાનો વિચારાયો છે. મૃત્યુ સમીપ જઇ રહેલા હોવા છતાં આ આરોગ્યનિવાસો તૈયાર થયેલાં જોવાની ઝંખના તેઓ સેવી રહ્યા હતા, પણ કાળને એ ઇષ્ટ નહોતું. લાંબી માંદગીના પરિણામે ક્ષીણ થઇ રહેલી કાયાએ એ ૩૦ ડીસેમ્બરની ૨૩ મી તારીખે સવારે સાડાનવ વાગ્યે છેલ્લો શ્વાસ ખેંચ્યો અને એ રીતે અનેક ક્ષેત્રોને સ્પર્શતી અને પોતાની મૌલિક પ્રતિભા વડે ઉજ્જવલ કરતી, સમૃદ્ધ બનાવતી એક તેજસ્વી કારકિર્દીનો અન્ત આવ્યો.

સગપણથી તેઓ મારા બનેવી થાય, પણ એ ઉપરાંત અમે બાળવયથી ગાઢ મૈત્રી વડે સંધાયેલા હતા, અને એ મૈત્રી આજ સુધી અખંડિત અને જીવન્ત રહી હતી. આ રીતે વિચારતાં આજે જ્યારે હું તેમની અવસાનનોંધ લખી રહ્યો છું ત્યારે તેમની સાથેના અનેક પ્રસંગોનાં મીઠાં સ્મરણો ચિત્તમાં ઉભરાય છે, હૃદયને રુંધે છે અને જાણે કે શરીરનું એક ચિરસાથી અંગ ગુમાવ્યું હોય એવી વિકળતા હું અનુભવું છું. તેમનો મારી ઉપર અપાર પ્રેમ હતો અને તેથી તેમની ખોટ મારા માટે કદી પુરાવાની જ નથી.

તેઓ ઉચ્ચ કોટિના સજ્જન હતા. તેમના જીવનમાં સાદાઇ ભરી હતી અને વિદ્યાપ્રેમથી તેમનું આખું જીવન સભર બન્યું હતું. જે કોઇ વિષય હાથમાં લે તેમાં બને તેટલા ઊંડા ઊતરવું એ તેમની ખાસિયત હતી. પુરાતત્ત્વ સંશોધન એ તેમની એક મુખ્ય પ્રવૃત્તિ હતી અને પોતે જે કાંઇ નવું શોધે તે અન્યને કહેવા સમજાવવાનો તેમને ખૂબ શોખ હતો. તેમના જીવનના અનેક પાસાઓનો પરિચય અહીં આપવાનું શક્ય નથી. સૌમ્ય અને વિરલ એવી તેમની અનોખી જીવનપ્રતિભા હતી.

તેઓ તેમની પાછળ સંપૂર્ણ અર્થમાં તેમનાં સહધર્મચારિણી એવાં તેમનાં પત્ની મોંઘીબહેન, ત્રણ પુત્રો તથા બે પુત્રીઓ મૂકી ગયા છે. તેમના પ્રત્યે આપણી સહાનુભૂતિ હો, અને તેમના સુચરિત આત્માને શાશ્વત શાન્તિ પ્રાપ્ત થાય એવી આપણ સર્વની પ્રાર્થના હો!

પરમાનંદ

'પાગલપ્રેમી'ને મળતી બે સત્ય ઘટનાઓ

(૨)

(સપ્ટેમ્બર માસના 'રીડર્સ ડાઇજેસ્ટ' માં 'All that love could do'–સાચો પ્રેમ શું ન કરી શકે? એ મથાળા નીચે રેકસ હેરિસન અને કે કેન્ડાલના પ્રણયજીવનની ચરક કથા સંક્ષિપ્ત આકારમાં પ્રગટ કરવામાં આવી છે, જેનો અનુવાદ નીચે આપવામાં આવે છે. તંત્રી)

સને ૧૯૫૬ના નવેમ્બર માસની એક સવારે ન્યૂયોર્કનો એક ડૉકટર પ્રયોગશાળામાંથી આવતો રોજંદો રિપોર્ટ વાંચવા લાગ્યો. વાંચતાં જણાયું કે એની સારવાર હેઠળની દરદી ઓગણત્રીસ વર્ષની આનંદી અને ખૂબસુરત અભિનેત્રી 'કે કેન્ડાલ' લોહીના કેન્સરના જીવલેણ દર્દની ભોગ બની છે. એ અભિનેત્રીનો મિત્ર રેકસ હેરિસન દાકતરી તપાસ માટે 'કે' પહેલવહેલી આવી ત્યારે એની સાથે હતો. ડૉકટરે રેકસને પોતાને મળી જવા માટે સંદેશો મોકલ્યો.

એ સમયે રેકસ 'My fair lady' નામના નાટકમાં પ્રૉફેસર હેન્રી હિગિન્સનું પાત્ર ભજવતો હતો. સંદેશો મળ્યો ને થોડા જ સમયમાં પ્રૉ. હિગિન્સના ચાલુ લેબાશમાં જ રેકસ ડૉકટર પાસે પહોંચી ગયો. ખુરશી પર બેસી પડીને એણે ડૉકટર સામે પ્રશ્નસૂચક દૃષ્ટિ ફેંકી. ડૉકટરે સમાચાર આપ્યા.

સામાન્ય રીતે બેફિકર રહેતા અભિનેતાને ડૉકટરે આપેલ સમાચારથી જબરો આઘાત લાગ્યો. થોડી વાર હેરિસન પોતાનું નાક પંપાળતો ત્યાં જ બેસી રહ્યો. પછી એણે વધુ વિગતોની માગણી કરી. ડૉકટરે ચોખવટ કરી કે કેન્ડાલની જિંદગી બચાવવા હવે કશું થઇ શકે તેમ નથી. પણ જો કોઇ અત્યંત સહૃદય વ્યક્તિની મદદ આવી મળે તો 'કે'નું મૃત્યુ શાંતિમય અને પ્રમાણમાં કાંઇક રાહતભર્યું નીવડે.

હેરિસન ઊભો થયો ને જાણે માથા પર હથોડાનો ઘા થયો હોય તેમ થોડી વાર જડવત્ ખડો રહ્યો. ડૉ. સાથે હસ્તધૂનન કરી તેની વિદાય લેતાં હેરિસનની આંખમાં આંસુ આવી ગયાં. પાછળથી એણે જણાવ્યું તે પ્રમાણે એણે પોતે 'કે'ને તેની માંદગી અંગે કશું પણ ન કહેવાનું નક્કી કર્યું. "અત્યાર સુધીમાં એ બિચારીએ કેટકેટલી મુશીબત વેઠી છે અને છતાં એ આનંદી જ હતી. હું એના ઉપર એવી નજર રાખીશ અને એવી મૃદુતાથી એની કાળજી કરીશ કે એને બધું જાણવાની જરૂર જ ન રહે."

ડૉકટરના ઘરમાંથી નીકળી રસ્તા પર આવતા હેરિસને હેટને માથાના પાછળના ભાગ તરફ ધકેલી ને હસ્યો. હસવાના ત્રણ ચાર પ્રકાર એણે અજમાવ્યા અને છેવટે પોતાને ગમતો એક પ્રકાર નકકી કર્યો. વાસ્તવ જીવનની રંગભૂમિની કારકીર્દીની કદાચ સૌથી વધારે અઘરી ભૂમિકા માટેનું પહેલું રિહર્સલ જ જાણે એણે કર્યું અને એ ભૂમિકા એણે તે પછીના તેત્રીસ મહિનાઓ સુધી ભજવી.

ભૂતકાળમાં હેરિસને જે ભૂમિકાઓ ભજવી હતી તે આ નવી ભૂમિકા માટે જરાય મદદરૂપ ન હતી. જે પ્રશંસા રંગભૂમિ ઉપર એને પ્રાપ્ત થઇ હતી તે તો ઉદ્ધત ધૃષ્ટ મસ્કરાની તથા સ્પષ્ટપણે વ્યભિચારી દેખાતા બેલાડી ના ભૂમિકા અંગે હતી. વર્તમાનપત્રોમાં પણ કેટલીક વખતે એવી ટીકાઓ થતી કે હેરિસને પોતાનું જીવન પોતે નાટકોમાં ભજવેલ પાત્રોને મળતું આવે એવું જ રાખ્યું છે. એનાં બીજી વારનાં લગ્ન પણ નિષ્ફળ ગયાં હતાં અને થોડા જ સમયમાં લીલી પામર નામની એની બીજી વારની પત્ની સાથે લગ્નવિચ્છેદ થવાની તૈયારી હતી.

આવા માણસ પાસે ન્યૂયોર્ક અને લંડનના કે કેન્ડાલની દવા કરનાર ડૉકટરોએ મદદ મેળવવાની હતી અને છતાં તેમને નિરાશા સાંપડવાનો સંભવ ન હતો.

પોતે ડૉકટરને મળી આવ્યો તેને બીજે દિવસે સાંજે પ્રૉ. હિગિન્સની ભૂમિકા ભજવતાં છેલ્લા અંકમાં હેરિસને 'I've grown accustomed to her face' (એ લલનાના મુખદર્શનથી હું ટેવાયલો છું) એ ભાવવાહી લિરિક ગાયાં. શબ્દોમાં સમાયેલા સૌ ભાવ એણે પોતાના કંઠ દ્વારા વ્યક્ત કરી દીધા, પણ મોડે મોડેથી એણે મિત્રોને કહ્યું હતું કે "બેલ ચાલુ રહેવો જોઇએ અને રહ્યો પણ ખરો, પણ ઇશ્વર જ જાણે છે કે મારી અંતર વેદના કેવી હતી! અને અંક પૂરો થયો ને હું ને પથ્થમાં ગયો તો ત્યાં એ મારી રાહ જોતી બેઠી હતી. એણે નવો જ પોષાક ખરીદ્યો હતો અને મારી સામે કરી એણે ઉત્સુકતાથી મને પૂછ્યું કે "મે આ મોંઘી ખરીદી કરી છે પણ તમને ઠીક લાગે છે?"

ઉલ્લાસથી દૃઢપણે હેરિસને જવાબ આપ્યો, "પ્રિયે, આ પોષાક સરસ છે ને તને ખૂબ દીપે છે. તું હમેશ એ પહેરજે."

'કે' પ્રમાણમાં કાંઇક ઊંચી અને સુકોમળ અંગોવાળી હતી. એની સુકુમારતા કવચ જેવી કહી શકાય, પણ એના ચહેરા પર પ્રગટ થતી ઉદારતા અને એનું ખડખડાટ હાસ્ય એના વ્યક્તિત્વને ઓપ આપતાં. પોતાની એ વિશિષ્ટ સંપત્તિનો ખ્યાલ ન હોવાને કારણે જ્યારે વર્તમાનપત્રોમાં અભિનેતાઓ અંગે લખાણો લખનારાઓ એને 'Exquite bean pole' (કોળાના છોડનો ઉત્તમ સોટો) કહેતા ત્યારે 'કે' રડી અથવા ધમાલ મચાવતી.

પોતાના નાકનો ઘાટ બરાબર નથી એમ માની તે શોક કરતી; ભરાવ છાતીનો અભાવ એને સાલતો. એને થતું કે ધંધાદારી નટીને માટે જરૂરી એવા આકર્ષક વ્યકિતત્વનો પોતાનામાં અભાવ જ છે.

વાદકારોના કુટુંબમાં જન્મેલી 'કે'નું બાલ્યજીવન લેશમાત્ર નોંધપાત્ર ન હતું. લડાઇને સમયે થતા બોંબમારાથી બચવા એના કુટુંબને લંડન છોડવું પડયું હતું. ચૌદમે વર્ષે નોકરીની તલાશમાં એ પાછી લંડન ચાલી આવી અને એક ફરતી સંગીતમંડળીમાં નાનકડી ગાયિકાઓમાંની એક બની, પાછળથી એણે સાવ નિર્માલ્ય ખેલોમાં નાની નાની ભૂમિકાઓ ભજવવા માંડી. 'કે' કહેતી કે "અમારે તો રોજ નવે નવે સ્થળે ઘૂમતા રહેવાનું. આજે આ શહેરની હોટેલમાં તો કાલે બીજાની. આવી દોડાદોડ જેને હોય તે જ એકાંકી જીવન તે શું તેનો ખ્યાલ કરી શકે." અઢારમે વર્ષે એ એક ફિલ્મમાં મુખ્ય અભિનેત્રી બની, પણ તે ફિલ્મ સાવ નિષ્ફળ નીવડી. એ પછી 'કે'ની તબિયત બગડતી ચાલી. એને થાક પુષ્કળ લાગતો. ડૉકટરના જણાવ્યા પ્રમાણે એના શરીરમાં લોહી ઓછું હતું અને પાંડુરોગથી એ પીડાતી હતી. છતાં એનું હાસ્ય એવું ને એવું રહ્યું, લડાઇ પછીના લંડનની કેટલીક હોટેલોમાં થતા ખેલોમાં એ ભાગ લેતી અને ત્યાં એની ઠઠ્ઠાખોરીએ ફિલ્મ નિર્માતાઓનું ધ્યાન ખેચ્યું. એક પછી એક ચાર ફિલ્મોમાં

'ક્રે'એ ભાગ ભજવ્યો અને તેમાંની એકમાં એણે 'ચિત્તાકર્ષક અભિરામ વિદ્રૂષક'ની વિરલ ભૂમિકા માટે પ્રસંસા મેળવી.

પણ ફરી એકવાર ગજબનો થાક અનુભવતી તે ખાટલે પડી અને ડૉકટરો પાંડુરોગ સિવાય બીજું કોઇ કારણ આપી ન શકયા. ડૉકટરોએ તો 'ક્રે' ને લાંબા સમય સુધી આરામ લેવાની સલાહ આપી.

પણ જ્યારે 'The constant husband' નામના ખેલમાં વિખ્યાત નટ રેકસ હેરિસન સાથે એને ભૂમિકા ભજવવાની વાત આવી ત્યારે એણે આરામનો વિચાર છોડી દીધો. એને લાગ્યું કે એક ઉત્તમ તક એને સાંપડી છે અને રેકસ પાસેથી એ ઘણું ઘણું શીખી શકશે.

જ્યારે તખ્તા ઉપર 'ક્રે' અને હેરિસન મળ્યાં ત્યારે 'ક્રે'એ પોતાના બને હાથો લંબાવી મૈત્રીની ઇચ્છા દેખાડી, કહ્યું પણ ખરું કે "તમારી સાથે કામ કરવું એ એક લહાવો છે." પણ હેરિસન તો અક્કડ જ રહ્યો ને માત્ર ઔપચારિક શબ્દ "આભાર" કહીને અટકી ગયો.

પહેલા દિવસનું શૂટિંગ પૂરું થયું ત્યારે પોતાના એક મિત્રને 'ક્રે'એ જણાવ્યું: "આ તો સાવ નિષ્ઠુર ને મોટાઇનો ઢોંગ કરનાર માણસ લાગે છે." અને એ રડી પડી.

પણ તે બાદ હેરિસન ને 'ક્રે' બંને થોડા જ સમયમાં ગાઢ પ્રેમમાં પડી ગયાં. જ્યારે My fair ladyમાં પ્રો. હિગિન્સની ભૂમિકા હેરિસને માથે લીધી ત્યારે 'ક્રે' પણ એની પાછળ ગઇ. એણે પણ Les Girls નામક ચિત્રમાં કામ કરવા અંગેનો કરાર કર્યો અને ન્યૂયોર્ક અને હોલિવૂડ વચ્ચે વારંવાર મુસાફરી કરવા માંડી.

એક રવિવારે 'ક્રે' વિમાન દ્વારા ન્યૂયોર્ક આવી અને એણે ખબર આપી કે એનું પોતાનું વજન સાત રતલ જેટલું ઘટી ગયું છે. પોતાને ખૂબ જ થાક લાગ્યો છે એ વાત પણ એણે જણાવી. હેરિસન એને તરત જ ડૉકટરી તપાસ માટે લઇ ગયો. સામાન્ય અશકિતની જ આવે પ્રસંગે શંકા હોય, પણ ડૉકટરી તપાસમાં તો રોગ અસામાન્ય નીકળી પડયો. 'ક્રે'ને લોહીના કેન્સરનું જીવલેણ દર્દ લાગુ પડયું હતું.

પહેલામાં પહેલી તકે 'ક્રે'ને પરણી જવાનો હેરિસને નિર્ણય કર્યો. 'ક્રે'એ ૧૯૫૭ નો જૂન મહિનો નક્કી કર્યો ને બન્ને પરણ્યાં. લગ્નવિધિ પત્યા બાદ 'ક્રે'એ ખબરપત્રીઓને ઉલ્લાસથી જણાવ્યું, "મને જેની હંમેશ ઇચ્છા રહેતી તે બધું જ હવે મને મળી ગયું છે."

રેકસ હેરિસન જોડે રહેવું સહેલું ન હતું. એનું ઘેર આવવા જવાનું સાવ અનિયમિત, એનો મિજાજ ભારે ગરમ અને પ્રકૃતિ ભારે ઉદ્વિગ્ન. પણ પોતાના દોષો હેરિસન હંમેશ સરળ ભાવે કબૂલ કરતો, પણ તે દોષો દૂર કરવાનો તે પ્રયત્ન જ ન કરતો. પણ હવે, જીવનમાં પહેલી જ વાર એણે પોતાની જાતને સુધારવાની ઇચ્છા કરી, પણ 'ક્રે' ને કશોક વહેમ આવે એમ માની એણે કશું સ્પષ્ટ કર્યું નહિ. પાછળથી એણે જણાવ્યું હતું કે "હું જે કાંઇ પણ બોલતો, જે કાંઇ આચરતો એ બધામાં રહસ્ય છુપાવી રાખવાની એક માત્ર ઇચ્છા હતી." 'ક્રે' પોતાની આતુરતાપૂર્વક કાળજી રાખે તો વાંધો લેતો નહિ. મિત્રો મળવા આવ્યા હોય ને લાંબો વખત બેસે તો તેમને 'ક્રે' કહેતી: "રેકસને કાલે સવારના પહોરમાં જ કામે જવાનું હોઇ એને આરામની જરૂર છે" અને મિત્રોને વહેલા ઘરભેગા થવું પડતું. હેરિસનને ત્યાં કામ કરતા એક ચાકરના કહેવા મુજબ "આ બંને એકબીજાને કોઇ વિશિષ્ટ અદ્‌ભૂત રીતે ચાહતાં હતાં. એકબીજાની સામે કયારેક ટીકીને જોઇ રહે, અને પછી એકાએક બંને બડબડાટ હસી પડે."

ડિસેમ્બરમાં ન્યૂયોર્ક છોડી બન્ને ઇંગ્લાંડ પાછાં ફર્યાં. પણ હેરિસન ભાગ્યે જ એના જૂના મિત્રોને મળતો. એક મિત્રે તો કહ્યું પણ ખરું કે "હું જાણું છું કે એને એની પત્ની માટે અત્યંત પ્રેમ છે, પણ બધો જ વખત એ પત્ની સાથે જ કેમ ગાળે છે તે સમજાતું નથી."

હેરિસન પોતાની પત્નીને વારંવાર ભેટ આપતો. એક વાર એક પછી એક એમ ચારેક જાતના સુંદર ગરમ પોષાક હેરિસન 'ક્રે'ને માટે ખરીદી લાવ્યો. 'ક્રે'એ તે ચારે અવારનવાર પહેરી પોતાના ફોટા પડાવ્યા. એણે જાહેર કર્યું. "આ ગરમ કપડાં પહેરી હું આનંદપૂર્વક ફરીહરી શકું એટલા માટે અમે સ્વીટ્ઝરલેન્ડ જઇશું. અહીંની ગરમીને લીધે એ કપડાં પહેરાતાં નથી."

ડિસેમ્બરની અઠ્ઠાવીસમી તારીખે સેઇન્ટ મોરિત્સ શહેરમાં ક્રે'ને ગંભીર માંદગી આવી. ઝપાટાબંધ એને હૉસ્પિટલમાં ખસેડી, ઑકિસજન પર રાખી અને બહારનું લોહી પણ આપ્યું.

વર્તમાનપત્રો ને જાહેર પ્રજા સમક્ષ વીસ મહિના સુધી એક પછી એક ખોટી માહિતી 'ક્રે'ની માંદગીના સંબંધમાં હેરિસન જાણીબુજીને આપતો ગયો. આરંભમાં માંદગીના સમાચાર અંગે ખબરપત્રોઓને એણે માત્ર એટલું જ કહ્યું કે "'ક્રે' ના બાધપદાર્થોમાં કોક ઝેરી પદાર્થ આવી ગયો હોય એમ લાગે છે."

અઠવાડિયામાં તો 'ક્રે' હૉસ્પિટલથી ઘેર પાછી આવી. લંડનના 'ક્રે'ના ડૉકટરે હેરિસનને કહ્યું કે "આ રોગ જ એવો છે. શરૂઆતમાં ધીમો હોય અને એકાએક સ્થિતિ ગંભીર બની જાય. હવે 'ક્રે'ને ઠીક છે એટલે એકાદ વર્ષ સુધી એની ચિંતા કરવાની નથી."

લંડનમાં પાછી ફર્યા બાદ 'ક્રે' એ પોતાની તબિયત સુધરી તે અંગે ખુશાલી વ્યકત કરી, પોતે હેરિસનની પત્ની છે એ અંગે અભિમાન લેતી. એણે કહ્યું, "સ્વીટ્ઝરલેન્ડમાં તો મને એમ જ લાગેલું કે હવે જીવનનો અંત જ આવી લાગ્યો છે. બે રાત સુધી રેકસ જાગતો ને જાગતો મારા ખાટલા પાસે બેસી રહેલો. હું જ્યારે આંખ ઉઘાડું ત્યારે એ હાજર જ હોય. એને તો લેશ માત્ર આરામ નથી મળ્યો."

એપ્રિલ મહિનામાં 'My fair lady' નો ખેલ લંડનમાં શરૂ થયો. 'ક્રે' એ જાહેરાતો વાંચીને હેરિસનને કહ્યું, "હવે તમને આટલી ખ્યાતિ મળી છે ને આટલા લોકપ્રિય થયા છો તો આપણા ઘરમાં આપણને એક બાળક તો જોઇએ જ."

હેરિસને પોતાની કૃશ ને ફીકી પડી ગયેલી પત્ની તરફ જોયું, ને પછી મશ્કરી માંડી. "હજી માનો મોભો મળી શકે એવો તારો દેખાવ જ કયાં છે? તું નિશાળના છઠ્ઠા ધોરણમાં ભણતી છોકરી જેવી તો લાગે છે." 'ક્રે' એ આ કથનનો મીઠો વિરોધ પણ કર્યો.

તરત જ હેરિસને એક નવું સૂચન કર્યું કે એમણે બન્નેએ સાથે એક નવી ફિલ્મમાં કામ કરવું. પોતે My fair lady ભજવનાર કંપનીમાંથી છૂટો થઇ ગયો. એણે ભારપૂર્વક કહ્યું કે "મને હિગિન્સની ભૂમિકા ભજવવાનો કંટાળો આવે છે અને મને લાગે છે કે હિગિન્સ પણ મારાથી કંટાળી ગયો છે. કોઇ બીજી વ્યકિતએ હવે એ પાત્ર ભજવવું ઉચિત છે.

The Reluctant Debutante નામના એમના ચિત્રમાંથી જે આવક થઇ તેને પરિણામે એ લોકો મકાન બદલી

(૪૦)

મોટી હવેલીમાં રહેવા ગયા. ઘરમાં બે નોકરો રાખ્યા. એક રોલ્સ રોયસ ખરીદી લીધી. 'કે'ની ગણતરી મુજબ તો એ મોટર રેકસ માટેની જ ભેટ હતી. હાસ્ય સાથે એણે કહ્યું, "મારા માટે તો એક ઘરડો ઘોડો જોડેલ લાકડાનો ખટારો બસ છે."

શરીરમાં અશક્તિ દિનપ્રતિદિન વધતી જતી હોઈ 'કે' ઓછું ને ધીમું ધીમું કામ કરી શકતી, પણ એનું મનોબળ એને આગળ ધકેલતું. આવતી વસંત ઋતુમાં પોતાની છેલ્લી ફિલ્મ One more with feelingમાં ભાગ લેવા અંગેના કરાર પર એણે સહી કરી.

મે મહિનામાં 'કે' તખ્તા ઉપર જ ઢળી પડી. તરત જ એને, લંડનની એક હૉસ્પિટલમાં ખસેડી. ડૉકટરનો સૂચન મુજબ હેરિસને તો એટલું જ જાહેર કર્યું કે ફેફસાંની સાધારણ બિમારી છે. લોહી વારંવાર આપ્યા બાદ નવ દિવસ પછી 'કે'ની તબિયત સુધરી અને એણે 'યુલ બ્રાઇનર' નામના નટ સાથે ફારસમાં ભાગ ભજવ્યો.

'કે' પોતાનો પાઠ કરતી હતી ત્યારે હેરિસન શાંતિથી બાજુ ઉપર ઊભો હતો. જ્યારે દિવસને અંતે શૂટીંગ પૂરું થયું ત્યારે પોતાના પતિ સાથે તેના હાથમાં હાથ નાખી 'કે' ઘેર ગઇ.

પાછળથી હેરિસને કહ્યું, "ચિત્ર પૂરું કરતાં 'કે'ને થાક તો પુષ્કળ જ લાગતો હતો. પણ મારે એને એનું કામ પૂરું કરવા દેવાની જ જરૂર હતી. પછી ભલે એના પરિણામે એનું મોત આવે. મને લાગે છે કે આ ભૂમિકા ભજવ્યા પછીના થાકને કારણે જ એના જીવનનો અંત આવ્યો."

હેરિસનને ખબર હતી કે હવે એની પત્ની થોડા સમયની મહેમાન છે. ઑગસ્ટમાં ફિલ્મ પૂરી થતાં બંને જણાં ઇટાલી ગયાં. પોટોફિનોમાં, ખડકો ઉપર 'કે' અને હેરિસન બન્ને તડકો ખાવા બેસતાં, ઠંડાળા સમુદ્ર જળમાં સ્નાન કરતાં બંને ટેકરીઓમાં પિકનિક માટે જતાં. 'કે' વધુ ને વધુ નબળી પડતી ગઇ.

પછી એક રાત્રે 'કે'ની તબિયત લથડી જતાં તેને ઊંચકી હેરિસન પાસેની હૉસ્પિટલમાં લઇ ગયો. પોતાની દરદીની સંભાળ માટે ડૉકટર લંડનથી આવી પહોંચ્યો. પાછળથી ડૉકટરે કહ્યું હતું : "મેં એને તપાસી ત્યારે એના શરીરમાં ૧૦૪ ડીગ્રી જેટલો તાવ હતો. એનો ચહેરો ઝાંખો પડી ગયો હતો અને તેના પર પરસેવાનાં ટીપાં જામ્યાં હતાં. 'કે'એ ધીમેથી કહ્યું કે "મહેબાની કરી મને લંડન લઇ જાઓ."

ઓરોપ્લેનમાં 'કે'ને લઇ જવાય એમ હતું નહિ. પાસેના શહેરમાંથી રોમ-પેરીસ એકસપ્રેસમાં એને લઇ જવી એમ નક્કી થયું. ચીકાર ગીરદીવાળી ગાડીમાં એક ભલા મુસાફરે પોતાનો કંપાર્ટમેન્ટ 'કે'ને માટે ખાલી કરી આપ્યો.

'કે'ના ડૉકટર કહે છે કે "એ મુસાફરી મહા કપરી હતી, 'કે'ના કહેવા પ્રમાણે તો એનાથી શ્વાસ પણ લેવાતો ન હતો. એનાં ફેફસાં કામ કરતાં હતાં પણ એની નાડી ઘણી ધીમી હતી. અમારે પેરિસ પર ગાડી બદલવી પડી. રેકસ હેરિસન સ્ટ્રેચરની તપાસમાં ઝડપથી બહાર ગયો. મેં પાછા ફરીને જોયું તો 'કે' આનંદથી હસતી ઊભી હતી. કેલેમાં અંગ્રેજી ખાડી ઓળંગવા માટે જે સ્ટીમર તૈયાર હતી ત્યાં ચાલીને જવાની ઇચ્છા 'કે'એ કરી. છેલ્લું છેલ્લું એણે એટલું પોતાની મેળે ચાલી લીધું. ડોવર ઉપર સ્ટીમરમાંથી એને કેનવાસની આરામ ખુરશીમાં બેસાડી ઊંચકી લઇ જવી પડી. લોકોએ હેરિસનને ઓળખી કાઢયો હતો અને ઝનૂનબંધ ખબરપત્રીઓ અને ફોટોગ્રાફરો એની મોટરનો માર્ગ રોકી ખડા હતા. હેરિસન તેમની વચ્ચેથી શાંતિથી પસાર થયો. એણે શાંતિથી કહ્યું: "'કે'ની માંદગી ગંભીર નથી. કદાચ એને ફ્લુની અસર હોય."

પછી તો લોહીનો નિષ્ણાત ડૉકટરને બોલાવ્યા. થોડા મહિના દરદી વધારે જીવી શકે એ પ્રમાણે રોગને કાબૂમાં લે એવી કોઇ દવા હતી? ના. હેરિસન પણ હોસ્પિટલમાં રહ્યો. એનો ઓરડો 'કે'ના ઓરડાની જોડે જ હતો. જ્યારે માનસિક સ્વસ્થતા મેળવવા હેરિસન આંટા મારતો હતો ત્યારે ખબરપત્રીઓ એને ઘેરી વળ્યા. હવે વધુ વખત નાટકી બનવાની હેરિસનને જરૂર રહી ન હતી. ગદ્‌ગદ કંઠે એણે કહ્યું: "એને ઘણું દુઃખ થાય છે, પણ જ્યારે હું એની પાસે હોઉં છું ત્યારે એ પોતાનું દુઃખ છુપાવવા પ્રયત્ન કરે છે, એ કારણે જો હું એકાદ કલાક બહાર જઇ આવું તો તે 'કે' ને મદદરૂપ થાય એમ ડૉકટરે કહ્યું છે."

છઠ્ઠે દિવસે સાંજે, 'કે'એ ભાન ગુમાવી દીધું. ને મૃતઃપ્રાય પડી રહી. વળતે દિવસે બપોરે તેણે આંખો ખોલી. હેરિસનનો હાથ પકડવા એણે પોતાનો હાથ ચાદર ઉપર લંબાવ્યો. સ્પષ્ટ શબ્દોમાં એણે કહ્યું, "રેકસ, હું તને ચાહું છું." અને એટલું બોલતામાં તો તેનો પ્રાણ ઊડી ગયો.

કયાંક ખોટી અસર થઇ હોય કે ખોટા ખ્યાલ બંધાયા હોય તો તે દૂર કરવા માટે રેક્સ હેરિસને 'કે' સાથેના પોતાના સહજીવનનાં છેવટના વર્ષનો સંક્ષેપમાં ખ્યાલ આપ્યો છે. પોતાને માટે એ સમય ભારરૂપ ન હોતાં જીવનનો એક લહાવો હતો એમ એ કહે છે. એના જણાવ્યા મુજબ તો "મેં જે કાંઇ 'કે'ને આપ્યું તેના કરતાં અનેકગણું વધારે 'કે'એ મને આપ્યું હતું. 'કે'ની ઢાલ જેવો બની ગયો એ ખરું, પણ 'કે' કેન્ડાલને કોઇની મહેરબાનીની જરૂર જ ન હતી. અતુગ્રહ કરવામાં એ જ હંમેશાં પહેલી રહેતી. વર્ષોથી લોકો મને કહેતા આવ્યા છે કે 'હેરિસન! તું મોટો કયારે થઇશ?' આજે એ લોકોના કહેવાનો મુદ્દો સમજ્યો છે. કોઇને માટે કાંઇ પણ કરી છૂટવાથી કે તેના પ્રયત્ન માત્રથી પણ કેવી લાગણી થાય છે તે મને હવે માલૂમ પડી ગયું છે. દાન કરવાની બાબતમાં સ્વીકાર એ સૌથી અઘરી વસ્તુ છે એ હું સમજી ચૂકયો છું."

મુશ્કેલીનો સામનો કરવામાં પ્રિય પાત્રને મદદ કરી છૂટવાની ઉત્કટ ઇચ્છા માત્રથી જ તેમ કરવાનું બળ કે શક્તિ પેદા થઇ જતાં નથી. હેરિસનના 'કે' સાથેના સહજીવનમાં તો જે વાત એ ખૂબ જ સારી રીતે કરી શકતો હતો તે અભિનય કરવાની જ આવશ્યકતા હતી અને એ અભિનયનું-વાસ્તવિક જીવનના તખ્તા ઉપરના અઘરા અભિનયનું-કાર્ય એણે ઉમદા ને પ્રશસ્ય રીતે પાર પાડયું હતું.

આમ છતાં છેવટનો પડદો પડે તે ક્ષણે પણ એક અગત્યનો પ્રશ્ન અણઉકેલ્યો રહી જાય છે. માંદગીની હકીકતોને છાવરવાનો આ સઘળો પ્રયત્ન છતાં એ વાત ભાગ્યે જ માની શકાય એવી છે કે સંવેદનશીલ બુદ્ધિશાળી વ્યક્તિને જીવલેણ માંદગી આવ્યા છતાં તેનો લેશમાત્ર ખ્યાલ જ આવે. તો શું કે કેન્ડાલ પણ આ બધો સમય અભિનય જ કરતી હતી? તો પછી આ બન્નેના લગ્નજીવનના નાટકમાં પ્રધાનપાત્ર કોણ ને ગૌણપાત્ર કોણ?

મૂળ લેખકો: **જોન અને જૂન રોબીન્સ**
મુક્ત અનુવાદ: **ભૂપેન્દ્ર ત્રિવેદી**

મુંબઇ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, ફોર્ટ, મુંબઇ.

રજીસ્ટર નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૨ : અંક ૧૪

પ્રબુદ્ધ જીવન

મુંબઇ, નવેમ્બર ૧૬, ૧૯૬૦, બુધવાર
આફ્રિકા માટે શિલિંગ ૮

શ્રી મુંબઈ, જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ: ૨૦ નયા પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

* થોડાંક સ્ફુરણો *

[અમદાવાદની સુપ્રસિદ્ધ શિક્ષણસંસ્થા 'શ્રેયસ'ના સંચાલક શ્રી લીનાબહેન મંગળદાસ ગયા મે માસમાં 'ગંગોતરી' તીર્થની યાત્રાએ ગયેલાં, તે યાત્રા દરમિયાન તેમને કેટલાંક કાવ્યસ્ફુરણો થયેલાં. તેમાંનાં થોડાંક તેમના તરફથી પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ કરવા માટે મળ્યા છે, જે નીચે આપવામાં આવે છે.—તંત્રી]

લાલચુ

કાંઇ કાંઇના સંગ્રહ
પદાર્થ કે ધનના નહીં
પણ વિચાર અને ભાવનાના ય તે.
સંગ્રહનો લાલચુ
સદા દરિદ્ર
સંગ્રહથી ન કાંઇ પમરે
ન ફળે.

ગંગોતરી (તા. ૧૪-૫-'૬૦)

× × ×

પ્રવાહ

વહેતો પ્રવાહ હોય તો
ગન્દકીએ કેમ ન પડે
પણ જલ તો વિમલ ને વિમલ!

ગંગોતરી (તા. ૧૮-૫-'૬૦)

× × ×

કેમ નહીં?

ગંગાધોધે
પથ્થર પથ્થરે
ખૂંદતાં ખંજનપંખી
ફેરાં ચુનતાં
ભીંજતાં
ગાતાં, ઊડતાં.
અને હું ય કેમ નહીં
મા ગંગા
તારા પથ્થર પથ્થરે
ખુંદું ન?
કે તારા ફેરાં
પીતાં 'ને તેમાં નહાતાં
એ ખંજન જેવું
ન કેમ ગાન હોય,
કેમ ન ઉડ્ડયન?

ગંગોતરી (તા. ૧૮-૫-'૬૦)

× × ×

પાવની!

આ ભાગીરથીને ગમ્યું હશે,
એ ગંગાના સ્રોતને ગમ્યું હશે
વળવું નીચાં મેદાનો તરફ
હિમાળી ગોદને છોડી
ચીલ, દેવદારુ, ભોજવૃક્ષની વનરાજી
છોડી વહેવું
કાંઇ કાંઇ યોજન યોજનાન્તર
પાષાણમાં કેડી કાપતાં
ગુંજતા આક્રોશ સાથે
તપ્ત મરુભૂમિમાં
માનવોની કરુણતામાં
પૂરીશ*થી લેપાવા
અને એ ગંગા ઊતરી
ગંગોતરીથી
એ નરી આંખે તો દેખાય છે ઊતરતી
પણ તેથી જ તે પાવનીને!

ગંગોતરી (તા. ૧૩-૫-'૬૦)

× × ×

શહેરની બત્તીઓ

આંખ મીંચાઇ ગઇ હતી.
'મુંબઇ આવ્યું'
હવાઇ જહાજની બારીએથી જોયું
આકાશમાં હતા છૂટાવિખૂટા તારા
'ને એજ વિસ્તરી પથરાયા હતા
પણે જમીન પર જાણે
કોઇએ ઢોળી દીધા'તા
આંગેઠી†ના અંગારા:
લાલ, નીલા, પીળા, ધોળા.
શહેરની બત્તીઓ હતી
ઘરઘર જલતી.
અંગારા જેવી ઝબુકતી હો
કો હુંફાળી, કો દઝાડતી પણ,
ને કોઇ ચમકીલી ય હતી.
બત્તીઓ
આંગળીથી ચેતાવેલી!
હું હતી આકાશસ્થ-
ઊપરથી જોતી
પણ હવે
ઉતરતું હતું મારું જહાજ
ભોમ તળે.
ભોમે શહેરમાં પ્રવેશી
મારે ય રાત્રિ-અન્ધકારે
ચેતાવવી એક બત્તી.
અને તે કેવી?
ઝબુકતી, હુંફાળી, દઝાડતી
કે ચમકીલી?
એ તું જાણે વિધાતા!

મુંબઇ, ગંગોતરીથી પાછાં વળીને
(તા. ૨૪-૫-'૬૦)

—લીના મંગળદાસ

*

નવા વર્ષે

નવા વર્ષે
હું યે હર્ષે
નમાવી શીશ
યાચું એટલી આશિષ-
કસોટી કારમીમાં ધૈર્ય ધારી
જાળવી મારી ખુમારી
ને નિજાનન્દે રહું મશગૂલ
જેવું મસ્ત મ્હેકે ગુલ કંટકકૂલ

—બહેન ભાનુ ઝવેરી

*

॥ તમસો મા જ્યોતિર્ગમય ॥

સૂર્ય ચન્દ્ર ભરે તેજ,
પૃથ્વી સૌન્દર્યથી ભરે;
માનવીને ભરે પ્રેમે
પ્રાર્થું એ પરમાત્મને.
અનિષ્ટો જગનાં વામો,
પામો ઉત્કર્ષ ઇષ્ટનો;
ઉલેચવાં આ અંધારાં,
આપણો પુરુષાર્થ હો!

—નટવર મ. દવે

* પૂરીશ-વિષ્ટા † આંગેઠી=સગડી.

ખ્રિસ્તી ધર્મગુરુ નિર્માણ કરવા માટેની કૉલેજ

રોમન કૅથૉલિક સંપ્રદાયના વડા ધર્મગુરુ નામદાર પોપ તરફથી મળેલી આર્થિક સહાય વડે ગોરેગાંવ ખાતે ૪૫ લાખ રૂપિયા ખર્ચીને 'સેમીનરી ઑફ ધી આર્ચડાયોસીસ' એટલે કે ધર્મગુરુ તરીકેનો આજીવન વ્યવસાય સ્વીકારવાની ઇચ્છાવાળા ઉમેદવાર વિદ્યાર્થીઓને તાલીમ અને શિક્ષણ આપવાની કૉલેજ–મહા પાઠશાળા–માટે તાજેતરમાં એક આલીશાન મકાન નિર્માણ કરવામાં આવ્યું છે. આ મકાનનું ગયા ઑક્ટોબર માસની પાંચમી તારીખે ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું અને તે માટે એ સ્થળ ઉપર એક ભવ્ય સમારંભ યોજવામાં આવ્યો હતો. આ સેમીનરીનો–કૉલેજનો–શી રીતે ઉદ્‌ભવ થયો અને તેમાં દાખલ થતા વિદ્યાર્થીઓને શું શું શીખવવામાં આવે છે અને કયા પ્રકારની તાલીમ આપીને એક ખ્રિસ્તી સાધુ–ધર્મગુરુ તરીકે તૈયાર કરવામાં આવે છે તેની રૂપરેખા રજુ કરતો એક લેખ રેવરન્ડ ફાધર ડી. ફેરાન્ડોનો લખેલો એ દિવસના ટાઇમ્સ ઑફ ઇન્ડિયાની પરિપૂર્તિમાં પ્રગટ થયો હતો. તેને જરા સંક્ષિપ્ત કરીને તેનો ભાવાનુવાદ તંત્રીનોંધપૂર્વક નીચે આપવામાં આવે છે.

દુનિયાના દરેક ધર્મ સાથે તે તે ધર્મની સાધુસંસ્થા જોડાયેલી હોય છે. એમ છતાં આ સાધુસંસ્થાનું જે વ્યવસ્થિત અને અમલી બંધારણ રોમન કૅથૉલિક સંપ્રદાયમાં જોવામાં આવે છે અને ધર્મગુરુ બનવાના ઉમેદવાર માટે પૂર્વતાલીમની જે વિગતવાર વિચારણા અને પ્રબંધ હોવાનું માલુમ પડે છે તેવી રચના ભાગ્યે જ અન્યત્ર નજરે પડે છે. જૈન સંપ્રદાયમાં સાધુસંસ્થા બહુ જ મહત્વનું સ્થાન ધરાવે છે. દીક્ષિત સાધુ થયા બાદ તેને અતિ કઠણ એવો આચાર પાળવો પડે છે, પણ સમગ્ર સાધુસમાજનું નિયમન કરતી કોઇ વ્યવસ્થા નથી અને દીક્ષિત થવાની યોગ્યતા પ્રાપ્ત કરવા માટે તે સંપ્રદાયમાં કશો જ પ્રબંધ જોવામાં આવતો નથી. જે કોઇ દીક્ષા લેવાની ભાવનાથી આવ્યો–તે નાનો હોય કે મોટો–તેને થોડા દિવસ આમ તેમ ફેરવીને–જવાબદાર માણસોની સંમતિ લીધી, ન લીધી, અને દીક્ષા આપી દેવામાં આવે છે. પરિણામે આ સાધુઓ મોટા ભાગે જડ, તેજ વિનાના, ભૂતકાળમાં ડુબેલા, નિષ્પ્રાણ, ક્રિયાકાંડી, અજ્ઞાનબધિર અને ધર્મશાસ્ત્રોનું પોપટિયું જ્ઞાન ધરાવતા માલુમ પડે છે. આજની દુનિયા સાથે અને આજે ચાલી રહેલા વિચારપ્રવાહો સાથે તેમનો કોઇ મેળ હોતો નથી. જૈન સમાજને પ્રાણવાન સાધુસંસ્થા જોઇતી હોય તો તેણે આખી સંસ્થાનું—ચાલુ પરંપરાનું—નવસંસ્કરણ કરવું જોઇએ અને પૂર્વતાલીમ મેળવીને પાત્રતા સિદ્ધ કર્યા સિવાય કોઇ પણ વ્યક્તિ દીક્ષિત બની ન શકે એવો કડક પ્રબંધ તેણે વિચારવો જોઇએ.

અહીં એ જણાવવું અસ્થાને નહિ ગણાય કે ખ્રિસ્તી સમાજમાં એવી એક પરંપરા પ્રવર્તે છે કે કોઇ પણ ખ્રિસ્તી કુટુંબમાં ત્રણ ચાર છોકરા હોય તો એક છોકરો ડાકટર થાય તો બીજો વકીલ થાય. ત્રીજો એન્જિનિયર થાય તો કદાચ પૂર્વ–સંસ્કારના પરિણામે એકાદ છોકરાના દિલમાં ધર્મગુરુનો આજીવન વ્યવસાય સ્વીકારવાની ઇચ્છા જાગે. આવા છોકરાને યોગ્ય ઉમ્મરે ઉપર જણાવી તેવી સેમીનરીમાં દાખલ કરવામાં આવે છે, દશ વર્ષ સુધી તેને અનેક પ્રકારની તાલીમ અને શિક્ષણ આપવામાં આવે છે અને છેવટની પરીક્ષાઓ અને કસોટીઓમાંથી પસાર થાય ત્યાર પછી જ તેને ખ્રિસ્તી સાધુ તરીકેની દીક્ષા આપવામાં આવે છે. એ છેવટની દીક્ષા મળી એટલે તે આજીવન સાધુ થયો, પણ તેવી દીક્ષા મળ્યા પહેલાં કોઇ પણ સમયે ઉમેદવાર વિદ્યાર્થી પોતાને ઘેર પાછો જઇ શકે છે અને ગૃહસ્થાશ્રમી બની શકે છે. વળી દશ વર્ષના ગાળામાં પણ વેકેશન દરમિયાન તે વિદ્યાર્થી અવારનવાર પોતાને ઘેર જઇ શકે છે અને મા–બાપ ભાઇ–ભાંડુ સાથે રહી શકે છે. આવી વ્યવસ્થાને લીધે કોઇ પણ નવો દીક્ષિત થયેલો ખ્રિસ્તી પાદરી અન્ય નવદીક્ષિત સાધુ કરતાં વધારે જ્ઞાનસંપન્ન, શક્તિસંપન્ન, ખડતલ અને સાહસિક માલુમ પડે છે. જૈન સમાજ પોતાની સાધુસંસ્થાનું આ ધોરણે જો નવું સંસ્કરણ કરે તો વિશાળ જનસમાજને જૈન સમાજ જરૂર સારા, પ્રાણવાન, અને આત્મશ્રદ્ધાયુક્ત સાધુઓ આપી શકે. હવે આપણે પ્રસ્તુત સેમીનરીનો ઉદ્‌ભવ કેમ થયો અને તેનું સ્વરૂપ કેવું છે તે જાણવા માટે ઉપર જણાવેલ લેખના અનુવાદ તરફ વળીએ.

પરમાનંદ

ખ્રિસ્તી ધર્મગુરુ નિર્માણ કરવા માટેની કૉલેજ

૧૯૩૬ના જૂન માસની ૧૩ મી તારીખે મુંબઇના એ વખતના આર્ચબીશપ (રોમન કૅથૉલીક ક્રિશ્ચિયન કોમના વડા ધર્મગુરુ) રેવરન્ડ ડૉ. જોકીમ લીમાએ જેની લાંબા વખતથી અપેક્ષા રાખવામાં આવતી હતી તેવી–ખ્રિસ્તી ધર્મગુરુ થવા ઇચ્છતા વિદ્યાર્થીઓને જરૂરી તાલીમ આપીને તૈયાર કરનારી સેમીનરી–કૉલેજ–એટલે કે મહાવિદ્યાલયનું ઉદ્‌ઘાટન કર્યું હતું.

એ નાના સરખા ઉદ્‌ઘાટન પ્રસંગે હાજર રહેલા ચાર ઉમેદવાર વિદ્યાર્થીઓને ઉદ્દેશીને તેમણે કહેલું કે "તમારે એ ધ્યાનમાં રાખવાનું છે કે તમે આજે એક એવી જીવનપદ્ધતિ અખત્યાર કરવાના માર્ગે જઇ રહ્યા છો કે જેની, તેમાં રહેલા આદર્શોની દૃષ્ટિએ, અન્ય કોઇ જીવનપદ્ધતિ સાથે સરખામણી થઇ શકે તેમ નથી. આમ છતાં એમાં કોઇ શક નથી કે એ અતિ કઠણ જીવનપદ્ધતિ છે. જીવનના કોઇ સામાન્ય વ્યવસાય માટે તમને તૈયાર કરવાના નથી, પણ એક પ્રકારના દિવ્ય જીવન માટે તમને તૈયાર કરવાના છે. ઇશ્વરના કુશળ સંદેશવાહક બનવા માટે જે તાલીમમાંથી તમારે પસાર થવાનું છે તે એવી અપેક્ષા ધરાવે છે કે તે માટે તમારે ઊંચામાં ઊંચું શિક્ષણ પ્રાપ્ત કરવાનું રહે છે, એટલું જ નહિ પણ, તમારે ઊંચામાં ઊંચા દિવ્ય ગુણો પણ પ્રાપ્ત કરવાના રહે છે. આ માટે તાલીમ એક અનિવાર્ય આવશ્યકતા છે. દુનિયાનો ગમે તે વ્યવસાય હોય–પછી તે ડૉકટરનો હોય, વકીલનો હોય કે દરજીનો પણ હોય–દરેક વ્યવસાય માટે ચોકકસ પ્રકારની તાલીમની અપેક્ષા રહે જ છે. કોઇ પણ ધંધામાં સફળતાની પ્રાપ્તિનો તેમ જ પ્રગતિની સાધનાનો આધાર તેને લગતી આપવામાં અને લેવામાં આવતી તાલીમ ઉપર રહે છે. તો પછી ધર્મગુરુનો વ્યવસાય જે આ દુનિયામાં મહાનમાં મહાન અને ઉમદા વ્યવસાય છે તેને સાર્થક બનાવવા માટે વધારે નકકર તાલીમની જરૂર હોય તે સ્વાભાવિક છે."

આ ઐતિહાસિક પ્રવચનને મહિનો થયો ન થયો, એટલામાં તે આર્ચબીશપનું અવસાન થયું અને પાદરીઓની તાલીમને લગતા ઉપર જણાવેલા આદર્શોને અમલી બનાવવાનું કાર્ય તેમની પછીના આર્ચબીશપ ટી. રોબર્ટ્સના ભાગે આવ્યું. આ નવા આર્ચબીશપે આ નાની સરખી પ્રવૃત્તિને વિકસાવવાનું કાર્ય અપનાવી લીધું અને તેમના કુશળ માર્ગદર્શન અને આયોજન નીચે એ સેમીનરી સ્થિર પાયા ઉપર મૂકાણી અને તેમાં ભણતા વિદ્યાર્થીઓની સંખ્યા પણ વધતી ચાલી. તેમના અથાગ પરિશ્રમ અને ખંતના પરિણામે, મુંબઇ ખાતેના તેમના બાર વર્ષના ધર્મશાસનકાળને અન્તે, એંશી વિદ્યાર્થીઓ ધરાવતી એક વ્યવસ્થિત આકારની સંસ્થા તેમના ઉત્તરાધિકારી આર્ચબીશપ ગ્રેશિયાસના હાથમાં સોંપવાને તેઓ ભાગ્યશાળી થયા.

વિદ્યાર્થીઓની સંખ્યા વધતી ચાલી, અને પરેલનું મકાન સાંકડું પડવા માંડયું. ૧૯૫૩ ની સાલમાં ઉપરના ધોરણના વિદ્યાર્થીઓને તરતના ઉપાય તરીકે વાંદરામાં આવેલા 'પીલ્ગ્રીમ્સ હાઉસ'માં ફેરવવામાં આવ્યા. પણ આર્ચબીશપ ગ્રેશિયાસ જેમને એ સમય દરમિયાન 'કાર્ડીનલ' બનાવવામાં આવ્યા હતા તેમને લાગ્યું કે સેમીનરી માટે હવે જરૂરી બધી સગવડો ધરાવતું નવું મકાન ઊભું કર્યા સિવાય ચાલે તેમ નથી. પોતાના વીકાર-જનરલ શ્રી વી. ડાયર જે હાલ કલકત્તાના આર્ચબીશપ છે તેમની મદદ લઇને ગોરેગામ ખાતે સેમીનરી માટે એક ભવ્ય મકાન બાંધવાની યોજના તેમણે હાથ ધરી.

સેમીનરીની સ્થાપનાથી આજ સુધીમાં ૧૦૦ વિદ્યાર્થીઓ પોતાની તાલીમ પૂરી કરીને ધર્મગુરુઓ બન્યા છે અને ૧૨૯ વિદ્યાર્થીઓ આજે આ સેમીનરીમાં તાલીમ પામી રહ્યા છે. આ સેમીનરીનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું ત્યારથી આજ સુધીના ૨૪ વર્ષના ગાળા દરમિયાન આ દુનિયામાં પાર વિનાના ફેરફારો થયા છે. એમ છતાં પણ ધર્મગુરુ બનવા માટે જરૂરી એવી જે નક્કર તાલીમ ઉપર એ વખતના આર્ચબીશપે ભાર મૂકયો હતો તેનું આજે પણ એટલું જ મહત્ત્વ છે.

ધર્મગુરુનું કાર્ય ઇશ્વરને માનવીની સમીપ લાવવાનું છે અને માનવીને ઇશ્વર સમીપ લઇ જવાનું છે; તેનામાં ઇશ્વર અને માનવીનું મિલન થવું ઘટે છે; તે અધિકૃત અનુસંધાયક છે, ઇશ્વર અને માનવી વચ્ચેના એક પુલની ગરજ સારે છે. આ સેમીનરીની દશ વર્ષની જે તાલીમ લીધા બાદ અને જરૂરી કસોટીઓમાંથી પસાર થયા બાદ જ કોઇ પણ ઉમેદવાર વિદ્યાર્થી ધર્મગુરુ બનવાનો અધિકાર પ્રાપ્ત કરી શકે છે તે તાલીમની આવા પુરુષ બનવા માટે ખાસ જરૂર છે.

આ બધી ચીજો-સેમીનરીના દશ વર્ષના શિક્ષણમાં અંતર્ગત દરેક પ્રવૃત્તિ અને અનુભવ-ઉપરનો હેતુ સિદ્ધ કરવામાં મદદરૂપ બને છે, પણ એ બધા પાછળ મૂળ મુખ્ય ઉદ્દેશ તો સેમીનરીમાં ભણતા વિદ્યાર્થીને આધ્યાત્મિક તાલીમ આપવાનો છે. જ્યારે આ તાલીમ વર્ગોમાં નવા વિદ્યાર્થી દાખલ થાય છે ત્યારે શરૂઆતમાં દુનિયાના બધા વ્યવસાય છોડીને તેઓ એક પ્રકારના એકાન્તવાસમાં-Close Retreat-માં દાખલ થાય છે; તે પાંચ દિવસ આત્મનિરીક્ષણમાં, ધાર્મિક પ્રક્રિયામાં અને પ્રાર્થનામાં ગાળે છે. ઇશ્વરલક્ષી માર્ગ તરફ નવા ઉમેદવારને પ્રેરવા અને દોરવા માટે જેની ખાસ નિમણૂક કરવામાં આવી હોય છે તે 'સ્પીરિચ્યુઅલ ડિરેકટર'ની સમક્ષ નવા આગન્તુકને રજુ કરવામાં આવે છે; અને આ રીતે એકાન્તવાસથી દર વર્ષની શરૂઆત થાય છે, અને પ્રાર્થના અને ધાર્મિક ક્રિયાકાંડ વડે તેના દરેક દિવસનો પ્રારંભ થાય છે. તેના દૈનિક કાર્યક્રમમાં સામુદાયિક તથા વ્યક્તિગત ઉભય પ્રકારના આધ્યાત્મિક વાંચન. આત્મનિરીક્ષણ અને પ્રાર્થના માટે અમુક સમય નક્કી કરેલો હોય છે. આ બધી પદ્ધિયાનો હેતુ તેને દિવ્ય જીવનનો અધિકારી બનાવવાનો હોય છે.

તેને વિદ્યાર્થીઓના સમૂહ વચ્ચે હળીમળીને રહેવાનું હોય છે, જે તેના આધ્યાત્મિક ઘડતરમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. આ સામૂહિક જીવન સામાજિક સદ્‌ગુણોનો પાયો છે. તે આત્મ-નિગ્રહ અને આત્મવિસર્જનના ગુણોની ખિલવણીને ઘણો અવકાશ આપે છે અને નેતૃત્વની તાકાતને અને સામાજિક જવાબ-દારીની ભાવનાને વિકસાવે છે અને જેને માર્ગદર્શક અને સેવક ઉભય કક્ષાનું કાર્ય બજાવવાનું છે એવા ધર્મગુરુને માટે આ શકિત અને ગુણોની ખિલવણી ખૂબ જરૂરી છે. સામૂહિક જીવન દ્વારા કરવામાં આવતી આપલે સમધારણયુકત અને પ્રસન્નતા-પૂર્ણ એવું વ્યકિતત્વ ઘડવામાં બહુ મદદરૂપ થાય છે.

ત્યાં જે શાંતિનું-મૌનનું-વાતાવરણ હોય છે તે બહારથી આવતા મુલાકાતીના મનમાં આશ્ચર્ય તથા કાંઇક મૂંઝવણ પેદા કરે છે, કારણ કે તે આનંદ અને ઉત્સાહથી થનગનતા યુવાનોને આ ઘેરી ધાર્મિક શાન્તિમાં-મૌનમાં-ઘર જેવું લાગે જ કેમ-એવો આ મુલાકાતીના મનમાં પ્રશ્ન પેદા થાય છે. આ વિરોધા-ભાસનું સમાધાન એ હકીકતમાં રહેલું છે કે ત્યાં વસતો વિદ્યાર્થી ગમે તે પ્રવૃત્તિમાં રોકાયેલો હોય તો પણ, પ્રાર્થનાની અને ધાર્મિક આદર્શ પ્રત્યેના સમર્પણની ભાવના વડે તેનું ચિત્ત સદા યુકત-આવૃત રહેતું હોય છે. ચોવીશે કલાક અને સદાકાળ અહીં વ્યાપી રહેલું આ વાતાવરણ તેના ઘડતર ઉપર ભારે બળવાન અસર નીપજાવે છે.

દશ વર્ષના તાલીમકાળ દરમિયાન વિદ્યાર્થી શું કરે છે, શું ભણે છે તે એક મહત્ત્વનો પ્રશ્ન છે. બહારના માણસને એ જાણીને ઘણી વાર આશ્ચર્ય થાય છે કે કોઇ પણ યુનિવર્સિટી માફક અહીં પણ તેના અભ્યાસનો ચોક્કસ કાર્યક્રમ હોય છે, આ અભ્યાસક્રમમાં ભાતિક તેમ જ ધાર્મિક વિષયો તેને શિખવાના હોય છે, અને વર્ષ દરમિયાન રીતસરની પરીક્ષાઓ પણ લેવામાં આવે છે. આનું કારણ એ છે કે ધર્મગુરુ અનેક વિષયોનો સારો જાણકાર હોય એ અત્યન્ત જરૂરી છે અને તેથી જુદા જુદા વિષયોનું શિક્ષણપ્રદાન એ આ સેમીનરીની મુખ્ય પ્રવૃત્તિ રહે છે.

પહેલાં ત્રણ વર્ષ મુખ્યત્વે કરીને ભાષાઓ અને સાહિત્યના અભ્યાસ પાછળ રોકાયેલાં રહે છે. લેટીન, ઇંગ્લીશ અને મરાઠી અથવા કોંકણી-આ ભાષાઓનો અભ્યાસ રોજબરોજના વ્યવહારમાં ઉપયોગી થાય એ હેતુથી કરાવવામાં આવે છે. કારણ કે જે ધર્મગુરુને મુંબઇ પ્રદેશમાં કામ કરાવવાનું છે તેના માટે આ ભાષાઓનું જ્ઞાન અતિ આવશ્યક છે. વળી સાહિત્ય અને અન્ય માનવસમાજલક્ષી વિષયોનો અભ્યાસ પણ તેની માન-સિક તાલીમ અને વિકાસ માટે બહુ જરૂરી છે અને ધર્મગુરુને એક સાંસ્કારિક વ્યક્તિ બનાવવામાં તે મહત્વનો ભાગ ભજવે છે.

ત્યાર બાદ તત્વજ્ઞાન આવે છે. અને આ વિષયનો અભ્યાસ તેની ધર્મોપદેશક તરીકેની ભાવિ પ્રવૃત્તિને અત્યંત પોષક છે. અન્તિમ સત્યની જે શોધ પાછળ માનવીનું ચિત્ત અનાદિ કાળથી વ્યાપૃત રહ્યું છે તે ત્રણ વર્ષ સુધી તેના ખાસ અભ્યાસનો વિષય બને છે. સ્કોલેસ્ટીક ફીલોસોફીની પદ્ધતિ જેમાં તે પારંગત બને છે તે ઉપરાંત બીજી દાર્શનિક પદ્ધતિઓનો પણ તે અભ્યાસ કરે છે અને ભારતીય તત્વજ્ઞાન તરફ તે ખાસ લક્ષ્ય આપે છે.

ત્યાં ભણતા વિદ્યાર્થીનું જ્ઞાન બને તેટલું વિસ્તૃત બને અને સતત અને શીઘ્રતાપૂર્વક વિકસી રહેલા આધુનિક વિજ્ઞાનથી તે પરિચિત બને તે માટે તેના અભ્યાસક્રમમાં ફીઝીકસ અને બાયો-લોજીનો સમાવેશ કરવામાં આવેલો છે. કારણ કે આજના ધર્મગુરુએ વિશાળ તેમ જ ઊંડા એવા જ્ઞાન વડે, આજના પરસ્પર અથડાતા વિવિધ વિચારપ્રવાહો વચ્ચે વૈચારિક નેતા અને સામાન્ય જનતાના પથપ્રદર્શક બનવાનું છે.

પણ જો જ્ઞાનપ્રાપ્તિ વિજ્ઞાન અને ફિલોસોફી સુધી આવીને અટકી જાય તો એ જ્ઞાન વન્ધ્ય બનવાનું. તેણે ધર્મશાસ્ત્રોના અધ્યયન તરફ આગળ વધવું જ જોઇએ. તેથી પછીનાં ચાર વર્ષ દિવ્ય વિજ્ઞાન, ધાર્મિક માન્યતા, ધર્મશાસ્ત્રો, ધાર્મિક કાનૂન, નીતિશાસ્ત્ર, લીટર્જી, અને ખ્રિસ્તી ધર્મસંસ્થાનો ઇતિહાસ-આ

બધા વિષયોના શિક્ષણપ્રદાન પાછળ ગાળવામાં આવે છે. આ રીતે તેના જીવનનું જે મુખ્ય કાર્ય છે તે માટે તે પૂરી યોગ્યતા પ્રાપ્ત કરે છે. તેનું કાર્ય માનવજાતને દિવ્ય સૃષ્ટિ તરફ લઈ જવાનું છે. થીઓલોજી–ખ્રિસ્તી ધર્મશાસ્ત્રનું તત્વજ્ઞાન–કૅથૉલિક પાદરી માટે સૌથી વધારે મહત્વનો વિષય છે. તે જ્ઞાનપ્રાપ્તિ સાથે જે 'નક્કર જ્ઞાન'ના શિક્ષણ ઉપર ભાર મૂકવામાં આવ્યો છે તે શિક્ષણની પૂર્ણાહુતિ થાય છે.

આ સાથે રમતગમત માટે પણ આ સેમીનરીમાં અનેક પ્રકારની સગવડો હોય છે અને આનંદ વિનોદના પ્રસંગો, ઉજાણીઓ અને પ્રવાસો, નાટકો અને ગાયનસમારંભો આ બધું નિયત ક્રમ મુજબ ચાલુ રાખવામાં આવે છે. સંગીતની પણ રીતસર તાલીમ આપવામાં આવે છે, કારણ કે ખ્રિસ્તી ધાર્મિક જીવનમાં સંગીતને, સમૂહગાનને મહત્વનું સ્થાન આપવામાં આવ્યું છે.

આ સેમીનરીમાં ભણતા વિદ્યાર્થીને તેના ભાવી કાર્યને લક્ષમાં રાખીને રવિવારના દિવસે આસપાસ રહેતા લોકોને ધર્મોપદેશ આપવા માટે મોકલવામાં આવે છે. વળી તેને હૉસ્પિટલોમાં અને ગરીબ લોકોના લત્તાઓમાં પણ અવારનવાર મોકલવામાં આવે છે, જ્યાં તે લોકોની ગરીબાઈ અને વેદના નજરોનજર નિહાળે છે. તેમને વકતૃત્વની તાલીમ આપવામાં આવે છે અને ધાર્મિક વિષયો ઉપર તેમની પાસે લેખો અને નિબંધો લખાવવામાં આવે છે અને તે સામયિક પત્રોમાં પ્રગટ કરવામાં આવે છે.

આ રીતે તેનો અભ્યાસક્રમ બધી બાબતોનો પૂરો વિચાર કરીને વ્યવસ્થિત રીતે અને જરૂરી બધા વિષયો અને પ્રવૃત્તિઓનો સમાવેશ થાય એ રીતે ઘડવામાં આવ્યો છે અને એમ છતાં જ્યારે વિદ્યાર્થી પોતાના અભ્યાસક્રમના છેડે આવે છે ત્યારે આ સેમીનરીમાં ગાળેલાં દશ વર્ષ તેને બહુ ઓછાં અપૂરતાં માલુમ પડે છે. જ્યારે તેને રીતસર એક ધર્મગુરુની દીક્ષા આપવાનો વખત આવે છે ત્યારે તે માટે હજુ પોતે પૂરી યોગ્યતા પ્રાપ્ત કરી નથી એમ તેને લાગે છે; એક પ્રકારની ગૂઢતાની અનુભૂતિ તેના ચિત્તને આવરી લે છે; કારણ કે આ ગંભીર પ્રસંગે તે એક સાધારણ આદમી મટીને 'બે દુનિયાનો ભવ્ય નાગરિક' બની જાય છે, ખ્રિસ્તી સાધુસંસ્થાનો સભ્ય બને છે. ત્યારથી તેને એક ધર્મગુરુ તરીકે ઓળખવામાં–સ્વીકારવામાં–આવે છે.

મૂળ અંગ્રેજી: રેવ. ફાધર ડી. ફેરાન્ડો
અનુવાદક: પરમાનંદ

'પાગલપ્રેમી'ને મળતા બીજા બે કિસ્સાઓ

['પાગલપ્રેમી'ની કથાએ ઊભી કરેલી સમસ્યાનો હું વિચાર કરી રહ્યો હતો, એવામાં નવજીવન પ્રકાશન મંદિર તરફથી પ્રગટ થયેલ 'જીવનનું ભાથું' એ મથાળાની એક પુસ્તિકા મારા જોવામાં આવી. આ પુસ્તિકામાં શ્રી મગનભાઈ જે. પટેલે સંપાદિત કરેલા શ્રી રવિશંકર મહારાજના થોડાંક પ્રવાસ–પ્રવચનોને સંગ્રહિત કરવામાં આવ્યા છે. આ સંગ્રહમાં 'લગ્ન એટલે સ્વાર્પણ' અને 'એક સંસ્કારી સન્નારી' એ શિર્ષકો નીચે બે સામાજિક કિસ્સાઓ રજૂ કરવામાં આવ્યા છે. 'પાગલપ્રેમી'ની ઘટના પાછળ રહેલી સમસ્યાનો ઉકેલ શોધવામાં મહદંશ અને એ આશયથી એ બન્ને કિસ્સાઓ મૂળને કાંઇક ટૂંકાવીને ક્રમસર નીચે આપવામાં આવે છે.]

લગ્ન એટલે સ્વાર્પણ

ભાલનળકાંઠાના એક ગામમાં મુનિશ્રી સન્તબાલજીએ થોડાં વર્ષ પહેલાં એક શિબિર શરૂ કર્યો હતો. હું પણ એ શિબિરમાં ગયો હતો. તેમાં રોજ સારી સારી ધર્મની વાતો થતી. એ ગામના માધા ભગત નામના એક ઓડ રોજ નિયમિત રીતે વાતો સાંભળવા આવે. ભારે ભાવિક માણસ. રોજ કથામાં આવે.

ક્રમશ: શિબિરનો છેલ્લો દિવસ આવ્યો. પેલા માધા ભગતને થયું: 'શિબિરના છેલ્લા દિવસે બધા મારે ત્યાં ભોજન કરે તો કેવું?' એણે શિબિરમાં આવેલા સૌને પ્રેમભર્યું નિમંત્રણ આપ્યું. હું પણ તેને ત્યાં ગયો. રસોઇમાં દાળ અને રોટલા ભાવપૂર્વક બનાવ્યા હતા. ઓડની સ્ત્રી માંડ ૩૦–૩૫ વર્ષની હશે. બહુ સુશીલ, પવિત્ર અને પ્રેમાળ. એણે સૌનો પ્રેમપૂર્વક સત્કાર કર્યો. થોડી વાર પછી જ્યાં તે બેઠી હતી ત્યાંથી કંઈક લેવા ખસી, એ ખસતી હતી ત્યાં મારી નજર એના પગ ઉપર પડી. એના પગ પાતળા દોરડી જેવા હતા. મેં સહજ ભાવે એને પૂછ્યું: "કેમ બહેન, તમારે પગ નથી શું?"

મારા પ્રશ્નનો ઉત્તર આપવાને બદલે એણે પાસે ઊભેલા પોતાના પતિ તરફ આંગળી કરી કહ્યું: "પૂછી જુઓ એમને, કદિ કાંઇ દુઃખ દીધું હોય તો. હું દળું છું, રસોઇ કરું છું, વાસણ માંજું છું, ભેંસ દોહું છું, ઘર પણ લીપું છું. માત્ર પાણી એમને ભરવું પડે છે."

સ્ત્રી બોલવાનું પૂરું કરે છે ત્યાં એના પતિએ કહ્યું, "મહારાજ, એને પૂછી જુઓ કે, મેં કદિ એને દુઃખ પડવા દીધું છે? મેં એને બધે જાત્રા કરાવી છે. ગાડી મળી ત્યાં ગાડીમાં લઈ ગયો, ને મોટર મળી ત્યાં મોટરમાં બેસાડી જાત્રા કરાવી છે. પાલીતાણા ગયો ત્યારે ખભે બેસાડી ડુંગર ઉપર લઈ ગયો હતો ને બધે દર્શન કરાવ્યાં હતાં."

બન્ને પતિપત્નીની આ વાતો સાંભળીને હું તો આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયો. મને થયું કે મેં પ્રશ્ન શું પૂછ્યો ને મને ઉત્તર શું મળ્યો! બન્નેનો પરસ્પર પ્રેમ જોઈ મને અત્યંત આનંદ થયો. તે પછી પેલા માધા ભગતને મેં પૂછ્યું: "તમે લગ્ન કર્યું એ પહેલાં આ બહેન અપંગ છે એમ તમે જાણતા હતા?

"હાજી," ભગતે કહ્યું.

"તો પછી લગ્ન કેમ કર્યું?"

"મને થયું કે આ બિચારીની સેવા કોણ કરશે? આખી જિંદગી દુઃખી થશે. એટલે એની સેવા કરવા મેં તેની સાથે લગ્ન કર્યું."

આ છે લગ્નજીવનનું રહસ્ય. લગ્નનો અર્થ થાય છે અર્પણ થવું, પ્રેમનું ઢોળાઈ જવું. તેમાં સુખ મેળવવા કરતાં સુખ આપવાની ભાવના છે. એટલે જેની સાથે લગ્નગ્રંથિથી જોડાવાનો વિચાર કરવામાં આવે તેની પાસેથી સુખ મળશે એવી આશા રાખ્યા કરતાં હું તેને સુખી બનાવીશ એવી ભાવનાથી લગ્ન કરવામાં આવે તો જિંદગીમાં કદી દુઃખ ભોગવવા વારો ન આવે. જ્યાં બન્ને પક્ષે સ્વાર્પણની ભાવના હોય ત્યાં દુઃખ શી રીતે ઊભું રહી શકે? જ્યાં લેવાની નહિ પણ આપવાની જ વૃત્તિ પ્રધાનપણે હોય ત્યાં ખૂટે શું? એક દંપતીના જીવનનું રહસ્ય પણ આ સ્વાર્પણની ભાવનામાં હતું.

એક સંસ્કારી સન્નારી

હું એક સદ્‌ગૃહસ્થને ત્યાં ગયો હતો. એમને ત્યાં તુલસી રામાયણ વંચાય. એમને બાવીશ ત્રેવીશ વર્ષની એક દીકરી. તેનું નામ વનલીલા. એનાં બા બહુ ભણેલાં નહિ, પણ સંસ્કારી. હું એમની આગળ ગ્રામોદ્યોગની વાતો કરતો હતો ત્યાં પેલી દીકરી આવી. એ દીકરી સાથે કેટલીક વાતો થયા બાદ તેની બાએ કહ્યું

કે "મહારાજ મારી દીકરી તો એના સાસરામાં બહું જ પ્રિય થઇ પડી છે. એનો ઇતિહાસ સાંભળવા જેવો છે."

મેં સાંભળવાની જિજ્ઞાસા બતાવી એટલે એમણે વાત શરૂ કરી.

"મહારાજ, એ નાની હતી ત્યારે વનમાળી નામના એક છોકરા સાથે એનો વિવાહ કરેલો. એ છોકરાના બાપને સારો પગાર મળતો હતો. પણ દૈવી યોગે માબાપ બન્ને અકસ્માત ગુજરી ગયાં. છોકરો કાકાને ત્યાં રહી ઉછર્યો અને ભણ્યો. એ મેટ્રિકમાં આવ્યો ત્યારે મારી દીકરી પણ મેટ્રિકમાં હતી. મારી દીકરી મેટ્રિકમાં પાસ થઇ; છોકરો નાપાસ થયો. અમે દીકરીને કૉલેજમાં મૂકી. ત્યાં પણ એ પહેલે વર્ષે પાસ થઇ; છોકરો નાપાસ થયો. છોકરો બીજે વર્ષે પણ મેટ્રિકમાં નાપાસ થયો. અમે દીકરીને કૉલેજમાંથી ઉઠાડી લીધી. છોકરો ત્રીજે વર્ષે પણ નાપાસ થયો. મને થયું કે મારી આવી હોશિયાર છોકરીને આવો વર! મેં વિવાહ તોડવાનો સંકલ્પ કર્યો. પણ તૂટે શી રીતે? મેં એમને (મારા પતિને) વાત કરી. પણ એમણે એ વાત મનમાં લીધી હોય એમ મને ન લાગ્યું.

"એવામાં એમને વિલાયત જવાનું થયું. ત્યાંથી પાછા વળતાં એમને અમારી નાતના એક વિદ્યાર્થી સાથે સંગાથ થઇ ગયો. એ ભાઇ આઇ. સી. એસ.ની પરીક્ષા આપીને આવતો હતો. પરિચય થતાં એમની નજર એના પર ઠરી. એ એને ઘેર લઇ આવ્યા. મને બતાવીને ખાનગીમાં કહ્યું: 'આઇ. સી. એસ. છે. દીકરીને પસંદ પડે તો વાત કરી જો.' મારી દીકરીને આવો ભણેલો—ગણેલો વર મળે તો કેવું સારું! એટલે હું હરખાતી હરખાતી વનલીલા પાસે ગઇ અને કહ્યું: 'બહેન, આ છોકરાને જો, તને પસંદ હોય તો ગોઠવીએ.' હું બોલવાનું પૂરું કરું છું ત્યાં તે બોલી: 'બા, આ તું શું બોલે છે? આવું બોલાય? મારો વિવાહ તો થઇ ગયો છે. એક વખત જીભે બોલી ગયા પછી ફરી શકાય?' 'વિવાહ તો તોડી શકાય.' મેં કહ્યું.

"એ તો સામાન્ય માણસ તોડે. આપણે ઓછાં જ એવાં છીએ? આપણે તો એક વાર વચન આપ્યું તે નજ તોડાય. એનાં માબાપ જીવતાં હોત તો કેટલાં દુઃખી થાત! એ તો સંતોષ લઇને ગયેલાં. હવે જો સંબંધ તૂટે તો એમનો આત્મા દુઃખી થાય. માટે બા, તું મારી ચિંતા ન કર. મારું દુઃખ હું ભોગવી લઇશ. મારો વિવાહ ભલે કાયમ રહ્યો."

"એની આ વાત સાંભળી હું કાંઇ બોલી શકી નહિ. બોલું પણ શી રીતે? પેલા આઇ. સી. એસ. થયેલા છોકરાને તો આ સંબંધી કશી ખબર જ નહોતી. એટલે બીજે દિવસે એ તો એને ગામ ગયો. વનલીલાનો નિર્ણય મેં એના પિતાને જણાવ્યો. વિવાહ કાયમ રાખ્યો અને તેનાં તરત જ લગ્ન લીધાં.

"સદ્‌ભાગ્યે જે વરસે લગ્ન થયાં તે જ વરસે એ છોકરો મેટ્રિકમાં પાસ થયો. પછી ચાર વરસે ગ્રેજ્યુએટ થયો. એને ગ્રેજ્યુએટ થયાને ત્રણ મહિના નહોતા થયા ત્યાં એને માસિક સો રૂપિયાના પગારે એક સિમેન્ટના કારખાનામાં નોકરી મળી. કારખાનું શહેરથી દૂર ચાર માઇલ એક જંગલમાં હતું. ત્યાં પંદર વીસ કારકૂનો એક ચાલીમાં કુટુંબ સાથે રહે. મારી દીકરી પણ ત્યાં ગઇ. મારી દીકરી રસોઇ, ભરત, સીવણ, ગૂંથણ, ચિત્રકામ, સંગીત વગેરેમાં કુશળ. ત્યાં ગયા પછી ધીમે ધીમે પોતાની આસપાસની બહેનોને તે એક યા બીજી રીતે ઉપયોગી થવા લાગી. કોઇનું કપડું ફાટી ગયું હોય તો સાંધી આપે, સીવી પણ આપે. કેટલીક બહેનોને એણે સીવતાં શીખવ્યું; કેટલીક બહેનોને બહુ ઓછા ખરચે ભાતભાતની રસોઇ કેવી રીતે બનાવાય તે પણ શીખવ્યું; કોઇ વાર નવરાશે બહેનોને એકઠી કરી કોઇ સારું પુસ્તક વાંચી સંભળાવે; એના આવા મીલનસાર સ્વભાવને કારણે બધાં એના ઉપર ખુશ ખુશ થઇ ગયાં. એનો પતિ બહુ ભલો. એ નામું લખવાનું કામ કરે. મારી દીકરી કોઇ વાર તેના પતિને વધુ કામ હોય તો ચોપડા ઘેર મંગાવે ને નામું લખવામાં મદદ કરે. આ રીતે એના સ્વભાવની સુવાસ આખા કારખાનાના કામદારોમાં ફેલાઇ ગઇ અને પોતાના પતિનો તથા સાસરાના કુટુંબના બધા માણસોનો પ્રેમ તેણે જીતી લીધો."

પોતાની દીકરીના જીવનની તેની બાએ સંભળાવેલી આ કથા જ્યારે જ્યારે મને યાદ આવે છે ત્યારે ત્યારે મારી આંખો આગળ એક સુશિક્ષિત, સંસ્કારી આર્ય સન્નારીનું ચિત્ર ખડું થાય છે.

રવિશંકર મહારાજ

આત્મશુદ્ધિનું સત્ર

(થોડા સમય પહેલાં સાણંદ ખાતે આશરે ૭ માસ સુધી લંબાયેલા—મુનિશ્રી સંતબાલજીપ્રેરિત—શુદ્ધિપ્રયોગની એક લાંબી સમાલોચના પ્રબુદ્ધ જીવનમાં કરવામાં આવી હતી. તાજેતરમાં થામણા ખાતે શ્રી બળવંતભાઇ મહેતાએ એક નાનો સરખો શુદ્ધિપ્રયોગ કર્યો હતો, જેની નિગત તેમણે પોતે 'સ્વરાજ્ય ધર્મ'માં પ્રગટ કરી છે. સાણંદના ઉપર જણાવેલ શુદ્ધિપ્રયોગની ભૂમિકા, પ્રક્રિયા અને પરિણામમાં અને પ્રસ્તુત શુદ્ધિપ્રયોગની ભૂમિકા, પ્રક્રિયા અને પરિણામમાં ગુણવત્તાની દૃષ્ટિએ કેટલો ફરક રહેલો છે તે 'પ્રબુદ્ધ જીવન'ના વાચકોના ખ્યાલમાં આવે તે હેતુથી સ્વરાજ્યધર્મમાં પ્રગટ થયેલ એ લેખ અહીં સાદર ઉદ્‌ધૃત કરવામાં આવે છે. તંત્રી)

આ વખતે એકાદ મહિના પછી હું થામણા આવ્યો ત્યારે જાણવા મળ્યું કે અમારા ગામની ભાગોળે આવેલી ગ્રામશાળાના આચાર્યને ત્યાં ચોરી થઇ છે. બન્યું હતું એવું કે આ શિક્ષકભાઇ એમના પગે વા આવ્યો હોવાથી ઓરડામાં સૂતા હતા અને એમનાં પત્ની બહારની પરસાળમાં ખુલ્લામાં સૂતાં હતાં. રાત્રે અગિયાર વાગ્યાના અરસામાં કોઇક માણસે અંધારામાં આવી એ બહેનને ગભરાવીને એમના ગળામાંથી સોનાનો દોરો ઝૂંટવી લીધો. બહેન એટલાં બધાં ગભરાઇ ગયાં હતાં કે એ બૂમ સરખી ન પાડી શક્યાં. ચોરી કરનાર માણસ નાસી ગયા પછી શિક્ષક વગેરે જાગ્યા પણ એનો બહુ અર્થ ન હતો. આ બનાવને પચ્ચીસ દિવસ થઇ ગયા હતા.

અમારા ગામના લોકલ બોર્ડ દવાખાનામાં ડૉક્ટરોની બદલી થવાથી નવા ડૉક્ટર આવ્યા હતા. હું એમને મળવા ગયો ત્યારે એમના કુટુંબમાં શિક્ષકને ત્યાંની ચોરીની વાત ચાલતી હતી. અને આ દવાખાનું પણ ગામની બહાર છે એટલે એ ચર્ચામાં ચિંતાનો ભાવ પણ વ્યક્ત થતો હતો. મને થયું કે ચોરીની બીક તો અહીં સુધી પહોંચી છે એ જઇ જોઇએ.

એ જ દિવસોમાં ગામની સીમમાંથી કોઇનાં લીંબુ ચોરાયાની તો કોઇનું ઘાસ વઢાયાની વાતો સંભળાતી હતી. સીમની ગાડાવાટમાંથી ગાડાં ભરી ભરીને માટી ખાનગી ખેતરોમાં ઠલવાતી હતી અને ગાડાવાટ બળદને ચાલવા માટે ત્રાસરૂપ બની ગઇ હતી. એ વાત બધાંને ખૂંચતી હતી, પણ ગામ-આગેવાનનું નામ લઇને દોષ એની સાથે બોલી બગાડે?

આ બધા બનાવો વિષે જાણીને મારા મનમાં વ્યથા થઇ અને મને થયું કે આ બધી ગામની અશુદ્ધિઓ કહેવાય, એ દૂર થવી જોઇએ. આ બધામાં શિક્ષકનાં પત્નીના દોરાની ચોરી એક નિમિત્ત બની. વ્યક્તિગત મળીને હું કેટલાકને કહું તો આમાનું કેટલુંક જરૂર અટકે, પણ આ જાતનું અશુદ્ધ જીવન

સારું નથી એમ બધાંજ વિચાર કરતાં થઇ એ માટે શું કરવું ?

એમાંથી મને સાત દિવસના પ્રાર્થનામય ઉપવાસ કરવાનું સૂઝ્યું. અમારે ત્યાં ભીંતપત્રો લખવાનો રિવાજ છે. આ નિર્ણય પછી મેં મારા મનના ભાવો વ્યક્ત કરતું એક ભીંતપત્ર લખ્યું. એમાં મેં અદવાડિયાના આ પ્રાર્થનામય ઉપવાસનો નિર્ણય જણાવ્યો. ગામમાં ચાલતી અશુદ્ધિઓની થોડી વાતોનો નિર્દેશ કર્યો અને એમાં પેલા દોરાની ચોરીની વાતનો પણ ઉલ્લેખ કર્યો. મેં જણાવ્યું કે,

"આ ચોરી કોઇ પણ સંજોગોમાં જેનાથી થઇ હોય એનાથી એક મોટી ભૂલ થઇ ગઇ છે. એણે ભૂલ કબૂલ કરવી જોઇએ. આવી ભૂલ કરનારમાં પોતાનું નામ જાહેર કરવાની હિંમત નહિ હોય તો એનું નામ બહાર નહિ પડે તેની હું ખાત્રી આપું છું.

"ગામ બહાર રહે ત્યાં તો આવું બને જ, અને આવું તો ચાલ્યા જ કરે" એ જાતનો એક નિરાશાવાદી સૂર પણ ગામમાંથી નીકળતો હું સાંભળું છું. આ સૂર બિલકુલ ગમે તેવો નથી અને ગામને માટે કોઇ રીતે હિતકર પણ નથી. શિક્ષક શું કે આપણા ગામમાં રહેતો કોઇ પણ સામાન્ય જન શું—ગામમાં કોઇનેય ત્યાં આવું બને તો 'એ કેવી રીતે બન્યું હશે ? અને આવું થતું શી રીતે અટકે ?' એવો વિચાર આપણા મનમાં ઊઠવો જોઇએ. અને એ રીતે વિચાર કરવાની સૌ ગામલોકોની ફરજ છે એમ સમજવું જોઇએ.

"પ્રભુ આપણને સૌને સદ્‌બુદ્ધિ આપો."

ભીંતપત્રના આ લખાણથી ગામમાં ચિંતાની લાગણી પ્રસરી ગઇ અને લોકોમાં આ વાતની ચર્ચા ચાલી. કેટલાક લોકો તો અમુક અમુક કોમના અમુક અમુક ભાઇઓ ઉપર પહેલેથી જ વહેમાતા હતા. એટલે એમને થયું કે એવા લોકો ઉપર કંઇને કંઇ દબાણ લાવવું જ જોઇએ, જેથી ચોર હાથ આવે ને બબલભાઇના ઉપવાસ છૂટે. આથી બીજે દિવસે ભીંતપત્ર ઉપર મેં આ પ્રમાણે જાહેર કર્યું:

"મારા જાણવામાં આવ્યું છે કે કેટલાક ભાઇઓ અમુક અમુક વ્યક્તિઓ ઉપર વહેમ આવતો હોવાથી એમના ઉપર દબાણ લાવવાનો વિચાર ચલાવે છે; તો એમને મારે કહેવું જોઇએ કે મારી આ પ્રાર્થના—ઉપવાસો—તમે ચોર પકડી લાવો કે સોનાનો દોરો લાવી આપો એટલા માટે નથી. આ તો આપણા સૌના દિલમાં ચોર કયાં કયાં ભરાઇ બેઠા છે એને શોધી કાઢવાની પ્રેરણા મળે એટલા માટે છે. એટલે કોઇ કોઇના ઉપર અજુગતું દબાણ લાવશો તો એ મને નહિ ગમે. આ સપ્તાહને તો આપણી દરેકની આત્મશુદ્ધિનું સપ્તાહ બનાવી મૂકો. ચોરને આવવું હશે તો એ એની મેળે મારી પાસે આવશે. કોઇએ એને લાવવાની જરૂર નથી."

આ ભીંતપત્રથી ગામનું વાતાવરણ જ બદલાઇ ગયું. સપ્તાહ દરમિયાન હું સવાર-સાંજ પ્રાર્થના કરતો, ગ્રામસફાઇ કરતો, ભીંતપત્રો ઉપર વિચાર કે ભાવનાને પ્રેરે એવાં લખણો લખતો, સાંજે થોડું ફરવા જતો, રાત્રે લગે લગ્ને પ્રાર્થના-સભામાં થોડાતી હતી એમાં જતો અને પ્રાર્થના બાદ ત્યાં આવેલાઓને સંબોધતો. દરેક લત્તાવાળા પોતાના લત્તાની સુંદર સફાઇ કરીને સભાનું આયોજન કરતા. લત્તાના ભાઇઓ, બહેનો અને બાળકો મોટી સંખ્યામાં ભેગાં થઇને ગંભીરપણે પ્રાર્થનામાં ભાગ લેતાં અને હું પ્રાર્થના બાદ જે કાંઇ કહું એના ઉપર વિચાર કરતાં. દિવસે દિવસે ગામની હવા શુદ્ધ થતી જતી હતી એવું મને લાગતું હતું અને મારું મન પણ પ્રસન્ન રહેતું હતું.

પણ મને એવી ખાત્રી ન હતી કે ચોરી કરનાર ભાઇ આ ઉપવાસ-કાળ દરમ્યાન આવીને મળી જશે. ચોરી કરનાર બહારગામની વ્યક્તિ પણ હોઇ શકે. એને મારા ઉપવાસની ખબર પણ ન પડે. અને ખબર પડે તો એની એટલી અસર ન પડે એવું ય બને. આ પ્રાર્થનામય ઉપવાસથી કંઇ નહિ તો મારી તેમજ ગામની અશુદ્ધિઓ તો ઓછી થવાની જ એવી તો મારી શ્રદ્ધા હતી જ.

પણ બન્યું એવું કે ત્રીજે દિવસે સાંજે એક ભાઇ મને એકાંતમાં મળવા આવ્યા. મારા હાથમાં એમણે એક ચિઠ્ઠી મૂકી. એમાં લખ્યું હતું કે આ દોરાની ચોરી મેં કરી છે અને મને એની માફી આપો. મને નવાઇ લાગી કે આવો ભણેલો ગણેલો ઉજળિયાત કોમનો માણસ આવી ચોરી કરે ? પણ એની સાથેની વિશેષ વાતચીત પરથી મારા મનની ખાત્રી થઇ કે ચોરી તો એણે જ કરી છે. એણે એ ચોરી કેવા સંજોગોમાં, શા માટે અને કેવી રીતે કરી હતી એ બધું કહ્યું. દોરો તો એના હાથમાંથી ચોરી થઇ તે દિવસથી પાછો ન આવે એ રીતે ચાલી ગયો હતો. એની એક પાઇ પણ એના હાથમાં આવી ન હતી.

મેં પૂછ્યું 'પણ તને આ જે કાંઇ થયું છે એ ખોટું થયેલું લાગે છે ?' એણે કહ્યું, "એ તો ખોટું જ થયું છે તો ! આજ સવારનું તો મેં ખાધું પણ નથી". 'ત્યારે તું હવે કદી ચોરી નહિ કરવાની પ્રતિજ્ઞા લઇશ ખરો ?' થોડીવાર વિચાર કરીને એણે કહ્યું, 'કદી ચોરી ન કરવાની પ્રતિજ્ઞા તો, ન લઇ શકું.' એ જાણે લાચાર થઇને બોલતો હતો.

મેં કહ્યું, 'તને આ ખોટું થયું લાગે છે તો પણ ચોરી કરવાની પ્રતિજ્ઞા ન લઇ શકે ? કંઇ કારણ ?'

'કારણ તો શું, પણ એવી પ્રતિજ્ઞા મારાથી પળાય નહિ. તમારા જેવાની પાસે પ્રતિજ્ઞા લઉં અને પાળું નહિ તો હું પાપમાં પડું. કોકના ખેતરમાં શાક કે કેરી જોઉં તો મને એ તોડવાનું મન થઇ જાય.'

એના મનનો ભાવ સમજીને મેં એને બીજો સવાલ પૂછ્યો, 'પણ આવી મોટી ચોરી પહેલાં તેં કદી કરેલી ?'

'જી હા.'

'ત્યારે તું એવી ચોરીઓ ન કરવાની પ્રતિજ્ઞા લે ખરો ?'

એ કહે, 'એવી પ્રતિજ્ઞા જરૂર લઉં, અને બબલભાઇ, તમારી પાસે લીધેલી એ પ્રતિજ્ઞા હું બરાબર પાળીશ.' આમ કહીને એણે મારી રૂબરૂ હાથવતી પાણી મેલીને 'હું કદી આવી ચોરી કરીશ નહિ કે કરાવીશ નહિ' એવી પ્રતિજ્ઞા લીધી.

મને આનંદ થયો. એ ભાઇએ વિદાય લીધી એ પહેલાં મેં એને સલાહ આપી કે "તેં મોટી ચોરી ન કરવાની પ્રતિજ્ઞા લીધી, પણ નાની ચોરીઓમાંથી જ મોટી ચોરીઓ પેદા થતી હોય છે, એટલે તું નાની ચોરીઓ પણ ન કરીશ". એ ભાઇ કહે કે, 'એને માટે પ્રતિજ્ઞા તો નથી લીધી, પણ પ્રયત્ન તો કરીશ જ.' આમ હળવો બનીને એ વિદાય થયો. એની આર્થિક સ્થિતિ તો બહુ જ નબળી હતી. એમ છતાં મેં કહ્યું કે, 'તારે આ ચોરી થઇ છે એ બદલ કંઇક ત્યાગ કરવો જોઇએ.'

એણે પૂછ્યું. 'શું ત્યાગ કરું ? તમે જણાવો.'

મેં 'કહ્યું કે, 'પાંચ રૂપિયા ધર્માદામાં નંખાશે ?' તો કહે કે, 'જરૂર. પાંચ રૂપિયા હાથમાં આવશે એટલે તમને જ આપી જઇશ. અને તમે ઠીક લાગે ત્યાં ધર્માદામાં વાપરજો.'

ચોથા દિવસે મેં ભીંતપત્ર મારફત ગામલોકોને આ બધી હકીકત જણાવી અંતે કહ્યું કે,

"જેમના ઉપર કેટલાકને વહેમ હતો એવો આ માણસ

નથી. આ તો ભણેલા ગણેલા એક ઉજળિયાત કુટુંબનો માણસ છે. એણે શા માટે આવું કર્યું એની વિગતો પણ નહિ આપું. અને તમે કોઇ એનું નામ મારી પાસેથી જાણવાની ઇચ્છા પણ ન રાખશો. હું એટલું જાણાવું છું કે એને આ ચોરી કરવા બદલ પસ્તાવો થયો છે. અને આવી ચોરી ન કરવાની એણે મારી રૂબરૂ પ્રતિજ્ઞા લીધી છે. પ્રભુ એની પ્રતિજ્ઞા પાળવાનું બળ આપે એવી મારી પ્રાર્થના છે. આપણે સા પણ આપણા જીવનમાં આવાં જે કાંઇ પાપ પેસી ગયાં હોય એને દૂર કરવા મથીએ.

"આપણું આ પ્રાર્થના-ઉપવાસનું સપ્તાહ તો ચાલુ જ રહે છે. પ્રાર્થનાસભાઓ પણ નક્કી થયેલા લત્તાઓમાં ચાલશે. પરંતુ આજથી તે સપ્તાહ પૂરું થાય ત્યાં સુધી હું પાણી ઉપરાંત જરૂરી બીજું થોડું પ્રવાહી લેવાની છૂટ મૂકું છું."

આમ આ સપ્તાહ અપારા પોતાના તથા અમારા ગામ માટે એક સુંદર શુદ્ધિસપ્તાહ નીવડ્યું. પેલો ભાઇ માફી માગી ગયો એની ગામલોકો ઉપર પણ સારી અસર પડી અને પ્રાર્થના વિષેની ઘણાની શ્રદ્ધા વધી. પેલા ભાઇનું નામ મેં કોઇને ન કહ્યું એની અસર એના ઉપર બહુ ભારે પડી. એ પણ બધાંની સાથે પ્રાર્થનામાં તો આવતો પણ હું વાંચતો હોઉં ત્યારે પણ કોઇક વખત શાંતિથી બેસી રહેતો. હું એને નાની ચોરીની વાત યાદ કરાવું એ પહેલાં એક દિવસ એણે પોતે જ કહ્યું કે, 'બબલભાઇ, હવે તો નાની ચોરી પણ નહિ કરું.'

માણસના હૃદયમાં પ્રાર્થનાનું બળ કેવું ગહન રીતે કામ કરતું હોય છે તેનું આ પ્રસંગથી મને વિશેષ દર્શન થયું. કોઇ મને પૂછે કે આ શુદ્ધિપ્રયોગ હતો? તો હું કહું કે શુદ્ધિ-પ્રયોગ કહો તો શુદ્ધિપ્રયોગ-આવો શુદ્ધિપ્રયોગ તો મને ગમે છે. પરંતુ આને શુદ્ધિપ્રયોગ પણ શાં માટે કહેવો? આ તો શુદ્ધિનું કાર્ય જ થયું. મેં એનું નામ આપ્યું 'શુદ્ધિસપ્તાહ.'

બબલભાઇ મહેતા

પ્રકીર્ણ નોંધ

શ્રી મહાવીર જૈન વિદ્યાલયે
હાથ ધરેલું આગમ-પ્રકાશનકાર્ય

શ્રી મહાવીર જૈન વિદ્યાલય જૈન શ્વે. મૂ. વિભાગની એક જૂની અને જાણીતી સંસ્થા છે. તેનું મુખ્ય કાર્ય એસ. એસ. સી. પછીનું ઉચ્ચ શિક્ષણ લેતા જૈન શ્વે. મૂ. વિદ્યાર્થીઓને રહેવા ખાવા વગેરેની સગવડ આપે એવાં મુંબઇ, અમદાવાદ, વડોદરા તથા પૂના ખાતે ઊભાં કરવામાં આવેલાં છાત્રાલયો ચલાવવાનું અને એ સિવાયના અન્ય સ્થળોએ ભણતા જૈન વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિઓ વડે ટેકો આપવાનું રહેલું છે. આ ઉપરાંત તે સંસ્થા તરફથી પ્રકાશનપ્રવૃત્તિ ચાલે છે અને તે દ્વારા આજ સુધીમાં છ કે સાત ઉચ્ચ કોટિનાં અને ઠળદાર પ્રકાશનો થયાં છે. આ સંસ્થા તરફથી તાજેતરમાં એક નવું સાહસ હાથ ધરવાનું નક્કી કરવામાં આવ્યું છે.

આ સાહસ જૈન ધર્મનું સમગ્ર મૂળ આગમ સાહિત્ય પ્રગટ કરવાને લગતું છે. જે સ્થાન વૈદિક ધર્મમાં વેદ-ઉપનિષદનું છે તે સ્થાન જૈન ધર્મમાં આગમોનું છે. આ આગમોમાં મોટા ભાગે ભગવાન મહાવીરના મુખ્ય ગણધર ગૌતમસ્વામી અને ભગવાન મહાવીર વચ્ચેના પ્રશ્નોત્તરો-સંવાદો-સંકલિત કરવામાં આવ્યા છે. આ કારણે આ આગમોને ભગવાન મહાવીરની મૂળવાણી તરીકે ઓળખવામાં આવે છે અને તેથી તેનું જૈન ધર્મગ્રંથોમાં અસાધારણ મહત્વ છે. તેનો કાળ ૨૫૦૦ વર્ષ જેટલો જૂનો લેખવામાં આવે છે.

આજથી ૧૫૦૦ વર્ષ પહેલાં (વીર નિર્વાણ સં. ૧૬૮૦માં) સૌરાષ્ટ્રમાં આવેલા વલ્લભીપુર ખાતે જૈન આચાર્ય શ્રી દેવર્ધિ-ગણિ ક્ષમાશ્રમણે તત્કાલીન બહુશ્રુત જૈન આચાર્યોની એક પરિષદ બોલાવી હતી અને મૌખિક પરંપરાથી ચાલી આવતા આગમપાઠોને સંકલિત અને સંપાદિત કરીને એ આગમોને તેમણે ગ્રંથસ્થ કરાવ્યા હતા. તે આગમોની ત્યાર બાદ અનેક હસ્ત-લિખિત પ્રતો થતી રહેલી, પણ અનેક પ્રતો અનેક હાથોથી જુદા જુદા સમયે લખાયેલી હોવાથી આ પ્રતોના પાઠો બધા એક-સરખા જળવાઇ ન રહે એ સ્વાભાવિક છે. વળી ભિન્ન ભિન્ન માન્યતા ધરાવતા આચાર્યોના હાથે પણ મૂળ પાઠોમાં ભેળસેળ થતી રહી હોય એ પણ એટલું જ સ્વાભાવિક છે.

આધુનિક કાળમાં આ હસ્તલિખિત આગમોને મુદ્રિત રૂપ આપવાનું ભગીરથ કાર્ય સૌથી પ્રથમ સ્વ. જૈનાચાર્ય શ્રી સાગરાનંદસૂરિએ કર્યું હતું. ત્યાર પછી આ જૈન આગમોને અંશતઃ કે સમગ્રપણે, મૂળ કે અનુવાદના રૂપમાં, પ્રસિદ્ધ કરવાના જૈન સમાજ તરફથી અનેક પ્રયત્નો થતા રહ્યા છે. સ્વ. સાગરા-નંદસૂરિ શ્વે. મૂ. સંપ્રદાયના અને તપગચ્છના-કટ્ટર સાંપ્ર-દાયિકતાને વરેલા-આચાર્ય હતા. તેમની આ ત્રુટિની છાયા તેમના આગમ પ્રકાશનોમાં પડેલી જોવામાં આવે છે. આવી જ ત્રુટિ આજ સુધી પ્રગટ થયેલાં બીજાં અનેક આગમ પ્રકાશનોમાં પણ નજરે પડે છે. વળી સ્વ. સાગરાનંદ સૂરિના પ્રયત્નોને આજે લગભગ પચ્ચાસ વર્ષ થવા આવ્યા. ત્યાર બાદ આજ સુધીમાં સંશોધન પ્રવૃત્તિનો ખૂબ વિકાસ થયો છે. વળી અંગત સાંપ્ર-દાયિક માન્યતાઓથી અલગ એવી તટસ્થ દૃષ્ટિ એ આજના યુગની વિશેષતા છે. વળી આજના પુરાતત્વ સંશોધકો-પૂર્વના અને પશ્ચિમના-જૈન આગમોની પ્રમાણભૂત આવૃત્તિ માગી રહ્યા છે. વર્તમાન યુગની આ જરૂરિયાતને ધ્યાનમાં લઇને શ્રી મહાવીર જૈન વિદ્યાલયના કાર્યવાહકોએ આગમ પ્રકાશનને લગતી એક યોજના હાથ ધરવાનો નિર્ણય કર્યો છે. આવા મોટા કાર્યની જવાબદારી સદ્‌ભાગ્યે મુનિ શ્રી પુણ્ય-વિજયજી તથા પંડિત દલસુખભાઇ માલવાણિયાએ સ્વીકારી છે. આ બન્ને વ્યક્તિ એવી છે કે જે જન્મે જૈન હોવા છતાં સાંપ્રદાયિક અભિનિવેશોથી મુક્ત છે અને બન્નેનું આજ સુધીનું જીવન સંશોધનકાર્ય અને જૈન ધર્મ સાહિત્યના અભ્યાસ પાછળ વ્યતીત થયેલું હોઇને આવી મોટી જવાબદારીને પહોંચી વળવા માટે તેઓ બન્ને પૂરા સમર્થ છે.

આ આખું આગમ સાહિત્ય-માત્ર મૂળ જ-૬૦૦ પાનાના એવા ૧૬ ભાગમાં પ્રગટ કરવામાં આવશે. કુલ દશ હજાર પાનાં થવા સંભવ છે. આ કાર્ય પૂરું કરતાં લગભગ નવથી દશ વર્ષ લાગશે અને તે પાછળ ખર્ચ લગભગ ચાર લાખ રૂપિયાનો થશે એવી ગણતરી કરવામાં આવી છે.

આ આગમ ગ્રન્થમાળાના મુખ્ય સંપાદકો મુનિશ્રી પૂણ્ય-વિજયજી અને પંડિત શ્રી દલસુખભાઇ માલવણિયાની સલાહ-સૂચના પ્રમાણે અને તેમની દેખરેખ તેમ જ દોરવણી હેઠળ આ કાર્ય કરવામાં આવશે. મુખ્ય સંપાદકો પોતાને યોગ્ય જણાય તેવા વિદ્વાનોને જુદા જુદા આગમોનું સંપાદન કાર્ય સોંપશે.

આ આગમ ગ્રંથોમાં મૂળ પાઠની સાથે જરૂરી પાઠાન્તરો આપવામાં આવશે, તેમજ મૂળ આગમોનો પરિચય આપતી પ્રસ્તાવના વિશિષ્ટ પ્રકારની માહિતી આપતાં પરિશિષ્ટો તેમજ શબ્દસૂચિ વગેરે આપવામાં આવશે.

આ કાર્યનો ઔપચારિક આરંભવિધિ તા. ૬-૧૧-'૬૦

રવિવારના રોજ અમદાવાદ ખાતે લુણસાના ઉપાશ્રયે મુનિશ્રી પુણ્યવિજયજીના સાન્નિધ્યમાં કરવામાં આવ્યો હતો. એ પ્રસંગે સંસ્થાના મંત્રી શ્રી ચંદુલાલ વર્ધમાન શાહે પ્રસ્તુત યોજનાની વિગતવાર સમજૂતી આપી હતી અને આ પ્રસંગે ઉપસ્થિત થયેલા પંડિત સુખલાલજીએ, મુનિ જિનવિજયજીએ તેમજ અન્ય અનેક વિદ્વાનો, સંશોધકો અને આગેવાન જૈનોએ આ યોજનાને હાર્દિક આવકાર આપ્યો હતો. આવી વિરાટ યોજના હાથ ધરવા બદલ શ્રી મહાવીર જૈન વિદ્યાલયના કાર્યવાહકોને ધન્યવાદ ઘટે છે.

શબની અંતિમ સંસ્કારવિધિ અને આજનું શહેરી જીવન

આજે આપણા સમાજમાં કોઇનું મૃત્યુ થાય છે તો તેના શબને વાંસ વળીઓની બનાવેલી નનામી ઉપર ગોઠવી, ઢાંકી અને બાંધીને મરનાર વ્યક્તિના સગાવહાલાં સ્મશાને લઇ જાય છે અને લાકડાની ચિતા ગોઠવીને તે શબનો અગ્નિસંસ્કાર કરવામાં આવે છે. આ બધી વિધિ પાછળ સ્વજનસમુદાયને પાંચ છ કલાક રોકાવું પડે છે. આપણી આ કાળજૂની પરંપરા છે.

આજે મોટાં શહેરો અસ્તિત્વમાં આવ્યાં છે અને શહેરોમાં વસતી જનતા પોતપોતાના વ્યવસાયમાં ખૂબ રોકાયેલી હોય છે. શહેરોના વિસ્તાર વધતા જતા હોવાથી સગાસંબંધીઓના સારામાઠા પ્રસંગે એક સ્થળેથી બીજે સ્થળે જતાં આવતાં ખૂબ સમય લાગે છે. મોટા શહેરમાં સ્વજનનું મૃત્યુ થતાં ઘણી વખત સગાવહાલાં પૂરતી સંખ્યામાં એકઠા થઇ શકતા નથી અને તેવી પરિસ્થિતિમાં શબને સ્મશાને પહોંચાડવાનું અને વિધિસરનો અગ્નિસંસ્કાર કરવાનું કામ નજીકના કુટુંબીજનો માટે એક મોટી આફતરૂપ બની જાય છે. ઘણી વખત જ્યારે કોઇ મરી જાય છે ત્યારે નનામી માટે શું શું લાવવું, મૃતદેહને કેમ બાંધવો અને ચિતા કેમ ખડકવી તેની હાજર રહેલા પુરુષોને પૂરી ખબર હોતી નથી. વળી ઉપર વર્ણવી તેવી શબનો નીકાલ કરવાની પ્રથાનું સ્વરૂપ ખ્રિસ્તી લોકોની તેમજ મુસલમાન લોકોની આને લગતી પ્રથા સાથે સરખાવતાં આપણી સુરુચિને સખત આઘાત પહોંચાડતું લાગે છે અને દરેક મૃત્યુ પ્રસંગે આપણે હવે આ પ્રથામાં ફેરફાર કરીએ તો સારું એવો વિચાર કોઇ પણ સંસ્કારી વ્યક્તિને આવ્યા સિવાય રહેતો નથી; આમ છતાં પણ સૈકાઓથી ચાલી આવતી પ્રથાને તોડવાની એટલે કે તેને વધારે સભ્ય આકાર આપવાની હિંમત કોઇ કરી શકતું નથી. આનું એક એ પણ કારણ છે કે સ્વજનનું મૃત્યુ એ બહુ નાજુક પ્રસંગ છે અને તેવા પ્રસંગે એકઠા થયેલા જૂનવાણી સમુદાયનો આગ્રહ મોટા ભાગે ચાલતું આવ્યું છે એમ જ ચાલવું જોઇએ એ પ્રકારનો હોય છે. કોઇ હિંમત કરીને ચાર પૈડાવાળી સ્ટ્રેચર મંગાવીને તે ઉપર મૃતદેહને મૂકીને લઇ જવાનું સૂચવે છે, તો આસપાસના સગાંવહાલાં 'શું અમારા ખભા ભાંગી ગયા છે?' એવો જવાબ આપીને ઉપરની સૂચના કરનારનું મોઢું બંધ કરે છે. બહુ નજીકના સ્વજનો ઊંડી ગમગીનીમાં ડૂબેલા હોય છે, એટલે તેઓ નવા વિચારના હોય તો પણ ત્યાં સુધી આ વાત પહોંચાડી શકાતી નથી. પણ હવે વખત પાકી ગયો છે કે આ પ્રથામાં જલ્દીથી ફેરફાર કરવામાં આવે અને જે નનામીમાં શબને બાંધીને દોડાદોડપૂર્વક લઇ જવાની પ્રથા છે તેના સ્થાને ચાર પૈડાવાળી સ્ટ્રેચર–એટલે કે ટ્રોલી–જે ખરું જોતાં મોટા શહેરના આજના દરેક સ્મશાનમાં હોય જ છે તે મંગાવીને તે ઉપર શબને રીતસર ગોઠવીને આદરપૂર્વક–શાંતિપૂર્વક સ્મશાને પહોંચાડવામાં આવે અને સાધનસંપન્ન કુટુંબ હોય તો આ શબવાહિનીને ફૂલહારથી શણગારવામાં આવે.

મૃત વ્યક્તિ સાથેનો પાછળ રહેલા સ્વજનોનો સંબંધ વિચારતાં આવો ફેરફાર વધારે સભ્યતાભર્યો લાગે છે, સુરુચિયુક્ત ભાસે છે, એટલું જ નહિ પણ, આજના ભીડ અને ભીંસવાળા શહેરી જીવનમાં વધારે સગવડભર્યો લાગે છે. જ્યારે પણ કુટુંબમાં કોઇ અવસાનઘટના બને ત્યારે જો આવો આગ્રહ નજીકના સ્વજનો તરફથી દાખવવામાં આવે તો, હું ધારું છું કે, પ્રચલિત જૂની પ્રથામાં બહુ જલ્દિથી ફેરફાર થઇ શકે તેમ છે, કારણકે નવા વિચારના ઘણાખરાને આ વાત ખરેખર ગમતી હોય છે, પણ મોટા ભાગે જૂનવાણી માનસ ધરાવતા વૃદ્ધ વડિલોનાં આ બાબત અંગેના અક્કડ વલણને લીધે, છે એમ ને એમ જ ચાલ્યા કરે છે, અને આ નવી રીતે મૃતદેહને સ્મશાને પહોંચાડ્યા બાદ, મુંબઇ જેવું શહેર કે જ્યાં ઇલેકટ્રીક ક્રેમેટોરિયમ–એટલે કે ઇલેકટ્રીસીટીથી બાળવાની સગવડ–ઊભી કરવામાં આવી છે ત્યાં લાકડાની ચિતા ગોઠવીને અગ્નિસંસ્કાર કરવામાં આવે છે તેને બદલે વીજળીથી મૃતદેહને ભસ્મીભૂત કરવામાં આવે તે વધારે ઇચ્છવાયોગ્ય છે. જૂની પ્રથા પ્રમાણે મૃતદેહને ગોઠવાયેલા લાકડાના ઢગલા ઉપર મૂકવામાં આવે છે અને તેની ઉપર બીજા લાકડા ખડકવામાં આવે છે અને પછી બહુ નજીકનો સગો આગ મૂકીને ચિતાને પ્રગટાવે છે. આમ આપણા સ્વજનના દેહને ભડભડ બળતી ચિતામાં ભુંજાતું જોવું પડે છે, જેથી આપણું દિલ ખૂબ દુભાય છે અને ચિત્ત એક પ્રકારની જુગુપ્સા અનુભવે છે. જ્યાં સુધી બીજો કોઇ ઉપાય નહોતો ત્યાં સુધી આ બાબતમાં ફેરફારની શકયતા નહોતી, પણ હવે જ્યાં શહેરના સુધરાઇ ખાતાએ શબને વીજળીથી બાળવાની ગોઠવણ કરી છે ત્યાં જૂની પ્રથા છોડીને આ સગવડનો આપણા લોકોએ વિના સંકોચે લાભ લેતા થવું જોઇએ અને જ્યાં એવી સગવડ ન હોય ત્યાં એવી સગવડ પૂરી પાડવા માટે શહેરના નાગરિકોએ હીલચાલ શરૂ કરવી જોઇએ.

આ વિદ્યુતદહન કેમ કરવામાં આવે છે તે જોઇએ. ક્રેમેટોરિયમમાં મૃતદેહને જો નનામીમાં બાંધીને લાવવામાં આવ્યો હોય તો તે નનામીને એક ટ્રોલી ઉપર ગોઠવવામાં આવે છે અને ઇલેકટ્રીક ચેંબર પાસે તે ટ્રોલીને લઇ જવામાં આવે છે અને તે ચેંબરનું બારણું ખોલીને નનામીને અંદર સરકાવી દેવામાં આવે છે અને પછી વીજળીનો પ્રવાહ ચાલુ કરતાં ચેંબરની અંદર અગ્નિશિખાઓ પ્રજ્વલિત થાય છે અને એકાદ કલાકમાં આખી નનામીને ભસ્મિભૂત કરી નાખે છે અને તેની ભસ્મ પતરાના મોટા એક થાળામાં ભરીને બહાર લાવવામાં આવે છે, જેમાંથી મૃતદેહના અસ્થિને કોઇ જળાશયમાં પધરાવવાની માન્યતા ધરાવતા સગાવહાલાં અસ્થિ વીણી લઇ શકે છે. નનામીને બાંધ્યા સિવાય શબને ગાડીમાં ગોઠવીને લાવવામાં આવેલ હોય તો ક્રેમેટોરિયમમાં વળી વાંસની કામચલાઉ નનામી તૈયાર હોય છે તે ઉપર મૃતદેહને મૂકીને પછી ઉપર જણાવ્યું તે મુજબ ઇલેકટ્રીક ચેમ્બરમાં મૃતદેહને સરકાવી દેવામાં આવે છે.

અહી ખર્ચનો પણ ખ્યાલ આપવાની જરૂર લાગે છે. કોઇ પણ મૃત્યુ થયું હોય અને કોઇ મારફત ક્રેમેટોરિયમમાં કહેવરાવવામાં આવે તો ત્યાંના માણસો સ્ટ્રેચર સાથેની ટ્રોલી જેવી ગાડી સુચવેલ સ્થળે લઇ આવે છે. પછી સગાંવહાલાં શબને તે સ્ટ્રેચર ઉપર ગોઠવીને ક્રેમેટોરિયમમાં લઇ જાય છે અને ત્યાં તેનો વિદ્યુતસંસ્કાર થાય છે. તેનું કુલ બીલ રૂા. ૧૭ આવે છે. એકલી ગાડીનું સાધારણ રીતે રૂા. ૩ ભાડું પડે છે, પણ અંતર વધારે લાંબું હોય તો તે પ્રમાણે થોડું વધારે ભાડું આપવાનું રહે છે. નનામીનો સામાન અને લાકડાની ચિતાનો ખર્ચ આથી

જરૂર વધી જાય છે. સાધારણ અને ગરીબ માણસો માટે આ સગવડ અનેક દૃષ્ટિએ ભારે રાહતરૂપ છે.

આ નોંધ લખવા હું કેમ પ્રેરાયો તે પ્રસંગ અહીં આપું તો અનેકને માટે કદાચ તે માર્ગદર્શક બનશે. મારા બનેવીનું થોડા દિવસ પર અવસાન થયું. ખબર પડી કે તરત જ અમે બધાં સગાવહાલાં તેમના ઘેર એકઠાં થયાં. મારા મનમાં વિચાર તો આવ્યો કે મારા બનેવીને ગાડીમાં લઈ જઈએ અને વીજળીથી તેમનો અગ્નિસંસ્કાર કરીએ તો સારું, પણ ઘરમાં કુટુંબમાં વડિલના સ્થાને માત્ર મારી બહેન અને તેને આ વાત સૂચવાય કેમ? કોઈ બીજી બાબત અંગે હું તેની પાસે ગયો, એટલે તેનો જવાબ આપીને સાથે સાથે જણાવ્યું કે "મારે આમને નનામીમાં બાંધીને નથી લઈ જવા. તેમને ગાડીમાં જ લઈ જઓ અને ત્યાં પણ વીજળીથી જ તેમનો અગ્નિસંસ્કાર કરો એવી મારી ઇચ્છા અને આગ્રહ છે. અને આ એટલા માટે કહું છું કે આપણે જો આવો ફેરફાર કરીશું તો સાધારણ માણસો આપણું અનુકરણ કરશે. જૂની રીતે ચાલવા જતાં સાધારણ માણસોને મુંબઈ જેવા શહેરમાં કેટલો ત્રાસ અને હાડમારી પડે છે તેની મને ખબર છે." વણપૂછ્યે બહેને પોતે જ આ પ્રમાણે પોતાની ઇચ્છા દર્શાવી એટલે મારો માર્ગ સરળ થઈ ગયો અને તે મુજબ બધી વ્યવસ્થા કરી અને પાર પાડી અને સ્મશાન-યાત્રામાં આવેલા સૌ કોઈને આ ફેરફાર બહુ ગમ્યો. તરતમાં જ પતિવિહોણી બનેલી બહેને આ બાબતમાં આટલી જાગૃતિ અને હિંમત દેખાડી, તેથી તેના વિષેના મારા આદરમાં વૃદ્ધિ થઈ.

આ ઘટનાનો અહીં હું એટલા માટે ઉલ્લેખ કરું છું કે જ્યારે પણ નજીકના કુટુંબમાં આવી કોઈ દુર્ઘટના બને ત્યારે મારી બહેનનો દાખલો આપીને પણ લાગતાવળગતાઓ શબ-વ્યવસ્થાને લગતી જંગલી પ્રથા તોડીને આપણી સભ્યતા અને સંસ્કૃતિને ગૌરવ આપે એવી આ નવી પ્રથાને અપનાવે.

સફળ સમુદ્રવિહાર

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી તા. ૪–૧૧–'૬૦ શુક્રવારના રોજ યોજવામાં આવેલ સમુદ્રવિહાર ધાર્યો મુજબ સફળ થયો હતો. આ સમુદ્રવિહારનો ૩૦૦ ઉપર ભાઈબહેનો તથા બાળકોએ લાભ લીધો હતો. રાત્રિના બરોબર આઠ વાગે 'શોભના' સ્ટીમર ગેઇટ વે ઓફ ઇન્ડિયાના કિનારેથી ઉપાડવામાં આવી હતી. વદ ૧૩ના ચંદ્રનો થોડા સમય પહેલાં પૂર્વ દિશામાં ઉદય થયો હતો અને તેનો પ્રકાશ સમુદ્રના વિશાળ પટ ઉપર પથરાઈ રહ્યો હતો. સ્ટીમરમાં માઇક અને લાઉડસ્પીકરની ગોઠવણ રાખવામાં આવી હતી. ઇડલી અને આઇસક્રીમના ઉપાહારની વ્યવસ્થા કરવામાં આવી હતી. સમય જતાં દરિયા ઉપર ચાંદની ચોતરફ પથરાઈ ચૂકી હતી અને આંખોને અવર્ણનીય આનંદથી પલ્લવિત કરતી હતી. દરિયો અત્યન્ત શાન્ત અને સ્વસ્થ હતો અને તેથી સૌ કોઈ આ નૌકાવિહારને પ્રસન્નતાપૂર્વક માણી શકયું હતું. માઇક ઉપર ગાનતાનની રેલમછેલ ચાલી રહી હતી, પણ તેનો ઘોંઘાટ દરિયાની શાન્તિ માણવા ઇચ્છતા પ્રવાસીઓને કદિ કદિ ત્રાસ રૂપ બની જતો હતો. ઉપાહાર પૂરતા પ્રમાણમાં હોવા છતાં કેટલાક ભાઈ બહેનોએ જરૂરી વિવેક મર્યાદા જાળવી નહિ, જેના પરિણામે થોડાંક ભાઈબહેનોને એ વિના ચલાવવું પડયું હતું. સ્ટીમરમાં ઉપર નીચે બધે ફરવા બેસવાનું સ્વાતંત્ર્ય મળવાથી બાળકો તો જ્યાં ત્યાં ઉપર નીચે ઘુમ્યા કરતાં હતાં અને મોટી ઉમ્મરનાં ભાઈબહેનો પણ પોતપોતાને ગમે તેવા સ્થાને દરિયો અને ચાંદની માણી શકતાં હતાં. આઠ વાગ્યે સ્ટીમર ઉપડેલી તે જોતજોતામાં નવ વાગ્યા, દશ વાગ્યા અને અગિયાર વાગવા આવ્યા. આનંદકલ્લોલમાં સમય કેમ પસાર થયો તેની ખબર પડી નહિ અને સ્ટીમર જ્યારે કિનારાને સ્પર્શીને ઊભી રહી ત્યારે જે દુનિયાથી છૂટા પડીને અલૌકિક સૃષ્ટિમાં ત્રણ કલાક વિચરી રહ્યા હતા તે દુનિયા વિષે સૌ સભાન બન્યા અને સ્ટીમર છોડવી ન ગમતી હોય એ પ્રકારની જરા ભારે હૈયે સૌએ જળની દુનિયા છોડીને સ્થળની દુનિયામાં પદપ્રવેશ કર્યો.

મેલી વિદ્યાને પડકાર

તા. ૨૩–૧૦–૬૦ના 'જન્મભૂમિ'માં નીચેના સમાચાર પ્રગટ થયા હતા:–

"રાજકોટ, તા. ૨૨: કાળી ચૌદસની ૧૯ મીની રાત્રે ખાખરેચી ગામના સ્મશાનમાં લગભગ બે હજાર માણસોની હાજરીમાં ભુતપ્રેતને આહવાન કરી શકતી મેલી વિદ્યાનું પારખું કરવાનો રસપ્રદ બનાવ બન્યો હતો.

"લોકોના મનમાંથી મેલી વિદ્યા પરત્વે અંધશ્રદ્ધા નાબૂદ કરવા માટે ખાખરેચી ગામના સરપંચે ભૂવા ભરાડી અને ફેરા ધાંગા કરનારા તાંત્રિકોને ખુલ્લો પડકાર કર્યો હતો અને મેલી વિદ્યાની સચ્ચાઇ પુરવાર કરનારને રૂપિયા ૫૧નું ઇનામ આપવાનું જાહેર કર્યું હતું. આ પડકાર ઝીલી લેવા માટે માતાજીના ભૂવા, વાઘરીના ભૂવા અને ડાકલાં વગાડનારા રાવળિયાઓ ખાખરેચી ગામે આવ્યા હતા. સરપંચ પોતે રીતસર ઠાઠડીમાં સૂઇ ગયા હતા. તેમને સ્મશાનમાં લઈ જવામાં આવ્યા હતા. ભૂવાઓએ ત્યાં બે હજાર લોકોની હાજરીમાં મુઠ મારી હતી, અડદના મંત્રેલા દાણા નાખ્યા હતા અને તલવારથી લીસોટા તાણ્યા હતા અને એવું જાહેર કર્યું હતું કે હવે આ સરપંચ કોઈ કાળે પણ બેઠા થઈ શકશે નહીં, સીધા ભગવાનને ત્યાં પહોંચી જશે. એ સાંભળીને તુરત જ સરપંચ બેઠા થઈ ગયા અને કહેવાતી મેલી વિદ્યા કેવી બોટી છે તે તેમણે સિદ્ધ કરી બતાવ્યુ હતુ."

મેલી વિદ્યાને પહેલાં પણ રાજકોટ કે એ બાજુએ આવો પડકાર કરવામાં આવ્યો હતો. આપણા લોકોનાં મન જાત જાતના વહેમો અને તેમાંથી પેદા થતા તરેહ તરેહના ભયોથી અભિભૂત છે. તેને વહેમમુક્ત તેમ જ ભયમુક્ત કરવા માટે આવાં મથકોએ ખુલ્લા પડકાર ફેંકાતા રહેવાની ખૂબ જરૂર છે. આવી જ જરૂર ચમત્કારના નામે લોકોની જે ચોતરફ છેતરપીંડી ચાલી રહી છે અને પવિત્રતાના નામે જે દંભ અને પાખંડનાં નાટકો ચાલી રહ્યા છે તે સામે પણ જાહેર પડકાર ફેંકવાની અને જૂઠાણાંને ખુલ્લાં પાડવાની છે. આમ કર્યા સિવાય લોકોનું ભોળપણ અને અંધ-શ્રદ્ધા બીજી કોઈ રીતે દૂર થઈ શકે તેમ નથી.

પરમાનંદ

વિષય સૂચિ

		પૃષ્ઠ
થોડાંક રઘુરણો	લીના મંગળદાસ	૧૩૫
નવા વર્ષે	બહેન ભાનુ ઝવેરી	૧૩૫
તમસો મા જ્યોતિર્ગમય	નટવર મ. દવે	૧૩૫
ખ્રિસ્તી ધર્મગુરુ નિર્માણ કરવા માટેની કોલેજ ...	રેવ. ફાધર ડી. ફેરાન્ડો	૧૩૬
'પાગલપ્રેમી'ને મળતા બીજા બે કિસ્સાઓ	રવિશંકર મહારાજ	૧૩૮
આત્મશુદ્ધિનું સત્ર	બબલભાઇ મહેતા	૧૩૯
પ્રકીર્ણ નોંધ: શ્રી મહાવીર જૈન વિદ્યાલયે હાથ ધરેલું આગમપ્રકાશનકાર્ય, શબની અંતિમ સંસ્કારવિધિ અને આજનું શહેરી જીવન, સફળ સમુદ્રવિહાર, મેલી વિદ્યાને પડકાર...	પરમાનંદ	૧૪૧
'પાગલપ્રેમી' પાછળની સમસ્યાનું વિશ્લેષણ ...	પરમાનંદ	૧૪૪

'પાગલપ્રેમી' પાછળની સમસ્યાનું વિશ્લેષણ

'પાગલપ્રેમી'ની ઘટનામાં મૂળ પ્રશ્ન છે તેમાં વર્ણવવામાં આવેલ લગ્ન સંબંધનું મૂલ્યાંકન કરવાનો. આ મૂલ્યાંકન સરળ અને સ્પષ્ટ બને તે માટે પ્રબુદ્ધ જીવનમાં તત્સદૃશ બીજી ચાર ઘટનાઓ આપી છે. રમા અને રમેશના પ્રસંગમાં, જેને પોતે સ્વેચ્છાએ પસંદ કરી છે અને જેની સાથે વિવાહ સંબંધથી પોતે જોડાયેલ છે તેની સાથે લગ્ન કરવાનો પ્રસંગ આવે છે ત્યારે રમા સાથે લગ્નવિધિમાંથી પરિણમતા સ્થાયી સંબંધથી જોડાવું કે નહિ એ પ્રશ્ન રમેશ સામે ઊભો થાય છે અને એ વિષે પૂરો વિચાર કરીને લગ્નના પક્ષમાં રમેશ નિર્ણય કરે છે. સ્ટેલા અને રાલ્ફના કિસ્સામાં રાલ્ફના ગાંડપણનો પૂર્વ ઇતિહાસ જાણવામાં આવતાં સ્ટેલા તેની સાથે લગ્ન કરવાનો વિચાર અનેક મંથન બાદ આખરે માંડી વાળે છે અને દશેક વર્ષ બાદ અન્ય કોઇ વ્યકિત સાથે લગ્ન કરે છે.

રમા અને રમેશના કિસ્સામાં રમા ગાંડીમાંથી સાજી થાય છે અને તેમનો લગ્નસંબંધ સંસારસુખમાં પરિણમે છે; બીજી બાજુએ સ્ટેલા જેને પરણે છે તે આગળ જતાં ગાંડો થઇ જાય છે અને તેનો સંસાર દુઃખ અને નિરાશામાં પરિણમે છે. વળી જેને પહેલાં તે પરણવાની હતી તેને સુખપૂર્ણ ગૃહસ્થાશ્રમ ભોગવતો તે નિહાળે છે. આવી એક યા બીજી ઘટના ઉપરથી એકનો લગ્ન કરવાનો નિર્ણય યોગ્ય અને અન્યનો લગ્ન નહિ કરવાને નિર્ણય અયોગ્ય એવો એકાન્ત અભિપ્રાય તારવવો તે યોગ્ય નથી. વળી પરિણામ ઉપરથી મૂળ કાર્યને યોગ્ય કે અયોગ્ય ઠરાવવું એ પણ ઉચિત નથી.

કોઇ સાથે લગ્ન જેવા સ્થાયી સંબંધથી જોડાવાનો નિર્ણય કરવા પાછળ બે પ્રકારના અભિગમ હોય છે: પોતાના ભાવિ સુખ, સગવડ અને સહિસલામતીની ગણતરી ગણીને સરવાળે પોતાના ઐહિક સુખ શ્રેયને વધારે પોષક અને સમર્થક લાગે તેવી વ્યકિત સાથે લગ્નસંબંધથી જોડાવાનો નિર્ણય કરવો એ એક પ્રકારનો અભિગમ છે. માત્ર પોતાના અંગત સુખ, સગવડ અને સહીસલામતીની ગણતરીથી પ્રેરાઇને નહિ પણ, એ ગણતરીથી ઊંચે ઊઠીને, 'મે એક વખત વચન આપ્યું છે. પછી તેમાંથી છૂટવાની બારી હોય તો પણ મારે એ વચન પાળવું જ રહ્યું'–એવા પ્રતિજ્ઞાપાલનની કોઇ નિષ્ઠાથી પ્રેરાઇને અથવા તો 'આને હવે હું નહિ પરણું તો તેને કેટલો આઘાત લાગશે અને તેને કોણ પરણશે?' એવી કરુણાવૃત્તિથી પ્રેરાઇને પોતાની વાગ્દત્તા સ્ત્રી ગાંડી હોય કે માંદી હોય તો પણ તેની સાથે લગ્ન કરવાનો નિર્ણય કાયમ રાખવો–આ બીજા પ્રકારનો અભિગમ છે. સ્ટેલાનો રાલ્ફને નહિ પરણવાનો નિર્ણય પહેલા પ્રકારના અભિગમમાંથી ફલિત થાય છે; રમેશનો રમા સાથે લગ્ન કરવાનો નિર્ણય બીજા પ્રકારના અભિગમમાંથી ફલિત થાય છે.

પહેલા પ્રકારનો અભિગમ સામાન્ય માનવીઓ માટે તદ્દન સ્વાભાવિક છે. માનવી મોટા ભાગે પોતાના સુખદુઃખનો, લાભાલાભનો, સગવડ અગવડનો, તેમ જ પ્રતિષ્ઠા–અપ્રતિષ્ઠાનો વિચાર કરીને જેમાં દુઃખની અપેક્ષાએ સુખ વધારે, અલાભની અપેક્ષાએ લાભ વધારે, અગવડની અપેક્ષાએ સગવડ વધારે, અપ્રતિષ્ઠાની અપેક્ષાએ પ્રતિષ્ઠા વધારે–આમ સમુચ્ચયે પોતાના અહિત કરતાં જેમાં પોતાનું હિત વધારે સચવાતું લાગે તેવા વિકલ્પને પસંદગી આપતો રહ્યો છે. સ્ટેલાના નિર્ણયમાં આ વિચારસરણી પ્રતિબિંબિત થાય છે. રમા–રમેશના કીસ્સાએ ઊભી કરેલી ચર્ચામાં વત્સલાબહેન આ દૃષ્ટિકોણના પ્રતિનિધિ છે.

પણ માનવી હંમેશાં પોતાની પ્રકૃતિના સ્વાભાવિક વલણને જ અનુસરે છે એમ હોતું નથી. તે પોતાની પ્રકૃતના વલણથી ઊંચે ઉઠવાનો કદિ કદિ પ્રયત્ન કરે છે; તે કદિ કદિ કેવળ સ્વાર્થની ગણતરી કરતાં વધારે ઊંચા જીવનમૂલ્યને અપનાવવા ધરાવે છે; તે ભોગ કરતાં કદિ કદિ ત્યાગ તરફ ઢળે છે; સ્વને બધું અર્પણ કરવાને બદલે સમર્પણ તરફ તેનું મન કદિ કદિ ઝુકે છે. રમા–રમેશના કિસ્સામાં રમેશના નિર્ણયમાં આ તત્ત્વ પ્રતિબિંબિત થાય છે. તેને લગતી ચર્ચામાં બહેન ગીતા આ દૃષ્ટિકોણની પ્રતિનિધિ છે. પહેલા પ્રકારનો અભિગમ વાસ્તવલક્ષી છે; અન્ય પ્રકારનો અભિગમ ભાવનાલક્ષી છે.

આ ધોરણે બાકીના ત્રણ કિસ્સાઓનો આપણે વિચાર કરીએ. કે કેન્ડલ અને હેરીસનના કિસ્સામાં હેરીસન કે કેન્ડલ સાથે લગ્ન કરે છે તે પાછળ, કે કેન્ડલને લાગુ પડેલ અસાધ્ય વ્યાધિના કારણે આશરે ત્રણેક વર્ષના ગાળામાં તેના જીવનનો અન્ત આવવાનો સંભવ હતો ત્યાં સુધી, તેને બને તેટલી સુખી બનાવવી અને વ્યાધિની પીડા દરમિયાન તેને બને તેટલી રાહત આપવી એ પ્રકારનો કેવળ ઉદ્દાત્ત હેતુ રહેલો માલુમ પડે છે. એ દેખીતું છે કે કેવળ પોતાની સુખસગવડની ગણતરી કરવાવાળો પુરુષ આવા લગ્નની ઉપાધિમાં પડે જ નહિ. ભૌતિક માપે માપતાં આવા લગ્નને કેવળ મૂર્ખાઇ-ભર્યું વર્ણવી શકાય, જ્યારે સેવા અને સ્વાર્પણના ધોરણે માપતાં આવો લગ્નસંબંધ ઊંચા મૂલ્યનો અધિકારી બનતો લાગે છે. આવી જ રીતે માંદા ભગતે અપંગ મણિને જીવનસાથી તરીકે સ્વીકારી તેમાં 'હું નહિ તો એની બીજું કોણ સેવા કરશે?' એવી કરુણાવૃત્તિનું જ મીઠું દર્શન થાય છે. એવી જ રીતે વનલીલા અને વનમાળીનો કીસ્સો વિચારીએ. કેવળ સુખસગવડનો અને પ્રતિષ્ઠાનો જ જો વનલીલાએ વિચાર કર્યો હોત તો વનલીલા વનમાળી સાથેનો વિવાહસંબંધ ફોક કરીને પેલા આઇ. સી. એસ. થયેલા યુવકને પરણવું વધારે પસંદ કરત. પણ 'આપણે જેની સાથે વચનથી બંધાયા તેને આપણાથી છોડાય કેમ?' એવી વચનટેકની ભાવના અને 'બુદ્ધિશકિતમાં અને તેજસ્વીતામાં મારાથી ઊતરતા પતિ સાથે પણ હું જરૂર સુખી થઇ શકીશ' એવી આત્મશ્રદ્ધા વનમાળીને વળગી રહેવાની વનલીલાની દૃઢતા પાછળ દેખાય છે અને આપણામાં પ્રસન્નતાની લાગણી પ્રેરે છે.

આમ આપણે બે કોટિના અભિગમનો ઉપર જે ઉલ્લેખ કર્યો તેમાં આપણે એકને સ્વલક્ષી અભિગમ કહીએ અને બીજાને પરમાર્થલક્ષી અભિગમ કહીએ તો એક સારો અને બીજો ખરાબ, એક યોગ્ય અને બીજો અયોગ્ય, એક ડહાપણ-ભરેલો અને બીજો મૂર્ખાઇ ભરેલો–આવા વિવાદમાં ન પડતાં, સ્વલક્ષી અભિગમ જે લગભગ સર્વસાધારણ છે તેને આપણે કોઇ ખાસ મહત્ત્વ ન આપીએ તેમ જ તે સ્વાભાવિક છે એમ સમજીને તેને વખોડીએ પણ નહિ, પણ જે અભિગમ સેવા અને સ્વાર્પણની ભાવનાથી પ્રેરિત છે, જેની પાછળ જીવનના કોઇ ઊંચા મૂલ્યની ઉપાસના છે, જે ભોગને ગૌણ ગણે છે અને ત્યાગને પ્રાધાન્ય આપે છે, સુખને ગૌણ ગણે છે અને અન્ય ખાતરના તપને પ્રાધાન્ય આપે છે, જે સ્વાભાવગત નથી પણ જેમાં સ્વભાવથી ઊંચે ઉઠવાનો પુરુષાર્થ રહેલો છે, જે વ્યાપક નથી પણ વિરલ છે, તેવા પરમાર્થલક્ષી અભિગમને આપણે અભિનન્દીએ, આવકારીએ, પ્રતિષ્ઠિત કરીએ. માનવસંસ્કૃતિની દૃષ્ટિએ આ વધારે ઇચ્છનીયોગ્ય, આદરણીય અને શ્રેયસ્કર લાગે છે.

પરમાનંદ

મુંબઇ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઇ.

રજીસ્ટર નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૨ : અંક ૧૫

પ્રબુદ્ધ જીવન

મુંબઇ, ડીસેમ્બર ૧, ૧૯૬૦, ગુરુવાર
આફ્રિકા માટે શિલિંગ ૮

શ્રી મુંબઈ, જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ: ૨૦ નયા પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

જ્યારે બાપુ રોઈ પડયા!

['આજ' ના તા. ૩૦–૯–૬૦ના અંકમાં પ્રગટ થયેલ નીચેના લેખમાં આજથી ૩૬ વર્ષ પહેલાં બનેલી ગાંધીજી વિષેની એક રોમાંચક સ્મરણનોંધ શ્રી મહાવીર ત્યાગી પોતાની અનુપમ શૈલીમાં રજૂ કરે છે]

આ ઘટના સને ૧૯૨૪ ની સાલની છે, જ્યારે આપણા સને ૧૯૨૧ ના ખિલાફતના આંદોલનનાં ઓસરતાં પાણી થયાં હતાં, અને લોકો પોતપોતાની સજાઓ ભોગવીને જેલોમાંથી છૂટા થઇ રહ્યા હતા. કેટલાક પોતાની તંદુરસ્તીની તો કેટલાક પોતાના કુટુંબકબિલાની કે ધંધારોજગારની ચિંતામાં પડયા હતા, છતાં જનતામાં સળગી ઉઠેલો જોશ હજી શાંત થયો ન હતો. જ્યારે પણ આપણને ક્રોધ આવી જાય છે, ત્યારે અચૂકપણે એવું થોડું જ બને છે કે એ તમામે તમામ ક્રોધ પોતાની સાસુ–નણંદ ઉપર કે દીકરા ભત્રીજા ઉપર જ ઊતરે? કયારેક એ દૂધના પ્યાલા, ચાનાં કપ–રકાબી, પોચી પેન્સીલ કે ઢોરના બીલા કે ચાકૂ ઉપર પણ ઊતરી પડે છે! જનસમૂહની સ્થિતિ વ્યકિતઓ કરતાં કયાંય વધારે વિચિત્ર હોય છે. જનતામાં જાગી ઊઠેલ જોશ વિનાશ વેર્યા વગર શાંત થતુ નથી; એ પ્યાલા કે કપ–રકાબીને બદલે રેલના પાટા, બસ, મોટર, મકાનોની બારીઓના કાચ અને વીજળીના થાંભલા ઉપર ઊતરે છે. કોઇ પણ સાર્વજનિક આંદોલનને જગાવવું સહેલું છે; એને શાંત કરવું મુશ્કેલ છે.

હિંદુ–મુસ્લિમ એકતા અને કુસંપ

મહાત્મા ગાંધીએ ઘણી ઘણી વખત ના કહ્યા છતાં આપણે અંગ્રેજોની વિરુદ્ધ ઘણી વેર અને ઘૃણાની લાગણી પેદા કરી લીધી હતી. જ્યારે પારકાની સાથે વેર બંધાઇ જાય છે ત્યારે પોતાના લોકોની સાથે સુમેળ થઇ જાય છે. ખિલાફતના દિવસોમાં સંયુકત મોરચો રચાવાને લીધે હિંદુ અને મુસલમાનો વચ્ચે દૂધ–સાકર જેવી એકતા થઇ ગઇ હતી, પરંતુ એ આંદોલન ઢીલું પડતાંની સાથે અંદર અંદર પાછો કુસંપ જાગી ઊઠયો. હિંદુઓએ 'શુદ્ધિ' અને મુસલમાનોએ 'ધર્મપ્રચાર' પાછાં શરૂ કરી દીધાં. પછી તો શું પૂછવું હતું? થવા લાગ્યાં (કોમી) તોફાનો—કયાંક મસ્જિદની સામે વાજાં વગાડવાને નામે તો કયાંક શંખ ફૂંકવા કે બાંગ પોકારવાને નામે!

આ તોફાનોથી પરદેશી સરકારને મનગમતું મળી ગયું. મુસ્લિમ લીગ અને હિંદુ મહાસભાને પણ મનભાવતી તક મળી ગઇ, પરંતુ કૉંગ્રેસના માણસોના બન્નરભાવ ગગડી ગયા! એમાંના જેઓ હિંદુ હતા એમને તો ઝાઝી ચિંતા ન હતી, કારણ કે ઘણા ભાગના હિંદુઓ હજી સુધી કૉંગ્રેસની સાથે હતા, પરંતુ મુસલમાનોમાં જેઓ કૉંગ્રેસને માનવાવાળા હતા તેઓ 'કાફર' કહેવાવા લાગ્યા.

આ અરસામાં જ એક દિવસ હું મારા સાથી બિજનેરના અબ્દુલ લતીફને મળવા ગયો. એમના પિતાએ અને મારા દાદાએ વકીલાતની પરીક્ષા સાથે સાથે જ પસાર કરી હતી, તેથી હું એમના પિતાને દાદાસાહેબ કહીને બોલાવતો હતો. મેં પૂછયું: 'દાદાસાહેબ, લતીફકાકા કયાં છે?' એમણે પોતાના આંગણા તરફ આંગળી ચીંધીને જવાબ આપ્યો : 'પંડિતજીની બાબતમાં પૂછો છો? હશે ત્યાં ગાંધીઆશ્રમમાં!'

આવા વાતાવરણમાં ગાંધીજીએ કૉંગ્રેસવાળાઓને લખ્યું હતું કે ઝંઝાવાતમાં જંગલનાં ઘણાં ઝાડ ઊખડી જાય છે. એ વખતે ફકત એ જ ઝાડ ટકી રહે છે, કે જેનાં મૂળ મજબૂત હોય છે. એટલા માટે સાચો કૉંગ્રેસી એ જ છે જે આ કોમી ભરતી–ઓટની વચ્ચે એકલો ખડો રહેલો દેખાય. ભારે મુસીબતના એ દિવસો હતા!

વાંધાભરેલું ભાષણ

એ અરસામાં જ કૉંગ્રેસના પ્રમુખ મૌલાના મહમદઅલીનું એક ભાષણ છપાયું, જે એમણે મુસલમાનોની સામે આપ્યું હતું. (એમાં એમણે એમ કહ્યું હતું કે) 'હું એક વ્યભિચારી ('ફાજિર') અને ચારિત્રહીન ('ફાસિક') મુસલમાનને પણ મહાત્મા ગાંધીથી ચડિયાતો માનું છું!' બસ, પંજાબનાં હિંદુ અખબાર ખળભળી ઊઠયાં. આ ભાષણ પછી મજબૂત પગવાળા કૉંગ્રેસીઓના પગ પણ ઊખડવા લાગ્યા. હું એ વખતે ઑલ–ઇન્ડિયા કૉંગ્રેસ કમિટીનો સભ્ય હતો અને પંડિત જવાહરલાલ નેહરુ એના મંત્રી હતા. કૉંગ્રેસ પ્રમુખનું આ ભાષણ અસહ્ય બની ગયું. મેં એમની સામે અવિશ્વાસનો ઠરાવ મોકલી આપ્યો, અને શ્રી નરદેવ શાસ્ત્રીએ એના ઉપર અનુમોદક તરીકે સહી કરી દીધી.

જવાહરલાલજી શરૂઆતથી જ ભારે કાયદેસર કામ કરનારા માણસ છે. એમણે મને કાગળ લખી પૂછાવ્યું કે 'શું તમે સાચે જ આ ઠરાવને રજૂ કરવા ઇચ્છો છો?' મેં જવાબ આપ્યો કે 'મેં ઘણો વિચાર કરીને એ મોકલ્યો છે. હું એ જરૂર રજૂ કરીશ.' એટલે એ ઠરાવ એજેન્ડામાં છપાઇ ગયો. ૨૭ જૂને અખિલ ભારતીય કૉંગ્રેસ મહાસમિતિની બેઠક અમદાવાદમાં બોલાવવામાં આવી હતી. અમદાવાદ મ્યુનિસિપાલિટીના પ્રમુખ સરદાર પટેલ સ્વાગત સમિતિના પ્રમુખ હતા.

અમે લોકો કમાતા–કરતા તો કશું ન હતા; છતાં કોન્ગ્રેસને માટે જે લાંબી લાંબી મુસાફરીઓ કરતા, એનું ખર્ચ કોન્ગ્રેસમાંથી લેતા ન હતા. ત્રીજા વર્ગ (થર્ડ કલાસ)માં અમે મુસાફરી કરતા અને કેટલાય પ્રાંતોના લોકો એકજ ડબ્બામાં બેસી જતા. એક બીજાનો અનુભવ સાંભળતાં, ચણા–પકોડી ખાતાં અને પોતપોતાની મુશ્કેલીઓની મશ્કરી કરતાં ચાલ્યા

જતા. અમદાવાદની આ બેઠક કૉન્ગ્રેસના ઇતિહાસમાં અમર રહેશે. મહાત્મા ગાંધી જેલમાંથી છૂટીને પહેલીવાર જ ઑલ-ઇન્ડિયા કૉંગ્રેસ કમિટીના અધિવેશનમાં આવ્યા હતા. એમની ગેરહાજરી દરમ્યાન પંડિત મોતીલાલજી નહેરુ, માલવિયાજી, શ્રી દેશબંધુ દાસ, હકીમ અજમલખાન, રામભજદત્ત ચૌધરી, અને વિઠ્ઠલભાઇ પટેલ વગેરે નેતાઓએ મળીને, એક તપાસ-કમિટી મારફત, એવી ભલામણ કરી હતી કે કાઉન્સીલોનો (ધારાસભાઓનો) બહિષ્કાર છોડી દઇને કૉંગ્રેસે કાઉન્સીલોની અંદરથી આંદોલન ચલાવવું જોઇએ. અને 'સ્વરાજ્ય પાર્ટી' ને નામે સેંકડો કૉન્ગ્રેસીઓ ધારાસભાઓના મેમ્બરો તરીકે ચૂંટાઇ ચૂક્યા હતા.

જો કે ક્રાંતિકારી પક્ષના નેતાઓ નાગપુર કૉન્ગ્રેસમાં મહાત્મા ગાંધીને વચન આપી ચૂક્યા હતા કે એમના અસહ-કારના આંદોલનને પૂરી તક આપવામાં આવશે, અને એ સમય દરમ્યાન બૉંબ વગેરેનો ઉપયોગ બંધ કરવામાં આવશે. આમ છતાં કેટલાક નવયુવાનો એવા હતા, જેઓ અંગ્રેજી સલ્તનતના જુલમોને બરદાસ્ત ન કરી શક્યા, અને પંજાબ-બંગાળમાં આ પક્ષની હિલચાલ પાછી ચાલુ થઇ. કલકત્તાનો પોલિસ કમિશનર સર ચાર્લ્સ ટેગાર્ટ ભૂંડો થઇને ક્રાંતિ-કારીઓની પાછળ પડ્યો હતો. શહીદ ગોપીનાથ સાહાએ એને ગોળીથી ઠાર કરવાનો નિર્ણય કર્યો, પણ સર ચાર્લ્સના બદલે એક બીજા અંગ્રેજ મિસ્ટર 'ડે'ને ઠાર કર્યા. શ્રી ગોપીનાથને ફાંસી મળી, ઑલ-ઇંડિયા કૉન્ગ્રેસ કમિટીની આ બેઠક શ્રી ગોપી-નાથ સાહાની શહાદત પછી તરત જ મળતી હતી.

અવિશ્વાસનો ઠરાવ

બેઠકનું કામ શરૂ થાય એ પહેલાં જ મૌલાના મહમદઅલીએ 'મારા ભાગ્યનો (હું પ્રમુખ તરીકે ચાલુ રહેવાનો છું કે કેમ એ બાબતનો) ફેંસલો પહેલાં થઇ જવો જોઇએ.' એમ કહીને મને કહ્યું કે 'તમારો અવિશ્વાસનો ઠરાવ રજૂ કરો!'

હું ત્યારે ચોવીસ વર્ષનો જ હતો, બીલાની જેમ હું વ્યાસપીઠ ઉપર ખડો થઇ ગયો. મેં હજી ફક્ત "મિસ્ટર, પ્રેસિડેન્ટ એન્ડ ફ્રેન્ડઝ" એ પ્રમાણે સંબોધન કર્યું, એટલામાં જ ગાંધીજીએ મહમદઅલી પાસે રજા માગતાં કહ્યું કે 'આ ઠરાવની પહેલાં ઠરાવ મૂકનારની સાથે બે મિનિટ વાતચીત કરવાની રજા મને મળવી જોઇએ.'

મૌલાનાએ ઊંચે સાદે કહ્યું : 'ઓર્ડર, ઓર્ડર! પહેલાં ઠરાવનો ફેંસલો થશે; પછી બીજી વાત.'

મહાત્માજીને ચુપ કરવાનું કામ મુશ્કેલ હતું. એમણે મને કહ્યું : 'તમને તો મારી સાથે વાત કરવામાં વાંધો નથીને?'

મેં કહ્યું : 'ના.'

એટલે બાપુએ જોરથી હસતાં હસતાં કહ્યું; 'જ્યારે હું અને એ છીએ રાજી તો વચમાં શા માટે બોલે છે કાજી?'

આખી સભામાં હાસ્યનું મોજું ફરી વળ્યું.

હું તરત જ ગાંધીજીની પાસે જઇ પહોંચ્યો.

બાપુનો તર્ક

બાપુએ કહ્યું : 'આ ઠરાવ તો સારો નથી. મૌલાનાએ એમાં (પોતાના ભાષણમાં) બીજા કોઇને માટે તો કશું કહ્યું નથી; વ્યભિચારી અને ચારિત્રહીન મુસલમાનને મહાત્મા ગાંધી કરતાં સારો માનવાની વાત છે. આમાં કોઇ ગાળ તો છે નહીં. ગાળની સાબિતી તો કોઇને એ લાગુ પડે ત્યારે કહેવાય. ગાંધી તો પોતાને આવી ગાળ લાગ્યાનો સ્વીકાર નથી કરતો; પછી તો એ ખલાસ જ થઇ ગઇ!'

મેં જવાબમાં કહ્યું : 'આને મહાત્મા ગાંધી સાથે કશી લેવા દેવા નથી; આ ભાષણ પ્રમાણે તો, રાષ્ટ્રપતિ (કૉંગ્રેસ પ્રમુખ) ની દૃષ્ટિમાં એક બદમાસ અને ચરિત્રહીન મુસલમાન પણ બીજા સંપ્રદાયની સર્વશ્રેષ્ઠ વ્યક્તિ કરતાં ઊંચો છે! આજકાલ ઠેર ઠેર હિંદુ-મુસલમાનોનાં તોફાન થઇ રહ્યાં છે; આવું ભાષણ ભડભડતી આગમાં પેટ્રોલ રેડવાનું કામ કરશે.'

ગાંધીજી : 'તમને આશા છે કે આ ઠરાવ પસાર થઇ જશે? કેટલા મત મળશે?'

મેં કહ્યું : 'બે મત તો નક્કી છે. એ પસાર થાય કે ન થાય, છતાં ઓછામાં ઓછું એટલું તો રેકર્ડ ઉપર નોંધાઇ જશે ને કે કૉન્ગ્રેસના પ્રમુખના ભાષણની સામે કેટલાક લોકોને વાંધો છે?'

મહાત્માજી : 'આવી વાતો નોંધાવાને લીધે કૉન્ગ્રેસનું રેકર્ડ સારું થવાને બદલે વધારે કલંકિત બનશે. જો હિંદુ અને મુસલ-માનોએ સાથે રહેવું હશે તો એકબીજાની કમજોરીને ચલાવી લેવી પડશે. મિત્રતાનો અર્થ જ કમજોરીને ચલાવી લેવી એ છે; જે એમ નથી કરતો એ મિત્ર નથી. આ ઠરાવ સારો નથી.'

'હવે પાછો તો નહીં ખેંચું, બાપુ!' મેં ઊભા થતાં કહ્યું.

બાપુએ ટકોર કરતાં કહ્યું : "સારું, જેવી તમારી મરજી. પણ તમે એક સવાલનો જવાબ આપો : તમે અક્કલવાળા છો કે મહાત્મા ગાંધી અક્કલવાળા છે?"

મેં કહ્યું : 'મહાત્મા ગાંધી.'

બાપુએ કહ્યું : 'તો તો પતી ગયું. એક બેવકૂફે અક્કલ-વાળાની વાત માની લેવી પડશે. આ દલીલ તો તમને પસંદ પડી હશે. હું તો પહેલેથી જ જાણતો હતો કે બેવકૂફને અક્કલ-ભરી દલીલ નહીં પણ બેવકૂફીની દલીલ પસંદ પડશે. હવે તો પાછો ખેંચી લેશો ને?'

હું હસી પડ્યો; હવે શું બોલું? ઠરાવ પાછો ખેંચી લીધો. તે દિવસથી મારી જાતને બેવકૂફ કહેવરાવવાનું મને ઘણું ગમે છે; પણ હવે કોઇ કહેનાર જ નથી!

પછી બેઠકમાં ગાંધીજીના ચાર ઠરાવ રજૂ થયા. પહેલો મિસ્ટર 'ડે'ના રાજદ્વારી ખૂનને વખોડી કાઢતો અને બીજો અદા-લતો, નિશાળો, કૉલેજો, ધારાસભાઓ અને પરદેશી કાપડના બહિષ્કારને લગતો. ત્રીજા ઠરાવમાં કહેવામાં આવ્યું હતું કે પ્રાંતિક કે જિલ્લા કૉન્ગ્રેસનો જે કોઇ હોદ્દેદાર કૉન્ગ્રેસની નીતિ અને એના કાર્યક્રમથી વિરુદ્ધ કામ કરશે એનો હોદ્દો ખાલી થયેલો લેખવામાં આવશે; અને એની જગ્યાએ બીજી વ્યક્તિની પસ-દગી કરી લેવામાં આવશે. ચોથા ઠરાવમાં કહેવામાં આવ્યું હતું કે કૉંગ્રેસના પ્રત્યેક સભાસદે ચાર આનાને બદલે દરેક મહિનાની ૧૫મી તારીખ પહેલાં પોતે કાંતેલું સૂતર આપવું જોઇશે; જેઓ એ પ્રમાણે નહીં કરે એમની સામે કાયદેસર પગલાં ભરવામાં આવશે.

શ્રી દેશબંધુદાસ અને પંડિત મોતીલાલજી નેહરુના પક્ષે પહેલા ઠરાવમાં શહીદ ગોપીનાથની દેશભક્તિ અને સાહસિક-તાની તારીફ કરતો સુધારો, અને અદાલતોના બહિષ્કારને લગતા બીજા ઠરાવમાં દીવાની દાવાઓમાં હાજર થવાની રજા આપતો સુધારો રજૂ કર્યો. બાપુ એ બન્ને સુધારાની વિરુદ્ધ હતા.

શહીદ ગોપીનાથને લગતા ઠરાવના સુધારાની સામે એમનું કહેવું એવું હતું કે કૉંગ્રેસનું ધ્યેય અહિંસા છે; એ હિંસાના કોઇ પણ કૃત્યની પ્રશંસા ન કરી શકે વગેરે વગેરે.

દેશબંધુના સુધારાની તરફેણમાં ૭૦ મત પડ્યા અને વિરો-ધમાં ૭૮. સુધારો ઊડી ગયો. બીજા ઠરાવના સુધારા ઉપર મત લેવામાં આવે તે પહેલાંજ શ્રી દાસ અને પંડિત મોતીલાલજી નેહરુ તેમજ એમના પક્ષના ૫૭ સભ્યો (સ્વરાજ્ય પાર્ટી) બેઠક છોડીને બહાર ચાલી ગયા. મત લેવામાં આવતાં ગાંધીજીના પક્ષનો વિજય થયો, પરંતુ આ લોકો બેઠક છોડીને ચાલી ગયા

એની ગાંધીજીના મન ઉપર ઊંડી અસર પડી. એમણે પોતાના કાયદેસર પગલાં ભરવા સંબંધી ઠરાવોમાં સુધારો કરી લીધો કે જે પસાર થવાથી કાઉન્સીલના સભ્યો પણ કોંગ્રેસના હોદ્દેદારો તરીકે ચાલુ રહી શકયા. સાથોસાથ ગાંધીજીએ એક નવો ઠરાવ રજૂ કર્યો, કે જેના આધારે અદાલતોનો બહિષ્કાર કરવા છતાં, મોતીલાલજી અને દાસબાબુની ઇચ્છા પ્રમાણે, દીવાની દાવાઓમાં હાજર રહેવાની છૂટ આપવામાં આવનાર હતી.

આ ઠરાવ રજૂ થયો કે તરત જ ડૉકટર ચોઇથરામે કહ્યું કે 'આ ઠરાવ ગેરકાનૂની છે; કારણ કે એ આજે જ પસાર કરેલા બહિષ્કાર સંબંધી ઠરાવથી વિરૂદ્ધ છે.'

ગાંધીજીએ કહ્યું : 'એ ઠરાવ પસાર તો થઇ ગયો છે, પરંતુ જેટલા વધુ મતથી એ ઠરાવ પસાર થયો છે તેથી હું છેતરાઇ શકું એમ નથી.'

મહમદઅલીએ મહાત્માજીને કહ્યું : 'આપ પણ બેરિસ્ટર છો. કહો, હું શો ફેંસલો (રુલિંગ) આપું ?'

મહાત્માજીએ કહ્યું : 'ચોઇથરામની વાત તો સાચી છે, પણ હું નથી ધારતો કે સભ્યો, મારી અસર પડવાને લીધે, પોતાની મરજી વિરૂદ્ધ ઠરાવ પસાર કરે. પહેલાંનો ઠરાવ એમણે પોતાની મરજીથી પસાર નહોતો કર્યો.'

મૌલાના મહમદઅલીએ પોતાનો ફેંસલો આપી દીધો કે 'આ ઠરાવ રજૂ ન થઇ શકે.'

આ પછી સમારંભનું કામ પૂરું થવાનું હતું. મૌલાના આઝાદે મહાત્માજીને વિનંતિ કરી : 'આપ આટલા દિવસો બાદ અમારી વચ્ચે આવ્યા છો. આ દરમિયાન ઘણા ફેરફાર થઇ ગયા છે. એટલે સમારંભ પૂરો થતાં પહેલાં અમે બધા આપના શ્રીમુખે બે શબ્દ સાંભળવા ઇચ્છીએ છીએ.'

ગાંધીજીએ શૌકતઅલી તરફ નજર કરી; અને વાતમાં ને વાતમાં એમના (ગાંધીજીના) ચહેરા ઉપર લાગણીની રેખાઓ ઊપસી આવી અને ગાલ ફરકવા લાગ્યા. પળવારમાં આંસુઓની ધારા વહી નીકળી, અને પોતાના વસ્ત્રથી આંખો લૂતાં લૂતાં અને બાળકની જેમ ડૂસકાં ભરતાં ભરતાં બાપુ બોલવા લાગ્યા: 'આ ચોઇથરામ, જે મારા પુત્રની જેમ મોટો થયો છે, આજે મને 'પોઇન્ટ–ઑફ–ઑર્ડર' શિખવાડવા નીકળ્યો છે ! આજે તો હું એકલો પડી ગયો છું. આપ સહુએ મળીને મને ફકત હરાવ્યો જ છે એમ નથી, પણ જંગલમાં એકલો છોડી દીધો છે !'

અમે બધા સ્તબ્ધ થઇ ગયા. મૌલાના મહમદઅલી ઘૂંટણીએ પડીને–જાણે પંચાંગ પ્રણિપાત કરતા હોય એ રીતે ઝૂકીને—બન્ને હાથ આગળ કરીને બોલ્યા : 'અમ પાપીઓને ખુદાને સોંપી દો !' અને તેઓ જોર જોરથી રોવા લાગ્યા.

બસ, આખી સભા અશ્રુ–સ્નાન કરવા લાગી ! એ દિવસે મોટા મોટા નેતાઓ પણ બાળક બની ગયા. પ્રેમના પૂરમાં નાના–મોટા બધાય સરખા બની જાય છે.

મૌલાના આઝાદે ગાંધીજીના ખભા ઉપર હાથ મૂકીને એમને શાંત કર્યા અને શ્રી પુરુષોત્તમદાસ ટંડને ઊભા થઇને અમારી બધાની વતી ગાંધીજીને ખાતરી આપી કે અમે બધા આપની સાથે છીએ; આપના પરસેવાની સાથે અમારાં લોહી વહાવી દઇશું, અને આંખો મીંચીને આપના ઇશારા પ્રમાણે ચાલીશું.

ગાંધીજી શાંત થઇ ગયા હતા, તે ફરી રોઇ પડયા. અમારી યુવક મંડળીથી હવે રહ્યું ન ગયું. આંસુ લૂછી નાખીને, અવરુદ્ધ કંઠને પ્રયત્નપૂર્વક ખોલીને અમે 'મહાત્મા ગાંધીની જય'–ના નાદ ગજવવા શરૂ કર્યા.

મહાત્મા ગાંધીને આવી રીતે આંસુ સારતા ઑલ–ઇન્ડિયા કોંગ્રેસ કમિટીના સભ્યો સિવાય બીજા કોઇએ કયારેય નહીં જોયા હોય. એ જ આંસુઓથી સિંચાયેલી ભારતમાતાની આશા–વેલી ઉપર આજે ફૂલ ખીલી નીકળ્યાં છે. આંસુઓથી પોષાયેલાં આ ફૂલ પાષાણહૃદયમાંથી નહિ, પણ સુકોમળ મનમાંથી જ ઊગી નીકળે છે.

પાપનો પડછાયો

પછી એ જ દિવસે સાંજના અમે બાપુની પ્રાર્થનામાં ગયા. ત્યાં જે કંઇ બન્યું, એ તો આજ સુધી દુનિયાના જાણવામાં આવ્યું નથી. મારા લેખનું બધું મૂલ્ય એ નાનીસરખી ઘટનામાં જ છે. પ્રાર્થનાના મંચ ઉપર, બાપુની બાજુમાં જ, બીજા નેતાઓની સાથે, પંડિત મોતીલાલ નેહરુ પશ્ચાત્તાપની મૂર્તિસમા બનીને બેઠા હતા. પોતાનાં કઠોર નેત્રો આમ તેમ ફેરવતા ભાઇજી (મોતીલાલ નેહરુ) કંઇક અન્યમનસ્ક જેવા લાગતા હતા–જાણે કે કોઇ ખોવાઇ ગયેલા વિચારને શોધી રહ્યા ન હોય ! આવી અન્યમનસ્ક વૃત્તિને ભૂલવાને માટે અને મનના ઊંડા આઘાતને દબાવવાને માટે લોકો સિગરેટ વગેરે પીવે છે. ગીતાના પાઠની વચ્ચે જ એકાએક મોતીલાલ નેહરુએ પોતાની સિગરેટ સળગાવી અને લાગ્યા લાંબા લાંબા દમ ખેંચવા ! બાપુએ એમની તરફ નજર કરી અને આંખો મીંચી લીધી. પ્રાર્થના પૂરી થયા પછી પ્રવચન શરૂ થયું. બાપુએ કહ્યું :

'આજે તો મારું મન પાપનું ઘર બની ગયું ! મોતીલાલજી તો મારા સગા ભાઇ જેવા છે; એમનાથી તો મારે કશું છુપાવવાપણું છે જ નહીં. હું તો એમને બધી વાતો કરી શકત; મારા મનની ખાનગી વાત પણ ઉઘાડી કરી શકત. એમ છતાં એમણે જ્યારે પોતાની સિગરેટ સળગાવી ત્યારે મેં એ જોયું ખરું; પણ જોઇને હું ચૂપ થઇ ગયો. મારી ફરજ હતી કે એમને કહું કે પ્રાર્થનામાં સિગરેટ ન પીશો; પણ હું મારા મનને દબાવીને બેસી ગયો. પણ મન તો કંઇ પાપને પચાવી નથી શકતું; તો પછી પ્રાર્થનામાં મનને પરોવવાનું કેવી રીતે બની રહે ? જો મારું મન નિર્મળ હોત તો હું એમને સિગરેટ બૂઝવવાનું જરૂર કહી શકત; પણ મારા મનમાં તો આજે દોષ પ્રવેશી ગયો છે. મને એમ લાગ્યું કે મોતીલાલજી તો મારાથી નારાજ છે; એ કયાંક પ્રાર્થનાનો પણ ત્યાગ કરીને ચાલ્યા ન જાય એવો મને ભય લાગ્યો. મોતીલાલજી તો મારા ઉપર પ્રેમ છે એ હું જાણું છું; તો પછી મને ભય શાનો ? ભય તો પાપના પડછાયાનું બીજું નામ છે.'

એટલામાં મોતીલાલજીનું મન ભરાઇ આવ્યું. સિગરેટને બુઝાવ્યા વગર જ દૂર ફેંકી દઇને રૂમાલથી આંસુ લૂછતાં લૂછતાં તેઓ ડૂસકાં ભરી ભરીને રોવા લાગ્યા. આપણાં સંતાનો સાચા દિલની વાણીને કયારે શીખશે ? દિલ તો આંસુઓની વાણીને સમજે છે.

મોતીલાલજીના એ પવિત્ર મોતીઓના ચળકાટે અમારી આંખોને પણ નિર્મળ બનાવી દીધી–જાણે કે અમારા મનના મેલ પણ ધોવાઇ ગયા.

આજે અમને નચાવનારા, ગવરાવનારા અને હસાવનારા તો ઘણાય છે, પણ એ આત્મ–સ્નાન કરાવનારા નથી રહ્યા ! સુકાઇ ગયેલી આંખો હવે ફરી આંસુ વહાવવા ચાહે છે. ફરી આવો–પધારો બાપુ !

મૂળ હિંદી : **શ્રી મહાવીર ત્યાગી**

અનુવાદક : **શ્રી રતિલાલ દીપચંદ દેસાઇ**

પશ્ચિમના દેશોમાં જૈન ધર્મની જાણકારીનો અભાવ

(લંડનથી ચાર વર્ષના ગાળે તાજેતરમાં પાછા ફરેલા પાલી ભાષાના વિદ્વાન પ્રાધ્યાપક ડૉ. પદ્મનાભ જૈનીનું તા. ૧૭-૧૦-'૬૦ ના રોજ મુંબઇ જૈન યુવક સંઘ તરફથી સ્વાગત કરવામાં આવેલું. તે પ્રસંગે ડૉ. પદ્મનાભે સંઘનો આભાર માનતાં જે પ્રવચન કર્યું હતું તેની ટૂંકી નોંધ નીચે આપવામાં આવે છે. આ પ્રવચનમાં લંડન યુનિવર્સિટીની સ્કૂલ ઑફ ઓરિયેન્ટલ એન્ડ આફ્રિકન સ્ટડીઝની પ્રવૃત્તિઓનો, તથા પશ્ચિમમાં બૌદ્ધ ધર્મના થઇ રહેલા વ્યાપક પ્રચારનો ખ્યાલ આપ્યો હતો અને તેના પ્રમાણમાં જૈન ધર્મ વિષે ત્યાંની પ્રજાનો ઘણો મોટો ભાગ કેવળ અજ્ઞાત છે તે મુદ્દા ઉપર સંઘના સભ્યોનું ધ્યાન ખેંચ્યું હતું. તેમના પ્રવચનનો સાર નીચે મુજબ છે: **તંત્રી**)

સૌથી પ્રથમ સંઘ તરફથી આજે મારું જે બહુમાન કરવામાં આવ્યું છે અને સંઘના સભ્યોને મળવાની મને આ રીતે તક આપવામાં આવી છે તે માટે આપનો અન્તઃકરણપૂર્વક આભાર માનું છું. લંડન ખાતેના મારા ચાર વર્ષના નિવાસ દરમિયાન આપના સંઘની પ્રવૃત્તિમાં હું સતત રસ ધરાવતો રહ્યો છું. એ સમય દરમિયાન 'પ્રબુદ્ધ જીવન' મને સતત મળતું હતું અને હું તે નિયમિત વાંચતો. શ્રી પરમાનંદભાઇનાં એમાં ચાલુ પ્રગટ થઇ રહેલાં વિચારપ્રેરક લખાણો વડે હું હંમેશાં પ્રભાવિત થતો રહ્યો છું. સ્વ. શ્રી નાથુરામ પ્રેમીજીના અવસાનના કારણે તેમની ગેરહાજરી મુંબઇ આવતાં આજે મને ખૂબ સાલે છે. તેઓ સંઘ માટે, મારા માટે અને મારી જેવા અનેક વિદ્યાર્થીઓ માટે એક ભવ્યપ્રેરક બળ હતા. પંડિત સુખલાલજી જેઓ, પહેલાં અમદાવાદમાં હું વિદ્યાર્થી હતો ત્યારે, ત્યાર બાદ બૌદ્ધ ધર્મના અભ્યાસ અર્થે મારે સીલોનમાં રહેવાનું બન્યું ત્યારે, પછી કાશીમાં વ્યાખ્યાતા તરીકે હું કેટલોક સમય રહ્યો અને ત્યાર બાદ લંડનમાં અધ્યાપક તરીકે રહેવાનું બન્યું ત્યારે—આમ ઉત્તરોત્તર થઇ રહેલા મારા ઘડતરમાં, એક બળવાન નિમિત્તરૂપ બનતા રહ્યા છે, તેમના પરિચયમાં આવવાનું મારા માટે પ્રેમીજી મારફત બન્યું હતું.

લંડનની સ્કૂલ ઑફ ઓરિયેન્ટલ એન્ડ આફ્રિકન સ્ટડીઝ જેવી સંસ્થામાં મને કામ કરવાની જે તક મળી છે તેને મારું એક મોટું સદ્‌ભાગ્ય લેખું છું. એશિયા અને આફ્રિકાની ભાષાઓ અને સંસ્કૃતિઓના અભ્યાસ અને સંશોધનને અર્પિત બનેલી આ એક અજોડ સંસ્થા છે, અને ભારત, પાકિસ્તાન અને સીલોન, સાઉથ ઇસ્ટ (દક્ષિણ-પૂર્વ) એશિયા અને આસપાસના ટાપુઓ, નજીક અને મધ્યપૂર્વનાં દેશો—આમ અનેક દેશોને લગતા વિભાગો, તે તે દેશોના ફૉનેટિક્સ અને લેંગ્વેજીસ (શબ્દશાસ્ત્ર અને ભાષાઓ), ઇતિહાસ, સ્મૃતિ અને સાંસ્કૃતિક એન્થ્રોપોલોજી (માનવવંશશાસ્ત્ર)—આ વિષયોને લગતા અનેક વિભાગો અથવા ખાતાઓમાં આ સંસ્થા વહેંચાયેલી છે. એના શિક્ષકસમુદાયમાં ૧૮૦ સભ્યો છે અને લંડન યુનિવર્સિટીના સ્નાતક પછીની—પોસ્ટ-ગ્રેજ્યુએટ ડીગ્રીઓ માટે મોટા ભાગે સંશોધનકાર્ય કરતા આશરે ૪૦૦ વિદ્યાર્થીઓ આ સંસ્થામાં અભ્યાસ કરે છે.

ઇંગ્લાંડમાં જૈન ધર્મના અભ્યાસ અને સંશોધન અંગે કેવી પરિસ્થિતિ છે એ જાણવામાં આપને ખાસ રસ હોવો જોઇએ એમ હું ધારું છું. મારે કબૂલ કરવું જોઇએ કે પશ્ચિમના દેશોમાં જૈન ધર્મનો કોઇ ખાસ અભ્યાસ કરવામાં આવતો નથી. માત્ર બૌદ્ધ ધર્મના અભ્યાસ દ્વારા પૌર્વાત્ય સ્કોલરો—વિદ્વાનો—જૈન ધર્મ અને જૈન સાહિત્યના અસ્તિત્વ વિષે કાંઇક જાણતા હોય છે. લંડનમાં પાલી-ટેક્સ્ટ સોસાયટી છે, જેણે આજ સુધીમાં બૌદ્ધ ધર્મને લગતા ૧૦૦ ગ્રંથો બહાર પાડયા છે. આ સોસાયટી જૈન ગ્રંથો પ્રસિદ્ધ કરવા માટે મૂળમાં સ્થાપવામાં આવી હતી. સ્વ. જર્મન વિદ્વાન હર્મન યાકોબીએ સંપાદિત કરેલ આચારાંગ સૂત્રનો અનુવાદ એ આ સોસાયટીનું સૌથી પહેલું પ્રકાશન હતું. પશ્ચિમને જૈન ધર્મનો પ્રથમ ખ્યાલ આપનાર આ ગ્રંથ હતો. આ પ્રકાશન બાદ પાલી ટેક્સ્ટ સોસાયટી પોતાનું સઘળું ભંડોળ બૌદ્ધ સાહિત્યના પ્રકાશન પાછળ ખરચતી રહી છે. આ પ્રકાશનો સાથે બીજી પ્રવૃત્તિઓ દ્વારા ત્યાંની પ્રજાનો બૌદ્ધ ધર્મ વિષેનો રસ એક સરખો ટકાવી રાખવામાં આવ્યો છે અને આજે લંડનમાં લગભગ ૨,૦૦૦ પશ્ચિમી બૌદ્ધધર્મીઓની બનેલી બુદ્ધિસ્ટ સોસાયટી નામની એક મોટી બુદ્ધિસ્ટ સંસ્થા બુદ્ધધર્મનો પ્રચાર કરી રહેલ છે. આ બુદ્ધિસ્ટ સોસાયટીના મકાનમાં એક વિશાળ વ્યાખ્યાનશાળા, મોટું પુસ્તકાલય અને ધ્યાનઉપાસના માટે એક ભારે સુન્દર મન્દિર છે. આ સોસાયટી બૌદ્ધધર્મના વર્ગો ચલાવે છે અને દર વર્ષે આ સોસાયટીના સંચાલકો તરફથી ગ્રિષ્મ વર્ગો યોજવામાં આવે છે, જેનો લાભ યૂરોપભરના વિદ્યાર્થીઓ લે છે. આ સોસાયટી મારફત અંગ્રેજી ભાષાભાષી લોકો સમક્ષ જૈન ધર્મ ઉપર ભાષણો આપવાની મને તકો સાંપડી હતી. મારો પરિપક્વ અભિપ્રાય છે કે પશ્ચિમના દેશોમાં આવી સોસાયટીઓ સાથે સહકાર સાધીને જૈન ધર્મના વર્ગો પણ ચલાવી શકાય અને તેનો ત્યાંના લોકો જરૂર સારા પ્રમાણમાં લાભ લે.

ભારતીય ધર્મોના સામાન્ય રીતે અને બૌદ્ધ ધર્મના ખાસ કરીને પાયાના સિદ્ધાન્તોની માહિતી આપ્યા સિવાય જૈન ધર્મનું ખરું શિક્ષણ આપી શકાય જ નહિ. ત્યાંના લોકો સમક્ષ જૈન ધર્મની રજુઆત ખ્રિસ્તી ધર્મની પરિભાષા દ્વારા કરવાની રહે છે. કોઇ પણ ભારતીય ધર્મ વિષે વાતો કરતાં આપણે જે પારિભાષિક શબ્દો વાપરીએ છીએ તેનો તેમના માટે કોઇ અર્થ હોતો નથી. હિન્દની બહાર જૈન ધર્મના ફેલાવાનો વિચાર કરવા પહેલાં જૈન ધર્મના પાયાના ગ્રન્થોનો વિદ્વતાપૂર્ણ અંગ્રેજી અનુવાદ હોવો અત્યન્ત જરૂરી છે.

બ્રિટનમાં ઘણા જૈનો વસે છે અને કેટલાક તો ત્યાં હંમેશાને માટે સ્થિર થયા છે. ઘણા જૈનો અવારનવાર લંડન આવે છે અને ત્યાં ખાતે ધંધાદારી હિતો ધરાવે છે. મને લાગે છે કે લંડનમાં પોતાના મકાન સાથેની એક જૈન એસોસીએશનની અને ઉપાસકો માટે એક નાના સરખા જૈન મંદિરની ખાસ જરૂર છે. આવી સોસાયટી એક બાજુએ લંડનમાં વસતા જૈનો માટે મિલનસ્થાન બની શકે અને બીજી બાજુએ પશ્ચિમમાં જૈન ધર્મની જાણકારી ફેલાવવા માટે એક કેન્દ્રસ્થ મથક બની શકે.

કેટલાક મહિના પહેલાં 'પ્રાર્થનાનો અર્થ અને અનુભવ શું છે?' એ વિષય ઉપર વિચારવિનિમય અર્થે વેનિસ ખાતે ભરવામાં આવેલી એક પરિષદમાં ભાગ લેવા માટે મને નિમંત્રણ આપવામાં આવ્યું હતું. ઇટલીની કેથોલિક સંસ્થાઓના આશ્રય નીચે આ પરિષદ બોલાવવામાં આવી હતી, પણ તેમાં દુનિયાના સર્વ મુખ્ય ધર્મોના પ્રતિનિધિઓ ઉપસ્થિત થયા હતા. આ પરિષદમાં ભાગ લેતાં મારા મન ઉપર એવી છાપ પડી કે ખ્રિસ્તી લોકોને હિંદુ ધર્મ સમજવો ઘણો મુશ્કેલ પડે છે અને તે ધર્મને એક જૂનાપુરાણા ધર્મ તરીકે તેઓ લેખતા હોય છે. તેઓ બૌદ્ધ ધર્મ પ્રત્યે સારા પ્રમાણમાં આકર્ષાયેલા છે, પણ બૌદ્ધ ધર્મનો 'અનાત્મવાદ'નો સિદ્ધાંત તેમને ભારે ગુંચવણભર્યો લાગે છે. તેઓ ઇશ્વરના ઇન્કારને સમજી શકે છે, પણ કોઇ પણ ભારતીય ધર્મ આત્મતત્વનો ઇનકાર કરી શકે એ તેમની કલ્પનામાં આવતું નથી. જૈન ધર્મમાં તેમને એક પ્રકારનો વ્યવહારુ સમન્વય પ્રાપ્ત થાય છે. વ્યક્તિ વ્યક્તિના અલગપણા ઉપર તેમ જ પ્રત્યેકના વ્યક્તિત્વના—જીવનમરણના ચક્રમાં જ માત્ર નહિ પણ અન્તિમ મોક્ષની સ્થિતિમાં પણ—ચાલુ રહેતા સાતત્ય ઉપર જૈન ધર્મ જે ભાર મૂકે છે તે બાબત તેમને જૈન ધર્મમાં સૌથી વધારે આકર્ષક લાગે છે. જૈન ધર્મની આ બાજુ, મારા ધારવા મુજબ, યૂરોપના બુદ્ધિવાદીઓને પણ આકર્ષે છે અને હિન્દુ ધર્મ અને બૌદ્ધ ધર્મની ત્રુટિઓથી જૈન ધર્મ મુક્ત છે એમ તેમને લાગે છે. સંઘના પ્રતિનિધિઓ તરીકે આપને આપના સંઘની પ્રવૃત્તિઓને હિન્દની બહાર વિસ્તારવાનો હું અનુરોધ કરું છું. લંડનમાં જો આપના સંઘ દ્વારા જૈન સોસાયટીની સ્થાપના થઇ શકે તો સંઘે એ ઘણું મોટું કામ બજાવ્યું ગણાશે.

ડૉ. પદ્મનાભ જૈની

'આગમ પ્રકાશન કાર્ય'-એક સ્પષ્ટીકરણ

'પ્રબુદ્ધ જીવન'ના તા. ૧૬-૧૧-૬૦ના અંકમાં મહાવીર વિદ્યાલયના આગમ પ્રકાશન કાર્યને વધાવી લેતી જે નોંધ પ્રકટ થઇ છે, તેમાં કેટલોક હકીકતદોષ છે તે નિવારવાની જરૂર છે. બધા આગમો ૨૫૦૦ વર્ષ જેટલા જૂના નથી. માત્ર અંગોનો અમુક ભાગ જ એટલો જૂનો હોઇ શકે; બાકીના, ખાસ કરી અંગબાહ્ય ગ્રન્થો તો જુદે જુદે સમયે બન્યા છે અને ક્રમે કરી આગમોમાં સ્થાન પામ્યા છે.

વળી વલ્લભીમાં આગમોનું લેખનકાર્ય થયું તે વીરનિર્વાણ સંવત ૯૮૦ છે, મતાંતરે ૯૯૩ છે અને નહિ કે ૧૫૮૦ અને વલ્લભીમાં દેવર્ધિગણિએ બધા શ્રુતધરોને એકત્ર કર્યા હતા અને વાચના કરી હતી એમ નહિ; પણ વલ્લભીમાં નાગાર્જુનસૂરિએ બહુશ્રુતોને એકત્ર કરીને વાચના કરી હતી. એ જ અરસામાં મથુરામાં આર્ય સ્કંદિલે પણ બહુશ્રુતોને એકત્ર કરી વાચના કરી હતી. આ બન્ને વાચનાને લગભગ દોઢસો વર્ષ વીત્યા પછી આ દેવર્ધિગણિએ અન્ય શ્રુતધરોની સહાયથી માથુરી વાચનાને અને વલ્લભી વાચનાને આધારે પુસ્તક લેખનની યોજના કરી હતી તે વીરનિર્વાણ સંવત ૯૮૦ અગર ૯૯૩માં થઇ. આ પુસ્તક લેખનમાં માથુરી વાચનાને મુખ્ય માનવામાં આવી હતી અને નાગાર્જુની વાચનામાં આવતા પાઠાંતરોને નોંધી લેવામાં આવ્યા હતા, જે આજે પણ નોંધાયેલા મળી આવે છે.

સમગ્ર આગમપ્રકાશનનું કાર્ય સર્વપ્રથમ આચાર્ય સાગરાનંદસૂરિએ કર્યું એમાં પણ હકીકતદોષ છે. તે પહેલાં પણ બાબુ ધનપતિસિંહ દ્વારા સટીક આગમો પ્રકાશિત થઇ ગયા હતા અને મૂળ તથા હિન્દી અનુવાદ સાથે આચાર્ય અમોલખ ઋષિએ સ્થાનકવાસીને માન્ય એવા ૩૨ આગમો પ્રકાશિત કર્યા હતા; પણ આમાં વિશેષ સંશોધનને અવકાશ હતો અને સફાઇપૂર્વક છપાઇની પણ જરૂર હતી. આચાર્ય સાગરાનંદસૂરિએ એકરૂપમાં સુંદર મુદ્રણ કર્યું અને પ્રથમના બંને કરતાં શુદ્ધિ પણ વધારે જળવી એ સ્વીકારવું જોઇએ અને એવું ભગીરથ કાર્ય એકલે હાથે કર્યું એનો પણ મહદ્ યશ તેમને ફાળે જાય છે.

વળી તેમણે પોતાની સાંપ્રદાયિક કટ્ટરતાને કારણે આગમોના આ પ્રકાશનમા કોઇ પણ પ્રકારની ધાલમેલ કરી હોય એવું નથી. એટલે એવો જે આક્ષેપ તેમના ઉપર મૂકવામાં આવ્યો છે તે વ્યાજબી નથી અને એક સન્નિષ્ઠ વ્યક્તિને અન્યાય કરવા જેવું છે. એમના એ પ્રયત્નને ભૂમિકા રૂપે સ્વીકારીને જ મહાવીર વિદ્યાલયના આગમપ્રકાશનનું કામ સરળ થવાનું છે એ પણ સ્વીકારતાં સંકોચ નથી.

આગમ સંશોધનનું કાર્ય ઘણું જ કપરું છે અને મુનિરાજ શ્રી પુણ્યવિજયજી લગભગ ૨૫ વર્ષ થયાં એ એકમાત્ર કાર્યની પાછળ પડયા છે, તે અર્થે તેઓ જેસલમેર સુધી પણ જઇ આવ્યા છે અને આગમોની જે જે વિશિષ્ટ પ્રતો તેમના ધ્યાનમાં આવી છે તેના પાઠોની નોંધ સતત લેતા અને લેવરાવતા આવ્યા છે. તેમના એ ૨૫ વર્ષના પરિશ્રમનું અને સમાજની વિવિધ સંસ્થા અને વ્યક્તિઓએ કરેલ ખર્ચનું સુફળ મહાવીર જૈન વિદ્યાલયના પ્રકાશનમાં મળવાનું છે એ જ એ પ્રકાશનની વિશેષતા છે.

તા. ૨૫-૧૧-૬૦, અમદાવાદ. **દલસુખ માલવણિયા**

તંત્રીનોંધ: પ્રબુદ્ધ જીવનના ગતાંકમાં 'શ્રી મહાવીર જૈન વિદ્યાલયે હાથ ધરેલું આગમ-પ્રકાશન કાર્ય' એ મથાળા નીચેની મારી નોંધમાં એ વિષયને લગતી મારી અધૂરી સમજણને અંગે જે થોડોક હકીકતદોષ પ્રવેશી ગયેલો તે તરફ ધ્યાન ખેંચતી શ્રી દલસુખભાઇ માલવણિયાએ લખી મોકલેલી નોંધ ઉપર પ્રગટ કરવામાં આવી છે અને તે માટે તેમનો હું આભાર માનું છું.

મારી નોંધમાં શરૂઆતમાં 'જે વીરનિર્વાણ સંવત ૧૫૮૦' એમ જણાવેલ છે તે કેવળ મુદ્રણદોષ છે. મારા મનમાં વીરનિર્વાણ સંવત ૯૮૦ની જ સાલ હતી. એમ ન હોત તો તેની આગળ 'આજથી ૧૫૦૦ વર્ષ પહેલા' એ શબ્દો મુકાયા જ ન હોત. પ્રૂફ જોતાં એ ભૂલ સુધારવાનુ રહી ગયું લાગે છે.

સ્વ.સાગરાનંદસૂરિનું આગમપ્રકાશન પોતાને જે હસ્તલિખિત પ્રત સારી અને પોતાનાં મન્તવ્યોને અનુકૂળ લાગી માત્ર તે પ્રત ઉપરથી જ કરવામાં આવેલ છે-આવો કાંઇક મારો ખ્યાલ હતો અને આ બાબતને મેં તેમની સર્વસુવિદિત સાંપ્રદાયિક કટ્ટરતા સાથે જોડી હતી. આમ કરવામાં તેમના આગમ-પ્રકાશનના સંનિષ્ટ કાર્યને મેં અન્યાય કર્યો છે એમ જ્યારે શ્રી દલસુખભાઇ જણાવે ત્યારે મારે તેમનું કહેવું નતમસ્તકે કબૂલ કરવું રહ્યું અને આ બાબત તેમજ અન્ય હકીકતદોષો માટે મારે જરૂર દિલગીરી દર્શાવવી રહી.

પરમાનંદ

'હું પાપ કેવી રીતે કરી શકું?'

એક શ્રીમંત જમીનદાર હતો. એણે બાગ બનાવ્યો અને તેમાં જાતજાતનાં ફળઝાડો રોપ્યાં. જ્યારે એ રોપ મોટા થયાં અને તેને ફળ આવવા લાગ્યાં ત્યારે એની સંભાળ રાખવા માટે એણે બે ચોકીદાર રાખ્યા. એમાં એક આંધળો હતો અને બીજો લંગડો હતો. બેઉ બાગના દરવાજે બેસી ચોકી કરતા. જમીનદારે વિચાર્યું કે બેઉ ચોકી તો બરાબર કરશે પણ ફળની ચોરી નહિ કરી શકે.

એ વાતને દિવસો વહી ગયા અને શરદપૂનમ આવી. ચાંદની એવી તો ફેલાઇ હતી કે કીડી પણ ચાલતી હોય તે દેખાય. ચોકી કરતાં કરતાં લંગડાએ વૃક્ષો પર લટકતાં ફળો જોયાં અને તેના મોંમાં પાણી છૂટયું. એણે આંધળાને કહ્યું: 'ફળો એવાં તો મજાનાં લાગ્યાં છે કે ખાવાનું મન થાય! વળી કેટલાં બધાં છે!'

'તો પછી શેની રાહ જુએ છે? ચાલ આપણે ખાઇએ.' આંધળાએ કહ્યું.

'હું તો ચાલી શકતો નથી. હા, જો તું મને તારા ખભા પર બેસાડી લે અને કહું ત્યાં તું મને લઇ જાય તો ફળ તોડી શકાય.

આંધળાએ હા પાડી અને લંગડાને કાંધ પર બેસાડી તે કહે ત્યાં તેને લઇ જતો ને થોભતો અને લંગડો પાકેલાં સારાં ફળ તોડતો. ખાવા જેટલાં ફળ થયા પછી બંનેએ પોતાની જગ્યા પર આનંદથી ખાધાં.

બીજે દિવસે જમીનદાર બાગમાં આવ્યો. એને થોડાં ફળો ઊતારી લીધેલાં જણાયાં. એણે બેઉ ચોકીદારને ધમકાવ્યા: તમે બરાબર ચોકી કરતા નથી. જુઓ આ ઝાડ પરથી કોઇ ફળ ચોરી ગયું છે.

'માલિક, બાગમાં તો કોઇ આવ્યું નથી'—બંનેએ કહ્યું.

'ત્યારે તમે તોડ્યાં હશે, જાય ક્યાં?'

'અરે, માલિક, હું તો ચાલી શકતો નથી ને આ તો આંધળો છે—અમે કેવી રીતે ફળ તોડી શકીએ?'—લંગડાએ બચાવ કર્યો.

'જો તું આંધળાની કાંધ પર બેસે ને એ તને તું કહે ત્યાં લઇ જાય તો તું સહેલાઇથી ફળ તોડી શકે, ખરું ને? જમીનદારે લંગડાને કહ્યું. તે કશો જ જવાબ આપી શક્યો નહિ.

માણસની વાત પણ આવી જ છે. દેહ કહે છે કે 'હું જડ છું, માટીનો પિંડ છું, અંધ છું, માટે પેદા કરનારી ચીજને હું જોઇ શકતો નથી. મારાથી પાપ થાય એ શક્ય જ નથી. પાપ શી રીતે થાય એ હું જાણતો જ નથી.'

જીવાત્મા કહે છે: 'જ્યારે મારી પાસે પાપ કરવાનું કોઇ સાધન નથી ત્યારે હું પાપ કેવી રીતે કરી શકું? શું ઇન્દ્રિયો વિના થઇ શકે ખરું?'

શરીર અને આત્માની વાત સાંભળી ભગવાન કહે છે: 'આત્મા શરીરની કાંધ પર બેસે છે અને બન્નેના સહકારથી પાપ થાય છે.'

ટોલ્સ્ટોય

પ્રકીર્ણ નોંધ

શ્રી હીરાબહેનની પાઠક-નિષ્ઠા

સ્વ. રામનારાયણ પાઠકને વિદેહ થયાને પાંચ વર્ષ થવા આવ્યાં છે. એમ છતાં જેઓ એક યા અન્ય કારણે તેમના ઓછા વધતા સંસર્ગમાં આવ્યા છે તેમના ચિત્તમાં તેમની સ્મૃતિ આજે પણ એટલી જ તાજી છે. આધુનિક ગુજરાતી સાહિત્ય સાથે તેમનું નામ અને કાર્ય એટલું બધું વણાયેલું છે કે ગુજરાતી સાહિત્યમાં રસ ધરાવતા વિશાળ સમુદાયને જાણે કે હજુ તેઓ જીવંત જ હોય એમ લાગે છે. તેમના જીવનસાથી હીરાબહેન પાઠક આજે પણ ગુજરાતી સાહિત્યની ચાલુ ઉપાસના દ્વારા સ્વ. પાઠકની સાહિત્યપરંપરાને શોભાવી રહ્યાં છે.

સ્વ. રામનારાયણ પાઠક અમદાવાદથી ૫૮ માઇલ દૂર ભાલ નળકાંઠા પ્રદેશમાં આવેલા 'ભોળાદ' ગામના મૂળ વતની. ભોળાદ ગામની વસતિ ૧,૫૦૦-૨,૦૦૦ માણસની. શ્રી પાઠક જીવતા હતા ત્યારે પોતાના આ ગામ માટે કાંઇ ને કાંઇ કરવાની ઇચ્છા તેઓ મનમાં સતત સેવ્યા કરતા હતા, પણ એક યા બીજા કારણે તેમની આ ઇચ્છા તેમના જીવનકાળ દરમિયાન કોઇ મૂર્ત રૂપ ધારણ કરી શકી નહોતી.

પાઠક ગયા ત્યારથી હીરાબહેન સ્વ. પાઠકની ઉપર જણાવેલ ઇચ્છાને યોગ્ય અમલી રૂપ આપવાની આકાંક્ષા સેવી રહ્યાં હતાં. વળી પાઠક જે મિલકત મૂકી ગયા તેનો કોઇ ને કોઇ શુભ કાર્યોમાં ઉપયોગ કરવાનો હીરાબહેને ત્યારથી જ મનમાં સંકલ્પ કરેલો હતો. ઉપરની તમન્નાથી પ્રેરાઇને હીરાબહેન ભોળાદ ગામ અવારનવાર જતા રહેલાં અને ત્યાંના લોકોને શેની શેની જરૂર છે અને પોતાથી શું થઇ શકે તેમ છે તે બાબતની ત્યાંના લોકો સાથે તેમણે ઠીક ઠીક વાટાઘાટ કરેલી અને આ માટે તેમણે અથાગ પરિશ્રમ લીધો. જેના પરિણામે ગામ માટે એક દવાખાનાનું મકાન ઊભું થયું. આ મકાન પાછળ હીરાબહેને પાઠકની મિલ્કતમાંથી રૂા. ૮,૦૦૦, અને સરકારે રૂા. ૧૦,૦૦૦ ખરચ્યા છે અને ગામના લોકોએ આશરે રૂા. ૨,૦૦૦ની મજૂરી મફત આપી છે. આ દવાખાના સાથે સ્વ. રામનારાયણ પાઠકના પિતાશ્રી સ્વ. વિશ્વનાથ સદારામ પાઠક અને તેમનાં પત્ની આદિત્યબાઇનું નામ જોડવામાં આવ્યું છે. આ ઉપરાંત શ્રી હીરાબહેને બહેનોની ઉદ્યોગપ્રવૃત્તિ ચાલે તે માટે ઉપર મુજબ રૂા. ૪,૦૦૦ ખર્ચીને એક હૉલ બંધાવી આપ્યો. તેને નારીમંદિર નામ આપવામાં આવ્યું છે અને તેને સ્વ. રામનારાયણ પાઠકનાં પહેલીવારનાં પત્ની સ્વ. મણિબહેન રામનારાયણ પાઠકના નામ સાથે જોડવામાં આવ્યું છે. વળી ઉપર મુજબ બીજા રૂા. ૪,૦૦૦ ખર્ચીને બાલવાડી માટે એક હૉલ બંધાવી આપ્યો અને તેની સાથે સ્વ. રામનારાયણનાં સ્વ. બહેન સવિતાબહેન હર્ષદરાયનું નામ જોડવામાં આવ્યું છે. તદુપરાન્ત રૂા. ૨,૨૫૦ ખર્ચીને ત્યાંના સ્મશાન અંગે જરૂરી પાકા બાંધકામોની જોગવાઇ કરી આપી અને તેની સાથે શ્રી રામનારાયણના લઘુબંધુ સ્વ. ગજાનન વિશ્વનાથ પાઠકનું નામ જોડવામાં આવ્યું છે.

આ ચારે મકાનોનું અથવા તો સંસ્થાઓનું ગયા ઑક્ટોબર માસની ૩૧મી તારીખે પૂ. રવિશંકર મહારાજના હાથે ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અનેક સાહિત્યકારો અને હીરાબહેન તથા સ્વ. રામનારાયણનાં સ્વજનો બહુ મોટી સંખ્યામાં ભોળાદ ગામે ઉપસ્થિત થયાં હતાં. આ મંડળીને અમદાવાદથી ભોળાદ લઇ જવા માટે હીરાબહેન તરફથી સ્ટેટ ટ્રાન્સપોર્ટની બે બસોની ગોઠવણ કરવામાં આવી હતી તેમ જ ભોળાદમાં આ મહેમાનો તથા ગામના આગેવાન લોકોને હીરાબહેન તરફથી સમૂહ ભોજન આપવામાં આવ્યું હતું. ગામના લોકોએ, જ્યારે હીરાબહેન, રવિશંકર મહારાજ, રસિકલાલ પરીખ, યશવન્ત શુકલ, નવલભાઇ શાહ વગેરે ભાઇબહેનો ભોળાદ પહોંચ્યાં ત્યારે તેમનું અત્યંત ભાવભર્યું સ્વાગત કર્યું હતું, દબદબાભર્યું સામૈયું કાઢ્યું હતું, આખા ગામને સુંદર રીતે શણગાર્યું હતું અને પ્રસ્તુત પ્રસંગને એક મહાન ઉત્સવનું રૂપ આપ્યું હતું. આ ઉદ્ઘાટન સમારંભ પાછળ હીરાબહેને પોતાથકી આશરે રૂા. ૨૫૦૦ થી ૩૦૦૦ નો ખર્ચ કર્યો હતો.

આ શુભ ઘટનાની નોંધ લેતાં અનેક રીતે બહુ આનંદ થાય છે. જે લગ્ન જ્યારે થયું ત્યારે અનેક દિશાઓથી અત્યન્ત ટીકાપાત્ર બન્યું હતું તે જ લગ્નજીવનના દશ વર્ષને અસાધારણ પતિનિષ્ઠા વડે હીરાબહેને સફળ અને સાર્થક બનાવ્યાં હતાં-આ હકીકત આજે સર્વત્ર સુવિદિત છે. હીરા બહેનનાં ચાલુ પરિચયમાં આવનાર દરેકને કબૂલ કરવું પડશે કે આજે પાઠક નથી, પણ હીરાબેનની પાઠક-નિષ્ઠા એટલી જ જીવતી છે. આ નિષ્ઠાને તેમણે ઉપર જણાવેલ શુભ કાર્યોથી અત્યન્ત સુભગ એવું મૂર્ત રૂપ આપ્યું છે અને પાઠકની પુણ્યસ્મૃતિને ચિરંજીવી બનાવી છે વળી આ ચારે મકાનો સાથે નથી હીરાબહેને પોતાનું નામ જોડ્યું, નથી સ્વ. રામનારાયણનું નામ જોડ્યું, કારણ કે તેમને આ નહિ જ ગમે એમ હીરાબહેન જાણતા હતા, પણ સ્વ. રામનારાયણના અતિ નિકટવર્તી સ્વજનોનાં નામ જોડવાનું તેમણે પસંદ કર્યું છે. વળી કોઇ મોટા શહેરમાં 'રામનારાયણ ભવન' કે એવું કાંઇ ઊભું કરવાને બદલે જે ગામના સ્વ. રામનારાયણ હતા એ ગામની પ્રાથમિક જરૂરિયાતો પૂરી પાડીને રામનારાયણનું પોતાના ગામ પ્રત્યેનું ઋણ હીરાબહેને અદા કર્યું છે. આવી પાઠક-નિષ્ઠા માટે હીરાબહેનને ગુજરાતી પ્રજાના અનેક ધન્યવાદ ઘટે છે.

'સેવામૂર્તિ શ્રી વીરચંદ પાનાચંદ શાહ'

શ્રી વીરચંદભાઇના પુત્રો ભાઇ વિનોદ અને પ્રમોદ તરફથી સ્વ. વીરચંદભાઇનું જીવનચરિત્ર તાજેતરમાં પ્રગટ કરવામાં આવ્યું છે. આ જીવનચરિત્રના શ્રી જગન્નાથ દેસાઇ સંપાદક છે. તેમણે વીરચંદભાઇના અનેક નાની મોટી ઘટનાઓથી ભરપૂર એવા દીર્ઘાયુષી જીવનમાંથી સુન્દર તારવણી કરીને એક રોચક અને પ્રેરક જીવનકથા ગુજરાતી સમાજ સમક્ષ રજૂ કરી છે. અત્યંત સાધારણ સ્થિતિમાંથી એક વ્યક્તિ માત્ર પુરુષાર્થના બળે કેવી રીતે ઊંચે આવે છે, સમયાન્તરે સંયોગો કેવી કેવી અનુકૂળતા પેદા કરે છે અને તેના જીવનમાં સંપત્તિનો પ્રવાહ કેમ વહેતો થાય છે અને આ પ્રવાહથી વિકળ કે મદોન્મત્ત થવાને બદલે ૪૫ વર્ષની ઉમ્મરે તે કેવી રીતે ધંધાવ્યવસાયથી છૂટી થાય છે અને લોકસેવાને પોતાનું અવશેષ જીવન સમર્પે છે તેનું અત્યન્ત સુભગ ચિત્ર આ ચરિત્રવાચનના પરિણામે આપણી કલ્પના સામે ખડું થાય છે. વીરચંદભાઇના ઓછાવધતા પરિચયમાં આવેલા ભાઇબહેનોને આ પુસ્તક વાંચતાં તેમની સાથેનાં સ્મરણો તાજાં થાય છે અને જેની જોડ જલ્દી જોવા ન મળે એવી એક સહૃદય વિભૂતિ આજે આપણી વચ્ચે નથી એ હકીકતનું ભાન તાજું થતાં આપણું દિલ ઊંડી ખિન્નતાનો અનુભવ કરે છે. કેવળ ઉપરછલ્લું જીવન જીવતી અને સેવાયોગ કરતાં સુખભોગ તરફ ઢળતી જતી

આજની પ્રજા માટે આ જીવનકથા અનેક રીતે પ્રેરણાદાયી બની શકે તેમ છે. વીરચંદભાઇનું જીવન કયા આદર્શથી પ્રેરિત હતું તે તેમના જ શબ્દોમાં આપણે જોઇએ :-

"મારો આદર્શ અજાતશત્રુનો છે. મહાપુરુષ ગાંધીજીના જીવનને દીવાદાંડી રૂપ ગણીને તે પ્રકાશના આધારે મારો જીવન-પંથ કાપવાનો મેં યથાશક્તિ અને યથામતિ પ્રયાસ કર્યો છે. તેને પરિણામે મારુ જીવન સીધે માર્ગે ગયું છે, કોઇ અટપટી ગલીકુંચીઓ આવી નથી–છતાં માનવમાત્રના જીવનમાં મનોમંથનો હોય છે, તેવાં મનોમંથનો તો જરૂર થયાં છે. આમાંથી સૌથી મોટું મનોમંથન આત્મદર્શનનું છે. ગાંધીજીના જીવનને મારી વિદ્યાર્થી અવસ્થાથી મેં મારા જીવનમાં માર્ગદર્શક ગણ્યું છે, તેઓએ અનાસક્તિયોગની પ્રસ્તાવનામાં લખ્યું છે કે "જે કોઇનો દ્વેષ કરતો નથી, જે કરુણાનો ભંડાર છે, જે અહંતા–મમતાથી મુક્ત છે, જેને સુખ દુઃખ, ટાઢ તડકો સરખાં છે, જે ક્ષમાશીલ છે. જે સદા સંતોષી છે, જેના નિશ્ચય કદી ફરતા નથી, જેણે મન અને બુદ્ધિ ઇશ્વરને અર્પણ કર્યા છે, જેનાથી લોકો ત્રાસતા નથી, જે લોકોનો ભય રાખતો નથી, જે જે હર્ષશોકભયાદિથી મુક્ત છે, જે પવિત્ર છે, જે કાર્યદક્ષ છે છતાં તટસ્થ છે, જે શુભાશુભનો ત્યાગ કરનારો છે, જે શત્રુમિત્ર પ્રત્યે સમભાવી છે, જેને માન–અપમાન સરખાં છે, જે સ્તુતિથી ફુલાતો નથી, નિન્દાથી ગ્લાનિ પામતો નથી, જે મૌનધારી છે, જેને એકાન્ત પ્રિય છે, જે સ્થિર બુદ્ધિ છે, તે ભક્ત છે.' મારી દૃષ્ટિ સામે આ આદર્શ છે, અને તેને યથાશક્તિ પહોંચવા મારી નમ્ર ભાવના છે."

પ્રસ્તુત પુસ્તકદ્વારા સ્વ. વીરચંદભાઇના જીવનની ભિન્ન-ભિન્ન ઘટનાઓ સમગ્રપણે ધ્યાન ઉપર આવે છે અને તેમના ભાવનાપરાયણ શીલસંપન્ન આત્માનું સુરેખ દર્શન થાય છે. તે પુસ્તકમાં ઉદ્ધૃત કરવામાં આવેલા પોતાના પુત્ર, પુત્રી, પૌત્રી, જમાઇ વગેરે ઉપર લખેલા પત્રો વાંચતાં વીરચંદ-ભાઇની સૌહાર્દશીલતાનો અને અનુપમ વાત્સલ્યનો કોઇ અનોખો અનુભવ થાય છે. આમ વીરચંદભાઇની જીવનપ્રતિભાનું સમગ્ર દર્શન કરતાં વીરચંદભાઇને આપણે જેવા જાણ્યા, જોયા અને ઓળખ્યા એ કરતાં પણ ઘણું વધારે મહાન સત્વશીલ તેમનું વ્યક્તિત્વ હતું–આવું સંવેદન આપણા ચિત્તને સ્પર્શે છે, અને તેમના વિષેના આદરમાં વૃદ્ધિ કરે છે.

આપણે કયાં જઇ રહ્યા છીએ ?

તા. ૩૦–૯–'૬૦ ના 'ફુલછાબ'માં ભાવનગરના નાગરિકોનો નીચે પ્રમાણે પત્ર પ્રગટ થયો છે :-

"સમાચાર તરીકે જેમાં કાંઇ નવીનતા નથી પણ સમાજ-હિતની દૃષ્ટિએ મહત્વની એવી કેટલીક હકીકતો આપના ધ્યાન પર મૂકવા માગુ છું.

"ભાવનગર શહેર અને જિલ્લામાં મળીને છેલ્લા મહિનાઓમાં વાણિયા, બ્રાહ્મણ જ્ઞાતિની એક ડઝન જેટલી યુવતીઓ અને બાળાઓ (વિધવાઓ, ત્યકતાઓ અને કુમારિકાઓ) સગર્ભા અવસ્થામાં મુકાઇ જતાં તેમને રાજ્યની વિકાસગૃહ જેવી જુદી જુદી સંસ્થાઓમાં આશ્રય લેવો પડયો છે. આ બહેનોને આવી સંસ્થાઓમાં આશ્રય મળ્યો ન હોત તો તેઓના સમાજમાં જાહેર ભવાડા થાત અને એમને કૂવા–અવેડા પૂરવા પડત અથવા તો તેઓ કાયમના માટે કહેવાતા સભ્યસમાજમાં ફેંકાઇ જઇને હરામી–હલાલીઓના કાયમી પંજામાં સપડાઇ પડી હોત.

"આ બહેનોના અને તેમને ફસાવનારાઓનાં નામઠામ બહાર આવત તો કહેવાતા ઉચ્ચ અને ખાનદાન એવા કેટલાય ઘરોમાં સામાજિક ઝંઝાવાત જાગી પડયો હોત. આ બહેનોએ જે વ્યક્તિઓનાં નામઠામ પોતાને આશ્રય આપનાર સંસ્થા-ઓના સંચાલકો પાસે જણાવેલ કે લખાવેલ છે તેની વિગતો બહાર આવે તો પણ ચોંકી ઉઠાય તેવું છે.

"એક કિસ્સા સગા દિયરનું નામ દેવાયું છે. એક કિસ્સામાં સગા માશીઅર્થ ભાઇનું નામ દેવાયું છે. એક કિસ્સામાં શિક્ષક–ગુરુનું નામ દેવાયું છે. એક કિસ્સામાં જેઠનું નામ દેવાયું છે. એક કિસ્સામાં બનેવીનું નામ દેવાયું છે. એક કિસ્સામાં સગપણના મુરતીયાએ કૃત્ય કરી પછી દગો દીધાનું લખાવાયું છે. એક કિસ્સામાં પતિના મિત્રનું નામ દેવાયું છે. એક કિસ્સામાં તો પિતાતૂલ્ય પૂજ્ય સસરાજીનું નામ દેવાયું છે.

"આમ બધા કિસ્સાઓ ચમકાવનારા અને વિચારતા કરી મૂકે તેવા છે. આપણા સમાજની ભીતરમાં આજના વાતા-વરણમાં કેવા કેવા પ્રકારના બનાવો બની રહ્યા છે કે બનવા માંડયા છે તેના પ્રતિબિંબ જેવા છે."

આ સ્થિતિમાં માત્ર ભાવનગરમાં જ પ્રવર્તે છે એમ નથી. દરેક મોટા શહેરમાં આવી ઘટનાઓ બની રહી છે. કોલેજોમાં પણ આવું જ વાતાવરણ પ્રવર્તે છે. આજની આબોહવા જ જાણે કે સ્વચ્છંદપ્રચૂર બની ગઇ છે. સમાજનું નૈતિક સ્વાસ્થ્ય જાળવનારી પરંપરાગત મર્યાદાઓનો લોપ થઇ રહ્યો છે. મુક્ત મન એટલે ગમે તેમ વર્તી શકાય–આવી મનોદશા આજના યુવકમાનસને વિકલ બનાવી રહી છે અને આચારભ્રષ્ટતાના માર્ગે ધકેલી રહી છે. પ્રજાએ નૈતિક સમધારણ ગુમાવ્યું છે અને આ આપણું મોટામાં મોટું ભયસ્થાન છે. સમાજનેતાઓ, વિચારકો અને ચિન્તકો અને સામાજિક જવાબદારી ધરાવતાં આદર્શપરાયણ યુવકો આજની આબોહવાને કેમ બદલવી તેનો ગંભીરપણે વિચાર કરે.

પરમાનંદ

હકીકત–સુધારણા

તા. ૧–૧૧–૬૦ ના અંકમાં 'સંસ્કારમૂર્તિ શ્રી હીરાલાલ અમૃતલાલ શાહ' શિર્ષક નોંધમાં જણાવવામાં આવ્યું છે કે:– "૧૯૨૩ માં ગાંધીજીને મંગળદાસ માર્કેટમાં ખાદી અને સ્વદેશીના પ્રચારાર્થે પોતાની પેઢી ઉપર તેમણે (સ્વ. હીરાલાલ શાહે) બોલાવેલા અને એ વખતે રૂા. ૨૫,૦૦૦ની રકમ તેમણે ગાંધીજીને અર્પણ કરેલી." આ લખાણમાં જણાવેલ ૧૯૨૩ની સાલ સંબંધમાં ગાંધીજી અંગે તારીખવાર યાદી તૈયાર કરી રહેલા શ્રી ચંદુલાલ ભગુભાઇ દલાલ જણાવે છે કે "આ સાલ દરમિયાન ગાંધીજી જેલમાં હતા, એટલે એ સાલમાં ગાંધીજીનું મંગળદાસ માર્કેટમાં જવાનું સંભવતું નથી. આ વિષે તપાસ કરતાં માલુમ પડે છે કે તા. ૩૦–૬–૨૧ ના રોજ ગાંધીજી મંગળદાસ માર્કેટમાં તિલક સ્વરાજ્ય ફાળા માટે ગયાની નોંધ મળી આવે છે."

એટલે ઉપરના લખાણમાં ૧૯૨૩ ને બદલે તા. ૩૦–૬–૨૧ એમ સુધારી લેવા પ્રબુદ્ધ જીવનના વાચકોને વિનંતિ છે.

તંત્રી : **પ્રબુદ્ધ જીવન**

વિષય સૂચિ

		પૃષ્ઠ
જ્યારે બાપુ રોઇ પડયા! ...	મહાવીર ત્યાગી	૧૪૫
પશ્ચિમના દેશોમાં જૈન ધર્મની જાણકારીનો અભાવ ...	ડો. પદ્મનાભ જૈની	૧૪૮
'આગમન પ્રકાશનકાર્ય' એક સ્પષ્ટીકરણ	દલસુખ માલવણિયા	૧૪૯
'હું પાપ કેવી રીતે કરી શકું?'	ટૉલ્સ્ટોય	૧૪૯
પકીર્ણ નોંધ : શ્રી હીરાબહેનની પાઠક-નિષ્ઠા, સેવામૂર્તિ શ્રી વીરચંદ પાનાચંદ શાહ, આપણે કયાં જઇ રહ્યા છીએ? ...	પરમાનંદ	૧૫૦
મારી સંસ્કારરૂઢ આચાર અને વિચારની ગ્રંથીઓનું કેવી રીતે નિરસન થયું?	નાનાભાઇ ભટ્ટ	૧૫૨
મિથ્યા લેખાં	હીરાબહેન પાઠક	૧૫૪

મારી સંસ્કારરૂઢ આચાર અને વિચારની ગ્રંથિઓનું કેવી રીતે નિરસન થયું ?

(મુ. નાનાભાઇ ભટ્ટને કેટલાએક સમય પહેલાં મળવાનું બનતાં મેં તેમને વિનંતિ કરેલી કે "આપના જીવનના પ્રારંભમાં બંધાયેલી કઇ કઇ વિચાર અને આચારની ગ્રંથિઓનું કેવી રીતે નિરસન અને સંશોધન થતું ગયું તેને લગતા અનુભવ અને ચિંતનનો જો આપ કાંઇક ખ્યાલ આપો તો તે આજની પ્રજાને અનેક રીતે માર્ગદર્શક બને." આ વિનંતિને ધ્યાનમાં લઇને તેમણે બિછાનામાં પડયાં પડયાં એક લાંબો ઉત્તર લખાવીને મોકલેલો, જે પ્રબુદ્ધ જીવનના વાંચકોના લાભાર્થે મુ. નાનાભાઇની અનુમતિપૂર્વક નીચે પ્રગટ કરવામાં આવે છે—**પરમાનંદ.**)

તમારા આ પ્રશ્નનો જવાબ આપવો એ મારા માટે મહાભારત કામ થઇ પડયું છે. કાઠિયાવાડમાં એક વાર્તા ચાલે છે: "કોઇ એક આંધળો વાણિયો શંકરની તપશ્ચર્યા કરતો હતો. ઉગ્ર તપશ્ચર્યાને અંતે શંકર તેના પર પ્રસન્ન થયા અને બોલ્યા 'બેટા! માગ, માગ, જે વરદાન માગીશ તે આપીશ.' શંકરને પ્રસન્ન થયેલા જોઇને વાણિયાએ પોતાના મનની સમગ્ર કુશળતા એકઠી કરીને માગ્યું: 'હે કૃપાનાથ! મારા દીકરાના દીકરાની વહૂને સાત માળની હવેલી ઉપર સોનાની ગોળીમાં વલોણું કરતી દેખું એ વરદાન આપો. હે ભોળાનાથ, આપની આટલી કૃપા મારા પર ઊતારો.' શંકરે કહ્યું: 'તથાસ્તુ.'

તમે જોઇ શકશો કે પેલા વાણિયાએ ભારે કુશળતાથી પોતાનો અંધાપો દૂર કરવાનું માગવાની સાથે વંશની વૃદ્ધિ પણ માગી, સમૃદ્ધિ પણ માગી અને તેની સાથે અનાયાસે આવતું ઐશ્વર્ય પણ માગી લીધું. આ પ્રમાણે તમે પણ તમારા એક જ પ્રશ્નમાં મારા સમગ્ર જીવનને ઉથલાવીને ખૂણે ખૂણે પડેલાં ગુપ્ત-પ્રગટ એવાં તમામ બળોને હું ઢંઢોળીને તપાસી લઉં એવી તરકીબ કરી. એટલે તમે પણ નવયુગના આવા વાણિયા નહીં તો બીજું શું? સાંભળો ત્યારે, માણસ જેમ પોતાના બદનને ઉખેળીને અંદરથી ઝીણી તપાસ કરે તેમ મારા સમગ્ર જીવનને ઉખેળીને મને જે હાથ લાગ્યું તે તમને જણાવું છું.

આજ સુધીમાં મેં અનેક વાર જણાવ્યું છે કે સનાતન ધર્મના વાતાવરણમાં જ હું ઊછર્યો છું. આ સનાતન ધર્મ એટલે જે ધર્મે વેદકાળથી માંડીને આજ સુધીમાં અનેક રૂપો ધારણ કર્યાં ને પોતાની શાખાઓ એટલા બધા વિસ્તારોમાં ફેલાવી કે અસલ મૂળ કયું ને શાખા કઇ તે શોધવું પણ ભારે પડે. તે સનાતન ધર્મના આ વાતાવરણે મારા જીવનમાં કયાં કયાં ઊંડો પ્રવેશ કર્યો હતો તેનો વિગતવાર વિચાર આજ સુધી મેં ઓછો કર્યો છે. આજે એ વિચાર કરું છું ત્યારે એની પકડ કેટલી સજ્જડ અને કળી પણ ન કળાય તેવી હતી તે સ્પષ્ટ સમજાય છે.

સનાતન ધર્મના જે વાતાવરણમાં હું ઉછર્યો છું તે વાતાવરણમાં સનાતન ધર્મનાં સનાતન મૂલ્યો, એ મૂલ્યોમાં કાળે કાળે થયેલી નવી અર્થસંકલના અને એ સનાતન મૂલ્યો ઉપર ચડી ગયેલા અનેક સાચાખોટા પોપડાઓ એ બધું મારી આંખ આગળ તરે છે. આ બધાંની સામુદાયિક અસર મારા મનમાં નીચે પ્રમાણે દેખાય છે:- ૧: સનાતન ધર્મનો ચાર વર્ણનો વિચાર મારા વાતાવરણમાં નાનપણમાં મુખ્ય ભાગ ભજવતો હતો. આ ચાર વર્ણના વિચારમાંથી જીવતરમાં બ્રાહ્મણો ઊંચા અને બીજા વર્ણો નીચા એવો ભાવ મારા મનમાં અનાયાસે ઊગ્યો. બ્રાહ્મણોની આ ઉચ્ચતાનો ભાવ બીજા વર્ણના લોકોની સાથે ન જમવામાં અને બધા વ્યવહારો એક જ જ્ઞાતિમાં અંદર અંદર ગોઠવવામાં ચાલતો હતો. વર્ષો સુધી સનાતન ધર્મના વર્ણવ્યવસ્થાના સામાજિક ખ્યાલ ઉપર આ પડ એટલું બધું કઠણ થઇને જામી ગયું હતું કે તે ભેદવાનો વિચાર મેં જ્યારે વ્યવહારમાં મૂક્યો ત્યારે મારા સદ્‌ગુરુનું શરણ પણ મારે છોડવું પડયું. આ તો વર્ણધર્મની એક પ્રગટ એવી બાજુ. પણ આ વર્ણધર્મનાં બીજાં ત્રીજાં અનેક લફરાં પણ હતાં. તેને ઓળખતાં અને ભેદતાં મને વાર લાગી. મારા પિતાએ એ યુગના વ્યવહારને અનુસરીને મને જનોઇ દીધું અને વર્ષો સુધી મેં આ જનોઇને આદરભાવથી સ્વીકાર્યું. મારા જેવા બીજા જનોઇ ધારણ કરવાવાળાઓ જનોઇને જ્યારે કૂંચી સાચવવાની દોરી માનતા હતા ત્યારે મેં જનોઇએ કૂંચી બાંધવાનું કદી ચોગ્ય માન્યું નહીં. એ દિવસોમાં પણ કોઇ ધાર્મિક ક્રિયાને માટે જનોઇને હું આવશ્યક માનતો હતો અને ગાયત્રી મંત્રના પવિત્રતમ અર્થને સમજીને ભાવપૂર્વક સંધ્યાવંદન કરતો હતો. આ જનોઇ ધારણ કરવાની સાથે જે કેટલોક બ્રાહ્મણાચાર હતો તે મને તે દિવસે પણ સમજાયો ન હતો. બ્રાહ્મણો દિશાએ જતી વખતે જનોઇને કાન પર શા માટે ચડાવે છે? શું કાન એ જનોઇ માટેની ખીંટી છે? આવા આવા તર્કો હું કરતો અને જનોઇને કાને વીંટતો નહીં. એ જ પ્રમાણે બ્રાહ્મણ તરીકે ચોટલી રાખવાનું પ્રયોજન મને કશું જણાયું નથી. એટલી વાત સાચી છે કે હું હજી આજે પણ ચોટલી રાખું છું. પણ એનો ઇતિહાસ વળી કંઇક ઓર છે. જનોઇનું રહસ્ય સમજ્યા પછી અને તેની પવિત્રતા મનમાં ઊતાર્યા પછી પણ જનોઇ આવશ્યક નથી એ વાત મને મોડી સમજાઇ અને તે દિવસથી મેં જનોઇ પહેરવાનું બંધ કર્યું. મારા નાનપણના દિવસોમાં અમે બ્રાહ્મણો બળેવ (શ્રાવણ સુદ પૂનેમ) ને દિવસે જનોઇ બદલાવતા. મારી એવી માન્યતા છે કે જૂના કાળમાં આ બળેવનો દિવસ એ આપણા ગુરુકુળોનો એક જાતનો પદવીદાન સમારંભ હશે, કારણ કે એ ક્રિયા પદવીદાન સમારંભની ક્રિયા સાથે ઘણી બંધબેસતી છે. બળેવને દિવસે અમે બ્રાહ્મણો સપ્તર્ષિનું અરુંધતી સાથે પૂજન કરતા, વેદના જુદા જુદા મંત્રો શુદ્ધ ઉચ્ચારી બોલતા, વેદના આચાર્યનું પૂજન કરતા અને આ બધી ક્રિયાના આરંભમાં હેમાદ્રિ સંકલ્પ કરીને સમગ્ર વિશ્વની સાથે દેશ અને કાળથી નાનામાં નાનો આદમી કેવી રીતે સંકળાયેલો છે અને સમગ્ર વિશ્વની સાથે તેનો તાંતણો કેવી રીતે સંધાયેલો છે તેનું આદરપૂર્વક સ્મરણ કરતા. તમે જાણતા જ હશો કે, આપણા દેશમાં આ સપ્તર્ષિઓ હંમેશા પૂર્વકાળના જીવનના અનેક સંશોધકોના પ્રતિનિધિઓ તરીકે ગણાય છે અને આ ઋષિઓનું ઋષિપણું અને એ ઋષિપણાની ભાવના પાછળ પવિત્ર ગૃહસ્થાશ્રમનું અને સ્ત્રીદાક્ષિણ્યનું જે તત્વ પડેલું છે તેના આ બધા પ્રતિનિધિઓને આપણા આ યુગના બ્રાહ્મણોએ પૂજવા એ ઉચ્ચ જીવનની પરંપરા જાળવવા માટે અતિ આવશ્યક છે. તે દૃષ્ટિથીજ આ સપ્તર્ષિઓની સ્થાપના સાથે જ અરુંધતીની સ્થાપના અનિવાર્ય ગણવામાં આવી છે. તમને કદાચ સ્મરણ પણ હશે કે પાર્વતી માટે શંકરે પોતાના તરફથી માગું કરવા માટે સપ્તર્ષિઓને હિમાલય પાસે મોકલ્યા ત્યારે આ આખી ક્રિયાની અંદર અરૂંધતીનું કેટલું ઊંચું છતાં અનિવાર્ય સ્થાન હતું તેની કવિ કાળિદાસે કાંત દૃષ્ટિથી સુંદર એવી કલ્પના કરી છે. આજ આપણા આ પદવીદાન સમારંભનાં મંડાયાં જેવાં અનુકરણો થઇ રહ્યાં છે અને એ સમારંભોની પાછળ આધુનિક વિદ્વત્તાની સાથે પરાવિદ્યાનો સૂક્ષ્મ એવો અનુબંધ પણ આપણે જોઇ શકતા નથી, અને તેથી જ એ કેવળ વિદ્વદ્‌ભોગ્ય રહી ગયાં છે. હું પોતે

મારા જીવનમાં ધીમે ધીમે આ વસ્તુ કેવી રીતે સમજતો ગયો હોઈશ તેનો કાલ્પબદ્ધ વૃત્તાન્ત તમને આપી શકું નહીં. પણ આપણે સુધરેલા લોકોએ આપણી આખી જાતને જેમ ભારત-વર્ષમાંની ભોંયમાંથી ઉખેડી નાખી છે, તેમ જ આપણા આવા-તેવા વિદ્યાવ્યાપારોને પણ આપણે કેમ જાણે ભૂતકાળમાંથી સમૂળા ઉખેડી નાખ્યા હોય તેમ લાગે છે. મારી સાદી સમજ એવી છે કે જો કોઈ પણ દેશ કે મોટી પ્રજા પોતાના ભૂતકાળ-માંથી તદ્દન ઊખડી જાય તો તે દેશ કે પ્રજા આત્મઘાતને માર્ગે ગયા વિના રહેતી નથી.

પણ તે દિવસથી જનોઈ અને ગાયત્રીમંત્ર એ બંનેની જોડી મારા દિલમાં ઘર કરીને બેઠી. ધીમે ધીમે સંધ્યાની સાથે ભસ્મનું ત્રિપુંડ્ર પણ આવ્યું, ને શંકરના પૂજનનું ચંદનતિલક પણ આવ્યું. ગાયત્રીમંત્રની સાથે સાથે જ આ ત્રણેય વસ્તુને હું સારી પેઠે વળગી રહ્યો. જનોઈ મેલી રહે એ મને બિલકુલ ગમે નહીં; ભસ્મનું ત્રિપુંડ્ર બરાબર કપાળ પર ઊઠવું જોઈએ; ચંદનતિલક પણ કપાળના મધ્ય ભાગમાં અમુક રીતે જ વળવું જોઈએ. પણ બેચાર વર્ષ પછી મારા મનમાં પ્રશ્ન ઊઠ્યો હશે–" पात्राधारे घृतम् वा घृताधारे पात्रम् ?" એ ચર્ચા કરતાં મેં થોડા કૉલેજના મિત્રોને સાંભળ્યા, તે પણ ગમ્મતમાં. આ ચર્ચા શરૂ કરીને ઘરમાં હું પણ બોલવા લાગ્યો, "જનોઈ આધારે ગાયત્રી ?" કે "ગાયત્રી આધારે જનોઈ ?" પણ આ ચર્ચા ત્યાં જ ન અટકી. અને થોડા જ વખતમાં મને સ્પષ્ટ સમજાયું કે ગાયત્રીમંત્રને અથવા તો સંધ્યોપાસનાને જનોઈ સાથે, ભસ્મના ત્રિપુંડ્ર સાથે કે ચંદનના તિલક સાથે નિકટનો સંબંધ નથી. આ પ્રમાણે વિચારતાં વિચારતાં જનોઈ ભસ્મનું ત્રિપુંડ્ર તેમ જ કપાળનું તિલક મને વધારે ને વધારે નિરુપયોગી લાગ્યાં. પણ સાથે સાથે મારી સંધ્યોપાસના વધારે તેજસ્વી થતી ચાલી. સંધ્યાનો લાંબો–ચોડો વિધિ ટૂંકાવીને મેં મારા માટે એ સંધ્યાની સારભૂત બે–ત્રણ વસ્તુઓને પકડી લીધી જેવી કે:—

(૧) પરમેશ્વર પ્રીત્યર્થે સંધ્યા કરવાનો સંકલ્પ.

(૨) જગતમાત્રને પ્રકાશ આપતા પરમતત્ત્વ પાસે શુદ્ધ બુદ્ધિની માગણી સાથે પરમતત્ત્વના ચરણમાં સાદી એવી જળની અંજલિ અને પરમેશ્વર પ્રીત્યર્થે સંધ્યાનું અર્પણ.

પાછળથી વિચાર કરતાં લાગ્યું કે, પરમેશ્વર પ્રીત્યર્થે જીવન ગાળવાનો મૂળ ખ્યાલ મને બ્રાહ્મણ ધર્મમાંથી ઊગ્યો હશે. કારણ કે ચાર વર્ણની જૂની વ્યવસ્થાના હાડમાં ચારેય વર્ણના લોકો અને ખાસ કરીને આ બ્રાહ્મણો પોતાની વિદ્યા, તપ, આવડત, શક્તિ વગેરે બધું ભગવાનના સમષ્ટિરૂપને ચરણે ધરે અને એ સમાજ તે તે લોકોને યોગ્ય આજીવિકા મળે તેવો વ્યવહાર ગોઠવે–આ વિચાર ચાતુર્વર્ણ્યના હાડમાં પડેલો હતો એમ દિવસે દિવસે મને સ્પષ્ટ દેખાવા લાગ્યું, અને તદ્અનુસાર જીવન જીવવાનો મેં આગ્રહ રાખ્યો. આ જ પ્રમાણે ગાયત્રીમંત્ર મારે મન આપણા વેદના સારરૂપ જણાયો, અને એ મંત્રના મૂળમાં પડેલો ॐકાર અથવા તો પ્રણવ મારે મન પરમાત્માનું સૂચક એવું નામ બન્યું. પણ આગળ ઉપર જ્યારે હું આ દિશામાં વધારે આગળ વધ્યો ત્યારે મને સમજાયું કે ॐકાર જેવું સૂચક નામ મારા મનમાં જે વિચારોનો આવિર્ભાવ કરાવે તે વિચારો આપણા સમાજના બીજા કરોડો ભાઈઓને ન કરાવે એ સ્વાભાવિક છે. એટલા માટે આ કરોડો ભાઈઓને પણ સુલભ અને છતાં આકર્ષક એવું "રામ" નામ મેં આ કરોડો ભાઈઓને માટે વધારે યોગ્ય માન્યું. મારે મન તો આજ સુધી આ ॐકાર જ વધારે આકર્ષક પ્રતીક તરીકે રહ્યો છે. આ પ્રમાણે ધીરે ધીરે સંધ્યા મારફત ગાયત્રીની ઉપાસના કરવાનો મારો મનોરથ જનોઈ વગેરેથી ઉપર ચડીને આજે ભગવાનના સ્મરણમાં પર્યવસાન પામ્યો છે અને એવું ભગવત્સ્મરણ આજે જીવનના અનેક ઝંઝાવાતો વચ્ચે બુદ્ધિને સ્થિર રાખીને મને ટકાવી રહ્યું છે. જો એક મિત્ર તરીકે તમને અતિશય વિશ્વાસથી કહેવું હોય તો હું કહી શકું કે, આજે જીવનનું નાનામાં નાનું કામ તેમ જીવનની મોટામાં મોટી પ્રવૃત્તિ સુધી તમામ પ્રવૃત્તિઓ પ્રભુપ્રીત્યર્થે કરવાનો અને પ્રવૃત્તિને અંતે તેને ભગવાનનાં ચરણમાં અર્પણ કરવાનો મારી સંધ્યાનો મૂળ સંકલ્પ તેના નવા અવતારમાં જીવવા હું મથી રહ્યો છું એટલે મારે મન સવારમાં ધ્યાન કરવું, કે સંસ્થાના કોઠારનાં દાણા સાફ કરવા, કે ઑફિસના તૂમારોમાં સહી કરવી, કે મોટા સંમેલનમાં પ્રવચન કરવું–આ બધાં કાર્યોનાં ભૌતિક મૂલ્યો ભલે જુદાં જુદાં હોય, પરંતુ તેનાં આધ્યાત્મિક મૂલ્યો એક સરખાં જ છે. આવું જીવન જીવવાનો હું પ્રયત્ન કરી રહ્યો છું. અને આ પ્રયત્નમાં અનેકવાર લથડિયાં ખાતો, અનેકવાર પછડાતો, અનેકવાર અટવાતો, અનેકવાર લપસતો હોવા છતાં પણ એ માર્ગ ઉપરથી મારો પગ ન ખસે એવી ભગવાન પાસે નિરંતર પ્રાર્થના કરું છું.

આ બધું તમને કંટાળો આવે એટલા વિસ્તારથી એટલા માટે લખું છું કે મારા સનાતન ધર્મની વાડાબંધીમાં ઉછરેલ માણસને એ વાડાબંધીને ભેદીને બહાર નીકળવું અને છતાં એ વાડાબંધીની પાછળ રહેલાં સનાતન મૂલ્યોને ગુમાવ્યા વિના કેમ બહાર નીકળવું એ કેવું કપરું છે તેનો તમને ખ્યાલ આવે. હું સમજું છું કે આ વાડાબંધીને છેદતાં મારે જેટલો પ્રયત્ન કરવો પડ્યો તેનાથી ઘણા ઓછા પ્રયત્ને પણ આપણા ઘણા મિત્રો તેને ભેદી શક્યા હશે. મારી આ મથામણ કેટલાય મિત્રોને મૂર્ખાઈ ભરેલી પણ લાગે એમ હું સમજું છું. મારા કેટલાય મિત્રો તે દિવસે પણ સંધ્યાની મશ્કરી કરતા તે હું જાણું છું. ગુજરાતના કેટલાય વિદ્વાન મિત્રો મારી વાતો પર હસતા, પણ હું નિખાલસતા-પૂર્વક બોલું છું એમ વિચારીને મારી ટીકા કરતાં ગમ ખાઈ જતા, કારણ કે મેં જે ગડમથલો અનુભવી તેમાંની એક પણ ગડમથલ તેમણે અનુભવી ન હતી. આજે વિચાર કરતાં કોઈ વાર લાગે કે આ ભાઈઓ આપણા દેશનાં સનાતન મૂલ્યો અને પરંપરાઓમાંથી ઊખડી તો નહિ ગયા હોય ? મારે માટે જે કાંઈ પરમ સત્તા જેવી વસ્તુ હતી તેને સ્થાને એમણે બીજી કોઈ ઓછી કિંમતી વસ્તુને તો પરમ સત્તા તરીકે નહી ગોઠવી હોય ? મારે માટે જેમ જનોઈ, ત્રિપુંડ્ર કે તિલક સનાતન મૂલ્યોને બાહ્યરૂપ આપવાને ગોઠવાયાં હતાં, તેમ આ ભાઈઓની આજની પ્રવૃત્તિઓ, તેમના આજના આચારો, તેમનાં આજનાં જનોઈ–ભસ્મ કોઈ ઊતરતી કોટીની સત્તાને પરમ તત્ત્વને સ્થાને તો નહીં મૂકતાં હોય ? પણ આ તો એક તર્ક છે. "कस्मै देवाय हविषा विधेम" એ માનવીમાત્રનો સનાતન પ્રશ્ન તો નહીં હોય ?

આ સનાતન ધર્મની છાયામાં બીજા કેટલાએક નાના મોટા વિચારો આપોઆપ ઊગી ગયા હતા. મારા પિતા વાર-તહેવારે ભિક્ષા માગતા હતા. તેની સામે મને કોઈ દિવસ પ્રકોપ થયો નહિ. તે દિવસે બ્રાહ્મણની અકિંચનવૃત્તિનું મને એ બાહ્યરૂપ લાગ્યું. આજે પણ મારી સંસ્થાને માટે ભીખ માંગતાં મને કોઈ દિવસ શરમ આવી નથી; પણ ઘણા વર્ષે સમજાયું કે મારા પિતાની ભીખ તેમની સાદાઈની અને સરળતાની નિશાની હતી, પણ તેમાં તેજસ્વિતા ન હતી. મારા પિતા જુદા જુદા શ્રીમંતો તરફથી અવાર–નવાર રુદ્રો કરવા જતા હતા. રુદ્રાણાધ્યાયી

એ હંમેશાં મારું આકર્ષણ રહ્યું છે અને આ આકર્ષણનો માર્યો હું ઘણી વાર ઘરે રુદ્રીનો પાઠ કરતો હતો તેમ જ શિવાલયમાં જઈને પણ પાઠ કરતો હતો. પણ હું જે જમાનામાં જીવ્યો તે જમાનામાં અને હજી આજે પણ બ્રાહ્મણોએ રુદ્રીને સોના-રૂપાની દક્ષિણાની સાથે જોડી છે એ વાત તે દિવસે પણ મેં કદી માન્ય કરી ન હતી. બ્રાહ્મણ રુદ્રીની ઉપાસના કરે એ પોતાના માટે તેમ જ લોકકલ્યાણને માટે-તે હું સમજતો હતો, પણ રુદ્રીના પાઠથી યજમાનને પુણ્ય આપે અને તે પણ આઠ-બાર આનાની કિંમતે આપે તેની સામે મારું અંતર કોપી ઊઠ્યું. મારા પિતાશ્રી નાગર કુટુંબમાં હંમેશા સવારે રુદ્રીપાઠ કરવા જતા હતા અને આ કુટુંબો વર્ષને અંતે અમને સારું એવું વર્ષાસન પણ આપતાં હતાં. મારા પિતાના અવસાન પછી મારા પિતાનો આ વારસો મને આપવા માટે આ કુટુંબોના મોવડીઓએ ઘણો પ્રયત્ન કર્યો હતો, પણ એ રૂપમાં એ વારસો લેવાની મેં સ્પષ્ટ ના પાડી દીધી તેથી અમારા કુટુંબને થોડો આર્થિક ફટકો પણ લાગ્યો.

આ બધાં સીધી અથવા તો આડકતરી રીતે ચાર વર્ણોની મૂળ કલ્પનાનાં નાનાં-મોટાં કચ્ચાં-બચ્ચાંઓ ગણાય. આ ઉપરાંત પણ એનાં અનેક નાનાં-મોટાં કચ્ચાં-બચ્ચાંઓ હશે તેની વિગતમાં ઊતરીને હું તમને કંટાળો આપવા નથી માગતો.

જેમ મારી આસપાસના સનાતન ધર્મમાં ચાર વર્ણની કલ્પના મજબૂત થઈને પડી હતી તેમ એ સનાતનધર્મના મુખ્ય પ્રવાહમાં કર્મકાંડનો પણ પ્રવાહ દેખી શકાય તેમ છે. માણસના મરણ પછી તેનું એટલે તેના જીવનનું શું થાય છે તે વિષે આપણા પુરાણકાળના વિચારકોની એક એવી કલ્પના હતી કે જીવ આ દેહ છોડીને કોઈપણ એક માર્ગે પરલોકમાં જાય છે. આ માર્ગોને ધુમ્રાદિમાર્ગ અને અર્ચિરાદિ માર્ગ એવાં નામો પણ આપવામાં આવ્યાં છે. આ વિચારસરણીને અનુસરીને મરણ પછીની ઘણી ખરી ક્રિયાઓને ગોઠવવામાં આવી હતી અને મરણોત્તર શ્રદ્ધાંજલિ, તેર દિવસ સુધીનું નાનું મોટું શ્રાદ્ધ, શ્રાદ્ધમાં કરવામાં આવતું પિંડદાન વગેરે ક્રિયાઓ કર્મકાંડની આ ફિલોસોફીનાં બાહ્ય લક્ષણો હતાં. કર્મકાંડના જમાનાનો આપણો સ્વર્ગ-નર્કનો ખ્યાલ, પરલોકનો ખ્યાલ, મોક્ષનો ખ્યાલ ઘણો ખરો બદલાઈ ગયો. છતાં આ બધી બાહ્ય ક્રિયાઓને આપણા સમાજે હજી પણ પકડી રાખી છે અને હું પણ એ વારસામાં મળેલી બધી ક્રિયાઓને અનુસરતો હતો. પણ પાછળથી જ્યારે જીવન વિષેની મારી માન્યતાને બંધબેસતી આ ક્રિયાઓ મને ન લાગી ત્યારે તેમાંથી મારી શ્રદ્ધા ઊતરી ગઈ અને કેટલીયે મરણોત્તર ક્રિયાઓને આચરવી મેં છોડી દીધી. કર્મકાંડના હાડમાં બાહ્ય શરીરની પવિત્રતાનો જે ખ્યાલ પડ્યો હશે તે ખ્યાલ જતે દિવસે સનાતન ધર્મના આવશ્યક અંગ તરીકે ઘૂસી ગયો હશે અને અસ્પૃશ્યતા તેના આજના રૂપમાં જન્મી હશે એમ મને ઝાંખું ઝાંખું દેખાવા લાગ્યું. અને કંઈક આવા જ કારણથી અસ્પૃશ્યતાનો વિચાર સનાતન ધર્મની મારી કલ્પનામાંથી ઊખડી ગયો. આ બધાંની સાથે સૂતકવિધિ, ગ્રહણનો વિધિ, પુત્રજન્મ અને પુત્રીજન્મ વચ્ચેનો તફાવત ખોટાં મૂળ ઘાલીને પડ્યો હતો તે પણ આપોઆપ પડી ગયો અને તેના સાચા સ્વરૂપમાં વધારે સ્પષ્ટતાથી જન્મ્યો.

અપૂર્ણ

નાનાભાઈ ભટ્ટ

મિથ્યા લેખાં

માણસ નફાતોટાની ગણતરી ગણે છે: એ બોટી, દુનિયાદારીની ગણતરી છે. એ દૃષ્ટિથી એ ત્રિરાશી માંડે છે કે જેવાં, જેટલાં કર્મ, તેવાં તેટલાં ફલ. પણ તદ્દન એમ નથી. માણસને પોતાનાં, પૂર્વજીવનનાં અને અન્ય સંબંધોનાં કર્મોનાં ફળ પણ ભોગવવાં પડે છે. તેથી જ જેમ રાશી એટલે કે ખરાબ કર્મો છતાં એ અન્યનાં પુણ્યનું સુફલ પામે છે; તેમ પોતાનાં અને સ્વજનોના સંબંધમાંથી જન્મતાં અનિવાર્ય એકત્ર ઋણો-દૃઢભાજક ઋણો, તેણે ચૂકવવાં જ જોઈએ. માણસ વિનિમય એટલે કે આપ-લેનો ને ભાગીદારી એટલે કે પંત્યાળો એવો વેપારી છે. પણ બીજાનાં ખાતાંમાંથી પુણ્યની-લાભની રકમ ઉધારી, પોતાને ખાતે જમે કરે છે. અરે! વળી એ અન્યના પુણ્યનું પણ ચક્રવતી વ્યાજ ઊધરાવે છે! એ બધી છેતરવાની-મિથ્યા ભેળસેળની પ્રવૃત્તિ છે. આ દુનિયાના સંબંધો સમાન આપ-લેના નહિ, પણ એકંદરે સરાસરીની આપ-લેના છે. તેમાં માણસે ઓછું લાભી, ઝાઝું દઈ, દિલચોરી કેળવવાની નથી. આ છે કાવ્યનો ભાવાર્થ. અને તે ગણિતની પરિભાષામાં-ખાસ ભાષામાં રજૂ કર્યો છે.

મિથ્યા લેખાં

કોનું ઋણ ચઢે, આ કેને?
કોનું પુણ્ય ફળે, આ કેને?
રે! મન મિથ્યા લેખાં મેળવ મા-
તું મિથ્યા લેખાં મેળવ મા!

તું કર્મ ફલ ત્રિરાશી કુશલ!
(પણ) રાશી કર્મ, ને પામત સુફલ.
કો'દિ વિચાર્યું તેં તારું બલ?
એમ સહેલાં લેખાં લેખવ મા-તું મિથ્યા૦

તું ઋણસંબંધની રમત રમે,
ના ઋણાનુબંધની વાત ગમે,
રે તારાં, તારાંનાં ઋણ કેમ શમે?
રે કેમ બને?
જો દૃઢભાજક-ઋણ ચૂકવ મા-તું મિથ્યા૦

લાખે લેખાં ની હુંશિયારી,
(ત્યારે) આવડત ના ઊંઠાની તારી,
આ નફાતોટાની ગણતરી સારી,
દુનિયા ની રીતે કેળવ મા
તું ને અવળે ખેલે ખેલવ મા-તું મિથ્યા૦

પંત્યાળો વિનિમય વેપારી,
અન્યનું પુણ્ય લે જમે, ઉધારી
(તું) વ્યાજ પરે વ્યાજ ભોગવ ભારી
રે અમથાં એમ ભેળવસેળવ મા-તું મિથ્યા૦

સરાસરીના સંબંધો જે
અન્યનું પુણ્ય તે તારું ઋણ છે,
લઘુતમ લાભ, ગુરુતમ ગણી દે
હીણી દિલચોરી હેળવ મા-તું મિથ્યા૦

કોનું ઋણ ચઢે, આ કેને?
કોનું પુણ્ય ફળે, આ કેને?
રે મન! મિથ્યા લેખાં મેળવ મા!

નવેમ્બર, ૧૯૬૦

હીરાબહેન પાઠક

મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ ૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ.

રજીસ્ટર નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૨ : અંક ૧૯

પ્રબુદ્ધ જીવન

મુંબઇ, ડીસેમ્બર ૧૬, ૧૯૬૦, શુક્રવાર
આફ્રિકા માટે શિલિંગ ૮

શ્રી મુંબઈ, જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ: ૨૦ નયા પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

કૉંગ્રેસ-અધિવેશન પાછળ થઈ રહેલો સમય, શક્તિ તથા ધનનો અસહ્ય અપવ્યય

કોઇને આ લખાણ બહુ નાને મોઢે બહુ મોટી વાત કરવા જેવું લાગે તો તેઓ ક્ષમા કરે. પણ કૉંગ્રેસનું ભાવનગર અધિવેશન જેમ જેમ નજીક આવી રહ્યું છે, અને એ માટેની જંગી તૈયારીઓ થઇ રહ્યાની અને પચીસેક લાખ રૂપિયા જેટલું જંગી ખર્ચ થવાની જાતજાતની વાતો અને જાહેરાતો અખબારોમાં વાંચવામાં આવે છે તેમ તેમ મને મનમાં સવાલ થાય છે કે આ બધુ શા માટે? દેશની સામે અનેક અટપટા સવાલો ઊભા છે અને નવા નવા ઊભા થતા જાય છે અને દેશના નવનિર્માણ માટે શાસક વર્ગે અને પ્રજાએ નિષ્ઠાપૂર્વક કેડ બાંધીને કામ કરવાની જરૂર છે. એ માટે કુંભમેળા જેવા આવા જંગી જલસાઓ યોજવા જરૂરી કે ઉપયોગી છે ખરા?

સ્વતંત્રતાની અહિંસક લડાઇ વખતે, પ્રજાને તૈયાર કરવાની દૃષ્ટિએ અને દેશમાં એક પ્રકારની પરતંત્રતાવિરોધી હવા ઊભી કરવાને માટે કૉંગ્રેસના પ્રાંતિક અધિવેશનો પણ મોટા પાયા ઉપર ભરવામાં આવતાં અને મુખ્ય અધિવેશન તો બની શકે એટલું મોટું ભરવામાં આવતું. પણ ત્યારે તો એની પાછળનો આશય સાવ જુદો હતો. હવે આવાં મોટાં મોટાં અધિવેશનો ભરવાથી, સ્વતંત્રતા પ્રાપ્ત થયા પછી દેશની પ્રગતિમાં કેટકેટલી મદદ થઇ અને આપણા રાજકર્તા પક્ષના (કૉંગ્રેસના) આવાં જંગી અધિવેશનો ભરવામાં શાસક પક્ષનાં અને પ્રજાનાં પણ સમય, શક્તિ અને સંપત્તિનો જે ભોગ અપાયો-આપવામાં આવ્યો એનું પરિણામ કેટલું લાભકારક આવ્યું, એનો કયાસ કાઢીને આ બાબતમાં નવેસરથી વિચાર કરીને નવા નિર્ણયો લેવાની ઘડી પાકી ગઇ હોય એમ લાગે છે. શું દેશ સામે ઊભા થયેલા અતિ મુશ્કેલ સવાલોની જેમાં એકાગ્રતા, સ્વસ્થતા અને દીર્ઘદૃષ્ટિપૂર્વક વિચારણા કરી શકાય એવી કાર્યપરાયણ સભા (business meeting) જેવાં (દાખલા તરીકે એ. આઇ. સી. સી.ની સભા જેવાં) મર્યાદિત અધિવેશનો ભરવામાં આવે તો એ વધારે લાભકારક અને સમય, શક્તિ અને સંપત્તિના નિરર્થક બગાડને અટકાવનારાં ન થઇ શકે? આવાં મોટાં અધિવેશનોમાં તો અનેક ઇતર કાર્યક્રમને કારણે, 'બાર હાથનું ચીભડું ને તેર હાથનું બી' એ કહેવતની જેમ, મુખ્ય સવાલોના બદલે આ ઇતર કાર્યક્રમો જ વધારે સમય લઇ લેતા હોય છે.

સ્મશાનવૈરાગ્ય કે સુવાવડીનો વૈરાગ્ય કહેવતરૂપ થઇ પડ્યો છે. પળભર મન ઉપરની અસરના કારણે અંતરમાં સંસાર ઉપર કે વાસના ઉપર વૈરાગ્ય ઊપજે અને વળી પાછું મન ત્યાં જ જઇને બેસે એ આ વૈરાગ્યનો અર્થ છે. છેલ્લાં કેટલાંક વર્ષોથી કૉંગ્રેસનાં જંગી અધિવેશનોની અસર પણ એના મોવડીઓનાં મન ઉપર કંઇક આવા જ અલ્પજીવી વૈરાગ્ય જેવી થાય છે. ગળા સુધી દૂધપાક આરોગીને અકળાઇ ગયેલ માણસને તરત તો દૂધપાકનું નામ પણ સાંભળવું નથી ગમતું, એ પ્રમાણે કૉંગ્રેસનાં જંગી અધિવેશનો ભરાયા પછી, એથી દેશને શું લાભ થયો અથવા તો એનું પરિણામ શું આવ્યું એનો વિચાર આવવાથી કૉંગ્રેસના આગેવાનો તરફથી જાહેર કરવામાં આવે છે કે કૉંગ્રેસનાં હવે પછીનાં અધિવેશનો નાનાં, સાદાં અને ઓછાં ખર્ચાળ થાય એ રીતે ભરવામાં આવશે. પણ થોડાક મહિનાઓ વીતે છે ત્યાં એ વૈરાગ્ય વીસરાઇ જાય છે અને હતી એવી ને એવી જ સ્થિતિ ચાલુ થઇ જાય છે અને છેવટે જે પ્રદેશે અધિવેશન ભરવાનું બીડું ઝડપ્યું હોય છે, અથવા જે પ્રદેશને પોતાને આંગણે અધિવેશન ભરવાનો લહાવો મળે છે તે આગલા અધિવેશનને ટપી જાય એવું મોટું, એવું સુંદર અને એવું આકર્ષક અધિવેશન ભરવાના મનોરથ સેવીને એ રીતે જ મોટી મોટી તૈયારીઓમાં મહિનાઓ અગાઉથી લાગી જાય છે; અને એ માટે લાખે લેખાં લખાય એવું જે લખલૂટ ખર્ચ કરવામાં પાણીને મૂલે જે રીતે પૈસો વપરાય છે તે જોઇને તો ખરેખર સ્તબ્ધ થઇ જવાય છે; અને સહેજે મનમાંથી સવાલ ઊઠી જાય છે કે ક્યાં પૂ. મહાત્મા ગાંધીજીની રાષ્ટ્રીય સંપત્તિની પાઇ પાઇ બચાવવાની કરકસર અને ક્યાં આજે રાષ્ટ્રના પૈસાની ચાલી રહેલી ફનાગીરી? શું દેશની સામે ઊભા થયેલા સવાલોને હલ કરવાનો કે આઝાદ દેશ આબાદ બને એ રીતે એનું નવનિર્માણ કરવાનો આ જ તરીકો છે? આપણે કંઇ દિશા તો ભૂલતા નથી ને? પણ આવા સવાલોના જવાબ આપે એવો તટસ્થ વિચારક નેતા ક્યાં છે?

ત્રેવીશ વર્ષ જેટલા લાંબા ગાળા પછી. અને તે પણ દેશમાં સ્વરાજ્ય આવ્યા પછી, અને તેમાં ય વળી ગુજરાતનું સ્વતંત્ર રાજ્ય સ્થપાયા પછી, ગુજરાતમાં કૉંગ્રેસનું અધિવેશન ભરાય એ એક સુઅવસર આવ્યો લેખાય; અને તેથી ગુજરાતની કૉંગ્રેસમાં એ અધિવેશનને નમૂનેદાર રીતે સફળ કરી બતાવવાનો ઉત્સાહ જાગે એ સ્વાભાવિક છે. પણ મારી નમ્ર સમજ પ્રમાણે, આ સુઅવસરનો તેમ જ આ નમૂનેદાર સફળતાનો અર્થ એ છે કે લાખો લોકો આવવા આકર્ષાય એવાં વિધવિધ જાતનાં આકર્ષણો ઊભાં કરવાના મોહમાં પડીને ભારે જંગી તૈયારીઓમાં પુષ્કળ સમય, શક્તિ અને પૈસો ખર્ચવાને બદલે, નાનું પણ દેશના મુશ્કેલ સવાલોની દૃષ્ટિએ મહત્ત્વનું, સાદું છતાં દૂરદર્શી અને નક્કર કામગીરીથી શોભતું અને ઓછું ખર્ચાળ છતાં દૂરગામી પરિણામો નિપજાવવાને લીધે અમૂલ્ય અને ચિરંજીવ બની રહે એવું અધિવેશન ગુજરાતની કૉંગ્રેસ ભરી બતાવે; અને એ રીતે ઘણા વખતથી કૉંગ્રેસનું જેવું સાદું અને બિનખર્ચાળ અધિવેશન ભરવાના વિચારો

થતા રહે છે એને અમલીરૂપ આપીને કૉંગ્રેસની સામે એક એવો નમૂનો રજૂ કરે કે જેને અનુસરવા કૉંગ્રેસના અધિવેશનના ભવિષ્યના આમંત્રકો લલચાયા વગર ન રહે, અને એ રીતે કૉંગ્રેસનાં અધિવેશનો ભરવાની જડ અને અમુક અંશે અકાર્યક્ષમ બની ગયેલી પ્રણાલિકામાં કાયાપલટો આવે. અત્યારે કૉંગ્રેસ માટે કરવા જેવું આ જ ખરેખરું કામ છે; બાકી ચાલુ ચીલે ચાલીને જંગી જલસાઓ કરવાની તો કયાં નવાઈ રહી છે? કૉંગ્રેસના અધિવેશનની પ્રણાલિકામાં આવો કાયાપલટો કરી બતાવવો એ જ ગુજરાતની કૉંગ્રેસ માટે સોનેરી તક હતી; પણ અત્યારે મોટામાં મોટું અધિવેશન ભરાય, એ માટેની જે જંગી તૈયારીઓ ચાલી રહી છે, અને અનેક જરૂરી-બિનજરૂરી આકર્ષણો ઊભાં થઈ રહ્યાં છે, એ જોતાં આપણે દેશને એક નવો અને હિતકારક નમૂનો આપવાની એક સોનેરી તક ગુમાવી દીધી છે એમ જ લાગે છે!

કૉંગ્રેસના ભાવનગર-અધિવેશન માટે ગુજરાતમાં જે તૈયારીઓ ચાલી રહી છે એ પહેલાંના કોઈ પણ અધિવેશન કરતાં ઓછી હોય એમ લાગતું નથી. આ અધિવેશન સુંદર અને આકર્ષક થાય એ માટે પૂરેપૂરો પ્રયત્ન ચાલી રહ્યો છે. છાસઠ જેટલા દરવાજા કે કમાનો (અલબત્ત પ્રજા કે વેપારી વર્ગ તરફથી) પ્રમુખના સ્વાગત માટે ઊભાં કરવામાં આવનાર છે. સરદારનગરને શણગારવા માટે કંઈ કંઈ ચિત્રો રંગરેખામાં ઊતરી રહ્યાં છે. આવું બધું શા માટે? લોકો વધારે આકર્ષાય અને પહેલાંના અધિવેશનોની જેમ લાખોની સંખ્યામાં ભેગા થાય એટલા માટેજ ને? આવું બધું ચાલવા છતાં સાદાઈપૂર્વક આ અધિવેશન ભરવાની વાત કહેવામાં આવે છે; અને એમાં માનનીય શ્રી મોરારજીભાઈ દેસાઈનું નામ પણ જોડવામાં આવે છે, ત્યારે સાચે જ વિચારમાં પડી જવાય છે. સાદાઈ અને કરકસર સાથે સાથે ચાલતાં હોય છે. જ્યાં ભપકાઓ અને આકર્ષણો ઊભાં કરવાની જ દૃષ્ટિ હોય ત્યાં ન તો સાદાઈ ટકી શકે છે કે ન તો કરકસર થઈ શકે છે. એટલે આ બધી વાત સમજાતી નથી, કે ગળે પણ ઊતરતી નથી. મનમાં તો વારંવાર એ જ સવાલ ઊભો થાય છે કે સર્વોદયની સ્થાપના સાથે આનો શો સંબંધ? અથવા એ માટે આની શી અનિવાર્યતા?

આ બધાંમાંથી એક વાત એ પણ નિષ્પન્ન થતી લાગે છે કે આથી પ્રજામાં 'આ શાસકવર્ગ અને આ પ્રજા,' એવા ભેદ ફરી જન્મે છે. શાસકવર્ગ અને પ્રજા વચ્ચેનો ભેદ એ તો રાજાશાહી યુગની પેદાશ હતી. એને દૂર કરીને સમસ્ત પ્રજામાં એકરૂપતા સ્થાપવા માટે તો સ્વરાજ્યની જરૂર હતી; અને આવી એકરૂપતા એ જ લોકશાહી કે પ્રજાસત્તાક રાજતંત્રનો પ્રાણ છે. એ જો જોખમાઈ, તો છેવટે લોકશાહી નામની જ બની રહેવાની.

અને આ બધી બાબતો કરતાંય જે સવાલ મારા મનમાં સતત ઊઠ્યા કરે છે તે એ છે કે આ અધિવેશનની તૈયારી માટે ગુજરાતનો રાજકર્તા પક્ષ એટલે કે કૉંગ્રેસ 'મોસાળ જમણ અને મા પિરસણે'ની જેમ ગુજરાતના સરકારી તંત્રનો-ગુજરાત રાજ્યના પગારદાર અમલદારો, અધિકારીઓ કે કર્મચારીઓનો-જે રીતે ઉપયોગ કરી રહેલ છે, તે વ્યાજબી છે ખરો? કૉંગ્રેસનું અધિવેશન ગમે તેટલું મોટું હોય અને એનું મહત્ત્વ ગમે તેટલું વધારે આંકવામાં આવતું હોય, છતાં છેવટે એ એક પક્ષનું જ અધિવેશન છે, અને તેથી એનાથી સરકારી તંત્રનો ઉપયોગ ન જ થઈ શકે અને સચિવાલયમાં એ સંબંધી યોજના તૈયાર કરવાની પ્રવૃત્તિ ન જ કરી શકાય, એમ નિશ્ચિત રૂપે લાગે છે. કુંભમેળા જેવા સાર્વજનિક મેળાના પ્રસંગે સરકારી તંત્રે આપમેળે જ કામે લાગવું જોઈએ એ સમજી શકાય એવી વાત છે. પણ જ્યાં ગમે તેવા મોટા કે ગમે તેવી મોટી બહુમતી ધરાવવા છતાં એક પક્ષનું કામ હોય ત્યાં તો એમાં સરકારી તંત્રને જોતરવાનો વિચાર પણ કેવી રીતે થઈ શકે એ સમજાતું નથી. છતાં આજે તો જાણે આ કામ રાજ્યનું પોતાનું જ હોય એ રીતે વિવેક કે ભેદરેખા ભુલાઈ ગઈ છે. આથી સરકારી અધિકારીઓ કે કર્મચારીઓનાં મન ઉપર કેવી છાપ પડવાની, અને એમની પોતાની ફરજોમાં કેવી ઢીલાશ આવવાની, એનો તો કોઈને વિચારસરખો પણ આવતો હશે ખરો? માનીએ કે કાલે કોઈ વિરોધ પક્ષનું અધિવેશન ભરાવાનું હોય તો એમાં ગુજરાત સરકાર પોતાના પગારદાર કર્મચારીઓનો ઉપયોગ કરવાની છૂટ આપે કે આપી શકે ખરી? જો ત્યાં ના કહી શકાય તો કૉંગ્રેસના પોતાના અધિવેશન માટે પણ એનો નકાર જ ભણવો ઘટે, પણ આજે સ્થિતિ સાવ જુદી છે.

સત્યાગ્રહ આશ્રમની આર્થિક વ્યવસ્થામાં પોતાની કસોટી પ્રમાણે શુદ્ધિ ન જળવાતી લાગી અને પૂજ્ય ગાંધીજીએ કસ્તુરબા જેવાંને પણ 'ચોર' કહેવામાં સંકોચ ન રાખ્યો, એ ઉમદા દાખલો આપણે હજી ભૂલ્યા નથી. આ સ્થિતિમાં ગુજરાતની કૉંગ્રેસ પાસેથી તો ખરી રીતે એવી અપેક્ષા રહેતી હતી કે આ અધિવેશન ભરવાના પ્રયત્નમાં રાજ્ય સરકાર અને રાજ્યકર્તા પક્ષ એ બે વચ્ચેની ભેદરેખાનું અણીશુદ્ધ પાલન કરીને એક તંદુરસ્ત પ્રણાલિ ઊભી કરીને આ અધિવેશનને દાખલારૂપ અને યાદગાર બનાવવામાં આવશે. એના બદલે અત્યારે તો સાવ જુદું જ જોવા મળે છે. આવું પરિણામ તો લાંબે ગાળે એ આવે કે બીજો પક્ષ કયારેક સત્તા ઉપર આવે તો એ પણ પોતાના પક્ષના લાભને માટે પોતા હસ્તકના સરકારી તંત્રનો વિનાસંકોચે ઉપયોગ કરવા લાગે. એટલે અત્યારે જે રીતે ગુજરાતની કૉંગ્રેસ વર્તી રહેલ છે તેમાં 'માત્ર ડોશી મર્યાનો જ નહિ પણ જમ ઘર ભાળી જવાનો પણ ભય' લાગે છે.

આવું બધું જોઈને (ખાસ કરીને સરકારી તંત્રનો જે રીતે ઉપયોગ થઈ રહ્યો છે તે જોઈને) મનમાં કંઈક વાર એમ થઈ આવે છે કે આ માટે ગુજરાત પ્રાંતિક સમિતિના પ્રમુખને પૂછીને શંકા-સમાધાન કરી લેવામાં આવે તો કેવું? પણ તરત જ મનમાંથી જવાબ મળે છે કે એ પોતે તો અધિવેશનના સ્વાગતપ્રમુખ છે. વળી કયારેક એમ પણ થાય છે કે ગુજરાતની કૉંગ્રેસના મોવડી માનનીય શ્રી મોરારજીભાઈને પૂછીએ તો? તો ત્યાં પણ એવો જવાબ મનમાંથી મળે છે કે એમના સતત માર્ગદર્શન નીચે તો આ બધું ચાલી રહ્યું છે. ત્યારે આ માટે કૉંગ્રેસના પ્રમુખશ્રીને પોતાને પૂછવું? તો થાય છે કે ત્યાં પડઘમના મોટા અવાજમાં તતૂડીના નાના અવાજને કોણ સાંભળશે? અને શ્રદ્ધાસ્પદ શ્રી નેહરુજી તો દેશ-વિદેશના ઉગ્ર સવાલોમાં એટલા બધા ગુંથાયેલા છે કે એમને કંઈ લખવાનો વિચાર કરવાની પણ હિંમત કેમ થઈ શકે? ત્યારે પૂછવું કોને? અને સમાધાન કોણ કરે?-આવી ગડમથલમાંથી આ સવાલ જાહેરમાં રજુ કરવાનું મન થઈ આવ્યું છે.

તા. ૫-૧૨-'૬૦ રતિલાલ દીપચંદ દેસાઈ

માદલપુર અમદાવાદ-૬.

મારી લેખનપ્રવૃત્તિ પાછળ રહેલાં પ્રેરક બળો : એક અંગત આલોચના

એક નિકટવર્તી સજ્જન જે મને ઘણાં વર્ષોથી જાણે છે, અને પ્રબુદ્ધ જીવનના નિયમિત વાચક અને પ્રશંસક છે, અને અનેક આધ્યાત્મિક તેમજ સામાજિક પ્રશ્નો અંગે જેમની સાથે અવારનવાર ચર્ચા કરતા રહેવાનું બન્યું છે, તેમના તરફથી મારી લેખનપ્રવૃત્તિ પાછળ કઈ ભાવના મને પ્રેરી રહી છે તે અંગે પોતાનું સંવેદન રજૂ કરતો તા. ૨૦–૧૧–'૬૦ના રોજ લખાયેલો એક પત્ર મળ્યો છે. તેમાં તેઓ જણાવે છે કે " ..તમે, હું જ્યાં સુધી તમને સમજી શક્યો છું ત્યાં સુધી, કેવળ પ્રધાનતઃ તમારા પોતાના વિકાસ માટે, આનંદ માટે, અને કેળવણી માટે આ પ્રવૃત્તિ હાથ ધરી છે. તેની આડપેદાશ રૂપે સામાજનું હિત તેથી સધાતું હોય છે તે જુદી વાત છે અને તેથી આનંદ પણ જરૂર થાય જ. જે પ્રવૃત્તિમાં બીજાઓનો દેખીતી રીતે છેદ ઉડી જઈને કેવળ પોતાની સુધારણા, પોતાનો જીવનવિકાસ, પોતાની ચિત્તશુદ્ધિ આદિ હેતુઓ રહેલા હોય છે તેવી પ્રવૃત્તિને સાધારણ જનસમાજ 'સ્વાર્થી' પ્રવૃત્તિ કહીને ઉવેખે છે. તેમની દૃષ્ટિએ ભલે એમ યોગ્ય લાગતું હોય, પણ મને તો લાગે છે કે તે જ પ્રવૃત્તિ સાચી છે. તેનો અર્થ એ નથી કે જનસમાજથી વિમુખ પડી જવું ઉત્તમ છે. ભલે આપણી પ્રવૃત્તિથી જનસમાજની સેવા પણ થતી હોય, છતાં તેને મુખ્ય લક્ષ્ય તરીકે જીવનવિકાસ-વાંછુએ રાખવા જેવું નથી. પ્રધાનલક્ષ્ય સ્વ-વિકાસ, સ્વ-ઉત્થાન, પોતાના આત્માનો વિકાસ અને પોતાની ચિત્તશુદ્ધિ હોય તો તે મારે મન ઉત્તમ છે, જેમ પૂ. બાપૂજી (મ. ગાંધીજી) એ હિંદની સ્વતંત્રતાને સાધન જ માત્ર બનાવેલું, જ્યારે તેમનું લક્ષ્ય અને આદર્શ goal–ધ્યેય–તો આત્મસાક્ષાત્કાર જ હતો."

આના જવાબમાં તા. ૨૭–૧૧–૬૦ ના રોજ લખાયેલા મારા પત્રમાં મેં તેમને જણાવેલું કે "હું કેમ લખું છું, શા માટે લખું છું તે અંગેનું પ્રેરકબળ શુ છે તે સંબંધે તમે જે કાંઇ લખ્યું તેમાં અને મારી પોતાની સંવેદનામાં થોડો ફરક છે. આ સંબંધમાં હું મિત્રોને અવારનવાર કહેતો રહ્યો છું અને તમારી સાથેની વાતમાં મેં તમને પણ કહ્યું હશે કે આ જે કાંઇ હું લખી રહ્યો છું તેથી ખરેખર અન્ય કોઇની સેવા કરી રહ્યો છું એમ હું નથી વિચારતો, પણ તે પ્રવૃત્તિ self–expression માં–આત્મઅભિવ્યક્તિમાં–મને મદદરૂપ થાય છે, અને self–experession–આત્મઅભિવ્યક્તિ એ આંશિક self–realisation–આત્મસાક્ષાત્કાર જ છે અને તેનો કોઇ જુદો જ આનંદ હોય છે, જે આ લેખનપ્રવૃત્તિ દ્વારા હું અનુભવું છું. પણ આનો અર્થ અન્યની સેવા કરવાની વૃત્તિ મારી લેખનપ્રવૃત્તિ ચલાવવામાં કશો ભાગ ભજવતી નથી એમ કરવો ન ઘટે. એ વૃત્તિ પાયામાં ન હોત તો હું લખવાને પ્રેરાત જ નહિ. મારી લેખનપ્રવૃત્તિનો પ્રેરક હેતુ અન્યની સેવાભાવના જ છે; self– expression–આત્માની અભિવ્યક્તિ–એ તેનો અવાન્તર હેતુ તેમજ પરિણામ છે. આમ છતાં મારા મનથી self–expression–આત્માની અભિવ્યક્તિને હું પ્રાધાન્ય એટલા માટે આપું છું કે મારા માટે તે નિશ્ચિત ફળ છે, જ્યારે કાંઇ પણ લખીને અને તે પ્રગટ કરીને હું ખરેખર અન્યની સેવા કરું છું કે નહિ એ વિવાદાસ્પદ હોઇ શકે છે, કારણ:કે હું માનતો હોઉં કે સેવા કરું છું અને છતાં એ સેવા ન પણ હોય, અને કદિ કદિ કુસેવા પણ થતી હોય. વળી સેવા કર્યાનો ખ્યાલ ઘૂંટયા કરવાથી એ બાબતનું મનમાં અભિમાન કેળવવાનું જોખમ રહે જ છે. આવી કેટલીક સમજણથી પ્રેરાઇને, હું જે કાંઇ કરું છું તેથી કોઇની સેવા થતી હોય કે ન થતી હોય, પણ મારો પોતાનો વિકાસ તો સધાય જ છે અને આ મારા માટે ઘણો મોટો લાભ છે–આમ હું હંમેશાં વિચારતો અને કહેતો રહ્યો છું.

"આ તો મારી લેખનપ્રવૃત્તિ પૂરતી મેં વાત કરી. બાકી મારા મનનો જેટલો આત્મવિકાસ ઉપર છે તેટલો જ જનસેવા–સમાજસેવા ઉપર છે, અને આ જનસેવાનો વિચાર, તે આત્મવિકાસનો પૂરક છે એટલા માટે નહિ, પણ સ્વતંત્ર રીતે આવે છે. મારા વ્યક્તિત્વમાં સામાજિક તત્વ social element રહેલું છે અને તે જનસેવાદ્વારા તૃપ્તિ શોધે છે. વિશાળ સમાજ સાથે એક પ્રકારની આત્મીયતાનો અનુભવ સતત રહ્યા કરે છે. અને તેથી વિશાળ સમાજનાં સુખદુઃખ મારા અન્તરતત્વને સતત સ્પર્શતા રહે છે, અને તેથી વિશાળ સમાજના સુખની વૃદ્ધિ કરવામાં અને દુઃખનું નિવારણ કરવામાં અને એવી જ રીતે તેના જ્ઞાનની વૃદ્ધિ કરવામાં અને અજ્ઞાનનું નિવારણ કરવામાં નિમિત્તભૂત બનતાં હું સહજ આનંદ અનુભવું છું. હું સમજું છું ત્યાં સુધી તમારા મનનું વલણ આ બાબતમાં મારાથી જુદું પડે છે. જનસેવાના નામે જે પ્રવૃત્તિઓ ચાલે છે તેમાં તમને કોઇ રસ નથી; એવી જ રીતે લોકોનાં દુઃખ, દારિદ્ર, અજ્ઞાનનિવારણમાં પણ તમને કોઇ રસ નથી. સમાજનાં દુઃખ-દારિદ્ર નિવારણ કરનાર આપણે કોણ? એ ઇશ્વરની જવાબ-દારીનો વિષય છે, અને તેને જે કરવું હશે તે કરશે. દરેક માણસ માત્ર પોતાનો વિકાસ સાધવાનો વિચાર કરે એટલું બસ છે–આવી કંઇક તમારી વિચારણા છે.

"ગાંધીજીનો આ બાબતમાં તમે જે દાખલો આપ્યો તે બરોબર એટલા માટે નથી કે, ગાંધીજીનો આત્મા વિશાળ સમષ્ટિ સાથે એકરૂપતા અનુભવતો હતો. તેમના માટે જનકલ્યાણની સાધના આત્મસાક્ષાત્કારના જ બીજું રૂપ હતું. વળી તેમનું વિશાળ વ્યાપક સંવેદન–દાખલા તરીકે જનતાના દુઃખની બળતરા–તેમને નોઆખલીના અરણ્યમાં લઇ ગઇ–આવું વર્તન તમે જેને કેવળ આત્મવિકાસલક્ષી માનો છો તેવી વ્યક્તિમાં સંભવે જ નહિ. પોતાની શક્તિસંપન્નતા અને યોગ્યતા વધાર્યે જવી અને એ જનતાના ચરણે ધરતા જવી–આવું દ્વિમુખી લક્ષ્ય ગાંધીજીને સદા પ્રેરી રહ્યું હતું. તમારી ચિન્તનવિચા-રણામાં આત્મવિકાસની કલ્પનાને પૂરો અવકાશ છે; આ વિકાસને જનતાના ચરણે ધરવાના વિચાર માટે કોઇ અવકાશ હોય એમ દેખાતું નથી.

"આત્મવિકાસલક્ષી વ્યક્તિને સાધારણ જનસમાજ 'સ્વાર્થી' કહીને ઉવેખે છે એમ તમે જણાવો છો. 'સ્વાર્થી' વિશેષણ આપણે સાધારણ રીતે જે અર્થમાં વાપરીએ છીએ–સ્વાર્થી' એટલે પોતાના ભૌતિક સ્વાર્થો એટલે કે દ્રવ્ય, સુખસગવડ તથા સત્તાની પ્રાપ્તિ–આ સાધવામાં જ જેનું લક્ષ્ય કેન્દ્રિત છે અને એમ કરવામાં કોઇનું અહિત સધાય તેની જેને પરવા હોતી નથી–આ અર્થમાં આત્મવિકાસલક્ષી વ્યક્તિને આપણે 'સ્વાર્થી' કહી ન શકીએ, પણ માત્ર પોતાનો જ આધ્યાત્મિક ઉત્કર્ષ એ જ જેનું લક્ષ્ય છે–એ પણ એક પ્રકારનો સ્વાર્થ જ છે–એ અર્થમાં પ્રસ્તુત વ્યક્તિને આપણે સ્વાર્થી' કહી શકીએ છીએ. પણ હું તેવી વ્યક્તિને વર્ણવવા માટે 'સ્વાર્થી' વિશેષણને બદલે 'સ્વલક્ષી' વિશેષણ વાપરવાનું

વધારે પસંદ કરું. આવી વ્યક્તિની એક વિશેષતા એ છે કે તે તદ્દન નિરૂપદ્રવી હોય છે, તેવી વ્યક્તિ કદિ કોઇનું અહિત કરવાનો વિચારસરખો પણ કરતી હોતી નથી. આ સંસારમાં શુદ્ધ નિરૂપદ્રવી જીવન જીવવું એ પણ કોઇ નાનીસુની સાધના નથી. અને આવી વ્યક્તિની બીજી વિશેષતા એ હોય છે કે, તે પોતાની સ્વલક્ષી અધ્યાત્મપરાયણ સાધના વડે ઉચ્ચ કોટિનું જીવન જીવવા વડે આડકતરી રીતે અન્યને ઉપકારક અને દૃષ્ટાન્તરૂપ બને છે.

"આ રીતે તમારા પત્રમાં કરવામાં આવેલી તાત્ત્વિક ચર્ચાને લક્ષમાં લઇને મને જે વિચારો આવ્યા તે કાંઇ અસ્તવ્યસ્ત દશામાં તમારી સમક્ષ રજૂ કરવાનો મેં ઉપર પ્રયત્ન કર્યો છે. તેમાં જે સૂક્ષ્મ રેખાઓ દોરી છે તે, મને આશા છે કે, તમે યથાર્થ રીતે ગ્રહણ કરશો, અને મારી અસ્પષ્ટતા મને યથાસ્વરૂપે સમજવામાં તમારા માટે અન્તરાયરૂપ નહિ બને."

પરમાનંદ

વિદાય

(સુપ્રસિદ્ધ સાહિત્યકાર શ્રી જ્યોતીન્દ્ર હ. દવેની પુત્રી બહેન રમાનું શ્રી અપૂર્વ દેસાઇ સાથે તા. ૨૮-૧૧-'૬૦ના રોજ મુંબઇ ખાતે લગ્ન થયું, તે પ્રસંગે પુત્રીને વિદાય આપતા પિતાનું સંવેદન સચોટ રીતે રજૂ કરતું શ્રી જ્યોતીન્દ્ર દવેએ રચેલું કાવ્ય નીચે આપવામાં આવે છે.)

ભીનાં નેન થતાં તને નિરખતાં પીડા કંઇ પામતી,
પીડામુક્ત પ્રસન્ન જોઈ તુજને ભીંજાય આંખો ફરી;
આજે આર્દ્ર બને ફરી નયન આ તું જાય જ્યાં સાસરે,
શો એ ભાવ ઉરે સ્ફુરે, નયનથી કાં બિંદુ આવાં સરે?

તારાં લગ્ન તણી જ વાત અમને ઉચ્ચારતાં સાંભળી
'શું ભારે હું પડું છ?' એમ વદતી તું રોષથી-લાડથી;
ને શાણાં જન તેય એમ વદતાં, 'માતા પિતાને શિરે
કન્યા ભાર અતીવ દુઃસહ રહ્યો, તેને ઉતારી પછી
હૈયાં કેમ નચિંત, શાંત, હળવાં માતાપિતાનાં બને.'
તારો તે વળી ભાર? ને અમ શિરે?-રે! ભાર સંસારનો
તારા આગમને, ન માત્ર હળવો, મીઠોય કેવો બન્યો!
આજે ભાર ઉતારી 'હાશ' હળવે હૈયે શું કહેતાં અમે-
તારાં માતપિતા? નહિ, નહિ; ખરો તો ભાર આજે નડે.

'કન્યા એ ધન પારકું,' કવિવરે કૈં વેણ એવું કહ્યું;
હા, સાચું ધન તું અમારું, પણ ના લેશે ગણ્યું પારકું;
તારો જન્મ વધાવિયો કહી અમે: 'લક્ષ્મી પધારી ગૃહે,'
ને આજે વદવું રહ્યું 'ગૃહ થકી લક્ષ્મી સિધાવે હવે'?
તું છોડે અમને? તને પણ અમે? ના, ના; ન એવું કશું,
સંબંધો ન વિલાય કિંતુ વિકસે તારા-અમારા હવે.
ધારી સાથ અપૂર્વનો વિચરતી પંથે અપૂર્વે ભલે,
રંગો પૂર્વ તણા તથાપિ કદી શું તેથી જ ઝાંખા થશે?

તારાં દુઃખ મને મળો, મુજ સુખો તારાં બનો સર્વદા
ઇચ્છ્યું એમ કદીક, આજ પણ એ ઇચ્છા-છતાં જાણતો-
એવી વ્હેંચણી દુઃખ ને સુખ તણી સંસારમાં શક્ય ના,
તો શેં વ્યક્ત કરું અહીં સફળ જે ઇચ્છા થતી ના કદા?
ઇચ્છું કેવળ એટલું: તુજ શિરે જે સર્વ આવી પડે,
તેથી દીન બને ન તું હૃદયથી, ના ધૈર્ય તારું ચળે.
દુઃખાગ્નિથી દ્રવંત વા સમયના સંઘર્ષ સામે થતું
તારું કુંદન દિપ્તિમંત બનજો નિત્યે વધુ ને વધુ.

જ્યોતીન્દ્ર દવે

આચાર-પ્રત્યાચાર-વિચાર

એક સાંજે હું મારા મિત્ર જોડે ફરવા જતો હતો. રસ્તે છાપાં વેચનારની દુકાનેથી મિત્રે છાપું ખરીદ્યું અને સૌજન્યપૂર્વક છાપાવાળાનો આભાર માન્યો. પણ છાપાવાળા દુકાનદારને જાણે કશાની પડી જ ન હોય તેમ તેણે કશું ધ્યાન જ ન આપ્યું.

"બહુ ઉદ્ધત માણસ લાગે છે નહિ?" મેં ટીકા કરી.

"અરે, એનું વર્તન હંમેશાં એવું જ હોય છે," મિત્રે ખુલાસો કર્યો.

"તો પછી તારે આવા વિવેકી બનવાની શી જરૂર?" મેં પૂછ્યું.

"જરૂર તો ખરીજ ને? હું કઇ રીતે વર્તીશ તે નક્કી કરવાનું હું એના ઉપર કઇ રીતે છોડી શકું?" મિત્રે સવાલ કર્યો.

પાછળથી આ પ્રશ્નનો મેં જ્યારે વિચાર કર્યો ત્યારે મને લાગ્યું કે મારા મિત્રમાં એવું અંતર્ગત સમતોલપણું છે કે જેનો આપણામાંથી ઘણામાં અભાવ છે. પોતે કોણ છે, શું ઇચ્છે છે, પોતે કેવું વર્તન રાખવું જોઇએ એ બધાનો એને ઘણો જ સારો ખ્યાલ છે.

કોઇ માણસ એના પ્રત્યે અસભ્ય વર્તાવ કરે તો વળતો અસભ્ય વર્તાવ કરવાની સાફ ના પાડે છે. કારણ એટલું જ છે કે એની પોતાની માન્યતા મુજબ તે જો એમ કરે તો પછી પોતાના વર્તાવની બાબતમાં એ હંમેશ પરાવલંબી જ બની જાય.

બાઇબલમાં કહ્યું છે કે 'અપકાર ઉપર પણ ઉપકાર કરો.' આ એક મહત્વનું નીતિસૂત્ર ગણાય છે, પણ સાથે સાથે આપણા આંતરિક સ્વાસ્થ્ય માટેનો પણ આ એક સુંદર માનસશાસ્ત્રીય ચિકિત્સાલેખ છે.

હંમેશા સામો વર્તે તેમ વર્તવાની વૃત્તિ સેવનાર માનવી જેવું બીજું કોઇ દુઃખી નથી. લાગણીઓના ગુરુત્વાકર્ષણનું મધ્યબિંદુ આવા માણસની બાબતમાં એના પોતાનામાં ન હોતાં, એનાથી ભિન્ન એની આજુબાજુના જગતમાં છે, પોતાની આજુબાજુ જે જાતનું સામાજિક વાતાવરણ એ જુએ અને અનુભવે તે પ્રમાણે એનો આધ્યાત્મિક પારો ઊંચો નીચો જાય છે. પરિણામે એ તો સંજોગોના હાથમાં સાવ રમકડા જેવો બની જાય છે.

પોતાનાં વખાણ સાંભળતાં એને પોતાના સારાપણા માટેનો ખોટો ખ્યાલ પેદા થાય છે, કારણ કે આવો ખ્યાલ ટકતો નથી અને એના પોતાના ખ્યાલોને કશો ય આધાર હોતો નથી. લોક એની ટીકા કરે તો એ બેહદ નિરાશા સેવે છે, કેમકે પોતાના ઢીલાપણા માટે એણે જે વિચાર અંતરમાં સેવ્યો હોય છે તે વિચારને આ ટીકાથી પોષણ મળે છે. તોછડાઇપૂર્વક વર્તનાર માણસો એને દુખી કરે છે અને પોતે અમુક સ્થળે આવકારપાત્ર નથી એવો વિચારમાત્ર કે વહેમમાત્ર એનામાંની કડવાશને આગળ આણે છે.

આપણે જ્યાં સુધી આપણાં કાર્યો કે આપણા વલણ માટે આપણી જાતના સ્વામી ન હોઇએ ત્યાં સુધી અંતરનું ગાંભીર્ય કે ચિત્તની સ્વસ્થતા ને શાંતિ આપણને લાધવાનો સંભવ નથી. આપણે તોછડાઇથી વર્તવું કે સલુકાઇથી, આનંદિત બનવું કે નિરાશ, એ જો પારકો માણસ નક્કી કરતો હોય તો તો આપણે આપણી જાત ઉપરનો કાબૂ ગુમાવી દીધો છે અને એ કાબૂ ગયા પછી રહે છે ય શું? આત્મસંયમ-જાત ઉપરનો કાબૂ-એ જ માનવીની સાચી મૂડી છે.

મૂળ લેખક: સિડની હેરિસ
અનુવાદ: ભૂપેન્દ્ર ત્રિવેદી

પ્રકીર્ણ નોંધ

શ્રી નાનાભાઇ ભટ્ટ ઉપર વજ્રપાત

આજના કેળવણીકારોમાં જેમનું અગ્રગણ્ય સ્થાન છે એવા શ્રી નાનાભાઇ ભટ્ટને કોણ ઓળખતું નથી? શિક્ષણના ક્ષેત્રે તેમણે અનેક સ્વપ્નો સેવ્યાં અને મૂર્તિમન્ત કર્યાં. આ રીતે લાંબી જિંદગી વ્યતીત કરીને શરીરે જર્જરિત બનેલા, ખાટલેથી ખુરશીએ અને ખુરશીથી ખાટલે-આમ શારીરિક દૃષ્ટિએ અવશ એવું જીવન જીવતા અને એમ છતાં ચિન્તનના ક્ષેત્રે સતત જાગૃતિ અનુભવતા નાનાભાઇ અન્તિમ આવ્હાનની રાહ જોતાં સણોસરા ખાતે જીવનસંધ્યા માણી રહ્યા હતા. ઉમ્મરનો આંક ૮૦ સુધી પહોંચી ચૂક્યો હતો. તેમની અપૂર્વ અને અગણિત સેવાઓની કદરના પ્રતીકરૂપે થેલી અર્પણ કરવાના નિમિત્તે તેમના મિત્રો અને પ્રશંસકો બે લાખનો લક્ષ્યાંક વિચારીને ચોતરફથી ફાળો એકઠો કરી રહ્યા હતા અને ડિસેમ્બર માસની ૨૭ મી તારીખે લક્ષ્યાંકને પહોંચી વળીને સણોસરા ખાતે તેમનું જાહેર સન્માન કરવાનું વિચારી રહ્યા હતા. એવામાં ગયા નવેમ્બર માસની ૨૯મી તારીખે નાનાભાઇ ઉપર વિધિએ કલ્પનામાં ન આવે એવો વજ્રપ્રહાર કર્યો છે. તેમનો ૩૦ વર્ષની ઉમ્મરનો દીકરો ભાઇ નરેન્દ્ર જે ભાવનગરની જહાંગીર મિલમાં લેબર ઓફિસર તરીકે કામ કરતો હતો તે પૂરા સોળ કલાક પણ નહિ એવી ટૂંક સમયની અકળ અને અણધારી માંદગીનો ભોગ બની સુવાન પત્ની અને બે બાળકોને રડતાં મૂકીને એકાએક પરલોક સીધાવ્યો છે. આ અઘટિત ઘટનાએ નાનાભાઇને જાણનાર વિશાળ જનસમુદાયને સખ્ત આઘાત પહોંચાડયો છે અને તેમનાં દિલ નાનાભાઇ વિષે ઊંડી અને અતિ તીવ્ર સહાનુભૂતિ અનુભવી રહ્યાં છે. આ દુઃસહ ઘટના મનમાં અનેક વિચારો પેદા કરે છે. છેલ્લાં બે વર્ષ દરમિયાન નાનાભાઇની તબિયત સતત લથડતી રહી છે અને કોઇ પણ સમયે તેઓ આપણી વચ્ચેથી વિદાય લઇને ચાલતા થયા હોત તો તે અંગે કોઇને આશ્ચર્ય થયું ન હોત. એમ છતાં વિધાતાએ તેમની જીવાદોરી લંબાવ્યે રાખી તે શું તેમને આ ક્રારમી ઘટનાના સાક્ષી બનાવવા માટે? વિધિની આ તે કેવી નિષ્ઠુરતા? અને એમ છતાં પણ જો વિધિ તેમનું જીવન ચાલુ રહે એમ ઇચ્છે છે તો અવશેષ જીવનને સમધારણપૂર્વક જીવવાનું પરમશક્તિ તેમને ધૈર્ય આપે એવી આપણ સર્વની ઊંડા દિલની પ્રાર્થના હો!

તેમનું કરવા ધારેલું સન્માન આગામી જાન્યુઆરી માસની આઠમી તારીખે સણોસરા ખાતે સાદાઇથી પતાવવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ સમય સુધીમાં તેમની સન્માન થેલીમાં જે મિત્રો, પ્રશંસકો તથા શુભેચ્છકો પોતાનો ફાળો નોંધાવી શકયા ન હોય તેઓ વિના વિલંબે પોતાનો ફાળો કાં તો લોકભારતી, સણોસરા, સૌરાષ્ટ્ર-એ સરનામે અથવા તો શ્રી. હિંમતલાલ ખીરા, ઠે. મેસર્સ જયાનંદ ખીરા એન્ડ કંપની, ચોપાટી પુલ, સેન્ડહર્સ્ટ રોડ, મુંબઇ ૭, એ સરનામે પહોંચાડે.

પદયાત્રાનો આવો આગ્રહ શા માટે?

શ્રી નાનાભાઇ ભટ્ટને ત્યાં ઉપરની ઘટના બની ત્યારે તેમના પરમ મિત્ર સ્વામી આનંદ ધુળિયા હતા. જેવાં તેમને આ ખબર મળ્યાં કે તરત જ તેઓ ધુળિયાથી નીકળીને મુંબઇ આવ્યા અને નાનાભાઇ પાસે બને તેટલા વહેલાં પહોંચવું જ જોઇએ એમ વિચારીને, જેઓ સાધારણ રીતે રેલ્વે ટ્રેનમાં ત્રીજા વર્ગમાં જ મુસાફરી કરે છે-તે સ્વામી આનંદ શ્રી હિંમતલાલ ખીરાને સાથે લઇને એરોપ્લેનમાં ભાવનગર પહોંચી ગયા અને નાનાભાઇ સાથે કેટલાક દિવસ સુધી રહ્યા. તેમનું આ રીતે ભાવનગર દોડી જવું નાનાભાઇને ભારે હુંફ આપનારું નિમિત્ત બન્યું અને અમે તેમના મિત્રોએ પણ આથી ખૂબ રાહત અનુભવી.

આના અનુસંધાનમાં થોડા સમય પહેલાં બનેલી એક ઘટના યાદ આવી. આસામમાં વસતા આસામીઓ અને બંગાળીઓ વચ્ચે કેટલાક સમય પહેલાં તુમુલ ધર્ષણ પેદા થયેલું અને તેના પરિણામે સંખ્યાબંધ બંગાલી કુટુંબોને આસામ છોડીને ભાગવું પડેલું અને તેઓ પાર વિનાની યાતનાના ભોગ થઇ પડેલાં. આને લીધે આસામમાં બને કોમો વચ્ચે ભારે તંગદિલી પેદા થઇ, અને પરસ્પર વૈર-વૈમનસ્યનો દાવાનળ પ્રગટયો. આ પરિસ્થિતિ દરમિયાન કોઇ જવાબદાર વ્યક્તિએ પં. જવાહરલાલ નેહરુ પાસે વિચાર રજૂ કર્યો કે 'આ દાવાનળને પ્રશાન્ત કરવા માટે વિનોબાજી આસામ જાય તો કેમ?' જવાહરલાલજીએ આ વિચારને એકદમ આવકાર્યો, અને વિનોબાજીને આ વાત પહોંચાડવામાં આવતાં આસામ જવાની તેમણે પણ તત્પરતા દેખાડી. જવાહરલાલજી આથી ખૂબ રાજી થયા અને રાષ્ટ્રપતિ રાજેન્દ્ર બાબુએ પણ આ વાતને વધાવી લીધી અને જેમ બને તેમ જલ્દીથી આસામ પહોંચી જવા બન્નેએ વિનોબાજીને સંદેશો પાઠવ્યો અને તે માટે જે જોઇએ તે વાહનનું સાધન પૂરું પાડવા ભારત સરકારે તૈયારી દેખાડી, અને સમસ્ત ભારતના પ્રજાજનોએ પણ આ સમાચારથી ભારે આશ્વાસન અનુભવ્યું. અને એ દિવસોને યાદ કર્યા કે જ્યારે કોમી દાવાનળે નોઆખલીને અસ્તવ્યસ્ત કરી નાંખ્યું હતું અને ગાંધીજી ત્યાં જઇ પહોંચ્યા હતા અને બેહાલ બનેલા લોકોના આંસુ લુછ્યાં હતાં અને એ જ રીતે વિનોબાજી પણ પહોંચી જઇને ત્યાંની ધીકતી ધરાને શાન્ત કરશે અને સુખશાન્તિ ભર્યા સહઅસ્તિત્વનો ત્યાંના પ્રજાજનોને માર્ગ દાખવશે એવી સૌ કોઇએ આશા સેવી.

પણ વિનોબાજીએ જેમ બને તેમ જલ્દીથી આસામ પહોંચવાની વાતને કોઇ વજન જ ન આપ્યું. માત્ર તેમણે ચાલુ પદયાત્રાની દિશા બદલી. પશ્ચિમ કે દક્ષિણ તરફ જવાને બદલે પૂર્વ તરફ-આસામ તરફ-પદયાત્રાનું મોઢું ફેરવ્યું. તેમને ઘણી બાજુએથી શીઘ્રતાપૂર્વક આસામ પહોંચી જવાનું કહેવામાં આવ્યું. તે સંબંધે ખુલાસો કરતાં તેમણે કોઇ એક પ્રવચનમાં નીચે મુજબ જણાવ્યું:

"અત્યારે હું આસામ તરફ જઇ રહ્યો છું. પગે ચાલીને જ ત્યાં પહોંચવાનું નક્કી કર્યું છે. આશરે ૧,૫૦૦ માઇલની યાત્રા થશે. ઘણા લોકો ઇચ્છે છે કે હું કોઇ ઝડપી વાહનનો ઉપયોગ કરીને ત્યાં જલદી પહોંચી જાઉં. વિજ્ઞાનને તો હું આવકારું છું. વિજ્ઞાન અને આત્મજ્ઞાનનો સંયોગ કરીને જ સર્વોદય લવાશે એમ કહું છું. તો પછી કોઇ અદ્યતન વાહનનો ઉપયોગ કરીને ત્યાં કેમ નથી પહોંચી જતો?

"હું ભૌતિક મિશન ઉપર ત્યાં જઇ રહ્યો હોત તો જરૂર એવા વાહનનો ઉપયોગ કરત. જેમ કે ઓરિસ્સામાં મોટી રેલ આવી અને ત્યાં લોકોને અનાજ પહોંચાડવાનું છે. હું ત્યારે કંઇ એમ ન કહું કે અહીંથી ત્યાં સુધી પદયાત્રા કરો; માથા પર મણ-મણનો બોજો ઉઠાવીને અનાજ ત્યાં લઇ જાઓ. એવો હું કંઇ બેવકૂફ નથી.

"પરંતુ અત્યારે જે કામ સારું હું આસામ જઇ રહ્યો છું

તે ભૌતિક કાર્ય નથી, આધ્યાત્મિક કાર્ય છે. માણસના દિલ અને દિમાગમાં એકતા લાવવાની વાત છે. સમાજમાં કેટલાંક ખોટાં મૂલ્યો ૩૬ થયાં છે તે બદલવાની વાત છે અને આ એક માત્ર આસામનો જ પ્રશ્ન નથી. ઠેરઠેરનો આ જ સવાલ છે.

"મેં કયારેય એમ નથી માન્યું કે હું કોઇ સમસ્યા ઉકેલવાનો છું. ખાસ કરીને હમણાં હમણાં તો એવો વિચાર મનમાં આવતો જ નથી. મારી અનન્ય શ્રદ્ધા પરમેશ્વર પર છે. તે જે કરશે, તે જ થશે. આસામમાં તો મોટી સમસ્યા છે. અનેક આંટીઘૂંટીવાળા પ્રશ્નો તેમાં પડયા છે. રાજકીય પક્ષો પણ તેમાં સંડોવાયા છે. આવી હાલતમાં હું તો વળી એવો કયો વિરલ પુરુષ છું કે ત્યાં જઇને મદદ કરી શકું? આજે તો માત્ર ઇશ્વરનો ઇશારો સમજીને ત્યાં જઇ રહ્યો છું. મને વિશ્વાસ છે કે ત્યાં જઇને હું કંઇ જ કરી શકવનો નથી અને કંઇ ન કરવું એ ખૂબ જ મોટી વાત છે. નહીં તો માણસ બગડી જાય છે અને કંઇક બગાડી તો શકે જ છે, જ્યારે મને આત્મવિશ્વાસ છે કે કંઇ કરી નહીં શકું, પણ બગાડીશ તો નહીં જ. એટલા આત્મવિશ્વાસને આધારે અત્યન્ત નમ્ર ભાવે હું ત્યાં જઇ રહ્યો છું." (તા. ૬-૧૧-૬૦ ના 'ભૂમિપુત્ર' માંથી)

વિનોબાજી વિષે દિલમાં ઊંડો આદર હોવાથી, તેઓ જે કરતા હશે તે બરોબર જ કરતા હશે એવી શ્રદ્ધાપૂર્વક તેમના આ ખુલાસાને સ્વીકારી લેવો એમ એક બાજુએથી મન કહે છે, પણ આસામની કટોકટીનો ખ્યાલ કરતાં મન બીજી બાજુએ તેમના આ ખુલાસા અંગે લેશ પણ સમાધાન અનુભવતું નથી. તેમનો આ ખુલાસો જેને અંગ્રેજીમાં apologetic કહે છે તેવા આકારનો લાગે છે. તેમાં જણાવેલા ભૌતિક અને આધ્યાત્મિક મિશનનો ભેદ, ઇશ્વર ઉપરની આ પ્રકારની શ્રદ્ધા, સાથે સાથે વેદાન્તી તત્વજ્ઞાન—આ બધું કાંઇ સમજાતું નથી.

ભૌતિક મિશન જેટલી જ અમુક પરિસ્થિતિમાં આત્માત્મિક મિશન ઉત્કટતાની—ત્વરિતતાની—અપેક્ષા રાખતું હોય છે. બિહાર કે અન્યત્ર રેલ આવી તો કોઇએ વિનોબાજીને ત્યાં મદદ પહોંચાડવા માટે નહોતું કહ્યું. આસામમાં તેમનાથી જે કામ થઇ શકે તેમ હતું તે અન્યથી થઇ શકે તેમ નથી એમ સમજીને જ રાષ્ટ્રના અગ્રગણ્ય પુરુષોએ તેમને ત્યાં જલદીથી પહોંચી જવા કહેણ ઉપર કહેણ મોકલ્યું હતું. ગાંધીજી નૌઆખલી ગયા. શું પરિણામ આવ્યું, તેમના મિશનમાં કેટલી સફળતા મળી તેનો કોઇએ હિસાબ કાઢયો નથી. આગ સળગતી હતી અને તેઓ તરત જ પહોંચી ગયા એ જ હકીકતનું મહત્વ હતું. નાનાભાઇ ઉપર પહાડ તૂટી પડયો છે અને 'મારે ત્યાં એકદમ પહોંચી જવું જોઇએ' એમ સમજીને જ એરોપ્લેનનો સહારો લઇને સ્વામી આનંદ ભાવનગર દોડી ગયા. એ પણ કેવળ આધ્યાત્મિક મિશન જ હતું. આવી જ રીતે જે ઇશ્વરને વિનોબાજી આગળ ધરે છે તે ઇશ્વર આસામની કટોકટી વખતે વિનોબાજી પાસેથી કાંઇ ને કાંઇ કામ લેવા માગે છે અને 'એરોપ્લેન, ટ્રેન, મોટર જે સાધન મળે તે પકડીને તું ત્યાં સત્વર પહોંચ' એમ ઇશ્વર કહેરાવે છે એમ સમજીને વિનોબાજીએ આસામ દોડી જવું જોઇતું હતું. જે ઇશ્વરના ઇશારાની તેઓ વાત કરે છે તે ઇશારાને અધૂરા સંદર્ભમાં નહિ સમજતાં સંપૂર્ણ સંદર્ભમાં તેમણે સમજવો અને સ્વીકારવો જોઇતો હતો. બહુધા ભસ્મીભૂત થયા બાદ આગ ઠારનારો બંબો આગના ઠેકાણે પહોંચે તેનો અર્થ શું છે?

આ રીતે આસામ જવા પહોંચવા સંબંધે વિનોબાજીએ આવું વલણ કેમ અખત્યાર કર્યું હશે તે આપણા જેવા માટે એક કોયડો બને છે. કાં તો આસામની કટોકટીને આપણે જે મહત્વ આપીએ છીએ તેટલું મહત્વ વિનોબાજી નહિ આપતા હોય અથવા તો પદયાત્રાની તેમને હવે જે લઢણ લાગી છે તે હવે તેમનાથી છોડાતી નહિ હોય! આમાં જે કોઇ વિકલ્પ સાચો હોય તે ભલે હોય, મારા જેવા અનેકને આસામ સત્વર પહોંચી જવાની જરૂરિયાતનો ઇનકાર કરતી વિનોબાજીની ઉપર જણાવેલી વિચારસરણી ગળે ઊતરતી નથી. વિનોબાજી પાસેથી આપણા સર્વના દિલમાં પ્રસ્તુત પ્રસંગ ઉપર જે અપેક્ષા ઊભી થઇ હતી તે અપેક્ષા તેમણે પૂરી પાડી નથી—આવો કોઇક અસંતોષ ચિત્તને ઘેરી વળે છે, વ્યથિત કરી મૂકે છે.

દંભ અને દ્વેષનું શોચનીય પ્રદર્શન

દેશની ખાનગી કંપનીઓ રાજકીય પક્ષોને ચૂંટણીઓ લડવા માટેના ફંડમાં વધારેમાં વધારે કેટલો ફાળો આપી શકે તે સંબંધમાં તાજેતરમાં ભારત સરકાર તરફથી લોકસભામાં રજૂ કરવામાં આવેલો ખરડો પસાર કરવામાં આવ્યો અને તે દ્વારા રૂ. ૨૫,૦૦૦ અથવા તો કંપનીની ત્રણ વર્ષની સરેરાશ આવકના પાંચ ટકા એ બેમાંથી જે રકમ વધારે હોય તેટલી રકમ સુધી ખાનગી કંપનીઓ ચૂંટણી ફંડમાં આપી શકે એવી મર્યાદા નકકી કરવામાં આવી. આવડા મોટા દેશમાં પુખ્ત મતાધિકારના ધોરણ ઉપર ચૂંટણીઓ કરવાની હોય અને આ અંગે દેશના ભિન્ન ભિન્ન રાજકીય પક્ષો વચ્ચે સ્પર્ધા થવાની હોય ત્યારે ચૂંટણીઓ અંગે દરેક પક્ષને પારાવાર ખર્ચ થાય એ સમજી શકાય તેવું છે અને આ ખર્ચને પહોંચી વળવા માટે દરેક પક્ષને જ્યાં જેની લાગવગ પહોંચે ત્યાંથી બને તેટલી રકમ ઊઘરાવવાનું પ્રલોભન રહે એ તદ્દન સ્વાભાવિક છે. આ બાબતમાં ખાનગી કંપનીઓ કેટલો ફાળો પોતાના ભંડોળમાંથી આપી શકે તે અંગે ઉપર જણાવી તેવી મર્યાદા હોય એ પણ ઇચ્છવા યોગ્ય છે.

પણ આ ખરડા ઉપર લોકસભામાં ચર્ચા ચાલી તે દરમિયાન શાસક પક્ષ તેમજ અન્ય રાજકીય પક્ષના આગેવાનોએ જે નિવેદનો કર્યા અને જે વલણો દાખવ્યાં તેનો વિચાર કરતાં રાજકારણ અને સચ્ચાઇ વચ્ચે કેટલો ઓછો સંબંધ છે તેનો વધારે સ્પષ્ટ ખ્યાલ આવ્યો.

કોંગ્રેસ પક્ષ તરફથી જ્યારે એમ કહેવામાં આવે કે કોંગ્રેસના ચૂંટણી ફંડમાં જે કોઈ ખાનગી વ્યક્તિ કે કંપની ફાળો આપે છે તે સ્વેચ્છાએ આપે છે અને તેમનો અમારા શાસન ઉપર કે તંત્ર ઉપર કોઇ પ્રભાવ પડતો નથી કે અમો શાસકો ઉપર તેની કોઇ શેહ પડતી નથી ત્યારે માનવીસ્વભાવ સાથે મેળ બેસતી ન હોય એવી તેઓ વાતો કરતા હોય એમ લાગે છે. વળી પોતાના સમર્થનમાં કોંગ્રેસ પક્ષ એમ જણાવે છે કે અમે સમાજવાદી ઢબની સમાજરચના દેશમાં ઊભી થાય એ દિશાએ મુકા મને ઉત્તરોત્તર કાયદાકાનૂન કર્યે જઇએ છીએ—એ દેખાડે છે કે ખાનગી મૂડીવાદીઓનો અમારા ઉપર કશો પ્રભાવ પડતો નથી. જેનામાં વધારે ઊંડી સમજ ન હોય તેને પ્રતીતિ કરાવવા માટે આટલી હકીકત પૂરતી છે. પણ કોંગ્રેસના આ બચાવ સામે પ્રશ્ન તો એ થવો જોઇએ કે જે સમુદાય કોંગ્રેસની અદ્યતન નીતિમાં માનતો નથી અને કોંગ્રેસ પ્રત્યે જેને કોઇ વિશેષ મમત્વ નથી તે સમુદાય તરફથી ચૂંટણીઓ લડવા માટે કોંગ્રેસને લાખો રૂપિયા મળે છે શી રીતે અને શા માટે? આના ઊંડાણમાં ઊતરીએ તો સહેજે આપણને સૂઝી આવે છે કે કોંગ્રેસની નીતિ ભલે

સમાજવાદી ઢબની સમાજરચના નિર્માણ કરવાની હોય, પણ તેના ફંડફાળામાં મોટી મોટી રકમો મૂડીવાદીઓ ત્રણ વૃત્તિથી પ્રેરાઈને જ આપે છેઃ એક ભય અને બીજી લાલચ અને ત્રીજું પ્રલોભન. કૉંગ્રેસ પક્ષ આજે સત્તાસ્થાને છે, ઉદ્યોગપતિઓ અને ખાનગી કંપનીઓને સરકારની નાની મોટી અનેક બાબતોમાં હાલતાં ચાલતાં ગરજ પડતી હોય છે. સરકારી અધિકારીઓને ઔદ્યોગિક બાબતોમાં અનેક પ્રકારની discretionary powers ચાલુ નિયમમાં છૂટછાટ આપવાની સત્તા-હોય છે. સરકારી તંત્ર પ્રતિકૂળ હોય તો કોઈ પણ ઉદ્યોગપતિના કે ખાનગી કંપનીના ચાલુ વ્યવસાયમાં અનેક પ્રકારની અગવડો તે ઊભી કરી શકે છે. સરકારી તંત્ર અનુકૂળ હોય તો ઉદ્યોગપતિના કે ખાનગી કંપનીના ચાલુ વ્યવસાયમાં તે અનેક પ્રકારની સગવડો આપી શકે છે. અને આ બન્ને બાબત કાયદા કાનૂનની મર્યાદામાં રહીને થઈ શકે છે. લાંચ રૂશ્વતની જ્યાં શકયતા હોય ત્યાં તો વળી જુદી જ અનુકૂળતા પ્રતિકૂળતાઓ પેદા થાય છે.

આ ઉપરાંત આજની આપણી અર્થરચના મિશ્રિત છે. જાહેર ઉદ્યોગોને તેમાં ફાલવા ફુલવાનો જેટલો અવકાશ છે તેટલો જ હજી ખાનગી ઉદ્યોગોને ફાલવા ફુલવાનો અવકાશ છે. સરકારના હાથમાં અન્યને પુષ્કળ અર્થલાભ લઈ શકે એવી-લાયસન્સ, મોનોપોલી, સબસીડી વગેરે વિવિધ પ્રકારનો પ્રબંધ ગોઠવી આપવાની-પાર વિનાની સત્તાઓ હોય છે. સરકાર પાસેથી આવાં વરદાનો મેળવવાનું પ્રલોભન કોઈ નાનુંસૂનું નથી.

આમ ભય, લાલચ અને પ્રલોભન-પોતાની ઇચ્છા હોય કે ન હોય-આગામી સમાજવાદી ઢબની સમાજરચના પોતાને ઇષ્ટ હોય કે ન હોય તો પણ-આજના ઉદ્યોગપતિઓને અને ખાનગી કંપનીઓને શાસક પક્ષના એટલે કે કૉંગ્રેસના ફંડફાળામાં મોકળા હાથે રકમો આપવાને પ્રેરે છે. આમાં સરકારી દબાણ પણ અમુક કામ કરતું જ હોય છે. આ બે ને બે ચાર જેવી વાત છે. તો પછી કૉંગ્રેસના કોઈ આગેવાન પ્રધાન કે ધારાસભ્ય જો એમ કહે કે કૉંગ્રેસના ફાળામાં જેની પાસેથી મોટી રકમો ઊઘરાવવામાં આવે છે તેની અમારા તંત્ર ઉપર કોઈ શેહ પડતી નથી તો તેનો કોઈ વાસ્તવિક અર્થ નથી એમ જ આપણે વિચારવું પડે.

બીજી બાજુએ લગભગ અન્ય સર્વ રાજકીય પક્ષોએ આ બિલનો વિરોધ કર્યો એટલે કે એવું વલણ રજૂ કર્યું કે ચૂંટણીઓ લડવા માટે રાજકીય પક્ષોએ આવી રીતે ખાનગી કંપનીઓ કે ઉદ્યોગપતિઓ પાસેથી કોઈ પણ પ્રકારનો ફંડફાળો ઊઘરાવવો જ ન જોઈએ, અને કૉંગ્રેસ ઉપર એવો આક્ષેપ કર્યો કે કૉંગ્રેસ શાસક પક્ષ હોઈને પોતાની લાગવગનો આ બાબતમાં ભારે દુરૂપયોગ કરી રહેલ છે તે ન કરવો જોઈએ. આ પક્ષોના આ બાબતમાં હાથ ચોખ્ખા હોય તો તો તેમના તરફથી રજૂ કરવામાં આવેલ ઉપર મુજબના વલણને જરૂર આવકારવું ઘટે, પણ કમનસીબે આ વલણ પાછળ કોઈ સચ્ચાઈનો આગ્રહ છે જ નહિ. વ્યભિચારી સ્ત્રી સતીત્વનો દાવો કરે એવો આ દંભ અને આડંબર છે. કૉંગ્રેસ શાસક પક્ષ હોઈને ઉપર જણાવેલા કારણોસર પોતાના પક્ષ માટે ફંડફાળા એકઠા કરવામાં તેને ઘણી વધારે અનુકૂળતા છે એ વાત ખરી છે. પણ બીજા પક્ષો પણ જ્યાંથી બને ત્યાંથી ચૂંટણીઓ માટે તેમ જ પક્ષનું તંત્ર ચલાવવા માટે બને તેટલું દ્રવ્ય એકઠું કરતા જ હોય છે. આમાં પણ સામ્યવાદી પક્ષને તો સામ્યવાદી દેશો તરફથી અઢળક નાણું મળતું હોય છે. આ બધા પક્ષોના વિરોધ પાછળ કૉંગ્રેસ વિષેનો દ્વેષ જ કામ કરતો હોય છે. આ બાબતમાં સ્વતંત્ર પક્ષ મોખરે હોવાનું માલુમ પડે છે, કારણ કે તે નવો ઊગતો પક્ષ છે અને કૉંગ્રેસને સત્તાભ્રષ્ટ કરવાનો તે પક્ષ તીવ્ર મનોરથ સેવે છે. આ પક્ષના હાથ પણ ચોખ્ખા છે એમ માની લેવાને કશું કારણ નથી. કારણ કે તેણે તો ખાનગી સાહસો અને ઉદ્યોગોને ટેકવવાનું બીડું ઝડપ્યું છે. આ પક્ષ ઉપર ઉદ્યોગપતિઓ અને ખાનગી કંપનીઓની કૃપા વરસે એમાં કોઈ નવાઈ નથી.

આમ ચૂંટણી ફંડોમાં ખાનગી કંપનીઓના ફાળાની મર્યાદા બાંધતા કાનૂની ખરડા ઉપર લોકસભામાં ચાલેલી ચર્ચાએ સચ્ચાઈના આડંબરનું તથા દંભ અને દ્વેષનું શોચનીય દર્શન કરાવ્યું છે. વસ્તુતઃ આ પ્રશ્ન લોકસભા સમક્ષ આડકતરી રીતે રજૂ થયો હતો. કોઈ વ્યક્તિ કે પેઢી ગમે તેટલી રકમ કોઈ રાજકીય પક્ષને આપે તે સામે કોઈ વિરોધ કે પ્રતિબંધ છે જ નહિ. કંપનીઓને લગતો કાયદો ઘડાતો હતો અને કંપનીઓ પોતાના મૂળભૂત બંધારણને આધીન રહીને જ કામ કરી શકે છે, માટે કંપનીઓના એવા બંધારણમાં આ માટે કોઈ પ્રતિબંધ હોવો જોઈએ કે નહિ તે રીતે આ પ્રશ્ન ઊભો થયો હતો. ખરી રીતે વ્યાપક રીતે તેને પહોંચી વળવું હોય તો, કોઈ વ્યક્તિ, પેઢી અથવા કંપની કોઈ રાજકીય પક્ષને મદદ કરી શકે કે કેમ એમ સીધી રીતે આ પ્રશ્ન ઉઠાવવો જોઈએ. એવો મૂળભૂત પ્રશ્ન કોઈએ ઉઠાવ્યો નહોતો. એટલે આ આખી ચર્ચા રાજકારણી રંગથી ભરેલી, અવાસ્તવિક અને ભ્રામક બની હતી.

આ રીતે ચૂંટણી ફંડો એકઠાં કરવાની પ્રવૃત્તિ અનેક અનર્થોનું મૂળ બની રહી છે. જ્યાં સુધી ચૂંટણીઓ લડવા માટે તેમ જ રાજકીય પક્ષોના તંત્રો ચલાવવા માટે પુષ્કળ ધનની અનિવાર્ય આવશ્યકતા રહે એવું લોકશાહીનું અદ્યતન સ્વરૂપ અમલમાં છે ત્યાં સુધી આ અનર્થોનો અન્ત આવી શકે તેમ છે જ નહિ, ત્યાં સુધી સીધી કે આડકતરી રીતે પાર્ટી ફંડોમાં ઉદ્યોગપતિઓના અને ખાનગી કંપનીઓના ધનનો પ્રવાહ વહેવાનો જ છે, અને ત્યાં સુધી લાગવગનું તેમ જ સીધી કે આડકતરી લાંચરૂશ્વતનું સત્તાના રાજકારણ ઉપર વર્ચસ્ રહેવાનું જ છે.

પરમાનંદ

'રાષ્ટ્રીય તેમજ આન્તરરાષ્ટ્રીય રાજકીય પરિસ્થિતિ'

શ્રી મુંબઇ જૈન યુવક સંઘના આશ્રય નીચે ૧૭મી ડીસેંબર શનીવારના રોજ સાંજના છ વાગ્યે સંઘના કાર્યાલયમાં (૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ) શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ 'રાષ્ટ્રીય તેમજ આન્તરરાષ્ટ્રીય રાજકીય પરિસ્થિતિ' એ વિષય ઉપર જાહેર વ્યાખ્યાન આપશે. આ વિષયમાં રસ લેતા ભાઇ બહેનોને હાજર રહેવા વિનંતિ છે.

મંત્રીઓઃ મુંબઇ જૈન યુવક સંઘ

વિષય સૂચિ

	પૃષ્ઠ
કૉંગ્રેસ અધિવેશન પાછળ થઇ રહેલો સમય, શક્તિ તથા ધનનો અસહ્ય અપવ્યય ... ... રતિલાલ દીપચંદ દેસાઇ	૧૫૫
મારી લેખનપ્રવૃત્તિ પાછળ રહેલાં પ્રેરક બળો : એક અંગત આલોચના પરમાનંદ	૧૫૭
વિદાય (એક કાવ્ય) ... જ્યોતીન્દ્ર દવે	૧૫૮
આચાર-પ્રત્યાચાર-વિચાર ... સિડની હેરિસ	૧૫૮
પ્રકીર્ણ નોંધ : શ્રી નાનાભાઇ ભટ્ટ ઉપર વજ્રપાત, પદયાત્રાનો આવેા આગ્રહ શા માટે? દંભ અને દ્વેષનું શોચનીય પ્રદર્શન ... પરમાનંદ	૧૫૯
મારી સંસ્કારરૂઢ આચાર અને વિચારની ગ્રંથીઓનું કેવી રીતે નિરસન થયું? નાનાભાઇ ભટ્ટ	૧૬૨

મારી સંસ્કારરૂઢ આચાર અને વિચારની ગ્રંથિઓનું કેવી રીતે નિરસન થયું?

(ગતાંકથી ચાલુ)

જેવો કર્મકાંડનો નાનો સ્રોત ચાતુર્વર્ણ્યના પ્રવાહમાં ભળી ગયો હતો તેવો જ એક બીજો સ્રોત તેમાં આવ્યો હતો અને તે સ્રોત સનાતન ધર્મની પુનઃસ્થાપના વખતે થયેલો પુરાણ ધર્મનો ઉદય. પુરાણોમાંથી આપણે જુદા જુદા ઇષ્ટદેવો કલ્પ્યા, ઇષ્ટદેવના પૂજનના વિધિઓ ઉદ્ભવ્યા, વેદકાળના ક્રિયાકુશળ બ્રાહ્મણોનું સ્થાન ભાવાઓએ લીધું, ઇષ્ટદેવનાં શોભા અને શણગાર ડાહ્યાડાહ્યા ઊગ્યાં અને હવેલીનો અન્નકૂટ જેવો ઉત્સવ પ્રણ કેમ જાણે મોટો દર્શનનો વિષય હોય તેમ પ્રજાના જીવનમાં ચોંટી ગયો. આપણી ગુરુભક્તિએ ધર્માચાર્યોને ઈશ્વરને સ્થાને બેસાર્યા. અને ભગવત્-કૃપા, ભગવત્-સમર્પણ, ભગવાનનો પ્રસાદ એ બધાંને આપણે આ ધર્માચાર્યો ઉપર ઢોળ્યાં એટલે ઓછા અધિકારવાળા ધર્માચાર્યો પણ પોતાને પ્રભુના અવતાર માનવા લાગ્યા અને આપણે પણ જાણ્યે-અજાણ્યે તેમને એ રીતે પૂજવા લાગ્યા. પછી તો ધર્માચાર્યોનાં માન-પાન પણ અજબ રીતે આપણા રાજાઓ તરફ પણ ઢળ્યાં અને એ માનપાનને પ્રતાપે આપણા રાજાઓને ઈશ્વરી અંશ માનવા લાગ્યા, અને રાજાઓ પણ પોતે કેમ જાણે ઈશ્વરી અંશ જ છે એમ સમજવા લાગ્યા. પોતાની તેમ જ સમાજની આ માન્યતાને દૃઢ કરવાને માટે ધર્માચાર્યોએ અને તેમના ભક્તોએ મોટાં મોટાં સમૂહસંમેલનો ગોઠવ્યાં, મોટી મોટી પંચરાજણીઓ ગોઠવી, જન્મદિવસની ઉજવણી ગોઠવી અને હરેક રીતે મંદિર-હવેલીઓના તેમજ રાજવૈભવના ડાહ્યાડાહ્યા સામાન્ય માણસોના મનમાં સજ્જડ સ્થાન ગોઠવવા માંડ્યું. આ બાહ્ય આડંબરો તેના નામ-રૂપના અને બાહ્ય દેખાવના આકર્ષણને લઈને મને ઠીક ઠીક ખેંચ્યા કરતા હતા. એટલે તો અંબિકાના મંદિરમાં માતાજી દરરોજ ત્રણ પ્રકારનાં કપડાં બદલે છે એની શોભા, તેમ જ માતાના હવન વખતે બ્રાહ્મણો સામ-સામા ગોઠવાઈને જે છટાથી ચંડીપાઠ બોલતા હતા તેની છટા, અથવા તો મથુરામાં જમનાજીની આરતીની છટા એ મારે મન આકર્ષણનાં ક્ષેત્રો બન્યાં હતાં. પણ મેં જ્યારે આ બાહ્ય ક્રિયાઓની ભીતરમાં ડોકિયું કર્યું ત્યારે એનો ઘણોખરો ડાહ્યારો મને કેવળ ભ્રષ્ટાચાર જેવો લાગ્યો અને નકામો તો જરૂર લાગ્યો. શરૂઆતના જીવનમાં હું દર વર્ષે નવરાત્રના દિવસોમાં રુવાપરીનાં દર્શને જતો અને હવન વખતે ખાસ હાજર રહેતો. મહાશિવરાત્રિના દિવસે શંકરની કમળપૂજનું મને ભારે આકર્ષણ હતું, પણ થોડા વખત પછી આ બધા રૂપરાગની પાછળ જે જૂઠ, પ્રપંચ અને દુરાચાર સંતાઈને બેઠાં હતાં તેનું મને દર્શન થયું. એટલે આ બાહ્યાચારોનું આકર્ષણ મારા મનમાંથી સરી ગયું. પણ હજી આજે પણ આપણાં ઘરોમાં તેમ જ શેરીઓમાં નવરાત્રના દિવસોમાં જ્યારે જગદંબાના ગરબાઓ ગવાય છે અને ઘરની તેમ જ શેરીઓની બહેનો માથે મનોહર ગરબાઓને લઈને લહેકાથી રાસ લેતી ફરતી હોય છે ત્યારે મારું મન એ ગરબાઓની પાછળ રહેલ એ જગન્માતાની ભવ્ય કલ્પના કર્યા વિના રહેતું નથી. પણ મારી માતાની કલ્પના તથા એ કલ્પનાની પાછળ પાછળ ચાલતી આંધળી માન્યતાઓ, વહેમો, વામમાર્ગના અનાચારો એ બધાંનો મને ભારોભાર ત્રાસ હતો. અને છતાં એ માતાની કલ્પના અને તેની પાછળ ઉદ્ભવતી ગરબી, રાસ, નૃત્ય વગેરેની રમઝટનો હું આજે પણ પૂજારી છું. અને આપણા જીવનમાંથી તેનો નાશ ન થાય તેને માટે પૂરી ચીવટ પણ રાખું છું. એક પ્રસંગમાં, અગાઉ મેં જણાવ્યું છે તેમ, માતાના પૂજનના તંત્રમાર્ગનો અથવા તો વામમાર્ગનો પણ મને અનુભવ નહોતો થયો એમ ન કહું; પણ એ અનુભવ મેં પરોક્ષ રીતે પણ બહુ નજીકથી લીધો હતો અને એ માર્ગથી હું છટકી પણ શક્યો હતો.

આ જ પ્રમાણે વર્ણવ્યવસ્થાના એક નાના એવા કણગા તરીકે આજીવિકાનો પ્રશ્ન પણ મારા વાતાવરણમાં દેખા દેતો હતો. આજ સુધી અમારી આજીવિકાનાં મુખ્ય સાધનો બે હતાં-એક વૈદું, બીજું કથાપારાયણ. મારા દાદા છોટાભટ્ટ કુશળ વૈદ્ય તરીકે તેમ જ કુશળ કથાકાર તરીકે નામના મેળવી હતી. છોટાભટ્ટના મૃત્યુ પછી એ વૈદું તેમ જ કથા જીવતાં તો રહ્યાં, પણ એ વૈદકમાંથી તેમ જ કથામાંથી ચમકું તેજ ચાલ્યું ગયું અને થોડા વર્ષો પછી તો કથા અને વૈદું બંને પરવારી ગયાં અને તેને સ્થાને નાની મોટી નોકરીઓ પેસી ગઈ. મારા નાનપણના દિવસોમાં આ કથા ને વૈદાના પડખામાં ભીખ દાખલ થઈ ગઈ. ભાગવત જેવી પવિત્ર કથા પણ લોકોને બોધ આપવાના એક પવિત્ર વ્યવસાય તરીકે ચાલવાને બદલે હલકી કોટિનો પરાધીનતા ભરેલો છતાં ધર્મનો સ્વાંગ પહેરેલો હોય તેવો ક્ષુદ્ર વ્યવહાર બની ગયો.

સનાતન ધર્મની પાતળી ઘેરી છાયામાં સ્ત્રીજીવનનો પ્રશ્ન પણ એક ખૂણે પડ્યો હતો. મારા વાતાવરણમાં સ્ત્રીજીવનનો પ્રશ્ન એ પ્રશ્ન છે કે કેમ તેનું મને પહેલવહેલું ભાન શિવબાઈ સાથેનાં લગ્ન પછી થયું. અમારા વાતાવરણમાં સમાજમાં સ્ત્રીઓનું સ્થાન ઘણું ગૌણ મનાતું હતું. સ્ત્રીઓ પોતે પણ પોતાના સ્વભાવગત સમર્પણના ભાવને યોગ્ય રીતે જાણતી ન હતી. એટલે પુરુષો જેમ સ્ત્રીઓને પોતાને અધીન માનતા તેમ સ્ત્રીઓ પોતે પણ પોતાને પુરુષોને આશરે રહેલી સમજતી. આ સ્ત્રીઓમાં પતિવ્રતા ધર્મ તો ઘણી ઉચ્ચ કક્ષાએ પહોંચેલો હતો, પણ પુરુષો પોતાને ભ્રમર જેવા માનતા અને ભ્રમરની માફક ગમે તે પુષ્પમાંથી રસ લૂંટવાનો પોતાનો અધિકાર છે તેમ સમજતા. આ વાતાવરણમાંથી બહાર આવતાં મને બહુ વખત તો ન લાગ્યો, પણ સ્ત્રીઓની સાચી મૂલવણી તો વસ્તુતઃ હું ૩૪ વર્ષની ઉંમર પછી જ કરી શક્યો. અને ત્યાર પછી તો ઉત્તરોત્તર મારા મનમાં સ્ત્રીઓનું મૂલ્ય વધતું જ ચાલ્યું છે.

સનાતન ધર્મની મારા જીવતર ઉપર પડેલી અને આજે જેનું પૃથક્કરણ હું કરી શકું છું એવી સનાતન ધર્મની આ છાયાઓ મને વારસામાં મળી અને એ છાયાઓની જ ભીતરમાં સનાતન ધર્મનું જે હાર્દ પડેલું મને દેખાયું તેને સમજીને, પારખીને અને જીવનમાં ઊતારવાનો પ્રયત્ન કરીને એ હાર્દ ઉપર ચડી ગયેલાં જાળાંઓને ભેદવાનો મેં મનોરથ સેવ્યો. છતાં હજી એ જાળાંઓને હું પૂરેપૂરાં ભેદી શક્યો છું કે કેમ તે હું કહી શકતો નથી. એ તો મારાથી દૂર ઊભેલ અને તદ્દન તટસ્થતાપૂર્વક, વિચારપૂર્વક તેમ જ સનાતન ધર્મના મૂલ્યને સમજનાર આદમી જ કહી શકે. તમે જેટલે અંશે બ્રાહ્મણોના સનાતન ધર્મથી જુદા વાતાવરણમાં ઊછર્યા છો એટલે અંશે તમે પણ મને તટસ્થતાપૂર્વક જોઈ શકો, પણ સનાતન ધર્મના હાર્દને પણ ફગાવી દઈને જે લોકો "યાહોમ" કરીને આજના

નવા યુગમાં ઝંપલાવી રહ્યા છે તેઓનો નિર્ણય જેવો હોય તેવો પણ મને કદાચ માન્ય ન પણ થાય.

સનાતન ધર્મની મારા ઉપર પડેલી આ બધી છાયાઓ કાંઇ એકલી અટુલી ન હતી. માનવીનું જીવન જુદા જુદા કટકાઓમાં વહેંચાઇ ગયેલું હોતું નથી, પણ અનેક જુદાં જુદાં પાસાંઓ એકઠાં થઇને તેના જીવનમાં દેખાય છે. તેમ જ મારા પોતાના જીવનમાં પણ સનાતન ધર્મનાં તેજ-છાયા ઉપરાંત સામાજિક વ્યવહારમાં, રાજકીય વ્યવહારમાં, આર્થિક વ્યવહારમાં વગેરે ક્ષેત્રોમાં પણ મારા સનાતન ધર્મના વિચારની સાથે ગોઠવાઇ ગયેલી અનેક માન્યતાઓ પડેલી હતી.

મારું સામાજિક જીવનનું ચિત્ર તે દિવસે એક રીતે સંયુક્ત કુટુંબનું ચિત્ર હતું. આ સંયુકત કુટુંબના અનેક લાભો અને ગેરલાભો તે દિવસોમાં પણ હતા અને આજે પણ આપણને દેખાય. પરંતુ એ જમાનાના વ્યવહારમાં આવા સંયુકત જીવન વિના સમાજ છિન્નભિન્ન દશામાં આવી પડે એવો ભય પણ હતો. પરદેશી સત્તાઓના આક્રમણની સામે આપણા સમાજને અને આપણા ધર્મને ટકવું હોય તો બીજે કોઇ માર્ગ તે દિવસે શકય ન લાગ્યો. આપણા આખા સમાજની એક દુર્બળતા આ સમગ્ર ઇતિહાસમાં આપણે જોઇ શકીએ છીએ અને તે એ કે જ્યારે જ્યારે સનાતન ધર્મ ઉપર, સમાજજીવન ઉપર, આપણા ધંધા રોજગારો ઉપર, આપણા વિદ્યાવ્યાસંગ ઉપર, આપણી સમગ્ર સંસ્કૃતિ ઉપર બહારથી હલ્લાઓ આવ્યા ત્યારે ત્યારે શરૂઆતનાં વર્ષોમાં આપણે તે હલ્લાઓને સામી છાતીએ ઝીલ્યા ખરા. આપણા આખા દેશમાં જે અનેક આર્યઅનાર્ય પ્રજા પડી હતી તે તમામ પ્રજાઓનાં દેવોને, માન્યતાઓને, રીતરિવાજોને આપણે એકબીજાની સાથે એટલાં બધાં ઓતપ્રોત કરી દીધાં કે આ ક્રિયાને પરિણામે આપણા દેશમાં એકબીજાની સાથે નિકટતાથી જોડાયેલી અને છતાં પોતાના વિશિષ્ટત્વને જાળવી રાખે તેવી ભારતીય પ્રજા આપણે ઊભી કરી શકયા; પણ અનેક જુદી જુદી માન્યતાઓ, અનેક જુદા જુદા ધર્મો, અનેક જુદા જુદા રીતરિવાજો એ બધાંને એકબીજા સાથે ગોઠવીને એક વ્યાપક સમન્વય પેદા કરવાની શકિત આપણે ગુમાવી, એટલે આપણે આપણા ધર્મને, આપણી સંસ્કૃતિને, આપણા રીતરિવાજોને જાળવી રાખવાને માટે કેમ જાણે ખૂણામાં ભરાવા ઇચ્છતા હોઇએ તેમ આપણે જુદા જુદા ચોકાઓ ઊભા કરવા લાગ્યા અને એ રીતે કેમ જાણે આપણે આપણા વ્યકિતત્વને ખૂણામાં ભરાવાની વૃત્તિ શરૂ થઇ ત્યારથી આપણા સમગ્ર જીવનમાં એક પ્રકારની સંકુચિતતા, બીજાઓ તરફ આદર, મિથ્યાભિમાન, ભાઇ-ભાઇ સાથે કુસંપ વગેરે ઠેર ઠેર ઊગી નીકળ્યાં અને આપણો સમગ્ર દૃષ્ટિથી વિનાશ થયો.

આપણી સંયુકત જીવનની પ્રણાલિકાથી આપણા જીવનમાં સમગ્ર કુટુંબની અંદર અંદર એકતા અને ભ્રાતૃભાવ ઊગે એવી આપણે આશા રાખી હતી અને જ્યાં સુધી સમાજના સંજોગો અનુકૂળ રહ્યા ત્યાં સુધી એ ટકી પણ ખરી. સમાજમાં પ્રચલિત થતી કોઇ પણ યોજનાના અંતરમાં જેમ ગુણો હોય છે તેમ દોષો પણ હોય છે જ. આવી યોજના પહેલવહેલી અસ્તિત્વમાં આવે છે ત્યારે તેના ગુણો જ સમાજને આકર્ષે છે ને તેથી તે યોજના ઘાટ લે છે. પણ આવી કોઇ પણ યોજના કાલાન્તરે રૂપાંતર પામ્યા વિના રહેતી નથી. જ્યારે આવી સામાજિક યોજનાને કાળ સાથે તાલ મેળવવા માટે રૂપાંતરની જરૂર ઊભી થાય છે ત્યારે જો સમાજ તેને રૂપાંતર આપવામાં શકિતમાન ન થાય તો યોજના જીર્ણ થઇ જાય છે ને તેને સાચવી રાખનારો સમાજ તેની ગંધથી ગંધાવા લાગે છે.

આપણા સંયુકત કુટુંબજીવનના હાડમાં અનેક કલ્પનાઓ તેમ જ આશા આકાંક્ષાઓ પડી હતી. આ જીવનમાં કુટુંબની દરેક વ્યકિત પોતાની શકિત સમગ્ર કુટુંબના જીવનમાં આપે ને દરેક વ્યકિત પોતાની જરૂરિયાત પ્રમાણે તેમાંથી લે-વાપરે. ઉપરાંત કોઇ પણ કુટુંબીને અકસ્માત, માંદગી, મરણ વગેરે આપત્તિકાળ આવે ત્યારે તે કુટુંબીજનનાં વહુછોકરાંઓને નિરાધાર દશામાં ન રહેવું પડે પણ એનાં બાળકોને કુટુંબનાં બીજાં બાળકોની માફક જ યોગ્ય ધારણપોષણ મળે અને એ રીતે આ સંયુકત કુટુંબ કેમ જાણે એક સહકારી ધોરણે ચાલતું સ્વતંત્ર ઘટક બની રહે. આવી આવી શકયતાઓ આવા સંયુકત કુટુંબના વ્યવહારમાં પડી હતી. પણ આવા વ્યવહારની મધ્યવર્તી ચાવી એ વ્યવહારના અંતરમાં બેઠેલી કુટુંબની માના મમતાભર્યા કુટુંબજીવનમાં પડેલી હતી. આવી કુટુંબની ડોશીમાનું મુખ્ય કામ કુટુંબનાં તમામ કુટુંબીજનોને પોતાની પાંખમાં રાખીને ઉછેરવાનું, તેમના આડા-તેડા ખૂણાઓને મઠેરવાનું, તેમના સંતાપોને મૂંગે મોઢે ગળી જવાનું, તેમના અંદર અંદરના નાનાં-મોટાં ઘર્ષણોને ઝીલી લેવાનું અને આવી અનેક રીતે સમગ્ર કુટુંબની એકતાને જાળવીને બધાં કુટુંબીઓને સંતોષ આપવાનું રહેતું. પણ જ્યારે આપણા સમાજમાંથી અંતરનું તેજ ધીમે ધીમે ઓછું થવા લાગ્યું અને સમાજને કોઇ પણ ઉપાયે સ્થૂળ રૂપમાં પણ ટકાવી રાખવાનું આપણને મમત્વ થયું ત્યારે આપણે જીવનને નિર્બળતાપૂર્વક ટકાવી રાખવા માટે સમાજના તેજસ્વી આદર્શોમાંથી પીછેહઠ કરી અને આવી પીછેહઠથી જ કેમ જાણે સમગ્ર જીવન ટકી રહેશે એવી ભ્રાંતિમાં ને ભ્રાંતિમાં આપણે આસપાસની પરિસ્થિતિને ઓળખી ન શકયા. કહે છે કે જ્યારે પરદેશી આક્રમણકારોએ આપણા દેશ ઉપર હલ્લા કર્યા ત્યારે આપણું સમગ્ર જીવન ચૂંથાઇ ગયું અને આપણે તેજોહીન બની ગયા. પણ આ વસ્તુને બીજી રીતે મૂકીએ તો એમ કહી શકાય કે પરદેશી આક્રમણો આવ્યાં તે પહેલાં જ આપણે તેજ ગુમાવ્યું હતું અને પરદેશી આક્રમણકારોએ તો આપણી તેજોહીનતા ઉપર મહોર મારી એટલું જ. ત્યાર પછી તો પશ્ચિમની પ્રજાના આગમન બાદ આપણી અર્થરચનામાં પણ જબ્બર પરિવર્તન થયું ને ખાસ કરીને મોટાં શહેરોમાં તો ઔદ્યોગીકરણને પ્રભાવે આપણું સયુંકત કુટુંબજીવન છિન્નભિન્ન થઇ ગયું.

છતાં પણ મને હજી આશા તો રહે જ છે કે, આપણું આ સંયુકત જીવન નવા જમાનાનો ગમે તેવો ઘાટ લેશે તો પણ તેના હાડમાં સયુંકત જીવનના કેટલાયેક મંગળ સંસ્કારો લુપ્ત થશે નહિ. આપણા કુટુંબ જીવનના પાયામાં રહેલા સ્નેહસિંચનને આપણે જે દા'ડે જડમૂળથી ઉખેડી નાખશું અને નવું જન્મેલું બાળક જન્મ થતાંની સાથે જ મા-બાપનું મટી જઇને સમગ્ર દેશના એક બાળક તરીકે ઊછરવા લાગશે અને 'મા'ની છાતીએ વળગીને અમી પાવાને બદલે અદ્યતન શાસ્ત્રીય પદ્ધતિથી હસ્પિતાલોમાં તેનો ઉછેર થશે અને એ જ પ્રમાણે એ બાળક 'મા'ની આંખમાંથી તેમ જ 'મા'ના વહાલભર્યા બોલથી કેળવણીની શરૂઆત કરવાને બદલે કોઇ અદ્યતન પદ્ધતિથી કેળવણી લેવા માંડશે ત્યારે તે બાળક કદાચ ઘણું મહાન થશે, ઘણું પરાક્રમી થશે, ઘણું દેશદાઝવાળુ થશે, કદાચ વિશ્વમાનવ થશે તો પણ આપણને તેના લોહીમાં કોઇ માનવીની ઊષ્મા જણાશે નહિ એવી મને બીક લાગે છે. સંભવ છે કે ઇશ્વરી યોજનામાં આજના માનવી કરતાં પણ કોઇ નવા પ્રકારનો

આદમી ઉત્પન્ન થવાનો હોય અને આજ સુધીનાં બધાં સર્જનોથી અતૃપ્ત રહેલ બ્રહ્મા કાંઇ જુદી જ જાતના સર્જનની યોજના વિચારતા હોય તો મને ખબર નથી.

આપણા સમાજમાં ઉપર જણાવેલી સયુંક્ત કુટુંબની ભાવના ક્ષીણ થવા લાગી તેની સાથે સાથે જ આપણે ત્યાં બીમા કંપનીઓ ઊભી થવા લાગી. સરકારે પેન્શનની યોજના વિચારી. વૃદ્ધો માટે અને વૃદ્ધાઓ માટે નવી ઢબના વૃદ્ધાશ્રમો ઊભા થવા લાગ્યા. ઘરમાં ઘરડી ડોશીને હાથે ઊછરતાં બાળકો નોકર બાઇના હાથમાં આવ્યાં. પ્રસૂતિ વખતે વૃદ્ધાઓની વિના મૂલ્યે મળતી સલાહ-સૂચનાને સ્થાને બહેનોને ઇસ્પિતાલો શોધવી પડી અને આપણા સમગ્રજીવનમાં આવા જ બીજા અનેક નાના-મોટા ફેરફારો ડોકિયાં કરવા લાગ્યા. આ બધી સમજણ મને એ કુટુંબમાં હતો ત્યાં સુધી ઊગી નહિ, પણ જ્યારે હું વધારે સમજણો થયો અને સ્વતંત્ર વિચાર કરતો થયો ત્યારે ઉપર જણાવ્યું તેવું સયુંક્ત કુટુંબજીવન અને વ્યષ્ટિ કુટુંબજીવન તે બંનેનું તારતમ્ય મારા ખ્યાલમાં આવ્યું. તે દિવસથી માંડીને આજ સુધી કુટુંબજીવનના પાયારૂપ નિઃસ્વાર્થ સ્નેહને તથા આત્મવિલોપનની ભાવનાને જાળવીને આવતી કાલનું કુટુંબજીવન કેવી રીતે ઊભું કરવું તેના વિચારોને હું જુદા જુદા સ્વરૂપે ઘાટ આપવા મથી રહ્યો છું. પણ મારે કબૂલ કરવું જોઇએ કે હજી મારી આ મથામણ પૂરી થઇ નથી. તે કયારે થશે તે પણ હું નક્કી કરી શકતો નથી.

માનવસમાજના ઇતિહાસમાં આજ સુધીમાં બે પ્રકારનાં બળો એક જાતની ખેંચતાણ કરી રહ્યાં છે. સમાજનું હિત અને વ્યક્તિગત હિત, કેન્દ્રિત સમાજ અને વિકેન્દ્રિત સમાજ.

આજ સુધી આપણા સમાજમાં મોટે ભાગે આપણે સમાજહિતને અગ્રસ્થાન આપ્યું છે અને વ્યક્તિગત હિતને ગૌણ સ્થાન આપ્યું છે. સાથે સાથે જ આપણો આખો દેશ આશ્રમ-સંસ્કૃતિપ્રધાન હોવાથી આપણે લોકસંસ્થાઓને પ્રાધાન્ય આપ્યું છે, અને કેન્દ્રસંસ્થાઓને બહુ વિકસાવી નથી. બીજી રીતે બોલીએ તો આપણે એકતરૂપતા (યુનિફોર્મિટી)નો આગ્રહ ઓછો સેવ્યો છે, પણ વિવિધતામાં એકતાને જોવાનો સ્વભાવ આપણે સારી પેઠે કેળવ્યો છે. પણ આજે સમાજના મોટા ભાગનો ઝોક વ્યક્તિસ્વાતંત્ર્ય ઉપર, વ્યક્તિના અધિકારો ઉપર, વ્યક્તિવિકાસ ઉપર છે. વસ્તુતઃ સમષ્ટિ અને વ્યક્તિ એ એકબીજાથી ભિન્ન નથી પણ એકબીજાનાં પૂરકમાત્ર છે. વ્યક્તિથી તદ્દન સ્વતંત્ર એવી કાંઇ વસ્તુ જ નથી, અને સમાજથી તદ્દન સ્વતંત્ર એવી કોઇ વ્યક્તિ જ સંભવી શકે નહિ. પણ આ બંનેનો યથાર્થ સમન્વય કેવી રીતે સાધવો એ જ માનવી માટે એક મોટો કોયડો છે. આ કોયડાનો ઉકેલ આપણો સમાજ આવતી કાલે કેવો લાવશે તેની મને ખબર નથી. પણ આનો સંતોષકારક ઉકેલ લાવવા જેટલી વિવેકશક્તિ, સારાસારને પારખવાની શક્તિ આપણા જુવાનોમાં ઊગે એવો પ્રયત્ન આજના મારી જેવા શિક્ષકોનો હોવો જોઇએ. આ દિશાને સૂચવતો એક શ્લોક મને યાદ આવે છે.

ત્યજેદેકં કુલસ્યાર્થે, ગ્રામસ્યાર્થે કુલં ત્યજેત્ ।
ગ્રામં જનપદસ્યાર્થે, આત્માર્થે પૃથિવીં ત્યજેત્ ।।

આ જ પ્રમાણે મારા રાજકીય જીવન વિષેના વિચારોમાં પણ પલટો આવ્યો. તમે જાણો છો તેમ હું જૂના ભાવનગર રાજ્યના વાતાવરણમાં ઉછરેલો આદમી છું. દેશી રાજાઓનું એક પ્રકારનું રમ્ય ચિત્ર ભાવનગર રાજ્યમાં મારી આંખ આગળ ખડું થયું હતું. હું મોટો થયો ત્યારે 'સરસ્વતીચંદ્ર'માં દેશી રાજાનું અને દિવાનનું મેં હૃદયંગમ ચિત્ર વાંચ્યું. એટલે દેશી રજવાડાંની મારી છાપ હતી તેથી વધારે ઊજળી થઇ. પરંતુ મોટી ઉંમરે ઇંગ્લંડના ઇતિહાસના અભ્યાસથી, અમેરિકાના તેમ જ ફ્રાંસના વિપ્લવના અભ્યાસથી તેમ જ આપણા દેશનાં નાનાં મોટાં રજવાડાંઓના અભ્યાસથી મારી છાપ છેદાઇ જતાં જરા પણ વાર ન લાગી. ત્યાર પછી આપણા દેશમાં અંગ્રેજ હકૂમત સામે જે મોટો વળોટ ઊપડ્યો તે મેં નજરોનજર નિહાળ્યો અને બ્રિટિશ સત્તાથી આપણે છૂટા થયા તેને આજે પૂરાં બાર વર્ષ થવા આવ્યાં. સ્વતંત્રતાનાં આ બાર વર્ષો દરમ્યાન આપણે કેમ જાણે લોકશાહી તરફ કૂચ કરી રહ્યા છીએ એમ સમજીએ છીએ. આપણી લોકશાહી ઉપર ભારત વર્ષની કોઇ વિશિષ્ટ છાપ પડશે? કે એ લોકશાહી માત્ર પશ્ચિમની એકાદ લોકશાહીનું પાંગળું અનુકરણ હશે? એ બધા પ્રશ્નો તો આવતી કાલના ગર્ભમાં પડ્યા છે એમ હું સમજું છું. પણ એક વાત આ બધા સંઘર્ષોમાંથી મારા મન પર તરી આવે છે અને તે એ કે આવતી કાલનો રાજા કે આવતી કાલનો લોકસેવક-આ સૌનું બળ આખરે તો લોકોની સ્વતંત્ર શક્તિમાંથી જ આવવું જોઇએ. લોકોમાં કે નાના સમાજમાં કે નાની સંસ્થામાં પણ જો લોકશક્તિ ઊગી નહિ હોય તો એ રાજ્ય કે સમાજ કે સંસ્થાનો બહારનો આકાર ભલે લોકશાહીનો દેખાય તો પણ તેના અંતરમાં તો એક પ્રકારની પરાધીનતા જ સૂતેલી છે એમ હું સમજું છું. એટલા માટે જ મારા જેવા શિક્ષક માટે દક્ષિણામૂર્તિ જેવી સંસ્થામાં પણ લોકશક્તિને જાગ્રત રાખીને એ શક્તિ ઉપર સંસ્થાને કેવી રીતે નિર્ભર બનાવવાની તે એક કોયડો બની રહે છે. મને લાગે છે કે મેં ઘણું મોટું લંબાણ કર્યું-એટલું મોટું લંબાણ, કે હવે આમાં એક પણ શબ્દ ઉમેરું તો વાંચનારના મનમાં કંટાળો ઊભો થયા વગર ન રહે.

સમાપ્ત **નાનાભાઇ ભટ્ટ**

સામાજિક વળતર

A hundred times every day I remind myself that my inner and outer life is based on the labours of other men, living and dead, and that I must exert myself in order to give in the same measure as I have received and am still receiving.

Albert Ienstine

હું મારી જાતને હંમેશા એ બાબતની અનેક વાર યાદ આપતો રહું છું કે મારું બાહ્ય તેમ જ આન્તર જીવન વર્તમાન અને ભૂતકાળમાં લીન થયેલા એવા બીજા અનેક માનવીઓના શ્રમ ઉપર આધારિત છે અને તેથી જે પ્રમાણમાં મેં તેનો લાભ ઉઠાવ્યો છે અને હજુ પણ હું ઉઠાવી રહ્યો છું તે જ પ્રમાણમાં તેનું વળતર ભરપાઇ કરવા માટે મારે સતત પ્રયત્ન કરતા રહેવું જોઇએ.

આલ્બર્ટ આઇન્સ્ટાઇન

મુંબઇ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, ફોર્ટ, મુંબઇ.